THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. BL
1108
.V4V3
G. 4849

॥ શ્રી ॥

વેદોક્તધર્મપ્રકાશ.

આ ગ્રંથ

વિઝણુબાવાબ્રહ્મચારીયે મરાઠીભાષામાંક-યો

તે ગુજરાતી ભાષામાં

સીતારામ રાવજી જુજારકર કાયસ્થપ્રભૂપાસે
ભાષાંતર કરાવી

કાશીલાલ મિઠ્ઠાલાલ મૌક્તિકબ્રાહ્મણ ઉરપાડકર
સુરતજલ્હાના એઓના ખરચથી

મુંબઇમાં

ગણપત કૃષ્ણજીના છાપખાનામા છપાવી પ્રસિદ્ધ કરયો.

સંવત ૧૯૧૯

શાલિવાહન શકે ૧૭૮૫
રૂધિરોદ્ગારી નામ સંવત્સર.

કીમત રૂપિયા ૧૬૦૦

N.M.T.
PURCHASED
Date 17-5-57
Initial
G. 4849
Rs. 15-00
7 BL
1104
·V4V3

અનુક્રમણિકા.

પ્રકરણો		પૃષ્ઠો.
	॥ શ્રીગણેશાયનમઃ ॥ એ નમનનો અર્થ.	૧
	પ્રસ્તાવના	૨
૧	વેદોક્તધર્મનો વિચાર	૩
૨	આજ્ઞા વેદોક્તધર્મની	૫૫
૩	ન્યાય	૯૬
૪	નિરાકાર દેવવિશે	૧૧૫
૫	નીતીપર પુરાણોક્ત વાતો	૧૨૯
૬	વેદમાએલા સૃષ્ટીના નિયમો અને તેઓનાપ્રમાણો	૧૭૩
૭	શ્રીકૃષ્ણ અવતારની કથાઓ	૧૯૫
૮	વેદોક્ત ધર્મનું મોઠાપણું	૨૧૪
૯	જ્યોતિષશાસ્ત્ર માએલા નામો તથા સિધ્ધાંતો ..	૨૨૯
૧૦	ધર્મસંબંધી લોકોના પ્રશ્નોના ઉત્તરો	૨૫૧
૧૧	વેદોક્તધર્મના માર્મિક પ્રશ્નોત્તરો	૨૯૬
૧૨	આત્મજ્ઞાન થવાવિશે રેહેણીઓ	૩૪૧
૧૩	હઠયોગ તથા રાજયોગ	૩૯૫
૧૪	અનેક મતોના લોકોને સુબોધ	૪૧૮
૧૫	રાજનીતી	૪૪૩
૧૬	બાપ દીકરાનો સંવાદ	૪૫૮
૧૭	માં દીકરીનો સંવાદ	૬૨૩
૧૮	વિચારદર્શન	૬૪૭
૧૯	મ્લેચ્છમતો	૬૬૦

૨૦ મંત્રશાસ્ત્ર ૬૬૬
૨૧ સત્યનોવાદ ૬૮૧
૨૨ નાસ્તિકોને જીતવાના વાદ .. : ૭૧૪
૨૩ પ્રાર્થના ૭૪૧
૨૪ સુભાષિત ૭૪૭
૨૫ હકીકત ૭૫૦
સુચના ગ્રંથ સમાપ્તીની. ૭૫૫

શ્રી

શ્રીગણેશાયનમઃ ૐનમઃસિદ્ધં.

શ્રી શ્રી, એટલે ઈશ્વરની શક્તી, પરમાણુ વગેરે અનેક ગોલોને એકબીજાકર્ષણે કરી ધરનારી, તેજ પ્રથમ છે; તથા સર્વથી શ્રેષ્ઠ છે, તેહેનું શ્રી એ નામે કરી પ્રથમ સ્મરણ.

ગણેશાય ગણેશાય, એટલે સર્વના ઇંદ્રિય ગણનો જે ઈશ, એટલે ધણી, આત્મા, તે કારણે ગણેશ એ નામથી.

નમઃ નમઃ એટલે, હું પોતીકાઆત્મ સ્વરૂપે કરી, નમ્ર છું, એટલે અભિમાન છોડી શરણ છું.

ૐ ૐ, એટલે દેહચતુષ્ટયાતીત તથા દેહચતુષ્ટય ધરનારા જ્ઞાનાતીત નિરાકાર પરમાત્મા એક તત્વ છે.

નમઃ નમઃ, એટલે તે પરમેશ્વરનાવિશે અહંબ્રહ્મ, એપણ અભિમાન ધરનારૂ જ્ઞાન મિથ્યા છે, એવું સમઝી હું ઐકય ભાવના એ કરી નમ્ર છું.

સિદ્ધં સિદ્ધં, એટલે નિરાકાર સ્વતઃસિધ્ધ એક છે.

વેદોકત ધર્મપ્રકાશ.

પ્રસ્તાવના.

આ ગ્રંથ, વેદપ્રતિપાદ્ય ધર્મ, નાહાના મોટાયે જાણવો, તથા નિશાળોમાં બાળકોને શિખવવો એ હેતુથી, **વિદ્યગુ-બાવા બ્રહ્મચારીયે** કર્યો. એહેની પહેલત પ્રશ્ન કરવો અને ઉત્તર આપવો એવીછે; ને કર્મ શું, તથા ઉપાસના શું, અને જ્ઞાન શું, એ એમાં દેખાડયું છે; તેમજ નીતી દેખાડી છે, અને વેદોક્ત ધર્મસંબંધી, અર્થસહિત શબ્દો માહીત થાય, તેસારૂ પ્રશ્નોત્તરે કરી દેખાડ્યા છે. અને એ શબ્દો પાઠે હોવાથી તથા તે શબ્દોનો અર્થ માહીત હોવાંથી, વૈદિક ધર્મના હરએક પુસ્તકમાં અર્થ કહ્યો છે, તે વાંચી ધ્યાનમાં રેહેશે અને પ્રસંગે સ્મૃતી થશે, એટલા સારૂ સર્વ લોકોએ એ શબ્દો અર્થસહિત પાઠે કરવા અને જેમ વ્યાકરણના શબ્દોનિશાળોમાં બાળકો પાસેથી પાઠે કરાવે છે, તેમ, આ વેદોક્ત ધર્મપ્રકાશ માહેલા શબ્દો, પાઠે કરાવવા; એટલે સર્વ લોકો વૈદિક ધર્મજ્ઞ થાશે; અને તેઓની વિચાર શક્તી વધશે; તથા તેઓને શાંતી રેહેશે, અને તેઓમાં પાપભય રેહેશે, અને તે જ્ઞાનયુક્ત પરમેશ્વરના ભક્ત થાશે.

વેદોકત ધર્મનોવિચાર.

પ્રકરણ ૧

૧ **પ્રશ્ન**; ધર્મ એટલે શું ?

૨ **ઉત્તર**; ધર્મ એટલે નિરાકાર પરમેશ્વર એક છે, અને એક છે એટલે પરમાણુ જેવા તેહેના અનેક ભાગો નથી અને તેહેને પરમાણુના, કિંવા પરમાણુજન્ય ભૂગોલ, કિંવા સૂર્ય ગોલાદિક અનેક બ્રહ્માંડ ગોલોનો, કિંવા પાણી, અથવા પ્રકાશ, અથવા વાતાવરણ, અથવા જીવોના શરીરો, ઈત્યાદિકોનો આકાર નથી, તેથી તે નિરાકાર છે. અને પરમાણુ, કિંવા પરમાણુજન્ય અનંત બ્રહ્માંડ ગોલો તથા પાણી, તથા પ્રકાશ, તથા વાતાવરણ ઈત્યાદિ અનેક પદાર્થોને રેહેવાને, તથા ફરવાને, આધાર જે એક પોલાણ, તે પોલાણ પરમેશ્વર નથી, તેથી તે શૂન્ય નથી; અને શૂન્ય પોલાણનું, કિંવા તદાધાર સર્વ જગતનું, જે જે ઠેકાણે, કલ્પનાયે કરી, અસ્તિત્વ, કલ્પી ધરેલું છે, તે તે ઠેકાણે, કલ્પનાસહિત પોલાણનું, તથા તદાધાર વિશ્વના અસ્તિત્વના પેહેલાં તથા મધ્યે, અને અંતે નિરાકારનું અસ્તિત્વ કોઈપણ ઠેકાણેથી ખસતુંજ નથી, તેથી નિરાકાર પરમેશ્વર, અઢળ, તથા અચલ સર્વત્ર છે; અને તે નિરાકાર પરમેશ્વર, સર્વ પ્રાણિમાત્રના શરીર માહેલું અહંસ્ફુરણ, તથા અહંસ્ફુરણ કર્ત્તા, તથા તેહેનો જાણનાર, એ ત્રણેના પેહેલાનું, મારૂં, તથા સર્વનું નિજરૂપ જે એક જ્ઞાન સ્વરૂપ, તે છે. અને સર્વકાળ જન્મ મરણ ઉપાધિવિરહિત છે, અને તેહેન નિરાકારપણાના અસ્તિત્વ-

માં, નિદ્રા જેહેવી શાંતી તથા સુખછતાં જાગૃતી જેવું તે શાંતીનું, તથા સુખનું જ્ઞાન, બેહું એક વખતેજ રેહેવાના દૃષ્ટાંતે કરી, નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ, સુખમય છે, તેજ અહંપણું ધરનારા જ્ઞાન તથા જ્ઞાતાના પેહેલાનો હું છું, એવો અંતઃકરણમાં વિચારકરી નિશ્ચય ધરવો એહેનેજ ધર્મ કેહેવો.

૩ પ્ર૦ નિરાકાર પરમાત્મા એક તથા સર્વત્ર છે એવો વિચાર જેમાં કહ્યો છે તેહેને શું કેહેવું ?

૪ ઉ૦ નિરાકાર પરમેશ્વરનો યથાર્થ વિચાર જાણવાનું જ્ઞાન જેમાં કહેલું છે તેહેને વેદ એવું કેહેવું.

૫ પ્ર૦ વેદ કેટલા છે.

૬ ઉ૦ વેદ જ્ઞાન લક્ષણેકરી એકજ છે; પણ અનેક બ્રહ્માંડ ગોલોઉપર તેહેના અનેક નામો છે તેથી વેદ અનંત છે એવું કેહે છે. તોએપણ જ્ઞાન લક્ષણેકરી વેદ એકજ છે.

૭ પ્ર૦ અનંત બ્રહ્માંડ ગોલો ઉપર અનેક નામે કરી વેદ છે તેમાંથી આ ભૂગોલઉપર એટલે ભૂમંડલઉપર જે નામોથી વેદ છે તે નામો કયાં, અને કેટલાં છે ?

૮ ઉ૦ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદ, એવાં ચાર નામો છે અને સામવેદની શાખાઓ એક સહસ્ર, તથા ઋગ્વેદની શાખાઓ આઠ, તથા અથર્વણવેદની શાખાઓ નવ, તથા યજુર્વેદની શાખાઓ છયાશીં, ઈત્યાદિ ચરણ વ્યુહ ગ્રંથના ચોથા ખંડમાં છે.

૯ પ્ર૦ વેદના ચાર નામોથી જે ચાર વિભાગો તે ચારે વિભાગોનું તાત્પર્ય એક છે કિંવા ભિન્ન ભિન્ન છે ?

૧૦ ઉ૦ વેદના ચારે વિભાગોનું તાત્પર્ય એક નિરાકાર પરમેશ્વરના પોતીકા અંતઃકરણે વિચાર કરી તે અંતઃકરણમાં

નિરાકાર પરમેશ્વરનો ઐક્ય ભાવ તથા ભક્તી ધરવી એજ છે; પણ કર્મો કરવામાં જુદી જુદી યુક્તીઓ છે તથાપિ તાત્પર્ય એકજ છે.

૧૧ પ્ર૦ જો વેદના ચારે વિભાગોનો એકજ અભિપ્રાય છે તો આ ભૂગોલઉપર ચાર વિભાગે કરી વેદ હોવાનું કારણ શું ? એકજ વિભાગે કરી વેદ હોય તો સર્વ માણસોનો નિભાવ થશે નહી કે શું ?

૧૨ ઉ૦ ચાર વિભાગે કરી વેદ હોવાનું કારણ, જેમ એકજ સુવર્ણ, વિવિધ અલંકાર રૂપેકરી, શરીરને શોભા આપે છે, તેમ જ્ઞાન લક્ષણેકરી વેદ એક છતાં, વિચાર શક્તીને ચારનામેકરી જુદી જુદી યુક્તીઓ આપવામાં શોભિવંત છે, એજછે અને જેમ એકજ કાન તથા એકજ આંખ તથા એકજ નાકશોરી, તથા એકજ હોઠ, તથા એકજ હાથ, તથા એકજ પગ, હોવાથી શરીરના નિર્વાહનો વિચાર છે, તથા બે બે હોઅતોપણ, બંનેની જાત એકછતાં જેવો નિર્વાહનો વિચાર છે તેમ વેદનો એકજ વિભાગ હોવાનો વિચાર છે; અને જેમ ડાબા હાથની ગરજ જમણા હાથને, તથા જમણાની ડાબાને, અને ડાબા પગની ગરજ જમણા પગને, તથા જમણાની ડાબાંને, તે પ્રમાણેજ, ઋક્, યજુ, સામ, અથર્વણ, એ ચાર વિભાગોની પરસ્પર વિભાગોને, ક્રિયા માર્ગોની યુક્તિઓ કિંચિત્ ભિન્ન ભિન્ન, એથી પરસ્પર ગરજ છે. અને જેમ સર્વ અવયવ મળી શરીર એક, તેમ અનંત નામેકરી વેદ છતાંપણ જ્ઞાન લક્ષણે વેદ એક; અને જેમ અનંત લેહેરો સમુદ્ર એક, તથા અનંત પરમાણું સૃષ્ટી એક; તે પ્રમાણેજ વેદ જ્ઞાન લક્ષણેકરી એક છે. એને પ્રમાણ

યજુર્વેદ હિરણ્યકેશી શાખાના બ્રાહ્મણ ગ્રંથના ત્રીજા અષ્ટકના દશમા અધ્યાયનો છેલો અનુવાક જોવો "तद्ब्रह्मत्रीन् इति"

૧૩ પ્ર૦ વેદના પરસ્પર વિભાગોની ગરજ પરસ્પરોને શી રીતે લાગે છે ?

૧૪ ઉ૦ યજુમાં અથર્વણમાએલાં પ્રમાણો, તથા સામમાં ઋગ્શાખાઓના પ્રમાણો, એવી પરસ્પર ગરજ લાગે છે.

૧૫ પ્ર૦ વેદના કાંડ કેટલાં છે, તથા કાંડ એટલે શું ?

૧૬ ઉ૦ વેદના કાંડ, કર્મ એક, તથા ઉપાસના એક, અને જ્ઞાન એક એવાં ત્રણ છે. અને કાંડ એટલે જેમ રામાયણના સાત કાંડ છે તેહેના નામ, બાલકાંડ, તથા અયોધ્યાકાંડ, તથા આરંણ્યકાંડ, તથા કિષ્કિંધાકાંડ, તથા સુંદરકાંડ, તથા યુધ્ધકાંડ, તથા ઉત્તરકાંડ, એવાં સાત છે. અને જેમ બાલકાંડમાં, રામ અવતાર થઈ, સ્વયંવરમાં સીતા પરણી, રામ અયોધ્યામાં આવ્યા, એટલી કથા છે; પછી આગળ અયોધ્યા કાંડની કથા છે. તે પ્રમાણેજ, વેદના, કર્મ, તથા ઉપાસના, તથા જ્ઞાન, એવાં ત્રણ કાંડ છે. તેહેનો વિચાર છે. એટલે પરમેશ્વરની પ્રાપ્તી થાય; એ હેતુ રાખી, મનુષ્ય માત્રોએ, કહેલાં શુધ્ધકર્મો કરવાં, એવું જાહાંસુધી કહ્યું છે તે કર્મ કાંડ, તથા પરમેશ્વરની પ્રાપ્તી સારૂ એવી પ્રકારનો વિચાર કરવો. તથા એવા પ્રકારની ધ્યાન ધારણા ધરવી, એવું જાહાં સુધી કહેલું છે તે સર્વ ઉપાસના કાંડ સમજવું. તથા પોતેપોતાને દેહાતીત નિરાકારપણાયે કરી જોવું એટલે તે અનુભવમાં અહંપણું ધરનારૂં જ્ઞાનસહિત, સ્વસ્વરૂપ નખ્ખર પડવાનો અજ્ઞાનભાવ, તથા તજ્જન્ય જાગૃત સ્વપ્ન સુષુપ્તી, તૂર્યા. એ અવસ્થાઓ, તથા તેઓનું સાક્ષિત્વ એ કાંઈજ બાકી

રેહેતું નથી. પછી જેવોનો તેવોજ નિરાકાર તું છો, તુને, જન્મ મરણ નથીજ, એવું જાહાંસુધી કહેલું છે, તે જ્ઞાનકાંડ છે; એ વેદના ત્રણ કાંડો છે, અને કાંડો એટલે પ્રકરણો.

૧૭ પ્ર૦ વેદ અનાદી છે એવું કેહેવાનું કારણ શું ?

૧૮ ઉ૦ સર્વ ગ્રંથોની રચના વેદઉપરથી થઈ, તેથી સર્વ ગ્રંથોને વેદ આદી છે, અને વેદની રચના થવાને બીજો ગ્રંથ આદી નથી, તેથી વેદ અનાદી છે, અને જોપણ બ્રહ્મદેવાદિક ઋષીઓના મુખે કરી વેદ પ્રકટ થયો, તોપણ, જ્ઞાન લક્ષણે કરી તથા અર્થરૂપે વેદ બ્રહ્મદેવાદિક ઋષીઓનાપણ પેહેલાંથીજ હતો તેજ પ્રકટ થયો, એ કારણઉપરથી જોતાં, બ્રહ્મદેવાદિક ઋષીઓનાથીપણ પેહેલાનો, જ્ઞાન લક્ષણેકરી તથા અર્થરૂપેકરી વેદ છે. તેથી બ્રહ્મદેવાદિક ઋષીઓ, વેદથી આદી છે એવું નથી વાસ્તે વેદ અનાદી છે. એવાં એવાં, એ વેદ અનાદી કેહેવાનાં કારણો છે.

૧૯ પ્ર૦ વેદશિખ્વાનો તથા શિખ્વવાનો અધિકાર ભૂગોલઉપરનાં મનુષ્યમાત્રોને છે કે નહીં ?

૨૦ ઉ૦ વેદ શિખ્વાનો તથા શિખ્વવાનો અધિકાર બ્રાંહ્મણને છે, પણ બ્રાંહ્મણ કેહેને કેહેવો એવિશે વિચાર એવો છે કે જેહેની પ્રકૃતી શુદ્ધ સત્વગુણી હોયછે તેહેના સ્વાભાવિક કર્મો એવાં હોય છે કે, તેહેના અંગે શમ હોયછે એટલે તેહેનું અંતઃકરણ આત્મજ્ઞાનના યોગથી શાંત હોય છે, અને તેહેના અંગે દમ હોયછે; એટલે તેહેની ઇંદ્રિઓ તેહેના સ્વાધીન હોયછે, એજ દમનું લક્ષણ છે. અને તેહેના અંગે તપ હોયછે એટલે તે અષ્ટાંગ યોગ કરનારો હોયછે. એજ તપનું લક્ષણ છે. અને તેહેના અંગે ક્ષાંતી હોયછે; એટલે

તે સર્વ કામમાં ક્ષમા રાખેછે. અને તેહેના અંગે આર્જવ હોયછે; એટલે તે સરળપણાએ વર્તે છે. અને તેહેના અંગે જ્ઞાન હોય છે, એટલે તે શરીરમાયેલું અંહસ્ફુરણ ધરનારા જ્ઞાન પેહેલાના અસ્તિત્વે કરી, હું નિરાકાર છું એવું જાણેછે અને તેહેના અંગે વિજ્ઞાન હોયછે, એટલે જેમ જાગૃત્ સ્વપ્ન સુષુપ્તી, એ ત્રણે અવસ્થા સર્વ લોકોના અનુભવમાં હોયછે, તેમ તેહેનાપણ અનુભવમાં ત્રણે અવસ્થા છતાં, તેણે લોકોને ખબર નપડેલી જે તુરીયા અવસ્થા તે અનુભવેલી હોય છે, એજ વિજ્ઞાનનું લક્ષણ છે. અને આસ્તિક્ય એટલે વેદમા જે જે કેહેલુંછે- તે તે સર્વનો વિચારકરી નિઃસંશય રેહેછે એજ આસ્તિક્યનું લક્ષણછે. એવાં, એ નવ કર્મો, સહજસ્વાભાવિક અંગે છતાં અથવા તે નવ કર્મોના અંકુર છતાં "समोनागेमशके" એટલે હાથીથી તે સુક્ષ્મ જીવસુધી, સર્વમાં આત્મા સમાન છે. અને સુખ દુઃખ ભોગવવાવિશે સર્વ સરખાં છે. એ એવો તેહેને અનુભવ હોય છે. એથી તે દયાળુ હોયછે. એવાને કેહેલાં લક્ષણોનો મનુષ્ય દેહધારી હશે, તેજ બ્રાહ્મણ કેહેવો. અને એવા પ્રકારના બ્રાહ્મણોને વીણી, વર્ગ બાંધવો એ વર્ગને બ્રાહ્મણવર્ણ કેહેવો. અને એવા જે બ્રાંહ્મણો, તેઓનેજ વેદશિખી શિખવવાનો અધિકાર છે. અને એવા જો સર્વ માણસો હશે, તો સર્વને અધિકાર છે. પણ એવા સર્વ માણસો નથી; તેથી તેઓને વેદશિખવાનો માત્ર અધિકાર છે. શિખવવાનો અધિકાર નથી. કેમકે: તેઓની એવી સ્થિતા નથી. એથી તેઓને વેદ શિખવવાનું ગુરૂપણું નથી. અને જો એવી સ્થિતી ન છતાં વેદ શિખવવાનું ગુરૂત્વ આપ્યું તો તે સ્વકલ્પનાએ પાખંડમત કાઢી,

લોકોને કુમાર્ગમાં નાખે છે- તેથી બ્રાંહ્મણ લક્ષણો કહ્યાં તે લક્ષણોનો જે નહી હોય. તથા તે લક્ષણો અંગે આવવાનું બીજપણ નહી હોય તો તે બ્રાંહ્મણ નથી. અને ગુરૂપણ નથી. એથી તેહેને વેદ શિખવાનો માત્ર અધિકાર છે. પણ વેદ શિખવવાનો અધિકાર નથી. અને વેદ શિખી બીજાને શિખવવાનો અધિકાર ઉપર કહેલા ઉત્તમ લક્ષણે કરી જે બ્રાંહ્મણ ઠરશે તેહેનેજ છે. અને આ વેદ નિયમિત રીત બરાબર છે.

૨૧ પ્ર૦ વેદ શિખવાનો માત્ર અધિકાર છે; પણ વેદ શિખવવાનો અધિકાર નથી. એવા માણસો હોયછે તેઓના વર્ગને એટલે તેહેના વર્ણને શું કેહેવું ?

૨૨ ઉ૦ વેદ શિખવાનો અધિકાર જે માણસોનેછે પણ શિખવવાનો નથી; એવા જે માણસો, તે માણસોના વર્ગ એટલે વર્ણ બે કહ્યા છે તેઓનાં, એક ક્ષત્રીય; તથા એક વૈશ્ય, એવાં બે નામો છે. હવે ક્ષત્રિય કેહેને કેહેવો એવિશે, એવો વિચાર છે કે, જેહેના અંગે (शौर्य) એટલે નીતિ માર્ગે વર્તવાના કામની હરકત કોઈ કરે, તો તેહેનું ભય નરાખતાં તેહેને શાસન કરવું; તથા શસ્ત્રાસ્ત્રેકરી યુધ્ધમાં ભીડવું. એહેનેજ शौर्य કેહેવું; અને (तेज,) એટલે જેહેનું બુધિ કૌશલ્ય લોકમાં પ્રકાશિત હોય છે. અને (धृती) એટલે હરએક કામમાં ધૈર્ય હોવું, તથા (दक्षता) એટલે હરએક કામ વગર ભુલે કરવું, તથા (अपलायन) એટલે યુધ્ધમાં કદીન નાસવું નહી. અને (दान) એટલે જગતને સુખ આપવા વાસ્તે અનેક કામ કરનારો; અને (ईश्वरभाव) એટલે ઈશ્વરી નિયમોની રીતીયે કરી લોકોને નિયમો બાંધી આપી તે પ્રમાણે

સર્વને વર્તાવવા, એવી પ્રકારના સહજ સ્વાભાવિક સાત કર્મો બાહેર છતાં, અથવા તે સાત કર્મોનો અંકુર છતાં, બ્રાહ્મણોના જે ઉત્તમલક્ષણો, તે અંતઃકરણવિશે ભાવનામાં જે રાખે છે તેજ ક્ષત્રિય છે. એવાં પ્રકારનાં, જેટલાં માણસો, આ ભૂમંડલઉપર હોય, તે સર્વનો એકજ ક્ષત્રિય વર્ગ એટલે વર્ણ છે. અને તેઓને વેદ શિખવાનો અધિકાર છે. પણ શિખવવાનો નથી. હવે વૈશ્યનાં સહજ સ્વાભાવિક કર્મો એ કે, (કૃષી) એટલે પૃથ્વીમાંથી, હરએક પદાર્થોની, તથા ધાન્યાદિકોની, ઉત્પત્તી કરવી, એવી મેધા ઘણી હોવી, તથા (ગોરક્ષ્ય) એટલે ઘણાં, જનાવરોનું, પોષણ કરવું તથા ધંધારોજગારમાં તેઓપાસેથી કામો કરાવવાં, એવી મેધા અતિશે હોવી, તથા (વાણિજ્ય) એટલે સર્વ દ્વીપો, તથા ખંડો, ફરવા, અને વ્યવસાય કરવો. અને માલનો ક્રય વિક્રય કરવો. એવી મેધા અતિશય હોવી, એ ત્રણ કર્મો જે જગતના હિતનું ચિંતન રાખી કરેછે, તે વૈશ્ય સમજવો. અને એવા પ્રકારના માણસોનો જે વર્ગ એટલે વર્ણ તેહેનેજ વૈશ્ય વર્ણ કેહેવો. એ વૈશ્યવર્ણને વેદ શિખવાનો અધિકાર છે. પણ શિખવવાનો નથી. અને એ વૈશ્ય વર્ગના સહજ સ્વાભાવિક ઉપર કહેલા ત્રણ કર્મો છતાં, અથવા તેઓનો અંકુર છતાં, તેહેનાં અંતઃકરણમાં ક્ષત્રિય તથા બ્રાહ્મણ એઓના કર્મોની ભાવના હોવી, તેજ વૈશ્ય છે. હવે બ્રાહ્મણ. અથવા ક્ષત્રિય. અથવા વૈશ્ય. એ ત્રણોની સંતતીના છતાં, જે બ્રાહ્મણ તથા ક્ષત્રિય તથા વૈશ્ય એ ત્રણે વર્ગમાં એટલે વર્ણમાં મેળવવા યોગ્ય એવા ગુણકર્મો ઉપરથી ઠરતાં નથી. અને તેઓને શિખવેલુંપણ બરાબર આવડતું નથી; તેવાં માણસોનો જે એક

વર્ગ બાંધવો તે વર્ગને એટલે વર્ણને શૂદ્રવર્ણ કેહેવો. એવો શૂદ્રવર્ણ આ જગતમાં થોડી સંખ્યાનો છે. અને વૈશ્ય, તથા ક્ષત્રિય. એ ગુણકર્મ પ્રમાણે બે વર્ણજ ઘણાં માણસોની સંખ્યાનો છે. તથા એઓને વેદ શિખવાનો અધિકાર છે પણ શિખવવાનો અધિકાર નથી. અને ગુણકર્મો પ્રમાણે કહેલો જે બ્રાહ્મણવર્ગ એટલે વર્ણ તેહેને વેદ શિખવાનો તથા શિખવવાનો અધિકાર છે. એવી વેદ શિખનારાઓની, તથા શિખી, શિખવનારાના વર્ગોની, વ્યવસ્થા છે, એ વ્યવસ્થા પ્રમાણે વર્ત્યાથી જગતનીસ્થિતી સારી રેહેછે. અને એ વ્યવસ્થા છોડી વરતવા લાગ્યા. એટલે જગતમાં અનેક મતો ઉત્પન્ન થઈ, વેદપ્રતિપાદ્ય ધર્મ જાણવામાં નઆવે એવું થાયછે. એસારૂ આ વર્ણ વ્યવસ્થાના નિયમ કરવાની, એક જગો, જેવી પ્રાચીન કાળમાં હતીયો, તેવી જોઈયે. અને જાંહાંસુધી એવી વર્ણ વ્યવસ્થા પ્રથમ કરવા પ્રમાણે ફરી થાસે નહી, તાંહાંસુધી માબાપનો જે વર્ણ, તેજ છોકરાનો વર્ણ ઓળખવો. અને તે પ્રમાણે આચરણ કરવું.

(ભગવતગીતામાયલું વર્ણ વ્યવસ્થાને પ્રમાણ,)

ગીતા અધ્યાય ૪ થો શ્લોક ૧૩ મો

" चातुर्वर्ण्यमयासृष्टंगुणकर्मविभागशः ॥
तस्यकर्त्तारमपिमांविध्यकर्त्तारमव्ययं ॥ "

ગીતા અધ્યાય ૧૮ મો શ્લોક ૪૨ મો

शमोदमःस्तपःशौचंक्षांतिरार्जवमेवच ॥
ज्ञानंविज्ञानमास्तिक्यंब्रह्मकर्मस्वभावजं ॥

ગીતા અધ્યાય ૧૮ મો શ્લોક ૪૩ મો

શૌર્યંતેજોધૃતિર્દાક્ષ્યંયુદ્ધેચાપ્યપલાયનં ॥
દાનમીશ્વરભાવશ્ચક્ષાત્રંકર્મસ્વભાવજં ॥

ગીતા અધ્યાય ૧૮ મો શ્લોક ૪૪ મો

કૃષિગોરક્ષ્યવાણિજ્યંવૈશ્યકર્મસ્વભાવજં ॥
પરિચર્યાત્મકંકર્મશૂદ્રસ્યાપિસ્વભાવજં ॥

ગીતા અધ્યાય ૩ જો શ્લોક ૩૫ મો

શ્રેયાન્સ્વધર્મોવિગુણઃપરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ॥
સ્વધર્મેનિધનંશ્રેયઃપરધર્મોભયાવહઃ॥

પરધર્મ, એટલે બ્રાહ્મણનો ધર્મ ક્ષત્રિયને, એવી પ્રકારના પરધર્મ શબ્દનો, પ્રકરણ પઠિત અર્થ સમજવો.

શ્રેયાન્સ્વધર્મઃ એનો અર્થ જે વર્ણવ્યવસ્થાએકરી, વેદોક્ત ધર્મ સ્વવર્ણવિભાગથી આવ્યો તેજ આચરણ કરવાથી તરણોપાય છે. અન્ય વર્ણનો વેદોક્ત ધર્મ માઅલો, ક્રિયામાર્ગ અન્ય વર્ણને શ્રમદાયક થઇ પતનને કારણ થશે.

ગીતા અધ્યાય ૧૮ મો શ્લોક ૪૬ મો

" યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાંયેનસર્વમિદંતતં ॥
સ્વકર્મણાતમભ્યર્ચ્યસિદ્ધિંવિંદતિમાનવઃ ॥ "

અર્થ પોતપોતાના ગુણ કર્મ વિભાગનો જે વર્ણ તેહેને વેદોક્ત જે કર્મો કહ્યાં છે તે ઇશ્વરઉપર લક્ષ આપી કર્યાં છતાં ઇશ્વરનો સન્માન કરવાનો લાભ છે; તથા સ્મૃતી

" જન્મનાજાયતેશૂદ્રઃસંસ્કારાદ્દ્વિજઉચ્યતે ॥
વેદાધ્યયનતોવિપ્રોબ્રહ્મજાનાતિબ્રાહ્મણઃ ॥ "

અર્થ, સંસ્કારથી દ્વિજ થઇ, વેદાધ્યયનથી વિપ્ર ઠરી, જે બ્રહ્મજ્ઞાની તે બ્રાહ્મણ વર્ણ, અને વર્ણ, તથા સંસ્કાર, તથા વેદાધ્યયન, એ ત્રણે વિરહિત છતાં જે બ્રહ્મજ્ઞાની થયો તેહેને બ્રાહ્મણ ન કેહેતાં તેહેને ગીતા અધ્યાય નવમાનો શ્લોક ૩૦ પ્રમાણે એટલે " સાધુરેવસમંતવ્યઃ " પ્રમાણે સાધુ માનવો. તથા યજુર્વેદમાં હિરંણ્યકેશી શાખાના સંહિતાના પાંચમાં અષ્ટકના બીજા અધ્યાયના સાતમાં અનુવાકમાં, બ્રાહ્મણ મુખ્ય શ્રેષ્ટ કેમ, એવિશે પ્રમાણ શ્રુતી.

" બ્રહ્મજિજ્ઞાનમિત્યાહતસ્માત્બ્રાહ્મણોમુખ્યોમુખ્યો ॥
ભવતિયએવંવેદબ્રહ્મવાદિનોવદંતિ ॥ "

એવું છે તથા શ્રીમદ્ભાગવત, એકાદશસ્કંધ, અધ્યાય ૧૭ મો શ્લોક નવથી તે ચઉદસુધી વર્ણ વ્યવસ્થા છે; તથા પુરૂષ સૂક્તની બારમી ઋચામાં વર્ણવ્યવસ્થા છે પણ એકવાક્યતાથી અર્થ સમજવો જોઇયે.

૨૩ પ્ર૦ વર્ણ વ્યવસ્થાઉપરથી, ત્રણ વર્ણમાએલા સર્વ માણસોને વેદશિખવાનો અધિકાર છે; પણ વેદ શીખી શિખવવાનો અધિકાર ફક્ત બ્રાંહ્મણોનેજ છે એનું કારણ શું?

૨૪ ઉ૦ એકંદર ભૂગોલ ઉપરના માણસોના ગીતા અધ્યાય ૪ થો શ્લોક ૧૩ મો પ્રમાણે એટલે

" ચાતુર્વર્ણ્યમયાસૃષ્ટંગુણકર્મવિભાગશઃ ॥
તસ્યકર્ત્તારમપિમાંવિદ્ધ્યકર્ત્તારમવ્યયં ॥ "

એપ્રમાણે વર્ણ સમઝવા; તેમાંથી બ્રાંહ્મણ ક્ષત્રિય વૈશ્ય એ ત્રણ વર્ણ વેદ શિખવાને અધિકારિઓછે પણ વેદ શીખી શિખવવાને અધિકારી બ્રાંહ્મણ વર્ણ માત્ર છે; કેમકે ગુણકર્મ વિભાગે કરી વેદ શિખવવાનાં કાંમોની યોગ્યતા, બ્રાંહ્મ-

ણ જે, તેહેનેજ છે. ક્ષત્રિય તથા વૈશ્ય એઓને નથી. એનું કારણ તેઓના ગુણ કર્મો ગુરૂત્વની પદવી આપવાને યોગ્ય નથી, તથા તેઓને ગુરૂપદ વેદ શિખવવાનું આપ્યું તો, તે હુકમ ચલાવી મતવાદિઓ થાશે; તેથી ક્ષત્રિય તથા વૈશ્ય એવોએ તરણોપાય જેટલું, વેદાધ્યયન કરવું. બીજાને શિખવવાસારૂ, સકલ વેદ ગોખવાની, તેઓને ગરજ નથી. તે કામ ગુણકર્મ વિભાગેકરી જે બ્રાહ્મણ તેઓયે કરવું; તથા વેદાર્થ સમજવાસારૂ, વેદ તથા શાસ્ત્ર એ બેઉનું અધ્યયન સાથેજ કરવું. અને શૂદ્ર એટલે ત્રણ વર્ણોના ગુણકર્મો, જે માણસોમાં નથી હોતા, તે મૂઢ, સ્વતઃ જ્ઞાન નછતાં, કેહેવાથીપણ સમજતા નથી. એવા જે ત્રણ વર્ણોની સંતતીમાં ઉત્પન્ન થાયછે, તેઓનો જે બાંધેલો વર્ગ, તેહેને શૂદ્ર કેહેવો એ વર્ણવ્યવસ્થા કરી રાખેલી છે એપ્રમાણે વર્તવું; તથા શૂદ્રને હમેશાં વાતો શિખવીને ઈશ્વરની ભક્તીયે લગાડવા. એપ્રમાણેજ, સ્ત્રિયોની વ્યવસ્થા કરવી, એટલે સર્વ પ્રાણીયો તરે છે.

૨૫ પ્ર૦ એ પ્રમાણે જો ધર્મનું મુખ્ય મૂળ વેદ છે તો તેહેમાં કહેલા ધર્મને શું કેહેવું ?

૨૬ ઉ૦ વેદમાં કહેલા ધર્મને વેદપ્રતિપાદ્ય ધર્મ અથવા વેદોક્તધર્મ અથવા વૈદિકધર્મ એવું કેહેવું.

૨૭ પ્ર૦ વારૂં તમારો ધર્મ કિઓ છે ?

૨૮ ઉ૦ અમારો વેદપ્રતિપાદ્યધર્મ છે.

૨૯ પ્ર૦ શાસ્ત્રો એટલે શું છે ?

૩૦ ઉ૦ વેદપ્રતિપાદ્યધર્મનું શિક્ષણ આપવા સારૂ કરેલી જે રીતી, તે રીતીનાં જે પુસ્તકો, તેજ શાસ્ત્રો છે. એટલે

જ્યોતીશ એક, ધર્મશાસ્ત્ર એક, પૂર્વમીમાંસા એટલે કર્મ કેવું કરવું એ પ્રકરણનું શાસ્ત્ર એક, તથા ન્યાયશાસ્ત્ર એટલે વિચાર કરવાનો માર્ગ દર્શક એક, તથા યોગ શાસ્ત્ર શાંતિ સાધવાના અર્થે એક, તથા ઉત્તર મીમાંસા, એટલે વેદાંત શાસ્ત્ર; એ સહજ સ્થિતી અંગે આવે તથા સંશયો જાય તે સારૂ એક; એવાં છ શાસ્ત્રો છતાં બીજા ઉપ શાસ્ત્રો ઘણાં છે.

૩૧ પ્ર૦ પુરાણો એટલે શું ?

૩૨ ઉ૦ વેદ પ્રતિપાદ્યધર્મનું શીક્ષણ જેઓને ઠસ્યું તે લોક કેવી રીતે ચાલ્યાં તથા જેઓને ઠસ્યું નથી તે કેવી રીતે ચાલ્યાં તથા તેઓયે પરસ્પરોને ઉપદેશ કેવા કેવા કર્યા; તથા તેઓના સામર્થ્યો કેવાં હતાં તથા તેઓની ગતીયો કેવી થઈયો, ઇત્યાદિ પુરાતની અનેક યુગમાએલી સર્વ હકીકતો દ્વાપાર યુગના અંતે વ્યાસ ઋષી તથા તેહેના શિષ્યો, એઓએ લખી રાખીયો છે. અને કૃત, ત્રેતા યુગમાં, વાલ્મિક, માર્કંડેય, ઇત્યાદિકોએ લખી રાખીયો છે. તેમાં શૃંગાર, વીર, કરૂણા અદભુત, હાસ્ય, ભયાનક, બીભત્સ, રૌદ્ર; એ, આઠ રસ, તથા નિરાકાર પરમેશ્વર પ્રાપ્તીનો શાંતિ રસ, એઓની સારી રીતે યોજના કરી છે. તથા ચાતુર્યાર્થ લાક્ષણીક, કથાઓ ઘણીઓછે. તથા નીતીપણ ઘણી દેખાડી છે ઇત્યાદિ જે પુરાતની કથાઓના ગ્રંથો, તે ગ્રંથોનેજ પુરાણો કેહેવાં અને પુરાણો એટલે પુરાતની વાતો છે, અને તે ગ્રંથોમાંથી, કવચિત ગ્રંથોના હાલમા પ્રાકૃત દેશ ભાષાઓમાં ભાષાંતરોપણ થયેલાં છે.

૩૩ પ્ર૦ તે પુરાંણો કેટલાં છે તથા તેહેનાં નાંમો કિયાં ?

૩૪ ઉ૦ પુરાણો અઢાર છે. તેહેનાં નાંમો એનકે, બ્રં-

બ્રહ્માંડપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, વાયુપુરાણ, દેવીભાગવત, નારદપુરાણ, માર્કંડેયપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યોત્તરપુરાણ, બ્રહ્મવિવૃત્તપુરાણ, સ્કંધપુરાણ, વરાહપુરાણ, લિંગપુરાણ, વામનપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, ગરૂડપુરાણ, બ્રહ્મપુરાણ, એવાં અઢાર છે, એને પ્રમાણ શ્લોક.

" બ્રહ્માંમોરુહવિષ્ણુવાયુભગવત્સંજ્ઞંતતોનારદં ॥
માર્કંડેયમથાગ્નિદૈવતમિતિપ્રોક્તંભવિષ્યોત્તરં ॥
તલ્લાદ્બ્રહ્મવિવૃત્તસંજ્ઞમુદિતંસ્કાંદંવરાહંતથા ॥
લૈંગંવામનમત્સ્યકૂર્મગરુડબ્રહ્માંડમષ્ટાદશ ॥ ૧ ॥ "

આ અઢાર પુરાણોના નામોનો શ્લોક દેખાડ્યો. તથા નામો પણ કહ્યાં.

૩૫ પ્ર૦ અઢાર પુરાણો જેવા બીજા ઈતિહાસો છે કે શું ? અને હોય તો તે કિયા ?

૩૬ ઉ૦ શ્રીમત્ભાગવત, તથા મહાભારત, તથા અનેક રામાયણો, તથા ઉપ પુરાણો છે.

૩૭ પ્ર૦ શ્રુતી તથા સ્મૃતી તથા પુરાણો એમાં ભેદ શું છે ?

૩૮ ઉ૦ શ્રુતી એટલે વેદ; તથા સ્મૃતી એટલે શ્લોક રચના જેવાં વચનો, જેમાં આજ્ઞા આપેલીઓ છે તેને સ્મૃતીઓ. તથા પુરાણો એટલે ઈતિહાસો વગેરે અનેક રસિક, વ્યાસોક્ત, તથા અન્ય ઋષિ નિર્મિત ભાષણો છે.

૩૯ પ્ર૦ વૈદિક ધર્મના ગ્રંથોના ભાષાંતરો, તથા વેદોક્તધર્મનું જ્ઞાન થવા સારૂ સ્વાત્માનુભવી પુરૂષોયે રચેલાં પુસ્તકો, મહારાષ્ટ્રભાષામાં થયાં હશે તે મહારાષ્ટ્રભાષામાએલાં પુસ્તકોનાં એટલે ગ્રંથોનાં નામો કીયાં.

૪૦ ઉ૦ પરમામૃત, તથા વિવેકસિંધુ એ મુકુંદરાજકૃત, તથા જ્ઞાનેશ્વરી, તથા અમૃતાનુભવ એ જ્ઞાનેશ્વરકૃત, તથા ભાવાર્થરામાયણ, એકાદશસ્કંધભાગવત, ચતુશ્લોકીભાગવત, રૂકુમિણીસ્વયંવર, તથા હસ્તામલક, એ પાંચ, એકનાથકૃત, તથા દાસબોધ, રામદાસકૃત. અને બોધસાગર, જ્ઞાનસાગર, વિજ્ઞાનસાગર, કૈવલ્યસાગર, આનંદસાગર, શાંતિસાગર, એ ગ્રંથો ધૌમ્યારણ્યવાસી નારાયણ બાવાકૃત. તથા રામવિજય, હરિવિજય, પાંડવપ્રતાપ, શિવલીલામૃત, ઈત્યાદિ સગુણલીલાના ગ્રંથો નાઝરેકર શ્રીધર સ્વામીયે પુરાણો ઉપરથી કહ્યાં, ઈત્યાદિ ગ્રંથો ઘણા છે; તથા અભંગાદિક કવિત્વ રચના, વેદપ્રતિપાદ્યધર્મનું જ્ઞાન, આબાલવૃધ્ધને થવા સારૂ છે. એવી લાક્ષણીક, નાનાપ્રકારની, મનનું રંજન કરવાવાળીઓ, ઘણી નીતીપર કથાઓ મહારાષ્ટ્રભાષામાં છે.

૪૧ પ્ર૦ વેદોક્તધર્મનાં અંગો કેટલાં છે ?

૪૨ ઉ૦ વેદપ્રતીપાદ્યધર્મનાં અંગો, કર્મ એક, ઉપાસના એક, જ્ઞાન એક, એવાં ત્રણ છે.

૪૩ પ્ર૦ વેદપ્રતિપાદ્યધર્મનું પેહેલું જે અંગકર્મ, તેહેનું વિવેચન કેવું છે.

૪૪ ઉ૦ આપણા મને, તથા પ્રાણેકરી, તથા ઇંદ્રિયોએકરી, મત્સ્યાદિક જલચર, મનુષ્ય, પશ્વાદિક ભૂચરો, શુક કોકિલાદિક ખેચરો, એટલે ગગનચરો, ઈત્યાદિ શ્વાસવાન જીવ માત્રને, એટલે પ્રાણિ માત્રને દુઃખ થાશે એવું કર્મ કરવું નહી. સુખ થાય એવુંજ કરવું તથા અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું સ્વસ્વરૂપ નિરાકાર પરમેશ્વરઉપર પ્રીતી સર્વકાળ રેહે, એવું ઉત્તમ કર્મ કરવું; એટલે પરમે-

શ્વર પ્રાપ્યર્થ ઇંદ્રિયોને વિષયલંપટ ન થવા દેતાં, સ્નાન દાનાદિક, વેદ નિયમિત કર્મો, નિષ્કામપણાયે, મનઃશુદ્ધ્યર્થ કરવાં, એજ કર્મકાંડનું વિવેચન સમજવું.

૪૫ પ્ર૦ વેદ પ્રતિપાદ્ય ધર્મનું બીજું જે અંગ ઉપાસના, તેહેનું વિવેચન કેવું છે ?

૪૬ ઉ૦ આપણા અંતઃકરણે કરી નિરાકાર પરમેશ્વરનું સ્મરણ કરવું, તથા પોતીકા અંતઃકરણમાં પરમાત્માની, પ્રીતી એટલે ભક્તી રાખવી, અને પોતાના અંતઃકરણમાં એવું માનવું, કે મારા શરીરસુધ્ધાં સર્વ સૃષ્ટી ભાસ માત્ર છે; અને નિરાકાર એક તથા સાચો અને ઉત્તમ છે. અને તેહેનું જે અચલ નિરાકાર એવું, અનંત પોલાણનો અભાવ કરનારૂં અસ્તિત્વ છે, તેમાં બીજું પરમાણું જન્ય જગતનું, કિંવા જગતને જાણનારા જ્ઞાનનું, અસ્તિત્વ નથી. એવું સર્વકાળ સ્મરણ કરવું એજ ઉપાસના કરી ધર્મનું બીજું અંગ છે. એને વિષ્ણુ સહસ્રનામ માએલું પ્રમાણ,

" यस्यस्मरणमात्रेणजन्मसंसारबंधनात् "
" विमुच्यतेनमस्तस्मैविष्णवेप्रभविष्णवे ॥ "

અર્થ, ઉપર કહ્યોછે તેજ.

૪૭ પ્ર૦ વેદપ્રતિપાદ્ય ધર્મનું ત્રીજું જે અંગ જ્ઞાન, તે જ્ઞાનનું વિવેચન કેવું છે ?

૪૮ ઉ૦ શરીર પીંજરા માએલા સૂક્ષ્મ પ્રાણ વાયૂને ચલિત કરવાથી, અહં, એટલે હું હું, એવી મનોમય સ્પુર્તી થાયછે, તે સ્પુર્તી ધરનારા જ્ઞાન તથા જ્ઞાતાથી પણ પેહેલાનું જે આપણું અસ્તિત્વ છે તે એવું છે કે શરીરની અંદર બાહેર જે અનંત અપાર એક પોલાણ છે તે પોલાણની માંહેલો જે

અચલ શાંત નિરાકારપણાનો ભાગ, તેજ, આપણું સ્વરૂપ છે; તથા તે અહંસ્પુરણના તથા અહંસ્પુરણ ધરનારા જ્ઞાનના તથા અહંસ્પુરણને જાણનારો જે સાક્ષી તેહેના ઇત્યાદીકોના પેહેલાનું જન્મમરણ રહિત સહજ જ્ઞાનવાન આપણું નિરાકાર સ્વરૂપ છે. એવા વિચારના અંતેનો જે પૂર્ણ સિધ્ધાંત, તેજ વેદપ્રતિપાદ્ય ધર્મનું, ત્રીજું અંગ, જે જ્ઞાનકાંડ, તેહેમાં કહેલા પ્રમાણે છે.

૪૯ પ્ર૦ જો સર્વ પ્રાણી, શરીરમાએલું અહંસ્પુરણ ધરનારા માઈક જ્ઞાન પેહેલા એટલે મિથ્યા જ્ઞાન પેહેલા, જ્ઞાનવાન નિરાકાર પરબ્રહ્મ સ્વસ્વરૂપેકરી છે, તો, તેઓને પાપ કરવાથી, મુવા પછી, દંડ શાસારૂ થાયછે અને તેઓને કર્મ, ઉપાસના, જ્ઞાન, એ ત્રિકાંડોની ગરજ તરણોપાય સારૂ કેમ લાગે છે ? કેમકે તે પરબ્રહ્મજ છે, પછી કર્મ, ઉપાસના, જ્ઞાન, એ ત્રંણે કાંડોની ગરજ શી, તે કહો ?

૫૦ ઉ૦ સર્વ પ્રાણિઓના અહંસ્પુરણ ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વરૂપને પાપ પુંણ્ય નથી, તથા સ્વર્ગ નરક તથા જન્મમરણની, પુનરાવૃત્તીયો નથી, એથી તે સ્વરૂપને કર્મ, ઉપાસના, જ્ઞાન એ ત્રંણે કાંડોની ગરજ નથી. પણ જે અહંકાર, શરીરની અંદર છે, તેમાયલા જ્ઞાનને સર્વ કાંડોની ગરજ છે.

૫૧ પ્ર૦ શરીર પીંજરા માએલા પ્રાણ વાયુમાં જે પ્રાણ વાયુને સ્વશક્તીયે ચલીત કરી, વાગિંદ્રિય ન હલાવતાં, મનોમય અહંસ્પુરણ ધરનારૂ જે જ્ઞાન, તે જ્ઞાનને કર્મ, ઉપાસના, જ્ઞાન એ ત્રંણે કાંડોની ગરજ શાસારૂ જોઈએ ?

૫૨ ઉ૦ શરીર પીંજરા માએલા પ્રાણવાયુની અંદર, જે

પોલાણ જેવું તત્વ છે, તેજ જ્ઞાન છે. તે પ્રત્યેક પ્રાણીઓનું જુદું જુદું છે, પણ સર્વનું એક જાતનું છે; તથા અનંત બ્રહ્માંડ ગોલોમાં જેહની આકર્ષણ શક્તી છે, તેહેની જાતનું છે; તેસારૂ આત્માની, આકર્ષણ શક્તી, ભૂગોલની સાથે શરીર ઉપર છતાં, પ્રત્યેક શરીરમાહેલું જ્ઞાન, એ, શરીરનું આકર્ષણ પ્રેરણ કરેછે. તે એવા જ્ઞાનને, શરીરના આધારે જન્મસુધી નરસી ક્રિયાઓ કરવાનો મરવાપછી ભોગ ભોગવવો પડે છે, તે એવો કે, મરણપછી તે જ્ઞાનમાંથીજ સ્વપ્ન દેહવત્ ભોગદેહ ઉત્પન્ન થઈ, કર્ત્યાં કર્મોની ભોગ સૃષ્ટી, જ્ઞાનમાંથીજ, સ્વપ્ન સૃષ્ટિવત્ નિકળેલી, ભોગદેહના ઇંદ્રિયોએ કરી, જ્ઞાનને પંચ વિષય રૂપેકરી સુખ દુઃખ રૂપ ભોગવવી પડે છે; તેહેમાં જે અનેક રૂપે કરી સુખ દુઃખ આપનારાઓ, તેહેનેજ યમ, ઈત્યાદિક કહેલાછે. એ ભોગ, મરતાવેતજ પ્રત્યેક પ્રાણીના જ્ઞાનની આગળ, જેહેનો તેહેનો જુદો જુદો ઉભો રેહેછે; તે બીજમાંથી વૃક્ષ, તેમ કર્મ બીજપ્રમાણે જ્ઞાનમાથી વિસ્મૃતી પડદામાંથી, મરતાંવેતજ નિકળે છે; તે ભોગ ઘણાકાળ ભોગવી, ફરી કર્મોપ્રમાણે હરએક યોનીમાં જન્મ લેવો પડે છે; તથા ફરી મરણ આવેછે. એપ્રમાણે વારંવાર જે ફેરા ખાવા લાગેછે તે દુર થવા સારૂ, તે અભિમાન ધરનારા શરીર માંએલા જ્ઞાનને, કર્મ, ઉપાસના, જ્ઞાન, એ ત્રિકાંડોની ગરજ છે.

૫૩ પ્ર૦ ત્રિકાંડોની ગરજ નરાખતાં, અહંસ્ફુરણ ધરનારા જ્ઞાનના પેહેલાંનું મારૂં નિરાકાર સ્વરૂપ છે, એવું ફક્ત મોઢે કરી બોલવાથી, મરવા પછી થનારા જે નરસાં તથા સારાં કર્મોના સુખ દુઃખ ભોગ, તેથકે, તથા વારંવાર જન્મ મરણના ફેરામાંથી, છુટકો થાતો નથી કે શું?

૫૪ ઉ૦ એક્લું મોઢેકરી અહં બ્રહ્મ કેહેવાથી, તથા નરસાં કર્મો કરવાના, ન છોડી દેવાથી, જીવનો છુટકો થાતો નથી; કેમકે અહં બ્રહ્મ, એ, વાચાનું બોલવું નથી. અહં બ્રહ્મ ભાવના એ તુરીયા અવસ્થા છે, તેજ જ્ઞાનને પ્રાપ્ત થવી જોઇયે; એટલે પાપ પુણ્યમાંથી છુટકો થાશે. દૃષ્ટાંત, જેમ જાગૃત અવસ્થામાં જ્ઞાનરૂપ આત્મા, એ, શરીરના આધારે હાથ પગમાં બેડીઓ, તથા શરીરેમાર, અપરાધઉપરથી હું ભોગવું છું, એવું માને છે, તેજ આત્મા, શરીરના હાથ પગમાં બેડીઓ છતાં પણ, સ્વપ્નમાં, સ્વપ્ન દેહના આધારેકરી મોટી પદવી ભોગવે છે; એટલે પાલખીમાં બેસેછે, તથા બેડીઓને સ્મરતોજ નથી; તે પ્રમાણેજ અહંબ્રહ્મ ભાવના એતો તુરીયા અવસ્થા છે, તે જ્ઞાનસ્વરૂપ આત્માને પ્રાપ્ત થઈ તો જેમ જાગૃતપણાં માએલી બેડીયો ભોગવવી, સ્વપ્નામાં નથી, તે પ્રમાણેજ અહં બ્રહ્મ ભાવના એજ તુરીયા અવસ્થા છે, એ જ્ઞાન સ્વરૂપ આત્માને પ્રાપ્ત થઇ છતાં પાપ, પુણ્ય, તથા મરવાપછી, ભોગસૃષ્ટી માએલા સુખદુઃખ ભોગ, તથા વારંવાર જન્મ મરણના ફેરા ખાવા, વગેરે કાંઈજ રેહેતું નથી. પણ અવસ્થાંતર થવું જોઇયે; એટલે અહં બ્રહ્મ સાચું થયું. પ્રમાણ જેમ જાગૃતીનું અવસ્થાંતર થઇ સ્વપ્ન આવ્યું પછી જાગૃતીનો ભોગ. તથા સ્મરણ, જ્ઞાનરૂપ આત્માને સ્વપ્નામાં નથી, તે પ્રમાણેજ જાગૃતીનું અવસ્થાંતર થઇ, અહં બ્રહ્મ એ તુરીયા અવસ્થા, જ્ઞાનસ્વરૂપ આત્માને પ્રાપ્ત થઇ, તોજ, ત્રણે અવસ્થાનું સ્મરણ જાશે, અને પાપ પુણ્ય, તથા જન્મ મરણ, તથા સુખ દુઃખ, એ સર્વ થકે મુક્તતા થશે. એક્લું મોઢેકરી અહં બ્રહ્મ બોલ્યો,

અને તુરીયા અવસ્થા પૂર્ણ પ્રાપ્ત થઇ નથી; અથવા તેવી પ્રાપ્તીની ભાવના પણ નથી, તો છુટકો નથી. એ સારૂ, તુરીયા અવસ્થા અથવા તુરીયા અવસ્થા જેવી વૃત્તીની ભાવના, જ્ઞાનને પ્રાપ્ત થવા સારૂ કર્મ. ઉપાસના, જ્ઞાન, એ ત્રિકાંડોમાં કહેલા પ્રમાણે શરીરના આધારેકરી આત્માને ચાલવૂંન જોઈયે.

૫૫ પ્ર૦ કર્મકાંડ પ્રમાણે માણસ માત્રોએ કેમવર્ત્તવું તથા શું કરવું ?

૫૬ ઉ૦ નિત્યપ્રાતઃકાળમાં ઊઠી શૌચવિધી, મુખમાર્જન કરી, સ્મરણ કરવું કે, જેહેની અનંત બ્રહ્માંડ ગોલોમાં એક આકર્ષણ શક્તી છે, તેન વ્યાપક આત્મા; અનંત અપાર જે એક પોલાંણ તેહેનાં જેવો એક છે, તેણે ભૂગોલરૂપ બ્રહ્માંડની સાથે સંપૂર્ણ જીવોના શરીરનું, તથા મારા શરીર રૂપ પરમાણુનું, આકર્ષણ કરેલૂંન છે; તે સારૂ જેટલાનું તેણે આકર્ષણ કર્યું છે, તે સર્વ તેહેનું છે, મારૂં કાંઇન નથી, એવું સ્મરણ કરવું, પછી તેન વખત કિંવા અવકાશે કરી, નિર્મળ ઊદકથી; ઉદકમાં પણ આત્માની આકર્ષણ શક્તી છે, તેહેનું ગંગા ભાગીરથી ગોદાવરી, એ નામે સ્મરણ કરી સ્નાન કરવું. પછી સ્વચ્છ શુચિવસ્ત્ર પરિધાન કરી, સ્વસ્થ બેશી, જે અનંત અપાર પોલાંણમાં નિરાકાર પરબ્રહ્મપરમાત્મા જ્ઞાનતત્વ ભરેલો છે, તે, મારા શરીર માહેલી પોલાંણની અંદર પણ છે, તે કદીન પતન પાંમતો નથી, તસ્માત્ તે અચ્યુત છે. તથા તે પુરૂષોત્તમ છે, એટલે પ્રકૃતિ રૂપ સુષ્ટીપુરીમાં જેણે પોતાની આકર્ષણ શક્તી રાખી શયન કર્યું છે, તેન પુરૂષ, તે પુરુષ થકે ઉત્તમ, તેથી પુરુષોત્તમ છે એવું સ્મરવું.

તથા તેના સ્વરૂપનેવિશે નમન કરવું એટલે આપણું મન નથી, એવા નમ્ર થઇ ચિંતન કરવું. એ પ્રમાણે પ્રાણાયામાદિક, સર્વ વિધિયુક્ત સ્મરણ, આપણા શરીરમાએલા જ્ઞાનના, અને સર્વત્ર નિરાકાર છે તેહેના, ઐકય સંધીમાં કરવું; એન સંધ્યા છે. એ પ્રમાણે વિધિયુક્ત સંધ્યાથયા પછી, આપણા કપાલની અંદર નીલવર્ણ વાયુરૂપ બિંદુ કલ્પવો, એટલે કપાલની વચોવચ ચંદનનો ટીકો લગાડેલો હોય છે, તે નિશાણીની અંદર બિંદુ કલ્પવો અને તે ઉપર મન સ્થીર કરવું, અને ચંચલ થાય તો પીત, શ્વેત, આરક્ત, તથા મીશ્ર એવા ચાર, તે નીલવર્ણ બિંદુની, ફરતા, બીંદુ કલ્પવા તથા કેવી રીતે કલ્પવા, એ મનમાં આવવા સારૂ, શાલગ્રામ વચે મુકી બીજા ચાર ફરતા મુકવા. એ પ્રમાણે પ્રત્યક્ષ આંખોની આગળ બાહેર માંડી, તેવું મનોમય ચિંતવું, એટલે ધ્યાન કરવાને સુલભ પડેછે. અથવા સૂર્યમંડલ મનમાં કલ્પવું, તેથી ધ્યાન કરવાને સુલભ પડેછે. અને તે બિંદુની અંદર ચતુર્ભુન શામ સુંદર વિષ્ણુ મૂર્તી, તથા ગૌરવર્ણ શંકર મૂર્તી પણ ચિંતવી. એ પ્રમાણે ધ્યાનમાં ચિત્ત સ્થીર કરી, પોતપોતાને, શરીરમાએલી પોલાણની અંદર, પ્રાણ વાયુ થકે, તથા તે કલ્પેલા બિંદુ થકે, જુદા નિરાકાર છેયે, એવું ધારણાએકરી અનુભવવું. પછી બુદ્ધી નિરાકારનાવિશે સમ કરવી, અને પછી શરીરે ઊઠી વ્યવહાર ધંધા કરવા. તે વ્યવહારી કામકાજમાં જે જે શ્રમ લઈ કાંમો કરવાં તે તે પરોપકારાર્થ, કરવાં તથા ભુખ્યાને અન્ન દાન, તથા તાહાડથી અકડાઈ ગએલાને વસ્ત્ર દાન, તથા સર્વ માણસોને વિદ્યાદાન, એપ્રમાણે દાંભિકપણું છોડી, યથા શક્તી

કરવું. તથા નીતીપ્રમાણે વર્ત્તનારાઓને સંકટમાંથી છોડાવવા તથા અનીતીવાળાને નીતીયે લગાડવા. અને ભૂચર, તથા જલચર, તથા ગગનચરો, એટલે પક્ષી, ઈત્યાદિ પ્રાંણિમાત્રોનું હનન કરવું નહી, તથા કોઈ પાસેથી કરાવવું નહી, અને તેવોનું પોષણ કરી, તેવો પાસેથી યથા શક્તી ચાકરી કરાવી લેવી. પણ તે પ્રાંણીયો ઈશ્વરે પોતાની આકર્ષણ શક્તીયે ધરેલાછે, અને તેવોના જીવાત્મા પાસેથી રમુંજે કરાવે છે, એવું ધ્યાનમાં લાવવું. અને પાણીમાં વગેરે જે સુક્ષ્મ જીવ મરેછે, તેબાબત વૈશ્વદેવ કરવો; એટલે હે ઈશ્વર તારી કૃતી થી જે સેહેજ નેમેલું, તે તારી સત્તાનો જુલુમ છે, તે મને સુખદાયક છે, પણ તે મટાડવાને હું અશક્ત છું, એવું કલ્પવું. અને પોતાનું ભોજન વનસ્પત્યાદિક, તથા ધાન્યો, તથા ફલો, તથા પુલો, તથા પાંનડા, તથા કંદ, તથા વેલ, તથા સેરડી, વગેરે સાંઠામાએલા રસ, તથા દુધ, દહી, તથા માંખણ, તથા ઘી, ઈત્યાદિકોનું જોઈએ. તથા શુધ્ધ પાણી પીવું, અને માદક પદાર્થ કોઈપણ સેવન કરવો નહી; કેમકે માદક પદાર્થ રોગ જવાના ઓસડોછે, તે સર્વકાળ ખાવાના નથી. તથા વાઘ વગેરે ક્રૂર પશૂનો આહાર માંસ છે, તે માણસનો નથી, કેમકે માણસ એ દયાળુ, તથા વિચારી પ્રાણી છે, તથા સર્વ પ્રાણીઓનો રાજાછે, એથી તેહેને સર્વ પ્રાણીપ્રમાણે હિંસકપણું નથી. જો માણસ હિંસા કરશે, અથવા માંસ ખાશે, તો તેહેને સર્વ પ્રાણીનો રાજા છે એવું નામ શોભશે નહી. અને સર્વ પ્રાણીઓ તેહેને રાક્ષસ કેહેશે, અને આપણથી ઉત્તમ એવું સમજશે નહી. તથા આપણે માણસ છતાં દુષ્ટ છૈયે એવો પ્રાણિમાત્રોયે ન્યાય ઠરાવ્યો, એટલે ઈશ્વરની

દયા આપણીઉપર રેહેવાની નહી. એ સારૂ સર્વ પ્રાણીઓની દયા કરી, તેવોનો માણસોયે આશિરવાદ લેવો. એપ્રમાણે વેદમધ્યે સર્વ કર્મકાંડ છે. તે ઉપર લક્ષ મુકી વર્તવું, અને સ્વશરીર સહિત સર્વ, એકની આકર્ષણ શક્તીમાં પ્રાણિમાત્રો તથા અનંત બ્રહ્માંડ ગોલોછે, એસારૂ શરીરની અંદર જે હું જ્ઞાનરૂપી છું. તે મારૂ કાંઈ નથી. શરીરના પરમાણુપણ પૃથ્વીના આકર્ષણ સાથે દેવની આકર્ષણ શક્તીયે આકર્ષેલા છે, તેથી શરીરના પરમાણુંપણ મારા નથી. જેહેની આકર્ષણ શક્તીયે કરી આકર્ષેલા છે તે તેહેના છે એપ્રમાણે " નમમ " એટલે મારૂ કંઈ નથી એવું કલ્પવું અને કહ્યાપ્રમાણે કરવું, એજ કર્મ કાંડ છે.

૫૭ પ્ર૦ ઉપાસના કાંડપ્રમાણે માણસ માત્રોયે કેમ ચાલવું તથા શું કરવું ?

૫૮ ઉ૦ ઉપાસનાકાંડ એટલે જે જે પોતાના જ્ઞાનને પંચ વિષયરૂપે, તથા મનોમય કલ્પનાયે કરી ખબર પડેછે, તે સર્વમાં અચલ તત્વ નિરાકાર પરમેશ્વર સર્વત્ર ભરેલો છે, તેહેનું સર્વકાળ સ્મરણ કરવું; તથા તે નિરાકાર ઉપર સર્વકાળ પ્રીતી રાખવી, એટલે ભક્તી રાખવી, એવું જે વેદનાં પ્રકરણમાં કહ્યું છે, તે ભક્તી પ્રકરણને, ઉપાસના કાંડ કેહેવું. તે ઉપાસનાના, એટલે નિરાકાર પરમેશ્વર ઉપર પ્રીતી રાખવાના, પ્રકાર નવ છે. તે નવ પ્રકારમાં કહેલા પ્રમાણે આચરણ કરવું, તથા નિરાકાર પરમેશ્વરના સ્મરણે કરી જગતના રિવાજપ્રમાણે ચાલવું.

૫૯ પ્ર૦ નિરાકાર પરમેશ્વર જે આપણી આગળના તથા

પાછળના પોલાણની જગામાં અચલ તત્વ છે, તથા જેના પરમાણું થતાજ નથી, તથા જેહેને અધ ઊર્ધ્વ દશદિશાઓની ભાવના નથી, તથા અગણીત ગોલોના પેલીતરફ, તથા આ તરફ, જે એક અવકાશ એટલે પોલી જગા છે તથા જે જગોઉપર બ્રહ્માંડ ગોલ, તથા પરમાણું ફરે છે, તે સર્વ ઠેકાણે એકજ ન હલનારૂં, તથા ન પાલટનારૂં જે વિસ્તીર્ણ તત્વ છે, તે તત્વનો બોધ કેહેવા સારૂ, તે તત્વનેજ પરમેશ્વર, અથવા પરમાત્મા, અથવા પરબ્રહ્મ, અથવા સચ્ચિદાનંદ, એવાં લાક્ષણિક નામો કલ્પેલાં છે, તથા સદ્‌ગુરૂઉપદેશ કરવા વખતે, કેહેછે કે, " तत्वमसी " એટલે, તેજ અચલ તત્વ તું છે; શરીરમાંએલા જ્ઞાનેકરી, તારૂં હું હું કલ્પવું, તથા તે કલ્પનારૂ જ્ઞાન તું નથી; તે ઉપર સદ્‌શિષ્યપણ બોધપાંમી ઊત્તર આપે છે કે, " ब्रह्माहमस्मि " એટલે તેજ અચલ તત્વ, પરબ્રહ્મ હું છું, પણ હું પરબ્રહ્મ એવી પ્રાણ વાયુમાએલા જ્ઞાને ધરેલી સ્ફુર્તી, તથા ભાવના ધરનારૂ જ્ઞાન, હું નથી. કાંઈજ ન કલ્પતાં તથા ભાવના ન ધરતાં તથા કલ્પનારૂ જ્ઞાન તથા જ્ઞાતાપણ ન છતાં, સેહેજ અચલ તત્વ પરબ્રહ્મ મારો હું છું; એજ મુખ્ય જ્ઞાન કાંડ છે. તે જ્ઞાનકાંડની સ્થિતી આવવા સારૂં; કર્મકાંડ છે; તથા ઉપાસના કાંડ પણ છે. તે ઉપાસના કાંડમાં કહ્યા પ્રમાણે નવ પ્રકારની ઉપાસના, એટલે નવ પ્રકારની નિરાકારની ભક્તી, આચરણ કરવી. તે ભક્તીના, એટલે ઉપાસનાના, નવ પ્રકાર કિયા ? તથા તે નવ પ્રકારનું આચરણ કેવું છે ?

૬૦ ઉ૦ નિરાકાર પરમેશ્વરની ભક્તીના, એટલે ઉપા-

સનાના, નવ પ્રકાર છે, એથી નવવિધા ભક્તી કેહેછે. તેમાં પેહેલી શ્રવણ ભક્તી, એટલે નિરાકાર પરમેશ્વર પ્રાપ્તીના પુસ્તકો, પ્રીતીયેકરી શ્રવણ કરવાં. તથા બીજી કીર્ત્તન ભક્તી, એટલે નિરાકાર પરમેશ્વરની કીર્ત્તી લોકોને પ્રીતીયેકરી કેહેવી, તથા ત્રીજી સ્મરણ ભક્તી, એટલે નિરાકાર પરમેશ્વરનું પ્રીતીયેકરી, વારંવાર સ્મરણ કરવું. તથા ચોથી ચરણ સેવન ભક્તી, એટલે નિરાકાર પરમેશ્વરનો બોધ જેવોના જ્ઞાનમાં અવતર્યો તેજ અવતારો છે, તેવોની સેવા પ્રીતીયેકરી કરવી. તથા પાંચમી અર્ચન ભક્તી, એટલે અયોની સંભવ જે રામ કૃષ્ણાદિક પુરૂષો, નિરમાણ થયા તેવોનું એકાગ્રચિત્તે ધ્યાન કર્યું હોય તો, તે પ્રકટ થાય છે, અને જ્ઞાનનો ઉપદેશ કરે છે; એ સારૂ તેઓની મનોમય, કલ્પના શક્તીયેકરી, ચક્ષુની અંદરનાં ભાગમાહેલા સુક્ષ્મ પદાર્થોનો દેહકલ્પી, મનોમય, પ્રેમના સુગંધ પુષ્પાદિક ઉપચાર કલ્પી કરવું તથા તે મનોમય ઉપચાર કરવાની રીતી, મનના જાણવામાં આવે, તે સારૂ બાહ્ય પ્રતિમા માંડી, પ્રેમેકરી સુગંધાદિક ઉપચાર કરવા, એજ અર્ચન ભક્તી છે. તથા છટ્ટી વંદન ભક્તી, એટલે જેટલાં પરમેશ્વર પ્રાપ્તીના સાધનો છે, તેમાંથી છેક નાહાના સાધનની પણ, નિંદા ન કરતાં, તે સાધનોનો પરિણામ પરમેશ્વર પ્રાપ્તી તરફ છે, એવું સમજી, તીર્થ યાત્રાદિક ધર્મસંબંધી સર્વ વંદ્ય છે એવું લોકોને કેહેવું, તથા પોતે તે સર્વને માન આપવું, એજ વંદન ભક્તી છે. તથા સાતમી દાસ્ય ભક્તી, એટલે જેમ રાજાનો વિશ્વાસુ ચાકર, રાજાને સારૂ પ્રાણ પણ ખરચ કરે છે, તેમ નિરાકાર પરમેશ્વર પ્રીત્યર્થ, પ્રાણાંત પ્રસંગ

આવે તોએ પરમેશ્વરનાજ, વિશ્વાસમા શરીર તથા આયુષ્ય ખરચવું, એજ દાસ્ય ભક્તી છે. તથા આઠમી સખ્ય ભક્તી; એટલે નિરાકાર પરમેશ્વરવિના અન્ય પદાર્થો ઉપર સ્નેહ ન રાખતાં, નિરાકાર પરમેશ્વર ઉપરજ, સખ્યત્વ, એટલે સ્નેહ રાખવો, એજ સખ્ય ભક્તી છે. તથા નવમી આત્મનિવેદન ભક્તી, એટલે નિરાકાર પરમેશ્વર, જે આપણી આજુબાજુનું અનંત પોલાણનું પોલાણપણું મિથ્યાકરનારો એ અચલ તથા આકાર વિરહિત, નિરાકાર તત્વ છે, તેહેને પ્રીતીએકરી શરીરમાએલા પ્રાણવાયુની અંદર, જે આપણું પોલાણના તત્વ જેવું જ્ઞાનસ્વરૂપ છે, તેહેની અંદર પરિપૂર્ણ પોતેપોતીકા જ્ઞાનના અસ્તીત્વ પેહેલાના જે પોતપોતાનો અસ્તિત્વ ભાવ છે, તે તથા અચલ તત્વ નિરાકાર પરમેશ્વર, બેઉ એક રૂપ છે, એવું અનુભવી, અનુભવનારૂ લક્ષણ, અનુભવીનારા જ્ઞાતાસહિત પ્રીતીયેકરી લીનકરવું, એજ આત્મનિવેદન ભક્તી છે. એ પ્રકારની નવવિધા ભક્તી, એટલે નવ પ્રકારેકરી ઉપાસનાછે, તેહેના નવ પ્રકાર કહ્યા તે પ્રમાણે આચરણ કરવું.

૬૧ પ્ર૦ શ્રવણ ભક્તી શું ?

૬૨ ઉ૦ નિરાકાર પરમાત્મા પ્રાપ્ત થવાના ગ્રંથો પ્રીતીએકરી, એટલે ભક્તીયે શ્રવણ કરવા, એજ પેહેલી શ્રવણ ભક્તી છે.

૬૩ પ્ર૦ કીર્તન ભક્તી શું ?

૬૪ ઉ૦ નિરાકાર પરમેશ્વરની કીર્તી, અતિ પ્રીતીથી, એટલે અતીશે ભક્તીએ કરી, લોકોને કેહેવી એજ બીજી કીર્તન ભક્તી છે.

૬૫ પ્ર૦ સ્મરણ ભક્તી શું ?

૬૬ ઉ૦ નિરાકાર પરમેશ્વર, અનંત ગોલોને આધાર જે પોલાણ (જગો) તે જગોમાં અચલ તત્વ ભરેલો છે, તે પોલાણ કિંવા પરમાણું, કિંવા પરમાણુંજન્ય ગોલ, કિંવા પરમાણુંજન્ય ગોલોઉપરની સૃષ્ટી, એઓના અસ્તિત્વે કરી, ભેદાયલો નથી. તેહેનું અચલ તત્વ રૂપ સર્વત્ર એક છે, એવું વારંવાર પ્રીતીથી સ્મરણ કરવું, એજ ત્રીજી સ્મરણ ભક્તી છે.

૬૭ પ્ર૦ ચરણ સેવન ભક્તી શું ?

૬૮ ઉ૦ નિરાકાર પરમેશ્વરનો બોધ જેઓના જ્ઞાનમાં અવતર્યો, એટલે ઉદય થયો, તેજ અવતાર સમજવા. અને તેઓની અતિ પ્રીતીયે સેવા, (ચાકરી) કરવી એ ચરણ સેવન, ચોથી ભક્તી છે.

૬૯ પ્ર૦ અર્ચન ભક્તી એટલે શું ?

૭૦ ઉ૦ અર્ચન ભક્તા, એટલે જે અયોનિસંભવ રામ, વિષ્ણુ, કૃષ્ણ ઇત્યાદિ પુરુષ, નિર્માણ થયા, તેવોનું એકાગ્ર ચિત્તે કરી ધ્યાન કર્યું હોય તો, તે, ધ્યાન કરનારાના જ્ઞાનમાં પ્રકટ થઇ, તારક જ્ઞાનનો ઉપદેશ કરી, પાતક અજ્ઞાનને નાશ પમાડે છે; એસારૂ તેઓના દેહાકૃતી જેવી, ચક્ષુ ઇંદ્રિઓનાં અંતર ભાગમાયેલી સુક્ષ્મ પ્રાણવાયુરૂપ તત્વની આકૃતી, તથા પુજા ઉપચાર અતિ પ્રીતીએ કલ્પિત કરવા, તથા મનોમય કરવાની રીત માહીત થવાસારૂ, બાહ્ય પ્રતિમાનાં ઠેકાણે પ્રીતીએ પુજા કરવી, એહેનેજ પાંચમી અર્ચન ભક્તી કેહેવી.

૭૧ પ્ર૦ વંદન ભક્તી એટલે શું ?

૭૨ ઉ૦ જેટલાં પરમેશ્વર પ્રાપ્તીનાં સાધનો છે, તેમાંથી

નાહના અથવા મોટાં, હરએક સાધનની નિંદા ન કરતાં, તે સર્વ સાધનોનો પરિણામ પરમેશ્વરની પ્રાપ્તી તરફ છે, એવું સમજી, તીર્થયાત્રાદિક ધર્મસંબંધી સર્વ સાધનો વંદ્ય છે, એવું પ્રીતીએકરી લોકોને કેહેવું; તથા પોતે તે સર્વ સાધનોને પ્રીતીએ માન આપવું એજ છઠ્ઠી વંદન ભક્તી છે.

૭૩ પ્ર૦ દાસ્ય ભક્તી એટલે શું ?

૭૪ ઉ૦ જેમ રાજાનો વિશ્વાસુ સવક રાજાસારૂ પ્રાણપણ ખરચ કરે છે, તેમજ વેદપ્રતિપાદ્ય ધર્મ પ્રમાણે નિરાકાર પરમેશ્વર પ્રીત્યર્થ, પ્રાણાંત થવા આવ્યો તોપણ, વેદપ્રતિપાદ્ય ધર્મપ્રમાણે, નિરાકાર પરમેશ્વરનાજ વિશ્વાસમાં. શરીર તથા આયુષ્ય, દાસની પેઠે એટલે વિશ્વાસુ ચાકરની પેઠે પરમેશ્વરને અર્થે અતિ પ્રીતીએ, ખરચ કરવું, એજ સાતમી દાસ્ય ભક્તી છે.

૭૫ પ્ર૦ સખ્ય ભક્તી એટલે શું ?

૭૬ ઉ૦ અચલ તત્વ જે નિરાકાર પરમેશ્વર, તેવિના અન્ય ચંચલ પદાર્થોઉપર સખ્ય એટલે સ્નેહ ન રાખતાં, પોતીકા શરીરની અંદર બાહેર, જે એક પોલાણ છે, તે પોલાણમાં જે ન હલનારૂં તથા ન બદલનારૂં એક સ્થીર તત્વ છે, તેજ તત્વ પરમેશ્વર, તથા પરમાત્મા તથા પરબ્રહ્મ, તથા નિરાકાર, ઈત્યાદિ નામે કરી સમજી, તે પરમેશ્વર તત્વ ઉપરજ, સ્નેહ રાખવો, એજ આઠમી સખ્ય ભક્તી છે.

૭૭ પ્ર૦ આત્મનિવેદન ભક્તી કેવી છે ?

૭૮ ઉ૦ અનંત અપાર પોલાણ સહિત ગોલોના, તથા પરમાણૂના સ્થલ ઉપર, એટલે જગોઉપર, એક જે અચંચલતત્વ છે, તેજ આપણા શરીરમાંએલા પ્રાણવાયુની અંદરના

જ્ઞાતાના પેલી તરફનું આપણું સ્વકીય જન્મમરણ વિરહિત, શાંત અસ્તિત્વ સ્વરૂપ છે, એવો અનુભવ ઘણી પ્રીતીએ કરી જોવો, એજ નવમી આત્મનિવેદન ભક્તી છે. શ્લોક નવવિધા ભક્તીનો.

"શ્રવણંકીર્તનંવિષ્ણોઃસ્મરણંપાદસેવનં ॥
અર્ચનંવંદનંદાસ્યંસખ્યમાત્મનિવેદનં ॥"

૭૯ પ્ર૦ જ્ઞાનકાંડ પ્રમાણે મનુષ્યમાત્રે શી રીતે વર્ત્તવું ?

૮૦ ઉ૦ જ્ઞાનકાંડ પ્રમાણે પોતપોતાને, આકાર થકે જુદા નિરાકાર છઈએ એવું અનુભવવું, અને આપણે, શરીર મીંનરો નથી, તથા તેમાએલા પંચપ્રાણો આપણે નથી તથા તે પંચપ્રાણોમાં જે આપણું સર્વને જાણનારૂં જ્ઞાન સ્વરૂપછે, તે જ્ઞાન સ્વરૂપે કરીજ, હું કોણ છું, એ મારી મને ખબર પડતી નથી, એવી પ્રાણવાયુને ધરી કલ્પેલી, પાતક ભાવના, એટલે જન્મમરણમાં પાડનારી અજ્ઞાનભાવના, તે ભાવના હું નથી; હું કેવળ પોલાણની અંદરજ અચંચલ તત્વ એક પરબ્રહ્મ છે, તેજ ભાવના ન ધરતાં, હું સહજજ છું, એવું અહંપણું ધરનારૂં જ્ઞાન મિથ્યા સમજી, શુદ્ધનિરાકાર અસ્તિત્વે કરી રેહેવું, એજ જ્ઞાન કાંડ પ્રમાણે માણસમાત્રોએ અનુભવવું; અને શરીરે કરી, કર્મ તથા ઉપાસના, એ બંને કાંડો પ્રમાણે ચાલવું

૮૧ પ્ર૦ જ્ઞાનકાંડ પ્રમાણે પંચ ભુતો થકે જુદા, આપણને અચલ નીરાકારપણાએ કરી, કેવી રીતે જોવું તથા તે પંચભુતો કયાં ?

૮૨ ઉ૦ આકાશ, વાયુ, તેજ, આપ, તથા ભૂમી, એ

પાંચ ભુતો છે. એ પંચભુતો ચંચલ તથા નાશવંત છે. તથા આપણે, એ પંચભુતોની અંદર બાહેર, અચલ, તથા અવિનાશ તત્વ, પોલાણની અંદર ભરેલા છૈએ એવું આપણને જોવું

૮૩ પ્ર૦ આકાશભૂતનું લક્ષણ શું ?

૮૪ ઉ૦ ભૂગોલાદિક, અનંત બ્રહ્માંડગોલો તથા અનંત પરમાણું, તથા પ્રકાશ, વાયુ, અને જલ, તથા વીજળી, ઈત્યાદિ સર્વ પદાર્થો, જે એક પોલાણની ઉપર ભાસે છે, તે પોલાણજ, આકાશ છે, અને એજ તેહેનું લક્ષણ છે.

૮૫ પ્ર૦ વાયુ ભુતનું લક્ષણ શું ?

૮૬ ઉ૦ પોલાણ ઉપર જે સૂક્ષ્મ તત્વનો ભાગ, કે જેમાં જડત્વ, પ્રકાશ કર્ત્તાપણ, તથા વીજળી અને ઉષ્ણતાથીપણ, ઓછું છે, તથા સર્વ પોલાણઉપર જેહેની સ્થિતી ફેલાઈ રહી છે, તથા માણસોનાં શરીરમાં પંચપ્રાણરૂપે કરી જે છે તેહેનેજ વાયુ કહિએ.

૮૭ પ્ર૦ તેજ ભુતનું લક્ષણ શું ?

૮૮ ઉ૦ પ્રકાશ તથા ઉષ્ણતા, અને વીજળી એ હમેશા સુક્ષ્મ વાયુના આધારેકરી, પોલાણઉપર રેહેછે, તેહેનેજ તેજ કહિએ તથા પક્ષીઓ જે પરમાણના સમુદાયઉપર પાંખોઝાપટી, તથા પુછડાંનું સુક્ષાણ લગાડી, ફરેછે, તે પરમાણુંમાં પણ પ્રકાશ, તથા ઉષ્ણતા, અને વીજળી રેહેછે, અને તે પરમાણુંની રચેલી સૃષ્ટીમાં પણ રેહેછે, એવા તે પ્રકાશને તથા વીજળીને, તથા ઉષ્ણતાને, એ ત્રણેને મળી તેજ કહિએ.

૮૯ પ્ર૦ આપ ભુતનું લક્ષણ શું ?

૯૦ ઉ૦ જેહેની ઉષ્ણતાથી બાફ થાય છે, અને ઉષ્ણતા, ઓછી થવાથી જેહેને પાતળું પ્રવાહીપણું અથવા કાઠણ્યપણું ફરી આવેછે એવાં તે પાણીને આપ કહિએ.

૯૧ પ્ર૦ ભુમીનું લક્ષણ શું ?

૯૨ ઉ૦ અનેક પરમાણું પરસ્પર એકને એક જડી, પોલાણની મધ્ય ભાગે, જે ભુગોલ રચેલો છે, તથા વૃક્ષ વલ્લી અને જીવોના શરીરો બનેલાં છે, તે વાતાવરણ રૂપી પરમાણું મુદ્દાં સર્વને ભુમી કેહેવું.

૯૩ પ્ર૦ પંચ ભૂતાતીત જે પરબ્રહ્મ તે પરબ્રહ્મનું લક્ષણ શું ?

૯૪ ઉ૦ પોલાણ સહિત જગતનું અસ્તિત્વ ગયું અને તે પોલાણસહિત જગતના અસ્તિત્વના સર્વ ઠેકાણે અચંચલ નિરાકાર એક તત્વનું અસ્તિત્વ રહ્યું, તેજ, રહેલું અસ્તિત્વ પરબ્રહ્મનું લક્ષણ છે.

૯૫ પ્ર૦ નિરાકાર પરબ્રહ્મ સ્વરૂપમાં જ્ઞાન, તથા સુખ છે, તે જ્ઞાનનું તથા સુખનું લક્ષણ શું ?

૯૬ ઉ૦ પરબ્રહ્મ નિરાકાર સ્વરૂપના અસ્તિત્વમાં, એટલે, શરીર પ્રાણમાએલું અહંપણું ધરનારા જ્ઞાન જ્ઞાતા પેહેલાનું, પોતપોતાનું અચલ તત્વ પરબ્રહ્મ સ્વરૂપ છે, તે સ્વરૂપના અસ્તિત્વમાં, જ્ઞાન, તથા સુખ, એવું છેકે, જાગૃત અવસ્થા જેવું. જ્ઞાન, અને તે જ્ઞાનને નિદ્રા જેવા સુખનો ભોગ, એ એકજ અવસ્થામાં બેઉનું હોવું એ અનુભવના વિચારેકરી જે અર્થ સિદ્ધ થાઅછે, તેવું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના પોતપોતાના પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપનાવિશે, જ્ઞાન, તથા સુખ, સર્વકાળ સરખાં છે, તથા

તે જ્ઞાનનું તથા સુખનું અસ્તિત્વ કદીજ, બદલાતું નથી તેથી સત, ચિત, આનંદ, છે, એવું કેહેછે.

૯૭ પ્ર૦ ચાર દેહ કયા, કે જેહેને દેહ ચતુષ્ટય કેહેછે ?

૯૮ ઉ૦ સ્થૂલદેહ, સૂક્ષ્મદેહ, એટલે લિંગદેહ, તથા કારણદેહ, તથા મહાકારણદેહ, એ ચાર દેહ છે તથા એવોનેજ દેહ ચતુષ્ટય કેહેછે.

૯૯ પ્ર૦ સ્થૂલદેહનું લક્ષણ શું ?

૧૦૦ ઉ૦ સ્થૂલદેહનું લક્ષણ એવું છે કે, રોમ, ત્વચા, નાડી, માંસ, અસ્થી, એ ભૂમીના પંચ ભાગ; તથા લાળ, મૂત્ર, રૂધિર, વીર્ય, સ્વેદ, એ જળના પાંચ ભાગ; તથા ક્ષુધા, તૃષા, આલસ્ય, નિદ્રા, રત, એ તેજનાં પાંચ ભાગ; તથા ચલન, ધાવન, નિરોધન, સંપ્રસારણ, આકુંચન, એ વાયુના પાંચ ભાગ; તથા કામ, ક્રોધ, લોભ, મોહ, ભય એ આકાશના પાંચ ભાગ; એપ્રમાણે પંચ ભુતોના પચીશ ભાગો મળી જે શરીર પીંજરો છે, તેહેનેજ સ્થૂલદેહ, એટલે જડદેહ એવું કેહેછે.

૧૦૧ પ્ર૦ સ્થૂલદેહમાં રહી, સ્થૂલદેહને જાણિએ છૈએ જે આપણે, તે આપણે સ્થૂલદેહ છૈએ કે સ્થૂલદેહ થકે જુદા છૈએ ?

૧૦૨ ઉ૦ જે જેહેને જાણે છે, તે, તેથકી જુદો હોયછે, એને પ્રમાણ, જેમ ભીતને જાણનારો ભીતથી જુદો, એ ન્યાયેકરી સ્થૂલદેહના અંદર રહી, સ્થૂલદેહને જાણનારા તે આપણે સ્થૂલદેહથી જુદા છૈયે, તે આપણું સાક્ષિત્વ કરનારૂં સ્વરૂપ શરીરમાહેલી પોલાણ જેવું સમજવું.

૧૦૩ પ્ર૦ સૂક્ષ્મદેહ એટલે લિંગદેહ, તે લિંગદેહનું લક્ષણ શું ?

૧૦૪ ઉ૦ સૂક્ષ્મદેહનું લક્ષણ એવું કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પંચ વિષયજ, સૂક્ષ્મ ભુમીના પાંચ ભાગ; અને વાચા ઇંદ્રિય, હસ્ત ઇંદ્રિય, પાદ ઇંદ્રિય, ઉપસ્થ ઇંદ્રિય, ગુદ ઇંદ્રિય, એ પાંચ કર્મેંદ્રિયો, સૂક્ષ્મ જળના પાંચ ભાગ; તથા શ્રોત્ર ઇંદ્રિય, ત્વચા ઇંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, જીહ્વા ઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, એ પાંચ જ્ઞાન ઇંદ્રિયોજ, સૂક્ષ્મ તેજના પાંચ ભાગ; તથા વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ, અપાન, એ પંચ પ્રાણજ સૂક્ષ્મ વાયુના પાંચ ભાગ; તથા અંતઃકરણ, મન, બુદ્ધી, ચિત્ત, અહંકાર, એ અંતઃકરણ પંચકજ, સૂક્ષ્મ આકાશના પાંચ ભાગ; એ પ્રમાણે સૂક્ષ્મ પંચ ભુતોના પચીસ ભાગ મળી, જે સ્થૂલદેહનો લય થયા પછી પણ, અહંકાર રૂપી રેહેનારો સૂક્ષ્મ પંચ ભૂતાત્મક જે સ્વપ્નદેહવત્ દેહ, તેહેનેજ લિંગદેહ, એટલે સ્થૂલદેહના ઉત્પત્તીનું કારણ ચિન્હ, એવું પણ કેહેછે. તથા સૂક્ષ્મ દેહ પણ કેહેછે.

૧૦૫ પ્ર૦ સૂક્ષ્મદેહમાં રહી સૂક્ષ્મદેહને જાણનારા જે આપણે, તે આપણે સૂક્ષ્મદેહ છૈયે, કે સૂક્ષ્મદેહથી જુદા છૈયે ?

૧૦૬ ઉ૦ જે જેહેને જાણેછે તે, તેથકે ભિન્ન હોયછે; એ ન્યાયે કરી પંચવિષય તથા દશેંદ્રિયો, તથા પંચપ્રાણ, અને અંતઃકરણ પંચક, એટલાને જાણનારા આપણે, એ, અંતઃકરણરૂપી લિંગદેહ થકે એટલે સૂક્ષ્મ દેહથી જુદા છૈયે, તે આપણું પોલાણ જેવું તત્વસ્વરૂપ સમજવું.

૧૦૭ પ્ર૦ કારણ દેહનું લક્ષણ શું ?

૧૦૯ ઉ૦ આપણે લિંગદેહથી જુદું તત્વ છૈયે, પણ કેવા લક્ષણે કરી છૈયે, એ આપણું સ્વરૂપ આપણું આપણને સમઝાતું નથી, એવી જે પોતપોતીકાજપર અજ્ઞાનની ભાવના ધરિયે છૈયે, તે અજ્ઞાનની ભાવનાનેજ કારણદેહ એવી સંજ્ઞા છે.

૧૧૯ પ્ર૦ કારણદેહ એટલે અહંવૃત્તી ધરનારૂ સ્વરૂપનું અજ્ઞાન, એ અજ્ઞાન લક્ષણ કારણદેહ થકે, આપણે જુદા છૈયે કિંવા કારણદેહજ આપણે છૈયે ?

૧૧૦ ઉ૦ જે, જેહેને જાણેછે તે, તેથકે જુદો એ ન્યાયે કરી, હું કોણ છું, એ, મને ખબર પડતી નથી એવી જે આપણેજ કલ્પેલી કારણદેહરૂપી કલ્પના તે આપણી કલ્પના આપણને ખબર પડેછે, તેથી, અજ્ઞાન કલ્પનારૂપી કારણદેહથકે, આપણે ભિન્ન છૈયે, તે આપણે પોલાણની અંદર અચલ જે તત્વ અપાર, તેહેના જેવા સત્ય નથી પણ મિથ્યા છૈયે.

૧૧૧ પ્ર૦ મહાકારણદેહનું લક્ષણ શું ?

૧૧૨ ઉ૦ શરીર પીંજરાના માહેલા સૂક્ષ્મ વાયુ તત્વની અંદર જે આપણે જ્ઞાનવાન છૈયે, તે આપણું પ્રાણના પેલી તરફનું સ્વરૂપ મિથ્યા બ્રહ્મરૂપી છતાં પણ, સત્ય પરબ્રહ્મ નિરાકાર, ન હાલનારૂં, તથા ન બદલનારૂં, અચલ તત્વ આપણે છું, એવી જે નિશ્ચયાત્મક મહા અજ્ઞાનરૂપી અહં બ્રહ્મ ભાવના તેહેનેજ મહાકારણ દેહ એવી સંજ્ઞા છે.

૧૧૩ પ્ર૦ અહંબ્રહ્મ એવી જે પ્રાણ વાયુના પેલી તરફની અચંચલ સ્વરૂપની, વૃત્તીયે ધરેલી ભાવના, એ ભાવના-

જ, મહાકારણ દેહ છે. એ મહાકારણ દેહજ આપણે છૈયે, કે એથકે જુદા છૈયે ?

૧૧૪ ઉ૦ જે જેહેને જાણેછે તે, તેથકે જુદો, એ ન્યાયેકરી, હું પરબ્રહ્મ એવી ભાવના આપણે આપણા જ્ઞાન સ્વરૂપેજ કલ્પી, તે ભાવના આપણે જાણિએ છૈએ તેથી, આપણે હું પરબ્રહ્મ નિરાકાર એવી ભાવના રૂપી મહાકારણ દેહના જાણનારા એટલે સાક્ષી, તે મહાકારણ દેહ થકે જુદા નિરાકાર અચલ તત્વ જેવા સત્ય નથી પણ મિથ્યા છૈયે.

૧૧૫ પ્ર૦ હુંજ નિરાકાર પરબ્રહ્મ છું એવી મહાકારણ દેહની ભાવના, અચલ તત્વ નિરાકાર શુદ્ધ પરબ્રહ્મે ધરેલી છે, કે નિરાકાર પરબ્રહ્મ થકે કોઇ જુદો છે તેણે ધરી ?

૧૧૬ ઉ૦ હુંજ નિરાકાર પરબ્રહ્મ છું એટલે બ્રહ્માહમસ્મી, એવી ભાવના શુદ્ધ નિરાકાર અચલ તત્વ પરબ્રહ્મે ધરી નથી. હુંજ બ્રહ્મ, એવી ભાવના મિથ્યા પરબ્રહ્મે એટલે શબલ બ્રહ્મે ધરી.

૧૧૭ પ્ર૦ હુંજ પરબ્રહ્મ એવી ભાવના મિથ્યા બ્રહ્મે એટલે શબલ બ્રહ્મે ધરી, એ કેમ સિદ્ધ થાય છે ? કેમકે મિથ્યા બ્રહ્મ તથા સત્ય બ્રહ્મ એવા બે ભેદ પરબ્રહ્મનેવિશે છેકે શું ?

૧૧૮ ઉ૦ પ્રાણવાયુના આધારે જે જ્ઞાનેકરી હુંજ નિરાકાર પરબ્રહ્મ છું, એવી ભાવના ધરીછે, તેણેજ, જો, શુદ્ધ નિરાકાર અચલ તત્વ, સ્ફુરણરહિત પરબ્રહ્મજ, એક અચલ સઘન અસ્તિત્વ જે, તે અસ્તિત્વના ઠેકાણે બીજું, હું બ્રહ્મ એ ભાવનાનું અસ્તિત્વ કેમ થયું એવું જોઇયે તો, હું બ્રહ્મ

એ ભાવના, તથા ભાવના ધરનારો, એ બેહુનો પણ લય થ-
શે, કેમકે, એક ઠેકાણે બે રેહેતા નથી એ ન્યાયેકરી અચલ
અસ્તિત્વ સર્વ ઠેકાણે જેમનું તેમ છતાં તેજ ઠેકાણે. હું બ્રહ્મ
એ ભાવનારૂપી મહાકારણદેહના અસ્તિત્વનું અંગ કેમ અ-
સ્તિત્વ પાંમ્યુ એવિચારમાં હું પરબ્રહ્મ એવી ભાવના ધરનારો
હું પરબ્રહ્મ એ ભાવના સહિત મિથ્યા થાયછે. અને ખો
વાઇ જાયછે. એથી એવો સિદ્ધાંત થાયછે કે, અંને જો
અહંબ્રહ્મ ભાવના ધરનારો મિથ્યા થાયછે તો, તે અહંબ્રહ્મ
ભાવના ધરનારાનું આદ્ય સ્વરૂપપણ મિથ્યાજ છે અને મિ-
થ્યા એટલે શબ્દલ છે, દૃષ્ટાંત, ઘટનો ચૂર્ણ ભાવ કરી જોતાં
અંતે મૃત્તિકા છે તો, ઘટની આદી પણ મૃત્તિકાજ છે, તેજ
પ્રમાણે અહંબ્રહ્મ ભાવના ધરનારો પોતે પોતાને જોવા લા-
ગ્યાથી અંતે મિથ્યા થાયછે તો, તે અહંબ્રહ્મ ભાવના ધરના-
રો અહંબ્રહ્મ એ ભાવના ધરવાના પેહેલાંપણ મિથ્યા છે, સા-
રાંશ જે પદાર્થોની અંતની સ્થિતી હોયછે, તેજ, તે પદાર્થોની
આદિ સ્થિતી હોયછે, એ ન્યાયે કરી, હુંજ પરબ્રહ્મ છું, એવી
ભાવનાની, તથા ભાવના ધરનારા જ્ઞાનની, અંતેની સ્થિતી
મિથ્યા થઇ ખોવાઇ જાયછે તો, તે અહંબ્રહ્મ ભાવના ધર-
નારાની, આદ્ય સ્થિતીપણ મિથ્યા છે, એવું ન્યાયે કરી સ-
મજવુંજ જોઇયે, અને જેમ ઘટનો આકાર ચૂર્ણ કરવા પછી
મૃત્તિકાનો ભાવ રેહેછે તેમજ ઘટ થવાના પેહેલાનોપણ ઘટ-
નો મૃત્તિકા રૂપ ભાવ છે તેથીજ ઘટ છતાં પણ ઘટ સર્વાંગે
કરી મૃત્તિકાજછે, પણ વ્યવહાર મૃત્તિકા મૃત્તિકા કહીને ચા-
લતો નથી, પણ આ ગોળો, આ માટલું, આ ઘડો, ઇત્યાદિ
નામે કરી, વ્યવહાર ચાલે છે, તેમજ, હુંજ પરબ્રહ્મ છું એવી

ભાવના ધરનારો એક અચલ નિરાકાર તત્વના અસ્તિત્વમાં
વિચાર દૃષ્ટીયે અંતે મિથ્યા થાયછે તો, તે પેહેલાંથી પણ
મિથ્યાછે, તથા દેહચતુષ્ટય સહિત સ્થિતીયે છતાં મધ્યેપણ
મિથ્યાછે પણ વ્યવહાર મિથ્યાપણાના લક્ષણે કરી ચાલતો
નથી, વ્યવહાર તો, ચારે દેહજ હું છું એવા લક્ષણે કરી ચાલે
છે, એવા એ સર્વ ન્યાયે કરી, હું પરબ્રહ્મ એવી ભાવના ધર-
નારો. હું પરબ્રહ્મ છું એવી ભાવના ધરવાના પેહેલાં, તથા મ-
ધ્યે, તથા અંતે, મિથ્યા બ્રહ્મ છે, એટલે શબ્દલ બ્રહ્મ છે,
અને સત્ય જે શુદ્ધ નિરાકાર પરબ્રહ્મ છે, તે અહંબ્રહ્મ એ
ભાવના ધરતોજ નથી, હવે હું બ્રહ્મ એવી ભાવના ધરનારૂં
મિથ્યાબ્રહ્મ એટલે શબ્દલ બ્રહ્મ છે, એ બોધે કરી, એક શુ-
દ્ધ નિરાકાર પરબ્રહ્મ છે એતો હું બ્રહ્મ એવી ભાવના ધરતો-
જ નથી પણ શંકા ઉઠેછે કે જેમ શુદ્ધ બ્રહ્મ ભાવના રહિત
છે, તેમજ, હું બ્રહ્મ એ ભાવના ધરનારો મિથ્યા બ્રહ્મપણ
બીજો કોઇ છે, તેસારૂ, એક સત્ય પરબ્રહ્મ, તથા એક મિ-
થ્યા પરબ્રહ્મ, એવા બે સ્વરૂપો એકજ ઠેકાણે બે અસ્તિત્વે
કરીછે એવી શંકા ઉઠેછે પણ તે શંકા એવા ન્યાયે કરી વ્ય-
ર્થ થાયછે કે, વંધ્યાસુત હતો હો વંધ્યાસુત હતો, અથવા વં-
ધ્યાસુત છે રે વંધ્યાસુત છે, એ પ્રકારની વાતો કરિયે તોએ
પણ, વંધ્યા માતા કલ્પશે, તે વંધ્યાસુતનો અભાવજ છે એ-
વું જાણશે, તેજપ્રમાણે હું બ્રહ્મ છું એવી ભાવના ધરનારો
મિથ્યા બ્રહ્મ છે હો, હું બ્રહ્મ ભાવના ધરનારો મિથ્યા બ્રહ્મ
છે, એવી વિચારોની વાતો થવાથી, ચતુર હશે તે મિથ્યા બ્ર-
હ્મ એ શબ્દે કરી સમજશે કે, હું બ્રહ્મ એ ભાવના ધરનારો
મિથ્યા બ્રહ્મ છે, એટલે મિથ્યા શબ્દે કરી હું બ્રહ્મ ભાવના

ધરનારો, તથા હું બ્રહ્મ ભાવના, નથીજ નથી, એવું સિદ્ધ કરશે, અને એજ ન્યાયે કરી બ્રહ્માહમસ્મી, એટલે હું બ્રહ્મ એવી ભાવના ધરનારૂં મિથ્યા બ્રહ્મછે એવું જાણશે, અને મિથ્યા બ્રહ્મ એટલે સત્યત્વે કરી હું બ્રહ્મ ભાવના ધરનારો વસ્તુ, મુદ્દલજ નથી, એવું સિદ્ધ કરશે, અને નિરાકાર સત્ય પરબ્રહ્મ એક અચલ તત્વ સર્વત્ર છે, તેજ આપણું સ્વસ્વરૂપ છે, એટલે શરીર પ્રાણનામાહેલા જ્ઞાનનાં પેહેલાનું નિજરૂપ અસ્તિત્વ છે, એવું જાણશે અને સ્વસ્થ રેહેશે, તથા સ્વસ્થ રેહેશે એટલે નિરાકાર સ્વસ્વરૂપમાં સ્થિત રેહેશે.

૧૧૯ પ્ર૦ પંચ કોશ કયા ?

૧૨૦ ઉ૦ અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ, આનંદમય કોશ, એવા એ પાંચ કોશ છે.

૧૨૧ પ્ર૦ અન્નમય કોશનું લક્ષણ શું ?

૧૨૨ ઉ૦ કોશના આકૃતી જેવો, જે પાંચ ભૂતોના પચીશ વિભાગેકરી સ્થૂલદેહ વરણ્યો છે, તે સ્થૂલદેહનુંજ નામ અન્નમય કોશ છે, એ અન્નમય કોશને જાણનારો જે આત્મા, તે, આ અન્નમય કોશમાંજ રેહેછે, પણ તે અન્નમય કોશ નથી, અને આ સ્થુલદેહને અન્નમય કોસ કેહેવાનું કારણ એવું કે, એની અન્ન થકે ઉત્પત્તી, તથા કોથળીમાં પદાર્થ મુકવા, તે પ્રમાણે જે અન્ન મુકેલું હોય છે તે અન્ન થકે વૃદ્ધી, તથા અન્નમય જે સર્વ ભૂમી, તેમાંજ એનો લય, તથા વ્યાઘ્રાદિક પશુ પક્ષીઓનું અન્નમય કોશ એ ભક્ષણીય અન્ન છે, ઇત્યાદિ કારણો ઉપરથી, આ સ્થુલદેહને અન્નમય કોશ એવું નાંમ છે, એને

જાણનારો આત્મા, આ અન્નમય કોશ થકે જુદો છે.

૧૨૩ પ્ર૦ પ્રાણમય કોશનું લક્ષણ શું ?

૧૨૪ ઉ૦ જેહેના યોગથી અન્ન પચન થાય છે, તથા શ્વાસોચ્છ્વસન ચાલે છે, તથા સર્વ શરીરમાં રસો ફરેછે તથા ચલનવલનાદિક ક્રિયાઓ થાય છે, એવા, તે શરીરસ્થ વાયૂનેજ પ્રાણમય કોશ એવું નામ છે, એ પ્રાણમય કોશના મુખ્ય પાંચ ભેદ છે, તેહેનેજ પંચ પ્રાણ કેહેછે, તે એવાકે, સર્વ શરીરમાં વ્યાપક વાયુ રેહેછે, તે વ્યાન વાયૂ, તથા નાભિસ્થાને રેહેછે તે સમાન વાયૂ, તથા કંઠસ્થાને રેહેછે તે ઉદાન વાયૂ, તથા છાતીમાં રેહેછે તે પ્રાણ વાયૂ, તથા ગુદસ્થાને રેહેછે તે અપાન વાયૂ, તથા એ પંચ પ્રાણ વાયૂના અંગભુત બીજા પાંચ પ્રકારના ભેદો છે, તેહેનેજ પંચ ઉપ પ્રાણ કેહેછે, તેહેનાં નામો એવાં કે, નાગ વાયૂ, કુર્મ વાયૂ, કૃકલવાયૂ, દેવદત્ત વાયૂ, ધનંજય વાયૂ, એ અત્યંત સૂક્ષ્મ છે, એ ઉપ પ્રાણના યોગેકરી, છીંક, તથા હેડકી, તથા બગાસું, તથા ઓટકાર, તથા શરીરને આળસથી મરડવું, એ ક્રિયાઓ થાયછે, એ પ્રમાણે દશ પ્રકારનો જે શરીરસ્થ વાયૂ કહ્યો, એ શરીરસ્થ વાયૂનેજ પ્રાણમય કોશ એ નાંમ છે, એ પ્રાણમય કોશ, સર્વકાળ સુષુમ્ના નાડીમાં રેહેછે, એટલે અન્નમય કોશરૂપ જે સ્થૂલદેહ, તે સ્થૂલદેહનામાએલી જે સર્વ પોલાણ (જગો,) તે પોલી જગાનેજ સુષુમ્ના એવું નામ છે, તે સુષુમ્નામાં રેહેછે, અને તેહેના શરીરની બાહેરના પોલાણમાએલા પરમાણુ સાથે ક્રયવિક્રય પ્રમાણે વ્યાપાર નાકના છિદ્રનીરાહે તથા મોના છિદ્રનીરાહે ચાલેછે તેમાં, જે વખત નાકના ડાબા છિદ્રની-

રાહે એટલે ઈડા નાડીની રાહે પ્રાણમયનો અતિશય વ્યાપાર ચાલે છે તે વખત, મનોવૃત્તી નિસ્તેજ તથા અશક્ત તથા આળસુ તથા મંદવિચારી, એવી હોય છે, તથા જે વખત નાકના જમણા છિદ્રનીરાહે એટલે પિંગલા નાડીનીરાહે પ્રાણમયનો ઘણો વ્યાપાર ચાલેછે તે વખત, મનની, વૃત્તી, સતેજ, તથા સશક્ત, તથા ચપલ, તથા વિચારશીલ, તથા સર્વ બોલવા ચાલવાના કામમાં પરાક્રમી, એવી હોય છે, તથા આ પ્રાણમય કોશમાં જે જ્ઞાન છે, તેના આકર્ષણમાં, આ પ્રાણમય કોશ છે, એ પ્રાણમય કોશને, જ્ઞાનરૂપ આત્મા જાણે છે, તે આત્મા, આ પ્રાણમય કોશ થકે જુદો છે.

૧૨૫ પ્ર૦ મનોમય કોશનું લક્ષણ શું?

૧૨૬ ઉ૦ મનોમય કોશનું લક્ષણ એજ કે, આકાશ રૂપી અંતઃકરણ પંચકેકરી, પ્રાણમય કોશના આધારથી, કાનનાં માર્ગે સાંભળવું, તથા ત્વચાના માર્ગે સ્પર્શ ઓળખવો, તથા આંખની રાહે જોવું, તથા હાથેકરી દેવું લેવું, તથા પગેકરી જાવું આવવું, તથા ઉપસ્થનીરાહે મૂત્ર ત્યાગ કરવો, તથા ગુદનીરાહે મલ ત્યાગ કરવો તથા આંખોની માહેલા અંગ ઉપર, મસ્તક માહેલી પોલાણમાં સૂક્ષ્મ પ્રાણાદિક પદાર્થો છે તે પદાર્થોની મનોમય આકૃતી કલ્પિત બનાવી, મનોમયજ જોવી, તથા તેમાં શેહેરો, તથા નગરો, તથા જંગલો, અને મનુષ્યાદિક સર્વ જીવોનો સમુદાય, તથા સમુદ્ર, પર્વત, વગેરે સર્વ કલ્પિત આકૃતી બનાવી, અંતરનું અંતરમાંજ, જોવું, તથા રામકૃષ્ણાદિક અવતારી પુરૂષોની પ્રતિમાઓ, આંખેકરી જોઈને, તે પ્રમાણેજ, આંખોના માહેલાભાગના, સૂક્ષ્મ પદાર્થોની, કલ્પીત

તેજોમય આકૃતીઓ, મનોમય ઉજીઓ કરીને, પ્રેમથી ધ્યાન કરવું, અથવા નીલ, પીત, શ્વેત, આરક્ત, ઈત્યાદિ રંગોના, તેજોમય, ગોલપિંડ કલ્પી, મનેકરી, તેઓનુંજ ધ્યાન કરવું, અને મનસ્થીર કરવું, તથા હોઠ અને જીભ ન હલાવતાં, પ્રાણમય કોશરૂપ વાયૂને, શરીરના માહેલી પોલાણમાં, પોતાની ઇછાએકરી, આકર્ષણ પ્રેરણ કરવા પ્રમાણે ચલિતકરી, મનમાંને મનમાં, પોત પોતાને ઠેકાણે, મનોમય બોલવું, તથા શરીરનીમાંહેલા સૂક્ષ્મ પદાર્થોના સંયોગેકરી, જ્ઞાનમાંથી ઉદ્‌ભૂત થએલી સ્વપ્ન સૃષ્ટિ ધારણકરી, તેહેનાં આધારે સુખ દુઃખ ભોગ ભોગવવા, અથવા યોગ સાધનોયેકરી, દૂરનું મનોમય જોવું, તથા દૂરનું મનેકરી સાંભળવું, તથા મનોમય અવતારી પુરૂષોનાં ધ્યાંન યોગની એકાગ્રતાથી, ભૂત એટલે પાછળ થયેલું તથા ભવિષ્ય એટલે આગળ થનારૂં તે, તથા વર્તમાન એટલે પ્રસ્તુત થાયછે તે, ઈત્યાદિ જાણવું, ઈત્યાદિ સર્વ ક્રિયાઓ કરવી, તથા જાણવી, એજ મનોમય કોશનું લક્ષણ છે, તથા એ મનોમય કોશનેજ, અંતઃકરણ, તથા મન, તથા બુદ્ધી, તથા ચિત્ત, અને અહંકાર, એવાં ક્રિયાઉપરથી પાંચ નામો છે, તથા આ મનોમય કોશનું રૂપ, શરીરની અંદર તથા બાહેર જે એક અનંત અપાર પોલાંણ છે તે પોલાણ જેવું છતાં, મનોમય કોશેકરી, હું પૃથ્વીરૂપી શરીર પીંજરો છું એવો ભાવ ધરેલો છે, એજ મનોમય કોશમાં વિપરીત જ્ઞાન છે, એ સારૂં, જો મનોમય કોશ એવી ભાવના ધારણ કરશે કે, હું શરીર પિંજરારૂપી અન્નમય કોશની અંદર, તથા પ્રાણમય કોશની અંદર, જે એક સ્થીર પોલાણ છે, તે પોલાણજ

મારૂં સ્વરૂપ છે, તો આ દૃઢ ભાવનાની ધારણાએકરી, મ-
નોમય કોશ સ્થીર રેહેશે, એ પ્રમાણે, ચંચલ તથા સ્થીર
સ્થિતીમાં રેહેનારા મનોમય કોશને, જે જ્ઞાન રૂપ આત્મા
જાણે છે, તે હું આત્મા મનોમય કોશ થકે જુદો છું, એ-
વું એ મનોમય કોશનું લક્ષણ છે.

૧૨૭ પ્ર૦ વિજ્ઞાનમય કોશનું લક્ષણ શું.

૧૨૮ ઉ૦ વિજ્ઞાનમય કોશનું લક્ષણ એવું કે, શરીર
પિંજરાની અંદર જે પ્રાણ વાયૂ છે તે પ્રાણ વાયૂને, જે
સ્વરૂપથી ચલિતકરી, હું હું, એવી કલ્પના, હોંઠ તથા જી-
ભ ન હલાવતાં, શરીરમાંહેલી પોલાણમાં આપણેકરીયે છૈયે,
તે આપણું નિજસ્વરૂપ, પ્રાણ વાયુના પેહેલાની જે પોલા-
ણ, તેજ પોલાણ આપણું સ્વરૂપ છે, તે પોલાણની અંદર
જે નિરાકાર, તથા અચંચલ સ્થિતી છે, તેજ નિરાકાર સ્વ-
રૂપ હું છું, એવો જે જ્ઞાનનો ધારણા યુક્ત નિશ્ચય, તે
નિશ્ચયાત્મક આત્મજ્ઞાનની વૃત્તીનેજ, વિજ્ઞાનમય કોશ એ
નામ છે, તથા એવા તે વિજ્ઞાનમય કોશને જાણનારો હું
જે આત્મા છું, તે હું આત્મા વિજ્ઞાનમય કોશ થકે જુદો
છું, એવા પ્રકારનું વિજ્ઞાનમય કોશનું લક્ષણ છે.

૧૨૯ પ્ર૦ આનંદમય કોશનું લક્ષણ શું?

૧૩૦ ઉ૦ આનંદમય કોશનું લક્ષણ એવું કે, ભર
ઊંઘમાં પદાર્થોનું ચિંતન નથી, તેથી આનંદ એટલે સુખ
હોય છે, તે પ્રમાણેજ, ચારે કોશોને જે જાણનારો એટલે
સાક્ષી આત્મા છે, તે ચારે કોશો થકે જુદો છે, તે-
હેને પદાર્થોનું સાક્ષિત્વ છે, પણ ચિંતન નથી, એથી
તેહેની ઊંઘના ચિંતન રહિત લક્ષણેકરી આનંદ સ્થિતી છે,

તે આનંદ સ્થિતીનુંજ નામ આનંદમય કોશ છે, તે આનંદને
એટલે આનંદમય કોશને જાણનારો હું આત્મા છું, તે હું,
તે આનંદમય કોશ થકે "ઘટદૃષ્ટા ઘટાત્ભિન્નઃ" એ ન્યાયે-
કરી જુદો છું, એવા પ્રકારનું આનંદમય કોશનું લક્ષણ છે.

૧૩૧ પ્ર૦ પોલાણની અંદર, શુદ્ધ નિરાકાર પરમાત્માનું
સ્વરૂપ ભરપૂર છે તે નિરાકાર પરમેશ્વર સ્વરૂપને પાંચ કો-
શની ખબર પડેછે કે નહીં? તથા પાંચ કોશાતીત શુદ્ધ નિ-
રાકાર પરમાત્માનું લક્ષણ શું?

૧૩૨ ઉ૦ પોલાણની અંદર શુદ્ધ નિરાકાર અચલ ત-
ત્વ જે સર્વનું એક પરમાત્મ સ્વરૂપ છે તેહેને મિથ્યા કલ્પના
રૂપી પંચકોશોનું ભાનજ નથી, તેનું કારણ એજ કે, શરીર-
ની અંદર આપણે કોણ છૈયે એવું જોવા લાગ્યા તો આ-
પણે મિથ્યા છૈયે એટલે આપણે મુળજ નથી એવું થાયછે,
તે સારૂ તે આપણા મિથ્યા સ્વરૂપે કરીજ પાંચકોશ કલ્પેલાંછે
તથા તેજ કલ્પનારો, તે પાંચ કોશોને જાણેછે, એસારૂ,
તેણે પોતપોતાને નિરાકાર તત્વના એક અસ્તિત્વમાં બીજ-
પણાથી આપણે એક અસ્તિત્વ ધારી છૈયે, એ ભાવ હોવોજ
નથી, તે સારૂ આપણે મિથ્યા છૈયે એવું તેણે જાણી, પાં-
ચકોશોમાં વ્યવહારવું, પણ પાંચકોશોના સર્વ વ્યવહાર
મિથ્યાછે એવું સમજવું, અને પંચકોશોના સાક્ષી આત્મામાં,
આપણું નિરાકાર સ્વરૂપ ભરેલું છે એવું જ્ઞાનનું પ્રેમ માત્ર
જોઈયે, અને પોતપોતાના સાક્ષી આત્મ સ્વરૂપના પેહેલાના
શુદ્ધ નિરાકાર સ્વરૂપમાં પંચકોશ સમઝાતા નથી એટલે પાં-
ચકોશોનું સાક્ષીત્વ નિરાકારને વિશે મુળમાંજ નથી, એવું
પંચકોશાતીત નિરાકાર પરમેશ્વરનું લક્ષણ છે.

૧૩૩ પ્ર૦ ત્રણ ગુણ કયા ?

૧૩૪ ઉ૦ સત્વગુણ, રજોગુણ, તમોગુણ, એ ત્રણ ગુણ છે.

૧૩૫ પ્ર૦ એ ત્રણ ગુણ અચલ નિરાકાર પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર તત્વના છે કિંવા પ્રકૃતિ પુરૂષાત્મક જ્ઞાનના એટલે હું બ્રહ્મ એવી ભાવના ધરનારા જ્ઞાનના છે ?

૧૩૬ ઉ૦ સત્વ, રજ, તમ, એ ત્રણ ગુણ હું બ્રહ્મ છું એવી ભાવના ધરનારા શરીરની અંદર પ્રકૃતિ પુરૂષાત્મક જે જ્ઞાન છે તે જ્ઞાનના છે, અને શુદ્ધ નિરાકાર પરમાત્માને એ ત્રણે ગુણોનો સ્પર્શ મૂળેજ નથી, તેથી પરમાત્મા નિર્ગુણ છે એવું કેહેછે, તથા ત્રણ ગુણ એટલે પ્રકૃતિ પુરૂષાત્મક જ્ઞાનના ત્રણ સ્વભાવ છે.

૧૩૭ પ્ર૦ ત્રણ ગુણોનાં લક્ષણો કયાં ?

૧૩૮ ઉ૦ સત્વગુણનું પ્રકાશમય વિચારયુક્ત જ્ઞાન, વૃત્તીને હોવું એ લક્ષણ છે, તથા રજોગુણનું વિષયલોભ વૃત્તીમાં હોવું એજ લક્ષણ છે, તથા તમોગુણનું અજ્ઞાન તથા ઉન્મત્તપણું વૃત્તીમાં હોવું, એજ લક્ષણ છે, એવાં એ ત્રણ ગુણોના ત્રણ લક્ષણો છે.

૧૩૯ પ્ર૦ ત્રણ ગુણોની અવસ્થાઓ કેટલીઓ છે ?

૧૪૦ ઉ૦ ત્રણ ગુણોની અવસ્થા ચાર છે.

૧૪૧ પ્ર૦ ચાર અવસ્થાના નામો કયાં, તથા મુખ્ય જે ચાર અવસ્થા, એવિના બીજી અવસ્થાઓ છે કે શું ?

૧૪૨ ઉ૦ જાગૃદવસ્થા, સ્વપ્નાવસ્થા, સૂષુપ્તી અવસ્થા, તુરીયા અવસ્થા, એ ચાર અવસ્થાનાં નામો છે, તથા તુરીયા અવસ્થાની પરીપકવ દશાનેજ ઉન્મની અવસ્થા એવું નામછે.

તથા આનંદ અવસ્થા એવુંપણ નામછે, પણ મુખ્ય અવસ્થાઓ ચારજ છે.

૧૪૩ પ્ર૦ જાગૃત અવસ્થાનું લક્ષણ શું, તથા જાગૃત અવસ્થા કયા ગુણની છે.

૧૪૪ ઉ૦ આપણા જ્ઞાનેકરી, વાચા, હાથ, પગ, ઉપસ્થ, ગુદ, એ પાંચ કર્મેંદ્રિયોએ કરી ક્રિયાઓ કરવી, તથા શ્રોત્ર, ત્વચા, નેત્ર, જીવ્હા, ઘ્રાણ, એ પાંચ જ્ઞાનેંદ્રિયદ્વારોએ કરી, પંચભૂતાત્મક, પાંચ વિષયરૂપી જગતને જાણવું, તથા શરીરની માએલા પંચપ્રાણ વાયુને, જ્ઞાનની આકર્ષણ શક્તીયે ચલિત કરી મનોમય વિચાર કરવો, તથા શરીરમાએલા સૂક્ષ્મ પ્રાણના આધારે કરી, શરીરસ્થ સૂક્ષ્મ વાયુતત્વની મનોમય અનેક કલ્પનારૂપ આકૃતીઓ કલ્પી સુખ દુઃખ માનવું, તથા જ્ઞાનશક્તીના આકર્ષણે કરી, સર્વ શરીરમાં, નાસાભ્યંતર ચારી વાયુ ભરી, શરીર પીંજરો તોલી રાખવો, તથા અનેક પ્રકારની વ્યાવહારિક યુક્તીઓ અભ્યાસવી, તથા નિરાકાર પરમેશ્વરની પ્રીતી એટલે ભક્તી સર્વકાળ મનમાં ધરવી, ઇત્યાદી, એ સર્વ લક્ષણો, જાગૃત અવસ્થાના છે, અને એ જાગૃત અવસ્થા મુખ્યત્વે કરી રજોગુણની એટલે જ્ઞાનના મધ્યમ સ્વભાવનીછે, તથા એના અંતરગત સર્વ ગુણોછે, પણ એ જાગૃત અવસ્થાનો મુખ્ય રજો ગુણછે.

૧૪૫ પ્ર૦. સ્વપ્નાવસ્થાનું લક્ષણ શું, તથા સ્વપ્નાવસ્થા કયા ગુણની છે.

૧૪૬ ઉ૦ આપણા જ્ઞાનને જગતની ખબર પડે છે, એથી તે જ્ઞાનમાં સંપૂર્ણ જગદાકાર, બીજમાં અનુદ્ભૂત વૃક્ષ, તેમ વિસ્મૃતીના પડદામાં રેહેછે, અને તે જ્ઞાન જાગૃત અવસ્થા

થઈરહ્યા પછી, ઊંઘની અવસ્થામાં રેહેછે, એટલે વિસ્મૃતીની અવસ્થામાં રેહેછે, પછી જેમ બીજને, ઉદક, મૃત્તિકા, વાયુ, એઓનો સંયોગ થવાથી, બીજમાંથી, વૃક્ષ ઉદ્‌ભૂત થાયછે, તે પ્રમાણેજ, નિદ્રામાએલા જ્ઞાનમાં, જેમ, બીજમાં વૃક્ષ, તેઓ જગતનો આકાર હોય છે, તેજ, શરીરનામાએલી પોલાણમાં, જે સુક્ષ્મ પદાર્થો છે, તે પદાર્થોના સંયોગેકરી, શરીરમાંએલા પોલાણમાં પેદા થઈ, જ્ઞાનને, જાગૃત અવસ્થા જેવાન, તે ઠેકાણે સુખ દુઃખ ભોગ ભોગવવા પડેછે, તે અવસ્થાનેજ સ્વપ્નાવસ્થા નામ છે, તથા જાગૃત અવસ્થામાં, જેટલા શરીરના, એકલા મને કરી, ફેરફાર થાયછે, તેટલાજ, સ્વપ્નાવસ્થાના જે વખત જ્ઞાનને ભોગ હોયછે. તે વખત, જાગૃત અવસ્થાના સ્થૂલદેહ ઉપર; સ્વપ્નમાએલા જ્ઞાનના વ્યાપાર વીર્ય પતન વગેરે અનુભવમાં આવેછે, એવા, એ સ્વપ્નઅવસ્થાનો મુખ્યત્વેકરી સત્વગુણ છે, પણ અંતરગત બીજા સર્વ ગુણો છે, તથા જે જ્ઞાનને જાગૃત અવસ્થાનો ભોગ છે, તેજ જ્ઞાનને સ્વપ્નાવસ્થાનો ભોગ છે, એજ સ્વપ્નાવસ્થાનું લક્ષણ છે, અને એ સ્વપ્નાવસ્થાનો મુખ્ય સત્વગુણ છે એટલે જ્ઞાનનો ઉત્તમ સ્વભાવ છે.

૧૪૭ પ્ર૦ સુષુપ્તી અવસ્થાનું લક્ષણ શું, તથા એ સુષુપ્તી અવસ્થા કયા ગુણની છે.

૧૪૮ ઉ૦ પોતીકા જ્ઞાનની વિસ્મૃતીમાં, બીજમાં વૃક્ષ, તેમ, જગતનો, આકાર રેહેછે અને પંચવિષયરૂપ જગતનો તથા આપણા શરીર પિંજરાનો, જ્ઞાનને વિસાર પડે છે, તથા મનમાં સંકલ્પ કરવા બંદ થાયછે એથી શ્વાસ વાયુ સાફ તથા લાંબો તથા સરળ ચાલે છે, તથા ઇંદ્રિઓ અચેતન

પડેછે, અને અન્નોદક થકે સર્વ શરીરનું યથાસ્થિત પોષણ થાયછે, એવી તે ઊંઘની અવસ્થાનેજ સુષુપ્તી અવસ્થા એ નામ છે, તથા નિદ્રા એવું પણ નામ છે, તથા એ અવસ્થાનો મુખ્ય તમો ગુણ છે એટલે શરીરસ્થ જ્ઞાનનો વિસ્મૃતી રૂપ કનિષ્ઠ સ્વભાવ છે.

૧૪૯ પ્ર૦ તુરીઆ અવસ્થાનું લક્ષણ શું, તથા તે અવસ્થા કયા ગુણની છે ?

૧૫૦ ઉ૦ આપણા જ્ઞાનેકરી, શરીરસ્થ વાયૂને, શરીર પીંજરા માએલી પોલાણમાં ધરી, તથા શરીર પીંજરાનો સાક્ષિત્વ ભાવ છોડી, તથા જગતનો સાક્ષિત્વ ભાવ છોડી, તથા સંકલ્પ વિકલ્પ કરવા છોડી, જ્ઞાનેકરી એક પંચપ્રાણરૂપી શુધ્ધ વાયુના આધારે, આપણે અનંતઅપાર જે એક પોલાણ તે પોલાણની અંદર, જે અચંચલ નિરાકાર તત્વ, તે નિરાકાર તત્વજ આપણે છૈયે, એવો અનુભવ લેતાં છતાં, શરીરનામાએલી પોલાણમાં, પ્રાણવાયુસુધ્ધાં સ્થીર રેહેવું, તેજ મોઢા-બાહેરની પોલાણમાં સ્થીર રેહેવું સિધ્ધ થયું, કેમકે શરીરપીંજરાની અંદર બાહેર પોલાણ એક છે, એપ્રમાણે જ્ઞાનેકરી સ્થીર રેહેવું, તથા શરીરસહીત સર્વ જગત તે આપણા સ્વરૂપનાવિશે અંધારાને, પ્રકાશે જોવા તથા જાણવા પ્રમાણે, જાણવું, એટલે જગત નથીજ એવું અનુભવવું તથા આપણા વગર બીજુકાંઈજ નથી, એથી ભય તથા ઈછા રહીત થઈ અતીશે સુખી થાવું, એવી જ્ઞાનની અવસ્થાને તુરીયા અવસ્થા એટલે ઉત્તમ અવસ્થા એ નામ છે, અને એ અવસ્થાનો શુધ્ધ સત્વગુણ છે એટલે જ્ઞાનનો અત્યુત્તમ સ્વભાવ છે, એ-

ટલે જે સત્વગુણરૂપ જ્ઞાનમાં રજોગુણ તથા તમોગુણ એનો અશુદ્ધ મેલ નથી, તેજ સત્વગુણને રજતમના મલથકે શુદ્ધ થયો તેથી શુદ્ધ સત્વગુણ એવું નામ છે, તથા શુદ્ધ સત્વગુણ એટલે જ્ઞાનનો અત્યુત્તમ સ્વભાવ છે, એવી એ તુરીયા અવસ્થા સર્વ અવસ્થાનું મુળ છે એનું લક્ષણ હુંજ નિરાકાર તત્વ છું એવી ભાવનાનું છે, તથા એ તુરીયા અવસ્થામાં જ્ઞાનને એવો અનુભવ હોય છે કે, અનંતઅપાર પોલાણ જેટલું મારૂં નતુટનારૂં, તથા નબળનારૂં, તથા નહલનારૂં, તથા નબ્દલનારૂં, તથા સર્વકાળ રેહેનારૂં તથા પરમાણુ કિંવા ગોલોમાં છતાં તેહેનાં ધક્કામાં એટલે આચકામાં નબળનારૂં, એવડું મારૂં એક સ્વરૂપ છે, એ તુરીયા અવસ્થાનું લક્ષણ છે, એ અવસ્થાને જાણનારૂં જે જ્ઞાન, તેજ જાગૃત સ્વપ્ન સુષુપ્તી એ અવસ્થાઓને જાણનારૂં જ્ઞાન છે, તથા સર્વ અવસ્થા એકજ જ્ઞાનને ભોગવવી પડેછે, તેહેમાં આ તુરીયા અવસ્થા ઘણી ઉત્તમ છે, પણ એ અવસ્થા થકે છુટવું જોઈયે.

૧૫૧ પ્ર૦ શુદ્ધ નિરાકાર પોતપોતાના સ્વસ્વરૂપ પરમાત્માને ચાર અવસ્થા છે કે નથી ?

૧૫૨ ઉ૦ નિરાકાર તથા અચલ, તથા ભેદાભેદરહિત તથા જેહેના પરમાણું થતા નથી એવો જે, અનંતઅપાર પોલાણની અંદર શાંત, એક, તથા સ્વપ્રકાશતત્વ પરમાત્મા, એટલે સર્વનું હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું સર્વનું એક સ્વરૂપ ભરેલું છે, તેહેના એકાએક જ્ઞાનમય અસ્તિત્વમાં પોલાણસુદ્ધાં જગતનું, તથા ચાર અવસ્થા જે જ્ઞાનને છે તે જ્ઞાનનું, અસ્તિત્વજ નથી, તેથી નિરાકારને ચાર અવસ્થા નથી, તથા નિરાકાર સર્વ જગે ભરેલો છે તેસારૂ તેહેને દ્વૈતનું ભાનજ ન-

થી, કેમકે, જે જેહેને જાણે છે, તે તેથકે જુદો હોયછે, તથા જે પદાર્થને જે જાણે છે, તે તે પદાર્થની જગાઉપર નથી હોતો, એ ન્યાયેકરી નિરાકાર પરમાત્મા ફલાણા ઠેકાણે નથી એવું મુળેજ નથી, તેથી બીજી તેથકે જુદી ખાલી જગોજ નથી, એથી તેહેને બીજી જગા ઉપર કાંઈ છે એવું ભાસવું, તે ભાસવુંજ નથી, નિરાકાર પરમેશ્વર પોતીકા જ્ઞાનેકરી પોતપોતીકા સ્વસ્વરૂપ સુખમાં પરિપૂર્ણ છે, તેહેને અવસ્થા નથી.

૧૫૩ પ્ર૦ ઈશ્વર સમષ્ટી છે, તથા જીવો વ્યષ્ટી છે, એવું કેહેછે એનો અભિપ્રાય શું ?

૧૫૪ ઉ૦ પોલાણની અંદર જે ભુગોલ, તથા સૂર્યગોલ, ઈત્યાદિ અનંતબ્રહ્માંડો એટલે અનંત ગોલો છે, તથા અનંત પરમાણું છે, તે સર્વ ગોલોને, તથા સર્વ પરમાણુંને, તથા પરમાણુજન્ય સર્વ જીવોના શરીરોને, જે એક આકર્ષણ શક્તીયે ઉત્પન્ન કરનારો, તથા ધરનારો તથા ચલનવલનાદિક ક્રિયાઓપણ જેમમાં રાખનારો, તે એક છે, તેહેનેજ વ્યાપક, તથા ઈશ એટલે ધણી, અથવા ઈશ્વર એટલે શ્રેષ્ઠ ધણી, ઈત્યાદિ નામો છે, અને જીવોના શરીરરૂપ પરમાણુસુદ્ધાં સંપૂર્ણ ગોલોને, તથા સંપૂર્ણ પરમાણુને, એક આકર્ષણશક્તીમાં તે ધરી રાખે છે, એથી સંપૂર્ણ પરમાણુ, તથા સંપૂર્ણ પરમાણુજન્ય ગોલ, તથા સંપૂર્ણ જીવોનાં શરીરો, ઈત્યાદિ સર્વનો આકર્ષણ શક્તીયે કરી ધરનારો, ઈશ્વર એક છે, એથી તે ઈશ્વરનેજ, જગત એક સમાન શક્તીમાં રાખેછે તેથી, સમષ્ટી કેહેવો. તથા વ્યષ્ટી એટલે, જે જે જીવ, જે જે પરમાણુજન્ય શરીર ધારણ કરેછે, તે તે શરીરરૂપ પરમાણુ ઉપર, સમષ્ટીરૂપ ઈશ્વરની આકર્ષણ શક્તી છતાં, પ્રત્યેક જીવ મારૂં શરીર મારૂં

શરીર કહી, શરીરનું આકર્ષણ પ્રેરણ વ્યવહાર કરેછે, તે દરએક જીવને, વ્યષ્ટી, એવી સંજ્ઞા છે, અને ભુગોલ, તથા સૂર્યગોલ, એપ્રમાણે પ્રત્યેક ગોલ, એક એક જીવતત્વે ધારણ કરેલો દેહછે, તે પ્રત્યેક ગોલરૂપી શરીર ધારણ કરનારાને પણ, વ્યષ્ટી એવી સંજ્ઞા છે, પણ દરએક જુદું જુદું વ્યષ્ટીરૂપ જીવતત્વ; અને સંપૂર્ણ પરમાણુજન્ય ગોલોને, તથા જીવોના શરીરોને, તથા છુટા પરમાણુંઓને, એક આકર્ષણ શક્તીમાં રાખનારૂં, એક સમષ્ટીરૂપ ઈશ્વરતત્વ; સજાતીય છે, એટલે એક સમષ્ટી તત્વ, તથા અનેક વ્યષ્ટીતત્વો, એ બેઉની એક જાત છે, તથા સમષ્ટીરૂપ ઈશ્વર તત્વના આકર્ષણમાં જે પરમાણુજન્ય શરીર છે, તેનો અભિમાન વ્યષ્ટીરૂપ જીવ તત્વે છોડ્યો તો, વ્યષ્ટીરૂપ જીવતત્વ ઉપર, સમષ્ટીરૂપ ઈશ્વરતત્વનું, આકર્ષણ ચાલતું નથી, તથા જેમ સર્વ ભૂમીનો એક રાજા અને સર્વ પ્રજા, શરીરેકરી સજાતીય છતાં, રાજા સર્વ ભુમી મારી કેહેછે, તે તેનો અભિમાન સમષ્ટી છે, તથા દરએક માણસ પ્રાણી કેહેછે કે આ મારૂં થોડુંમું ખેતર છે, એવા એવા પ્રકારના રાજાના સર્વ જમીન ઉપરના અભિમાનમાંજ, જુદા જુદા અભિમાનો ધારણ કરેછે, તેઓના અભિમાન વ્યષ્ટી છે, તથા તે જમીનનાં અભિમાને કરી, જમીનનું ભાડું આપવાનું, રાજબંધન છે, તેપ્રમાણેજ, અનેક જીવરૂપી વ્યષ્ટી તત્વના, તથા ઈશ્વરની સમષ્ટી એક તત્વના, સજાતીયપણાનો અભિપ્રાય સમજવો; તથા સમષ્ટી વ્યષ્ટી ભાવનાનો ઉપર કહ્યાપ્રમાણે અભિપ્રાય સમજવો એ બરાબર છે, એજ સમષ્ટી તથા વ્યષ્ટી ભાવનાનો અભિપ્રાય છે.

૧૫૫ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને સમષ્ટી તથા વ્યષ્ટી એ ભાવો છેકે નથી ?

૧૫૬ ઉ૦ નિરાકાર પરમેશ્વરને સમષ્ટી તથા વ્યષ્ટી એ ભાવો નથી, કેમકે નિરાકાર પરમેશ્વરના અચલ તત્વના સર્વત્ર ભરેલા અસ્તિત્વમાં, પોલાણ સોત પરમાણુજન્ય જગતનું અસ્તિત્વ, મુળેજ નથી તેથી, નિરાકાર પરમેશ્વરને સમષ્ટી તથા વ્યષ્ટી એ ઈશ્વરના તથા જીવોના ઉભય ભાવ નથી, પણ તે પરમેશ્વરનું અસ્તિત્વ, અજ્ઞાન દશાયેકરી, જીવને ખબર પડતું નથી, તેથી જગત છે એવું લાગે છે, એહેને દૃષ્ટાંત એવો કે, સર્વ ઠેકાણે પ્રકાશ ભરેલો છે, પણ તે પ્રકાશ લક્ષમાં આવતો નથી, તેથી આપણે ભૂમીના વીવરમાં ગયા તો કેહેશું કે, આ ઠેકાણે અંધારૂં છે, પણ અંધકાર વસ્તુ મુળેજ નથી, કેમકે જમીનમાહેલા વીવરમાં અંધારૂ હતેજ તો, કીડીયોને, તથા ઉંદરો વગેરે અનેક જીવોને, દેખાતેજ નહી, પણ જે ઠેકાણે અંધારૂ છે એવું આપણે કહીયે છૈયે, તેજ ઠેકાણે જે પ્રકાશ છે તે પ્રકાશે કરી, કીડીઓ તથા ઉંદરો ઈત્યાદી જીવો, સર્વ પદાર્થો જોયેછે, તેસારૂ, જે પ્રકાશેકરી જમીનના કોતરોમાં, કીડીઓ તથા ઉંદરો જુવેછે, તે પ્રકાશ જોવાને આપણા નેત્ર યોગ્ય નથી, તેથી તે ઠેકાણે પ્રકાશ નથી કેવળ અંધારૂ છે એવું આપણે કહીયે છૈયે, પણ કીડીઓ તથા ઉંદરો, તેજ ઠેકાણે જુવેછે, એનઉપરથી, તે ઠેકાણે પ્રકાશ છે, તેહેમાં અંધારાનું અસ્તિત્વ નથી, તેપ્રમાણેજ, આપણા અહંપણાના, તથા અહંપણું ધરનારા જ્ઞાનના, તથા ઇંદ્રિઓની અંદર બાહેર, તથા આસપાસ, તથા ઉપર નીચે, નિરાકાર પરમેશ્વર તત્વનું એક અસ્તિત્વ ભરેલું છે, તે આપણા

લક્ષમાં આવતું નથી, એથી આપણે, અહીં કાંઇ નથી, આ પોલી જગો છે, એવું કહીયે છૈયે, તથા અનંત પરમાણું, તથા અનંત ગોલો છે એવું કહીયે છૈયે, પણ, જો નિરાકાર પરમેશ્વર તત્વનું, સર્વ ઠેકાણે અસ્તિત્વ છે એવું આપણા લક્ષમાં આવશે તો, પોલાણનું તથા પરમાણુનું અથવા પરમાણુંજન્ય ગોલરૂપી જગતનું તથા પોતીકા અહંપણાસહીત અહંપણું ધરનારા જ્ઞાનનું તથા જ્ઞાતાનું અસ્તિત્વ સેહેજજ નથી એવું થશે, તથા જેમ વીવર માએલા પ્રકાશનું અસ્તિત્વ, કીડીયોને તથા ઉંદરોને છે, એથી તેજ ઠેકાણે જે આપણે અંધકારનું અસ્તિત્વ કલ્પીયે છૈયે તે અંધારાનું અસ્તિત્વ, દિવાભીત, એટલે ઘૂડો, તથા કીડીયો જે, તેહેને નથી; તેપ્રમાણેજ, જેહેને નિરાકાર પરમેશ્વરનું સર્વ જગોઉપર અસ્તિત્વ છે એવું પ્રત્યયમાં આવશે, તેહેને પોલાણસહીત પોતીકા શરીરમાહેલા અહંપણાનું, તથા પરમાણુનું, તથા પરમાણુંજન્ય સૃષ્ટીનું અસ્તિત્વ. ઇંદ્રિઓએકરી, અથવા મનબુધ્યાદિકેકરી, ખબર પડવાનું નથી, તથાપિ શરીર પીંજરાનીમાહેલા પ્રાણવાયુની અંદર, આપણે આપણને, નિરાકાર અચલ તત્વના પોલાંણ જેવા ફેલાએલા ભરપૂર અસ્તિત્વ ધારણાએ, અભ્યાસમાં અનુભવવું, એટલે નિરાકાર પરમેશ્વર સર્વત્ર ભરેલો છે, એવું સેહેજજ અનુભવમા આવશે, અને તે ઠેકાણે સમષ્ટી, તથા વ્યષ્ટી, એ જગતના અસ્તિત્વના ભાવ, મુળેજ નથી એવું સમઝાશે.

આજ્ઞા વેદોકત ધર્મની.

પ્રકરણ ૨.

૧. તું નાહાનપણમાં પોતાના માબાપની આજ્ઞાથી જે કરવું તે કરતો જા, કેમકે જેટલી માબાપની પ્રીતી એટલે બજી તારાઉપર છે એટલી બીજી કોઇનીજ નથી, તથા તું જન્મ પામ્યો તાંહાંથી, જે જે માંબાપોએ તારાઉપર ઉપકાર કર્યા છે તે ઉપકારોનું તું દરરોજ સ્મરણ કર, એટલે તને માબાપનું કૃપાળુપણું જણાશે, તથા માબાપ આપણા કલ્યાંણ સારૂ રીસે ભરાય છે, એથી, તે તેહેનું રીસાવું જ કૃપાનું છે, એવું તું ધ્યાંનમાં રાખ, તથા જેમ તારો પ્રતિપાળ નાહાનપણમાં, માંબાપોએ કર્યો તેથી અધીક સેવા માંબાપોની તું તેઓના વૃધ્ધાપકાળે કરતો જા.

૨. તું ખોટું કદીજ બોલીશ નહી ખરૂં જે તેજ બોલતો જા, પણ જો તારાઉપર કોઈ માણસ કિંવા માણસો એવો પ્રસંગ લાવે કે તારા સાચા બોલવાથી તારી નીતી તથા તારો ધર્મ ડુબે, અને જગતનો તથા તારો તેહેમાં નાશ થાય, તો તેવા પ્રસંગે તું મુદ્દલજ બોલીશ નહી, પણ નીતી ન્યાયેકરી જે કરવું તથા બોલવું તેજ કરતો જા, તથા બોલતો જા. કેમકે જે બોલવાનો પરિણામ સાચો તેજ બોલવું સાચું એવો ન્યાય છે.

૩. તું સાચું બોલવાની પ્રસંગ પડેતો પ્રતિજ્ઞા એટલે સોગજ લે કે જો ખોટું બોલીશ તો મને હૃદયસ્થ ઇશ્વર શાસન કરશે, પણ ખોટું બોલશે તેહેને ઇશ્વર શાસન ક-

રેછે એ યાદ આપવી એન સોગન લે કેહેણારાનું ઇછેલું હોય છે, અને જોકે સોગન લીધા નહી અને ખોટું બોલ્યો, તોય, શાસન થાશેન, પણ સોગન લે કેહેવું એ ખોટું બોલ્યો છતાં શાસન થાએછે એવું સુચવવું છે, એ સારૂ તું સાચું તેન બોલ, કેમકે સોગન એટલે ખોટું બોલીયે તો ઇશ્વરનો શાપ આપણી ઉપર પડેછે, એ સ્મરણ દેવું લેવું, એહેનેન સોગન કહીયે, અને જો કોઇ માણસ, અથવા માણસો, એવો પ્રસંગ લાવશે કે, તારા સોગન લઈ બોલેલા સાચા બોલથી, તારી નીતી, તથા તારો ધર્મ દુબે, અને જગતનો, તથા તારો, તેહેમાં નાશ થાય, તો તેવા પ્રસંગે તું મુદ્દલન બોલીશ નહી, પણ નીતી ન્યાયેકરી જે બોલવું, તથા કરવું, તેન સાચા પરિણામ ઉપર લક્ષ રાખી બોલતો જા, તથા કરતો જા.

૪. તું રામ કૃષ્ણાદિક અવતારી પુરૂષોની પ્રતિમા એટલે મૂર્તીઓ, જે તેઓના સ્મરણાર્થ કરી રાખેલીઓછે, તે મૂર્તીઓ જોઇ, તું તે અવતારી પુરૂષોનું સ્મરણ કર, અને એવું મનમાં લાવકે, સભામંડપ એ તેઓના સભાની જગો ની પ્રતિમાં છે તથા, સિંહાસન એ તેઓના અધ્યક્ષ સ્થાનની પ્રતિમા છે, તથા મૂર્તી, એ તેઓના ધારણ કરેલા લીલા અવતારોની ઉપદેશ સમયની પ્રતિમા છે, તથા લોક જે હમણાં પુલો, તથા તુલસી, તથા નજર નજરાણા, લઇ આવે છે, એ તે અવતારી પુરૂષોની, લોક જેવી પ્રીતીયેકરી સેવા કરતાહતા, તે સેવાના કૃતીની પ્રતિમાં જે હાલમાં લોક પૂજા અર્ચા કરેછે તેન છે એવું સમજ, તથા તેઓયે લોકોને જે ઉપદેશ કર્યા, તેન વેદપ્રતિપાદ્ય ધર્મ

છે એવું સમજ, તથા તેઓની લીલા પુરાણોમાં લખી છે તેપ્રમાણે સમજ, તથા જેહેની આકર્ષણ શક્તી જગતમાં છે, તેણે અવતાર શરીરો, જગદુદ્ધારાર્થ ઇચ્છા માત્રે કરી અયોનિસંભવ ધારણ કરી ઇચ્છા માત્રેકરીજ ગુપ્ત કીધાં, તે અવતાર ધારણકરનારો ઇશ્વર એક છે એવું સમજ, અને આ જગતમાં અવતાર થયા હતા, એવિશેનું પ્રમાણ અદ્યાપ તેઓની પ્રતિમાંઓ છે, તથા તેઓયે ઉપદેશ કર્યો હતો તેનાં પુસ્તકો છે, તથા ઉત્તમ જે સભા કરવાની રીત તેહેની નિશાણી દેવળ આગળ સભામંડપો છે, તથા તે અવતારી પુરૂષોનું ધ્યાંન પૂજન મનોમય ભાવનાયેકરી કરીયે એટલે સાક્ષાતકાર થાય છે એથી બીજું પ્રમાણ નજ જોઇયે; તથા અવતારી પુરૂષોની પ્રતિમાં કરી રાખવી, એ અક્કલવંત માણસોનુંજ કામ છે, એ સારૂ અવતારી પુરૂષોના સ્મરણાર્થ, સ્મારક પ્રતિમાકરી રાખનારા, તથા હાલમાં તે પરંપરા ચલાવનારા, મોઠા બુદ્ધિમાન છે એવું સમજ, તથા જે પુલો તુલસી લઇ, પૂજાનો નિયમ રાખે છે, અને પ્રતિમાનો દ્વેષ કરતો નથી, તેહેની દષ્ટીયે, વિહાર કરવાના બાગમાં, સુંદર પુલો, તથા તુલસી, તથા બિલ્વપત્ર, તથા પાણી, વગેરે પદાર્થો દષ્ટીયે પડવાથી તેઓને અવતારી પુરૂષોનું, તથા તેઓએ કરેલા ઉપદેશોનું સ્મરણ થાય છે, તે અવતારી પુરૂષોની પ્રતિમાઓ ન પુજનારાઓને તથા દ્વેષીઓને થાતું નથી, અને તે પ્રતિમા દ્વેષી, સુંદર બાગ જોઇ, તથા તેમાંહેલાં પુલો તુલસી જોઇ, વિષયવાસના ધરેછે, અને પ્રતિમા પૂજક જે હોય છે તેહેને, પુલો તુલસી વગેરે જોઇ, ઇશ્વરનું અવતાર ચરિત્ર, પૂજાના નિમિત્તેકરી

યાદ આવેછે, તથા ઉપદેશનું સ્મરણ થાય છે, એવા આ પ્રતિમા વંદન કરનારાને લાભ છે, એ સારૂ અવતારી પુરૂષોની પ્રતિમાં જોતાં વેતજ તૂં વંદન તથા મનોમય ધ્યાંન અવતારી પુરૂષોનું કરતોજા, તથા પુલો તુલસી વગેરે ચઢાવવાનો નીયમ રાખ, એટલે તને સર્વ સુખભોગ્ય પદાર્થો જોયાથી, ઈશ્વરની લીલા યાદ આવશે, અને શાંતા રેહેશે, એ નીતી અત્યંત આસ્તીકપણું આપનારી છે, તે જીવમાંથી વિશરીશ નહી; જે પ્રતિમાનો દ્વેષ કરેછે તેઓને એ મર્મ સમઝાતું નથી.

૫. તૂં મદ્ય, અથવા ભાંગ, અથવા અફીન, અથવા હરએક માદક પદાર્થ સેવન કરીશ નહી, કેમકે, જો માદક પદાર્થો રોગ જવાના ઓષડો છે તોપણ, તે માદક પદાર્થોનું નિત્ય સેવન કરવું નહીં, કેમકે માદક પદાર્થોનું સેવન કરવાથી માણસની બુધ્ધિ ઈશ્વરના વિચારમાં સૂક્ષ્મ ગતીયે પ્રવેશ કરતીજ નથી, તથા માદક પદાર્થો સેવનકરવાથી ઘણી પ્રકારની નરસી ક્રિયાઓ કરવાની તરફ માણસનું મન લાગે છે, અને તે નરસી ક્રિયાઓ કરવાથી મોટો અનર્થ ઉત્પન્ન થાય છે, તથા માદક પદાર્થ સેવન કરનારો ઉન્મત્ત થાયછે એથી તેહેને જ્ઞાનની વાતો કહીયે તોએ સમઝાતી નથી, તથા માદક પદાર્થ સેવન કરનારા માણસના ઘરના સર્વ માણસો તેનાથી ત્રાસ પામે છે, તથા બાહેરનાપણ ત્રાસ પામે છે, અને માદક પદાર્થ સેવન કરનારા માણસ, સ્વભાવે કરી આળસુ તથા નિરૂદ્યોગી થાયછે, એથી તેને દારિદ્ર આવે છે, તથા દરિદ્ર આવ્યા પછી માદક પદાર્થ તેને મળતાં નથી, એથી તે દ્રવ્ય મેળવવાસારૂ અનેક પ્રકારના નરસા કર્મો કરવા લાગેછે, તે-

હેમાં મરેછે, અથવા રોગગ્રસ્ત થઇ મરેછે, તથા માદક પદાર્થોનું વ્યસન એ સર્વ રોગોમાં મોટો રોગ છે, અને તે થકે તેહેની મુક્તતા ઘણું કરી થાતી નથી, કેમકે તેહેને વ્યસન લાગેલું છોડવું ગમતું નથી એજ મોટો રોગ છે, તથા માદક પદાર્થ સેવન કરનારા માણસને, સભામાં શાંતીથી, તથા નીતીયે કરી ભાષણ કરતાં આવડતું નથી, એથી માદક પદાર્થ સેવન કરનારા માણસની આબરૂ, તથા પત, કોઇ કબુલ કરતા નથી તથા માદક પદાર્થ સેવન કરનારો (ખાઉકડ) અને ક્રોધી હોયછે એથી તેહેના સર્વ દ્રવ્યનો નાશ થાયછે, તથા માદક પદાર્થ સેવન કરનારાને અતીશે નિદ્રા આવેછે, એથી તેહેની સર્વ દોલત ચોરો લુટી લઇ જાયછે, અને માદક પદાર્થ સેવન કરનારો માણસ માદક પદાર્થ સેવન કરનારા માણસોની જમાતમા બેસી, અનીતીનાં કામો, તેઓની સોબ્બતથી કરવા લાગે છે, એથી રાજદ્વારમાં પ્રાણાંત દંડ પામેછે; એવી માદક પદાર્થ સેવન કરવાના યોગથી, સર્વ પ્રકારની હાની છે, એસારૂ, તું કોઇપણ માદક પદાર્થ સેવન કરીશ નહી, માદક પદાર્થ સેવન કરીશ નહી, માદક પદાર્થ સેવન કરીશ નહી.

૬. તૂં હિંસા કરીશ નહી, એટલે માણસ, અથવા પશુ પક્ષી, અથવા કિમીકીટક, અથવા મચ્છાદી જલચર, ઇત્યાદી કોઇપણ શ્વાસવાળા જીવને એટલે પ્રાણીમાત્રને મારીશ નહી, અથવા દુઃખ દેઇશ નહી, કેમકે, જેમ તને કોઈ મારવાને, અથવા હરેક પ્રકારે ઈજા આપવા આવે, એટલે તને દુઃખ થાયછે, તેપ્રમાણેજ સર્વ શ્વાસવાન જીવોને એટલે પ્રાણિમાત્રને મારવાથી અથવા ઈજા આપવાથી દુઃખ થાયછે, તથા

પ્રાણિમાત્રોને મારવું અથવા ઈજા દેવી, એ નરસાં કામનુંજ નામ હિંસા છે, તથા એ હિંસા કર્મનો દોષ, આપણા શરીરના નાશ થતાં વેતજ, આપણા જાણીવમાંથી સ્વપ્નદેહવત ભોગદેહ, તથા સ્વપ્નસૃષ્ટીવત્ ભોગસૃષ્ટી, આપઆપણી આગળ ઉભી થઈ, હિંસા કર્મનો દોષ, તે ભોગ શરીરે, પોતપોતાને ભોગવવો પડેછે, એને દૃષ્ટાંત, જેમ બીજમાહેલો અનુભ્હૂત વૃક્ષાકાર, વાયુ, તથા પાણી, તથા મૃત્તિકા, એવોના સંયોગેકરી ઉભ્હૂત થાયછે, તેમજ મરતાં વેતજ, જે જાણીવ રેહેછે તે જાણીવમાંથી, અનુભ્હૂત હિંસા કર્માદિકોનો સ્મૃતિરૂપે કરી રેહેલો આકાર સૂક્ષ્મ પંચભૂતોના સંયોગેકરી, ઉભ્હૂત થાયછે, અને દુઃખ ભોગ ભોગવાવેછે, બીજો દૃષ્ટાંત, નિદ્રામાં જાણીવને, જાગૃદવસ્થામાંએલા વિષયો ખબર પડતા નથી, તોએપણ, પૂર્ણ નિદ્રાની અવસ્થામાં, જે જાણીવ લીન થઈ રેહેછે, તે જાણીવમાં બીજમાં અનુભ્હૂત વૃક્ષાકાર, તેવો શરીરનો તથા જગતનો આકાર રેહેછે, તેજ શરીરમાહેલા સૂક્ષ્મપદાર્થોના સંયોગેકરી, બીજમાંથી વૃક્ષ, તેમ સ્વપ્ન શરીરાકારે કરી, તથા સ્વપ્નમાયેલી સૃષ્ટીરૂપાકારે કરી, ઉભ્હૂત થઈ ભોગ ભોગવાવેછે, તેપ્રમાણેજ, જાણીવને, શરીર મરવાથી દેહનો, તથા જગતમાંહેલા વિષયનો, નિદ્રા પ્રમાણે (પરંતુ અત્યંત) વિસાર પડ્યો તોપણ, જેમ ઉંઘમાએલા લીન થએલા જાણીવમાં, શરીરનો આકાર તથા જગતનો આકાર અનુભ્હૂત હોયેછે તે સ્વપ્નરૂપે કરી ઉભ્હૂત થાયછે, તેમજ શરીરના મરવાપછી, જાણપણામાં અનુભ્હૂત રૂપેકરી, જે હિંસાદિક કરેલા નરસા કર્મોનો આકાર હોયછે, તે શરીરની અંદરબાહેરની પોલાણમાએલા પરમ સૂ-

ક્ષ્મ તત્વોના સંયોગે કરી, ભોગદેહ તથા ભોગસૃષ્ટી એવારૂપેકરી, પ્રત્યેકના કરેલા કર્મોનો, જેવોનો તેવોજ ભોગ, જેહેનો તેહેની આગળ ઉભો રહી, દુઃખ ભોગ ભોગવાવેછે, તેહેનેજ "ચિત્રગુપ્તે લખેલું પ્રકટ થયું" "તથા યમયાતના ભોગવવી પડી" ઇત્યાદી લાક્ષણિક નામોછે, એસારૂ મહા દુર્ધર જે હિંસા કર્મથકે યમયાતના થવાની, તેહેનો ત્રાસ ઘણો કઠણ છે, એસારૂ તું એ વિચારઉપર લક્ષ રાખી, હિંસા કર્મ કરીશ નહીં, સર્વ પ્રાણિમાત્રોને સુખ થાય એવું કર્મ કરતો જા, અને પ્રાણિમાત્રોનો આશિર્વાદ લે, એટલે તારાઉપર ઇશ્વરી કૃપા થાશે.

૭. તું જીવતાં પ્રાણી મારી તેઓનું માંસ ખાઈશ નહી, અથવા આપોઆપ મરેલાં પ્રાણિઓનું માંસ ખાઈશ નહી, કેમકે માંસ ખાવું એ વ્યાઘ્ર, તથા ગૃધ્ર, ઇત્યાદિ ક્રૂર તામસી પ્રાણિઓનું સ્વાભાવિક છે, પણ માણસે એવું સમજવું કે, માંસ એ પદાર્થ અમેધ્યછે, અને અમેધ્ય એટલે અપવિત્ર છે તથા નિંદ્ય છે, એપ્રમાણે ઋગ્વેદમધ્યે, આશ્વલાયન શાખાના બીજા પંચિકાના આઠમા ખંડમાં, મેધ્ય અમેધ્યનો વિચાર કથન કર્યો છે, તથા આલભનનો વિચાર કર્યો છે તે એવોકે

"पुरुषंवैदेवाःपशुमालभंततस्मादालब्धानमेध
उदक्रामत्ततस्मात्एतेषांनाश्नीयात् "

ઇત્યાદી તથા શ્રીમત્ ભગવત્ગીતાના સત્તરમા અધ્યાયના દશમા શ્લોકમાં છેકે ॥ "उच्छिष्टमपिचामेध्यंभोजनंतामसप्रियम्" ઇત્યાદી એપ્રમાણે અમેધ્યનો વિચાર, તથા યજ્ઞનો વિચાર, જ્યાંહાં દેખાડ્યો છે, તે ઠેકાણે સર્વ જીવોનું આલભન

કરવું એવું કહ્યુંછે, એટલે વેદમાએલી એજ ઉપરની શ્રુતી પ્રમાણે, પ્રાણીઓના હૃદયને સ્પર્શ કરવો એજ આલભન છે, એપ્રમાણે શ્રીમત્ ભાગવતના, એકાદશસ્કંધમાએલા, પાંચમા અધ્યાયના, તેરમા, તથા ચઉદપંદરમા શ્લોકમાં ॥ "તથાપશોરાલભનંનહિંસા" ઇત્યાદિ યજ્ઞ કરવાના વિચારમાં કહેલું છે, તથા સર્વ પ્રાણિઓનું આલભનકરી, એટલે તે પ્રાણીઓના શરીરને સ્પર્શ કરી, તેપ્રાણી, વસુ છોડવાપ્રમાણે એસારૂ છોડી દેવાકે, જેથી તે પ્રાણિઓને જોઇ, લોકોને માંસ ખાવું નહી, એવો બોધ થાય, કેમકે, માંસ એ પદાર્થ અમેધ્ય છે એટલે અપવિત્ર છે, એવું આલભન કરી, એટલે સ્પર્શ કરી, જે જીવતો પ્રાણી યજ્ઞમાં છોડી દીધો હોય તે તરફ જોઈ, લોકોએ સમજવું, તથા મેધ્ય એટલે ખાવાનો પવિત્ર પદાર્થ, દુધવિના, તથા ગોમુત્ર વગર, કોઈજ પ્રાણીનો, એટલે શ્વાસવાન જીવના શરીરનો ભાગ નથી, એવિચાર, વેદની આ ઉપરની શ્રુતીઉપરથી, સમજવો, તથા મેધ્ય એટલે ખાવાનો પવિત્ર પદાર્થ, એતો ચોખા વગેરે ધાન્યમાં છે, એવું વેદની એજ શ્રુતીઉપરથી, તથા આ ખંડની આગળ, જે બીજી પંચિકાનું નવમુખંડ, તેઉપરથી સમજવું, તથા જેકરતાં પ્રાણિમાત્રોના શરીરભાગને, મેધ્ય, એટલે ખાવાનો પવિત્ર પદાર્થ, એને છોડેલો છે, તેથી પ્રાણિમાત્રોના જે શરીરભાગો તે અમેધ્ય એટલે અપવિત્ર રહ્યા, તથા માંસ એ પદાર્થ અમેધ્ય એટલે અપવિત્ર છે, એસારૂ તું માંસ ખાઈશ નહી, તું માંસ ખાઈશ નહી, તું માંસ ખાઈશ નહી, જો કે માંસ એ અમેધ્ય એટલે અપવિત્ર તથા અશુધ્ધ છે, વાસ્તે ખાવું નહી એવું ઉપરની વેદની શ્રુતીમાં "તસ્માત્‌એતેષાંનાશ્નીયાત્" એ-

વી વેદાજ્ઞા છે, તથા આ જગતમાં પ્રત્યક્ષ અનુભવ લે જુવોકે, વ્યાઘ્રાદિક માંસ ભક્ષક પશુઓ ક્રૂર હોયછે, તથા નિરૂપયોગી હોયછે, અને ગાઇઓ, ભેંસો, ઘોડા, એ પશુઓ, માંસ ભક્ષણ કરતાં નથી, તથા વનસ્પતી ખાઈ રેહેછે, તેપણ પશૂજ છતાં, તેઓનો સ્વભાવ શાંત હોયછે, એથી તે માણસોના સર્વ કામો કરેછે, એ પ્રત્યક્ષ માંસ ભક્ષણ કરનારા તથા ન કરનારા પશુ દેહમાં ઉત્તમ તથા અધમ સ્વભાવનો ભેદ દેખાડ્યો, તેપ્રમાણેજ માણસ, જો માંસ ખાશે નહી તો, ગાય, તથા ઘોડા, તથા ભેંસો, એના જેવા સર્વ પ્રાણિમાત્રોનો સુખદાયક મિત્ર થાશે, તથા માણસ, એ એથી વિરૂધ કરશે તો, વ્યાઘ્ર જેવો પ્રાણિમાત્રોને દુઃખદાયક શત્રુ, એવો થાશેજ થાશે; કેમકે માંસ ભક્ષણ કરનારાને, અંતરમાં પ્રાણિમાત્રોની દયામુળેજ નથી, કેમકે, તેહેનું પ્રાણિમાત્રોઉપર દયા કરવું; એ, જેમ બિલાડાએ સાધૂનો વેષ લઈ, ઉંદરોનું રક્ષણ કરીશ એવી સોગન લઈ, કરેલાં કપટ પ્રમાણે છે, અને માણસ જો કેહેશે કે, હું પ્રાણિમાત્રોનો રાજા છું, તો તેણે માંસ ભક્ષણ કરવું નહી, તથા હરએક પ્રાણિઓને ત્રાસ આપવો નહી, તથા પ્રાણિઓને ઈજા આપનારાને શાસન કરવું, તોજ માણસને સર્વ પ્રાણિમાત્ર કેહેશે કે, માણસ એ અમારો રાજા છે તથા રાજાછે એટલે સર્વ પ્રાણિમાત્રોનું સંરક્ષણ કરનાર માણસ છે, તેથી પ્રાણિમાત્રોયે તેહેને રાજા કેહેવો એ ઠીકછે, પણ જો માણસ, એ પ્રાણિમાત્રોનું હનન કરશે, અને માંસ ખાશે, અથવા અન્ય પ્રકારે પ્રાણિઓને ઈજા દેશે, તો તેહેને પ્રાણિમાત્રો, માણસ એતો રાક્ષસ, તથા શત્રુ, તથા દુષ્ટ છે, એવું સમજશે, રાજા એવું સમજશે નહી, કેમકે માણસના

વર્ત્તવાપ્રમાણે, તેહેને પ્રાણિમાત્રોયે રાજા, કિંવા રાક્ષસ કેહેવો એ સમુ છે, એસાર અરે માનવી પ્રાણી તું માંસ ખાઈશ નહી, તથા પ્રાણિમાત્રોનું હનન કરીશ નહી, તથા પ્રાણિમાત્રોને ઈજા આપીશ નહી, તથા પ્રાણિમાત્રોનું, તેહેના શત્રુઓથકે, તુંથી બને તેટલું સંરક્ષણ કરતો જા, એટલે તુંને પ્રાણિમાત્રોનો રાજા તું છે એ નામ શોભશે. તથા માણસે માંસ ખાવું એવો ઈશ્વરનો સંકેત નથી. કેમકે જેવારે માણસોની ઉત્પત્તી થઈ, તેવારે માણસોની પાસે, માણસની કૃતીયે થયેલાં શસ્ત્રો, અથવા પાક કરવાના પાત્રો, અથવા અગ્ની, અથવા ખેતીખેડવાનું સામાન, વગેરે કાંઈન નહતું, એથી તેહેને શિકાર કરવો, અથવા માંસ ખાવું, એ તેહેના શરીરરચનાના નિયમેકરી મુળેન નથી, કેવળ પોતાનીમેળે ઉગેલી શેરડી ઉખેડી ખાવી, તથા અન્ય ફલમૂલાદિક, જમીનમાંથી ઉગેલાં કાચાં પદાર્થો ખાવાં, એટલાન ઉપયોગ જેટલો માણસના મોનો, તથા દાંતોનો ઘાટ છે, એપ્રમાણેન હરએક રીતીનો પ્રલય થઈ માણસો રેહેશે, તેવખત તેહેને અરણ્યમાં વગર હથીયારે, તથા વાસણ, તથા અગ્ની, નહોવાથી, ફલમૂલ તથા શેરડી, એ કાચાં પદાર્થો ખાતાં આવડે, એવી તજવીજથી, માણસના મોનું જડબૂં, તથા દાંત છે, એસાર પ્રારંભના, વસ્ત્ર, તથા પાત્ર, તથા અગ્નીવિના તથા નિઃશસ્ત્ર, એવા માણસનો વિચાર કર, એટલે માણસે માંસ ભક્ષણ કરવું નહી એવો ઈશ્વરનો સંકેત છે તે તારા જાણ્યામાં આવશે, તથા નિઃશસ્ત્ર માણસના શરીરાકૃતીનો, તથા અરણ્યવાસ કરવાના પ્રારંભનો વિચાર, તું મનમાં લાવીશ, તો માણસોયે માંસ ખાવું નહી, એવો ઈશ્વરનો સંકેત તુંને કળશેન કળશે, તથા મા-

ણસ એ શ્રેષ્ઠ પ્રાણીછે, કેમકે માણસને વિચાર શક્તી સારી છે, એસાર તેહેનો તેણે ઉપયોગ કરવો, અને તેણે દયાળુ રેહેવું, તથા સૌમ્ય રેહેવું, એટલે તેહેને ઈશ્વર ભક્તી થાયછે, એસાર ઈશ્વરભક્તીના અર્થે, દયાવંતપણું તથા સૌમ્યત્વ હોવું ન જોઈએ, તે નિષ્કપટ દયાળુપણું, તથા સૌમ્યત્વ, તારામાં આવવાસાર, તું માંસ ભક્ષણ કરીશ નહી, એટલે હરએક પ્રાણિમાત્રોને એટલે શ્વાસવાળા જીવોને, આ જગતમાં પીડા થાશે નહી, કદાક કોઇ કેહેશે કે, આ જગતમા પશુઓની ઉત્પત્તી અતીશે થઇ માણસોને બેસવાને જગો મળશે નહી, તો એ બોલવું ખોટું છે, કેમકે પશુની ઉત્પત્તી, તથા વૃધ્ધી કરવી, એ માણસોના સ્વાધીન છે, એસાર સર્વ કુકલ્પનાઓ વ્યર્થ સમજ, તું માંસ ભક્ષણ કરીશ નહી, તું માંસ ભક્ષણ કરીશ નહી, તું માંસ ભક્ષણ કરીશ નહી, તે નિર્દય થવાનું મૂળ છે, તથા ઈશ્વરી સંકેતથી વિરૂધ્ધ છે, એવું સર્વ કાળ ધ્યાનમાં રાખતો જા.

૮. તું વેદોક્ત જે સંસ્કારો છે તે સર્વ સંસ્કારો બ્રાહ્મણોપાસેથી કરાવીલે, કેમકે સંસ્કાર રહિત જે માણસ તે પશુવત છે, એસાર જે માણસદેહધારી હોય, તેને સંસ્કારો હોવાન જોઈયે, કેમકે સંસ્કારોના યોગેકરી, ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ, નીચ, ઇત્યાદિ સર્વ માણસોનો વેદોક્ત નેમ બાહેર જવાનો ઇલાજ ચાલતો નથી; તેથી માણસ વેદોક્ત નિયમમાં રેહેછે, અને તેહેને વેદોક્ત સંસ્કારોનો વિચાર કરવાનું અગત્ય પડે છે, તથા વેદોક્ત સંસ્કારોનો અગત્યે કરી વિચાર માણસ કરવા લાગ્યો, એટલે તેહેનો જ્ઞાની માણસોની સાથે સંભાષણનો ક્રમ, વેદના અર્થઉપર ચાલવા લાગે છે, એથી

તેહેને વેદાર્થનો પ્રમેય સમજાય છે, અને તેહેને સ્પષ્ટ સમજાય છેકે, જેમ શરીરના ગુપ્ત ભાગો ઢાંકવા સારૂ, અને શરીરનાં રક્ષણ સારૂ વસ્ત્રોની, તથા પ્રાવર્ણોની, અવશ્યકતા છે, તે પ્રમાણેજ, નીતીનું સંરક્ષણ થાવા સારૂ તથા વારંવાર જન્મમરણ ફેરામા પાડનારૂ જે સ્વાત્મ સ્વરૂપ વિશેનું અજ્ઞાન, તેહેનેજ જન્મમરણ ફેરામાં પાડે છે એથી પાતક એવી સંજ્ઞા છે, તે પાતકરૂપ અજ્ઞાન થકે જે નરસીક્રિયાઓ થવાની તે બંધ કરવા સારૂ, તથા સ્વાત્મ શરીરમાંએલા, હૃદયસ્થ ઈશ્વરનું, તારક ઐક્ય જ્ઞાન પ્રકટ થઈ, તેહેની ભક્તી એટલે પ્રીતી રેહેવી, અને પાતક જે હૃદયસ્થ ઈશ્વરવિશેનુ અજ્ઞાન, તે પંચવિષયોની પ્રીતી સહિત જાય, અને સર્વનું તારણ થાય, ઇત્યાદિ સારો માર્ગ લાગવો એ સારૂ, વેદોક્ત સંસ્કારો છે, એ વાસ્તે વેદોક્ત સર્વ સંસ્કારો પ્રમાણે માણસે વર્ત્તવું એ સમું છે, એવું માણસોને વેદોક્ત સંસ્કારોનું આચરણ કરવાથી, વિચાર યુક્ત તારક સ્વાત્મ જ્ઞાન થાય છે, એ સારૂ, તું વેદોક્ત સંસ્કાર બ્રાહ્મણો પાસેથી નિરાલસ્ય થઈ કરાવી લે, તેમાં સુખ તથા લાભ એવો છે કે, જેમ ખેતીના કામમાં પ્રારંભે અજ્ઞાનીને તથા સજ્ઞાનીને શ્રમ દેખાય છે, પણ પરિણામે ધાન્યની સુખદાયક સમૃદ્ધી છે, તે પ્રમાણેજ વેદોક્ત સંસ્કારો, પ્રારંભે ખેતીના કામ કરવા જેવા છતાં, પરિણામમાં નીતીનો, તથા તરવાના ઉપાયનો, પાક, જે સ્વાત્મ જ્ઞાન, તે આપનારા છે, એ સારૂ તું વેદોક્ત સંસ્કાર બ્રાહ્મણો પાસેથી પોતાને તથા પોતાના કુટુંબમાહેલા સર્વ માણસોને

કરાવી લે, એટલે સર્વકાળ, સંસ્કારોના યોગેકરી, તુંને ઈશ્વર સ્મરણ, છડીમારી જગાડવા પ્રમાણે થાશે.

૯. તું અમસ્તો રહી પોતીકો મનુષ્ય દેહિક અમોલ્ય અવરદાનો કાળ ફોગટ ગમાવીશ નહી, કેમકે સંસાર ધંદાના સર્વ કામો અટોપી જે નિરાંતનો વખત આવેછે તે નિરાકાર પરમેશ્વરનો વિચાર કરી, તેહેની પ્રીતી એટલે ભક્તી ધરવી, અને જન્મમરણના વારંવાર ફેરા આવેછે તે દૂર કરવા એ સારૂજ, નવરાપણું મનુષ્ય દેહને મળેલું છે, એ સારૂ તે નવરાપણાના વખતમાં, નિરાકાર પરમેશ્વરના, ઐક્ય સ્વાત્મ જ્ઞાનનો ઉપદેશ, જે રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરી, વ્યાપક સર્વ સાક્ષી ઈશ્વરે કર્યો છે, તે ઉપદેશનો વિચાર કરતો જા, અને તે નવરાશપણાના કાળમાં, કુજુદ્ધીના માણસો સાથે લાગી, કોઈપણ રમત રમીશ નહી, એટલે પાસા નાખી, ફલાણો ડાવ મારા હાથે પડશે તો, સર્વનું માંડેલું દ્રવ્ય હું લઈશ, તથા તેજ પાસાયેકરી, બીજા માણસનો ઠરાવેલો ડાવ, મારાહાથે પડશે તો, હું મારૂ માંડેલું દ્રવ્ય તેહેને આપીશ, એપ્રમાણે પરસ્પર રમવાવાળાઓનો વિચાર, એવી રમતને જુવો, અથવા જુગાર,અથવા દ્યૂત, એવું કેહેછે, એ જુવાનો ખેલ તું કદીપણ ખેલીશ નહી, તથા આંખેકરી જોઈશપણ નહી, કેમકે જુગારનાં ખેલમાં, મોટા મોટા અનર્થો છે, તે એવા કે, દ્રવ્ય એટલે પંચ વિષયરૂપ સુખ ભોગ્ય પદાર્થોજ છે એવું કહિયેતો ચિંતા નથી, એવું તે દ્રવ્ય, જુગાર રમવાથી આપણું ખરચ થઇ ગયું, એટલે અન્ન વસ્ત્રાદિક પદાર્થો મળે નહીં એવું થાય છે, તેથી ચોરી કરવાની વાસના ઉત્પન્ન થાય છે,

અને ચૌર્ય કર્મો કરવા લાગે છે, અને તે ચોરીના કર્મેકરી દ્રવ્ય મળવા સારૂ, બીજાનો પ્રાણ લેવાની બુદ્ધી ઉત્પન્ન થાય છે, એનપ્રમાણે, તે ચોરી કરવા લાગતા વેતજ ઘાતપણ કરવા લાગે છે, એથી તેથકે લોકોને મોટું સંકટ પ્રાપ્ત થાય છે, પછી તે ચૌર્ય, તથા ઘાતુક કર્મ કરવાથી, તથા લોકોને ઈજા આપવાથી, પ્રજાનો રાજા, તેહેને પકડી અનેક યાતના કરી શેવટે તેહેનો શિરચ્છેદ કરે છે, અથવા ફાંસી આપે છે, અને મુવાં પછી પણ તેનાં જીવાત્માને, દુષ્ટ કર્મો કરેલાનો યાતના ભોગ, ભોગદેહ ધારણ કરી ભોગવવા પડે છે, એપ્રમાણે જુગાર રમનારાનો પરીણામ છે, એ વાસ્તે એવો જે જગતને. તથા આપણને, પીડા કરનારો જુગાર રમવાનો પરીણામ સમજી, તું જુગાર રમીશ નહી, તથા જુગાર રમનારા, તારી નજરે પડેતો, તેહેને ક્ષમા ન કરતાં, તાત્કાળ રાજાના તરફથી શાસન કરાવજેજ કરાવજે, તથા જુગાર રમનારો કોઈપણ હોય તો તું તેહેની ક્ષમા કરીશજ નહી. તથા તું પોતે જુગાર રમીશજ નહી તથા જુગાર રમવો એ મોટામા મોટો અનર્થ છે, એસારૂ જુગાર રમીશ નહી, તથા જુગાર જેવાજ બીજા સર્વ ખેલછે, તે પરમેશ્વરના ભજનસારૂ મળેલો જે નવરાપણાનો વખત, અમસ્તો ગમાવનારાછે, તે સર્વજ ખેલ તું રમીશ નહી એટલે સોકઠાં તથા સતરંજ, તથા ગંજીફો, તથા કોડીઓ, ઇત્યાદિ સર્વ ખેલ તું ખેલીશ નહી, કેમકે તેમાં લાભ કાંઇજ નથી, પણ પરમેશ્વરના વિચારસારૂ મળેલો વખત, અમસ્તો ગમાવવો, અને રમતનાયોગે કરી, કામ ક્રોધયુક્ત થઇ, મરવાપછી ભોગદેહકરી, નરકમાં પતન પામવું, એજ હેરફ રમત રમવા-

નું, અતિ નીચ, તથા નરસુ ફલછે; એસારૂ તું પોતીકા સંસાર વ્યવહારના કામો થૈ રહ્યા પછી, જે પુરસતનો વખત રેહેશે, તે હરએક રમતની તરફ લગાડીશ નહી; નિરાકાર પરમેશ્વરના સ્વાત્મૈક્ય જ્ઞાનનાં વિચારની તરફ, તથા પ્રીતી તરફ, તું પોતાનો પુરસતનો વખત ખરચ કર, નવરાપણાનો વખત, તરવાના ઉપાય સારૂછે, એ ધ્યાનમાં રાખ, તથા માણસનું શરીર, ઘણા સુકૃતના સંયોગથી, તરવાના ઉપાયસારૂ મળેલું છે, એવું સમજી, નિરાકાર પરમેશ્વરના, સ્વાત્મૈક્ય જ્ઞાનની પ્રાપ્તીની પ્રીતી ધરવા તરફજ, સર્વકાળ લક્ષ લગાડ, અને સર્વ ધંદા તે વાસ્તેજ કર.

૧૦. તું પોતીકા મને કરી, સગુણ સાકાર અવતાર, જે ભગવંતે ધારણ કર્યાછે, તેઓની ઉપાસના એટલે ભક્તી કર, તથા તે ઉપાસના કરવાનો માર્ગ સર્વને માલમ થવાસારૂ, શ્રીરામ, તથા શ્રીકૃષ્ણ, એ બે અવતારોના ધ્યાનો કેવાં કરવાં, તે ધ્યાનોનો પ્રકાર, તથા માનસપુજા કેવી કરવી, તે માનસપુજાનો પ્રકાર, અહીં સ્પષ્ટ લખેલો છે, તેજ રીતીપ્રમાણે, જે સાકાર ધ્યાન આપણને ઈષ્ટ હોય, તેહેની ઉપાસના કરવી, જે શંકરની જોઈયે તો શંકરની, ગજાનનની જોઈયે તો ગજાનનની, અથવા, જગદંબાની, અથવા લક્ષ્મીનારાયણની, અથવા શ્રીદત્તાત્રેયની, અથવા હનુમાનની, અથવા શ્રીરામની, અથવા શ્રીકૃષ્ણની, અથવા અગ્નીનારાયણની, અથવા સૂર્યમંડલના મધ્યભાગે શ્રીનારાયણની, એમાંથી, જે અવતાર મૂર્ત્તીની આપણને ઘણી પ્રીતી હોય, તેનુંજ આપણે ધ્યાન તથા માનસપુજા કરવી; અને બીજા અવતાર જેણે ધારણ કર્યા, તેણેજ હું જેનું ધ્યાન કરૂંછું તે અવતાર ધારણ કર્યો

એવું માનવું; અને હું જે ધ્યાન કરૂંછું, તથા માનસપુજામાં કલ્પનાએકરી કલ્પૂંછું, તે સર્વ મારા શરીરપીંજરાની અંદર, જે હું, જ્ઞાનરૂપ આકાશ છું તે હું પોતાની આકર્ષણ શક્તી એકરી, જે પંચપ્રાણ વાયૂ શરીર પિંજરામાં છે, તે વાયૂને આકર્ષી, શરીરમાએલી, સૂક્ષ્મ તેજની તેજોમય, માનસ પુજામાં આકૃતી કલ્પુંછું, એવું સમજવું, તથા એજ પ્રમાણે આપણે, જે વસ્તુ જોઈ હોય, તેહેની કલ્પના મનોમય કરીયે છૈયે, તેનોપણ અર્થ એવોજ છે. એવું સમજવું, પણ મારૂં મન, આ ગામથી તે ગામ ગયું એવું સમજવું નહી, કેમકે, દીઠેલા સ્થલના ઠેકાણે, જો શરીરની બાહેર આપણું મન જાતે તો, તે ઠેકાણાની નિશાણીયો, જેવી ઓ હશે, તેવીઓજ અનુભવમાં આવવી જોઈયે, પણ તેવો અનુભવ આવતો નથી, એ સારૂ એવું સમજવું કે, માનસપુજા કિંવા શેહેરો, ગામડાં, વગેરે જે જે મનોમય દેખાય છે, તથા ભાસે છે, તે તે સર્વ, અંતઃકરણ પંચક રૂપ, જે આપણા શરીર પિંજરામાં આકાશ સ્વરૂપ છે, તે આકાશ સ્વરૂપે કરીજ, મસ્તકની પોલાણમાં, તથા આંખોની માંહેલી બાજુયે, શરીરમાએલા તેજસ્વી સૂક્ષ્મ પદાર્થોનો, તે સર્વ કલ્પિત રચેલું મનોમય દીસનારૂં છે, પણ મન દેહની બાહેર જાયછે એવું મુળેજ નથી, તથા જે મનોમય કલ્પિત રચનાનું અંગ તેનો કલ્પનારો તથા જાણનારો, જે હું છું, તે હું શરીર પિંજરો નથી, તથા શ્વાસોશ્વાસરૂપ વાયૂપણ હું નથી, તથા પંચ જ્ઞાનેંદ્રિયો તથા પંચકર્મેંદ્રિયો પણ હું નથી, તથા શરીર પિંજરામાએલા પંચ પ્રાણરૂપ વાયુને ચલિતકરી, મનોમય અહં અહં એવી સ્ફુર્તી ધરવી, તે

સ્ફુર્તીપણ હું નથી, હું શ્વાસોશ્વાસ તથા તેહેનામાએલા જે પંચ પ્રાણ વાયુ, તેથકે જુદો, શરીર ગુહા માંએલી, તથા શરીરની બાહેરની, જે અનંત ગોલોને એક આધાર પોલાણ છે, તે પોલાણની અંદર, સહજ જામેલો જે જ્ઞાનરૂપ, અચલ નિરાકાર, તેવો હું છું, એવું તૂર્યસ્થ લક્ષ રાખવું, અને સાકાર અવતાર મૂર્તીનું ધ્યાન, તથા માનસપુજા, શરીર છે તાવતકાળ સુધી, કરતાં જવી, તેનો પ્રકાર, નીચે લખેલો છે તેપ્રમાણે જોઇએ, એટલે શ્રીરામાવતારની મૂર્તી ધ્યાનમાં દઢ રેહેવી, તથા સાક્ષાતકાર થાય એવી ઈચ્છા રાખી, મનોમય એક સુંદર મેદાન કલ્પવું, તે મેદાનમાં લીલું ઘાંસ છે, તથા જ્હાં તાંહાં પાણીના ઝરાઓ વેહે છે, તથા હવા સીતલ છે, તથા શાંત પ્રકાશ પડેલો છે એવું કલ્પવું, અને એવા તે મેદાનના મધ્યભાગે શંકૂના આકાર જેવો, એક સુંદર ઉંચો ડુંગર કલ્પવો, તથા તે ડુંગરના સર્વ અંગઉપર શોભાયમાન લીલું ઘાંસ છે, તથા ફલો તથા પુષ્પોએકરી યુક્ત એવા ઘણા વૃક્ષો તે ડુંગરઉપર છે એવું કલ્પવું, અને તે પર્વતના શીખરઉપર નાહાનીસી સપાટી છે એવું કલ્પવું, તથા તે સપાટીઉપર શ્રીરામચંદ્ર સાક્ષાત ઉભા છે, તથા ડાબી બાજુયે ત્રૈલોક્ય સુંદરી સીતા ઉભી છે એવું કલ્પવું, તથા શ્રીરામચંદ્રજીના અંગનો રંગ એવો છે કે, જેવો ઊર્ધ્વ દૃષ્ટી કર્યાથી આકાશરૂપ પોલાણમાં રંગ દેખાય છે, તેવા શામસુંદર શ્રીરામચંદ્રજીના અંગનો રંગ છે, તથા મસ્તકે રત્નજડીત મુકુટ તથા મોતીનો તોરો છે એવું કલ્પવું. તથા ભાળમાં ચંદનનું તિલક, તથા કાનમાં મચ્છાકૃતી કુંડલો, તથા દંડમાં અંગદો, તથા પોહોચામાં વીરકંકણો, ત-

થા કરાંગુલીયોમાં મુદ્રિકા, તથા ડાબા હાથમાં દિવ્ય તેજોમય ધનુષ્ય, તથા જમણા હાથમાં એક બાંણ, તથા ગળામાં કૌસ્તુભમણી, તથા મોતીઓનો એક વડો, હાર, તથા બકુળ પુષ્પોની તુલસીના મંજરીઓએ યુક્ત એવી જાનુંના હેઠલા ભાગ સુધી ઢળતી એવી માળા, તથા સંકેત જરકિનારી વસ્ત્રનો કાછ વાળેલો છે, તથા દંડ ઉપરથી દુપદાના છેડા લટકી રહ્યા છે, તથા પગમાં સુંદર તોડા છે એવું કલ્પવું, અને શ્રીરામ આજાનુબાહૂ છે એવું કલ્પવું, તથા આજાનુબાહૂ એટલે મધ્યમા આંગળીના અગ્રથીતે, કોણી સુધી જેટલી લંબાઈ હોય છે, તેટલીજ જેહેના દંડની લંબાઈ છે, તેજ આજાનુબાહુ એવું સમજવું, તેવોજ શ્રીરામચંદ્ર આજાનુબાહુ કિંચિત હાસ્યવદન કરી આપણી તરફ કૃપાદૃષ્ટીયેકરી જુવે છે એવું કલ્પવું, અને આપણે શ્રીરામચંદ્રજીના મુખ સામું લક્ષ રાખી, આજ્ઞાધારકની પેઠે વર્ત્તવું, તથા સર્વ પ્રકારે શ્રીરામચંદ્રજીનાં સગુણ સાકાર સ્વરૂપને વિશે પ્રેમ રાખી રેહેવું. અને શ્રીરામચંદ્રજીના સન્મુખ ફળો તથા બીડાં તથા હાર તોરા લઇ ઉભો છું એવું મનોમય કલ્પવું, અને પાણીની ઝારી લઇ ઉભો છું એવું કલ્પવું, એપ્રમાણે સર્વકાળ મનોમય સેવામાં તત્પર રેહેવું, એટલે આપણી ચિત્તવૃત્તી, શ્રીરામચંદ્રજીના સાકાર અવતારરૂપ, તથા અવતાર ચરિત્રરૂપ થાશે, તથા આપણે જે, તે શ્રીરામચરિત્રરૂપ થએલા મનોમય વૃત્તીના સાક્ષી એટલે જાણનારા, તે આપણા સ્વરૂપનેવિશે, ચિત્તવૃત્તી નિજધામે જાશે, તથા એવું કરવાથી સર્વ સાક્ષાતકાર થાયછે, પણ જેમ ગ્રાસોગ્રાસ લેવાના અભ્યાસથી પેટ ભરાય છે, તેમજ નિત્ય શ્રીરામચંદ્રજીના અવતાર મૂર્ત્તીનું

ધ્યાન કરવાથી સમાધાન થાયછે, એસારૂ કહેલી રીતીપ્રમાણે મનોમય અભ્યાસ કરવો, એટલે સાક્ષાતકાર થાયછે, એજ પ્રમાણે સુંદર લીલું થંડૂ તથા વનસ્પતીયુક્ત મેદાન, પાણીના ઝરાઓથી યુક્ત એવું કલ્પવું, અને તે મેદાનમાં, કદંબવૃક્ષ કલ્પી, તે વૃક્ષઉપર શામસુંદર, છ વરસનો શ્રીકૃષ્ણ, સુહાસ્યવદનકરી ઠેકડા મારે છે, અને સકોમલ પ્રેમના શબ્દો, આપણી તરફ જોઇ બોલેછે એવું કલ્પવું, અને દહીં તથા માંખણ લઇ પ્રેમેકરી ખાતો બેઠોછે એવું કલ્પવું, તથા મુરલી વગાડતો નાચતો નાચતો ફરેછે એવું કલ્પવું, તથા એક જમણો પગ પર તોળી, ડાબો હાથ કેડઉપર રાખી, જમણા હાથમાં દડો ધરી, તે દડો ધરેલો હાથ, દડો ભોંઉપર જોરથી નાખવા જેવોકરી, કમલનયનથી આપણી તરફ જોતો જોતો, તથા હસતો હસતો, તથા એકજ ડાબાપગેકરી ઠેકડા મારતો મારતો આવેછે, તથા તે ઠેકડા મારવાથી, શ્રીકૃષ્ણના કાનમાએલાં કુંડલો, તથા ગળામાએલા મોતીઓના હાર, તથા તુલસીયુક્ત બકુલ પુષ્પોની માળા પણ લટકે છે એવું કલ્પવું, તથા ઠેકડા મારવાવખત પગમાએલી ઘુંગરીઓ ઝમકે, કુંડલો લટકે, હાર ઝૂલે, એવો શ્રીકૃષ્ણ છ વરસનો શામસુંદર બાલક જોઇ, પ્રેમેકરી તેહેને ઉપાડી, તેહેનું ચુંબન આપણે લીધું, અને તેહેનાં મસ્તકનું અવઘ્રાણ કર્યું, એવું મનોમય કલ્પવું, અને શ્રીકૃષ્ણ આપણીપાસે બાલભાવનાએ, મુને પાણીમાં પ્રતિબિંબ ચંદ્રછે તે આપ એવું કહી માગેછે, અને આપણે તેહેને સમજાવીએ છૈયે એવું કલ્પવું, એપ્રમાણે મનોમય શ્રીકૃષ્ણના અતીશે કૌતુકથી લાડ લડાવવાં, કેમકે

રામકૃષ્ણ અવતાર, એ ઈશ્વરે જગદુદ્ધારાર્થ, સકૌતુક ભક્તિ-રસ જમાવનારી, લીલારૂપો ધારણ કરેલાંછે, તે ઈશ્વર સર્વ-કાળ છે.

૧૧. "તુંને વેદોક્તકર્મો કરવાનો પ્રકાર, વેદમાં કહેલો છે તેપ્રમાણે, વેદોક્ત કર્મો કરવાંજ જોઈયે, પણ તે વેદોક્ત કર્મો સકામ કરવાં કિંવા નિષ્કામ કરવાં, એબાબદ, વેદની આજ્ઞા એવીછે કે, સર્વ કર્મો નીષ્કામ થૈ કરવાં એઉપર એક ન્યાય એવો છે કે, કોઇએકે કોઇને પાંચ રૂપીયા કરને આપ્યા, અને કરાર કર્યો કે, દરરૂપીઆનું દરમાસે એક પઇસો વી-આજ આપતાં જાવું, અને એક વર્ષમાં વીઆજ તથા મુદ્દલ ચુકતા હિસાબે આપવું, એમાં રૂપીયા આરપણકર્યા એવું થાતું નથી, કેમકે પાંચ રૂપીઆ પાછા લેવાની, તથા વીઆજ લેવાની ઇચ્છા રાખીછે, એથી તે રૂપીઆ આરપણ કર્યા એવો ન્યાય થાતો નથી, તેપ્રમાણેજ જો વેદોક્ત કર્મો, ફલની ઇચ્છા રાખી કરિયે તો તે બ્રહ્માર્પણ કર્યાં એવો ન્યાય થાતો નથી, અને વેદની આજ્ઞા તો એવીછે કે "ઉઁતત્સત્બ્રહ્માર્પ-ણમસ્તુ" એટલે ઉઁકાર, તત્કાર, સત્કાર, એ ત્રંણે નામ નિરદેશે કરી, નિરાકાર બ્રહ્મસ્વરૂપ સમજવું, અને તેહને એ કર્મો આરપણહો, એવો કર્મનાઅંતે કર્મનો વિનિયોગ કરવો, તે કર્યો નહીં તો, દૂધ ઉભરાઈ ગયા પ્રમાણે, કર્મો ફોગટ જાયછે; એસારૂ સર્વ કર્મો બ્રહ્માર્પણ કરવાં; હવે કર્મોના ફલની ઇચ્છા રાખીતો, જેમ વીયાજ, મુદ્દલ, ઇચ્છવાથી, રૂ-પિયા આરપણ કર્યા એવું થાતું નથી, તેપ્રમાણેજ, ફલની ઇચ્છા રાખી હોયતો, કર્મો બ્રહ્માર્પણ થાતાં નથી, અને કર્મો બ્રહ્માર્પણ થયાંનથી, એટલે કર્મોના અંતે (" ઉઁતત્સત્બ્રહ્મા

ર્પણમસ્તુ") એવો કર્મોનો વિનિયોગ થયો નથી તો, કર્મો વ્યર્થ થાયછે, એસારૂ કર્મના કર્ત્તાયે, કર્મોની ફલેચ્છા રાખ-વી નહીં, તથા હું શરીર છું એવો અભિમાન રાખવો નહીં, તથા હું બ્રહ્મ છું એવી સ્ફુર્તી ધરનારા જ્ઞાન પેહેલાનું સેહેજ નિરાકાર, પોલાણની અંદર અચલ તત્વ હું છું, એવી ભાવ-ના રાખવી, એટલા ત્રણ પ્રકાર કર્મકર્તામાં જોઈયે, તોજ કર્મો બ્રહ્માર્પણ થયાં એવું સમજવું, હવે વેદમા એવું છે કે, સૂક્ષ્મરૂપી દેવોના પ્રીત્યર્થ બ્રાહ્મણોયે કર્મો કરવાં અને દેવો-યે તેઓને સર્વ સમૃધ્ધી આપવી એમાં એવો ન્યાય થાયછે કે ગુરૂયે શિષ્યપાસેથી કાંઇ પ્રાપ્ત થાય એવી ઇચ્છા રાખવી નહીં એવી આજ્ઞા છે. અને શિષ્યે, ગુરૂની, શરીરેકરી તથા દ્રવ્યેકરી સેવા કરવી એવી આજ્ઞાછે, હવે એમાં એવો ન્યાય ઠરેછે કે ગુરૂએ શિષ્યપાસેથી સેવા લેવી એવી ઇચ્છા રાખ-વી નહીં, એવો ગુરૂધર્મ ગુરૂએ પાળવો, તથા શિષ્યે ગુરૂની સેવા કરવી એ નેમ શિષ્યને કહેલો શિષ્યે પાળવો એજ હેતુ આજ્ઞા આપનારાનો, એવો ન્યાય થયો; તેપ્રમાણેજ સૂ-ક્ષ્મરૂપી દેવોની પ્રીત્યર્થ નિષ્કામ બુધ્ધીયેકરી બ્રાહ્મણોયે કર્મો કરવાં એ વેદની આજ્ઞા બ્રાહ્મણોયે પાળવી. અને દેવોયે બ્રાહ્મણોને સકલ સમૃધ્ધી આપવી એ વેદની આજ્ઞા દેવોયે પાળવી એ વેદનો મુખ્ય પ્રમેયછે. એસારૂ તું સકામ કર્મો કરીશ નહીં; ઉપર કહેલી રીતીપ્રમાણે નિષ્કામ કર્મો કરતોજા.

૧૨. તુંને મુખ્ય મહાવાકયનો ઉપદેશ કહું છું તે એવો કે, જે ઉપદેશની આગળ કાંઇજ વધારે નથી, હે બાપ અધિ-કારી શિષ્ય " તત્વમસિ " એટલે, તત, ત્વં, અસિ, એ ત્રણ પદનો અર્થ એવો કે, તત, એટલે પોલાણની અંદર ઓત

પ્રોત ભરેલું જે નિરાકાર પરબ્રહ્મસ્વરૂપ, તે નિરાકાર સ્વરૂપજ, ત્વં, એટલે તું, અહંવૃત્તી ધરનારા શરીરમાએલા જ્ઞાન પેહેલાનો સેહેજજ, અસી એટલે છે, એજ "तत्वमसी" એ મહાવાક્યનો ઉપદેશ છે, એ ઉપદેશ, મન બુધ્યાદિકોના સંશય બાળી નાખી, જે શિષ્યને પચ્યો, તે શિષ્યપણ ગુરૂને ઉત્તર આપે છે કે હે ગુરૂ મહારાજ "સોહં" એટલે, સઃ, અહં, એ બેપદનો અર્થ એવો કે, સઃ એટલે તે નિરાકાર પરમાત્મા, તત શબ્દેકરી કહેલો, તેજ અહં એટલે હું છું, પણ તે નિરાકાર સ્વસ્વરૂપનો બોધ, તે સ્વરૂપને વાચા મન એની ઉપાધી નથી, એથી નિરાકાર સ્વસ્વરૂપે કરી બોલવું ન છતાં, વૈખરી વાચાએકરી બોલી દેખાડ્યો, તથા બીજા પ્રકારે શિષ્યે ઉત્તર આપ્યો કે "अहमस्मि" એટલે ગુરૂજી, અહં, અસ્મી, એ બેપદનો અર્થ એવો કે, ગુરૂજી, હું અહંવૃત્તી ધરનારા માયીક જ્ઞાન પેહેલો છું, અને ગુરૂજી, "ब्रम्हाहमस्मि" એટલે, બ્રહ્મ, અહં, અસ્મી, એટલે તમે જે, ત્વં શબ્દેકરી, તું એવું કહી, મુને જાગૃત કર્યો, તેજ, અહં એટલે હું, તત શબ્દેકરી દર્શિત કરેલો નિરાકાર સ્વસ્વરૂપ પરમાત્મા પરબ્રહ્મ, અસી એ ક્રિયાપદે કરી, છું કેહેવા પ્રમાણે, અસ્મી એટલે છું. તે સારૂ ગુરૂજી, "अहंब्रह्मास्मि" એટલે અહં, જે તત શબ્દેકરી કહેલું નિરાકાર સ્વસ્વરૂપ. ત્વં એ શબ્દેકરી, આપણે ચાર દેહાતીત, તથા ચાર વાચાતીત, કહેલી રીતીપ્રમાણે, તથા અસી એટલે છે, એવું આપણે બોલવા પ્રમાણે, અસ્મી એટલે છું; એવું નબોલવાનુંજ બોલી, શિષ્યે પોતીકો બોધ, જે ગુરૂ પાસેથી "तत्वमसि" એ વેદના મહાવાક્યેકરી થએલો,

તે બોલી દેખાડ્યો, એ જ્ઞાનકાંડના ઉપદેશનો વિચાર કરી, ઉપદેશની નિશાણીને પોંહોચવાસારૂ, અંતઃકરણ શુદ્ધ હોવૂંજ જોઈયે, તે અંતઃકરણ શુધ્યર્થ, અનેક પ્રકારના કર્મકાંડના, તથા ઉપાસના કાંડના, ઉપદેશ, કે, જેમાં હિંસા વર્જ, તથા માદક પદાર્થો સેવન વર્જ, તથા સ્ત્રિયોસાથે ઘણો સહવાસ વર્જ, ઇત્યાદિ, મુળજ જેહેમાં નરસાં કામો વર્જ, એવા છે, તે શુદ્ધ સાત્વિક ઉપદેશ, પ્રમાણે વરતી, જેહેનું અંતઃકરણ શુદ્ધ થયું, એટલે વિષય વાસના રહિત થઇ, આત્મ જ્ઞાન પ્રાપ્તીની આશા સારૂ, જેઓનું અંતઃકરણ ઝુરવા લાગ્યું છે, તેઓનેજ, એ શેવટનો, તત્વમસી એ મહાવાક્યનો ઉપદેશ ઠસેછે, અને જેઓને ઠસ્યો તેજ મુખ્ય તારણથી તર્યા અને પૂર્વે, કર્મ ઉપાસનાના, અંતઃકરણ શુધ્યર્થ, જે કરેલાં સાધનો, તે તેથકે લોકોના જાણવામાં આવી, તેઓનું પણ, પરંપરા સંપ્રદાયેકરી તારણ થયું, તથા થાય છે, તથા થાશે, એ પ્રમાણે શેવટનો ઉપદેશ સમજવો, પણ અમસ્તા મોઢેકરી, "तत्वमसी" બોલી, શબ્દ કહ્યા, એટલે તે કેહેનારો ગુરૂ થયો એવું નથી, તથા શિષ્યેપણ "સોહં" અથવા "अहमस्मि" અથવા "ब्रह्माहमस्मि" અથવા "अहंब्रह्मास्मि" એવું અમસ્તું મોઢેકરી ઉચ્ચાર કરવાથી, શિષ્ય પરબ્રહ્મત્વ પાંસ્યો એવું નથી, તેમાએલા અર્થ પ્રમાણે, અંતર્યામમાં નિશ્ચય થઇ, સંશય નઇ, સમાધાન થાવું જોઈયે, તે પ્રમાણે સમાધાન, થયું, કે નથી થયું, એ ગુરૂ કેહેવરાવનારાને, તથા શિષ્ય કેહેવરાવી લેનારાને, બેહુને, જેહેનું તેહેને જણાય છે; એ સારૂ અમસ્તુ ઢોંગ કરવું નહીં, કેમકે, રાજની આગળ કપટ કર્યું તો શાસન થશે, તેમજ 'તત્વમસી'

એ મહાવાકયના ઉપદેશોનું, તમોને અધિકાર નછતાં પેટ ભરવા સારૂ ગુરૂપણાનું, અથવા શિષ્યપણાનું, ઢોંગ કરી, પેટ ભરવાની તરફ, તથા વિષય ભોગવવાની તરફ, ઉપદેશોનું કામ ખરચ કરશો તો, તે કપટોનું શાસન, મરવાપછી, તમારા આત્મામાથીન નિકળી, તમોને થાશે, એમાં સંશય નથી, એ સારૂ જ્યાંસુધી તમે પૂર્ણ થયા નથી, ત્યાંસુધી વિચાર કરતા જાઓ, ઢોંગેકરી સિદ્ધપણાનો અભિમાન રાખી લોકોને ફસાવશો નહીં, એ ઉપદેશરૂપી આજ્ઞા છે.

૧૩ તારા કુટુંબમાહેલું, કોઇ માણસ માંદું પડ્યું હોય તો, તેનીપાસે તું સંસાર પ્રપંચની વાતો બોલીશ નહીં, ફક્ત ઇશ્વરની વાતો બોલતો જા, અને શ્રીમત્ ભગવતગીતાનો અર્થ કેહેનારો, કોઇપણ સારો માણસ તેનીપાસે બેસાડી, તથા બીજા સારા સજ્જન શ્રોતાઓ બેસાડી, તે સારો થાય ત્યાંસુધી જીવનું તારણ જે આત્મ જ્ઞાનેકરી થાય છે, તે આત્મજ્ઞાનનીજ ચરચા તેહેની પાસે ચલાવવી, અને તેહેના ચિત્તને સુખ થાય એવા રામકૃષ્ણ ઇત્યાદિ ઇશ્વરી અવતારોના ચરિત્રો તેહેનીપાસે ગાવાં, પણ તે રામ કૃષ્ણાદિ અવતારોના ચરિત્રો ગાવામાં, ચર્મવાદ્યો, વગાડવાં નહીં, કેવળ તંતી વાદ્યો વગાડવાની ચિંતા નથી, અને એકદમ ઘણાં જણાએ ગાવું નહીં, એક અથવા બેજણાયે એકદમ ગાયન કર્યું હોય તો ચાલશે, પણ એકદમ ત્રણ આસામીયે ગાવું નહીં; કેમકે તે માંદા માણસને, તેવું થવાથી કંટાળો આવે છે, તથા કવિતારૂપ સુરસ ગ્રંથો તેહેનીપાસે વંચાવવા, અને ગ્રહ, દારા, સુત, ધન, પરસ્ત્રી, વૃત્તી, ઇત્યાદિકોઉપર પ્રીતી એટલે ભક્તી રાખીતો પ્રાણીનું તારણ

થાતું નથી, એ સારૂ વ્યાપક ઇશ્વરના, રામકૃષ્ણ અવતાર મૂર્ત્તીઉપર પ્રીતી રાખવી, અથવા વ્યાપ્ય સકલ વિશ્વ, તથા તે વિશ્વને એક શક્તીયેકરી ધરનારો વ્યાપક ઇશ્વર એ બેજીથી પર, જે આપણ શરીરની અંદર બાહેર, પોલાણની અંદર ભરેલું, નિરાકાર પરમેશ્વર સ્વરૂપ, તેજ મારૂં અહંતા ધરનારૂં શરીરમાએલા જ્ઞાન જ્ઞાતાના પેહેલાનું સ્વરૂપ છે, એવી મનોમય વૃત્તીયેકરી, ધારણા રાખી, તે ધારણાની ભક્તી એટલે પ્રીતી ઘણી રાખવી. એટલે તરવું થાયછે, એવું જ્ઞાન, જે જે પુસ્તકોમાં છે, તે તે પુસ્તકો, તે માંદા માણસનીપાસે હંમેશાં વાંચવાં, તેહેનીપાસે જઈ, રોવાને, અથવા પોતીકા દુઃખની વાતો કાહાડવાને, કોઇ બેસે તો તે માણસ, તે આજારી માણસનું દ્વેષ કરનારૂં થયું; કેમકે તેહેનું ચિત્ત ઇશ્વરની તરફ નલાગે, એવો, તે રોનારા, સ્ત્રી પુત્ર વગેરેનો મતલબ નથી હોતો, તથાપિ તેઓના અજ્ઞાને કરી તેઓ તેહેનીપાસે, રોવા તથા પોતીકા દુઃખો ગાવા બેસે છે, એથી તે માંદા માણસનું ચિત્ત, તેઓના રોવાની તરફ તથા દુઃખની તરફ લાગે છે, એથી તેહેનું તારણ થતું નથી, એ સારૂ આજારી માણસનીપાસે, તેહેની સ્ત્રીયે, કે પુત્ર, બંધુ, માં, બાપ, બેહેન, ઇત્યાદી કુટુંબમાએલા માણસોયે, કિંચિત્ પણ દુઃખની મુદ્રા દેખાડવી નહીં, તથા સુખની પણ મુદ્રા દેખાડવી નહીં, તથા રોવું નહીં તથા હસવુંપણ નહીં, કેવળ સ્ત્રીપુત્રાદિકોયે, ઇશ્વરના અવતાર ચરિત્રો ગાવાં, અથવા નિરાકાર પરમેશ્વરનો ઐકય ભાવ ધારણ કરવાના પુસ્તકો વાંચવાં, અથવા વાતો કેહેવી, એ પ્રમાણેજ, મનુષ્યમાત્રોયે, મનુષ્યમાત્રોના તરવા સારૂ, માંદા માણસની

પાસે, તરવાની વાતોવિના, અન્ય વાતો બોલવી નહીં, તથા હરખ શોક કરતાં બેસવું નહીં. ભક્તી જ્ઞાન વૈરાગ્ય એહેનીજ વાતો, આરામ થવાનો ઉપાય કરતાં છતાં, તેહેના મરણ કાળપરીયંત, અત્યંત આસ્તિકપણાંથી બોલવીયો, તેહેમાં મરનારાનો તો ફાયદોછેજ, પણ બીજા જે લોક સાંભળવા સારૂ બેસેછે, તેઓનોપણ તેમાં ફાયદોછે, કેમકે, સર્વોનેજ મરણનોકાળ સરખો નથી હોતો, એથી જીવતાપણામાંજ, તરવાની વાતો જાણવી જોઈયે તથા તેઓનું અંતકાલસુધી સ્મરણ કરવું; એ આજ્ઞા દરએકે પાળવી.

૧૪. તારા શરીરમાહેલા વાયુરૂપ પ્રાણોના લય થઇ, પંચવિષયરૂપ જગતની તુને સ્મૃતી રેહેશે નહીં, તેમજ તારા શરીરની તુને સ્મૃતી રેહેશે નહીં, અને તુને સમાધીસુખ મળશે તથા તુને અનેક પ્રકારના ચમત્કારો, જગતનાં જાણવામાં નથી તેવા માલમ થાશે, અને જેવખત જે વિચાર તું કરવા લાગીશ તો ઉત્તમ પ્રકારના વિચાર તુને સૂજશે અને તું જે સારાં કામો કરવા લાગીશ, તેહેમાં તુને યશ મળશે, એ એટલાં ફલ પ્રાપ્તીનું એક સાધન છે, તે તુને કહું છું, એ સાધન તું કરતોજા, એ સાધનમાં એટલી ફલ પ્રાપ્તી છતાં, એ સાધન કરનારો આળસુ થાતો નથી, તથા બલવાન, અને ઉદ્યોગી થાયછે, તે સાધન એકે, તું પોતાના મનેકરી, ઝીણી અગ્રીના ચિણગાર જેવડી, મનોમય શ્રીરામ મૂર્તી શામસુંદર, કમલનયન, આજાનુબાહુ, સુહાસ્યવદન, અલંકાર ભૂષણયુક્ત, મનમાં લાવ, એ પ્રકારની મનોમય રાઇના આઠમા ભાગ જેવડી મૂર્તી, સાવયવ મનમાં આવે, એ હેતુ રાખી, તું, તેવું ધ્યાન કરવા

લાગ્યો, એટલે છેક ઝીણી સુઇના નાકામાં દોરો પરોવતી વખત, આપણાં પંચપ્રાણ જેવા સ્તબ્ધ થાયછે, તથા આંખો સ્થીર થાયછે, તેપ્રમાણેજ, રાઈના આઠમા હિસ્સા જેટલું ઝીણું ધ્યાન, મૂર્તીનું હસ્ત પાદાદિક અવયવ, તથા હાસ્યવદન, તથા આંખે કરી આપણી તરફ, રામ જોવેછે, એવું કલ્પવા લાગિએ, એટલે ઝીણી સુઇના નાકામાં દોરો પરોવવાના દ્રષ્ટાંતે કરી, ઉપર કહેલા પ્રાણ સ્થીર થાવા. ઈત્યાદી સર્વ પ્રકારો થાયછે, અને તે શ્રીરામ મૂર્તી, ઝીણી છતાં, સંપૂર્ણ, તારા ધ્યાનમાં આવશે, તેવખત, તારી સર્વસિધ્ધી થાશે, તથા એવું ધ્યાન કરનારે સમજવુંકે, નાહાની, સાકાર શ્રીરામ મૂર્તી, મનમાં લાવવાથી જે ફલછે, તે એકલો નાહાનો બિંદુ મનમાં લાવનારાને મળવાનું નથી, એસારૂ રાઇના આઠમાં હિસ્સા જેવડી નાહાની, અવયવ સુધ્ધાં શ્રીરામ મૂર્તી તું મનોમય ધ્યાનમાં લાવ, અને ધ્યાન કરતો જા, એ ધ્યાન, મારા અનુભવનું છતાં, વેદોક્ત છે, પ્રમાણ ઉપનીષદ માએલી શ્રુતી.

" નીલતોયદમધ્યસ્થાદ્વિદ્યુલ્લેખેવભાસ્વરા ॥ નીવારશુકવત્તન્વીપીતાભાસ્વત્યણૂપમા ॥ " એ શ્રુતીમાં કહેલા પ્રમાણે એટલું નાહાનું ધ્યાન કરવાને બેસતાં વેતજ, તારૂં શરીર તથા તારા પ્રાણ સ્થીર થાશે, અને જેમજેમ ધ્યાનમાં શ્રીરામ મૂર્ત્તીના અવયવ પ્રકટ થવા લાગશે, તેમ તેમ તુંને સુખ થવા માંડશે, તથા ધ્યાનમાંથી તું ઊઠીશ તે વખત તુને ઊંઘમાંથી ઊઠવાના સુખથી, જુદીજ જાતનું સુખ થાશે, એ સારૂ રાઇના દાણાના આઠમાં હિસ્સા જેવડી નાહાની અવયવ સુધ્ધાં શામસુંદર, કમલનયન, સુહાસ્યવદન, શ્રીરામ

મૂર્ત્તીના ધ્યાનનો અભ્યાસ તું રાખતો જા, એ સાધન, તું જીવમાંથી વિશરીશજ નહીં. દિવસે પુરસત ન હોય, તોએ પણ, થોડીવખતસુંની દરરોજ એ સાધન કર, કેમકે આ સાધન થકે યુક્ત આહાર એટલે વધારે કિંવા ઓછું ન ખાવું તથા શુચિ દેશ, તથા એકાંત વાસ, ઇત્યાદિ સાધનકરનારાને મળશે તો, યોગ સિદ્ધીનો અનુભવ આવશે; અને એ સાધન થકે, પોતપોતીકા નિરાકાર સ્વસ્વરૂપના જ્ઞાનનો અનુભવ આવી તારણ થાશે, અને એવું ધ્યાન કર્યું નથી, તથા વેદાંત શ્રવણના યોગેકરી આત્મ જ્ઞાન થયું, તો, એવું સમજવું કે, પૂર્વ જન્મના વિશે ધ્યાન કર્યું છે તેહેના યોગથી, વેદાંત સાંભળતાં વેતજ, તારક આત્મજ્ઞાન થઈ, તારણ થયું, તથા આત્મજ્ઞાન જેહેને થયું, તેહેનું તારણ થયું એમાં સંશય નથી, પણ ધ્યાનનો અભ્યાસ વૃત્તીને સુખદાયક છે, તેથી આત્મજ્ઞાનિયે પણ આ ધ્યાનનો અભ્યાસ કરવો, તથા જેહેને આત્મજ્ઞાન નથી તેણે પણ કરવો.

૧૫. તું પારકાની સ્ત્રીસાથે એકાંતમાં, કિંવા સમુદાયમાં વાતો કેહેતો, કિંવા હંસતો રમતો બેશીશ નહીં તથા હાથે કરી, કિંવા આંખોથી અથવા શબ્દે કરી, સાંકેતિક ભાવ દેખાડીશ નહીં, કેમકે, એટલા પ્રકાર કરવા, એજ જાર કર્મનું મૂળ છે, તેવા કર્મનેજ, જાર કર્મ, એવું લોકો કેહેછે, તે તું કરીશ નહીં, કેમકે, તેથકે સર્વ લોકોની સાથે, દ્વેષભાવ ઉત્પન્ન થાયછે, અને તેવાં કર્મો કરનારાનો વિશ્વાસ, કોઇ રાખતા નથી, તથા તેવા કર્મોથી દ્રવ્યનો, તથા આબરૂનો, તથા પ્રાણનો નારા થાયછે, તથા તે કર્મમાં જે પેસે છે, તેહે-

ના ચિત્તને સ્વપ્નામાં પણ સ્વસ્થતા નથી, પછી જાગૃતપણામાં ક્યાંહાંથી હશે, તથા તે કર્મ કરવાવાળા માણસના કાન, સાજા, તથા ખુલા હોય, તોય, જાગૃત સ્વપ્નામાંપણ પરમેશ્વર પ્રાપ્તીની, જ્ઞાનભક્તીની વાતો, સાંભળવાને બેસાડીયે, તોય તેહેને સંભળાતી નથી, એથી તેહેનું તારણ થાતું નથી, અને તેવું કામ કરનારાને નિષ્કપટી માણસોનું બોલવુંપણ સારૂં લાગતું નથી, અને તે કપટી માણસોના સંગતમાં લાગી સર્વકાળ ઠગબાજી કરેછે, અને તેવા માણસ, નિર્લજ્જપણાથી, અનેક પાતક કર્મો આચરણ કરેછે, એથી નરકમાં પડેછે એસારૂ તું પરવધૂનો સમાગમ કરીશજ નહીં, તથા સ્ત્રીયેપણ પરપુરૂષનો સમાગમ કરવો નહીં.

૧૬. તું પોતીકી સ્ત્રીને, ભક્તી જ્ઞાન, વૈરાગ્ય, પ્રાપ્ત થાય, અને તેહેનું તારણ થાય, એસારૂ પ્રયત્ન કર, કેમકે સ્ત્રીયોના, કિંવા પુરૂષોના જીવાત્માનું તારણ થવાસારૂ, ઈશ્વરની બાબત ભક્તી, જ્ઞાન, વૈરાગ્યજ સાધન છે, તે શિવાય કોઇ તરશેજ નહીં, એસારૂ તેહેને પડદામાં પુરીરાખીશ નહીં, કેમકે, જે કોઇ પોતીકી સ્ત્રીને પડદામાં પુરી રાખેછે, તેહેનાથી યુધ્ધમાં જવાશે નહીં, તથા તેઓથી એકાકી દેશાંતરે, જવાશેજ નહીં, કેમકે તેઓને લાગેછે કે, આપણે દેશાંતરે જઇશું તો, પડદામાં બાયડી છે તેહેનું રક્ષણ કોણ કરશે, તથા યુધ્ધમાં જશું તો બાયડીને શત્રૂ પકડી જાશે, તેથી મારી ફજેતી થાશે એવી કલ્પનાઓ કાઢી, તે સ્વૈણ મનુષ્ય, બાયડીને પડદામાં બેસાડી, પોતે તેહેનીપાસે રેહેછે, એથી બાયડીને પડદામાં બેસાડી રાખનારાને, શૌર્ય મુળેજ રેહેતું નથી, એસારૂ બાયડી પોતાની એવું તું વ્યવહાર દૃષ્ટીયે માત્ર કેહેતોજા, પણ પાર-

લૌકિક સાધનવાસ્તે બાયડી તારા જીવાત્માની સાથી નથી, તથા બાયડીના જીવાત્માનો તું સાથી નથી, કેમકે, તું મરીશતો બાયડી બીજો કરશે, તથા તે મરશે તો તું બીજી કરીશ, એ-સારૂ સ્ત્રી પોતાની કેહેવી એ વ્યાવહારિક નીતિમાર્ગ છે, એવું તું મનમ ંલાવી, પોતીકી સ્ત્રીપાસેથી ઈશ્વર ભક્તી કરાવતો જા, પણ તેહેની ઈશ્વર ભક્તીને તું વિઘ્ન કરીશ નહીં, કેમકે, તારૂં તારણ બાયડીથી થવાનું નહીં, તથા બાયડીનું તારણ તારા-થી થવાનું નહીં, એતું આપણા મનમાં સમજ, તથા બાયડીયે પણ સમજવું, અને તુંપણ પરદ્વાર કરીશ નહીં, તથા તેણીએ-પણ પરદ્વાર કરવું નહીં, તથા તું સ્ત્રીઉપર પરદ્વાર કરવાનો આરોપ ઠેરાવી મારહાણ કરીશ નહીં, તથા તેણીયેપણ કરવી નહીં, તથા તારૂં અને સ્ત્રીનું ભેગું નચાલે તો તું તેહેને અન્ન વસ્ત્ર આપતો જા, પણ પારકા પુરૂષના ઘેર, પતીની આજ્ઞાશિ-વાય સ્ત્રીયોયે જાવું, એજ અન્યપતી કર્યો એવું સમજવુંછે, તેવું સ્ત્રીયે કર્યું તો તારો તેહેનો સંબંધ નથી, પણ એક પતી જીવતો છતાં બીજો પતી કરવો, અથવા એક સ્ત્રી જીવતી છતાં બીજી સ્ત્રી કરવી એના યોગ્ય કારણનો રાજાયે તપાસ કર્યાવિ-નાં, તેવું કરવાનો કોઈને અધિકાર નથી, એસારૂ તું પોતીકી બાયડીને, પોતીકા હિત કર્ત્તા મિત્રપ્રમાણે માનતો જા, તથા તેણીયે પણ બાયડાને પોતાનો પૂર્ણ હિતકર્ત્તા મિત્ર એવું સમજી, તેહેની મૈત્રી તૂટે નહીં, એવું વરતવું, તથા પરસ્પરના તરવાસારૂ, પરસ્પરોએ તુટી પડવું, અને પોતપોતાનું તારણ થવાનું સાધન, ભક્તી જ્ઞાન વૈરાગ્ય જે, તેહેનો અંગિકાર કરી શ્રવણ મનન નીદધ્યાસન કરી, તારક, આત્મ જ્ઞાનના સાક્ષાતકારને પોહોંચવું એ આજ્ઞા સર્વને છે.

૧૭. તું હરકોઈના અંગમાં દેવ આવી ધૂણે છે એ વાત માનીશ નહીં, તથા કોઈના અંગમાં ભૂત ધૂણે છે એવાત મા-નીશ નહીં, તથા દેવને માનતા કરી એટલે આપણું કામ થા-યછે એવાત માનીશ નહીં, તથા કોઈ સારા માણસના આ-શિર્વાદે કરી છોકરાં થાયછે એવાત માનીશ નહીં, તથા કોઈ માણસના મંત્રેકરી માણસો મરેછે એવાત માનીશ નહીં, તથા મરતા હોયતો મંત્રેકરી જીવેછે એવાત માનીશ નહીં, તથા મંત્રે કરી વીછી, સાપ, ઈત્યાદિકોના દંશથી ચડેલાં જેહેરો ઉતરે છે એવાત તું માનીશ નહીં પણ ઈશ્વર ભજનના મંત્રોનું અનુષ્ઠા-ન કરતો જા, તથા કોઈ છીકયોછતાં તે છીકમાં સારૂં નરસું થ-વાના શકુન હોયછે એવું કોઈએ કહ્યું, તો, તે તું માનીશ નહીં, તથા ઘોડો ફરફરીયો, તથા ગરોળી ચગચગી, તથા અંગઉપર પડી, તથા પીંગળપક્ષી કલબલી ગયો, તથા ઘૂડપોકાસ્યું તથા આંખફરકી, તથા ભુજા ઊછળી, તથા પગનું તલીયું ખજવા-યું તથા કાગડો કરકસ્યો, તથા સિયાળે લાળી કીધી, તથા કુતરૂં રોયૂં તથા બલાડાં વઢયાં, તથા વિધવા સ્ત્રી ઘેરમાંથી બાહેર જતી વખત સામી મળી, અથવા એકલો બ્રાહ્મણ આગળ આવિયો. અથવા લાંકડાં, કિંવા પ્રેત આગળ આ-વિયું, અથવા ચંદ્ર આડું ખળું જોવામાં આવિયું, અથવા વંટો-ળીઓ છુટ્યો, અથવા બાહેર જવા વખત તું ક્યાંહાં જાય છે એવું કોઈએ પુછ્યું, અથવા કોઈ બારણા વચ્ચે બેઠું અથવા દીવો પડ્યો, અથવા કાગડો ડાબો ગયો, અને ગણેશ પંખી જમણો થયો, અથવા ભારદ્વાજ પક્ષી જોયો, અથવા નોળીયા સર્પનું યુદ્ધ જોયું, અથવા સર્પનું મૈથુન જોયું, અ-થવા કાગડાનું મૈથુન જોયું, અથવા કોઇયે શાપ આપ્યો,

અથવા કોઇએ ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, કેહેવાના ઢોંગેકરી વાતો કહીયો, અથવા ફલાણી વખત જન્મ્યું તેહેનાં પગલાં ફલાણી રીતે નરસાં સારાં, અથવા ગાય, ભેંસ, ઘોડું, એનાં પગલાં નરસાં સારાં, અથવા ઘેર કોઈ ચાકર રહ્યો તેહેનાં પગલાં નરસાં સારાં, અથવા વહુ, અથવા પરોણાનાં પગલાં નરસાં સારાં, અથવા ઘેરમાં શાલિગ્રામ ઇત્યાદિ મૂર્ત્તીયો લાવ્યા તેહેનાં પગલાં નરસાં સારાં, અથવા રામાયણાદિક ઉત્તમ ગ્રંથો ઘેરમાં વાંચ્યા તેહેનાં પગલાં નરસાં સારાં, ઇત્યાદિ વાતો, મુરખ, તથા નિરૂદ્યોગી લોકો કલ્પે છે, તેહેને શાસ્ત્રનું પ્રમાણ નથી, એ સારૂ તે વાતો તું માનીશ નહીં, તથા ઘેરમાં છોકરાંને માતા, ઓરી, અછબડા, ઇત્યાદિ વિસ્ફોટક રોગ થયા બાબત ઘેરમાં દૈવત આવ્યું એવું તું માનીશ નહીં, અને છોકરાઓને જે ઘેરમાં માતા આવીયો, તે ઘેરનાં દરવાજા આગળ, ગોમુત્રનું હાંડલું ભરી, તે માએલું ગોમુત્ર, બાહેરથી ઘેરમાં આવનારાએ, પ્રથમ પોતીકા પગને લગાડી, પછી ઘેરમાં આવવું, એ તું માનીશ નહીં; તથા છોકરાઓને માતા આવીઓ, એટલે વિસ્ફોટક રોગ થયો છતાં, ઘેરમાં દેવીની સ્વારી, તથા ભુતોની સ્વારી આવી એવું કલ્પવું તું માનીશ નહીં, તથા જમતી વખતે કોઇયે આપણું અન્ન જોયું, તો તેની નજર અન્નઉપર પડેછે, એવો વેહેમ રાખી, એ અન્ન ખાઇશ તો મરીશ, એવું અમસ્તું કલ્પી, તે અન્નનો ત્યાગ કરીશ નહીં, તથા કોઇ એક સ્ત્રીને, તથા પુરૂષને, ભુત, દૈવત, પ્રસન્ન છે, એ સારૂ. તે સ્ત્રી પુરૂષો, ભુતો દૈવતો મોકલી, મુને મરાવશે, એવું કલ્પી માનીશ નહીં, તથા ડરીશ નહીં, તથા ભર્ત્તારના પ્રેતનીસાથે બળી મરવું, એમા પુંણ્ય છે એવું માનીશ નહીં, તથા બળી મરનારી સતી છે એવું સમઝીશ નહીં, જે સ્ત્રી કામનું, તથા અજ્ઞાનનું દહન, સ્વવિચારથી કરશે તેજ સતી સમઝવી, તથા મંત્રથી ગારોડી, તથા પંચાક્ષરી, ચમત્કારો કરે છે એવું માનીશ નહીં, તથા મદ્યમાંસ સેવન કરવાથી દેવી જગદંબા પ્રસન્ન થાય છે એવું માનીશ નહીં, તથા દારૂનું દૂધ, તથા માંસના પુલો, તથા પાણીનું ઘી, તથા મરેલું જીવતું, ઇત્યાદી ચમત્કારો ફલાણાયે, તમકાયે કર્યા, એવી લખાડોયે લખી રાખેલીયો. તથા કહેલીયો વાતો ઉપર, વિચાર ન કરતાં વિશ્વાસ રાખીશ નહીં, તથા રજસ્વલાનો, તથા માહારનો શબ્દ, જમતી વખતે સાંભળવાથી, જમવું પડતું મુંકી, મુરખ લોકો ઉઠે છે, તેવા મુરખોને પવિત્ર માનીશ નહીં, તથા તું તેવું મુરખપણું કરીશ નહીં, તથા માહારનો પડછાયો અંગઉપર પડીઓ, તો તેથકે દોષ લાગે છે, એવો ભ્રમ તું રાખીશ નહીં, કેમકે પડછાયો કાંઇ પદાર્થ નથી, પણ ઘેડ ખરાબ ખાણું ખાય છે, તેથી તે નીયમ છે, કદાક તેણે ખરાબ ખોરાક છોડ્યો, તો તેહેની છાયાની ફીકર નથી, કેમકે નરસાં કર્મો કરવાવાળાના પડછાયેપણ ઉભું રેહેવું નહીં, એવું લોકો બોલે છે, તે બોલવાનો અભિપ્રાય એજ કે, નરસાં કામ કરનારાનો સમાગમ કરવો નહીં, પણ છાયામાં વિટાળ છે એવો તે બોલવાનો અર્થ, બાહ્ય દેખાય છે, પણ તેવો અર્થ નથી. તથા જલપર્યટન કરનારો વટલાએ છે એવો ભ્રમિષ્ટ લોકોયે, મોટામોટા સાધૂનાં નામો નાંખી, બનાવેલો કપટી લેખ, તથા બોલવું, કબુલ કરીશ નહીં, જેલાશક જલપ્રવાસ કરતો જા, તથા કેટલાંએક ભુમિમાં-

થી ઊગનારા પદાર્થો, સદોષ છે એવું કલ્પી, મુરખ માણસો તે નખાવાથી, પોતપોતાને પવિત્ર સમજે છે, તે તેઓનું બોલવું મુખ્ય શાસ્ત્ર નથી, એ સારૂ તું માનીશ નહીં, તોય પણ, કાંદા, લસણ, એ દુર્ગંધ પદાર્થો, સભામાં બેસનારાઓને, તથા ઉપદેશ કરનારાઓને, અયોગ્ય છે, વાસ્તે તું માદક પદાર્થો, તથા માંસ, એ વગર, એટલે ને ભુમીમાંથી ઊગનારાં, તે સર્વ પદાર્થો ખાવાં, ફક્ત માદક પદાર્થો અને માંસ તું ખાઇશ નહીં, તથા પિશાચ નજરે આવેછે એ તું માનીશ નહીં, કારણ, જે જીવાત્માઓ મરવાપછી, ભોગશરીરેકરી, નીચ ભોગ ભોગવે છે, તે દશ્ય નથી, એવા તેઓનેજ, ભૂતપિશાચ, એવી સંજ્ઞા છે, તેઓનું માણસોને વળગવું એવું છે કે, જેમ જીવાત્માઓ, જન્મ લેવા સારૂ, માબાપના શરીરનો આશ્રય, ન જાણી કરે છે, તેવોજ પિશાચનો પ્રકાર સમઝવો, અને એવા વિકારનો નાશ કરવો હોય તો અંતર્બાહ્ય શુદ્ધ રેહેવું, એવું સમઝી વર્તતો જા, તથા તું મુએલા માણસોના નામથી થડું એટલે સમાધીયો બાંધીશ નહીં, તથા લગન, અથવા જનોઇ કરવી હોય તો, તું પાંચ, કિંવા દશ રૂપીયાથી, વધારે ખરચ કરીશ નહીં, તથા ઢોંગી લોકોએ, તારા બાપ દાદા, સ્ત્રી પુરૂષોને ફસાવી, ભલતૂંજ કુલદૈવત કલ્પી, જીવ હિંસા કરવાનો કુલધર્મ સ્થાપ્યો હશે, તો તે અશાસ્ત્ર છે એવું તું સમઝ, અને કુલ ધર્મના નિમિત્તથી, અથવા હરએક પ્રકારે જીવોની હિંસા કરીશ નહીં, અને જો ઘેરની સ્ત્રિયો વગેરે માણસો સાંભળશે નહીં, ને એકાદ ખોટા સબબથી હિંસા કરવાનો કુલધર્મ ઠરાવી કરશે, તો તેઓને તું શાસનથી તેવું કરવા દેઇશ નહીં, અને

જો ઘેરનાં માણસો પાસેથી હિંસા કરવા સારૂ કોઈ બાહેરના ઢોંગી માણસો પ્રયત્ન કરશે, તો તેઓને તું રાજા પાસેથી શાસન કરાવ, અને તેઓનું નચાલે એવું કર, તથા કોઇ માણસ મંત્રેકરી ચમત્કાર કરૂં છું એવું ઢોંગ મચાવશે, તથા અંગમાં અવતરવાનું એટલે ધૂણવાનું ઢોંગ મચાવશે, અને લોકોને ફસાવશે, તો તેવાં માણસોયે, તે કર્મ પડતું મુકવું, તે સારૂ રાજાની પાસે, ફરીઆદી કરી, સર્વ પ્રકારે, તે તેવાઓને શાસન કરાવ, અને તે તેવું ઢોંગ છોડે તાંહાં સુધી, તેહેનું રેહેવું ગાંમમાં થાય નહીં, એવો રાજાયે બંદોબસ્ત રાખવો, અને જો તે ઢોંગ, તે છોડશે, અને વેદોક્ત ધર્મ પ્રમાણે વરતવા લાગશે, તો તેણે ગાંમમાં રેહેવું એવું કરાવ, તથા દિવાનાનો વેષ લઈએ, એટલે ઇશ્વરની પ્રાપ્તી થાએ છે, એવું કોઇ કેહે તો તું માનીશ નહીં, તથા કોઇ પણ વાત બને છે તે વખત આકાશમાએવું ગ્રહચક્ર કોઇ પણ રીતનું હોય છે તેઓના શુભાશુભ ફલો છે, પણ તેહેનું સૂક્ષ્મ ભવિષ્ય ઇશ્વર વગર બીજાને ખબર નથી, એ સારૂ ગ્રહોનાં શુભાશુભ ફલોની તરફ જો, પણ જોઈ તું ભય રાખીશ નહીં, તું સારાં કર્મો કરતો જા, તેમાં જે ગ્રહાદિકોના નિયમેકરી ફલ આવશે, તેહેના ભોગથી કંટાળીશ નહીં, તથા પ્રાણાંત સંકટ પડે તોયપણ તું નીતી છોડીશ નહીં, તથા પ્રાણાંત સંકટ પડે તોએપણ તું પોતીકા શરીરનો ઘાત કરીશ નહીં, તથા તુંને ક્રોધ આવ્યાથી, કાંઈ કોઇનું નરસું કરવાની બુદ્ધી તુને ઉત્પન્ન થઇજ તો, તું પોતાનો પરમાણુરૂપ દેહ, તેવોજ જે ઉપર ધુશે થયો હઇશ તેઓનું પરમાણુરૂપ દેહ છે, એવું મનમાં લાવ, અને

પોતીકા શરીરના પરમાણુંસારૂ, બીજાના પરમાણુરૂપ શરીર ઉપર ઘુશ્શે થાવું, એ અજ્ઞાન લક્ષણ છે, એવું સમઝી, ને સારૂં, તેન કર, તથા જે વાતો તારે છોડવી એટલા વાસ્તે તે કહીઓ, તે સર્વ વાતો વેદોક્તધર્મવિરુદ્ધ છે, તથા લોકોયે સ્વમતીયે કરી કલ્પેલીયો છે, તેથી તેહેનો ત્યાગ કરવાની આજ્ઞા તુંને આપી છે, એવું છતાં, જો તુંને કોઈ માણસો કેહેશેકે જો ઉપરની વાતો સશાસ્ત્ર નથી, તોયપણ ઘણાદિવસથી ચાલેલીયો છે, તે કેમ છોડીયે, તો તેઓને તું એવું કેહેકે, શાસ્ત્ર તો તમારી નરસી વાતો ચાલવા પેહેલાનું ઘણાદિવસનું ચાલતું આવે છે, વાસ્તે તે શાસ્ત્ર પણ ઘણા દિવસથી ચાલતું આવેલું શીરીતે છોડવું, કેમકે ઘણા દિવસથી ચાલતું આવેલું શાસ્ત્ર માનવું તો ઘણા દિવસથી ચાલતી આવેલીયો વેહેમી વાતો, જે તુંને ઉપર કહીયો, તે ત્યાગવીજ જોઇયે. કારણ તે વાતો અશાસ્ત્ર છે, તેથી શાસ્ત્ર પ્રમાણે વર્તવા સારૂજ, તે વેહેમી અશાસ્ત્ર વાતો છોડવીયોજ છોડવીયો, કેમકે નરસી વાતોની રૂઢી, શાસ્ત્રથી બલાઢ્ય નથી, શાસ્ત્રજ સર્વ થકે બલાઢ્ય છે, એ સારૂ શાસ્ત્રપ્રમાણે ચાલવું, અને ઉપર જે વાતોનો ત્યાગ કરવો એવું કહ્યું, તેપ્રમાણે નરસી વાતોનો ત્યાગ કરવો, એજ સર્વોને આજ્ઞા છે.

૧૮. તું ચોરી કરીશ નહીં, એટલે જે ઉપર પારકાની સત્તા, તેજ પરધન, એવું તે બીજાનું ધન બલાત્કારથી, અથવા કપટેકરી, કિંવા તેહેને ખબર નપડતાં, લઇશ નહીં, કેમકે પાંચ વિષયરૂપી પરધન હરણ કરવું, એજ ચૌર્યકર્મ છે, તે તું કરીશ નહીં, કેમકે ચૌર્ય કર્મમાં સર્વ પ્રકારના અ-

નર્થો છે, તથા ચૌર્ય કર્મી માણસના મનમાં સર્વકાળ કપટ રેહેછે, એથી તેહેના મનમાં ઈશ્વરનું પ્રેમ રેહેતુંજ નથી, તથા ચૌર્યકર્મી માણસના જીવાત્મા ઉપર, લોકોની હાય હાય, તથા દાંત કરડવું, તથા દુઃખનું રોવું, બીજમાં વૃક્ષ, તેમ જ્ઞાનની વિસ્મૃતીરૂપ આવરણમાં રેહેછે, એથી તેહેને ઉત્તમગતી પ્રાપ્ત થાતી નથી, તથા તેહેને મરવાપછી અનેક યાતનાઓ, તેહેના જીવાત્મામાંથી નિકળોલીઓ ભોગવવી પડેછે, એસારૂ તું ચૌર્ય કર્મ કરીશ નહીં, તથા ચૌર્યકર્મ કરવાવાલાને સાહ્ય કરવું, એપણ ચૌર્યકર્મ છે, તેથી તું ચૌર્યકર્મ કરવાવાલાને સાહ્યપણ કરીશ નહીં, તથા સ્વતઃ ચૌર્યકર્મ કરીશ નહીં.

૧૯. તું હરેક પ્રાણીને પીડા કરીશ નહીં, કેમકે પ્રાણિમાત્રોને પીડા કરવી એજ મુખ્ય પાતક કર્મ છે, એટલે નરકમા પાડનારૂં કર્મ છે એસારૂ તે તું કરીશ નહીં, તથા પ્રાણિમાત્રોને સુખ આપવું તથા પ્રાણિમાત્રોઉપર ઉપકાર કરવો, એજ મુખ્ય તારક જ્ઞાનનો લાભ કરી આપનારૂં પૂતકર્મ એટલે પુંણ્યકર્મ છે, એસારૂ તું પ્રાણિમાત્રોઉપર ઉપકાર કરતો જા, પણ તું પ્રાણિમાત્રોને પીડા કદીજ કરીશ નહીં, કદાક આપણા જીવ ઉપર વાત આવી બની તો, હરેક રીતીયે કરી પ્રાણિમાત્રોને પીડા નથાય, એવા ન્યાયથી તું તારો બચાવ કર, એટલે વ્યાઘ્રાદિક આપણો પ્રાણ લેવાને આવેછે, તેઓને મારવું એ પરપીડા નથી, એવો ન્યાયછે, તે પાળી વરતતો જા, અને પ્રાણિમાત્રોને પીડા કરીશ નહીં, તેણેકરી તું જીવતો છતાં પણ સુખમાં રહીશ, તથા મરવા પછી પણ દુઃખમાં પડવાનો નથી.

૨૦. તું વેદોક્તધર્મ વિરુદ્ધ મત કાઢીશ નહીં, તથા

વેદોક્ત ધર્મવિરૂદ્ધ, જે લોકોયે મતો કાઢ્યાં હોય, તે મતોનો પક્ષ ધરીશ નહીં, કેમકે વેદોક્તધર્મ એ સૃષ્ટીના પ્રારંભ, જે મૈથુનસૃષ્ટી વિરહિત ઇચ્છામાત્રે કરી જન્મેલા રૂષી, એઓએ સ્થાપન કર્યોછે, તથા તેના સંરક્ષણસારૂ, તે રૂષિઓની પ્રાર્થના ઉપરથી, ઘણી વખત ઇશ્વરે અવતારો ધારણ કર્યા, અને ધર્મ સંસ્થાપના કરી તેપ્રમાણેજ આગળ પણ, કલકી અવતાર ધારણ કરી, જે વેદોક્તધર્મને ઉપદ્રવ કરનારા, તેઓનો ઇશ્વર સમૂળ નાશ કરશે, અને લોકોને તારશે, એવો આ વેદોક્તધર્મ છે, તથા તેહેનું રક્ષણ કરનારો ઇશ્વર સર્વ સત્તાધારી છે, તથા વેદોક્તધર્મ જેણે સ્થાપન કર્યો, તે ઇચ્છામાત્રે કરી જન્મ લેનારા રૂષીઓપણ સૂક્ષ્મ તત્વરૂપી દેહધારીઓ છે, એવું સમઝી તું વેદોક્તધર્મ, પ્રાણાંત સંકટ પડે તોયેપણ છોડીશ નહીં, કેમકે વેદોક્તધર્મનાં નિયમમાં છતાં મરવું; એજ મરણ ઉત્તમ ગતી આપશે, પણ નાસ્તીક થઇ જીવવું તથા મરવું એ બેઉપણ ખરાબ એવું તું સમઝ, અને વેદોક્તધર્મનો, જેમનેમ શોધ કરતોજઈશ, તેમતેમ તુંને અધિકાધિક જ્ઞાન પ્રાપ્ત થાશે, કેમકે તેહેમાં સર્વ વિચાર પૂર્ણપણાનાં છે, તથા વેદમા નથી એવું કાંઇજ નથી, એસારૂ તું વેદોક્તધર્મવિરૂદ્ધ મત કાઢીશ નહીં, તથા લોકોયે વેદોક્તધર્મવિરૂદ્ધ મતો કાઢ્યાં હશે તેમાં પેશીશ નહીં, તથા તેહેનો પક્ષ ધરીશ નહીં, કેમકે વેદોક્તધર્મ વિરૂદ્ધ વાતો કેહેનારા માણસો, ઉપર ઉપરથી, મીઠું બોલી, લાલચ દેખાડે છે, પણ અંતર્યામમાં મોટા ચાંડાળ તથા નિર્દય હોયછે, અને હિંસા કરવાનો, તથા માદક પદાર્થો સેવન કરવાનો, તથા શુદ્ધ ક્રિયાઓ ડુબાવી, ભ્રષ્ટ ક્રિયા સ્થાપન કરવાનો, તે મતવાદીઓનો

ઉપદેશ હોયછે, એ તું ધ્યાનમાં રાખ, અને વેદોક્તધર્મ છોડ, એવું કેહેનારાનું કદીપણ સાંભળીશ નહીં, તારો પ્રાણ જાય તોપણ સાંભળીશ નહીં, એ આજ્ઞા ભૂમંડલ ઉપરના મનુષ્યમાત્રોને છે.

૨૧. નીતી રક્ષણ કરવીછે, એસારૂ એટલી વાતો અવશ્ય તોડી પાડવી, એટલે ડફના તમાસાઓ ન જોઇએ, તથા સ્ત્રીપુરૂષોના બીભત્સ શૃંગારરસ જેમાં વર્ણન કરેલો, તથા બદ કર્મોની વાતો જેમાં વર્ણવીઓ છે, તેવી કવિતાઓ કોઇએ ગાવી વાંચવી નહીં, તથા કોઇ ગાશે, કિંવા વાંચશે, કિંવા બીભત્સ ચિત્રો કરશે, કિંવા વેચશે, અથવા જોશે અને છુપાવશે ઇત્યાદી તેવાં કર્મો કરવાવાળાને રાજાયે અવશ્ય શાસન કરવું, તથા ધર્મપ્રમાણે જમાતના એટલે જાતના બાહેર તેવા ખરાબ માણસને રાખવો, અને તેનું કંઇ ચાલવા દેવું નહીં. એટલે નીતીનું રક્ષણ થાયછે, તથા ફાગણ શુદ્ધ પૌર્ણિમાના દિવસે, ધર્મનો નિયમ એટલોજ છે કે, સુગંધ પદાર્થો લઇ, તેહેનો તેદિવસે, અગ્નીમા હોમ કરી, તે સુવાસમાં આનંદ કરી, તે દિવસે ઇશ્વરની પ્રાર્થના કરવી, એ નેમ કોઇયે છોડવો નહીં, અને એ નિયમ ભાંગી, જે અનીતીએ, બીભત્સ ચાલ, ફાગણ શુદ્ધ પૌર્ણિમાને દાઢે કોઇ કરશે તેવોને રાજાયે શીક્ષા કરવી, તથા લોકોએ જમાત બાહેર મુકવો, અને તેઓનું કાંઇ ચાલવા દેવું નહીં, એટલે નીતીનું રક્ષણ થાશે, કેમકે તે સુગંધી પદાર્થોનો હોમકરી, ઇશ્વરની પ્રાર્થના કરવાનો, ફાગણ શુદ્ધ પૂનમનો ઉત્તમ દિવસ છે, તે જે દુષ્ટ મતવાદી લોકોને ભાંગવાની ઇચ્છા થઇ, તે લોકોએ તે શુદ્ધ ક્રિયાઓ કરનારાઓના વિરૂદ્ધ, તેઓને ત્રાસ થાએ એવાં

બીભત્સ કામો કર્યાં, તેજ બીભત્સ વરતવાને, હાલમાં મુખ્ય વરતવું ઠરાવી, લોક ફાગણ શુધ્ધ પૂનમે, બીભત્સ કામો કરેછે, એસારૂ તેઓને રાજાયે શાસન કરી, મુળની જે, ઉદ તથા ધૂપ, તથા ચંદન, ઇત્યાદિ સૌગંધિક પદાર્થો અગ્નીમાં નાખી, તેહેના સુવાસમાં ઉભા રહી, ઈશ્વરની સ્તુતી, તથા પ્રાર્થના કરવાની રીત, તેજ ચાલુ રાખવી, એપ્રમાણે કરવાથી નીતીનું રક્ષણ થાશે, એસારૂ રાજાયે તેવું કરાવવું, અને નીતીનું રક્ષણ કરવું, તથા જગતમાએલા લોકોયે, તથા રાજાયે તેવું માનવું, એજ આજ્ઞા છે.

૨૨. વર્ણ વ્યવસ્થાના કારણો ગુણકર્મ પ્રમાણે છતાં, પંચદ્રવીડ, તથા પંચગૌડ, તથા ચિત્તપાવન, તથા દેશસ્થ, તથા કરાડા, તથા દેવરૂખા, તથા ગુરજર, તથા મારવાડી, તથા શીખ, તથા જઈન, તથા લિંગાયત, તથા મધ્વ, તથા શેણવી, તથા પરભુ તથા પાંચકળશી, તથા પારશી, તથા ઇંગ્રેજ, તથા ફ્રેંચ, તથા આરબ, તથા રશિયન, તથા ચીની, ઇત્યાદિ અનેક પ્રકારના નામોની જમાતોનો, એટલે જાતનો, અભિમાન રાખી, બ્રહ્મ પરસ્પરમાં લઢેછે, અને મનમાં આવે તેવી, પરસ્પરની નિંદા ભરેલા, સંસ્કૃત શ્લોક રચનાના ગ્રંથો, નવા રચી, તેહેમાં અનેક પુરાણોના નામો લબાડીથી નાખેછે, અને દેશભાષાઓમાપણ, નિંદાના ગ્રંથો રચી, પરસ્પર દ્વેષ કરેછે, એનું કારણ "મર્કટસ્ય મદિરાપાનં તન્મધ્યે વૃશ્ચિક દંશનં" પછી તેનું ચરિત્ર શું જોવાનું? તેપ્રમાણે મુળે વર્ણવ્યવસ્થા ગુણકર્મ ઉપરથી છે એ વિસરી ગયા, એજ વિસ્મરણ મદ્યપાન છે, તેહેમાં ધનની ઉપાર્જના કરવાથકે જે મત્સર ઉઠેછે તેજ વૃશ્ચિક દંશ થયો છે, એથી પરસ્પર દ્વેષયુક્ત થઈ, પરસ્પરને

ક્રોધ ઉપરથી, બીભત્સ બોલવા પ્રમાણે, પરસ્પરના જમાતોની એટલે જાતની નિંદા, ગ્રંથરૂપે કરવાલાગ્યા, અને પરસ્પર દ્વેષ રાખવા લાગ્યા, અને વિચાર કોઈજ કરે નહીં એવું થયું, એનું મુળ વર્ણવ્યવસ્થા ગુણકર્મ ઉપરથી હાલમાં કરવી જોઈયે તે કરતા નથી એજ છે, એવું ડાહ્યા એ, પક્કું ધ્યાનમાં રાખવું, અને એ અનર્થ, મનથી, તથા ક્રિયાયે, દુરકરી, પરસ્પર મનુષ્યમાત્રોએ, પરસ્પર ઉપર પ્રીતી રાખી, પરસ્પરોનું ઓછું પડવા દેવું નહીં, એક બીજાનું સાહ્ય કરતા જાવું, એજ આજ્ઞા છે, તથા સર્વ પૃથ્વી ઉપરના માણસો, ગુણકર્મ વિભાગેકરી જુદાજુદા વર્ગોમાં છેયે, તોએ, એક આકર્ષણ તથા જ્ઞાનશક્તીએ કરી જગત ધરનારા ઈશ્વરના, અમો સર્વ બાલકો છૈયે, એવું સમજી. ઈશ્વરની વેદાજ્ઞાપ્રમાણે, પરસ્પર ઉપર પરસ્પરોએ પ્રીતી રાખી, પરસ્પરોનું સાહ્ય કરી, સર્વ ભૂમંડલ ઉપરના માણસોએ, મતવાદ છોડી, વેદોક્તધર્મ પ્રમાણે વરતી, પરસ્પર ઉપર પ્રીતી કરવી, અને પરસ્પરોનું સાહ્ય કરવું, એજ આજ્ઞા છે.

ન્યાય.

પ્રકરણ ૩.

૧ આપણને જીવોનો ઘાત કરવાની ઇચ્છા નથી, અને જો જુલમેકરી આપણો હાથ ધરી, તે આપણા હાથમાં શસ્ત્ર આપી, કોઇ માણસો, જુલમથી, તે આપણો શસ્ત્ર આપેલો હાથ ધરી, બીજાનો ઘાત કરશે, તો તે ઘાત કરવાનો દોષ આપણીઉપર નથી એવો ન્યાય થાય છે, કેમકે તે કર્મ જો કે, આપણા હાથેકરી થયું એવું દેખાયું તોય, હાથમાં શસ્ત્ર ધરી બીજાનો ઘાત કરવો એ ક્રિયા, આપણી ઇચ્છાથી કિંવા ક્રિયાશક્તીયેકરી થઇ નથી, તે સારૂ તે હત્યાનો દોષ આપણને નથી એવો ન્યાય થયો, તે પ્રમાણેજ પાણી પીવામાં સૂક્ષ્મ જીવ પેટમાં જાય છે અને મરે છે તેહેનો દોષ આપણને નથી, કેમકે પાણી પીવું એ ઇશ્વરના નિયમનો જુલમ છે, તથા પાણીમાં સૂક્ષ્મ જીવ હોવા એ ઇશ્વરનો નેમ છે, એ સારૂ પાણીની સાથે, સૂક્ષ્મ જીવ, પેટમાં જઇ મરે છે, એ ઇશ્વરના નેમેકરી થયું, એ સારૂ તેહેનો દોષ આપણને નથી, કેમકે તે બીજા માણસોયે જુલમેકરી આપણા હાથમા શસ્ત્ર આપી, તે આપણો હાથ તેણે પોતાના હાથમાં ધરી, બીજાનો ઘાત કરવાના ન્યાય જેવું થયું, એ સારૂ ઇશ્વર નેમેકરી જે જે થાય છે, તથા તે ટાળવા સારૂ આપણે સમર્થ નથી તેવા કર્મોનો દોષ આપણને નથી એવો ન્યાય છે, અને ઇશ્વરને તો દોષ નથીજ, કેમકે તેણે ઉત્પન્ન થએલા સર્વને મૃત્યુ નેમેલું છે, તથા પુનર્જન્મપણ

નેમેલો છે, તથા આત્મજ્ઞાનેકરી જન્મ મરણાતીત મુક્ત થાવું એ પણ લગાડી આપ્યું છે, એવું મનમાં લાવવું, તથા માંસ ભક્ષણ કરવાનો, તથા હિંસા કરવાનો, જેહેનો હેતુ છે, તે માણસો, પાણીમાંએલા સૂક્ષ્મ જીવોનું, પેટમાં જઇ મરવા બાબતનું ઉદાહરણ, જેવોને માંસ ભક્ષણ કરવાનો તથા હિંસા કરવાનો હેતુ નથી તેઓને આપે છે, તેવોએ આ ન્યાય બતાવી, હિંસેચ્છુનું ખંડણ કરવું.

૨. જે આરંણ્યમાં માણસોનો સંચાર નથી, તે આરંણ્યમાં જો પશુઓની ભીડ થઈ નથી એવું પ્રત્યક્ષ અનુભવમાં આવેછે તો, તેપ્રમાણેજ માણસોયે ગ્રામપશૂનું હનન કર્યું નહીં, અને જેટલી જોઈયે તેટલીજ ઉત્પત્તી કરાવી, એટલે પૃથ્વી ઉપર પશુઓની ભીડ થવાની નથી એવો ન્યાય થાયછે, તથા અનુભવપણ આવેછે.

૩. મ્લેચ્છ મતો ઉત્પન્ન કરનારાઓએ, જેથી મતોના પ્રારંભમાં, વેદપ્રતિપાદ્ય ધર્મની નિંદા કરીછે, તથા તેમાએલા લોકોની મૂર્ત્તીઓ ફોડીઓછે, તેથી સર્વ મતોના પેહેલાનો વેદપ્રતિપાદ્ય ધર્મ છે એ ન્યાયે કરી સિદ્ધ થાયછે, તથા વેદપ્રતિપાદ્ય ધર્મમાં જે યોગ્યતા પ્રમાણે માણસોને સર્વ મારગ લગાડી આપ્યા છે, તો મતવાદીઓની વેદપ્રતિપાદ્ય ધર્મના લોકોમાં પ્રતિષ્ઠા નથી, તથા મતોના મુળકર્ત્તાઓ, વેદપ્રતિપાદ્ય ધર્મવિશે અજ્ઞાની હતા એવો ન્યાય થાયછે, અને એવો ન્યાય છતાં, મતવાદીઓ મતોનો ફેલાવો કરવાને જોયેછે તો એવું ન્યાય સિદ્ધ થાયછે કે, મતવાદી માણસોને વેદપ્રતિપાદ્ય ધર્મનું જ્ઞાન નથી, તથા તેઓને વેદપ્રતિપાદ્ય ધર્મની માહિતગારી કરી

આપનારાએ માહિતગારી કરી આપી, તથા તેઓના સર્વ મતો ખંડણ કર્યાં, એવું છતાં પણ; મતવાદી માણસો, પોતીકા મતોનો ફેલાવો કરવાનું બંધ કરતા નથી અને લોકોની બુધ્ધી ભ્રષ્ટ કરેછે, તેથી એવો ન્યાય થાયછે કે; "વિનાશકાલેવિપરીતબુદ્ધિઃ"

૪. જે જેહેને જાણેછે, તે તેથકે જુદો હોયછે, એવો ન્યાય તથા અનુભવ છે, તથા જે જગાઉપર જાણવાનો પદાર્થ હોયછે, તે જગાઉપર જાણનારો નથી હોતો, એવો ન્યાય તથા અનુભવ છે, તેથી નિરાકાર પરમેશ્વર, સૃષ્ટીને જાણતો નથી, એ ન્યાયેકરી સિધ્ધ છે, કેમકે નિરાકાર પરમેશ્વર સર્વ જગાઉપર ભરેલોછે, તેથી તેણે સૃષ્ટી, જે જગાઉપર છે, તે જગાઉપર ન રેહેવું, તોજ સૃષ્ટીને જાણવું, તેવીતો ખાલી જગોજ નથી, કે જે ઠેકાણે નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ નથી, એસારૂ નિરાકાર પરમેશ્વર સર્વ જગાઉપર છે, તેથી તે આપણાથકે જુદા પદાર્થોનો અનુભવ લેતોજ નથી, એન્યાયેકરી, તથા અનુભવેકરી સિધ્ધ છે.

૫. એક જગોઉપર બે વસ્તુનું અસ્તિત્વ રેહેતું નથી એવો ન્યાયછે, તેથી નિરાકાર પરમેશ્વર સર્વ જગોઉપર ભરેલોછે, તથા તેહેનું અસ્તિત્વ કોઇ જગે નથી એવી ખાલી જગોજ નથી, એથી પરમાણૂનું, કિંવા પરમાણુજન્ય સૃષ્ટીનું, અસ્તિત્વ મુળજ નથી, તથા પોલાણનું પણ અસ્તિત્વ નથી એન્યાયેકરી સિધ્ધ છે, તેથી સૃષ્ટી મિથ્યા એવું શાસ્ત્રમાં લએલું છે.

૬. મૃત્તિકાનો કુંભ ફોડી ચૂર્ણ કરવાપછી અંતે મૃત્તિકા થાયછે, તો કુંભની આદીપણ મૃત્તિકાજ છે, તથા મધ્યે

પણ મૃત્તિકાજ છે; તથા બરફ ઓગળી અંતે પાણી થાયછે તો, તેહેની આદીપણ પાણીજ છે, તથા મધ્યેપણ પાણીજછે, તથા શરીરના, અને પૃથ્વીના અંતે પરમાણું થાયછે, તો તેહેની આદી પણ પરમાણું છે, તથા મધ્ય પણ પરમાણું છે, એવા સિધ્ધાંતો પ્રમાણેજ, અહંબ્રહ્મ ભાવના ધરનારો, શરીર પીંજરા માએલા પ્રાણવાયુની અંદર, પોત પોતાને જોવા લાગ્યાથી, અંતે મિથ્યા થાયછે, એટલે શુધ્ધ નિરાકાર પરબ્રહ્મના અસ્તિત્વમાં અહંબ્રહ્મ ભાવના ધરનારો મુળજ નથી એવો અંતે થાયછે, તો અહંબ્રહ્મ ભાવના ધરનારો, ભાવના ધરવાના પેહેલાંપણ મિથ્યા હતો, તથા મધ્યેપણ મિથ્યા છે, તથા મિથ્યા છે, એટલે અહંબ્રહ્મ ભાવના ધરનારો જે જગતનું મુળ, તેહેને અસ્તિત્વજ નથી; એથી જગત મિથ્યા છે એવો ન્યાય થયો; તથા એક શુધ્ધ નિરાકારનું સર્વ ઠેકાણે અસ્તિત્વ ભરેલું છે, તે નિરાકાર પરમેશ્વર, અહંબ્રહ્મ એવી ભાવના ધરતોજ નથી, એપણ ન્યાય થયો.

૭. એક વરસના, કે છ મહીનાના, આપણે બાળક હતા, તેવખતે, જે જે ક્રીડા, આપણે કરીઓ તે આપ આપણી ક્રીડા, આપણને, મોટી ઉમ્મરે સ્મરતી નથી, એ સ્મરણ નહોવાજપરથી, જો આપણે બોલીશું કે, આપણને બાળકપણું, નહતું, તો આપણને લોક મૂરખ કેહેશે, તેનપ્રમાણે, પાછલા જન્માંતરની વાતો, આપણને યોગબલ નહોવાને લીધે, યાદ આવતી નથી, તેથી આપણે બોલીએકે, અમોને પાછલા જન્મની વાતો યાદ થાતી નથી તેસારૂ પાછલું જન્માંતર નહતું, એવું બોલીશું તો, લોકો, બાળકપણાની યાદ નથી, એવો ન્યાય બતાવી, આપણને મૂરખ કેહેશે,

તથા હસસે. કેમકે, બાળકપણું યાદ નથી તેથી શું બાળકપણું નહતું? તેપ્રમાણેજ, જન્માંતર સાંભરે નહીં, તેસારૂ શું જન્માંતર ન હતું? એવું નથી એવું નથી પાછલું જન્માંતર હતું અને બાળકપણુંપણ હતું, પણ યોગબલ નથી, એથી આપણને પાછળા જન્મનું, તથા બાળકપણાનું, સાંભરતું નથી, જો યોગબલ હશે તો પાછલા જન્મનું, તથા બાળકપણાનું, સાંભરશે.

૮ અંધારૂ એ વસ્તુતઃ પદાર્થ નથી, તોએપણ, જે ઠેકાણે આપણને દેખાતું નથી, તે ઠેકાણે અંધારૂ છે એવું આપણે, અંધારાને અસ્તિત્વ કલ્પીયે છૈયે, પણ જો અંધારાને અસ્તિત્વ હતેજ તો, પ્રકાશ વગર દેખાવવાનું નહીં. પછી આપણે જે ઠેકાણે અંધારૂ છે એવું કહીયે છૈયે, તે ઠેકાણે મૂશક, તથા બલાડાં, તથા પિપીલિકા, ઈત્યાદિ જીવોને, કેમ દેખાય છે, તે સારૂ, આપણી દૃષ્ટી જે પિપીલિકાદિકોને દિસનારા ઘોતક, પ્રકાશવિશે આંધળી છે, તે ઠેકાણે અંધારૂ છે એવું આપણે કલ્પીયે છૈયે, પણ મુશક, માર્જ્જર, તથા પિપીલિકા, ઈત્યાદિ જીવોને, આપણે કલ્પેલા અંધારાના સ્થાનકે દેખાય છે, તેથી તે ઠેકાણે પ્રકાશ છે, અંધારૂ મુળેજ નથી; હવે કોઇ કેહેશે કે, મુશક માર્જ્જરાદિકોને, તેઓનાજ નેત્રમાએલા તેજસ્વી પદાર્થોના પ્રકાશથી દેખાતું હશે, તો સર્વના નેત્ર તેજસ્વી નથી, તથા તેવું થાશે પણ નહીં, કેમકે, આંખમાએલા તેજસ્વી પદાર્થોના યોગથી પદાર્થોના પ્રતિબિંબ હોવાના, નેત્રમાએલી નગોનું, આચ્છાદન થાય છે; તથા નેત્રવિના, અને પ્રકાશ વગર, અન્ય ઇંદ્રિયોથી, જણાતું હોય તો, દિવાભીતને એટલે ઘૂડને,

આંખો શા સારૂ જોઇયે, કેમકે. તે ઘૂડને તો, આપણે જે ઠેકાણે પ્રકાશ છે એવું કહીયેછૈયે, અને જોઇયે છૈયે, તે ઠેકાણે મુદલજ દેખાતું નથી. તે સારૂ આપણા જોવાના પ્રકાશમાં તેહેની આંખો નિરૂપયોગી છે, તથા જે ઠેકાણે આપણને દેખાતું નથી એથી આપણે જે ઠેકાણે અંધારૂ છે એવું કહીયેછૈયે. તેજ ઠેકાણે ઘૂડનો સર્વ વ્યવહાર છે, તે જો, અન્ય ઇંદ્રિયોએકરી માર્જ્જરાદિકોનો જોઇયે એવો મિથ્યા તર્ક કાઢ્યો, તે પ્રમાણેજ થવો જોઇયે અને એ તર્ક પ્રમાણે ઈશ્વરનો સંકેત હતે તો, ઘૂડને આંખોની રચના કરવાની ઈશ્વરને જરૂર નોતી. પણ ઘૂડને આંખો છે તે આપણે કલ્પેલા અંધારા માએલાજ જોવાના ઉપયોગની છે, એ ઘૂડના આંખોઉપરથી, માર્જ્જરાદિક, અન્ય ઇંદ્રિયોયેકરી, અંધારામા શિકાર કરતા હશે, અથવા નેત્ર માએલા તેજથી જોતા હશે, એવો ખોટો તર્ક કાઢી બોલવું, ન્યાયેકરી. તથા અનુભવેકરી, ખોટું ઠરે છે; અને આપણે અંધારૂ કલ્પીયે છૈયે તે ઠેકાણે અંધારૂ મુળેજ નથી. પ્રકાશ છે એવું ન્યાયેકરી સિદ્ધ થાય છે; એ પ્રમાણે ઘૂડો વગેરે જીવો, આપણે અંધારૂ કલ્પીયે છૈયે તે ઠેકાણે જુવે છે, તે સારૂ અંધારૂ વસ્તૂ મુળેજ નથી. એ ન્યાયેકરી સિદ્ધ થયુ, કેમકે પ્રકાશ વગર દેખાવાનું નહીં, પણ ઘૂડ વગેરે જે પ્રકાશેકરી જુવે છે, તે પ્રકાશ, છાયામાએલા પ્રકાશ પ્રમાણે, પૃથ્વીના છાયામાએલો છે, તે આપણા અનુભવમાં આવતો નથી એથી આપણે નહીંજઅંધારાનું. અસ્તિત્વ કલ્પીયેછૈયે, પણ અંધારૂ જે છાયારૂપી રાહુ, તે મુળેજ નથી. જેમ ન્યાય પ્રમાણે, નિરાકાર પરમેશ્વર સર્વ ઠેકાણે ભરેલો છે, તેહેનું

અસ્તિત્વ, આપણે આપણા જ્ઞાનેકરી ધરતા નથી, તેથી પોલાણ તથા પરમાણુજન્ય ગોલાદિક સર્વ જગત છે એવું કહીયેછૈયે, પણ વિચારના અંતે જેમ અંધાર એ પદાર્થજ નથી, તે પ્રમાણેજ પોલાણ સહીત જગત તથા આપણે મુળજ નથી, એ ન્યાયે કરી સિદ્ધ છે.

૯ શેરડી પીલવાનો ચિચૂડો, એ જોકે પોતે રસની મીઠાસનો સ્વાદ લેતો નથી. તોય તે મોટો છે, કેમકે તે આપણીઉપર ઉપકાર કરે છે, એટલે આપણને રસ આપે છે, એ ન્યાય પ્રમાણેજ, કોઇ કોઇ વેષધારીયો, પોતે શાસ્ત્ર પ્રમાણે ચાલતા નથી, પણ આપણને શાસ્ત્રની વાતો કેહેછે, એટલું છતાં પણ મોટા છે, કેમકે, તેવોયે તો, આપણને શાસ્ત્રની વાતો. શેરડીનો રસ આપનાર ચિચોડા પ્રમાણે આપીયો, તેથી તેવોના આપણીઉપર ઉપકાર છે, એવું સમજી આપણી ગરજ સારૂ. શેરડીના ચિચોડાને ધોવાપ્રમાણે, તથા રંગ આપવા પ્રમાણેજ, શાસ્ત્રની રીતીએ ન ચાલનારા વેષધારી ઈત્યાદિઓ. આપણને જ્ઞાન કેહેછે, તેવોને અન્ન વસ્ત્ર આપી, તેવોની પૂજા કરવી, અને એવું સમજવું કે, તેવોની ગતી, ન શીખનારાઓને, અન્ય ગ્રંથોઉપરથી ભક્તી લાગ્યાથી થાય છે તેવી થાશે; અથવા પશ્ચાત્તાપ થયા પછી, આ જન્મનેવિશે. કિંવા આગળ અન્ય જન્મે થશે, તથા તે અર્થ ન જાણનારાઓને, ભારવાહક, એટલે ખરાબ, એવું સમજવું નહીં. કેમકે, ભુખ્યાને તૃપ્ત કરવા સારૂ, અન્નનો બોજો ઉઠાવી, ભુખેલા જે તેવોને આપનારા, ભારવાહક સાચા, પણ પુણ્યવાન છે; તેજપ્રમાણે, વેદ શાસ્ત્ર ઈત્યાદિકનું મરમ ન સમજી પણ પઠણ કરનારા, તે

વેદ, તથા શાસ્ત્રાદિકોના, રક્ષણ થવાના, મુખ્ય સાધનો થાય છે, તેથી તે પુણ્યવાન છે.

૧૦ બારીનીરાહે જોનારો, બારીની માંહેલી બાજુએ ઊભો છે તે બારી નથી; તેજપ્રમાણે, જે કાનની રાહે સાંભળનારો, તથા આંખોનીરાહે જોનારો, કાન આંખો એ બારી જેવા જે મારગો તેહેનામાએલી બાજુયે, આંખો કાન એથી, કોઇ જુદો છે, એવું પોતપોતાને ન્યાયેકરી સમજવું.

૧૧ અંતઃકરણ પંચક એ પોલાણ છે, એટલે આકાશ ભૂતછે, તથા તેજ શરીરમાએલા પંચપ્રાણ વાયુના આધારે કરી, પંચ જ્ઞાન ઇંદ્રિયોની રાહે, પાંચ વિષય ભોગવી, પંચ કર્મેંદ્રિયોએ, ક્રિયાઓ કરેછે, એવું "પૈંગલોપનિષદ" વગેરે શાસ્ત્રોમાં છે; તો અંતઃકરણ પંચક જે આકાશ ભૂતછે, તેજ પંચવિષય થકે સુખ દુઃખ ભોગ ભોગનારૂં છે, તથા સર્વ કામો કરનારૂં છે, એવું ન્યાયે કરી સિદ્ધ થયું; અને આપણે કહીયેછૈયે કે, ફલાણો વિષય મેં ભોગવ્યો. તથા ફલાણું કામ મેં કર્યું, એઉપરથી, મેં કર્યું ભોગવ્યું કેહેનારો તો આકાશ છે એવું ન્યાયેકરી સશાસ્ત્રસિદ્ધ થયું, તથા કર્ત્તા ભોક્તા હું આકાશ છું એવો સશાસ્ત્ર ન્યાય ઠર્યોનઠર્યો; તેસારૂ આપણે આકાશ છૈયે વારૂં. હવે આપણે આકાશ છતાં, શરીરરૂપ પૃથ્વીના ભાગને હું કહીએ છૈયે એ આપણી ભૂલ છે એવું સશાસ્ત્ર ન્યાયે કરી સમજવું; અને તે ભૂલ દૂર કરી. અંતઃકરણ પંચકજ આકાશ ભુતછે, તથા તેજ કર્ત્તા ભોક્તા છે તથા તેજરૂપેકરી હું કર્તા ભોક્તા કેહેનારા આપણે આકાશભુત છૈયે, એવું ન્યાયે કરી સિદ્ધ થાયછે, તથા હુંપણું આકાશ ઉપર સ્થાપિત થયું, એટલે આપણને આકાશપણું એ-

ટલે પોલાણપણું રહ્યુંજ નહીં, કેમકે, શરીર પીંજરાનીમાએલા પ્રાણવાયુતત્વમાં, જે કર્ત્તા ભોક્તા આપણે આકાશ ભુત છૈયે. એટલે શરીરનીમાએલી પોલાણજ કરનારી ભોગવનારી તે પોલાણજ આપણે છૈયે, અને શરીરમાએલી પોલાણ, અને શરીર બાહેરની અનંત અપાર પોલાણ તો એકજ છે, તથા તે અંતઃકરણ પંચકરૂપી આકાશમાં, એટલે પોલાણમાં. જો હુંપણાનું અસ્તિત્વ આવ્યું તો. હુંજ તે પોલાણ એવી ભાવનાએકરી, અનંત અપાર પોલાણના અંગે, પોલાણપણું રહ્યું નથી, એટલે અંતઃકરણ પંચકત્વ રહ્યું નથી, એ ન્યાયે કરી સિધ્ધ થયું, એસારૂ આપણે આપણને, શરીરના માએલા પ્રાણવાયૂની અંદર, અનંત અપાર પોલાણપણાયે કરી આપણે છૈયે એવું અનુભવી જોયા પછી, પોલાણમાં. આપણપણાનું અચંચલ નિરાકાર અસ્તિત્વ સ્થાપીત થાસે, એથી પોલાણપણું, તથા તન્જન્ય વાયૂ, તેજ, જલ, ભૂમી એ ભૂતોનું અસ્તિત્વ, ખોવાઇ જશે, તથા શાંતી અને ઐક્ય સુખાનુભવ આવશે, એ ન્યાય સિધ્ધ છે.

૧૨. આપોઆપ મુએલા ઢોર ખાનારા માહારાદિકોને અડકયા છતાં આભડછેટ માનવી. એટલે કંટાળો માનવો, એકરતાં જીવતાં ઢોરાં મારી, એટલે હિંસા કર્મ કરી. માંસ ખાનારા મ્લેચ્છ લોકોનો વિટાળ એટલે વીટ, અથવા કંટાળો, વિશેષ માનવો જોઇયે એન્યાયે કરી સિધ્ધ છે તથાપિ "દેશકાલાનુરોધેનવર્ત્તિતવ્યંસદ્ભાર્ધૈઃ" એ શાસ્ત્રપ્રમાણે વરતવું, અને મરતબાનો વિચાર રાખવો, તથા અશોકવનમાએલા, પડતાં ફલની રન્જ ઉપરથી, અશોક વનનો નાશ થયો, તેમજ, આપોઆપ મૂએલાં ઢોર ખાવાની માહાર લોકોની રૂ-

ઢીથી ઢોરોના જીવોનો, કપટથી નાશ થાયછે; વાસ્તે, આપોઆપ મુવેલું, કિંવા જીવતું મારી વગેરે રીતીથી, માહારના સર્વ નમાતે, ઢોર ખાવુંજ નહીં, એટલે શુધ્ધ થયા, તથા દેવળમાં આવવા યોગ્ય થયા.

૧૩ પ્ર૦ ન્યાયશાસ્ત્ર શું તથા તેહેની રીત કેવી?

૧૪ ઉ૦ ન્યાયશાસ્ત્રની રીત એવી છે કે, મુવા પછી ફરી જન્મછે એવું પ્રથમ બોલવું, એટલે પાછળ જન્મ હતો એ ન્યાયેકરી સિદ્ધ થાય છે. એજ ન્યાય શાસ્ત્રની રીત છે, તથા ફલાણે ઠેકાણે ફરી લઢાઈ થઈ એવું બોલ્યા છતાં, પ્રથમ લઢાઇ થઇ હતી એવું ન્યાયેકરી સિદ્ધ થાય છે, એજ ન્યાયશાસ્ત્રની રીત છે, તથા તે વાત મુને ખબર હતી, પણ યાદ અવતી નોતી, તેહેનું સ્મરણ થયું, એ પ્રમાણે અનુભવ છે; એ અનુભવઉપર ન્યાય એવો છે, કે આપણે જે જે જ્ઞાન સંપાદન કરીયે છૈયે, તે તે જ્ઞાન, વિસ્મૃતીના પેટમાં કેવું રેહેછે, તો જેમ બીજમાં અનુભૂત વૃક્ષાકાર રેહેછે તેમ રેહેછે; તથા તે વિસ્મૃતીની અવસ્થા, મરવા પછી રેહેછે, તેમાંથીજ, આકાશમાએલા એટલે પોલાણમાએલા, સૂક્ષ્મ પદાર્થોના સંયોગેકરી, કરેલાં સર્વ કર્મ, સૃષ્ટિરૂપેકરી, જેમ સ્વપ્ન ઊભૂં રેહેછે તેમજ ઊભૂં રેહેછે, અને સ્વપ્નદેહપ્રમાણે, ભોગદેહ ઊભો રેહેછે, તે દેહેકરી, કરેલા કરમોના, સારા નરસા સર્વ ભોગ ભોગવવા પડે છે; અને સ્વપ્નમાંથી જાગૃત થવા પ્રમાણે, રેત લોહીમાં મિશ્ર થઇ, હરેક પ્રાણીના જન્મે કરી ફરી આવવું પડેછે; એ પ્રમાણે સ્મૃતીનું તથા વિસ્મૃતીનું પૃથક્કરણ, શરીરના મરવાથી થાતું નથી; તથા અનેક ગ્રંથ શીખેલા, તથા અનેક કર્મો કરેલાં ઇત્યાદિ સર્વ વાતો,

વિસ્મૃતીના પેટમાં રેહેછે, અને તે વિસ્મૃતી, મરવા પછી રેહેછે, તથા ઊંઘમાં પણ વિસ્મૃતી હોય છે, તથા જાગવાપણામાં, અને સ્વપ્નામાં પણ વિસ્મૃતી હોય છે, તથા હરએક વાતો, વિસ્મૃતીના પેટમાંથી, સ્મૃતીના સંયોગે કરી, યાદ આવે છે, એ સારૂ મુખ્યત્વેકરી, વિસ્મૃતી, એ કરેલાં કર્મો ભેળાંકરી રાખવાની જગો છે, એથી કોઈપણ પ્રાણી બેશુદ્ધપણામાં મુવો, અને મુવો એટલે શરીરની વિસ્મૃતી થઈ, તો પણ, જીવતત્વ રેહેવાની વિસ્મૃતી, એ જગ્યે છે, તેમાં રહી, તેમાંથીજ ભોગદેહ ધારણ કરી, ભોગ ભોગવી, ફરી જનમ પામશે; જુઓ, ઊંઘ એ વિસ્મૃતી છતાં પણ, તેમાંથી સ્વપ્નદેહ તથા સ્વપ્ન સૃષ્ટિ નિકળી ભોગ થાય છે; તે પ્રમાણેજ, મરણ એ અત્યંત વિસ્મૃતી છતાં પણ, તે વિસ્મૃતીમાંથી ભોગદેહ, તથા ભોગ સૃષ્ટિ, કરેલાં કર્મોની નિકળી, સુખ દુઃખના ભોગ ભોગવવા પડે છે; તથા ફરી જન્મ આવે છે, એવો, મુને ફલાણી વાતની યાદ થાતીનોતી તે યાદ થઈ એ બોલવાઊપરથી ન્યાય કરવો, એજ ન્યાયશાસ્ત્રની રીત છે.

૧૫ એક લાકડી પાંચ આંગળીયે કરી તાંણીને મૂઠમાં પકડી છતાં સેહેજ પકડાય છે, અને એક આંગળીઊપર ઊભી કરી પકડીતો, લક્ષ છે તાંહાંસુધી રેહેછે, લક્ષ ચુકયા કે પડી, એ પ્રમાણેજ, પ્રપંચ પરમાર્થ માટેલાં સિદ્ધ થએલાં કામો આપણા સ્વાધીન છે, અને સિદ્ધ ન થએલાં કામો લક્ષ ચુકતાંવેતજ બગડે છે; એ સારૂ તેવા વિશે સાવધ રેહેવું; તથા ચપટીએ આપેલું બાચકો ધરનારાને પ્રા-

પ્ત નથી, તથા બાચકાથી આપેલું ચપટીમાં આવશે નહીં, તેમ ન્યાયનુ સ્થૂલ સૂક્ષ્મ જ્ઞાન દેવું લેવું સમઝવું.

૧૬. જેથકે સર્વ સૃષ્ટી થઇ એવી જે હું બ્રહ્મ એ સ્ફૂર્તી, તે કોણે ધરી, એનો ઉત્તર એવોકે, હું બ્રહ્મ એસ્ફુર્તી મિથ્યા બ્રહ્મે ધારણ કરી, કેમકે વિચારના અંતે, હું બ્રહ્મ એ સ્ફુર્તી ધરનારો મિથ્યા થાયછે, તો તેહેની આદી પણ મિથ્યા છે, કેમકે, જે અંતે મિથ્યા તેહેની આદી તથા મધ્ય મિથ્યા એવો ન્યાય સમઝવો; તથા મિથ્યા એટલે વસ્તૂનો અભાવ એવો ન્યાય સમઝવો.

૧૭. ભૂખ લાગી હોય તો એકદમ પેટ ભરાતું નથી, એકએક કોળીયે કરી જમ્યા છતાં પેટ ભરાય છે, તેમજ પરમેશ્વર પ્રાપ્તીની એટલે પરમાર્થની ઇચ્છા, વિચાર કરતાં કરતાં પૂર્ણ થાયછે.

૧૮. કોઇએક પુરૂષે, સાધન કરનારા સાધુ પુરૂષની પાસેથી, પરમાર્થની રેહેણીઓ, થોડી ઘણી સાંભળીઓ, અને જેપાસેથી તે પરમાર્થની રેહેણીઓ સાંભળીઓ, તેહેને ગુરૂ એવો માન્યો, અને તેપછી પોતેપણ વિચાર કરવા લાગ્યો, એથી તેહેને ઈશ્વરનો સાક્ષાત્કાર સારો થયો, અને બીજાના પણ સંશય છેદન કરવાની તેમાં શક્તી આવી, એથી તે સર્વોના સંશય છેદન કરવા લાગ્યો, એટલામાં, તેહેને જે સાધુથકે પ્રથમ થોડીએક પરમાર્થની રેહેણીઓ ખબર પડીઓ હતી, તથા તે ખબર પડવાથીજ તેહેને ગુરૂ માનેલો હતો, તે સાધૂની, અને તેહેની, ગાંઠ પડી, અને ભાષણ ચાલવા લાગ્યું, તો જેથકે પ્રથમ પરમાર્થની રેહેણીઓ સાંભળી, તેહેને ગુરૂ માન્યો હતો, તેની પૂર્ણ સ્થિતી પરમાર્થની થઇ નહીં,

એવું થવું તો શું કરવું એ કાંઇન સુજતું નથી, એથી તેહેના ગુરૂશિષ્યપણાના પરસ્પર પ્રેમની હાની થાયછે, પણ તેવું નથવું જોઈયે, એસારૂ હું કહુંછું કે, પ્રથમ તેહેનાથી, અજ્ઞાની, આ હતો, તેવખત તેણે એહેને ગુરૂ માન્યો, અને પ્રેમરાખ્યો એ ઠીકન કર્યું, અને હવે જો તેથી અધિક જ્ઞાની, પોતે સત્સમાગમના યોગેકરી થયોછે તો, જેહેને ગુરૂ માની પ્રેમ રાખ્યો હતો. તેહેનેજ આપણો શિષ્ય માની પ્રેમ રાખવો, તથા તેણેપણ, જેહેને પ્રથમ આપણાથી કમી જ્ઞાની હતો તેવખત શિષ્ય માની પ્રેમ રાખ્યો હતો, તેહેનેજ આપણાથી અધિક જ્ઞાની થયાપછી ગુરૂમાની પ્રેમ રાખવો, તેમા કાંઇ ચિંતા નથી મુખ્ય પ્રેમ રક્ષણ કરવું; દૃષ્ટાંત, જેમ કોઇ એક સાવકારના આધારે કરી, કોઈ એક વ્યાપાર કરવા લાગ્યો, તેજ આગળ પોતીકા સ્વપરાક્રમેકરી સ્વતંત્ર થયો, અને જે સાવકારના આધારે કરી વ્યાપાર કરતો હતો તે કરતાં અતીશે ધનવાન થયો, એટલે તેહેનાં કરતાં સોગણી તેહેની આબરૂ તથા દોલત વધી, તો જેહેના આધારે કરી પ્રથમ આ વ્યાપાર કરતો હતો તેજ સાવકારે, હવે એના આધારે કરી વ્યાપાર કરવો જોઇએ, કેમકે તે આપણાથી અધિક ધનવાન તથા આબરૂદાર થયો એવું સમજવું, તેજ પ્રમાણે, જેહેને આપણાથી ઓછો જ્ઞાની હતો તે વખત શિષ્યમાન્યો હશે, તેહેનેજ આપણ થકે વધારે જ્ઞાન થયું તો ગુરૂ માનવો તથા જેહેને આપણ થકે વધારે જ્ઞાની સમજી ગુરૂ માન્યો હશે, તે પછી આગળ જો આપણે વિચાર શક્તીએ કરી, તથા ઈશ્વરની કૃપાએ કરી, તેથી વધારે જ્ઞાની થયો તો, તેહેનેજ શિષ્ય માનવો જોઇએ, કેમકે અભિમાન રાખવામાં ફળ નથી; જ્ઞાન શ્રેષ્ઠ છે તથા અ-

જ્ઞાન કનિષ્ઠછે, એરીતી સાધુ લોકોમાંથી સાંપ્રતકાળે નષ્ટ થઇ છે, તેથી સંસારમાં, તથા ઈશ્વર ભજનમાં, જગતમાં તળમળછે; તો કહેલો વિચાર ન્યાય બુદ્ધી એ સ્વીકારી, તળમળ છોડવી.

૧૯ મારાવાસ્તે રોશો, અરે મારી યાદ કરશો, જુવો જુવો, હાલ તો મારાવિશે વિષય લંપટ લોકો, તમારો વિચાર કેવો છે, તથા તે નરસા વિચારનું જ્ઞાન કેવું છે, તો શુંરે આ હીરો ચમકે છે, તથા કાચનો કકડો પણ ચમકે છે, તેથી કાચ તથા હીરાની કીંમત એકજ જોઇએ કે; શુંરે એ પીતળ પણ પીળું અને સોનું પણ પીળું. તેથી સોનાની તથા પીતળની કીંમત એકજ, તેમજ બ્રહ્મચારી બાવા પણ લંગોટો પેહેરી, તથા કફની ગળામાં નાખી, લોકોને જ્ઞાન તથા નીતી કેહે છે, તેવા તો બ્રહ્મચારી બાવાના વેષ જેવા, અમારા ઘેરોઘેર આવેછે, તેઓને જ્ઞાન નથી હોતું, પછી બ્રહ્મચારી બાવાજ શું વધારે છે; એવો વિચાર, હે લોકો, જ્ઞાનનાં શ્રેષ્ઠપણા તરફ, દ્રવ્યમદના યોગેકરી જોતા નથી, એથી તમારામાં થાય છે, પણ ફસસો, જુવો, વિષયલંપટપણામાં ગરક થઇ નરસા વિચાર કરોછો, પણ હું ગયા પછી ફસસો, કેમકે તમોને તરવાના ઉપાય સારૂ આત્મજ્ઞાની થવુંજ જોઇએ, તે વખત મારી યાદ કરશો, અને રોશો, કે અમે વિષય મસ્તીથી ફસ્યા, હવે જ્ઞાન ક્યાંહાંથી, તો મારો આ ગ્રંથ પણ વાચો અથવા સાંભળો.

૨૦ જાંઘમાં અજ્ઞાન હોય છે પણ સંકલ્પ નથી હોતો એથી સુખ હોય છે, તેથી સંકલ્પ નથી તાંહાં સુખ હોય છે એવો સિદ્ધાંત થયો, તે પ્રમાણેજ નિરાકાર પરમેશ્વરના

પોલાણ જેવા પ્રસરેલા અચલ અસ્તિત્વમાં, સ્વપ્રકાશ એવું અંગેજ જડેલું જ્ઞાન છતાં, તથા તે જ્ઞાનને સ્વસ્વરૂપનું અસ્તિત્વ ખબર છતાં, જગત છે તથા હું છું એવો સંકલ્પ કોઇકાળે પણ નથી, તેથી સર્વકાળ આનંદ છે, એટલે નિરાકાર સ્વરૂપમાં સર્વકાળ સુખ છે, તેજ નિરાકાર આપણે, અહંસ્ફુરણ ધરનારા જ્ઞાનના પેહેલાના સુખરૂપછૈયે.

૨૧ ચતુર્થી, એકાદશી, સોમવાર, પ્રદોષ, વગેરે અપવાસ, વ્રતો, એ સર્વજ, ઇંદ્રિયોદમન કરી સ્વાધીન રાખવા બાબતના સાધનો છે; કેમકે આપવાસેકરી ઇંદ્રિયોનું દમન થાય છે, એ અનુભવ સર્વને છે, તથા ઇંદ્રિયો, ઘોડો દમન કરી સ્વાધીન રાખવા પ્રમાણે, અથવા ગારૂડીના સર્પ જેવા, સ્વાધીન હોય તો, જે વખત ઇશ્વરનું ચિંતન કરવાનું, તે વખત ઇંદ્રિયદ્વારા વિષયોની તરફ ચિત્ત જાતું નથી, કેમકે, ઇંદ્રિયો દમન કરી હોય તો ચિત્તમાએલા વિષય વાસનાનો મેલ ઝાડવો સુલભ છે. ગીતોક્તી ગીતા અધ્યો ૨ શ્લોક એકસટમો "वशेहियस्येंद्रियाणितस्यप्रज्ञात्रतिष्ठिता ॥"

૨૨ બિંબ પ્રતિબિંબ ન્યાય, જે આત્મપ્રાપ્તી સારૂ કલ્પેલો છે, તેનો અર્થ એવોકે, પ્રતિબિંબ, એ ઉદક ઉપાધીને ઉડાવી, પોતે, નહીંસૂં થાયછે, પણ બિંબમાં જઇ મળે છે એવું નથી, એ દૃષ્ટાંતમાએલો એક દેશ જે, તે પ્રમાણેજ, હું બ્રહ્મ છું એવી, બ્રહ્માહમસ્મી ભાવના ધરનારો પ્રત્યગાત્મા અભિમાની આત્મા, એ સુક્ષ્મવાયૂનું નાસ્તિત્વ, નિરાકારના સર્વત્ર ભરેલા અસ્તિત્વ ધારણાએકરી પોતે રેહેતો નથી, એ દૃષ્ટાંત સમજવો, કેમકે, દૃષ્ટાંતોના લક્ષણો, દ્રાષ્ટાંતની સાથે, સર્વ મેળવીયે નહીં, તેમાએવું એક લક્ષણ એ-

ટલે એક દેશ લેવો, તેથીજ દૃષ્ટાંતને એક દેશી કેહેછે; વારૂ, હવે જ્ઞાનેકરી મુક્ત થાય છે તેહેને પ્રમાણ શ્રુતી ॥ "ज्ञानादेवतुकैवल्यं ॥"

૨૩. જીવ એ ઇશ્વરનો અંશ છે એવું કેહેછે, પણ રોટલાના ચાર કટકા કરીએ, એટલે રોટલાના ચાર અંશ થયા, પણ રોટલાનો સર્વ આકાર રહ્યો નહીં, તે પ્રમાણે જે જીવ એ ઇશ્વરનો અંશ કલ્પ્યોતો, અંશરૂપેકરી ઇશ્વર રેહેશે પણ આખો ઇશ્વર રેહેશે નહીં, એ સારૂ ન્યાય યુક્ત બુદ્ધીયેકરી, ઈશ્વરના અંશ જીવ, એ અંશ શબ્દનો અર્થ એવો કરવો કે, તે કુબેરનો અંશ છે એટલે દ્રવ્યવાન છે, પણ કુબેરનો કક્કડો નથી, તથા બાપનો અંશ છોકરો છે એવું કેહેછે તોએપણ, બાપને ચીરી કક્કડો કર્યો તે છોકરો એવો અર્થ નથી, તે પ્રમાણેજ, ઇશ્વર જે સર્વ પરમાણુંને, તથા પરમાણુજન્ય શરીરાદિક પદાર્થોને, ગીતા અધ્યો પંદરમાનો શ્લોક તેરમાં પ્રમાણે, એક આકર્ષણ શક્તીમાં રાખે છે, તે છે, તથા ભગવત્ગીતા અધ્યો પંદરમો શ્લોક સાતમા પ્રમાણે જીવ તેહેના આકર્ષણેકરી ધરેલા પરમાણુંને શરીરાકૃતીએકરી, આકર્ષણ કરી રાખે છે, તે અંશ છે, એથી ઇશ્વરની સજાતી, દેહસ્થ જીવ એટલે શરીરમાએલો આત્માછે, એજ ઈશ્વરનો અંશ જીવ કેહેવાનો સજાતિત્વનો અર્થ સમજવો; રોટલાનો વગેરે ઉદાહરણોનો ન્યાય મનમાં આણી, ઈશ્વરનો કક્કડો જીવ એવું સમજવું નહીં.

૨૪ પાતક એટલે જન્મમરણના પુનરાવૃત્તીમાં પાડનારૂં, આપણા નિરાકાર સ્વસ્વરૂપવિશેનું દેહસ્થ આત્માનું અજ્ઞાન, તે અજ્ઞાનને, જન્મમરણમાં પાડે છે, તેથી પાતક

કહિયે, તથા આપણા નિરાકાર સ્વસ્વરૂપનું દેહસ્થ આત્માને જ્ઞાન થયું, એટલે તે જ્ઞાનના ધારણાએ કરી, દેહસ્થ આત્મા, જન્મમરણનાં ફેરામાંથી તરી જાય છે, તેથી તારક જ્ઞાન છે, ગીતોક્તી, ગીતા અધ્યો ચોથો શ્લોક ઓગણચાળીસમો. " જ્ઞાનંલબ્ધ્વાપરાંશાંતિમચિરેણાધિગચ્છતિ "

૨૫. કોઈ દુષ્ટ માણસ, બકરાને, અથવા મુરઘાને, તથા ડુક્કર, કુતરા ઇત્યાદિ પ્રાણીઓને મારવા લાગેછે, તે વખત તે પ્રાણી બિચારો, પોતાનો છુટકો થવા સારૂ ઘણા પ્રયત્ન કરેછે, તથા મોંડેથી, બોં, બેં, ચીં, ફડફડ, વળવળ, કિર, કિર, કિર, કિર, એ પ્રમાણે શબ્દ તથા નિશાણીઓ કરેછે, અને અરે માણસ, તું મને મારીશના, એવું તે પોતાની ભાષામાં, માણસનું ઘણું આર્જવ કરેછે, પણ માણસ, એ તેનું સાંભળતો નથી, તથા સમજતો નથી, તેથી તે પ્રાણી, મુખ મુદ્રા, તથા કાન, તથા પુછડું, અને હાથ, પગ, વગેરેના ઈશારાથી, માણસનું ઘણું આર્જવ કરેછે કે, અરે માણસ, મુને મારીશ નહીં, હું તુંને શરણ છું, તથાપી, એવા તે પ્રાણીયે, પોતાના આત્માના યોગેકરી, મોટી જ્ઞાનશક્તી ચલાવી, કરેલા પ્રયત્ન. માણસદેહધારી જીવાત્મા, લક્ષમાં આણતો નથી, અને તે પ્રાણીનો પ્રાણ લેછે, તસ્માત્ પશુ પક્ષ્યાદિકોને મારનારા દુષ્ટ માણસના જીવાત્માની ગતી, તથા ભક્તી, તથા જ્ઞાનશક્તી, પશ્વાદિકોના પણ કરતાં ન્યૂનતા પામી, અરેરે! તેવા માણસોની નરકમાંજ જવાની ગતી છે એમાં કાંઈજ સંશય નથી, એ સારૂ દુષ્ટ માણસો, પશુયે તમારૂં આર્જવ કર્યું, તે જો તમે મનમાં નલાવતાં, પશૂને મારો છો, તો તમે જે સારા પોષાગો કરી, તરવા સારૂ, આર્જવના ઢોંગ કરો છા, તે તમોને ઈશ્વરે કેમરે તારવા! તે સારૂ એવાં હિંસાના કામો છોડશો અને ભક્તી કરશો તોજ તરશો, નહીંતો આગલાગો તમારી પ્રાર્થનાને. બળો તમારી ભક્તી, મુને તમારા પ્રાર્થનાના શબ્દો તે બીભત્સ ભાષણ જેવા લાગેછે, તથા તમારૂં નમવું તેમુને ચોરટા દગલબાજની પેઠે જણાય છે, તથા તમારા ઉપદેશકો તે સર્વ વાટમારનારા ચોરોના નાયકડા જેવા છે. તથા તમે પશૂએ આર્જવ કરેલું તે નજાણી, તેહેને મારો છો. તે તમારૂં જ્ઞાન પશૂના જ્ઞાનકરતાં હલકું છે, એ મારૂં ન્યાય પણાનું બોલવું છે, સમજરો તે સાવધ થશે, સમજ્યો નથી તે સમજે.

૨૬. પશૂએ કરેલાં આર્જવ. પશૂ કરતાં વધારે જ્ઞાની માણસ છતાં સમજતા નથી. અને તેહેનો પ્રાણ લેછે, તો ઈશ્વર, તે માણસનાકરતાં જ્ઞાની છે, તે સમજે છે કે, ઇનસાફેકરી શીક્ષા થશે. પશુ ઘાતકી માણસો પોતાનું કર્મ તમે ભોગવતા રેહેશો અને જાહાંસુધી પશ્ચાત્તાપ પામી, ફરી તેવું, પશુ વગેરેની હિંસા કરવી, એ કર્મ છોડીદઇ, ભક્તી કરશો નહીં, તાંહાંસુધી ક્ષમા થશે નહીં. શાસન થશે તે જેનું તેને, દર એકના જીવાત્મામાંથી નિકળા, મરતાં વેતજ થાશે, એ મારો ન્યાય છે.

૨૭. આપણા બાળકોપર જેમ આપણે પ્રીતીકરીયે છૈયે, તેમજ જો પૃથ્વીઉપરના સર્વ માણસોઉપર પ્રીતી કરીશું, તોજ આપણે માણસપણામાં છૈયે, તથા જેમ આપણા શરીરઉપર આપણે પ્રીતીકરતેછૈયે, તેવી જો પશુ પક્ષી

વગેરે પ્રાણિમાત્રોઉપર પ્રીતી કરીશું, તોજ આપણે ધન્યછૈયે, એજ ન્યાય છે.

૨૮ અજ્ઞાની તથા અવિચારી એવા માણસને કહ્યું કે તીર્થયાત્રા એ ચાલ, તો તે આવતો નથી, અને તેહેનેજ કહીયેકે અમારી સાથે તીર્થયાત્રા સારૂ ચાકર રહી આવીશ તો તુને મહીનાનાં પાંચ રૂપીયા આપશું, એટલે તેજ આવેછે, તે પ્રમાણેજ, વ્યાસ વસિષ્ટ, ઇત્યાદિકોએ, પ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્તીના સાધનો. સત્ શાસ્ત્ર શ્રવણ મનનાદિક, તથા શમદમાદિક. કહ્યાં, તે કોઈ કરે નહીં. તારે કહ્યું કે, એ સાધનો કરશો તો. સત્વગુણ પ્રકટ થવાથી, સ્વર્ગ લોકના ઉત્તમ સુખ ભોગ મળશે, તથા અનેક કામનાઓ પૂર્ણ થાશે ત્યારે તેજ સાધનો સર્વ કરવા લાગ્યા, તેમાંથી મોક્ષ માર્ગી થયા. એ પ્રમાણે જ્ઞાનીયે વિચાર મનમાં રાખી, જનની સાથે, તથા મનની સાથે બોલવું એજ ન્યાય છે.

નિરાકાર દેવવિશે.

પ્રકરણ ૪.

૧. વેદપ્રતિપાદ્ય ધર્મ અથવા વૈદિકધર્મ અથવા વેદોક્તધર્મ એવાં જેહેના નામો છે તે ધર્મપ્રમાણે મુખ્ય દેવ જે નિરાકાર પરમેશ્વર છે તેહેનું જ્ઞાન સર્વોને થાય તેસારૂ તેહેના નામોના સ્પષ્ટ અર્થ લખ્યાછે તથા દેવને અનેક નામો હોવાનું કારણ શું એપણ દેખાડ્યુંછે તેઉપરથી પરમેશ્વરનું સ્વરૂપ સર્વોયે વિચાર કરી ધ્યાનમાં આણવું.

૨ પ્ર૦ નિરાકાર પરમેશ્વર એટલે, આપણા શરીરની આસપાસ, તથા ભૂગોલ. તથા સૂર્યગોલ. ઇત્યાદિ સર્વ ગોલોની આસપાસ, જે ખાલી જગો એટલે પોલાણ. ફેલાણછે, તે પોલાણની અંદર ભરેલું, અચંચલ તથા જ્ઞાનવાન તથા સ્વપ્રકાશ જે એક પરબ્રહ્મ તત્વ છે કે જેહેના પરમાણું થતા નથી, તથા પરમાણુંના યોગેકરી જે ભેદાતું નથી, તથા જેહેના અસ્તિત્વમાં પરમાણુંનું અસ્તિત્વ. એકઠેકાણે બે અસ્તિત્વો રેહેતાં નથી, એ ન્યાયે કરી મિથ્યા થાયછે, એવું જે સત્ય નિરાકાર એક તત્વ સર્વત્ર ભરેલું છે. તેજ પરમેશ્વર સ્વરૂપ છે, તેહેના સ્મરણાર્થ, અનેક નામો હોવાનું કારણ શું?

૩ ઉ૦ નિરાકાર સર્વત્ર ભરેલા અચંચલ પરમેશ્વર તત્વને, નામ મૂળેજ નથી, પણ તે નિરાકાર પરમેશ્વરનો બોધ, સર્વને થાય, તેથી દૃશ્ય જગતના લક્ષણોથી, નિરાકાર પરમેશ્વરનું લક્ષણ જુદુંછે, એવા અર્થોના સર્વજ નામો,

પરમેશ્વરના સ્મરણાર્થ, પરમેશ્વરનું જ્ઞાન પેહેલાંથી થાવુંજ જોઈયે, તેથી છે.

૪ પ્ર૦ પરમેશ્વરને અનાદ એવું નામ છે, તેઉપરથી પરમેશ્વરનું સ્વરૂપ કેવી રીતનું તથા શું સમજવું?

૫ ઉ૦ પરમેશ્વરને અનાદ એવું નામ છે તેઉપરથી પરમેશ્વર પથ્થર વગેરે જેવો જડ પદાર્થ નથી એવું સમજવું.

૬ પ્ર૦ પરમેશ્વરને નિરવયવ એવું નામ છે એઉપરથી પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૭ ઉ૦ પરમેશ્વર નિરવયવ એવું કહ્યું છે, એ નામઉપરથી પરમેશ્વરને હસ્તપાદાદિક અવયવ નથી એવું સમજવું.

૮ પ્ર૦ પરમેશ્વરને નિરવયવ કહી ફરી તેજ પરમેશ્વરને નિરાકાર એવું કહ્યું છે, એથી પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૯ ઉ૦ પ્રથમ પરમેશ્વરને નિરવયવ કેહેવાથી પરમેશ્વરને હસ્તપાદાદિક અવયવ નથી એવું સમઝાણું તોએપણ વર્તુલ, ચતુષ્કોણ, ત્રિકોણ, ઈત્યાદિ પદાર્થ જેવો, અથવા પરમાણું જેવો, પરમેશ્વરનો આકાર હશે. એવી શંકા રહી, તે પરમેશ્વરને વર્તુલાદિક આકાર હશે એવી શંકા જાય. તેસારૂ પરમેશ્વરને નિરાકાર કહ્યોછે, તથા નિરાકાર એટલે, જે પરમેશ્વરને હસ્તપાદાદિ અવયવ નથી. તેજ પરમેશ્વરને વર્તુલ ચતુષ્કોણાદિ આકારપણ નથી, એવું પરમેશ્વરને નિરાકાર કહ્યું છે એઉપરથી સમજવું.

૧૦ પ્ર૦ પરમેશ્વરને નિરાકાર તથા નિરવયવ, કહી તેજ પરમેશ્વરને ફરી, નિર્ગુણ તથા નિર્ધર્મ, એવું કહ્યુંછે, એ-

સારૂ નિર્ગુણ. તથા નિર્ધર્મ એવું પરમેશ્વરને કેહેવા ઉપરથી, પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૧૧ ઉ૦ પરમેશ્વરને નિરવયવ કેહેવાથી તેહેને હસ્તપાદાદિ અવયવ નથી એવું સમઝાણું, તથા નિરાકાર કેહેવાથી, પદાર્થ કિંવા પરમાણું જેવો વર્તુલ ચતુષ્કોણાદિક આકારપણ પરમેશ્વરને નથી એવું સમઝાણું, પણ એવી શંકા રહી કે, પરમેશ્વરને પ્રકૃતીરૂપ પદાર્થોનો ગુણ, એટલે અનેક સ્વભાવ, તથા આકૃતી રૂપ થાવું. તથા ધર્મ એટલે સ્થીર રેહેવું, તથા ચંચલ થાવું, ઈત્યાદિ એવા હશે. તે શંકા જાવા સારૂ, પરમેશ્વરને નિર્ગુણ તથા નિર્ધર્મ કહ્યું છે, એ નિર્ગુણ તથા નિર્ધર્મ કેહેવા ઉપરથી, પરમેશ્વરને પ્રકૃતીરૂપ પદાર્થોના ગુણ, તથા ધર્મો, નથી એવું સમજવું.

૧૨ પ્ર૦ પરમેશ્વર પરિપૂર્ણ તથા સર્વત્ર એવું કહ્યું છે; એથી પરમેશ્વરનું સ્વરૂપ કેવું, શું સમજવું?

૧૩ ઉ૦ પરમેશ્વરને નિરવયવ કેહેવાથી, હસ્તપાદાદિક અવયવો નથી એવું સમઝાણું, તથા નિરાકાર કેહેવાથી, વર્તુલ ચતુષ્કોણાદિક પરમાણું જેવો, કિંવા પદાર્થ જેવો પરમેશ્વરને આકાર પણ નથી એવું સમઝાણું, તથા નિર્ગુણ તથા નિર્ધર્મ કેહેવાથી, પરમેશ્વરને પદાર્થોના ગુણ તથા ધર્મ નથી એવું સમઝાણું, પણ એવી શંકા ઉત્પન્ન થાશે કે, પરમેશ્વર વસ્તુજ શું, એવી તે શંકા જઇ, પરમેશ્વરનું યથાર્થ જ્ઞાન થાય, તે સારૂ પરમેશ્વરને સર્વત્ર, તથા પરિપૂર્ણ એવું કહ્યું, એ પરમેશ્વરને સર્વત્ર, તથા પરીપૂર્ણ કેહેવાથી, એવું સમજવું કે, આપણા શરીરની અંદર બાહેર, જે એક પોલાણ, વિસ્તીર્ણ, અવકાશ રૂપ, કે-

લાયલી છે; તે પોલાણ, જે ઠેકાણે છે, એવું આપણે ક-
લ્પીયે છૈયે, તે સર્વ પોલાણની જગાઉપર તથા પરમાણુંની
જગામાં, પરિપૂર્ણ એક અચંચલ તત્વ છે, તેજ સર્વત્ર પર-
મેશ્વર સ્વરૂપ છે, તેહેના અનુભવના અસ્તિત્વમાં, પોલા-
ણપણું નથી તથા જગતનું પણ અસ્તિત્વ નથી, એકજ સર્વ
ઠેકાણે અચંચલ એટલે નહાલનારૂં પરમેશ્વર સ્વરૂપ, પૂર્ણ
પણાયે કરી, ઘન નિરાકાર તત્વ છે, એવું, પરમેશ્વર સર્વત્ર
છે, તથા પરિપૂર્ણ છે, એ બોલવા ઉપરથી સમજવું.

૧૪ પ્ર૦ પરમેશ્વર સચ્ચિદાનંદ છે એવું કહ્યું છે એ
નામ ઉપરથી પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૧૫ ઉ૦ પરમેશ્વર સર્વત્ર પોલાણની જગાઉપર ત-
થા જગતના અસ્તિત્વ કલ્પનાની જગાઉપર નિરાકાર અ-
સ્તિત્વે કરીછે એવું પરમેશ્વર સર્વત્ર છે તથા પરમેશ્વર પ-
રિપૂર્ણ છે ઇત્યાદિ નામોના અર્થ ઉપરથી સમજાણું, પણ
એવી શંકા રહી કે, તે પરમેશ્વરને સર્વકાળ અસ્તિત્વ તથા
જ્ઞાન તથા સુખ છે કિંવા નહીં, એ શંકા નિવારણાર્થ પર-
મેશ્વર સચ્ચિદાનંદ એવું કહ્યું છે, એ પરમેશ્વરને સચ્ચિદા-
નંદ કેહેવાથી એવું સમજવું કે, સત એટલે પોલાણ સહિ-
ત પરમાણુજન્ય જગતનું અસ્તિત્વ એ મનને ભાસછે પ-
ણ તે પોલાણસહિત જગતનું અસ્તિત્વ અસત એટલે મિ-
થ્યા છે, તથા તે પોલાણ સહીત જગતના અમસ્તા અસ્તિ-
ત્વની જગાઉપર નિરાકાર પરમેશ્વરનું સર્વકાળ હોણારૂં અ-
સ્તિત્વ સત છે એટલે ખરૂં છે, એ પરમેશ્વરને સત કેહેવાનો
અર્થ છે. તથા ચિદ્ એટલે તે પરમેશ્વરના સત કહેલા ખ-
રા અસ્તિત્વમાં સર્વકાળ જ્ઞાનનું અસ્તિત્વ છે, એજ પરમે-

શ્વરને ચિદ્, કેહેવાનો અભિપ્રાય છે, તથા આનંદ એટલે તે
પરમેશ્વરના નિરાકાર સ્વરૂપને સર્વકાળ સુખ સ્વરૂપની સ્થિતિ
છે, એજ પરમેશ્વરને આનંદ કેહેવાનો અર્થ છે, એવા પ્ર-
કારનો, સત, તથા ચિદ તથા આનંદ, એટલે સચ્ચિદાનંદ,
એ નામ ઉપરથી પરમેશ્વરના સ્વરૂપના વિશે સર્વકાળ અસ્તિ-
ત્વ તથા જ્ઞાન તથા સુખ છે એવો અભિપ્રાય સમજ્ય, નિરા-
કારમાં સર્વકાળ અસ્તિત્વ તથા જ્ઞાન તથા સુખ છે કે નહીં,
એવો સંશય મનમાંથી તજવો. અને પરમેશ્વર સચ્ચિદાનંદ
છે એ નામ ઉપરથી પરમેશ્વરના સ્વરૂપના વિશે સર્વકાળ
અસ્તિત્વ તથા જ્ઞાન તથા સુખ એક રૂપે કરી છે એવું
સમજવું.

૧૬ પ્ર૦ પરમેશ્વરને નિરંજન એવું કહ્યું છે, એ ઉપ-
રથી પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૧૭ ઉ૦ પરમેશ્વરને નિરંજન એવું કહ્યું છે, એ ઉપ-
રથી પરમેશ્વરનું સ્વરૂપ એવું સમજવું કે, અનંત અપાર પો-
લાણ પ્રમાણે, આપણી આસપાસની પોલાણના સ્થાનકે,
અનંત અપાર જે નિરાકાર, અચલ, ઘન તત્વ છે, તેજ પર-
મેશ્વરનું સ્વરૂપ છે, તે પરમેશ્વરના સ્વરૂપના વિશે, પરમાણુંના,
તથા પરમાણુંજન્ય સૃષ્ટિના, પોલાણ સોત, જે અસ્તિત્વ,
એજ કોઇ એક અંજન, એટલે કાળાપણું, એ જગતરૂપ
કાળાપણું, એટલે અંજન, એ નિરાકાર સ્વરૂપના વિશે મૂ-
ળેજ નથી, તેથી પરમેશ્વરને નિરંજન કહેલો છે, તથા પરમે-
શ્વરના નિરાકાર નિરંજન સ્વરૂપના વિશે, પોલાણ સોત જ-
ગતનો તથા પરમાણુંનો અસ્તિત્વ ભાવ મૂળેજ નથી, પણ
આપણી કલ્પનાને, જે પોલાણમાં, જગતના અસ્તિત્વનો ભા-

સ થાય છે, તે ભાસ એવોકે, આકાશમાં એટલે પોલાણમાં, ઊર્ધ્વદૃષ્ટી કરી જોવા પછી. કાળો રંગ ફેલાયલો છે એવું દેખાય છે, પણ વસ્તુતઃ તે ઠેકાણે કાળો રંગ વગેરે કાંઈજ નથી, તથા આપણને જે ઠેકાણે અંધાર દેખાય છે, તે ઠેકાણે કીડીઓ. તથા ઉંદર, તથા ઘૂડો, વગેરે જીવોને પ્રકાશ દેખાય છે, તેથી તે જીવો, તેજ ઠેકાણે આવું પીવું ગોતે છે, એ ઊપરથી અંધાર મૂળોજ નથી, એ સિદ્ધ થાય છે, પણ જેમ આપણી દૃષ્ટીના યોગેકરી, અંધારાનું તથા પોલાણમાં કાળાપણાનું અસ્તિત્વ ભાસેછે, તે મુળોજ નથી, એવું ન્યાય સિદ્ધ તથા અનુભવ સિદ્ધ છે, તેજ પ્રમાણે નિરાકાર નિરંજન પરમેશ્વર સ્વરૂપના વિશે, પોલાણ સોત પરમાણુંનું, અથવા પરમાણુજન્ય જગતનું, અસ્તિત્વ મુળોજ નથી, એવું ન્યાય સિદ્ધ છે, કેમકે સર્વ ઠેકાણે નિરાકાર તત્વનું અચલ અસ્તિત્વ ભરેલું છે, તો તેજ ઠેકાણે, પોલાણ સોત પરમાણુજન્ય જગતનું અસ્તિત્વ નજોઇયે, એવા એકજ ઠેકાણે બે અસ્તિત્વો રેહેતા નથી, એ ન્યાયેકરી ન્યાય સિદ્ધ થાયછે; એસારૂ નિરાકાર પરમેશ્વરના સર્વત્ર ભરેલા એક અચલ અસ્તિત્વમાં, પોલાણ સોત પરમાણુંનું, તથા પરમાણુજન્ય જગતરૂપ ગોલોનું, અસ્તિત્વ એજ કાળાપણું, એટલે અંજન એ મુળોજ નથી, તેસારૂ પરમેશ્વર નિરંજન છે, એટલે પોલાણ સોત જગત એજ કાળાપણું એટલે અંજન, એનો નિરાકાર પરમેશ્વરને ભાસ. અથવા સ્પર્શ મુળોજ નથી, એજ પરમેશ્વરને નિરંજન કેહેવાનો અભિપ્રાય છે.

૧૮ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને. વાસુદેવ એવું નામ છે. એનામ ઊપરથી પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૧૯ ઉ૦ વાસુદેવ, એ પરમેશ્વરના નામ ઊપરથી એવું સમજવું કે, નિરાકાર પરમેશ્વર જે એક દેવછે, તેહેનો નિવાસ એટલે તેહેના અસ્તિત્વની વસ્તી, પોલાણની તથા પરમાણુંની સર્વ જગો ઊપર સરખી ભરેલીછે; એવું વાસુદેવ એ નામ ઊપરથી, પરમેશ્વરના નિરાકાર સ્વરૂપનો સર્વ ઠેકાણે નિવાસ છે એવું સમજવું.

૨૦ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને, ભેદ્યાભેદ્ય રહિત, નિરાકાર પરમેશ્વર, એવું નામ છે. એ નામઊપરથી નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું?

૨૧ ઉ૦ ભેદ્યાભેદ્ય રહિત નિરાકાર પરમેશ્વર, એ નામ ઊપરથી એવું સમજવું કે, અનંત અપાર પોલાણનું, તથા પોલાણનીમાએલા, ભૂગોલાદિક ગોલોના, તથા પરમાણુંના, ઇત્યાદિકોના, અંદર, બાહેર જેહેના ખંડો થાતા નથી, એવું જે એક અખંડ તત્વ ભરેલું છે, તેજ નિરાકાર, એટલે આકાર રહિત, પરમેશ્વરનું સ્વરૂપ છે, તે ભેદ્ય નથી, એટલે બે પદાર્થો મળી એક પદાર્થ ઉત્પન્ન થાયછે, તથા તેમાંથી ફરી, બેઊ પદાર્થો જુદા થાયછે, તેવાં તે મિશ્ર પદાર્થોને ભેદ્ય કહિયે, તથા એક વસ્તૂના બે વિભાગ કરેછે, તે કરવાને પણ ભેદ્ય કેહે છે, એવું, કિંવા તેવું, નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ બેપદાર્થો મળી એક થએલા જેવા વગેરે પ્રકારે કરી ભેદ્ય નથી, તેથી નિરાકાર પરમેશ્વર, ભેદ્યભાવ રહિત છે. તથા તે નિરાકાર પરમેશ્વર અભેદ્ય પણ નથી, એટલે એક જાતનો અમિશ્ર પદાર્થ હોય છે, તેહેના વિભાગો એટલે કકડા થાયછે, પણ તેહેમાં બીજા પદાર્થો રહી શક્તા નથી,

તેવા પદાર્થોને અભેદ્ય કહીયે, પણ નિરાકાર પરમેશ્વરના અંગે, તે આકારવાળા પદાર્થોનો, અભેદ્યભાવ નથી, તેથી નિરાકાર પરમેશ્વર અભેદ્યભાવ વિરહિતછે; એપ્રમાણે નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ, ભેદ્યાભેદ્ય વિરહિત છે, એ નામ ઉપરથી પરમેશ્વરનું, એક નિરાકાર સ્વરૂપ, તેન આપણું, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું, આપણું સ્વસ્વરૂપ, એટલે નિજતત્વછે એવું સમજવું, તેહેમાં ભેદ્યઅભેદ્ય, એ બેઉ ભાવ નથી; એટલે પરમાણું એન કોઇ શસ્ત્ર, પોલાણની અંદર અચલ નિરાકાર તત્વમાં પેસતું નથી, તેથી પરમાણું-એતો, નિરાકારના સર્વ ઠેકાણે ભરેલા અસ્તિત્વમાં મૂળેજ નથી.

૨૨ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને અવિનાશ એવું નામ છે, એ ઉપરથી નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ કેવું તથા શું સમજવું ?

૨૩ ઉ૦ અવિનાશ એવા નામ ઉપરથી એવું સમજવું કે, નિરાકાર પરમેશ્વરના એક અચલ તત્વના અસ્તિત્વનો બોધ, બુદ્ધિમાં ઉદય પામ્યો છતાં, પોલાણ સોત, જગતના અસ્તિત્વનો ભાવ, બુદ્ધિમાં હોયછે તેહેનો નાશ થાયછે; તથા બુદ્ધિ એટલે વૃત્તી, તે પણ રેહેતી નથી તે પ્રમાણે નિરાકાર પરમેશ્વર તત્વના અસ્તિત્વનો નાશ કદીજ થાતો નથી, એથી નિરાકાર પરમેશ્વરને અવિનાશ એવું નામ છે, એટલે નિરાકાર પરમેશ્વરના સ્વરૂપનો નાશ નથી.

૨૪ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને નિશ્ચલ એવું નામછે, એ નામ ઉપરથી નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ કેવું, તથા શું સમજવું ?

૨૫ ઉ૦ નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ, પરમાણુંજન્ય પદાર્થો પ્રમાણે, અથવા પરમાણું, અથવા વીજળી અથવા વાયૂ, અથવા અનંત ભુગોલાદિક ગોલો પ્રમાણે, અથવા મનોમય કલ્પેલી આકૃતી પ્રમાણે, ચંચલ નથી, તેથી પોલાણની અંદર પરિપૂર્ણ ભરેલા નિરાકાર પરમેશ્વર તત્વને, નિશ્ચલ એવું નામ છે, તથા નિશ્ચલ એટલે નિરાકાર પરમેશ્વર ચંચલ નથી, એન નિરાકાર પરમેશ્વરના, નિશ્ચલ એ નામનો અભિપ્રાય છે.

૨૬ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને, પરબ્રહ્મ એવું કહ્યું છે, એ પરબ્રહ્મ નામ ઉપરથી, નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ કેવું, તથા શું સમજવું ?

૨૭ ઉ૦ નિરાકાર પરમેશ્વરને પરબ્રહ્મ કહ્યું છે એનો અર્થ એવો કે, પરમાણુંજન્ય અનંત ગોલ સ્વરૂપી જગત, એ પોલાણનાં પેટમાં ભાસે છે, તે જગત થકે, તથા પોલાણ થકે પણ, બૃહત એટલે (મોટું) વ્યાપક ઇશ્વરનું સ્વરૂપ છે, પણ તે જગતના નાહાનાપણાનો, તથા તે જગતને વ્યાપક એટલે મોટું, એવું જે બૃહત એવા નામેકરી, બ્રહ્મ, તેહેનો નિરાકારનાં અસ્તિત્વમાં, મૂળેજ અભાવ છે, એથી નિરાકાર તત્વનું જ્ઞાન થાય, તે સારૂ વ્યાપ્ય જગત નાહાનું, તથા વ્યાપક બ્રહ્મ એટલે મોટું, એ બે થકે નિરાકાર પર છે, તેથી તેહેને નાહાના મોટા પણાથકે પર, એવા અર્થે કરી પરબ્રહ્મ એવું કહ્યું છે; તેજ પરમાત્મા છે, એટલે શરીરને જાણનારા જે આપણે આત્મા છૈયે, તે પોતપોતાના આત્મરૂપનાં પેહેલાનું પરમાત્મ સ્વરૂપ, અને ઉપર કહેલું જે પરબ્રહ્મ, તે બેઉ મૂળેજ એક છે.

૨૮ પ્ર૦ નિરાકાર પરમેશ્વરને, પરમેશ્વર અથવા પરમાત્મા કહેલા છે, એનો અર્થ શું ?

૨૯ ઉ૦ નિરાકારને પરમેશ્વર, અથવા પરમાત્મા કેહેવાનું કારણ એજકે, શરીરનાંમાહેલી પોલાણમાં, પંચ પ્રાણ વાયુઓને, આકર્ષણે ચલિત કરી, મનોમય, અહંબ્રહ્મ ભાવના, એ પરાવાચ્યા, ઇત્યાદિ ચાર વાણીનો તથા ચાર દેહનો, આલક જ્ઞાન રૂપ જે સુક્ષ્મ આકાશ તત્વ રૂપછે, તેજ આત્માછે, તે અહંવૃત્તી ધરનારા જ્ઞાનના પેહેલાનું, એટલે આત્માના પેહેલાનું, પોતાનું સેહેજ નિરાકાર જ્ઞાન રૂપછે, એ સારૂ તે નિરાકાર સ્વરૂપ તો, અહંપણું ધરનારા જ્ઞાનરૂપ આત્મા થકે પરછે, તથા ઉત્કૃષ્ટ છે, તેથી તેહેનો બોધ પરમાત્મા એ નામેકરી કર્યો છે, અને પરમેશ્વર એનામનો અર્થ એવોકે, નિરાકારનાં એક અસ્તિત્વમાં જગતનૂંજ અસ્તિત્વ નથી, પછી તે જગતનો ઇશ એટલે ધણી, એવું એ કેહેવું પણ શું ? એ સારૂ જગતનૂંજ અસ્તિત્વ વિચારના અંતે સત્ય નથી, એથી તે જગતનો ધણી કેહેવાનું કારણજ નથી, કેમકે નથી જે તેહેનો ધણીપણ નથીજ, એસારૂ નિરાકારનાં અસ્તિત્વમાં, જગતનું, કિંવા તેનો ધણી જે ઇશ્વર એ બેહુનું, અસ્તિત્વ નથી, એક નિરાકારનું અસ્તિત્વ છે, તેથી નિરાકારને ઇશ્વર થકે પર તથા ઉત્કૃષ્ટ છે, તેથી પરમેશ્વર કહ્યું છે.

૩૦ પ્ર૦ નિરાકારને નામરૂપ મૂળેજ નથી, એવું કેમ કહ્યું છે ?

૩૧ ઉ૦ નામ રૂપતો, કલ્પના ધરનારા જ્ઞાનનાં કલ્પનાએકરી કલ્પવું, પણ કલ્પના ધરનારૂં જ્ઞાન, તથા તેહેની કલ્પના, બેહુપણ નિરાકાર અચલ તત્વમાં મિથ્યાછે,

એથી નિરાકારને નામરૂપનો ભાવ મૂળેજ નથી. કેમકે અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું આપણું જે નિજરૂપ, તેજ નિરાકાર છે, તેહેમાં અહંપણું ધરનારૂં જ્ઞાન, વિચારથી જો શું તો મિથ્યા થાશે, પછી તેહેને કલ્પેલી નામરૂપની કલ્પના કેમ રેહેશે.

૩૨ પ્ર૦ અનંત નામે કરી નિરાકારનું જ્ઞાન કહ્યું છે એનું કારણ શું ?

૩૩ ઉ૦ અનેક નામે કરી નિરાકારનું જ્ઞાન કેહેવાનું કારણ એવું કે, જેમ કોઈ જંગલી માણસ છે, તેહેને મોતીઓની વાતો કહીઓ, પણ મોતીઓની વાતો કેહેનારાની પાસે, મોતીઓ નહતાં, તથા તે જંગલી માણસે મોતી કયારેજ જોયાં નહતાં, એથી તે જંગલી માણસે, મોતીની વાત કેહેનારાને પુછ્યું કે, મહારાજ મોતી કેવાં હોય છે, તે વખત તેણે તેહેને, મકઈનો દાંણો દેખાડ્યો, અને કહ્યું કે, એ મકઈનાં દાંણા જેવું મોતી હોય છે, ત્યારે જંગલી બોલ્યો કે, તો મોતીનાં રોટલા થતા હશે, ત્યારે તેણે જંગલી માણસને ચમકદાર કાંકરો બતાવ્યો, કે મોતી કાંકરા જેવું કદ્રણ છે, તેહેના રોટલા થતા નથી, પણ ગોલ, મકઈના દાંણા સરખું, એ મકઈનાં દૃષ્ટાંતમાંથી, મોતીના દ્રાષ્ટાંત તરફ, એક દેશ લેવો, તથા કાંકરા જેવું કદ્રણ, તથા છીપની માહેલી બાજુ જેવું ચમકનારૂં, એવું મોતી હોય છે. એ પ્રમાણે મોતી જેણે જોયું નહતું, તેહેને મોતીનાં લક્ષણ જાણવાસારૂ, મકઈના દાંણાનો, તથા પાંચિકો, તથા છીપ, વગેરે પદાર્થો દેખાડવાં પડ્યાં, અને દૃષ્ટાંત એકદેશી છે, એ સારૂ, તેમાંથી એક દેશ લેવો એવું કેહેવું પડ્યું, તે પ્રમા-

ણેજ, પરમેશ્વરને નિરવયવ કહ્યું, તોપ, હસ્તપાદાદિક અવયવ નથી, પણ આકાર હશે, એવી શંકા આવી, તેથી ફરી તેહેનેજ નિરાકાર કહ્યો, ત્યારે તે શંકા ગયી, એ પ્રમાણેજ નિરાકાર દેવના જ્ઞાનાર્થ, અનંત નામો લાગ્યાં, તેહેનાં લક્ષણો, મોતીના દૃષ્ટાંતેકરી સમજવાં, તથા મોતીનાંલક્ષણો જાણવા પછી, કેટલાકકાળે, એક માણસના ગળામાં મોતીઓનો હાર જોઇ, જંગલી માણસે નિશ્ચય કર્યો કે, મોતીનાં લક્ષણો, મકઈના, તથા કાંકરાના, તથા છીપના, દૃષ્ટાંતેકરી સાંભળી, હું સમજ્યો હતો, તેજ મોતીઓની, આ, માણસનાં ગળામાંએલી માળા છે, એવી પ્રતિતી આવી, તોપ, જંગલી માણસને થોડોક સંશય રહ્યો, એથી જેહેના ગળામાં મોતીઓની માળા હતી, તેહેને જંગલી માણસે પ્રશ્ન કર્યો, કે, એ માળા શાની છે, તેણે ઉત્તર આપ્યો કે, એ માળા મોતીઓની છે, તે વખત, જંગલી માણસને, મોતીઓનો પૂર્ણ અનુભવ થયો, અને સંશય છેકજ ગયો; તેજ પ્રમાણે નિરાકાર પરમેશ્વરના જ્ઞાનાર્થ, અનેક લાક્ષણિક નામો છે, તથા અનેક ભાષણો છે, તે પ્રમાણેજ શાસ્ત્રપ્રતીતી, ગુરૂપ્રતીતી, અને આત્મપ્રતીતી, એ ત્રણે પ્રતીતીઓ આવે, એટલે સંશય જાય છે, અને સમાધાન થાય છે, એ પ્રમાણેજ, નિરાકારના જ્ઞાન અર્થે લાક્ષણિક નામો અનેક હોવાનું કારણ, જ્ઞાન પ્રાપ્તી થાય, એજ છે.

૩૪ પ્ર૦ દેવ એ નામનો ઘણાં ઠેકાણે ઉપયોગ કર્યો, એથી તેત્રિસકોડ, અથવા અનેક દેવ, એવું અજ્ઞાનિઓને જણાય છે, પણ મુખ્ય દેવનો અર્થ શું? તથા દેવ નામ, અનેકોને આપવાનું કારણ શું?

૩૫ ઉ૦ દેવ નિરાકાર એકજ છે, પણ ભૂદેવ બ્રાંહ્મણોને કહેછે, કેમકે તે લોકોમાં ધર્મદ્યોતક છે, તથા નરદેવ રાજાઓને કહેછે, કેમકે તે નીતિદ્યોતક છે, તથા સૂર્યાદિકોને દેવ કહેછે એનું કારણ, તે દૃષ્ટીદ્યોતક છે, એજ પ્રમાણે ગુરૂને દેવ કહેછે એનું કારણ ગુરૂ જ્ઞાનદ્યોતક છે, પણ મુખ્ય અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું, પોતપોતાનું નિરાકાર સ્વરૂપ, તેજ મુખ્ય દેવ છે, કેમકે તે પોતપોતાને દ્યોતન કરે છે, તેથી મુખ્ય દેવ એવી સંજ્ઞા તેહેનેજ છે, એ પ્રમાણેજ અવતારી પુરૂષોને, તથા વેદોક્ત ધર્મમાંએલા માણસોને જે જે નામો, રામ, કૃષ્ણ, ગોપાલ, ગોવિંદ, ઇત્યાદિ આપેછે, તે તે સર્વ નામો, નિરાકાર પરમેશ્વરના જ્ઞાનનાં છે, તેજ અવતારી પુરૂષોને, તથા માણસોને, તથા અનંત ગોલોને આપ્યાં હોય, તોય, તે, તેઓના નામો નથી, પણ સંજ્ઞાર્થ તેઓને આપેછે, તથાપિ તે સર્વનામો નિરાકાર સ્વસ્વરૂપના જ્ઞાનાર્થે છે, એવું સમજવું. તથા જેમ સૂર્યાજી બાવા, એ નામ માણસને આપ્યું, તોય, માણસ સૂર્ય નથી, તે પ્રમાણેજ નિરાકારના જ્ઞાનાર્થે, દેવ, અથવા વાસુદેવ, ઇત્યાદિ નામો છે, તે, અન્યને આપ્યાં, તોય, તે, બીજા મનુષ્યાદિકોને, મુખ્ય દેવ સમજવા નહીં. દેવ એક નિરાકાર છે, તેજ અહંપણું ધરનારા જ્ઞાનના પેહેલો, મારો હું સેહેજજ છું, એવું સમજવું, અને અહંપણું ધરનારા જ્ઞાનેકરી, કાયા, વાચા, મનેકરી, પોતીકા તરણોપાયાર્થ, વેદોક્ત ધર્મપ્રમાણે વરતવું. તથા સ્વપ્રકાશ ગોલોને, સુર, એટલે દેવ એવી સંજ્ઞા છે, તથા પરપ્રકાશ ગોલોને, અસુર, અથવા દૈત્ય, એવી સંજ્ઞા છે, એઉપરથી, સ્વપ્રકાશ ગોલ, જે રૂષીઓ-

યે, તેત્રિસ ક્રોડ ગણ્યા, તે તેવું બોલ્યા, પણ અનંત એળછે, પણ મુખ્ય દેવ નિરાકાર છે.

૩૬ પ્ર૦ દેવ નિરાકાર છે, એવિશે, એકાદ વેદશ્રુતી, તથા સ્મૃતી કેહેવી ?

૩૭ ઉ૦ દેવ નિરાકાર છે એબાબત શ્રુતી, તથા સ્મૃતી, ઘણીઓછે, આ જુઓ ! અથર્વણ વેદમાએલી, નારાયણ અથર્વશિર્ષ માએલી શ્રુતી.

" नारायणएवेदंसर्वंयद्भूतंयच्चभव्यंनिष्कलंकोनिरंजनोनिर्विकल्पो निराकारःशुद्धोदेवएकोनारायणोनद्वितीयोस्तिकश्चित ", इतिश्रुतेः હવે રામગીતામાએલાં, દેવ નિરાકાર એ બાબત પ્રમાણો, શ્લોકાર્ધ.

" त्वंशुद्धबोधोसिहिसर्वदेहिनामात्मास्यधीशोसिनिराकृतिःस्वयं,, ॥ શ્લોકાર્ધ ॥ " निराकृतत्वंच्छुतियुक्तिमानतो यर्थेदुभेदो दृशिदिग्भ्रमादयः " ॥ બ્રહ્મોત્તર ખંડમાએલા, શિવકવચનું પ્રમાણ, " निराकाराय,नित्यशुद्धपरिपूर्णसच्चिदानंदाद्वयाय " ॥ ઇત્યાદિ, દેવ નિરાકાર, એવિશે વેદોક્ત ધર્મમાં, ઘણાં પ્રમાણો છે.

નીતિપર પુરાણોક્ત વાતો.

પ્રકરણ ૫.

૧ હે મારા પ્રિય બાળકો, પુરાણોમાં નીતિમાનોની વાતો લખીયોછે, તે તમારા જાણવામાં આવે, અને તમો નીતિમાન થાઓ, એ હેતૂથી, તે વાતો તમોને કહુંછું.

રામાયણમાએલી વાત ૧.

૨. રામાયણમાં એવું લખ્યું છે કે, શ્રીરામચંદ્રે અગ્યાર હજાર વર્ષ રાજ્ય કર્યું, તેકાળે ચૂલોને બંધન, તથા સોકટાને માર, તથા છત્રને દંડ, એવિના, બંધન, તથા દંડ, તથા માર, એ, કોઈને બબર નોંતું.

તાત્પર્ય.

૩. શ્રીરામચંદ્રના રાજ્યમાં, નીતી, તથા ન્યાય, ઉત્તમ પ્રકારનો હતો, એથી સર્વ પ્રજા, નીતિમાન હતી, અને અનીતિમાન કોઈજ નહતું, તેથી બંધન, તથા દંડ, તથા માર. એ કોઈને ભોગવવા પડતા નહતા; રાજાઓયે, તથા પ્રજાઓયે, આ વાતની તરફ લક્ષ આપવું.

રામાયણમાએલી વાત ૨.

૪. રામાયણમાં વળી એક વાત એવી લખેલી છે કે, લંકાનો રાજા જે રાવણ. તથા તેહેનો ભાઇ જે કુંભકર્ણ, તથા રાવણનો પુત્ર ઇંદ્રજીત, ઇત્યાદિ સર્વ રાક્ષસ મળી, સર્વ

પ્રજાઓને, પીડા કરતા હતા, તે તરફ, અંગદને મોકલી, નીતિએકરી વરતતાં જવું, એટલે યુદ્ધથી મુક્ત થાશો; એવું રામે કેહેવડાવી મોકલ્યું, પણ રાવણાદિકોયે, રામનું બોલવું માન્ય નકરતાં, રામની સન્નિધ યુદ્ધમાં ભીડી, મરણ પામ્યા. પછી રામે, રાવણનો બંધુ, જે નીતિમાન બિભીષણ, તેહેને લંકાના રાજ્ય ઉપર સ્થાપન કર્યો અને સર્વ પ્રજા સુખી કરી, પછી લંકામાં સર્વ પ્રકારની સમૃધ્ધી છતાં પણ, તથા બિભીષણ આગ્રહ કરી આપતો છતાં પણ, તેમાથી શ્રીરામે કાંઇજ લીધું નહીં, તથા કોઇને લેવા દીધુંપણ નહીં. એપ્રમાણે રામચંદ્રની નીતિ હતી, તેથી જગતમાં. રામચદ્રની સર્વકાળ સ્તુતીજ થાતી હતી, તથા હાલમુધીપણ સ્તુતી થાયછે.

તાત્પર્ય.

૫. સૂજ્ઞ રાજાયે, પ્રજાને પીડા કરવાવાળા રાજાઓને, પ્રથમ ઉપદેશ કરવો કે, આજથી નીતિયે વરતશો, તો, થએલા અપરાધ થકે તમે મુક્તછો, પણ એ ઉપદેશ, જો તે યુદ્ધ શિવાય નસાંભળો, તોજ યુદ્ધ કરવું, અને ફરી તે યુદ્ધ કર્યા પછી, શરણ આવી, નીતિયે ચાલવાનું કબુલ કરશે, તો તેઓને, પ્રજાપાએલા સર્વ માણસો પ્રમાણે સુખી કરી રાખવા; અને તેજ દેશમાહેલા, સર્વકાળ રેહેનારી પ્રજાને પ્રિય, એવો બીજો નીતિમાન રાજા સ્થાપન કરી આપવો; પણ તે દેશમાએલો, કઇંજ અભિલાષ રાખવો નહીં, એટલે સર્વ પ્રજાને સુખ થાયછે, અને, તે દેશ, દરિદ્રી થાતો નથી, અને એવું કરવાવાળા રાજાની, અતીશે સ્તુતી થવા લાગે છે.

૬. ભૂગર્ભ વિદ્યા ઉપરથી, માદાગાસ્કર બેટો, તથા

આસ્ટ્રેલીઆ, એ બેઉ ભૂમી, પ્રાચિનકાળે સંયોગે કરી હતીઓ, એવું સિદ્ધ થાયછે, એ ઉપરથીજ, ૪૦૦ ચારશોકોશ ઉપર, લંકા, સમુદ્રમાં, દ્વારકાની બરાબર, ધરણીકંપના પ્રલયથી, જવા પેહેલી હતી, એ સિધ્ધ થાયછે, તથા તે વખતનો લેખ જે રામાયણ, તે અદ્યાપ હિંદુસ્થાનમાં છે, એકારણ ઉપરથી, અન્ય દેશોમાં પ્રલય થયા, તેવા ઘણાં કાળમુધી, એટલે લક્ષાવધી વર્ષો થઇ ગયાં, તોયેપણ, હિંદુસ્થાનમાં, દ્વારકાવિના, પ્રલય થયા નથી, એપણ સિધ્ધ થાયછે, તથા હિંદુસ્થાનમાં પ્રલય થયા નથી, એથીજ, પ્રાચિન, લાખો વરસ પેહેલાના, વેદશાસ્ત્રાદિક સર્વ ગ્રંથો, હિંદુસ્થાનમાં રહેલા છે, એવુંપણ સિધ્ધ થાય છે.

રામાયણમાહેલી વાત ૩.

૭. રામાયણમાં એક વાત એવી લખીછે કે, વાલ્મીક રૂષી, એ, પેહેલાં વાટા મારતો હતો, એથી તેહેને, વાલ્યો કોળી, એવું કેહેતા હતા. તથા તેણે, અજ્ઞાન જે પાતક, તજ્જન્ય, હિંસાદિક ક્રિયાઓ, ઘણી કરીઓ, પણ તેહેને, ક્ષણએક સત્સમાગમ થયો, એથી તે પશ્ચાત્તાપ પામ્યો, એટલે પેહેલાં કરેલાં કર્મોનો, પશ્ચાત્ વિચાર થવાથી, તેહેના કર્મોનો, તેહેનેજ તાપ થયો. એવો તે પશ્ચાત્તાપયુક્ત થઇ, નરસાં કર્મોનો ત્યાગ કરતો થયો; પછી સત્પુરૂષોએ, તેહેને, રામા, રામા, હે રામા, એ નામે કરી, દેવને હાકો મારવા કહ્યું, તેપ્રમાણે પણ તેહેનાથી થયું નહીં, કેમકે તેહેની જીભને, ઘાતક શબ્દ જે, મારો મારો, તેહેનો અભ્યાસ ઘણો હતો, એથી તેણે, રામા રામા, એ ઉચ્ચારને ઠેકાણે, મારો મારો, એ શબ્દે કરી, દેવને

હાકો મારીઓ, તેથી તેહેને, શામસુંદર કમલનયન શ્રીરામરૂપે સાક્ષાત્કાર થઇ, શરીરમાએલું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાની, નિરાકાર સ્વસ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત થઇ; પછી તે વાલ્મિક, મહાન રૂષીઓમાં, તથા કવી, એટલે જ્ઞાની જે તેઓમાં, અગ્રગણ્ય થયો.

તાત્પર્ય.

૮ સત્સમાગમનું ફલ અચિંત્ય છે, તથા પશ્ચાત્તાપ જેવું બીજું પ્રાયશ્ચિત નથી, કેમકે, પશ્ચાત્તાપ થયો, એટલે આપણા નરસાં કર્મોનો ત્રાસ, આપણને થઇ, આપણી આપણે નિંદા કરીયે છૈયે, અને મનેકરી દુઃખી થઇયે છૈયે, એસારૂ, મનેકરી દુઃખી થાવું, એ મોટું પ્રાયશ્ચિત્તાર્થે, સાચું, શાસન છે; તથા જે, મનેકરી, પોતપોતાના નરસાં કર્મોનો ત્રાસ માની, દુઃખી થાયછે, તેજ, ફરી નરસાં કર્મો કરતો નથી, એસારૂ. પશ્ચાત્તાપ જેવું પ્રાયશ્ચિત્ત નથી; તથા અંતરમાએલો સાક્ષી જે દેવ, તે એવો દયાળુ છે કે. પશ્ચાત્તાપ યુક્ત થઇ, જે દીનપણાથી, તેહેને હાકો મારેછે, તેહેના તે, રામારામા શબ્દ તરફ, અથવા મારો મારો શબ્દ તરફ નજ્રોતાં, મુને હાક મારી, એવું સમજી, અરે મારા પ્રિય ભક્ત, આ આવ્યો. ડરીશ નહીં, એવું કહી, તેહેના અંતઃકરણમાં સત્પુરૂષોએ કહેલી ભાવના જેવો, સાકારરૂપે કરી પ્રકટ થઇ, તેહેને, નિરાકાર સ્વસ્વરૂપે કરીજ, શરીરમાએલો અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો મારો હું નિરાકાર છું, એવો અનુભવ આપેછે, તે અનુભવેકરી, અજ્ઞાન જે પાતક, તે તજ્જન્ય નરશી ક્રિયાઓ સહિત, ખોવાઇ જાયછે, અને અક્ષય સુખ થાયછે, તસ્માત, ભાવ શુદ્ધ

છેતો, બોલવું ચાલવું સર્વ શુદ્ધ છે અને ભાવ શુદ્ધ નછતાં, જે જે કરવું, તે તે સર્વ કપટ છે, તે અંતરમાએલા જાણનારા ઇશ્વરની તરફ રજુ નથી; પશ્ચાત્તાપયુક્ત ભાવભક્તીજ ઇશ્વરને પ્રિય છે.

રામાયણમાએલી વાત ૪.

૯. રામાયણમાં એવું લખ્યું છે કે, શ્રીરામચંદ્ર, આપણા ભક્તોના ઉદ્ધારાર્થ, અરંણ્યમાં ફરતો છતાં, કોઇ એક (શબરી) એ નામની ભિલ્લણ, પરમ જ્ઞાની હતી, તેહેને રામની પ્રીતિ, એટલે ભક્તી, ઘણી હતી, તથા રામની વાટ જોતી, તે વૃદ્ધાપકાળ સુધી બેઠી હતી, એટલામાં, શામ સુંદર કમલનયન શ્રીરામચંદ્રને તેણીયે જોયો. અને દોડતી, દોડતી તથા રામના શ્રીમુખ તરફ જોતી જોતી, રામપાસે આવી, તેવખત પ્રેમેકરી, તેહેનો કંઠ સદ્ગદીત થયો, અને પ્રેમાશ્રુધારાઓ, તેહેની આંખોમાંથી ચાલીઓ, તથા હોઠ, અને સર્વાંગ, પ્રેમેકરી કંપાયમાન થૈ રહ્યું, અને શ્રીરામના પગોને, એવી તેણીયે મીઠી મારીકે, જેમ જીવાત્મા, જાગૃત સ્વપ્નમાં શ્રમ પામ્યાથી, લાંઘને મીઠી મારે છે, તેમ, શ્રીરામના પગ, શબરીયે ઘટ્ટ ઘસ્યા, પછી શ્રીરામે, શબરીને ઉપાડી, પેટે ધરી, અને તેહેના પ્રેમાશ્રુ. પોતાના હાથે કરી પુછી, તેહેને, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, નિરાકાર સ્વસ્વરૂપમાં સાવધકરી, પછી શબરીયે રામને, પોતિકી પર્ણકુટીમાં લઇ બેસાડ્યા, અને તેહેને અરંણ્યમાંહેલાં ફુલો સુવાસાર્થ આપ્યાં, અને મિઠાં બોરો, શ્રીરામને ફલાહાર સારૂ આપ્યાં, તે બોરો રામેહાથમા લઇ, શબરી ભિલડીનો શુદ્ધ ભાવ પ્રકટ કરવા-

ના હેતુથી, શબરીને પ્રશ્ન કર્યોકે, હેમાહા તપસ્વિની શબરી, આ બોરાં ઉચ્છિષ્ટ દેખાયછે, તે વખત શબરી સદ્ગદીત થઈ કેહેવા લાગી, હે બાપ, મારારામ, આબોરાં એઠાં નથી, અરે રામ, હું રોજ અરણ્યમાં ફલાહાર સારૂ જાઉં છું, ત્યાંહાં હું પેહેલાં ફલો, પોતીકા દાંતે કરી ચોંચી, ચાખી જોઉં છું, તેમાં જે મીઠાં ફલો હોય, તે તારા નામના જુદાં રાખું છું, અને બાકીના સર્વ ફલો હું ખાઉંછું, એ પ્રમાણે આજ કેટલાક દિવસ, હે રામ તારી વાટ જોતી હું બેઠી છું, ત્યારે તું હમણા આવ્યો, તો આ બોરાં, મે પોતાના દાંતે, કિંચિત ચોંચી, ચાખી, મીઠાં તેથી તુને આપ્યાં. હે રામ, હું તુને, એઠાં બોરાં, કદીજ આપનાર નહીં, એ તેણીનું પ્રેમળપણું જોઇ, શ્રીરામ બોલ્યા, શબરી, તારાં બોરાં એઠાં નથી. પણ આનમુંધી, જેટલાં મારા નામે કરી, બોરાં અથવા બિજાં ફલો, રાખ્યાં હોય, તે સર્વ ફલો, મારા મુને આપ, ત્યારે શબરીએ, રામના નામનો ફલોનો ઢગલો, રામની આગળ કર્યો, ત્યારે શ્રીરામે, તે ફલોમાએલાં બીજ પણ ન છાંડતાં, સુકેલાં, ભક્ત શબરી ભિલડીનાં, એઠાં સર્વ ફલો, પ્રેમેકરી, તથા ઇશ્વર શક્તીના સામર્થ્યે કરી ભક્ષણ કર્યાં, અને પછી, તાજાં બોરો, શબરીએ એઠાં કરેલાં ઘણી મિઠાસમા આવ્યાં એવું સમજી, મોઠા આનંદે, શ્રીરામે, તે ખાધાં અને શબરીને કહ્યું કે, પરમ ભક્ત શબરી મેં તારાં ફલો ખાવાસારૂજ અવતાર ધારણ કર્યો છે, એ સર્વ ચરિત્ર જોઇ, લક્ષ્મણ સદ્ગદીત થઇ કેહેવા લાગ્યો કે, રામા તું ભક્ત વત્સલ છે, તને ભક્તી, તથા શુદ્ધભાવ જોઇયે એટલે તું મળેછે, અને ભક્તી તથા શુદ્ધભાવ ન છતાં, બીજાં સાધનો, તારી પ્રાપ્તી

સારૂ કર્યાં તેટલાં વ્યર્થ છે, કેમકે, ઉચ્છિષ્ટ બોરાં, તેં ભક્તિ ભાવેકરી, શબરી ભિલડીએ આપેલાં ખાયછે, અને માહાન્ માહાન્ સાધનો કરેછે, તેઓને ભક્તીભાવ ન હોવાથી ભેટ આપતો નથી, તસ્માત રામા તું ભક્ત વત્સલ છે.

તાત્પર્ય.

૧૦ દેવતો શુદ્ધ ભાવ ભક્તિયેજ વશ્ય છે; એસારૂ, સ્ત્રી પુરૂષોયે, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, નિરાકાર સ્વસ્વરૂપનો શુદ્ધ સમભાવ તથા ભક્તી એટલે પ્રીતિ ધારણ કરી, મનથી સાકાર અવતારોની પ્રીતિ રાખવી, એટલે તેઓયે કરેલાં સર્વ કર્મો પૂર્ણતા પામેછે, અને એ યોગ્યતા, માણસ દેહધારણ કરનારા સર્વેજ છે, એસારૂ, મનુષ્ય દેહધારીએ, દેવની ભક્તિ કરવાને, હું પંગૂ છું એવું સમજવું નહીં. કેમકે, દેવની ભક્તિ, ધનધાન્યાદિકોની, તથા પુત્રપૌત્રાદિકોની, સમૃદ્ધિ હોવાથી પણ થાયછે, તથા નહોવાથી પણ થાયછે, તથા હીન કુળમાં જન્મ્યા છતાં પણ થાયછે, તથા ઉત્તમ કુળમાં જન્મ્યા છતાં પણ થાયછે, પણ સત્સમાગમ જોઇએ, કેમકે, શબરીએ, માતંગ રૂષીની સેવા કરી હતી.

રામાયણ માંહેલી વાત ૫.

૧૧ રામાયણમાં એવું લખેલું છે કે, ઇશ્વરનો અવતાર શ્રીરામચંદ્રએ સીતાના શોધાર્થ, અરણ્યમાં ફરતો છતાં, તેહેના ભક્ત, જે વૃક્ષ પાષાણરૂપો ધારણ કરી બેઠા હતા, તેઓને ભેટ આપવી, એ હેતુથી, તથા જેટલી સૃષ્ટિરૂપેકરી પંચભૂતાત્મક પ્રકૃતી છે, તેજ પ્રકૃતી સીતા છે, તથા હું તે ભુગો-

લાદિક અનંત ગોલરૂપી સીતામય સૃષ્ટીરૂપ પ્રકૃતીને, અંતર્યામિત્વેકરી, એક આકર્ષણ શક્તીયે આકર્ષણકરી ધરનારો, પુરૂષ, તથા સમષ્ટિ રૂપ ઈશ્વરછું, તે અમો ઉભયતાંયે, એક રૂપ છતાં, અવતાર શરીરો, જગત કાર્યાર્થ, ઇચ્છા માત્રે કરી ધારણ કર્યાંછે, એ ભાવના પ્રકટ દેખાડવા સારૂ, શ્રીરામચંદ્રે, હે સીતા હે સીતા, એ પ્રમાણે શોક મુદ્રા પ્રકટ કરી, વૃક્ષ પાષાણોને આલિંગન આપતો છતાં, રામની યોગ્યતા, જગતના ધ્યાનમાં આવે, તે સારૂ પાર્વતીયે, સીતાના અવતાર શરીરનેવું, શરીર ધારણ કરી, રામની આગળ ઉભી રહી બોલી કે; હું સીતા આગળ ઊભી છતાં. હા સીતા, હાસીતા કહી, વૃક્ષ પાષાણાદિકોને, આલિંગન આપવાનું કારણ શું; એ પ્રમાણે, ચારપાંચ વખત પુછયાં, પછી રામે ઉત્તર આપ્યો કે, હે જગદંબેમાતે પાર્વતી, એનું કારણ શું એ શ્રીશંકરને પુછવું, એટલે તે કેહેશે. એ રામના વચનો, પાર્વતીયે સાંભળી, ધારણ કરેલું સીતાનું રૂપ છોડી, પેહેલાનું પોતીકું પાર્વતીરૂપ પ્રકટ કરી, રામ પૂર્ણ જ્ઞાની છે, તથા રામને મોહનથી, એવું સર્વના બોધમાં ઉતારી આપ્યું, અને શ્રીરામ જગદુધ્ધારાર્થ, સીતા શુધ્ધીનું નિમિત્ત, લોકોને દેખાડી ફરેછે, પણ શ્રીરામને, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, તથા મત્સર એવો એ શત્રુત્વ ભાવ, એટલે રિપુ ભાવ છોડી, મિત્ર કર્યો છે, એ પણ લોકોને દેખાડ્યું, તથા અમાનિત્વ, તથા અદંભિત્વ, ઇત્યાદિ જ્ઞાનીઓના લક્ષણો. શ્રીરામમાં પૂર્ણ છતાં, બાહ્યાત્કારે, કિંચિત્ કાલ, અજ્ઞાનીઓના, માનિત્વાદિક લક્ષણોનું અવલંબન કરી, રામ લોકોમાં ફરેછે, અને તે ફરવામાં લોકોને સુમાર્ગ દેખાડેછે,

એવા પ્રકારનો રામનો મહિમા, જગતમાં, પાર્વતીએ, બાહ્યાત્કારે, અજ્ઞાનપણાનો વેષ લઇ પ્રકટ કર્યો.

તાત્પર્ય.

૧૨ જે આત્મજ્ઞાને કરી પૂર્ણ થયેલા હોયછે, તેઓના કામ ક્રોધાદિક ષડરિપુ હોયછે તે ષડમિત્ર થાયછે; તથા સર્વ કાલ તેઓના અંગે, અમાનિત્વ, તથા અદંભિત્વ, ઇત્યાદિ, ભગવત્ગીતા અધ્યો ૧૩ તેરમો શ્લોક સાતમો, એ ગીતોક્તી પ્રમાણે, જ્ઞાન લક્ષણો રેહેછે, પણ જેમ અજ્ઞાનીઓના ભગવત્ગીતા અધ્યાય ૧૬ સોળમો, શ્લોક ૪ ચોથો પ્રમાણે, માન, તથા દંભ, એ સ્વાભાવિક લક્ષણો છતાં, તે અજ્ઞાની માણસ, દ્રવ્યવાનની આગળ, કિંચિતકાલ, અમાનિત્વાદિક, જ્ઞાનીઓનાં લક્ષણો દેખાડેછે, તથાપિ તેહેને જ્ઞાની કેહેવો નહીં; તે પ્રમાણેજ, જ્ઞાનીઓના અંગે, અમાનિત્વ, તથા નિષ્કામ, તથા અક્રોધ, એવાં ઉત્તમ લક્ષણો સર્વકાળ છતાં, ઉપદેશ કાર્યાર્થ, કિંચિત્કાલ, જ્ઞાનીપણ, બાહ્યરીતિયે, માનિત્વપણાની. અથવા ક્રોધ મોહની મુદ્રા દેખાડેછે, પણ પ્રવિણ લોકોએ, તેઓની બાહ્ય મુદ્રાનીતરફ લક્ષ નઆપતાં, સર્વકાળ, જે તેવોના અંતર્બાહ્ય, અમાનિત્વાદિક લક્ષણો છે, તે ઓળખી, જ્ઞાનીઓ ઉપર પ્રીતિરાખવી પ્રમાણ, જેમ રામનાં અમાનિત્વ, તથા નિર્મોહત્વ લક્ષણો, હા સીતા, હા સીતા કહી, કિંચિતકાલ, રામ, વૃક્ષોને આલિંગન આપતો છતાં, ગયાં નહીં એવું પાર્વતીને ઓળખવાથી સમઝાણું, તે પ્રમાણેજ જ્ઞાનીઓએ, કિંચિત્ કાલ બાહ્યાત્કારે, જડ મુદ્રા, તથા અજ્ઞાન સ્થિતિ, ઉપદેશ

કાર્યાર્થ દેખાડી, તોય તેઓના બોધને ધક્કો પોહોંચતો નથી, એવું સમજવું, તથા જેમ અજ્ઞાની માણસ, એકાદા પ્રસંગે, દ્રવ્યવાનોની આગળ, અમાનિત્વાદિક, જ્ઞાનીઓના લક્ષણો દેખાડેછે, તોયે તેહેને સાધુ, અથવા જ્ઞાની કેહેવા નહીં, તે પ્રમાણેજ, અજ્ઞાનીઓના લક્ષણો, કિંચિત્ કાલ બાહ્યાત્કારે, જ્ઞાનીઓયે દેખાડયાં, તોયે તેઓને, અજ્ઞાની, અથવા અસાધુ, એવું સમજવું નહીં, તથા તેઓના ઉપરનો પ્રેમ છોડવો નહીં, કેમકે, જે આત્મજ્ઞાની તેજ સાધુ છે, તથા તેઓનાં લક્ષણો ઉત્તમ છે, તથા તેઓપાસેથી પોતીકા તરણોપાયનું કાર્ય સાધી લેવું.

શ્રીકૃષ્ણનીવાત પેહેલી ૧

૧૩ ઈશ્વરનો અવતાર શ્રીકૃષ્ણ, એ ગોકુળમાં બાળપણે રમતો છતાં, શામસુંદર કમલનયન સ્વરૂપેકરી, ભાંખોડીયાં ભરતો ભરતો જઈ, ડાબો હાથ દહિના દોણામાં નાખી દહિં ખાતો ખાતો, હાસ્યવદને કરી સર્વના મુખની તરફ જોતો જાય, તે સમે ગોપીઓયે, ઘણી પ્રીતિયે કરી, કૃષ્ણને કેડઉપર લઈ, બોલતીજાય કે, અરે ચોર, દહિખાતોતોના; એપ્રમાણે ગોપીઓયે, પ્રેમળ, તથા લાડના શબ્દો બોલી. કૃષ્ણનું મુખચુંબન લેતી હતીઓ, અને લાલન કરતીઓ, એનો સર્વ પ્રકાર, શ્રીકૃષ્ણના અવતાર બાબત, જે પ્રકરણ છે, તેહેના ત્રીજા અંક પ્રમાણે સમજવો.

તાત્પર્ય.

૧૪ જેવા આપણે આપણા ઘરનાં બાલકોને, લાડ-

ના અને પ્રેમળ શબ્દેકરી રમાડીયે છૈયે, તે પ્રમાણેજ, ઈશ્વરનો અવતાર શ્રીકૃષ્ણ, એને બાળપણામાં, ગોપીઓ રમાડતી હતીઓ, તેમાં અનેક શબ્દો, ગોપીઓ બોલી, કૃષ્ણને ખોડે ચડાવતી હતીઓ, પણ જેવા બાળકનાં, નાહાનાપણમાંએલા રમવાના સ્વભાવ, મોટાપણમાં, તેહેને લાગતા નથી, તે પ્રમાણેજ, કૃષ્ણને, ચોર દાંડ ઇત્યાદિ શબ્દે કરી, ગોપિકાઓયે, રમાડયો, તથાપિ તે શબ્દો ઉપરથી, કૃષ્ણ ચોર, અથવા મસ્તીખોર, એવું થાતું નથી.

શ્રીકૃષ્ણની વાત ૨.

૧૫ ઈશ્વરનો અવતાર શ્રીકૃષ્ણ, એનું વ્યાસ ઋષીયે, જે ઠેકાણે વેદાંતશાસ્ત્રપર વર્ણન કર્યું છે, તેમાં એવું દેખાડયું છેકે. ગો એટલે ઇંદ્રિઓ છે, તથા તેહેના અંતરમાં આત્મારહી, તેહેનું પાલન કરનારો, તેથી આત્માજ ગોપાલછે, તથા ગો એટલે ઇંદ્રિયો જે, તેમાએલી જે જ્ઞાન વૃત્તિઓતેજ ગોપીઓ છે, તથા ગો એટલે ઇંદ્રિયો જે, તેહેના વિશે જે પંચ વિષયાત્મક ભોગરસ, એજ ગોરસ છે, એ પંચ વિષયરૂપ ગોરસ, આત્મા જે ગોપાલ, તેણે પોતીકા જ્ઞાનવડે દૂરકરી, ગોએટલે ઇંદ્રિયો જે, તે ઇંદ્રિયોની વૃત્તી એટલે ગોપીયો જે, તેઓને, આત્મા જે ગોપાલ, તેણે સ્વસ્વરૂપના વિશે લીનકરીયો, એજ ગોપીયોનું, આત્મા જે ગોપાલ, તેહેના સ્વરૂપના વિશે, રમમાણ થૈયો, એવું લખેલું છે, તે લખવામાએલું મર્મ, વેદાંતશાસ્ત્રપરછે.

તાત્પર્ય.

૧૬ પુરાણમાં અનેક લાક્ષણીક ભાષણે કરી, એટલે શૃંગાર, તથા વીર, તથા કરૂણા, તથા અદ્ભુત, તથા હાસ્ય, તથા ભયાનક, તથા બીભત્સ તથા રૌદ્ર, તથા શાંતિ, ઇત્યાદિ અનેક રસોની યોજના પ્રકારે કરી, ઘણા ઠેકાણે આત્મજ્ઞાન કથન કરેલું છે, તે લખવાનો યથાર્થ વિચાર નકરતાં, તથા લખવાની પૂર્વાપર સંગત નજોતાં, ભલતોજ શબ્દાર્થ સમજી, શ્રીકૃષ્ણને દુષણો દેછે, તે શતમૂર્ખ છે, અને સ્વતઃ જ્ઞાન નથી, તથા કહેલું સાંભળતાપણ નથી, તેવા મતવાદી માણસોને, શતમૂર્ખ એ સંજ્ઞા છે.

વેદનો નાશ કદીન થવાનો નથી એવિશે વાત.

૧૭ આ પૃથ્વીઉપર, શંખાસુર કરીને એક દુષ્ટ દૈત્ય રાજા થયો હતો, તથા તે વાયુસ્તંભનના બલેકરી, મોટો માયાવી, કપટવિદ્યા જાણતો હતો, એથી, તેહેની આગળ કોઇનું ચાલે નહીં એવું થયું, તથા તેણે વેદ પુજાવવાસારૂ, એવો પ્રયત્ન કર્યો કે, જે કોઇ વેદ પાઠ કરે, તેહેનો તે વધ કરતો હતો, એભયથી, વેદ પાઠ કોઇ કરે નહીં. પણ વેદોનાં પુસ્તકો લખી, લોકો રાખવા લાગ્યા, તેવખતે, શંખાસુરે, તેવોના તે પુસ્તકો છીનાવી લીધાં, એથી જગતમાં વેદનો લોપ થયો, અને સર્વ પ્રજા અધર્મી થઇ, અનેક મતો ઉત્પન્ન થયાં, એથી મનુષ્યયોની, તરણોપાયાર્થ છતાં, કોઈનોજ ઉદ્ધાર થાય નહીં એવું થયું, અને સર્વ માણસો, જનાવરો જેવાં, પરસ્પરોનો નાશ કરવા લાગ્યાં, તેવખત, અનંતગો-

લોમાં એક આકર્ષણ શક્તિ જે ઇશ્વરની છે, તે ઇશ્વરનો મત્સ્યાવતાર, આ સૃષ્ટીમાં પ્રકટ થયો અને શંખાસુર દૈત્યનું સર્વ સૈન્ય મારી, શંખાસુરની પુઠે લાગ્યો, તેવખત શંખાસુર દૈત્ય, સર્વ વેદોના પુસ્તકો, જે લોકોપાસેથી હરણ કરી લીધાં હતાં, તે લઇ નાસવા લાગ્યો, પણ તેહેનો પીછો મત્સ્યાવતારે મુકયો નહીં, તેવખત શંખાસુર, નિરૂપાય થઇ, પર્વતપ્રાય માયાવી, શંખજેવું રૂપ ધારણ કરી, તથા શંખકોશમાં વેદોના પુસ્તકો રાખી, સમુદ્રમાં ગુપ્ત રહ્યો, તેવખત મત્સ્યાવતારે અતિવિશાલ મત્સ્ય રૂપ ધારણ કરી, શંખાસુર શંખસ્વરૂપ પર્વતપ્રાય ધારણકરી સમુદ્રમાં બેઠો હતો તેહેને બાહેર કાઢી લાવ્યા, અને તેહેનો શરીરરૂપ શંખકોશ ફોડી, તેમાંથી વેદોના પુસ્તકો કાઢી, ઋષીઓને આપ્યાં, અને તે શંખાસુર દૈત્યનો વધ કર્યો, અને વેદપ્રતિપાદ્ય ધર્મ સ્થાપન કરી, સર્વ ઋષીઓએ સ્તુતિ કર્યા પછી, મત્સ્યાવતાર અંતર્ધાન પાંમ્યો, એટલે ગુપ્ત થયો.

તાત્પર્ય.

૧૮ વેદનો નાશ કરી, વૈદિક ધર્મ પુજાવીશ, એવું કહેશે, તે મૂર્ખ છે, કેમકે, જે ઇશ્વરનો વેદરૂપ નિયમ છે, તે ઇશ્વર હરએક રીતિએ કરી, તે વેદરૂપ નિયમનું રક્ષણ કરેછે, પણ વેદનો નાશ થવા દેતો નથી, જુવો કે, વેદરૂપ નિયમ, શંખના રૂપેકરી, દૈત્યે, પુજાવેલા મત્સ્યના રૂપેકરી, ઇશ્વરે, સમુદ્રમાંથી કાઢ્યો, એસારૂ મનુષ્યમાત્રોએ, વેદોક્ત નિયમે કરી ચાલવું, એટલે ઇશ્વરની પ્રીતિ થઇ તરણોપાય થાયછે, પણ જે વેદોક્ત નિયમો તોડેછે, અથવા તોડવાની ઇચ્છા

રાખેછે, તેહેના જ્ઞાનને, આ શરીર નાશ થયા પછી, સ્વપ્ન શરીરવત્ ભોગશરીર, તથા સ્વપ્નસૃષ્ટિવત્ ભોગસૃષ્ટી ઊભી થઇ, અનેક યાતના ભોગવી, ફરી યાતના ભોગવવાને, અનેક જીવયોનીમાં જન્મ લઇ, યાતના ભોગના, એવાજ સર્વકાળ ફેરા ખાવા પડશે, એસારૂ, માનવી શરીર ધારણ કરનારે, વેદોક્ત નિયમપ્રમાણે ચાલવું, એટલે તેહેને ઉત્તમ ગતી પ્રાપ્ત થાશે.

ડાહાપણ તથા ચાતૂર્ય મેળવવાવિશે વાત.

૧૯ જેહેને ડાહાપણ તથા ચાતૂર્ય મેળવવાની ઈચ્છા હોય, તેણે વ્યાખ્યાનો સાંભળતાં જવા, અને તે સાંભળેલા વ્યાખ્યાનરૂપી વાતોનું મનનકરી, પોતાની બુદ્ધિયે, સત્ય શું, તથા મિથ્યા શું, એનો ન્યાય કરવો, પણ જ્યાંસુધી આપણે સર્વજ્ઞ થયા નથી, એટલે સર્વ સંશયો થકે છુટ્યા નથી, ત્યાંસુધી, જે આપણી બુદ્ધિયે સત્ય, તથા મિથ્યા એવિશે, ન્યાય ઠરાવેલો હશે તેજ ન્યાય સાચોછે, તથા અન્યત્ર લોક બોલેછે તે સર્વ ખોટું છે, એવો પક્ષ ધરવો નહીં, કેમકે સર્વજ્ઞ થવા પેહેલાના કરેલા નિશ્ચયોનો ફેરફાર થાયછે,—હવે વ્યાખ્યાનો સાંભળવાં તે ક્યાં, એવિશેનો વિચાર એવો કે, મોટા રસ્તાઉપર, અથવા દેવાલયમાં, અથવા મોટા લોકોની સભામાં, અથવા સાધુસંતના તીર્થયાત્રાદિક મેળામાં, અથવા ઉત્તમ, તથા મધ્યમ, તથા કનિષ્ઠ, તથા નીચ, ઈત્યાદિ જગ્યાઓમાં, તથા અનેક પ્રકારના વિદ્યાલયોમાં, ઈત્યાદિ સર્વ ઠેકાણે, જે અનેક ભાષણો લોકો કરેછે તેજ વ્યાખ્યાનો છે, તેમાથી સત્ય શું, તથા અસત્ય શું એ, વિચારી બુદ્ધિ

જેહેની છે તેહેને ખબર પડેછે, અને ભૂતકાળમાં જે લોકો થઇગયા, તેઓનામુખના વ્યાખ્યાનો તેજ અનેક પુસ્તકો, તે જોઈ, સત્ય શું, તથા મિથ્યા શું, એવિચારી બુદ્ધિ જેહેની છે તેહેને ખબર પડેછે, એપ્રમાણે, જે જગતરૂપી બજારમાએલા અનેક ભાષણો, તથા અનેક વ્યાખ્યાનો, તથા ભૂતકાળના જગતરૂપ બજારમાએલાં ભાષણો, જે પુસ્તકરૂપછે તે જેકોઇ સાંભળી, તથા જોઈ, તથા મનન કરી, સ્વબુદ્ધિયે સત્ય શું તથા મિથ્યા શું, એનો ન્યાય કરશે, અને સર્વજ્ઞતા આવવાના પેહેલાં, એટલે મનમાએલા, સર્વ સંશય દુર થવાના પેહેલાં, ઉપદેશ કરવાનો, તથા ગ્રંથ રચના કરવાનો, અભિમાન રાખશે નહીં, તેજ ડાહ્યો તથા ચતુર થાશે.

ઈચ્છાના ત્યાગવિશે વાત.

૨૦ માણસના જ્ઞાનને, હરએક વિષયોની ભોગઈચ્છા છે, ત્યાંહાંસુધી, તે જ્ઞાનને સુખ થયું એવું લાગતું નથી, કેમકે ઈચ્છા, એ, બળતા અગ્નિથીપણ અધિક ભૂખી છે, જોકે બળતા અગ્નિઉપર, અનંત બ્રહ્માંડગોલોમાએલી, દહન સામગ્રી લાવીને નાખીયે તોયેપણ, અગ્નિને વધારે બાળવાનું સામર્થ્ય છેજ, તેમપ્રમાણે ઈચ્છાપણ, કલ્પનામાં આવેલા સર્વ પદાર્થો મળો, તોયપણ, વળી નવાં પદાર્થો હોય, તે કલ્પવામાં આવે. અને મળો, એવી ઈચ્છા છેજ, એથી બળતા અગ્નિની સામ્યતા ઈચ્છાને આવી પણ બળતા અગ્નિકરતાં ઈચ્છા વધારે છે, એવું કેહેવાનું કારણ એજકે, દહન સામગ્રી ખપવાપછી, બળતો અગ્નિશમે છે, તેવી ઈચ્છા એ ભોગ્ય પદાર્થો પ્રાપ્ત થયા, અને તે ભોગવી રહ્યા, તોપણ શમતી નથી એથી બળતા

અગ્નિ કરતાં ઈચ્છા બલાઢ્ય છે, તથા ઇચ્છા છે ત્યાંહાંસુધી, જ્ઞાનને સુખ થયું એવું લાગવાનું નહીં.

તાત્પર્ય.

૨૧ પોતપોતાનું નિરાકાર સ્વસ્વરૂપ એક છે, એવું પોતિકું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું સ્વસ્વરૂપ નિર્ધારેકરી, શરીરમાએલા પોલાણની અંદર, તથા શરીરમાએલા પંચપ્રાણરૂપ વાયુથી પેલી તરફ, આપઆપણા સ્વસ્વરૂપનું, આપણે લક્ષ રાખ્યું, એટલે પદાર્થમાત્રો મિથ્યા થઇ, તેઓની ઇચ્છા સમૂળી જાયછે, એથી જ્ઞાનને અક્ષય સુખ થાય છે.

નારસિંહ અવતારની વાત.

૨૨ હિરંણ્યકશિપુ નામનો એક દૈત્ય હતો, તે વાયુ ધારણાનાબળે કરી, ઇશ્વરનો અવતાર જે શંકર, તેહેને પ્રસન્નકરી, તેણે શંકરની પાસે વરદાન માંગ્યું કે, મુને મરણ ન આવે એવો વર આપો, તેહેને શંકરે કહ્યું કે, જે ઉત્પન્ન થયો તેહેને મરણ છેજછે, એ સારૂ અન્ય વરદાન માગ, એટલે તેથી તારૂં કલ્યાણ થશે. તે ઉપરથી હિરંણ્યકશિપુ દૈત્યે એવો વિચાર કર્યોકે, આપણને તો મરવું નઆવે એવી ઇચ્છા છે, અને શંકર કેહેછે કે નિરાકારપરમાત્માને માત્ર જન્મે આવવું નથી એથી મરવું નથી, પણ નિરાકાર પરમાત્મા વગર જેટલો ભાસ જન્મ્યો છે તેટલો મરશે, તો, એ શંકરનું જ્ઞાન શંકરને રહો, તે શંકરના જ્ઞાનની, આપણને દરકાર નથી, એ સારૂ શંકર પાસેથી, એવી યુક્તિયે વરદાન

લેવું કે આપણને મરણ ન આવે, એવી તે હિરંણ્યકશિપુ દૈત્યે યુક્તિકરી, શંકરપાસે વરદાનો માગ્યાં કે, મુને નિર્જીવ જે શસ્ત્રો તેથકે મરણ ન થાય, તથા સજીવ જે તેથકે પણ મરણ ન થાય, તથા માણસોપાસેથી મરણ ન થાય, તથા જનાવરોપાસેથી પણ મરણ ન થાય, તથા સ્વર્ગવાસી જે તેપાસેથી પણ મરણ ન થાય, તથા મૃત્યુલોકવાસી જે તેપાસેથી પણ મરણ ન થાય, તથા ભૂમિ ગોલાધારઉપર પણ મરણ ન થાય, તથા અંતરિક્ષ પણ મરણ ન થાય, અને દિવશે પણ મરણ ન થાય, તથા રાત્રે પણ મરણ ન થાય, તથા યોની સંભવથકે પણ મરણ ન થાય, તથા અયોની સંભવ થકે પણ મરણ ન થાય, એવાં એ વરદાનો મુખ્ય, તથા એવિના અન્ય અનેક વરદાનો માગીલઇ, તે હિરંણ્યકશિપુ, એવો બલાઢ્ય થયો કે, તેહેને સર્વ ડરવા લાગ્યા, અને તે કેહે તેવું સાંભળવા લાગ્યા. પછી હિરંણ્યકશિપુ દૈત્યે, સર્વ લોકોને એવી આજ્ઞા કરી કે, હિરંણ્યકશિપુ વિના, તારણારો અન્ય છે એવું જો કોઇ કેહેશે તો તેને ઠાર મારીશ, એ સારૂ જીવતા મુવાનો, ન્યાય, હિરંણ્યકશિપુ કરનારો છે, એવું સર્વાયે બોલવું એ પ્રમાણે તેણે જગતમાં, તે વખતના, દૈત્ય પાદ્રીઓ, બીશપો, કાજી, મુલ્લાંઓને મોકલી, ઉપદેશ કર્યો. અને જેઓયે, હિરંણ્યકશિપુનું બોલવું માન્ય કર્યું નહીં, તેઓને હિરંણ્યકશિપુયે મારીનાખ્યા. એ પ્રમાણે તેણે, પૃથ્વીઉપરના, ઘણાક માણસો નિર્ધર્મ કર્યા, એટલે મદ્યમાંસ ભક્ષક, તથા નિર્ધર્મ, એવા દૈત્ય, રાક્ષસ, મ્લેછ કર્યા, અને તેણે ઘણા વર્ષો

રાન્ય કહ્યું, પછી ઉન્મત થઇ, તેણે બ્રહ્મચારી, જે નારદ, તે નારદને પુછયું કે, હે નારદ, મુને હવે મરણ નથી, કેમકે જે જે થકે મરણ આવે છે, તે તે પદાર્થોથી, વરદાનોને લીધે, મુને મરણ નથી, એ સારૂ. હું અમર છું. તથા મુને તારક ન માનનારો, હે નારદ, તુંજ માત્ર રહ્યોછે, કેમકે, તારી સુક્ષ્મ ગતી આગળ મારો ઉપાય નથી, પણ તારાવગર બિજો મુને તારક ન કેહેનારો, કોઇ મે રાખ્યો નથી, તે ઉપર નારદે હિરંણ્યકશિપુને કહ્યું કે તને મૃત્યુ છે, પણ તે તારી કલ્પનાની બાહ્ય છે, તથા તારો પુત્ર જે પ્રલ્હાદ, તે મારો શિષ્ય છે, તે તુંને તારક કેહેનાર નથી, કેમકે, જેહેની અનંત બ્રહ્માંડોમાં એક આકર્ષણ શક્તિ છે, તે ઇશ્વરનો ભક્ત, તારો પુત્ર જે પ્રલ્હાદ તે છે, એવું બોલી નારદ અંતરધાન થયા, પણ હિરંણ્યકશિપુને ચટપટી લાગી, કે આપણો પુત્ર જોવો, તે સારૂ તેણે, પ્રલ્હાદ પાંચ વરસનો નાહાનો છતાં, કયાધૂ, નામે જે પ્રલ્હાદની મા, એટલે હિરંણ્યકશિપુની બાયડી, તે સુધ્ધાં લાવી, પ્રલ્હાદને અત્યાદરે પુછયુંકે, તું શું શીખ્યો છે, તેઉપર પ્રલ્હાદે કહ્યુંકે, સર્વ સૃષ્ટી એકજ આકર્ષણ શક્તિમાં ધરનારો, એટલે વ્યાપક છે, તથા વ્યાપક એનેજ વિષ્ણુ એવી સંજ્ઞા છે, અને ઈશ એટલે ધણી એવી પણ સંજ્ઞા છે, તેનું પોલાણ જેવું વ્યાપક તત્વ સ્વરૂપ છે, તેહેનું સ્મરણ, તથા ભજન કરવાને હું શિખ્યો છું, અને ભજન એટલે સેવા, તથા સેવા એટલે સ્વામીની આજ્ઞાપ્રમાણે ચાલવું, તેવો હું, ભજન એટલે સેવા, તથા સેવા એટલે વેદરૂપી જે ઈશ્વરની આજ્ઞા, તે આજ્ઞાપ્રમાણે વરતવા શિખ્યો છું, એ પ્રલ્હાદનું ભાષણ સાં-

ભળી, હિરંણ્યકશિપુને સમું લાગ્યું નહીં, તેથી દુષ્ટ દૈત્ય પાટ્રી રાક્ષસોની તરફથી, પ્રલ્હાદે વેદનિયમ છોડી, પોતીકા નિયમપ્રમાણે ચાલવું, એવો હિરંણ્યકશિપુયે, હસ્તે પરહસ્તે, ઉપદેશ કરાવી, તથા ભીતી દેખાડી, અતિશે પ્રયત્ન કર્યો. પણ પ્રલ્હાદ ઈશ્વરની ભક્તી મુકે નહીં, શેવટે કયાધૂ જે પ્રલ્હાદની માં, તેહેનાં હાથે પ્રલ્હાદને મારવા સારૂ. પોતાની સમક્ષ, હિરંણ્યકશિપુયે, પ્રલ્હાદને વિષ પવાડયું, તેથી તે મરે નહીં, પછી પ્રલ્હાદને, હાથીના પગનીચે, કચરાવી મારવા સારૂ નાખ્યો, પણ પ્રલ્હાદ ચિરાય નહીં, પછી અનેક લોઢાના યંત્રોમાં નાખી દાબી જોવા લાગ્યો, તે વખત તે યંત્રોનું પાણી થયું, પણ પ્રલ્હાદ મુવો નહીં, અને સમુદ્રમાં પથ્થરો બાંધી પ્રલ્હાદને ડુબાવ્યો, પણ તે પથ્થરો, તથા સમુદ્ર સર્વજ્ઞ, જમિન પ્રમાણે થઈ, પ્રલ્હાદ સ્વસ્થ રહ્યો, આખર હલ્હાટયંત્રો, એટલે તોફો, તેના મોઢે બાંધી પ્રલ્હાદને ઉડાવવાનો પ્રયત્ન કર્યો, પણ પ્રલ્હાદ મરે નહીં, શેવટે જ્વલત પર્વતની, અગ્નિ જ્વાલા નિકલનારા મુખમાં પ્રલ્હાદને નાખ્યો, તે ઠેકાણે તે થંડી હવામાં જેવો પક્ષી ફરેછે તે પ્રમાણે ક્રીડા કરવા લાગ્યો, ત્યારે હિરંણ્યકશિપુ દૈત્ય નિરૂપાય થઈ રહ્યો, પણ આત્મજ્ઞાન ન હોવાથી નિરભિમાન થયો નહીં, અને પોતાના મતનો અભિમાન, હું અમર છું એવા ભ્રમેકરી છોડે નહીં, અને પ્રલ્હાદને મારીયે તો, એ મરતો નથી, એસારૂ પ્રલ્હાદ જેહેનું ભજન કરેછે તેહેને મારવાથી પ્રલ્હાદ મરશે, એવો હિરંણ્યકશિપુ દૈત્યે વિચાર કરી, હાથમાં ખડ્ગ લઈ, પ્રલ્હાદને પુછવા લાગ્યો કે, અરે પ્રલ્હાદ, ભજન

એટલે સેવા અને સેવા એટલે વેદરૂપ આજ્ઞાપ્રમાણે વરતવું, એ જેહેને વાસ્તે તેં ધર્યું છે, અને હું કેહેતો છતાં તું તેહેનો ત્યાગ કરતો નથી, તથા મરતો પણ નથી, એવો તે તારૂં રક્ષણ કરનારો કીહાં રેછે: તે ઉપર હિરંણ્યકશિપુને પ્રલ્હાદે કહ્યું કે, ભૂગોલાદિક સર્વ બ્રહ્માંડગોલ, તથા સર્વ પરમાણું તથા સર્વ જીવ સમુદાય, એ સર્વ, જે, એકની આકર્ષણ શક્તિમાં છે, તેન, પોલાણ જેવા તત્વેકરી, વ્યાપક, એટલે વિષ્ણુ, નિરવયવ તત્વ જેવો, જડભાવ રહિત તત્વ છે. તેહેનેજ ઈશ્વર કહીયે, તથા તે સર્વ પદાર્થમાત્રોને આકર્ષણ કરનારો સર્વ ઠેકાણે એક છે, તે ઉપર હિરંણ્યકશિપુ દૈત્ય બોલ્યો કે, તે તારૂં રક્ષણ કરનારો આ સભામંડપના સ્તંભમાં છે કે શું, તેઉપર પ્રલ્હાદે ઉત્તર આપ્યો કે સ્તંભમાં પણ છે, તથા સર્વમાં છે, તથા તારા અને મારા શરીરમાં પણ છે, એ ભાષણો સાંભળી, હિરંણ્યકશિપુ દૈત્ય ક્રોધાયમાન થઇ, થાંભલાઉપર લાત મારી સ્તંભ ફોડવા સારૂ દોડ્યો, અને થાંભલાનીપાસે જાય છે, એટલામાં, તે થાંભલામાંથી, અકાળવિકાળ, ધડડડ કડડ, કું કું, નૃં નૃં, અં અં, ખાં ખાં, વાં વાં, ઇત્યાદિ ભયંકર શબ્દો નિકળવા લાગ્યા, અને તડાડ, તડાડ, એવા અવાજે થઇ, થાંભલો ફાટ્યો, અને જેવી વિજળી, કિંવા અગ્નીનોરેલો જ્વાલાથી વેષ્ટિત, તેવું ભયંકર, કેડની નીચે માણસનું રૂપ, તથા કેડનીઉપર સિંહનુ સ્વરૂપ. એવો ઈશ્વરનો, નારસિંહ અવતાર પ્રકટ થયો, તેહેના નખો, વિકાળ, વીસવીસ કોસ લાંબા, એવા પ્રકારના, તથા ક્ષણમાં નખની લંબાઇનો અંતપણ નહીં, એવા લાંબા, તથા ક્રોધની જ્વાલાથી સૂર્યમંડલ સુધી ભેદ થયેલો, એવું ઉગ્ર નારસિંહરૂપ જોઈ, હિરંણ્યકશિપુ ભયભીત થઇ વિચાર કરવા લાગ્યો કે, મુને મરણ આવે એવી સંધી નથી, પણ આ નારસિંહ મહા ભયંકર કાળ છે, તથાપિ હું એહેને યુધ્ધમાં જીતિને મારીશ, એવો વિચારકરી, હિરંણ્યકશિપુ દૈત્યે માયાવી આકાળ વિકાળ સ્વરૂપ ધારણકરી, નારસિંહની સાથે, યુધ્ધમાં પરાકાષ્ટેકરી લઢાઈ કરતાં કરતાં બોલ્યો કે, હે નારસિંહ, મુને વરદાન છે, એથી હું મરવાનો નહીં, પણ તુંને મારીશ, તે વખત નારસિંહ બોલ્યો કે, અરે! ભક્તોને પીડા કરનારા દુષ્ટ હિરંણ્યકશિપુ દૈત્ય! તુંને મારૂં છું એ પ્રમાણે, સૂર્ય ગ્રહ તારા ગોલસુધી સંભાળાય, એવી ત્રાડ મારી, હાં હું હાં હું એવી ગર્જનની ગર્જના મચાવી, પર્વતપ્રાય હિરંણ્યકશિપુને, નારસિંહે તીક્ષ્ણ નખેકરી, તથા બોંના જડબાંથી પકડ્યો, અને જુવો, તેહેને જે જે મરણ ન આવવાના વરદાનો હતાં, તે તે વ્યર્થ કર્યાં. અને હિરંણ્યકશિપુને માર્યો. જુવો તેહેને એક વરદાન એવું હતું કે, મુને યોનિસંભવ અથવા અયોનિસંભવ, એ ઉભયપાસેથી મૃત્યુ ન થાય, તેથીજ નારસિંહ અવતાર, યોનિસંભવ અથવા અયોનિસંભવ નથી, જુવો તે થાંભલામાંથી ઉત્પન્ન થયો, તસ્માત નારસિંહ સ્તંભસંભવ છે. તેથી હિરંણ્યકશિપુ તેહેના હાથથી મર્યો, અને બિજુ વરદાન એવું કે, સજીવપાસેથી કિંવા નિર્જીવ શસ્ત્રોથી મૃત્યુ ન થાય, તે સારૂ નખેકરી તેહેને ફાડ્યો કેમકે નખો નિર્જીવ કહીયે તો, નખો છેદન કર્યા તોય ફરી વધે છે, તથા સજીવ કહીએ તો, નખ કાપવાની વખતે તેમાંથી રસ ટપકતો નથી, તથા પીડા થાતી નથી, એથી

વરદાન ૮૯યું, અને હિરંણ્યકશિપુ નખોના તડાકાથી મુવો; અને ભૂમીઉપર અથવા અંતરાળમાં મરણ ન થાય, એ વરદાનને લીધે, નારસિંહે, પોતાના સાંથલઉપર તેહેને નખાગ્રોયે ફાડ્યો, તથા નારસિંહ સ્વર્ગવાસી કિંવા મૃત્યુ લોકવાસી નથી, તેથી તે પણ વરદાન ૮૯યું અને દિવસે મરણ ન જોઈયે, તથા રાત્રે પણ મરણ ન જોઈયે, એના લીધે સાયંકાળે હિરંણ્યકશિપુનો વધ થયો, તથા માણસના અથવા અન્ય જીવોના હાથથી મૃત્યુ ન જોઈયે, એ વરદાનથી, નારસિંહ અવતાર, કેડની નીચે માણસનો આકાર, તથા કેડની ઉપર સિંહનો આકાર, તેથી માણસ પણ નહીં, તથા સિંહપણ નહીં, એવો વિલક્ષણ ઈશ્વરનો અવતાર, તેથી નારસિંહ એ નામ છે; એ પ્રમાણે નારસિંહે, હિરંણ્યકશિપુદૈત્ય જે દુષ્ટ કામોકરી ભક્તોને પીડા કરનારો, અને મૃત્યુ ન આવે તે સારૂ અનેક યુક્તિયો કરનારો, તેહેનો વધકરી, પ્રલ્હાદનું સંરક્ષણ કર્યું, અને પ્રલ્હાદને રાજ્યઉપર બેસાડ્યો. અને સર્વ પ્રજા સુખી કરી.

તાત્પર્ય બેહેલું.

૨૩ મુને મરણ આવશે નહીં એવું કોઇએ સમજવું નહીં, કેમકે જે ઉત્પન્ન થયો તેહેને મરવું છેજ છે, તથા મરણ ચુકાવવા સારૂ કેટલા પણ પ્રયત્નો કર્યા, તોય તે વ્યર્થ થઈ, અચૂક મૃત્યુ. આપણીઉપર પડશે, એવું સમજવું; જુવો હિરંણ્યકશિપુયે, મરણ ન આવવા સારૂ જેટલા પ્રયત્નો કર્યા, તેટલા ફોગટ જઇ, હિરંણ્યકશિપુ મુ-

વો. અસ્તુ. જેવું નારસિંહનું, તેવૂંજ ગજાનનના અવતારનું કારણ છે.

તાત્પર્ય બિજું.

૨૪ ઈશ્વર જેહેનું સંરક્ષણ કરશે, તેહેનો નાશ કોઈથી થવાનો નહીં, જુવો કે, પ્રલ્હાદને મારવા વિશે, હિરંણ્યકશિપુયે ઘણા પ્રયત્ન કર્યા હતા, પણ તે સર્વ પ્રયત્નો વ્યર્થ થઇ ગયા, અને ઈશ્વરે પ્રલ્હાદનું સંરક્ષણ કર્યું, એ ઉપરથી સમજવું કે, જેહેનું ઈશ્વર સંરક્ષણ કરશે, તેહેનો નાશ કોઈથી થવાનો નહીં.

તાત્પર્ય ત્રિજું.

૨૫ વેદોક્તનિયમો ડુબાવનારા મતવાદીઓ મોટા ખલ હોય છે, તે પોતાનામતને, જે મળશે નહીં, તેહેનો પ્રાણ લેછે; જુવો હિરંણ્યકશિપુ દૈત્ય, પ્રલ્હાદ પુત્રનો પ્રાણ, મતાભિમાને કરી લેવાને તૈયાર થયો, તસ્માત્ તેણે, બિજા જે ભક્તિકરનારા, તેઓના પ્રાણ સહજજ લિધા હશે.

તાત્પર્ય ચોથું.

૨૬ વેદોક્ત નિયમો ભાંગી પાડવા વિશે જે ઉદ્યોગ કરેછે, તે પરિણામે હિરંણ્યકશિપુ પ્રમાણે નાશ પામે છે.

ચમત્કારીક વાત.

૨૭ પુરાણમાં એક વાત એવી લખી છે કે, એક સમાનાવિશે, ઈશ્વરનો અવતાર શંકર, એ ભસ્મ લગાડવા બેઠા

છતાં. ભસ્મમાંથી એક કાંકરો નીચે પડ્યો. તે કાંકરાથકે પિંગટ વર્ણ, એવો એક ઉગ્ર રાક્ષસ ઉત્પન્ન થયો, તેહેને જોઇ, શંકર બોલ્યા કે. અરે રાક્ષસ. તું ભસ્મમાંથી ઉત્પન્ન થયો છે, એ સારૂ તને ભસ્માસુર એવું કેહેશે, પછી થોડીક વખતે, તે ભસ્માસુર રાક્ષસને, જગતમાં જઇ, વગર શ્રમે, વિષય સુખ ભોગવવા, અને સર્વાપાસેથી શ્રમ કરાવવા, એવી દુષ્ટબુદ્ધિ ઉત્પન્ન થઇ છતાં, તેણે શંકરની પ્રાર્થના કરી કે, મુને કંઇ પણ ચાકરી કેહેવી તે વખત શંકરે તેને કહ્યું કે, નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન જેહેને છતાં મનેકરી શામસુંદર શ્રીરામ ઉપર જે પ્રીતિરાખતા હોય, તે ઓનું સ્વાભાવિક આયુષ્ય ખપી. દેહપાત થયા, પછી તેઓના શરીર દહનનું જે શુદ્ધ ભસ્મ, તે મારૂં પ્રિય ભૂષણ છે, તે મુને લાવી દેતોજા, તે આજ્ઞા માન્યકરી. ભસ્માસુર પૃથ્વીઉપર ફરવાલાગ્યો, અને તેણે સર્વ પ્રજાને પીડાકરી, તથા માણસ વગેરે સર્વ પ્રાણીઓને મારી ખાવાલાગ્યો, તથા લોકોની સ્ત્રીયો ઉપર બલાત્કાર કરવા લાગ્યો, એ પ્રમાણે સર્વ પ્રજાની તેણે દુર્દશા કરી, તથા તે રોજ શંકરને ભસ્મલાવી આપતો હતો, પણ શંકરે કહ્યાપ્રમાણે, જ્ઞાની છતાં રામભક્ત, તથા સ્વાભાવિક આયુષ્ય ખપી મરવા પછી, તેહેનું દહન થયું, પછી જે ભસ્મ પડે. તે લાવવું, એવો નિયમ શંકરનો તેણે ભાંગી. તે જુલમથી માણસોને મારી બાળતો હતો, અને તેહેનું ભસ્મ લઇ જતો હતો, અને તે શંકરનો ચાકર, એથી તેહેનું બલ, તથા સામર્થ્ય, સર્વથી વધારે થયું. તે વખત, સર્વ પ્રજા એક ચિત્ત થઇ, જગતમાં જેહેની આકર્ષણ શક્તી, તથા જ્ઞાન શક્તી છે, તે ઇશ્વરનો

ધાંવો કર્યો, અને હે દેવ, અમારો ભસ્માસુર રાક્ષસના હાથથી છુટકો કર, એવી પ્રાર્થનાકરી, તેવખત, અનંત ગોલો ઉપર જેહેનું ઇચ્છા માત્રે કરી ગમન છે, એવો જે સત્પુરૂષ નારદ, તે ઇશ્વરી ઇચ્છાથી પ્રકટ થયો, તે વખત સર્વ લોકોયે, ભસ્માસુરની હકીકત નારદને કહ્યા પછી, નારદે સર્વોને અભય આપી કહ્યું કે, ભસ્માસુર થકે તમે જલદીન છુટકો પામશો, એ પ્રમાણે અભય આપી, નારદ અંતરિક્ષ અંતર્ધાન થયા, અને ભસ્માસુર, શંકરની તરફ, ભસ્મલઈ જતો હતો. તેન માર્ગે પોતે આવેછે, એવી રીતે પ્રકટ થયા, ત્યારે, ભસ્માસુર નારદને જોઇ બોલ્યા કે, અરે ! તું મારી આગળ આવી, મને નમન કરતો નથી ? ત્યારે નારદ તેહેને બોલ્યો કે, હું નારદ છું, તથા તું, પરસેવાથી, ભરેલો, અને તારીપાસે ભસ્મનો બોજોછે, એથી તું કોઈનો શ્રમ કરનારો ચાકર છે, એવું હું સમજુંછું, અને એવો જે કોઈ હોય તેહેને નમન કરવું નહીં એવું છે, તેવખત ભસ્માસુર બોલ્યો, હે નારદ, મુને ચિતા ભસ્મ શંકરને મેળવી આપવાથી મેહેનત થાયછે, તેવખત નારદ બોલ્યો; અરે ભસ્માસુર, તું ઘેલોછે, અરે શંકરપાસેથી વરદાન માગીલે, એટલે તુંને શ્રમ થાવાના નહીં, એ નારદનું બોલવું. ભસ્માસુરના માનવામાં આવ્યું, અને ભસ્માસુર શંકરની પાસે જઇ, ભસ્મ આપી બોલ્યો કે, હે શંકર, તું દયાળુ છે, હું તુને ભસ્મ લાવીઆપૂંછું, એથી મારા, જગતમાં શત્રૂ ઘણા થયા, તથા તે શત્રુઓ મુને પીડાકરે છે, અને કામની હરકત થાયછે, એસારૂ, શત્રૂ દમનાર્થ, મુને વરદાન આપ, કે હું જેના માથાઉપર હાથ મુકૂં તેહેનું ભસ્મ થાય. તેવખત શંકરે ભસ્માસુરને ક-

ધ્યું કે, જા ભસ્માસુર, તું જેહેના મસ્તકઉપર હાથ મુકીશ, તેહેનું તાત્કાળ ભસ્મ થાશે, એ વરદાન મળવા પછી, ભસ્માસુરે, જે બલાઢ્ય રાજાઓ હતા, તેઓનું ભસ્મકરવાનું કામ શુરૂ કરી, જગતને પેહેલાં કરતાં વધારેજ પીડાકરી; તે વખત, ફરી સર્વ પ્રજા એકચિત્ત થઇ, સર્વે, ઇશ્વરની પ્રાર્થના એવી કરી કે, હે ઇશ્વર, હવે, આ ભસ્માસુરના પ્રળય થકે, અમારો જલદીજ છુટકો કર. અમો અતીશે ત્રાસ પામ્યા છૈયે, અને તારો ધાવો કર્યો છે, તેવખત, ઇશ્વરની ઇચ્છાથી, ફરી નારદ પ્રકટ થઈ, સર્વને અભય આપ્યું કે, આજ, તમે ભસ્માસુરના ઉપદ્રવથી છુટશો, અને હવેથી, ભસ્માસુર તમારી નજરે પડવાનો નહીં, એવું બોલી, નારદ અંતરિક્ષ અંતર્ધાન પામ્યા, અને ભસ્માસુર રાક્ષસ જે મારગે લોકોનું ભસ્મકરી લઇ જતો હતો, તેજ મારગમાં નારદ પ્રકટ થઈ આવવા લાગ્યા; તેવખત ભસ્માસુર નારદને જોઈ બોલ્યો અરે નારદ પ્રથમ પણ તેં મને નમન કર્યું નહીં, અને હવે પણ નમન કરતો નથી, તેવાસ્તે હવે તારૂં ભસ્મ કરૂંછું, એવું બોલી તે ભસ્માસુર રાક્ષસ નારદના માથાઉપર હાથ મુકી નારદનું ભસ્મ કરવું એ બુદ્ધિયે દોડ્યો તેવખત નારદ કિંચિત્ હાસ્યવદન કરી બોલ્યો કે, ગુરૂની વિદ્યા ગુરૂનેફળી હવે એનો વિચાર કરવોજ જોઇયે, પછી નારદે ભસ્માસુરને છેટેથી સાદ કરી કહ્યું કે, અરે ભસ્માસુર પેહેલાંથી મેં તુને યુક્તિ કહી તેથી તુને વરદાન મલ્યું તેહેની તું ગુરૂદક્ષિણા આપવા તૈયાર થયોજ કે શું? અરે ભસ્માસુર, મારીપાસે બિજી ઘણી યુક્તિયો છે, અને તારા જેવા શિષ્યનેજ, તે યુક્તિઓ કેહેવીયો; તેસારૂ હું આવ્યોછું, એ નારદના બોલવાઉપરથી ભસ્માસુરને લોજ ઉત્પન્ન થયો, કે, નારદ મોટો યુક્તિમાન છે એવાસ્તે, એપાસેથી, વળી યુક્તિયો શીખીયે, પછી એનું ભસ્મ કરીયે, ત્યારે, ભસ્માસુર રાક્ષસ બોલ્યો, અરે નારદ મુને, બિજી યુક્તિ. એવી કેહેકે, હું એથીપણ મોટી પદવીયે ચઢું, તેવખત નારદે ભસ્માસુરને કહ્યું કે, અરે ભસ્માસુર, મૂર્ખ, અરે, તને મોટી પદવી જે શંકરની, તેજ મળવાની યુક્તિ કહુંછું, અરે ભસ્માસુર, એટલુંપણ વરદાન શંકરથકે તુને મલ્યું, તોય, તૂ શંકરનો ચાકર છે, તુને ધણીપણું નથી, એસારૂ, તેજ શંકરના વરદાનનો હાથ, જઇ શંકરના માથાઉપર મુક, અને શંકરનું ભસ્મ કર, અને કૈલાસનું રાજ્ય, તથા પાર્વતી, સર્વ તું લે, એ નારદનું ભાષણ સાંભળી, ભસ્માસુરે નારદની સ્તુતી કરી અને, વળીપણ, યુક્તિયો શીખવાસારૂ, તેહેનું ભસ્મ નકરતાં, પાસે ભસ્મ હતું તે ફેકીદઇ, કૈલાસમાં ગયો, અને કર્પૂરગૌર, ત્રિનેત્ર, ચંદ્રશેખર, સાક્ષાત જે શંકર તેના માથાઉપર હાથ મુકવાસારૂ દોડ્યો તેવખત શંકર તેપાસેથી દુર થયા, કેમકે. શંકરની પ્રેમળ ભક્તી તેણે છોડી, અને શંકરને બાળીશ, એવી વિરોધ ભક્તી ધારણ કરી. તેસારૂ, જેણે શંકરની પ્રેમળ ભક્તી ધરેલી છોડી, તેહેને, ઇશ્વરની માયાયે વીંટ્યો, એવું સમજવું. તેપ્રમાણે, ભસ્માસુરપાસેથી, શંકર દુર થતાંજ, ઇશ્વરીમાયા, એટલે કલ્પના મોહન કરનારી સુંદર સ્ત્રીના રૂપેકરી, પ્રકટ થઇ, તેહેની તરફ ભસ્માસુરે જોયું અને. પ્રથમની પ્રેમળ શંકરની ભક્તી, વિરોધ ભક્તીના લીધે, ભૂલ્યો હતો, તેમ. વિરોધ ભક્તીપણ, મોહિનીને જોઇ ભૂલવાથી, વિસરી ગયો, એવો તે ભસ્માસુર રાક્ષસ, શંકર ભક્તી

વિરહિત થયેલો છતાં, મોહિનીને, બોલવા લાગ્યો કે, તું મારી સ્ત્રી થા, તેવખતે, મોહિની, હાસ્ય વદન કરી બોલીકે. હું જેપ્રમાણે નૃત્ય કરું તથા જે જે પ્રમાણે હાવભાવ કરું તે તે પ્રમાણે તું કરીશ, તો બોલ્યો, તે વાતનો, વિચાર જોઇશ; તે, તે મોહિનીનું બોલવું, ભસ્માસુર રાક્ષસે, કબૂલ કરી, મોહિની સાથે, નૃત્ય, તથા હાવભાવ, મોહિનીપ્રમાણે કરવા લાગ્યો, તે એવોકે, મોહિનીએ, નૃત્ય કરવામાં, પોતાના પગને હાથ લગાડ્યા, તેવા ભસ્માસુરે પણ લગાડ્યા, તથા મોહિનીયે, નૃત્ય કરતાં, કેડઉપર હાથ રાખ્યા તેવા ભસ્માસુરેપણ રાખ્યા તથા મોહિનીયે, નૃત્ય કરતાં કરતાં, પોતાના કંઠને તથા હનુવટીને, તથા ગાલને, આંગળી લગાડી, તેવું ભસ્માસુરેપણ કર્યું, પછી મોહિનીયે, પોતાના માથાઉપર, પાંચ આંગળીયો જોડીમુકી નૃત્ય કર્યું, તેવખત, ભસ્માસુર, પોતાના માથાને, વરદાન મળેલા વખતથી, જે હાથ લગાડતો જોતો, તે સર્વ ભુલીગયો, અને નૃત્યમાં, મોહિનીના સમાગમથી, પોતાનાજ માથાઉપર, પોતેજ પોતાના હાથ; મુક્તાવેતજ એકદમ, ભસ્માસુર, ભસ્મ થઇ, ભૂમીઉપર, ભસ્મનો ઢગલો, એવો પડ્યો, તેવખત, ભયભીત હતા તે, નિર્ભય થયા.

તાત્પર્ય.

૨૮ ભસ્માસુર રાક્ષસની ઉત્પત્તિ, તથા સ્થિતિ, તથા લય, ભસ્મરૂપછે; એટલે ભસ્માસુર રાક્ષસ મૂળોજ નથી; પણ, જે કપટ કરેછે, તથા વિશ્વાસઘાત કરેછે, તથા પ્રજાને પીડા કરેછે, અને, જેણે આપણને નામરૂમ આપ્યું, તે ઇશ્વરના, વેદપ્રતિપાદ્ય ધર્મમાં કહેલો નિયમ, જે તોડે છે, તથા સત્પુરૂ-

ષોનો, નાશ કરવાને જે ઇછેછે, તથા ભૂતદયા જેઓને નથી, તે પ્રાણીઓ જે મનુષ્યદેહના યોગેકરી, આત્મજ્ઞાન થઈ, તરવું, તેજ મનુષ્યદેહવડે પતન પામેછે; જેવો ભસ્માસુર રાક્ષસને, સારાકામ સારૂ, મળોલોવર, તેણે નરસા કામની તરફ ખર્ચ કરવાથી, તેજ વેરેકરી તે નાશપામ્યો, તેજ પ્રમાણે, ઘણા સુકૃતના યોગથી, તરવાના ઉપાય અર્થે મળેલો માણસ દેહ જે ભસ્માસુરે કરેલાં દુષ્ટ કૃત્યની પેઠે, દુષ્કર્મમાંજ, ખર્ચ કરેછે, તે અજ્ઞાનરૂપ માયા એટલે કલ્પના, એણે વ્યાપેલાછે, તે, તેજ અમોલ માનવી શરીરના યોગથી, પોતાના જીવાત્માને વારંવાર ડુક્કરો, તથા કુતરાં, તથા બકરાં, વગેરે જીવોની યોનીમાં નાખી જન્મમરણના ફેરા ખાવાને લગાડેછે; તથા પોતપોતાના જીવાત્માને મહત્ સંકટમાં પાડેછે, તથા સર્વ કાળ કર્યા કર્મની મરવાપછી સ્વપ્ન સૃષ્ટી જેવી ભોગસૃષ્ટી પોતપોતાના જીવાત્મામાંથી બીજમાંથી વૃક્ષ તેવી નિકળેલી તેઓની તેઓની તે ભોગવેછે; તેમાં કરેલા કર્મપ્રમાણે વગર ભૂલે સુખદુઃખ ભોગોછે એસારૂ હે માનવી પ્રાણી તું કહેલી નીતિપ્રમાણે વરતતો જા એટલે તુને જીવતાપણામાં પણ સુખ તથા શાંતિ રેહેશે; તથા આત્મજ્ઞાન થયું તો મરવા પછી અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો તારા જન્મમરણાતિત નિરાકાર પરમાત્મા પરમેશ્વર એવા સ્વસ્વરૂપથી જુદો હું ફલાણો એ તારૂં રેહેશેજ નહીં; તથા આત્મજ્ઞાન નથયું તો મરવાપછી જીવતાપણામાં, નીતિયે વર્તણુક કરેલાની જીવાત્મામાંથી નિકળેલી, ઉત્તમ ભોગસૃષ્ટી ભોગવી, ફરી માણસદેહ ધારણ કરી આત્મજ્ઞાની થઈ તરીશ; એસારૂ હે

માનવીપ્રાણી કહુંછું એનીતિ મરવાસુધી જીવાત્મામાંથી ભૂલીશ નહીં; એનિતિયેજ વરતતો જા; તુને સુખ થાઓ.

૨૯ દૂધ પાણી મિશ્ર થયેલું જેહેની ચાંચથી જુદું જુદું થાયછે, તેહેનેજ હંસ કહીયે બીજાને હંસ કહીયે નહીં, તેપ્રમાણેજ જે વેદશાસ્ત્ર પુરાણાદિક, અનેક ગ્રંથ અવલોકન કરી નિરાકાર એક પરમાત્મા તત્વ સત્ય છે, અને અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાન સોત સર્વ માયીક છે, એટલે મિથ્યા છે, એપ્રમાણે સર્વ ગ્રંથોની તથા તર્કોની એક વાક્યતા કરનારો અને તેપ્રમાણેજ વરતનારો તેજ બ્રહ્મવેત્તા છે.

૩૦ , ધર્મરાજાના ઘેરે રાજસુયયજ્ઞ થયો, તેહેમાં બ્રાહ્મણ ભોજનો ચાલતાંહતાં, પણ કોટ્યાવધી બ્રાંહ્મણ ભોજન થયા પછી ધર્મરાજાના કાનમાં સ્વર્ગલોકમાયેલો કિંચિત્ ઘંટાનો નાદ સાંભળવામાં આવતો હતો, અને એકદિવશે એવું થયું કે, ધર્મરાજાના કાનમાં સ્વર્ગમાંથી ઘણઘણાટ ઘંટા નાદ ઘણોજ સાંભળવામાં આવવા લાગ્યો, તેવખત ઈશ્વરનો અવતાર શ્રીકૃષ્ણ એહેને ધર્મ રાજાયે પુછયું કે, હે શ્રીકૃષ્ણ આજ સ્વર્ગમાંથી અતિશે ઘંટા નાદ સંભળાયછે, એનું કારણ શું ? તેઉપર શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો કે, કોઈ પણ આજ બ્રહ્મનિષ્ઠ તોરેઘેર જન્મ્યો, તેહેની અગણીત પુણ્યાઈથી એવું થાયછે, પછી ધર્મ રાજા બોલ્યો કે, તે બ્રહ્મનિષ્ઠ મુને દેખાડો, તેવખત શ્રીકૃષ્ણે, બ્રહ્મનિષ્ઠ જે શુક યોગિંદ્ર ઉચ્છિષ્ટ પાત્રો ચાટતો બેહો હતો તે દેખાડ્યો, અને શ્રીકૃષ્ણે તથા ધર્મરાજાયે શુક

યોગિંદ્રને હાથ ધરીને લાવ્યા, અને તેહેની પૂજાકરી. આ વાતમાં થોડોક ભાગ કલ્પીત છે; તેહેનું તાત્પર્ય લેવું.

તાત્પર્ય.

૩૧ સર્વમાં શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા, એટલે નિરાકાર પરબ્રહ્મ જાણનારો બ્રાંહ્મણ છે; પણ પરબ્રહ્મ જાણી પરબ્રહ્મઉપર નિષ્ઠા રાખનારો, એટલે પ્રીતિ, અથવા ભક્તિ રાખનારો, તથા ઈશ્વર અવતાર ઉપર સ્નેહ રાખનારો, એ ઉભય લક્ષણોનો જે બ્રહ્મનિષ્ઠ બ્રાંહ્મણ તે તો ઘણોજ શ્રેષ્ઠ છે, એ શુકયોગિંદ્રના દૃષ્ટાંતે કરી સમજવું અને આપણે પણ બ્રહ્મવેત્તા થઈ બ્રહ્મનિષ્ઠ થાવું અને ઈશ્વરી અવતારઉપર પ્રીતિ રાખવી, તોજ માણસના જન્મે આવવાનું સાર્થક થયું.

૩૨ જે કોઈ માણસો દેવની આજ્ઞા જે વેદ, તે વેદ પ્રમાણેજ વરતનારા, તે દેવની તરફનું તારણ પામે છે; વાસ્તે, તે દૈવી સંપત્તીના એટલે આત્મજ્ઞાન રૂપ વિદ્યા શક્તીના માણસો છે; તે, તેવા માણસોને જીવાત્માયેકરી પોતેપોતાને દ્યોતન કરે છે, તેથી દેવ એવી સંજ્ઞા છે તથા વેદ વિરૂદ્ધ વરતનારા જે માણસો તે તરનારા નથી કેમકે, તે આસુરી સંપત્તીના માણસો છે, એટલે જીવાત્માયે કરી અજ્ઞાનરૂપ અવિદ્યા શક્તીના માણસો છે, એવા તેવોને દૈત્ય, રાક્ષસ, મ્લેછ, એવી સંજ્ઞાઓ તેઓનાં દુરાચરણ ઉપરથી પડેલીઓ છે; તથા દૈવી સંપત્તીના તેજ તરશે અને આસુરી સંપત્તીના તરવાના નથી પ્રમાણ ગીતોક્ત ભગવત્ગીતા અધ્યો ૧૬ માનો શ્લોક ૫ પાંચમો

"દૈવીસંપદ્વિમોક્ષાયનિબંધાયાસુરીમતા ॥
માશુચઃસંપદંદૈવીમભિજાતોસિપાંડવ ॥"

૩૩ આત્મજ્ઞાનની જે ઈચ્છા તે ઇચ્છા નથી કેમકે, આપણે જે અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાંથીજ નિરાકાર છૈયે તે આપણા નિરાકાર સ્વસ્વરૂપની આપણને જુદી પ્રાપ્તી હોવી તોજ ઇચ્છા રેહેવી પણ આપણે જે નિરાકાર છૈયે, તે આપણને નિરાકાર રૂપેકરી ઇચ્છા રાખવાનું કારણ નથી. એસાર સ્વસ્વરૂપ નિરાકાર પ્રાપ્તીની ઇચ્છા તેજ નિરિચ્છા છે એવો ન્યાય થાયછે.

૩૪ સભામાં અધ્યક્ષ સ્થાને બેસી બોલવાનો અધિકાર તેહેનેજ છે કે જે કોઇ પ્રશ્ન કરશે તેહેનો યથાર્થ ઉત્તર તેજ વખત આપી સમાધાન કરવાનું સામર્થ્ય જેહેને છે; તથા કોઇ ગમેતેવાપણ કુતર્ક કાઢે તથા સંશયથી બોલે પણ તે સર્વ સંશયોનું તથા કુતર્કોનું યુક્તીની રાહે તથા શાસ્ત્રાધારે ખંડણ કરી તાત્કાળ સમાધાન કરવાની શક્તિ જેહેને છે, ઇત્યાદિ જેહેનું સામર્થ્ય તેહેનેજ સભામાં અધ્યક્ષસ્થાને બેસી બોલવાનો અધિકાર છે; બિજાઓને નથી તથા એવીજ પરંપરા, શુક, પરિક્ષિતીના સત્રમાં આવ્યો, તે વખતના દૃષ્ટાંતે ચાલતી આવેલી ધ્યાનમાં આણવી.

૩૫ સોનાની ખાણ હરએક યુક્તીથી ગાળતાં ગાળતાં સોનાનો પર્વત જમે છે, તે પ્રમાણેજ વેદાંતશાસ્ત્રનો વિચાર કરતાં કરતાં સમાધાન થઇ શાંતિ સુખ મળે છે.

૩૬ જો પૃથુરાજા, ધર્મરાજા, વિક્રમરાજા ઇત્યાદિ પરાક્રમી પુરૂષોયે જગતમાં અનેક કલા કૌશલ્યની યુક્તિયો કાઢી જગતઉપર ઉપકાર કરી સુધારો કર્યો નહતે,

તો સર્વ માણસો પશુ જેવા રાનટી એટલે જંગલી હતે એ સારૂ પ્રપંચ પરમાર્થનો સુધારો, વ્યાસ, વાલ્મિક, પૃથુ, ધર્મ ઇત્યાદિ પરોપકારી પુરૂષોયે કર્યો, એજ જગતને તેઓની બક્ષીસ છે; તથા હાલમાં જે લોક પ્રપંચ પરમાર્થમાં જગત સારૂ શ્રમલઇ દાખડો કરે છે, તેવોના જગતઉપર ઉપકાર છે.

૩૭ એક જણ કેહેછેકે, બ્રહ્મચારી બાવા તમે લોકોના અશાસ્ત્ર વર્તણુકને માન કેમ આપતા નથી, અને લોકોને વિરૂધ્ધ ભાસે એવો ઉપદેશ કેમ કરો છો; તેહેને મેં ઉત્તર આપ્યો કે, અરે મારા વેદોક્તધર્મ પ્રમાણે ઉપદેશ કરવાનો સંપ્રદાય છે, તે છોડી હું લોકોના મન વશ કરવા સારૂ, અશાસ્ત્ર ઉપદેશ કરૂંકે શું! મારો પ્રાણાંત થાય, તોયપણ, હું અશાસ્ત્ર ઉપદેશ કરવાનો નહીં, એજ મારી પ્રતિજ્ઞા છે; કેમકે, મુને, પરમેશ્વરનો પૂર્ણ સાક્ષાત્કાર છે, તે મારાથી, અશાસ્ત્ર ઉપદેશ કેમ કરાય

સર્વ પુરાણોમાંથેકું વેદોક્તધર્મ તત્વ.

૩૮ અજ્ઞાનીના મરવાનું તથા પુનર્જન્મનું લક્ષણ એવુંકે શરીરમાં પંચ પ્રાણ વાયૂ છે, તે પોલાણ જેવા અંતઃકરણ પંચકરૂપ આકાશ તત્વરૂપી અંતરાત્મામાં (પેટનુંચાંપ્યું હલતું રહ્યું એટલે શ્વાસ બંદ પડે છે, તે વખત ગુપ્ત રેહેછે; અને સર્વ વિષય તથા ઇંદ્રિયો, એઓની વિસ્મૃતી થાય છે. એજ મરવાનું લક્ષણ છે,) હવે પુનર્જન્મ એવો આવેછે કે, અંતરાત્મામાં, વિસ્મૃતીની અવસ્થા છે, તે વિસ્મૃતીની અવસ્થામાં જાગવાપણામાં તથા સ્વપ્નમાં

જે જે ખબર પડે છે, તે તે બીજમાં અનુભૂત વૃક્ષાકાર રેહેછે, તેવૂં રેહેછે તેજ, બીજમાંથી મૃત્તિકાદિકોના સંયોગથી વૃક્ષાકાર નિકળે છે, તેવું ઉભ્ભૂત થાય છે, તે એવું કે, સ્વપ્ન સૃષ્ટી નિદ્રાની વિસ્મૃતીમાંથી સ્વર્ગ મૃત્યુ લોકરૂપ નિકળી સુખ દુઃખ ભોગવવાં પડે છે, તેમજ મરવાના અત્યંત વિસ્મૃતીમાંથી, ભોગ સૃષ્ટીનું સ્વર્ગ મૃત્યુલોક સ્વરૂપ જેહેનું તેહેનામાંથી જુદું જુદું સ્વપ્નાના દાખલાયેકરી ઉભ્ભૂત થઇ યાતનાદિક સુખ દુઃખ ભોગ ઘણાકાળ કર્યાં કરમો પ્રમાણે વગર ચૂકે થાય છે. તે હરયેક પ્રાણીના આકારનો ભોગદેહ આવેછે, તે દેહેકરી ભોગવવું પડે છે, પછી તેહેને, તે ભોગ સૃષ્ટીનો પિશાચરૂપી કિંવા દેવતારૂપી ભોગ થૈ રહ્યા પછી ફરી સારાં નરસાં કર્મ પ્રમાણે પોલાણના પેટમાં, જે પરપ્રકાશ ગોલો એટલે મૃત્યુ લોક ભૂમી જેવા છે, તે ઉપર અથવા સૂર્ય જેવા સ્વપ્રકાશ જે સ્વર્ગ ગોલો છે, તે ઉપર ફરી જન્મ આવે છે, તે એવો કે, ભોગ સૃષ્ટીમાયેલા ઉભ્ભૂત થએલા સ્વર્ગ નરક ભોગના અંતે જે જીવના જાતીનો ભોગદેહનો ભોગદેહરૂપ આકાર નર કિંવા માદી રૂપે ફેરફાર થઇ રેહેછે તે તે ભોગશરીરમાયેલા આત્માના વિસ્મૃતીરૂપના પડદામાં બીજમાં વૃક્ષ તેમ લીન થઇ રેહેછે, તેજ સ્થૂલ થવા સારૂ હરયેક મૃત્યુ લોકના, જીવોના વીર્યમાં અથવા બિજી રીતની ઉત્પત્તીમાં પ્રવેશકરી તેહેનાં સૂક્ષ્મ લીન થયેલા આકાર પ્રમાણે સ્થૂલદેહનો આકાર હરયેક જીવના શરીરનારૂપાકારે સ્થૂલ થાય છે; તે પાછલા જન્મ દેહના અથવા અન્ય આકારના થાય છે; એજ પુનર્જન્મ છે, એ પુનર્જન્મ શરીર

આવવામાં રેતના વગેરે નાશની સાથે ઘણી વખત પુનઃ પુનહા પતનથી યાતના થઇ થઇ જન્મ આવે છે, તેમાં પણ જન્મ આવ્યા પછી યાતનાઓ છે, એ પ્રમાણેજ સ્વર્ગની પણ સ્વર્ગસ્થ રીતીપ્રમાણે પુનર્જન્મની દશા છે; એવું ધ્યાનમાં લાવવું અને આ અજ્ઞાની માણસોની પેઠેજ મરવાની તથા પુનર્જન્મની પશ્ચાદિકોથી તે પિપીલિકાથી પણ સૂક્ષ્મ જીવોસુધી તેઓની તેઓના ભાવના પ્રમાણે દશા છે, એ પ્રમાણે મરવાની તથા પુનર્જન્મ લેવાની કથા છે, તે ધ્યાનમાં રાખ, અને આ દુર્ધરવ્યથામાંથી માનવી રે, તું પોતીકો છુટકો થવા સારૂ સાકાર અવતારોની ઉપાસના તથા નિરાકારનું સ્વાત્મૈકય જ્ઞાન એઓનો અભ્યાસ કર, અમસ્તો વખત ગમાવી ફસાઇશ નહીં; કેમકે સ્થૂલ શરીરના નાશથી દેહસ્થ આત્માના જાણીવમાયેલા વિસ્મૃતીરૂપ આવરણનો અથવા તે આવરણમાયેલા કરેલાં કર્મનો આકાર, નાશ પામતો નથી, તે સૂક્ષ્મરૂપી રેહેછે, એ સારૂ તે વિસ્મૃતીમાં નિરાકાર ભાવના અથવા સગુણ સાકાર અવતારોની ભક્તિ બીજમાં વૃક્ષ તેવી અભ્યાસેકરી રેહેવા દે એટલે ભોગ દેહાકારે મરવા પછી તેજ જ્ઞાન સ્મરણરૂપ ઉભ્ભૂત થઇ અન્ય કર્મ જે ઉભ્ભૂત થયેલું હોય તેનો નાશ કરી, નિજધામરૂપી નિરાકાર પણજ તું થઇશ અથવા પૂર્ણ જ્ઞાન ન હોય તો, ઉત્તમ માનવી તનુ ધારણ કરી, ફરી નિરાકારના વિચારેકરી તું તરીશ, સારાંશ શરીરના નાશથી આત્માના જાણપણામાયેલા વિસ્મૃતીરૂપ બીજનો નાશ થાતો નથી, એસારૂ વારંવાર જન્મ મરણના ફેરા આવે છે, તેથી નિરાકારજ મારો હું અ-

હંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો સેહેજ છું, એવો, અતિ પ્રિતીથી દૃઢ ભાવ રાખીશ તોજ તારા પ્રાણ તારામાં નહીશા થઇ તે પ્રાણમાયેલા અહંપણું ધરનારા જ્ઞાનનો નારા વિસ્મૃતી બીજમાયેલા કર્મોસહિત પાણી નાશ પામવાથી પ્રતિબિંબ નહીંશુંજ થાય છે, એ દૃષ્ટાંતમાયેલા એક દેશનો નાશ તેવો નાશ થાશે અને તું નિરાકારપણાએકરી અક્ષય સુખરૂપ રહીશ. એપ્રમાણે આત્મજ્ઞાનીના પ્રાણનો નાશ મરતાંવેતજ અહંપણું ધરનારા જ્ઞાન સોત વિસ્મૃતીમાંથી ઉદ્ભૂત થઇ થાયછે; એથી પુનર્જન્મ જ્ઞાનીને નથી, અને અજ્ઞાનીના પ્રાણ મરવા પછી, અહંપણું ધરનારા જ્ઞાનમાં બીજમાં વૃક્ષ તેવા સારાં નરસાં કર્મ સહિત રેહેછે એથી યાતનાદિક ભોગસૃષ્ટીમાયેલા ભોગ ભોગવવા તથા પુનર્જન્મશરીર પ્રાપ્તિ થવી ઇત્યાદિ અજ્ઞાનીયોને છે, અને તે પુનર્જન્મ શરીર પ્રાપ્તી મનુષ્યરૂપપુરૂષના જીવાત્માને મનુષ્યરૂપ સ્ત્રી પુરૂષની અથવા અન્ય પશ્વાદિક સ્ત્રી પુરૂષની છે, એ પ્રમાણેજ સર્વ પશ્વાદિક જીવોથી તે સૂક્ષ્મ જીવોના શરીરસુધી તથા વનસ્પતીના દેહસુધી ફેરફાર થાય છે, એ વિલક્ષણ ઈશ્વરી માયાનો ખેળ છે, એ સારૂ એક વ્યાપક ઈશ્વરને શરણ જાવું અને નિરાકાર પરમેશ્વર જે વ્યાપ્ય વ્યાપક ભાવાતીત છે, તેહેના સ્વાત્મૈકય જ્ઞાનપ્રાપ્તીનો અભ્યાસ કરવો એટલે પૂર્ણ પણું આવે ત્યાંહાંસુધી માણસનાજ પુનર્જન્મ દેહ આવશે અને પૂર્ણ વિચાર નિરાકારના સ્વાત્મૈકય જ્ઞાનનો પક્કો થશે તો પુનર્જન્મ મરણ રહિત તું થઇશ.

૩૯ પુરાણમાં એક વાત એવી છેકે, ધર્મરાજા નીતિ ન્યાયેકરી રાજ્ય કરતો છતાં જગતની રીતિ પ્રમાણે એક બ્રાંહ્મણે પોતાની જમીન બિજા બ્રાંહ્મણને વેચાતી આપી પછી જેહેને તે જમીન વેચાતી આપી તે બ્રાંહ્મણ તે જમીનમાં કુવો ખણવા લાગ્યો તેવખત તે જમીનમાં સુવર્ણ મુદ્રાનો ચરૂ જડ્યો. ત્યારે તે બ્રાંહ્મણે વિચાર કર્યો કે આપણો આ દ્રવ્ય સાથે સંબંધ નથી કેમકે આપણે જમીન વેચાતી લીધી પણ તેહેમાં જે દ્રવ્ય જડ્યું તે આપણે વેચાતું લીધું નથી. એથી આ દ્રવ્ય જે પાસેથી જમીન લીધી તેહેનું છે એવો વિચાર કરી તે બ્રાંહ્મણ તે દ્રવ્યલઇ જે પાસેથી જમીન વેચાતી લીધી હતી તેહેને આપવા ગયો, પણ તે કેહેવા લાગ્યો કે જમીન મેંતો તુંને આપી તે જમીનમાયેલા પાણાં, માટી, તુંને આપ્યાં તે પથરા માટી પ્રમાણેજ દ્રવ્ય છે તે પણ તુને આપ્યું તે હું કદી લેવાનો નહીં એપ્રમાણે તે દ્રવ્ય તે બેહુ પણ લે નહીં ત્યારે તે પરસ્પરો એ વિચાર કર્યો કે આ દ્રવ્ય રાજાને આપવું, કેમકે રાજાનું સર્વ જમીન ઉપર માલકપણું છે તસ્માત્ આ દ્રવ્ય રાજાનું છે, તે તેહેને આપવું એવો વિચાર કરી તે દ્રવ્ય લઇ બેહુ પણ બ્રાહ્મણ ધર્મરાજા આગળ દ્રવ્ય મુકી સર્વ હકીકત કહી આ દ્રવ્ય ધર્મરાજ તું લે એવું બોલી સ્વસ્થ બેઠા ત્યારે ધર્મરાજાયે વિચાર કરી બ્રાંહ્મણોને કહ્યું કે જે માણસ જેટલી જમીનનો માલકછે તેટલી જમીનનો તે રાજાજ છે એથી તે જમીનમાયેલા પદાર્થો ઉપર તેહેનું માલકપણું છે અને હું સર્વ જમીનનો માલક સાર્વભૌમ રાજાછું તથાપિ મારૂં એટલુંજ કામ છે કે જેટલી જમીન જેહેનાં તાબામાં છે તેટલી જમીનનો તે રાજા તે પ્રમાણે જે તમે સર્વ રાજા-

ઓ તે તમે પોતાના રક્ષણ સારૂ જે મુને નિયમ કરી આપ્યો છે તેટલુંજ હું દ્રવ્ય લઈ તમારૂં રક્ષણ કરવું એજ મારૂં કામછે તથા તમારા જેવોજ હુંપણ થોડીશી જમીનનો ભાગીયો થઈ તેમાથી મુખ્ય ઉદર નિર્વાહ મેં, મારો કરવો તેવો કરી સાર્વભૌમ રાજ્ય પદના નિયમ પ્રમાણે પૈસા હુંપણ સાર્વભૌમ પદની તરફ આપુંછું અને તે મારા પઇસા સુદ્ધાં સર્વના પૈસાથી સાર્વભૌમ પદનું કામ હું ચલાવું છું એ સારૂ તમારા તાબામાં જે જમીન તેનાં તમે રાજાછો, એ સારૂ તે જમીનમાયેલું સર્વ તમારે લેવું પણ સાર્વભૌમ પદની તરફ તે દ્રવ્ય મારે લેવું એવો નિયમ નથી એથી તે દ્રવ્ય હું લેવાનો નથી એવું ધર્મરાજાયે કેહેવાથી ધર્મરાજાને બ્રાહ્મણોએ કહ્યું કે તું અમારો સાર્વભૌમ રાજાછે એસારૂ અમારો ન્યાય કરી એ દ્રવ્ય કોણે લેવું એ અમોને કેહે એટલે તે પ્રમાણે અમે કરીયે એવા બોલવા ઉપરથી ધર્મરાજાયે તેહેનો ન્યાય કર્યો છે.

તાત્પર્ય.

૪૦ ધર્મરાજાજ ઉપર કહેલી નીતિપ્રમાણે નીતિમાન હતો અને નિર્લોભી હતો તેથી તેહેની પ્રજા પણ તેવીજ હતી તસ્માત્ ॥ " કાલોહિકારણંરાજ્ઞોરાજાકાલસ્ય કારણં " ॥ એ સાચું છે, તથા " યથારાજાતથાપ્રજા " ॥ એ પણ સાચું છે એ સારૂ ઉપર બતાવેલી નીતિને અનુસરી સાંપ્રતકાળના મનુષ્ય દેહધારી રાજાયે તથા પ્રજામાયેલા લોકોયે વરતતાં જવું અને આગળ પણ જે રાજાઓ થાશે તથા પ્રજાઓ હશે તેઓએ પણ ઉપર કહેલી

રાજનીતિથી વિરૂદ્ધ વરતવું નહીં કેમકે ઉપરની નીતિ પ્રમાણે જે વરતશે તે સાત્વીક તથા વિચારી થઈ ઈશ્વરને ભજશે એમાં આશ્ચર્ય શું.

૪૧ વિસ્ફોટક રોગની બાધા નથાય તેથી બાવડા ઉપર ટોંચી તેમાયેલા લોહીને વિસ્ફોટક રોગના રશીનો સ્પર્શ કરેછે તેથી કોઈ કોઇ બાલકોને એ રોગ થકે ઇજા નથાતાં સુખ થાયછે એવું કેહેછે પણ ઘી, તથા કંકું, એકત્ર મેળવી વિસ્ફોટક રોગ ઉપર એટલે શીળી ઉપર તેનો જાડો લેપકરી નાગર વેલનું પાન વગેરે તે ઉપર મુકી ઉપરથી કપડું ચીકણા ગુંદરથી ચોટાડી કપડાથી સર્વ શરીર ઉપર બંધન કરવું અને આઠ પોહોર છોડવું નહીં એ પ્રમાણે એક બેવખત એવું કરવાથી આઠ અથવા સોળ પોહોરમાં વિસ્ફોટક રોગ એટલે શીળી ઇત્યાદિ મંદવાડ સારા થાયછે એસારૂ દંડઉપર ટોંચવાની જરૂર નરાખતાં કહેલું ઘી તથા કંકુનું ઔષધ લગ્યાડ્યું છતાં છોકરૂં વગર હરકતે અને સેહેજ સારૂં થાયછે. અસ્તુ, પણ કાળાંતરે આ બાવડા ઉપર ટોંચવાની ક્રિયા માત્ર રેહેશે એવું લાગે છે અને તે ક્રિયા કરવાનું મર્મ જે વિસ્ફોટક રોગ પરિહારાર્થ કલ્પે છે તે નહીં શું થશે અને આ ટોંચવાની ક્રિયા કરવી એજ અમારો ધર્મ એવું લોક કેહેશે એવું એ જગત વિપરીત છે કેમકે વિસ્ફોટક રોગને અર્થે ભોંકવા પ્રમાણેજ કાન ટોંચવા વગેરે પ્રકાર ગરમ દેશમાયેલા ઉઘડા શરીર ઉપર અલંકાર નાખવા સારૂ છે તે પ્રકાર હાલના લોક ક્રિયાઓ છે એવું માને છે તોપણ કરવા નકરવાનો દોષ માનવાનું કારણ નથી.

૪૨ વિષ્ણુની ભક્તિનું ભુલવું થાય નહીં તે સારૂ કોઇ એક માણસે પોતાના અંગ ઉપર શંખ ચક્રની મુદ્રાઓ અથવા રામનામના અથવા શ્રીકૃષ્ણના નામની છાપો એટલે પૂર્વ હિંદુસ્થાનમાં ખીલાનાં છાપખાનાં હતાં તે માયેલા છાપો તપાવી ડામ લીધા તેહેનો આગ્રહી ઘેલકડ મતલબ એવો કે ડામોની તરફ જોઇ મુને વિષ્ણનું સ્મરણ થાશે પણ હાલમાં તે પેટ ભરવા સારૂ ઢોંગી લોકોયે મુદ્રા તપાવી ડામ લેવા એ ધર્મજ ઠરાવ્યો છે અને તે કામમાં લાખો રૂપીયા મેળવી પેટભરવા લાગ્યા છે તથા લોકોના બાળબચ્ચાઓને રૂપીયા લઇ ડામતા ફરે છે અને એવું નકરે તો જમાતની બાહેર નાખવાનો જુલમ કરેછે હવે તેઓને જો એવી સમઝણની વાત કહીયે તો ક્રોધ આવેછે કેમકે તેઓનું પેટ ભરવું ડુબેછે અસ્તુ. એ ક્રિયા કરી અથવા નકરી તોયપણ પાપ નથી.

૪૩ જુવો જૈન લોકના એટલે શ્રાવકના જતી લોકો, લુગડાથી મોઢું બાંધી બેસેછે અને ચમરી ફેરવેછે અને શ્વાસની સાથે મોમાં ઝીણાં તથા ઉડનારા જીવ જાય નહીં તેસારૂ બેસેછે તથા પાણી ઉનુંકરી અને ગાળીને પીયેછે કેમકે તે પાણીની સાથે પેટમાં જીવ જાય નહીં એવો તેઓનો મતલબ હોયછે પણ તેઓનું તે કરવું વ્યર્થ થાયછે અને તેઓનાં ગાળેલા પાણીમાં પણ જીવ હોયછે અને અન્ન રાંધવામાં તથા તેઓની સર્વ ક્રિયાઓમાં લાખો સૂક્ષ્મ જીવ મરેછે એથી એવું સિદ્ધ છે કે એ ચાલ જેણે ચલાવી તે મૂર્ખ હતો કેમકે ઇશ્વર નિયમના જુલમથી જે સૂક્ષ્મ જીવ મરેછે અને તે તેઓનું મરવું મટાડવાને

માણસ અસમર્થ છે તેથી તેહેનો દોષ માણસને નથી કેમકે જેમ જુલમથી કોઇ, કોઇ પાસેથી, પાતક કર્મ કરાવે તો તે દોષ જુલમ કરવાવાલાની તરફ છે તે પ્રમાણેજ ઇશ્વરી નિયમના જુલમનું ઇશ્વરની તરફ, માણસની તરફ નથી અને ઇશ્વર નિરભિમાની તેહેને તો પાપપુણ્ય નથીજ કેમકે તેહેનો નિયમજ છે અને એક હરણની પ્રીતિયે રૂષભ દેવનો પુત્ર જે ભરથ તેહેને બે જન્મ લેવા પડ્યા એસારૂ જાંહાં તાંહાં નિરાકાર છે એ લક્ષ છોડી જાંહાં તાંહાં જીવ છે એવા ચિંતનારા આત્મજ્ઞાન વિરહીત મૂર્ખ જતીની ગતી શું ? અસ્તુ. તેમાં પાપ પણ નથી તથા હાંસલ પણ નથી તથા ગતી પણ નથી. અને વેદોક્ત ધર્મ પ્રમાણે ત્યાગી હોય અથવા સંસારી હોય, જે આત્મજ્ઞાની હોય તે તરેછે એવું છે, એવું જયન, શેવડા, સીતાંબરી, દિગંબરી, વગેરે મતોના લોકો સમજો અને જે, મોં બાંધીને, બેસેછે તેજ તરેછે એવા તે ઠગારાના ઉપદેશ થકે છુટો કેમકે તે પેટનું ઢોંગ છે.

૪૪ આયુષ્યનો અર્થ એવો છે કે, જેમ આંબાના ઝાડઉપર આંબો આવ્યો, એટલે, તે પાંચ મહિનાયે પાકી, દેઠથી છુટી ગળી પડેછે; એ ઉપરથીજ આંબાનાં ફલની, આસરે આવરદા, પાંચ મહિનાની છે, પણ, આંબાનું ફળ નાહાનું છતાંજ પક્ષી તોડેછે, અથવા પવન ઝોડેછે, કિંવા માણસ તોડેછે, અથવા એકાદ કેરી આઠ મહિના પણ રેહેછે, એ આંબાના ફલના દાખલા પ્રમાણેજ, માણસ, જીવેતો, આસરે સોવર્ષ જીવે, તેથી, માણસ શતાયુ છે, એ-

વી મર્યાદા કરી, તથાપિ, આંબાના કાચાં ફલનો, પાંચમ-
હિના પેહેલાંજ નાશ થાય છે, તે પ્રમાણેજ, માણસ કયા-
રે મરેછે એનો નિયમજ નથી, તથા આંબાની એકાદી કે-
રી આઠમહિના પણ રેહેછે, તેમ એકાદું માણસ, સવા-
સો, દોડસો, બસો વરસ સુધી પણ જીવશે, અસ્તુ. હવે
" अंतेमतिःसागतिः " એટલે જેવી અંતકાળે મતિ હોયછે,
તેવી ગતિ થાયછે, પણ જન્મ્યા તે દિવસથી જે કાળ ઘ-
ડી પલ લવ નિમેષ, એથી સૂક્ષ્મમાને કરી ચાલેલોછે, તે
સર્વ અંતકાળજ છે, એસારૂ એ સર્વ આયુષ્યના કાળમાં
એટલે અંતકાળમાં અતિ પ્રીતિયે કરી, કિંવા અતિ દ્વેષેથી,
જે વિષયના આકારની મતિ હશે તેવી ગતી થાશે એવું સ-
મજવું, અને સર્વ જન્મ સુધી, અતિ પ્રીતિયે કરી, અહંપ-
ણું ધરનારા જ્ઞાન પેહેલાના, સેહેજ નિરાકાર પોતપોતાના
સ્વસ્વરૂપની ઘણી પ્રીતિ રાખી, અવતાર મૂર્ત્તીનું મનોમય
ધ્યાન કરવું, એટલે તેવીજ આપણી ઉત્તમ ગતી થાશે,
તથા જાગૃત સ્વપ્નમાયેલી, શિખેલી વાતની વિસ્મૃતી થા-
યછે, તે વિસ્મૃતીની જાત, તથા ઊંઘમાયેલી વિસ્મૃતીની
જાત, તથા મરવાના વિસ્મૃતીની જાત એક છે; તે વિસ્મૃ-
તીમાંથી, શિખેલા વિચાર, ઉદ્ભૂત થાયછે, તથા સ્વપ્ન
ઊઠે છે, અને ત્રિકાળ જ્ઞાનાદિક ઊઠે છે, તથા કરેલાં ક-
ર્મોનું ભોગફલ, મરતાંવેતજ, બિનચુક, ઊઠે છે, એસારૂ,
અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાન પેહેલાં, હું નિરાકાર છું,
એવું પ્રેમ, મરવાની વિસ્મૃતીમાંથી નિકળેલા, ભોગ સૃષ્ટી
માયેલા શરીરમાં, જન્મસુધી સ્મરણ હોવાથી, પ્રથમ ઉદ્ભૂત
થઇ, સર્વ ભોગસૃષ્ટીનો અસ્ત થશે; અને અહંકાર છોડી,

નિરાકાર સ્થિતિયે, જેહેનો તે રેહેશે, અથવા જન્મસુધી
અતિ પ્રીતિ, રામકૃષ્ણાદિક અવતાર મૂર્ત્તિ ઉપર હોય તો,
મરવાની વિસ્મૃતીમાંથી નિકળેલી ભોગ સૃષ્ટીમાં. તે અવતા-
રની મૂર્ત્તી પ્રકટ થઇ, દુઃખ થકે છુટકો થાશે, અને ફરી
ભક્તિકરવા સારૂ. પુનર્જન્મ દેહ ઉત્તમ મળશે, અને તર-
ણોપાય મળશે, એસારૂ, અંતકાળને વિશે, એટલે સર્વ
આયુર્દાનો કાળ ચાલેલો છે તેજકાળને અંતકાળ કહીયે,
એવા અંતકાળને વિશે, એટલે સર્વ આયુર્દાના વખતમાં,
રામકૃષ્ણાદિક ઈશ્વરના અવતારો ઉપર, અને અહંપણું ધ-
રનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપ ઉપર, અતિપ્રી-
તી રાખવી એટલે, જે થવાનું, તે ઉત્તમજ થવાનું, નરસું
થવાનૂંજ નહીં એવું મર્મ, સર્વ લોકોયે, લક્ષમાં રાખી વ-
રતવું, અને, ઘેરને, આગ લાગવા પછી, સર્વ, પ્રીતીની વ-
સ્તુઓ, નાખી, અતિપ્રીતીની વસ્તુ કાઢવાનુ, ઊંઘ જેવી,
વિસ્મૃતીમાંથી, ઉઠતાં વેતજ, સ્મરણ થઇ, તેજવસ્તુ, પ્રથમ
કાઢવાને દોડેછે, તે પ્રમાણેજ, અતિપ્રીતીનું સ્મરણ. મરવા-
ના અત્યંત વિસ્મૃતીમાંથી પ્રથમ ઊઠેછે, એસારૂ અતિપ્રી-
તીજ, ગતીનું કારણછે, એધ્યાનમાં રાખી, અહંપણું ધરનારા
જ્ઞાન પેહેલાના, પોતપોતાના નિરાકાર સ્વરૂપ ઉપર, ઘણી
પ્રીતિ રાખવી, એટલે ઉત્તમગતી થાશે, અથવા, નિરાકાર
ઉપર, અતિપ્રીતિ લાગવાનું સાધન, જે રામકૃષ્ણાદિક અ-
વતારોનું, મનોમય પ્રેમ, તે ઉપર ઘણી પ્રીતિ રાખવી, અને
તેવું વરતવું, તેથી, ઉત્તમગતી થાશે તાંહાં સુધી, ઉત્તમ દે-
હનીજ, પુનર્જન્મ દેહ પ્રાપ્તી થશે, એસારૂ, માનવીઓરે,
કહેલી રીતીને અનુસરી, વરતતા જાઓ.

૪૫ અણિયાળા દાંતોનો, એટલે ખીલા દાંતોનો, સૃષ્ટીના આરંભે, શસ્ત્ર, પાત્ર, વસ્ત્રરહિત માણસને, ઘણોન ઉપયોગ છે, એટલે નખો થકે કાનને તથા નાકને, તથા સર્વ ઇંદ્રિયોને, દુઃખ થાય નહીં, એ કારણ સારૂ નખો કાઢવાંજ જોઇએ, તે સૃષ્ટીના આરંભે, કાઢવાને શસ્ત્ર નહીં, એ સારૂ, ઇશ્વરે અણીદાર દાંત, માણસને આપ્યા, તે દાંતેકરી, નખો કાઢે, તથા શસ્ત્ર પાત્ર નહોવાથી, સૃષ્ટીના પ્રારંભે, જંગલ ઘણું હતું, તેહેમાં માણસે વેલોમાં ચાલતાં જાતાં, અણીયાળા દાંતેકરી, વેલ કાતરીને ચાલતા જવું, તથા શેરડી, તથા વગર છોલેલાં નારયેલો, સુપારિઓ, તથા રતાળુ, તથા કરંદા, અને કાચીકેરીયો, તથા જમરૂક, ઇત્યાદિ પદાર્થો, શસ્ત્ર પાત્ર વગરના માણસને, સૃષ્ટીના આરંભે, ખાતાં આવડસે નહીં, તેથી ઇશ્વરે સુળાદાંત આપ્યા છે, તથા સુળા દાંતેકરી સૃષ્ટીના આરંભે, શસ્ત્ર રહિત માણસને, અતિશે જંગલ તેથી તથા ક્રૂર શ્વાપદો, માણસોને મારનારા હોય છે એ થકી, શિકાર કરતાં આવડશેજ નહીં એ સારૂ ભલતાજ તર્કો કાઢવા નહીં.

વેદમાએલા સૃષ્ટીના નિયમો અને તેઓના પ્રમાણો.

પ્રકરણ ૬.

૧ સૂર્ય પૃથ્વીને આકર્ષણ કરે છે એ બાબત ઋગ્વેદમાં સંહિતાના ત્રીજા અષ્ટકના ચોથા અધ્યાયના પાંચમાં વર્ગ મધ્યે પ્રમાણ શ્રુતી છે "મજાનન્મિત્રોદાધારપૃથિવીમુતદ્યાંમિત્રઃ કૃષ્ટિરનિમિષામિચષ્ટે" ॥ એ શ્રુતીનો અર્થ એવો છે કે "મજા નન્મિત્રોદાધાર" એટલે સર્વ પ્રજાને મિત્ર એટલે મિત્રની પેઠે રક્ષણ કરનારો સૂર્ય જે તેહેનો આધાર છે, કારણ "પૃથ્વી મુતદ્યાંમિત્રઃકૃષ્ટિઃ" એટલે પૃથિવીને મિત્ર જે સૂર્ય, તે પોતાની તરફ આકાશમાં, કૃષ્ટિઃ, એટલે આકર્ષણ કરે છે "અનિમિષામિચષ્ટે" એટલે નિમિષભર પણ પૃથિવી સૂર્યના આકર્ષણમાંથી છુટતી નથી, સર્વકાળ સૂર્યે પૃથિવીને આકર્ષણ કરી રાખેલી છે, એ વેદમાયેલા પ્રમાણઉપરથી એવું સમજવું કે, જોકે હાલમા સુધારો થયોછે તોયપણ હાલનોસુધારો પેહેલાના સુધારા કરતાં ઘણોજ કમતી છે, તથા જોકે, આ વેદમાયેલા પ્રમાણ ઉપરથી સૂર્ય, એ પૃથ્વીને આકર્ષણ કરેછે એવું કોઇને નસમઝાઇ, અન્ય જ્યોતિષીઓના પુરાતની ગ્રંથ ઉપરથી જોઇ, નવીન શોધ કર્યો એવું કોઇયે કહ્યું અને તે સાચું છે તોઅ, સમઝવું કે વેદમાં, સૂર્ય પૃથ્વીને આકર્ષણ કરેછે એવું છે, તેજ બીજાં માણસોની સાહ્યથી ઉદય પામી તેહેનો પ્રસાર થયો, પણ વેદ, એ સર્વ સુધારણા થએલોજ છે.

૨ સૂર્યના રશ્મીથી પાણીની બાફ થઈ આકાશમાં એટલે પોલાણમાં જાયછે અને તેહેનૂંજ ફરી પાણી થઇ વરસાત પડે છે એવું યજુર્વેદમધ્યે આપસ્તંભ શાખાના સંહિતાના બીજા અષ્ટકના ચોથા અધ્યાયના અગ્યારમા અનુવાકમધ્યે પ્રમાણ છે એટલે વરૂણ સૂક્તમાં છે શ્રુતી " અગ્નિર્વાઇતોવૃષ્ટિમુદીરયતિ,મરુતઃસૃષ્ટાંનયંતિ,યદાખલુવાઅસાવાદિત્યોન્યઙ્રરશ્મિભિઃપર્યાવર્તતેથવર્ષતિ " એ શ્રુતીનો અર્થ એવો છે કે " અગ્નિર્વાઇતોવૃષ્ટિમુદીરયતિ " એટલે અગ્નિ પણ પાણીની બાફ કરેછે એથી અગ્નિપણ વૃષ્ટીના એટલે વરસાતના ઉત્પત્તીનું પાછળ કહેવા પ્રમાણે કારણ છે, " મરુતઃસૃષ્ટાંનયંતિ " એટલે વાયુ, એ સર્વ સૃષ્ટીમાં અભ્ર ઇત્યાદિ વરસાતને ફેલાવનારા છે " યદાખલુવા " પણ પરજન્યના વાસ્તે મુખ્ય કારણ એજ કે " અસાવાદિત્યોન્ય ઙ્રરશ્મિભિઃપર્યાવર્તતે " એટલે સૂર્યના રશ્મી પૃથ્વીની તરફ આવી પાણીની બાફ કરી આકાશમાં ઉડાવે છે " અથવર્ષતિ " એથીજ તે બાફ કરી જલરૂપ થઈ, પરજન્ય વૃષ્ટી થાય છે, એ પ્રમાણેજ સ્મૃતી પણ છે "અગ્નૌપ્રાસ્તાહુતિઃસમ્યગાદિત્યમુપતિષ્ઠતે આદિત્યાજ્જાયતેવૃષ્ટિર્વૃષ્ટેરન્નંતતઃપ્રજાઃ " એ સ્મૃતીમાંપણ વરસાત સૂરજ થકેજ છે વાસ્તે પાણીની બાફ થઈ તે બાફ ફરી તાઢી થઇ પાણીનું રૂપ ધારણ કરી પૃથ્વીઉપર વરસાત વરસે છે એ પ્રસિદ્ધી વેદમાં સ્પષ્ટ છે તથા ઘણાક ઠેકાણે વેદમાં વિસ્તાર પણ છે તેટલો આ ઠેકાણે લખ્યો નથી પણ મુખ્ય પ્રમાણ દેખાડ્યું છે વાસ્તે આપણને વેદ, ન સમઝણમાં આવ્યાંથી કેવોજ જ્ઞાનાભિમાન આવે છે પણ વેદમાં સર્વ વિચારો પૂર્ણ છે તેટલા વિચારો, હાલપણ

વેદનો વિચાર કરનારા જે તેઓના જાણવામાં આવે છે.

૩ ગ્રહણનો શોધ પ્રાચીન અત્રયરૂષીને લાગ્યો એ બાબત ઋગ્વેદમાં સંહિતાના ચોથા અષ્ટકમધ્યે શ્રુતી છે " યંવૈસૂર્યસ્વર્ભાનુસ્તમસાવિધ્યદાસુરાઃ અત્રયસ્તમન્વવિંદન્નહ્યાઽન્યેઅશક્નુવન્ " એનો અર્થ એવો છે કે " યંવૈસૂર્ય " એટલે સૂર્યમંડલ જે સ્વપ્રકાશ તેહેને સુર એવી સંજ્ઞા છે એ પ્રમાણે સર્વજ સ્વપ્રકાશ ગોલોને સુર એવી સંજ્ઞા છે અસ્તુ. તે સૂર્યને " સ્વર્ભાનુસ્તમસાવિધ્યદાસુરાઃ " એટલે પરપ્રકાશ ગોલ એટલે અસુર એવી જેહેને સંજ્ઞા છે તથા તેઓનેજ સ્વર્ભાનુ, એવી સંજ્ઞા હોવાનું કારણ, ભાનુ જે સૂર્ય, તેહેના પ્રકાશ વિના તેઓનું રૂપ પ્રકાશિત થાતું નથી, તેથી તેઓને સ્વર્ભાનું એવી સંજ્ઞા છે, તથા સૂર્યના પ્રકાશની આડે અવનાર, તેથી પણ સ્વર્ભાનુ કહિયે, એવો તે સ્વર્ભાનુ, પોતાના તમરૂપે કરી, એટલે પ્રકાશરહિત રૂપેકરી, " અવિધ્યત " એટલે સૂર્યમંડલનું દર્શન થવામાં, દૃષ્ટીનો વેધ કરે છે " અત્રયઃ તં અનુ અવિંદન્ " તેહેને અત્રયરૂષીયે જાણ્યું, નહ્યાઽન્યેઅશક્નુવન્ " અત્રયના પેહેલાં કોઇ પણ જાણતું નોતું. એ પ્રમાણે વેદમાં ગ્રહણનો પ્રકાર કહ્યો છે, તેહેમાં પરપ્રકાશ ગોલ, સ્વપ્રકાશ ગોલના આડો આવી, દૃષ્ટિનો વેધ કરે છે, વાસ્તે સ્વપ્રકાશ ગોલો તે સર્વ સુર છે, તથા પરપ્રકાશ ગોલો, તેટલા અસુર છે, અને લોકોની દૃષ્ટિ આડે, અસુર એટલે પરપ્રકાશ ગોલ આવ્યો, અને સ્વપ્રકાશ ગોલનો વેધ થયો. અને દર્શન થાય નહીં એવું થયું એટલે ગ્રહે વેધ કર્યો તેથી ગ્રહણ એવું નામ છે; એજ પ્રમાણે આકાશમાં અનંત ખેલ છે એવું પેહેલા અત્રયરૂષી-

નાં જાણવામાં આવ્યું તે પેહેલાં કોઇ ના જાણવામાં નોતું, એ ઉપરથી વેદમાં સર્વ વિચારો પૂર્ણપણાનાં છે, ચૂક મળવાનીજ નહીં એવું સમજવું.

૪. પાણીથકે બરફ થાયછે તે પાણીઉપર તરેછે તેપ્રમાણેજ આકાશથકે એટલે પોલાણ અથવા ગુરૂત્વાકર્ષણશક્તી થકે, વાયુ, તેજ, આપ, પૃથ્વી, એ ભૂતો, ઉત્પન્ન થયાં, તે પોલાણ ઉપર એટલે આકાશ ઉપર તરેછે, તથા પાણીથકે થયેલો બરફનો ગઠ્ઠો જેમ પાણીઉપર તરતો દેખાયછે, તેમજ ભૂગોલ, સૂર્યગોલ, ઇત્યાદિ બ્રહ્માંડ રૂપગોલો, એટલે ગઠ્ઠાઓ પોલાણથકે થયેલા જે પરમાણું, તે પરમાણુઓના થયેલા; પોલાણ ઉપર તરતા ફરેછે, એવું દેખાયછે, એહેને વેદશ્રુતીના પ્રમાણો, શ્રુતી "तस्मात्आत्मनःआकाशःसंभूतः" એટલે અહંબ્રહ્મ ભાવના ધરનારો જે મિથ્યા બ્રહ્મ, તેજ આત્મા, તે થકે આકાશ એટલે પોલાણ જે તેહેની કલ્પના ઉત્પન્ન થઇ શ્રુતી "आकाशाद्वायुः" એટલે તે પોલાણરૂપ કલ્પનાથકે એટલે આકાશથકે વાયુની પરમાણુરૂપ કલ્પના સિદ્ધિ ઉત્પન્ન થઇ, શ્રુતી "वायोरग्निः" એટલે વાયુ જે તેથકે પ્રકાશ, ઉષ્ણતા, વિજળી, ઇત્યાદિ અગ્નિની પરમાણુરૂપ કલ્પના સિદ્ધિ ઉત્પન્ન થઇ, શ્રુતી "अग्नेरापः" એટલે તેજ તત્વ જે અગ્નિ તેથકે ઉદકની પરમાણુરૂપ કલ્પના સિદ્ધિ ઉત્પન્ન થઇ શ્રુતી "अद्भ्यःपृथ्वी" એટલે ઉદક જે તેથકે પરમાણુરૂપ પૃથ્વીના રૂપની કલ્પના સિદ્ધિ ઉત્પન્ન થઇ, અસ્તુ. એપ્રમાણે પંચમહાભૂતો જે ઉત્પન્ન થયાં, તે પોલાણના પેટમાં, અહંબ્રહ્મ ભાવના ધરનારા મિથ્યા બ્રહ્મથકે ઉત્પન્ન થયાં, તે પોલાણના પેટમાં પરમાણુરૂપ જેવી સ્થિતિયે હતાં, તેઓને

એક અહંબ્રહ્મ ભાવના ધરનારા મિથ્યા બ્રહ્મે એટલે શબલબ્રહ્મે આકર્ષણ કરી, ધારણ કરેલાંજ હતાં, આગળ જુદીજુદી અહંબ્રહ્મ ભાવનાઓ, જુદાજુદા મિથ્યા જ્ઞાનોથકે ઉત્પન્ન થઇઓ તે પ્રત્યેક ભાવના ઉપર તેતે ભાવનાયે કરી, પંચભૂતાત્મક એક એક, ભૂગોલરૂપ તથા સૂર્યગોલરૂપ એપ્રમાણે પોતપોતાઉપર પરમાણુઓને આકર્ષણ કરી ધારણ કર્યું, પછી તેના કરતાં પણ ઘણીજ અહંબ્રહ્મ ભાવનાઓ ઉત્પન્ન થઇઓ, તે પ્રત્યેક ભાવના ધરનારા મિથ્યારૂપી પ્રત્યેક જ્ઞાને, એક એક પ્રતીનું જુદુંજુદું જીવ શરીર ધારણ કર્યું, એપ્રમાણે પ્રત્યેક ગોલઉપર અનેક શરીરો ધારણ કર્યાં તોયપણ સંપૂર્ણ અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનોયે, જેજે ગોલોઉપર જેજે જીવ શરીરો ધારણ કર્યાં, તેતે સર્વ શરીરો, જે ગોલોઉપરના તે ગોલોઉપર આકર્ષણ થએલાં છે, તથા પ્રત્યેક ગોલને ધરનારા, તે અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાને, જે ધારણ કરેલું ગોલરૂપ, તેપ્રમાણે પ્રત્યેક જ્ઞાને ધરેલાંસુદ્ધાં સર્વ ગોલરૂપો તો જેથકે પંચમહાભૂતો ઉત્પન્ન થયાં, એવું, જે અહંબ્રહ્મ ભાવના ધરનારે એક સમષ્ટિ ઇશ્વરરૂપી શબલ જ્ઞાન, તે સમષ્ટિ અહંબ્રહ્મ ભાવના ધરનારા મિથ્યા જ્ઞાને આકર્ષણ કર્યાંજ છે, કારણ, પરમાણું માત્ર, જે અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનથકે ઉત્પન્ન થયાં, તે, તેજ અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનના આકર્ષણમાં છતાં, પ્રત્યેક અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાને, એકએક ગોલરૂપ, તેજ પરમાણુઓનું ધારણ કર્યું, તોય તે પ્રત્યેક ગોલરૂપી પરમાણું, મૂળના ઉપાદાનરૂપી આકર્ષણમાંછે, તથા તે પ્રત્યેક ગોલઉપર પ્રત્યેક અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાને પ્રત્યેક શરીર ધારણ કર્યું, એપ્રમાણે અનેક શરીરો એક ગોલઉપર એ-

વાં ધારણ કર્યાં, એવા અનેક ગોલઉપર શરીરો ધારણ કર્યાં, તોય તે મૂળની અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનના સમવાઈ કારણરૂપ આકર્ષણમાં રહેલાં છે, એવીઓ, મૂળની સમષ્ટી ઈશ્વરરૂપી અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનોની સ્થિતિ, કે જેથકે પંચભૂતો ઉત્પન્ન થયાં, તે ઘણીયો છે, તથા પ્રત્યેક અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનથકે ઉત્પન્ન થયેલા પંચભૂતોના પંચભૂતાત્મક અનેક ગોલો અનેક અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનોએ ધરેલાં છે, તથા પ્રત્યેક અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાને, જીવનું એક શરીર ધારણ કર્યું, એપ્રમાણે પ્રત્યેક ગોલઉપર જીવોનાં અનેક શરીરો ધારણ કરેલાં છે, એવીજ સર્વ ગોલોની વ્યવસ્થા છે, તથા જે અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનથકે પંચભૂતો ઉત્પન્ન થયાં, તે અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાને,જો તે પંચભૂતો આપણામાં,નહીં જેવાં કરી, આપણેપણ મિથ્યા થઇ નહીં શું થયું તો, તે ફરી આવતૂંજ નથી, તેમજ પ્રત્યેક ગોલોમાએલું અહંબ્રહ્મ ભાવના ધરનારૂં જ્ઞાન, નિરાકાર સ્વસ્વરૂપ વિચારથી નથીજ એવું થાયછે, તે ફરી આવતું નથી, અને જો વિચાર નહોય તો, ઊંઘ જેવી વિસ્મૃતીની અવસ્થાયે કરી રેહેછે, તથા સર્વ જીવોની અહંબ્રહ્મ ભાવનાઓ ધરનારા જ્ઞાનનીપણ, નિરાકારનું સ્વાત્મૈક્ય જ્ઞાન નહોયતો, ઊંઘ જેવી વિસ્મૃતી અવસ્થામાં રેહેવાની અવસ્થા થાયછે, અને અન્ય અહંબ્રહ્મ ભાવના ધરનારૂં જ્ઞાન નવું ઊઠી, તેજ્ઞાન પંચભૂતોની કલ્પના સિધ્ધિ કરેછે, એથી સર્વ ગોલોની તથા ગોલોઉપરના જીવોની અહંબ્રહ્મ ભાવનાઓ, વિસ્મૃતીના આવરણમાં, જેવું દેહ ધરવાનું બીજ ધરી રેહેછે, તેવા ફરી પંચભૂતાત્મક શરીરો ધારણ કરેછે, અથવા ગોલોમાયેલા આત્માની, કિંવા જીવની

અહંબ્રહ્મ ભાવના, પંચભૂતોની કલ્પના કરવાને સમર્થ થાયછે, અને પંચભૂતો ઉત્પન્ન કરેછે, પછી તદ્રૂપી પંચભૂતાત્મક શરીરો, સર્વ અહંબ્રહ્મ ભાવના પોતપોતાઉપર ધરેછે, એમ ન્યાયે કરી; પ્રલય પછી, ફરી સૃષ્ટિ થાયછે, એવું સમજવું. પ્રમાણ. શ્રુતી "धातायथापूर्वमकल्पयत्" એટલે પેહેલાં જેવી ફરી સૃષ્ટિ અહંબ્રહ્મ ભાવના ધરનારો કલ્પેછે, એવો સૃષ્ટીનો નિયમ છે, પણ અહંબ્રહ્મ ભાવના ધરનારૂં જ્ઞાન, પ્રત્યેક ગોલરૂપ શરીરનું તથા તેઉપરના પ્રત્યેક પ્રત્યેક શરીરનું, તથા સંપૂર્ણ પરમાણું એકથકે થયાં તેહેનું, તથા તેહેના પ્રમાણેજ બીજાંપણ, એવાં અહંબ્રહ્મ ભાવના ધરનારા જ્ઞાનો ઘણા છે, તેમાંથી જેહેનું વિચારે કરી અહંબ્રહ્મ ભાવના ધરનારૂં જ્ઞાન નિરાકાર સાચા જ્ઞાનરૂપ અસ્તિત્વમાં મિથ્યા થાશે, તેહેને સૃષ્ટી તથા પુનર્જન્માદિક નથી એવો વેદનો સિધ્ધાંત છે.

૫ " ब्रह्माहमस्मिअथएकाकीनरमतेएकोहंबहुस्यां " ઇત્યાદિ વેદ શ્રુતીઓની, તથા " तस्माद्वात्मनःआकाशःसंभूतःआकाशाद्वायुः वायोरग्निः अग्नेरापःअद्भ्यः पृथिवीपृथिव्या ओषधयः ओषधिभ्योन्नं अन्नात्पुरुषः " એ ઉપનિષદ શ્રુતીઓની, એવી એવી શ્રુતીઓની, એક વાકયતા કરી છતાં, સર્વ જીવોનું, અહંસ્ફુરણ ધરનારૂં જ્ઞાનસ્વરૂપતો. " एकोहंबहुस्यां " એવું કલ્પનારો, સમષ્ટીરૂપ ઈશ્વર જે, તે થયો નથી, એવું સિદ્ધ થાયછે, કારણ " आकाशाद्वायुः " એવા ક્રમથી " अन्नात्पुरुषः " સુધિ, "बहुस्यां " કલ્પનારો થયો, પણ અન્ન થકે, "एकोहंबहुस्यां" કલ્પનારાના, અન્વયથી, થયેલું જે શરીર, તે શરીર કાંઇ, અહંસ્ફુરણ ધરનારૂં જ્ઞાન સ્વરૂપ, જે પ્રત્યેક શરીરમાયેલું જુદું જુદું છે,

તે નથી, એવું " तयोरैक्यंप्रपश्यंतिकिमज्ञानमतःपरं " એ શંકરાચાર્યની સ્મૃતી પ્રમાણે, તથા વેદપ્રમાણે સમજવું, અને એવું સમજસે તોજ " एकोमुक्तःसर्वमुक्तप्रसंगः " તથા " एकोबद्धःसर्वबद्धप्रसंगः " એ કુતર્ક લાગુ થવાનો નહીં, અને વેદશાસ્ત્રોની ગરજ રેહેશે, તથા " एकोहंबहुस्यां " કલ્પનારો, સમષ્ટિરૂપ ઈશ્વર, જોકે મુક્ત થયો, તો પણ, અહંપણું ધરનારા જ્ઞાનરૂપી જીવાત્માઓ, મુક્તથવાના નહીં, એથી આત્મજ્ઞાન વિના મોક્ષ નથી, એવો જે વેદનો પરમ સિધ્ધાંત, " ज्ञानादेवतुकैवल्यं " એ શ્રુતીએ પ્રતિપાદન કરેલો, તથા અનુભવ સિદ્ધ, યુક્તિ સિદ્ધ, તેજ ઉપાસવો જોઈયે, અને તદર્થજ કર્મ, તથા ઉપાસના, એ પ્રમાણે વરતવું જોઇયે, એવું સમઝાશે, વાસ્તે, પંડિત શાસ્ત્રી લોકોહો, વિચાર કરો.

૬ " यस्यभासासर्वमिदंविभाति " તથા " आत्माज्ञानाज्जगद्भाति " એ બે શ્રુતીઓની એક વાક્યતા કરી છતાં શુધ્ધ નિરાકાર પરબ્રહ્મ થકે સૃષ્ટી થઈ નથી, મિથ્યા બ્રહ્મ થકે સૃષ્ટી થઇ, એવું, પંડીત શાસ્ત્રીઓ હો સિધ્ધ થાયછે, અને ભગવત્ ગીતા અધ્યાય પંદરમો, શ્લોક છઠ્ઠો " यद्गत्वाननिवर्तंते " એ વાક્યને વિરોધ આવતો નથી, એ સારૂ, સમઝીને વાદવિવાદ કરો એટલે ઠીક, તથા જગતનું ઉપાદાન કારણ મિથ્યા બ્રહ્મરૂપ, એટલે શબલ બ્રહ્મરૂપ એવું સમજસે, તેજ, જગત, માંઇક, એટલે મિથ્યા, એવું સમઝયો. પ્રમાણશ્રુતી " असद्वाइदमग्रआसीत "

૭ "यस्यभासासर्वमिदंविभाति," એ વેદ શ્રુતીની તથા " आत्माज्ञानाज्जगद्भाति " એ વેદ શ્રુતીની, એવી ઉભય વેદ

શ્રુતીની એક વાક્યતા કરી છતાં, એ સૃષ્ટીનું મૂળ કારણ શબલ બ્રહ્મ એટલે મિથ્યા બ્રહ્મ છે, એવું સિધ્ધ થાયછે, જુઓ, એક શ્રુતીમાં છે કે આત્મ સ્વરૂપ જે આપણું તેહેના અજ્ઞાનથી, એટલે આપણે મિથ્યા છતાં, આપણને, હું, અહંપણું ધરનારા જ્ઞાનસ્વરૂપ મિથ્યા છું, એવું જોતો નથી, એ અજ્ઞાનથી, જગતનો ભાસ થાયછે, તેથીજ, બિજી શ્રુતીમાં સિધ્ધાંત છે કે, " यस्यभासासर्वमिदंविभाति " એટલે આપણે અહંપણું ધરનારા જ્ઞાનસ્વરૂપ વંધ્યાસુત વત્ મિથ્યા છતાં, એટલે મૂળેજ નછતાં, આપણને, હું છું એવું કલ્પું છું. એજ. આપણો આપણને, અજ્ઞાને કરી ભાસ થયોછે, એ અહંપણું ધરનારા જ્ઞાનના ભાસથીજ, એ સર્વ જગત, જાણવામાં આવે છે, એટલે જગતનો ભાસ થાયછે, અને તેજ અહંપણું ધરનારા જ્ઞાનથી, જો, નિરાકારના સર્વત્ર એક એવા ભરેલા અસ્તિત્વમાં, એક ઠેકાણે, બે, રેહેતાં નથી એ ન્યાયથી. આપણે મિથ્યા છૈયે એવું અનુભવ્યુંતો, આપણું અહંપણું ધરનારૂં જ્ઞાનસ્વરૂપ, વંધ્યા સુતના મરવા પ્રમાણે મરશે, પછી જગતનો ભાસ થવાને કોઇ પણ રહ્યું નહીં. તથા નિરાકારના એક સર્વત્ર ભરેલા અસ્તિત્વમાં બીજું, જગતનું અસ્તિત્વ રેહેવાને, ખાલી જગોજ નથી. એથી જગત મિથ્યા છે, એટલે જગત મૂળેજ નથી, એતો ન્યાય સિદ્ધ છે, અસ્તુ. એ પ્રમાણે " आत्माज्ञानाज्जगद्भाति " એ વેદ શ્રુતીના, તથા " यस्य भासासर्वमिदंविभाति " એ વેદ શ્રુતીના, એવી ઉભય વેદ શ્રુતીના, એક વાક્યતાએ કરી જોયું છતાં, " अज्ञानमेवा स्यहिमूलकारणं " એ રામગીતા પ્રમાણે, જગતનું, મૂળ ઉ-

ત્પત્તીનું કારણ, ને " બ્રહ્માહમસ્મિ " એટલે હું બ્રહ્મ છું એવી ભાવના, તે ભાવના શુધ્ધ નિરાકાર પરમેશ્વરે ધરી નથી, તથા નિરાકાર પરમેશ્વરને ખબર પણ નથી એવું રજ્જુ સર્પ દૃષ્ટાંતે કરી, એટલે રજ્જુ સર્પ ભાસ થઇ નથી, તથા રજ્જુ સર્પ ભાસને જાણતી નથી, એ દૃષ્ટાંત માહેલા, બે દેશના અર્થ પ્રમાણે, સમજવું છે, અને એ હું બ્રહ્મ છું એવી ભાવના શબલબ્રહ્મે એટલે મિથ્યા બ્રહ્મે ધરી છે, તથા તે મિથ્યા બ્રહ્મ, એટલે મિથ્યા શબ્દે કરી વંધ્યા સુતવત છે, એટલે મુળજ નથી, એથી, તે થકે જગત થયું, તે, વાંઝણીના દીકરાના સંસારની પેઠેછે, એટલે જગત મુળજ નથી, વાસ્તે, મતવાદી લોકો, સાવધરહો, વિપરીત વાદો સત્પુરૂષોની આગળ ચાલવાના નહીં, એ ધ્યાનમાં રાખો. પ્રમાણશ્રુતી " અસદ્બ્રહ્મેતિવેદચેત "

૮ હવે, બ્રહ્માહમસ્મિ એટલે હું બ્રહ્મ છું એવી ભાવના ધરનારો, ને શબલ બ્રહ્મ એટલે મિથ્યા બ્રહ્મ છે, તેણે જ "એકોહંબહુસ્યાં," એટલે હું અનેક થઇશ, એવી કલ્પના કરી, એવો શ્રુત્યર્થ છે, પણ તે " એકોહંબહુસ્યાં " એવું કલ્પનારો અનેક રૂપેકરી થયો, પણ તે કયા પ્રકારે, કિંલક્ષણ થયો, એ બાબત, લોકોને, સંશય છે, તે સંશય નવાસારૂ, તેહેનું સ્પષ્ટી કરણ કરૂંછું, હે પંડીતો, " તસ્માદાત્મનઃઆકાશઃસંભૂતઃઆકાશાદ્વાયુઃવાયોરગ્નિઃઅગ્નેરાપઃઅદ્ભ્યઃપૃથિવીપૃથિવ્યાઓષધયઃઓષધિભ્યોન્નંઅન્નાત્પુરુષઃ " એ ક્રમથી, હું બ્રહ્મ ભાવના ધરનારો, ને શબલ બ્રહ્મ, એટલે મિથ્યા બ્રહ્મ, અને, તેજ, એકોહં, અને તેજ, જે થકે, આકાશ, એટલે પોલાણ છે, એવી કલ્પના પ્રગટી, તે આત્મરૂપ, ઇત્યાદિ

એક વાકયતા સમજવી, અને તેહેનું, અનેક હોવું, એટલે " એકોહંબહુસ્યાં " એ અનેક હોવાનો " તસ્માદાત્મનઃઆકાશઃસંભૂતઃઆકાશાદ્વાયુઃવાયોરગ્નિઃઅગ્નેરાપઃઅદ્ભ્યઃપૃથિવીપૃથિવ્યાઓષધયઃઓષધિભ્યોન્નંઅન્નાત્પુરુષઃ " એ પ્રમાણે ક્રમ સમજવો, પણ, પ્રત્યેક શરીરધારી પ્રાણીનું અહંપણું ધરનારૂં શબલ જ્ઞાનસ્વરૂપ, " એકોહંબહુસ્યાં " એવું કલ્પનારો સમષ્ટિરૂપ ઈશ્વર થયો નથી, કારણ " અન્નાત્પુરુષઃ ,, એવું છે. એટલે અન્ન થકે દેહ થયો એવું છે, તે દેહ માત્ર, " એકોહંબહુસ્યાં " એવું કલ્પનારો, સમષ્ટીરૂપ ઈશ્વર કારણ જે તે કારણનો કાર્ય ભાગ થયો, પણ અહંપણું ધરનારૂં પ્રત્યેક પ્રાણીનું જ્ઞાનસ્વરૂપ કાંઇ, " એકોહંબહુસ્યાં " એવું કલ્પનારો સમષ્ટિરૂપ ઈશ્વર થયો નથી, તથા " અન્નાત્પુરુષઃ " એટલે અન્નથકે, જે દેહ થયો તે માત્ર " એકોહંબહુસ્યાં " એવું કલ્પનારૂં સમષ્ટીરૂપ ઈશ્વર તત્વ જે કારણ, તે કારણનો કાર્ય ભાગ થયો, પણ, તે સમષ્ટિ ઈશ્વર કારણ રૂપનો કાર્ય ભાગ થયેલો, પ્રત્યેક પ્રાણીનો જે દેહ છે, તે દેહ કાંઇ, પ્રત્યેક પ્રાણીનું અહંપણું ધરનારૂં જ્ઞાન નથી, એવું " આત્માવિનિષ્કલોહ્યેકોદેહોબહુભિરાવૃતઃ તયોરૈક્યંમપશ્યંતિ કિમજ્ઞાનમતઃપરં " એ વાકય પ્રમાણે અથવા " અન્નમયમાણમયમનોમયવિજ્ઞાનમયાનંદમયાન્મેશુધ્યતાંજ્યોતિરહંવિરજા વિપાપ્માભૂયાસંસ્વાહા " એ શ્રુતી પ્રમાણે, અથવા સર્વ ઉપનિષદભાગ પ્રમાણે, સિધ્ધ થાયછે, વાસ્તે જેવો સમષ્ટિરૂપ ઈશ્વર, " એકોહંબહુસ્યાં " ભાવના કરનારો શબલ બ્રહ્મરૂપી એટલે મિથ્યા બ્રહ્મરૂપી છે, તેમજ, પ્રત્યેક પ્રાણીના શરીર માયેલું અહંપણું ધરનારૂં જ્ઞાન, શબલ બ્રહ્મરૂપી

એટલે મિથ્યા બ્રહ્મરૂપી છે, તથા "એકોહંબહુસ્યાં" એવી કલ્પના કરનારા સમષ્ટીરૂપી ઈશ્વર પ્રમાણે, આત્મજ્ઞાને કરી મુક્ત થવાને સ્વતંત્ર છે, પણ "એકોહંબહુસ્યાં," એ થકે, જે, "અન્નાત્પુરુષઃ" એ ક્રમથી, આવેલું શરીર, તે શરીરના અહંકારે કરી, તથા મમત્વેકરી, તથા લોભે કરી, પ્રત્યેક પ્રાણિમાત્રોના શરીરમાયેલું, અહંપણું ધરનારું જ્ઞાન, પોતીકા સ્વતંત્ર પણાને, મુકી ગયા, જેવું, થયું છે, વાસ્તે તેણે, જો, શરીરનું, મમત્વ, તથા અહંપણું, તથા લોભ, વગેરે છોડી, આપણે, જો, હું બ્રહ્મ ભાવના ધરનારું, શબ્દલ જ્ઞાન છું, એવું, પોતપોતાને, અનુભવી જોયું તો, "એકોહંબહુસ્યાં" એ કલ્પનારામાં, અને જીવ, જે, તેઓમાં જુદા જુદા પણું છતાં, બરાબરીનું માન થયું, એમાં સંશય નથી, કિંબહુના, પ્રાણીના શરીરમાયેલું, અહંપણું ધરનારા જ્ઞાને, આપણને મિથ્યાપણાએ કરી અનુભવી નાખ્યું, તો, તેહેને, નિરાકારનું અસ્તિત્વ, મૂળાનુંજ છે, તે મલ્યું, એથીજ, "એકોહંબહુસ્યાં" એવું કલ્પનારાનો પણ એવો જે જ્ઞાની, તે ભજનીય આત્માથયો, એવું, ગીતા અધ્યાય ૭ સાતમો શ્લોક ૧૮ અઢારમામાં પણ, "જ્ઞાનીત્વાત્મૈવમેમતં" એવું છે, વાસ્તે, પછી તેહેને, સમષ્ટિરૂપી ઈશ્વર, કેહેનારજ નહીં, કે, જીવમારો અંશછે, પણ સમષ્ટિરૂપ, જે "એકોહંબહુસ્યાં" એવી કલ્પનાયે કરી, "આકાશાત્વાયુઃ" એ ક્રમે, "અન્નાત્પુરુષઃ" એટલે અન્ન થકે દેહરૂપ થયો, છે, તે દેહનાં આશ્રયથી, અહંપણું ધરનારું જ્ઞાન સ્વરૂપ, પ્રત્યેકનું રેહેછે, એથી, તે "એકોહંબહુસ્યાં" એવી કલ્પના કરનારા, સમષ્ટિરૂપ ઈશ્વરને

સ્વાધિન થાયછે, અને આપણું સ્વતંત્રપણું ભુલી જાયછે, અને એથીજ તેહેને, ઈશ્વરનો અંશ જીવછે, એવી પદવી આવી, નહીં તો, જેવો "એકોહંબહુસ્યાં" કલ્પનારો, પોતીકા બદ્ધ મુક્ત પણા વિશે સ્વતંત્ર છે, તેમજ, પ્રત્યેક પ્રાણીના શરીરમાયેલું અહંપણું ધરનારું જ્ઞાન, સ્વતંત્રછે, તથા "એકોહંબહુસ્યાં" કલ્પનારો, એણે પોતપોતાના, નિરાકાર જ્ઞાનના વિચારે કરી, પંચ ભૂતાત્મક સૃષ્ટી સુદ્ધાં, પ્રલય કરી લીધો, તથા તે સાથે, "અન્નાત્પુરુષઃ" એક્રમે કરી, જે પ્રત્યેક પ્રાણીનું શરીર, તે પણ રહ્યું નહીં, તોયપણ, પ્રત્યેક પ્રાણીનું, અહંપણું ધરનારું, જ્ઞાનરૂપ, એક, એ પ્રમાણે, સર્વ પ્રાણીઓના, અહંપણું ધરનારાં જ્ઞાનરૂપો અવશેષ રેહેછે, અને, તે રહેલા, પ્રત્યેક પ્રાણીના, અહંપણું ધરનારા, જ્ઞાનરૂપોમાંથી, જે, અહંપણું ધરનારા જ્ઞાને કરી, શ્રેષ્ઠત્વ, અનુભવીને રહેલો હોયછે, તે થકેજ, "તસ્માદાત્મનઃઆકાશઃસંભૂતઃ" એ ક્રમે કરી, સૃષ્ટી થાયછે, એથી, તેજ સમષ્ટીરૂપી ઈશ્વર છે તથા તેજ પ્રત્યેક પ્રાણીના શરીરમાં, પેહેલો, રહેલો હતો, તેજ, સમષ્ટિ થયો, એવું સિદ્ધ થયું તથા એ ઉપરથીજ, સમષ્ટિરૂપી ઈશ્વરની, તથા જીવોની, સત્તા છે, પણ સમષ્ટીરૂપી ઈશ્વરનો, અહંપણું ધરનારો જ્ઞાનરૂપી જીવાત્મા, એ, સ્વગત ભેદ, એટલે અંગનો કકડો કાપવો તેવો ભેદ, કિંવા ભેદ, એટલે અંશ, કિંવા, જેમ, ઝાડની શાખા, ઝાડનો સ્વગત ભેદ, એટલે અંશ, તેવો અંશ, ઇત્યાદિ અર્થ પ્રમાણે તો કાંઈ સમષ્ટિરૂપી ઈશ્વર, જે "એકોહંબહુસ્યાં" કલ્પનારો, તેનો, જીવ, એ અંશ ગણવો એવો અર્થ નથી, પણ પિતાનો અંશ પુત્ર ગણે છે, કારણ, જો કે, પિતા પુત્રના જીવા-

ત્માઓ, જુદા જુદા છે, તોયપણ, પુત્રનું શરીર પિતાના વિર્ય થકે થયું, એથીજ, પુત્રને અંશ પણું આવ્યું, તે પ્રમાણેજ, " એકોહંબહુસ્યાં " એ કલ્પનારાનું, " અન્નાત્પુરુષઃ " એકમે કરી, પ્રત્યેક પ્રાણીનું શરીર સમજવું, અને, તે શરીરના આશ્રયથીજ. અહંપણું ધરનારાં જ્ઞાનો. રેહેછે, એટલે જીવો રેહેછે, એથીજ, પિતાના. વિર્ય થકે, જે દેહ થાયછે, તેહેને પુત્ર કહીયે, અને પુત્ર પિતાનો અંશ છે એવું સમજવું, અને, તે પ્રમાણેજ, " તસ્માદાત્મનઃઆકાશઃસંભૂતઃ " એ આત્મા. જે, " એકોહંબહુસ્યાં " કલ્પનારો, તે પ્રત્યેક પ્રાણીના દેહોત્પત્તીનો પિતા થયો, તેથીજ પ્રત્યેક શરીરમાં રેહેનારો જીવ, એ ઈશ્વરનો અંશ છે, એવું જાણવું, પણ, જેમ, પિતા પુત્રની, અહંપણું ધરનારા જ્ઞાનરૂપે કરી જુદાઇ છે, તેમજ, અહંપણું ધરનારા, પ્રાણિ માત્રોનાં, શરીરમાયેલી જ્ઞાનરૂપની, એટલે જીવની, તથા " એકોહં બહુસ્યાં " કલ્પનારા શબલ જ્ઞાનરૂપી ઈશ્વરની, જુદાઇ છે, તથાપિ, પિતા પુત્રની પેઠે, જીવ એ ઈશ્વરનો અંશ માનવો, અન્ય, વિપરીત અર્થ કરી, ભ્રમવું નહીં, અસ્તુ. એ પ્રમાણે, "એકોહંબહુસ્યાં" એ શ્રુતી અને, "તસ્માદાત્મનઃઆકાશઃસંભૂતઃ" એ શ્રુતી, એવી ઉભય શ્રુતીઓના પ્રતિપાદને કરી, તથા એક વાક્યતાએ પ્રાણિઓનું, અહંભાવ ધરનારૂં જ્ઞાનરૂપ, " એકોહંબહુસ્યાં " કલ્પનારો ઈશ્વર થયો નથી, એવું સમજવું, અને સત્પુરૂષોની આગળા, મૂર્ખની પેઠે, બોલવું નહીં, ન્યાય યુક્ત બોલવું.

૯ ઋગ્વેદની આશ્વલાયન શાખાના, બિજી પંચિકામાયેલું, આઠમું ખંડ " પુરુષંવૈદેવાઃપશુમાલભંતતસ્માદાલબ્ધા-

નૂમેધઉદક્રામત્સોઽશ્વંમાવિશત્તસ્માદશ્વોમેધ્યોભવદથૈનમુક્તાં તમેધઉદક્રામત્સકિંપુરુષોભવત્ " ઇત્યાદિ એ પ્રમાણે, ઘોડો ઊંટ, ગાય, બોકડો, શરભ મૃગ, ઇત્યાદિ સર્વ પશુઓ અમેધ્ય છે, કારણ તેમાંથી મેધ, નિકળીગયો, એ વિચાર કરો, તેથીજ રહેલો જે પશુદેહ, તે અમેધ્ય છે, " તસ્માદેતેષાંના શ્નીયાત્નયજેત " વાસ્તે, સર્વ પશુઓ જે તેઓને ખાવાં નહીં, તથા જેવોને ખાવાં નહીં, તેઓનો હોમ પણ કરવો નહીં, એવું " નઅશ્નીયાત્નયજેત " એટલે ખાવાં નહીં, તથા તેહેનો હોમ પણ કરવો નહીં, એટલે અમેધ્ય પશુઓ, જે સર્વ ચરપ્રાણીઓ. તેઓને ખાવાં નહીં, અને તેહેનો હોમપણ કરવો નહીં એ સુચવ્યું છે, એ વેદનો વાદ સમજતા નથી, તે મૂર્ખ એવું ભગવત્ગીતામાયેલા, બિજો અધ્યાયનો, બેતાળીસમો શ્લોક જુવો. " વેદવાદરતાઃ પાર્થનાન્યદસ્તીતિવાદિનઃ " વાસ્તે, એ વેદનો વાદ, ન સમજી, જે બ્રાંહ્મણોએ, બૌધ્ધ, જૈન, લિંગાયત, માનભાવ. વગેરે મતો, એ વાદના. નસમઝવાના, પાયાથી. કાઢ્યાં, અને વેદની નિંદાકરી, તે એક તરેહના મૂર્ખ, તથા યજ્ઞ નિમિત્તે, હિંસા કરનારા, તે એક તરેહના મૂર્ખ.

૧૦ ઋગ્વેદની આશ્વલાયન શાખાના, બિજા પંચિકાનું, નવમું ખંડ, ' સવાએષપશુરેવાલભ્યતે,યત્પુરોળાશસ્તસ્ય યાનિકિંશારૂણિતાનિરોમાણિયેતુષાઃસાત્વગ્યેફલીકરણાસ્તદમૂ ન્યપ્યેષંકિંક્રમાસ્તન્માંસંયર્ત્કિંચિત્કંસારંતદસ્તિસર્વેષાંવાએષપશૂનાંમેધેનયજતે " જુવો, એ ઠેકાણે, મુખ્ય હોમ કરવાનો તથા ભક્ષણ કરવાનો પશુ, જે મેધ્ય એટલે પવિત્ર તેજ, દેવશાલીનો દાણો; એટલે ભાતકણ; તથા તેમાયેલા ચોખા છે,

તેહેનું પિષ્ટ કરવું, અથવા ભાત કરવો, અને તે ભાતથી, અથવા લોટથી, યજન કરવું, તથા તેનું ભક્ષણ કરવું, એ વિચારણાપરથી, ધાન્યનૂંજ ભક્ષણ કરવું એવું છે, એ મર્મ ન સમજી, જે કોઇ અજ્ઞાની, આટાનો પશુ કરે છે તે મૂર્ખો છે, કારણ મુખ્યત્વેકરી, છલટાંસહિત ચોખાનેજ, યજ્ઞનો મેધ્ય પશુ, એવી સંજ્ઞા છે, વાસ્તે તેહેના આટાને હરયેક પ્રાણીનો આકાર કરી, યજન કરવું એટલે હોમ કરવો, એ મૂર્ખપણું છે, તથા અમેધ્ય પશુ, એટલે સર્વ સૃષ્ટીમાયેલા, ચર, પ્રાણિમાત્રો જે, તેઓનેજ અમેધ્ય પશુ કહીયે, તથા તેઓને માંસને સારૂ મારવાં નહીં, તથા તેઓનો હોમ કરવો નહીં, તથા તેઓને ખાવાં નહીં, એવું ઋગ્વેદની. આશ્વલાયન શાખામાયેલા, બિજા પંચિકાના આઠમાં ખંડમાં, કહેલુંજ છે, કે, "तस्मात्एतेषांनाश्नीयात्" એટલે ચરપ્રાણિઓ જે, તેઓનું આશન, કરવું નહીં, એટલે તેઓને ખાવાં નહીં, એવું "नाश्नीयात्" એટલે "नअश्नीयात्" એ પદેકરી, ચરપ્રાણીઓને એટલે અમેધ્ય પશુઓને ખાવાં નહીં, એવું ખુલ્લું છતાં, અજ્ઞાની લોકો, વેદમાયેલા, વાદવિવાદ અને નિવેડાયો સમજતા નથી, અને પોતાને, બ્રાંહ્મણ ક્ષત્રિઓ વગેરે, કેહેવરાવનારાઓ માંથી, કેવાંજ, વેદાજ્ઞાથી વિરૂધ્ધ, કર્મો કરે છે, તેઓને ધિક્કાર હો.

૧૧ જોકે સર્વ પ્રાણિઓનાં આત્માઓ, જુદાજુદા છે, અને તે સર્વના આત્માઓની જાત એક છે, તથા તેઓને આરંભે પાપ પુણ્ય વગેરે કાંઇજ નોતું એવું છે, તે આત્માઓએ, પ્રારંભના શરીરો ધારણ કર્યાં, તે રજ, સત્વ તમ, એ ત્રણ ગુણોપ્રમાણે, એટલે ત્રણ સ્વભાવો પ્રમાણે,

માણસ, પશુ, પક્ષી, કીટક, ઇત્યાદિ શરીરો, ધારણ કર્યાં, તેથી શરીરો, નહતાં ત્યારે જો, ત્રણ ગુણો પ્રમાણે, આત્માઓએ શરીરો ધારણ કર્યાં, તો શરીરો મરીગયાં, તોયપણ ત્રણ ગુણોના, એટલે ત્રણ સ્વભાવોના બદલવા પ્રમાણે પુનર્જન્મ શરીરો આવશે, એટલે મનુષ્ય શરીરોમાયેલા આત્માઓને, માણસોના, અથવા તિર્યક પશ્વાદિક પ્રાણીઓના પુનર્જન્મ દેહ આવશે, અને તિર્યક પશ્વાદિક પ્રાણિઓના આત્માઓને, માણસોના અથવા તિર્યક પશ્વાદિક પ્રાણિરૂપી શરીરોના, પુનર્જન્મ દેહ આવશે, એ ન્યાયેકરી સિદ્ધ થાય છે, તથા એ પુનર્જન્મ આવવામાં, શરીરોની, બદલા બદલી થાયછે એ સશાસ્ત્ર છે, જુવો પ્રમાણ, ભગવતગીતા અધ્યાય ૧૪ મો શ્લોક ૧૮ અઢારમો, તથા ૧૯ ઓગણીસમો. "ऊर्ध्वंगच्छंतिसत्वस्थामध्येतिष्ठंतिराजसः॥जघन्यगुणवृत्तिस्थाअधोगच्छंतितामसाः" ઇત્યાદિ તથા ભગવત ગીતા અધ્યાય ૧૫ મો શ્લોક ૭ મો ૮ આઠમો ૯ નવમો ૧૦ દશમો, "गृहित्वैतानिसंयातिवायुर्गंधानिवाशयात्" ઇત્યાદિ આદિ પશ્ચાત્ જુવો, એટલે પુનર્જન્મ બાબત, ન્યાયની લખેલી યુક્તિ સમઝાશે.

૧૨. સાંભળોરે લોકો સાંભળો, મારૂં બોલવું સાંભળો, અવતારી પુરૂષોની પાષાણમય જે તિર્થ ક્ષેત્રમાયેલી તથા સાધારણ ગ્રામોમાયેલી પ્રતિમાઓ તે પુજવાથી જે ફાયદો છે તે કેહેતાં આનંદ થાયછે, કારણ એ ચાલ સ્થાપિત કરનારા જે રૂષીઓ તેઓયે અજ્ઞાનીઓને તથા અવિચારીઓને તથા સમજુઓને ઇત્યાદિ સર્વત્ર લોકોને મોટી યુક્તીથી, તરવાનો માર્ગ મૂર્ત્તિપુજનદ્વારા કાઢયોછે એનો વિચાર કરવો,

જુવોરે લોકો, રામ, કૃષ્ણ, વિઠ્ઠલ, શંકર, હનુમાન, ગજાનન, જગદંબા, દત્તાત્રેય, ઇત્યાદિ અવતારોની મૂર્ત્તિઓ તીર્થક્ષેત્રોમાં વગેરે ઠેકાણે પથરાનીઓ છે. તેઓનું દર્શન લઇ, જે યાત્રાના નિમિત્તથી પુજા, અર્ચા, કરેછે, તથા તત્પ્રીત્યર્થ બ્રાહ્મણભોજનો, દાનો, સ્નાનો, કરેછે, તે માણસ, સ્વભાવેકરી, જોકે સાવ ચોર, અથવા દુષ્ટ સુષ્ટ હોય તોપણ યાત્રાકરી સ્વગ્રામે ગયા પછી, મનમાં, જન્મારાસુધી કલ્પના કરેછે, કે, મે, ફલાણા દેવની પુજા કરી તેવખત જે તેહેને તે ક્ષેત્રમાયેલા પથરાની પ્રતિમાઓ જેવું, મનોમય, સ્મરણ થાયછે, તે સ્મરણરૂપી માનસિક ધ્યાન, પત્થર નથી, તે તો મનોમય આકૃતીની માનસપુજાજ થઇ એવો ન્યાય છે. અસ્તુ. એવી તે માનસપૂજા દુષ્ટને પણ સેહેજ થાય છે; તે એવી કે, તીર્થ ક્ષેત્રમાયેલા કરેલા પત્થરની પ્રતિમા પુજવાનું હજાર કોશ છેટે બેઠો હોય તોયપણ અભિમાને કરી ક્ષેત્રમાયેલા પુજન વગેરે કરેલાં, કર્મનું સ્મરણ ઊઠેછે, તેજ માનસપુજા છે, તે સ્મરણરૂપી માનસપુજા ભ્રષ્ટ વટલેલાઓને પણ માબાપના સમાગમથી નહાનપણનાવિશે અવતારોના પ્રતિમારૂપી પથરા પુજ્યા તેથી વટલેલા છે, તોયપણ સ્મરણથી માનસપુજા કરેતો થાયછે, એ ઉપરથી માનસપુજા જે તરવાનો રસ્તો દેખાડનારી તથા સત્વગુણનો વધારો કરનારી તે સ્મરણરૂપી માનસપુજા તો પથ્થરોની પ્રતિમાઓ તીર્થક્ષેત્રોમાં યાત્રા યે જઇ પુજનારાઓને ઘેર બેઠા સ્મરણ થતાંવેતજ કરેતો બની આવેછે, એ ફાયદો સર્વ લોકોયે લક્ષમાં આણવો, અસ્તુ. એવો વેદપ્રતિપાદ્ય ધર્મનો પૂર્ણ વિચારરૂપી માર્ગ અતર્ક્ય છે, તથા બાલને પણ તારક છે, એ મ્લેચ્છોને એટલે

મનુષ્યરૂપી હિંસક પશુઓને સમઝાતું નથી અને તેઓ સાંભળતા નથી, એથી તેઓને દુર્ધર દંડ થશે, એ તેઓએ ધ્યાનમાં રાખી આજથી રામકૃષ્ણાદિક અવતારી પુરૂષોની પથરાની પ્રતિમાઓ મ્લેચ્છ વગેરે સર્વ ખંડોમાયેલા તથા સર્વ દ્વીપોમાયેલા લોકોએ પુજવીઓ અને આપણે વેદપ્રતિપાદ્ય ધર્મનાં છૈયે એવો અભિમાન રાખવો, નહીંતો સર્વ કલાકૌશલ્યના જ્ઞાનો પેશી જશે, અને કપાળની મરવાંપછી જે થનારી નરસી ગતી તે ભોગવવી પડશે વાસ્તે પૃથ્વીઉપરના હે સર્વ માણસો તમારી અક્કલ, અને સુધારો, હું સમઝયો, પણ રામકૃષ્ણ ઇત્યાદિકની પત્થરની પ્રતિમાઓ બાલકોને લાકડાનો ઘોડો તેવા ન્યાયથી છે, તેહેની પુજા કર્યાવિના અને પત્થરની પ્રતિમાઓના પગે પડ્યાવિના તમારી ઉત્તમ ગતી થવાની નહીં, કારણ, મૂર્ત્તિ પૂજવાની વાતોને તમે ધિક્કારોછો, તે છોડો, અને મૂર્ત્તિનીજ સ્તુતી, તથા પુજા, તમોને કરવી જોઇયે એ ધ્યાનમાં રાખો, કારણ, હું આજ માર્ગદર્શક છું, તથા મારા પક્કા અનુભવના ઉદ્‌ગારછે, પણ તમે મ્લેચ્છલોકો મુને ઓળખતા નથી, તથા જે મારા વેદોક્તધર્મના કેહેવરાવનારા તે તમેપણ મુને ઓળખતા નથી, એ મારા બોલવાનો વિશ્વાસ માની વિચાર કરતા નથી એ નરમી વાત છે, કારણ મારા પ્રાણ ઇશ્વર તત્વને વળગી ઉપદેશ વાસ્તે, આવ્યા છે, એ ખુલ્લા મનથી આજ તમોને જણાવ્યું સમઝો.

૧૩. પ્રાચીન બર્હિ રાજા ક્ષત્રિયછતાં, યજ્ઞના નિમિત્તથી પશુ મારી ખાવાનું તેહેને હિંસાકર્મ થયું, એ નારદના બાદથી સિદ્ધ છે, તથા યજુર્વેદમાં હિરણ્યકેશી શાખાના

બ્રાહ્મણ ગ્રંથમાંથેલા ત્રિજા અષ્ટકના છઠા અધ્યાયમાં ત્રિજા અનુવાકમધ્યે "પ્રાચીનંબર્હિઃપ્રદિશાપૃથિવ્યાઃવસ્તોરસ્યાવૃજ્જતે અગ્રેઅન્હાં" એવી વાદરૂપી કથા છે, તો ન્યાયથી સિધ્ધ થાયછે કે, પશૂ મારી ખાવામાં, ક્ષત્રિયોનેપણ પાપછે, પછી હાલમાં જે ક્ષત્રિયો છે, તે કુળધર્મોના ઢોંગથી અથવા જીભની લાલચથી માંસ ખાયછે, તે પ્રાચીન બર્હિરાજાની રીતને મળતા ક્ષત્રિયો હશે તો તેઓને માંસ ખાવાની લનચા તથા પાપભીતી નારદે પ્રાચીન બર્હિને બતાવી છે, તેનું સ્મરણ કર્યું છતાં લાગશેજ લાગશે અને તે માંસ ખાવું જરૂર છોડી દેશે.

૧૪. શ્રીકૃષ્ણનો આ ભૂમિઉપર અવતાર પ્રકટ થયો તેહેને પાંચહજાર ઓગણસાઠ વર્ષો થયાં, તથા શ્રીકૃષ્ણ અવતાર, નિજધામ ગયો તેહેને ચાર હજાર નવસો ઓગણ ચાળીસ વર્ષો થયાં તથા જેવખતે શ્રીકૃષ્ણ નિજધામે ગયા તેવખતે કલિયુગ શરૂ થયો તેહેને વિશ વર્ષો થયાં હતાં, તથા શ્રીકૃષ્ણ નિજધામે ગયા, ત્યાંહાંસુધી શ્રીકૃષ્ણની બાલ્ય મુદ્રાજ હતી, પણ, શ્રીકૃષ્ણ અવતાર થઇ એકસોવિસ વર્ષો થયાં હતાં તેવખતે શરીરસુધ્ધાં ગુપ્ત થઇ, નિજધામનાવિશે શ્રીકૃષ્ણ સધાવ્યા તથા હાલમાં કલિયુગ શરૂ થયે, ચાર હજાર નવસો ઓગણસાઠ વર્ષો થયાં, ઇત્યાદિ પ્રકારો છે, તથા વેદોક્તધર્મ અને માણસો વગેરે સર્વ સૃષ્ટી, એ શ્રીકૃષ્ણ અવતારનાંપણ પેહેલાની કોટ્યાનકોટ વરસથી છે, એવું પંચાંગઉપર અથવા ગણિતશાસ્ત્રમાં જુવો, અને નીચ જે કુત્સિત લોકો એટલે ખરાબ લોકો એટલે મ્લેચ્છલોકો તેઓએ નિંદાપર રચેલા ગ્રંથો જોઇ તે ગ્રંથોનો ધિઃક્કાર કરો.

૧૫ વેદોક્તધર્મ, કોઇથી ડુબાવાશે નહીં, હવે કાઇ

કેહેશે, કે, અમો મૂર્ત્તી જે પાષાણમય તે ફોડીશું એટલે વેદોક્તધર્મ ડુબશે, તો, તેવું પણ થવાથી વેદોક્તધર્મ ડુબવાનો નહીં, કારણ, મૂર્ત્તિઓ ફોડીતો, બિજી કરીશું, અથવા વેદોક્તધર્મમાં, ડુંગરોનેજ, મહાદેવની પિંડી, તે પ્રમાણે, પ્રત્યેક ડુંગર સમજવો, એવી કલ્પના કરી છે, એથી તે ઠેકાણે, મ્લેચ્છોનો, નિરૂપાય છે, તથા નદીઓનેજ પૂજવાના સ્થાનકો કલ્પ્યાં, તે ઠેકાણે, મ્લેચ્છોનો નિરૂપાય છે, એ પ્રમાણે, સમુદ્રજ એક મૂર્ત્તિ, એવું વેદોક્તધર્મમાં કલ્પેલું છે, તે ઠેકાણે મ્લેચ્છોનો નિરૂપાય છે, તથા, અંગ ધોવા વખતે વેદોક્તધર્મની ક્રિયા છે, તથા ખાવાપેસતાં, ઉઠતાં, વેદોક્તધર્મની ક્રિયા છે, તથા મલ મૂત્રોત્સર્ગ સમયે પણ છે તથા, હજામત કરવામાં, અને નખો કાઢવામાં પણ, વેદોક્તધર્મની ક્રિયા છે, એપ્રમાણે સર્વ વ્યવહારમાં, તથા સર્વ વસ્તુ, તથા સાકારમાં, તથા નિરાકારમાં, વેદોક્તધર્મના, એકસરખા વિચારો છે, તથા તુલસીના, ઇત્યાદિ ઝાડો, એપણ મૂર્ત્તિઓ છે, એવું છતાં, તે વેદોક્તધર્મને ડુબાવિશું, એવું ચિંતનારા, માણસરૂપી ગધ્ધાઓ નથી કે શું? અરે, વેદોક્તધર્મના લોકોનાં, જેટલાં ઘેરો, તે તેટલાં દેવળોજ છે, કારણ, ઘેર ઘેર દેવારાઓ છે, વાસ્તે, અગ્નિજ્વાલા ઓલવવાનો હેતુ રાખનારા, પતંગની પેઠે, વેદોક્તધર્મ ડુબાડવાની ઇચ્છા રાખનારાઓ તે નથી કે શું? હા; વેદોક્તધર્મ રૂપી અગ્નિ આગળ, પતંગવત, વેદોક્તધર્મ દ્વેષાઓ છે, કારણ, વેદોક્તધર્મનું રક્ષણ કરનારો, સમષ્ટિરૂપ ઇશ્વર છે, તે શ્રીકૃષ્ણ રૂપે કરી કેહેછે કે, ભગવતગીતા

અધ્યાય ૪ ચોથો શ્લોક ૭ સાતમો ૮ આઠમો " परित्राणायसाधूनांविनाशायचदुष्कृतां ॥ धर्मसंस्थापनार्थायसंभवामियुगेयुगे ॥ ઇત્યાદિ છે, અરે મ્લેચ્છાદિક લોકો, સાવધ થાઓ, મતાભિમાન છોડો.

શ્રીકૃષ્ણ અવતારની કથાઓ.

પ્રકરણ ૭ મું.

૧. શ્રીકૃષ્ણઅવતારની કથાઓ શ્રીમત્ ભાગવતમાં તથા હરિવંશમાં તથા કૃષ્ણખંડમાં તથા ભારતમાં વગેરે અનેક ઠેકાણે છે, તે અતિશય રસદાર તથા પ્રેમળ છે, અને તે કથાઓ લખવામાં વ્યાસઋષીયે પોતાની વાક્‌શક્તીનો તથા કવિતાશક્તીનો કેવળ ધ્વનન પ્રકટ કર્યોછે, તેહેનો વાસ્તવિક અર્થ લોકોની અલ્પ બુધ્ધીમાં આવતો નથી એથી તે લોકો અનેક કુતર્કો કાઢેછે, એ મારી નજરે આવ્યાથી તે લોકોના કુતર્કોનું ખંડણ કરી શ્રીકૃષ્ણલીલા જે અત્યુત્તમ તે લોકોના મનમાં ઠસાડી દઇ શ્રીકૃષ્ણભક્તી સ્થાપવાવિશે મેં તો બાણાન ધારણ કર્યો છે, પણ અહીં કેટલાએક કુતર્કોનું ખંડણ કરી દેખાડુંછું એહ્વપર સુજ્ઞજનોયે પોતાનું લક્ષ આપવું.

૨. શ્રીકૃષ્ણની શામસુંદર કમલનયન સુહાસ્ય વદન જે રમણીય અવતાર મૂર્ત્તિ તે મનોમય ધ્યાનમાં, દૃઢ રહીછતાં સત્વગુણ એટલે વૃત્તીનો ઉત્તમ સ્વભાવ તે પ્રકટ થઇ, તેહેને આત્મજ્ઞાનનો પ્રકાર કહ્યોછતાં સમઝાયછે, અથવા રજોગુણ એટલે વૃત્તીનો લોભી સ્વભાવ તથા તમોગુણ એટલે વૃત્તીનો ઘાતકી સ્વભાવ એ બેહ્વ સ્વભાવ ઘસરેછે, અને શેવટે નહીંસા થાયછે, એવો શ્રીકૃષ્ણ અવતારના સાકાર ધ્યાનનો મહિમા છે વાસ્તે શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું. જુઓ કંસાદિક દુષ્ટ દૈત્યોને શ્રીકૃષ્ણનું શત્રુ બુધ્ધીયે અને ભય બુધ્ધિયે ધ્યાન લાગ્યું તેથીજ તેઓને સ્વરૂપતા મુક્તી એટલે શ્રીકૃષ્ણના

શામસુંદર દેહ જેવો દેહ, વૈકુંઠ લોકનાવિશે મલ્યો એજ સ્વરૂપતા મુક્તીછે, એ મુક્તી શ્રીકૃષ્ણની સાથે શત્રુપણું તથા દ્વેષ રાખવાવાળાઓને તથા શ્રીકૃષ્ણનો ભય રાખવાવાળાઓને મળી, એવું લખેલું છે, પછી ભક્તોને મળે એમાં શું આશ્ચર્ય! અસ્તુ. વાસ્તે શ્રીકૃષ્ણની સાથે દ્વેષ કરવો હોયતો, જીવથી દ્વેષ શ્રીકૃષ્ણનોજ કરવો, અન્ય કાંઇજ ક્રિયા કરવી નહીં, પણ એવું કરવાનું સામર્થ્ય કોઇમાંજ નથી, કારણ શ્રીકૃષ્ણની સાથે દ્વેષ કરવો એ એક વિરોધ ભક્તીછે, પણ એ વિરોધ ભક્તી કરવી ઘણીજ કઠણ છે, કારણ શ્રીકૃષ્ણની વિરોધ ભક્તી કેહેનાથી બની આવશે તો જે શ્રીકૃષ્ણના અવતારવિના કોઇપણ ઉપાયેકરી મરવાનો નહીં, એવો મહા પરાક્રમી છે, તેહેનેજ શ્રીકૃષ્ણની વિરોધ ભક્તી તે કરશે તો થાશે, વાસ્તે શ્રીકૃષ્ણની વિરોધ ભક્તી કરવાના ફંદમાં કોઇએપણ પડવું નહીં, સર્વ લોકોએ શ્રીકૃષ્ણની પ્રેમળ ભક્તી કરવી એજ સારૂં છે, એવો લેખછે, જુવો કપટબુધ્ધિયે, વિરોધ ભક્તી, પૂતનાયેકરી, તેહેને સ્વરૂપતા મુક્તી મળી એવો લેખ છે, તથા દુર્યોધનાદિકોએ શ્રીકૃષ્ણની હેલનારૂપે વિરોધભક્તી કરી તેઓને સ્વરૂપતા મુક્તી ક્રમેકરી મળી, એવો લેખ છે. તથા યાદવોયે શ્રીકૃષ્ણ આપણો ભાઇ તથા રક્ષણકર્ત્તા એવી ભાવનાથી ભક્તીકરી તેઓને સ્વરૂપતા મુક્તી મળી એવો લેખ છે. તથા પાંડવ ઇત્યાદિકોયે શ્રીકૃષ્ણ આપણો સહાયકારી એવી ભાવનાયે ભક્તી કરી એથી તેઓને સ્વરૂપતા મુક્તી મળી એવો લેખ છે, તથા અર્જુને તો શ્રીકૃષ્ણપાસેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લઇ, નિરાકાર જે આપણી અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાની સ્થિતિ તે ઉ-

ત્તમ સ્થિતિને પાંમ્યો, અને વારંવાર જન્મમરણના ફેરાઓમાંથી છુટ્યો એવો લેખ છે, અને એપ્રમાણે શ્રીકૃષ્ણના ઉત્તમ જે ગુણકર્મો તે શ્રવણ કરેછે, અને પ્રેમથી જે શ્રીકૃષ્ણની છબી જોઇ, તેપ્રમાણે મનોમય પ્રકાશમાન ધ્યાન કરેછે, અને મરેછે, તેહેનાં જીવાત્માને, શ્રીકૃષ્ણના દેહ જેવો શામસુંદર દેહ પ્રાપ્ત થઇ, તે વૈકુંઠલોકનાવિશે સુખભોગવતો રેહેછે, અને શ્રીકૃષ્ણે અર્જુનને તથા ઉધ્ધવને અથવા અન્ય ભક્તોને જે આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યોછે, તે ઉપદેશ પ્રમાણેજ જે પોતપોતાને અનંત પોલાણની અંદર, નિરાકાર, જે સ્વપ્રકાશ પરમેશ્વર એક તત્વ છે, તેજ, હું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાં નિરાકાર છૌં, એવું અનુભવી જુવેછે, તેજ સૃષ્ટીના અસ્તિત્વને સ્પર્શ કરવાથકે છુટેછે, અને નિરાકાર પરમેશ્વરજ તે થાયછે, પણ નવો થાયછે એવું નથી, મુળથીજ તેવો નિરાકાર છે, તેહેને અનુભવી, અહંવૃત્તી ધરનારા જ્ઞાનનો નાશ કરેછે, એજ તરવું છે, એવો લેખછે, વાસ્તે, પ્રાણિમાત્રોએ, એ અર્થ ધ્યાનમાં લેવો, એટલે તેઓને શ્રીકૃષ્ણનો પ્રેમ રેહેશે, અને તે તરશે, તથા તેઓને શ્રીકૃષ્ણના જે ગુણકર્મો તે સારીરીતે સમઝાશે.

૩ શ્રીકૃષ્ણે દહીં, તથા દૂધ, તથા માંખણ, બાળપણમાં ચોરી ખાધું એ અનીતીનું કર્મ છે, એ શ્રીકૃષ્ણ જો ઇશ્વર અવતાર છે, તો તેણે કેમ કર્યું! એવા અલ્પ બુદ્ધિનાં લોકો કુતર્ક કાઢે છે, તેહેનું ખંડણ એવું છે, કે એક ગ્વાલનના ઘેર શ્રીકૃષ્ણે માયાવી બાળકરૂપ ધારણકરી દહીં દૂધ, માંખણ, ખાવા લાગ્યો, અને દહીં માંખણનાં દોંણાં ફોડી સ્વસ્થપણાયેકરી હાથમાં, પુઠેલાં દોંણાં લઇ, ભાં-

ખોડીયાં ભરતો ભરતો ચાલ્યો, અને શામસુંદર અંગઉપર દહીંના ફોદા, તથા માખણથી ખરડાયેલું મોહું અતિશય શોભીતું થયું, એવી રમત, તે ગોપીકાએ જોઇ, શ્રીકૃષ્ણને ઉચકી, મોટા પ્રેમથી કેડે બેસાડી, તેહેનું મુખચુંબન લીધું, અને અરે કિસન ચોરટા, અલ્યા લબાડ, દહીં ચોરી ખા-તોતોનાં; એવા બોબડા તથા લાડના શબ્દો, કૃષ્ણને બો-લી, જશોદાપાસે લઇ આવી, અને બોલી કે, જશોદાબાઇ આ તારો કૃષ્ણ, જુઓ કેવો માખણ ચોરી ખાય છે, એ બોલવું, તે મોટા આનંદકરી, તથા શ્રીકૃષ્ણની પ્રીતિથી બોલી, ત્યારે જશોદા, મોટા આનંદથી, તેહેને કેહેવા લાગી કે, બાઈ મારો શ્રીકૃષ્ણ તો પારણામાં રમતો બેઠો છે, એવું કહી, યશોદાએ શ્રીકૃષ્ણને પારણામાંથી ઉચકી, કેડઉપર લઇ, જશોદા બારણે આવી, એથી તે ગોવાલણને, તથા જશોદાને મોટું આશ્ચર્ય થયું, કે અમારા બેઉપાસે બે શ્રીકૃ-ષ્ણ છે, એ ચરિત્ર છેતો શું! એટલો વિચાર કરે છે, તેટલામાં ત્રિજી, ચોથી, પાંચમી, એ પ્રમાણે હજારો ગ્વાલનો હજારો શ્રીકૃષ્ણને લઇને યશોદાપાસે પ્રેમથી આવીઓ, અને સર્વ ગોકુળમાં તથા પ્રત્યેક ગલ્લીઓમાં, લાખો શ્રીકૃષ્ણ ગુંટણ મડીએ ચાલે છે એવું જોવા લાગિઓ, તેવખત સર્વ ગોકુળ-ના લોકોની ખાતરી થઈકે શ્રીકૃષ્ણ એ સાક્ષાત્ ઈશ્વર અવ-તાર છે, તેણે અમારા મનો, વેધી લેવાસારૂ, કૃપાકરી જે દહીં દુધઉપર અમારો લોભ, તે લોભનીજ વસ્તુ, હાથમાં લીધી, અને મોમાં નાંખી, કે જેથી અમારાં મનો, શ્રીકૃષ્ણની તરફ લાગે, અને અમો તરીએ, તેથી અમો ધન્ય છૈયે, અમો ધન્ય છૈયે, એવું ગોપીઓ બોલી, શામસુંદર કમલનયન શ્રીકૃ-

ષ્ણે, અનેક બાલ્યરૂપો ધારણ કર્યાં હતાં, તે તરફ જોઇ, નાચવા, તથા શ્રીકૃષ્ણના ગુણ ગાવા લાગીઓ, તે વખત તેઓનાં નેત્રમાંથી પ્રેમની અશ્રુધારા ચાલીઓ, અને સંસાર પ્રપંચ ભૂલી ગઇઓ, તથા તેઓને પ્રેમ અનાવર થઇ હે માહારા વાહલા શ્રીકૃષ્ણ, એવા એવા શબ્દો બોલી, ઘેરની અગાશીઓઉપરથી, શરીરનું ભાન ભૂલી, પ્રેમયુક્ત લોટાંગ-ણ કરવામાં, જમીનઉપર પડવા લાગીઓ, પણ શ્રીકૃષ્ણે તેણીઓને, કિંચિત્ ઈજા ન થાય, એવી શક્તિ પ્રકટ કરી; એવી તે ગોપીઓ, શ્રીકૃષ્ણને બે હાથઉપર લઇ, પ્રેમના અશ્રુધારા ચાલેલી છતાં, કંઠનાવિશે કૃષ્ણને ધરી, નાચતી નાચતી, પોતપોતાના ઘેર તરફ ગઇઓ, અને જુવે છે તો, જે શ્રીકૃષ્ણે દહીં દુધના દોંણાંઓ ફોડ્યાં, તે જેવાંનાં તેવાં-જ, અકબંદ, દહીં દુધથી ભરેલાં છે, ત્યારે આ ઈશ્વરીમાયા, શ્રીકૃષ્ણે, અમારૂં તારણ કરવા સારૂ પ્રકટ કરી, એવું તેઓનાં સમજવામાં આવ્યું, ઇત્યાદિ એવો વ્યાસનો લેખ છે, એ ઉપરથી મુજ્ઞ લોકોયે વિચાર કરવો કે, આ ચરિત્ર શું છે, તથા એમાં શ્રીકૃષ્ણે ચોરી કરવાનો દાખલો ગોપીઓને શું દેખાડ્યો, અરે લોકો, ગોપીઓને શ્રીકૃષ્ણે લીલા બતાવી, તેઓનાં ચિત્ત હરીલીધાં, એવો લેખ છતાં, ભ્રમિષ્ટ કેમ થાઓછો, અરે ભાઇઓ, શ્રીકૃષ્ણે ચોરી કરી, તે ચોરીની લીલા ઉપર કહ્યા પ્રમાણે વ્યાસજીએ, તથા અન્ય ઋષીઓ-એ લખેલી છે, જુવોવારૂ, યશોદાપાસે શ્રીકૃષ્ણ છેજ, અ-ને સર્વ ગોપીઓ પણ અનેક શ્રીકૃષ્ણો લઇ આવિઓ, અ-ને ચમત્કાર જોઇ, આનંદે કરી, ઘેર જઇ જુવે છે તો, શ્રી-કૃષ્ણ કાંઇ લઇગયો પણ નથી, અને નાશ પણ કર્યો નથી,

અમારૂં સર્વ જેમનું તેમજ છે, વાસ્તે અમોને શ્રીકૃષ્ણે લીલા દેખાડી તાત્યાં, એવી જે ગોપીઓએ સ્તુતી કરી, અને તે લખેલી છે, તે તરફ લક્ષ ન આપતાં, શ્રીકૃષ્ણઉપર, ઓ મૂર્ખો, કુતર્ક કાઢો છો; વાસ્તે તમોને માનવી બુદ્ધી છે કે નથીરે! અરે! આપણા ઘેરનાં, બે વરસના બાળકને પ્રેમથી ચોર દોંગો, એવું આપણે લાડથી કહીયે છૈયે, તેવું ઈશ્વર અવતાર જે શ્રીકૃષ્ણ, જેહેના પ્રાપ્તી સારૂ તપશ્ચર્યા કરે છે, તે ઈશ્વર અવતારને બાળપણનાવિશે ગોપિકાઓએ અલ્યા ચોરટા, કિસન એવા શબ્દો બોલી રમાડ્યો, તેથી ગોપિઓ જેવી ભાગ્ય શાળી પૃથ્વીમાં કોઇ પણ છે કે! એનો વિચાર કરો, એટલે તમારા જાણવામાં આવશે કે, ગોપિઓનો, ઈશ્વર અવતાર જે શ્રીકૃષ્ણ તેહેને પ્રેમ હતો, તથા ગોપિઓને શ્રીકૃષ્ણની પૂર્ણ પ્રેમ યુક્ત ભક્તી હતી, એથીજ તેઓએ ચમત્કાર જોયા તે અમોને કીહાંથી મળવાનો; તે માટે, અમો પણ શ્રીકૃષ્ણની ભક્તી કરીશું તો અમોને શ્રીકૃષ્ણ કૃપાકરી ચમત્કારો દેખાડશે, તથા તારશે કારણ તે અતિશે દયાળુ છે, એ અર્થ મનમાં લાવી સંશય નિર્મુક્ત થાઓ, હવે શ્રીકૃષ્ણ ચોર અથવા અનીતિમાન એ કુતર્કોનું ખંડણ થયું, ભૂલશો માં.

૪ શ્રીકૃષ્ણે ગોકુળમાં બાળપણનાવિશે પર સ્ત્રિયો જે ગોપિઓ, તેઓની સાથે જાર કર્મ કર્યાં, તેથી શ્રીકૃષ્ણને ઈશ્વરાવતાર કેમ કેહેવો એવો મૂર્ખ લોકો કુતર્ક કાઢેછે, પણ શ્રીકૃષ્ણે, ગોપિઓ સાથે, કિંવા અન્ય સ્ત્રિયો સાથે, બાળપણા વિશે સંગ કર્યોજ નથી, એટલે જાર કર્મ કર્યુંજ નથી, એવો જે, તેજ વ્યાસના લખવામાં સિ-

દ્ધાંત છે, તે લોકો સમજતા નથી, એ લોકોની મોટી ચૂક છે, વાસ્તે, તે ચૂક જાય, અને શ્રીકૃષ્ણે જાર કર્મ કર્યું નથી, એવો જે વ્યાસના લખવામાં સિદ્ધાંતછે, તે સર્વને ખપર પડે, અને કુતર્કનું ખંડણ થાય, તે સારૂ, તે સિદ્ધાંત કહુંછું, હે લોકો, એકવખત, ગોપિઓ શ્રીકૃષ્ણને નૌકામાં બેસાડી, ક્રીડા કરવાસારૂ યમુનામાં ફરતી છતાં, નૌકા ડુબવા લાગી, અને યમુનાના, મહાપુરમાં, ગોપીઓ ડુબવાલાગીઓ, તે વખત, નૌકા ડુબવા ટાંણે, તેઓને સ્મરણ થયું કે, શ્રીકૃષ્ણે, ઘણા ચમત્કારો, ગોકુળમાં કર્યા છે, વાસ્તે શ્રીકૃષ્ણ, એ ઈશ્વરાવતાર છે, તેથી તેની પ્રાર્થના કરવી, એટલે, એ, આપણને, યમુનામાંથી કાઢશે, એવો વિચાર, ગોપિઓએ કરી, શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી કે હે શ્રીકૃષ્ણ, આ વખત, અમો યમુનામાં ડુબીએ છૈયે, વાસ્તે અમોને તાર, તે ઉપર શ્રીકૃષ્ણ બોલ્યો કે, ઓ ગોપીઓ, તમારો મારીઉપર શુદ્ધભાવ નથી, એ તમારા મનમાયેલું, હું જાણું છું, અને એથીજ તમે ડુબ્યોછો, વાસ્તે, મારીઉપર શુદ્ધભાવ રાખો, એટલે યમુના બે બાજુયે પાણીના પ્રવાહના બે ભાગ એવી થઇ, તમોને, જેમ સૂકી જમીન, તેમ, બાહેર ચાલી આવવાને રસ્તો મળશે, તે ઉપર ગોપિઓ બોલિઓ હે શ્રીકૃષ્ણ, તારીઉપર શુદ્ધભાવ શીરીતે રાખવો એ અમોને કેહે, તેઉપર શ્રીકૃષ્ણ બોલ્યો કે, ગોપીઓ, મારીઉપર શુદ્ધભાવ એવો રાખોકે, શ્રીકૃષ્ણ બ્રહ્મચારી છે, શ્રીકૃષ્ણે સ્ત્રીસંગ કર્યો નથી, એ શ્રીકૃષ્ણના બોલવા ઉપર, ગોપીઓ પરસ્પરની તરફ જોઇ બોલીઓ કે, હે શ્રીકૃષ્ણ તું પ્રત્યક્ષ અમારી સાથે રમમાણ

થએલો છે એવું છતાં, તુંને અમે બ્રહ્મચારી શીરીતે કહીયે, તે ઉપર શ્રીકૃષ્ણ બોલ્યો કે, હે ગોપીઓ, હું બાલરૂપી અવતાર છતાં, તમારીપાસે રમમાણ થઇશ, એવું તમને લાગે છે કે શું ? તેઉપર, ગોપીઓ બોલીઓ, હે શ્રીકૃષ્ણ તું તરૂણરૂપ ધારણકરી, અમારી સાથે રમમાણ થયો, તે ઉપર, શ્રીકૃષ્ણ બોલ્યો કે, ગોપીઓ, જે તમોને મારા શરીર જેવું તરૂણરૂપ ભાસ્યું, અને તમે તે સાથે રમમાણ થઇઓ, એવું તમોને લાગેછે, તે તમારીજ બુધ્ધીયે, મારીતરફ, હું નાહાંનો છતાં, જોર ભાવથી, મારૂં ધ્યાંન કર્યું, તે ધ્યાંનનું ફળ તમોને તમારાજ આત્મામાંથી સ્વપ્નની રીતીપ્રમાણે પ્રાપ્ત થયું, એ મારી માયા છે, વાસ્તે તેઉપરથી હું તમારીપાસે રમમાણ થયો એવું થાતું નથી, કારણ, હું બાળબ્રહ્મચારી સ્ત્રીસંગવિનાનો શ્રીકૃષ્ણ અવતાર છું, વાસ્તે મુને હું બ્રહ્મચારી સ્ત્રીસંગવિનાનો છું એવી શુદ્ધ ભાવનાથી જુવો; અને શ્રીકૃષ્ણ બ્રહ્મચારી છે, તો અમોને યમુનામાં સુકો રસ્તો મળે એવું પ્રતિજ્ઞાથી બોલો, એટલે યમુના દુભાગ થઇ, તમોને સુકો રસ્તો મળશે, તેવખત સર્વ ગોપીઓ બોલીઓ કે શ્રીકૃષ્ણ જો સ્ત્રીસંગ વિરહિત બ્રહ્મચારી છે, એ વાત સત્ય છે, તો અમો જે યમુનાના પૂરમાં ડુબીએ છૈયે તે યમુનાના પ્રવાહના બે ભાગ અમારી બે બાજુયે સ્થિર થઈ, અમોને યમુનાના આ કાંઠાથી તે કાંઠાસુધી, જવા આવવાસારૂ સુકો રસ્તો મળે; એપ્રમાણે ગોપીઓ બોલતાંવેતજ, જે ઠેકાણે ગોપીઓ ડુબીઓ હતીઓ, તે ઠેકાણે ઉપરથી અવનારો પ્રવાહ, યમુનાના ઉપરના ઉગમથી, એટલે મથાળેથી, સ્થિર થયો, અને નીચે, જે પ્રવાહનો ઓઘ ચાલ્યો હતો, તેપણ

સ્થિર થયો, અને મધ્યભાગે મોટો ઊંડો સુકો રસ્તો થયો અને બે બાજુયે, પાણીની, બે ભીતો જેમ હોય, તેહની પેઠે, ગોપિઓને થઇયો, અને એ ચરિત્ર જોઇ, વ્યાસ, તથા શુક, તથા ઘણા રૂષીઓયે, જયજય કાર કરી, આનંદ યુક્તથઇ, શ્રીકૃષ્ણની સ્તુતી કરવા લાગ્યા, તથા ગોપીઓ, સદ્‌ગદીત થઇ, શ્રીકૃષ્ણની સ્તુતી કરવા લાગીઓ, કે, હે શ્રીકૃષ્ણ, તું સાક્ષાત્ ઇશ્વર અવતાર છતાં, તારીઉપર, અમે, જોર કર્મનો દોષ લગાડ્યો હતો, તે અમારા અપરાધની ક્ષમાકર, અમો સ્ત્રિયો અજ્ઞાની છું, તું અમારો ત્રાતા છે, તે ઉપર, શ્રીકૃષ્ણ બોલ્યો, ગોપીઓ, જાઓ, આજથી મારી ભક્તી શુધ્ધભાવ રાખી કરો, મેં તમારાઉપર કૃપાકરી છે, એ પ્રમાણે વ્યાસના લખવામાં, શ્રીકૃષ્ણે સ્ત્રીસંગ કર્યો નથી, એવો ખુલાસો છતાં, ઓ કુતર્કી લોકો, તમે ભ્રમિષ્ટ કેમ થાઓછો, અરે, શ્રીકૃષ્ણના, જે અમૂલ્ય ગુણ ચરિત્રો, વ્યાસે લખેલાં છે, તેઉપર લક્ષ આપો, એટલે તમને સેહેજજ, સમઝાશે કે, જે શ્રીકૃણે ચરિત્રો કર્યાં, તે માનવી નથી, ઈશ્વરી ચરિત્રો છે, પણ અમે અજ્ઞાન બુધ્ધિયે, કુતર્કો કાઢીએ છૈએ, એ પ્રમાણે સમઝાઇ, તમોને ઇશ્વરની ભક્તી લાગશે; વારૂં હવે હે લોકો, મેં લખ્યું છે, એહેનો પુરાણ પ્રસિધ્ધ ખુલાસો છે, વાસ્તે તમારા કુતર્કોનું ખંડણ થયું, ભૂલશો નહીં, અને શ્રીકૃષ્ણની ભક્તીએ લાગો, અને આત્મજ્ઞાની થઇ તરો.

૫ શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી, સ્ત્રીસંગ વિરહિત ઇશ્વરનો અવતાર, અનેક ચમત્કારો બતાવી લોકોને તારતો હતો, એ વ્યાસના લખવાનું મર્મ લોકો સમજતા નથી,

એ લોકોનું મૂરખપણું છે, જુઓ, શ્રીકૃષ્ણ અવતાર ગ્રહ્મ થયો, ત્યાંહાંસુધી, શ્રીકૃષ્ણના સર્વ અવયવ દ્વાદશ વર્ષના વય જેવા શામસુંદર સકુમાર સ્મશ્રુરહિત મુખ કોમલ છબી શ્રીકૃષ્ણની કાઢે છે, તેવા અવયવ હતા, અને પ્રત્યક્ષ જોનારાઓના નેત્રોને અત્યાનંદ આપનારા એવા શ્રીકૃષ્ણના અવયવ હતા, એવા શ્રીકૃષ્ણની તરફ અવલોકન કરનારા સ્ત્રી પુરૂષોને જુદા જુદા ભાવ પ્રગટ થતા હતા એવો વ્યાસનો લેખછે, તે એનકે, શ્રીમત્ ભાગવતના દશમસ્કંધમાં પૂર્વાર્ધ અધ્યો ૪૩ મો શ્લોક ૧૭ મો, " मल्लानामशनिर्नृणांनरवरःस्त्रीणांस्मरोमूर्त्तिमान् ॥ गोपानांस्वजनोसतांक्षितिभुजांशास्तास्वपित्रोःशिशुः ॥ मृत्युर्भोजपतेर्विराडविदुषांतत्त्वंपरंयोगिनां ॥ वृष्णीनांकुलदेवतेतिविदितो रंगंगतःसाग्रजः ॥ १ ॥ " એટલે વ્યાસ, શુક, વસિષ્ઠ, નારદ, સનત્કુમાર, શંકર, બ્રહ્મા, ઇત્યાદિ સર્વ ઋષીઓને ખબર હતી કે, શ્રીકૃષ્ણ, એ સાક્ષાત્ ઈશ્વરે, જગદુદ્ધારાર્થ અવતાર દેહ ધારણ કર્યો છે, તથા યશોદા, દેવકી, નંદ, વસુદેવ, એઓને લાગતું કે, શ્રીકૃષ્ણ અમારો પુત્રછે, તથા પાંડવોને લાગતું કે, શ્રીકૃષ્ણ અમારો સખા સાહાયકારી છે, તથા ગોપાલ જાણતા કે, શ્રીકૃષ્ણ અમારો રમતીઆળ મિત્રછે, તથા યાદવો જાંણતા કે, શ્રીકૃષ્ણ અમારૂં સર્વ પ્રકારે રક્ષણ કરનારો બંધૂ છે, તથા રાધા ઈત્યાદિ ગોપીઓ જાણતીઓ કે, શ્રીકૃષ્ણ અમોને ભર્ત્તાર જોઈએ, તથા કંસને લાગતું હતું કે, શ્રીકૃષ્ણ કાળછે, ઈત્યાદિ એ પ્રમાણે જુદી જુદી ભાવનાથી શ્રીકૃષ્ણઉપર પ્રેમ હતો, તેમાં ગોપિઓનું જાર ભાવનાથી શ્રીકૃષ્ણ સ્વરૂપની

તરફ મન લાગ્યું, અને શ્રીકૃષ્ણ આપણને ભરતારની પેઠે શીરીતે મળશે એવું ચિંતન ગોપીઓને જાગૃત સ્વપ્ન એ બેહ અવસ્થામાં લાગ્યું, એ શ્રીકૃષ્ણ જે અંતર સાક્ષી ભગવાન તેહેનાં જાણવામાં આવ્યું, તેથી શ્રીકૃષ્ણે પોતાની યોગમાયા પ્રગટ કરી લક્ષાવધિ ગોપીઓને, એકજ વખતે, એવો ચમત્કાર દેખાડતો ગયો કે, શ્રીકૃષ્ણ આપણને ભરથાર મલ્યો, અને, એક સમયમાં, લક્ષાવધિ ગોપીઓ પાસે લક્ષાવધિ શ્રીકૃષ્ણ ક્રીડા કરવાલાગ્યા, એવું, ગોપીઓને, તથા બિજા ઋષીઓને દેખાયું, પણ ઋષીઓએ, તથા પ્રવીણ લોકોયે, એવો વિચાર કર્યો કે, યશોદાને ત્યાંહાં. કંસને મારવાસારૂ, તથા ભૂભાર હરણાર્થ, જે શ્રીકૃષ્ણ અવતાર છે, તે યશોદાની પાસે બેઠેલો છતાં, રાસક્રીડામાં, ગોકુળમાંએલી ગોપીઓ, તથા ગોકુળમાં નથી, એટલી નવીઓ, ઈશ્વરી માયાની પ્રકાશવાળી દેહ ધારી ગોપીઓ, તથા ગોકુળમાંએલી બાકિની ગોપીઓ, સર્વ મળી, લક્ષાવધિ ગોપીઓ છે, એમાંથી. દરએકની પાસે, એક એક શ્રીકૃષ્ણ ઊભો છે, એ ચમત્કાર શું છે ! તે વખત જ્ઞાની જે ઋષીઓ, ઈત્યાદિ તેઓને ઈશ્વરે સુચવ્યું કે આ જે ગોપીઓ, તે ગોપીઓએ હું જે શ્રીકૃષ્ણ અવતાર કંસવધાર્થ, તથા ભૂભાર હરણાર્થ ધારણ કર્યો, તે મારા અવતાર શરીરનું જાર બુદ્ધિયે ધ્યાન કર્યું, તે ધ્યાંન બિજા પુરૂષના શરીરનું જાર બુદ્ધિયે ધ્યાન કરવાનું જેવું ફળ આપશે, તેવુંજ, શ્રીકૃષ્ણ અવતાર શરીરનું, જાર બુદ્ધિયેધ્યાંન કર્યું, તેહેનું ફળ હોયતો, શ્રીકૃષ્ણ અવતારના ધ્યાંનનો મહિમા, શું રહ્યો તેથી, હે જ્ઞાની લક્ષો આજ અનંત માયાવી શ્રીકૃ-

ણ રૂપો પ્રકટકરી ગોપીઓનો, શ્રીકૃષ્ણ ઉપર, શ્રીકૃષ્ણ એ ઈશ્વર અવતાર છે, એવો ભક્તિભાવ બેસાડી તેઓનો તરણોપાય થાય, એવું હું શ્રીકૃષ્ણ અવતાર લેનારો ઈશ્વર છું તે હું કરીશ, એવું જ્ઞાનીઓને ઈશ્વરે સુચવી રાસક્રીડા દેખાડી, પણ સાંપ્રતના લોકોએ એવો વિચાર કરવો કે શ્રીકૃષ્ણ અવતાર એકજ બાલ્યરૂપી શામસુંદર એવો હતો, અને તેણેજ ગોપીઓને તથા સર્વને અનેકરૂપો શ્રીકૃષ્ણના દેખાય, અને સર્વને જણાય કે, અમારા મનોરથ પૂર્ણ થયા એ શ્રીકૃષ્ણની યોગમાયા છે, એવો વિચાર કરવો, અને એવી જો યોગમાયા શ્રીકૃષ્ણની પાસે નહોય તો શ્રીકૃષ્ણ, એ ઈશ્વરનો પૂર્ણ અવતાર એ કેમ શોભશે, જુવો કે, ગોપીઓના ભરથારોને અમારી સ્ત્રિયો ગોપીઓ એઓનો અમારો એક દિવસ પણ, વિયોગ થયો એવું થયું નહીં અને ગોપીઓને તો એવું લાગતું કે. શ્રીકૃષ્ણ વિના, અમોને બીજો ભરતાર ખપરજ નથી. એપ્રમાણે, છમહીનાની એક રાત્ર, એવી કરી કે, સર્વ બ્રહ્માંડોના એટલે ભૂગોલ ચંદ્રગોલ ઇત્યાદિકોના ખેલ સ્થીરકરી તથા જયદ્રથવધના પ્રતિજ્ઞા પ્રમાણે, સૂર્યમાએલું ભૂગોલ ઉપર આવનારૂં તેજ થોડુંક આકર્ષણ કરી તથા સૂર્ય ચંદ્ર બેઉ સરખા દેખાય એવું કરી, શ્રીકૃષ્ણની યોગમાયાએ રાસક્રીડા કરી દેખાડી અને એટલો ખેલ થતો છતાં યશોદા માતા જે તેહેની પાસેથી શ્રીકૃષ્ણ રાતે કદીજ બાહેર ગયો નથી, એ ઈશ્વરી માયાનો અજબ ખેલ, શ્રીકૃષ્ણ અવતારના વિશે દેખાડી, સર્વનું તારણ કર્યું. એ વ્યાસે લખેલી કથાના અભિપ્રાયની તરફ જોશો, તે સમજશો કે, એ-

માં માનવી કૃત્ય, કિંવા શ્રીકૃષ્ણ અવતારને જાર કર્મ કર્યું, એવું કેહેવાને મૂળજ આધાર નથી; પણ જે મૂર્ખ અવિવેકી, કે જેઓને આ સમઝાતું નથી એવા તેવખતના, તથા આ વખતના, જે લોકો, તેઓના, સંશયો દૂરથવાસારૂ કહું છું; જુવો જુવો ! યજ્ઞપત્નિયો, જારે શ્રીકૃષ્ણને, અન્નલઈને આવીઓ છે, તેવખત યમુનાના પૂરમાંથી, શીરીતે જઇએ એ તેઓને ચિંતા પડી, તેવખત, શ્રીકૃષ્ણે કહ્યું કે, હે યજ્ઞપત્નીઓ યમુનાની આગળ ઊભીરહી બોલો કે, શ્રીકૃષ્ણે, પોતીકી યોગમાયાના બળથી ગોપીઓને ચમત્કાર દેખાડ્યા કે, શ્રીકૃષ્ણ અમોને ભરથાર મલ્યો, પણ શ્રીકૃષ્ણ અવતારે ગોકુળમાં બાળપણના વિશે સ્ત્રી સંગ કર્યોજ નથી, કારણ, સ્ત્રીસંગ કરવાવાળાના હાથે કંસને મરણ નથી, તેથી શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી સ્ત્રીસંગ વિરહીત રહ્યો છે, એવાત, સાચી છે તો અમોને યમુનાના, પૂરમાંથી સુકો માર્ગ મળે, એ શ્રીકૃષ્ણના કેહેવા પ્રમાણે, સર્વ લોકોની સમક્ષ યજ્ઞપત્નીયો બોલીયો કે, શ્રીકૃષ્ણ બોલ્યો, તે પ્રમાણે, શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી સ્ત્રીસંગ વિરહીત છે, તો અમોને યમુનામાંથી સુકો માર્ગ મળો, તેવખત યજ્ઞપત્નીઓના પ્રતિજ્ઞાના શબ્દ નિકળતાંવેતજ યમુનાના પ્રવાહના દોરડીના બેકટકા કરવા, તેવા કટકા થઇ, સુકી જમીન ઉત્તમ રસ્તા પ્રમાણે, તથા બેઉ બાજુએ પાણીની ભીતો એવીઓ થઇ, યજ્ઞપત્નીઓ પારગઇઓ, એ ચમત્કાર વ્યાસે લખેલો સર્વોએ જોવો, એટલે શ્રીકૃષ્ણ જાર કર્મો તો કીહાંથી હોય, પણ શ્રીકૃષ્ણ સ્ત્રીસંગવિરહીત બાળબ્રહ્મચારી હતો, એ

હેવું જણાશે, હવે તેણે યોગમાયાથી ગોપીઓને, તેઓના મનોરથ પ્રમાણે દેખાડ્યું કે, શ્રીકૃષ્ણ અમોને ભરતાર મ-લ્યો, પણ લોકોને કંસવધ સ્ત્રીસંગ કરનારાના હાથથી થવાનો નહીં, એ વરદાનથી ભય પ્રાપ્ત થશે, કે શ્રીકૃષ્ણે સ્ત્રીસંગ કર્યો હોયતો કંસને કોણ મારશે, એવો તે લો-કોનો સંશય, તથા ભય રેહે નહીં, તેથી, શ્રીકૃષ્ણ બાળ-બ્રહ્મચારી સ્ત્રીસંગવિરહીત છે, એહેવા ગોકુળમાં અને-ક પ્રતિજ્ઞા કરી ચમત્કાર દેખાડ્યા, તથા કંસને પણ, એ-વું મરણ હતું કે દેવકીના ત્રદયકમળમાં મારી ભક્તી છે, વાસ્તે હું તેહેની આગળ, એકદમ આઠવરસનો બાળ-કથઈ શામસુંદર રૂપથી આવીશ, અને દેવકીને, તથા ય-શોદાને તેઓના ભક્તી સારૂ વરદાન આપ્યું છે તેથી દે-ખાડીશ કે, શ્રીકૃષ્ણ અમારો પુત્રછે, તથા લોકોને પણ યશોદા, દેવકી પુત્ર શ્રીકૃષ્ણ એવું દેખાડીશ, અને સ્ત્રીસં-ગવિરહિત, બાળબ્રહ્મચારી શ્રીકૃષ્ણ રૂપેકરી, કંસને મા-રી, ઉગ્રસેનને, રાજ્ય ઉપર સ્થાપન કરી, પછી અન્ય અ-વતારી કામો, ભૂભાર ઉતારવા સારૂ કરી લોકોને તારીશ, વાસ્તે હે લોકો, કંસને, સ્ત્રીસંગ થએલાના હાથથી મૃત્યુ-નોતું, તે કંસને શ્રીકૃષ્ણે મારી સ્વરૂપતા મુક્તી આપી, તથા યજ્ઞપત્નીઓને વગેરે ચમત્કાર દેખાડ્યો, એ ધ્યાનમાં રાખી મૂર્ખો બોલો અને, એવા વિચારહીન થાશો નહીં, અથવા નાસ્તીક, મૂર્ખો, એવા મતવાદીઓના, નિંદાપર ભુકો વાંચી, ભ્રમિષ્ટ થઇ, ભ્રષ્ટ થાશો નહીં, કારણ શ્રીકૃષ્ણ ચ-રિત્રોને પ્રમાણ, વ્યાસનો લેખ, મેં ઉપર લખ્યા પ્રમાણે છે તે તરફ જુવો અને તમારા કુતર્કોનું છેદન મારા લ-

ખવાની તરફ જોઇ, તમારૂં તમે કરો, અને શ્રીકૃષ્ણ ભ-ક્તી મનમાં રાખી, આત્મજ્ઞાની થઇ તરો.

૬ શ્રીકૃષ્ણે વસ્ત્રહરણ કર્યું, એવાત, અનીતીની કરી એ ઇશ્વર અવતાર ને શ્રીકૃષ્ણ તેહેને શોભતી નથી, એ-વું કેટલા એક પાખંડીઓ દ્રૌપદી વસ્ત્ર રક્ષણન્યાય જો-તા નથી, તેથી બોલે છે, પણ વસ્ત્રહરણ, શ્રીકૃષ્ણે શાસારૂ કર્યું, એનું તે કારણ જોશો તો, શ્રીકૃષ્ણે કર્યું તે યથાર્થ કર્યું, એવું તેઓને સમઝાશે, કારણ જે સ્ત્રિયો પાણી-માં ઊભીઓ રહી, વસ્ત્રો રેતી ઉપર મુકી, વ્રતો કરતી હ-તીઓ, તે શ્રીકૃષ્ણ આપણને ભરતાર મળે એ સારૂ જ કરતી હતીઓ, એ શ્રીકૃષ્ણે અંતરમાં જાણી તેઓના વસ્ત્રો પોતીકી યોગમાયાથી કદંબના ઝાડઉપર લટકા-વીઆપ્યાં, અને પોતે મુરલી વગાડતો, કદંબના ઝાડ-ઉપર બેઠો, ત્યારે તે મુરલીનો મંજુળધ્વની તે સ્ત્રિયોના કાને પડતાંજ તે સમઝીઓ કે, અમે જે ભરતાર મ-ળવાસારૂ ઇચ્છતાં હતાં. તે શ્રીકૃષ્ણ અહીંજ છે, તેહેને આપણે જોવા જઇયે, એવો વિચાર તે સર્વ સ્ત્રિયોએ કરી, પાણીના બાહેર જુવે છે, તો પેહેરવાનાવસ્ત્રો ન-થી, કદંબના ઝાડઉપર હજારો વસ્ત્ર લટકે છે, એ-વું, તે સ્ત્રિયોએ જોયું, અને શ્રીકૃષ્ણની તરફ જોઇ કેહેવા લાગીઓ કે, હે શ્રીકૃષ્ણ, અમારા વસ્ત્રો અમોને દે, તેવખત શ્રીકૃષ્ણ બોલ્યો કે, તમે પાણીમાં નિર્લજ્જ થઇ, મનમાં, શું ચિંતન કરતી હતીઓ તેમુને કહો એટલે તમારાં વસ્ત્રો, આપોઆપ તમારી પાસેજ છે એવું જોશો, એવું શ્રીકૃ-ષ્ણનું ભાષણ સાંભળી તે સ્ત્રીયો એકબીજીતરફ જોઇ,

હાસ્ય વદન કરી બોલીઓ કે, હે શ્રીકૃષ્ણ અમોએ તારા સારૂ, આ વ્રત આરંભ્યું હતું, અને તારી અમોને પ્રાપ્તી થઈ એટલું તે બોલતાંવેતજ; તેઓનાં વસ્ત્રો તેઓના હાતમાં છે, એવું શ્રીકૃષ્ણે તે સ્ત્રિયોને ચરિત્ર દેખાડ્યું, ત્યારે તે સ્ત્રિયો વસ્ત્રાલંકારથી મંડિત થઇઓ છતાં, શ્રીકૃષ્ણ ઉપર ભ્રકુટીના, અને નેત્રના, કામરૂપી બાણ, છોડવા લાગીઓ, અને શ્રીકૃષ્ણે આપણને કામભોગ આપવો. તેસારૂ ઘણી પ્રકારનાં, તેઓએ, શ્રીકૃષ્ણને હાવભાવ દેખાડ્યા, તોયપણ, શ્રીકૃષ્ણ મોહીત કિહાંથી થાય, કારણ તે ઇશ્વરી અવતાર છે, પણ શેવટે શ્રીકૃષ્ણે એવો વિચાર કર્યો કે, જો એ સ્ત્રિયોએ આટલો ઉદ્યોગ મારા સારૂ કર્યો છતાં તેઓને હું અભય આપ્યું નહીં તો, એ સર્વ સ્ત્રિયો પ્રાણ ત્યાગ કરશે, પછી મારૂં દયાળુપણું તે કિહાં રહ્યું એવો શ્રીકૃષ્ણે વિચાર કરી, તે સ્ત્રિયોને શ્રીકૃષ્ણ બોલ્યો કે, હે સ્ત્રિયો, તમે મારા વાસ્તે ઘણાં પ્રકારના કામ કટાક્ષ દેખાડ્યા, પણ મુને કામ બાધ કરશે તો તમારા મનોરથ પૂર્ણ થાશે, પણ મુને કામનો બાધ થાતો નથી, એ તમારા અનુભવમાં આવ્યાથી, તમો દુઃખીઓ થઈઓ, પણ દુઃખીઓ થાશો નહીં; રાસક્રીડામાં, હું મારી યોગમાયા પ્રકટ કરીશ, તે વખત, મારી યોગમાયાએ, જે અનેક શ્રીકૃષ્ણ રૂપો, તમારી ભક્તિસારૂ તમારા વાસ્તેજ પ્રગટ થાશે, તેવખત તમારા મનોરથ પૂર્ણ થઇ, પછી મનોરથ રેહેશેજ નહીં જાઓ દુઃખી થાશો નહીં, અને હવેથી એવા નિર્લજ્જ પણાએ, પાણીમાં ઊભીઓ રહી, મારે વાસ્તે, એવા મૂર્ખ પણાના, પાણીમાં નગ્ન ઊભા રેહેવાના વ્રતો કરશો નહીં;

શુદ્ધ ભક્તિભાવ હોય એટલે મારી પ્રાપ્તી સેહેજ છે, એ ધ્યાનમાં રાખો, એ સાંભળી, તે સ્ત્રિયો, પોતપોતાના ઘેરે ગઈ, શ્રીકૃષ્ણના ઉપકાર તથા મોટાપણું સંભારવા લાગીઓ, તારપછી કામ કરીને, જે અનેકરૂપો ધારણ કરનારો, તે આગળ માણસનાઆકારથી ઊભો રહ્યો, અને શ્રીકૃષ્ણની સ્તુતી કરવા લાગ્યો કે, હે શ્રીકૃષ્ણ, તેં, પૂર્ણ અવતાર, સાક્ષાત ઈશ્વરપણાયે, ધારણ કર્યોછે, તેવિના એવી શક્તી કેહેનામાં હોય, કારણ હું કામ કરીને જે છઉં, તે સર્વની પરિક્ષા લેનારો છું, પણ મુને જીતનારો કોકજ હોય છે, તે હું કામે, એ સ્ત્રિયોના અંગમાં પ્રવેશ કરી, તુને મોહ ઉત્પન્ન કરવાસારૂ નગ્નસ્ત્રિયોના રૂપેકરી ઘણો પ્રયત્ન કર્યો, પણ હું લજ્જાયમાન થયો, વાસ્તે મારા અપરાધની ક્ષમાકરવી; તેઉપર શ્રીકૃષ્ણ બોલ્યા કે, અરે કામ, તારી ખાત્રી કરવાવાસ્તેજ, મારી યોગમાયાએ, વસ્ત્રો હરણ કર્યાં, અને હે કામ, તુને ચમત્કાર દેખાડી નિરભિમાની કર્યો, અને હે કામ, તારો ભાઇ જે ક્રોધ તે, તારા અપૂર્ણતાથી આવવાનો, તેજ મારામાં તારાસુધ્ધાં નથી, પછી ક્ષમા શાનીકરવી, એવું સાંભળી, કામ, ભયભીત થયો, કે હું, સાક્ષાત્ ઈશ્વરઅવતાર જે શ્રીકૃષ્ણ, તેહેને, ક્ષમાકર એવું કહ્યું, એ મારી ચૂકતોનહીં થઇ હોય, તે વખત શ્રીકૃષ્ણ બોલ્યા કે, અરે કામ ડરીશ નહીં, જા, તુને શંકરઅવતારનાવિશે અનંગ કર્યો હતો, એટલે અંગવિનાનો કર્યો હતો, પણ હવે તુને હું કૃપાકરી, અંગ આપ્યું, જા, સુખમાં રેહે, એ શ્રીકૃષ્ણ વરદાન, કામે, પૂર્ણ કામ જે શ્રીકૃષ્ણ, તેપાસેથી મેળવી, પોતે શ્રીકૃષ્ણ રૂપી થયો, અને, આગળ રૂકમિણીના ઉદરે, પ્રદ્યુમ્ન રૂપે અવ-

તથ્યો. એપ્રમાણે વસ્ત્રહરણના નિમિત્તથી, કામને જીતવાની, રસીક તથા નમુનેદાર કથા છે, તથા, સ્ત્રિયો જે શ્રીકૃષ્ણની પ્રાપ્તી સારૂ પ્રાણત્યાગ કરવા, તૈયાર થઈયો હતીઓ, તેઓને વરદાન આપી, તેઓનું રક્ષણ કર્યું, એ અમુલ્ય કથા છે, તથા કંસવધ, બાળબ્રહ્મચારી શ્રીકૃષ્ણ હોય તોજ થાશે, કારણ, કંસને વરદાન હતું કે, તુંને, સ્ત્રીસંગ જેણે કર્યો હોય, કિંવા જેહેના મનમાં સ્ત્રીસંગકરવાની ઇચ્છા થઇ હોય, તેહેના હાથથી મરણજ નહીં, અને હે લોકો, તે કંસને શ્રીકૃષ્ણે તો માર્યો છે, તસ્માત બાળપણાના વિશે શ્રીકૃષ્ણના મનમાં પણ સ્ત્રીસંગ કરવાની ઇચ્છા નોતી, અને સ્ત્રીસંગ કર્યો પણ નથી, એવું, સ્ત્રીસંગ કર્યો નોતો તેથીજ, કામ દેવ પરિક્ષા જોવાને આવ્યો, અને પરાજિત થઇને ગયો, એ, ન્યાયે કરી સિધ્ધ થયું અસ્તુ. ઇત્યાદિ જે, વ્યાસના લખાવા માએલી રસદાર ખુબીઓ, તે ખુબીઓ, જે લોકોને સમઝાતી નથી. તે માણસો રસજ્ઞ નથી, તેથી પોતાના મૂર્ખપણાએકરી, શ્રીકૃષ્ણને દોષ આપે છે, અને નાંહાંની નાંહાંની ભુકો, શ્રીકૃષ્ણની નિંદા જેમાં લખેલીઓ, એવીઓકરી વેચે છે, વાસ્તે એવા શ્રીકૃષ્ણની નિંદા કરનારા. તે શતમૂર્ખો છે. તથા વ્યાસના લેખને ન જાણનારા, એવા પ્રકારના તે અરસીક છે. જુવો, લક્ષાવધી વસ્ત્રો, એક પળમા, કદંબવૃક્ષ ઉપર, એકેલા શ્રીકૃષ્ણે સ્ત્રિયોને, ખબર ન પડવા દેતાં લટકાવ્યાં, એવું કબૂલ કર્યું તો, શ્રીકૃષ્ણને ઇશ્વરજ માનવો જોઈએ એવું વાદથી સિધ્ધ થાય છે, કેમકે માનવી કૃત્ય નથી, અને ઇશ્વર માન્યો તો નિંદા કરવાને જગ્યા રેહેતી નથી. તથા છ મહિનાનો કે એકવરશનો, શ્રીકૃષ્ણ હતો, તે એકાએક,

તરૂણ થઈ, રાધિકાની સાથે અથવા અન્ય ગોપિઓની સાથે વ્યભિચાર કરતો હતો, એવાત, કબૂલ કરીતો, એકાએક તરૂણ થઈ ફરી બાળક અવસ્થા જેવું થાવું, એ પણ ઈશ્વર સામર્થ્ય છે, તેથી પણ શ્રીકૃષ્ણને ઈશ્વર માનવો પડે છે પછી નિંદા કરવાને રસ્તો રેહેતો નથી, એવા એવા, વ્યાસ ઋષીએ, શૃંગારરસ ઈશ્વરનો વર્ણન કર્યો, તેમા પણ ઈશ્વર શક્તીનો બોધ છે; નાસ્તિકો, તમે ધ્યાનમા રાખશો તો ઠીક. આસ્તિકો, પ્રસંગે બોલશો તો ઠીક.

વેદોકત ધર્મનું મોઠાપણું.

પ્રકરણ ૮ મું.

૧. નરસું આચરણ કરનારા મ્લેચ્છ કુળમાં જન્મ્યો હોય, અને પોતેપણ જન્મારાથી નરસી ક્રિયાઓ કરતો હોય તોપણ સત્પુરૂષોના સમાગમથી પશ્ચાત્તાપ પામી, નરસું આચરણ કરવું મુકી, જો મારા સાકાર રામકૃષ્ણ ઇત્યાદિક અવતાર મૂર્ત્તિઓનું એટલે પથરાનું નહીં, જે અવતાર થયા તેઓનું, તેઓની પ્રતિમાઓની તરફ જોઇ, પ્રેમથી મનોમય ધ્યાન ભજન કરવા લાગશે, અને અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાં એટલે આત્માના પેહેલાં હું નિરાકાર પરમાત્મા છું, એવું સત્સમાગમથી, પોતપોતાને જાણી સ્મરણ કરશે, અને નિરાકાર પરબ્રહ્મથી, હું જે આત્મા પેહેલાનો પરમાત્મા, તે હું જુદો નથી, એવું પોતપોતાને વિચાર દૃષ્ટિયે જોશે, તો તેહેને દુરાચારી કેહેવો નહીં, પૂર્ણ સાધૂ કેહેવો, અને સાધૂનીપ્રમાણે તેહેને માન આપવું, એબાબત પ્રમાણપણ છે, જુવો શ્રીમત્ ભગવતગીતા અધ્યો ૯ મો શ્લોક ૩૦ મો, અપિચેત્સુદુરાચારોભજતેમામનન્યભાક્ ॥ સાધુરેવસમંતવ્યઃસમ્યગ્વ્યવસિતોહિસઃ ॥ એ શ્લોકનો અર્થ ઉપર લખેલો તેજ છે.

૨. પશ્ચાત્તાપ પામી, મારા સાકાર રામકૃષ્ણાદિક અવતાર મૂર્ત્તિઓનું, મનોમય પ્રેમથી ધ્યાન, ભજન કરી, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના પોતપોતીકા નિરાકાર પરમાત્મ સ્વરૂપનું વિસ્મરણ દૂર કરી, સ્મરણ ચિંતન કરનારા, સ્ત્રિયો, તથા વૈશ્ય, તથા શૂદ્ર, વગેરે સર્વ તરશે અને ઉત્તમગતી

પામશે, એબાબત પ્રમાણ છે, જુવો શ્રીમત ભગવત્ગીતાનો અધ્યો ૯ મો શ્લોક ૩૨ મો. " માંહિપાર્થવ્યપાશ્રિત્યયેપિસ્યુઃપાપયોનયઃ ॥ સ્ત્રિયોવૈશ્યાસ્તથાશૂદ્રાસ્તેપિયાંતિપરાંગતિં " ॥ એ શ્લોકનો, આ અંકમાં લખેલો તેજ અર્થ છે.

૩. પશ્ચાત્તાપ પામી, મારા સાકાર રામકૃષ્ણાદિક અવતાર મૂર્ત્તિઓનું પ્રેમથી મનોમય ધ્યાન ભજન કરી, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, પોતપોતીકા નિરાકાર પરમાત્મસ્વરૂપનું સ્મરણ કરનારીઓ વેશ્યાઓ એટલે કલાવંતિણીઓ જે તેપણ ક્ષમા પામશે તથા તરશે, એને પ્રમાણ છે જુવો શ્રીમત ભાગવત એકાદશ સ્કંધ અધ્યાય ૮ માએલા ૨૨ બાવીસમા શ્લોકથી ૪૩ ત્રેતાળીસ શ્લોકસુધી, પિંગલા વેશ્યા એટલે પિંગલા નાયકણ, કિંવા કસબણ, જે તેહેનું તારણ પશ્ચાત્તાપે કરી વિચાર કરવાથી થયું, તે કથાછે, " શ્લોક ૨૨ પિંગલાનામવેશ્યાસીદ્વિદેહનગરેપુરા ॥ તસ્યામેધિક્ષિતંકિંચિન્નિબોધનૃપનંદન ॥ શ્લોક ૪૩ આશાહિપરમંદુઃખંનૈરાશ્યંપરમંસુખં ॥ યથાસંછિદ્યકાંતાશાંસુખંસુષ્વાપપિંગલા " ॥ એનો અર્થઉપર લખ્યો તેઓ છે.

૪. કપટીયે, સાધૂનો વેષ લીધો તેથી તે સાધૂ થયો કેશું? તથા સાધૂએ ક્રોધ લોભની મુદ્રા દેખાડિઓ તેથી તેનું બોધુપણું જઇ, તે ધૂતારો થયો કે શું? વિચાર કરો; હે ભાઇઓ, સમાગમવિના, સાચાની ખબર પડેનહીં વાસ્તે સમાગમ કરી જુવો, નિંદા સ્તુતી કરવી અમસ્તી છે, તથા ચોરને, અપૂર્ણ કામથી ક્રોધ આવેછે, તે ક્રોધની તથા ભજનમાં વિઘ્ન થવાથી સાધૂને ક્રોધ આવે છે તે ક્રોધની એવી બેઉના ક્રોધની તુલના કરી છતાં, તેમાં મહદંતરછે.

૫. સમષ્ટીરૂપ ઈશ્વરે, લોઢું, સોનું, રૂપું, ઇત્યાદિ નિર્માણ કર્યું છે, પણ તે માંટી, પથરા, એઓના પેટમાંથી ગાળીકાઢિયે તો મળશે, નહીંતો મળવાનું નહીં, એમ દાખલા પ્રમાણે નિરાકાર પરમેશ્વર સર્વ ઠેકાણે ભરેલો છે, પણ આપણા દેહમાએલા અહંપણું ધરનારા જ્ઞાનને, શોધી ગાળી, જે જોશે, તેહેને નિરાકાર પરમેશ્વરજ આપણે છૈયે એવી ભાવનાથી નિરાકાર પરમેશ્વર મળશે. કારણ માંટીમાંથી, ધાતૂ વગેરે શોધી કાઢવા પ્રમાણેજ પોતપોતાનું અહંપણું ધરનારા જ્ઞાનરૂપમાંથી, નિરાકાર દેવને, એટલે આપણે આપણું અહંપણું ધરનારા આત્મરૂપ પેહેલાના એટલે જ્ઞાનરૂપ પેહેલાના પરમાત્મરૂપને, શોધી કાઢવું.

૬. અગ્નિ છે પણ કાષ્ટાદિક ઉપાધીવિના, અથવા સૂર્ય વગેરે ગોલરૂપી ઉપાધીવિના દૃશ્ય નથી, તેપ્રમાણેજ સમષ્ટીરૂપ ઈશ્વર, સર્વગુણ સંપન્ન છે, પણ તેહેના ગુણ, તેણે રામકૃષ્ણાદિક અવતારરૂપી શરીરોપાધીયે દેખાડ્યા, ત્યારે ખબર પડ્યા. વાસ્તે જેહેને અગ્નીના ગુણ જોઇયે, તેણે કાષ્ટની અથવા તેલ, દીવેટ, વગેરેની યોજના કરી, અગ્નીના ગુણ જોવા, તેપ્રમાણેજ જેહેને સમષ્ટિરૂપ ઈશ્વરના ગુણ જાણવાની ઇચ્છા હોય તેણે રામકૃષ્ણાદિક અવતાર મૂર્ત્તિઓ બનાવી મનથી તે મૂર્ત્તિઓ પ્રમાણે, ધ્યાન તથા માનસપૂજા કરવાનો નિયમ, ઘણી પ્રિતીથી રાખવો, એટલે ઈશ્વરના ગુણો, જાંણવામા આવશે.

૭ ક્ષત્રીય તથા વૈશ્ય એ બેજ વર્ણોને, વેદ શીખવાનો, તથા વેદોક્ત કર્મો કરવાનો, અધિકાર છે એ બાબત યજુર્વેદ માંએલી આપસ્તંભ શાખામાં, બ્રાંહ્મણ કરીને જે

ગ્રંથછે તે ગ્રંથમાં. કહેલું છે, જુવો બ્રાંહ્મણ ગ્રંથના, પેહેલા અષ્ટકના, પેહેલા અધ્યાયમાએલા, બિજા અનુવાકમાં છે, કે, "વસંતાબ્રાહ્મણોગ્નિમાદધીતાવસંતોવૈબ્રાહ્મણસ્યર્તુઃ સ્વએવૈનમૃતાવાધાયાબ્રહ્મવર્ચસીભવતિગ્રીષ્મેરાજન્યમાદધીતાગ્રીષ્મોવૈરાજન્યસ્યર્તુઃસ્વએવૈનમૃતાવાધાયાઇંદ્રિયાવીભવતિ,શરદીવૈશ્યમાદધીતાશરદ્વૈવૈશ્યસ્યર્તુઃસ્વએવૈનમૃતાવાધાયા" ॥ એપ્રમાણે વેદોક્તકર્મો ત્રંણે વર્ણને છે, તથા શૂદ્રવર્ણ, એટલે ત્રંણે વર્ણમાં મેળવવા યોગ્ય નથી, એવા તે મૂર્ખ માણસોનો વર્ગ; હવે બ્રાંહ્મણ ગ્રંથમાના, ત્રિતીય અષ્ટકમાએલા, અધ્યાય બારમો અનુવાક અધ્યાયના શેવટનો, "ઋગ્મ્યોજાતંવૈશ્યવર્ણમાહુઃયજુર્વેદંક્ષત્રિયસ્યાદુર્યોનિં, સામવેદોબ્રાહ્મણાનાં પ્રસૂતિઃપૂર્વૈપૂર્વૈબ્ર્યોવચએતદૃચુઃ" ॥ અસ્તુ. એ ઉપરની શ્રુતી ઉપરથી, ક્ષત્રિય તથા વૈશ્ય, એવર્ણના માંણસોને, વેદ શીખવાનો, તથા અગ્નિની પૂજા વગેરે કર્મ માર્ગનો, અધિકાર છે. વાસ્તે એ શ્રુતી ઉપર લક્ષ આપી વરતવું, તથા એપ્રમાણેજ વેદમાં ઘણી શ્રુતીઓ છે, તથા ઋગવેદની, આશ્વલાયન શાખામાએલા, ગૃહ્યસૂત્ર, અધ્યાય પેહેલો, ખંડ અઢારમું, જનોઇ કરવાનો પ્રકાર, "અષ્ટમેવર્ષેબ્રાહ્મણમુપનયેત,ગર્ભાષ્ટમેચૈકાદશેક્ષત્રિયં,દ્વાદશેવૈશ્યં, ॥ આષોડશાદ્બ્રાહ્મણસ્યાનતીતઃકાલ,આદ્વાવિંશાત્ક્ષત્રિયસ્ય,ચતુર્વિંશાદ્વૈશ્યસ્ય" એપ્રમાણે ત્રણ વર્ણોને વેદોક્ત કર્મનો અધિકાર છે.

૮. મા, બાપ, ભાઇ, ભોજાઇ, સાસુ, સસરો, ભ્રતાર, બાયડી, દેર, સાળો, દેરાણી, જેઠાણીયો, જમાઇ, નણંદો, સોકમાશી, માસો, માંમો, મામી, કાકો, કાકી, ઇષ્ટ, મિત્ર,

ધણી, ચાકર, ગુરૂ, શિષ્ય, પિતામહ, પિતામહી, ગૌશાળા, વાડી, ગાડી, ઘોડી, પાડો, પાડી, ખેતર, વતન, રાન્ય, હુકુમત, ધન, ધાન્ય, અલંકાર ભૂષણ, વસ્ત્ર, પ્રાવરણ, ઘર, આબૂ, પુસ્તક, માન, ઇંદ્રિઓ, વિષય, શક્તી, વક્તી, ઈત્યાદિ સર્વનો સંહાર થતો ચાલ્યો, અથવા ઘણો ખરો થયો, તથા શરીર ઉપર, રગતપીતી વગેરે રોગ નિર્માણ થયા, તથા કેદમાં નાખી, શત્રુઓ યાતના કરવા લાગ્યા, ઉદક અન્ન વસ્ત્ર મળે નહીં એવું થયું, પ્રળયમાં મુંઝ વણનો માર થવા લાગ્યો, તથા દેવનો દૃષ્ટાંત, સ્વપ્નમાં પણ થાતો નથી; પણ જાગૃત સ્વપ્નમાં યાતનાજ થવા લાગિયો, તથા સત્સમાગમ પણ નહીંસો થયો, ઈત્યાદિ સર્વ અનર્થો, કદાક એકદમ આવી પ્રાપ્ત થયાં, તોપણ, રામકૃષ્ણ ઇત્યાદિ અવતારી પુરૂષો ઉપરનો, તથા સંત સજ્જન ઉપરનો, અને અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના પોતપોતાના નિરાકાર સ્વસ્વરૂપ ઉપરનો, ઇત્યાદિ વેદોક્ત ધર્મ ઉપરનો નેહનો પ્રેમયુક્ત ભક્તિભાવ નષ્ટ થાતો નથી, તેજ સાચો સંત, સાધુ, તથા તેજ સાચી પતિવ્રતા, સતી, તથા તેઓનીજ ઈશ્વરને યાદ છે, તથા તેઓનેજ ઈશ્વરનો પ્રેમ એટલે ભક્તી છે; વાસ્તે ઓ લોકો, "બોલ બોલતાં મોઢું મકલાય, પણ પ્રસંગે ફિશારી પેશીજાય" એ પ્રમાણે કરશો તો ફજેતી છે.

૯ જેહેને ઇષ્ટફલ પ્રાપ્તીનો હર્ષ તેહેનેજ અનિષ્ટફલ પ્રાપ્તીનો ખેદ, એવો ન્યાય છે. તે નહોય, તો તે નથી.

૧૦ જે સંકટની વખતે, ઈશ્વરને ગાળો આપેછે તથા દેવની, અને સાધુઓની સેવાકરી, અને ઘરમાં પુસ્તકો વાં-

ચ્યાં તેથીજ સંકટ આવી પડ્યું એવું માને છે, તે સ્ત્રિ પુરૂષ દેહધારી જીવાત્મા, વિષયનો પુર્ણ ભક્તછે, અને ઈશ્વરનો અપૂર્ણ ભક્તછે એવું ન્યાયથી ઠરેછે.

૧૧ ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, એ ત્રિકાળ જ્ઞાનનો, પરમાર્થની સાથે, મુખ્ય પણાયે કરી, સંબંધ નથી. વાસ્તે ત્રિકાળજ્ઞાન કેહેનારા પાસે, હું તરીશ કે નહીં, એવું કોઈયે પુછવું નહીં, અને કદાક, અજ્ઞાનીયે પૂછયુંજ તો, ત્રિકાળ જ્ઞાનીયે કેહેવું કે, ઈશ્વરની ભક્તી કર, તું તરીશ કારણ જેહેના સ્વાધીન ત્રિકાળજ્ઞાન, તે તારનારો, ઉપદેશક ઈશ્વર સ્વતંત્ર છે, તે તારશે.

૧૨ કાતરવાની ઇચ્છા સારૂ, કાતરકરી, તે કાતરવાના ઉપયોગમાં ન લગાડતાં, જમીન ખોદવાના ઉપયોગમાં લગાડી તો, આશ્ચર્ય છે પણ કાતરવાના ઉપયોગમાં લગાડી તો આશ્ચર્ય નથી. એ દૃષ્ટાંત પ્રમાણેજ, જે શરીરના યોગેકરી ઉત્તમ ગતી પ્રાપ્ત થાય છે, તે માનવી શરીરેકરી, તરવાના ઉપાયનો રસ્તો લીધો તો આશ્ચર્ય નથી. કારણ માનવી શરીરની તરવાના ઉપાય સારૂજ યોજના છે, પણ તરવાના ઉપાયની તરફ ન લગાડતાં, વિષય ભોગની તરફજ, માનવી શરીર ખરચ કર્યું, તોમાત્ર આશ્ચર્ય છે, એ કાતરના દાખલાથી સમજવું.

૧૩ વેદોક્ત ધર્મમાં, બ્રહ્મદેવ ઇત્યાદિ ઋષીઓએ, ચોરી કરવી નહીં, તથા જારકર્મ કરવું નહીં, તથા હિંસા કરવી નહીં. એટલે પ્રાણિમાત્રોને મારવું કિંવા ઇજા દેવી નહીં, એપ્રમાણે ઘણીપ્રકારની ઉત્તમ નીતિઓ કહેલી છે, તથા અતિશય, સાચું અસ્તિકપણું દેખાડ્યું છે, તે

પ્રમાણે તો મ્લેચ્છોનાં મતપુસ્તકોમાં, આસ્તિકપણું, તથા સુનીતિ, મૂળેજ નથી, એવું છતાં, મ્લેચ્છ મતવાદી લોકો, વેદોક્ત ધર્મના લોકોને, મ્લેચ્છ બનાવવાની નીતિ, એટલે અનીતિ, કેહેવાની હામ રાખે છે તો, તે મૂર્ખ નથી કે શું? હા, તે મૂર્ખજ છે, કારણ, જેહેને સુનીતી ખબર છે, તેહેને અનીતીની દરકાર નથી. તે પ્રમાણેજ વેદોક્તધર્મમાએલા લોકોને, વેદોક્તધર્મ પુસ્તકોમાં, ઘણી સુનીતી કહેલી છે, તથા અતિશય અસ્તીક વિચારો જણાવ્યા છે. વાસ્તે વેદોક્તધર્મના લોકો, મ્લેચ્છ મતોમાં પેશી, નીતિવાળા થશે એવું નથી. ઉલટા મ્લેચ્છોના મતોમાં પેસવાથી, મદ્યમાંસ ભોજી, તથા હિંસક એવા અનીતિમાન માલ થાશે, અને નરકમાં જાશે, વાસ્તે, મ્લેચ્છ મતોમાં પેસવું એતો દ્રાક્ષ ખુંકી, પથરા ચાવવા પ્રમાણે છે, તથા દાંત પડવા પથરા ચાવવા, તેમ નરકમાં તથા દુઃખમાં જવાને મ્લેચ્છ મતો સાધનો છે.

૧૪ હર એક છોકરાઓને, તથા છોકરીઓને, ખેતી કરવાની વિદ્યા, તથા પાણીમાં તરવાની વિદ્યા, તથા ઝાડઉપર ચઢવાની વિદ્યા, તથા જાહાજ ચલાવવાની વિદ્યા, તથા ગાડી, રથ હાંકવાની વિદ્યા, તથા લેખન વાંચન વિદ્યા, તથા ચિત્રો કાઢવાની વિદ્યા, તથા લાંકડાં તોડી સાફ કરવાની વિદ્યા, તથા લોઢું વગેરે તપાવી ઠોકી ઘડવાની વિદ્યા, તથા શિંવવાની વિદ્યા, તથા ઘોડા ઉપર, તથા ઊંટ ઉપર, તથા હાથ્થી ઇત્યાદિકો ઉપર બેશી, તેઓને પોતે ચલાવી, જીવ સંરક્ષણ સારૂ, હથીયારોથી લઢાઈ કરવાની વિદ્યા, તથા કુવા તથા તલાવ, તથા કિલ્લા, અને ઘરો,

વગેરે બાંધવાની વિદ્યા, તથા કપડાં બનાવવાની વિદ્યા, તથા અનેક પ્રકારના શસ્ત્રો પાત્રો કરવાની વિદ્યા, તથા પરસ્પરોઉપર પ્રીતિરાખી પરસ્પરોને મદત કરવાની વિદ્યા, તથા પ્રાણિમાત્રોઉપર દયા રાખવાની વિદ્યા અને દુષ્કાળ પડે તોય, દુષ્કાળમાં સગાળ થાય એવી તે ધાંન્યો ઉત્પન્ન કરવાની તથા સંગ્રહ કરવાની વિદ્યા, તથા જ્યોતિષ, ગણીત, તથા ઈશ્વરીગાયનવિદ્યા, અને શ્રમ કરવાની ટેવ પાડવાની વિદ્યા, તથા તરવાના ઉપાય સારૂ ઇંદ્રિયો તથા મન સ્થીર રાખવાની કર્મ, તથા ઉપાસના કાંડ પ્રકરણની વિદ્યા, તથા પોતપોતાને શરીરમાએલા, તથા પ્રાણવાયુમાએલા, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાં, આપણે નિરાકાર છૈયે, એવું વિચારથી જાણી, નિશ્ચયકરી રેહેવાની, અને વેદાંત શાસ્ત્રપ્રમાણે આત્મજ્ઞાની થઈ તરી જવાની, સર્વ વિદ્યા, માએલી મૂખ્ય શ્રેષ્ઠ રાજવિદ્યા, એટલે અધ્યાત્મ વિદ્યા, ઇત્યાદિ સર્વ વિદ્યાઓ, મનુષ્ય માત્રોને અવશ્ય શિખવીઓ, અને જો, એ સર્વ વિદ્યાઓ, પૂર્ણ ન આવડેતો, થોડોથોડો, ઉપર કહેલી સર્વ વિદ્યાઓનો અભ્યાસ કરાવવો, એટલે એવી વિદ્યાઓથી, મનુષ્યજન્મ, જેટલા ઉપયોગ સારૂ જીવાત્માએ ધારણ કર્યો છે, તેટલા ઉપયોગો, જીવાત્માના અનુભવમાં આવે છે, એથી તેનું માનવી શરીર ધર્યા પ્રમાણે સાર્થક થાયછે, વાસ્તે, આ સર્વ વિદ્યાઓ અવશ્ય શિખાવવીઓ.

૧૫ પરસ્ત્રીનો સંગ દુષ્ટ પરિણામી છે, તેથી પાતકરૂપ એવો સમજવો, અને, જે પતી વિનાની સ્ત્રીનીસાથે સંગ કરવો હોય, તેહેની સાથે બેલાશક લગન કરવું, તથા સ્ત્રિયો-

એ પણ, ભ્રતાર મુવો છતાં, બિજો ભ્રતાર કરવો, પણ, પુરૂષનો સંગ થયા પેહેલાં, જેહેનો, ભ્રતારગત થયો, અથવા વ્યર્થ ગયો, તે સ્ત્રીનું, ફરી લગન કરવું, તે પુનર્વિવાહ નથી, પણ પ્રથમ વિવાહપ્રમાણે છે. એવું સમજવું, તથા એ પ્રશસ્ત પક્ષ છે. અસ્તુ. સ્ત્રિયોના હાથથી મરવાનો અંદેશો આવ્યા વિનારીતીએ, જે મરણ પાંમ્યો, તેહેની સ્ત્રિયે, પુનર્વિવાહ, મરજી હોયતો કરવો, સારાંશ, ભ્રતારગત થયાં પછી, બિજો ભ્રતાર કરવો એ પાતકકર્મ સમજવું નહીં, પણ મનમાં ઝુરવું, તથા ચોરીથી જારકર્મ કરવું એમાત્ર પાતક પરિણામી કર્મ છે તથા તે ઈશ્વર ભક્તિમાં વિઘ્નરૂપ થઇ, આત્મજ્ઞાન ન થવાથી, વારંવાર જન્મ મરણના ફેરામાં પાડવાને કારણ થાશેજ થાશે.

૧૬ સ્ત્રિઓયે, એક પુરૂષના સમક્ષ બિજા પુરૂષને જોઇ થુંકવું, અથવા મસ્કરી કરવી, અથવા મેણું મારવું કિંવા એક પુરૂષની પાસે, પ્રીતિના શબ્દો, તે બિજા પુરૂષને છુપાવી, તેહેની સમક્ષજ બોલવા, અથવા જેહેની આપણને પ્રીતિ નથી, તેહેના દેખતાં, બિજાપાશે સમાગમ કરવાના, નેત્રોએ, હાથ પગોએ, શબ્દોએ સાડીના છેડાયે, પારકાની સાથે ભાષણકરવું તેમાએલી લટક ઝટકથી, ઈત્યાદિ પ્રકારે કરી સાંકેતિક ઠરાવ કરવો, તથા પુરૂષોમાં પરસ્પર તંટા લગાડવા, એવાં કર્મો કરવાં નહીં, કારણ, એ સર્વજ કર્મો, ઉભયતાઓના પ્રાણાંત અનર્થના મૂળો છે.

૧૭ સ્ત્રિનું વ્યસન પુરૂષને, તથા પુરૂષનું વ્યસન સ્ત્રિને, છેજ છે. વાસ્તે સ્ત્રી પુરૂષોનાં જોડાં જોઇયે, ઘણું કરી, કોઇએ, અકેલું ન રેહેવું અને મેહેનત કરી નિભાવ કરવો,

કોઇએ કોઇઉપર નિભાવનો ભાર નાખવો નહીં. તથા સ્વસંતોષથી અનાથોનું પોષણ કરવું, અને વેદોક્તધર્મ ઘોતકોને, આશ્રય આપવો.

૧૮ સૃષ્ટિ નિયમોમાં સ્વપ્નો પડવાં, એ કિમર્થ નિર્મ્યું છે, એનો વિચાર કર્યો તો, એ સ્વપ્નની અવસ્થાથી સર્વત્ર ઈશ્વરના ગુહ્ય વિચારોના માર્ગ જાણવામાં આવે છે. પણ સ્વપ્નો સારાં પડવાનાં સાધનો, મૂર્ત્તિપુજનાદિક છે, એવું સમઝવું, અને તે સાધનો કરવાં.

૧૯ નીચકર્મોના યોગથી, જે ગામના બાહેર રહી, વધારે વધારે નીચકર્મો કરે છે, એવાતે નીચ અવસ્થામાએલા માણસોને એટલે અતિશુદ્રો વગેરેને, એવું બોલવું નહીં, કે તમે નીચછો તમે નીચ છો, કારણ એવું નિત્ય તેઓને બોલવા લાગીએ, એટલે તે વધારેજ નીચ થાય છે, વાસ્તે, ભૂદેવ જે શ્રેષ્ઠ બ્રાંહ્મણો, તેઓએ, નીચ અવસ્થામાએલા માણસોને, ઉત્તમ સ્વભાવ અભ્યાસવીને તેઓને નીચ પદવીમાંથી મુક્ત કરી, ઉત્તમ પદવીમાં લાવવા, કારણ નરદેહ એ ઉત્તમપદવી મેળાવવાને યોગ્ય છે, અને બ્રાહ્મણોએ, એજ આપણું મુખ્ય કૃતકર્મ છે એવું સ્મરવું, હવે, એ, તેઓને, માતાને બાલક સુચના આપે છે, એ પ્રમાણે સ્મરણ આપ્યું છે. કારણ મારા માતા પિતા ચિત્તપાવન બ્રાહ્મણ, તથા મારા શરીરની, ઉત્પત્તી થકે ગણના, બ્રાંહ્મણ વર્ણમાં, શ્રેષ્ઠ પણાયે છે, તેથી સર્વ બ્રાંહ્મણો મારા, માબાપ છે; તેથીજ હું પણ નિર્ભયપણાથી બોલ્યો.

૨૦ લાહોર, મુલતાન, કાશ્મીર, પંજાબ, નેપાળ, બંગાલા, અયોધ્યા, અંતર્વેદ, મારવાડ, સિંધ, કચ્છ, કા-

ઠીયાવાડ, ગુજરાત, મેવાડ, માળવા બુંદેલખંડ, આંવઢ્યા જગંનાથ. ઇત્યાદિ દેશોમાએલા બ્રાંહ્મણ લોકો એ, વેદાધ્યન મુદલ કરતા નથી, એથી તે દેશોમાએલા લોકોને વેદ એટલે શું, એ વિસ્મરણ થવાની પેઠેન થયું છે, વાસ્તે એ ઉપર લખેલા. ઇત્યાદિ સર્વ દેશોમાએલા રાજાઓએ, એવો નિયમ કરવો કે, જે બ્રાહ્મણ વેદાધ્યયન કરવાની પરિક્ષા આપે, તેહેને અમુક દક્ષણા દરવરશે, મળશે, પછી તે પંચ ગૌડ અથવા પંચદ્રવીડ, એમાંથી કોઈપણ હોય, તેઓની યોગ્યતા એક સરખીન છે. પણ શક્તી છતાં ભીખ માગવી, એ માણસમાં ન જોઇએ, ઇત્યાદિ એ નિયમોથી, વેદનો નાશ થાશે નહીં. તથા વેદનો નાશ નથી ત્યાંહાંસુધી વેદોક્ત ધર્મનો નાશ થવાનો નહીં, તથા વેદોક્ત ધર્મ હોવાથી, મતોનું જોર ચાલતું નથી, અસ્તુ. હવે ઉપર લખેલા સર્વ દેશોમાએલા રાજાઓએ એવું કરવું કે, જે જે, મ્લેચ્છ લોકોએ, જુલમથી, ઉપર લખેલા દેશોમાં, ફારસી લીપીમાં, રાજકીય કાગળપત્ર ચલાવવા, એવી ચાલ પાડી, તેવીજ તેઓએ પોતાના, સન, ચલાવવાની ચાલ નાખી, તે ચાલ એકદમ ભાંગી પાડવી, અને દેવનગરી લીપીમાં, અથવા તેહેનીજ અંગભૂત જે મોડી લિપી, એ બેહુ લીપીમાં, રાજકીય કાગળ પત્રો ચલાવવા, અને યુધિષ્ટિર, વિક્રમ, શાલિવાહન, એઓના શક, કાગળ પત્રોમાં લગાડવા એટલે રાજકીય કામો સર્વજ લોકો ચલાવવાને શક્તિમાન થાશે, અસ્તુ. એ નિયમે કરી રાજાયે વરતવું, અને વેદોક્તધર્મનું રક્ષણ કરવું, તથા સર્વ દ્વિપોમાએલાં કલાકૌશલ્યો, સર્વદ્વિપોમાએલા, સર્વ દેશોમાં ચાલુકરવાં, અને સર્વ દ્વિપોમાએલા લોકોની સાથે મૈત્રી રાખી વેદોક્તધર્મનું રક્ષણ કરવું, તથા જબરજસ્તીથી પણ વેદોક્તધર્મનું રક્ષણ કરવું.

૨૧ જગત મિથ્યા શીરીતે, તો, જેમ, મટકાને માંટી ઉપાદાન કારણછે, તેમ, જે, આ સૃષ્ટીનું ઉપાદાન કારણ, શાશ્વત બ્રહ્મછે. તે ઉપાદાન કારણજ, નિરાકારના એક અચલ એવા સર્વ ઠેકાણે ભરેલા અસ્તિત્વ ધારણાયે કરી મિથ્યા સમજવું. એજ સૃષ્ટી મિથ્યા સમજવાનું મર્મ છે. સારાંશ, મોથી, સૃષ્ટીમિથ્યા કેહેછે તે સાચુંનછે; પણ તે, સૃષ્ટીનું ઉપાદાન કારણ મિથ્યા છે, એવું સમજતા નથી, તે ભૂલ્યા વાસ્તે, ઓ ભાઇઓ, આ સૃષ્ટીનું ઉપાદાન કારણ મિથ્યા છે, એવું વેદાંત શાસ્ત્રના આધારે કરી પ્રથમ સમજો, પછી સૃષ્ટિ મિથ્યા છે એવું કહો.

૨૨ નિરાકાર તત્વરૂપી પરમાત્મા, એ જગતને જાણતો નથી, કારણ. જો નિરાકાર તત્વરૂપી પરમાત્મા એ, જગતને જાણતો હોયજ તો, જગત જે જગ્યાઉપર છે તે જગ્યાઉપર, દ્રષ્ટા દ્રશ્ય સ્થાનનાવિશે નથી હોતો, એ ન્યાયેકરી નિરાકાર એ, જગતની જગ્યાઉપર, નહોવો જોઇએ; પણ નિરાકાર તત્વવિના, જગતનું અસ્તિત્વ રેહેવાને, ખાલી જગોજ નથી, તેથી નિરાકાર પરમાત્માને, જગતનું અસ્તિત્વ ખબર નથી, કેમકે વંધ્યાની કંન્યાને, વંધ્યા પુત્રે વરી, એ વંધ્યા પુત્રોએ જોયું, તેહેનીપેઠે જગત, તથા જગતને જાણનારૂં જ્ઞાન છે, અસ્તુ. હવે, જે આપણને એટલે શરીરસ્થ આત્માને અથવા સમષ્ટિ ઈશ્વરને (જગતની ખબર પડેછે, તે આપણે, નિરાકાર પરમાત્માતત્વ નથી તેથી જ

ગત જાણવામાં આવે છે, હવે શરીરસ્થ આત્મારૂપી આપણે, તે આપણે જગતને જાણીયે છૈયે, એથી નિરાકાર તત્વ નથી એવું સિદ્ધ થયું, વાસ્તે નિરાકારથી જુદા આપણે એવું ઠર્યું, અને નિરાકારના એક સર્વત્ર ભરેલા અસ્તિત્વમાં તો બિજું અસ્તિત્વ રેહેતું નથી, એ ન્યાયથી, આપણે જે નિરાકાર તત્વમાં, બિન્ન પણાથી રેહેનારા, તે આપણે નથીજ, એવું થયું, જુઓ. કાગળ હોયછે તેઠેકાણે અક્ષરો નથી હોતા, પણ કાગળના આધારે કરી અક્ષરો હોયછે. તે પ્રમાણેજ, આકર્ષણ શક્તી કારણ જન્ય, પરમાણું કાર્ય, જે સ્થાનક ઉપર છે, તે સ્થાનકે, પોલાણ પણું નથી અને પોલાણ પણું જે સ્થાનકે છે, તે સ્થાનકે પરમાણુંપણું નથી, એ કાગળ અક્ષરોનાં ન્યાયે કરી સમઝાણું, અને જો કાગળ નાશ પામ્યો, તો, તદાધાર અક્ષરો નથી. તે પ્રમાણેજ, નિરાકારના સર્વત્ર ભરેલા અસ્તિત્વમાં, કાગળસ્થાનાપન્ન પોલાણ પણું નથી, તથા અક્ષરસ્થાનાપન્ન પરમાણું કિંવા પરમાણુંજન્ય ભૂગોલાદિક, કિંવા પરમાણુઓનું ઉપાદાન કારણ આકર્ષણ શક્તી જે તત્વની, તે તત્વ, ઇત્યાદિ નથીજ નથી; હવે નિરાકારને જગત કળાતુંજ નથી, અને શરીરસ્થ આપણને જગત કળે છે, એથી નિરાકારથકે આપણે ભિન્નલક્ષણેકરી ભિન્ન છૈયે, તે આપણે, નિરાકારના એક અસ્તિત્વમાં બિજું મિથ્યા, એ ન્યાયેકરી, નથીજ એવા થયા, વાસ્તે નિરાકાર અસ્તિત્વના પેટમાં, પોલાણની અસ્તિત્વ કલ્પના જેણે કરી, તેજ પોલાણનો કલ્પનારો, (એટલે ઉત્પન્ન કરનારો આત્મા) એ ન્યાયેકરીજ, "तस्मा दात्मनःआकाशःसंभूतः" એવું, શ્રુતીમાં છે, અસ્તુ. એવું

પદાર્થ વિજ્ઞાન શીખો. એટલે છે, નથી, પરમાણું, પોલાંણ, આકાર, નિરાકાર, સત્ય, મિથ્યા, ઇત્યાદિ જે શબ્દરૂપી પદો, તે પદોનો જે અર્થ, તે અર્થનું જે વિજ્ઞાન, એટલે અનુભવિક જ્ઞાન, તેજ પદાર્થ વિજ્ઞાન, એવું પદાર્થ વિજ્ઞાન શીખી, એવા પદાર્થ વિજ્ઞાની થાઓ, વ્યર્થ બડબડ કરશો નહીં. હવે તમે ધડાઇથી કેહેશો કે, અમે, નિરાકાર સર્વ જગ્યાહપર ભરેલો છે એવું માનશું, તો, આ જગત મિથ્યા કેહેવાને સાચું કેહેશું, પણ તેવું કયાંહાં, તો ઓ ભાઇઓ, આકારની જે પરિમેયતા, તે પરિમેયતાની બાહેર, કાંઇપણ આકારથી વિરૂદ્ધ છે, એવો અનુભવ આવેછે, એથી આકાર વિરૂદ્ધ નિરાકાર, એ માનવું, તમારા મનનાગળે વળગે છે, અને નિરાકારના અસ્તિત્વમાં બિજું સર્વ મિથ્યા થાય છે, તેથી દોંગાઈ ચાલતી નથી.

૨૩ મોટા મેદાનમાં વધેલું કાંટાનું ઝાડછે, તે મેદાનમાં, જેહેના પછવાડે વરૂઓ લાગેછે તે, તે ઝાડઉપર ચઢી. પોતાનો બચાવ કરેછે, અને ઝાડનો ઉપયોગ સમઝે છે, પણ તે ઝાડ, તે આશ્રય લેનારાને જાણતું નથી આ દૃષ્ટાંતમાએલા, કેટલાક દેશો, દ્રાષ્ટાંતની તરફ લેવ, એટલે જન્મ મરણ રૂપી ફેરા ખાવા એજ વરૂઓ, એઓને દૂર કરવાસારૂ નિરાકાર સ્વસ્વરૂપનો આશ્રય, જો કે નિરાકારે જગતને ન જાણ્યું, તોપણ ધરવોજ જોઈએ.

૨૪ કોઇ કોઇ, પૂર્ણબોધ ન જાણી, બોલેછે કે, જો જગત મિથ્યા એવો તમારો સિદ્ધાંત છે. તો તમારો દેવ મિથ્યા, તથા ભક્તિમિથ્યા, તથા તમો તથા તમારૂં સર્વ મિથ્યા, પછી તમારો ઉપદેશ પણ મિથ્યા, વગેરે બોલી, ખડખડ,

હાહા હાહા કરી જડમુંકાડી હશેછે, અને પોતાને શ્રેષ્ટમાનેછે, પણ, તેઓવિચાર કરશેતો સમઝશે કે, અમારૂં હસવું મૂર્ખપણાનું છે, કારણકે, શરીરના પરમાણું થઈ ઉડ્યા પછી, શરીર પરમાણું રૂપછે એવું બોલવાને આધારજ નથી, વાસ્તે શરીર સાબીત છતાંજ, જુદાજુદા પરમાણું મળી શરીરછે એવું કલ્પવું, અને વ્યવહાર ધંધા કરવા; તેપ્રમાણેજ જગત, તથા આપણું શરીર, તથા શરીરસ્થ આપણે છતાંજ, આપણું શરીર, તથા શરીરસ્થ આપણે, તથા જગત મિથ્યા છે, એવું નિરાકાર તત્વના વિચારે કરી સમઝવું, અને વ્યવહારનાં કાંમકાજ, તથા ઉપદેશ, તથા દેવભક્તપણું ઈત્યાદિ વ્યવહાર, એ, મિથ્યાનો સત્યભાસ લાગેછે, તેજવા સારૂ, સાધનાર્થે ચલાવવા, અને એવું અનુભવવું કે, મોકળા ફરનારા પરમાણું તો, વ્યવહાર ધંધા જાણતા નથી, તેથી પરમાણું રૂપ જગત નથી કે શું? તેમજ વ્યવહાર તથા પરમાર્થ, મિથ્યાપણાયે ચાલતો નથી, તેથી નિરાકાર તત્વના વિચારથી જગત મિથ્યા નથી કે શું? હાહા! જગત મિથ્યાછે, તથા નિરાકાર સત્ય છે.

જ્યોતિષ શાસ્ત્રમાએલા નામો તથા સિદ્ધાંતો.

પ્રકરણ ૯.

૧ પ્ર૦ તિથિઓનાં નામો કિયાં?

૨ ઉ૦ ૧ પ્રતીપદા ૨ દ્વિતીયા ૩ ત્રિતીયા ૪ ચતુર્થી ૫ પંચમી ૬ ષષ્ટી ૭ સપ્તમી ૮ અષ્ટમી ૯ નવમી ૧૦ દશમી ૧૧ એકાદશી ૧૨ દ્વાદશી ૧૩ ત્રયોદશી ૧૪ ચતુર્દશી ૧૫ પૌર્ણિમા ૩૦ અમાવાસ્યા એ તીથિઓના નાંમો છે.

૩ પ્ર૦ વાર કેટલા તથા તેઓનાં નામો, કીઆં.

૪ ઉ૦ વાર સાત તથા તેઓનાં નામો, ૧ આદિત્યવાર ૨ સોમવાર ૩ મંગળવાર ૪ બુધવાર ૫ બૃહસ્પતવાર ૬ શુક્રવાર ૭ શનિવાર, એમધ્યેન આદિત્યવારને રવીવાર, તથા સોમવારને ઇંદુવાર, તથા મંગળવારને ભૌમવાર, તથા બુધવારને સૌમ્યવાર, તથા બૃહસ્પતવારને ગુરૂવાર, તથા શુક્રવારને ભૃગુવાર, તથા શનિવારને મંદવાર, ઇત્યાદિ નાંમોછે. અને સૂર્યના પ્રકાશવિના, ચંદ્ર, શુક્ર, ઇત્યાદિ પર પ્રકાશી ગ્રહોનું દર્શનજ થાવાનું નહીં, પછી ગણિત શાનૂ, એસારૂ, ગણિત વિદ્યાને મુખ્ય કારણ સૂર્ય ગોલાદિક સાત ગોલ કલ્પ્યાછે, તેથી પ્રથમ સૂર્ય વાર, પછી ચંદ્રવાર, એવી ગણના કરી.

૫ પ્ર૦ નક્ષત્રોનાં નામો કિયાં તથા તેઓની સંજ્યા કટલી?

૬ ઉ૦ ૧ અશ્વિની ૨ ભરણી ૩ કૃત્તિકા ૪ રોહિણી ૫ મૃગશીર્ષ ૬ આર્દ્રા ૭ પુનર્વસુ ૮ પુષ્ય ૯ આશ્લેષા ૧૦ મઘા ૧૧ પૂર્વા ૧૨ ઉત્તરા ૧૩ હસ્ત ૧૪ ચિત્રા ૧૫ સ્વાતી ૧૬ વિશાખા ૧૭ અનુરાધા ૧૮ જ્યેષ્ઠા ૧૯ મૂળ ૨૦ પૂર્વાષાઢા ૨૧ ઉત્તરાષાઢા ૨૨ શ્રવણ ૨૩ ધનિષ્ઠા ૨૪ શતતારકા ૨૫ પૂર્વાભાદ્રપદા ૨૬ ઉત્તરાભાદ્રપદા ૨૭ રેવતી, એવીરીતે, નક્ષત્રો ૨૭ સત્તાવીસ છે.

૭. પ્ર૦ યોગોની સંખ્યા કેટલી તથા નામો કીયાં ?

૮. ઉ૦ યોગ સત્તાવીસ છે, તેઓના નામો, ૧ વિષ્કુંભ ૨ પ્રીતિ ૩ આયુષ્માન્ ૪ સૌભાગ્ય ૫ શોભન ૬ અતિગંડ ૭ સુકર્મા ૮ ધૃતિ ૯ શૂલ ૧૦ ગંડ ૧૧ વૃદ્ધિ ૧૨ ધ્રુવ ૧૩ વ્યાઘાત ૧૪ હર્ષણ ૧૫ વજ્ર ૧૬ સિદ્ધિ ૧૭ વ્યતીપાત ૧૮ વરીયાન ૧૯ પરિઘ ૨૦ શિવ ૨૧ સિદ્ધ ૨૨ સાધ્ય ૨૩ શુભ ૨૪ શુક્લ ૨૫ બ્રહ્મા ૨૬ ઐંદ્ર ૨૭ વૈધૃતિ એવી રીતે, યોગ, સત્તાવીસ છે.

૯ પ્ર૦ એતિથિઓ, વાર, નક્ષત્રો, યોગ, એકએક, કેટલા કેટલા કાળ ભોગવે છે ?

૧૦ ઉ૦ વાર, એ સૂર્યોદય થકે, બિજા દિવસના સૂર્યોદય સુધી, એક દિવસરાત્ર ભોગવે છે, પણ તિથિ, નક્ષત્રો, અને યોગ, એ તેવા નથી, એ ત્રણે પોતાના પ્રારંભના વખતથી, આસરે ૬૦ સાઠ ઘડી ભોગવે છે, પણ કદીકદી, સાતઆઠ ઘડીસુધી, અધીક તથા ઓછો પણ ભોગવે છે.

૧૧ પ્ર૦ કરણો કેટલાં, અને કેવીરીતે ભોગવે છે, તથા તેઓનાં નામો કિયાં ?

૧૨ ઉ૦ કરણો ૧૧ અગ્યાર છે. અને તે, તિથિ-

ઓના અર્ધા વખતના ભોગવનારા છે. તેઓનાં નામો, ૧ બવ ૨ બાલવ ૩ કૌલવ ૪ તૈતીલ ૫ ગિર ૬ વણીજ ૭ ભદ્રા ૮ શકુની ૯ ચતુષ્પદ ૧૦ નાગ ૧૧ કિંસ્તુઘ્ન.

૧૩ પ્ર૦ બાર માસોનાં નામો કીયાં ?

૧૪ ઉ૦ ૧ ચૈત્ર ૨ વૈશાખ ૩ જ્યેષ્ઠ ૪ આષાઢ ૫ શ્રાવણ ૬ ભાદ્રપદ ૭ અશ્વિન ૮ કાર્તિક ૯ માર્ગશીર્ષ ૧૦ પૌષ ૧૧ માઘ ૧૨ ફાલ્ગુન એ બાર નામો, નક્ષત્રો ઉપરથી છે. કારણ જે મહિનાનું જે નામ. તે નામનૂંજ નક્ષત્ર, તે મહિનાની શુદ્ધ ચઉદસે, કિંવા પુનમે, અથવા, વદ પ્રતિપદાના દિવસે હોયછે એટલે, વૈશાખ વિશાખા, શ્રાવણ શ્રવણ, એપ્રમાણે.

૧૫ પ્ર૦ ઋતૂ કેટલા તથા નામો કીયાં ?

૧૬ ઉ૦ ઋતૂ ૬ છે, ૧ મિનમેષ વસંતઋતૂ ૨ વૃષભ મિથુન ગ્રીષ્મ ઋતૂ ૩ કર્કસિંહ વર્ષાઋતૂ ૪ કંન્યા તૂળ શરદ ૫ વૃશ્ચિક ધન હેમંતઋતૂ ૬ મકર કુંભ શિશિરઋતૂ અને તેઓનાં જેવાં નામો, તેવાજ હવામાં ફેરફાર છે.

૧૭ પ્ર૦ અયનો કેટલાં, તથા તેઓનાં નામો કીયાં ?

૧૮ ઉ૦ અયનો બેછે, તે એવાંકે, મકરરાશીયે સૂર્ય આવ્યાથી તે મિથુન રાસ પુરી થાય ત્યાંહાં સુધી, છ મહીના ઉત્તરાયણ. તથા કર્કરાશીયે સૂર્ય આવ્યાથી તે ધનરાશ પુરી થાય ત્યાંહાં સુધી છ માસ દક્ષણાયન, એ પ્રમાણે તેપ્રમાં બે છે.

૧૯ પ્ર૦ રાશી અથવા લગ્નો, એઓનાં નામો કીયાં ?

૧૯ ઉ૦ ૧ મેષ ૨ વૃષભ ૩ મિથુન ૪ કર્ક ૫ સિંહ ૬ તૂલ ૭ વૃશ્ચિક ૮ ધન ૯ મકર ૧૦ કુંભ ૧૧ મીન.

૨૧ પ્ર૦ સાઠ સંવત્સરોનાં નામો કીયાં ?

૨૨ ઉ૦ ૧ પ્રભવ ૨ વિભવ ૩ શુક્લ ૪ પ્રમોદ ૫ પ્રજાપતિ ૬ અંગિરા ૭ શ્રીમુખ ૮ ભાવ ૯ યુવ ૧૦ ધાતા ૧૧ ઈશ્વર ૧૨ બહુધાન્ય ૧૩ પ્રમાથી ૧૪ વિક્રમ ૧૫ વૃષ ૧૬ ચિત્રભાનુ ૧૭ સુભાનુ ૧૮ તારણ ૧૯ પાર્થિવ ૨૦ વ્યય ૨૧ સર્વજીત ૨૨ સર્વધારી ૨૩ વિરોધી ૨૪ વિકૃતી ૨૫ ખર ૨૬ નંદન ૨૭ વિજય ૨૮ જય ૨૯ મન્મથ ૩૦ દુર્મુખ ૩૧ હેમલંબ ૩૨ વિલંબ ૩૩ વિકારી ૩૪ શાર્વરી ૩૫ પ્લવ ૩૬ શુભકૃત્ ૩૭ શોભન ૩૮ ક્રોધી ૩૯ વિશ્વાવસુ ૪૦ પરાભવ ૪૧ પ્લવંગ ૪૨ કીલક ૪૩ સૌમ્ય ૪૪ સાધારણ ૪૫ વિરોધકૃત ૪૬ પરિધાવી ૪૭ પ્રમાદી ૪૮ આનંદ ૪૯ રાક્ષસ ૫૦ અનલ ૫૧ પિંગલ ૫૨ કાલયુક્ત ૫૩ સિદ્ધાર્થી ૫૪ રૌદ્ર ૫૫ દુર્મતિ ૫૬ દુંદુભી ૫૭ રૂધિરોદ્ગારી ૫૮ રક્તાક્ષી ૫૯ ક્રોધન ૬૦ ક્ષય એપ્રમાણે-જ, કાળનાં સાઠનાંમો, હોવાનું કારણ એજ છે કે, જેવું નામ, તેવુંજ, તે વર્ષનું ફળ હોય છે, પણ એ સાઠ પુત્રો હશે, એવી કલ્પના કોઇ કરશે, તેથી વંધ્યાસુત મોઢેથી હોવોમાત્ર, પણ પુત્ર વસ્તુનો અભાવ, તેજ પ્રમાણે એ નારદ સુત, એવું સમજવું, એટલે વસ્તુનો, અભાવ સમઝવું.

૨૩ પ્ર૦ સંવત્સરો, યાદ રેહેવા સારૂ, શ્લોકો છે, તે કિયાં ?

૨૪ ઉ૦ સંવત્સરોના બોધ સારૂ, શ્લોકો ૬ છે " ૧ પ્રભવોવિભવઃશુક્લઃપ્રમોદોથપ્રજાપતિઃ ॥ અંગિર ભાવોયુવાધાતાતથૈવચ ॥ ૨ ॥ ઈશ્વરોબહુધાન્યશ્ચપ્રમ મોદૂષા ॥ ચિત્રભાનુઃસુભાનુશ્ચતારણઃપાર્થિવોવ્યયઃ ॥

જિત્સર્વધારીચવિરોધીવિકૃતિઃખરઃ ॥ નંદનોવિજયશ્ચૈવજયોમન્મથદુર્મુખૌ ॥ ૪ ॥ હેમલંબોવિલંબશ્ચવિકારીશાર્વરીપ્લવઃ ॥ શુભકૃચ્છોભનઃક્રોધીવિશ્વાવસુપરાભવૌ ॥ ૫ ॥ પ્લવંગઃકીલકઃ સૌમ્યઃસાધારણવિરોધકૃત્ ॥ પરિધાવીપ્રમાદીસ્યાદાનંદોરાક્ષસોનલઃ ॥ ૬ ॥ પિંગલઃકાલયુક્તશ્ચસિદ્ધાર્થીરૌદ્રદુર્મતી ॥ દુંદુભીરુધિરોદ્ગારીરક્તાક્ષીક્રોધનઃક્ષયઃ ॥ " એ, ૬ શ્લોક, સંવત્સરો, યાદ રેહેવા સારૂ છે.

૨૫ પ્ર૦ નામના પેહેલા અક્ષર ઉપરથી, જન્મકાળનું નક્ષત્ર સમજવાની રીત, કેવી છે.

૨૬ ઉ૦ નામના પ્રથમ અક્ષરઉપરથી, જન્મનક્ષત્ર સમઝવાની રીતી, અવકહડચક્ર પ્રમાણે, એવી છે કે, ૧ ચૂચેચોલા અશ્વિની ૨ લિલુલેલો ભરણી ૩ અઇઉએ કૃત્તિકા ૪ ઓવાવિવુ રોહિણી ૫ બેબોકાકી મૃગશીર્ષ ૬ કુઘઙ·છ આર્દ્રા ૭ કેકોહાહી પુનર્વસુ ૮ હૂહેહોડા પુષ્ય ૯ ડીડુડેડો આશ્લેષા ૧૦ મામીમૂમે મઘા ૧૧ મોટાટીટુ પૂર્વા ૧૨ ટેટોપાપી ઉત્તરા ગત પૂષાણઢા હસ્ત ૧૪ પેપોરારી ચિત્રા ૧૫ રેરોતા સ્વાદર્શ ૧૬ તીતૂતેતો વિશાખા ૧૭ નાનીનૂને અનુરાધા ૧૮ નોયૂ જ્યેષ્ઠા ૧૯ યેયોભાજી મૂળ ૨૦ ભૂધાફાઢા પૂર્વાષાઢા ૨૧ ભેભોજ્જી ઉત્તરાષાઢા ૨૨ જૂજેજોખા અભિજિત એ સંધીગત છે ૨૨ ખીખુખેખો શ્રવણ ૨૩ ગાગીગૂગે ધનિષ્ઠા ૨૪ ગોસાસીસૂ શતતારકા ૨૫ સેસોદાદી પૂર્વાભાદ્રપદા ૨૬ તેપ્રમા ા ઉત્તરાભાદ્રપદા ૨૭ દેદોચાચી રેવતી, એપ્રમાણે સર્વોને, ના પેહેલા અક્ષરઉપરથી નક્ષત્ર સમજવાની રીત સર્વ ગોલે છે, પણ એ બાબત, મુખ્ય રીત, અવકહડા નામર્ય જેવ છે, તે શીખવું.

૨૭ પ્ર૦ જન્મ નક્ષત્રઉપરથી, રાસ ઓળખવાની રીત કેવી.

૨૮ ઉ૦ ૧ અશ્વિનીભરણીકૃત્તિકાપાદંમેષઃ) ૨ કૃત્તિકાપાદત્રયંરોહિણીમૃગશિરાર્દ્ધંવૃષભઃ) ૩ મૃગશિરાર્દ્ધંઆર્દ્રાંપુનર્વસુપાદત્રયંમિથુનઃ) ૪ પુનર્વસુપાદંપુષ્પઆશ્લેષાંતંકર્કઃ ૫ મઘાપૂર્વાઉત્તરાપાદંસિંહઃ ૬ ઉત્તરાપાદત્રયંહસ્તચિત્રાર્દ્ધંકન્યા ૭ ચિત્રાર્દ્ધંસ્વાતીવિશાખાપાદત્રયંતૂલઃ ૮ વિશાખાપાદંઅનુરાધાજ્યેષ્ઠાંતંવૃશ્ચિકઃ ૯ મૂળપૂર્વાષાઢોત્તરાષાઢાપાદંધનુઃ ૧૦ ઉત્તરાષાઢાપાદત્રયંશ્રવણધનિષ્ઠાર્દ્ધંમકરઃ ૧૧ ધનિષ્ઠાર્દ્ધંશતતારકાપૂર્વાભાદ્રપદાપાદત્રયંકુંભઃ ૧૨ પૂર્વાભાદ્રપદાપાદંઉત્તરાભાદ્રપદારેવત્યંતંમીનઃ, એ પ્રમાણે, સત્તાવીસ નક્ષત્રોના, એકસો આઠ ચરણ થયા, તેમાંથી, દરરાશીનાવિશે નવ ચરણ લેવા.

૨૯ પ્ર૦ કલ્પ એ સંજ્ઞા કેહેને છે.

૩૦ ઉ૦ ચાર યુગો, એક સહસ્ર વખત ફર્યા, એટલે એક કલ્પ થયો, તથા સાત યોગ એક વખતે આવે છે તે વખત કપિલાષષ્ઠી, તેમજ કલ્પ પુરો થયો એટલે, ટલા યોગો, એકજ વખત આવે છે, એવાં પ્રમાણો અને તેમજ યુગો કેહેવાનું, યોગવિશે જોતિષમા લખ્યું તેટલા યોગ આવે, એ ઓળખાણનું ચિન્હ છે.

૩૧ પ્ર૦ ચાર યુગો કયાં, તથા તેઓના વર્ષોની સંખ્યા કેટલી.

૩૨ ઉ૦ ૧ કૃતયુગ ૧૭૨૮૦૦૦ વર્ષો ૨ ે ૧૨૯૬૦૦૦ વર્ષો ૩ દ્વાપાર ૮૬૪૦૦૦ વર્ષો ૪ ૪૩૨૦૦૦ વર્ષો, એપ્રમાણે વર્ષોની સંખ્યા છે.

૩૩ પ્ર૦ ચાર યુગો મળી વર્ષોની સંખ્યા કેટલી થાય છે?

૩૪ ઉ૦ ચાર યુગો મળી, ૪૩૨૦૦૦૦ વર્ષો થાય છે.

૩૫ પ્ર૦ દશ અવતારો કેટલા વખતમાં પ્રગટ થાય છે?

૩૬ ઉ૦ એક કલ્પમાં, દશ અવતાર એક એક વખત પ્રગટ થાય છે. તથા બિન્ન પણ અનેક અવતાર થાય છે, અને જીવોને તો, સર્વકાળ સર્વ અવતાર પ્રગટજ છે.

૩૭ પ્ર૦ દશ અવતાર પ્રગટ થાય છે, તેમાં પેહેલો ફલાણો અવતાર, તથા પછવાડેથી ફલાણો, એવું છે કે શું?

૩૮ ઉ૦ દશ અવતારો પ્રગટજ છે, તેજ પોત પોતાના કારજ સારૂ, આ સૃષ્ટીમાં આવે છે, તેઓનો અનુક્રમ, પેહેલા ફલાણો અવતાર, પછવાડે ફલાણો અવતાર, એવો નથી. કારણ દશ અવતારો, સર્વ સૃષ્ટીને ધારણ કરનારો, એક ઈશ્વર લેછે, તેથી તે સૃષ્ટીસાથે છે, તેજ સર્વકાળ, જગતમાં, વ્યાપક ઈશ્વર તત્વેકરી હોય છે. પણ યથાકાળે દર્શન આપે છે, પણ દર એક કલ્પમાં, સૃષ્ટી તથા તેઓનું ેત્ર એકસરખાંજ નથી હોતાં, ઘણા ભેદ છે, તથા એ પ્રમાણેજ, બિન્ન પણ, અનેક અવતારો સમજવા, તેમાં કાંઇ સમષ્ટીરૂપ ઈશ્વરના પૂર્ણ અવતાર, તથા કાંઇક, સમષ્ટીરૂપી ઈશ્વરના અંશ અવતાર એટલે યોગભ્રષ્ટ જીવાત્મા તેપ્રમો છે તે હોય છે.

સર્વોને, ૧ પ્ર૦ અવતાર ધારણ કરનારો કોણ.

સર્વ ગોલે ઉ૦ જેહેની ભૂગોલાદિક અનંત ગોલોમાં, તથા સર્વ જેપરમાણુંમાં, એક આકર્ષણેકરી, ધરનારી આકર્ષણ

શક્તી છે, તેજ સર્વ શક્તીમાન, સર્વ વ્યાપક ઈશ્વર છે, તેહેના આકર્ષણમાં, સર્વના શરીરો વગેરે સર્વજ છે, તે પોલાણ જેવા સ્વરૂપના લક્ષણે કરી, આકર્ષણ શક્તીમાં, અનંત ગોલો ધરનારો, જે એક ઈશ્વર, તે એક ઈશ્વરનાજ, દશ અવતાર, તથા બિજા અનંત અવતારો છે, અને કેટલાક, સમષ્ટિરૂપી ઈશ્વરના અંશ અવતારો એટલે, યોગી જીવાત્મા, દેહધરે છે, તેજ દેહ, અંશ અવતાર સમજવા, એ પ્રમાણે છે.

૪૧ પ્ર૦ વર્ષો કેટલા પ્રકારનાં છે?

૪૨ ઉ૦ વર્ષો પાંચ પ્રકારનાં છે, તેઓનાં નામો, ૧ નાક્ષત્ર ૨ ચાંદ્ર ૩ સાવન ૪ સૌર ૫ બાર્હસ્પત્ય. એવાં પાંચ પ્રકારનાં કલ્પેલાં છે.

૪૩ પ્ર૦ પાંચ પ્રકારના વર્ષોમાં, પ્રત્યેકની, દિવસ સંખ્યા કેટલી કેટલી છે.

૪૪ ઉ૦ નાક્ષત્ર વર્ષના દિવસ અનમાસે ૩૨૮ ત્રણસો અઠ્ઠાવીસ છે ચાંદ્રવર્ષના દિવસ ૩૫૫ ત્રણસો પંચાવન છે. સાવન વર્ષનાદિવસ ૩૬૦ ત્રણસોસાઠ છે. સૌર વર્ષના દિવસ ૩૬૫ા ત્રણસો સવાપાંસટ છે. બાર્હસ્પત્ય વર્ષના દિવસ ૩૬૧ ત્રણસો એકસટ છે.

૪૫ પ્ર૦ એ પાંચ પ્રકારના વર્ષોનો આરંભ તથા ક્રમ કેવા છે.

૪૬ ઉ૦ પાંચ પ્રકારના વર્ષોનો પેહેલો દિવસ જુદાજુદા દિવસે થાયછે, પણ વર્ષનુંનામ, ચૈત્ર શુદ્ધ પ્રતિપદા દલાયે છે, તોપણ, વર્ષના નામો, સાઠ સંવત્સર સાઠજ છે, તથા ક્રમપણ, પ્રભવાદિકજ છે.

૪૭ પ્ર૦ વેદપ્રતિપાદ્ય ધર્મમાં, પાંચપ્રકારનાં વર્ષોનો ઉપયોગ શું છે.

૪૮ ઉ૦ નાક્ષત્ર માને કરી, અગ્નિહોત્રમાં, ઇષ્ટી કરીને, અનુષ્ઠાન હોય છે, ત્યાંહાં ઉપયોગ છે. તથા ચાંદ્રમાને કરી, કાર્ત્તિકસ્નાન, માઘસ્નાન, ગણેશચતુર્થી વિજયા દશમી, વગેરે થાયછે, તથા સાવન માનેકરી પ્રાપ્તી, ખરચ વ્યાજ, વગેરે વ્યવહાર કરે છે. સૌરમાનેકરી, અયનો, ઋતૂ, દિનમાન, શિતકાળ, ઉષ્ણકાળ, એ સમઝાયછે. બાર્હસ્પત્યના પ્રમાણથી, ગંગાના ઉત્તર દેશમાં, વર્ષપ્રતિપદાદિક કરવાનો સંપ્રદાય છે.

૪૯ પ્ર૦ અનંત બ્રહ્માંડો કેહેને કેહે છે?

૫૦ ઉ૦ ભૂગોલ એક બ્રહ્માંડ, તથા ચંદ્રગોલ એક બ્રહ્માંડ, તથા સૂર્ય ગોલ એક બ્રહ્માંડ, તથા પ્રત્યેક તારા એક એક બ્રહ્માંડ, તથા દરએક ગ્રહ એકએક બ્રહ્માંડ, એપ્રમાણેજ પણ, બૃહત, એટલે મોટું, તથા કુક્કડાનાં ઇંડાના આકાર જેવો આકાર છે. તેથી, દરએક ગોલને એક બ્રહ્માંડ એવું કહ્યું છે. એપ્રમાણે એકજ પોલાણના, એટલે આકાશના પેટમાં, અનંત બ્રહ્માંડો છે. તથા ભૂમંડલ, એટલે ભૂમી વર્તૂલ છે. તથા ચંદ્રમંડલ, તથા સૂર્યમંડલ, તથા તારા ગ્રહમંડલો, એટલે ભૂમંડલ વગેરે, જેટલાઓને, મંડલ એવું નામછે, તેટલાનો આકાર, વર્તૂલછે એવું સમઝવું તેપ્રમાણેજ, ભૂલોક, તથા ચંદ્રલોક, તથા સૂર્યલોક, વગેરે, સર્વોને, લોકએવી સજ્ઞા હોવાનું કારણ, ભૂલોક પ્રમાણેજ સર્વ ગોલોઉપર, સૃષ્ટી છે એવું સમજવું, તથા સ્વપ્રકાશી સૂર્ય જેવા ગોલોને, સ્વર્ગ સમજવાં, તથાસૂર, એવી પણ

સંજ્ઞા છે. તથા ભૂગોલ જેવા પરપ્રકાશી ગોલોને, મૃત્યુલોક સમજવા, તથા પરપ્રકાશી ગોલોને. અસુર એવી પણ સંજ્ઞા છે. તથા એ સર્વ બ્રહ્માંડગોલો, એકજ આકાશના. એટલે પોલાણના અસ્તિત્વમાં, પોતાના મિથ્યા અસ્તિત્વેકરી અસ્તિત્વ ધરી જોઇએ છૈયે,તે આપણા, શરીરમાંએલા, જે પ્રાણ, તે પ્રાણવાયુના માંએલું જે જ્ઞાન, તે જોનારા જ્ઞાને કરી, જો પોલાણની અંદર, સ્વપ્રકાશ નિરાકાર સ્વરૂપેકરી આપણે શાંત છૈયે એવું અનુભવી જોયુંતો, જોનારા જે આપણે, તથા જોવું જે પોલાણસોત વિશ્વ, તથા જોવાપણાનો અભિમાન, એત્રિપુટીમાંથી, કંઇજ ન રેહેતાં, આપણેજ, નિરાકાર જ્ઞાનસ્વરૂપજ, અહંપણું ધરનારૂંજ્ઞાન નછતાં, પોતે સેહેજ રેહેશે, એવોએ અનંત બ્રહ્માંડોનો વિચાર છે.

૫૧ પ્ર૦ ભૂમીગોલાકારછે, એવિશે, વેદ પ્રતિપાદ્ય ધર્મના પુસ્તકોમાં, પ્રમાણો કાંહાંછે?

૫૨ ઉ૦ શ્રીમત્ભાગવતમા એટલે વિષ્ણુ ભાગવતમાં ત્રિજા સ્કંધના અધ્યાય ૨૩ મો શ્લોક ૪૩ માં છે કે, "મેક્ષયિત્વામુવોગોલંપત્ન્યૈયાવાન્સ્વસંસ્થયા॥ બ્રહ્માશ્વર્ષેમહાયોગીસ્વાશ્રમાયન્યવર્તત ॥" એવું વાક્ય છે, તથા ભારતમાં, ઉદ્યોગ પર્વના વિશે, ભૂમીગોલાકાર છે, એવું, વ્યાસનું વચન છે. તેમજ, જ્યોતિષશાસ્ત્રમાં, અષ્ટાદશ સિધ્ધાંતો જોઇ તેઓની એક વાકયતા ઉપરથી, ભાસ્કરાચાર્યે, જે કરેલો ગ્રોગણીસમો સિધ્ધાંત, જેહેનું નામ, (સિધ્ધાંતશિરોમણી) તેમાંયેલું પ્રમાણ, શ્લોક "ભૂમેઃપિંડઃશશાંકજ્ઞકવિરવિકુજેજ્યાર્કિનક્ષત્રકક્ષાવૃત્તૈર્વૃત્તોવૃતઃસન્મૃદનિલસલિલવ્યોમતેજોમયોયં ॥ નાન્યાધારઃસ્વશક્ત્યૈવવિયતિનિયતંતિષ્ઠતીહાસ્યપૃષ્ઠેનિષ્ઠંવિશ્વંચ શશ્વત્સદ્નુજમનુજાદિત્યદૈત્યંસમંતાત્" ॥ એ શ્લોકનો અર્થ, ભૂમેઃ, એટલે પૃથ્વીનો, અયંપિંડઃવૃત્તઃ, એટલે એગોળો ગોલ છે, મૃદનિલસલિલવ્યોમતેજોમયઃ એટલે પંચભૂતાત્મક છે. શશાંક, એટલે ચંદ્ર,જ્ઞ એટલે બુધ, કવિ, એટલે શુક્ર, રવિ એટલે સૂર્ય, કુજ એટલે મંગળ, ઇજ્ય એટલે ગુરુ, આર્કી, એટલે શની, નક્ષત્ર કક્ષા વૃત્તૈર્વૃત્તઃ એટલે પ્રથમ નામ લીધાથી, શશાંક એટલે ચંદ્ર, પૃથ્વીથી પાસે છે, તેપછી, જ્ઞ, કવિ, રવિ, એટલે ચંદ્ર થકે યથોત્તર બુધ, શુક્ર, રવિ, ઇત્યાદિ આગળ છે, કુજ, ઇજ્ય, આર્કી, એટલે મંગળ, ગુરૂ, શની છે, અને નક્ષત્રોપણ કક્ષાવૃત્તો. એટલે બાજુયે રેહેનારા વર્તૂળગોલ, ઇત્યાદિ સર્વ વર્તૂળગોલ જે, તેવડે, વૃત એટલે વેષ્ટિત, અનેનાન્યાધારઃ, એટલે બિજા કોઇપણ ગોલના, પ્રત્યક્ષ ટેકાના આધારવિના, સ્વશક્ત્યૈવવિયતિ, નિયતંતિષ્ઠતિ, એટલે આપણી જે આત્મશક્તી, તેજ શક્તીએકરી, વિયતિ, એટલે આકાશમાં, એટલે પોલાણમધ્યે, નિયતંતિષ્ઠતિ, એટલે નિયમો પ્રમાણે રેહેછે, ઇહાસ્યપૃષ્ઠેનિષ્ઠં, વિશ્વંચ, શશ્વત્, સદ્નુજ, મનુજાદિત્યદૈત્યં સમંતાત્; એટલે એવા એ, ભુગોલની પિઠઉપર, સમંતાત, એટલે સર્વત્ર, માણસો, રાક્ષસ, દેવ, દૈત્ય, એથી યુક્ત, એવું જે વિશ્વ, એટલે સ્થાવર જંગમાત્મક જગત, તે નિષ્ઠં, એટલે રહેલું છે.

૫૩ પ્ર૦ ગણ જોવાની રિતી જોતિષશાસ્ત્ર પ્રમાણે કેવી છે?

૫૪ ઉ૦ ગણ જોવાની રિતનો, આ શ્લોક "દેમરામ દમંદેદે,રારામમદ્રાદરા ॥ દેરારામમંદરારા,મમંદેતિગણત્રયં ॥, હવે એ શ્લોકના અક્ષરો, અશ્વિની નક્ષત્ર થકે, એકએક

નક્ષત્રને, ક્રમેકરી, એકએક ગણવા, દે એટલે દેવગણ, મ, એટલે મનુષ્યગણ, રા, એટલે રાક્ષસગણ. એપ્રમાણે, જેહેનાં તેહેનાં, જન્મનક્ષત્ર ઉપરથી, માણસના ગણ સમજવા, એ ગણોની રીત, અને દેવગણને સત્વગુણ કહ્યો છે. તથા મનુષ્યગણને રજોગુણ કહ્યો છે, અને રાક્ષસગણને તમોગુણ કહ્યો છે, તેની રીત, જુદીજુદી સમજવી. અને, બેઉની એક વાકયતા, અર્થે કરી, અનુભવી જોવી, અને વરતવું, એ ઉત્તમ.

૫૫ ગ્રહણનો વિચાર જુવો. "छादयत्यर्कमिंदुर्विधुंभूमिभाच्छादकच्छाद्यमानैक्यखंडंकुरु ॥ तच्छरोनंभवेच्छन्ननंत द्यदाग्राह्यहीनावशिष्टस्तुखच्छन्नकं ॥ १ ॥ એ શ્લોકનો અર્થ, સૂર્ય ગ્રહણનાવિશે, ચંદ્ર, સૂર્યને આચ્છાદન કરેછે, તેથી ચંદ્રને છાદક, અને સૂર્યને છાદ્ય, એવું કેહેછે, અને ચંદ્રના ગ્રહણવિશે, ભૂભા, એટલે ભૂમીની છાયા, ચંદ્રમાને આચ્છાદન કરેછે તેથી ભૂભાને, એટલે ભૂચ્છાયાને, છાદક, અને ચંદ્રને છાદ્ય એવું કેહેછે.

૫૬ ગ્રહણનો શોધ, પ્રથમ અત્રયરૂષીને લાગ્યો. તેબાબદ, ઋગ્વેદમાં, આશ્વલાયન શાખાના, સંહિતાના, ચોથા અષ્ટકમધ્યે શ્રુતી છે. " यंवैसूर्यस्वर्भानुस्तमसाविध्यदासुराः ॥ अत्रयस्तमन्वविंदन्नह्यान्येअशक्नुवन् ॥" એ શ્રુતીના અર્થ, ઉપરના, છાદયત્યર્કમિંદુર્વિધુંભૂમિભા, આ શ્લોકના અર્થપ્રમાણે છે.

૫૭ નમસ્કાર પરસ્પરને કરવો, એનો અર્થ, પરસ્પરોએ, એવો સમજવો કે, દેહદેવળમાં, જે આત્મા છે, તેહેને, હું, શરીરનો અભિમાન મુકી, નમ્રતાઈથી, માન આપુંછું.

૫૮ રાહુ, અને કેતુ, એ બેઉનું શરીર એકજ છે, એટલે જેમ શરીર, તથા શરીરની છાયા એક, તેપ્રમાણે છે. એનો અર્થ એવો કે, પરપ્રકાશી ભુગોલની તથા ચંદ્રગોલની જે છાયા તેજ રાહુ છે. તથા તે ગોલો કેતુ છે. તે રાહુ કેતુને, સ્વર્ભાનું કેહેવાનું કારણ, ભાનુ એટલે સૂર્ય, તેહેના પ્રકાશનો, જે છાયાના ઠેકાણે, અભાવ છે, તેજ મિથ્યા અભાવરૂપી એટલે અંધકારરૂપી રાહુ છે, તેહેનું ગુહામાં અથવા દરરોજ પ્રત્યેક રાત્રિયે માણસોને સ્વરૂપ અનુભવમાં આવેછે, તથા માણસો વગેરેના શરીરને અંધકારરૂપી રાહુનું ગ્રહણ લાગેછે, એ પ્રત્યય હમેષ છે. તથા ચંદ્રગ્રહણનાવિશે, ચંદ્ર ઉપર દેખાય છે. વાસ્તે હરએક પરપ્રકાશી ગોલોને કેતુ, અથવા રાહુ, એવું સમજી તેહેની જે છાયા તે છાયાભાગ પણ રાહુ, એવો ભાવ છે તે સમજવો, એવિના, રાહુ કેતૂનું બિજુ સ્વરૂપ નથી, તેથીજ સાતવારોના સાત ગોલો ગણ્યા, તેમાં રાહુ કેતુ, સ્વતંત્ર ગોલ નથી; તેથી સાત વારોમાં નામો નથી, ચંદ્રસૂર્ય ઇત્યાદિઓનાજ ગણીતમાં રાહુ કેતુઓને ગ્રહ ગણવા એહેને આધાર ફક્ત ગ્રહણ.

૫૯ સાત વાર એ શું છે, તો તેઓવિશે એવું પ્રમાણ છે કે, જ્યોતિષ ગણીતને બિજા ગ્રહરૂપી ગોલ દેખાવાસારૂ સૂર્યનો પ્રકાશ મુખ્ય કારણ છે, તેવિના જ્યોતિષ વિદ્યાનો પ્રારંભ થાતો નથી, તેથી જ્યોતિષ વિદ્યાનું સૂર્યજ પેહેલું કારણ છે. એવું સમજી પેહેલો સૂર્યવાસર એટલે રવિવાર ગણ્યો તથા ચંદ્રમાના અંગઉપર પ્રકાશની ઓછી અધીક કલાઓ ફેરફાર થાતી દેખાય છે, તથા દરરોજ

ચંદ્રની દિશાઓ બદલાય છે, એથી જ્યોતિષ વિદ્યાના વિચારને, બિજુ મોટું કારણ ચંદ્ર છે, એથી બિજો ચંદ્રવાર એટલે સોમવાર ગણ્યો, તથા ત્રિજો મંગળ તથા ચોથો બુધ પાંચમો બ્રહસ્પતી, છઠો શુક્ર, સાતમો શની, એવા સાત ગોલો જ્યોતિષવિદ્યાના વિચારનું મૂળ છે, તેથી મૂખ્ય સૂર્ય એટલે રવિવાર એપ્રમાણે સાતોની ગણત્રી અનુક્રમે કરીછે, અને રાહુ કેતુ, એ નામો માત્ર છે, પણ જુદાજુદા સ્વતંત્ર પદાર્થો રાહુ કેતુ છે એવું નથી, એથી તેઓની ગણત્રી જુદી નથી. (સિંહિકા) એટલે ભુમી) તેહેની છાયા પુત્ર રાહુ.

૬૦ અગસ્તીનો દક્ષણ દિશાયે તારોછે, તેહેના સન્નિધ પણાથી, કોઇ એક વખતે, સમુદ્રના પાણીની, એકદમ બાફ થઈ ગઇ, એન અગસ્તીયે સમુદ્રપ્રાશન કર્યો, એવું કેહેવાનું મર્મ છે. તથા ફરી તેન બાફ, થંડી થઇ, પરજન્યથી સમુદ્ર ભરાણો, એથી અગસ્તીયે ફરી પાણી આપ્યું એવું કહેલું છે. તથા અગસ્તી ઋષી, જે બ્રાહ્મણ, તેહેને, આ અર્થ, સ્તુતી પર લગાડે છે.

૬૧ તિથિ, તથા વાર, તથા નક્ષત્રો, તથા યોગ, તથા કરણો, એઓના ગણીતો, જુદાજુદા પ્રકારના છે.

૬૨ પૃથ્વી, જોકે સમુદ્ર સહવર્તમાન ગોલાકાર છે, તોપણ, તેહેનો સમુદ્રવિના ખુલ્લા ભાગોના નકાશાઓ, પિપળાના પાન જેવા વગેરે પ્રકારના છે, તથા જોનારાઓની આંખે, પૃથ્વી સપાટ દેખાય એવી તેહેની રચના છે.

૬૩ પૃથ્વીનો શોધ કર્યો છતાં, હિમાલય પર્વત સર્વ પૃથ્વીમાએલા પર્વતોથી મોટો છે, એવો હાલમાંપણ અનુભવ છે, તેવોજ પ્રાચીન કાળે હતો, તેથીજ, ભગવતગીતા-

ના, દશમાં અધ્યાયમાએલો, શ્લોક ૨૫ પચીસમાનો એક ચરણ "स्थावराणांहिमालयः" એટલે પર્વતોમાં શ્રેષ્ઠ હિમાલય છે એવું લખ્યું છે. એઉપરથી પ્રાચીન કાળમાં શોધનોતો એવું કેહેવું અમસ્તું છે.

૬૪ કાળોસમુદ્ર, તથા ધોળોસમુદ્ર, તથા રાતોસમુદ્ર, તથા પીળોસમુદ્ર, તથા હિંદુમહાસાગર, વગેરે જેમ હાલના લોકો સમુદ્રને નામો આપેછે, તેમજ પ્રાચીનકાળના લોકો સમુદ્રને, ખારોસમુદ્ર, મીઠોસમુદ્ર, દધિસમુદ્ર, દુગ્ધસમુદ્ર, મધુસમુદ્ર, ઘૃતસમુદ્ર, ઇક્ષુસમુદ્ર, વગેરે નામો આપતા હતા, તથા બેટોને જંબુ, પ્લક્ષ, કુશ ક્રૌંચ, શાક, શાલ્મલી, પુષ્કર, ઇત્યાદિ નામો, દ્વિપોને, જેમ આપતા હતા, તેવા હાલમાંપણ બોરનીઓ, સુમાત્રા, અસ્ટ્રેલિયા, એવા નામો આપેછે, તથા દ્વિપ, એટલે જેહેના બે બાજુયે, એટલે સર્વ બાજુયે, પાણી એટલે આપ, તેન દ્વિપ, તથા નદીઓ, પર્વતો, એઓની મર્યાદાઓ કલ્પી, ભૂગોલના, ભરતખંડ, ઇત્યાદિ ખંડો કલ્પી નામો આપતા હતા. જુવો જેમ એશિયા, અફ્રિકા, વગેરે નામો, હાલમાં આપેછે, તેવાજ પ્રાચીન કાળે આપતા હતા.

૬૫ મધ્યભાગે મેરૂ પર્વત કલ્પી, તેહેના શિખરઉપર વૈકુંઠ કલ્પવું, તથા તેઉપર વિષ્ણુનો અવતાર કલ્પવો, એ માનસ પૂજાના, ભક્તિમાર્ગ માએલો, વિધિ સમજવો. એ ઠેકાણે, ભૂગોલવિદ્યા, તથા જ્યોતિષવિદ્યા એઓનું કારણ નથી. એપ્રમાણેજ ઉપાસના કાંડમાએલા જે વિશાલવર્ણનો છે, તે મનોમય માનસપૂજાવાસ્તે છે એવું સમજવું, અને એ મર્મ, નસમજી, જે કુતર્કો ઉત્પન્ન થાયછે, તે પોતાના મૂર્ખપણાનો, પોતેજ, હર્ષ માનવો; પણ વેદોક્તધર્મના ગ્રંથ

કરનારાઉપર, કિંવા વેદોક્તધર્મઉપર, કિંવા તેહેના સાચાપણા ઉપર, દોષ આપવા ઝટવું, અને આકાશને મુઠીમાં સમાવાની હાંમ ધરવી, સરખુંછે એમાં સંશય નથી, વિચારકરી જુવો, એટલે સમજાશે.

૬૬ ચપટીએ આપેલું બાચકોભરી લેવા જાય તો હેઠે પડશે, અને બાચકાએ આપેલું, બે આંગળીઓની ચપટીમાં લેવા લાગ્યોતો હેઠે પડશે. વાસ્તે ચપટીએ આપશે તે લેવાને બે આંગળીઓની ચપટીજ આગળ કરવી બાચકો કરવો નહીં, તેપ્રમાણેજ વિચારયુક્ત ઉપદેશના સૂક્ષ્મ ભાષણો, વિચારયુક્ત સૂક્ષ્મ વૃત્તીયે લેવા, તોજ જાણવામાં આવશે, નહીંતો ફજેતી થાશે, અને એવું લક્ષણ જો શિષ્યનું હોય, તોજ, શીક્ષકને વેદોક્તધર્મ શીખવવાની ઉલટ રેહેછે, અસ્તુ. સાંભળીનેપણ સમઝો.

૬૭ આપણા વરસના નફામાથી ચતુર્થાંશ ધર્મકૃત્યાર્થ કાઢવો, અને તદાધારે પરોપકાર કરતાનવું.

૬૮ આપણા અંગની છાયામાં, કોઇ બેઠાછતાં, આપણું અંગ દુખતું નથી, તેપ્રમાણેજ, આપણા મોઠાપણાના આધારથી, લોકો, પોતપોતાના કામો કરી લેશે તો આપણું તેમાં કઇંજ ઓછું થાતું નથી, અને જેમ આપણા શરીર ઉપર, અટકેલા કિરણોનું દર્શક, છાયારૂપ છે, તે ગયાપછી, છાયામાં બેસનારો જશે, એટલે ન્યાયથી, નગયો, તોય ગયો એવું થયું, તેમજ મોઠાપણું, એ કર્મપ્રમાણે, હોવા નહોવાનો ક્ષણિક વિચાર છે, વાસ્તે, ઓ માનવીઓ, કૃપણત્વ છોડો, રીતીયે રહો.

૬૯ પ્ર૦ ખોટાથકે સાચાની પ્રાપ્તી શીરીતે થાયછે ?

૭૦ ઉ૦ ખોટા થકે સાયાની એવી પ્રાપ્તી થાય છે કે, કિમિયો ખોટો છે પણ, કિમીયાનાં નાદ થકે રસાયણશાસ્ત્ર, એટલે પદાર્થ સંયોગ ધર્મ શીરીતે થાય છે, એ વિચારનું શાસ્ત્ર ઉત્પન્ન થયું તે સાચું છે; તથા પારસ, ચિંતામણી, માણસોને મળવોજ નથી, તેથી તેઓના નાદે લાગવું એ માર્ગ ખોટો છે, તો પણ, પારસ ચિંતામણી શોધવાના નાદમાં, હિરા, માણેક, પાના, પ્રવાળ, વગેરે પદાર્થોનો શોધ લાગ્યો એ સાચું છે. તથા પ્રતિમાઓ પથરાદિકોની, પણ અવતારી પુરૂષોની પ્રતિમાઓ જોઇ, અવતારી પુરૂષોનું સ્મરણ, તથા તેઓએ, કરેલા ઉપદેશનું સ્મરણ કરવાનો માર્ગ પ્રતિમા કરવાથી પ્રાપ્ત થયો, એ પરિણામ સાચો નિકલ્યો, તથા કરામાતો કરવાનું સામર્થ્ય આવે એ નાદ ખોટો છે, પણ એ નાદ થકે, યોગશાસ્ત્ર તથા સગુણ સાક્ષાત્કાર, તથા નિર્વિકલ્પ સમાધી, તથા શાંતી, તથા આત્મજ્ઞાનેકરી મોક્ષ થાય છે, એટલાં કારણો ઉત્પન્ન થયાં, એ સાચાં છે. તથા ધર્મસંબંધી અનેક નાસ્તિક મતો, તથા કુતર્કો, તથા સંશયોકાઢવા, એ ખોટું છે. પણ તે કુતર્કી સંશયરૂપી નાસ્તિક મતવાદેકરી, નિરાકાર પરબ્રહ્મ એક છે, તથા અહંપણું ધરનારૂં જ્ઞાન, તથા તે જ્ઞાનને ખબર પડેછે તે જગત, એ બેઉ મિથ્યા છે. એવું વેદાંતશાસ્ત્ર ઉત્પન્ન થાય છે તે સાચું છે, તથા અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાં, આપણે શુદ્ધ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માજ છૈયે, એવું જે વેદાંતશાસ્ત્રનાં અભ્યાસનું ફળ ઉત્પન્ન થયું તે સાચું છે, તથા તારક છે, એપ્રમાણેજ ખોટા શોધમાં સાચું નિકળે છે, જુવો ખોટી સંખ્યા પકડ્યાથી સાચો હિસાબ

થાય છે એઉપર લક્ષ આપવું, એટલે ખબર પડશે. કે મૂર્ત્તિ ઓ પથરાની, તથા મૂર્ત્તિઓને રામ કેહેવું ખોટું, પણ તે મૂર્ત્તિતરફ જોઇ, રામકૃષ્ણાદિક અવતારી પુરૂષોનું સ્મરણ થાય છે એ સાચું ફળ છે. તથા મૂર્ત્તિઓ કરવી એન લખવું એટલે લેખન સમનજવું, તથા જે પ્રમાણે, ક, ખ, ગ, વગેરે અક્ષરોના તરફ જોઇ, જેમ બાળકોને નહીં હાં; પણ લખનારાને જ્ઞાન થાય છે, તેમજ રામકૃષ્ણાદિકોની પ્રતિમાઓ એજ, ક, ખ, ગ, ઈત્યાદિ અક્ષરો પ્રમાણે છતાં, લખતાં આવડતું નથી, એવા બાળકોને પણ, અવતારી પુરૂષોનું પ્રેમ, તથા સ્મરણ આપવાનાં, કારણો થઇ પડે છે; તેથી જેહેના સ્મરણનું ઘણુંજ અગત્ય છે તેહેનું સ્મરણ, મૂર્ત્તિ કરવાંથી, વધારે થાશે, જુવો રોટલાનો આકાર, એ પણ અક્ષર છે. તથા મેવાવડીની આકૃતી, એટલે સંજોરી ઘુગરાનો આકાર, તથા લાડવાનો આકાર, મોદકનો આકાર, તથા અંગરખાનો આકાર, તથા ક, ખ, ગ ઘ, ઙ વગેરે આકાર, તથા રામ, કૃષ્ણ, વિષ્ણુ, દેવી, શંકર, ગજાનન, ઈત્યાદિકોના પ્રતિમારૂપ આકાર મળી, જેટલા આકાર તેટલું સર્વ લેખન છે, તથા તેઓની તરફ જોઇ, તેઓને ઓળખવું, એ વાચન છે, તથા તેઓના ગુણ સમજવા, એ અર્થ જ્ઞાન છે, જુવો ઈશ્વરે, આકારરૂપ સર્વ સૃષ્ટી કરી, તે આકૃતીરૂપ સૃષ્ટી તરફ જોઇ, તેહેને ઓળખવું, એ વાચન જ્ઞાન નથી કે શું? હા! એન વાચન જ્ઞાન છે. એ પ્રમાણે વિચાર છે તે ન સમજી, મ્લેચ્છમતોના મુખ્યોયે, તથા તે મતમાએલા લોકો વગેરેઓએ, જે મૂર્ત્તિનો દ્વેષ કર્યો, તે તેઓનું મૂર્ખપાણું નથી કે શું? હા, તે તેઓનું મૂર્ખપણુંજ છે,

વાસ્તે એવા તે મૂર્ખોના મતવાદના પુસ્તકો ખોટાં નથી કે શું હા; તેઓનાં મતવાદી પુસ્તકો તદન ખોટાં છે, એમાટે ઓ સમજુ ડાહ્યા લોકો, તમો અછી તરેથી સમજો કે, વેદોક્ત ધર્મવિના પૃથ્વીઉપરના, મ્લેચ્છ વગેરેનાં સર્વ મતો ખોટાં છે, એ ઉપરના ન્યાયથી સિધ્ધ થાય છે.

૭૧ સૂર્ય ગોલરૂપીજ કોઇ એક પઇડું છે, તે પઇડાં થકે આકર્ષણ શક્તિરૂપી જે, દોરીઓ ફેલાવિઓ છે, તેઓને ભૂગોલ, તથા ચંદ્રગોલ, તથા બુધ, શુક્ર, મંગળ, શની, ગુરૂ, ઇત્યાદિ ગોલરૂપી ઘોડાઓ જોડ્યા છે, તે તે સૂર્યગોલ રૂપી પઇડાંના ફરતા ફરે છે, એથી સૂર્યગોલરૂપી પઇડું, ધ્રુવના ફરતું ફરે છે, તેહેને ફરવા, એક કલ્પ લાગે છે.

૭૨ સૂર્યગોલ, તથા ભૂગોલ, તથા ચંદ્રગોલ, ઇત્યાદિ પ્રત્યેક ગોલરૂપી દેહધારણ કરનારો, પ્રત્યેક જીવાત્મા છે. તે પ્રત્યેક પ્રત્યેક જીવાત્માને, પૂર્ણ સત્પુરૂષની પેઠે આત્મજ્ઞાન છે, તથા સમષ્ટિરૂપ ઈશ્વરની ભક્તી છે, તથા આપણે, અહંપણું ધરનારા જ્ઞાનરૂપ આત્મા પેહેલાના નિરાકાર પરમાત્મા છું, એવું તે તેઓને, સ્વસ્વરૂપનું જ્ઞાન છે.

૭૩ શાલિવાહન શકના, સત્તરસેં ચોસેઠના વર્ષ, પશ્ચિમદિશાયે, ધૂમકેતુ, (આકાશમાએલા ચમકનારા ગોલો થકે છુટેલા પ્રકાશના થાંભલા જેવો ઝળકતો ઝોત, જમીન ઉપર ટેકેલો, વૈશાખ તથા જ્યેષ્ઠ, એ બેઉ મહીના માએલા ઘણાએક દિવસના વિશે, મેં જોયો, તથા શાલિવાહન શકના, સત્તરસો અૈશીના વર્ષ, ભાદ્રપદના વદ પક્ષમાં, એટલે, ચંદ્રઉપર થોડું અનવાળું દેખવાના પખવાડિયામાં, તથા અશ્વીન શુદ્ધમાં, પુચ્છકેતુ, એટલે પશ્ચિમદિશાયે,

અસ્તપામનારા, ગોલના પ્રકાશનો ઝળકતો ઝોત, આકાશમાં એટલે પોલાણમાં, પશ્ચિમ દિશાથી પૂર્વમાં, સુરના ઝાડની પેઠે, આડોફેલાઇ શેવટે, ધનુષ્યના આકારે અધોદિશાએ નમેલો મેં જોયો, હવે પેહેલા ધૂમકેતૂનો વિચાર કર્યો તો, તે સિંધુદેશ, તથા મુલતાનદેશ, એ દેશોઉપર, તેઓના દક્ષણ દિશા તરફથી ઉતરેલો એવો હતો, એહેનું ફળ જોઈયે તો, તે બે દેશ, ઘણુંકરી, તે વખતન, યુધ્ધના પ્રસંગથી, પરસ્વાધીન થયા, તથા પછીથી જે પુછકેતૂ જોયો, તે જોયાના પેહેલાંજ, સત્તર મહિના અન્ય દ્વીપનિવાસી લોકોનું, અને હિંદુસ્થાનમાએલા કેટલાએક હિંદુલોકોનું, હાડવેર પડ્યું, અને પરસ્પરોયે પરસ્પરોના, નિર્દયપણાંથી, પ્રાણનાશ કર્યા, તથા હાલસુધી કરેનછે, એવો રક્તપાત થયો, અરેરે! હાલસુધી રક્તપાતનો શેવટ થયો નથી, એનું કારણ તે પુછકેતુનું પુછડું. પશ્ચમથી હિંદુસ્થાન દેશઉપર નમેલું દેખાયછે એજ હોય, એવું અનુમાન થાયછે, અસ્તુ. એપ્રમાણે, ગ્રહાદિકોના ફળો મે જોયાં, તેજ અહીં, ખુલાસેથી લખ્યાં, કારણ એજકે, વખતનો વિચાર, લોકોને ખબર જોઇયે, તથા એવો અનુભવ, જો વિદ્વાન લોકો, નલખે તો, આગળ થાનારી પ્રજાને ખબર પડે નહીં, તેથી લખવું અવશ્ય થયું, તથા લેખનવિદ્યાનો ઉપયોગ, હરેક વાત લખી રાખવી એનછે, એથી સત્ય લખનારો દોષી નથી, એપ્રમાણે પુરાણમાંપણ ઘણાં લેખ છે.

૭૪ પૃથ્વીનેવિશે આકર્ષણ શક્તી છે એવું, વેદોક્તધર્મના જ્યોતિષ ગ્રંથોમાં છે, પ્રમાણ શ્લોક, " આકૃષ્ટશક્તિશ્ચ મહીતયાયત્સ્વસ્થંગુરુસ્વાભિમુખંસ્વશક્ત્યા ॥ આકૃષ્યતેતત્પતતી વભાતિસમેસમંતાત્ક્વપતન્વિયંખે" ॥ અર્થ, આકર્ષણ શક્તીયુક્ત પૃથ્વી છે, એથી તે આકાશમાએલા પદાર્થોને, પોતાની તરફ ખેંચે છે, તેથીન પદાર્થો પડે છે, એવું દેખાય છે, પણ તે પડે છે, એવું નથી, તે આકર્ષણ શક્તીયે આકર્ષાજાય છે, કારણ તેઓએ સર્વ ઠેકાણે, જે અનંત અપાર એક સરખું આકાશ, તેમાં કયાંહાં રેહેવું, તો જે તરફ આકર્ષણ શક્તી ખેંચશે, તે તરફ જાવું, તેથી પદાર્થો પૃથ્વીતરફ પડે છે એવું દેખાય છે, તથા ન્યાયશાસ્ત્રમાં. પૃથ્વી તો મુખ્યપણાયેકરી, પરમાણું રૂપ છે, એવું લખેલું છે, એ ઉપરથી, સર્વ પરમાણું માત્રોનાવિશે. આકર્ષણ શક્તીછે, એવો વેદોક્તધર્મના લોકોનો પુરાતન સિધ્ધાંત છે, જુવોજુવો ન્યાયશાસ્ત્ર પ્રમાણે, "ગંધવતીપૃથ્વી,સાનિત્યાઅનિત્યાચ,નિત્યા પરમાણુરુપા,અનિત્યાકાર્યરુપા," ॥ અસ્તુ. એપ્રમાણે પૃથ્વી, આપ, તેજ, વાયુ, એ ચારે ભૂતો, પરમાણુંરૂપ છે એવું સ્પષ્ટ છે. હવે. એવાએવા, વેદોક્તધર્મી લોકોના સિધ્ધાંતોછતાં મ્લેચ્છ વગેરે લોકો, તથા તેઓના સોબતીઓ, જે વેદોક્તધર્મના, એટલે હિંદુલોકો વગેરે લોકો, સમજતા નથી, એ તેઓનો મોટોજ દોષ છે, અસ્તુ. એ આકર્ષણશક્તીનો વિચાર, વળી વિસ્તારે જોઇએતો, એજ ગ્રંથના, છઠા પ્રકરણમાં એટલે વેદમાયેલા સૃષ્ટીના નિયમો કેવાછે, તે પ્રકરણના, પેહેલા અંકમાં જુવો, તથા એજ ગ્રંથમાં, નાસ્તિકોને જીતવાના વાદ, એનામનું જે પ્રકરણ છે, તેહેના પેહેલા અંકમાં જુવો; સારાંશ ડાહ્યા થાવ.

૭૫ સૂર્ય ફરતો નથી, પણ પૃથ્વી ફરેછે, એથી સૂર્ય ફરેછે એવું લાગે છે, મણ સૂર્ય ફરતો નથી, પૃથ્વી ફરેછે, એ

બાબત, જ્ઞાનેશ્વર મહારાજ કરી, જે ભગવતગીતાનું, મરાઠી ભાષામાં ભાષાંતર કરનારા થયા, તેઓનું વચન છે, જુવો, ભગવતગીતાનો અધ્યો ચોથો, શ્લોક અઢારમો, એના ભાષાંતરમાં જુવો, એટલે ચોથા અધ્યાયની અનુક્રમે કરી, નવાણું ઓવીસુધી જુવો, ॥ ઓવી ૯૯ ॥ " આણિઉદોઅસ્તા ચેનિમમાણે ॥ જૈસેંનચલતાંસૂર્યાચેંચાલણેં ॥ તૈસેંનૈષ્કર્મ્યતત્વજાણે ॥ કર્મીંચિઅસતાં ॥ " ॥ ઓવી ॥ ૯૮ ॥ અથવાનાવેહનરિગે ॥ તોંથડિયેચેરુખજાતાંદેખેવેગેં ॥ તોચિસાચોકારેપાહોંજોંલાગે ॥ તંવરુખત્વાણેઅચલ ॥ " એપ્રમાણે વેદોક્તધર્મના લોકોમાં, છસો વર્ષ ઉપરનો જ્ઞાનેશ્વરનો, સ્પષ્ટ લેખછે, તથા બિજો જ્ઞાનેશ્વરનો, એવો લેખછે કે, જેટલા ગોલો, તેટલા સર્વ ફરેછે, એવું ભગવતગીતા અધ્યાય સાતમો, શ્લોક ચવદમો, એની ટીકામાં છે, એટલે સાતમાં અધ્યાયના, અનુક્રમેકરી ઓગણ્યાશીમી ઓવીમાં છે, " ઘાયેંગડબડીધોંડિ બ્રહ્મ ગોવ્હકાંચે " ॥ એ ઓવીનો ભાગ લખ્યોછે તે જુવો.

ધર્મસંબંધી લોકોના પ્રશ્નોના ઉત્તરો.

પ્રકરણ ૧૦ મું.

૧ પ્ર૦ ઓ બ્રહ્મચારી બાવા, તમો તો હમણા શુધ્ધ બ્રહ્મચારી બાવાછો, તો તમારા બ્રહ્મચારી પણાનાં લક્ષણો કેવાં કેવાં છે એ અમોને કૃપા કરી કહો ?

૨ ઉ૦ અમારા બ્રહ્મચારી પણાનાં લક્ષણો જેવાં જેવાં તું હંમેશ મુને જોવાથી અનુભવે છે તેવાં તેવાં છે, એજ અમારો આ પ્રશ્ન ઉપર ઉત્તર છે એ કરતાં અમારા લક્ષણો અમોલખી પોતાની પોતે સ્તુતી કરવી, એ ઈચ્છતા નથી, તથા હમણાંજ શુધ્ધ બ્રહ્મચારી બાવા છૈયે અને પેહેલા ન હતા કે હતા, એપણ જેહેની તેહેનેજ ખબર હોયછે અને બિજાને હંમેશ સંશયજ રેહેછે, સબબ તેપણ લખવું અમસ્તું સમઝી શ્રમ લેતો નથી.

૩ પ્ર૦ તમારો આ આશ્રમ, ઘણા વરસનો, તથા થાંણા જીલ્હામાં તમારો નિવાસ છતાં, ગયા વરસથીજ, આ મુંબઇમાં આપણું પ્રકટીકરણ થવું એ કેમ ?

૪ ઉ૦ ભાઇરે જે ચર પ્રાણીછે તેહેના શરીરનું આકર્ષણ, પૃથ્વીમાએલા ઈશ્વરની આકર્ષણ શક્તીયે કરેલુંછે તે આકર્ષણ શક્તીમાંથી ન છુટતાં, શરીરમાએલા જ્ઞાન શક્તીના આકર્ષણ યુક્ત યોજનાથી, પ્રાણી હરએક ઠેકાણે આપૃથ્વી ઉપર હોય છે, તેપ્રમાણેજ અમારૂં મુંબઈમાં આવવું છે, તથા તારૂંપણ છે એમાં આશ્ચર્ય નછતાં, એ કેમ,

એવું આશ્ચર્ય માનવું એતાદ્રે અજ્ઞાનછે, એજ આ પ્રશ્નનો ઉત્તર છે.

૫ પ્ર૦ ઘણાં વર્ષોથી તમારા હિંદૂ ધર્મને ક્ષયની ભાવના થઇ છતાં, તથા તમારી પાસે તે રોગ મટાડવાનું જાનવલ્ય ઔષધ છતાં, તમોને, તે હિંદુધર્મની, કંઇ દયા આવી નહીં એ કેમ ?

૬ ઉ૦ વેદપ્રતિપાદ્ય ધર્મ કિંવા વેદોક્ત ધર્મ કિંવા વૈદિકધર્મ એવું જેહને કેહેછે તેહેનું મૂળ વેદ છે, તે વેદમાએલા અક્ષરને, કિંવા રેફને, કિંવા માત્રાને, કિંવા વિસર્ગને, કિંવા ઉદાત્ત, અનુદાત્ત, કિંવા અનુનાસિક અથવા અનનુનાસિક, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સ્વર સ્વરીત, એમાંથી હાલમુધી કાંઇજ ક્ષીણ થયું નથી, તથા અર્થપણ ક્ષીણ થયો નથી, તથા તેમાં કહ્યાપ્રમાણે અમે આચરણ કરવાથી, અમારૂં તારણ થયું, તથા અમો, તેજ વિચાર ઘણા લોકોને કહી, લોકોનું પાતક એટલે પાડનારૂં અજ્ઞાન તે દુરકરી, તારણ કર્યું. તથા કરતોજ રહ્યોછું. તથા તારૂંપણ તારણ કરવાને તૈયાર છું, એવો એ પ્રત્યક્ષ, સર્વ માણસોને લગાડી આપેલો વેદપ્રતિપાદ્ય ધર્મ, તેહેને હિંદુધર્મ એ મ્લેચ્છ ભાષણ રૂપ, નામ આપી, તેહેને ક્ષયની ભાવના થઇ એવું કેહેનારો તું કોણરે, મતવાદી હોઇશ ? ખરેખર, તું મતવાદીનછે, કારણ તમારા હિંદુધર્મને, એવું તેં પરકીય ભાવનાથી પ્રશ્નમાં લખ્યું, એજપરથી સાફછે કે તું હિંદુ નથી, હવે ભાઇરે હિંદુ ધર્મને એટલે વેદપ્રતિપાદ્ય ધર્મને ક્ષયની ભાવના મૂળેજ નથી, કારણ તેહેમાં કહ્યાપ્રમાણે આચરણ કર્યું, એટલે તે અક્ષયજછે, પણ ઘણકરી લોકોયે,

તેવું આચરણ કરવું, એ ગ્લાનીના વખતમાં સુચવનારોજ હું આવ્યોછું, તેમુને, તારા મનુષ્ય દેહીક અમૂલ્ય આયુષ્યનો, નિંદા કરતાં કરતાં ક્ષય થાતો જાયછે એ દીઠું, તેથી મુને તારી દયા આવીછે, અને મારીપાસે જ્ઞાનરૂપી જ્યાનવલ્ય ઔષધછે, જો શુદ્ધભાવ આપીશ, તો તારા શ્રોત્રેંદ્રિયદ્વારે તારા અંતઃકરણના પેટમાં, હું મારી અમુલ્ય શબ્દ શક્તીથી ઉતારી, તુંને પાડનારો જે અજ્ઞાનરૂપી રોગ, તે દૂર કરીશ, હું તારી જાતગોત તરફ તથા નિંદા સ્તુતી તરફ લક્ષ આપનાર નહીં, કારણ તું ધર્મની બાબતમાં અજ્ઞાન બાલકછે એવું હું સમઝું છું.

૭ પ્ર૦ મારી પરિક્ષામાં એવું આવેછે કે હિંદુધર્મ, કિંવા બિજા મનુષ્યકૃત ધર્મો, એ સર્વ લય પામશે, અને તે ઠેકાણે ઇશ્વર સ્થાપિત જે ધર્મ તે માત્ર પોતાનો ખરો પ્રકાશ પાડશે, અને દિવસેદિવસ તેહેનોજ જય થાયછે એવું સર્વના ધ્યાનમાં આવી ચુક્યું, પણ આપના શુકનમાં શું આવેછે ?

૮ ઉ૦ અમારા શુકનમાં એવું આવેછે કે હિંદુધર્મ એટલે વેદોક્તધર્મ, એજ ઇશ્વરસ્થાપિત છે, અને તું કેહેછે કે તેનો લય થાશે એજપરથી તુંને તથા તારાજેવું જેઓના ધ્યાનમાં આવી ચુક્યું તેઓને ઇશ્વર શું? તથા ઇશ્વરસ્થાપિત શું એનો અંતર દ્રષ્ટીયે સાક્ષાત્કાર નથી, જેતરફ ઘણો સહવાસ તે તરફ લક્ષ રાખી મનમાં આવે તેવા તર્ક કાઢવા, એજ તમારામાં છે, પણ ઇશ્વરસત્તાથી જે થાશે તે ખરૂં, તારા કિંવા હરકોઇના ધ્યાનમાં આવે તેજ સાચું હોય તો, આપણે કરેલા નિશ્ચયો ફરેછે તેહેનું કારણ શું, એ તું મનોમય વિચાર કર, અને નીતિયેકરી દ્વેષભાવ છોડી વરતતો જા, એટલે ઇશ્વર હૃ-

વસેદિવસ તારૂં લક્ષ પોતાના સ્વરૂપની તરફ વાળશે, એવું અમારા શુકનમાં આવેછે, તથા તારો છોકર સ્વભાવ છે એથી તું નમ્ર નથી એવું લાગેછે.

૯ પ્ર૦ ખીલાડુપણું કરનારા લોકો, આપણી સભામાં ઘણાન આવતા હતા, તેમાંથી થોડા એકોનેપણ, આપનો આત્માનાત્મ વિચાર સમઝાઇ, તેઓયે પોતાના, પેહેલાના કર્મો છોડ્યાં કે શું?

૧૦ ઉ૦ ભાઇરે અમારા મુખથી જેઓયે શ્રવણ કર્યું, તેઓને આત્માનાત્મ વિચાર થયો, અને તેઓયે, પોતપોતાના અયોગ્ય કર્મો તદન છોડ્યાં. એમાં સંશય નથી.

૧૧ પ્ર૦ મૂર્ત્તપૂજન કરવું, એ હિંદુધર્મનો મુખ્ય પાયો છે, એવું તમે ઘણા લોકોને કહ્યું, તે અંગિકાર કરી, કોણે મૂર્ત્તિ પૂજવાને, નવે શરથી પ્રારંભ કર્યો? કિંવા આમની દેવ પૂજામાં મૂર્ત્તિની, કિંવા શાલિગ્રામની વૃધ્ધી કરી, કિંવા નિત્ય કરતાં, કોઇયે, ઘણી વખત, આપણું નાક ધરી પણ બેઠા એવું આપના જોવામાં આવ્યું છે કે?

૧૨ ઉ૦ જે પ્રમાણે અમારો ઉપદેશ છે તે પ્રમાણે લોકો વરતે છે, તથા તે સારાં છે, તું જે નિંદા કરે છે, તે તારો સ્વભાવ છે, અરે ભાઇ, સિંહનું ચિત્ર કાઢી બતાવ્યું, અને તે નીચે, સિંહનો સ્વભાવ લખ્યો, એટલે જેવું સિંહનું જ્ઞાન થાય છે, તે પ્રમાણેજ, રામકૃષ્ણાદિક અવતારી પુરૂષોની પ્રતિમાઓ કરી સ્થાપન કરીઓ, અને તેઓની હકીકતો લોકોને વાંચી સંભળાવીઓ, એટલે લોકોને ઈશ્વરી શક્તીનો બોધ થાય છે, એવો એ પ્રતિમા કરવાનો સ્મારક સંપ્રદાય છે, એ જેઓના લક્ષમાં આવતો નથી, તે

દુષ્ટો દ્વેષ કરે છે, અને રામકૃષ્ણાદિક અવતારોના સ્મરણાર્થ, સુધરેલા ધર્મશીલ પ્રવીણ લોકોયે કરેલા તેઓના પુતળા તે ફોડેછે, એમાં તેઓની બેવકુફી એવી દેખાઇ આવેછે કે, જેમ આપણે આપના મિત્રોના સ્મરણાર્થ તસબીરો કરી રાખીયે છૈયે, અને તે ઠેકાણે, એકાદો ચોરટો મર્કટ આવેછે, અને તે આ સ્મરણાર્થ તસબીરો કરીઓછે, એવું નસમઝી સર્વ તસબીરો ફોડેછે, એથી તે મર્કટનો વિચાર બરાબર છેકે? બુદ્ધિવંત સમઝેછે કે બરાબર નથી, તેપ્રમાણેજ, જે મતવાદી થયા, તથા થાયછે, અથવા થાશે, તે મૂર્ખ છે; એવું શાહણા જાણેછે, અને તે દુષ્ટોયે જે પુસ્તકો કર્યાંછે તે વજનદાર નથી, કારણ પ્રતિમાઓ ફોડવાથીજ તે પોતાને શાહણા એવું માનતા હતા, પણ, અમો પ્રતિમા પુઠીતો બિજી પ્રતિમા કરીયેછૈયે, અને જેમ મર્કટ તસબીરો ફોડેછે, તેવૂંજ તેઓનું મૂર્ત્તિ ફોડવું એમ સમજ્યે છૈયે, તથા તસબીરો ફોડનારો બાલક, અથવા મર્કટ તેવોજ મૂર્ત્તિઓ ફોડનારો એવું સમજ્યે છૈયે, અને તેહેને મર્કટજેવો અથવા બાલકજેવો સમઝી તુચ્છ કરેછું; તથા રામકૃષ્ણાદિક અવતારોના સ્મરણાર્થ તથા તેઓની રીતનું સ્મરણ થાય એવા હેતુથી, તથા તે સભાઓ કરી ઉપદેશ કરતા હતા તેઓના સ્મરણાર્થ તેઓના તે સભાસ્થાનની પ્રતિમા સભામંડપ, તથા અધ્યક્ષ સ્થાનની પ્રતિમા સિંહાસન, તથા ઉપદેશ કરવા વખતે જેવી મુદ્રા તેવીજ કરેલી પ્રતિમા, તેજ મૂર્ત્તિ, તથા જેમ તેઓને લોક નમ્રતાથી નમન કરતા હતા, અને ભેટો લાવતા હતા, તે લોકોના ક્રિયાની પ્રતિમા, હાલમાં લોકો પૂજા અર્ચા કરે છે એજ છે; હવે, જે ઈશ્વરે અવતાર ધર્યા, તે ઇશ્વરની શક્તી, સર્વ

ઠેકાણે છે, એથી લોકોને, પૂજન, અર્ચન, સ્મરણ, ધ્યાંન, ઇત્યાદિ કરવાંથી સાક્ષાત્કાર થાય છે, અસ્તુ. એ પ્રકારનો, સર્વ શાલિગ્રામાદિક મૂર્ત્તિઓનો વિચાર છે, તે માનવી પ્રાણીરે ધ્યાનમાં ધર, અને એવું સમઝ કે, હાલના શાહણા લોકો, નામાંકિત માણસોનાં પૂતળાં, તેઓની યાદગારી સારૂ કરી રાખે છે, તે જેવા શાહણા, તેપ્રમાણેજ, પ્રાચિનકાળે, જે અવતારો થયાં, તેઓની પ્રતિમા કરી મુકનારા શાહણા હતા; હવે હાલમાં નામાંકિત માણસનું પુતળું કર્યું, તોય તેહેની પૂજા નથી, એનું કારણ તેહેની માનવી શક્તી છે, અને અવતારી પુરૂષોના અંગે ઇશ્વરી શક્તી છે, એથી, તેઓની પ્રતિમાપૂજા ફલદાયક છે. તથા વેદપ્રતિપાદ્ય ધર્મમાં, યોગ્યતા પ્રમાણે પ્રતિમા પૂજા ન કરી અથવા કરી તોય સમાનજ છે, જુવો, વેદપ્રતિપાદ્ય ધર્મમાં નથી એવું કાંઇજ નથી, પણ યોગ્યતા પ્રમાણે સર્વજ છે, જુવો શિખા રાખવી એ છે, અને જ્ઞાનસંપન્ન વૈરાગ્યશીલને, શિખા, યજ્ઞોપવીત, ન જોઇયે, કારણ તે સંન્યાસી થયો, એ પણ છે, તથા મરવા પછી સૂતક પાળવું એ પણ છે, અને સંન્યાસીના પ્રેતને, અડ્યા, તોય, સૂતક નથી, એટલે આભડછેટ નથી એ પણ છે. તથા મરવાપછી દાટવું, તથા બાળવું, તથા પાણીમાં ફેંકવું. તથા બ્રહ્મદિશાયે આઠ કકડા કરી, પક્ષી વગેરે ખાય, તેથી એ ફેંકવા એ પણ છે, તથા શરીર (પ્રેત) ન સડી જાય, વાસ્તે વનસ્પતીના અર્કમાં મુકવું એ પણ છે, તથા સર્વ દાઢી, તથા જટા, તથા નખો, રાખવાં એ પણ છે, તથા ત્યાગ કરવો એ પણ છે, તથા પ્રાણિમાત્રોને પાછળ જન્મ હતો, તથા આગળ અ-

જ્ઞાની રેહેતો જન્મ આવશે તથા સ્વર્ગ નરકના ભોગ છે, તથા આત્મજ્ઞાનથી જન્મ મરણાદિક કાંઇ નથી એ પણ છે, તથા જ્ઞાનસંપન્ન, નહોય તેણે, મૂર્ત્તિપૂજનાદિક સ્નાન, સંધ્યા, પ્રાણાયામ, વગેરે સાધનો ઇંદ્રિયદમનાર્થ તથા ચિત્તશુદ્ધ્યર્થ કરવાં એવું પણ છે, અને જ્ઞાનસંપન્ન છે તેણે, તેઉપર કહેલાં સાધનો, નકર્યાં, અથવા કર્યાં, તોય વિધી નિષેધ નથી એવું પણ છે, તથા સ્વહસ્તે સ્વયંપાક કરી ખાવું એ પણ નિયમાર્થ છે, તથા જે દેહાતીત સ્થિતિ ધારણ થયા પછી વિહાર કરેછે, તે સ્વપરહસ્તે બનાવેલું ખાય છે તેનો વિધી નિષેધ નથી એ પણ છે, તથા કર્મ પ્રકરણ ઇંદ્રિયદમનાર્થ છે, તથા સાકાર મૂર્ત્તની, અથવા પિંડિની ઉપાસના, મનના સ્થૈર્યાર્થ, તથા યોગ સિધ્ધીઓના સિધ્ધ્યર્થ છે, તથા જ્ઞાન પ્રકરણ એટલે વેદાંતશાસ્ત્ર, એ તો મુખ્ય તરણોપાયનો, વેદપ્રતિપાદ્ય ધર્મનો પાયો છે, એના આધારે, સર્વ મતો ખંડણ કરવામાં આવે છે, અને સમાધાન, તથા શાંતી, તથા સુખ થાય છે, એ મર્મ, માનવી પ્રાણીરે તું સમઝ, કારણ વેદપ્રતિપાદ્ય ધર્મમાં યોગ્યતા પ્રમાણે સર્વ કરવું, ન કરવું છે, અને તેમાએલીજ એક એક વાત લઇ ચાલનારા, અને સર્વ ખોટું કેહેનારા જે તેઓને મતવાદી એવું કહિયે, વાસ્તે ભ્રમ છોડ, અને ધર્મરૂપી ક્ષીરસમુદ્ર જે વેદોક્ત તે તરફ જા, તૃપ્ત થઇશ, કીચડજ પાણી કહી સમઝવું, અને પીવું, તેવાં મતો છે, કેવળ ધર્મ કહીશતો વેદોક્ત છે, બિજાં મતોરે મતો, અરે માનવી તે મતો, મતો.

૧૩ પ્ર૦ ખોટા સોગન લેવા, અથવા લાંચ લેવી,

વગેરે જે હંમેશાં ભયંકર પાપો થાય છે, તે આપની સભાના યોગથી ઓછાં થયાં કે શું ?

૧૪ ઉ૦ એ ચોકસી રાજદ્વારે કરવી.

૧૫ પ્ર૦ વિધવા સ્ત્રિયોનાં દુઃખો ધ્યાનમાં લાવી, સ્ત્રિયોનો પુનર્વિવાહ કરવો એ યોગ્ય છે, એવું આપ ભરસભામાં બોલતા હતા, પણ હાલસુધી, પુનર્વિવાહ કરવાને, આપની શિષ્યમંડળી, કેમ પ્રવૃત્ત થાતી નથી, અને પેહેલો ભ્રતાર ગત થયો તો, સ્ત્રિયોયે, પુનર્વિવાહ કરવો, એવી તમારી બુધ્ધિ કયારથી થઈ વારૂ ?

૧૬ ઉ૦ સ્ત્રિયોનો પેહેલા વિવાહનો ભ્રતાર મુવો એવું અમો સ્મરવા લાગ્યા, અને પુનર્વિવાહ કરવો એવું શાસ્ત્ર જોયું, ત્યાંહાંથી પુનર્વિવાહ, ખુશી હોય તો કરવો, તથા તેહેને અટકાવ કોઈનો ન જોઈયે, એવી અમારી સશાસ્ત્ર કેહેવાની રીતી છે, પણ જેવા અમે અન્ય મતો ખંડણ કરી, વેદપ્રતિપાદ્ય ધર્મ સ્થાપી આપું છું, તથા તે પ્રમાણેજ મતવાદીઓ સમઝે છે કે, અમારાં મતો ખોટાં છે, એવો પસ્તાવો તેઓને થાતો છતાં પણ, વેદપ્રતિપાદ્ય ધર્મનું તે ફરી ગ્રહણ કરતા નથી, તથા વેદોક્તધર્મમાં આવવાને ડરે છે, તે પ્રમાણેજ, જે સ્ત્રિપુરૂષોને પુનર્વિવાહ ઇષ્ટ છે તેઓની દશા છે, એવું બચ્ચા તું સમઝ, અને પ્રસંગે કાર્ય થાય છે, તથા પ્રસંગ ઇશ્વર સત્તાથી છે, મારી તરફ કોઈનું ગુરૂ શિષ્યપણું છે કે ? વિચાર કરરે વિચાર કર, મારા જ્ઞાન તલાવમાં, શુદ્ધ કલ્પનાનાં જલપક્ષીઓ ફરે છે, પણ સંશયના કુકડાં, તારા જેવાં, કિનારાથીજ તૃપ્તી પાંમશે.

૧૭ પ્ર૦ નાટક ગ્રહમા જઇ તમાસા જોવા, તથા ખરાબ ખરાબ વેશો લઈ, વાંદરાની પેઠે કુદકા મારવા, એ અતિ નિંદ્ય છતાં, તમારી સભામાં જવાથી, તેવું ન કરવા બાબદ, કોઈની મનોવૃત્તી ફરી કે શું ?

૧૮ ઉ૦ એમાં કાંઇજ નથી, એ સૃષ્ટીમાએલા સ્વભાવ બાલકોના છે, તે જેઓમાં હોય છે, તે તેવું કરે છે, કુદકા મારે છે અથવા છોડે છે, તેમાં કાંઇજ નથી.

૧૯ પ્ર૦ હિંદુ લોકોના દેવળમાં, જે પાપક્રિયા કરનારીઓ, કલાવંતણીઓ, તેઓનો નાચ, તથા બેઠકો કરે છે, તો એ મોટી શરમની વાત છે, એવું સમજી, તેઓએ, તે વાત કરવી, પડીમુકી, કે શું ?

૨૦ ઉ૦ એવી વાતો ઘણુંકરી થાતી નહીં હોય, તથા થાતી હોય તો, હાલમાં વેદપ્રતિપાદ્ય ધર્મના તરફથી, વ્યાવહારીક નિયમો ચલાવનારો, કોઈ ન હોવાના કારણથી, તેવું થાતું હશે, પણ એવું કરનારા જે, તે પાજી છે. તથા આ વખતમાં, તેવા ખરાબ લોકોનું ચાલે છે.

૨૧ પ્ર૦ મૂર્ત્તિ પૂજવા બાબત, તમે સભામાં પ્રતિપાદન કરો છો, વાસ્તે આપના મંદીરમાં, આપશિવાય, બિજી પથરાની મૂર્ત્તિ દેખાતી નથી એ કેમ ?

૨૨ ઉ૦ વેદપ્રતિપાદ્ય ધર્મ પ્રમાણે મૂર્ત્તિ ક્યાંહાં જોઈયે, અને ક્યાંહાં ન જોઈયે, તથા કોણે પૂજવી, અને કોહેને પુજી ન પુજી તોય સમાન, એનો વિચાર છે, તે સમજી લે, એટલે જે છે તે ઠીક છે, એવું તારા જાણવામાં આવશે, કારણ તું વેદોક્ત ધર્મવિશે અજ્ઞાન છે.

૨૩ પ્ર૦ હિંદુ ધર્મ સાચો છે એવું જો તમોને લાગે છે તો તેહેનું રૂપ સર્વને દેખાય, તથા સર્વ લોકોએ તેહેનો

સ્વિકાર કરવો, એ વાસ્તે રસ્તાઉપર જઈ ઉપદેશ શાસાર્ કરતા નથી.

૨૪ ઉ૦ રસ્તામાં ઘણાક લોક વેદપ્રતિપાદ્ય ધર્મઉપર વિશ્વાસ રાખનારાન હોય છે, તથા તેઓના વાસ્તે સભાઓ કરીઓ, તથા તેઓને જે પુછવાનું, તે તેઓ અમોને પુછે છે, સબબ રસ્તાઉપર ઉપદેશ કરવા સાર્ જવાનું કારણ નથી, તથા જે લોકોએ ઘણી પેઢીઓથી, વેદપ્રતિપાદ્ય ધર્મ મુકી દીધો છે તેઓના વાસ્તે સભા કરીઓ, હવે અમારી ખુશીમાં આવશે ત્યારે ફરી સભા કરી શું?

૨૫ પ્ર૦ જે બાબત જેહને વિશ્વાસ છે, તેવિશે તેહેને ક્રિયા જોઈયે, એ આપ કબુલ કરશો એવું મુને લાગે છે, તો, આપના આત્માનાત્મ વિચારને, ક્રિયા જોઈયે કે નહીં વારૂં.

૨૬ ઉ૦ અમોને જે આત્માનાત્મ વિચાર હશે, તો ક્રિયા જે જોઈયે તે નહીં હોય એવું તું સમઝેછે કે શું? તુને મારી સ્થિતિ સમઝાયછે કે શું? તુને આત્માનાત્મ વિચાર હોઈને કરણી હોતે, તો મારાવિશે તુને પરિક્ષા થઈ શંકા ન રેહેતે, પણ અભાવજ હશે, તેથી શંકા છે.

૨૭ પ્ર૦ ઈશ્વર એકછતાં અનેકત્વ નજોઈયે એવું જો તેણે કહેલું છે, તો તે અનેકત્વ કયા પ્રકારનું સમજવું? ભગવત્ગીતા અધ્યાય ૧૮ મો શ્લોક છાસઠમો "સર્વધર્માન્પરિત્યજ્યમામેકંશરણંવ્રજ ॥"

૨૮ ઉ૦ ભગવત્ગીતા અધ્યાય ૧૮ મો શ્લોક એકસઠમો, "ઈશ્વરઃસર્વભૂતાનાંહૃદ્દેશેઽર્જુનતિષ્ઠતિ ॥ ભ્રામયન્સર્વભૂતાનિયંત્રારૂઢાનિમાયયા ॥" ભગવત્ગીતા અધ્યો ૧૮ મો

શ્લોક ૬૨ મો "તમેવશરણંગચ્છસર્વભાવેનભારત ॥" એપ્રમાણઉપરથી એવુંછેકે, હૃદયસ્થ જે ઈશ્વર, તેવિશેનું જે અજ્ઞાન, તત્સંબંધી જે અનેકત્વ, જાગૃત, સ્વપ્ન, સુષુપ્તી, તુર્યા, એ ચાર અવસ્થારૂપેકરી ભાસેછે, તદ્વિષયક જે સર્વ ધર્મ, તેઓનો પરિત્યાગ કરવો જોઈયે; એટલે જેમ સુવર્ણનો પરિત્યાગ કરવાથી અલંકારોનો ત્યાગ થયો, તેમજ, અજ્ઞાનનો ત્યાગ કરવાથી તત્સંબંધી સર્વ ધર્મોનો પરિત્યાગ થાયછે; એવો અજ્ઞાનજન્ય સર્વ ધર્મોના પરિત્યાગ કરી હું જે સર્વ હૃદયસ્થ. તેમુને, તું પોતીકું અહંસ્પુરણ ધરનારા જ્ઞાન પેહેલાના, સ્વસ્વરૂપ નિરાકાર અસ્તિત્વેકરી અનુભવમાં લાવ, પછી સર્વ એક નિરાકાર પરમેશ્વરછે એવો જે તારો ભાવછે, તે ભાવેકરી તું, મારાથી જુદાપણું છોડી, જુદો રહીશ નહીં, એટલે હૂંજ તું થયો, એથી તારાં પાપો; વિચારે કરી અંધકાર મિથ્યા થયું. પછી તે અંધકારનો નાશ શું કરવો, તથા તેહેનું શું નહીંશું કરવું તેપ્રમાણે હૂં નસાડીશ, તે ઠેકાણે જીવ, તથા ઈશ્વર, એ ભેદ રેહેવાનો નહીં, એક નિરાકાર રેહેશે, એવો પ્રશ્નનો ઉત્તર છે, વાસ્તે જ્યાંહાંસુધી એક અવિનાશ તત્વનો બોધ નથી, ત્યાંહાં સુધી અનેકત્વનો ભાસછે, વાસ્તે એક પરમેશ્વર તત્વ વિશેનો જે અબોધ, તેજ અનેકત્વનું કારણછે એવું સમજ, પ્રમાણ "અજ્ઞાનમેવાસ્યહિમૂલકારણં" ॥ ઇતિરામગીતા ॥ "આત્મા જ્ઞાનાજ્જગદ્ભાતિ, ઇતિશ્રુતેઃ યસ્યભાસાસર્વમિદંવિભાતિ" ઇતિશ્રુતેઃ

૨૯ પ્ર૦ આપની પ્રકૃતી ગુણો ઉપરથી, આપને આ-

ત્માનાત્મ વિચાર થયોછે એવું જોકે કેહેતાં આવડે તોપણ તે વિચારને કરણીછે એવું કેમ કેહેવાતું નથી?

૩૦ ઉ૦ તુને પરિક્ષા કરવાનું જ્ઞાન નથી.

૩૧ પ્ર૦ આત્માના કાંમો કયાં, તથા શરીરનાં કામો કયાં, એ કહી ત્યાન્ય કયાં તથા ગ્રાહ્ય કયાં એપણ અમોને ખુલાસેથી કહો.

૩૨ ઉ૦ આત્મા અક્રિય જ્ઞાનવાન, તે શબલ બ્રહ્મ એટલે મિથ્યા બ્રહ્મ છે; તથા શરીર જડ, તથા અજ્ઞાન; ક્રિયા શુન્ય છે. એમાટે, બેઉના વિયોગેકરી, કામો મૂળેજ અભાવ દેખાડે છે, વાસ્તે પ્રશ્નજ વાચારંભણ છે. પણ આત્માના, તથા શરીરના સંયોગમાં, જે જે કાંમો છે, તેતે, ઈશ્વર એક છતાં અનેકત્વ ન જોઈયે, એપ્રશ્નના ઉત્તરમાં કહ્યાપ્રમાણે, ત્યાન્ય તથા ગ્રાહ્ય સમઝ. તું ઉપરનો એક પ્રશ્નઉત્તર મુકી, ભિન્નમાં છે. આજ પ્રકરણના ૨૮ મા અંકમાં જો.

૩૩ પ્ર૦ આપણે એક માણસ પ્રાણી છૈયે એવું જો તમોને જણાતું હોય, તો બીજા પ્રાણિઓ જે માણસો, તેઓને તમો તમારા પગે શાવાસ્તે લગાડી લેઓછો, અને એ અયોગ્ય છે એવું તમુને લાગતું નથી કે શું?

૩૪ ઉ૦ શ્રીમત્ભગવત્ગીતા અધ્યાય ૪ ચોથો શ્લોક ૩૪ ચોત્રીસમો. " તદ્વિદ્ધિપ્રણિપાતેનપરિપ્રશ્નેનસેવયા ॥ ઉપદેક્ષ્યંતિતેજ્ઞાનંજ્ઞાનિનસ્તત્વદર્શિનઃ " એગીતોક્ત પ્રમાણે લોકો પ્રણિપાત કરેછે, એ તેઓનો ધર્મછે, તથા અમારો ઉપદેશ કરવાનો પ્રાણોજછે, એમાં વેદોક્તધર્મ વિરૂધ્ધ કાંઈજ ન હોઈને, તારા મનમાં અણઘટતું લાગતું હોય, તો

તે તાસ્વતગીતાના ત્રિજા અધ્યાયના ૩૫ પાંત્રિસમા શ્લોકમાં ૩૫ મની સ્વવર્ણ એવું આવેલું છે, એમાટે એનો અર્થ પૂજનની ઉત્પત્તી

૩૬ ઉ૦ અમારા માર્ગ બાબદ આપને સારી પેઠેજ માહીઆત્મા થકે તથા મૂર્ત્તિપૂજન્ગુ તે પંથ બાબદ આપ અત્મિાત્મ વિચાર શીરીતે કરવો, એ જો તો તે પંથના લક્ષણો ધારણ કર્યો, ત્યારે તેહેની લોકોયે પૂજા કરી, તથા [illegible] અને પ્રતિમા કરી સ્મરણાર્થ રાખી, તે વખતથી, તે સ્મારક મૂર્ત્તિનિ પૂજા ચાલેલીછે, તથા તે ઈશ્વરને પ્રિયછે, કારણ ઈશ્વર એવું સમઝેછે કે, ચરાચર સૃષ્ટીમાં હું એક છું, તે મારો પ્રેમ, તથા સ્મરણ, પદાર્થમાત્ર જોઈ જેઓ કરેછે તે ધન્યછે, એવો તેહેનો વેદોક્ત વિચાર સર્વના જાણવામાંછે.

૩૭ પ્ર૦ ભગવત્ગીતા અધ્યાય ૩ ત્રિજો શ્લોક ૩૫ પાંત્રિસમો " સ્વધર્મેનિધનંશ્રેયઃપરધર્મોભયાવહઃ ॥" એ આપની ગીતામાએલું વાક્ય છે, એનો વાસ્તવિક અર્થ કેવોછે, કિંવા એ વાક્ય જે વખત કૃષ્ણે અર્જુનને કહ્યું તે વખતનોજ અર્થ સમઝવાનો?

૩૮ ઉ૦ સંપૂર્ણ ભૂગોલ ઉપરના મનુષ્ય પ્રાણિઓના, પ્રકૃતિજન્ય ગુણકર્મોઉપરથી, તેઓના ચાર વર્ગ કરેલા છે, તેમાં ઉત્તમ ગુણકર્મોના જે માણસો તેઓના વર્ગનું નામ બ્રાહ્મણ, તેઓને વેદ શિખી બીજાને શિખવવો, એ ગુરૂપણાનો ધર્મ છે, તથા ભિન્ન મધ્યમ ગુણકર્મોનાં માણસો તેઓના વર્ગને ક્ષત્રિય નામ આપેલું છે, તેણે વેદ શિખવો પણ બીજાને શિખવવો એ ગુરૂપદ ન લેવું, કારણ તેઓના ગુણકર્મો મધ્યમ છે, વાસ્તે તેઓને ગુરૂપણાની પદવી આપી હો-

ના
વૈશ્ય વર્ગ
જાને શિખવ-
બુદ્ધિ જડ છે; હવે
ણસોનો થોડોક સમુદાય,
ઢપણું ઘણું, તથા વિચારશક્તી
ણાયે, કાંઇન ધંધો કરવાનું જ્ઞાન નથી,
તથા શિખવ્યૂંછતાં આવડતું નથી, એવા માણસોનો જે વર્ગ,
તેહેનું નામ શૂદ્ર, તેઓને વેદ શિખવવો નહીં, કેમકે, જડ
જીભના માણસોને વેદ બોલતાં આવડશે નહીં, પણ વેદમા-
એલો અર્થ તેઓના મનમાં ઠશશે એવી યુક્તી કરવી, એવી
એ વર્ણ વ્યવસ્થા કરવાની રીત મૂકી તો વર્ણસંકર થાયછે,
એટલે ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, તથા મૂઢ, એવા માણસોનો
ભેદ અનુભવમાં આવતો નથી, અને સર્વ મ્લેચ્છ થાયછે,
વાસ્તે ગુણકર્મ વિભાગેકરી, જે જે માણસોનો વર્ગ એટલે વર્ણ
ઠરે; તેણે એવા એવા પ્રકારે વરતવું, તેજ વેદોક્ત તેહેનો ધર્મ,
તે છોડી જો અન્ય વર્ગમાએલો એટલે વર્ણમાએલો વેદોક્ત
પ્રકાર કહેલો અન્ય વર્ણ સ્વીકારશે, તો તેહેનો પ્રકૃતીસ્વભાવ
બગડી તે અન્ય વર્ણનો ધર્મ એટલે બ્રાહ્મણનો ક્ષત્રિયે, એ-
પ્રમાણે કર્યું તો ભયાવહ થશે, વારતે, પ્રકૃતીના સ્વાભાવિક
ગુણકર્મ વિભાગેકરી, જે જેહેનો વર્ગ ઠરે તેણે તે વર્ગને વેદો-
ક્ત ધર્મમાં કહેલા ધર્મપ્રમાણે વરતવું એજ તેહેને સારૂંછે,
જુવો શક્તી નથી, અને શક્તીમાનનો ડોલ ઘાલવો વ્યર્થછે,
તેમજ સ્વવર્ણના કર્મો છોડી બિજા વર્ણના કર્મો કરીશ કે-
હેશે તે ત્રાસ પામશે, એ પાછળના પ્રકરણ પઠિત અર્થેકરી,

ભગવતગીતાના ત્રિજા અધ્યાયના ૩૫ પાંત્રિસમા શ્લોકમાં સ્વશબ્દેકરી સ્વવર્ણ એવું આવેલું છે, એમાટે એનો અર્થ એવો છે.

૩૯ પ્ર૦ વામ માર્ગ બાબદ આપને સારી પેઠેજ માહી-તીછે એટલુંજ નહીં, પણ તે પંથ બાબદ આપ અભિમા-ની છો, એવું સાંભળવામાં છે, તો તે પંથના લક્ષણો શી રીતે, અને કેવાં છે, અને તે પંથની વાત કોઇ પાસે કાઢી છતાં શરમાય છે એ શું?

૪૦ ઉ૦ જે શરમાએ છે તે મૂઢ મતિમંદ છે તથા તેઓને વામ માર્ગ એટલે ભ્રષ્ટ માર્ગ એવું લાગે છે, પણ તે અજ્ઞાની છે. કારણ અમારા, વેદપ્રતિપાદ્ય ધર્મમાએલા, ઉપાસના પ્રકરણમાં, એટલે રામાયણના સપ્તકાંડો પ્રમાણે જે વેદમધ્યે ઉપાસના કાંડ છે, તેહેમાં કહેલું છે કે, ભજનના પાં-ચ આયતનો એટલે પાંચ સ્થાનકો છે, તેમાં શ્રી એ ભજ-નનું મુખ્ય સ્થાનક છે, અને તે શ્રીનેજ વામાકહિયે, તથા શ્રી એટલે જે ઈશ્વરની શક્તીએકરી, જગતની ઉત્પત્તી, સ્થિ-તિ, લય. તથા બંધ, મોક્ષ, થાય છે તે છે, તે ઈશ્વરની અ-ચિંત્યશક્તીનું, એટલે શ્રીનું સ્મરણ, ધ્યાન, જે કરે છે, તેજ શાક્ત છે. પણ શક્તી, એટલે સ્ત્રીલિંગી શબ્દ હોવાથી સ્ત્રી છે એવું સમઝવું નહીં, તથા ઈશ્વર એ પુલ્લિંગી શબ્દ હોવાથી પુરૂષ સમઝવો નહીં, અને બ્રહ્મ એ નપુંસકલિંગી શબ્દ હોવાથી નપુંસક સમઝવું નહીં; આપણું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું આપણું સ્વસ્વરૂપ સમઝવું; તથા તે સમુદ્ર, અને તે પાણી, તથા તે છોળ, એવું કેહેછે, પણ ત્રણે લિંગી

શબ્દો છતાં પણ, પુરૂષ, કિંવા સ્ત્રી, અથવા નપુંસક એવું ન સમઝતાં ત્રણે લિંગોના નામો લઇ દેખાડ્યાથી, જલસમુદાયજ લક્ષવો; તેમજ શક્તી, શિવ, ગણપતિ, વિષ્ણુ, સવિતા, એ પાંચ અથવા અનંત નામોથી દર્શિત કર્યાં તોય, એક તત્વ ઓળખવું, એવું એ વામ માર્ગનું એટલે શાક્ત માર્ગનું લક્ષણ છે, એ હું જાણુંછું, તથા સૌર પણ જાણુંછું, તથા ગાણપતિપણ જાણુંછું, તથા શૈવપણ જાણુંછું, તથા વૈષ્ણવપણ જાણુંછું એથીજ મુને એટલે વેદોક્તધર્મના માણસને મતાભિમાન નથી, તથા મારી એક સમદૃષ્ટી છે, તેમાં ભિન્નપણું પ્રવેશ કરતું નથી, વારતે વામ માર્ગનો જે ભ્રષ્ટ અર્થ તું તથા તારી સમઝણના લોકો સમઝેછે, તથા આચરણ કરેછે, તેઓ મુળેજ નથી. અમો તો હરએક પુસ્તક લખવા વખતે પ્રથમ શ્રી લખુંછું, એનું કારણ એજ કે, સર્વમાં શ્રેષ્ઠ શ્રી એટલે ઈશ્વર તત્વની આકર્ષણશક્તીયુક્ત જ્ઞાનશક્તી છે. એ અર્થ જાણવાવાળા અમોને ચાહે તે કહો, અમારો નિશ્ચય સર્વત્ર એક એવો છે. તથા સર્વત્ર એક નિરાકાર છે, તેમાં મારૂં મનોમય અહંસ્ફુરણ તથા અહંસ્ફુરણ ધરનારૂં જ્ઞાન વ્યર્થ છે. આ માર્ગનો વિચાર દર્શકપણાનો અભિમાન ધરી, લોકોને મુપથે લગાડુંછું, તેહેમાં અમોને, લજ્જા, ભિતિ, સંશય, એ નથી; જગતના વરતવાન્વયે ઇંદ્રિયોથી છેયે, મારી પાસે જ્ઞાનનો પાક ઘણો પાક્યો છે, લુટીશકો તો લુટ માફ છે. એ લક્ષણો સમઝવાં.

૪૧ પ્ર૦ જગતમાએલા માણસોને કઇ વાત ઉપયોગી છે. અને તેઓ ઘણા ખરા કેહેના નાદેં લાગેલાં છે.

૪૨ ઉ૦ સર્વ ભૂગોલઉપરના માણસોને વેદપ્રતિપાદ્ય-

ધર્મ પ્રમાણે પ્રપંચ પરમાર્થમાં વરતવું સારૂં છતાં ઉપયોગી છે, પરંતુ કેટલાક માણસો એ પ્રમાણે નથી, અને ભ્રષ્ટ મતવાદી થઇ, શિશ્નોદરના નાદેં લાગેલાં છે.

૪૩ પ્ર૦ તમો ભગવાં વસ્ત્રો પરિધાન કરી રામદાશી બાણો બતાવો છો, પણ શંખ ચક્ર ગદા ઇત્યાદિ વિષ્ણુનાં ચિન્હો, ધારણ ન કરવાથી, તેહેને તમારી રીસ આવશે નહીં કે શું?

૪૪ ઉ૦ અમો દત્ત સંપ્રદાઇ અવધૂત છૈયે, અમારી રીસ, તથા લોભ, ભિન્નએ કરવા એવું નથી, તથા અવધૂત લોક, કોઇના બંદા નથી, તથા તેઓનો દેવ જે રામ તે એક તથા હું એક, એ ભેદ શરીરઉપર છતાં, નિરાકાર પરમાત્માને વિશે નથી હોતો, એથી નિયમ તેઓનો ચાકર છે, કેમ કે તેઓજ નિયમદ્યોતક છે, જો અમે તેવા છૈયે તો, જેવી રીતે વરતવાથી, દેવની પ્રીતિ શરીરઉપર રેહે, તે રીત અમારા જાણવામાં પણ હશે.

૪૫ પ્ર૦ અમારૂં સોવળું ઓવળું બરાબર ન ચાલવાથી અમારો ધર્મ ડુબે છે, એવો બ્રાહ્મણલોકોનો ભુંભાટ છે, તથા એ વાત સાચી છે તો, એ વાતનો તેઓએ ઇલાજ શું કરવો, એ આપ કહો.

૪૬ ઉ૦ " દેશકાલાનુરોધેનવર્ત્તિતવ્યંસદાબુધૈઃ ॥ " એ વચનઉપર લક્ષ આપી તેઓએ વરતવું.

૪૭ પ્ર૦ કોંકણ વગેરે ઠેકાણેથી ઘણા લોકો પેટસારૂ અહીં આવેછે, તેમાંથી કેટલાએકોને અહીંની હિંદુધર્મવિરૂદ્ધ ભ્રષ્ટતા સમઝવામાં આવ્યા પછી, તે અજ્ઞ છતાંપણ સ્વધર્મ રક્ષણાર્થ પાછા પોતીકા ગામે જાયછે, તો આપ બ્રહ્મચા-

રીછતાં આ ભ્રષ્ટ સ્થળ છોડી સ્વસ્થળે ગમન કરવું, એવું આપના ધ્યાન મનમાંપણ આવતું નથી એ કેમ?

૪૮ ઉ૦ અમે વેદપ્રતિપાદ્ય ધર્મની માહિતગારી કરી આપી, ભ્રષ્ટતા દૂર કરનારા વસ્તાદ છૈયે, એકારણથી જ્હાં ઘણી ભ્રષ્ટતા હોય ત્યાંહાંજ અમારૂં આગમન, ત્યાંહાંજ અમારૂં કામ, તેજ અમારૂં સ્થળ, એથી જુદું અમારૂં સ્થળ, તે, ભગવતગીતા અધ્યાય પંદરમો શ્લોક ૬ છઠો. પ્રમાણે "यद्गत्वाननिवर्त्तंतेतद्धामपरमंमम ॥" એથીજ એ કેમ એનો ઉત્તર એ, એમ ખુબ ધ્યાનમાં રાખ.

૪૯ પ્ર૦ અસંખ્ય કણોના યોગેકરી પદાર્થો થએલા છે, તે અનાદી છે કે નહીં?

૫૦ ઉ૦ પ્રાચીન, વૈશેષિક. મતમાએલા, પિલુક્વાદી જ્ઞાતાઓ, તથા અર્વાચીન કાળના, પદાર્થ વિજ્ઞાન, તથા રસાયનશાસ્ત્ર, જે રીતીપ્રમાણે ચાલેછે, તેહેના જ્ઞાતાઓ તથા ઇંદ્રિઓનો આધાર ધરી વિચાર કરનારા જ્ઞાતા, એ સર્વના મતેકરી, પરમાણું અવિનાશી છે, તથા તેઓના સંયોગથી ગોલ વગેરે નિર્માણ થાયછે, તે નાશવંત છે, એઉપરથી ગોલોને આદી પરમાણું તથા પરમાણું અવિનાશી તેઓનો કરનારો કોઇ નથી. વાસ્તે તે અનાદી છે; એવું તેઓનું મત છે. અને, હુંપણ, પંચ જ્ઞાનેંદ્રિઓના આધારે કરી જે જ્ઞાન છે, તે જ્ઞાને કરી, આ વાત, સર્વને એવીજ ભાસે, એવું કબૂલ કરૂંછું, પણ મારાજેવા અતીંદ્રિય જ્ઞાની એવાત કબૂલ કરવાના નહીં, કારણ, અનંતગોલ વગેરે પરમાણું જે, તેઓનું ઉપાદાન કારણ એટલે સમવાઇકારણ ગુરૂત્વાકર્ષણ શક્તિછે એહને ન્યાયશાસ્ત્રનું પ્રમાણ "आद्यपतनात्समवायिकारणंगुरुत्वं"

વાસ્તે સર્વ પરમાણું, જે સ્થળઉપર છે, એવું ઇંદ્રિઓના સંયોગેકરી, ઇંદ્રિયાતીત જ્ઞાનને ઇંદ્રિયદ્વારા ભાસેછે. તે ઇંદ્રિયોના સંયોગ, યોગબલથી દૂર કરી જોવાલાગીએ તો જોનારોન નહીંસો થઇ, સ્થલરૂપના સ્થાનકનાવિશે, પોતે નિરાકાર રેહેછે, પણ શૂન્ય અજ્ઞાન નથી, દ્વૈતાદ્વૈતાતીત, જ્ઞાન એવો તે રેહેનારો છે, હવે સ્વપ્નામાંથી મનુષ્ય જાગૃત થયું, એટલે તેહેને સ્વપ્નદેહનો સંબંધ નથી, પણ સ્વપ્નમાએલું સાક્ષિત્વ છે, એઉપરથી એવું સિધ્ધ થાયછે કે, જે જ્ઞાનેકરી સ્વપ્ન જોયું તેજ જ્ઞાન જાગૃતઅવસ્થામાં છે, એપ્રમાણે જે નિરાકાર પરમાત્માના જ્ઞાનને પરમાણું તથા જગત રૂપી સ્વપ્નું પડ્યું, એવું કહિયે તો એ અવસ્થા માએલા, એટલે જાગૃત, સ્વપ્ન, સુષુપ્તી, તૂર્યા, તથા ઉન્મની એટલે તૂર્યાની પરિપકવ દશા, એ અવસ્થાનું સાક્ષિત્વ નિરાકાર જ્ઞાનસ્વરૂપનાવિશે નછતાં, તે જ્ઞાનસ્વરૂપજ છે, એવો અનુભવ એજ અવસ્થાઓ ધરનારા જ્ઞાનને પ્રાપ્ત થાય છે, વાસ્તે, એ અવસ્થા ઓ ધારણ કરી, અમો તમોને કહુંછું કે, બાલ્યદૃષ્ટીથી પરમાણું તથા ગોલ એ સાચા દેખાય એવા છે. પણ પરમાર્થ દૃષ્ટીયે પરમાણું તથા ગોલ તથા તેઓના કર્ત્તા ઇત્યાદિ સર્વ મિથ્યાછે. એટલે મૂળેજ નથી. વાસ્તે તેઓને, અમો, જ્ઞાનદૃષ્ટીયે કરી, આદિ અનાદિ મૂળેજ કેહેતા નથી, કારણ નિરાકારનું એક અસ્તિત્વ સર્વે ઠેકાણે છે, તેમાં બિજું અસ્તિત્વ મૂળેજ નથી, વાસ્તે તેહેને નથી કેહેવું એપણ વ્યર્થ તથા છે કેહેવું એપણ વ્યર્થ એવું સમજી સર્વ વ્યવહાર બિનચૂક કરતા જવું.

૫૧ પ્ર૦ પ્રાણીને મૃત્યુ પ્રાપ્ત થવાને સૃષ્ટી કારણીભૂત છે કે નહીં?

૫૨ ઉ૦ ફક્ત શરીરને મરણ થવાને સૃષ્ટી કારણ છે, પણ શરીર ધારણ કરનારા પ્રાણીને એટલે જીવાત્માને મૃત્યુ જોઇયે તો નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન કારણ છે.

૫૩ પ્ર૦ આત્મા કેહેને કેહેછે,, તથા તેનું કર્મ શું?

૫૪ ઉ૦ શરીર ધારણકરી, કર્મેંદ્રિયોએ ક્રિયા કરવી તથા જ્ઞાનેંદ્રિયોએ પંચવિષયોનું સાક્ષિત્વ કરવું, તથા સ્વપ્નનું સાક્ષિત્વ કરવું તથા સુષુપ્તીમાં સ્વસ્થ રેહેવું, તથા ત્રણે અવસ્થાઓને વિસરી, હું નિરાકાર એવું પોતપોતાને સ્મરવું, તથા એક દેહ છોડી બીજો સંકલ્પરૂપ સૂક્ષ્મ દેહ ધારણકરી સ્થૂલ થાવું, એ આત્માનું દેહચતુષ્ટયના સંયોગેકરી કર્મ છે, તેહેને તથા હું બ્રહ્મ એવો અંતરનો જે સંકલ્પ એક તત્વરૂપ પ્રગટ થયોછે, તે સંકલ્પના સાક્ષીપણું કરનારાને આત્મા કેહેછે. તથા તેહેનેજ જીવેશ્વર કેહેછે, તથા તે આપણને શરીરજ હુંછું એવું માને છે, એજપરથી તેહેને જીવ કેહેછે, તથા તેજ આપણને હું નિરાકાર છું એવું અનુભવેછે, તેથી તેહેનેજ શિવ કેહેછે, અને શુધ્ધ નિરાકાર, જેહેના ટેકાણે એ કલ્પના નછતાં જ્ઞાનસ્વરૂપ છે, તેહેને સદાશિવ, તથા મહાવિષ્ણુ, તથા આપનેજ આત્મરૂપ પેહેલાનો પરમાત્મા તથા પરમેશ્વર, એવું જનબોધાર્થ કલ્પેછે.

૫૫ પ્ર૦ માણસને મરવા પછી કઇ સ્થિતિ પ્રાપ્ત થાયછે?

૫૬ ઉ૦ જોતે શરીરજ હું એવું કલ્પી મુવો, તો અંતકાળનાવિશે, એટલે સર્વ આયુષ્યના કાળમાં અથવા દેહની અત્યંત વિસ્મૃતી કાળે, જે સંકલ્પરૂપી દેહ, જે અતિસૂક્ષ્મ, કે બીજમાં વૃક્ષ, તેવો, જાણીવના, વિસ્મૃતી રૂપી પડદામાં,

રેહેછે, તેજ આપણે હું કહી, આત્મા ધારણ કરેછે, અને તેજ શરીરનો આકાર, સ્થુલ થાયછે, અને જો, હું નિરાકાર છું, હું શરીર તથા પ્રાણ તથા મન નથી; એવી ભાવના રાખી મુવો તો, જે, જગતને ન જાણી, જ્ઞાનરૂપ સુખમય પરમાત્માછે, તેહેનું રૂપ, એ થાયછે. અને જગતની ભ્રાંતિ રેહેતી નથી, તથા જન્મ મરણ, અને સ્વર્ગ નરક, એપણ તેહેને રેહેતાં નથી. અત્યંત સુખરૂપ, પરમાત્માજ થાયછે, પણ આત્માજ પરમાત્મા થયો એવું નથી, મુળજ, આત્મા મિથ્યા કલ્પનાનો સાક્ષી, તે, નિરાકાર હું, એવી ભાવના, મરવા વખતે રાખેછે, તેથી તેહેનું પોતાપણું રેહેતુંજ નથી, એવો સિધ્ધાંત છે.

૫૭ પ્ર૦ અનંત બ્રહ્માંડો એટલે શું? શાસ્ત્રમાં તો કહ્યુંછે કે અનંત બ્રહ્માંડોછે તથા તે માયા કલ્પિત કાર્ય, મિથ્યાછે?

૫૮ ઉ૦ બ્રહ્માંડ એટલે, બૃહત, અંડ; તથા બૃહત એટલે મોટું તથા અંડ, એટલે ઇંડું એવાં મોટાં તથા આકૃતીમાં ઇંડાં. એવાં અગણિત છે, તેથી અનંત બ્રહ્માંડો કેહેછે, હવે મોટાં મોટાં ઇંડાં કયાં કહીશતો, સૂર્યગોલ, તથા ભૂગોલ, તથા ચંદ્રગોલ, તથા ગ્રહતારાગણોના ગોલ, અનંતછે. તથા તે ગોલો મોટાછે. અને તેઓના આકાર, ઇંડા સરખાછે, તેથી તે દરએક ગોલને બ્રહ્માંડ એવું કહેલું છે, એપ્રમાણે અનંત બ્રહ્માંડો છે, હવે ભૂમીગોલાકારછે, એ આપણાજ શાસ્ત્રમાં, બ્રહ્માંડ કેહેવા ઉપરથી ગોલાકાર એ સિધ્ધ થયું, તથા બિજું પ્રમાણ ભૂમંડલ, ચંદ્રમંડલ, સૂર્યમંડલ, ગ્રહતારા મંડલો, એ ઉપરથી, ભૂમંડલ પ્રમાણેજ, સૂર્ય, ચંદ્ર,, વગેરે સર્વ સ્વપ્રકાશ તથા પરપ્રકાશ મંડલો છે,

હવે એ ઠીકજછે કે, પૃથ્વીની નેમ મંડલ રૂપ સંપૂર્ણ જગ-સહીત કલ્પના કરી, તેમજ સૂર્ય ચંદ્રાદિક, એઓની પણ મંડલો એવી કલ્પના કરી, તથા ભૂલોક પ્રમાણે ચંદ્રલોક, સૂર્યલોક, એવું કહ્યુંછે એઉપરથી ત્યાંહાં ભૂમીપ્રમાણેજ સર્વ મંડલોઉપર જગતછે, એવું પેહેલાના લોકો જાણતા હતા, હવે ઘોડો મંડલ ઉપર ફેરવેછે તે મંડલ, એટલે વર્તુલ હોયછે તેપ્રમાણે ભૂમંડલ સર્વાંગે કરી વર્તુલ, એવું વેદપ્રતિપાદ્યધર્મ-નાં પુસ્તકોમાં લખ્યું છે. એ ઉપરથી ભૂમી વર્તુલાકારછે એવું શાસ્ત્ર લખનારાઓને ખબર હતું, તથા ભૂમંડલ જેમ લખેલુંછે તેપ્રમાણેજ સૂર્યચંદ્રાદિક સર્વ મંડલોછે, એવું લખ્યું છે, એ ઉપરથી, અનંત ગોલો ઉપર પણ ભૂમંડલ પ્રમાણેજ જીવો છે એવી ખબર વેદપ્રતિપાદ્ય ધર્મમાએલા લોકોને પેહેલાંથીજ છે, તથા સપ્તસાગર, એટલે એકજ સમુદ્રને સાતનામો. દ્વિપોની નિશાંણી જાણવા સારૂ આપે-લાંછે, એટલે હાલનાં લોકો જેમ સમુદ્રને, કાળો સમુદ્ર તથા રાતો સમુદ્ર, એવાં નામો આપેછે, તેવાંજ દધિસમુદ્ર, મધુસમુદ્ર, ઇત્યાદિ નામો આપેલાંછે, હવે, શેષે, પૃથ્વી ધારણ કરેલીછે. એનો અર્થ એવોછે કે, પૃથ્વી, આપ, તેજ, વાયુ, એ ભૂતો ગયાં, પછી રહ્યું જે આકાશ, તેહેનેજ અવ-શેષ રહ્યું તેથી, શેષ, કેહેછે, તેણે, તે થકે થએલા સર્વગોલો, જેમ પાણી થકે થએલા બરફને, પાણી તરાવેછે, તેવી રીતે, તદુદ્ભૂત, અનંતગોલો ધારણ કર્યાછે, તે ધારણ કરનારો, આકાશ રૂપજ શેષ સમઝવો. તેહેને, સહસ્ર મોંનો સર્પ સ-મજવો નહીં, સહસ્ર મુખ, એટલે અનેક મુખોનો શેષછે, અને સહસ્ર, એ અનંત વાચી શબ્દ, શૂન્ય સંખ્યાથી, સહસ્ર

કર, સૂર્યને કેહેવાપ્રમાણે છે, તથા સર્વગોલો ધારણ કર્યા તેજ શેષ, આકાશરૂપી જ્ઞાનરૂપછે, તે પોતીકી શક્તીયે, સર્વનું ધારણ કરેછે, વાસ્તે તેજ ધારણ કરનારો, એવું કેહેછે, તથા પરમાણુંરૂપી, ચાર ભૂતો જઇ, અવશેષ, પાંચમું આકાશ ભૂત રેહેછે, તેથી તેહેનેજ શેષ કેહેછે. તેઉપર, નિરાકાર પ-રમાત્માએ શયન કર્યુંછે, એટલે જગતને ધારણ કરનારૂં જે આકાશ, એટલે પોલાણરૂપ. તેહેનેજ શેષ કેહેછે, તથા તેઉપર પરમાત્મા નિરાકાર એ શાંત. અને જગતને જાણતો નથી, એવો જ્ઞાનસ્વરૂપછે, વાસ્તે તેહેને સુતેલોછે એવું કેહેછે, હવે, શેષશાયીની સગુણ મુર્ત્તિ કરેછે એ. મન જીતવાસારૂ, અવતાર મુર્ત્તિછે, એવું સમઝવું. પણ મુખ્યશેષ એટલે જ્ઞાન-રૂપ આકાશ: તથા નારાયણ એટલે નિરાકાર પરમાત્મા, તથા સૂતેલોછે એટલે તે જગતને જાણતો નથી, એટલે સાક્ષિત્વા-તીત છે એવું સમઝવું. તથા પૃથ્વી અશ્વત્થ પત્ર જેવી છે, એટલે પૃથુરાજાનું રાજ્ય પ્રથમ જેટલું હતું તેટલાનો નકાશો પીપળાના પત્રપ્રમાણે હતો. તથા મેદિની એટલે સર્વ જીવોનો મેદુ કોવાઇ તેથકે થએલી તેજ મેદિની, તથા એહેના પેટમાં જ્ઞાન છે. એટલે જેવું મનુષ્યના શરીરમાં જ્ઞાન છે, તેપ્રમાણે-જ ભુમીના પેટમાં જ્ઞાન છે, એરે ઘેલી સમઝણ છોડો અને જખ્યાપ્રમાણે સમઝો, અને ભાગવતમાં લખેલું છે, તે ઉપા-સના સગુણ મુર્ત્તિની કેવી રીતે કરવી, એહેની કલ્પના કરવાનો પ્રકાર લખેલો છે, વાસ્તે પુરાણોમાએલી વાતો સાચીઓ છે, પણ તેઓનો અર્થ કેવો કેવા ઠેકાણે લગાડવો એનો વિ-ચાર મેં લખેલો છે, એપ્રમાણે સમઝવો, તથા એવીજ સર્વ વાતો લાંબી, પોહોળી, ઊંચી, વગેરે માનસપૂજા કરવાનીપણ,

કિહાંકિહાં કલ્પના છે, તથા પાતાળ, એટલે પૃથ્વી ફરે તોય, હરએક વખતે સૂર્ય આકર્ષણ કરેછે, તેહેના પરીઘના નિચેના એટલે સૂર્યની આકર્ષણ કરવા તરફની બાજુના નથી એવા આકાશમાએલા ગોલ કલ્પવા, તથા અંતરાળ એટલે આપણી આજુબાજુની પોલાણ એવું સમઝવું તથા ભુલોકાદિક લોક એટલે અનંત ગોલ સમઝવા, તથા વૈકુંઠ મેરુઉપર છે, તે સ્વપ્રકાશ ગોલજ મેરૂ છે, તેહેના આકર્ષણમાં સૂર્ય છે, પણ તે મેરૂ આ ભુમીઉપર નથી, તથા એ ભૂમીનો જે મધ્ય તે આ ભુમીઉપરનો મેરૂ એવું સમઝવું. તેહેના આકર્ષણમાં પૂર્ણપણાથી સૂર્ય છે, એવું સમઝવું નહીં; તો આકાશમાં જે મેરૂ એટલે સ્વપ્રકાશગોલ અતિ ઉંચો છે. તેહેના આકર્ષણમાં સૂર્ય છે, એવું સમઝવું. અને માનસપુજામાં તેહેની કલ્પના કરવી તથા ભૂમી ગોલાકારછે, એવિશે શ્રીમત ભાગવતના ત્રિજાસ્કંધનાવિશે, અધ્યો ૨૩ મો શ્લોક ૪૩ માં છે, શ્લોકાર્ધ " મેક્ષયિત્વાભુવોગોલંપત્ન્યૈયાવાન્સ્વસંસ્થયા" એ શ્લોકનો અર્થ ભુમીગોલાકાર છે એવો છે. તથા જ્યોતિષશાસ્ત્રમાંપણ છે, જુવો સિધ્ધાંતશિરોમણી ગ્રંથમાએલા શ્લોકનો એક ચરણ " ભૂમેઃપિંડઃશશાંકજ્ઞકવિરવિકુજેજ્યાર્કિનક્ષત્રચક્રક્ષા" એટલે ભુમી એ એક ગોલ પિંડછે, તથા પૃથ્વીઉપર વસ્ત્રની પેઠે સમુદ્ર ફેલાએલો છે, એવિશે પ્રાતઃસ્મરણમાએલું પ્રમાણ શ્લોકાર્ધ " સમુદ્રવસનેદેવીપર્વતસ્તન મંડલે. "

૫૯ પ્ર૦ ભૂગોલઉપરના સર્વ મનુષ્યોના વ્યાવહારીક નિયમો જુદાજુદા હોવાનું કારણ શું?

૬૦ ઉ૦ માણસોને વ્યાવહારિક નિયમો બાંધી આપવા એ રાજાનું કામ છે, તેપ્રમાણે ભૂગોલઉપરના જુદા જુદા પ્રદેશોમાં જુદાજુદા રાજા છે, તે દરએકે માણસોને જુદાજુદા વ્યાવહારિક નિયમો બાંધી આપ્યાછે, એથી જે રાજાના તાબામાં જે લોક હોયછે, તે તે રાજાના નિયમેકરી ચાલેછે, એજ જુદાજુદા નિયમો મનુષ્યોમાં હોવાનું કારણ છે, તથા સાંપ્રત કાળમાં આ ભુગોલઉપર સાર્વભૌમ રાજા કોઇજ નથી એનું કારણ " નાવિષ્ણુઃપૃથિવીપતિઃ" એટલે વિષ્ણુના અવતારવિના સાર્વભૌમત્વ કોઇને નથી; તથા હાલમાં ઘણાક અજ્ઞાનરૂપી માણસો રાજાછે, એજ મનુષ્યોમાં જુદાજુદા નિયમો હોવાનું કારણ છે, એવું ન્યાયેકરી સિધ્ધ થાયછે, કારણ સાર્વભૌમ રાજા હોય તો, સર્વ ભુમીઉપરના માણસોને તેણે બાંધી આપેલો એકજ વ્યાવહારિક નિયમ હોય, પણ તેવું નથી. એથી જુદાજુદા નિયમો છે, તથા વેદોક્ત ધર્મરૂપી નિયમ સર્વનો એક છે, તે ઘણા લોકોએ છોડી મ્લેચ્છ થયા.

૬૧ પ્ર૦ દેવના મુખથકે બ્રાહ્મણ તથા બાહુથકે ક્ષત્રીય તથા ઉરૂથકે વૈશ્ય તથા પગથી શૂદ્ર એપ્રમાણે ચાર વર્ણ, દેવના શરીરથકે ઉત્પન્ન થયા, એવું પુરૂષ સૂક્તમાં કહેલુંછે, એવું લોકો બોલેછે, એનો અભિપ્રાય શું?

૬૨ ઉ૦ પુરૂષ સૂક્તમાં પ્રારંભેજ એવું છે કે "॥ સઃ,ભૂમિં,વિશ્વતોવૃત્વા,અત્યતિષ્ઠત" એટલે ભુમિસહવર્તમાન સર્વ વિશ્વને વ્યાપી, દેવ રહ્યોછે, હવે તે આકારવિના, વિશ્વવ્યાપક દેવનું ત્રિગુણાત્મક રૂપનો વિરાટરૂપી અલંકાર વર્ણન કર્યોછે, તેમાં જે શુધ્ધ સત્વગુણ તે વ્યાપક દેવનું મુખ એવું વેદમાં કલ્પેલું છે તથા શુધ્ધ સત્વગુણી જે મનુષ્ય તેજ બ્રાહ્મણ

છે, એઉપરથી, બ્રાહ્મણ, એ વ્યાપક દેવનું મુખજ સમજવું, પણ મુખથકે થયા, એવું પુરુષસૂક્તના અર્થમાં નથી, શુદ્ધ સત્વ ગુણ થકે થયા તે બ્રાહ્મણ, એવું કહેવુંછે, તથા સત્વરજાત્મક જે ગુણોનો સ્વભાવ, તેજ વ્યાપક દેવના હાથછે એવી કલ્પના કરી, એથી મુખ્ય શ્રેષ્ઠ સત્વગુણ, તથા તેહેને આધીન રજોગુણ, એવા સત્વરજાત્મક જે મનુષ્ય સમુદાય, તેજ ક્ષત્રિયોછે. તથા તે દેવના હાથછે એવું કહ્યુંછે, પણ હાથ થકે ઉત્પન્ન થયા એવું પુરુષસૂક્તના અર્થમાં કહેલું નથી, તથા રજસત્વાત્મક જે ગુણોનો સ્વભાવ. તેજ વ્યાપક દેવના સાથળોછે. એવી કલ્પના કરીછે, એથી શ્રેષ્ઠ રજોગુણ, તથા તેહેના આધીન સત્વગુણ, એવા રજસત્વાત્મક પ્રકૃતીના જે મનુષ્યો, તેજ વૈશ્યછે, અને તેજ વ્યાપક દેવના સાંથળોછે એવું કહ્યુંછે, પણ સાથળોમાંથી ઉત્પન્ન થયા, એવું પુરુષસૂક્તના અર્થમાં નથી, તથા તમરજાત્મક તમોગુણ, એ દેવના પગછે એવી કલ્પના કરીછે, એ ઉપરથી, તામસી પ્રકૃતીનાં જે માણસો. તે દેવના પગ થયા, એવું પુરુષસૂક્તમાં કહ્યુંછે. તથા તેઓનેજ શૂદ્ર એવી સંજ્ઞા આપીછે. એપ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય, શૂદ્ર, એ ગુણકર્મપ્રમાણે, ચારે વર્ણોછે, તે વિશ્વવ્યાપક દેવનું શરીરછે એવી કલ્પના કરવાનું કારણ; વ્યાપક દેવનું ત્રિગુણાત્મક શરીર જે, તેહેને આકાર કિંવા નિરાકાર, ઉભયભાવ નથી, એવી ખબર છતાં, વિરાટ શરીરની કલ્પના કરી એજ છે. એપ્રમાણેજ સૂર્ય, એ વ્યાપક દેવની આંખોછે એવી કલ્પના કરીછે, એનું કારણ એજકે, તેજ તત્વ, એ વિશ્વવ્યાપક દેવની આંખો કલ્પેલીછે, એથી, તેજ તત્વ રૂપી સૂર્ય, તેજ

વ્યાપક દેવના નેત્ર થયાં, તથા, આપણા દેહની આજુબાજુની પોલાણ, એટલે અભ્રો ઇત્યાદિ પદાર્થો, તથા ભૂગોલ વગેરે ગોલો, ફરવાની ખાલી જગો, તે ખાલી જગો એટલે પોલાણ, તે પોલાણજ, વ્યાપક દેવનાં શ્રોત્ર એટલે કર્ણોછે, એવી કલ્પના કરી; એનું કારણ એવું કે, તે પોલાણનાં પેટમાં, જે જે પ્રાર્થના, અને સ્તુતી વગેરે, કોઇ કરેછે, તેહેની, વ્યાપકદેવને ખબર પડેછે, કારણ, પોલાણમાં સર્વના શબ્દો નિકળેછે, તેથી તે પોલાણજ વ્યાપક દેવના કાન કલ્પ્યા, એ તે કલ્પવાનું કારણ સમજવું, એપ્રમાણે, પુરુષસૂક્તના પ્રારંભેજ, વિશ્વવ્યાપક જે આત્મા, તેજ આત્મા દેવછે એવું કલ્પી, તેહેનો આકાર સર્વ વિશ્વછે એવી કલ્પના કરીછે, તથા બ્રાહ્મણ વગેરે, ભગવદ્ગીતા અધ્યો ૪ ચોથો શ્લોક ૧૩ તેરમાપ્રમાણે ગુણકર્મો ઉપરથી ઉત્પન્ન થએલા ચારે વર્ણો વ્યાપક દેવનું મુખ, બાહૂ, ઉરૂ. પાદ, થયાં, એવું કલ્પેલુંછે. તે કલ્પવાનો તથા કેહેવાનો અભિપ્રાય ઉપર લખ્યો તેપ્રમાણે સમજ.

૬૩ પ્ર૦ ભય નથી એવું ઠેકાણું કયું તથા ભય છે તે ઠેકાણું કયું?

૬૪ ઉ૦ જે ઠેકાણે આપણે એક છૈયે, તથા બિજું કાંઇ છે. એવી ભાવના હોયછે, તે ઠેકાણે ભયછે. અને નિરાકાર પરમેશ્વરના સર્વ ઠેકાણે ભરેલા સર્વના સ્વસ્વરૂપ અસ્તિત્વમાં, પોલાણસોત પરમાણુજન્ય જગતનું અસ્તિત્વ નથી, એથી તેહેના જ્ઞાનને હું એક તથા બિજું એક એવી કલ્પના નથી એથી તેહેનામાં ભય નથી તથા આપણા અહંપણું ધરનારા જ્ઞાનમાં પોલાણસોત પરમાણુજન્ય જગતનું સાક્ષિત્વરૂપી અસ્તિત્વ છે,

એથી આપણા અહંપણું ધરનારા જ્ઞાનમાં હું એક તથા જગત એક એવી ભાવના છે, એથી આપણા અહંપણું ધરનારા જ્ઞાનરૂપમાં, ભયછે. પણ આપણા અહંપણું ધરનારા જ્ઞાનનો વિચાર કરી જોઇયે તો, નિરાકાર પરમેશ્વરના અસ્તિત્વમાં જગત નથી; તથા જેહેને જગતની ખબર પડેછે, તે નિરાકારના રૂપજેવો જગત માલમ પડેછે એ ન્યાયેકરી નથી. અને નિરાકારના સર્વ ઠેકાણે ભરેલા અસ્તિત્વમાં વિજાતીય રેહેવુંજ નથી; એથી આપણા અહંપણું ધરનારા જ્ઞાનનો મૂળેજ અભાવ છે. તથા એથીજ અહંપણું ધરનારા જ્ઞાનમાએલા પોલાણસોત, માનેલા જગતના અસ્તિત્વનોપણ, અભાવજ છે. વાસ્તે, નિરાકાર પરમેશ્વરના સ્વરૂપનાવિશે એટલે આપણા અહંવૃત્તી ધરનારા મિથ્યા એવા વંધ્યાસુતવત જ્ઞાનસ્વરૂપના પેહેલાના સત્ય જ્ઞાનરૂપ સ્વસ્વરૂપનાવિશે હું એક તથા જગત એક, એવી ભાવના નથી એથી તે ઠેકાણે ભય નથી. એટલે નિરાકાર સ્વરૂપનાવિશે દ્વૈત નથી, એથી ત્યાંહાં ભય નથી, પ્રમાણ શ્રુતી " મયંદ્વિતીયાભિનિવેશઃ"

૬૫ પ્ર૦ શાસ્ત્રાધારથી ગુરૂએ કહેલી ખુણ એટલે નિશાણી પામી, મુક્ત શીરીતે થાયછે ?

૬૬ ઉ૦ શાસ્ત્રાધારે ગુરૂનું તદ્દગત પામી, મુક્ત થાયછે, એઉપર ઉદાહરણ સારૂ. કલ્પિત વાત, એવી છેકે, કોઇએક શાહાણો પોપટ, નાહાનપણથી. એક સાવકારના ઘેર, પિંજરામાં હતો, અને તે સારૂં બોલતો હતો, પણ તેહેને વનમાં ઉડીનવાની ઇચ્છા થઇ, તથાપી તે બિચારાનો પિંજરામાંથી છુટકો કોણ કરે, એથી તે પોપટ તે પાંજરાના ખીલા, પોતાની રાતી સુંદર ચાંચવતી, ચાવતો રેહે, એટલામાં ત્યાંહાં એક

વૈરાગ્યશીલ, એવો સાધૂપુરૂષ આવ્યો, તેવખત પોપટે તે સાધૂને પુછ્યું કે, કોણરે તું, એટલે તું કોણછે ? તેવખતે સાધૂયે કહ્યું કે, હું સાધૂછું, ફરી તેહેને પોપટે પુછ્યું કે, તું અહીં કેમ આવ્યો ? તેવખત તે સાધૂયે પોપટને કહ્યું કે, હું પરમેશ્વર પ્રાપ્તીનું સાધન કરનારો સાધુછું, પણ મારો ગુરૂ સંત છે, એટલે પરમેશ્વરની પ્રાપ્તીપામી, શાંત થએલો છે. અને તે ગંગાના કીનારા ઉપર બેઠો છે, અને હું સીધું સામાન લેવા, ગામમાં આવ્યો છું, તેવખત પોપટ પ્રાર્થના કરી બોલ્યો કે, હે સાધુ, તું દયાળુ છે, એથી હું વિનંતી કરૂંછું કે, તું તારા ગુરૂને મારો પ્રશ્ન કર કે, મારો, આ પિંજરામાંથી છુટકો શાથી થશે, તેવખત, તે સાધુયે ભરોસો આપી કહ્યું કે, ઠીક છે. પછી સિધું સામાન લઇ, તે સાધુ, ગંગાકિનારા ઉપર પોતાના ગુરૂપાસે ગયો, અને ભોજન થયા પછી, પોપટનો પ્રશ્ન કહ્યો કે, મહારાજ! એક શાહાણા પોપટે, આપને પ્રશ્ન કહ્યો છે, કે મારો આ પિંજરામાંથી છુટકો શાથી થશે. એ પ્રશ્ન, તે સંત પુરૂષે સાંભળી. તેને મૂર્છા આવી, અને તે ભૂમીઉપર નિચેત, મરણપ્રાય લોળવા લાગ્યો, તેવખત તે શિષ્યે, પાણી લાવી ગુરૂના અંગઉપર છાંટી, ગુરૂને સાવધ કર્યો. અને ફરી, તે પોપટના પ્રશ્નની વાત, છોડી દિધી, આગળ, બિજે દિવસે, તેજ સાધૂ, સીધું લાવવા, ગામમાં આવ્યો, તેવખત પોપટે તેહેને જોઇ, નમ્ર થઇ; પુછ્યું કે, હે સાધુ! મારો પ્રશ્ન, તુયે, તારા ગુરૂને પુછ્યો હશે, કે મારો, પાંજરામાંથી છુટકો કેમ થાશે, તેઉપર તે સાધુ બોલ્યો, ઓ ભાઇ, તારા પ્રશ્નથી મોટો અનર્થ થયો હતો, કારણ હુંતારો પ્રશ્ન ગુરૂને કરતાવેતજ, મારો ગુરુ, મૂર્છા પામી હાથપગ તાણી: ચીનોપાટ પડ્યો, અને તેહેની, પ્રાણાંત

દશા થઇ હતી, પણ ચાર ઘડિયે, મારો ગુરૂ, ફરી સાવધ થયો, એ ભાષણ, તે સાધુના મુખથી, પોપટે શ્રવણ કરી, પોપટે, કિરાકિરા અવાજ કાઢી, પાંખ ફડફડાવી, પગ તાણી, ચાંચ ફાડી, પિંજરામાં ચિતો પાટ પડ્યો; તેવખત, સાવકારે, આપણા વાહલા પોપટને શું થયું ! એ જોવાસારૂ, તેહેને પાંજરામાંથી બાહેર કાઢી, હથેલીમાં લિધો, એટલી સંધીમાં, તે પોપટ, ભરભર પાંખો ફડફડાવી ઉડી ગયો; એ ગુરૂની નીશાણીનો પ્રતાપ છે, તે પોપટના જાણવામાં આવ્યો.

તાત્પર્ય.

૬૭ જેહેને જે વાતની ગરજ છે, તેહેને તે બાબત, ઇશારાથી સમઝણ આવેછે, જુવો, પોપટનો સંદેશો કેહેનારાને, પિંજરામાંથી ઉડી જવાની દરકાર નથી, એથી મૂર્છાની નિશાણી, પાંજરામાંથી છુટવું, એવિશે, ગુરૂયે દેખાડીછે, એવો, તે સંદેશો કેહેનારો, સમઝો નહીં, પણ પોપટ સમઝો, અને તેપ્રમાણે, મૂર્છાની કૃતી, સાવકારને દેખાડી, પાંજરામાંથી મુક્ત થઇ ઉડીગયો. તેપ્રમાણે, શાસ્ત્ર કેહેનારો, જોકે સમઝો નહીં, તોય જેહેને આત્મજ્ઞાનની ગરજ છે, તે પોતાના, આત્મસ્વરૂપની નિશાણી, શાસ્ત્રમાંએલા શબ્દો સાંભળી સમઝેછે; અને બધ્ધ મુક્તપણાતીત, પરમેશ્વર સ્વરૂપનાવિશે, અભેદ પ્રીતિએકરી, ઐક્યતાને પામેછે, એ ગુરૂની નિશાણીનો પ્રકાર એવો સમઝવો.

૬૮ પ્ર૦ જે અવતારનું જે પુરાણ, તે પુરાણમાં સર્વથી શ્રેષ્ઠત્વેકરી, તે અવતારનું વર્ણન કરેલું હોયછે. એટલે દેવી ભાગવતમાં સર્વથી શ્રેષ્ઠ દેવી, તથા શ્રીમત ભાગવતમાં

સર્વથી શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ, તથા રામાયણમાં સર્વથી શ્રેષ્ઠ રામ, તથા શિવપુરાણમાં સર્વથી શ્રેષ્ઠ શિવ, તથા ગણેશપુરાણમાં સર્વથી શ્રેષ્ઠ ગણપતી. એપ્રમાણે, જે અવતારનું જે પુરાણ, તે પુરાણમાં તેજ અવતારનું શ્રેષ્ઠત્વ વર્ણન કરી, સર્વની ઉત્પત્તી એથકેજ થઇ એવું લખેલું હોયછે. એઉપરથી, મુખ્યત્વે કરી શ્રેષ્ઠ કોણ, એબાબદ, સમઝણ થાતી નથી, વાસ્તે મુખ્ય શ્રેષ્ઠત્વ કેહેનેછે, તે કૃપા કરી કહો.

૬૯ ઉ૦ જે ઇશ્વરના આકર્ષણમાં, ભૂગોલ, તથા ચંદ્રગોલ, તથા સૂર્યગોલ, ઇત્યાદિ સર્વગોલ, એક આકર્ષણ શક્તીયે કરી ધરેલાછે તથા તે સર્વગોલો ઉપરના સર્વ જીવોનાં શરીરો પણ, તથા સર્વ પરમાણુંપણ, તેજ શક્તીયે ધરેલાછે, તે સર્વશક્તિમાનનેજ, સમષ્ટિરૂપ વ્યાપક ઇશ્વર એવી સંજ્ઞાછે. તેહેના આકર્ષણમાંથી, આપણા શરીરનો પરમાણું પણ છુટતો નથી. એવો તે ઇશ્વર. આ જગતની પ્રાર્થના સાંભળી, યુગાનુ યુગે અવતાર ધારણ કરેછે. હવે તે ઇશ્વર દૃશ્ય પદાર્થ નથી, એથી આંખોવડે, દેખાતો નછતાં, ભક્તોની પ્રાર્થના, કીરીતે સાંભળેછે, એ બાબતનો વિચાર એવો કે, જેમ માણસનો આત્મા દેખાતો નથી, તોયપણ, શરીરનું નામ લઇ, હાકમારિયે તો, તે હાક, જડદેહ સાંભળતું નથી, પણ શરીરસ્થ આત્મા, આપણી હાક સાંભળેછે, તેપ્રમાણેજ, સર્વ પરમાણુજન્ય જગતનીતરફ જોઇ, ઇશ્વરની પ્રાર્થના કરીછતાં, પરમાણુજન્ય જગત, આપણે કરેલી પ્રાર્થના સાંભળતું, નથી, પણ, પરમાણુજન્ય વિશ્વમાં, ઇશ્વર, આપણી પ્રાર્થના સાંભળેછે, એ દૃશ્યશરીર સાંભળતું નથી અને અદૃશ્ય જે શરીરસ્થ આત્મા તે સાંભળેછે, એ દૃષ્ટાંતપ્રમાણે

સમઝવું. હવે ઈશ્વરે ભક્તોની પ્રાર્થના સાંભળી, દરએક યુગના વિશે, દેવીનો અવતાર, તથા રામ, કૃષ્ણ, શિવ, ગજાનન, દત્તાત્રેય, ઇત્યાદિ અવતાર ધારણ કર્યા, અને જગતનો ઉદ્ધાર કર્યો, તેથી તે ઈશ્વરના સ્મરણાર્થ, તેણે ધારણ કરેલા અવતારોની પ્રતિમાંઓ કરી રાખીઓ, અને પુરાણો, એટલે જે જે વાતો બનીઓ તેઓનો અલંકાર કરી તે લખીઓ, તેજ પુરાણોછે, હવે જે અવતારના નામથી, જે પુરાણ લખ્યું, તેહેમાં તે અવતારની, ઈશ્વરત્વે કરી, જેવખત સ્તુતીકરી તેવખત, તું સર્વથી શ્રેષ્ઠ છે, તારાથકે સર્વ થયું, એવું કહ્યું, એ બરાબર છે, કારણ, તે જો, અવતાર ધારણ કરનારો ઈશ્વર છે, તો, ઈશ્વર થકે સર્વ થયું, એ સ્તુતિ, તે અવતાર ધારણ કરનારા ઈશ્વરની કરી, એમાં ચુક નથી. કારણ, જેમ, વેષધારી માણસ, વેષો લાવેછે, જેવખત, સર્વ જોનારા, તે વેષ લેનારની તારીફ કરેછે, પણ વેષની તારીફ કરતા નથી, તેપ્રમાણે રામકૃષ્ણાદિક, સકલ અવતાર શરીરો, એ ઈશ્વરે, ધારણ કરેલા વેષો છે, તે અવતાર રૂપી વેષની તરફ જોઇ, વેષધારી જે ઈશ્વર, તેહેની સ્તુતી, પુરાણો રચનારાઓયે કરી, અને ઈશ્વરનું શ્રેષ્ઠત્વ વર્ણન કર્યું. વાસ્તે, જે જે અવતારનું જે જે પુરાણ, તેતે પુરાણમાં તેતે અવતારની હકીકત લખતાં, તેહેનું સર્વથી શ્રેષ્ઠપણું વર્ણન કરેલું હોયછે, તે એકજ અવતાર ધારણ કરનારા ઈશ્વરનું વર્ણનછે એવું સમઝવું, અને ઈશ્વર થકે સર્વ થયું, તેજ તે વર્ણનમાં, તારા થકે સર્વ થયું, એ કેહેવાનું તાત્પર્ય, ઈશ્વર થકે સર્વ થયું, એવું સમઝવું. અને અનંત અવતાર ધારણ કરનારો એક ઈશ્વરછે, તે એક વખતેજ, અનંત અવતાર રૂપો ધારણ કરેછે, તથા તે

એકજ ઈશ્વરનું શ્રેષ્ઠત્વ, અનંત અવતારોના વર્ણનમાં, એટલે પુરાણોમા ગણવું, અને એકજ ઈશ્વરનું શ્રેષ્ઠત્વ, દરએક અવતારના વિશે, વર્ણ્યુંછે, એવું સમઝવું, અને ન્યાયયુક્ત બુદ્ધિયે સંશય નિર્મુક્ત થાવું.

શબ્દપઠણ.

૭૦ પ્ર૦ છોકરાઓ, પ્રકૃતીના જે ત્રણ ગુણ, તે ત્રણ ગુણના નામોનો ઉચ્ચાર કરી દેખાડો, તથા, એ પ્રકૃતીના ત્રણ ગુણ, નિરાકારને નથી ?

૭૧ ઉ૦ સત્વ, રજ, તમ, એ ત્રણ ગુણનાં ત્રણ નામોછે, એ પ્રકૃતીના ત્રણ ગુણો, એટલે ત્રંણે સ્વભાવો, નિરાકારને સ્પર્શ કરવા શક્તિમાન નથી, તેથી નિરાકારને નિર્ગુણ કેહેછે.

૭૨ પ્ર૦ છોકરાઓ, પોતાના અહંપણું ધરનારા માયિક જ્ઞાનજાપર, એટલે મિથ્યા જ્ઞાનજાપર, ચાર શરીરોછે, તે ચાર શરીરોના નામોનો ઉચ્ચાર કરી દેખાડો ?

૭૩ ઉ૦ સ્થુલદેહ, સૂક્ષ્મદેહ, કારણદેહ, મહાકારણદેહ, એ ચાર દેહના ચાર નામો છે.

૭૪ પ્ર૦ છોકરાઓ, આપણા માયિક જ્ઞાનને, ચાર અવસ્થાઓ પ્રાપ્ત થાયછે, તે ચાર અવસ્થાઓના નામોનો ઉચ્ચાર કરી દેખાડો ?

૭૫ ઉ૦ જાગૃતઅવસ્થા, સ્વપ્નઅવસ્થા સુષુપ્તીઅવસ્થા, તૂર્યાઅવસ્થા, એવાં, ચાર અવસ્થાના ચાર નામો છે.

૭૬ પ્ર૦ છોકરાઓ, આપણા માયિક જ્ઞાનને, પંચ-

કોશોની ખબર પડેછે, તે પંચકોશોના નામોનો ઉચ્ચાર કરી દેખાડો ?

૭૭ ઉ૦ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય, એવાં પંચકોશોના પાંચ નામો છે.

૭૮ પ્ર૦ છોકરાઓ, પરમેશ્વરના જે ભક્તો, તેઓના જ્ઞાનની, સાત પ્રકારની ચઢતીકળા થાયછે, તે સાત પ્રકારની ચઢતી કળાઓનેજ, સપ્તભૂમિકા એવી સંજ્ઞાછે, તે સપ્તભૂમિકાના નામોનો ઉચ્ચાર કરી દેખાડો, તથા તેઓના લક્ષણોનો ઉચ્ચારકરી દેખાડો.

૭૯ ઉ૦ શુભેચ્છા, એટલે આત્મપ્રાપ્તીની ઇચ્છા, તથા વિચારણા, એટલે આત્મપ્રાપ્તીબાબદ વિચાર કરવો, તથા તનુમાનસા, એટલે મનના સંકલ્પેકરી, તનૂથકે, પોતાને જુદું જોવું, સત્વાપત્તી, એટલે સર્વકાળ જ્ઞાનવિચાર, સત્વ વિશેષ ધર્મ હોવો, તથા અસંસક્તી, એટલે વૃત્તીને ઇચ્છા બંધન નહોવું, તથા પદાર્થાભાવિની, એટલે સંપૂર્ણ વસ્તૂનો અભાવ લાગવો, તથા તૂર્યા, એટલે હું નિરાકાર છું. એવું અખંડ લક્ષ સ્થિર રેહેવું, એવાં સપ્તભુમિકાઓના સાત નામો છે, તથા પ્રકારો છે.

૮૦ પ્ર૦ છોકરાઓ, શરીરને, ષડવિકાર છે, એટલે છ વિકાર છે, તેવા નિરાકારને, છ વિકાર નથી, વાસ્તે, શરીરના છ વિકારના નામોનો ઉચ્ચાર કરી દેખાડો તથા લક્ષણો કહો ?

૮૧ ઉ૦ જાયતે, એટલે શરીર ઉત્પન્ન થયું, તથા અસ્તિ, એટલે છે એવું કેહેછે, તથા વિવર્ધતે, એટલે વધવા લાગ્યો, તથા વિપરિણમતે, એટલે તરૂણ થયો, તથા અપક્ષીયતે, એટલે વૃદ્ધ થયો, તથા વિનશ્યતિ, એટલે મરણ પામ્યો, એ શરીરના છ વિકારના છ નામો તથા લક્ષણો છે, એ છ વિકાર, નિરાકારને નથી, તેથી નિરાકારને નિર્વિકાર છે એવું કેહેછે.

૮૨ પ્ર૦ છોકરાઓ, ષડ્ર્મી રહિત નિરાકાર પરમાત્મા છે, એટલે છ ઉર્મીથકે જુદો પરમાત્માછે, વાસ્તે, તે છ ઉર્મીના નામોનો ઉચ્ચાર કરી દેખાડો.

૮૩ ઉ૦ જન્મ, મરણ, એ શરીરની ઉર્મીઓ બે; તથા ક્ષુધા, તૃષા, એ પ્રાણની ઉર્મીઓ બે; તથા હર્ષ, શોક, એ મનની ઉર્મીઓ બે; એવી ત્રણેની મળીને, છ ઉર્મીઓ છે, તેના નામો કહ્યાં. એ છ ઉર્મીઓ, નિરાકાર પરમાત્માને નથી, તેથી ષડ્ઉર્મીરહિત પરમાત્મા છે.

૮૪ પ્ર૦ છોકરાઓ, પરમેશ્વરનો વિચાર કરી, જે જ્ઞાની ભક્તો થાયછે, તેઓના અનુભવની સ્થિતિઓ ચાર પ્રકારની છે, તેહેના નામો ઉચ્ચાર કરી દેખાડો, તથા લક્ષણોપણ ઉચ્ચાર કરી દેખાડો.

૮૫ ઉ૦ ગતાયાતા, એટલે વૃત્તીને અનુભવ આવવો જવો. તથા વિક્ષિપ્તતા, એટલે અનુભવછતાં વૃત્તીને ખોટું લાગે, તથા સંશ્લિષ્ટતા, એટલે વૃત્તીને આત્મવિદ્યામાં સુખ રેહે, તથા સુલીનતા, એટલે વૃત્તીની આત્મસ્વરૂપનાવિશે બેઠક સ્થિર થઇ, એવાં, પરમેશ્વરનો વિચાર કરનારા જે અનુભવી જ્ઞાની ભક્તો, તેઓના અનુભવની ચારે સ્થિતીઓના ચાર નામો છે, તથા લક્ષણો છે.

૮૬ પ્ર૦ છોકરાઓ, પંચવિષય જેઓને કેહેછે, તે પાંચ વિષયોના નામોનો ઉચ્ચાર કરી દેખાડો.

૮૭ ઉ૦ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એવાં પંચવિષયોના પાંચ નામો છે, તથા સર્વ જગત, એ પંચ વિષયરૂપે કરીજ, ઓળખવામાં આવેછે.

૮૮ પ્ર૦ છોકરાઓ, પંચજ્ઞાનેંદ્રિયો કેહેછે, તે પાંચ જ્ઞાનેંદ્રિયોના નામોનો ઉચ્ચાર કરી દેખાડો.

૮૯ ઉ૦ શ્રોત્રેંદ્રિય, ત્વગિંદ્રિય, ચક્ષુઇંદ્રિય, જીહાઇંદ્રિય, ઘાણેંદ્રિય, એવાં પંચ જ્ઞાનેંદ્રિયોના પાંચ નામો છે. એવોના દ્વારે, પંચ વિષયરૂપેકરી, જગત ઓળખાયછે.

૯૦ પ્ર૦ છોકરાઓ, પંચ કર્મેંદ્રિયો જેહેને કેહેછે, તે પાંચ કર્મેંદ્રિયોના નામોનો ઉચ્ચાર કરી દેખાડો.

૯૧ ઉ૦ વાગિંદ્રિય, હસ્ત ઇંદ્રિય, પાદઇંદ્રિય, ઉપસ્થ ઇંદ્રિય, ગુદ ઇંદ્રિય, એવાં, પાંચ કર્મેંદ્રિયોનાં પાંચ નામોછે.

૯૨ પ્ર૦ છોકરાઓ, શરીરમાં, પંચપ્રાણરૂપી સૂક્ષ્મ વાયુછે, તે પંચપ્રાણોના નામોનો ઉચ્ચાર કરી દેખાડો, તથા ઉપપ્રાણ કયા, તે કહો.

૯૩ ઉ૦ વ્યાન, સમાન. ઉદાન, પ્રાણ, અપાન, એવાં પંચપ્રાણનાં પાંચ નામોછે. શ્લોક " त्वदिप्राणोगुदेपानो व्यानःसर्वशरीरगः॥ उदानःकंठदेशस्थः समानोनाभिसंस्थितः" તથા ઉપપ્રાણ, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય, એ પાંચછે.

૯૪ પ્ર૦ છોકરાઓ, અંતઃકરણ પંચક; અથવા ચિત્ત ચતુષ્ટય, એવું, સૂક્ષ્મ આકાશ ભૂતને કેહેછે, તે આકાશ ભૂતના, સૂક્ષ્મ દેહ મધ્યે, પાંચ નામોછે, તે પાંચ નામોનો ઉચ્ચાર કરી દેખાડો.

૯૫ ઉ૦ અંતકરણ, મન બુદ્ધિ, ચિત્ત, અહંકાર,

એવાં પાંચનામો, દરએક શરીર ઉપર જેહેની આકર્ષણ શક્તી છે, તેલિંગ દેહસ્થ આકાશનાંછે, તથા પાંચ નામો હોવાનું કારણ. તે આકાશની આકર્ષણશક્તિયેકરી, તેહેની પાંચપ્રકારની, શરીરમાં સ્થિતિ થાયછે.

૯૬ પ્ર૦ છોકરાઓ, જીવ, અથવા અંતરાત્મા, જેહેને કેહેછે, તેહેના લક્ષણોનો ઉચ્ચાર કરી દેખાડો.

૯૭ ઉ૦ જીવ અથવા અંતરાત્મા, અંતઃકરણ પંચક રૂપી આકાશ ભૂતનેજ કેહેછે, પણ જીવ અથવા અંતરાત્મા કેહેવાથી, અંતઃકરણ પંચકરૂપ આકાશ ભૂતનાં, ક્રિયા પેહેલાનાં સ્વરૂપ લક્ષણ સમજવાં.

૯૮ પ્ર૦ છોકરાઓ, શિવ કેહેછે, એહેનું લક્ષણ જેવું હોય તેવું ઉચ્ચાર કરી દેખાડો ?

૯૯ ઉ૦ શિવનું લક્ષણ એવું છેકે, પ્રથમ, જીવ અથવા અંતરાત્મા જેહેને કેહેછે તેહેમાં, જે અનેક વાસના, તથા અનેક કલ્પના હોયછે, તે, તે પોતાના સ્વરૂપ સ્થિતિ તરફ લક્ષ આપતો નથી, તેથી. અબોધ રૂપી અજ્ઞાન રેહેછે, તે અજ્ઞાનમાં, અનુભૂત વૃક્ષ બીજમાં, તેવીઓ રેહેછે, તથા વારંવાર જન્મ મરણ, તથા સ્વર્ગ નરક રૂપેકરી ઉભૂત થાયછે, પણ જીવે, એટલે અંતરાત્માએ, પોતાની, આકાશ સ્વરૂપની સ્થિતિ ધારણ કરી, સ્વસ્વરૂપની તરફ લક્ષ લગાડ્યું, એટલે તેહેમાં વાસના, તથા કલ્પના, રેહેવાનું કારણ, જે અબોધરૂપી, અમંગલ અજ્ઞાન, તે નષ્ટ થઇ, તેહેનુંજ, મંગલપણું, એટલે શુદ્ધપણું, તેહેનાજ અનુભવમાં આવેછે, તેથી તેહેનેજ શિવ કહિયે, એવું શિવનું લક્ષણછે,

૧૦૦ પ્ર૦ છોકરાઓ, અન્વય કેહેને કેહેછે ?

૧૦૧ ઉ૦ પોતાના જાણીવરૂપી જ્ઞાને કરી, પોતાને મિથ્યા સમઝી, જગતની સ્થિતી તરફ આવવું, તે આવવાની સ્થિતિને, અન્વય કેહેછે, તથા એહેનેજ આનેકી બાટ કહતે હૈં.

૧૦૨ પ્ર૦ છોકરાઓ, વ્યતિરેક કેહેને કેહેછે ?

૧૦૩ ઉ૦ પોતીકા જાણીવ રૂપી જ્ઞાનેકરી, પોતાનું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, નિરાકાર સ્વસ્વરૂપની તરફ લક્ષ આપવું, અને અહંપણું ધરનારા જ્ઞાનરૂપી જે આપણે, તે આપણે મિથ્યાછૈયે, એવું, પોતે પોતાને સમઝવું, ઇત્યાદિ તેહેનેજ વ્યતિરેક કેહેછે. તથા એહેનેજ જ્ઞનેકા ઘાટ કહતેહૈં, ઔર, બ્રહ્મકા કપાટ, અજ્ઞાન રૂપી કારણકૂં ક હતે હૈં, આત્મજ્ઞાનકું કૂંચી કહતે હૈં.

૧૦૪ પ્ર૦ છોકરાઓ, એ અન્વય વ્યતિરેક ઉપર, સર્વકાળ લક્ષ, જેઓનું હોયછે, તેઓને શું કહિયે ?

૧૦૫ ઉ૦ અન્વય, એટલે આપણા જાણીવરૂપી જ્ઞાનેકરી, અવસ્થા ધરતાં ધરતાં, જગતની સ્થિતિ તરફ આવવાનો માર્ગ, તથા વ્યતિરેક, એટલે આપણા જાણીવરૂપી જ્ઞાનેકરી, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, નિરાકાર સ્વસ્વરૂપની તરફ, અવસ્થા ધરતાં ધરતાં, લક્ષ લગાડવાનો માર્ગ, એ બેઉ માર્ગમાં પૂર્ણપણાથી જેઓનું જ્ઞાન, હમેશા વિહાર કરેછે, તેઓને સર્વજ્ઞ, અથવા તત્વજ્ઞાની, અથવા વેદાંતી. અથવા મહાભાગવત, અથવા બ્રહ્મવેત્તા, અથવા રાજયોગી, ઇત્યાદિ અથવા, બ્રહ્મનિષ્ઠ, એવુંપણ કેહેછે.

૧૦૬ પ્ર૦ છોકરાઓ, પાતકશું તથા પાતક નું લક્ષણ શું, એનો વિચાર કરી દેખાડો ?

૧૦૭ ઉ૦ નિરાકાર પરમેશ્વર સર્વત્ર ભરેલો છે, તેજ આપણું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું આપણું સ્વસ્વરૂપછે, તે સ્વસ્વરૂપમાંથી અહંપણું ધરનારા જ્ઞાનનું લક્ષ કાઢી, જગતમાં પાડનારૂં એવું જે અજ્ઞાન તેજ પાતક છે, તથા તે પાતકમાંથી, એટલે પાડનારા અજ્ઞાનમાંથી તારક એટલે તારનારૂં નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન છે, વાસ્તે જ્ઞાન તારક છે, તથા અજ્ઞાન પાતક છે, હવે તે તારક જ્ઞાન પ્રાપ્ત થવાસારૂ જે નીતી કહી છે, તે નીતિમાંથી અનીતિમાં પાડેછે, એ ઉપરથીપણ તે અજ્ઞાનને પાતક એવું કહિયે, તથા પાપ એવીપણ સંજ્ઞાછે.

૧૦૮ પ્ર૦ છોકરાઓ પુણ્ય અથવા પૂત અથવા પવિત્ર શું ? તથા તેહેનું લક્ષણ શું ? એહેનો ઉચ્ચારકરી દેખાડો ?

૧૦૯ ઉ૦ પોતીકા અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના પોતપોતાના નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન આપણા અંતઃકરણ પંચકરૂપ આકાશભુતને થયું, એટલે પાતક, અથવા પાપરૂપ જે અજ્ઞાન, એટલે અપવિત્ર, તેહેનો સમૂળ નાશ થઇ તારણ થાયછે. વાસ્તે સ્વાત્મ જ્ઞાનને તારક, અથવા પવિત્ર, અથવા પૂત, અથવા પુંણ્ય, એવી સંજ્ઞાઓ છે.

૧૧૦ પ્ર૦ છોકરાઓ. ત્રિવિધતાપ કેહેછે તેના નામોનો ઉચ્ચાર કરી દેખાડો ?

૧૧૧ ઉ૦ અધ્યાત્મિક, એટલે શરીરમાએલી અનેક રોગ પીડાઓ તથા આધિભૌતિક, એટલે પંચભૂતાત્મક સૃષ્ટી થકે પીડા તથા આધિદૈવિક એટલે આપણા જીવાત્મામાંથી નિકળેલી દરરોજની સ્વપ્નમાએલી પીડા, તથા મરવા પછી, જે ભોગસૃષ્ટીનું રૂપ સ્વપ્નપ્રમાણેજ જીવાત્મામાંથી, કરેલા કર્મો

પ્રમાણે, બિનચુક નિકળેછે તેમાએલી પીડા ઇત્યાદિ એ પીડાને આધિદૈવિક તાપ એ સંજ્ઞાછે. એવા ત્રિવિધતાપના ત્રણ નામોછે તથા લક્ષણો છે.

૧૧૨ પ્ર૦ અધ્યયન કેહેને કેહેવું તથા અધ્યાપન કેહેને કેહેવું?

૧૧૩ ઉ૦ વેદ શીખવાને વેદાધ્યયન કેહેવું, તથા શિખવવાને અધ્યાપન કેહેવું, કારણ, વેદ એ પઠણ શિવાય, એકલા પુસ્તક ઉપરથી ભણતાં આવડતો નથી, વાસ્તે તેહેનું ગુરૂપાસે અધ્યયનજ કર્યું જોઇયે.

૧૧૪ પ્ર૦ નવવિધાભક્તી કેહેછે તે કેવી, અને ભક્તીનાં નવપ્રકારનાં નામો કયાં?

૧૧૫ ઉ૦ ભક્તી એટલે પ્રીતિ, તે પ્રીતીએ કરી, નવપ્રકાર, દેવસારૂ આચરણ કરેછે, તે નવપ્રકારનાં નવ નામોછે, શ્રવણ, કીર્તન, વિષ્ણુસ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મ નિવેદન, એ ભક્તિનાં નવનામોછે.

૧૧૬ પ્ર૦ ચાર મુક્તીનાં નામો કયાં, તથા પાંચમી મુક્તીકઇ.

૧૧૭ ઉ૦ સ્વરૂપતા, એટલે ચતુર્ભુજ શામ સુંદર વિષ્ણુના સાવયવ ધ્યાનેકરી જેવો દૃઢ અભ્યાસ પ્રમાણે સ્વપ્નદેહ પ્રાપ્ત થાયછે, તેહેનીપેઠે શામસુંદર ચતુર્ભુજ વિષ્ણુ અવતાર જેવું થાવું તથા સલોકતા, એટલે જે દેવતાનું ધ્યાન તે સૂક્ષ્મ દેવતાના લોકનાવિશે નિવાસ કરવો તથા સમીપતા, એટલે જે અવતારી દેવનું ધ્યાન કરી રહ્યો, તેહેનીપાસે રેહેવું, તથા સાયુજ્યતા, એટલે આપણે નિરાકાર થાવું, એ

ચાર મુક્તીઓ છે, તથા સાર્ષ્ટિ, એટલે સમષ્ટિરૂપી ઇશ્વરનીપેઠે સ્વતંત્રતા તથા સેહેજ સ્થિતિ, એ પાંચમી મુક્તી છે. એવા એ મુક્તિનાં પાંચ નામો તથા લક્ષણો છે, એહેને પ્રમાણ, યજુર્વેદમાએલી હિરંણ્યકેશી શાખાના બ્રાહ્મણ ગ્રંથનો અધ્યો બારમો, અનુવાક નવમો, એમાંછે. "એતાસા મેવદેવતાનાꣳસાયુજ્યંસાર્ષ્ટિતાંયંતિ" ॥ ઇત્યાદિ છે.

૧૧૮ પ્ર૦ સગુણ શું તથા નિર્ગુણ શું?

૧૧૯ ઉ૦ સર્વ સૃષ્ટીના ગુણોને વ્યાપક જે એક ઇશ્વર તે ગુણ સહવર્તમાન છે, તેથી તેહેને સગુણ કહિયે, તથા તેહેના રામકૃષ્ણાદિક અવતારોને પણ સગુણ કહિયે, તથા નિર્ગુણએ શબ્દેકરી, સૃષ્ટીના ગુણ જાંહાં નથી, તે નિરાકાર પરમેશ્વર તત્વ એવું સમજવું.

૧૨૦ પ્ર૦ મુખ્યત્વેકરી દેવ કેહેને કેહેવો?

૧૨૧ ઉ૦ જે પોતાનાજ નિરાકાર દીપ્તીથી દ્યોતન છે, અથવા પોતીકા નિરાકાર પ્રકાશે પ્રકાશિત છે, તે નિરાકારનેજ દેવ કહિયે, હવે દેવ એ શબ્દનો ઉપયોગ અન્ય સ્થાને કર્યો, તે એવો કે, ભૂદેવ એવી સંજ્ઞા બ્રાહ્મણને આપી એનું કારણ બ્રાહ્મણ એ બ્રહ્મજ્ઞાનેકરી આ ભૂમીઉપર ઉપદેશનું પ્રકાશન કરેછે, તેથી તેહેને ભૂદેવ એવી સંજ્ઞા આપી, તથા નરદેવ, એવી રાજાને સંજ્ઞા છે, એનું કારણ નર એટલે મનુષ્ય જે, તેઓમાં જે પરાક્રમેકરી પ્રકાશિત થઇ જાયછે, તે રાજાનેજ નરદેવ એવી સંજ્ઞા છે, એપ્રમાણેજ, ચંદ્ર, સૂર્યાદિક, તથા ઇંદ્રાદિક દેવ, એ દેવ એ નામેકરી વીખ્યાત છે, તેહેના કારણો સમજવાં. અને મુખ્યત્વેકરી, દેવ એક નિરાકાર પરમેશ્વર તેજ સમજવો, પણ જેમ માણસને, રામ,

એવું નામ હોય તોય તે મનુષ્ય, રામઅવતાર નથી, તેપ્રમાણેજ, નિરાકાર પરમેશ્વરનું જ્ઞાન થાય, તેથી દેવ એ નામ કલ્પ્યું તેજ નામ બીજાને આપ્યું તોય તે દેવ આ શબ્દપ્રમાણે મુખ્ય નથી, મુખ્ય દેવ એવું નામ નિરાકાર પરમેશ્વરનું જ્ઞાન થવાસારૂજ છે.

૧૨૨ પ્ર૦ લોક શાસ્ત્ર છોડી નરસા માર્ગે કેમ વરતે છે, તથા તે સારામાર્ગે વર્તે એની યુક્તી શી ?

૧૨૩ ઉ૦ લોક શાસ્ત્ર છોડી નરસા માર્ગે વર્તે છે એનું કારણ એજકે, જે તરફ આગળનું ગાડરૂ જાયછે, તે તરફ સર્વ ગાડરાનું ટોળું જાયછે, તેપ્રમાણેજ, લોકોના સમુદાયમાં જે અગાડીના મુખ્ય, તેજ શાસ્ત્ર છોડી નરસા માર્ગે વર્તવા લાગ્યા, એટલે સમુદાય પણ તેહેનીજ રીતપ્રમાણે શાસ્ત્ર છોડી, નરસી ચાલે ચાલવા લાગેછે, એ ગાડરાના દૃષ્ટાંતે કરી જગતમાં અનુભવ લઇ જોવું, અને જેહેને શાસ્ત્રપ્રમાણે સુમાર્ગે લોકોને લઇજવા એવી ઇચ્છા હોય, તેણે એવું કરવું કે, જેવું શાહાણું ગાડરૂ અગાડીના નરસા માર્ગે જનારા ગાડરાને ટોળામાં ધકેલી, પોતે આગળ થઇ સર્વ ગાડરાનું ટોળું સારા માર્ગે, પોતે ચાલી લઇજાયછે, તેપ્રમાણેજ લોકોના સમુદાયમાએલા અગાડીના જે નરસા માર્ગે વર્તનારા મુખ્ય તેઓને હટાવી સમુદાયમાં મેળવવા અને અગાડીના મુખ્ય આપણે થઇ, સશાસ્ત્ર સારા માર્ગે પોતે ચાલવું, એટલે સમુદાયમાએલા લોકોપણ સશાસ્ત્ર સારા માર્ગે વરતશે, એ ગાડરાના દૃષ્ટાંતેકરી ધ્યાનમાં રાખી વરતવું, એ યુક્તીમાનનું કામછે.

૧૨૪ પ્ર૦ સાંબની પુજાનો વિચાર કેવો છે ?

૧૨૫ ઉ૦ સાંબઉપર એટલે ભ્રૂમધ્યસ્થાને અર્ધચંદ્રાકૃતી મનોમય કલ્પી તેહેના મધ્યભાગે શુદ્ધ સ્ફટિક જેવો એક બિંદુ કલ્પવો અને આપણું મન, તેઉપર સ્થીર કરવું, એટલે દૃઢ અભ્યાસથી સમાધી થાયછે, પણ તે કલ્પના શીરીતે કરવી એ ધ્યાનમાં આવવાસારૂ પાષાણની અર્ધચંદ્રાકૃતી શાળુંકા કરવી, અને તેહેની વચ્ચે બાણ સ્થાપવો અને પાણીની અભિષેક ધારા રાખી, તે ધારાની તરફ જોઇ, તેપ્રમાણે, મનની સંકલ્પરૂપી ધાર મનોમય કલ્પેલા અર્ધચંદ્રાકાર શાળુંકામાએલા બિંદુઉપર સ્થિર કરવી, અને શાળુંકામાએલા બાણને પિંડી, અથવા લિંગ નામછે એવું સમજવું. હવે મૂર્ખ લોકો વિપરિત અર્થ સમજેછે કે, લિંગ એટલે મહાદેવનું ઉપસ્થેંદ્રિય હશે, પણ ઓ મૂર્ખ લોકો, સ્ત્રીલિંગ, પુલ્લિંગ, તથા નપુંસકલિંગ, એવું કહ્યું છે, એઉપરથી, લિંગ એટલે ચિન્હ સમજવું, હવે ઉપસ્થેંદ્રિયને લિંગ એવું નામ સંસ્કૃત ભાષામાં બીભત્સ શબ્દ નઆવે તેથી કલ્પ્યું છે, એવું છતાં મૂર્ખ લોકોએ, મહાદેવની પિંડી, એટલે પુજાનું ચિંન્હ, તથા ચિંન્હ એટલે લિંગ એવું સમજવાનું તે સમજતા નથી, એ તેઓની ચુકછે, તથા જેમ મહાદેવની લિંગરૂપી, એટલે બિંદુરૂપી ધારણા છે, તેમજ વિષ્ણુની શાળિગ્રામરૂપી લિંગ ધારણા, એટલે બિંદુ ધારણા સમજવી તથા ગજાનન તથા દેવી, તથા સૂર્ય, એઓની લિંગરૂપી, એટલે બિંદુરૂપી, ધ્યાનયુક્ત ધારણા સમજવીઓ, એની નિશાણીનો પ્રકાર, બાપ દીકરાના સંવાદ, પ્રકરણ સોળમું, અંક ૯૦ નેવુથી પંચાણું સુધી પંચાયતન પ્રકરણમાં, વિસ્તારે કહેલો છે, વાસ્તે, લિંગ એટલે ઉપસ્થેંદ્રિયછે એવું સમજવું નહીં, કારણ પંચાયતનની મૂર્ત્તિઓને, તથા હરેક જાજનીચ આકૃતીને લિંગ એ નામ છે,

પ્રમાણ, " परब्रह्मलिंगंभजेपांडुरंगं " ॥ સ્તોત્ર છે.

૧૨૬ પ્ર૦ માનસપુત્ર શીરીતે થયા, તથા માનસસ્ત્રીયો શીરીતે થઇઓ, તથા યોનિસંભવ સૃષ્ટી શીરીતે થઇ ?

૧૨૭ ઉ૦ યોની સંભવ પુત્ર કિંવા કંન્યાઓ થાયછે તોપણ, તેઓના જીવાત્માને, પિતાના શરીરમાં રહી પછી માતાના ઉદરમાં આવવું પડેછે તેપ્રમાણેજ, એટલે ભગવતગીતા અધ્યાય ૧૪ ચઉદમાના શ્લોક ૩ ત્રીજો ૪ ચોથો " ममयोनिर्महद्ब्रह्म तस्मिन्गर्भंदधाम्यहं " પ્રમાણે, સમષ્ટિરૂપ ઇશ્વરના કલ્પના રૂપી આકારમાં, વ્યષ્ટિરૂપ જીવાત્મા એ પ્રવેશ કર્યો, તેજ બ્રહ્મદેવનું શરીર સમજવું; તથા તે બ્રહ્મદેવના શરીરમાં, જે જે વ્યષ્ટિરૂપી જીવાત્માઓએ પ્રવેશ કર્યો, તે તે જીવાત્માઓને યોનિદ્વારા જન્મ લેવાને, યોનીજ નોતી એટલે બ્રહ્મદેવની પાસે સ્ત્રી નોતી, તેથી બ્રહ્મદેવના, મનોમય પદાર્થોનો જે મનોમય આકાર, તે આકારમાંજ, તે વ્યષ્ટિરૂપી જીવાત્મા પેઠા, તેજ માનસપુત્ર જન્મ્યા, તથા માનસ સ્ત્રીયોપણ, એવાજ રૂપેકરી જન્મીઓ. પછી માનસ સ્ત્રીયો, જેને જે આકૃતિની હતીઓ, તેતે આકૃતિપ્રમાણે, માનસપુત્ર, જે કશ્યપ વગેરે, તેઓએ આપણા મનોમય દેહ હતા, એથી મનથીજ બદલીને, તેઓએ, આપણા શરીરમાં પ્રવેશ કરેલા, વ્યષ્ટિરૂપી જીવાત્માઓને, અનેક આકૃતી રૂપી, યોનિ સંભવ જન્મ આપ્યા, એ વિચારથી; કશ્યપાદિકના પેટમાં, સર્પ, તથા પક્ષી શીરીતે થયાં એવી શંકા ઉડી જાયછે, તથા વ્યષ્ટિરૂપી જીવાત્માઓ, સમષ્ટિ ઇશ્વર થકે ભિન્ન છતાં, તેઓ, ઇશ્વરની સન્નતિછે, એવું સિદ્ધ થાયછે, તથા સમષ્ટી ઇશ્વર સ્વરૂપમા વ્યષ્ટિરૂપી જીવાત્મા ઓ, પાણી-

માં પથરાઓ, પાણીને ખિસાવી પોતે રેહેછે, તેવા રેહેતા નથી. તો, જેપ્રમાણે, એકજ સ્થાનકના વિશે, ઘુડને, અંધારૂ, પણ માણસને અજવાળું, અને બલાડાને, બેજ મિથ્યા, તેપ્રમાણે નિરાકારરૂપી ધામના વિશે, જ્ઞાનીએ, સમજવું કે, ઘુડનુ, તથા માણસનુ, અંધારૂ, અજવાળું એક કાળેજ, એક સ્થાનકના વિશે, બે, છે, એવું માનેલું છતાં તે માનવું, બલાડાને સાચું ગમતું નથી, તેપ્રમાણેજ સમષ્ટી, તથા વ્યષ્ટી, એક નિરાકાર સ્થાનક રૂપી ધામમા, એક કાળે, એક સ્થાનકના વિશે, બે રેહેવાનો વિચાર સમજવો પણ પાણી ચીરીને પથરાઓ રેહેછે, તેવી રીતે સમષ્ટીમા વ્યષ્ટી રહ્યા એવું સમજવું નહીં, અસ્તુ. પણ વિચાર જોઇયે, સારાંશ માનસ સૃષ્ટીના માણસો અથવા ભુગોલાદિક અનંત ગોલો, એ માનસ સૃષ્ટી છે, યોનિસંભવ સૃષ્ટી નથી, તેથી તેઓનું નાહાનું મોટું થાવું અથવા નાશ થાવો, એ યોનિસંભવની પેઠે નથી તેથીજ પચાસ ક્રોડ યોજનનો ભૂગોલ, ચોવીસહજાર માઇલ થયો અને આગળ શું થસે, તેહેનો માલક ઇશ્વરછે પણ એહેનો વિચાર માણસને જોઇયે, કે, પેહેલી માનસસૃષ્ટી, એ વાતતો, વાદથી સિદ્ધછે, તેથી ફેરફારની શંકા તે શું ! કાંઇજ નથી.

વેદોકતધર્મનાં માર્મિક પ્રશ્નોત્તરો.

પ્રકરણ ૧૧ મું.

૧ પ્ર૦ પરમેશ્વરના જ્ઞાનનો ઉપદેશ સત્પુરૂષો કરેછે, તે ઉપદેશ ઠસતો નથી એનું કારણ શું ? તથા સત્પુરૂષોયે, પરમેશ્વરના જ્ઞાનનો ઉપદેશ કરેલો, આપણને ઠસે એવિશે સાધન શું ?

૨ ઉ૦ પરમેશ્વરના જ્ઞાનનો ઉપદેશ સત્પુરૂષો કરેછે, તે ઠસતો નથી એનું કારણ એજ કે, ઊંધા ઘડાઊપર પાણી, હજારો ઘડા રેડ્યું તોય ઘડામાં પાણીનું એક ટીપુંપણ જાતું નથી, કેમકે, ઘડાનું મોઢું પાણીની ધાર તરફ નથી, જમીનના તરફ છે, તેથી ઘડામાં પાણી પેસતું નથી, તેપ્રમાણેજ, સત્પુરૂષોના મુખમાંથી, જે પરમેશ્વર પ્રાપ્તી થવાના જ્ઞાનવિશે શબ્દો નિકળે છે, તે શબ્દોના અર્થ તરફ આપણા કાનમાએલા જ્ઞાનનું મુખ નથી, પીઠછે, તથા બીજી ગપાટાની વાતો સાંભળવાની તરફ કાનનામાએલા જ્ઞાનનું મૂખ છે, એથી સત્પુરૂષોયે પરમેશ્વર પ્રાપ્તી થવાના જ્ઞાનનો ઉપદેશ કરેલો ચિત્તમાં ઠસતો નથી, ઊંધા ઘડાઊપર પાણી નાખવું વ્યર્થ તેવું થાયછે. એવોએ સત્પુરૂષોયે પરમેશ્વર પ્રાપ્તી થવાસારૂ કરેલો ઉપદેશ ચિત્તમાં ઠસતો નથી એનું કારણ છે, હવે સત્પુરૂષો જે પરમેશ્વર પ્રાપ્તીસારૂ જ્ઞાનનો ઉપદેશ કરે છે, તે ઠસવાનું સાધન એજ કે, સત્પુરૂષ, જે જે પરમેશ્વર પ્રાપ્તી થવાના જ્ઞાનની વાત કેહેરો, તે તે વાત, સમઝવાસારૂ પોતાના

કાનમાએલા જ્ઞાનની પીઠ, બીજી વાતો તરફ કરી, કાનમાએલા જ્ઞાનનું મુખ, સત્પુરૂષોના મુખમાએલી વાતો સાંભળવાની તરફજ રાખવું, અને સાંભળેલી વાતોનું. મનમાં મનન કરવું, એજ પરમેશ્વર પ્રાપ્તી થવાનો ઉપદેશ સત્પુરૂષો કરશે, તે ચિત્તમાં ઠસવાનું સાધન છે.

૩ પ્ર૦ ગાયત્રી મંત્રનો, અથવા બિજા હરએક મંત્રનો, અથવા રામરામ એ નામ મંત્રનો. ઇત્યાદિ સર્વ મંત્રોના, જપ કરવાના પ્રકાર કેટલાછે ? તથા કેવાછે ?

૪ ઉ૦ હરએક મંત્રના, જપ કરવાના પ્રકાર પાંચછે, તેહેમાં મંત્રના અક્ષરો વાચાથી ઉચ્ચાર કરવા, એહેને વાચિક જપ કહિયે, એ જપનો પ્રકાર એક. તથા હોઠ. અને જીભહલાવી મંત્રના અક્ષરોનો ઉચ્ચાર કરવો પણ પોતાને, કિંવા બીજાને, ધ્વની સંભળાય નહીં, એ મંત્રના જપને, ઉપાંશુ જપ, એવું કહીયે, એ જપનો બિજો પ્રકારછે. તથા હોઠ, અને, જીભ ન હલાવતાં અંતઃકરણ પંચકરૂપ. જે આપણું આકાશ રૂપ, એટલે પોલાણ જેવું, શરીરની અંદર રૂપછે; તેરૂપે કરી, શરીરમાએલા પંચપ્રાણરૂપ વાયુતત્વને ચલિતકરી મનોમય જે મંત્રના અક્ષરોનો ઉચ્ચાર મનમાને મનમાં કરવો એ જપનો ત્રિજો પ્રકાર છે. એહેને માનસિક જપ એવું કહિયે, તથા મંત્રના અક્ષરેમાએલા. અર્થનો વિચાર ધ્યાનમાં આણવો એ જપનો ચોથો પ્રકાર છે, એહેને ધ્યાનજપ એવું કહીયે, તથા ગાયત્રીમંત્ર, અથવા રામનામમંત્ર, એનો અર્થ એવોછે કે, જે પોલાણમાં ભૂગોલ, તથા સૂર્યગોલ, ઇત્યાદિ અનંતગોલ, તથા અનંત પરમાણું ભાસેછે તે ગોલસોત સર્વ પોલાણજ નિરાકાર એક સર્વત્ર ભરેલા પરમેશ્વરના

સ્વરૂપનાવિશે મિથ્યાછે એટલે મિથ્યા શબ્દેકરી, પોલાણ-સોત પરમાણુંજન્ય જગત મૂળેજ નથી; તથા નિરાકાર પરમેશ્વર અચંચલ તત્વ એક ભરેલો છે, એજ ગાયત્રીમંત્રનો તથા રામનામનો અર્થ છે, તે અર્થ પ્રમાણેજ આપણેપણ, આપણા શરીરમાએલા અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાનાજ, સહજ નિરાકાર સ્વસ્વરૂપ છૈયે. એવી ગાયત્રીમંત્રના અર્થપ્રમાણે નિરાકાર પરમેશ્વર સ્વરૂપનાવિશે આપણે ઐક્ય સ્થિતિ ધારણ કરી રેહેવું એ જપનો પાંચમો પ્રકાર છે, એ જપના પાંચમા પ્રકારને અનન્ય જપ, એવું કહિયે. એપ્રમાણે, વાચિક જપ તથા ઉપાંશુ જપ, તથા માનસિક જપ, તથા ધ્યાનજપ, તથા અનન્યજપ, એવા એ જપના, પાંચ પ્રકાર, ઉપર કહ્યાપ્રમાણે સમજવા, અને તેપ્રમાણે આચરણ કરવું.

૫ પ્ર૦ હરએક પુસ્તક, કિંવા વ્યાવહારિક કાગળપત્રો લખવા વખતે, પ્રથમ, શ્રી લખેછે, એનું કારણ શું?

૬ ઉ૦ હરેક પુસ્તક અથવા કાગળ લખવા વખતે, પ્રથમ શ્રી લખેછે એનું કારણ એજકે, શ્રી, એટલે ઈશ્વરની શક્તિછે એ સર્વજગતના, ઉત્પત્તિ, સ્થિતિ, લય, એનું મુખ્ય કારણછે. એથી ઈશ્વરની શક્તિનું, પ્રથમ સ્મરણ કરી, પછી જે લખવાનું તે લખવું એજ હરેક પુસ્તક અથવા કાગળ લખવા વખતે પ્રથમ શ્રી લખેછે એનું કારણછે, તથા શ્રી એટલે ઈશ્વરની શક્તી છે, એ સર્વનું મૂળ, તથા પ્રારંભ છે. એવું પ્રારંભે શ્રી લખવાનું મર્મ સમજવું.

૭ પ્ર૦ ગુરૂ અથવા સદ્‌ગુરૂ એવું કેહેને કેહેવું?

૮ ઉ૦ સદ્‌ગુરૂ કેહેવું એવું છેકે, જે પરમેશ્વરના, નિરાકાર (સત) એટલે સાચાં, એવા સ્વરૂપનો અને આપણા

શરીર માએલા અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાના આપણા સ્વસ્વરૂપનો ઐક્ય બોધકરી, સ્વસ્વરૂપને નજાણવું એવું જે અજ્ઞાન, અને અજ્ઞાન એટલે પાતક તથા પાતક એટલે, વારંવાર જન્મ મરણના ફેરામાં પાડનારૂં તેથી અજ્ઞાન તેજ પાતક, તથા પાતક તેજ અજ્ઞાન તેથકે, તારેછે, અને સત, એટલે સાચી, એવી પરમેશ્વર પ્રાપ્તીના રેહેણીઓ શીખવેછે, તેઓને સદ્‌ગુરૂ એવું કહિયે તથા પેટ ભરવાના કલાકૌશલ્યાદિક, અનેક ધંધા શિખવનારા, તેઓને ગુરૂ એવું કહિયે, પણ સદ્‌ગુરૂ કહિયે નહીં એપ્રમાણે, ગુરૂ તથા સદ્‌ગુરૂ, એ, બે નામના પ્રકાર છે. તથા એકલા ગુરૂ એ નામનો સદ્‌ગુરૂ એ નામની સાથે, ઉપયોગ થાયછે.

૯ પ્ર૦ શંકરનો પુત્ર, પાર્વતીને થએલો, ગણપતી, એવું કહેવુંછે, પણ, શંકરનું પાર્વતીસાથે લગ્ન થયું, તે વખત, ગણપતી પૂજન કર્યું, ત્યારે ગણપતી ક્યાંહાં હતો?

૧૦ ઉ૦ લગ્નના પ્રારંભે, ગણપતી પૂજન કરવૂંજ જોઈયે તેપ્રમાણે, શંકર પાર્વતીના પણ લગ્નમાં, ગણપતીપૂજન કર્યું, પણ ગણપતી કેહેને કહિયે, એ બાબતનો વિચાર એવો છેકે, ગણ, એટલે શ્રોત્રાદિક ઇંદ્રિયોનો સમુદાય સમજવો તથા તેઓનો પતી, એટલે ધણી જે હૃદયસ્થ આત્મા ઈશ્વર, તે સમજવો. અને લગ્નના અથવા હરેક કાર્યના પ્રારંભે, તે ગણપતીનું પૂજન તથા સ્મરણ કરવું, તેપ્રમાણેજ શંકરપાર્વતીના લગ્નમાં કર્યું તથા હાલના લોકોપણ કરેછે, અને આગળ જગદુદ્ધારાર્થ, જે શંકરપાર્વતીથકે, ઈશ્વરે અવતાર દેહ ધારણ કર્યો, તેહેને ગણપતી, એ ઈશ્વરનું નામ આપેલું છે, એપ્રમાણે જેટલાં અવતારી પુરૂષોનાં નામોછે, તેટલાં

ઈશ્વરનાં, તથા પરમેશ્વરના નામોછે, તે, તે અવતારી પુરૂષોને આપેલાં છે, એવું સમજવું, અને હરેક અવતાર થવા પેહેલાં, તે તે નામથી, જેને સ્મરણ કર્યું હોય, તથા હાલમાં કરેછે, તેતે સ્મરણ, હૃદયસ્થ ઈશ્વરનું છે, એવું સમજવું, અને હૃદયસ્થ જીવ રૂપી ઈશ્વર જેવો વ્યાપ્તિછે, તેમજ, હરેક અવતાર ધરનારો, સર્વકાળ, સર્વના હૃદયમાં, એક, વ્યાપક સાક્ષી સમષ્ટિ ઈશ્વરછે. તથા તેહેનેજ, ઇંદ્રિયગણોનો પતી તેથી ગણપતી કહિયે, અને, તેહેનું સ્મરણ, શંકર પાર્વતીના લગ્નમાં તો શું! પણ જે ઈશ્વરના ભજનીય અવતાર શરીરને ગણપતી, એ ઈશ્વરનું નામ આપ્યુંછે, તેનાપણ લગ્નમાં, હૃદયસ્થ જે આત્મા ઈશ્વર, ઇંદ્રિયગણોનો પતી તેથી ગણપતી એ નામથી વિખ્યાત તેહેનું સ્મરણ કર્યુંછે, તથા હાલમાં પણ, હરેક માણસનું નામ. ગણપતી અથવા શંકર, એહોય, તોય. તેના લગ્નમાં, ઇંદ્રિયગણોનો પતી, તેથી ગણપતીએવા નામથી વિખ્યાત જે સર્વ હૃદયસ્થ એક ઈશ્વરછે તેહેનું સ્મરણ કરેછે, એમાં તથા શંકર પાર્વતીના લગ્નમાં, તથા ગણપતીએ અવતારના લગ્નમાં, ઇત્યાદિ સર્વ વખતે, તેહેનું સ્મરણ કર્યું તથા કરેછે, એમાં વિરૂદ્ધ કાંઇજ નથી, કારણ, ગણપતી. એટલે સકલ ઇંદ્રિય ગણનો ધણી એક ઈશ્વર સર્વ ઠેકાણે સમષ્ટી વ્યાપકછે, પ્રમાણ, ગણપતી અથર્વશીર્ષ માએલી શ્રુતી " त्वंसाक्षादात्मासिनित्यं " गं गणपतयेनमः "

૧૧ પ્ર૦ સર્વની સાથે મૈત્રી શાથી થશે?

૧૨ ઉ૦ પારકાને વશ થયેલીઓ તથા વેદાજ્ઞા વિરૂદ્ધ વરતવાવાળીયો એવી સ્ત્રિયોનો સમાગમ તથા વ્યવહાર

છોડવાથી તથા ઉડાઉપણું તથા કૃપણત્વ નરાખતાં, ન્યાયથી મેળવેલા દ્રવ્યનો લોભ છોડવાથી, તથા સ્વકલ્પિત, મત કાઢી, તેહેનેજ ધર્મ કહી, પ્રતિપાદન કરવાનો અભિમાન છોડવાથી, તથા બીજાને સંભળાય નહીં, એવા શબ્દોબોલી, તેહેની તરફ જોઇ, હસવું, અથવા ધિક્કાર મુદ્રા દેખાડવી, એ છોડવાથી. તથા કોઇનીપણ, ગુહ્યવાત ખુલ્લી નકરવાથી એવા એ પાંચ કારણો છોડવાથી તથા ઈશ્વરઉપર ભક્તી રાખી, પરોપકાર કરવાથી, સર્વ જગતમાં માન્યતા થઇ, સુખદાયક જે સર્વની સાથે મૈત્રી, તે થાશે

૧૩ પ્ર૦ મનો ઉત્પન્ન થાયછે એનું કારણ શું?

૧૪ ઉ૦ મનો ઉત્પન્ન થવાનું કારણ એજ કે, આ સૃષ્ટીમાં કેટલાએક માણસો એવા ઉત્પન્ન થાય છે કે, તેઓને, તેઓના વખતમાયેલા, કેટલાએક લોકોના સમુદાય કરતાં વ્યાવહારીક જ્ઞાન, એટલે કલાકૌશલ્યાદિક જ્ઞાન, અભ્યાસ કીધાથી વધારે હોયછે, તે વ્યાવહારિક જ્ઞાનથી. તેઓની લોકોના થોડાયોડા સમુદાયમાં, પ્રતિષ્ઠા વધેછે, તેથી તે મનુષ્ય જે લોકોમાં તેહેની પ્રતિષ્ઠા હોયછે તે લોકોમાં, એવું ઢોંગ કરેછેકે, અમે સર્વજ્ઞ છૈયે. એવું તે તેઓનું ઢોંગ, જે લોકોના ધ્યાનમાં આવતું નથી તે લોકો, તે ઢોંગીઓને સર્વજ્ઞ એવું માની, તેઓના કેહેવાપ્રમાણે કરવા લાગેછે, અને તે ઢોંગી માણસો તો, અનાદિ સિધ્ધ જે વૈદિકધર્મ, તે વેદોક્તધર્મબાબદ. એટલે વેદપ્રતિપાદ્યધર્મવિશે અજ્ઞાનછતાં, તેહેના વિરોધી હોયછે, પણ તે ઢોંગી માણસો, કબુલ કરતા નથી કે, અમો વેદમાં કહેલા ધર્મવિશે અજ્ઞાની છૈયે, કારણ, તેઓને એવું લાગેછે કે, અમે, વેદોક્ત ધર્મબાબદ અજ્ઞાની

છયે, એવું કબુલ કરીયે તો, લોકોમાં આપણી માન્યતા ઓછી થાશે, એવા એ નરસા વિચારથી, તે ઢોંગીલોકો, પોતાને માનનારા લોકોમાં, વેદની, તથા શાસ્ત્રોની, તથા પુરાણોની એવા પ્રકારની નિંદા કરવા લાગેછે કે, તેમાં કહેલું બરાબર નથી, એવાંજ જૈન, તથા બૌદ્ધ વગેરે મતો વેદોક્તધર્મ નસમઝવાથી. લોકોમાં ઉત્પન્ન થયાં, તથા એવાજ પ્રકારે પ્રથમ ઢોંગી લોકો પોતિકામતેકરી, સ્વકલ્પિત નિયમો કલ્પિ, તેપ્રમાણે વરતવા લાગેછે, અને વેદોક્ત નિયમો છોડી દેછે, અને પોતાઉપર, વિશ્વાસ રાખનારા લોકોપાસેથી પણ તેવુંજ કરાવેછે, એપ્રમાણે જેટલી તેઓના સંગતે લાગેલી મંડળી હોયછે, તે વેદોક્ત નિયમ છોડી, તે સ્વકલ્પિત મત પ્રમાણે વરતેછે. તથા તે મંડળીને એવું લાગેછે કે, આપણા મત પ્રમાણે સર્વ ભૂગોલઉપરના મનુષ્યો ચાલવા લાગશે. પણ તેવું બનતુંજ નથી, કારણ, મત કાઢનારો ઢોંગી પુરૂષ મરી ગયા પછી. તેહેની વ્યાવહારિક. ઢોંગીપણાની યુક્તી તેહેના મતમાં આવેલા લોકોમાં જ્યાંહાંસુધી હોયછે, ત્યાંહાંસુધી. જે જે લોકો, તે મતમાં પેશેછે, તે પેશેછે, પણ, સર્વ ભૂગોલઉપરના મનુષ્યમાત્રને તેઓની યુક્તી સારી લાગતી નથી, એથી સર્વ માણસો, તે મતમાં પેસતાં નથી. એપ્રમાણેજ, ભિન્નપણ ઢોંગીઓને લાગેછે કે, આપણેપણ, વૈદિકધર્મને છોડિયે, અને ભૂગોલઉપરના. સર્વ માણસોને આપણા મતમાં લાવીયે, પણ, તેહેનુંપણ, ઢોંગીપણાનું, તથા મત કાઢવાનું કારણ ઉપર કહેલા ઢોંગીપ્રમાણેજ હોયછે, એથી થોડાથોડા લોક તેહેનાપણ મતને મળેછે, એજપ્રમાણે, જે માણસનું વ્યાવહારિક જ્ઞાન, કેટલાક લોકો માની તેહેના ઢોંગથી તેહેને

સર્વજ્ઞ એવું કલ્પવા લાગેછે, પણ, તે ઢોંગીને વેદોક્ત નિયમપ્રમાણે પારમાર્થિક જ્ઞાન નહોવાથી અનાદિસિદ્ધ જે વેદોક્ત ધર્મ તેહેની તે નિંદા કરેછે, અને તે સ્વકલ્પિત મત કાઢેછે, તેવખત તે મત કાઢનારાની એવી સમઝણ હોયછે કે, હું કહુંછું તે સાચું, અને બીજા જે પેહેલા થઇગયા, તથા આગળ થાશે, તથા હાલમાં છે, તેઓનું સર્વ ખોટું, તથા મારા મતપ્રમાણે સર્વ પૃથ્વીઉપરના મનુષ્યોયે ચાલવું, એવી તેહેની ઇચ્છાપણ હોયછે, પણ તેવું થવાનુંજ નહીં, એથી, તેહેના મતને અનુસરેલા મનુષ્યોનો સમુદાય, જુદો પડેછે, અને એપ્રમાણેજ વેદોક્તધર્મની નિંદા કરી, મતો કાઢનારા હજારો મતવાદીઓ થયા અને મુવા તથા થાશે અને મરશે, તથાપિ વેદોક્તધર્મ કાયમજ છે, જુવો, વેદોક્તધર્મની નિંદા કરવાસારૂજ, વેદોક્તધર્મના કાંઇક ભાગો માની, તથા કેટલાએક નમાની, બૌદ્ધ મત ઉત્પન્ન થયું, અને તે બૌદ્ધ મતના પેટમાં, જૈનમત, તથા ચારવાકમત, તથા સ્વભાવ વાદીમત, તથા અનીશ્વરવાદીમત, તથા અનાત્મવાદીમત, ઇત્યાદિ અઢાર ભેદ ઉત્પન્ન થયાં, તથા છત્તીસ પાખંડ ઉત્પન્ન થયાં, તથા બૌદ્ધમતના લોકોમાંથીજ, યાહુદીમત, ત્રણહજાર વર્ષના સુમારે ઉત્પન્ન થયું, તે વેદોક્ત ધર્મની નિંદા કરવાસારૂજ ઉત્પન્ન થયું તથા યાહુદી મતનાજ લોકોમાંથી ખ્રિસ્તી મત ઉત્પન્ન થયું, તે વેદોક્ત ધર્મની નિંદા કરવાસારૂજ ઉત્પન્ન થયું, તેહેને આજ ૧૮૫૮ અઢારસો અઠાવન વર્ષો થયાં, તથા યાહુદી મતના મનુષ્ય થકે, યાહુદી, તથા ખ્રિસ્તી લોકોમાં આજ ૧૨૭૫ બારસો પંચોત્તર વર્ષના સુમારે મહંમદી, એટલે મુસલમાની મત ઉત્પન્ન થયું

તે વેદોક્તધર્મની નિંદા કરવાવાસ્તેજ ઉત્પન્ન થયું તથા લિંગાયત લોકોનું મત કાંઇક વેદોક્તધર્મનો ભાગ માની, કાંઇક વેદોક્તધર્મના ભાગની નિંદા કરવાવાસ્તેજ ઉત્પન્ન થયું. તથા માનભાવમત, કાંઇક વેદોક્તધર્મમાની, કાંઇક વેદોક્તધર્મની નિંદા કરવાસારૂજ ઉત્પન્ન થયું, તથા કાનફટા લોકોનું મત, તથા ગોસાવડા લોકોનું મત, તથા નાનકપંથી શીક લોકોનું મત, તથા દાદુપંથીમત તથા કબીરપંથીમત, તથા જેહેના મનમા જે આવ્યું તેજ તેહેનું મત, તથા માંસ ખાવાનું તથા દારૂ પીવાનું, વામ કૌલમત, વગેરે એપ્રમાણે, આ જગતમાં કાંઇક વેદના ભાગને માની, કાંઇક વેદના ભાગની નિંદા કરનારાં એવાં અનેક મતો ઉત્પન્ન થયાં, એ સર્વ મતો, મારીસાથે વાદ કરતાં કરતાં લય પામ્યાં, કારણ વેદોક્તધર્મ માએલા વેદાંત શાસ્ત્રઆગળ, સર્વ મતો વાદમા જરજર થઇ મરી જાયછે. અને વેદોક્તધર્મ માત્ર રહેછે, પ્રમાણ શ્લોક, " तावद्गर्जंति-शास्त्राणिजंबुकाविपिनेयथा ॥ नगर्जंतिमहाशक्तिर्यावद्वेदांतकेसरी ॥" અસ્તુ. પણ મતો ઉત્પન્ન થવાનું કારણ કોણછે, તેબાબદ એવું છેકે, વેદોક્તધર્મનું જ્ઞાન નછતાં, શિલ્પાદિક કલાકૌશલ્યના અભ્યાસિક જ્ઞાનવડે સર્વજ્ઞપણાનો અભિમાન રાખી લોકોપાસેથી માન ઇછનારા તથા કેટલાક લોકોને યુક્તિથી, અથવા વિષય લાલચ દેખાડવાથી, અથવા હાથચાલાખીથી અથવા વ્યવહાર સંબંધેકરી, પોતાની તરફ કરીલેનારા, તથા સર્વ પૃથ્વીજપરના માણસો અમારા મતમાં આવશે, એવી ઘેલી કલ્પના રાખનારા ઇત્યાદિ માણસોજ, અનેક મતો ઉત્પન્ન થવાના કારણો છે, ઇત્યાદિ પ્રકારના જે માણસો, તે માણસોજ, અનેક મતો ઉત્પન્ન થવાના કારણોછે એવું સમઝવું, અને બુદ્ધિવધારક, તથા પરમહંસ, તથા બ્રહ્મધર્મી, તથા સુધરેલ, તથા હોટેલખાએ, તથા બગડેલ, દગડેલ ઇત્યાદિ જમાવ કરવાનો પરિણામ, પછવાડે અનેક મતોના લખ્યા, તેવાજ, વેદોક્તધર્મની સાંબે (ભુરરર) થસે એવું સમઝી ડાહ્યા થાસો તો ઠીક.

૧૫ પ્ર૦ શરીરના રૂપનો, તથા શરીરને કલ્પી રાખેલા નામનો, અભિમાન રાખવો વ્યર્થછે, તથા પતનને કારણછે, એવું સાધૂ સંતો કેહેછે, એનું કારણ શું? તથા તે અભિમાન છોડવો એમ કેહેછે, એમાં, ફલ શું?

૧૬ ઉ૦ શરીરને કલ્પી રાખેલા નામનો, તથા શરીરના રૂપનો, અભિમાન રાખવો વ્યર્થછે, એવું સાધૂ સંતો કેહેછે, એનું કારણ એજકે, થાંભલા તથા આડસરો, તથા પાટીયાં તથા વાંસા, તથા દરવાજા, તથા ભીંતો, વગેરે, લાકડાનો, તથા માંટીનો સામાન એકત્ર કરી, રેહેવા લાયક, ઇમારત બાંધી, એટલે, તે ઇમારતને, ઘેર એવું નામ આવ્યું પણ ફરી ભીંતો પાડી, માટીમાં માટી મેળવી, અને થાંભલા, તથા આડસરો, તથા પાટીયાં, વગેરે લાકડાનો સામાન ફોડી, ઇંધણાં કર્યું, એટલે ઇમારત બાંધેલી છતાં, જે ઘેર એવું નામ પ્રાપ્ત થયું હતું, તે, ઘેર એ નામ ક્યાંહાં ગયું, એનું હર ઠેકાણુંજ નથી, તેપ્રમાણેજ, સૂક્ષ્મ જીવાત્માએ, રેતરક્તાદિક, જુદાજુદા પરમાણું રૂપ, સૂક્ષ્મ પદાર્થોનું આકર્ષણ કરી, જે શરીર ધારણ કર્યું, તથા અન્નોદકમાએલા, વગેરે સૂક્ષ્મ પદાર્થોની તેહેને અંદરથી પુરણી આપી વધાર્યું, તે ઘટ થએલા શરીરને, બ્રહ્મચારી બાવા, એવું નામ પડ્યું. અને તેહેનો રંગ ગૌર, તથા રૂપ સારૂં. દેખાવા લાગ્યું. હવે રૂપની, તથા બ્રહ્મચારીબાવા એ

નામની, મોટાઇનો અભિમાન રાખવો તો, જેમ થાંભલા, દરવાજા, ઇત્યાદિ, ભાંગીનાખી, તથા ભીંતો પાડી માંટીમાં મેળવ્યા પછી, ઘેર એવું આવેલું નામ, તથા તેહેનું ડોલદાર રૂપ, રેહેતું નથી, અને ઘેર એ નામનો, તથા તેહેના રૂપનો, લય થાયછે, તેપ્રમાણેજ, અસ્થિ, અને માંસ, તથા ચર્મ, વગેરે શરીરના ભાગો, જુદા જુદા થઇ, પરમાણું રૂપે કરી, ઉડી જાશે, પછી, બ્રહ્મચારી બાવા એનામ, તથા તેનો રંગ ગોરો, તથા રૂપ સારું, એનો, જે અભિમાન રાખવાનો, તે કઇ જગાયે રાખવો, એ બાબદ જીવાત્માને મોટી ચિંતા પ્રાપ્ત થાયછે, કારણ, જીવાત્માએ, માતા પિતાના, રેત રક્ત વગેરેમાએલા, તથા અન્નોદકમાએલા, સૂક્ષ્મ પરમાણું, શરીરના આકારે, ધારણ કર્યાં હતાં, તેવખત માત્ર તેહેને, બ્રહ્મચારી બાવા એનામ આવ્યું હતું, પણ, તે પરમાણું, ફરી ઉડીગયા, પછી બ્રહ્મચારી બાવા એનામ, પરમાણુંને નથીજ નથી, કેવળ, પરમાણુંના સંયોગ રૂપી શરીરને, બ્રહ્મચારી બાવા એ નામ હતું, તેશરીર રૂપી પરમાણુંનો, વિયોગ થવાથી, બ્રહ્મચારીબાવા એ નામ રેહેતુંજ નથી, પછી બ્રહ્મચારીબાવા એ નામનો અભિમાન રાખવામાં ફલ શું, નામનો અભિમાન રાખવામાં ફળ કાંઇજ નથી, તથા રૂપ સુંદર તથા રંગ ગોરો, તેપણ, શરીરના પરમાણું થઈ ઉડી ગયાં, પછી રહ્યોજ નહીં, પછી, તે રંગનો, તથા રૂપનો, અભિમાન રાખવામાં ફળ શું, ફળ કાંઇજ નથી, કારણ, લાકડાં, માંટી, એપદાર્થો જુદાં જુદાં કરવા પછી, ઘેર એ નામ તથા તેહેનું રૂપ, રેહેતું નથી, તેપ્રમાણેજ, શરીરના પરમાણું થયા, પછી સુંદર રૂપ, તથા ગૌરવર્ણ, તથા બ્રહ્મચારીબાવા એ નામ, એમાંથી કાંઇજ રેહેવાનું નહીં, પછી ન રેહેનારા, એવા તે નામરૂપનો વ્યર્થ અભિમાન ધરવાનું કારણ શું, એવું સમઝી, નામ રૂપનો અભિમાન, બ્રહ્મચારીબાવાના આત્માયે, રાખ્યોજ નથી પછી છોડવું શું, વાહવા ન્યાય વાહવાન્યાય ! ઉત્તમન્યાય, વાસ્તે, સર્વભુગોલ ઉપરના મનુષ્યો, આ લખેલો અભિપ્રાય ધ્યાનમાં રાખી, શરીરને કલ્પેલા, નામ રૂપની મોટાઈનો અભિમાન, વ્યર્થ સમઝી, તે રાખશો નહીં, કારણકે, શરીરના નામરૂપનો, શરીરના પરમાણું થઇ, ઉડીગયા પછી નાશ થાયછે, પણ જો તેહેના, જીવાત્માયે, કલ્પાપ્રમાણે, વિચાર ન કરી અભિમાન છોડ્યો ન હોય, તો, તે અભિમાન, જેહેના, તેહેના, અભિમાન ધારક જીવાત્માને, (તેણેજ ધરેલો અભિમાન) શરીરના આધારે કરી, કરેલાં સારાં નરસાં કર્મોસહિત વળગી, વારંવાર જન્મ મરણના ફેરામાં પાડેછે. એવો એ, શરીરના નાશનીસાથે નારા થનારા, નામરૂપનો ધરેલો અભિમાન, જીવાત્માને દુઃખપ્રદ છે, એવું જાણી, સાધૂસંતો કેહેછે કે, શરીરને કલ્પી રાખેલા નામ રૂપનો અભિમાન વ્યર્થ છતાં, પતનને કારણ છે, તથા, મરવા પછી નામરૂપનો અભાવ થયો એ દેખાડવાસારૂ, અનેક જન્મોના, પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર; તે મરીગએલાના નામનો ઉચ્ચાર કરી, તથા તેહેનું શરીર, અન્નમય હતું, તે નાશ પામ્યું, એ દેખાડવા સારૂ, નામનો ઉચ્ચાર કરી. તથા અન્નમય શરીરની નિશાણી, ભાતનો પિંડ કરી, મમપિતરસ્વરૂપી, જનાર્દન વાસુદેવ ઈશ્વરછે, એવું કેહેછે. પણ મારા પિતરોછે, એવું કલ્પતા નથી, વાસ્તે શરીરના, કલ્પી રાખેલા નામરૂપના મોટાઇનો, તથા નાહાન-

પણાનો, અભિમાન છોડવો; એમાં, તરવાના ઉપાયનો માર્ગ મળેછે, તથા શાંતી પ્રાપ્ત થાયછે, એ ફળ છે.

તાત્પર્ય

૧૭ જેમ રથના સામાન, જુદા કરવાથી, રથ, એ નામ, તથા રથનું રૂપ, ડુબ્યું, તેપ્રમાણેજ, શરીર કોવાઇ તેહેના પરમાણું થયા, એટલે, શરીરને માબાપોએ અથવા લોકોયે, કલ્પિરાખેલું નામ, તથા રંગ, તથા સ્વરૂપ ગયું, વાસ્તે, શરીરના નામરૂપની મોટાઈનો અભિમાન ધરવો નહીં, કારણકે, શરીરનાં પરમાણું થયા ત્યારેજ, શરીરના નામના, પરમાણું જેવા પણ, પરમાણું રહ્યા નથી, વાસ્તે નામરૂપ જશે, અને જીવાત્માપાસે, નામરૂપનો, ધારણ કરેલો અભિમાન માત્ર રેહેશે, તે, જીવાત્માને, ભ્રમરૂપી પિશાચવત વળગી, વારંવાર, જન્મમરણના ફેરામાં ઘાલશે, વાસ્તે મોઢાથી, હું ફલાણો, તથા મારૂંનામ ફલાણું, એવું કહી વ્યવહાર ધંધા કરવા, પણ, અંતર્યામમાં, શરીરના નામ રૂપનૂ, પરમાણું પણ થાવાનું લક્ષણ, રેહેતું નથી; એવું સમઝી, નિરભિમાન રેહેવું.

૧૮ પ્ર૦ સાચું બોલવું કયું, તથા ખોટું બોલવું કયું, તથા સાચું કર્મ કયું, તથા ખોટું કર્મ કયું?

૧૮ ઉ૦ સાચું બોલવું તેજકે, જે બોલવાનો પરિણામ સાચી નીતિવિરૂદ્ધ નથી તથા જે બોલવાનો પરિણામ વેદોક્તધર્મ વિરૂદ્ધ નથી તેજ બોલવું સાચું છે. તથા જે બોલવાનો પરિણામ વેદોક્તધર્મ વિરૂદ્ધ તથા સાચી નીતી વિરૂદ્ધ છે, તે બોલવાને મિથ્યા બોલવું છે, એવું સમઝવું.

એહેને દૃષ્ટાંત એવો કે, જે કામનો પરિણામ નરસો તે કામ નરસું તથા જે કામનો પરિણામ સારો તે કામસારૂં, એવું સર્વ બોલેછે, તેજપ્રમાણે જે બોલવાથી, સાચોપરિણામ ઉત્પન્ન થાયછે, તે બોલવું સાચું છે, તથા જે બોલવાંથકે, પરિણામ વેદોક્તધર્મમાએલી નીતીવિરૂદ્ધ થાયછે, તે બોલવું ખોટુંછે, એવું સમઝી, જે બોલવાથકે, પરિણામે, ગૌહત્યા, ઇત્યાદિ ખોટાં કર્મો ઉત્પન્ન થશે તે બોલવું, જોકે શબ્દથી સાચા જેવું દેખાયું, તોયપણ, તે બોલવું ખોટું છે, એવું સમઝવું, અને તેવું બોલવું નહીં, તથા જે બોલવાયકે, પરિણામમાં ગૌહત્યા ઇત્યાદિ નરસાં કર્મો ઉત્પન્ન થવાના નહીં, તે બોલવું, જોકે શબ્દકરી ખોટા જેવું દેખાયું, તોયપણ, તે બોલવું સાચું છે, એવું સમઝી તે બોલવું. કેમકે, તે બોલવાનો પરિણામ સાચો છે, એપ્રમાણે સાચું બોલવાનો તથા ખોટું બોલવાનો વિચાર છે; વાસ્તે, બોલવું એ વાચાનું કર્મ છે વાસ્તેજ, સાચો પરિણામ થાય તેવું બોલવું, એબાબદ, શ્રીમત ભગવતગીતામાં પ્રમાણ છે, ગીતા અધ્યો ૪ ચોથો, શ્લોક ૧૮ અઢારમો " कर्मण्यकर्मयःपश्येदकर्मणिचकर्मयः ॥ सबुद्धिमान्मनुष्येषुसयुक्तःकृत्स्नकर्मकृत् ॥" એ શ્લોકનો અર્થ એવો કે, બાહેરથી સારૂં કર્મ દેખાયછે, પણ તેહેનો, નરસા કર્મ જેવો પરિણામ થાશે કે શું? એવું જોનારો, તથા બાહ્યાત્કારે નરસું કર્મ દેખાય છે, પણ એહેનો પરિણામ સારો થશે કે નહીં, એવું જોનારો એપ્રમાણે, બાહ્યાત્કારે સારૂં અથવા નરસું કર્મ દેખાયું તોય, જેહેનો પરિણામ સારો થાયછે, તેજ કર્મસારૂં છે, એવું જોઇ સમઝી, જેહેનો પરિણામ સારો તેજ કર્મ આચરણ કરનારો જે માણસ હોયછે,

તેજ માણસ બુદ્ધિમાન છે, તથા તેજ સકલ ઉત્તમ કર્મ કરનારો છે, એવા એ શ્લોકાર્થપ્રમાણે સાચા તથા ખોટા બોલવાનો નિવેડો સમઝવો, અને બાહેરથી બોલવું સાચું અથવા ખોટું દેખાયું તોય જે બોલવાનો પરિણામ નીતીને, તથા વેદોક્તધર્મને, અનુસરેલો હોય, તેજ બોલવું સાચું છે, અને એ ન્યાયથીવિરૂદ્ધ જે બોલવું. તે બોલવું ખોટું છે, એવું સમઝવું, એપ્રમાણે પરિણામ જેહેનો સાચો, તે સર્વ કર્મો સાચાં છે, તથા જેહેનો પરિણામ ખોટો તે સર્વ કર્મો ખોટાં છે, પછી તે બાહેરથી સૂઝે તેવાં હોય, જે પરિણામે સારૂં, તેજ બોલવું તથા કર્મ ઉત્તમ તથા સાચું ઠરેછે, અને ઇશ્વરની તરફ રજુ થાયછે.

તાત્પર્ય ૧.

૨૦ બોલવું કેવુંપણ હોય, પણ જે બોલવાનો પરિણામ સાચો હોયછે, એટલે વેદોક્તધર્મપ્રમાણે નીતીને અનુસરેલો હોયછે, તેજ બોલવું સાચું અને એવિરૂદ્ધ તે ખોટું.

તાત્પર્ય ૨.

૨૧ કર્મ કેવું પણ હોય, પણ જે કર્મનો પરિણામ વેદોક્તધર્મમાંએલી નીતીપ્રમાણે થાય છે, તેજ સારૂં કર્મ, અને એવિરૂદ્ધ તેજ નરસું કર્મ.

૨૨ પ્ર૦ આત્મજ્ઞાનીને, વારંવાર જન્મ મરણ તો નથીજ, પણ તેહેને, જીવતા પણામાં વ્યાવહારિક દુઃખ થાયછે કે નહીં?

૨૩ ઉ૦ જેહેને હુંતો અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા-

નો; જેહેજ નિરાકાર જ્ઞાનઘન એવો અનંત અવકાશરૂપ પોલાણની અંદર ભરેલો છું, એવું જ્ઞાનથઇ, કોઇજ સંશય રહ્યો નથી તેહેને વ્યાવહારિક દુઃખ થાતું નથી, એહેને દૃષ્ટાંત એવો કે, શરીરઉપર ફોડલો થયેલો હોયછે, અને તેહેની વ્યથાપણ મનને ભાસેછે, પણ તેજ મન, નિદ્રામાં લીન થયું તો, શરીરઉપર ફોડલોછતાં પણ, મનને વ્યથા જણાતી નથી, કારણકે, મન, ઊંઘમાં, લીન હોયછે, એપ્રમાણે, શરીરપિંજરાની માએલી પોલાણમાં જે પ્રાણવાયુઓછે, તેપ્રાણવાયુઓના ગર્ભમાં અનંતઅપાર અવકાશરૂપ પોલાણનીપેઠે, જે અનંત અપાર નિરાકાર તત્વજ હું છું, એવું પોતપોતાને જોવાલાગશે, તેહેનું મન તે અવસ્થાને ધરશે, એથી, જેમ નિદ્રાને મનેકરી ધરવાપછી, શરીરઉપરના ફોડલાની વ્યથા શરીરઉપરછતાં, મનને જણાતી નથી, તેપ્રમાણેજ, નિરાકાર સ્વસ્વરૂપ જ્ઞાનના વિચારમાં, જેહેનું મન લીન થાયછે, તે જ્ઞાનીને, ક્ષુધા, તૃષા, તથા જ્વરાદિક વ્યથા તથા શત્રુથકે પીડા, વગેરે વ્યાવહારિક દુઃખો થનારા ઉપદ્રવો, શરીરઉપરછતાંપણ, તેથકે, મનને દુઃખ થાતું નથી, કારણ ઊંઘમાં રેહેનારા મનને, શરીરઉપરની વ્યથાનો અનુભવ આવતો નથી, તેપ્રમાણેજ નિરાકાર સ્વસ્વરૂપનાવિશે રમનારા, તૂર્યસ્થ મનને, શરીરઉપરની ક્ષુધાતૃષાદિક, વ્યથા છતાંપણ, વ્યથાઓનો અનુભવ નથી, તથા સ્વપ્ન દેહમાં, જાગૃત દેહ ભિન્ન છે, એવું જ્ઞાન થયું તો, સુખ દુઃખ દોથકે, એટલે સુખ દુઃખ આપનારાઓ થકે, સુખ દુઃખ થાતું નથી, તિતિક્ષા થાયછે, તેપ્રમાણેજ જાગૃતીમાં, મારો નિરાકાર પરબ્રહ્મદેહ, એ સ્થૂલદેહથકે ભિન્ન છે, એવું જ્ઞાન ઠર્યું તો, તિતિક્ષા થાયછે, તેથીજ, આત્મજ્ઞાનીને, વ્યા-

વહારિક દુઃખ થાતું નથી, અને દુઃખ નથી તો સુખપણ નથી, એ ન્યાયેકરી સિદ્ધ છે.

૨૪ પ્ર૦ વનસ્પતી, એટલે વૃક્ષ, તૃણ, ધાન્યો, ઇત્યાદિ જમીનમાંથી ઊગનારા પદાર્થો, તે સર્વ પદાર્થોને જીવ છે, અને તે ઊગનારા સર્વ પદાર્થોને ઉદ્ભીજયોની, એવી સંજ્ઞા છે, પછી તે વનસ્પતીઓનું છેદન કર્યું છતાં, તેથકે, હિંસાકર્મનો દોષ લાગતો નથી, એવું શાસ્ત્રમાં કહેલું છે, તે કેહેવાનો અભિપ્રાય કેવોછે?

૨૫ ઉ૦ વનસ્પતીઓની ઉત્પત્તી, તથા પોષણ, અને નાશ, એ ત્રંણે પ્રકાર, વનસ્પતીના અંગે જીવ તત્વ હોયછે તે જીવતત્વની નિદ્રાઅવસ્થામાં થાયછે, કારણ, વનસ્પતીના અંગનાવિશે, જે જીવતત્વ છે, તે જીવતત્વનાઅંગે, ઊંઘની અવસ્થા સર્વકાળ છે, એથી, તે વનસ્પતીના અંગમાએલા જીવતત્વને, વનસ્પતીની ઉત્પત્તિ, તથા પોષણ, તથા નાશ, એ ત્રંણેનું પણ સ્મરણ નથી; દૃષ્ટાંત, જેવું કોઇ મનુષ્ય, આતૂપ જમીને સુવેછે, અને, તેહેને કાંઇ સ્મરણ રેહેતું નથી, પણ તેહેના શરીરરૂપી યંત્રનાયોગથી, ખાધેલા અન્નોદકનું પૃથક્કરણ થઇ, મૂત્રકોઠીમાં મૂત્ર ભેળું થાયછે, તથા નરકની કોઠીમાં નરક ભેળું થાયછે, તથા શરીર પોષણનો ભાગ શરીરને પોહોંચેછે, અને શ્વાસોચ્છ્વસન પણ ચાલેલું હોયછે, પણ, તે સર્વ વ્યાપાર નિદ્રાની અવસ્થામાં થનારા, તે જીવાત્માને ખબર પડતા નથી, તેમજ, મનોવ્યાપાર વિના, વનસ્પતીનું પોષણ છે, પણ, મનુષ્યના ઇંદ્રિયો, જાગૃદવસ્થા ઊપર જીવાત્માએ આવવું, તથા વિચાર કરવો, એવાં છે; તેવાં વનસ્પતીઓના નથી, તથા સ્વપ્નાવસ્થા ઉત્પન્ન થાવી,

એવો, ચર પ્રાણિઓના શરીરનો અંતર ભાગ, તથા જીવાત્માના અંગે ગુણ છે, એથી મનુષ્ય વગેરે શ્વાસવાન ચરપ્રાણી, એ જીવાત્માયેકરી, જાગૃત સ્વપ્ન, અવસ્થાઊપર આવેછે, એ કારણવાસ્તે જોકે તે નિદ્રાની અવસ્થામાં માલ્યા ગયા, તોયપણ તેઓના જીવાત્મામાથી. જ્ઞાન ઉત્પન્ન થઇ, તેઓને દુઃખ થાયછે, કે મારા શરીરનો નાશ થયો, તથા એવું તેઓને સાંભરે છે, તેથીજ હરએક ચરપ્રાણી મારવાથી દોષરૂપ હિંસા કર્મ થાય છે, એટલે જીવાત્માને, દેહને મારવાથી દુઃખ થાય છે; તે દુઃખદાયક કર્મજ, હિંસા કર્મ છે, તે થાય છે; હવે, જેમ માદક પદાર્થથી ભૂલદઇને, પ્રાણી બેશુદ્ધ છતાં, તેહેનું શરીર માર્યું, તેમજ વનસ્પતીનો જીવાત્મા, વનસ્પતીરૂપ શરીરને સ્મરતો ન છતાં, વનસ્પતીનો આકાર છેદન કર્યો, એટલે વનસ્પતીનું શરીર માર્યું, પણ, ભૂલ આપી મારેલાં, ચરપ્રાણીનો જીવાત્મા, મરવા પછી, સુક્ષ્મ રૂપેકરી રેહે છે, અને મારેલા શરીરને, ભોગ શરીરેકરી, સ્મરે છે, તેવો, વનસ્પતીનો જીવાત્મા પણ રેહે છે, પણ તે વનસ્પતી દેહની ઉત્પત્તિ, તથા પોષણ, સ્મરતો નથી, તેથી તેહેને નાશ થયો એ પણ વનસ્પતીરૂપ દેહનો નાશ થયા પછી સ્મરણ થાવુંજ નથી; તેથીજ વનસ્પતીઓના શરીરમાં જીવાત્મા છતાં, સર્વ કાળ. તેહેને ઊંઘજીજ અવસ્થા હોય છે, એથી તે જન્મજ સ્મરતો નથી, તેથી મરણ પણ સ્મરતો નથી, અને એથીજ વનસ્પતીના છેદવા થકે, હિંસા કર્મનો દોષ નથી, એવું શાસ્ત્રમાં કહેલું છે, તથાપિ કારણવિના વનસ્પતી છેદવી નહીં, એ આજ્ઞા પાળવી, કારણ, ભુગોલઊપરની સર્વ વન-

સ્પતી મળી, ઇશ્વરનો એક બાગજ છે; તથા તે પ્રત્યેક વનસ્પતીઓ પક્ષિઓના રેહેવાના સેહેરો છે એવું જાણી વરતવું.

૨૬ પ્ર૦ જેઓને આત્મ જ્ઞાન થયું, એટલે પોતપોતાનું, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન થયું, તેઓના સ્થુલદેહમાએલા જ્ઞાનને, જાગૃત, સ્વપ્ન, સુષુપ્તી, તુર્યા, એ ચાર અવસ્થાઓના ભોગ થાય છે કિંવા થાતો નથી?

૨૭ ઉ૦ જે જ્ઞાનને જાગવાપણા માએલા ભોગ થાય છે, તેજ જ્ઞાનને સ્વપ્નમાએલા ભોગ થાય છે, તથા તેજ જ્ઞાનને નિદ્રાની અવસ્થા પ્રાપ્ત થાય છે, તથા નિદ્રાના ભોગ ભોગવવા પડે છે, તથા તેજ જ્ઞાનને, પ્રાણ વાયુની અંદર રહી, હું અનંત પોલાણની અંદર ભરેલો, એક નિરાકાર તત્વ છું, એવી ભાવના થાય છે, એ ભાવનાનેજ, તુર્યા અવસ્થા કહિયે, એ પ્રમાણે, પ્રત્યક્ષ જેહેનો તેહેને, જગતમાં અનુભવ છે, કે જે હું સ્વપ્નમાં સ્વપ્નને જાણતો હતો, તેજ હું જાગૃતપણામાં, જાગવા પણાને જાણનારો છું, એજ પ્રમાણે જાગૃત, સ્વપ્ન, સુષુપ્તી, તુર્યા, એ ચારે અવસ્થાના ભોગ, એકજ જ્ઞાનને થાય છે, તથા તેજ જ્ઞાન (અહંસ્ફુરણ ધરનારૂં) સ્વવિચારના અંતે મિથ્યા થાય છે, તેથી તે આદીપણ મિથ્યા છે; હવે એજ જ્ઞાનેકરી, પ્રાણ વાયુની અંદર રહી, પોતપોતાને અનુભવી જોઇયે તો, એક નિરાકાર અસ્તિત્વમાં, એ અહંપણું ધરનારૂં જ્ઞાન, મૂળેજ, વંધ્યાસુતના મરવા પ્રમાણે મરશે, એટલે વંધ્યાસુત નથીજ, તેણે મરવું તે શું, તે પ્રમાણેજ તે જ્ઞાન મિથ્યા

થાશે, અને નિરાકાર રૂપેકરી, જે સર્વોનું એક સ્વરૂપ છે, તેજ આપણે, કલ્પના નકરતાં, સહજ છૈયે, એવો ભાગ રેહેશે, વાસ્તે, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપ અસ્તિત્વમાં ચાર અવસ્થાઓના ભોગ નથી, તથા જોકે તે સ્વસ્વરૂપનું જ્ઞાન શરીરમાએલા ચાર અવસ્થાઓ ભોગવનારા જ્ઞાનને થયું, તોય પણ, ચાર અવસ્થા ભોગવનારૂં જ્ઞાન, સ્થૂલ શરીરના મરવા સુધી રેહે છે, કેમકે, આત્મજ્ઞાન થવાપેહેલું અજ્ઞાન હતું તે સ્થૂલાદિક ચારે શરીરોના અસ્તિત્વરૂપેકરી કાર્યરૂપ થએલા સ્થૂલ શરીરના મરવા સુધી રેહે છે, એથી તેહેને ચારે અવસ્થાઓના ભોગ થાય છે, તથા ચારે અવસ્થા ભોગવનારૂં જ્ઞાન કારણ છે, એટલે ચાર અવસ્થાઓનું મૂલ તત્વ છે, અને તત્કાર્ય સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, એ ચારે શરીરોની ચાર અવસ્થાઓ છે, વાસ્તે મૃત્તિકા કારણ નાશ થયાથી ઘટકાર્ય રેહેવાનો નહીં તેમજ ચારે અવસ્થાઓ ભોગવનારૂં જ્ઞાન નષ્ટ થયાથી, ચારે શરીરો તથા ચારે અવસ્થાઓ રેહેતી નથી, વાસ્તે ઘટકાર્ય છે ત્યાંહાં સુધી મૃત્તીકા કારણ છેજ છે, તે પ્રમાણેજ જોકે અહંસ્ફુરણ ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન ચાર અવસ્થાઓ ભોગવનારા જ્ઞાનને થયું, તોય પણ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, એ ચાર દેહકાર્ય છે, ત્યાંહાંસુધી ચાર અવસ્થાઓ ભોગવનારૂં જ્ઞાન કારણ રૂપેકરી હોય છે, અને સ્થૂલાદિક ચારે શરીરના અંતે તેહેને આત્મ જ્ઞાન હોવાથી વંધ્યાસુતના લય પ્રમાણે તેહેનો લય થાશે, એટલે અહંબ્રહ્મ ભાવના ધરનારૂં જ્ઞાન વંધ્યાસુત પ્રમાણે આદિ મિથ્યા છે, તેથી અંતે મિથ્યા થાશે, અને

મિથ્યા એટલે વસ્તુ પણાયેકરી અહંસ્ફુરણ ધરનારા જ્ઞાનને આદિ મધ્યે અંતે મૂળેજ અસ્તિત્વ નથી. તથા સ્વાત્મ જ્ઞાન થયું. તોયપણ ચાર અવસ્થાઓના ભોગ, એ વિચારના અંતે મિથ્યા થઇ જનારા તે જ્ઞાનને થાય છે, પણ શુદ્ધ નિરાકારને ચારે અવસ્થાઓના ભોગ મૂળેજ નથી. પણ સમાધી વ્યુત્થાન વિચાર યોગ પ્રકરણમાં છે તે જુવો.

૨૮ પ્ર૦ પાણી પીવામાં, તથા શ્વાસોચ્છ્વાસ છોડવામાં, તથા ઇંદ્રિયોના હરેક વ્યાપારમાં, સૂક્ષ્મ પ્રાણીઓ મરેછે, તથા મનુષ્યોના પેટમાં પણ જાયછે, પણ, તેથી હિંસા કરવાનો દોષ થાતો નથી, તથા માંસ ભક્ષણ કર્યું એવું પણ થાતું નથી. એવું શાસ્ત્રછે એહેનો અભિપ્રાય શું ?

૨૯ ઉ૦ જે ઇશ્વરના નિયમે કરી થાયછે, તેહેનો દોષ માણસોને નથી, કારણ, ઇશ્વરની જોરાવરીથી થએલું મનુષ્યોને ભોગવવું ન જોઇયે; જેમ દસમાણસોયે, જોરાવરીથી એક માણસ પાસેથી. પાપકરાવ્યું, તેહેનું ફળ, જોરાવરીથી કરાવનારાઓની તરફ છે, તેપ્રમાણેજ પાણીમાએલા સૂક્ષ્મ પ્રાણીઓનું મોત, સૂર્યના કિરણોથી પાણી તપે, એટલે થાયછે, અથવા હરેક રીતીયે, પાણીની બાફ થવાથી. પાણીમાએલા સૂક્ષ્મ પ્રાણીઓનું મૃત્યુ થાયછે, અથવા મનુષ્યાદિક સર્વ પ્રાણીઓ જલપ્રાશન કરેછે, એથી, માણસો વગેરેના પેટમાં, પાણીની સાથે, ગએલા સૂક્ષ્મ પ્રાણીઓ મરેછે, ઇત્યાદિ, એપ્રમાણે, સૂક્ષ્મ પ્રાણીઓનું મૃત્યુ, ઇશ્વર નિયમિતછે, એથી, માણસના પેટમાં, પાણીની સાથે સૂક્ષ્મ પ્રાણિઓ જઇ મરેછે, તે બાબત માણસને, હીંસા કર્મનો

દોષ નથી, તથા ઇશ્વરને પણ નથી, કારણ, ભગવતગીતા અધ્યો ૧૮ અઢારમો શ્લોક ૧૭ સત્તર મો " યસ્યનાહંકૃતોભાવો બુદ્ધિર્યસ્યનલિપ્યતે ॥ હત્વાપિસઇમાંલોકાન્ નહંતિનનિબધ્યતે ॥ " એપ્રમાણે ઇશ્વરને તો અહંકાર નથી તેથી દોષ નથી, હવે પાણી પીવું, એ મનુષ્યને ઇશ્વર નિયમીત છે, તથા પાણીમાં સૂક્ષ્મ પ્રાણિઓ હોવા, એ પણ ઇશ્વર નિયમિતછે, એમાં માણસના સંકલ્પનું, કાંઇજ નથી, તેથી પાણીની સાથે, સૂક્ષ્મ પ્રાણીઓ પેટમાં જાયછે, અને મરેછે, તે થકે, માણસે હિંસા કરી, એવું થાતું નથી. કારણ તે ઇશ્વર નિયમિત છતાં, માણસના પ્રયત્ને કરી ન ટળનારૂં છે, તથા એજ પ્રમાણે, શ્વાસોચ્છ્વાસે કરી, અથવા હરએક ઇંદ્રિયોના વ્યાપારે કરી, સૂક્ષ્મ પ્રાણિઓ મરેછે, અને તેવું થાય નહીં, એવો માણસે ઇલાજ કર્યો તોયપણ ઉપાય ચાલતોજ નથી તેથી તે ઇશ્વર નિયમિતછે એવું સમજવું. તથા તેહેનો દોષ માણસને નથી, તથા પાણી પીવું. એ માણસને ઇશ્વર નિયમિતછે, તથા તે પાણીમાં સૂક્ષ્મ પ્રાણી હોવા, એપણ ઇશ્વર નિયમિતછે, એથી માણસનાં પેટમાં, પાણી સાથે ગએલા, સૂક્ષ્મ પ્રાણીઓ મરેછે,તે માંસ ભક્ષણ નથી, કારણકે, તે જો માંસ ભક્ષણ હતે તો, એકવું પાણી પીઇનેજ માણસો જીવતે પણ તેવું યોગવિના થાતું નથી તથા માણસોને, પાણી પીવામાં સૂક્ષ્મ પ્રાણી પેટમાં જાયછે તેહેમાં, માંસભક્ષણનો સ્વાદ, તથા ઇચ્છા નથી, તથા માંસભક્ષણનો સંકલ્પ પણ નથી, તેથી પાણીની સાથે, સૂક્ષ્મ પ્રાણીઓ પેટમાં જાયછે, તેનાથી, મનુષ્યોયે, માંસ ભક્ષણ કર્યું. એવું થાતું નથી, વગેરે પ્રકારોથી, પાણી પીવામાં, તથા હરએક ઇંદ્રિયોનાં

વ્યાપારમાં તથા શ્વાસોચ્છાસમાં, વગેરે, સૂક્ષ્મ પ્રાણીઓ, પેટમાં જાયછે, તથા મરેછે, તે થકે હિંસા કર્મનો દોષ, મનુષ્યને નથી, તથા, મનુષ્યે માંસ ભક્ષણ કર્યું એવું થાતું નથી, એવું શાસ્ત્રમાં છે, તેહેનું કારણ સમજવું, તોપણ, સૂક્ષ્મ પ્રાણીઓ, હરેક વ્યાપારમાં મરેછે, એ મનુષ્યોને, સ્મરણ રહે, તે સારૂ, તેવી કૃતીને, પંચસુનાદોષ, એવું, શાસ્ત્રમાં નામ આપી, તે પંચસુનાદોષનું નિવારણ થવા સારૂ, વૈશ્વદેવકરવો, એટલે સકલ વિશ્વમાં, એક, વ્યાપક, જે નિયંતા ઈશ્વર દેવછે, તેહેનું દરરોજ સ્મરણ કરવું, એજ વૈશ્વદેવછે, તથા એ વૈશ્વદેવના સ્મરણાર્થ, અગ્નિમાં, ઘૃતયુક્ત ઓદનની આહુતી આપવીઓ એજછે, એપ્રમાણે શાસ્ત્રમાએલા વિચારો સમજવા, અને કુતર્ક છેદન કરી, જગતમાં વ્યવહારવું.

૩૦ પ્ર૦ સ્વાત્માનુભવી જે સત્પુરૂષો હોયછે, તેઓ જોકે સંસ્કૃતભાષા શિખેલા નહોય, તોયપણ, તેઓનું બોલવું સશાસ્ત્ર હોયછે, તથા સંશય છેદક હોયછે, તથા તે તેવા તેઓના બોલવાનું શ્રવણ કરવું એવી પ્રીતિ ઉત્પન્ન થાયછે એનું કારણ શું?

૩૧ ઉ૦ સ્વાત્માનુભવી છતાં, સંસ્કૃતભાષા શિખેલા નથી હોતા, તે મનુષ્ય હરેક વાત સર્વ માણસોના મનને ઠસે, એવો હેતુ રાખી, ઘણી પ્રીતિથી બોલેછે, પણ તેઓએ, ન્યાયશાસ્ત્રાદિક સંસ્કૃત ભાષાના ગ્રંથો, ગોખી પાઠકરેલા નથી હોતા, એથી અન્ય મનુષ્યોને સ્વાત્માનુભવ થાય એવી તે નવીન બોલવાની યુક્તીઓ બોલતાં બોલતાં ઉત્પન્ન કરેછે, અને બોલેછે, તથા જે લોકોનીસાથે તેઓ ભાષણ કરેછે તે લોકોને જે જે વ્યવહારની માહિતગારી હોયછે તે તે વ્યવહારમાએલા

દૃષ્ટાંતો તથા ઉદાહરણો તેઓ આપેછે, તેથી સ્વાત્માનુભવ સહજ થાયછે, અને લોકોનું સમાધાન તથા તરવું થાયછે, તથા શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં લખેલાં છે, તોયપણ, સ્વાત્માનુભવી પુરૂષો, પોતીકા અનુભવે કરી, જે વેદોક્તધર્મ શિખવવાનું બોલતા હતા, તેજ લખેલું છે, તથા તેહેનેજ શાસ્ત્રો કહિયે તથા હાલમાં સ્વાત્માનુભવી પુરૂષો જે બોલેછે, તે બોલવું, અને શાસ્ત્રમાં લખી રાખેલું સ્વાત્માનુભવી પુરૂષોનું બોલવું, એક અનુભવનું હોયછે, તેથી સ્વાત્માનુભવી પુરૂષોનું પ્રાકૃત ભાષણ સશાસ્ત્ર હોયછે, પણ ભાષા. તથા દૃષ્ટાંતો ભિન્ન ભિન્ન હોયછે, એથી આ પુરૂષ ઈશ્વરી પ્રેરણાયે કરી, નવિન બોલેછે, એવું સર્વને લાગી, વળી શું બોલશે તે સાંભળીયે એવી, લોકોને અતિશય પ્રીતિ ઉત્પન્ન થાયછે, તથા, તે ગોખીને પાઠે કરેલું બોલવું બોલતો નથી, તેઓનું ભાષણ સ્વાત્માનુભવના ઉદ્‌ગારથી, આનંદે ભરેલું છતાં શ્રમહારક છે, કારણ, અનુભવ નછતાં ગોખેલું બોલવું જે બોલેછે, તે તે બોલવાના અનુભવને ચૂકયો હોયછે, એથી, તેહેનેજ તે બોલવાથકે, અંતર્યામમાં, આનંદ નથી, પછી લોકોને કયાંહાંથી આનંદ થવાનો, તથા સ્વાત્માનુભવી છતાં, જે ગોખેલું, અથવા નવું ઉઠેલું ભાષણ કરેછે, તે સ્વાત્માનુભવના આનંદથી બોલેછે, એથી, તેહેના બોલવાથી, લોકોનેપણ આનંદ થાયછે, તથા જેમજેમ લોકોને સંશયો ઉઠે છે તેમ તેમ સ્વાત્માનુભવી પુરૂષોને સંશયો છેદન કરવાના દૃષ્ટાંતો તથા યુક્તીઓ, સૂઝેછે, એથી લોકોના સર્વ સંશયોનું તરતોતરત એટલે ઝરાઝર, છેદન થાયછે, અને જગતમાં સ્વાત્માનુભવ પ્રગટ થાયછે એવા સ્વાત્માનુભવી પુરૂષોના

ભાષણોમાં, રસ તથા ફાયદો છે, એથી સ્વાત્માનુભવી પુરૂષોનું બોલવું, સંસ્કૃત ભાષામાં નહોય તોયપણ, શ્રવણ કરવું, એવી પ્રીતિ ઉત્પન્ન થાયછે.

૩૨ પ્ર૦ અદ્ભૂત ચમત્કારો મનુષ્ય દેહધારી જીવાત્મા કરેછે, કિંવા અનંત બ્રહ્માંડ ગોલોના પરમાણું તથા તેઉપર રેહેનારા, તદ્રૂપી જીવોના શરીરના પરમાણું, ઇત્યાદિ સર્વ પરમાણું, એકજ આકર્ષણેકરી ધરનારો, સમષ્ટિ ઈશ્વર અદ્ભૂત ચમત્કાર કરેછે ?

૩૩ ઉ૦ મનુષ્ય દેહધારી જે આત્મા છે, તેહેના આકર્ષણમાં જેટલા શરીરના ભાગ છે. તે ભાગોથી, જેટલું થાય, તેટલું, તે અભ્યાસબળેકરી કરશે, પણ કરેલો તે અદ્ભૂત ચમત્કાર નથી, કારણ, જે લોકોયે, યોગાભ્યાસ કર્યો નથી, તેઓને યોગાભ્યાસથી જે વાતો બનેછે, તે અદ્ભૂત ચમત્કાર એવું લાગેછે. પણ, તેઓ જો અભ્યાસ કરશે, તો તેઓના પણ અંગે યોગાભ્યાસેકરી, બનનારી વાતો કરવાનું સામર્થ્ય રેહેશે, અને તેઓને, યોગાભ્યાસેકરી જે બનેછે તે સહજ છે એવું લાગશે, ચમત્કાર એવું લાગવાનું નહીં હવે, ભૂગોલ વગેરે અનંત બ્રહ્માંડગોલોના સર્વ પરમાણું તથા તે ગોલો ઉપર રેહેનારા સર્વ જીવોના શરીરના પરમાણું એવા સર્વ પરમાણું, જે એક સમષ્ટીરૂપ ઈશ્વરતત્વના આકર્ષણમાં છે, તે ઈશ્વર અદ્ભૂત ચમત્કાર કરેછે, એટલે, સમુદ્રના પાણીઉપર પર્વતો તારવા, તથા આકાશમાં નિરાધારનાવિશે, પર્વત ઉભો કરી રાખવો, તથા ભૂગોલ વગેરે પરપ્રકાશ તથા સૂર્યગોલાદીક સ્વપ્રકાશ સર્વ ગોલોની ગતી બંધ કરવી, અગર તેઓને ગતી આપવી, અથવા સર્વ જગતના મન

માએલું એકજ વખત સર્વ જાણવું અથવા કીડીનાઅંગે પર્વત ઘશેડી લે જવાની શક્તી રાખવી ઇત્યાદિ જે અદ્ભૂત ચમત્કારો તે ઈશ્વર કરેછે, કારણ તેહેની શક્તીયેકરી, સર્વ જગતનું પરમાણુંજન્ય અંગ એકજ પોલાણના પેટમાં ધરીરાખેલું છે, એથી સર્વ જગતના અંગોનો ફેરફાર કરવાનું સામર્થ્ય તે ઇશ્વરનેજ છે, હવે તેજ ઇશ્વરે રામકૃષ્ણાદિક લીલા શરીરો ધારણ કર્યાં, તે શરીરો દેખવામાં, કોમલ શામસુંદર સુકુમાર ખરાં, પણ શક્તીતો અનંતગોલોને એક આકર્ષણમાં ધરી રાખવાની તેજ, એથી અદ્ભૂત ચમત્કારો, તેતે અવતારનાવિશે અનંત થયાં, તથા બિજા માણસદેહધારી રાજાઓ અથવા સાધુઓ એઓના શરીરને નિમિત્તસારૂ આગળ કરી યુગયુગનાવિશે, અદ્ભૂત ચમત્કાર, રામકૃષ્ણાદિક અવતાર ધરનારા ઇશ્વરે કર્યા, વારતે અદ્ભૂત ચમત્કાર મનુષ્ય દેહધારી જીવાત્મા કરેછે એવું નથી; અનંતગોલોના તથા તે ઉપરના રેહેનારા સર્વ શરીરોના વગેરે સર્વ પરમાણું, જે એક આકર્ષણ શક્તીમાં ધરનારો સમષ્ટીરૂપ એક ઇશ્વર, જે પોલાણજેવા તત્વરૂપેકરી જ્ઞાનવાન છે, તે ઇશ્વર અદ્ભૂત ચમત્કાર કરેછે, અને પોતાના નિજ ભક્તોને દેખાડે છે.

૩૪ પ્ર૦ પૂર્ણ અસ્તિકનું લક્ષણ શું ? તથાં માનવું કેવું ?

૩૫ ઉ૦ પૂર્ણ અસ્તિકછે, તે વેદોક્તધર્મપ્રમાણે વિચાર કરેછે, એથી તેહેને એવો અનુભવ આવેછે કે, જ્યાંસુધી શરીર પ્રાણાતીત અનંત પોલાણની અંદર આપણે નિરાકાર એક ઘનદાટ ભરેલા છૈયે, એવો અનુભવ નથી, તથા નિશ્ચય નથી, ત્યાંસુધી સ્વસ્વરૂપનું અજ્ઞાન છે, તથા એવું, સ્વસ્વરૂપનું અજ્ઞાન જેહેને છે, તે જીવાત્માને મરવા પછી પુનર્જન્મ

છે, અને પુનર્જન્મ છે એથી અજ્ઞાનીને પાછળ જન્મ હોયછે, એપણ ન્યાયેકરી સિધ્ધ છે, તથા અજ્ઞાનીના કલ્પનારૂપીજ્ઞાનમાં, શરીરની તથા જગતની, તથા કરેલા કર્મોની, સ્મરણરૂપ આકૃતી હોયછે, તે પોતપોતાના સ્વસ્વરૂપની જે વિસ્મૃતી તે વિસ્મૃતીના આવરણમાં ઢાંકેલી હોયછે, તથા તેમાંથીજ કિંચિત્ વિસ્મૃતીનો પડદો ઊખેળી જે જે કલ્પના, જાગૃદવસ્થામાં ઉઠેછે, તથા સ્વપ્નમાં, સ્વપ્નશરીર, તથા સ્વપ્નસૃષ્ટીરૂપે, કરી જે જે આકૃતી ઉઠેછે, તથા મરવાપછી સ્વપ્નદેહ પ્રમાણે તથા સ્વપ્નસૃષ્ટીપ્રમાણે, જે ભોગદેહ તથા જે ભોગસૃષ્ટી, કરેલા કર્મોપ્રમાણે, બીનચૂક ઉઠેછે, અને સુખદુઃખ ભોગ થાયછે, ઇત્યાદિ જાગૃતસ્વપ્નમાં, તથા મરવાપછી, કર્મભોગસૃષ્ટીમાં જેજે કલ્પનારૂપી હતું થાયછે, તે બીજમાંથી, જેમ જલમૃત્તિકાદિકોના સંયોગથી, વૃક્ષનું સ્વરૂપ ઉદ્ભૂત થાયછે, તેવું, સ્વસ્વરૂપના વિસ્મરણમાંથી સર્વ કર્મનું ગુપ્તચિત્ર, યમ, જે જીવાત્મા, તેણે, સંયમન કરી મુકેલું હોયછે, તે ઉમટે છે, અને, તે ભોગરૂપી શરીરમાએલા ભોગ થઇરહ્યા પછી પુનર્જન્મ શરીર, સ્વપ્રકાશી ગોલોઉપર, એટલે સ્વર્ગમાં આવેછે, તથા પરપ્રકાશી ગોલોઉપર, એટલે મૃત્યુલોકમાં આવેછે, તથા જે જીવાત્માયે, મનુષ્યનું શરીર ધારણ કરી છોડ્યું. તે જીવાત્માને પુનર્જન્મદેહ મનુષ્યોનો, અથવા પશ્વાદિકોનો, મળેછે, તે પોતપોતાના કર્મપ્રમાણે મળેછે, એપ્રમાણે પશુપક્ષ્યાદિકોના જીવાત્માને પણ, માણસના જીવાત્મા પ્રમાણેજ, પુનર્જન્માદિક સર્વ ભોગો છે, પણ, બીજને, અગ્નિથી શેકયું, અથવા, બીજમાંથી, ઉગેછે તે શું છે એવું છાલ ઉખેડી, જોઇયે તો ફરી ઉગતું નથી, તેપ્રમાણેજ, સ્વસ્વરૂપનું વિસ્મરણ, એ-

જ, કરેલાં કર્મોનું ગુપ્તચિત્ર રહેવાનું ઢાંકણ છે, એ ઢાંકણું, વિચાર દૃષ્ટીયે ઉખેળી, આપણે નિરાકાર છૈયે એવું અનુભવ્યું, એટલે, જેમ બીજ શેકવાથી, કિંવા ફોતરૂ ફોડી જોવાંથી, ઉગતું નથી, તેપ્રમાણેજ, સ્વસ્વરૂપની વિસ્મૃતિનો પડદો, વિચાર દૃષ્ટિએ ફોડી, પોતપોતાને જોયાં, પછી, પોતે, ફરી ઉગતો નથી, એટલે પુનર્જન્માદિક, સ્વર્ગ નરક ભોગ રહેતા નથી, તથા મરવા પછી ઉભા થયેલા, પ્રત્યેકના, જુદાજુદા ભોગસૃષ્ટી માએલા ભોગ, ભોગ શરીરે કરી, જેહેના તેણે ભોગવવા, વગેરે કાંઇજ રહેતું નથી, આપણે નિરાકાર પરબ્રહ્મ છૈયે, એવો જેહેનો તેહેનો, સર્વકાળનો અસ્તિત્વ ભાગ જેહેનો તેહેને છે, તેજ રહેછે, એપ્રમાણે પૂર્ણ અસ્તિક્યનું માનવું, તથા લક્ષણ છે, તેસમઝવું, એપ્રમાણે અજ્ઞાનીને પાછળ જન્મ હતો, તથા આગળ જન્મછે, તથા કર્યાં કર્મો પ્રમાણે, સ્વર્ગ નરક ભોગ ભોગવવા પડેછે, તથા મરવા પછી સ્વપ્નપ્રમાણે, ભોગ સૃષ્ટી જે ઉભી રહેછે, તેમાએલા સુખદુઃખના ભોગ, ભોગશરીરેકરી થાયછે, પછી પુનર્જન્મ આવેછે, તથા મનુષ્યની પેઠેજ, પશૂ પક્ષી વગેરે જીવોના જીવાત્માને થાયછે, તથા વનસ્પતીનાં, એટલે વૃક્ષાદિકોના જીવાત્માઓને સર્વકાળ, ઊંઘની અવસ્થા, એટલે સ્વસ્વરૂપના વિસ્મરણની અવસ્થાછે, એથી, તેઓને, જે કાંઇછે, તેહેની, તેઓને, ખબર પડતી નથી, એપ્રમાણે, પૂર્ણ અસ્તિક્યનું, વિચાર યુક્ત, વેદપ્રતિપાદ્ય માનવુંછે, હવે, જો નિરાકાર સ્વસ્વરૂપનું જ્ઞાન થયું, તો પુનર્જન્મ વગેરે કાંઇજ રહેતું નથી, કેમકે, જેહેને જ્ઞાન થયું, તેહેનું શરીર, જીવતું છતાંજ, તેહેનો આત્મા, હું જન્મ પામ્યો એવું, આત્મજ્ઞાનના યોગથી, અનુ-

ભવતો નથી, હું મિથ્યા છું, એવું અનુભવેછે, એથી મરણ, તથા પુનર્જન્મ, ઇત્યાદિ આત્મજ્ઞાનીને, ભોગવવાં પડતાં નથી તથા જેહેને આત્મજ્ઞાન નથી, તેહેને પુનર્જન્મ વગેરે સર્વછે, એ કહેલા વિચાર પ્રમાણે, જે માનનારો, તેજ પૂર્ણ અસ્તિક છે, તેહેનું લક્ષણ, તથા વરતવું, વેદોક્ત ધર્મપ્રમાણે હોય છે,

તાત્પર્ય.

૩૬ પૂર્ણ અસ્તિક છે, તે વેદપ્રતિપાદ્ય ધર્મમાં કહ્યા પ્રમાણે માનેછે, એટલે અજ્ઞાની મનુષ્યના જીવાત્માને આગળ પુનર્જન્મ લેવો પડેછે, એ ઉપરથી, પાછળ જન્મ હોયછે, એવું વિચાર કરી, ન્યાયથી અનુભવેછે, તથા માનેછે, તથા, નિદ્રાના વિસ્મૃતીરૂપ ભાવનામાંથી સ્વપ્નના ભોગ ઉઠેછે, તેમજ, મરવાની વિસ્મૃતીમાંથી, કરેલાં કર્મોના, ભોગ થાયછે, એવું અનુભવેછે, તથા માને છે, તથા મનુષ્યના જીવાત્મા પ્રમાણેજ પશુપક્ષી તથા જલચર ઇત્યાદિ નાહાના મોટા જંતુઓના જીવાત્માઓને પુનર્જન્મ વગેરે છે, એવું અનુભવે છે, તથા માનેછે, તથા માણસ વગેરે, હરએક પ્રાણીને પુનર્જન્મદેહ મળેછે, તે મરેલા શરીરની જાતનો મળેછે, અથવા અન્ય પ્રાણીની જાતનો નર માંદી રૂપનો ફેરફાર થઇ મળેછે, એવું અનુભવેછે, તથા માનેછે. તથા વૃક્ષ વગેરે વનસ્પતીઓને જીવાત્મા છે, તે પુનર્જન્મ લેછે, પણ, તેહેને વનસ્પતીરૂપ દેહ ધારણ કર્યો, તથા મુવો, એ કાંઇજ ખબર નથી, કારણ તેહેને તમોગુણની, એટલે વિસ્મૃતીની અવસ્થા સર્વકાળ હોયછે, તે વનસ્પતીનો જીવાત્મા ફરીપણ વળવળનારા પ્રાણીઓનો પુનર્જન્મ દેહ ધારણ કરશે, અને ક્રમથી, મનુષ્યનો દેહ ધારણ કરવાની તરફ પોહોચી શકેછે, હવે સ્વપ્રકાશી ગોલ એટલે સ્વર્ગ તથા પરપ્રકાશી ગોલ, એટલે મૃત્યુલોક, વગેરે ઠેકાણે સારાનરસા, ભોગ ભોગવવા સારૂ, જીવાત્મા, એ દેહ ધારણ કરતો ફરેછે, તથા, સર્વ જીવોના જાતનો, એકેક વખત, પુનર્જન્મ લઈ, મનુષ્ય દેહધારી જીવાત્મા, ફરી, માણસના દેહમાં આવેછે, એવુંજ કેવળ નથી, કેમકે, માણસની યોની, છેક થોડીછે, વાસ્તે, ઘણું પુંણ્યકર્મ કર્યું હોય, તોજ, પુનર્જન્મદેહ મનુષ્યની યોનીમાએલો પ્રાપ્ત થાય છે, એવું અનુભવે છે, તથા માનેછે તથા પંચ વિષયરૂપેકરી, જે ખબર પડેછે, તે સકલ વિશ્વસહિત, મારૂં અહંપણું ધરનારૂં જ્ઞાન, પોલાણની અંદર ભરેલા એકાકી નિરાકાર સ્વસ્વરૂપનાવિશે મૂળેજ નથી, એવું અનુભવેછે, તથા માને છે તથા તેજ નિરાકાર સ્વસ્વરૂપ. અહંપણું ધરનારા જ્ઞાન પેહેલા, મારો હું સેહેજ છું, એવું જેહેને સ્વાત્મજ્ઞાન થયું, તેઓને, અમો, જન્મે આવ્યા છૈયે, એવો ભાવ રેહેતો નથી, એથી મૃત્યુ, તથા પુનર્જન્માદિક, તથા પાપપુંણ્યાદિક સ્વર્ગ નરક ભોગ, તથા મરવા પછી, ભોગશરીરેકરી, ભોગસૃષ્ટી માએલા ભોગ, ઇત્યાદિ કાંઇજ નથી, એવું અનુભવેછે, તથા માનેછે, ઇત્યાદિ, પૂર્ણ અસ્તિકનું, વેદોક્ત વિચારેકરી, અનુભવવું, તથા માનવું છે.

૩૭ પ્ર૦ સત્ય લોકના વિશે, કામ, તથા ક્રોધ, તથા સત્ય, તથા દયા, અને વેદ, ઇત્યાદિ સર્વ મૂર્ત્તિમંત છે, એવું કહ્યું છે, તે કેહેવાનો અભિપ્રાય શું.

૩૮ ઉ૦ જેમ, ચતુર લોકો, કોઈ પરાક્રમી મનુષ્યને કેહેછેકે, આ માણસ, કેવળ સૂર્યછે, એનો અભિપ્રાય એજકે,

જેમ, સૂર્યના તેજની આગળ, અન્યતેજનું, મહત્વ નથી, તેજપ્રમાણે, જે મનુષ્યને સૂર્યની ઉપમા આપી, તેહેની, અક્કલની આગળ, બિજાની અક્કલ વધારે નથી, એપ્રમાણેજ, આ માણસ કેવળ મેઘછે, એવું કેહેછે, એ કેહેવાનો અભિપ્રાય એજ કે, જેમ, મેઘ થકે, સર્વને પાણી મળેછે, અને સુખ થાયછે, તેમજ, તેમનુષ્ય થકે, સર્વલોકોને સુખ મળેછે, એટલોજ અભિપ્રાય, એ કેવળ મેઘછે તે કેહેવાનો સમઝવો, એપ્રમાણેજ, સત્યલોકના વિશે, મૂર્ત્તિમંત વેદવગેરે છે. તે કેહેવાનો અભિપ્રાય સમઝવો, એટલે, રજોગુણ, થકે સર્વ સૃષ્ટી નિર્માણ થઇ, અને કેવળ રજોગુણનીજ મૂર્ત્તિ સત્યલોકના વિશે, બ્રહ્મદેવછે, એવી કલ્પના સિદ્ધ થઇ, વાસ્તે (રજોગુણની મૂર્ત્તિ સકલસૃષ્ટી) તથા (એ કેવળ સૂર્યછે) એ કેહેવાપ્રમાણેજ કેવળ રજોગુણની મૂર્ત્તિ, સત્યલોકનાવિશે બ્રહ્મદેવ એવું બોલવું છે, એહેનો દૃષ્ટાંતાર્થ એકછે, એથીજ, (તે બ્રહ્મદેવના કલ્પિત શરીરનીજ મૂર્ત્તીનું નામ સૃષ્ટીરૂપી વેદાદિક મૂર્ત્તિમંત છે) એવું ન્યાયયુક્ત બુદ્ધિથી સમજવું.

૩૯ પ્ર૦ સોવળું એટલે શું તથા ઓવળું એટલે શું?

૪૦ ઉ૦ સ્વચ્છ એટલે શાસ્ત્રોક્ત આચરણીય તેજ સોવણું, તથા અમંગલ, એટલે ઓવળું.

૪૧ પ્ર૦ વિટાળ એટલે શું?

૪૨ ઉ૦ મનને જે વાતનો કંટાળો આવેછે, એવીઓ જે અશાસ્ત્રવાતો, તેહેનો કાયા, વાચા, મનને સ્પર્શ, તેજ વિટાળ છે.

૪૩ પ્ર૦ વર્ણવ્યવસ્થા, મનુષ્યમાત્રના ગુણકર્મઉપર-

થી ઠેરાવવી, એવો વેદોક્તધર્મનો સિદ્ધાંત છતાં, તેનું બોલનારો લોકોને, પ્રિય કેમ લાગતો નથી.

૪૪ ઉ૦ જોકે વર્ણવ્યવસ્થા, વર્ણસંકર થયા પછી. ગુણકર્મોઉપરથી ઠેરાવવી એવું શાસ્ત્ર છે, તથા હૃદયસંબંધેકરી પણ રાખવી, એવુંપણ છે, તોયપણ, લોકોયે સશાસ્ત્ર વહીવાટ તદન છોડીદીધી, એથી શાસ્ત્રપ્રમાણે બોલનારો ચાલતી રીતવિરૂદ્ધ બોલેછે, એટલાઉપરથીજ, લોકો તેહેનીઉપર અપ્રીતિ કરેછે.

૪૫ પ્ર૦ હાલમાં વર્ણવ્યવસ્થા કરવાને હરકત છે કે શું? તથા હોયતો તેકઈ?

૪૬ ઉ૦ જ્યાંહાંસુધી માંસ અને મદ્ય, એવોનું સેવન કુળમાંથી, બંધ થયું નથી, તથા વેદશાસ્ત્રોનું અને ગણિતનું અધ્યયન સર્વને થાય એવી જગાઓ સ્થાપિત થઇઓ નથી, ત્યાંહાંસુધી મનુષ્ય માત્રના ગુણ કર્મોઉપરથી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ઠેરવવા એવી જે વર્ણવ્યવસ્થા તે થવી નથી, તથા એવી ફરી વર્ણવ્યવસ્થા થાય ત્યાંહાંસુધી કુટુંબઉપર વર્ણવ્યવસ્થા માનવી એ સશાસ્ત્ર, તથા સાચું છે તથા તે બ્રાહ્મણ કુટુંબમાંએલો ઉત્તમ જે, તે પોતાનો મુખ્ય ગુરૂ માનવો એ વેદાજ્ઞા છે.

૪૭ પ્ર૦ વેદોક્તધર્મમાંએલી સશાસ્ત્ર વાતો કેહેનારા, લોકોને વિરૂદ્ધ કેમ લાગેછે?

૪૮ ઉ૦ સર્વજ લોકોને, વેદોક્તધર્મ ખબર પડેછે એવું નથી, પણ ચાલતી વહિવાટ જાણવામાં આવેછે, પછી તે વહિવાટ સશાસ્ત્રહો, અથવા અશાસ્ત્રહો, એવી તે ચાલતી વહિવાટવિરૂદ્ધ બોલેલું બોલવું, જોકે વેદોક્તધર્મપ્રમાણે સ-

શાસ્ત્ર હોય તોયપણ વહિવાટથી વિરૂદ્ધ તથા વહિવાટરૂપી અશાસ્ત્ર ધર્મ જે તેવિરૂદ્ધ દેખાયૂ એટલે લોકોને સશાસ્ત્ર બોલનારો વિરૂદ્ધ લાગેછે, એ લોકોની મોટી ચૂક છે, એ ચૂકથીજ ધર્મનો લોપ થાયછે, જુવો જુવો, પ્રથમ વિવાહની તથા પુનર્વિવાહની તથા વર્ણવ્યવસ્થાની સશાસ્ત્ર રીત જેવી હોય તેવીજ આચરણમાં આણવી તે લોકોયે તદન છોડ્યું, એથી વર્ણસંકર થયો, તથા ઘણાક લોકો, અન્યદ્વિપમાએલા વગેરે મ્લેચ્છ થયા, તથા અનેક મતો મચ્યાં અને સ્ત્રિયો કપટીઓ થઇઓ, તથા પુરૂષો સ્ત્રૈણ થયા, ઇત્યાદિ કારણોથી ઇશ્વરનું સ્મરણ પણ વિસરીગયા, વાસ્તે, એવું નજોઇએ, સારૂ જોઇએ, એઉપદેશ, સ્ત્રી પુરૂષોના પ્રથમ વિવાહ તથા પુનર્વિવાહ સશાસ્ત્ર નકરનારાઓને, તથા વર્ણવ્યવસ્થા છોડી વરતનારા મ્લેચ્છ વગેરેને છે પણ વાંચનારા ચતુર હોયતો ગ્રંથકર્તાઓના વિચારો સમઝેછે.

૪૯ પ્ર૦ વેદાંત એટલે શું? તથા વેદ એટલે શું?

૫૦ ઉ૦ વેદાંત એટલે પ્રત્યેક શરીર ધારણ કરનારૂં, જે શબ્દજ્ઞાન (એટલે મિથ્યાજ્ઞાન) તે મિથ્યાજ્ઞાનનો જે અંત (એટલે શેવટ. અથવા નાશ) તેહેનેજ વેદાંત એવી સંજ્ઞાછે, હવે, એવા મિથ્યા જ્ઞાનનો નાશ કરવાનું, તથા નિરાકાર સ્થિતિ આપવાનું, જે શાસ્ત્ર, (એટલે શિક્ષણ) તેહેનેજ વેદાંતશાસ્ત્ર કહિયે, તથા વેદપ્રતિપાદ્ય ધર્મ, એટલે જ્ઞાનેકરી પ્રતિપાદન કરેલો ધર્મ, અથવા જ્ઞાનયુક્ત ધર્મ. હવે, વેદ એવી સંજ્ઞા, ગ્રંથને શાસારછે, તો વેદની તરફ જોયું છતાં, તેહેમાં જ્ઞાનજ મળેછે, વાસ્તે, વેદરૂપીગ્રંથને, વેદ (એટલે જ્ઞાન) એવી સંજ્ઞાછે; સારાંશ, " વિદિજ્ઞાને " એ વ્યા-

કરણ માએલો, ધાતૂછે એ ઉપરથી, વેદ, એ શબ્દનો અર્થ, જ્ઞાન, એવો થાયછે, હવે, વેદાંત, એ, મતો ખંડણ કરવા વાસ્તે, મહાસમર્થછે, તેબાબત પ્રમાણશ્લોક. "તાવદ્ગર્જંતિશાસ્ત્રાણિજંબુકાવિપિનેયથા ॥ નગર્જંતિમહાશક્તિર્યાવદ્વેદાંતકેસરી" ॥ અર્થ, ત્યાંહાંસુધીજ, મતવાદીઓનાં શાસ્ત્રો, શીયાળની પેઠે, નગતરૂપી અરણ્યમાં, ગર્જનાઓ કરેછે, કયાંહાં સુધી કેહેરો તો, જ્યાંહાં સુધી, નગત રૂપી અરણ્યમાં, માહાશક્તિમાન, વેદાંતરૂપી સિંહની ગર્જના કડાડી નથી, ત્યાંહાં સુધી; જુવોકે, મતવાદિઓના શાસ્ત્રો, શીયાળનીપેઠે, (કુહેકુહે) કરેછે, તેજ, વેદાંત સિંહના, ત્રાડ સાંભળી, ગુપચુપ છપી, થરથર, બીહીને બેસેછે.

૫૧ પ્ર૦ વેદોક્ત ધર્મ ફુમાવવો, એબાબત, મ્લેચ્છ, વગેરે મતવાદીઓ. પ્રયત્ન, કરતા છતાં પણ, વેદોક્ત ધર્મ ફુબતો નથી, એહેનું કારણ શું?

૫૨ ઉ૦ વેદોક્ત ધર્મ ફુબતો નથી, એનું કારણ, ઇશ્વરની ઇચ્છા, તે ઇચ્છાયેકરી, એવું થાયછે કે, જેજે વખત, મતવાદી લોક, વેદોક્ત ધર્મનો નાશ કરવાનો પ્રારંભ કરેછે, તેતે વખત, વેદોક્ત ધર્મના લોકોમાંથી, કેટલાએક લોકો, મોટાશૌર્યથી હાથમાં શસ્ત્રો લઇ, મતવાદીઓને મારી તેઓની ધૂળધાની કરીનાખેછે, અને વેદોક્ત ધર્મનું રક્ષણ કરેછે, હવે એકરવામાં, તેઓને, ભગવતગીતાનો અધ્યો ૨ બિજો, શ્લોક ૩૭ સાત્રીસ મો " હતોવાપ્સ્યસિસ્વર્ગં જિત્વાવાભોક્ષ્યસેમહીં " એવા શ્રીકૃષ્ણના વાકય ઉપર, વિશ્વાસ હોયછે, કે, વેદોક્ત ધર્મના રક્ષણ સારૂ યુદ્ધમાં મરશું, તો સ્વર્ગની પ્રાપ્તી થાશે અને જયમળશે તો, આ લોકવિશેનું સુખ ભોગવી

પછી સ્વર્ગપ્રાપ્તી થાશે. અસ્તુ. એવાકારણથી, વેદોક્તધર્મ, મતવાદીઓથી ડુબાવાતો નથી અને જે કાળે, નિરૂપાય થાયછે, તેકાળે, વેદોક્તધર્મ રક્ષણાર્થ, ભગવતગીતા અધ્યો ૪ ચોથો શ્લોક ૮ આઠમો. " ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિયુગેયુગે " એ ભગવંતના, વચનપ્રમાણે, ભગવંતનો અવતાર પ્રકટ થઇ, વેદોક્તધર્મનું, રક્ષણ થાયછે, એપ્રમાણે, આજ દિવસસુધી થયું, તથા આગળ, કલ્કી અવતાર, મ્લેચ્છ નાશાર્થ થવાનો, એવું ભવિષ્યછે, તેહેનેપ્રમાણ, શ્રીમતભાગવતદ્વાદશસ્કંધ અધ્યાય ૨ બિજો, શ્લોક ૧૬ સોળમો " ઇત્થંકલૌગતપ્રાયે જનેષુખરધર્મિણિ ॥ ધર્મત્રાણાયસત્ત્વેન ભગવાનવતરિષ્યતિ ॥ ॥ ૧૭ ॥ ચરાચરગુરોર્વિષ્ણોરીશ્વરસ્યાખિલાત્મનઃ ॥ ધર્મત્રાણાયસાધૂનાં જન્નકર્માપનુત્તયે ॥ ૧૮ ॥ શંભલગ્રામમુખ્યસ્યબ્રાહ્મણસ્યમહાત્મનઃ ॥ ભવનેવિષ્ણુયશસઃકલ્કિઃપ્રાદુર્ભવિષ્યતિ ॥ ૧૯ ॥ અશ્વમાશુગમારુહ્યદેવદત્તંજગત્પતિઃ ॥ અસિનાઽસાધુદમનોઽષ્ટૈશ્વર્યગુણાન્વિતઃ ॥ ૨૦ ॥ વિચરન્નાશુનાક્ષ્ણોર્ણ્યાંહયેનાપ્રતિમદ્યુતિઃ ॥ નૃપલિંગચ્છદોદસ્યૂન્કોટિશોનિહનિષ્યતિ ॥ ૨૧ ॥ અથતેષાંભવિષ્યંતિમનાંસિવિશદાનિવૈ ॥ વાસુદેવાંગરાગાતિ પુણ્યગંધાનિલસ્પૃશાં ॥ ૨૨ ॥ પૌરજાનપદાનાંવૈ હતેષ્વખિલદસ્યુષુ ॥ તેષાંપ્રજાવિસર્ગશ્ચસ્થવિષ્ઠઃસંભવિષ્યતિ ॥ "

૫૩ પ્ર૦ પ્રાણિમાત્ર શું ઇચ્છેછે ?

૫૪ ઉ૦ પ્રાણિમાત્ર વિષયસુખ ઇચ્છેછે.

૫૫ પ્ર૦ સર્વપ્રાણિઓ પ્રમાણે, મનુષ્ય પ્રાણી, એપણ વિષયસુખ ઇચ્છેછે, પછી, તિર્યક, પશ્વાદિક, પ્રાણિઓથી, મનુષ્ય શ્રેષ્ઠ કેમ.

૫૬ ઉ૦ મનુષ્યરૂપીપ્રાણી, એ વેદોક્તધર્મ વિચારેછે, તેથી, સર્વ પ્રાણિઓથી શ્રેષ્ઠગણ્યો.

૫૭ પ્ર૦ ન્યાયી બુદ્ધિ શાથી થાશે ?

૫૮ ઉ૦ સત્સમાગમના યોગથી, શ્રવણ, મનન, નિદ્ધ્યાસ, થયો તો, અન્યાયોનો, તિરસ્કાર આવી, ન્યાયી બુદ્ધિ થાશે.

૫૯ પ્ર૦ મરીગએલાના નામથી રોવેછે કેમ ?

૬૦ ઉ૦ જેહેના થકે, સુખમળતું હતું. તે મરણ પામ્યો, એથી આપણું સુખ ડુબ્યું, એવું મનમા આવેછે, તેથી, મરીગએલાના વાસ્તે, આ નિમિત્ત, પણ, પોતીકા સુખને વાસ્તે રોવેછે.

૬૧ પ્ર૦ ભ્રતાર કેહેછે કે બાયડી મારી, અને બાયડી કેહેછે ભ્રતારમારો, એપ્રમાણે, સર્વ કુટુંબીઓ મોહમા ગર્ક દેખાય છે, એનો પરિણામ શું ?

૬૨ ઉ૦ ભ્રતારની બાયડી સાચી તો તેણે તેહેને મરવા કાં દિધી, તથા બાયડીનો ભ્રતાર સાચો તો, તેણે, તેહેને મરવા કાં દીધો, વાસ્તે, સર્વ કુટુંબીઓએ, એવું સમઝવું કે, વ્યવહારાર્થ, આ સર્વ આપણા સાચા; પણ મોહ કામનો નહીં, કારણ, એસર્વ ઇશ્વરનું છે, વાસ્તે, મોહમા ગર્ક થાશું. તો સુખ જઇ પરિણામે દુઃખ થારો.

૬૩ પ્ર૦ જાગૃતીમા તથા સ્વપ્નમા તથા મનોમય કલ્પનાઓમા વગેરે સૃષ્ટી રચના પ્રત્યયમાં આવેછે, તેહેનો વિચાર કેવોછે ભલા ?

૬૪ ઉ૦ જાગૃતીમાએલી સર્વ પ્રાણિઓની સૃષ્ટી એક છે, તે કોઇનાજ સ્વપ્નમા આવતી નથી, તથા મનમા આવતી

નથી, તથા દરએકની સ્વપ્નસૃષ્ટી જેહેની તેહેનામાથી સ્વશરીરની અંદર, જુદીજુદી ઉત્પન્ન થાયછે, પણ દરએકના જુદા જુદા મનોમય સૃષ્ટીરચનાની, અને પ્રત્યેકની જુદીજુદી સ્વપ્નસૃષ્ટીની જાત એક છે, પણ પરસ્પરોના મનોમયસૃષ્ટી રચનાનો તથા સ્વપ્નસૃષ્ટીનો પરસ્પરોની સાથે, ભિન્ન ભાવ છે, પણ મનોમય સૃષ્ટી કિંવા સ્વપ્નસૃષ્ટી, સૂક્ષ્મ પરમાણુના આકર્ષણથી શરીરસ્થ આત્માના હેતૂયેકરી, તે તેહેના આકર્ષણેકરી થઇ, ઇત્યાદિ વિચાર સમઝવો.

૬૫ પ્ર૰ કયા યજ્ઞથી પરજન્ય પડેછે, કારણ, યજ્ઞ ઘણા પ્રકારના છે, એવું ભગવતગીતા અધ્યાય ૪ ચોથો શ્લોક ૩૨ બત્રિસમો " एवंबहुविधायज्ञावितताब्रह्मणोमुखे "

૬૬ ઉ૰ સૂર્યના રશ્મિરૂપી અગ્નિમાં પૃથ્વીઉપરના ઉદકનો હોમ થાયછે, એજ વરસાત પડવાનો યજ્ઞ, એટલે હોમ છે, આ સૃષ્ટી નિર્માણકર્ત્તાએજ યજ્ઞ નિર્મ્યો છે, એવું, ભગવતગીતાના ૩ ત્રિજા અધ્યાયના ૧૦ દશમા શ્લોકમાં પણ છે. " सहयज्ञाःप्रजाःसृष्ट्वा "

૬૭ પ્ર૰ પ્રાણિઓની ઉત્પત્તિ, સ્થિતિ. લયની, અવસ્થાઓનું, બાહ્ય લક્ષણ શું ?

૬૮ ઉ૰ વિષયસુખ ભોગવામાં પ્રાણિની ઉત્પત્તી. તથા સર્વકાળ ધીકર રાખવામાં સ્થિતિ તથા ખિતાંખિતાં લય, એપ્રમાણે, પ્રાણિઓના ઉત્પત્તિ, સ્થિતિ, તથા લયના, બાહ્ય લક્ષણો છે, તથા અંતરલક્ષણ જે ઉત્પત્તિ સ્થિતિ લયનું છે, તે ન્યાયપ્રકરણના. એટલે આજ ગ્રંથના ત્રિજા પ્રકરણના, ચૌદમા અંકમાં લખ્યાપ્રમાણે સમજવું.

૬૯ પ્ર૰ પિંડ બ્રહ્માંડ એક છે, એવું કેમ કેહેછે ?

૭૦ ઉ૰ આપણું શરીર એજ પિંડ, તથા ભૂગોલ, એજ બ્રહ્માંડ, એ ઉભયતાઓના પરમાણું એકરૂપ છે, તથા પરસ્પરોને અનન્ય છે, તેથી. પિંડ બ્રહ્માંડ એક છે, એવું કેહેછે.

૭૧ પ્ર૰ ક્રિયમાણ, આરબ્ધ, સંચિત પ્રારબ્ધ, એહેનો વિચાર કેવો ?

૭૨ ઉ૰ શરીર ધારણ કરવા પેહેલાં, જીવાત્માયે, જે. સંકલ્પરૂપી કર્મ કર્યું. તેજ ક્રિયમાણ, તથા, તેહેનું જે તેહેને તાત્કાળ ફળ મલ્યું. તેજ આરબ્ધ, તથા ક્રિયમાણમાંથી કાંઇક ભોગવવું રહ્યું, તે સંચિત, તે સંચિતથી, પુનર્જન્મ શરીર મલ્યું, તેશરીરજ પ્રારબ્ધ, તથા, ફરી શરીરે કરીજ, એટલે પ્રારબ્ધથીજ ક્રિયમાણ એટલે કર્મ થાયછે, એહેનેજ, પ્રારબ્ધેકરી સર્વ થાયછે, એવું કેહેછે, એપ્રમાણે, મિશ્રભોગ, એટલે, આરબ્ધ તથા પ્રારબ્ધ મળી, જે ભોગ, તથા, તે ભોગોની પરંપરા સમઝવી.

૭૩ પ્ર૰ વેશ્યા એટલે કલાવંતિણીઓ, કસબણો, એઓયે, શીરીતે વરતવું તથા શું ઇચ્છવું ?

૭૪ ઉ૰ વેશ્યાઓયે ઠેરાવ પ્રમાણે વરતવું અને જે પતી ઠેરાવ્યો, તેહેનું કલ્યાણથાઓ, એવું ઇચ્છતાં જવું.

૭૫ પ્ર૰ વેશ્યા તરફ કોણે જવું, તથા શાસારૂ જવું ?

૭૬ ઉ૰ જેહેને વિવાહની સ્ત્રીછે, તેણે વેશ્યા તરફ જાવું જ નહીં, તથા જેહેને વિવાહ કરવાનો છે, તેણેપણ વેશ્યાતરફ જાવું જ નહીં.

૭૭ પ્ર૰ પ્રવાસમાં તથા તિર્થયાત્રાયે જવામા અનર્થો કયા ?

૭૮ ઉ૰ પ્રવાસમા તથા તીર્થયાત્રાયે જવામા અન-

ર્થો એનકે, વગર મુદ્દાના માણસે, ભાડાનું ઘોડું, ગાડી, કરીહો-
ય, અને તેપાસે થોડો અનબ્બાબ હોય, તોય, તે ભાડાકરનારા
લોક, માર્ગમાએલા અથવા મુકામના ગાંમમાએલા દગાખો-
રોને સામીલ થઇ, તે નિધણીઆ, પ્રવાશીનો પ્રાણ લેછે,
અને તેહેને જંગલમાં કીચડમાં અથવા વોકળામાં, ઇત્યાદિ
ઠેકાણે દાટીદેછે, કદાક, ભાડાવાળો નહોય અને મુદ્દાવગરનુ
માણસ, પ્રવાસમાં પગે ચાલી જતું હોય, તો તેહેની સાથે,
પ્રવાસીનો વેષ લઇ, દગાખોર, એ તેહેનો, સર્વ ભેદ લઇ, પછી
પ્રાણલેછે, તથા ધર્મશાળામાં ઉતરે તોય, રાતનાવિશે, નિધ-
ણીઆ મનુષ્યના ગળામાં ફાંસ નાખી, પ્રાણલેછે, અથવા
વિષ આપેછે, તથા ગાડરાં અથવા ઢોરાં રાખનારા ભરવાડ
એ તેહેના જવાના રસ્તાઉપર, ગાડરાનાં ઢોરાંનાં ટોળાં હુલાં
કરી, તેવીઅડચણમાં પ્રાણ લેછે, તથા માર્ગઉપરની ખેતર
વાડીઓમાં તથા ખેતરોમાં તે માળી, તથા ખેડુતો, પ્રાણ
લેછે, એપ્રમાણે દગાખોર લોકો ઘણુંકરી, એટલી જાતના
હોયછે, તે દગાખોરોની જાતો, માહાર, માંગ, રામોશી, ભીલ,
કોળી, કાટક, બેરડ, કૈકાડી, માંગગારોડી, ડોંબારી, વડારી,
બેલદાર, ફાસાપારધી, કાનફટા, ગોસાવી, તથા વેરાગીનો વેષ
લેનારા, વાઘરી, તથા ગવળી, તથા કુંભાર, તથા હલકાધંધા-
ના મુસલમાન, તથા હલકાધંધાના કિરસ્તાવ, તથા કાઠી,
બાબરીયા, વાઘેર, મ્યાના, રાંગડા, તથા, શેકડે દસકળંબીયો,
તથા તેલી ઘાંચી, તથા ઠાકુર, તથા કાતકરી, વારળી, અને
એ સર્વે લોકોને મિલાપી, કયવિક્રયસારૂ ગામડીયા સોની
હોયછે, તથા ચારણ, વગેરે એપ્રકારના, સર્વ હિંદુસ્થાનમા-
એલા લોકો, એ એવાં અધોર પાતકો કરેછે, એઓને, દસ-

હજાર બ્રાહ્મણોમાથી, એકાદો દુષ્ટ સામેલ હોયછે, અરેરે!
એવા ઘાતકી નિર્દય લોકો જે, તેઓને, માર્ગની, ચૌકી પો-
હોરાઉપર, દરમાહાઓ આપી રાજા રાખેછે, પણ તે લોકો
ચોરને સામીલ રેહેછે એ સર્વ જાતમાએલા ઘાતકી લોકોના
ઘાતકી ઇશારાઓ; આંખોના, તથા લાકડીઓના તથા પા-
ગડીઓનાછેડાઓના, તથા કાંબળીના, તથા પરસ્પર ભાષ-
ણના, તથા જીભનીચે, બે આંગળીઓ નાંખી, શીશ્યાટી
વગાડેછે, ઇત્યાદિ નિશાણીઓ પરસ્પરોની પરસ્પરોને ખબર
પડેછે. એ ઘાતકી લોકોના, આઠ વરસના છોકરાઓ તથા
નાહાની મોટી સ્ત્રિયો જે, તેઓપણ, નિશાણીઓ સમઝે છે,
તથા સાક્ષ કરેછે, અસ્તુ. એપ્રમાણે, જેહેની પછવાડેથી ચો-
કાસી કરનારો કોઇ નથી, એવા નધણીયા માણસઉપર પ્રવા-
સમાં તથા તીર્થયાત્રા એ જાતાં અનર્થો ગુજરેછે તથા એ
અનર્થોમાંથી ઘણું કરી, કોઇ પાર પડતું નથી, પણ મારી ઉપર
પણ, એ સર્વ અનર્થો ગુજરેલાંછે, તથા, મહાભયંકર રીતીથી,
હું છુટેલો છું. એજ પ્રમાણે, જલપ્રવાસમા, ખલાશિઓ,
પ્રાણ લેછે.

૭૯ પ્ર૦ દેવની પ્રાપ્તી સારૂ, સંસારના કામકાજો છોડી
દેવાં કે શું?

૮૦ ઉ૦ ઇશ્વરની પ્રાપ્તી સારૂ, કામકાજ છોડવાની જ-
રકાર નથી, તથા, સંસારી ધંધાછોડવાથીજ ઇશ્વરની પ્રાપ્તીછે
એવું નથી, જુવો, જનકરાજા, પૂર્ણપણાથી સંસારમાં છતાં,
શુક યોગિંદ્ર, જે ત્યાગી, તેહેને પણ, તરવાના વિચારો આપ-
વામાં, ઉપયોગી પડ્યો, તથા શુક્યોગિંદ્ર, એ ત્યાગી છતાં,
પરિક્ષિતી રાજાને, તારક વિચાર આપવામાં, ઉપયોગી થયો,

સારાંશ, જે સ્થિતિમાં, ઇશ્વરની પ્રાપ્તીના વિચાર કરવામાં, હરકત પડે નહીં, તેવી દેહસ્થિતિ રાખવી. અને સત્શાસ્ત્રોનું શ્રવણ મનનકરી, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, પોતપોતાના, નિરાકાર એવા. નિજ રૂપનો ધ્યાસ, એટલે નિજધ્યાસ રાખવો, એટલે ઇશ્વરની પ્રાપ્તી થાયછે.

૮૧ પ્ર૦ અષ્ટાંગ યોગને, તેહેના આઠ અંગો કયાં?

૮૨ ઉ૦ યોગના આઠ અંગો એવાં છેકે, શૌચવિધિ, મુખમાર્જન કરી, સ્થિર થાવું, એ યોગનું એક અંગ; તથા ઉદકથી સ્નાનકરવું, એ યોગનું બિજુંઅંગ; તથા વિધિયુક્ત સંધ્યા કરવી, એયોગનું ત્રિજું અંગ; તથા પદ્માસનસ્થ, અથવા સ્વસ્તિકાસનસ્થ, અથવા સહજાસનસ્થ, એટલે સુખરેહે, તેવું બેસવું, વગેરે આસનસ્થ થાવું, એ યોગનું ચોથું અંગ, તથા પ્રાણાયામ કરવો, એટલે ઇચ્છારહિતમનેકરી, બેદોછતાં, પ્રાણશાંત થાયછે, એજ પ્રાણાયામ કેહેવાય, એ પ્રાણાયામ, યોગનું, પાંચમું અંગ; તથા ધ્યાન કરવું. એટલે તાળવેથી,અને ભ્રૂમધ્યમાંથી. લિટીઓ તાણી છતાં, મસ્તકમાં, જે સ્થાનકે, બેજ લીટીઓની, ટોંચો મળશે. તે સ્થાનકે, નીલ, પીત, શ્વેત, આરક્ત, કિંવા મિશ્ર, બિંદુનું અથવા નીલ, પીત, શ્વેત, આરક્ત, મિશ્ર, ઇત્યાદિ. તેજસ્વી, રામકૃષ્ણાદિક, અવતાર મૂર્તિઓનું, ધ્યાન, એટલે મનથી તેઓની તરફ જોઇયે છૈયે, એવી રીતે, આંખો વીંચી, અથવા ઉઘાડી રાખી, સ્મરણ, તથા માનસ પૂજન કરવું, એજ ધ્યાન કરી, જે, તે, આ, યોગનું છઠું અંગ, તથા ધારણા, એટલે શરીરપિંજરાનું, તથા તેમાએલા, પ્રાણવાયુની અંદર, જે આપણે, પોલાણરૂપી, અંતઃકરણ પંચકરૂપ આકાશ છૈયે, તે આપઆપણને,

મુખના બાહેરની, પોલાણ સાથે, સંગમ થઇજવાની પેઠે, ચિંતવું, એજ, યોગનું, ધારણા કરીને, સાતમું અંગ, તથા ધારણા સ્થિર થઈ, એટલે પંચપ્રાણનો, આકાશ ધારણામા ગ્રાસ થઇ એકદેશી. આપણે સાક્ષી રહ્યું, તે આપણે, નિરાકારના, સર્વત્ર ભરેલા અસ્તિત્વમાં; બીજાપણાયેકરી શીરીતે રહ્યાછું, એ જ્ઞાનેકરી, અનુભવવા લાગીયે, એટલે, તે આપણું મિથ્યા સ્વરૂપ, પોતાને પોતે ગ્રાસી, નહિંમું થાયછે, પછી, સત્યનિરાકાર જ્ઞાન રૂપેકરી, આપણે છૈયે, તેજ છૈયે, એજ, સમાધી એ નામેકરી, યોગનું, આઠમું અંગ સમજવું; અસ્તુ. એપ્રકારના અષ્ટાંગયોગ થયાં પછી, ફરી, વિરાટના પરમાણુંઓનો, સ્થૂલદેહ ધરનારૂં, જે આપણા મિથ્યા જીવરૂપી એવા જ્ઞાન કારણ થકે, થયેલું કાર્ય, તેજ ફરી, જીવતત્વરૂપી, કારણ રૂપની સ્થિતીને પામી, સજાતીય, મિથ્યા જ્ઞાનસ્વરૂપનો લય, (અભાવ) સત્યજ્ઞાનરૂપી નિરાકારની ધારણાથી થયો એવો અનુભવ, શરીરને ધરી કેહેછે, તેજ સમાધીનું વ્યુત્થાનછે, એપ્રમાણે અષ્ટાંગયોગ સમજવા.

૮૩ પ્ર૦ દુઃખો, સહન કરવાનું સામર્થ્ય, પ્રાણિઓના અંગે, શાથી આવેછે.

૮૪ ઉ૦ દુઃખો, સહન કરવાનું સામર્થ્ય, આત્મજ્ઞાનીના અંગે આવેછે, તેહેનું કારણ, આત્મજ્ઞાન છે, તે આત્મજ્ઞાનની રીત એવીકે, મુને, એક વખત સ્વપ્ન પડ્યું, તે સ્વપ્નમાએલો, દેહરૂપી, જે હું, તે મારી પુઠે, એક વાઘ લાગ્યો, તેહેને મેં, એક સોટો માર્યો, પણ, તેહેનો પંજો, મારી ગર્દન ઉપર પડ્યો, તે વખત, હું, સ્વપ્નમાએલા શરીરમાં, વિચાર કર્યો કે

આ વાઘના હાથમાંથી, શીરીતે છુટવું, તો એટલામાં, મુને સ્મરણ થયું કે, હું, પંઢરપુરમાં હતો, અને આ જંગલમાં કેમ આવ્યા! અરે, આ સ્વપ્નું છે. હું, સ્વપ્નદેહે કરી મરવાને, શાસારૂ બિહું કારણ, સ્વપ્નદેહ મરવાથી જાગૃતપણાનો દેહ મરતો નથી, એટલું યાદ આવતાંવેતજ, હું, સ્વપ્ન શરીરે કરી, સ્વપ્નમાં સ્વપ્ન શરીરને સ્વપ્નમાએલો વાઘ ખાતો છતાં, નિર્ભયપણે ઉભો રહ્યો. કે, આ, મારા સ્વપ્નમાએલા શરીરને, સ્વપ્નમાનો વાઘ ખાયછે. એ, મફતની ગમ્મતછે, તે જાનેકરી, કે મનભોગવવી, એપ્રમાણે, વિચાર થાતાં વેતજ, તે સ્વપ્નમાયેલો વાઘ, મારા સ્વપ્નમાએલા શરીરને ખાતાંખાતાં થાકયો, અને ગયો, તે પછી, હું આનંદથી જાગૃત થયો, અને તુંબડામાએલું પાણી, આંખે લગાડી, વિચાર કર્યો કે, આ, મારા શરીરનો નાશ, સુખદુઃખના મરવાથી થયો, તોયપણ, મારા અહંપણું ધરનારા જ્ઞાનરૂપ પેહેલાના, મારા નિરાકાર સ્વસ્વરૂપનો નાશ થાતો નથી, વાસ્તે, આ, જાગૃત ઉપર, દુઃખો અને સુખો આપનારા, એકદમ તુટી પડે તોય, મુને હર્ષશોક નથી, કારણ, સ્વપ્નદેહ નાશ પાંમવાનો તેમજ આ જાગૃતપણાનો દેહનાશ પાંમવાનો, તથા સ્વપ્નદેહનાશ પાંમે તોય, જાગૃત પણાનો દેહ કાયમછે, તેજપ્રમાણે, આ, મારા સ્થૂલદેહ સહિત, અહંપણું ધરનારા જ્ઞાનનો નાશ, થાવાનોજ, તે થયો તોય. મારૂં નિરાકાર સ્વસ્વરૂપ કાયમ છે, વાહવા વાહવા! અસ્તુ. એ પ્રકારનો, મુને વિચાર થયો, તે દિવસથી, હું, ભગવતગીતા અધ્યો ૨ બિજે શ્લોક ૧૪ ચઉદમા પ્રમાણે (તિતિક્ષા) કરવામાં તથા ભગવતગીતા અધ્યાય ૨ બીજો શ્લોક ૩૮ અડત્રીસ પ્રમાણે સુખદુઃખ, તથા લાભ

અલાભ, જય પરાજય, સમાન કરવામાં, પ્રવીણ થયો, હવે, આ વિચાર, જેઓના ધ્યાનમાં ઉતરશે, તેજ, રાજા રંક, તૃણવત્ માનશે. તથા, ફાંશી દેવાઆવે તેહેની, તથા, તાજીમ આપી બેસારનારાની કિમત એકજ જનેસે, અને, કોઈપણ પ્રકારના મરણને ડરશે નહીં, હવે હેલોકો, આ ઉપદેશ, તમારી. મુને દયા આવી, તેથી કહ્યો, અને વાનજી, કહુંછું કે, એ વિચારથી, જેમુનેસુખછે, તે ફ્રાન્સના નિપોલિયનને, કિંવા વિલાયતની રાણીને. કિંવા રૂશીયાના ઝારને, કિંવા ચીનના રાજાને. ઇત્યાદિ, કોઇનેજ, મારા જેટલું બ્રહ્મ સુખ નથી, એહેનું કારણ જોશો તો, આત્મજ્ઞાન તથા ઉત્કૃષ્ટ વિચારછે.

૮૫ પ્ર૦ ઢોંગીગુરૂ. અને ઢોંગી ચેલા ચેલીઓ, એ બેઉઓના, ઉપદેશોનું લક્ષણ કેવું, તથા, તે બેઉને, કૈ પ્રાપ્તીની ઇચ્છા?

૮૬ ઉ૦ ઢોંગી ગુરૂ, તથા ઢોંગી ચેલા ચેલીઓ, એઓના ઉપદેશનું લક્ષણ કેવું. તથા પ્રાપ્તીની ઇચ્છા કઇ. એ વિશે, એક દૃષ્ટાંતપર, વાત કહુંછું, એક સાવકારે પ્રથમ એક પોપટ પાળ્યો, અને તેહેને શીખવ્યું કે, ॥ चित्रकोटकेघाटपर भइसंतनकीभीर ॥ तुलसीदासचंदनघसे तिलककरेरघुबीर ॥ એપ્રમાણે પોપટને શીખવ્યાંપ્રમાણે પોપટને (દોહો) પાઠ થયો, તેથી તે પોપટને, સાવકાર ઉત્તમ મેવા ખવાડવા લાગ્યો, પછી, સાવકારે, બીજું પાંજરૂં લાવી, તે પ્રથમના પોપટની, પાસે, ટાંગ્યું, અને, પોતીકા, લાડકવાયા પોપટને, બિજે પોપટ લાવી, સોબત સારૂ, તે પાંજરામાં રાખ્યો, પછી, તે પોપટ, પેહેલા પોપટના મુખનો (દોહો) સાંભળી સાંભળી, પાછે બોલવા લાગ્યો, એથી પેહેલો પોપ-

ટ ગુરૂ, તથા બિન્જે પોપટ ચેલો, તથા ઉપદેશ, (દોહો) પાઠે કરવો એન, અને ઇચ્છા, પાંજરાંમાથી છુટવાની, નહીંતો ખાવા પીવાની, એપ્રમાણે, પોપટ ગુરૂનો, પોપટચેલો થયો, અસ્તુ. એપ્રમાણે, વિચાર કરી જોતાં, તે, બેઉપણ પોપટોને ખબર શી કે, તુલસીદાસશું? તથા તિલકકરેરઘુબીર શું? જોયામેળો અક્ષરો પાઠ પણ અર્થ શૂન્ય, એટલે આંમળા જેવડું, મીંડું; હવે એ પોપટગુરૂના પોપટ ચેલાપ્રમાણેજ; ઢોંગી ગુરૂના, ઢોંગી ચેલા ચેલીઓ. સમજવાં તથા તેઓને વિષયસુખ પ્રાપ્તીની માત્ર ઇચ્છા, તથા કવિતાઓ પાઠેકરી ગાયન કરવું, એન જે તે ઉપદેશ, પણ જ્ઞાનના નામે, ભુમાભુંમ.

આત્મજ્ઞાન થવાવિશે રેહેણીઓ

પ્રકરણ ૧૨ મું.

૧ આ જગતમાં જે પ્રાણી જન્મલેછે તે વિષય તથા ઇંદ્રિયો અને પ્રાણ એ ત્રંણેને સેહેજ જાણેછે પણ આપણે ત્રંણેને જાણનારા સાક્ષી એ ત્રંણે થકે જુદા છૈયે, એ વિચાર કર્યાવિના કોઈના જાણવામાં આવતું નથી તથા એ વિચાર મનુષ્ય શરીરવિના કોઈપણ જાતના પ્રાણીના શરીરમાં થાતો નથી અને માનવીદેહતો આપણને હાલમાં પ્રાપ્ત થયોછે, તથા સર્વ ઇંદ્રિયોપણ અવિકળછે, અને સુવિચાર કરવા જેટલું જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેવામાં સત્પુરૂષોનુ મળવું આપણને થાયછે, તથા આપણને વ્યવહારનું જ્ઞાન પૂર્ણ છે, એ સમયનાવિશે આપણે કોણ છૈયે એ વિચાર જો કર્યો નહીં તો પશુપક્ષી વગેરે સર્વ જીવ તથા આપણે, સરખાન અજ્ઞાની છૈયે એવું થશે, અને બિજા જીવ, જેમ વિષયસુખ ભોગવવાસારૂ કામક્રોધ ધારણ કરી મરેછે તેમજ આપણે પણ મરીશું, અને બિજા જીવોને જેમ મરવા વખતે વિષય ભોગવવાની વાસના રેહેછે તેવીજ આપણને મરવા વખત એટલે (સર્વ આયુષ્ય ના વખતે) વિષય ભોગવવાની વાસના રેહેશે, અને બિજા જીવ મુવા એટલે જે પ્રાણીના શરીરનું તેઓને અતિ વૈરથી કિંવા અતિ પ્રીતીથી ધ્યાન લાગી તેઓએ પ્રાણ છોડ્યા (એટલે મુવા) તો પશ્ચાત્, તેઓને અતિ ધ્યાનથી જેહેનું સ્મરણ રહી મરેછે તે શરીરની જાતનો અથવા બિજા કોઈપણ જીવની જાતનો જન્મ લેવો પડેછે, તેપ્રમાણેજ આપણે મનુષ્ય

દેહ ધારણ કર્યોછતાં વિચારથી તથા સગુણ ભક્તીની સાહ્યતા-
થી આત્મજ્ઞાની થશું નહીં, તો વિષય ભોગવવાની વાસના રહી
મરવા પછી મનુષ્યનો અથવા પશુ પક્ષી ઇત્યાદિક કેવોન
હરએકાદી જાતનો જન્મ લેવો પડશે, અને અતિશય આહા-
ર વિહાર સમયે, શત્રુઓનો ભય અખંડ વેંઢારવું પડશે. અરેરે!
પછી એવા પશ્વાદિકના દેહમાં વિચાર થાવાનોજ નથી, ત-
થા શત્રુઓ થકે પોતાનું રક્ષણ કરતો છતાંજ શત્રુઓના હા-
થમાં સપડાયછે, અને તે શત્રુઓ તેહેને જીવતોજ લોંકી-
લોંકી, સેકીસેકી, મારેછે, એવી અનંત યાતનાઓ, જો આપ-
ણને આત્મજ્ઞાન નહીં હોય તો થાશે. વારૂ. મનુષ્ય દેહમાં
સુખ હશે એવું કહીયે તો તેપણ બોલવું વ્યર્થછે, કારણ
જુવો, મનુષ્ય જોરે જન્મે આવેછે, ત્યારે તે યોનીદ્વારથી આ-
વતી વખતે મોટી યાતનાઓ ભોગવેછે, તેટલામાં આડો
આવ્યોતો તેહેના કકડા કકડા કાપી બાહેર કાઢેછે, ત્યારે
તેહેના માંસમાં, ચાકુની ધારો લોંકાતીઓ હશે, અને તે, મા-
ના પેટમાં તડફડતો હશે, ત્યારે તેહેના હાલ કેટલા થતા હશે
એહેનો આસરો, વિચાર કરીયે એટલે પોતાના શરીરને કાપ-
વા ઉપરથી થાયછે, એવા જન્મ લેવા વખત, તથા બાળક
પણામાં પરવાધીનતાથી, દુઃખો થાયછે. જુવો. નાહાન
પણામાં કીડીઓ, તથા માંખીઓ, તથા ચાંચડો. અને માંક-
ડો, તથા વિછુ, તથા સર્પ, ઇત્યાદિક દંશ કરેછે તેવખત
અતિશય દુઃખ થાયછે, પણ તે તેહેનાથી દૂર કરાતું નથી,
તેથી તડફડેછે, તથા રોવેછે, અને રાત્રદિવસ બિયેછે, એટલા
સપાટામાં વિસ્ફોટક રોગ એટલે શીળી, તથા ગોવર, તથા
અછબડા નીકળેછે, તથા ખરાબ હવાનો સંચાર, તથા નેત્ર-

માં ફુલાં પડવાં, તથા ક્ષયરોગ થવો, તથા પેટમાં રોગ થવો,
અથવા માતાનું મરવું થવું, એવાં એવાં દુઃખો, બિચારા પ્રા-
ણીને દેહધારણ કરવાથી ભોગવી ભોગવી મરવું પડેછે; એટ-
લા દુઃખના સપાટામાંથી છવેનતો, દરરોજ પેટ કેમ ભરાશે,
અને હું શું કરૂં, અને કઇ વિદ્યા શીખું, એવી અતિશય ચિં-
તા લાગેછે. તેટલીપણ ચિંતામાં વખત ગુજારેછે, પણ બિજા-
નું મરણ જોયું, એટલે આપણી દશા એનછે એવું સમઝી
ઘબરાયછે, આગળ સ્ત્રી, પુત્ર, ગૃહક્ષેત્રાદિક, મારૂં મારૂં કરી
વ્યર્થ ચિંતા વેહેછે, તથા મરણ પર્યંત કાંઇ વિચાર કરતો નથી
તથા મોહ મમતા, તથા વિષયવાસના, ધારણ કરીને અતિ-
શય ભયભીત થઇને મુવો, એટલે તેણે અંતકાળે, મનોમય
કલ્પનાનું શરીર પોતીકા મસ્તકની અંદર કલ્પીને કરેલુંછે, એ-
ટલે અતિ ચિંતનથી, વિસ્મૃતિમાંથી, બીજમાંથી વૃક્ષ, તેવું ભોગ
શરીર ઉદ્ભૂત થયું. તેમાં, આ સ્થૂલ શરીર માએલો અહંકાર,
જ્ઞાનસહ રેહેછે, અને જેવો સૂક્ષ્મ શરીરનો, એટલે મનોમય
કલ્પનાના શરીરનો આકારછે, તેપ્રમાણેજ, ભોગશરીર મા-
એલા ભોગ, ભોગવવા પુરા થયા, પછી સ્થૂલ થાયછે, અને
ફરી યાતના તથા જન્મમરણના દુઃખો ભોગવેછે, એ સારૂ જે
કોઇ મનુષ્યદેહમાં આવ્યોછે, તેણે, ફરી જન્મ ન આવે એ-
સારૂ તથા અહંકાર થકે તથા અહંકાર ધરનારા જ્ઞાન થકે
મુક્ત થવા સારૂ પ્રયત્ન કરવો, અને પરમાત્મા પરબ્રહ્મ નિરા-
કાર જ્ઞાન સ્વરૂપ એક તત્વછે તેથકે હું એક જુદોછું એવું જે
ભાન, આપણને થયુંછે, તેસર્વ મિથ્યાછે એવું સમઝવું,
કેમકે નિરાકાર પરમાત્મા એકછે તેમધ્યે બિજો હું શી-
રીતે રહીશ ? એસારૂ એસર્વ મને ભાસેછે, તે મારૂં અહંપણું

તથા અહંપણું ધરનારૂં જ્ઞાન, એ, બેઉના રૂપને, ભ્રમ જેવા બેઉછે, એવું હું માનતો નથી તેથી ભાસેછે, તથા મુને અનંત સૂર્યગોલ તથા ભૂગોલાદિક સર્વ ગોલો સત્ય લાગેછે, અને મારા શરીર પિંજરામાંએલો પ્રાણવાયુ છે, તેમાં સાક્ષી હુંછું તે હું આકાશરૂપ છું. પણ જો હું આકાશરૂપ કેવોછું એવું પોતેપોતાને પ્રાણ તથા કલ્પના સ્થિરકરી જોવા લાગ્યો તો અહંપણું તથા અહંપણું ધરનારૂં જ્ઞાન મૂળેજનહિંમું થાયછે, અને જગતનુ સાક્ષિત્વ રહેતું નથી, તથા પોતેતો અહંપણું તથા અહંપણું ધરનારૂં જ્ઞાન નછતાં સહજ જ્ઞાનરૂપજ નિરાકાર રહુંછું તેઆપણે કોણ એવું કહીયે તો ભેદાભેદ વસ્તુ, જે સ્થાનકઉપર (એટલે પોલાણ ઉપર) ભાસેછે તે સ્થાનકજ આપણે છૈયે, પણ સ્થાનકજ આપણે છૈયે એવી ભાવના થયા પછી પોલાણપણું રહેતું નથી, હવે ભેદાભેદનો અર્થ એવો છેકે, ભેદ એટલે અનેક પદાર્થો એકમાંએક ભળેલા હશે તે ફરી જુદા કરતાં આવડશે તેથી તે મિશ્ર વસ્તુને ભેદ કહીયે, અને અભેદ તથા નિર્ભેદ એનો અર્થ એકજ છે એટલે એક જાતનો પદાર્થ છે તેમાં બિજો પદાર્થ પેસવાનો નથી, એટલે તેહેના કણો થાશે પણ તે કણો જે ઠેકાણે છે તે ઠેકાણે બિજા કણો રહેવાના નથી તેથી તેહેને અભેદ તથા નિર્ભેદ એવું કહેછે, એ ભેદાભેદ ધર્મ આપણે સ્થલ રૂપ છૈયે એ ભાવનાથી પોલાણપણું નહિંમું થઇ, આપણે નિરાકાર છૈયે એવો અનુભવ લઈયે છૈયે, ત્યારે આપણા અનંત અપાર અંગઉપર ભેદાભેદ ધર્મો રહેતા નથી, અને નિરાકાર જ્ઞાનતો હોયછે, અને જગતનું સાક્ષિત્વ કરનારૂં જ્ઞાન તો રહેતું નથી, એહેને દૃષ્ટાંત, સ્વપ્નમાંથી જાગૃત થયા પછી જેમ સ્વ-

પ્નનું સાક્ષિત્વ રહેછે તેમ, અહંબ્રહ્મ એ, હુંપણું તથા તેહેનું ધરનારૂં જ્ઞાન, બેઉ ગયાપછી, આપણે જ્ઞાનસ્વરૂપ નિરાકાર રહુંછું, પણ જગતનું સાક્ષિત્વ રહેતું નથી, એઉપરથી નિરાકાર જ્ઞાનસ્વરૂપને જગતની ખબર નથી એજ સાચું છે. જો નિરાકાર જ્ઞાનસ્વરૂપને આ જગતરૂપ સ્વપ્ન પડ્યુંહતે તો, જેમ સ્વપ્નમાંથી જાગૃત થયો એટલે સ્વપ્ન નહીંમું થાય છે પણ તેહેનું સાક્ષિત્વ નહિંમું થાતું નથી તેમ જગતરૂપ સ્વપ્ન અસત થવાપછી, નિરાકાર જ્ઞાનના અંગે, નિરાકારે જગત જાણેલું હતે તો સાક્ષિત્વ રહેવું જોઇયે, તે રહેતું નથી, એઉપરથી નિરાકાર જ્ઞાનસ્વરૂપને જગતની ખબરજ નથી એટલે સાક્ષિત્વ નથી. હવે કોઇ કહેશે કે, પ્રથમ હુંછું કહીને સ્ફુરણ થયું, એહેને કાંઇ કારણ જોઇયે, કે, મૃત્તિકાવિના, ઘટ જનરે આવવો હોયે જ નહીં, તેથી ઘટને મૃત્તિકા ઉપાદાન કારણ, તથા ઘટ કાર્ય, તથા કુંભાર ઘટનો કર્ત્તા તે ઘડાને નિમિત્ત કારણ, તેરીતે, હુંપણું પ્રથમ સ્ફુરરૂપ થયું, તેહેના પેહેલાં કોઇપણ કુંભારજેવો નિમિત્ત કારણ કર્તા જોઇયે, તથા મૃત્તિકાજેવું ઉપાદાન કારણ જોઇયે; તો એવું નથી, એ હુંપણું ધરનારૂં જ્ઞાન, તથા હુંપણું, કારણવિના સ્ફુરરૂપ થયુંછે એટલે, નથીજ તે અહંપણાને; અનુભવી જોવા જઇયે તો, હુંપણારૂપી કાર્ય, નહિંમું થઇ, તેહેનો કર્ત્તા તથા ઉપાદાન કારણ જે મિથ્યારૂપી જ્ઞાન તે રહેતું નથી, એઉપરથી, હુંપણું તથા જગદાભાસ, કારણવિનાછે એટલે ભગવતગીતાના, પંદરમાં અધ્યાયના શ્લોક ૧ પેહેલામાં છેકે " ઊર્ધ્વમૂલં " એટલે, આ મિથ્યારૂપી જે જગત વૃક્ષ, એહેનું મૂળ અજ્ઞાન છે, તેહેને આધાર અથવા આશ્રય કોઇનો નથી તેથી તે ઊર્ધ્વમૂલછે અને ઊર્ધ્વમૂલ વૃક્ષને

આધાર આશ્રય નથી તેપ્રમાણેજ આ જગતરૂપી વૃક્ષનૂ મૂળ, હૂં નછતાં, હૂં છું, એવું જે અજ્ઞાન, તેજછે, તેહેને, આધાર જોઇયેજ નહીં, કારણ વંધ્યાસુતને આધાર શાસારૂ જોઇયે, તેપ્રમાણેજ જગદ્રૂપી વૃક્ષનુ મૂળ અજ્ઞાન, તે, વંધ્યાસુતવત છે, તેહેને આધાર કોઇનો નથી, એજ "ઊર્ધ્વમૂલં" એહેનો અર્થ સમજવો, એપ્રમાણે અનંત મૂલો, એટલે અજ્ઞાનો તે સર્વજ એકએકવૃક્ષનું એકએક મૂલ એપ્રમાણે અનેકવૃક્ષ એવું સમજવું, એવું જે જગતનું મૂળ અજ્ઞાન તેજ, કારણ-વગર, મિથ્યા, નિરાધાર, અશ્રય વિનાછે, એટલે મિથ્યા રૂપી અહંપણું ધરનારૂં જ્ઞાન તેજછે અને તેજ અનેક યાતના ભોગવાવેછે, એવું આપણને લાગેછે તે આપણે કોણ એવું કહીયે તો મનોમય હું હું કહેવા વખતે, હોટ અને જીભ હલાવતો નથી, પણ શરીરમાએલા સૂક્ષ્મ વાયુતત્વને હલાવ્યાવિના; હું નિરાકાર, જાણે આકાશ જેવો, જાંહાં ત્યાંહાં ભરેલોછું એવી, તથા બિજી કોઇપણ ભાવના થાવાનીજ નથી તેથીજ આપણે સૂક્ષ્મ વાયુને હલાવી હુંકહી કલ્પનારા આકાશરૂપ છૈયે તથા આપણા આકાશસ્વરૂપના અંગે, વાયુને હલાવી, પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી, એ ચારે વાચારૂપી શબ્દગુણ પ્રગટ કરવાનું સામર્થ્યછે, તેથી આકાશરૂપ છૈયે અને "શબ્દગુણં આકાશં નિઃશબ્દોબ્રહ્મઉચ્યતે" એપ્રમાણછે, હવે આકાશ એતો અંતેનથીજથનારા તે મીથ્યારૂપી આત્મા થકે ઉત્પન્ન થયું, એઉપર ન્યાય એવોકે, જે જેહેનુ અંતેનુરૂપ તેજ તેહેનું આદિનુંરૂપ, એ ન્યાયેકરી, આકાશ એતો મિથ્યારૂપી, એવો જે સમષ્ટિરૂપી શબલ આત્મા, તે આત્મા થકે થયું, ત્યારે, આકાશ શૂન્ય થકે ઉત્પન્ન, તે શૂન્યજ છે, એટલે મિ-

થ્યાછે, તેહેને નિરાકારનો અથવા સાકારનો ભાવ મૂળેજ નથી, તેણે પોતેજ પોતાના આકાશ રૂપેકરી, હું નિરાકાર નિઃશબ્દ ચારે વાચા રહિત પરબ્રહ્મ છું, એવું જન્મ સુધી, તથા શરીર-ના અંતકાળે સ્મરવું એટલે પોતાનું મિથ્યા આકાશપણું નહિં મું થઇ, નિરાકાર પરમાત્માનું સુખ એકછે તેજ રેહેછે, તેહેને ભોગવનાર તેજ, તથા તેજ મારૂં રૂપ, એવો અનુભવછે તેજ સર્વના જાણવામાં આવે તે સારૂ, પંચીકરણ, તથા મહા-વાક્યનું વિવરણ, તથા પંચકોશોનું વિવરણ, તથા પંચભૂતોનું વિવરણ તથા ત્રણ ગુણોનું વિવરણ, ઈત્યાદિકોનું વિવરણ કર્યુંછે, એ માએલી સર્વ પધ્ધતી એકજ સમજવી, કે હું નિરાકાર, એવો ભાવ ધારણ કરવો, તેથી કહ્યુંછે. એસર્વ પધ્ધતિઓ જુદીઓછે, એવું સમજવું નહીં. તાત્પર્ય એકછે. તોયપણ પધ્ધતી જાણવામાં આવેતે સારૂ કહેલીઓછે.

દેહત્યનુદ્ભય

પંચીકરણ પ્રારંભઃ

૨ સ્થૂલદેહ પાંચભૂતોનો, પચીસ વિભાગે કરી

ભૂમીના વિભાગ	અપના વિભાગ	તેજના વિભાગ	વાયુના વિભાગ	આકાશના વિભાગ
૧ રોમ.	૧ લાળ.	૧ ક્ષુધા.	૧ ચલન.	૧ કામ.
૨ ત્વચા.	૨ મૂત્ર.	૨ તૃષા.	૨ ધાવન.	૨ ક્રોધ.
૩ નાડી.	૩ રૂધિર.	૩ આલસ્ય	૩ નિરોધન	૩ લોભ.
૪ માંસ.	૪ રેત.	૪ નિદ્રા.	૪ પ્રસરણ.	૪ મોહ.
૫ અસ્થિ	૫ સ્વેદ.	૫ રત.	૫ આકુંચન.	૫ ભય.

એપ્રમાણે સ્થૂલદેહ પાંચ ભૂતોનો પચીસ વિભાગરૂપી સમજવો.

---

૩ સૂક્ષ્મદેહ પાંચ ભૂતોનો પચીસ વિભાગેકરીછે, એનેજ લિંગદેહ કહેછે.

ભૂમિના વિભાગ.	આપના વિભાગ	તેજના વિભાગ	વાયુના વિભાગ	આકાશના વિભાગ.
૧ શબ્દ	૧ વાચા.	૧ શ્રોત્ર.	૧ વ્યાન.	૧ અંતઃકરણ
૨ સ્પર્શ.	૨ હસ્ત.	૨ ત્વચા.	૨ સમાન.	૨ મન.
૩ રૂપ.	૩ પાદ.	૩ ચક્ષુ.	૩ ઉદાન.	૩ બુદ્ધિ.
૪ રસ.	૪ ઉપસ્થ.	૪ જિવ્હા.	૪ પ્રાણ	૪ ચિત્ત.
૫ ગંધ.	૫ ગુદ.	૫ ઘ્રાણ	૫ અપાન.	૫ અહંકાર.

સૂક્ષ્મદેહનું વિવેચન એવું કે નિર્વિકલ્પ સ્મરણ તેજ અંતઃકરણ, તેજ સંકલ્પ વિકલ્પાત્મક મન, તેજ નિશ્ચયાત્મક બુદ્ધિ, તેજ અનુસંધાનાત્મક ચિત્ત, તેજ હું કહીને પ્રવૃત્ત થાયછે તેજ અહંકાર, એમાં મુખ્ય કર્તા ભોક્તા, અંતઃકરણ પંચરૂપ આકાશભૂત છે. એ અંતઃકરણ પંચકનું કર્તૃત્વ, ભોકતૃત્વ એવું છેકે, અંતઃકરણ વ્યાનવાયુના આધારે શ્રોત્રેંદ્રિયના દ્વારથી શબ્દવિષય ભોગવી વાગેંદ્રિયેકરી બોલેછે, તથા મન, સમાન વાયૂના આધારથી, ત્વગિંદ્રિયનાદ્વારે, સ્પર્શ વિષય ભોગવી હસ્તથી દેછે લેછે, તથા બુદ્ધિ ઉદાન વાયુના આધારે કરી, નેત્રેંદ્રિયના દ્વારે રૂપ વિષય ભોગવી પગેકરી આવે જાયછે તથા ચિત્ત પ્રાણવાયુના આધારે જીવ્હેંદ્રિય વડે રસવિષય ભોગવી ઉપસ્થ ઇંદ્રિયેકરી રતિ મૂત્રોત્સર્ગ કરેછે તથા અહંકાર અપાન વાયુના આધારે ઘ્રાણેંદ્રિયદ્વારે ગંધવિષય

ભોગવી, ગુદેંદ્રિયેકરી, મલવિસર્ગ કરેછે, એવાસ્તે, કર્મેંદ્રિયોથી પાપપુણ્યનું કર્તૃત્વ, તથા જ્ઞાનેંદ્રિયોએ સુખ દુઃખનુ ભોકતૃત્વ, એ સર્વ, અંતઃકરણ પંચકરૂપ આકાશ ભૂતનાજ માથે, તેમજ હર્ષ, ભય, ચિંતા, ઇત્યાદિ, એ મનનાજ ધર્મ, તથા યમલોકમાં જવું એટલે મરવા પછી સ્વપ્નદેહવત ભોગદેહે કરી સ્વપ્નસૃષ્ટીવત ભોગસૃષ્ટીમાં જવું તથા અનેક યોનીયો ભ્રમણ કરવી એટલે પુનર્જન્મ લેવા, આ અંતઃકરણ પંચકથી જુદા જે આપણે તે આપણને થાયછે એવું સમજવું નહીં, પણ લિંગદેહના તાદાત્મ્યપણાએ કરી, હું કર્ત્તા, હું ભોક્તા, હું સુખી, હું દુઃખી, એવો અમસ્તો મનોમય સંગે કરી જીવ ભ્રમેછે, એવું સમજવું એ મનોમયથી જુદું પોતપોતાનું સ્વરૂપ સમજાયું, એટલે આ સર્વથી છુટકો થાયછે.

પંચીકરણ સમાપ્ત.

કારણ દેહ, અવિદ્યાત્મક, પંચભૂતોનો ઐકય ભાવ.

૪ આપણે કોણ છૈયે, એવું અંતઃકરણ પંચક (એટલે આકાશ તત્વ) તે જ્યારે, પોતપોતાને જોવા લાગેછે, ત્યારે તેહને સ્થૂલ, સૂક્ષ્મ, એ બે શરીરનો સાક્ષી હું, બેહુ શરીરથી જુદોછું એવું લાગેછે, પણ જુદું મારું રૂપ, ફલાણુંજ તત્વછે, એવો અનુભવ આવતો નથી, તથા નિશ્ચય થાતો નથી, તેથી હું કોણછું, એમારી મુને ખબર પડતી નથી, એવું હું કહુંછું, પણ હું, વિષય તથા ઇંદ્રિયો તથા પ્રાણ તથા સંકલ્પ વિકલ્પ તથા કામક્રોધ ઇત્યાદિ સર્વને જાણુંછું, તે હું, સર્વને જાણનારો સર્વ થકે જુદોછું, એટલે જે કોઇ બિજાને

જાણેછે તે પોતે જુદો હોયછે, એઞપર ન્યાય; જેમ ભીતને જોનારો, ભીતથકે જુદો હોયછે, તથા ભીત ને જગ્યાઞપર હોયછે તે જગ્યાઞપર તે નથી હોતો, તેમ પંચવિષયને એટલે સંપૂર્ણ ચરાચર સૃષ્ટીને, તથા આપણો શરીર પાંજરો ને પંચ વિષયરૂપી તેહેને, તથા શરીર પિંજરામાંએલા પ્રાણને, તથા પ્રાણના આધારે કરી પોતાના મસ્તક માંએલી સૂક્ષ્મ તત્વોની બનાવેલી મનોમય મનોરાજ્ય સૃષ્ટી તે સૃષ્ટીને. ઈત્યાદિકોને આપણે જાણીયે છૈયે, તેમાટે એટલાના સાક્ષી એટલાથી જુદા આપણે છૈયે; તથા સાક્ષ્ય પદાર્થો રેહેવાની જગ્યાથી જુદી જગોઞપર છૈયે, તે કેવા છૈયે, એ અનુભવમાં આવતું નથી તેથી અંતઃકરણ પંચક એટલે લિંગ શરીરમાં આકાશ તત્વકહેલું છે તે આકાશજ ભાવના કરેછે, કે હું કોણ એ મુને ખબર નથી એખબર ન પડવાની ભાવનાજ કારણ દેહછે એટલે સ્થૂલ સૂક્ષ્મ એ બેઞ શરીરોનું બીજછે એ બીજ મહાકારણ દેહ ચોથો નિચે લખેલોછે તે જુવો, એટલે કારણ દેહરૂપી બીજ રેહેવાનું નથી.

મહાકારણદેહ વિદ્યાત્મક મોક્ષદાયક દેહત્રયનો નાશક.

૫ મહાકારણ દેહ એટલે કારણ દેહનોપણ કારણ દેહ તે કેવોછે એ સમઞવાની ઈચ્છા થઇ એટલે પ્રાણી વિચાર કરવાને લાગેછે પણ તેહેને હું કોણ છું એ મુને સમઞાતું નથી એવો સંશય થાયછે તે સંશય મટવાવાસ્તે અનેક ગ્રંથ જોવા લાગેછે પણ તેહેને હું ફલાણુંજ રૂપછું એવો દૃઢ નિ-

શ્ચય થાતો નથી એપ્રમાણેજ લક્ષાવધી લોકો વિચારકરી જુવેછે તેમાજ એકાદા પુરૂષને અથવા સ્ત્રીને એવો અનુભવ આવેછે કે હું અંતઃકરણ પંચકરૂપ આકાશ તત્વ છું, શરીર પિંજરો પંચભૂતોનો હું નથી, તથા લિંગદેહ વાસનાત્મક હું નથી હુંતો અંતઃકરણ પંચકરૂપ આકાશ ભુતછું, તે હું શરીરની અંદર બાહેર સ્થિર તથા શાંત ભરેલોછું, પણ મારૂં મુને રૂપ સમઞાતું નથી એ ભાવના આકાશરૂપી અંતઃકરણથીજ હું કરૂંછું એજ મારૂં અજ્ઞાન છે, તથા હું આકાશરૂપ છતાં શરીર પિંજરો તથા પ્રાણ એજ હું એવું કલ્પવું એ વિપરીત જ્ઞાનછે, ખરા વિચારથી, અંતઃકરણ પંચકરૂપી આકાશ તત્વજ હું છું, તે મુને, આકાશરૂપેકરી હું આકાશરૂપ છું એવું કલ્પવું હોય તો. શરીરમાંએલા વાયુતત્વને આકાશરૂપે કરી આકર્ષણ કરી, હું બ્રહ્મ નિરાકાર છું એવી ભાવના કરતાં આવડેછે, તે ભાવનાજ મહાકારણદેહ એવું જાણવું એ ભાવના ધરી પ્રાણીનો દેહાંત થયો તો, એ મહાકારણ દેહ નહીંસો થાયછે, તેથી એભાવના ત્રંણે શરીરનો નાશ કરી, પોતે આપણે નહીંસી થઈ જીવાત્માનો બ્રહ્મમાથી ભેદ નહિંસો કરેછે, તથા જન્મમરણ, તથા સ્વર્ગ નરક, તથા વૈકુંઠ કૈલાસ, ઈત્યાદિઠેકાણે જવાને, જીવશીવ એ ભેદ રેહેવાજ દેતી નથી, અંતઃકરણ પંચક એજ આકાશ તત્વછે, એને પ્રાણ પંચકના આધારે ચારે વાચા તથા ચારે દેહ તથા ચારે અવસ્થા એવું થતાં આવડેછે, તથા પ્રાણ પંચકનો આધાર છોડયો તો, તેહેને હું શરીર, કિંવા હું શરીરનો સાક્ષી, કિંવા હું લિંગદેહ કિંવા હું કોણછું એ મુને સમઞાતું નથી એ ભાવના એટલે કારણદેહ,તથા હું નિરાકાર બ્રહ્મછું એ ભાવના એટલે

મહાકારણદેહ, એ સર્વ ભાવનાઓ અંતઃકરણ પંચક એટલે આકાશતત્વ છે તેણે પ્રાણપંચકનો આધાર છોડવાપછી રહેતી નથી, તથા અંતઃકરણનું આકાશપણું તથા ચારે દેહનું સાક્ષિત્વ કરવું એ મૂળેજ રહેતું નથી. કેમકે, હોઠ તથા જીભ હલાવી તથા ગળામાંથી પવન છોડી અંતઃકરણ પંચક એટલે આકાશતત્વ, બોલેછે, તે વાચાને વૈખરી વાચા કહીયે, અને હોઠ તથા જીભ્હા ન હલાવતાં, અંતઃકરણ પંચક એટલે આકાશ તત્વ, શરીરમાએલા વાયુને ચલિત કરી મનોમય બોલેછે તે મધ્યમા વાચાછે, તથા અંતઃકરણ પંચક એટલે આકાશતત્વ, એ પ્રાણ પંચકને આકર્ષણ કરી, હું કોણ છું એ મુને સમજતું નથી, એવું કલ્પીને જુવેછે, તે પશ્યંતી વાચાછે, તથા હું શરીરની અંદર બાહેર ભરેલો છું, તે મારા નિરાકાર તત્વને ઠેકાણે અહીંકઇ નથી એવું લોક કેહેછે, તેજ હું, લોકોના કઇ નહીં કેહેવાથી નહીંસો ન થઇ અચલ શાંત ભરેલો છું. એવું પ્રાણને આકર્ષણ કરી, અંતઃકરણજ હું બ્રહ્મછું એવી કલ્પના કરેછે તે પરાવાચાછે, તથા તે અંતઃકરણેકરી, વાયૂ આકર્ષણ નકર્યો તો, ચારે વાચાઓ પ્રગટ થવાની નથી, તથા તેહેનું આકાશપણું રહેવાનું નથી, એ અંતઃકરણરૂપ આકારાને સ્થૂલ દેહમાં, ઘટાકાશ કેહેછે, તથા લિંગદેહમાં મઠાકાશ કેહેછે, તથા કારણ દેહમાં મહદાકાશ કેહેછે, તથા મહાકારણદેહમાં ચિદાકાશ કેહેછે, અને તેણે, સૂક્ષ્મ વાયુને નિરાકાર ધારણાયેકરી દેહાંતરમે અથવા નિર્વિકલ્પ સમાધીનાવખતે, શુક્તિકા રજતવત નિરાકાર સત્યસ્વરૂપનાવિશે નહીંસો કર્યો, એટલે તેહેને ચિદાકાશ કેવું રહેવું નથી, તે સહજ ભાનભાવરહિત જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માજ છે,

તથા જાગૃત થયા પછી સ્વપ્ન પડવું દેખાતું નથી પણ સ્વપ્નાનું સાક્ષિત્વ હોયછે, તેવું પરમાત્મસ્વરૂપના ઠેકાણે, જગતનું સાક્ષિત્વ કોઇ કાળેપણ નથી તથા જગત દેખાતુંપણ નથી, એથી તેહેનેજ ચારેદેહથકે સર્વકાળ જુદો એવું સમજવું એજ નિરાકાર સત્ય, બિજું સર્વ મિથ્યા.

---

૬ દેહચતુષ્ટયના નામોનો બોધ.

૧ સ્થૂલદેહ	૨ સૂક્ષ્મદેહ (લિંગદેહ)	૩ કારણદેહ	૪ મહાકારણ દેહ
૧ જાગૃદવસ્થા.	૧ સ્વપ્નાવસ્થા.	૧ સુષુપ્તીઅવસ્થા	૧ તુર્યાવસ્થા.
૨ વિશ્વાભિમાની	૨ તેજસાભિમાની.	૨ પ્રાજ્ઞાભિમાની.	૨ પ્રત્યગાત્માભિમાની.
૩ નેત્રસ્થાન (જ્ઞાનેંદ્રીયો.)	૩ કંઠસ્થાન (શરીરનેઅંદર)	૩ હૃદયસ્થાન.	૩ મૂર્ધ્નિસ્થાન.
૪ સ્થૂલભોગ	૪ પ્રવિવિક્તભોગ.	૪ આનંદભોગ.	૪ પરમાનંદભોગ.
૫ વૈખરીવાચા.	૫ મધ્યમાવાચા.	૫ પશ્યંતીવાચા.	૫ પરાવાચા.
૬ રજોગુણ.	૬ સત્વગુણ.	૬ તમોગુણ.	૬ શુદ્ધસત્વગુણ.
૭ અકારમાત્રા.	૭ ઉકારમાત્રા.	૭ મકારમાત્રા.	૭ અર્ધમાત્રા.

એપ્રમાણે અકાર, ઉકાર, મકાર, એ ત્રણ માત્રા, અને અર્ધમાત્રા એટલે ત્રણ માત્રાઓ ને નાદની થઇઓ તે નાદ સમજવો, હવે આ (ૐ) ઓંકારનો અર્થ, ચારે દેહાતીત નિરાકાર પરમાત્મા જાણવાનો છે; એ સર્વેનો જે સાક્ષી, તે સાક્ષીરૂપથી વિરહિત તથા અહં એ ભાવનાતીત તૂં અનાદી સેહેજે સેહેજ નિરાકાર છે. એવો ગુરૂયે, શિષ્યના સર્વ સંશય છેદન કરી બોધ કરવો, તથા આપણે મિથ્યાછતાં હું

બ્રહ્મછું એવું કલ્પવું એ મહાકારણદેહમાંએલું મહાઅજ્ઞાન નહીંસું કરવું, એટલે કૃતકૃત્ય થયું.

૭ પંચકોશોનું વિવરણ કર્યું છે તથા એ પંચકોશોનો સાક્ષી હું જુદો છું એ સ્પષ્ટ જાણવામાં આવે તે સારૂ, આ, નીચે પંચકોશો લખ્યાછે એમાં પેહેલો અન્નમયકોશ, તથા બીજો પ્રાણમયકોશ, તથા ત્રિજો મનોમયકોશ તથા ચોથો વિજ્ઞાનમયકોશ તથા પાંચમો આનંદમયકોશ, એ પંચકોશોનો સાક્ષી, તે શુધ્ધ નિરાકાર નથી, પણ નિરાકાર જ્ઞાનસ્વરૂપ જેવો ભાસેછે, પાંચકોશોનીસાથે તેહેનો લય કરવો, એ, ઉપનિષદમાંએલી ભાર્ગવી વારૂણી વિદ્યાછે.

૮ અન્નમયકોશ સ્થૂલદેહને કેહેછે, એટલે આ શરીરનો પિંજરો ઉપરથી ચામડીયે મઢેલો તથા માંએથી હાડકાંયે જોડાયેલો, તથા શિરાના દોરડાં બાંધેલાં, તથા માંસથી સાંધા ભરેલા, તેમાં રક્ત, મેદ, મજ્જા, ધર્મ, દુગ્ધ, રેત, કફ, પિત્ત, મૂત્ર, ઇત્યાદિ ભરેલું, એવું એ શરીર, રેસમના કીડાયે રેહેવાસારૂ કરેલા કોશીટાજેવું છે, તેસારૂ એહેને કોશ કેહેછે, અને એ કોશ, શ્વાન, તથા વ્યાઘ્રાદિકોનું, ભક્ષણીય અન્ન છે, તથા એહેની ઉત્પત્તી અન્નોદકથકે છે, તથા અન્નમય પૃથ્વીમાં એહેનો લય થાયછે, તેથી એહેને અન્નમયકોશ કેહેવો અને આ કોશને જાણનારો હું છું તેઆ કોશથી જુદો છું, અન્નમયકોશને હું અન્નમયકોશ એવું જ્ઞાન નથી, તથા મુને તો અન્નમયકોશની ખબર છે, અને તેહેને જાણનારો હું જુદો છું એવી ખબર પડેછે, તેથી હું જ્ઞાનસ્વરૂપ છું; જડ અન્નમયકોશની કોથલીજેવી આકૃતી, આંખથી તે પગસુધી છે, તે હું નથી, હુંતો લોકો જેહેને આગળ પાછળ અવકાશ

જેવું માનેછે, તેવોજ હું અન્નમયકોશમાં, જ્ઞાનરૂપ છું, અન્નમયકોશની સાથે, ઉત્પત્તિ, સ્થિતિ લય મારો થાતો નથી, હું સાક્ષી છું.

૯ પ્રાણમયકોશ એટલે પોતાના સંપૂર્ણ શરીરમાંએલા વાયુતત્વને કહિયે, એહેના ભેદ દશ છે તે એવાકે, વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ, અપાનઃ નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય, એટલા વાયૂ મળી પ્રાણમય કોશ સમજવો, તથા અન્નમય કોશને પતંગ જેવો આકાશમાં તોલી રાખેછે તેજ પ્રાણમયકોશ છે તથા તેહેની આકૃતી અન્નમયકોશમાંએલી પોલાણ ઉપર સૂક્ષ્મ પવન જેવી સમજવી તથા તે પ્રાણમય કોશનો ભાગ, અન્નમયકોશમાંએલા સર્વ પદાર્થોને વ્યાપી, રક્ત, રેત, ઉષ્ણતા, તથા ઇંદ્રિયોની ઉત્પત્તિ સ્થિતિ, તથા લય, એ ત્રેણેને મુખ્ય કારણછે, એહેનો ભાગ, રક્ત રેતાદિક પદાર્થોમાં જુદીજુદી જાતનો છે, તેથી એહેને, દશનામો આપ્યાં, એ પ્રાણમય કોશનાં અંતર્યામમાં, તું સાક્ષીછે તથા તુંને, પ્રાણમય કોશના આધારથી સર્વ ઇંદ્રિયોએકઠી, વ્યવહાર કરતાં આવડેછે તથા હોઠ, અને છભ, ન હલાવતાં એકલા પ્રાણને, જીવમાંએલા આકર્ષણે કરી હલાવી, (અનાહત) શબ્દ કરતાં આવડેછે, તથા અન્નોદક ગ્રહણ કરતાં આવડેછે તથા તેહેનું પાચન થઇ, અન્નમય કોશનું પોષણ થાયછે, એવો એ પ્રાણમય કોશછે. એ પ્રાણમયકોશને, હું એહેના અંદર બાહેર વ્યાપકપણાએ રહી જાણુંછું તે હું, પ્રાણમય કોશનાં આકાર જેવો નથી, હું તેથી જુદો સાક્ષી છું અન્નમય પ્રાણમયકોશ હું નથી.

૧૦ મનોમય કોશ લિંગદેહમાંએલા અંતઃકરણ પંચ-

કરૂપ આકાશ તત્વને કહીયે તેહેનું લક્ષણ એવું છેકે પ્રાણમય કોશના આધારેકરી અનેક કલ્પિત સૃષ્ટીરચના, શરીરમાં એલા સૂક્ષ્મપદાર્થોની કરવી તથા સ્વપ્નદેહ ધારણ કરવો અને પાંચજ્ઞાનેંદ્રિયો ઉપર પાંચ વિષયોના પ્રતિબિંબો પડેલાંછે તે ઠેકાણે તન્મય થઇ જવું તથા કર્મેંદ્રિયોએ ફલાણું જ કામ કરવું તથા જ્ઞાનેંદ્રિયદ્વારાયે ફલાણાજ વિષયો લેવા, ન લેવા, એવો સંકલ્પકરવો, તથા પ્રાણમય કોશને ચલિત કરી હોઠ જીભ ન હલાવતાં મનોમય બોલવું તથા અનંત ભુગોલરૂપ કલ્પના સૃષ્ટી કરવી, એહેને મનોમય કોશ કહેવો. એના ભેદ પાંચછે તે એવાકે વિષય ઇંદ્રિયો, પ્રાણ, એઓનું સાક્ષિત્વ કરવું, તથા જાગૃત સ્વપ્ન સુષુપ્તી એઓનું સાક્ષિત્વ કરવું, એ ભેદનું નામ અંતઃકરણ, તથા કેટલાક સંકલ્પોકરી તે ભાંગવા, અને ભિન્ન સંકલ્પો કરવા, એ ભેદને મન કહીયે, તથા એક સંકલ્પ થયો તેહેનો નિશ્ચય ધરવો એહેને બુદ્ધિ કહીયે, તથા તે નિશ્ચયપ્રમાણે થવાસારૂ ચિંતન કરવું એહેને ચિત્ત કહીયે, તથા કર્મેંદ્રિયોએકરી વિષયસુખ્યસારૂ ક્રિયાઓ કરવાલાગવું એહેને અહંકાર કહીયે, એ પાંચભેદોનું એકરૂપ છે, એઓને અંતઃકરણ પંચક, અથવા ચિત્ત ચતુષ્ટય, અથવા મનોમય કોશ, અથવા ષોડશ કલાત્મક લિંગ શરીર, અથવા સૂક્ષ્મદેહ, અથવા શરીરને ધારણ કરનારો અંતરાત્મા એટલાં નામોછે, સારાંશ મનોમયકોશ એવું નામ અંતઃકરણ પંચકરૂપી આકાશ તત્વનેજછે. હવે પ્રાણમય કોશને ધારણ કરેછે તેહેનેજ મનોમયકોશ એવું કહીયે અને એ મનોમયનો સાક્ષી હું મનોમય કોશ થકે જુદોછું એવું સમજવું એને પ્રમાણ, આપણા જન્મ થકે, જેટલા મનોમયકોશના ખેલથયા. તેટલા આપણને ખબર પડેછે અને તેથકે આપણે જુદા છૈયે એવું લાગેછે; જુવો કે મારૂં અંતઃકરણ તથા મારૂં મન તથા મારી બુદ્ધિ તથા મારૂં ચિત્ત તથા મારો અહંકાર એવો અંતર્યામમાં, અનુભવ આવેછે, પણ અંતઃકરણાદિક હું જ, એવો અનુભવ આવતો નથી વાસ્તે આ મનોમય કોશના સાક્ષી આપણે આ મનોમયકોશથકે જુદાછૈયે; તે આપણું રૂપ, અન્નમય, પ્રાણમય, મનોમય, એ ત્રણેકોશોમાંરહી, ત્રણકોશોને જાણેછે પણ, ત્રણેકોશોથકે જુદું સાક્ષી આપણું સ્વરૂપ છે. એપ્રમાણે પોતે પોતાનો, ત્રણેકોશોથી જુદો અનુભવ લેવો,

૧૧ વિજ્ઞાનમયકોશ એટલે આપણે પંચવિષય તથા દશઇંદ્રિયો તથા પંચપ્રાણ તથા અંતઃકરણ પંચક એથી જુદા શાંત સ્વરૂપ પરબ્રહ્મ છૈયે એવો અનુભવ લેવો એ અનુભવને વિજ્ઞાનમયકોશ કેહેવો તથા હું બ્રહ્મ છું એવા એ ભાવનારૂપી વિજ્ઞાનમય કોશને જાણિયે છૈયે તે આપણે તેથી જુદાછૈયે તથા વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન, જે વખત પ્રગટ થાયછે, તેવખતની સ્થિતિ એવી હોયછે કે, તે સ્થિતિમાં, આ વિષય ઇંદ્રિય પ્રાણોની સ્મરણરૂપી સ્થિતિ રેહેતી નથી, તથા જાગૃત સ્વપ્ન સુષુપ્તી એ ત્રણે અવસ્થાઓ રેહેતી નથી, એક તુર્યાઅવસ્થા તથા મહાકારણદેહ રેહેછે, તે મહાકારણ દેહને જ વિજ્ઞાનમયકોશ કહીયે તે વખતની સ્થિતિ એવી કે, શરીરપિંજરાની અંદર વાયુતત્વ છે, તે વાયુતત્વ; શરીર પિંજરાના અંતરભાગમાં શરીર પિંજરાને મુકીદઇ જુદું ઉભું રેહેછે અને તેહેમાં આપણને, હું નિરાકાર ચિદાકાશરૂપ છું, એવો અનુભવ આવેછે, એટલે જેમ અજ્ઞાની જીવને, પોતે શરીર નછતાં

હું શરીર છું એવી સ્થિતિ આવેછે, તે દૃષ્ટાંતપ્રમાણેજ વિજ્ઞાન મય કોશમાં આપણે પ્રકાશમય ગગનરૂપ છૈયે એવું સહેજ અનુભવમાં આવેછે, તથા તે અનુભવને વખતે, શરીર કિંવા જગત એઓનું સાક્ષિત્વ રહેતું નથી. પણ તે અનુભવ જેહને આવેછે તે તે અનુભવનો સાક્ષી, તે વિજ્ઞાનમય થકે જુદોછે, હવે એ અનુભવમાં એક ચમત્કાર છે. એટલે પ્રકાશમય ગગનઉપર શુદ્ધ સુનિળ પવન જેવી એક લેહેકી હોયછે, તેહેની આજુબાજુયે, જગત કિંવા શરીર મુળેજ નથી હોતાં, તે લેહેકીમાં આપણને આકારરહીત જે પરબ્રહ્મ, તેજ હુંછું, એવો અનુભવ આવેછે, પણ એ અનુભવ, કેવળ નિરાકાર વસ્તુને, લેવો નછતાં તે વસ્તુ. જ્ઞાનરૂપજ છે, તેહેને આ પંચકોશો મુદલજ ખબર નથી, તથા તે નિરાકાર વસ્તૂઉપર, હું બ્રહ્મ છું એવી ભાવના મૂળેજ નથી, પણ, જે મિથ્યા બ્રહ્મઉપર. હું બ્રહ્મ છું, એવી ભાવના થઇ, તેહેને વિજ્ઞાનમયકોશ કેહેછે. કેમકે સાક્ષિત્વ કરનારૂં જ્ઞાન રેહેવાને, તે કલ્પનાજ, કોશ, એટલે ઘેર થઇ. એસારૂ તેકલ્પનાથકે આપણે સાક્ષી જુદા છૈયે એવું જેવું. એજ વિજ્ઞાનમય કોશથકે જુદા સાક્ષી જે મિથ્યા આપણે તેહેનો અનુભવ છે, હવે સગુણ મૂર્તીના ધ્યાનેકરી, અથવા ગ્રહતારા મંડલો. તથા ભૂમંડલો, જે પોલાણમાં ફરેછે, તે પોલાણ સત્ય વસ્તુ નથી, અને શાંત તથા જગતના આકારથકે જુદો નિરાકાર પરમાત્મા પોલાણના સ્થાનકે છે, તેજ આપણે છૈયે, એવી પોલાણની અંદર નિરાકારની ભાવના ધરી, પ્રાણવાયુનો જયકરી, વિષયભાન રહિત થઇસકાય છે, અથવા આપણું મન, જેમ આંખોએ જોએલા, અનેક વિષયો કલ્પે છે તેમજ

જો તારામંડલો જોવા લાગિયે, એટલે તેઓની આજુબાજુએ નીલો રંગ નછતાં, દૃષ્ટિને નીલોરંગ દેખાય છે, તે રંગોનું, આંખો મીચિ. મારીદૃષ્ટી, તે રંગઉપર, જોવાને ગુતેલીછે, એવું મનમાં ચિંતન કરવું એટલે. મસુર પ્રમાણ, બિંદુધારણા પ્રગટ થઇ. જીવાત્માને, પંચકોશ થકે, જુદાપણાનો અનુભવ આવેછે; હવે આકાશમાં એટલે પોલાણમાં, નીલ રંગનો ભાસ થાયછે, તે ઘણો વિસ્તીર્ણછે, એવું ભાસેછે, એ ભાસવું સત્યછે એવું નથી, કેમકે, જેમ આપણી આજુબાજુયે પોલાણછે, તે નીલરંગની દેખાતી નથી, તેમજ ભુગોલની અંદર બાહેર તથા અનંત ગોલોની અંદર બાહેર એકજાતની, નિરાકારના વિચાર વિના નાશ ન પામનારી પોલાણભાસેછે તે ઉપર નીલોરંગ, દેખાવો નહીં, તથા ભુગોલાદિક અનંત ગોલો. સ્વપ્રકાશ તથા પરપ્રકાશ. એ આપણી કલ્પનાને ઇંદ્રિય દ્વારાયે સાચા લાગેછે, પણ પરમાત્મા નિરાકાર એહેને તો, આ સૃષ્ટી મુદલજ ખબર નથી, કેમકે, એક વસ્તુના ઠેકાણે બિજી વસ્તુ રેહે નહીં, એ નિયમ પ્રમાણે જોવા લાગિયેતો, પરમાણું કિંવા પરમાણું એકત્ર થઇ, થએલા ગોલો,એ મૂળેજ (એક જાતની, ન હલનારી, એવી જે નિરાકાર વસ્તુની સ્થિતિ,) સર્વગોલો ફરેછે. તે સ્થલમાંછે, તે સ્થિતિને (તોડવાસારૂ. તથા ફોડવા સારૂ) સમર્થ નથી, કિંવા પાણીમાં પથરો નાખ્યા પછી. પાણી ખસી એક તરફ થાયછે, તેમ, અનંત ગોલોને એક પોલાણ, જેવું નિરાકાર સ્થળછે, તે ગોલોએકરી, પોતે ગોલો રેહેછે તે ઠેકાણેથી પણ ગોલરૂપેકરી નહીં સંકરાતું નથી [illegible]થી નિરાકાર પરમાત્માને ગોલોનો

પણી કલ્પનાને આ સર્વ જગત

નિયમપ્રમાણે ચાલેછે, તેથી એ સત્યછે, અને એહેને આકાર અચીતછે એવું લાગેછે, પણ હું તમોને નિશ્ચયથી કહુંછું કે, સ્વપ્નમાં સર્વ પદાર્થો, આપણા અહંપણું ધરનારા જ્ઞાનની વિસ્મૃતિ અવસ્થામાંથી, બીજમાંથી વૃક્ષ, તેવા કલ્પિત ભાસ્યભૂત થએલા છતાં, તેઓના અંગે, કાઠિણ્યતા વગેરે સર્વધર્મ, સ્વપ્નની અવસ્થામાં દેખાયછે, તોયપણ જાગૃત થયેલાને, સ્વપ્નમાં દેખાયું તે સાચું માન, એવું કહ્યું તો, તેહેને સાક્ષિત્વ, સ્વપ્નનું રહ્યું છતાં, તે સાચું માનતો નથી, તેપ્રમાણે પણ, નિરાકારનાવિશે, જગતનું સાક્ષિત્વ રેહેતું નથી, પછી જગત સત્ય શિરીતે મનાશે, અને નિરાકાર સ્વરૂપનેવિશે આપણા પંચપ્રાણ, તથા તે માએવું જાણપણું લગાડ્યું છતાં, મૂળેન નહીંસું થાયછે, અને નિરાકાર આપણે અકેલા રહીયેછૈયે, પણ જગત આપણને ભાસતું હતું, એવું ભાન, આદી, અંતે, તથા મધ્યે નથી; તથા જ્ઞાન સ્વરૂપ, આપણે આનંદમય રહીયે છૈયે, આ વિજ્ઞાનમય કોશ, વિસ્તારે કરી કહ્યો, એનુંકારણ વિજ્ઞાન, (એટલે અનુભવિકજ્ઞાન) એ સર્વના જાણવામાં આવે તે સારૂ વિસ્તાર કહ્યો, નહીંતો, વિજ્ઞાનમય કોશ, અને મહાકારણ દેહ, એ બેઉનો અર્થ એકજછે, હું બ્રહ્મછું એવી એ ભાવનાનેજ વિજ્ઞાનમય કોશ કહીયે, અને તેહેના સાક્ષી આપણે તેથી જુદા, એવું સમજવું, હવે હું બ્રહ્મછું એવી ભાવના, એતો, પરોક્ષ, અને અપરોક્ષ, એવી બે પ્રકારની છે. પરોક્ષ એટલે વિષય ઇંદ્રિયો તથા પ્રાણ, એઓનાં સાક્ષિત્વમાં ગુંતાયલો છતાં, હું નિરાકારછું એવું કલ્પવું તથા કિંચિત્ વૃત્તી શાંત કરવી, એ પરોક્ષ [illegible] એસ્થિતિ, જે જન ધારણ કરેછે તે તરેછે, એ[illegible]

થયા છતાં તેહેને મહાકારણ દેહના, અહંબ્રહ્મભાવનામાં પણ મિથ્યા એવું નસમઝવું. એવું જે મહાકારણ દેહ માએવું મહત્ અજ્ઞાન, જે મહાપાતક રૂપ છે, એટલે પાડનારૂંછે તે થકે તરેછે, અને જન્મમરણ, સ્વર્ગ નરક, એમાંથી છુટેછે, અને શરીરના અંતે, પરોક્ષભાવનાયે અપરોક્ષસ્થિતિ પામી; છેલીવારે; નિરાકારનાવિશે, અહંપણું ધરનારૂં જ્ઞાન નહીંસું કરેછે, એ સારૂં જે જન, પરોક્ષસ્થિતિ ધારણ કરેછે, તથા સર્વ વ્યવહાર શાંત રીતીયે ચલાવે છે, તે ધન્ય છે. હવે અપરોક્ષ સ્થિતિ એનકે, જે કોઈ સગુણ રામકૃષ્ણ મૂર્ત્તિનું ધ્યાન કરેછે, અને ઇંદ્રિયોનું અને મનનું દમન કરેછે, અને ધ્યાનમાં આવેલી મૂર્ત્તિનો સાક્ષી, હું મૂર્ત્તિથી જુદો છું, એવું પોતાને જુવેછે, તેહેને વિષય અને ઇંદ્રિયો એનું સાક્ષિત્વ ન રહી, હું નિરાકાર રૂપ છું એવું, ન ચિંતન કરતાં, સેહેજ અનુભવમાં આવેછે, તથા અતિશય સુખ થાયછે, એ સ્થિતિને અપરોક્ષ સ્થિતિ કહીયે, તથા વિજ્ઞાનમય કોશ એવુંપણ કેહેવું, અને જાણવું.

૧૨ આનંદમયકોશ એટલે આપણને આનંદ થાયછે, તથા તે આનંદને આપણે જાણીયે છૈયે તે આપણે, આનંદમય કોશથકે જુદા છૈયેજ, હવે આનંદમય કોશનું સ્વરૂપ એવું છેકે, જેહેને સ્વપ્ન તથા જાગૃતી એ બે અવસ્થાનું ભાન રેહેતું નથી અને ઉંઘમાં સંકલ્પ વગર એકલો રેહેછે ત્યારે તેહેને આનંદ થાયછે, એ ઉપરથી સંકલ્પ તથા શરીરનું સાક્ષીપણું જે વખત નથી હોતું તે વખત જે સ્થિતિ આત્માને પ્રાપ્ત થાયછે તે સ્થિતિને આનંદમય કોશ કહીયે; જુવો મુને આનંદ થયો એવું લાગેછે, પણ જેમ મુને છોકરો થયો તેવો-

ન મુને આનંદ થયો એ દૃષ્ટાંત પ્રમાણે હું છોકરો નથી. છોકરાથી જુદો છું તેવોજ હું આનંદ નથી આનંદથકે જુદો છું. આનંદ થયો તે મે જાણ્યો ત્યારે જે જેહેને જાણેછે તે તેથકે જુદો, જુદે ઠેકાણે હોયછે, આ પરમ સિધ્ધાંત છે, આ સિધ્ધાંત કદી ફરવાનો નથી એજ સિધ્ધાંત ઉપરથી હું આનંદને જાણંછું તથા મુને આનંદ થયો એવું કહીયે છૈયે તે હું આનંદ નથી આનંદનો સાક્ષી આનંદ થકે જુદો છું, તથા આનંદ વૃત્તિજન્ય છે, તેથી તેહેને આનંદમય કોશ કેહેવો, એપ્રમાણે પોતાને જુદા દેખીયે એટલે નિરાકારજ હું છું એવી ભાવના, શરીર ધારણ કરનારો, જીવતો છે ત્યાંહાંસુધી રેહેશે, અને તે જો હઠયોગથી અથવા શરીર મરવાવખતે નિરાકારજ હું છું, તથા પાંચકોશ હું નથી, એવી ભાવનાયે પોતાને ચિંતશે, તો તેહેનું હુંપણું ધરનારૂં જ્ઞાન નહીંસું થઇ, નિરાકારવસ્તુજ તે રેહેશે, અને તેહેને જગત હતું એસાક્ષિત્વ મૂળોજ નોતું, તેથીજ પંચકોશોનો લય થયા પછી સાક્ષિત્વ નથી, આનંદમય કોશમાંજ જગતનું સાક્ષિત્વ નથી, પછી સ્વસ્વરૂપનાવિશે કયાંહાંથી હશે, સ્વસ્વરૂપનાવિશે જગતનું સાક્ષિત્વ નથીજનથી. નિરાકાર સ્વરૂપજ એક છે, તે જ્ઞાનજ છે, તેહેને જ્ઞાન થવું એવું ન્યૂનપણું નથી તથા તે આનંદજ છે, તેથીજ તેહેને આનંદ થયો, પછી તે તેણે આનંદ ભોગવ્યો એવું નથી, નિરાકાર જ્ઞાનસ્વરૂપજ સત્ય આનંદછે, તેથીજ સચ્ચિદાનંદ એવું જનબોધાર્થ નામ કલ્પેલું છે, એ નામોપરથી, તેહેના ઠેકાણે અસ્તિત્વ તથા જ્ઞાન તથા સુખછે, એવું સિધ્ધ જાણવું, અને એ આનંદમય કોશથકે જુદા થવાને તત્પર ઝટતાં રેહેવું. એટલે છીપઉપરના રૂપાનો ભાસ જુદો કાઢવા જઇએ તો જેવી છીપજ છે

રૂપું નથી, તેમજ સચ્ચીદાનંદ રૂપછે, પંચકોશ તથા આપણે સાક્ષી એ બેઉ નહીંસા થાશે, એ આનંદમય કોશથકે જુદા થવાનો બોધ સમઝવો.

૧૩ એપ્રમાણે પંચકોશોનો સાક્ષી પંચકોશોથી જુદો છે તેણે જો હું નિરાકાર પરમાત્માજ, કે જેહેને જગત મૂળોજ ખબર નથી તેજ હુંછું એવી ભાવના ધારણકરી તો. પંચકોશ તથા પંચકોશોનું સાક્ષિત્વ, છીપઉપરના રૂપાનો ભાસ નહિસો થાયછે તે પ્રમાણેજ પંચકોશ, શુક્તિકા રજતવત્, તથા તેહેનો સાક્ષી એપણ, છીપઉપર રૂપું ભાસવાને કારણ જે ભ્રમ તે ભ્રમવત્ બેઉ નહીંસાથાયછે, અને દેહચતુષ્ટયથકે અતીત જે પરમાત્મા, તેજ પંચકોશોને જાણનારા જ્ઞાનથકે જુદો હુંજ અહંપણું ધરનારૂં જ્ઞાન નછતાં જેહેજ નિરાકાર જ્ઞાનસ્વરૂપ પરમાત્મા છું. એવો અનુભવ આવી, અનુભવનારો, અનુભવવુંજ જે પરબ્રહ્મ તેજ થાયછે.

૧૪ ત્રણગુણો કયા, તથા નિર્ગુણ શું! એ સર્વને ખબર પડે તે સારૂ સ્પષ્ટ ત્રેણે ગુણોનાં નામો, તથા તેહેનાં લક્ષણો. તથા તેથી અતીત નિર્ગુણ તેહેનું પણ લક્ષણ બોધ થવા સારૂ દેખાડયું છે. પેહેલો સત્વગુણ, બિજો રજોગુણ, ત્રિજો તમોગુણ, તથા એઓનો સાક્ષી તે ત્રિગુણાત્મક, ગુણ સહ તેથી સગુણ. તથા જેહેને સાક્ષિત્વ નથી એવો જે નિરાકાર તે નિર્ગુણ.

૧૫ સત્વગુણ એટલે શરીરપિંજરાની અંદર રહી, તથા પ્રાણપંચકની અંદર રહી સર્વને જાણેછે જે જ્ઞાન, તે જ્ઞાનનો જે પોતાને નિરાકાર પણાએ જોવાનો ઉત્તમ સ્વભાવ, તેજ સત્વ ગુણ એવું, સમઝવું તે સત્વગુણનું અંતઃકરણ પંચક એટલે

લિંગશરીરમાએલું આકાશતત્વ સ્વરૂપછે. એવું સમઝવું તથા તેહેનેજ આત્મા તથા શરીરમાએલા જીવરૂપી ઈશ્વર. તથા સાક્ષી. તથા વિષ્ણુ એટલે શરીર પિંજરો તથા પ્રાણ એઓને વ્યાપક. ઇત્યાદિ એવું સમજવું. તથા તેહેનેજ શરીરનો રક્ષણ કર્ત્તા કેહેવો; કેમકે સત્વગુણ એટલે અંતઃકરણપંચક જે આકાશ તત્વ (તેજ પંચજ્ઞાનેંદ્રિયોએ, પંચવિષયરૂપી જગતરૂપ.) પંચજ્ઞાનેંદ્રિયો માએલા પ્રતિબિંબમાં) તન્મય થઇ શરીરને જાણેછે, અને ક્ષુધા તૃશા વગેરે જે જે આધિ એટલે પીડા ઉત્પન્ન થાશે તેહેને અન્નોદકાદિક આપી તૃપ્ત કરેછે, એવા તૃપ્ત કરનારા જ્ઞાનને, વ્યાપક, અથવા વિષ્ણુ, અથવા સત્વગુણ, પાલન કરનારો, એવું સમઝવું; તથા એ સત્વગુણ, પ્રત્યેક જીવના શરીરમાં જુદો જુદો છે, તેહેનો અનુભવ એવોકે, કીડીના, તથા ગાયના, તથા હાથી, ચાંચડ વગેરે સર્વશરીરમાં, એ સત્વગુણ છે, તથા તે પ્રત્યેક શરીરનું પોષણ કરે છે, પણ તે, પ્રત્યેક શરીરના વિશે જુદો જુદો છે, એ શરીર માએલા જ્ઞાનના સત્વગુણનો, તે શરીરમાએલા જ્ઞાનના સત્વ ગુણની સાથે સંબંધ જોઇયે તો, સજાતીય છે, એટલે એક તત્વની જાતનો છે, પણ દરએક શરીરમાં જુદો જુદો છે, તેથીજ પરસ્પર શરીર માએલા સુખ દુઃખ વિચાર, પરસ્પરોને ખબર પડતા નથી, તથા એક બદ્ધ અથવા મુક્ત થવાથી બિજો બદ્ધ કિંવા મુક્ત થાતો નથી, એપ્રમાણેજ ભૂગોલ, તથા સૂર્યગોલ, વગેરે સ્વપ્રકાશ તથા પરપ્રકાશ જેટલા ગોલોછે તેટલા ગોલોમાં જ્ઞાન, તથા જ્ઞાનનો સ્વભાવ સત્વગુણછે તે દરએક ગોલમાં જુદો જુદો છે, તથા તેઉપરના રેહેનારા સ્થાવર જંગમાદિક જીવોના શરીર માએલા સત્વગુણનો,

જેવો, પરસ્પર જીવમાએલા સત્વગુણનીસાથે સંબંધ નથી, તેમજ, આ ગોલોના ગોલરૂપી શરીરમાએલા સત્વગુણનો, તેઉપરનાજ રેહેનારા પ્રાણિઓના શરીરમાએલા સત્વગુણની સાથે સંબંધ નથી, હવે કોઇ કેહેશે કે, જો વૃક્ષાદિકોના શરીરમાં સત્વગુણ જ્ઞાન છે, તો જેમ ચર જીવોના શરીરને માણસે પોતાનું ઉદરપોષણસારૂં કિંવા હરએક બાબતસારૂ મારવું નહીં તેમજ વૃક્ષનાપણ શરીરને મારવું નહીં પણ તેવું નથી, વૃક્ષના શરીરમાએલા સત્વગુણને, તે વૃક્ષનો સમૂળ નાશ થયો તોયપણ જાગૃતઅવસ્થા કે જે અવસ્થામાં શરીરનું સુખદુઃખ જાણવામાં આવે તે નથી હોતી, તેથી વૃક્ષમાએલા સત્વગુણને વૃક્ષને તોડનારો તથા રક્ષણ કરનારો એથકે સુખદુઃખ થાતું નથી, જેવું નિદ્રામાં આપણું શરીર, અન્નોદકના પચનથી, ક્ષય વૃધ્ધી પામતું રેહેછે તેવીજ વૃક્ષના શરીરની ઉત્પત્તિ તથા લય, એ વૃક્ષમાએલા જીવાત્માની નિદ્રામાં થાયછે, તથા નિદ્રામાંજ પુનર્જન્મ આવેછે તેથી વૃક્ષ તોડવાથી હિંસા દોષ નથી, તથા બિજા ઉદક પ્રાશનાદિક ક્રિયાઓમાં, ચરપ્રાણિઓનો નાશ થાયછે તેબાબત હિંસાદોષ નથી, કેમકે તે ઇશ્વરી નિયમના જુલમનુ છે, તથા જેમ સૂર્યના તાપથી બાફ થઇ પાણી ઊડી ગયું તેહેમાં જીવોમુવા તેહેનો દોષ કોઇની તરફ નથી તેમજ મનુષ્યના, કૃષી, ગોરક્ષ્ય, વાણિજ્યાદિક, કિંવા પરિચર્યાદિક, અથવા યુધ્ધાદિક, તથા શમદમાદિક, ઇત્યાદિ ક્રિયાઓમાં, જેહેને, જીવો મરશે તેઓનો દોષ મનુષ્યોના સત્વગુણને લાગતો નથી, ફક્ત, તેઓથકે કાંઇન ઉપદ્રવ નછતાં, તે, જલચર, ભૂચર, ગગનચર ઇત્યાદિ જીવોનો વધ કરવો એ માત્ર દોષછે, તથા જીવોનું માં-

સ ભક્ષણ કરવું એ તો મોટોજ અપરાધ છે, તથા આઠ બલધીયા પાસેથી, સો બલધીયાનું કામ તેટલું કરાવી લેવું એપણ મોટોજ અપરાધ છે એસારૂ આપણા સત્વગુણથી "સમોનાગેસમોમશકે" એટલે હાથી, મનુષ્ય, એઓનો આત્મા. અને છેક ઝીણાથી ઝીણા જીવનો આત્મા, સર્વ,વ્યવહારમા બરાબરજ છે, એ શ્રુતીઉપર લક્ષ રાખી, હિંસા કર્મથી અતિશય ડરવું. પણ લઢાઈમાં, તથા ક્રૂર શ્વાપદો, તથા ઉરગાદિક, એઓનું આકલન કરવામાં, જોકે તે જીવોનો નાશ થયો, તોય હિંસા દોષ નથી, એવો એ જ્ઞાનના સત્વગુણે વિચાર કરવો, અને વિચાર કરનારો જે સત્વગુણ રૂપી જ્ઞાનનો સ્વભાવ, તે શરીર પિંજરો તથા તે માએલા પંચપ્રાણ, એ બેઉની અંદર જે જ્ઞાન છે, તેહેમાં છે, તે જ્ઞાનનુરૂપ આકાશ છે, તથા તે આકાશનેજ અંતઃકરણ પંચક કહીયે, તથા બ્રહ્મ જેમ સત્ય નિરાકાર છે, તેમજ, આ આકાશ પણ, મિથ્યા. નિરાકાર જે, તે મિથ્યા નિરાકારનાવિશે, શુક્તિકા રજતની પેઠે ભાસછે, તે ભાસનો જે ઉત્તમ સ્વભાવ, તેજ સત્વગુણ છે, તથા શરીર પિંજરો અને પ્રાણ, એના માએલું જ્ઞાન, જે પંચવિષયરૂપી જગતને જાણેછે તથા કર્મેંદ્રિયોએ કરી ક્રિયાઓ કરેછે, તથા સ્વપ્ન સુષુપ્તીને, - તથા મનોમય કલ્પિત રચનાને જાણેછે, એજ જ્ઞાનમાએલા સત્વગુણનું લક્ષણ સમઝવું.

૧૬ રજોગુણ એટલે પંચપ્રાણ તથા દશ ઇંદ્રિયો એઓના આધારે કરી જ્ઞાનને વિષય ભોગની ઇચ્છા થાયછે તથા લોભ ઉત્પન્ન થાયછે એવા જ્ઞાનના લોભી સ્વભાવને રજોગુણ કહીયે, અને એ રજોગુણ, અંતઃકરણ પંચક એટલે

સત્વગુણરૂપી આકાશ ભૂત જે, તે થકેજ પ્રગટ થયોછે, એહેજેજ બ્રહ્મદેવ એવું નામ છે, તેજ બ્રહ્મદેવ અવતારને આપેલું છે, તથા એ રજોગુણરૂપી જ્ઞાનના સ્વભાવથકે ઉત્પત્તિ થાયછે, તેથી બ્રહ્મદેવ ઉત્પત્તિ કરેછે એવું કેહેછે, તથા અંતઃકરણ પંચક જે આકાશતત્વ તેહેજેજ વિષ્ણુ કેહેછે, તે અંતઃકરણ થકે રજોગુણ ઉત્પન્ન થયો તેથી વિષ્ણુથી બ્રહ્મદેવ થયો એવું કેહેછે, એ સારૂ આપણા શરીરમાંજ, રજોગુણ એટલે અંતઃકરણ પંચક ઉપર પંચપ્રાણ તથા દશઇંદ્રિયો તથા વિષયવાસના રેહેછે તે સર્વના યોગેકરી જે જ્ઞાનનો લોભીસ્વભાવ થાયછે તેહેજેજ રજોગુણ કહીયે, એ રજોગુણ થકે વારંવાર જન્મવું તથા મરવું એ મટતું નથી, એ સારૂ જે સત્વગુણથી જુદો, સત્વગુણનો સાક્ષી, તેજ રજોગુણથકે જુદો, રજોગુણનો સાક્ષી છે એવું સમઝવું. એવી રીતે શરીરપિંજરામાએલા પ્રાણપંચકમાં મિશ્રથયેલા જ્ઞાનનો લોભી સ્વભાવ એજ સ્વભાવ રજોગુણ છે એવું સમઝવું. અને આપણે તેનાં સાક્ષી તેથી જુદા છૈયે એવું સમઝવું.

૧૭ તમોગુણ એટલે અસ્થી, માંસ, ચર્મ, કેશ, નાડી, રક્ત રેતાદિક, તથા ઉષ્ણતા, તથા શ્વાસોચ્છ્વસન જેથી થાયછે તે સર્વ પદાર્થો, વગેરે એઓના જેવો જે જ્ઞાનનો જડ સ્વભાવ, તે સ્વભાવનેજ તમોગુણ કહીયે, એ તમોગુણ કેવળ જડ છે. એ શરીરનીજ અવસ્થા શરીરના જાણવામાં આવતી નથી પછી બિજા અનેક વિચારોના લક્ષણો કીહાંથી જાણવામા આવશે એસારૂ શરીર પિંજરો જે અજ્ઞાન જડ, તે શરીરના જડપણા જેવો જે જ્ઞાનનો નિદ્રારૂપી કિંવા વિસ્મૃતી રૂપી જડ સ્વભાવ તે સ્વભાવનેજ તમોગુણ કહીયે.

૧૮ એ પ્રમાણે તમોગુણ એટલે શરીર પિંજરામાં મિશ્ર થએલા જ્ઞાનનો જડ સ્વભાવ સમઝવો, તથા તેમાએલા પ્રાણ પંચકમાં મિશ્ર થયેલા જ્ઞાનનો જે લોભી સ્વભાવ તે રજોગુણ સમઝવો, તથા શરીરને જાણનારૂં અંતઃકરણ પંચકરૂપી આકાશ એટલે જ્ઞાન, તેહેનો જે આત્માનાત્મ વિચાર કરવાનો ઉત્તમ સ્વભાવ તે સત્વગુણ સમઝવો, તથા જે જ્ઞાનરૂપ છતાં બિજાને જાણતો નથી તે નિર્ગુણ, એટલે ત્રણગુણનો અભાવ, જે નિરાકાર સ્થાનક ઉપર છે, તે નિરાકારજ નિર્ગુણ સમઝવો. હવે આપણા અંતઃકરણના સત્વગુણરૂપી ઉત્તમ સ્વભાવે કરી, રજોગુણરૂપી લોભી સ્વભાવને, તથા પ્રાણપંચકને ખાઇને નહીંસું થાવું, એટલે પોતે, અનંત ગોલોનું સ્થલ, જે એક છે એવું કલ્પીયે છૈયે, તે પોતે પોલાણપણું નસાડી નિરાકાર થઇ રેહેવું એટલે પ્રાણ તથા અંતઃકરણ એ નિરાકાર સ્થાનક ઉપર મિથ્યા ભાસેછે, તે નથીજ એવું જાણવું, એજ મુખ્ય જ્ઞાન, તથા એજ મુખ્ય ગતી છે. એસાર જે પંચકોશાતીત, તથા દેહચતુષ્ટયાતીત, તેજ ત્રણગુણાતીત છે, પણ ઉપદેશની તરેહ માત્ર જુદીજુદી પણ અનુભવ સર્વ તરેહનો એકજ છે.

૧૯ પંચમહા ભૂતોથી હું જુદો નિરાકાર છું એવી મુક્તોની એક રેહેણી છે તે એવી કે, ભૂમી એટલે આપણા શરીરનો કઠણ આકાર, તથા આપ એટલે શરીરમાએલી ભીનાસનો ભાગ તથા તેજ એટલે શરીરમાએલી ઉષ્ણતા, તથા વાયુ એટલે શરીરમાએલા પંચપ્રાણ. તથા આકાશ એટલે પંચપ્રાણસાતે સર્વ શરીરને જાણનારૂં અંતઃકરણ જે તેજ આકાશ છે, તથા હું અંતઃકરણથી જુદો; સર્વને આધાર સ્થલ

રૂપ જ્યાંહાં ત્યાંહાં ફેલાએલો, તથા પોતપોતાને જાણતો છતાં, હું એક, અને એ એક બિજું જગત, એવો મારા નિરાકાર સ્વસ્વરૂપના વિશે ભાવ નથી, તેજ નિરાકાર હું છું, પણ, હું, એ ન કેહેતાં, સેહેજ છું, એજ પ્રકારના બોધમાં સર્વ બોધ છે, તથા સર્વ બોધમાં એ બોધ છે, કોઇપણ રેહેણીયે કરી, નિરાકાર સ્થળ જેવા સ્વપ્રકાશ રૂપનેવિશે, પોતાનું ઐક્ય હોવું, એજ મુક્તપણાનું લક્ષણછે.

૨૦ વળી એક એવો ઉત્કૃષ્ટ બોધ છે કે, પશ્વાદિક સર્વ જીવોનાં શરીરો તથા મારૂં શરીર, એ એકસરખાંજ અસ્થિ માંસના પાંજરાંઓ ઉભાં કરેલાં છે, એ પાંજરાંના અંદરથી જે આંખની રાહે જુવેછે, તથા કાનોની રાહે સાંભળેછે, તથા ચામડીની રાહે સ્પર્શ થએલો જાણે છે, તથા તાળૂ અને જીભની રાહે ચાખેછે, તથા નાકની રાહે સૂંગેછે, તે અનંત ગોલોને ફરવાસારૂ જે પોલાણ તે પોલાણ જેવું એક જાતનું તત્વછે, પણ તે દરએક શરીરમાં જુદો જુદોછે તેહેને પોતાનેજ, પોલાણ જેવા સ્થાનક રૂપના સ્વરૂપેકરી, હું હું એવી કલ્પના કરતાં આવડતી નથી, એવા તે સર્વના શરીરમાએલા જોનારા સાંભળનારા રૂપોને, જ્ઞાન છે, તે જ્ઞાન, સર્વ જીવોના શરીર પિંજરાની પોલાંણમાં જે વાયુ ભરેલોછે તેમાં છે, તે વાયુ, તે જ્ઞાનને હું હું એવી કલ્પના કરવા વખત, હલાવવો પડેછે, અને જો તે વાયુ હલાવ્યો નહીં, તો જોનારાં સાંભળનારાં જ્ઞાન સ્વરૂપોને, ઇંદ્રિયોમાં પેસતાં આવડશે નહીં તથા હું શરીર એવું કેહેતાં આવડશે નહીં, તથા હું શરીરનો સાક્ષી એવુંપણ કલ્પતાં આવડશે નહીં, તથા હું કોણછું એ મુને સમઝાતું નથી એવુંપણ કલ્પતાં

આવડશે નહીં, તથા હું નિરાકાર સ્થળ રૂપ છું એવી ભાવના કરતાં આવડશે નહીં. કેમકે, સર્વ પ્રાણિઓના શરીરમાંએલા જ્ઞાનને, હું હું કરી કાંઇ સંકલ્પ કરવો પડે, તો, આપણા જ્ઞાનસ્વરૂપેકરી, પ્રાણવાયુને આકર્ષિ હલાવવો જોઇયે, તથા આપણું અહંપણું છાંડવું હોય તો, ભાવના એવી કરવી કે, હું અખંડ સ્થલરૂપ નિરાકાર છું. શરીર પિંજરો તથા તેહેનામાંએલા પ્રાણ તથા પ્રાણના અંદરથી ઇંદ્રિય દ્વારાએ વિષય જાણનારો તથા કર્મેંદ્રિયોએકરી ક્રિયાકરનારો તે જીવરૂપી આત્મા છે, તેણેજ, હું નિરાકાર સ્થલરૂપ પરમાત્મા છું, એવી ભાવના કરવી, અને જીવરૂપી આત્મા, સમષ્ટીરૂપ ઇશ્વરનો કકડો, એવા ન્યાયેકરી અંશ ન છતાં, સન્જાતિત્વે અંશ જેવો ભાસે છે, તેપણ મારા નિરાકાર સ્થલસ્વરૂપને ભાસતો નથી, એસારૂ, તે જોનારા સાંભળનારા આત્માએ, હું આંખોની માંએથી જે જોનારો છું, તે હું, મસ્તકમાંએથી, તથા, બરડા તરફથી, ઠે ઠ છાતીની નીચેથી મોની બાહેરના સ્થલ રૂપની સાથે ઐકય થએલો છું, એપ્રમાણેજ ભાવના રાખી રેહેવું. અને એવો જે રેહેછે, તે શરીરના અંતે સ્વધારણામાં પ્રાણનો નાશ થયા પછી, સ્થલરૂપ છે તેવોજ રેહેછે, હું કેહેવાને વાયુતત્વ રેહેતું નથી, અને તે રેહેનારો હું આકાશ જેવો શૂન્ય પોલાણ નથી રે, પણ અનંત અપાર જ્ઞાનઘન આનંદ રૂપ છું, તેજ થાઉંછું, હવે થાઉંછું એવું કેહેવું વ્યર્થ છે, કેમકે સર્વકાળ છુંજ છું; પ્રાણ વાયૂને આધાર સ્થલ જેવો જે આત્મા, તે, અને પ્રાણવાયુ, એ બેઉ નિરાકારને વિશે ખોવાઇ જાયછે, એજ મુક્ત થાવું એક રીતીયે દેખાડ્યું છે.

૨૧ એક એવો વિચાર છે કે, સૂર્યગોલ જેવા જેટલા સ્વપ્રકાશક ગોલ તેટલા સ્વર્ગ, તથા ભૂગોલ તથા ચંદ્રગોલ જેવા પરપ્રકાશ ગોલ તેટલા કર્મભૂમીરૂપી મૃત્યુલોક, એ સર્વ ગોલો, જે પોલાંણઉપર એટલે સ્થલઉપર આપણને ભ્રમે કરી છે, એવા ભાસે છે, તે ગોલો, તથા આપણે તે ગોલોને જાણનારા, મિથ્યા છૈયે, કેમકે, સ્થલ એક નિરાકાર સર્વત્ર છે, તેહેના ઠેકાણે બિજો પદાર્થ નથી, એથી તેહેને સ્થલ કેહેવું વ્યર્થછે, પણ બોધ થવાસારૂ બોલવું પડેછે, તે સ્થાનકને ઠેકાણે બિજા આપણે, તથા ગોલો, તથા પોલાંણપણું, સત્યજ હતે તો, પાણીમાં પથરો નાખીયે તો પથરાના ઠેકાંણે પાણી રેહેતું નથી, તેપ્રમાણે જે ઠેકાંણે ભૂગોલાદિક ગોલોભાસેછે તે ઠેકાંણે, નિરાકાર સ્થળ નથી એવું થાવું જોઇયે, તે થવાનું નથી, થયું નથી, થાતું નથી, એસારૂ સૃષ્ટી મૂળેજ ખોટો ભાસ છે તે ભાસ આપણને ભાસે છે, એસારૂ શરીરમાં આપણે કોણ છૈયે, તો વાયુ તથા તેમાંએલું જ્ઞાન છૈયે, તે આપણે આપણને, તે સ્થલઉપર જોવા લાગીયે, એટલે સ્થલજ આપણે છૈયે એવો અનુભવ થઇ, હું એક તથા જગત એક, એ તથા એહેનું જ્ઞાન. એમાંથીકાંઇજ રેહેવાનું નથી.

૨૨ એક અનુભવ એવો છે કે શરીરપિંજરામાં પ્રાણ, છે તેમાં આપણે જ્ઞાન છૈયે, તે જ્ઞાનેકરી, જે પોલાણઉપર પવન રેહેછે, એવું ખોટુંજ, પણ ભાસેછે તે પોલાણમાંએલું, નિરાકાર સ્થલજ હું છું. હું શરીર નથી એવું ચિંતન કરવું, એટલે શરીરના અંતે, પ્રાણોત્કમણ નથતાં, પંચપ્રાણ લીન થઇ, હું સ્થલરૂપ નિરાકાર છું, એવું, ચિંતન નહીંસું થઇ, સ્થાનકરૂપ, પ્રકાશમય જ્ઞાન ઘનજ, આનંદરૂપ, આપણે રહીયે

છૈયે, પણ નવું એ નિરાકાર સ્થલ રૂપ થયા એવું નથી, કેમકે મૂળેજ હું તેવો છું એ એક અનુભવ છે.

૨૩ એક અનુભવ એવો છે કે, આપણા સર્વ શરીરમાએલા, પંચપ્રાણવાયુ છે. તેમાંજ જાણીવરૂપી જ્ઞાન છે, તે જ્ઞાનનો તથા પ્રાણનો નાશ કરી, નિરાકાર સ્થલરૂપ આપણે રેહેવું એની રેહેણી એવી છે કે,પ્રથમ આંખની અંદરની બાજુયે, તથા મસ્તકની અંદર, એક નીલવર્ણ મસુરની દાળનેવડો બિંદુ, મસ્તકમાએલી જગોમાં, ધ્યાનથી પ્રગટ થાયછે, તેહનો પ્રકાશ, પીઠના બરડા તરફથી ગુદના ઠેકાણાથી ગળાસુંધી ફેલાયછે, તે પ્રકાશના યોગથી, વક્ષસ્થળનીમાએલા તથા ગુદના ઠેકાણામાએલા તથા સર્વ શરીરમાએલા વાયુઓ, એ શરીરથકે જુદા થઇ, બરડા તરફની બાજુએ, મસ્તકમાએલા બિંદુને જઇ મળેછે, એજ બ્રહ્માંડમાં પ્રાણ લઇજવું સમજવું. પછી તે બિંદુમાએલા જ્ઞાનરૂપી આત્મા. હું નિરાકારનાવિશે મિથ્યાછું, એવી ભાવના કરેછે, તેથી તે બિંદુ, નિરાકાર સ્વરૂપનાવિશે નહીંસો થાયછે, અને સાક્ષીપણું નહીંમું થાયછે, અને નિરાકારસ્વરૂપજ આપણે, પણ હું હું એવું. એવું કેહેનારા જ્ઞાનાતીત સેહેજ છૈયે, એ એવી સ્થિતિ, નાશ ન થનારી સર્વકાળની છે, તેજ રેહેછે.

૨૪ આ એક અતિ ઉત્તમ, તથા ઘણી સેહેલી, તથા નક્કી અશક્તને પણ તારનારી, રેહેણી છે, એ રેહેણી. જ્ઞાની, તથા અજ્ઞાની, તથા બ્રહ્મવેત્તા, તથા, બ્રહ્મનિષ્ટ, તથા મુક્ત, તથા બદ્ધ, એ સર્વને જોઇયે, તથા જેટલા અનુભવના પ્રકારો, એટલે દેહચતુષ્ટયાતીત, તથા પંચકોશાતીત, તથા તે પંચકોશોના સાક્ષી જ્ઞાનાતીત, ઇત્યાદિકાતીત, આપણે

નિરાકાર છૈયે, એવા એવા લખેલા છે, તેટલા પણ પ્રકારના અનુભવીઓને, એ રેહેણી જોઇયે, તે એવી કે, આપણું શરીર એજ દેવળ છે, એ આપણા શરીરરૂપી દેવળમાં, આપણા પંચપ્રાણ તથા મન એઓની, અવતાર મૂર્ત્તિ કલ્પી કરવી, તે મૂર્ત્તિના ઠેકાણે સર્વોપચાર, પ્રાણ તથા મન એ પદાર્થોનાજ કરવા, અને માનસપુજા કરવી, એનાથી મન સ્થિર થાયછે, તથા દૂર દષ્ટી, તથા દૂર શ્રવણ, તથા ભૂત, ભવિષ્ય તથા વર્ત્તમાન, તથા નિર્વિકલ્પ નિરાકાર આપણે છૈયે એ આત્મજ્ઞાન, એ એટલા જ્ઞાનો પ્રગટ થાયછે, અને અવતારી ઇશ્વર, એ થોડું ઘણું અનુભવનુ અંગ દેખાડી આસ્તિકપણું આપેછે, અને શુદ્ધ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તી થઇ, પ્રાણી ત્રિવિધતાપથી છુટેછે, અને પાતક, એટલે સ્વસ્વરૂપેકરી હું મિથ્યા એવું ન સમજવું એજ પાડેછે તેથી પાતક, (અને પાતક એટલે અજ્ઞાન) જે અહંપણું ધરનારી જ્ઞાન વૃત્તીને છે, તથા તારક એટલે સ્વસ્વરૂપનું હું મિથ્યાછું એવું જ્ઞાનવૃત્તીને, જ્ઞાન છે, તેજ તારેછે તેથી તારક, તથા એથીજ પાતક એટલે પાડનારા અજ્ઞાનને, તારક એટલે તારનારૂં જ્ઞાન, નહીંસુ કરી નાખેછે, અને પોતે જ્ઞાનપણ નહીંસું થાયછે, તે ઠેકાણે, પછી, ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, તથા દૂર દષ્ટી, તથા દૂરશ્રવણ, ઇત્યાદિ જ્ઞાન કાંઇજ રેહેતું નથી. કેમકે, જગત અને હું એ બેજી ભાવ નહીંસા થાયછે, તે ઠેકાણે ભૂત, ભવિષ્ય કેહેનું, અને જણાય કેહેને, એ કાંઇ રેહેતુંજ નથી, તથા દેહચતુષ્ટયાતીત, તથા દેહચતુષ્ટય ધારણ કરનારા જ્ઞાનાતીત, જે આપણે પરબ્રહ્મ, તેજ પંચકોશાતીત આપણે પરબ્રહ્મ. તથા તેજ આપણે ત્રણ ગુણો થકે અતીત પરબ્રહ્મ તથા તેજ આ-

પણે પંચભૂતો થકે અતીત પરબ્રહ્મ, તથા તેન આપણે ઇંદ્રિયોના પિંજરાની અંદર પ્રાણ છે તે પ્રાણની માએથી જે જ્ઞાન, કાનની રાહે સાંભળેછે, તથા આંખોની રાહે જુવેછે, ઇત્યાદિ અનેક ખેલ, જે, જ્ઞાન ઇંદ્રિયોનામાએથી કરેછે, તે જ્ઞાનથી અતીત આપણે પરબ્રહ્મ છૈયે, તથા તેન આપણે અનંત સૂર્યગોલ તથા અનંત ભૂગોલાદિક ગોલોને આધાર સ્થળ છૈયે એવું ઉપદેશાર્થ બોલેછે, પણ પોતે, પોતાના સ્વપ્રકાશ નિરાકાર શાંત રૂપેકરી, હું એક તથા એ અનંત ગોલરૂપી જગત એક, એવું જાણવાપણું નથી, સેહેજન જ્ઞાનસ્વરૂપ તથા સુખ સ્વરૂપ છૈયે એવું, આનુભવીઓને તેઓને ખબર પડેછે, એ સારૂ, સગુણ અવતાર મૂર્ત્ત, શરીરરૂપી દેવળમાં, પ્રાણ તથા મન એઓની કરવી, એટલે તે મૂર્તનો જે સાક્ષી, તે, તે મૂર્ત થકે જુદોછે, એ ભાવનાથી તેહેના સ્વરૂપના વિશે, પ્રાણરૂપી મનોમય મૂર્ત નહિંસી થઇ, તે સાક્ષી આત્મા, સાક્ષિત્વ ભાવ રહિત થઇ, નહીંસો થાયછે, અને નિરાકાર શાંત સ્વરૂપજ આપણે છૈયે એવું, સ્વસ્વરૂપ પ્રત્યયમાં આવેછે, એસારૂ, એ માનસપૂજાની રેહેણી ધરવી, તે એવી કે, આપણી આંખો મીચી, આંખોની અંદરના ભાગમાં, તથા ભ્રૂમધ્યની સાંબે, મનનું લક્ષ, આંખો ઉર્ધ્વ ન ફેરવતાં આંખોના, અંદરથી ઉર્ધ્વકરી, એક સુંદર રત્ન જડીત, તથા સુવર્ણમય, એવી જગા કલ્પવી, તથા તે સ્થળની આજુબાજુએ, સુંદર, બકુલ, પારીજાતક, તથા શ્રીકૃષ્ણની તુલા, વૃંદાના વૃક્ષના પાનની બરોબર, રૂકમિણીયે કરી, તેથી નામ તુલસ, તે તુલસ, તથા માંદાર, કલ્હાર, ઇત્યાદિક, પુષ્પફલોએ કરી યુક્ત, એવું આરંણ્ય

કલ્પવું, તથા સર્વકાળ, સુંદર મિઠા પાંણીના પ્રવાહ, હાયહાય પગતા, ચારેતરફ વેહેછે એવું કલ્પવું, અને જાંહાંત્યાંહાં સ્વચ્છંદ, તથા મનુષ્યના બંધનમાં નથી એવાં શુક, મયૂર, મેંના, તાસ, ચંડોલ, એવીએવી જાતના પક્ષીઓ વૃક્ષઉપર બેસી, સુંદર શબ્દો કરેછે એવું કલ્પવું, તથા સુંદર મૃગ, તથા સસલાં તથા ગાઇઓ, જાંહાંત્યાંહાં સ્વચ્છંદ, મનુષ્યનું રક્ષણ નછતાં ચરેછે, તથા પોતીકા વાછડા ઉપર પ્રીતી કરેછે એવું કલ્પવું,તથા ચંદન અને દેવદાર, તથા સુપુષ્પિત મુંબુ માલતી, ઇત્યાદિકો ઉપરથી સુગંધ શીતળ વાયુ ચાલ્યો છે એવું કલ્પવું, તથા છાયા ઘન ગેહેરી છે, અને જેવાં મયૂરના પિંછાં સૂર્યના કિરણોથી ચમકેછે, તે જાતનો પ્રકાશ, તે છાયામાં પડેલોછે એવું, કલ્પવું તથા શિતાફલ રામફલ, અંજીર, દ્રાક્ષ, દાડંબ, કેલાં, નારીયલ, સોપારી, લવેંગ, જાયફલ, તમાલપત્ર, આંબા, આંમળાં, લિંબુ, તથા અનેક જાતોના કંદ, તથા હમેષાં તે આરંણ્યમાં સુફલ તથા લીલાંછમ, તથા ફલપુષ્પેકરી લુંમઝુંમ થયેલાં, એવાં વૃક્ષો કલ્પવાં, તથા ઔદુંબર વૃક્ષપણ ઘણાં કલ્પવાં, અને જાંહાં ત્યાંહાં સર્વઋતૂની હવા સર્વકાળ એવી કલ્પવી, પછી દેવદાર, ચંદન, બકુલ, વગેરે વૃક્ષોના મધ્યભાગે એક અતિ શોભાયમાન, રત્નજડીત સુવર્ણનું મંદીર કલ્પવું, તે મંદીરમાં દિવાનખાંનાંઓ, તથા શયનની જગાઓ, તથા એકાંત બેસવાની જગાઓ, ઘણીઓ છે એવું કલ્પવું, તથા તે મંદીરને અષ્ટદિશાયે આઠ ચોક છે એવું કલ્પવું તથા મધ્યભાગે એક વિશાળ વર્તુલ એવી એક જગ્યોછે એવું કલ્પવું અને તે જગ્યોમાં મોતીની ઝાલર બાંધેલી છે, તથા સુવર્ણની સર્વ ભૂમિકા છે, તથા સર્વ સભામાએલા કેહેડા વર્તુલ છે,

અને તે વર્તુલ કંઠડાપ્રમાણે વર્તુલ કંઠડાના ઘેરો પાંચ છે, તેહેનો પ્રકાર પેહેલા હિરાઓનો ઘેર, તથા બિજો પાનાનો, તથા તેમાએલો ત્રીજો માણેકનો, તથા ચોથો પોખરાજનો, તથા પાંચમો સુવર્ણ ઉપર મોતી, હિરા, પાના, પોખરાજ, માણેક એઓના જડાવનો. એવા કંઠડા છે એવું કલ્પવું, અને તે કંઠડાની અંદર જવાને રસ્તાઓ છે, તથા મધ્ય ભાગે એક સુંદર સુશોભિત અષ્ટદલ કમલ પુષ્પ જેવું, તથા ઘણાં રત્નોથી જડેલું, એવું જોનારાની છાતીબરાબર ઊંચું આસન છે, તે ઉપર બેસવાનું આસન છે, તથા તે આસન ઉપર સુંદર મયૂર પિચ્છની ગાદી નાખેલી છે, તથા મોતીઓના ઝુમખા લટકેછે એવું એક છત્ર તે આસન ઉપર શોભિવંત છે એવું કલ્પવું, તથા એટલી મનોમય કલ્પના કરી પછી, તે આસન ઉપર સીતા સહવર્તમાન જગતના તારનારા શ્રીરામચંદ્ર બેઠેલા છે, તથા આપણે હસ્ત જોડી પ્રાર્થના કરીયે છૈયે એવી ભાવના કરવી. તથા સર્વ સ્વરૂપ અવલોકન કરવુ, અને ભગવાન શ્રીરામચંદ્રજી શામસુંદર સગુણરૂપ છે, તથા શ્રીરામચંદ્રજીના ચરણ તળીયાં, ધ્વજ, વજ્ર, અંકુશ, કમલ રેખાઓની સાથે આરક્ત છે, તથા અંગુલીઓના નખો સ્વચ્છ તારાની પેઠે ચમકેછે, તથા પગમાં સુંદર તોડા છે, તથા પીંડીઓ ઇંદ્રનીલ મણી જેવીઓ ઝલઝલાટ કરેછે, તથા જાનુજંઘા અતિ સુકુમાર શામ રંગના ઢાળાની પેઠે ભાસેછે, તથા શુભ્ર જરી કિનારે રાતી કોરનું ધોતું શ્રીરામચંદ્રજીયે પેહેરેલું છે તેહેનો કછોટો બિડેલોછે, તથા કંબરને મોતી તથા હિરાની મેખલા છે, તથા ઉદર સરલ સુશોભિત છે, તથા કટીભાગ વામસવ્ય ભાગથી કમાનદાર વક્ષસ્થલની બાજુયે ફેલાતો ગયોછે, તથા વક્ષસ્થલ ઉપર કૌસ્તુભમણી તથા એકવડા મોતીઓના હારો જાનુ સુધી પદકયુક્ત ઢળતા છે, તથા કંઠ સરલ છે, તથા વક્ષસ્થળ ઉપર, જમણી બાજુયે, શ્રીવત્સલાંછન છે, તથા શ્રીરામના આજાનું બાહુ છે, તેહેના લક્ષણ એવાં કે, કોણીના અસ્થી થકે મધ્યમાના અગ્રસુધી જેટલી હાથોની લંબાઇ તેટલીજ ભુજાઓની સરળ લંબાઇ હોય એટલે તેજ આજાનુબાહુ સમઝવો, તે સહજ બેઠો છતાં તેહેની કોણીઓની સંધી જંઘોને લાગે, તથા આગળ હાથના પંજા ઊભો રહ્યા પછી ઢીંચણ ઉપર પડે, એ પ્રમાણેજ, રામ આજાનુબાહુ છે, તથા હાથમાં મુદ્રિકા તથા વીરકંકણો છે, તથા દંડમાં મોતિઓની પોંચી છે, તથા બાહૂ ઉપર રત્નજડીત કવચ છે, તથા કાન વીંધેલા નથી પણ કુંડલો કાંનને જડેલાં છે, તેઓનો આકાર મત્સ જેવો છે, અને તે સ્કંધની નીચેના કવચને જડેલાં, તથા સ્કંધની બાહેર ગયેલાં એવાં છે, તથા મસ્તક ઉપર મુકુટ રત્નજડીત સુંદર સોળ કલશનો પણ મધ્ય કલશની સાથે સર્વકલશ સમાન એવો છે, તથા ડાબી બાજુયે સફેદ ચંમ્મર પ્રમાણે મોતીઓનો તોરો મુકુટમાં ખોશેલો છે, તથા કપાળઉપર ચંદનનું ઉભું તિલક કર્યું છે, તથા મધ્યભાગે કેશર તથા કસ્તુરીની બીંદી કરેલી છે, અને ભાળ વિશાળ શામસુંદર છે, તથા ભમ્મરો સુરેખ છે, તથા હોઠ આરક્તછે, તથા નાક સરળ સુરેખ છે, તથા હનવટી કિંચિત્ બે બાજુનો સમાન આકાર દેખાડનારી છે, અને મુખ કિંચિત્ કિંચિત્ હસ્તુ છે, અને નેત્રો જેવાં છે તેવાં મારાથી શબ્દોચ્યારમા દેખડાતાં નથી પણ આકર્ણ નેત્ર શ્રીરામચંદ્રજીના છે, તથા પ્રફુલ્લિત

કર્યાં છતાં કમલ જેવાં પ્રફુલ્લિત તથા મધ્યભાગે કૃષ્ણવર્ણ ભાગ, સુંદર કમલમાં ભ્રમર જેવા શોભિવંત છે, તથા પ્રકાશમય કૃપાદૃષ્ટીએ કરી શ્રીરામ આપણી તરફ જુવે છે અને હાથમાં ધનુષ્ય બાંણ ઇંદ્રનીલ મણીના રંગનું પણ તેમાં આરક્તતા એવા પ્રકારનું શોભિવંત છે, અને તેહેમાં એટલી શક્તી છે કે આ સૂર્ય ગોલ તથા ભૂગોલ જેવા અનંતગોલોના એકજ બાંણે કરી ભાંગી કકડા થઈજાય પછી તોફો બંદુકો વગેરે શસ્ત્રો એઓનો તો શ્રીરામની આગળ કાંઇજ ઉપાય ચાલવાનો નથી, એવું અમાનુષીય ધનુષ્ય તેવાજ બાંણ ઈત્યાદિ છે, તથા શ્રીરામ મૂર્તિ દ્વાદશ વર્ષની કોમલ છે તથા મુખ સ્મશ્રુ રહિત છે, તેમાં કદી ફેર થવાનોજ નહીં, અને સુંદર કેશ એ મુકુટની નીચે ઢાંકેલા છે, પણ કિંચિત્ બાજુયે કૃષ્ણવર્ણ ઝળકેછે, એવી શ્રીરામ મૂર્તિ મનોમય મનનીજ કરી, સન્નિધ સિંહાસન ઉપર વામભાગે સીતાસુંદરી, જેહેનું આલ્હાદ કારક મુખ, તથા મૃગજેવાં નેત્ર, તથા હાસ્યવદન કરી શ્રીરામના અંગને સ્પર્શ કરી બિરાજે છે તથા શ્રીરામ તથા શ્રીસીતા બેહુ પણ આપણી તરફ જુવેછે એપ્રમાણે મનોમય આપણા મનનોજ આકાર કલ્પી, અહંપણું ધરનારા જ્ઞાનથી, આંખોવિના, મનોમય જોવો, તથા તે શ્રીરામની આગળ પોતપોતાના સ્થુલશરીર જેવું શરીર મનોમય કલ્પનાનું ધારણ કરી, ઉત્તમપ્રકારે શ્રીસીતાના તથા શ્રીરામના ગળામાં બકુલના પુષ્પના હાર નાંખવા, અને અંગઉપર અનેક સુગંધિક પુષ્પો ઉડાવવાં, અને સુંદર સીતલ ઉદક લઇ શ્રીરામ તથા શ્રીસીતા એ આજ મારીઉપર કૃપાકરી અવ્યાં છે એવું કહી, સેવામાં તત્પર થાવું, અને શ્રીસીતા તથાશ્રીરામ એઓના

હસ્તપાદ પ્રક્ષાલન કરવા, અને અચમનને શુદ્ધોદક આપવું, અને શ્રીસીતા રામચંદ્રજીને ઉત્તમોત્તમ પક્વફલો ભોજનને આપવાં, અને તે ફલો શ્રીસીતારામચંદ્રજી આરોગેછે, એટલામાં સંકેત ઉપરથી, ઉદક પ્રાશનનેઆપવું, અને ફલાહાર સંપૂર્ણ થયાં પછી મુખ હસ્ત પાદ પ્રક્ષાલન કરી, શ્રીસીતા રામચંદ્રજી સ્વસ્થ બેઠાં છે એપ્રમાણે જોઈ પછી તાંબૂલ અર્પણ કરવું, તથા સુગંધ દ્રવ્યો અર્પણ કરી હાથ જોડી પ્રાર્થના કરવી કે, હે રાજાધિરાજ, હે અયોનિસંભવ, હે વિશ્વવ્યાપક, હે અંતર સાક્ષી, હે જ્ઞાનદાયક, હે કોટિ સૂર્ય પ્રકાશમાન છતાં કોટિ હિમકર સુસીતલ, હે સુખદાયક, હે તારક, હું તુને અનન્ય શરણ છું, મુને તારી પ્રીતિ અખંડ રહો, તથા તારી અખંડ પ્રીતિયે કરી મુને આત્મજ્ઞાન સેહેજથશે, તથા નિરાકાર સ્વરૂપની શાંતી હે શ્રીરામ તારી કૃપાથી સેહેજ પ્રાપ્ત થશે અને શરીરમાએલા રોગો, તથા સર્વ જીવ થકે પીડા, તથા મરવા પછી સુક્ષ્મ શરીરને, ભોગસ્વપ્ન પડેછે, તે ભોગસ્વપ્નમાં સુખદુઃખ થાયછે, તથા વારંવાર જન્મલેવો પડેછે, તે સર્વ દુઃખ, હે શ્રીરામ તારી કૃપાથી મારૂં દૂર થાઓ અને પાપપુણ્ય સુખદુઃખ, હે શ્રીરામ તારી કૃપાથી એ કાંઇજ ન રેહે, અને સ્વર્ગમાં જઇ સુખ ભોગવવું, કિંવા નરકમાં પડી દુઃખ ભોગવવું, એ બેહુ, હેશ્રીરામ તારી કૃપાથી મારા જીવાત્માને નજોઈયે, અને મુને હેશ્રીરામ તારી કૃપાથી સંતોષ જોઈયે, અને હેશ્રીરામ મારી બુદ્ધી તારી કૃપાથી નરસા કર્મોની તરફ લાગે નહીં અને મુને હેશ્રીરામ તારી કૃપાથી ચોરી કરવાની બુદ્ધી નથાય, અને હેશ્રીરામ તારી કૃપાથી મુને જારકર્મ કરવાની બુદ્ધી નજોઈયે, અને હેશ્રીરામ તારી કૃપાથી મુને મદ્યા-

દિક માદકપદાર્થ ખાવાની ઈચ્છા નન્હોઈયે, તથા હેશ્રીરામ તારી કૃપાથી મુને માંસ ભક્ષણ કરવાની ઈચ્છા થાવી નન્હોઈયે, અને હેશ્રીરામ તારી કૃપાથી મુને હિંસા કરવાની ઈચ્છા થાય નહીં, અને હેશ્રીરામ તારી કૃપાથી હું ભૂગોલઉપરના સર્વ મનુષ્યો ઉપર પ્રીતિ કરૂં તથા તેઓને મારૂં નહીં એવી મુને બુદ્ધિ થાય, અને હેશ્રીરામ તારી કૃપાથી મુને પાણીમાં ફરવાવાળા જીવોને કિંવા આકાશમાએલા ઉડનારા જીવોને કિંવા જમીનઉપરથી દોરીનીપેઠે પડી ચાલનારા જીવોને કિંવા ઝિણાં કૃમી કીટકને તથા પશુઓને તથા વાંદરાઓને વગેરે સર્વ જીવોને મારૂં નહીં એવી બુદ્ધિ હેશ્રીરામ તારી કૃપાથી મુને મળે, અને હું મારા શરીરનું રક્ષણ કંદમૂળો ફલો તથા ધાન્યો તથા પર્ણ વગેરે ભૂમીમાથી ઊગનારાઉપર કરૂં તથા પોતાનું પેટભરૂં, તથા તે પદાર્થોની ઉત્પત્તિસારૂ મુને સર્વ જ્ઞાન, હેશ્રીરામ તારી કૃપાથી પ્રાપ્ત થાવ, અને હું તારી ભક્તી કરતો છતાં તથા લોકોઉપર પ્રીતિ રાખતો છતાં તથા સર્વ જીવોઉપર દયા કરતો છતાં તથા માંસ ભક્ષણ કરવું નહીં તથા કોઈપણ જીવને મારૂં નહીં તથા પોતાથી મરેલો જીવ ખાવો નહીં, કિંવા મારી કિંવા મરાવીને ખાવા નહીં, એવી ઈચ્છા ધરી રહ્યો છતાં જો મારા શરીરનો નાશ કરવા કોઈ શત્રુ આવશે, અને તેહેનો બંદોબસ્ત કરવા વખતે તે મારા હાથથી માર્યો જાસે, તેનું પાતકજન્ય નરસું કર્મફલ, હેશ્રીરામ તારી કૃપાથી મુને લાગે નહીં અને મારા મનમાં જાગૃતપણામાં તથા સ્વપ્નમાં તારૂં સ્મરણ હેશ્રીરામ તારી કૃપાથી મુનેરહે, તથા મારૂં મનન એ તારૂં સગુણ રૂપ થયું છે તથા સર્વ માનસપૂજન મનનોજ આકાર છે તેહેમાં હું સાક્ષી જુદોછું એવું પોત

પોતાને જોવું પણ શેવટે, તે સાક્ષિત્વ કરનારૂં સ્વરૂપ લીનકરી નાખવું, એવું જ્ઞાન, હેશ્રીરામ તારી કૃપાથી મુને થાઓ, અને એપ્રમાણેજ મુને નિરાકાર પરમાત્મા, કે જેહેને જગતનું ભાન તથા ભાવ નથી, અને જ્ઞાન સ્વરૂપજ છે, તેહેને હેશ્રીરામ હું અનન્ય શરણ રહું, એટલે મરવામછી મારા પ્રાણ લીન થઇ મારૂં અહંપણું ધરનારૂં જ્ઞાનપણ નહીંસું થઈ પરમાત્માની સેહેજ સ્થિતિજ હુંછું, પણ તે ઠેકાણે જ્ઞાન છતાં અહંકાર માત્ર ત્રિકાલનાવિશે નથી એજ સેહેજ સ્થિતિ છે, એસારૂ હેશ્રીરામ તારી કૃપાથી મુને તે સેહેજ સ્થિતિ રહો, એવી પ્રાર્થના વારંવાર કરવી, અને સર્વ વ્યવહાર ધંધા કરવા, પણ સ્મરણ નિરાકાર પરમેશ્વરનું અખંડ રેહેવું જોઈયે, અને પ્રાર્થના તથા માનસ પૂજા અને ધ્યાન, સગુણ સાકારનું કહ્યા પ્રમાણે કરવું, એપ્રમાણે કરનારાઓને તરવાનો ઉપાય સેહેજ મળેછે.

૨૫ કારણદેહમાં અજ્ઞાન છે તેવુંજ માહાકારણદેહમાં માહા અજ્ઞાન છે, એટલે અહંપણું ધરનારૂં જ્ઞાન, હું કોણ છું એ મુને ખબર પડતું નથી એવું કલ્પેછે એજ કારણદેહમાએવું અજ્ઞાન સમજવું, અને તે કારણદેહનો નાશ, માહાકારણદેહથી, એટલે હું બ્રહ્મછું એવી ભાવનાનેજ માહાકારણદેહ કહીયે, તે માહાકારણ દેહથી થાયછે, તથા તેહેની સાથે હું કોણછું એ મુને ખબર પડતું નથી એવા અજ્ઞાનનોપણ નાશ થાયછે, પણ હું પરબ્રહ્મછું એવી ભાવનારૂપી માહાકારણ દેહમાએલા મહાઅજ્ઞાનનો નાશ થાતોનથી, એથી વારંવાર જન્મમરણના ફેરા આવેછે, એસારૂ મહાકારણદેહમાએલું મહા અજ્ઞાન એટલે અહંબ્રહ્મ એવી મહાકારણ દેહની ભાવના ધરનારૂં જ્ઞાન મિથ્યા બ્રહ્મ એટલે શબલબ્રહ્મ છતાં એ-

ટલે વંધ્યાસુતપ્રમાણે મૂળેન નછતાં નિરાકાર સર્વત્ર ભરેલા સત્યજ્ઞાનસ્વરૂપનાવિશે, અહંબ્રહ્મભાવના ધરનારૂં જ્ઞાન મૂળેન પદાર્થ નછતાં, હું નિરાકાર પરબ્રહ્મછું એવી ભાવના અહંપણું ધરનારૂં જ્ઞાન માહાકારણદેહમાં કરેછે, એન માહાકારણદેહમાં, માહાઅજ્ઞાન છે, એ માહાઅજ્ઞાનની જાત; અગ્નીના પેટમાં કોયલો, તથા ભગવતગીતા અધ્યો પંધરમો શ્લોક બારમાપ્રમાણે, પ્રકાશના પેટમાં સૂર્ય ચંદ્રાદિક, એ દૃષ્ટાંતપ્રમાણે છે, એવું સમજી, એ માહાકારણદેહમાએલું માહાઅજ્ઞાન, એટલે આપણે અહંપણું ધરનારા જ્ઞાનરૂપી મિથ્યાછતાં મિથ્યા છૈયે એવું પોતપોતાને જોતા નથી એન માહાઅજ્ઞાન, એવું તે માહાકારણદેહમાએલું માહાઅજ્ઞાન, નિરાકારના એક અસ્તિત્વપણામાં બીજૂં અસ્તિત્વ ત્રિકાળનાવિશે નથી એવા વિચારથી નસાડવું, એટલે મિથ્યા, એટલે અત્યંત અભાવરૂપ સમજવું, એટલે પૂર્ણ મોક્ષ થયો, અને એવું માહાઅજ્ઞાન ગયું નથી, એટલે માહાપાતક ગયું નથી, તો છુટકો નથી, એસારૂ વેદાંતી પૂર્ણ થાઓ, અપૂર્ણ રેહેશો નહીં.

૨૬ આંધળો છતાં બેહેરો મુંગો નથી તો તેણે, શ્રવણ મનન તથા શ્રીરામ નામનો ઉચ્ચાર કરવો, તથા બેહેરો મુંગોછે પણ આંધળો નથી, તો તેણે સાકાર શ્રીરામ મૂર્ત્તિ સામું જોઇ શ્રીરામ મૂર્ત્તિપ્રમાણે મનોમય ધ્યાન તથા માનસપૂજા કરવી, કેમકે જન્માંધને સ્વપ્નમાંપણ દેખવાપણું નથી, મધ્યાંધને છે; હવે જે જન્માંધ, બેહેરો, મુંગો, અથવા બાલકો, કિંવા ચળેલા દિવાના, તથા પશુપક્ષ્યાદિક, વગેરેના તરવાસારૂ લોકોએ, પ્રાર્થના તથા ભક્તિ ઈશ્વરની કરવી, તથા સર્વ લોકોયે પોતપોતાને ઈશ્વરના, તથા પરમેશ્વરના, જ્ઞાનભક્તિવિષે બાલકની

પેઠે, તથા ગર્ભાંધ બેહેરા મુંગાનીપેઠે સમઝી, રામનામોચ્ચાર, તથા શ્રીરામના નામરૂપનું સ્મરણ, તથા શ્રવણ, મનન નિદિધ્યાસ, તથા સત્સમાગમ, ઇત્યાદિ આચરણ કરવું અને તરવું.

૨૭ ભૂગોલ એન કોઈ એક સ્વસ્વરૂપથકે ચળેલા દિવાનાઓને રેહેવાવાસ્તે ઈશ્વરે ઘર કરેલું છે (મ્યાડહૌસ) અને તેઓને સાજા કરવાસારૂ વૈદ્ય, તથા પંચાક્ષરી, સત્પુરૂષો નિમેલા છે, તે સત્પુરૂષોતો જે વિષયોનું નામ લઈ, જે દિવાનાઓ ભુંભો પાડેછે, તે વિષય તેહેને વળગ્યો એવું સમઝી તેહેનો ઉતારો થાય તેવૂંજ ઈશ્વરનું સાધન લગાડેછે, અને સત્કર્મરૂપી પથ્ય કેહેછે, એવો જગતમાએલા લોકોનો, તથા સત્પુરૂષોનો પ્રકારછે, અસ્તુ. જેણે જાણ્યું તેજ સમજ્યો, અરે લોકો! જન્મમરણરૂપી કાળ એન કોઈ મોટો ઉંચો, ઊંટનાજેવો અનંત હાથ પગ પુછડાં જડબાંઓનો એવો મ્યાંવ મ્યાંવ, કરનારો બલાડોછે. અથવા મોટો દંડીકોલઈ સંતાઇ બેઠેલા મારી નાખનારાનીપેઠે કાળ છે, એણે તમારા બાપનું માંથું ફોડ્યું માનું માંથું ફોડ્યું, તમારા વડાવા દાદાના દાદાના, તથા તેહેના વડવા દાદાના દાદાનાં, તથા બહ્મા પૂર્વજોના માથાં, જમીનરૂપી ખાટકી વાડામાં, દંડીકા મારી, ફડાફડ ફડાફડ ફોડ્યાં, તેવખત તેઓયે વિષયસુખ ગયુંરે! ઘર ડુબ્યુંરે! છોકરાં છેટે થયારે! બાયડી જુદી પડીરે! મુઈરે! હાય હાય! કુટો કુટો! એવા બુંમાટા બરાડા પાડ્યા, એટલામાં કાળે ડોક્નું લોહી ચુસ્યું, અને દબાવી કહ્યું કે, ચૂપ ચૂપ ચૂપ, વેદોક્તધર્મપ્રમાણે વરત્યો નથી, સત્સમાગમ કર્યો નથી, રામનું નામ લીધું નથી, તો પછી હવે કેમરે! હવેતો જ્યાંહાં જ-

ન્મ લઇશ ત્યાંહાંપણ મારતાં મારતાં તારા હાલહાલ કરીશ. જોકે, જે કોઇ વેદોક્ત ધર્મપ્રમાણે ચાલેછે તથા સત્સમાગમ કરેછે તથા રામનું નામ રૂપ સ્મરણ કરેછે તેહેનીઉપર મારો પરાક્રમ વ્યર્થ થાયછે,પણ તમે દુષ્ટ છો, મારી દાઢો તમારા માંથાની કાચલીઓ તથા મગજ (ભેજો) ખાવા સારૂ ચળવળેછે, એવું કહી કાળે ઘણાઓને ખાધા. તથા ખાયછે, તથા ખાશે, એસારૂ અરે છત્રિશ ટપલીનાઓ સાવધ થાઓ. અરે આંધળીનાઓ સાવચેત થાઓ, અરે વગર અંધળીઓનાઓ સાવધ થાઓ. અરે શુક કંચા જે વાંઝણી તે વાંઝણીના દિકરાઓ સાવધ થાઓ, અરે ગાળો આપીયો વાસ્તે નિંદા કરશો તો તમોને ખચીત કહુંછું. હું બ્રમ્હચારી બાવા છું. મારી ગાળોનો વિચાર કરો. મારી માં વાંઝણીછે. એસારૂ મારા નામથી મુને ઓળખો, એટલે તેવાજ તમો તમોને ઓળખશો. અને અહંપણું ધરનારા શબલ જ્ઞાનસ્વરૂપના એટલે મિથ્યાજ્ઞાનસ્વરૂપના પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપના વિશે સ્થિત એટલે સ્વસ્થ રેહેશો,, મારી ગાળો સાધારણ નથી. મારી ગાળો તત્વમસિ મહાવાક્યના બરાબરીથી ઉપદેશક છે.

૨૮ " તત્વમસિ,, એ મહા વાક્યના ઉપદેશમાં મર્મ એજ કે, તત શબ્દેકરી જે નિરાકાર એક છે તેવા લક્ષણે કરી ત્વં એટલે તું અસિ એટલે છે, પણ અહંપણું ધરનારૂં જ્ઞાન, એતો, જે તત્પદે કરી નિરાકાર કથન કર્યો તેમાં નથી તેથીજ, તું પણ અહંપણું ધરનારા જ્ઞાનાતીત નિરાકાર છે. સારાંશ તત-શબ્દનું લક્ષણ, ત્વં કહીને જેહેને કહ્યું તેમાં જોઈયે, તોજ જેહેને તત, ત્વં, કરીને કહ્યું તે તત, થયો,

૨૯ તત, નિરાકાર જે તેહેના વિશે અહંપણું ધરવું

કિંવા જગતને જાણવું ઇત્યાદિ પ્રકાર નથી; તે તત્ શબ્દનેજ ત્વં કહી, ફરી અસિ, એ પદે કરી છે કહ્યું, પણ એ ઉપદેશ તત, ત્વં, એવો કોણે સાંભળ્યો, તો અહંપણું ધરનારા જ્ઞાને સાંભળ્યો, અને તે સાંભળવાથી અહંપણું ધરનારા જ્ઞાનનું શું થયું, તો અહંપણું ધરનારૂં જ્ઞાન તત ન થાતાં મિથ્યા થયું, તથા જે તત, તેજ ત્વં, એ ઉપદેશનું કામ સિદ્ધિયે ગયું કેમકે, તત્પદનું લક્ષણ વર્ણન કર્યું તેમાં પેહેલા પ્રકરણના એકસો ત્રેપન્ન અંક થકે એકસોછપન્ન અંકસુધી કહેલા સમષ્ટિ, વ્યષ્ટિ, જીવ, ઈશ્વર, એઓના અસ્તિત્વ ભાવ તેજ મિથ્યા થઇ ગયા, એથી તત એનોજ અર્થ ત્વં રહ્યો; તેહેનામાં ઉપદેશ સાંભળવો નથી. પણ, તત ત્વં, એ ઉપદેશ અહંપણું ધરનારા જ્ઞાને સાંભળી આપણે મિથ્યા છૈયે એવો બોધ પામ્યું. જુવો જુવો તત્પદવાચ્યે કરી શુદ્ધ નિરાકાર જે અહંપણું ધરનારા જ્ઞાનાતીત તથા શબ્દ સાંભળવાતીત, તેજ ત્વં પદવાચ્યેકરી સેહેજ છે, પછી બોધ કેહેને કહ્યો, તથા તેથકે શું થયું ? તો અહંપણું ધરનારા જ્ઞાને તત વાચ્યાર્થ સાંભળી, પોતે નહીંસું થયું; તેથી ત્વં એ શબ્દ ગુરૂનો ગુરૂયેજ ગળ્યો, અને મૌન્ય થયો. કેમકે એ ઉપદેશ માત્ર છે, પણ નિરાકારના વિશે " " તત, ત્વં, એવો અંગુલી નિર્દેશ ઇદં પ્રત્યયનો નથી. તથા " " અહં પ્રત્યયના અંગુલી નિર્દેશને નિરાકારનાવિશે ત્વદ્દેશ નથી. તે સારૂ, આ માહાવાકયનો ઉપદેશ અહંપણું ધરનારા જ્ઞાનના નાશાર્થ મુખ્ય થયો. તે વંધ્યાસુતના નાશાર્થ, વંધ્યા એ શબ્દાર્થ બોધજ કારણ;

તેવો અહંપણું ધરનારા મિથ્યા જ્ઞાનના નાશ સારૂ "તત્વમસિ" એ, મહાવાકયનો બોધ કારણ છે.

૩૦ સાંભળોરે સાંભળો ચિત્તલગાડી સાંભળો, ઓ વેદપાડી-શ્રેષ્ઠો, ઓ ષડશાસ્ત્રપાડી શ્રેષ્ઠો, ઓ પુરાણિક શ્રેષ્ઠો, ઓ કથાકરનારા શ્રેષ્ઠો, ઓ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, એ ચારે આશ્રમના ઓ શ્રેષ્ઠો, ઓ બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય, શૂદ્ર, એ ચારેવર્ણના, એટલે સર્વખંડમાએલા તથા સર્વ દ્વીપ માએલા તથા સર્વદેશોમાયેલા સર્વલોકો, ઓ સર્વ ભૂમંડલમાએલી સ્ત્રિયો, ઈત્યાદિ સર્વ ભૂમંડલ ઉપરના સર્વ મનુષ્યો, ઓ આગળ થાનારીપ્રજ્જમાએલા સર્વલોકો. સાંભળો સાંભળો, ઓ તમો સર્વલોક આત્માએકરી એવી કલ્પના ધરોછો કે અમો એટલું પઢયાછૈયે પણ દુઃખનિવૃત્તિ, આનંદાવાપ્તી, વાસનાત્યાગ, એ લક્ષણો અમોને પ્રાપ્તથઈ શાંતી થાતી નથી તસ્માત આસર્વ વ્યર્થતો નહીં હોયનીં, એવી એક વખત કલ્પના કરોછો, અને ફરી કહોછો કે નહીં નહીં, પણ વળી અભ્યાસ કર્યોહોય તો શુધ્ધ બ્રહ્મજ્ઞાન થઇ, દુઃખનિવૃત્તિ, આનંદાવાપ્તી, વાસનાત્યાગ એ લક્ષણો અમારામાં આવશે. એપ્રમાણે કલ્પના ધરતાં ધરતાં શાંતિસુખને મુકાઇ વલોપાતથી મરણ પામોછો; એથીકરેલી કલ્પનાઓ,તથા કરેલાં અને કે સુકર્મો, એ તમારા આત્મામાં રેહેછે; તેથી આલોકના તથા સ્વર્ગાદિકલોકના વિષયભોગ ભોગવવાના આનંદભોગ તમોને મળોછે તથા સારાં પુનર્જન્મ શરીરો મળોછે, એ, તે સારાંકર્મોના અભ્યાસોનું સેહેજ ફલ છે પણ ભગવતગીતા અધ્યો ચોથાનો શ્લોક ૩૯ ઓગણચાળીશમો "જ્ઞાનંલબ્ધ્વાપરાંશાંતિમચિરેણાધિગચ્છતિ,, એટલે બ્રહ્મજ્ઞાન થયા પછી તરતજ ઉત્કૃષ્ટ શાંતિ

સુખ મળેછે એ શ્લોકાર્ધનો અર્થછે, પણ તમોને તો દુઃખ નિવૃત્તિ, આનંદાવાપ્તી, વાસનાત્યાગ, એલક્ષણો આવવાની ઇચ્છા હોયછે એથી શાંતી નથિહોતી; કેમકે જેહેને ઇચ્છા તેહેને શાંતીનથી તેમાટે શાંતી નથી એથી તમોને બ્રહ્મજ્ઞાન થયું નથી, એવું ઉપરના ભગવદ્વાકયાધારે ઠરેછે. એસારૂ તમોને બ્રહ્મજ્ઞાન થાય, અને શાંતિસુખ મળે, તથા દુઃખનિવૃત્તી, આનંદાવાપ્તી, વાસનાત્યાગ એલક્ષણોની કલ્પના નરેહે એબાબત અતિઉત્કૃષ્ટ વાત કહુંછું, તે દૃષ્ટાંતપરલેવી. જુવોજુવો કોઇ એક વિદ્વાન તથા તત્વવેત્તા એવો બ્રાહ્મણ હતો; તેહેને એક દિવસે એવું સ્વપ્ન પડયું કે, તે સ્વપ્ન સૃષ્ટીમાએલા એક ઘોર આરંણ્યમાંથી સ્વપ્નદેહથી ચાલ્યો છતાં, તેહેની પુઠે, સ્વપ્ન સૃષ્ટીમાએલો મોટો નબરો વાઘ લાગ્યો, ત્યારે તે બ્રાહ્મણ નાસવા લાગ્યો તોયપણ વાઘ તેહેનીપુઠ મુકેનહીં એટલામાં તે બ્રાહ્મણને ભય થયું એવું સ્વપ્નસૃષ્ટીમાએલા શિકાર કરનારા એક રાજાયે જોયું અને તે બ્રાહ્મણને રાજાયે અભયઆપી પોતીકા હાથીઉપરની અંબારીમાં લિધો ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો કે, હવે તો વાઘનાં ભયથી જે મુને દુઃખ થયું હતું તે દુઃખની નિવૃત્તિ થઇ, અને હું હાથી ઉપર રાજાની જોડે બેઠો તેથી આનંદ પાંમ્યો. એજ આનંદાવાપ્તી મને છે, તથા વાઘ, નાઠોનોતો તેહેનાં પેહેલાં વાઘ નાહાસીજાય એવી જે મે ધરેલી વાસના તે વાસના, હાથીઉપર બેસવાથી ગઇ, એજ મારાવિશે વાસના ત્યાગ થયો છે. એપ્રમાણે તે સ્વપ્નદેહેકરી સ્વપ્નમાં બોલે છે, એટલામાં સ્વપ્નદેહમાંજ, તેણે તે રાજાને પુછયું કે, આપ કયાંહોંના, અને કોણછો? ત્યારે રાજાયે કહ્યું કે, માહારાજ હું તમારા દીકરાનો મિત્ર. ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે અ-

મારા આશ્રમે ચાલો, ત્યારે રાજા બોલ્યો કે સાંપ્રતકાળે તમારો આશ્રમ ક્યાંહાં છે ? ત્યારે બ્રાહ્મણ બોલ્યોકે, અમારો આશ્રમ પંચવટીમાં છે. તે ઉપર રાજા બોલ્યો ઠીકછે. અમોને માર્ગની ખબર નથી, તમે માર્ગ દેખાડો. ત્યારે બ્રાહ્મણ તે સ્વપ્નસૃષ્ટીમાએલા, સ્વપ્નસૂર્યનારાયણપ્રકાશેકરી, જાગૃત અવસ્થા માએલા પંચવટીના રસ્તાનો, સ્વપ્નમાએલા વગર ઓલખાણના આરંણ્યમાંથી, સ્વર્મેંદ્રિય દ્વારે શોધ કરવા લાગ્યો; ત્યારે તે બ્રાહ્મણને વિચાર પડ્યો કે હું આવ્યો કેમ! અને આ આરંણ્ય ક્યાંહાંનું ! અને આ છેશું ! પછી તેહેને તે વિચારથી સમઝાયું કે, અરે આ આપણો સ્વપ્નરૂપી સ્વપ્ન સૃષ્ટીમાયેલો દેહ છે, અને આ શરીર થકે જાગૃત અવસ્થા માએલો આપણો દેહ ભિન્ન છે. એપ્રમાણે તે બ્રાહ્મણને સ્વપ્ન પડતું છતાં, સ્વપ્નસૃષ્ટી માએલા તે સ્વપ્નદેહમાં યાદ આવ્યું કે, આ આપણો સ્વપ્ન દેહછે, અને હું અજ્ઞાનપણાથી વાઘના ભયથી છુટવાની દુઃખનિવૃત્તી, તથા હાથીઉપર બેસવાની આનંદાવાપ્રી, તથા વ્યાઘ્રના ભય થકે છુટવાની વાસનાનો ત્યાગ, વગેરે પ્રકાર થયો એવું માંનુછું. હરહર! સ્વપ્નમાએલો, આ મારો સ્વપ્નદેહ, એ વ્યાઘ્રે ખાધો તોય મારા જાગૃતપણાના દેહનોનાશ થાતો નથી, પછી હું સ્વપ્નમાંએલા શરીરે કરી, સ્વપ્ન માએલા વ્યાઘ્રભયના દુઃખની નિવૃત્તી ઇછી, એનું કારણ, જાગૃત દેહ, એ મારા સ્વપ્નદેહ કરતાં વિલક્ષણ છે એવું જ્ઞાન નોતું એન, તેથી હું સ્વપ્નદેહેકરી, હવે આ સ્વપ્નમાએલા વ્યાઘ્રને ડરતો નથી, તથા એણે ખાધો તોય મને દુઃખ નથી, અને આ મારા સ્વપ્ન દેહને સ્વપ્ન સૃષ્ટી માએલા રાજાયે સ્વપ્નના હાથી ઉપર બેસાડ્યો એથી

મને આનંદાવાપ્રી થઈ એપણ વ્યર્થ, તથા આ સ્વપ્નમાએલા વ્યાઘ્રના ભયથકે છુટવું, એવી એ સ્વપ્નદેહમાએલી વાસનાનો ત્યાગ થવાથી હું કૃતકૃત્ય થયો એવું પણ નથી. હરહર ! આ સ્વપ્ન સૃષ્ટી માએલા સ્વપ્નદેહના આધારે કરી મેં ઇચ્છા રાખી હતી કે, થવી વ્યાઘ્રભયજનિત દુઃખનિવૃત્તિ, રેહેવી આનંદાવાપ્રી, અને થવો એન વાસનાનો ત્યાગ, એ વિચારથી. સ્વપ્નદેહેકરી સ્વપ્નવ્યાઘ્રને ડરી નાસતો હતો, તેટલામા સ્વપ્ન સૃષ્ટીમાએલાન આ રાજાયે હાથીઉપર લીધો, એથી જે ઇચ્છેલું હતું તે થયું; પણ એ સર્વ વ્યર્થછે, કેમકે, આ સ્વપ્ન દેહથકે જાગૃત દેહ ભિન્નછે, એવું જે જ્ઞાન જોઈયે, તે બાબત, જે અજ્ઞાન, તન્મૂલક એ સર્વ હતું; પણ હવે તે અજ્ઞાનન ગયું, એથી આ સ્વપ્નદેહમાં આ સ્વપ્નસૃષ્ટીમાએલી વાસના હોવી, અથવા વાસના ત્યાગવી, એ મને બેઉ સમાન, તથા દુઃખ નિવૃત્તી, તથા આનંદાવાપ્રી અથવા આનંદનિવૃત્તી, દુઃખ પ્રાપ્રી, એ મુને બેઉ સમાન, તથા આ સ્વપ્નસૃષ્ટીમાં સ્વપ્નદેહથી પાપપુંણ્ય બનીઆવ્યાં તોય મને બેઉ સમાન, તથા આ સ્વપ્નસૃષ્ટી માએલા સ્વપ્નદેહથી પાલખીમાં બેસવું, અથવા દુર્ગંધીમા ડુબવૂં અથવા ફાસીઉપર ચહડવું, એ સર્વ મને સમાન, તથા આ સ્વપ્નદેહથી શાંતીમા રેહેવું, કિંવા વલોપાત કરવો, એ બેઉ મને સમાન, તથા આ સ્વપ્નસૃષ્ટીમાએલા સ્વપ્નદેહેકરી વંધ્યસાવૂં તથા નિર્ધનતારો થયો તથાપિ બેઉ મને સમાન, તથા વર્ષની ટીપનો કેદી છુટ્યો તેહેને જન્મ ટીપનું મનુષ્ય, જેવો પશુદેહ મનુષ્યને જુવેછે તેવો જુવેછે, અને બારવર્ષની ટીપનો કેદમા હોયછે, તે કેદમાથી છુટેછે તેહેને ભાઇ તું મુક્ત થયો એવું કેહેછે, અને મોક્ષપા-

ચ્યો એવું કેહેછે, અને છુટેલો પણ હા હા કહી નવાબ આ-
વેછે, અને મુક્તપણાનો આનંદ માનેછે; તેહેની પ્રતિષ્ઠા કેદ-
માથી છુટ્યા નથી તેઓમાન, તથા તેહેની પણ પેહેલાના
છુટ્યા હશે તેઓમાન, પણ સાર્વભૌમ રાજા, જે કેદી અ-
થવા કેદમાથી મુક્ત એ બેહુ વાતોથી જુદો, તેહેની આગળ
છુટ્યો એ પ્રતિષ્ઠા શું! એપ્રમાણે મને આ સ્વપ્નસૃષ્ટીમાએ-
લા સ્વપ્ન દેહેકરી નિત્ય બદ્ધપણું, તથા નિત્ય મુક્તપણું, તથા
બદ્ધ મુક્તપણું, તથા મુમુક્ષુત્વ, ઇત્યાદિ સર્વ સમાન, તથા
આ સ્વપ્નદેહેકરી સાર્વભૌમ રાજ્યપ્રાપ્તી, તથા બદામઆપો
એસાર ભિક્ષા માગવાની સ્થિતિ, ઇત્યાદિ બેહુ સમાન, તથા
આ સ્વપ્નદેહથી, હાર, જીત, મને બેહુ સમાન, તથા મને
આ સ્વપ્નદેહથી, ચોર, ચુગલીઓ છીનાળાપણું, તથા સાહુ
સત્ય બ્રહ્મચર્ય, ઇત્યાદિ બેહુ સમાન, તથા મુને આ સ્વપ્ન-
દેહેકરી બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, એ ચાર આ-
શ્રમ, એટલે શરીરે કરી દેવના ભજનસાર રેહેવાના મુકામો,
તથા આશ્રમ વિરહિતપણું, એવા બેહુ સમાન, એપ્રમાણે
સ્વપ્નસૃષ્ટી માએલા સ્વપ્નદેહેકરી હાથીહુપર બેસી વિચાર કરે-
છે, પણ આ મારો સ્વપ્નદેહ હવે જાસે, તેસાથે આ સવ
હાથી તથા રાજા વગેરે વૈભવ એનુ કાંઇજ ખુણખાણ ઠેકાણું
રેહેશે નહીં. પછી આ સ્વપ્નમાએલા શરીરમાં આનંદાવાપ્તી,
તથા દુઃખ નિવૃત્તી, તથા વાસનાત્યાગ, એઓની પ્રાપ્તીની
ઇચ્છા રાખવી એ મૂર્ખપણું નથી કેશું? હા! તે મૂર્ખપણુંજ
છે. એવો તે બ્રાહ્મણ સ્વપ્નમાજ આ સ્વપ્ન એવું ઓળખનારો
જ્ઞાની, તે સ્વપ્ન જતાંજ જાગૃત અવસ્થાના દેહહુપર આવી
વિચાર કરવા લાગ્યો કે, જેમ સ્વપ્નમાએલા દેહથી જાગૃત

દેહ, ભિન્નછે એવો વિચાર મને સ્વપ્નદેહમાં થયા પછી સ્વપ્ન-
દેહમાએલી આનંદાવાપ્તી, દુઃખનિવૃત્તિ, વાસનાત્યાગ, વગેરે
થવાની વાસના મને નોતી તેપ્રમાણેજ અહંપણ ધરનારા મિ-
થ્યાજ્ઞાનરૂપનો સ્વપ્નનીપેઠે, પણવિચારથી લય થવાનો, અને
મારૂં સત્ય નિરાકાર રૂપ રેહેવાનું, એ સાર અહંપણું ધરનારા
જ્ઞાનને તો, સ્વપ્નમાં સ્વપ્નદેહને સ્વપ્નદેહેકરી ઓળખવા પ્ર-
માણે ઓળખ્યો, પછી સ્વપ્નમાએલાદેહેકરી દુઃખનિવૃત્તી
આનંદાવાપ્તી, વાસનાત્યાગ, મને શાસાર જોઇયે એવું મને
લાગ્યું; તેમજ મને અહંપણું ધરનારા જ્ઞાનેકરી હું મિથ્યાછું
એવો બોધ તથા જ્ઞાન થયું, તથા મારૂં નિરાકાર સ્વસ્વરૂપ
જુદું છે એવું મારા જાણવામાં આવ્યું. હવે આ અહંપણું
ધરનારા મિથ્યારૂપી જ્ઞાનને આનંદાવાપ્તી, દુઃખનિવૃત્તી, વા-
સનાનો ત્યાગ, એ લક્ષણો મારામાં આવવાથી સત્યત્વ આ-
વશે કે શું! તો નહીં. અહંપણું ધરનારૂં જ્ઞાન મિથ્યાછે,
તે મારૂં મને સ્વપ્નનીપેઠે અસ્ત પામશે એવો અનુભવ છે,
એ સાર એવા અહંપણુંધરનારા મિથ્યારૂપી આપણે છતાં,
સ્થૂલ દેહપણ મિથ્યા એવું આપણા જાણવામા આવ્યું, પછી
હું આનંદાવાપ્તી, તથા દુઃખનિવૃત્તી, તથા વાસનાનો ત્યાગ,
ઇચ્છુંછું એ મારૂં મૂર્ખપણું નથી કે શું! હા મૂર્ખત્વ છે. એ
સાર બ્રહ્મજ્ઞાનીઓએ, અહંપણું ધરનારા જ્ઞાનથીજ અહંપણું
ધરનારૂં જ્ઞાનરૂપ મિથ્યા છે એવું સમઝવું એટલે તેહેને જાગૃત
પણાનો દેહ ભિન્નછે એવું સ્વપ્નદેહમાં સ્મરણપામનારા બ્રા-
હ્મણની સ્થિતિ જેવું દૃઢજ્ઞાનેકરી મસ્તપણાથી સંસારમાં
રેહેતાં આવડશે. અને ત્યાગ ભોગ સમાન જણાશે, તથા
દુઃખનિવૃત્તીની, તથા આનંદાવાપ્તીની, તથા વાસનાત્યાગની,

એ તેણેની ઇચ્છા રેહેવાની નથી, અને સ્વપ્નદેહાધારેકરી સ્વપ્નઅવસ્થાને જાગૃતઅવસ્થાથકે ભિન્નપણાથી સ્મરનારા બ્રાહ્મણના, સ્વપ્નદેહમાએલી, શાંતીપ્રમાણે, અહંપણું ધરનારા જ્ઞાનને શાંતી રેહેશે, અને જાગૃત થયા પછી તે સર્વજ ગયું, પણ સાક્ષિત્વ રહ્યું, તેમપણ અહંપણું ધરનારૂં મિથ્યારૂપી જ્ઞાન અસ્તથયા પછી. સાક્ષિત્વ રેહેવાનું નહીં. એ મેં લખેલા બોધને જેઓ સમજશે તેઓની કૃતકૃત્યતા હું શા સારૂ વર્ણન કરૂં તથા તેઓના લક્ષણો શું કહું, કેમકે તેઓનાં લક્ષણોનું પ્રમાણ કરીયે તે થોડું. તથા તે વાચાળ બોલશે તેહેને અમે આકાશ વાણી માનીશું, એવા તે ધન્ય, તેઓને ઓળખશે તે ધન્ય ધન્યોહં, ધન્યોહં, ધન્યોહં.

૩૧ જહત્, અજહત્, જહદાજહત્, એ ત્રણ લક્ષણોનોવિચાર એવો કે, જહત એટલે ત્યાગ, તથા અજહત એટલે અત્યાગ તથા જહદાજહત એટલે મૂળથીજ સર્વનો ત્યાગ, એલક્ષણોનો " તત્વમસિ " એ મહાવાક્યના બોધમાં એવો ઉપયોગ કરવોકે, જહત એટલે આપણા અહંપણું ધરનારા જ્ઞાનરૂપેકરી સર્વનો સાક્ષી હું છું તે હું સર્વથી જુદો છું એવું જાણી શરીરને હું કેહેવું એનો ત્યાગકરવો, તથા અજહત, એટલે સાક્ષિરૂપી જે હુંછું તેહું કોણછું એવા વિચારનો ત્યાગ કરવો નહીં, અને તત, ત્વં, એ ઉપદેશેકરી આપણે જે સાક્ષિત્વાતીત નિરાકાર છૈયે તે આપણા નિરાકાર સ્વસ્વરૂપના વિશે અહંપણુંધરનારૂં, તથા સાક્ષિત્વ કરનારૂં, જે વિજાતીય જ્ઞાન, તે મિથ્યાછે એટલે મૂળેજ નથી, તેથી ત્યાગ, અત્યાગ, એ જે તેહેના લક્ષણો, તે તેહેના મિથ્યાપણાએ, મૂળેજ અભાવને પાંમ્યાં, તેથી જહદાજહત કેહેવું. થયું અસ્તુ. હવે

બીજો વિચાર એવોકે, તત, એટલે તે નિરાકાર એવું કહ્યું તેઉપર ઇદં પ્રત્યયનું લક્ષ રાખેછે તે જહત, એટલે નાખીદે, તથા અજહત, એટલે ત્વં, તત. એ બોધેકરી તુંજ નિરાકાર એવું પોતે પોતાને સમઝ. અને તે તારૂં નિરાકાર સ્વરૂપ જે તેણે, જગત જે સ્થાનકે છે, તે સ્થાનકે ન હોવું તોજ જગતને જાણવું, પણ તારા નિરાકાર સ્વસ્વરૂપનાવિશે એકદેશિત્વ તથા વ્યાપ્યવ્યાપકત્વ નથી, તે સારૂ તારા સર્વત્ર નિરાકાર સ્વસ્વરૂપમાં બિજું અસ્તિત્વ રેહેવાનુંજ નથી, એ ન્યાયેકરી, અહંપણુંધરનારા, તથા સાક્ષિત્વ કરનારા મિથ્યા, એવા વંધ્યાસુતવત જ્ઞાનનો, મૂળેજ નિરાકાર સ્વસ્વરૂપનાંવિશે ત્યાગ થયો, એટલે જહદાજહત થયું અસ્તુ. હવે ત્રીજો મુખ્ય વિચાર, તત્શબ્દે કરી, તે પણ ભાસેછે જેહેને તેહેનો જહત, એટલે ત્યાગ કર, તથા ત્વં, તત્ શબ્દેકરી, અહું, તત, એવું ભાસેછે જેહેને, તેહેનો જહત એટલે ત્યાગકર, એટલે જહદાજહત થયું, એટલે ત્યાગ અત્યાગનો મૂળેજ અભાવ થયો, અને નિરાકાર રૂપેકરી નિરાકાર રહ્યો. સારાંશ. જો ત્વં શબ્દાર્થના સ્થાનનાવિશે અહંપણુંધરનારા જ્ઞાનનું અહંત્વ નથી, તો તત સ્થાનનાવિશે ઇદંત્વ કોહોને હશે ? કેમકે, જે ઠેકાંણે અહું, તે ઠેકાંણે ઈદં, એવા ન્યાયેકરી, તત સ્થાને અહં નથી. તેથી તત સ્થાનકને, ત્વં, સ્થાન. ઈદં નથી, તથા, ત્વં સ્થાનકે અહં નથી, તેથી ત્વં સ્થાનકનાવિશે તત સ્થાન ઇદં નથી, એથી તત નિરાકારન ત્વં નિરાકાર, અસિ એટલે છે. તથા તત નિરાકારના વિશે એકદેશિત્વ તથા પરિચ્છિન્નત્વ નથી, તેથી સાક્ષિત્વ કરવાને અન્ય પદાર્થોજ નથી, તેથી જ્ઞાનરૂપ સ્વસ્વરૂપનાવિશે જ્ઞાન તથા અસ્તિત્વ તથા આનંદ છતાં, અસત,

અચિત, દુઃખ. એ, વિજાતીનો, મૂળોજ ભેદ રેહેવાનેં, નિરાકાર વગર, બિજી ખાલી જગોજ નથી, તેથી સચ્ચિદાનંદ શબ્દ સંભવતો નથી તથા ગુરૂનાબોધ જેટલોબોધ, ગુરૂથકે શિષ્યને થયો, તેથીજ ગુરૂ કેમ મુંગો બેઠો, તથા તેહેનું મન પરાવૃત્ત કેમ થયું એ શિષ્યને સમઝાણું, અને શિષ્ય મૌન્ય બેઠો તથા મન પરાવૃત્ત થવાથી સંશય કાઢે નહીં તેવો થયો, અને ગુરૂને તથા શિષ્યને નિરાકાર રૂપેકરીજ ઐક્યત્વ આવ્યું, અને "જહદાજહત" લક્ષણો કેહેવાનુ તથા "તત્વમસિ" કેહેવાનું સમાપ્ત થયું.

હઠયોગ તથા રાજયોગ

પ્રકરણ ૧૩ મું.

૧ વેદોક્ત ધર્મમાં અંતઃકરણના શુધ્યર્થ, તથા ઇંદ્રિયો દમનાર્થ, તથા નિરાકાર સ્થિતીના પ્રાપ્તીના અર્થ, હઠયોગ, તથા રાજયોગ એવા યોગના બે પ્રકાર કહેલા છે, તેમાં રાજયોગ, એટલે અહંતા ધરનારૂં જે ચારે અવસ્થામાં એક જ્ઞાન છે, તે જ્ઞાન, પોતે પોતાને વિચાર દૃષ્ટિએ જોઇ હું મિથ્યા છું એટલે હું અહંતા ધરનારૂં જ્ઞાન મૂળોજ નથી એવું અનુભવતૂં નથી, ત્યાંહાં સુધી,, અનંત પોલાણની અંદર, નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનું એક જે અસ્તિત્વ છે, કે જેહેનું સર્વ ઠેકાણે અચંચલ એવું એક અસ્તિત્વ છે, એથી પોલાણ, તથા પોલાણના આધારે ભાસનારૂં પંચભૂતાત્મક ભૂગોલાદિક અનંતગોલરૂપી જગતનું, પરમાણું જેવડું પણ અસ્તિત્વ રેહેવાને, નિરાકાર અસ્તિત્વવિના ખાલી જગોજ નથી, એવા તે નિરાકાર તત્વનો વિયોગ (એટલે જુદાપણું) આપણને છે એવું લાગેછે, પણ તે નિરાકારના એક અસ્તિત્વમાં અહંતા ધરનાજ્ઞાન, પોતે પોતાને વિચાર દૃષ્ટિયે જોતાં જોતાં, તે આદી મિથ્યા છે તેથી અંતે મિથ્યા થયું, એટલે નિરાકારતત્વજ, અહંતા ધરનારા જ્ઞાન પેહેલાનો હું છું, એવું ઐક્યપણું, એટલે યોગ થાયછે, આ યોગને જ્ઞાનયોગ, અથવા રાજયોગ કેહેછે, આ રાજયોગ આત્મજ્ઞાનીઓને થયો એટલે તેઓને

પાપ પુંણ્ય તથા સુખ દુઃખ તથા વારંવાર જન્મ મરણ વગેરે કાંઇજ ભોગવવું રેહેતું નથી, કેમકે, નિરાકારતત્વને, તેહેના અંગના અંગેજ જ્ઞાન તથા આનંદ છતાં. બિજું પંચભૂતાત્મક ભ્રમસ્વપ્ન, તેહેને ભાસતું નથી, એવું તેજ નિરાકારરૂપ, અહં-તાધરનારા જ્ઞાનપેહેલાનું રાજયોગીનું છે, એવા તે રાજયોગીના અનુભવેકરી તે રાજયોગીને નિરાકારનુંજ અસ્તિત્વ, તથા જ્ઞાન તથા સુખ પ્રાપ્ત થયું, એથી તેહેને જન્મ મરણ વગેરે કાંઈજ રહ્યું નથી, પણ એવો જ્ઞાનયોગ, કે જેહેને રાજયોગ કેહે છે, તે મનુષ્યના શરીરમાએલા અહંતાધરનારાજ્ઞાનને મળ-વો જોઈયે તેવાસ્તે, અનેક પ્રકારના, જ્ઞાન યોગના (એટલે રાજયોગના) પ્રાપ્તીસારૂ સાધનરૂપી યોગમાર્ગ, કર્મકાંડમાં, તથા ઉપાસના કાંડમાં, શિવયોગ, તથા વિષ્ણુયોગ, તથા કર્મયોગ, ઈત્યાદિ કહેલા છે, તે સર્વનુંજ હદ્દ ધરી આચરણ કરવું, તેથી હઠયોગ એવી સંજ્ઞા છે, તે હઠયોગના પ્રકાર. નિચે લખ્યા છે તે પ્રમાણે સમજવા, અને જેહેને જે પ્રકાર સારો લાગે, તેણે તેહેની ભક્તિ એટલે પ્રીતી, બુદ્ધીમાં દઢ કરવી, અને તેપ્રમાણે આચરણ કરવું. અને તેહેનું પ્રીતીયેકરી આચર-ણ કરવાનેજ ભક્તિયોગ એવી સંજ્ઞા છે; એવાસ્તે, તે હઠ-યોગના સર્વજ પ્રકાર સાંભળો.

૨ આપણું મન, તથા અંતઃકરણ, વાસનારહિત થઈ, અહંપણુંધરનારા જ્ઞાન પેહેલાના, સ્વકીય નિરાકાર સ્વસ્વરૂપ-ના વિચારની તરફ. હરકતવગર લાગવું, તેથી મલમૂત્રનો ત્યા-ગ કરી, તાહાડ ઘણી હોય તોયપણ, તેવખત હદ્દથી, તાહા-ડનો ભય ન રાખતાં, સીતોદકે સ્નાન કરવું, અને અહંપણું

ધરનારા જ્ઞાન પેહેલાના, સ્વકિય નિરાકાર સ્વસ્વરૂપનો વિયોગ જીવાત્માથી દુરથાય, એ વિચારમાં; નિદ્રાને, વૃત્તીના બાહેર, હદ્દથી નસાડીને, બેસવું, એહેને હઠયોગકહીયે, તથા-અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, પોલાણની અંદર ભરેલા, પોતપોતાના નિરાકાર સ્વસ્વરૂપની પ્રીતિયેકરી, આપણે તેવું કરીયેછૈયે, તેથી, તેજ સાધનરૂપી ભક્તી, નિરાકારની થઇ.

૩ આપણને પંચ વિષયની સ્મૃતી રેહે નહીં, અને મનમા-યલી કલ્પનારૂપી આકૃતી ભાંગિપડે, તથા શરીરસંબંધી સુખ દુઃખનું સાક્ષિત્વ એટલે જાણવાપણું રેહેનહીં, તથા સ્વ-પ્ન, અથવા નિદ્રા આવે નહીં, અને શરીરપીંજરામાએલા પંચપ્રાણરૂપી સૂક્ષ્મવાયુઓ, એ શરીરપીંજરા થકે જુદાથઇ શરીરપીંજરાની અંદરની પોલાણમાં ઉભારેહે, અને તે વાયુમાં, જે આપણે, અહંપણું ધરનારા મિથ્યાજ્ઞાનરૂપ છૈયે, પણ ગોળમાં ગળપણ, તેમ તેપ્રાણવાયુમાં પોલાણ જેવા તત્વ-રૂપ છૈયે, તે આપણને આપણે, નિરાકાર એકતત્વના અ-સ્તિત્વમાં. બિનજોકેમ રહ્યા, એવું જોતાંજોતાં, અહંપણું ધરના-રા જ્ઞાનરૂપ જે આપણે તે મિથ્યા થઇ. અહંપણુંધરનારાજ્ઞાન પેહેલાના નિરાકારરૂપે છૈયે, તેવાજ રહીયે છૈયે અને જે અહંપણુંધરનારું જ્ઞાન રૂપ મિથ્યાથઇ નહીંસું થયું. તે તો, ફરી શરીરના ભાનઉપર. આવવું હોયજ નહીં. અને અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું નિરાકાર પોતપોતાનું સ્વરૂપ, તેજ આપણે થઇને રહ્યા, તે આપણા નિજરૂપને દેહ, કિંવા પંચ-વિષયરૂપેકરી દેખાનારું જ્ઞાન, મૂળેજ જણાવવાનું નહીં, પછી નિર્વિકલ્પ સમાધી પામેલા યોગીના શરીરના વ્યાપાર કોણે કરવા, તથા ઉપદેશ કોણે કરવો તથા વેદ શાસ્ત્રો, એ

જે અનુભવના પુસ્તકો લખ્યાં, તે અનુભવ કોણે લખ્યો, એ શંકાઓ ઉત્પન્ન થાયછે, પણ તે શંકાઓનું નિવારણ એવું છેકે, જેવખત અહંપણું ધરનારું જ્ઞાન, શબલ બ્રહ્મ, (એટલે મિથ્યા બ્રહ્મ) એ કારણ હતું, તે વખત તત્કાર્ય; જે પરમાણું રૂપી સ્થૂલ દેહમાં ઉત્પન્ન થયેલું, લિંગદેહ રૂપી હોયછે, તે સ્થૂલદેહ જીવતો રેહેછે એથી સમાધી થઇ તોય રેહેછે, તે કાર્યનો, ફરી અહંપણુંધરનારા જ્ઞાનરૂપી કારણ ભાવ; જેમ હાંડલાની માટી થાયછે તે ન્યાયેકરી થાયછે, અને પેહેલા, અહંપણુંધરનારા મિથ્યાજ્ઞાનમાં, નિરાકાર સત્યજ્ઞાનનો ઉદય થયેલાનો અનુભવ, અહંપણું ધરનારું, જે જ્ઞાન, નવુંજ, કાર્યનું, કારણ, એવા ન્યાયથી થયું, તે અહંપણું ધરનારા જ્ઞાનેકરી, જે જ્ઞાન નહીંતું થયું, તે જ્ઞાનનાં સન્જાતિત્વથી, હાલનું જ્ઞાન હોવાથી, તે અનુભવ કેહેતાં આવેડે છે, એ સમાધીનો વ્યુત્થાન પ્રકારછે એ વ્યુત્થાનપ્રકાર, તથા ઉપર કહેલાપ્રમાણે નિર્વિકલ્પ સમાધી, સાધવાં, એ હેતૂ ધરી, પ્રાણાયામ કરવા, એટલે મુખના બાહેરની, તથા મુખના અંદરની, એટલે સર્વ શરીરમાએલી) જે એક પોલાણછે, તે પોલાણમાં, પોલાણનો અભાવ કરનારો, જે નિરાકાર તત્વનો અસ્તિત્વ ભાવ; તેજ આપણું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું સ્વરૂપ છે, એવી ધારણા; બુદ્ધિએ કરી (એટલે વૃત્તીના નિશ્ચયથી) ધરીએ, એટલે પ્રાણાયામ થાયછે, તથા પ્રાણાયામ, એટલે પ્રાણને સ્થિરતા આપવી, એજ પ્રાણાયામ છે, એ પ્રાણાયામ ઘણું અન્નખાધાથી થતો નથી, વાસ્તે આરણ્યમાં જઇ, ફલ મૂલ ભક્ષણ કરી, હદ્દથી શરીર, માએથી સુકું (એટલે ઓછો રસ થએલું,

એવું રાખવું) અને તે પ્રાણાયામ સાધવા સારૂ, પૂરક તથા કુંભક, તથા રેચક, એ ત્રંણે, હદ્દથી ત્રાહાટેછે. હવે પૂરક, એટલે હોટબીડી, એક નાકસોરી જમણાંહાથની આંગળીયે બંધરાખી, એક નાકસોરીની રાહે, શ્વાસવાયુ, પોતાની શક્તીપ્રમાણે અંદર ખેંચવો, એજ પૂરક છે, તથા અંદર ખેંચ્યા પછી, બેઉ નાકસોરીઓ બંધકરી, દમ બંધરાખી ધરાય, ત્યાંહાંસુધી, મનોમય, ભ્રુમધ્યના અંતર્ભાગમાં, નીલવર્ણ, પણ મસુર પ્રમાણે, વર્તૂલ તથા ઝીણો, બિંદુ કલ્પવો, એજ કુંભક છે, અને ફરી, જે નાકસોરીની રાહે, અંદર વાયુને ખેંચ્યો, તેજ નાકસોરીની રાહે, બાહેર છોડવો, એહેનેજ રેચક કહીયે, એપ્રમાણે પૂરક તથા કુંભક, તથા રેચક, એ પ્રાણાયામ સધાય ત્યાંહાંસુધી ત્રાહાટતાં એટલે અભ્યાસ કરતાં રેહેવું, એ હઠથી કરેલા, વિયોગ જવાના સાધન કર્મને હઠયોગ કહીયે, તેમાં ખુબી એજ છે કે, જે નાકસોરી, શ્વાસવાયુથી સાફ વેહેતીહોય, તેજ નાકસોરીની રાહે પૂરક, તથા રેચક, કરવો, અન્ય કરવો નહીં, એટલે આંતરડાં દુખશે નહીં, તથા આકામ, અતિક્ષુધા, તૃષા, લાગેલી હોયછે, અને ઉપોષણથી શરીર શુષ્ક થયેલું હોયછે, તથા આરણ્યમાં એકાંત વાસડોયછે, તે ઠેકાણે, તેનિવાસનેવિશે ચાલેછે, પણ એ સર્વ હઠધરી કરેલાકર્મને, હઠયોગ કહીયે, એ કર્મમાં, મુખ્ય નિરાકારનો વિયોગ જીવાત્મામાંથી જાય એવી પ્રીતી હોયછે, તેજ સાધનરૂપી ભક્તી, નિરાકારની થઇ.

૪ આપણને સત્ય જ્ઞાનની પ્રાપ્તી થવી; એવો હેતૂ ધરી હઠથી વ્યવહાર ધંધાઓ, થોડી વખતસુધી બંધ રાખી,

વિષ્ણુમૂર્ત્તિ અથવા શંકરમૂર્ત્તિ, અથવા ગજાનનમૂર્ત્તિ, અથવા દેવીની મૂર્ત્તિ, ઇત્યાદિ મૂર્ત્તિઓનીતરફ જોઇ, તેવૂંજ, મનોમય, પ્રકાશમાન તથા સચેતન, તે અવતારોનુંધ્યાન, મનોમય, મનનૂંજ કલ્પી, મનોમય માનસપૂજા કરવી, એહેને પણ, હદ ધરીને કથ્યાથી, હઠયોગ એવી સંજ્ઞાછે, તથા વિષ્ણુયોગ એવીપણ સંજ્ઞા છે, તથા. આ માનસપૂજા કર્મ, આપણને, અવતારી પુરૂષોથકે, સત્યજ્ઞાન, અને ભક્તી પ્રાપ્ત થાય, એવી પ્રીતી રાખી કર્યું, તેથી તેજ સાધનરૂપી ભક્તી, નિરાકારની થઇ.

૫ તાળવામાં ઉભી રેષા તાણી, અને ભ્રુમધ્યમાં આડી રેષા તાણી, એટલે જે ઠેકાણે, મસ્તકની અંદરના ભેજાની એટલે મેંદૂની ગાંઠના મધ્યભાગે, બેરેષાઓના મોઢાં, એક ઠેકાણે જ્યાંહાં મળેછે, તે સ્થાનકે, ધ્યાન કરવાસારૂ. હઠથી, પદ્માસન નાખી, શરીરથી સ્થિર થઇ, મનેકરી, નીલવર્ણ, પણ મસુરનીદાળ જેવો વર્તૂલ બિંદુકલ્પી, તેઉપર મન સ્થિર કરવું, એટલે ગળાનીચેના શરીરની પોલાણમાં, ધ્યાન યોગ પૂર્ણ સિધ્ધ થયા પછી, તે બિંદુ થકે પ્રકાશ ઉત્પન્ન થાયછે, તથા તે બિંદુપણ, સાકાર વિષ્ણુ અવતારરૂપ ધારણ કરેછે, અને તાત્કાળ હાસ્ય વદનકરી, ફરી નીલવર્ણ બિંદૂજ થાયછે અને તે નિરાકાર તત્વના ન્યાયેકરી, જે તત્વ, તેઉપર, ઉભો હોયછે, તે ઠેકાણે ભૂગોલ વગેરે પદાર્થો નહોવાથી દિશાઓ નથી, અને એપ્રમાણે થયા પછી, છાતીની અંદરની બાજુની પોલાણમાં, માંસના ઝુંમખા થએલા છે તેમાએલો સૂક્ષ્મ વાયુ, કે જે વાયુમાં સર્વ શરીરને જાણનારૂં જ્ઞાન રહેછે તે વાયૂ તે ઠેકાણેથી છુટી, શરીરની પોલાણમાં જે મસ્તકમાથી નીલવર્ણ બિંદુનો પ્રકાશ ફેલાયલો હોયછે, તે પ્રકાશઉપર ઉભો રહેછે, તે વાયુમાં જે જ્ઞાન, આ સર્વ શરીરને છોડીને રહેછે, તે જ્ઞાનને, અતિશેજ સુખ થઇ, ઘરમાએલા મનુષ્યોને જેમ આપણ થકે ઘેર જુદુંછે એવું દેખાયછે, તેપ્રમાણે સર્વ શરીર, માંએથી શરીરને સ્પર્શ નકરતાં, જ્ઞાનને જુદું જણાયછે, અને તે વાયુ, તે મસ્તકમાએલા, નીલવર્ણ વાયુરૂપ બિંદુને મળવાસારૂ, આપોઆપ મસ્તકની તરફ ઉપર જાયછે, પણ શરીરની માએલીબાજુયે નેત્રેંદ્રિયોની સાખે તે વાયુ આવ્યો, એટલે તેહેને, તે પોલી જગોમાથી, દૂરનું એટલે હજારો કોશો ઉપરનું હળવે બોલવું, પરભાષાનું હોય તોયપણ સ્વભાષામાં સાંભળવામાં આવેછે, અને સર્વ બ્રહ્માંડગોલો પ્રકાશથી વીંટેલા, એકદમ અનેક, તથા ચારે તરફ દેખાયછે તથા હજારો કોશ ઉપરના પદાર્થો તે નજરેથી જોવામાં આવેછે, તથા તે વાયૂ તેહેનીઉપર કિંચિત્ ગયો, એટલે ભૂગોલાદિક બ્રહ્માંડગોલોના આંદોલનનો નાદ, તે સુક્ષ્મ વાયુમાએલા જ્ઞાનને, ગોલઉપર ગોલ; ઘંટીના પડની પેઠે ફરે, તો જેવડો ગડગડાટ થશે, તેથી વધારે નાદ સાંભળવામાં આવેછે; અને તેઉપર તે વાયુ ચઢીગયા પછી, તે વાયુમાએલા જ્ઞાનને તે નાદ સંભળાતો નથી, અને શરીર પણ માએથી દેખાવાનું તે દેખાતું નથી, અને શેવટે, તે નીલવર્ણ બિંદુની, તથા આ નિચેથી ગએલા વાયૂની ઐકયતા થાયછે, તેવખત. જેમ અજ્ઞાનીને, હું શરીરછું એ જેહેન લાગેછે, તેમજ, તે બિંદુસહિત, ઐકય થએલા વાયુમાએલા જ્ઞાનને, (એટલે મહા અજ્ઞાનને) હું નિરાકાર તત્વછું, એ જેહેન સ્થિતિએકરી લાગેછે એ અહંપણું ધરનારા જ્ઞાનની સ્થિતિને,

તૂર્યા અવસ્થા એવીસંજ્ઞા છે, એપ્રમાણે તે તૂર્યા અવસ્થામાં, સુખનો પારાવાર નથી તે પછી તે તૂર્યસ્થ જ્ઞાન, પોતે પોતાન એવું જોવા લાગેછેકે, નિરાકારના નહલનારા, તથા નચળનારા, એક અસ્તિત્વમાં, મારૂં બિન્દું અસ્તિત્વ શીરીતે રહ્યું ! એપ્રમાણે જોવાલાગ્યા, પછી તે જ્ઞાન, વાયુના અસ્તિત્વસહિત ખોવાઇ જાયછે એટલે મિથ્યા થાયછે, અને નિરાકાર સર્વત્ર અસ્તિત્વેકરી જ્ઞાનરૂપ જે પરમેશ્વર, તેહેનું તેજ આપણું સ્વરૂપછે, એવી ભાવનાથી, ઐક્યભાવ મૂળનોજછે, તેવો યોગી રેહે છે, પછી, અહંપણું ધરનારૂં જ્ઞાન, શરીરમાંથી નહીંસું થવાના સાધન યોગને લાગવા પેહેલાં, જે કાર્યરૂપેકરી, કાંઇ દેહભાગ જીવતા રાખનારા કાર્યરૂપે હોયછે, તે કાંઇક કાળ નિર્વિકલ્પ સમાધીમાં નિકળીગયા પછી, ફરી અહંપણું ધરનારા જ્ઞાનરૂપેકરી, (હાંડલાની માંટી એ ન્યાયેકરી) પ્રગટ થઇ, લીન થએલા જ્ઞાનનો અનુભવ, અહંપણું ધરી, કેહેછે, અને શરીરના અંતકાળસુધી સર્વ વ્યવહાર કરી, નિરાકારજ આપણે છૈયે, એ ધારણાના અનુભવને તથા આનંદને વિસરતો નથી, એવું રેહેછે, એવા, બિંદુધ્યાનના યોગથી, આત્મપ્રાપ્તીના માર્ગને મીનમાર્ગ એવી સંજ્ઞાછે તથા એવા યોગને શાળુંકામાએલી એટલે જલાધારીમાએલી પિંડીપ્રમાણે બિંદુ ધ્યાન કરવું, તેથી શિવયોગ કેહેછે, અને આ યોગ પ્રથમ હદ્દધરી અભ્યાસ કરવાથી થયો, તેથીજ, એહેને હઠયોગ એવી સંજ્ઞાછે, તથા નિરાકારનો જીવાત્મામાંથી વિયોગ જાય એવી પ્રીતિ રાખી કર્યો, તેથી તેજ સાધનરૂપી ભક્તિ, નિરાકારની થઈ.

૬ આપણા શરીરની પોલાણના, અને અનંત ગોલોના

ઉપર નીચે, અનંત અપાર પોલાણ ફેલાણીછે તેનુ ઐકયપણું છે, અને ભેદ નથી, એવા તે સર્વ પોલાણમાં, શરીરમાએલા ભાગને, પણ તે પોલાણઉપર પંચપ્રાણ વાયુઓછે, તે પ્રાણવાયુમાએલા, જે આપણે તે આપણા અહંપણું ધરનારા જ્ઞાનસ્વરૂપેકરી, પોતેપોતાને આપણે પોલાણની અંદર નિરાકાર ભરેલા છૈયે, એવું ધારણાથી જોવું એટલે દ્રઢ ધારણાના યોગથી, સર્વ શરીરમાએલા પ્રાણવાયુ તથા તેમાએલું જ્ઞાન નાસ્તિત્વ પામેછે, અને નિરાકારજ આપણે રહિયે છૈયે, પણ, જો એવા યોગમાં, શરીરનો અંતકાળ આવ્યો તો આપોઆપ પેટની ચાંમડી હલવી બંધ થયા પછી શ્વાસ સ્થિર થાયછે, અને જે પંચપ્રાણ રૂપ વાયુમાં જ્ઞાનછે, તે પંચપ્રાણરૂપી વાયુ શરીરથી જુદા થઇ, પોલાણનીઅંદર, હું નિરાકાર તત્વ છું એવી જ્ઞાનની ધારણાથી, સર્વ કર્મસહિત, વિસ્મૃતિરૂપી બીનનો નાશથઇ વાયુ લીન થાયછે, તેથી તે જ્ઞાનપણ રેહેતું નથી, એ અત્યંત પ્રીતીથી નિરાકારના ઐકય ચિંતનના યોગનું ફલ છે; ઇત્યાદિ ધારણા કરવાના માર્ગને, વિહંગમ માર્ગ કેહેછે, આ વિહંગમ માર્ગ હદ્દધરી અભ્યાસ્યો તેથી જાણવામાં આવ્યો, એથી એહેને હઠયોગ એવી સંજ્ઞા છે; અને નિરાકારનો વિયોગ જીવાત્મામાંથી જવાસારૂ અતિ પ્રીતીથી અભ્યાસ્યો તેજ સાધનરૂપ ભક્તિ નિરાકારની થઇ.

૭ ઇંદ્રિયો તથા મન સ્વાધીન કરી, ઇશ્વરની તરફ લગાડવાસારૂ, હઠથી મર્કટચેષ્ટા જેવાં સ્નાનસંધ્યા તથા પૂજા આર્ચા વગેરે અનેક સારાં કર્મો, હાથેથી કરવાં તથા મન વાણીયે કરવાં એ-માર્ગને મર્કટમાર્ગ કેહેછે, તથા હઠધરી કર્યાં, તેથી હઠયોગ કેહેછે, તથા નિરાકારનો વિયોગ, જીવા-

ત્માથી જવાસારૂ અતિપ્રીતીથી અભ્યાસ્યા, તેથી તેજ સા
ધનરૂપ ભક્તિ નિરાકારની થઇ.

૮ આપણા અહંપણું ધરનારા જ્ઞાનને સગુણ સાકા
અવતાર મૂર્ત્તીના સાક્ષાત્કાર થાય તથા અનેક લીલાઓ
દેખાય અને શેવટે, અહંપણું ધરનારૂં જ્ઞાન મિથ્યા થઇ, ચ
પણે નિરાકારરૂપી, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાના છેયે
વાજ રહીયે, તેસારૂ, આ પિપીલિકામાર્ગ કહુંછું, એ મા
એવું છે કે, શરીરની અંદર, સાત ચક્રો કલ્પવાં, અને તે ચ
ક્રોમાં દેવતાઓ કલ્પવા તથા ઘડિયાળના કાંટા, જુદી જુદી
રીતથી ફરેછે, તેપ્રમાણે, તેતે ચક્રમાએલા પ્રાણના ફરવાનું ગ
ણિત લક્ષવું, અને તેતે ચક્રોના સ્થાનકે, જે જે દેવતાની
કલ્પના કરવાની તે તે દેવતાની માનસપૂજા કરવી, અને જેમ
કીડી ઝાડની ડાળીઓ, પાનડાં ફરતી ફરતી, શેવટે ફલઉપર
મોહોંચેછે, તેમ આપણે આપણું અહંપણું ધરનારા જ્ઞાનપેહે
લાના નિરાકાર સ્વરૂપઉપર લક્ષ આપી અહંપણું ધરનારૂં
જ્ઞાન નહીંસું કરી, નિરાકાર સ્વરૂપેકરીન રેહેવું. પણ એ હઠ
ધરી કરવા તેથી એહેને હઠયોગ કહીયે, તથા કીડીના ચાલ
વાપ્રમાણે મનેકરી, સપ્તચક્રોઉપર ચાલવું તેથી એ માર્ગને,
પિપીલિકામાર્ગ કહીયે, હવે સપ્ત ચક્રોના નામો તથા તેમાં જે
દેવતાઓ ચિંતવા, તેઓનો પ્રકાર એવો કે, ગુદસ્થાને,
ચાર પાંખડીનું રાતુંકમલ કલ્પવું, તેહેને આધાર ચક્ર એવુંનામ
કલ્પવું, અને તેમાં શ્રીગજાનન અવતાર તથા સિદ્ધિ બુધ્ધી
બે બાજુયે સ્ત્રિયો કલ્પવીઓ, અને તેહેની માનસપૂજા કરવી
અને ત્યાંહાંના કમલના ચાર પાંખડીઓઉપર છસો વખત
આઠ પોહોરમાં પ્રાણવાયુ ફરેછે એવું કલ્પવું, તેપછી લિંગ-

સ્થાને, છ પાંખડીનું પીતવર્ણ કમલ કલ્પવું, અને તેહેને સ્વાધીષ્ઠાનચક્ર એવું નામ કલ્પવું તેમાં બ્રહ્મદેવ અવતાર સાવિત્રીશક્તીનાસહીત બેઠેલા છે, એવું કલ્પવું અને તેહેની માનસપૂજા કરવી, અને તેઠેકાણે આઠ પોહોરમાં, છ હજારવખત પ્રાણ ફરેછે એવું કલ્પવું, તેપછી, નાભિસ્થાને શ્વેતવર્ણ એટલે ધોળુંસફેદ દસ પાંખડીનું કમલ કલ્પવું, અને તેહેને મણિપૂર ચક્ર એવું નામ કલ્પવું, અને તેમાં શામસુંદર કમલ નયન સુહાસ્ય વદન ચતુર્ભુજ વિષ્ણુઅવતાર બેઠેલાછે, અને સન્નિધ ગૌરવર્ણ લક્ષ્મી બેઠેલીછે, એવું કલ્પવું, અને તેહેની માનસપૂજા કરવી, અને તે ઠેકાણે આઠપોહોરમાં છ હજાર વખત પ્રાણ ફરેછે એવું કલ્પવું. તેપછી હૃદયસ્થાને, આકાશમાએલી વિજળીના રંગનું, બાર પાંખડીનું એક કમલ કલ્પવું અને તેહેને, અનાહત ચક્ર એવું નામ કલ્પવું અને તેમાં ચતુર્ભુજ, તથા કર્પૂરગૌર ત્રિનેત્ર, શંકર અવતાર કલ્પવો અને પાસે ગૌરવર્ણ પાર્વતી કલ્પવી અને તેઓની માનસપૂજા કરવી, અને તે ઠેકાણે પ્રાણવાયુ, આઠપોહોરમાં, છ હજાર વખત ફરેછે એવું કલ્પવું તેપછી, કંઠસ્થાને, ધૂમ્રવર્ણ એવું સોળ પાંખડીઓનું એક કમલ કલ્પવું, અને તેહેને, વિશુધ્ધચક્ર એવું નામ કલ્પવું. અને ધુંમાડાના ઢગલાં આવ્યાં પ્રમાણે તે ઠેકાણું કલ્પવું. અને તે ઠેકાંણે, તે ચક્રમાં સિંદૂર વર્ણ, અઢાર ભુજાનો, એકાકી, જગદંબાનો અવતાર કલ્પવો, અને મનેકરી શરણજઇ માનસપૂજા કરવી, અને તે જગો એ આઠપોહોરમાં એકહજાર વખત પ્રાણફરેછે એવું કલ્પવું તે પછી ભ્રૂમધ્યસ્થાને, અર્ધચંદ્રાકૃતી કલ્પી તેઉપર સૂર્યમંડલ કલ્પી, તેઉપર બે બે બાજુયે ગોલ એવીઓ, એકને એક

નડેલીઓ પાંખડીઓ. એવું એકકમલ કલ્પવું, તેહેને જ્ઞાનચક્ર એવું નામ કલ્પવું, તેમાં અનેક રંગો ચમકેછે એવું કલ્પવું, અને તેમાં શ્રી દત્તાત્રેય અવતાર શામસુંદર, છ ભુજાઓ, અને એક મુખ એવા ઊભા છે, એવો દેદિપ્યમાન શ્રીગુરૂ દત્તાત્રેય અવતાર મુકુટ કુંડલો શોભાયમાન, તથા એકાકીછે એવો કલ્પવો, અને તે ક્ષણમાં અનંત રૂપો ધરી સાક્ષાત્કાર આપશે એવું કલ્પવું અને હે ગુરૂ એવું કહી તેહેને મનથી શરણ જવું, અને તેહેની માનસપૂજા કરવી, અને તે ઠેકાણે આઠ પોહોરમાં એક હજાર વખત પ્રાણ ફરેછે એવું કલ્પવું, તેપછી, તાળવાઊપર હળવે હળવે આંગળી ફેરવતાં છતાં, જે ઠેકાણે આંગળીનો સ્પર્શ થવાથી, માથામાએલા વાયૂઊપર ફેરફાર થાયછે એવું લાગેછે, તે ઠેકાણેથી, ઊભી રેષાતાણી, અને ભ્રૂમધ્યસ્થાનેથી આડી રેષા તાણી, એટલે બેઊ રેષાના છેડા જે સ્થાને ભેળા થાશે, તે ઠેકાણે, જ્યાંહાંત્યાંહાં પ્રકાશને ઉપમા સૂર્યાદિકો થકે મળનારા પ્રકાશની નથી એવા પ્રકારનો શાંતપ્રકાશ કલ્પવો, તેમાં અનેક પાંખડીઓ ઊપર નીચે અંત નથી એટલી ઝીણી મોટી અનેક કલ્પવીઓ તેહેને સહસ્રદલચક્ર એવું નામ કલ્પવું, અને તેમા નીલવર્ણનો મસુરનીદાળ જેવડો વર્તૂળ બિંદુ કલ્પવો, અને તે બિંદુ, ક્ષણમાં શામસુંદર બાલકરૂપઆકૃતીધારણકરી હાસ્યવદનકરી ક્ષણમાં બિંદુરૂપથઈ દેખાયછે એવો કલ્પવો, અને તેહેની માનસપૂજા કરવી, તથા તેહેનું ધ્યાંન કરવું, અને તેહેને બકુલના પુષ્પોનો સુગંધ આપ્યો એવું કલ્પવું, અને દૂધઊપરની મલાઇ, સાકર નાખી આપેલી, તથા સુંદર સુગંધ ફલો તેણે ભક્ષણ કર્યાં એવું કલ્પી, તેહેના ધ્યાનમાં નિમગ્ન થવું, અને

તે ઠેકાણે આઠપોહોરમાં એક હજાર વખત પ્રાણ ફરેછે એવું કલ્પવું, એપ્રમાણે થયાપછી એવું કલ્પવું કે, આઠ પોહોરમાં સાત ચક્રો મળી એકવીસ હજાર છસો વખત પ્રાણ ફરેછે, તેહેના આધારથી, જે જે જાગૃત અવસ્થામાં તથા સ્વપ્નાવસ્થામાં તથા સુષુપ્તી અવસ્થામાં તથા તૂર્યાઅવસ્થામાં, ઇત્યાદિ અવસ્થાઓમાં, મારા તરફથી કર્મો થયાં હોય, તેતે મારા અહંપણું ધરનારા જ્ઞાનના વિસ્મૃતીરૂપ અવસ્થામાં, બીજમાં વૃક્ષ, તેવાં ઢંકાઈ રહેલાંછે, પણ હું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલા, જે નિરાકારછું, તે મારા રૂપમાં, અહંપણું ધરનારૂં જ્ઞાનજ મિથ્યાછે, એ સારૂ તે મિથ્યા જ્ઞાનનું, મારા નિરાકાર અસ્તિત્વમાં કાંઇજ રહેલું નથી, એથી વિસ્મૃતી, તથા તે વિસ્મૃતીમાએલાં ગુપ્ત રહેલાંકર્મો, મારા અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપ ધારણાયેકરી, હું નહીંસાં કરૂંછું એવું કલ્પવું, અને પોલાણની અંદર, નિરાકાર અચલ તત્વરૂપ અસ્તિત્વથી, પોતે પોતાને દૃઢ નિશ્ચયથી, વૃત્તીમાં ભાવધરી અનુભવવું, એટલે સર્વકર્મો સમાપ્ત થાયછે, એ પિપીલિકા માર્ગ છે, એ માર્ગ, હઠથી અભ્યાસવો, તેસારૂ એહેને હઠયોગ કેહેછે, તથા નિરાકારના, જીવાત્મામાંથી વિયોગ જવો, એવી પ્રીતિથી અભ્યાસ કર્યો, તેથી તેજ સાધનરૂપ ભક્તિ, નિરાકારની થઈ.

૯ નાભીના કંદથકે સર્વ શરીરમાં એકંદર બોત્તેરહજાર નાડીઓ ફેલાંણીઓછે એવું ધ્યાનમાં લાવવું, અને તે નાડીઓમાંથી, પ્રત્યેક ઇંદ્રિયમાં, દસદસ નાડીઓ, એવીરીતે, દશેંદ્રિયોમાં થઈ, સો નાડીઓ ગઈઓછે, એવું ધ્યાનમાં આણવું, અને મસ્તકથી પગના નખસુધી, જે શરીરમાએલી પોલાણછે

તે પોલાણનેજ, સુષુમ્ના નાડી એવી સંજ્ઞાછે, તે સુષુમ્નામાં, પંચપ્રાણ વાયુ રેહેછે, અને બોત્તેરહજાર નાડીમાં, તથા સર્વ શરીરના સાંધામાં પ્રવેશ કરી, જાગૃતપણાની અવસ્થામાં શરીર તોળી રાખેછે; અને પોલાણરૂપી સુષુમ્ના, એ નામની જે નાડી, તેજ શરીરમાએલા પંચપ્રાણવાયુ રેહેવાની જગોછે, તે જગો, અન્નોદક માએલા પરમાણું, જારે વ્યાપેછે, તેવખત પંચપ્રાણરૂપ વાયુ, એશરીરના બાહેરની પોલાણમાએલા વાયુને, પોતાની મદત સારૂ લઈ, તે શરીરમાએલી પોલાણમાં, એકઠા થએલા સર્વ પરમાણને, ઉશ્વાસરૂપેકરી, બાહેર કાઢી, પછી ફરી, ભિન્નપરમાણ એકઠા થાયછે, તેઓને કાઢવાસારૂ, શ્વાસ (એટલે શરીર બાહેરની પોલાણ માએલા વાયુને પંચપ્રાણ, એ આપણી મદત સારૂ અંદર લેછે, તેજ શ્વાસછે,) તથા બાહેર છોડવા, એ ઉશ્વાસછે, એ વ્યાપાર, સર્વકાળ ચાલુ હોયછે, તથા એવ્યાપાર, ડાબી નાકસોરીની રાહે ચાલેછે, તેવખત ઈડાનાડીમાંથી, અથવા ચંદ્રનાડીમાંથી, શ્વાસોશ્વાસ ચાલેલોછે એવી યોગી લોકોની બોલવાની રીતછે; તથા જમણી નાકસોરીની રાહે, શ્વાસોશ્વાસ સાફ ચાલેછે, તે વખત, પિંગલાનાડીની રાહે, અથવા સૂર્યનાડીની રાહે શ્વાસોશ્વાસ ચાલેલોછે, એવી યોગીલોકોની બોલવાનીસંજ્ઞાછે, તથા જમણું પડખું જમીનઉપર ટેકી, ડાબું પડખું ઉપર કરી, થોડીકવાર સુઇરહીયે, એટલે ડાબી નાકસોરીમાંથી બંધ થયેલો શ્વાસોશ્વાસ, ખુલો થઈ, ફરીચાલુ થાયછે, એવા ઈડામાંથી પિંગલામાં, તથા પિંગલામાંથી ઈડામાં, શ્વાસ બદલવાની સંધીમાં, બેઉ નાકસોરીઓમાંથી બરાબર સમાન શ્વાસોશ્વાસ થયો એટલે બે બાજુમા, વેચાઇ ગયાથી,

થોડો જણાયછે, એટલે તે સંધીમાં અતિશય સુખ થાયછે; કેમકે, તે વખત, કિંચિત્ કાળ, મનની કલ્પનાઓ નહીંશીઓ થાયછે, એજ સુખનું કારણ છે, તથા નિદ્રામાંપણ મનની કલ્પનાઓ નથી, તથા શરીરનું બોઝું, પ્રાણવાયૂના માથાઉપરથી ઉતરેલું હોયછે, તેથીજ સુખ હોયછે, તથા નિરાકાર પરમેશ્વર તત્વમાં જ્ઞાનછતાં કલ્પના કરવાની ખટપટ નથી. તેથી સર્વકાળ સુખજ છે; એપ્રમાણે શરીરનો તથા શ્વાસોશ્વાસનો, તથા નાડીનો વિચાર યોગીજનોએ ધ્યાનમાં રાખવો, અને એ વિચાર ધ્યાનમાં ધરનારા આપણે, પંચપ્રાણરૂપી વાયૂનું તથા તે વાયૂની સાથે સર્વ શરીરનું આકર્ષણ પ્રેરણ કરનારા, તથા મનોમય બડબડનારા તથા જ્ઞાનેંદ્રિયેકરી પંચવિષય જાણનારા, તથા કર્મેંદ્રિયેકરી ક્રિયા કરનારા તે આપણે, અંતઃકરણ પંચકરૂપી આકાશભૂત છૈયે, એટલે પોલાણ જેવા તત્વછૈયે, એવું ધ્યાનમાં રાખવું, એ યોગીજનોને પ્રથમ વિચાર હોવોજ જોઇયે.

૧૦ જમણી નાકસોરીની રાહે, એટલે પિંગલા જે સૂર્યનાડી તેહેની રાહે, શ્વાસવાયુ સાફ વેહેતો કરી, પછી એટલાં કામો કરવાસારૂ બેસવું, એટલે વાદવિવાદ કરવો, તથા વ્યાખ્યાન દેવું, તથા પોથી વાંચવી, તથા ગાયન કરવું, તથા કુસ્તી મારવી, તથા દોડવાની શરત કરવી, તથા યુધ્ધને ઊભું રેહેવું, તથા હુકમ બજાવવા જવું, તથા પાણીમાં પેસવું તથા થંડીમાં પેસવું, તથા ઉપદેશ કરવો, તથા સભામાં વિચાર દર્શવવા, એ સર્વ કામો, જે વખત જમણી નાકસોરીમાંથી શ્વાસોશ્વાસ સાફ ચાલતો હોય, અને ડાબી નાકસોરી-

માંથી બંધ થવાજેવો હોયછે, તે સમયનાવિશે કરવાં, તોજ, ઉપર કહેલાં કામો કરવામાં, તેજ હોય છે; અને ઉપર લખેલાં કામો કરવાને જવા પેહેલા, શ્વાસવાયુ જમણી નાકસોરીમાંથી પૂરો વેહેતો કરવો, તે પછી એ ઉપર લખેલાં કર્મોને પ્રારંભ કરવો, તોજ તે કામો તેજદાર થશે, નહીંતો બગડશે, એમાં સંશય નહીં.

૧૧ ડાબી નાકસોરીનીરાહે, એટલે ઈડાનાડી; કે જેહેને ચંદ્રનાડી કેહેછે તેહેનીરાહે, શ્વાસોશ્વાસ વાયુ સાફ ચાલેલો હોયછે, અને જમણી નાકસોરી કાંઇક બંધ હોયછે, એવા તેવખતે એટલાં કામો કરવાં, એટલે ઘરમાએલા કુટંબી માણસોનીસાથે પ્રીતીનું ભાષણ તથા સગાંવાહાલાની આગતા સ્વાગતા, તથા મૂર્ખ મનુષ્યોને સમઝણ પાડવી, તથા દ્રવ્ય દેવું લેવું, તથા અન્નોદક ગ્રહણ કરવું, તથા મળમૂત્રનો ત્યાગ કરવો, ઈત્યાદિ એકામો. ચંદ્રનાડી એટલે ડાબી ઈડાનાડી શ્વાસવાયુથી સાફ ચાલતી હોય, તેવખત કર્ત્યાં જવાં, તેથી સુખભંગ થતો નથી.

૧૨ ડાબીજમણી એવી બેઉ નાકસોરીઓમાંથી સમાન શ્વાસોશ્વાસ વાયુ ચાલતો હોય તેવખત આપોઆપ સર્વ કલ્પનાઓ બંધ પડેછે, એવી તે ઉભયસંધીમાં સંધ્યા કરવી, તે એવી કે, સુષુમ્ના નાડીમાં, એટલે શરીરમાએલી પોલાણમાં, આપણે અચલ તત્વ નિરાકાર, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાંજ, સર્વ પોલાણનું પોલાણપણું નહીંમું કરનારા એક તત્વ છૈયે, એવી ધારણા, એટલે વૃત્તીની કલ્પના કરવી, તથા એ નિરાકાર ધારણા સિધ્ધ થવાસારૂ, રક્તવર્ણ, અથવા શ્વેતવર્ણ, અથવા કૃષ્ણવર્ણ, એ ત્રણ પ્રકારનો, પોલાણઉપર

પ્રકાશ કલ્પવો, એ ત્રણ સંધ્યારૂપી સાધન છે, એ સાધનથી, એટલે એ અભ્યાસથી શરીરનું ભાન, જે અહંપણું ધરનારા જ્ઞાનને છે, તે જ્ઞાન, સુખ દુઃખ થનારા પદાર્થો થકે ડરતું નથી, અને આત્મજ્ઞાનના સુખેકરીજ સુખી રેહેછે, એ સાધારણ ફાયદો નથી, પણ જેઓને સુક્ષ્મગતીનો વિચાર નથી, તેઓને એમાં કાંઇજ નથી એવું લાગશેજ લાગશે; તોયપણ શાહણાયે વિચારકરી સમઝવું; કેમકે, આ યોગમાર્ગ, અત્યંતજ ગહન છે.

૧૩ હઠયોગના માર્ગમાં, મેરૂ એવી સંજ્ઞા, પીઠનું જે ઊભું હાડકું એટલે બરડો છે તેહેને છે, તથા કાકી મુખ, એ સંજ્ઞા, મસ્તકનું છીદ્ર, બરડાના કાંટાના ઉપરના અંગને વળગેલું જેવું છે, તે છિદ્રને, કાકીમુખ એ સંજ્ઞાછે, અને તેજ છિદ્રને દશમી ખડકી એવી સંજ્ઞાછે, તથા તેહેનેજ, ક્કારાંત, એવી સંજ્ઞા છે.

૧૪ હઠયોગના માર્ગમાં, ભ્રમરગુંફા, એવી, મસ્તકના ગોલ હાડકાની માએલું ભેજું રેહેછે, તે ગોલ ઘેરને સંજ્ઞાછે, અને ભ્રમર એટલે, મનના સહીત જીવ, મિથ્યાતત્વરૂપ જે, તેહેની રેહેવાની ગુંફા, તેથી ભ્રમર ગુંફા, એવી મસ્તકના માએલા ઘેરને સંજ્ઞા છે,

૧૫ હઠયોગના માર્ગમાં, ઔટપીઠ, એવી સંજ્ઞા, સાડાત્રણહાથ સ્થૂલદેહને છે, તથા મસ્તક માએલો જે નીલવર્ણ વાયુરૂપી બિંદુ તે બિંદુમાએલી જે જ્ઞાનવૃત્તીની હું નિરાકાર તત્વછું એવી ભાવના, તે ભાવનાધરનારા જ્ઞાનવૃત્તીનેજ, અર્ધમાતૃકા એવું નામછે, અને ત્રણગુણની ત્રણેવૃત્તીનેજ ત્રણમાતૃકા કલ્પેલીઓછે, તેથી તે અર્ધમાતૃકા રૂપી વૃત્તીનું તથા ત્રણ

માતૃકારૂપી વૃત્તીનું, રેહેવાનું જે ઠેકાણું, નીલવર્ણ બિંદુ, તે બિંદુનેપણ ઔટપીઠ એવી સંજ્ઞાછે, એટલે ત્રણગુણોની ત્રણવૃત્તીઓ, એટલે ત્રણમાત્રા, તથા હું નિરાકાર એવી જે ભાવના, તેજ અર્ધમાત્રા, એવીઓ મળી, સાડાત્રણ માત્રા, એટલે ઔટમાત્રા, એઓના રેહેવાની જગો, જે બિંદુ, તેહેનેજ ઔટપીઠ એવી સંજ્ઞાછે; અને ઔટમાત્રા. એટલે જ્ઞાનની સાડાત્રણ વૃત્તીઓ, તેહેની નિશાણી. (ૐ) એવા શબ્દકરી. અ, ઉ, મ, તથા અર્ધમાત્રા, એટલે ત્રેણેનો ઉચ્ચાર રૂપી જે એકનાદ એસમજનથી બોધ કરેછે, તે એવોકે, જેવા, નાદના, અ, ઉ,મ, થયા તેમજ, મૂળ અર્ધમાત્રા વૃત્તીની, ત્રણવૃત્તીઓ થઇઓ, પણ તે નિશાનીથી, ઉપર લખ્યા પ્રમાણે, ઔટપીઠ, એટલે બિંદુ એવું સમઝવું, તથા સાધારણ ઔટપીઠ સમઝવું, એટલે સાડાત્રણહાથ સ્થૂલદેહ સમઝવો.

૧૬ હટયોગના માર્ગમાં, ગોલ્હાટ, કરીને છાતીની માએલી પોલાણમાં, જે ઉલટો પ્રાણછે, તે પ્રાણમાએલા જ્ઞાન વૃત્તીને, ઇંદ્રિયો વગર, પોતીકા સ્વરૂપનો, યથાર્થ બોધ નથી એવા તે પ્રાણવાયૂના રેહેવાના ઠેકાણાંને, ગોલ્હાટ એ સંજ્ઞાછે.

૧૭ હટયોગના માર્ગમાં, શ્રીહાટ, એવી સંજ્ઞા, તાળવા ઉપર આંગળી ફેરવવાથી, શરીરસ્થવાયૂ ઉપર, ફેરફાર થઇ તાળવાનો મુખ્ય બિંદુ ઠરેછે, તે બિંદુની જગોને, સર્વ શરીરની જ્ઞાનશક્તી રેહેવાની જગો, તેથી શ્રીહાટ, એટલે શક્તીનો બજાર, એવી સંજ્ઞાછે.

૧૮ હટયોગના માર્ગમાં, ત્રિગ્રંથી કરી સંજ્ઞાછે, તે એજ કે, શરીરમાએલી જ્ઞાનરૂપી વૃત્તીને, પંચવિષયની, નિરંતર

ગ્રંથી એટલે ગાંઠછે, એગ્રંથી એક, તથા ઇંદ્રિયો, અને શરીર એઓની જ્ઞાનવૃત્તીને સ્મૃતી, એજ બિજી ગ્રંથી એટલે ગાંઠછે, તથા પોતપોતાને, આપણે કોણ છૈયે, એ નજાણવું, એ ત્રીજી, અજ્ઞાનરૂપી ગ્રંથી એટલે ગાંઠછે, એવા એ ત્રણપ્રકારના સંયોગને, ત્રિગ્રંથી એવી હટયોગીઓની સંજ્ઞાછે.

૧૯ હટયોગના માર્ગમાં, સત્તરમી કળા, અથવા જીવન કળા, અથવા અમૃતનો ઝરો, અથવા કામધેનૂનો પાન્હો, ઇત્યાદિ નામો છે, તેહેનો અર્થ એવોછે કે, દશેંદ્રિયો તથા પંચપ્રાણ મળી પંદર, તથા એક જાણીવરૂપી જ્ઞાન સોળમું, એ ષોડશકલાત્મક લિંગદેહ થકે, જે જુદીજ નિરાકાર પરબ્રહ્મકલા, તેહેનેજ સત્તરમીકલા એવી સંજ્ઞાછે; તેહેનેજ જીવન કલાવગેરે નામોછે, સારાંશ, સત્તરમીનું પાંનકર, એવા અક્ષરો હોયછે, તેહેનો અર્થ એટલોજ કે, ષોડશકલાત્મક લિંગદેહથી જુદી જે નિરાકાર પરબ્રહ્મકલા, તેહેનો પ્રેમ; અહંપણું ધરનારાજ્ઞાનમાં રાખ, એજ અમૃતપાન, એટલે ન મરનારી નિરાકાર વસ્તૂનું, અથવા સત્તરમીનું પાંનછે; એવી હટયોગીઓની બોલવાની સંજ્ઞાછે.

૨૦ હટયોગના માર્ગમાં, બ્રહ્મરંધ્ર એવી સંજ્ઞા મનને છે એ સારૂ. જે મનનું કલ્પનારૂપી રંધ્ર ભેદી, પોતે પોતાને જોશે, તે નિરાકારજ થઇ રેહેશે, ભેદનો પવનપણ તેહેને માહીત નહીંસો થશે.

૨૧ હટયોગના માર્ગમા, ઘટ એવી સંજ્ઞા શરીરને છે, તથા પિંડ અથવા પિંજરો એવીપણ સંજ્ઞા શરીરનેજ છે, તથા પગેલાગવું, એટલે પગઉપર મસ્તક મુકવું એનો અર્થ, બિલ્વપત્ર તુળશી ચઢાવ્યાં પ્રમાણે, આપણું શરીર, જેહેનાપગે

પડવું, તેહેને ચઢાવવું, એવો પગેપડવાનો, અથવા પગઉપર માંથું મુકવાનો અર્થછે, તથા પિંડ આપવાનો પણ અર્થ એવોજછે.

૨૨ હઠયોગના માર્ગમાં, નવદરવાજા, એટલે બે આંખો, તથા બે કાંન, તથા બે નાકસોરીઓ, તથા એક મુખ, તથા ઉપસ્થ, તથા ગુદ, મળી, એ બે, એવા એકંદર મળી નવછિદ્રો, તેજ નવદ્વાર ગણેલાંછે, તથા પીઠના વચલાહાડકાના સેવટે, તથા મસ્તકની નીચે, જે એક છિદ્રછે, તેહેનેજ દશમી ખડકી, એવી સંજ્ઞાછે.

૨૩ હઠયોગના માર્ગમાં ચાર ઘાટ એ સંજ્ઞા સ્થૂલ તથા સૂક્ષ્મ તથા કારણ, તથા મહાકારણ, એ ચાર દેહોને છે; તથા તે ઘાટ, જે પોતીકા જ્ઞાનનાવિચારેકરી ઉતરશે, એટલે અભિમાન વગરનો થશે, તે તરશે એટલે નિરાકારનાવિશે પોતાનું ઐકય જોશે.

૨૪ હઠયોગના માર્ગમાં, સુષુમ્નાનાડીમાં પ્રાણ લીન થયા એટલે મુક્ત થયો એવું છે, પણ એનો વિચાર એવો છે કે, સુષુમ્નાનાડી, એટલે શરીરના અંદરની પોલાણ, તે પોલાણમાં પ્રાણ લીન થયા તો, તેમાં જે અંતઃકરણરૂપી જ્ઞાન હોયછે, તેપણ, પાણી અવટાયાથી પ્રતિબિંબવત્ નહીંસૂંજ થાયછે, એથી જન્મ લેવાને કોઈ રહ્યોજ નથી, તેથી તે મુક્ત થયો, પણ એ વાત, જે કોઇ, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાનો, હું નિરાકાર એકતત્વ, પોલાણના ઠેકાણે. પોલાણના અભાવે, ભરેલો છું, એવી ધારણામાં રેહેછે, તેહેને બની આવેછે, તથા એવો જે જ્ઞાની તેહેનુંજ મરણ, તથા તેહેનાજ પ્રાણનો, અંતઃકરણ સહિત, શરીરસ્થ પોલાણના, એટલે

સુષુમ્નાના પેટમાં, લય થાયછે, બિજા જે અજ્ઞાનીઓ, તેઓના પ્રાણ લીન થતા નથી, તેઓનું પ્રાણોત્ક્રમણ થાયછે.

૨૫ હઠયોગના માર્ગમાં, ખેચરી એટલે ગગનચરી મુદ્રા છે, તેનો પ્રકાર એવો છે કે, ભ્રૂમધ્યનાવિશે, નાહાનીસી વિષ્ણુમૂર્ત્તિની છબી ધરી, ઉપર દષ્ટીકરી જોતાં જોતાં સારીપેઠે અભ્યાસ થયાથી, ખુલ્લી આંખે. અથવા આંખો મિચવાથી પણ, મનનું લક્ષ, ભ્રૂમધ્યસ્થાને અખંડરહી, વિષ્ણુનું સાવયવ સાકાર અથવા બિંદુરૂપ ધ્યાન થાયછે, તથા સાક્ષાત્કારો થાયછે, તેવા અભ્યાસ કરવાવાળાના નેત્રોની મુદ્રાને, ખેચરીમુદ્રા, એવી સંજ્ઞા છે, તથા ભૂમીતરફ લક્ષ લગાડ્યૂંછતાં, નેત્રથી જમીનતરફની જે પોલાણ તે પોલાણઉપર, વિષ્ણુનું અથવા બિંદુનું અભ્યાસથી ધ્યાન, લક્ષમાં લાવવું એટલે આંખોમિચીને બેસીયે તોયપણ, મનોમય તેવું ધ્યાન દેખાયછે, તથા એવા અભ્યાસમાં રેહેનારાના નેત્રોની જે મુદ્રા તેહેને ભૂચરી મુદ્રા એવી સંજ્ઞાછે; તથા આંખોની પાંપણો કાંઇક ઢાંકેલીઓ તથા કાંઇક ઉઘાડીઓ, એવીઓ રાખી સન્મુખ, આંખની પાંપણોની મધ્યે, જે વિષ્ણુમૂર્ત્તિ જેવું, કિંવા બિંદુરૂપી ધ્યાન, મનમાં ચિંતવું, તથા તેથકે સાક્ષાત્કાર પણ થાયછે, પણ એવાતે અભ્યાસ કરનારાના નેત્રોની જે મુદ્રા, તે મુદ્રાને ચાંચરી મુદ્રા કેહેછે, તથા આંખો મીચી, અથવા ઉઘાડી રાખી, જો નિરાકાર સ્વરૂપનાવિશે, આપણી વૃત્તીનું લક્ષ લાગતું નથી, તોયપણ, લક્ષ લગાડવું, અને વિચાર કરવો, એવા તે અભ્યાસથી, જે નેત્રવગેરે શરીરની મુદ્રા થાયછે, તે મુદ્રાને અગોચરી મુદ્રા, એવી સંજ્ઞા છે, એ ચારે મુદ્રાઓ, પરમાર્થમું સાધન છે.

૨૬ હઠયોગી લોકો, સ્થિર થવાસારૂ, લોળી કરેછે, એટલે જે નાકસોરીનીરાહે શ્વાસોશ્વાસ વાયુ સાફ ચાલતો હોય, તે નાકસોરીમાંનીરાહે, ચીથડાંનો કાંકડો, ઝીણો, અને વેહેત બે વેહેત વળીને નાંખેછે, એટલે તે કાંકડો, ગળામાં જાયછે, એ કરવાને, લોળી એવી સંજ્ઞાછે.

૨૭ હઠયોગીલોક, ધોતી પોતી કરેછે, એટલે જેમ, ગળામાં આંગળીઓ નાખેછે, તેપ્રમાણે, ઘાંટામાં, આંગળીઓના આધારથી નેતરની છડી, નાખતાં નાખતાં, અભ્યાસ દૃઢ થયો, એટલે ઝીણા રેસમનો, એક વેહેત પગતો, તથા પચીસ હાથ લંબાઇનો, ઘીયે ચોપડેલો, તથા અરીઠાથી સાફ કરેલું કપડું પેટમાં ગળીને, ફરી બાહેર કાઢતાં આવડેછે, એને, હઠયોગી લોક, ધોતીપોતી કેહેછે, એ અભ્યાસથી, હરેક પદાર્થ ગળી ફરી બાહેર કાઢી દેખાડતાં આવડેછે, એ સાધન સાધ્ય થાય છે, અથવા કોઇવખત પ્રાણ પણ જાયછે; પણ એમાં ફાયદો, મન એકાગ્ર કરવું, એવિના બિજો નથી.

૨૮ હઠયોગીલોક, કુંડલિની પ્રદીપ્ત કરેછે, એટલે મનોમય, મસ્તકથી ગુદસ્થાનકસુધી, સોનાની સળી, તપાડી લાલ કરવાપ્રમાણે, તેજોમય ધ્યાન કરેછે, એજ કુંડલીનું સાધનછે, પણ એ સાધન, જે પદ્માસન નાખી કરેછે, તે દુઃખી થાતા નથી, અને જે ગુદસ્થાને પગની પાની અડકાવી, તથા દાઢી વક્ષસ્થળઉપર ટેકી, તથા નાભીથકે પેટ ઢીલું મુકી, જે કુંડલીનું ધ્યાન કરેછે, તે ઘણુંકરી નાશ પામેછે, પણ સિદ્ધિને પાંમતાનથી, તથા કુંડલિની, તથા સપ્તચક્રો, એ મનોમય કલ્પવાંછે, અને જેવા મનોમય કલ્પિત પદાર્થો, ચર્મચક્ષુઓને દૃશ્ય નથી, તેમજ સપ્તચક્રો, તથા કુંડલીની, ઇત્યાદી મનોમય કલ્પિત પદાર્થો શરીર મરવાપછી, ચીરીનેઇયે તો, દૃશ્ય થવાના નથી.

૨૯ હઠયોગી લોકો ઉપર, કેવાંપણ દુઃખો આવે, તોય પણ તે ડરતા નથી, અને તિતિક્ષા કરેછે, એટલે, આત્મવિચારથી, શરીરથકે, પોતાને જુદા જોઇ, દુઃખો સુખ જેવાંજ તથા સુખો દુઃખ જેવાંજ છે, એવું માને છે, કેમકે, આપણને સુખદુઃખો જે, તેહેનો સ્પર્શજ નથી, એવી અભ્યાસે કરી, પોતાની સ્થિતિ, હઠયોગી દૃઢ કરેછે, અને મનમાં કેહેછે કે, જીવાત્માને, જો સુખ દુઃખદાયક અગ્નિદાહનો, અથવા ચંદનનો, સ્પર્શજ થયેલો હતે તો, સ્વપ્નમા યાદ આવતે પણ જાગૃતપણા માએલોજ જીવાત્મા, સ્વપ્નમાં છતાં, તેહેને જાગૃતપણા માએલા સુખદુઃખ, એ સ્વપ્નમાં સ્મરતાં નથી, તેવાસ્તે, જીવાત્માને સુખદુઃખોનો સ્પર્શ નથી, અને તેજ જીવાત્મા આપણે છૈયે, એસારૂ જીવાત્મ સ્વરૂપેકરી, શરીર ઉપરના સુખદુઃખ, આપણને સમાનજ છે, પણ આપણને તિતિક્ષા કરવી જોઇયે, એટલે અજ્ઞાની જીવાત્મા જેઓ દુઃખના ભોગેકરી વલોપાત કરવાનો નથી, એવો અભ્યાસ કરવો, એજ તિતિક્ષા છે, તે તિતિક્ષા, આપણને કરવી જોઇયે, એવું સમઝી, હઠયોગી, તિતિક્ષા કરેછે, એટલે દુઃખથી વલોપાત નથી, તથા સુખથી હર્ષ માનવો નથી, અને આપણે નિરાકાર તત્વ છૈયે એવું સ્મરણ કરવું. એ એવો અભ્યાસ કરેછે, એટલે તિતિક્ષા કરેછે, એ હઠયોગ છે.

અનેક મતોના લોકોને સુબોધ.

પ્રકરણ ૧૪ મું.

૧ ઓ મધ્વમતના લોકો, ઓ રામાનુજ મતના લોકો, ઓ વલ્લભમતના લોકો, ઓ રાધાવલ્લભમતના લોકો, ઓ સ્વામી નારાયણ મતના લોકો, ઓ સખીભાવ મતના લોકો, ઓ રામાનંદી મતના વેરાગી લોકો, ઇત્યાદિ વૈષ્ણવ લોકો, ઓ શૈવમતના શિવને ભજનારા લોકો, ઓ શાક્તમતના દેવીને ભજનારા લોકો, ઓ સૌરમતના સૂર્યને ભજનારા લોકો, ઓ ગાણપત્યમતના ગજાનન અવતારને ભજનારા લોકો ઓ ભૈરવ મતના ભૈરવને ભજનારા લોકો, ઓ વિઠોબાને ભજનારા વૈષ્ણવ લોકો, ઇત્યાદિ સર્વ મતના સર્વ લોકો, વિચાર કરો કે, તમારો મુખ્ય વેદપ્રતિપાદ્ય ધર્મછે, તે ધર્મના મુખ્ય પુસ્તકો. શાસ્ત્રો. કિંવા પુરાણો, કિંવા પ્રાકૃત સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથોછે, તે સર્વ પુસ્તકો મુખ્ય નથી, કેમકે, એ સર્વ ગ્રંથોના ફેરફાર થાયછે, અને એ પુસ્તકો સારાછે; તોયપણ, એ પુસ્તકોમાં જેહેના મનને જેવું લાગે તેવી તે નવી કવિતા કરી, તેઓ નાખેછે, અને એકની નિંદા, તથા એકની સ્તુતિ લખેછે, એવાસ્તે, એ પુસ્તકો મુખ્ય નથી પણ એ પુસ્તકોમાંથી, વેદના અર્થને અનુસરી જે અર્થ હોય, તે લેવો, કેમકે, તમો સર્વ લોક, વેદપ્રતિપાદ્ય ધર્મનાછો, તે તમારૂં મુખ્ય ધર્મપુસ્તક કેહેશો તો વેદછે; તે વેદનો ફેરફાર થતો નથી; એવાસ્તે, વેદજ મુખ્ય ધર્મપુસ્તક છે એવું સમઝો અને વેદમાં શંકર અવતારની, તથા વિષ્ણુઅવતારની, તથા

દેવીના અવતારની, તથા ગણપતીના અવતારની, તથા દત્તાત્રેય અવતારની, તથા સૂર્યની, તથા દશઅવતારની, તથા સર્વ ઋષીઓની, તથા બ્રહ્મદેવના અવતારની, તથા બ્રહ્મનિષ્ઠોની, એપ્રમાણે સર્વની સ્તુતિ કરીછે, એમાટે, તમો જો વેદોક્તધર્મના લોકો કેહેવાઓછો તો, વેદમાં જેઓની સ્તુતી કરેલીછે તેમાંથી એકનીપણ નિંદા તમારે કરવી નહીં; એ ન્યાય થયો, વાસ્તે સારીપેઠે વિચારકરી બોલો; અને જુવો વિષ્ણુસહસ્રનામમાં એવું છેકે, " आदिदेवोमहादेवोदेवोदेवभृतगुरुः " એમાં મહાદેવનું નામ છે, અને બીજું એવું છેકે " सर्वःशर्वः शिवस्थाणुर्भूतादिर्निधिरव्ययः " એપ્રમાણે છે, એનો અર્થ એવોકે " सर्वायनमः शर्वायनमः शिवायनमः स्थाणवेनमः तस्मात् शिवायनमः એ વિષ્ણુસહસ્રનામમાં છે તથા આદિદેવાયનમઃ તથા મહાદેવાયનમઃ એવું છે, એસારૂ એકજ ઇશ્વરના તથા પરમેશ્વરના વિષ્ણુસહસ્રનામો, તથા શિવસહસ્રનામો, તથા ગણપતી સહસ્રનામો તથા દેવી સહસ્રનામો, એવાં અનેક છે, તે સર્વ ઇશ્વરનું તથા પરમેશ્વરનું જ્ઞાનથઇ, સ્મરણ રેહે, એવા અર્થના છે, એસારૂ, વિષ્ણુસહસ્રનામ તમોવાચોછો, તેમા ઉપર લખેલા શિવનાનામો લેઓછો, પછી શિવની તથા વિષ્ણુની નિંદા શાસારૂ કરોછો; નિંદા કરવી નહીં, એવું ન્યાયેકરી સિદ્ધ થયું. તથા શ્રીમત ભગવતગીતામાં દશમાં અધ્યાયની અંદર વિભૂતિરૂપ અવતારો કહેલાછે તેમાં એવું છેકે. સંપૂર્ણ પરમાણુંજન્ય સૃષ્ટીના, ભૂગોલાદિક અનેક ગોલો, એક આકર્ષણે ધરનારો, જે હું સમષ્ટિ રૂપ એક ઇશ્વર છું, તે મારા અવતાર, એટલે વિભુતીઓ, એવીઓ છેકે, ભગવત ગી-

તાનો અધ્યો ૧૦ દશમો શ્લોક ૩૭ સાડત્રીસમો ॥ " वृष्णी-नांवासुदेवोस्मि ॥ " એટલે યાદવો જે, તેમાં જે શ્રીકૃષ્ણ અવતાર, તે, હું જે ઈશ્વર, તેમારી વિભૂતી છે; તથા ભગવત ગીતા અધ્યો ૧૦ મો શ્લોક ૨૩ મો " रुद्राणांशंकरश्चास्मि " એટલે અગ્યાર રૂદ્રમધ્યે, શંકર અવતાર, એ અવતાર, હું જે ઈશ્વર, તે મારી વિભુતી છે; એપ્રમાણે, શ્રીમતભગવત-ગીતામાં, શંકર અવતારપણ વિભુતી લખેલી છે, પછી શ્રી-મત ભગવતગીતાને માનનારા, તમે જે વૈષ્ણવો, તે તમારે શંકરની નિંદા કરવી નહીં; એવો ન્યાય થયો, તથા શૈવેપણ વિષ્ણુની નિંદા કરવી નહીં, તથા કોઈએન, હરએક ઈશ્વર અવતારની નિંદા કરવી નહીં એવો ન્યાય થયો. કેમકે, ઉ-પર લખ્યાપ્રમાણે, સર્વ દેવતા ઉપર ન્યાય છે, માટે ઉપર લખેલા સર્વ મતોના લોકોને મુચના એનકે, વેદમાએલા એક એક અવતારને માનોછો એ સમુંજ છે; પણ વેદમાં જેહેની સ્તુતિ કરીછે, તેહેની નિંદા કરોછો, એમાત્ર અયોગ્ય છે, તથા નિંદાપર ગ્રંથો કરોછો, તથા નિંદાપર કરેલા ગ્રંથો સાચા માનો છો, એ અયોગ્યછે, વાસ્તે, વેદોક્ત ધર્મમાએલા, શંકર તથા વિષ્ણુ ઇત્યાદિ અવતારો; એ ઈશ્વરે, ઉપદેશસાર તથા ભક્તસંરક્ષણાર્થ, લીધેલાછે એવું સમઝવું અને તેઓના ધ્યાનો, પ્રેમયુક્ત બુદ્ધિયે કરો, એટલે તેઓના પ્રસાદથી તમારી બુદ્ધિ શુદ્ધ થશે; તેથી તમોને નિરાકાર પરમેશ્વર, જે સર્વ પોલાણની અંદર, સ્વપ્રકાશ, એકતત્વ ભરેલોછે, તેહેના સ્વરૂપના વિશે, અને પોતપોતીકું અહંપણું ધરનારા જ્ઞાન જેહેલાના સ્વસ્વરૂપનાવિશે, ભેદ નથી, એવું નિશ્ચયાત્મક દૃઢ જ્ઞાન થશે પછી તમોને પુનર્જન્મનો ફેરો નથી એવું સમ-

ઝો અને નિરાકારનેવિશે ઐક્યત્વ, એજ મુખ્ય વેદપ્રતિ-પાદ્ય ધર્મમધ્યે તારણ ગણેલુંછે, એ ધ્યાનમાં રાખો, અને, તમો બ્રાહ્મણ ક્ષત્રીય વગેરેછો એસારૂ, તમોને વેદાધ્ય-યન કરવુંજ જોઈયે, તથા વેદાધ્યયનમાં, " नमोनोलग्रीवाय चशितिकंठायच " એ વેદના ઉચ્ચારથી, જેની ગ્રિવા નિલ એવો જે શંકર, તેહેને નમન તમોયે કર્યું; એસારૂ અભિમાન છોડો, તમે મારા પ્રિયકરછો.

૨ શ્રીકૃષ્ણે અહંઅસ્મિ, એટલે હું છું, એવું શ્રીમત્ ભગવત ગીતામાં કહ્યુંછે, તે શ્રીકૃષ્ણના અહં કેહેવાનો ઉપ-યોગ પ્રકરણ પઠીત અર્થ પ્રમાણે કરવો; એટલે ભગવત ગી-તાના દશમા અધ્યાયના વિસમાં શ્લોકમાં, " अहमात्मागुडा केशसर्वभूताशयस्थितः " એવું કહેલુંછે, એ શ્રીકૃષ્ણના અ-હં કેહેવાથી, સમષ્ટિરૂપ ઈશ્વર લક્ષવો, તથા ભગવતગીતાના ૧૦ દશમાં અધ્યાયના ૩૭ સાડત્રીસમા શ્લોકમાં " वृष्णीनां वासुदेवोस्मि " એવુંછે એ શ્રીકૃષ્ણના અહં કેહેવાથી, શ્રીકૃ-ષ્ણ અવતાર દેહ લક્ષમાં આણવો, અને ભગવતગીતાના ૧૩ તેરમાં અધ્યાયના ૨ બિજા શ્લોકમાં, " क्षेत्रज्ञंचापिमां विद्धिसर्वक्षेत्रेषुभारत " એવુંછે, એ શ્રીકૃષ્ણના અહં કેહેવાથી સમષ્ટિરૂપી એક ઈશ્વર, તથા વ્યષ્ટિરૂપી ભિન્ન ભિન્ન, સમ-ષ્ટિની જાતના જીવાત્મા, વગેરેની એક જાત લક્ષવી તથા ભ-ગવત ગીતાના ૧૫ પંદરમા અધ્યાયના અઢારમા શ્લોકમાં यस्मात्क्षरमतीतोहमक्षरादपिचोत्तमः अतोस्मिलोकेवेदेचप्रथितः पुरुषोत्तमः " એવું છે, એ શ્રીકૃષ્ણના અહં કેહેવાથી નિરા-કારનું એક અસ્તિત્વ લક્ષવું, તથા ભગવતગીતાના ૧૫ પંદર-

માં અધ્યાયના ૧૯ ઓગણીસમાં શ્લોકમાં " યોમામેવમસંમૂ ઢોજાનાતિપુરુષોત્તમં સસર્વવિદ્ભજતિમાંસર્વભાવેનભારત " એ- વું છે, એ શ્રીકૃષ્ણના અહં કેહેવાથી તથા ભક્ત લક્ષણો કેહે- વાથી અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના પોતપોતીકા નિરાકાર સ્વસ્વરૂપ જ્ઞાનેકરી, પોતપોતાને અનુભવી, વ્યવહાર ધંધા કરતો છતાં, ને શાંત થાયછે, તેજ નિરાકારનો પૂર્ણ ભક્તછે, અને તેજ પૂર્ણ ભાવીક, તથા સર્વજ્ઞ, એટલે બ્રહ્મજ્ઞાનીછે, એવું લક્ષમાં લાવવું, એવુંજ, ભગવતગીતાના ૧૧ અગ્યારમા અ- ધ્યાયમા,વિશ્વરૂપી ભગવાનપાસે અર્જુને માગ્યું છે કે શ્રીકૃષ્ણ રૂપ પકડી ચતુર્ભુજરૂપે કરી મને દર્શન આપો, ત્યાંહાંનો પણ પ્રકરણ પઠીત અર્થ સમજવો, શામસુંદર ચતુર્ભુજ અર્થ વિ- શ્વરૂપનાવિશે નથી, એપ્રમાણે પ્રકરણ પઠીત અર્થ સમઝવો, એટલે શંકાજઇ સમાધાન મળેછે, અને મતવાદો રેહેતાનથી, એવાસ્તે, પ્રકરણ પઠીત અર્થ કરવાની રીત દેખાડી તેપ્રમા ણે વેદશાસ્ત્ર વગેરેના તથા આત્મા, પરમાત્મા, તથા વ્યાપક, સાક્ષી તથા બ્રહ્મ, પરબ્રહ્મ, ઇત્યાદિકોનો, પ્રકરણ પઠીત અર્થ કરતા જવું.

૩ સર્વજ્ઞ. એટલે લોકોના મનમાએલું જાણનારો, એ- વું મૂર્ખલોકો કેહેછે, પણ તે તેઓનું બોલવું ખોટું છે, કેમકે, શ્રીમત ભગવત ગીતાના ૧૫ પંદરમા અધ્યાયના ૧૯ ઓગ- ણીસમાં શ્લોકમા, સર્વજ્ઞ કોણ. એબાબત, પાછલા બે શ્લો- કઉપરથી, એવું છેકે, ને પોતેપોતાને, ક્ષરાક્ષરથી જુદો જોશે તેજ સર્વજ્ઞછે, હવે ક્ષર એટલે, ને સર્વ કલ્પનામય જાણવા- મા આવેછે તે, તથા તેહેનો જાણનારો તે, ઇત્યાદિ સર્વ ક્ષર એટલે નાશ પામનારાછે, અને કુટસ્થ અક્ષર, એટલે પોતિકું

અહંપણું ધરનારૂં મિથ્યા જ્ઞાનરૂપ ને વંધ્યાસુતવત્ મિથ્યાછતાં એટલે મૂળેજ નછતાં, તેહેને હું બ્રહ્મછું, વગેરે જે સત્યત્વનો અભિમાન આપણે મિથ્યાછતાં સત્યછૈયે, એવો ઊઠેછે, તેહે- નું કારણ જે મહાઅજ્ઞાન કે આપણે મિથ્યાછતાં હું બ્રહ્મછું ઇત્યાદિ અભિમાન ધરવાસારૂ, જે કારણ, તેજ મહાઅજ્ઞાન છે, તથા તેજ કુટસ્થ અક્ષર છે, કેમકે, જે મૂળેજ નથી, તેહે- નો નાશ કેહેવો શું ! તોયપણ ઊપર કહેલા ક્ષરનું તે કારણ છે, તેથી તે ક્ષરના અભાવથી અક્ષર કેહેવામા આવ્યું; અસ્તુ. એવા એ, ક્ષર અક્ષર થકે, જુદા આપણે, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા નિરાકાર પરબ્રહ્મ ઉત્તમ પુરૂષ અથવા પુરૂષોત્તમ છૈયે, એવું જે પોતે પોતાને, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાના સ્વસ્વરૂપેકરી જાણેછે, તથા અહંપણું ધરનારા જ્ઞાનેકરી સંશ- યરહિત થઇ રહેછે, તેજ સર્વજ્ઞછે, એવું, એજ શ્લોકના, ત્રિજા ચરણના પેહેલા ભાગમાં, " સસર્વવિત્ " એ પદેકરી, બ્રહ્મ- જ્ઞાની તેજ સર્વજ્ઞ એવું સૂચવેલું છે, એવાસ્તે ભ્રમ છોડી સ- ત્પુરૂષઆગળ સપ્રમાણ સશાસ્ત્ર બોલવું.

૪ મોયેકરી, હું, તું, મારૂં, તારૂં, એવું કહેછે, પણ અંત- રમાં જે, અહંપણું ધરનારૂં જ્ઞાન જે, તેપણ મિથ્યા સમઝી રહ્યો, તે, હું, તું, મારૂં, તારૂં, કેહેવાથી બધ્ધ નથી, પ્રમાણ, યોગવાસિષ્ઠમાએલા શ્લોક " અંતરેકોબહિર્નાના અંતર્બોધે બહિર્જડઃ ॥ અંતસ્ત્યાગી બહિઃસંગી લોકેવિહરરાઘવ ॥ ૧ ॥ " એનો અર્થ, ઊપર લખ્યો તેજ છે.

૫ ઓ પારશી લોકો, તમે, હિંદુ જે, વેદોક્ત ધર્મના લોકો, તેઓનાથી પૃથક નથી, એવું પોતે પોતાને જુવો, અને સમઝો, અને તમારી સર્વ ક્રિયાઓ, વેદમાએલા અને

ક શાખા ભેદો છે, તે માંએલીઓ છે, એવું ધ્યાનમાં રાખી, સુમાર્ગ ધરો, તમો મારા પ્રિયકર છો.

૬ વેદોક્ત ધર્મ મધ્યે, બ્રહ્માહમસ્મિ, એટલે હુંજ નિરાકાર બ્રહ્મછું, એવી ભાવના શંભલ બ્રહ્મ (એટલે મિથ્યા બ્રહ્મ) ધરી, તે મિથ્યાબ્રહ્મનું સ્વરૂપ, એવું છે કે, સૂક્ષ્મ વાયૂની આકાશ ઉપર, એટલે (પોલાણ ઉપર) ઝુંબક, તથા તેમાં વ્યાપક જ્ઞાન, એવું છે, એ મિથ્યા બ્રહ્મનેજ, પ્રકૃતિપુરૂષ કેહેછે, અને તેથકેજ, પંચભૂતાત્મક સર્વ સૃષ્ટી, કાર્યરૂપ થઇ, એવું છે, તેપ્રમાણેજ, પારશી લોકોનો, દસાતીરનામક મૂળ ગ્રંથછે, તેમાં, એવું છે કે બહમન થકે, અથવા બ્રહ્મદેવ એટલે બહમનમશાસપંદ એ થકે, સકલસૃષ્ટી થઇ, એથી પારશી લોકોનો પણ વેદોક્ત ધર્મ છે, કેમકે બ્રહ્માહમસ્મિ એ શ્રુતી છે, અને બહમન, અથવા બહમનમશાસપંદ, એ પણ અનેક અર્થનું વાકય છે, એ બેઉના કેહેવામા, ભેદતો, સંસ્કૃત, પ્રાકૃત, ભાષાભેદ પ્રમાણે છે, પણ, બ્રહ્માહમસ્મિ, અને બહમન, અથવા બહમનમશાસપંદ, એ ઉચ્ચારનો અર્થ એકજ છે, પણ હિંદુ, તથા પારશી, એ બેઉને પણ, બ્રહ્માહમસ્મિ, એ શ્રુતીના અર્થનું જ્ઞાન હોવું જોઈયે; એટલે સમુછે, જુવો, ભગવતગીતાના, ચોથા અધ્યાયના, ૨૪ ચોવીસમા શ્લોકમા, અગ્નીને બ્રહ્મ કેહેછે, તેજપ્રમાણે પારસી લોકો, અગ્નીને અતસ અને બ્રહ્મને બેહેરમ એવું બોલેછે, એ જબાનનો એટલે બોલીનો ફેરછે, અર્થમા ફેર નથી એવું સમજવું.

૭ પારશી લોકોના ગ્રંથમા, વ્યાસ, તથા પરશુરામ અવતાર, તથા ચંદ્રહાસ્ય રાજા, વગેરેના, પુરાણ માએલા, પાં-

ચહજાર, છ હજાર, એક લક્ષ ઇત્યાદિ વર્ષો પેહેલાના નામો, તથા વર્ણનો છે, તથા પારશી લોકોના ગ્રંથો, સંસ્કૃત ભાષાનોજ તફાવત થએલા, પ્રાકૃત ભાષામાં, એટલે કવિતા છંદ ભેદમાં, અથવા જંદ ભાષામાં છે, પણ તે લોકોના સર્વ પુસ્તકો, ઇરાન માએલા દંગાથી ઘણાકરી નહીંસાં થયાં, તોય પણ, તેઓનો વેદોક્ત ધર્મછે, પણ ક્રિયાકર્મો માત્ર, દેશાચાર, કુલાચાર, એવી રીતીયે, કિંચિતજ, હિંદુસ્થાનના લોકોથી તફાવતથી છે, પણ, સાંપ્રત, વેદોક્ત ધર્મની ક્રિયાઓની સાથે મેળવી જોતાં, પારશીઓની, તથા હિંદુઓની પદ્ધત એકજ છે; કેમકે, શ્રીમત ભાગવત માએલા, એકાદશ સ્કંધના, ૧૧ અગ્યારમા અધ્યાયમાએલા, ૪૨ બેતાલીસમાં શ્લોકમાં, કહેલાપ્રમાણે "સૂર્યોગ્નિર્ब્રાહ્મણોગાવો વૈષ્ણવઃખંમરુજ્જલં ॥ ભૂરાત્માસર્વભૂતાનિ ભદ્રપૂજાપદાનિમે ॥ ૧ ॥" એટલે સૂર્ય, અગ્નિ, ઉદક, પૃથ્વી; બ્રાહ્મણ, એટલે પવિત્ર ગુરૂ તથા ગાય વગેરેમાં, એક વ્યાપક, સમષ્ટિરૂપ ઇશ્વરને જોવો, એરીત, હિંદુની, એટલે વેદોક્ત ધર્મમાએલા લોકોની, અને પારશી લોકોની એકજ છે. અને કેટલાક મધ્યમ વર્ગના હિંદુઓ જે ખાતા નથી, તે પારશીઓ પણ ખાતા નથી, હવે કોઈ કુતર્કથી કેહેશે કે, હિંદુસ્થાનમાં, હિંદુઓનાં ડરથી, પારશી લોકો, અભક્ષથીઅભક્ષ તેભક્ષણ કરતા નથી, પણ તેઓના મતનો સિદ્ધાંત હશે તો, અરે લોકો, તેવું નથી, કેમકે, જે ઇરાનમાં પારશીઓ છે, તેપણ અભક્ષથીઅભક્ષ, તે ભક્ષણ કરતા નથી, તથા ઇરાનમાએલા બિજી જાતના લોકોયે, ઇરાની પારશીઓ સાથે, તેબાબત, ઘણાવાદ કર્યા, પણ, તેઓને, ત્યાંહાંના રેહેવાસી પારશીલોક કેહેતા હતા,

તથા હાલમાંપણ કેહેછે કે, અમોએ, ગોમૂત્ર નિત્ય પ્રાયશ્ચિત્તાર્થ લેવું, તથા ગાયની સેવા સ્વશરીરથી વધારે કરવી; એવો અમારા ધર્મનો નિયમ જે છે, તે અમો, ખુશીથી રક્ષણ કરીયે, છૈયે, તે જુલમથી પણ છોડવાના નથી, એ પછી ઈશ્વર છે, જુવો, પૂજાના અગ્નિમાં કેશ, કિંવા અપવિત્ર પદાર્થ નાખવા નહીં, એવો પારશી લોકોને નિયમછે, પછી માંસ, તથા અન્ય જીવ. અગ્નિમાં નાખવા નહીં, તથા ખાવા નહીં, એતો સેહેજન છે, તથા વેદોક્ત ધર્મમાં, ઊનની જનોઇ, જોઈયે, એ એક પક્ષછે, તેપ્રમાણે પારશી લોકોમાં, ઊનનું, બોતેર છેડાનુ, જનોઇ છે, તથા તેહેને ત્રણ વળો છે, તથા અગ્નિમાં ઉપાસના કરવાની મૂર્તિ, ઈત્યાદિ સર્વછે, એ સારૂ, વેદોક્ત ધર્મના લોકોયે, એ ધ્યાનમા રાખી, પારશી લોકોને, પોતાથી જુદા લોક, એવું સમઝવું નહીં, તથા તેઓ ઉપર દુઃખ ગુજરેતો, તે આપણી ઉપર વેહેચી લેવું, અને પરસ્પરને મદત કરવી અને એવું નકરતાં, જો પારસી લોકો ઉપર, ધર્મસંબંધી, કોઇયે જુલમ કર્યો, અને હિંદુલોકોયે એટલે વેદોક્ત ધર્મના લોકોયે, પારસી લોકોને મુખ થવા સારૂ મદત કરી નહીં તો, હિંદુલોકોયે, પીંડેલઈ, રક્ષણ કરેલા લોકોને, શત્રૂના હાથમાં આપ્યા, એવો ન્યાય થઇ, હિંદુલોકોની, સર્વ દેશોના, તથા દ્વિપદ્વિપાંતરના લોકો, નિંદા કરશે એ જાણી, હિંદુઓયે, પારશીઓ જે તેઓને ધર્મસંબંધી વગેરે સંકટમાંથી, મદત કરી છોડવવા, એમાં ક્ષાત્ર નીતી છે, તથા ઈશ્વર રાજીછે, એ, શિબીરાજાયે, પુંઠે લીધેલો કપોત પક્ષી આપ્યો નહીં, પણ વચન સારૂ પોતાના અંગનું, કપોતના ભારોભાર માંસ કાપી તોલી આપ્યું, એ ક્ષાત્ર નીતિને,

હાલના હિંદુઓએ સ્મરવું, એટલે પારશી લોકોને સંકટમાં પડવા ન દેતાં, તેહેના બદલે, પોતે આગળ થવું, એ હિંદુલોકોને, એટલે વેદોક્ત ધર્મના લોકોને, યોગ્ય દેખાસેજ દેખાસે, અને તે તેવું કરશેજ કરશે, કેમકે, જીવઆપવો પણ પુંઠે લિધેલો આપવો નહીં, તેમજ પૂર્વના હિંદુઓયે પારશીએ આપણા ધર્મના છે, એવું સમઝીનેજ, પુંઠેલીધેલા છે; એ હાલના હિંદુઓયે સ્મરવું, તથા ઇરાનમાંથી, જે રાજકીય વંશમાએલો સરદાર, તે, તથા તેહેના બાકી રહેલા લષ્કરીલોક, તથા તેહેની રવાંરી માએલા પુસ્તકો, તથા ઉપદેશકો, તથા સ્ત્રિયો, તથા અન્ન, તથા વસ્ત્ર, તથા દ્રવ્ય, તથા શસ્ત્રો, વગેરે રહેલા સામાનસુદ્ધાં પાર્સ દેશ, એટલે ઇરાન દેશ છોડી, હિંદુસ્થાનમાં આવ્યો, કેમકે તેહેના સર્વગામો, અન્ય રાજાયે લઈ, જાહેરનામાં લગાડી, ઇનામો, એ લોકોને પકડવાસારૂ, રઇયેતોને આપવા કર્યાં, એથી એઓની થોડી ફોજનો નિરૂપાય થઇ, તેહેને. ફોજની સાથે, ક્યાંહાંપણ, પૃથ્વી ઉપર, આશ્રો જોઈયે એવું થયું; તે વખત આ પારશી લોકોના, તે મુખ્ય સરદારે, હિંદુસ્થાન દેશમાંજ પ્રાણ રક્ષણાર્થ જાવું જોઇયે એવો વિચાર કરી, મોટાં મોટાં જહાજો લઇ, હિંદુસ્થાનમાં આવ્યો, પણ હિંદુસ્થાનના લોકો કેહેવાલાગ્યા કે, એ પાર્સ દેશમાએલા રાજવંશી, એ સર્વ લષ્કરી લોકોછે, એઓનો વિશ્વાસ શીરીતે રાખ્યવો, એવા વિચાર ચાલેલા છતાં, તે સરદારે કહ્યું કે, અમોને તો જમીન ઉપર કહીં આશ્રય રહ્યો નથી, અમો લઢાઇઓ કરતાં કરતાં અતિશે શ્રમ પાંમ્યાં, અને તમારા આશ્રા નીચે રઇયેત થઇ રેહેવાના નિશ્ચયથી આવ્યા છૈયે, ત્યારે, હિંદુસ્થાનના ક્ષત્રીય રાજાઓની તરફથી,

તેહેના ક્રિયાકર્મોનો વિચાર વેદોક્તધર્મવિરુધ્ધ નથી એવું ઠેરવી, તેઓને શાસ્ત્રો મુકવાવાસ્તે કહી, સ્વસ્થ રેહેવાને, તથા સર્વ ધંધા કરવાને, તથા સર્વ હિંદુસ્થાનની રઇયત પ્રમાણે, સર્વ દેશ ફરવાને તથા વ્યાપાર કરવાને, તેઓને આજ્ઞા થઇ, તે દિવસથી પારશીલોક, હિંદુથી પૃથક ગણવામા આવતા નથી, એ સર્વલોકોયે લક્ષમા રાખવું, અને પારશીઓયેપણ સ્મરણ રાખવું, અને ઇમાન દારીથી વરતવું.

૮ બાર વર્ષના પુરૂષને, પચાસ વર્ષની બુઢ્ઢી બાયડી કરી આપી, તો તે પુરૂશને ગમશે કે શું? નહીં ગમે! તેમજ બાર વર્ષની છોકરીને, પચાસ વર્ષનો બુઢ્ઢો ભરતાર ગમશે કે શું? નહીં ગમે! એસારૂ તરૂણીને તરૂણપતી જોઇયે અને આ નિયમ તોડશે, તેહેને શાસન કરવું; જુવો સ્ત્રીસંગ જેણે કર્યો નથી, તેહેના વિર્યવાન્ પણાની આગળ જેઓએ સ્ત્રીસંગ કર્યોછે, તે કાંઇજ નથી, તેમજ, સ્ત્રિયોનોપણ પુરૂષસંગ થવા નથવાનોવિચાર સમઝવો, અને સ્ત્રિસંગ જેહેને થયોછે તેહેને પુરૂષસંગ નથએલી સ્ત્રી નજોઇયે, અને કુમારીને એટલે વિધ્ધયોની નથયેલીને કુમાર પતી જોઇયે, એટલે સ્ત્રીસંગ જેહેને કરેલો નથી, તે પતી જોઇએ અને આખો દિવસ, કામ અથવા મદન જે ચેતવશે, તે તેવું કરવાથી કામ હીન થશે, એટલે તેહેમા જોઇયે તેવો કામ રેહેવાનો નહીં, અને પરિણામે પસ્તાશે, એસારૂ સારો વિચાર કરો, કેમકે, ભુખથી અન્ન માઠું કેહેવું વ્યર્થ; તેમજ કામથી કામિની અધિક કેહેવી વ્યર્થ એવું જાણી, હમેશાંજ સ્ત્રિયોનો અંગસ્પર્શ કરતા બેસવું નહીં; તથા સ્ત્રિયોએપણ પોતાનું તારૂણ્યપણું પુરૂષનો અંગસ્પર્શ નકરવાથી બને ત્યાંહાંસુધી રક્ષણ કરવું, કેમકે, જે સ્ત્રિયોએ

તારૂણ્યકાળમાં પુરૂષોથી ઘણો સંગ કર્યો, તે બાહેરથી નટેછે પણ તેઓના અંતરમાં તરૂણપણું ગએલાની ચિંતા હોયછે, એસારૂ સાવધ રેહેવું, અને પ્રજોત્પાદનાર્થ સ્વસ્ત્રીસાથે ઇશ્વરને નવિસરતાં રમવું; અને કામિનીનો સંગ કરતો છતાં, વિર્યપાતની સંધી આવી વીર્ય છુટ્યું, તથાપિ, સ્ત્રીના સમાધાનાર્થ વીર્ય છુટેલું જે અટકાવી રાખેછે, તે તેવા છુટી અટકાવી રાખેલા વીર્યનું જો છોકરૂં થાય, તો તે થતાં વેતન મરશે, એસારૂ એવા કર્મકરી, પ્રજોત્પાદન થવામાં હરકત થાયછે એ સમઝવું, હવે, જેહેનું પેટ મોટું થાયછે; તેહેમાં ઇચ્છાછતાં કામ, જોઇયે તેવો નથી હોતો, એવાસ્તે, તેણે નાભીનો કંદ તથા ગટ્ટા, ભાંગી. પેટ પાતળું થાય ત્યાંહાંસુધી, એકભુક્ત, તથા શાક રોટલો, જેમાં સ્નિગ્ધત્વ થોડું એવું ખાંણુ ખાવું, અને સ્ત્રિયોએપણ એપ્રમાણેજ કરવું, એટલે સ્થૂલત્વ જઇ ફરી કામ સારો જાગૃત થશે, એવિના અનેક ઔષધો ખાધાં તથાપિ સ્થૂલત્વ જઇ, જોઇયે તેવો કામ, જાગૃત થવાનોજ નહીં, એસારૂ કહેલો ઉપાય રાખવો, તથા ત્રિશવર્ષના વય પછી, એકવખત ભોજન કરવું તોજ ચપલત્વ રેહેછે, કેમકે, જઠરાગ્નિએકરી શરીરમાએલા રસ સાફ કરવાપેહેલાં ખાવું, તેજ રોગનું મૂળછે, એવાસ્તે સાવધ સ્ત્રીપુરૂષો સાવધ, પ્રપંચ પરમાર્થમાં સાવધ.

૯ સર્વ મનુષ્યો, ગ્રહસ્થાશ્રમમાએલા મનુષ્યના પેટે, જન્મ લેછે, એ ન્યાયસિધ્ધછે, તેથી તે જન્મપામેલા સર્વને ગ્રહસ્થ કેહેવા કેશું? તથા કેહેછે કેશું? નહીં નહીં! ગુણ કર્મજાપરથીજ, બ્રહ્મચારી, ગ્રહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી એવું કેહેછે; કેમકે, બ્રહ્મચારી, ગ્રહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, એ ચાર

આશ્રમ ઉદર સંબંધથી ગણતા નથી, વાહવા ! ઠીકછે ! કે, એ ચાર આશ્રમનો વિચાર સશાસ્ત્ર ચાલેલો છે; વારૂંતો ભગવત-ગીતાનો અધ્યો ૪ ચોથો શ્લોક ૧૩ તેરમો "चातुर्वर्ण्यमया सृष्टंगुणकर्मविभागशः।। એવાકયમાં એવું છેકે, ગુણકર્મ ઉપરથી જેવાં ચાર આશ્રમ તેપ્રમાણેજ ગુણકર્મઉપરથી ચાર વર્ણછે; સેહેને મનુષ્યો એકછે, તથાપી ગુણકર્મ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ણની ગણત્રી છે, એ સશાસ્ત્રછે, એ ચાર આશ્રમના દૃષ્ટાંતથી સમઝવું; અને તેવું વરતવું, તે સશાસ્ત્ર માર્ગ મુકી હાલના લોકો, બાપના વર્ણમાં ગુણકર્મ-નો વિચાર નકરતાં, છોકરાને ગણેછે, એ તેઓની ચૂક નથી કેશું? હા! એ મોટીજ ભયંકર ચૂક; કે જે વેદોક્તધર્મના સુધારણા પથ બુરનારી છે, પણ હાલના લોકો, મોટા દુરભિમાની છે, તે આ સશાસ્ત્ર વાત સાંભળી, જલદીથી, તેપ્રમાણે વરતતા નથી, એથી શાહણાયે કરેલો ઉપદેશ વ્યર્થ થાયછે, અને મતોનુ જોર વધેછે.

૧૦ શિપાઈનાપેટે જન્મ્યો તે શિપાઇ કેશું? અને સાધૂનાપેટે જન્મ્યો તે સાધૂ કેશું? નહીં નહીં! ગુણકર્મો જોઇ તેપ્રમાણે તે ગણવો, શિપાઈનાપેટે ઉત્પન્ન થયો, પણ બ્રિકણછે, તો તેહેને શિપાઇ કેહેવો નહીં. તેમજ સાધૂનાપેટે ઉત્પન્ન થયો પણ ગુણકર્મો વિપરીતછે, તો તેહેને સાધૂ કેહેવો નહીં, તથા સાધુપણાનુ માનપણ આપવૂં નહીં, તેપ્રમાણેજ ચાર વર્ણ તથા ચાર આશ્રમ સમઝવા.

૧૧ હાલના રાજાયે અમારાં વતનો છિનાવી લિધાં, તથા ધર્માદાય તથા હક્કો, બંધ કર્યા એવું બ્રાહ્મણ ક્ષત્રિયાદિક, ગુણકર્મથી નથી પણ ઉદરસંબંધે કરીનેછે, તે

કેહેછે, તેઓને મારૂં એજ કેહેવું છે કે, જગતમાએલા રઇયત નો રાજકીય નિયમનો વસુલ છે, તે જગતના રક્ષણસારૂ ખરચ કરવો, તથા ધર્માદાય લેવાસારૂ, યોગ્ય ધર્મશીલ હશે તેજે પણ તમે ધર્માદાયનો પૈશો, બીભત્સ કામનીતરફ ખરચોછો, તથા જગતના રક્ષણનો પઇશો પોતાના ઉડાઉપણાના ખરચમા, તથા લુચ્ચાઇ ગીરીમાં ખરચ કરોછો, એસારૂ તમારા નરસા કર્મોથી રાજાને એવી વાસના થાયછે.

૧૨ આ વેદોક્ત ધર્મપ્રકાશ ગ્રંથમાં લખેલા નિયમપ્રમાણે જો વેદોક્તધર્મના કેહેવરાવનારા લોકો વરતશે તો તેઓને હિંદુસ્થાન દેશમાં રાજ જોઇયે, અને જો નહીં વરતશે, તો જે હાલમાં છે, તેજ ઠીકછે, હવે યદાકદાચિત્ કાંઈ અંશ પ્રાપ્ત થયો, તોય સાંપ્રત જે વેદોક્તધર્મના કેહેવરાવનારા, અમારા લોકોની સ્થિતિ છે, તે મળે તોય ગમાવશે, અને જેઓને હાલમાંછે, તેપણ ગમાવશે, એસારૂ આ વેદોક્તધર્મપ્રકાશ ગ્રંથમાં લખેલું છે, તેવું આચરણ કરવું.

૧૩ બ્રહ્મચારી બાવા, તમારામા, પ્રશ્નોના ઉત્તરો દેવાની શક્તી કેટલી છે, એવું પુછશો તો, જેટલી તમારામા, કિંવા મારા મનમા પ્રશ્ન કરવાની શક્તી, તેટલી, મારામા ઉત્તરો દેવાની શક્તી છે.

૧૪ જેટલું સંશયોનું સામર્થ્ય તેટલું સંશય છેદન કરવાનું સામર્થ્ય, હું જે બ્રહ્મચારી બાવા, તે મારામા છે.

૧૫ વેદાંત કેવોછે, તો કોડબંદુકના અવાજ, એકદમ કર્યા, તેમાજ એક તોફ છોડી, તો જેમ દૂરના મનુષ્યને, તોફનો અવાજ સંભળાય છે; તે સાંભળવામા, બંદુકના અ-

વાળો, પ્રતિબંધક થાતા નથી, તેમજ, વેદાંતશાસ્ત્રનો, અનેક મત પુસ્તકોના ગડબડથી, પ્રતિબંધ થાતો નથી.

૧૬ હાલમા હિંદુસ્થાન દેશમા, નાહાના મોટા, રાજા રજવાડા, તથા તેઓના કારભારીઓ, ઇત્યાદિ જે છે, તેઓની સ્થિતિ કેવીછે, તો જેવા પક્ષીઓ, પોતાના ઘરો, બે હજાર વર્ષ પેહેલા બાંધતા હતા, તેવાજ નમુના પ્રમાણે, સાંપ્રતના પક્ષીઓ, પોતાના ઘરો બાંધેછે, એ પક્ષીઓના ઘર બાંધવાના દૃષ્ટાંતપ્રમાણેજ, સાંપ્રત કાળે, હિંદુસ્થાન દેશમાં, જે નાહાના મોટા રાજારજવાડા તથા તેઓના કારભારીવગેરેછે, તેઓની સ્થિતિ છે, તથા તેઓનું મન છેક નિર્બલ છે, એનું કારણ, તેઓને સ્વહસ્તે કામ કરવાની ટેવ નથી, તથા ભૂગોલની માહિતી નથી, તથા જલપ્રવાસ કરતા નથી, એથી તેઓને મરવાની ભિતી લાગેછે, તથા વંશપરંપરા ચાકર મનુષ્યો, એથી વખત ઉપર, કોઇનો ઉપયોગ નથી, તથા જાત્યભિમાનથી, કોઇ કોઇને, સાર્વભૌમત્વ આપવામાં, વગેરે મદત નથી, તથા પોતાને લેખન વાચન જ્ઞાનનો તથા કલાકૌશલ્યના કામો કરવાનો માર્ગ મુદ્દલજ ખબર નથી, તથા તેમાએલો આનંદરસ પોતે ચાખ્યો નથી, એથી પ્રજાને આપવો એ સ્વપ્નમાંપણ નથી, તથા બાપના દાદાપરદાદાએ, જે પરાક્રમેકરી, જે પદવી મેળવી હોય, તે પદવી ભાલદાર ચોપદાર પાસેથી લલકારી, પોતે નાટકમાએલા વેશપ્રમાણે તે કિતાબનો આનંદ ભોગવુંછું એની લજ્જા તેઓને થાતી નથી, તથા અન્ય દ્વિપોમાએલા રાજાઓ, કિયાં કારણથી, તથા કાયદાથી યોગ્યતાને પામ્યા, તે ઉદ્યોગ કરવાનું જ્ઞાન નથી, પણ શીખવવા લાગિયે તો શીખતા નથી, વગેરે પ્રકા-

રની હાલમાં જે હિંદુસ્થાન દેશમાં નાહાના મોટા રાજા રજવાડાછે, તેઓની સ્થિતિછે, અસ્તુ. એવીજ તેઓએ પોતાની સ્થિતિ રાખી તો તેઓનો વેષ, પોતરો થયોજ તો તેહેને મળશે નહીં, કેમકે, હાથીયારો કેહેછે કે, અમોને નમીનમાં દાટીરાખો, એટલે અમો સ્વરૂપતા મુક્તી મેળવીશું. એટલે અમારી આદ્ય સ્થિતિ તો અમને મળશે. અથવા શાહાણો છતાં સૂરોહોય. તેહેને સ્વાધીન કરો, એટલે, તે અમોને, ખેતીનાં કામ કરવાના હથીયારોનો જન્મ અપાવશે, તેથી, અમો અમારી આદ્ય સ્થિતિ ધરી શું, કેમકે, શાહણા છતાં જે સૂરા, તેઓના હાથમાં રેહેવા સારૂ. અમો જન્મ્યાંછૈયે; પણ, હવે અમો, અમારી, આદ્ય સ્થિતિ ઇચ્છીયે છૈયે, સારાંશ, શાહણા સૂરાના હાથ મૂખ્ય કિંવા મૂર્ખ સૂરાના હાથ તથા હથીયારો મુખ્ય! એનો વિચાર, સુજ્ઞને છે, તેથી હર્ષ વિષાદ નથી; જુવો વારૂ. રૂના સુતરના, જુદાજુદા એક સહસ્ર દોરાઓ હોયતો, એકએક દોરો ધરી, સેહેજ રમતા છતાં, હજારો દોરાઓ. એકવર્ષનું બાલક તોડશે, અને તે હજાર દોરા, એકઠા કરી, એકત્ર વળ દીધો હોયતો, હાથીના તાંટીયા બાંધી, તેહેને પ્રતિબંધમાં રાખતાં આવડશે, પણ તે દોરડી, હસ્તીથી, તુટવાની નથી, એપ્રમાણે, એકીના કામો છે, જુવો, સો ચોર એકઠા થાયતો એક ધાડ થાયછે, એવાં સો ધાડા એક થયાં તો એક બંડ થાયછે, એવાં સો બંડો એકઠાં થયાં તો, એકમોટું રાષ્ટ્ર, એટલે રાજ્ય થાયછે, એવાં દસરાષ્ટ્રો, એકના સ્વાધીન થા-

યતો, તેહેને સાર્વભૌમત્વ આવેછે, અસ્તુ. મુને, સાંપ્રતની જેવી સ્થિતિ દેખાણી, તેવી મે લખી.

૧૭ જે ગિર્વાણ ભાષા, એટલે સંસ્કૃત ભાષા સીખેછે, અને બોલેછે, તેજ વિદ્વાન, એવી, હિંદુસ્થાન દેશમાએલા ઘણા લોકોની બોલવાની ચાલ પડી, તેવીજ સમઝણ દૃઢ થઇ છે, પણ એ સમઝણ, છેકજ મૂર્ખપણાની છે, કેમકે, જે જ્ઞાનના અનુભવેકરી, વેદશાસ્ત્રાદિક ગ્રંથો રચ્યા, તે જ્ઞાન તથા અનુભવ નથી, અને એકલા પુસ્તકો પાઠ કર્યાં અને બોલ્યો, તેને વિદ્વાન કેહેવો, એ કેટલું મૂર્ખપણું છે! અસ્તુ. એવા આ દુરભિમાનથી, હિંદુસ્થાન દેશમાં, જે પાંચહજારવર્ષ પેહેલી, જે અતિ ઉત્તમ વ્યવહાર સુધારણા, તથા નીતિ, તથા ધર્મ સ્થિતિ હતી, ઇત્યાદિ તે સર્વની ધૂળધાણી થઇ, અને આપણા વેદોક્તધર્મ સહીત આપણા શરીરો, મ્લેચ્છોના સ્વાધીન થયાં, અસ્તુ. થયું તે થયુંજ પણ થશે તે ખાબત સાવધ જુવો, જેઓએ, વેદોક્ત ધર્મમાં મદ્યમાંસ ખાવું નહીં, એવો નિયમ છે, તે ચલાવ્યો, અને મદ્યમાંસ ખાવાનું બંધ કર્યું તેઓને કેટલા શ્રમ લેવા પડયા હશે, એ, હાલમાં, મદ્યમાંસ સેવન બંધ કરવાનો ક્રમ ચાલુ કરનારાઓને, તથા ઇછનારાઓને જાણવામાં આવેછે. અસ્તુ. " દંત છે ત્યાંહાં ચણા નથી, અને ચણા છે ત્યાંહાં દંતનથી " તેપ્રમાણેજ, યુરોપખંડ માએલા લોકોમાં વ્યવહાર સુધારણા સારીછે, અને ધર્મની સુધારણા કરવાના કામમાં, તે મેહેનત લેછે, પણ તેઓને વેદોક્તધર્મની સમઝણ નથી, જે તેઓને ખબર છે, તે ખ્રિસ્તીમત, તે ખ્રિસ્તી મતનો, જંગલી લોકોના ઢોંગથી ઉત્પન્ન થયેલું નઠારૂંછે, તે સુધારવાસારૂ

યુરોપખંડના લોકો ધારેછે, પણ તે ખ્રિસ્તીમતજ, કુતરાની પુંછડીની પેઠે, મૂળેજ વાંકું છે, તે સીધી સુધારાની ભુંગળીમાં, ખ્રિસ્તી મતરૂપી કુતરાની પુછડી, બારવર્ષસુધી નાખી. તથાપિ વાંકીતે વાંકીજ, એવી કેહેવતપ્રમાણે થાયછે; વારૂ. હિંદુસ્થાનમાં વેદોક્તધર્મ પૂર્ણ સુધારેલોજ ઉત્પન્ન થએલો છતાં, જે લોક, વેદોક્તધર્મના પોતાને કેહેવરાવેછે, તેઓમાએલી વ્યવહાર સુધારણા છેક ડુબીગઇ, એથી, તેઓને વેદોક્તધર્મની ખબર નથી, પછી બીજાઓને શીરીતે ખબર પડે, સારાંશ " દંતછે ત્યાંહાં ચણા નથી અને ચણાંછે ત્યાંહાં દંત નથી " કોઇ કેહેશે કે, એક ઠેકાણે સર્વ ખાય, એટલે સુધારો થાયછે તો મુસલમાન લોકોમાં સુધારણા કેમ થાતી નથી, એનો વિચાર કરો, કોઇ કેહેશે કે, સર્વ ભોગનો ત્યાગ કરવાથી વેદોક્તધર્મનું જ્ઞાન થાયછે, તો સંન્યાસીઓ એટલે ત્યાગીઓ તે વેદોક્તધર્મમાએલા તારક જ્ઞાનને ભૂલેલા હજારમા નવસો નેવુંછે. વારૂ, કોઇ કેહેશે કે, ભોગીછતાં, વેદશાસ્ત્રનું અધ્યયન કરે, એટલે વેદોક્તધર્મ સમઝાય છે, તો ઘણા ભોગી ગૃહસ્થો વેદશાસ્ત્રનું અધ્યયન કરેછે, તેહેમાં, હજારમા નવસો નેવું વેદોક્તધર્મમાએલા તારક જ્ઞાનને ભૂલેલા હોયછે. વાસ્તે, હવે હું કહુંછું કે, પૂર્ણ વ્યાવહારિક વિદ્યાઓની, સુધારણા હતી, તે વખતનો વેદોક્તધર્મ ઉત્પન્ન થએલો, એવું તેહેના નિયમોઉપરથી સમઝવું, અને પૂર્ણ વ્યાવહારિક વિદ્યાઓની સુધારણા જાણી અનુભવી, વેદોક્તધર્મના વિચારમાં લાગવું. તોજ દાંત ચણા એકત્ર મલ્યા એપ્રમાણે થયું એવું સમઝવું પ્રમાણ રામગીતાનો શ્લોક " આદૌપદાર્થાવગતિર્હિ કારણંવાક્યાર્થવિજ્ઞાનવિધૌવિધાનતઃ " એવું છે સમઝો.

૧૮ શાસ્ત્રરીતીએ "તત્વમસિ" એ મહાવાક્યની, બેપ્રકારની વ્યાખ્યા થાયછે. તેનો કર્મકાંડ તથા ઉપાસનાકાંડ તથા જ્ઞાનકાંડ, એ ત્રિકાંડોમાં ઉપયોગ કરવો, એટલે "તસ્ય ત્વં, અસિ" એટલે તત્વમસિ, એવી વ્યાખ્યા, સશાસ્ત્રછેજ, હવે "તસ્ય, ઇંદ્રાદિદેવસ્ય, ત્વં, યજ્ઞેતા, અસિ" એટલે છેયે એવો, એ, કર્મકાંડમાં તત્વમસિ, એ મહાવાક્યનો ઉપયોગ કરવો અને ફરી "તસ્યત્વં, અસિ, તત્વમસિ" એટલે તસ્ય, વિષ્ણુ, શંકર, ગજાનન, દેવી, ઇત્યાદિ અવતારસ્ય, ત્વં, એટલે તું અસી, એટલે ભક્તછે, અથવા ભગવત ગીતાનો અધ્યાય ૧૫ પંદરમો, શ્લોક સાતમો. "મમૈવાંશોજીવલોકે" એ વાક્યપ્રમાણે "તસ્ય, ઈશ્વરસ્ય, ત્વં, અંશઃ અસી" એટલે અંશછે, વગેરે એપ્રમાણે તત્વમસિ, એ મહાવાક્યનો, ઉપાસના કાંડમાં ઉપયોગ કરવો. હવે ફરી, તત્, ત્વં, અસિ, એટલે તત્વમસિ, એરીતના ફરી સશાસ્ત્ર વ્યાખ્યાઉપરથી, તત્વમસિ, એ મહાવાક્યનો, જ્ઞાનકાંડમાં ઉપયોગ કરવો તે, એનોકે તત્, એટલે તે નિરાકારજ, ત્વં, એટલે તું, અસિ, એટલેછે, હવે, છે એટલે, તું જો નિરાકારજ છે તો, અહંબ્રહ્મ, ઇત્યાદિ અભિમાન ધારક, જે દેહસ્થ આત્મા, તેપણ તું નથી, કેમકે, જે નિરાકાર તેજ તું છે, એસારૂ. ત્વં, તત્, અસિ, એટલે તુંજ તે નિરાકાર અસિ, એટલે છે, એવાસ્તે, જે નિરાકારનું લક્ષણછે, તેજ તારૂં લક્ષણછે, અને તારૂં લક્ષણછે, તેજ નિરાકારનું લક્ષણછે, એને દૃષ્ટાંત, કોઇ એક પુરૂષ ઊભોછે, તેહેને બિજો પુરૂષ કેહેછે કે, તત્, એટલે તે પંઢરપૂરમાં મે જોયેલો, ત્વં, એટલે તું, અસિ એટલે છે, એઉપર, તેપણ તેહેને ઉત્તર આપેછે કે, અહં, એટલે હું તત્, એટલે તેજ અસિ એટલે

છું, હવે જુવો કે, એમાં પુરૂષ તે એકજ પણ ઓલખાણ પડવાસારૂ ભાષણો થયાં, તેપ્રમાણે, નિરાકાર તે એકજછે, તેહેનેજ તત્, ત્વં, એવુ જીવના ઉપદેશ સંબંધેકરી કહ્યું, તે પ્રકારછે; જુવો, પંઢરીમાં જોયો હતો એ એક શબ્દછે; તથા તેજ એ છે, એવો બિજો શબ્દછે, તથા ત્વં એટલે તું, એ ત્રિજો શબ્દ, એ ત્રણ શબ્દો થયા, તથાપિ એકજ પુરૂષ લક્ષમાં આણ્યો, અને તેણે પણ તેજ હુંછું. એવુ ત્રણ શબ્દેકરી, ઉત્તર આપ્યો, તથાપિ કેહેનારાનોજ લક્ષેલો ભાવ લક્ષ્યો, તેઓજ તે નિરાકારતું છે, એ ત્રણ શબ્દેકરી કેહેવાનો અને તેજ હું છુ, એ ત્રણ શબ્દે ઉત્તર આપવાનો એક અર્થ સમઝવો. અસ્તુ. એવા પ્રકારનો તત્વમસિ, એ મહાવાક્યનો ત્રણેકાંડોમાં બે પ્રકારની વ્યાખ્યા શાસ્ત્રની રીતે કરી ઉપયોગ કરેછે, તે મતવાદી નથી; અને મધ્વ, ઇત્યાદિ મતવાદી લોકો, તસ્ય, ત્વં, અસિ તત્વમસિ, એવી જે અમો કર્મ ઉપાસના, એ બેકાંડના ઉપયોગની, વ્યાખ્યાકરી તેમાન લેછે અને તત્, ત્વં, અસિ, તત્વમસિ, એ જ્ઞાનકાંડપર વ્યાખ્યા શાસ્ત્રની રીતીયે છતાં, લેતા નથી, તેથી તેઓને મતવાદી કેહેવા. સારાંશ, મધ્વ, ગોકળીયા, વગેરે મતોના મુખ્યો એ, જો, એ કહેલી રીતની સમઝણ લઇ, ઉપદેશ ક્રમ રાખ્યો નહીં, તો તેઓને, શાસ્ત્રવિરૂદ્ધ વરતવા બાબત, તેઓનું આચાર્યત્વ, રદ કરવું, એ શાસન છે.

૧૯ વેદોક્તધર્મમાં, આચાર્યો કેટલા થયા તથા કેહેની પછવાડેથી કોણ થયા, એને અનુભવીક પ્રમાણશું ? એવો પ્રશ્ન ઊઠેછે. તેનું સમાધાન એવું કે, વેદ, શાસ્ત્રો, પુરાણો, વગેરે વેદોક્તધર્મના ગ્રંથો છે, તે ગ્રંથોમાં, "યસ્યવાક્યંસઋષિ"

એપ્રમાણથી, જે જેગ્રંથનો કર્ત્તા, તેજ તેગ્રંથોપલબ્ધી બા-બ્યત ઉપદેશ આચાર્ય એટલે ગુરૂછે. અને જેને ગ્રંથરચ-નામા, અન્ય ગ્રંથોના વગેરે પ્રમાણો લીધેલાં માલમ પડેછે, તેતે ગ્રંથો તેતે પ્રમાણ લીધેલા ગ્રંથોના પછવાડેથી થ-યા તેથીજ તે ગ્રંથકર્ત્તા આચાર્યોપણ તે આચાર્યોના પ-છવાડેથી થયા, એવું ન્યાયથી સમજવું, એવું અનુભવીક સમાધાન છે, સારાંશ, મારૂં બોલવું થોડુંછે, પણ શોધનો સ-રળ માર્ગ, અનુભવીક દેખાડે છે.

૨૦ કેટલાક મૂર્ખ મનુષ્યો કેહેછે કે, પંઢરપૂરમાએલી શ્રીવિઠ્ઠલ મૂર્ત્તી, એ મૂર્ત્તી, વેદોક્ત ધર્મવિરૂધ્ધ જે જૈન કરીને મતવાદી થયા, તેઓની હોવી પરંતુ હે શતમૂર્ખો જૈનમતના ગ્રંથોમાં વિઠ્ઠલમૂર્ત્તી જેવીછે, તેવી મૂર્ત્તી જોકોઇ કરીને પૂજશે તો તેઓના મતપ્રમાણે, તે દોષી ઠરેછે, કેમકે, શ્રીવિઠ્ઠલમૂર્ત્તી જૈનમતનાવિરૂધ્ધછે. કાંતો, વિષ્ણુઅવતાર પ્રમાણે તે વિઠ્ઠલમૂ-ર્તી એટલે વિષ્ણુમૂર્ત્તી છે, જુવો કે. શ્રીવિઠ્ઠલમૂર્ત્તીના પગમાં અંગનાન તોડા છે, તથા કેડને વસ્ત્રનો ફરદ વેટી તેહેનો છેડો, ઢીંચનસુધી છોડેલો એવો અંગનોન આકાર છે, તથા કેડ-ઉપર કર મુકેલા છે, તથા દંડમાં કેયૂરો, તથા પોચામાં કડાં, તથા કરાંગળીઓમાં મુદ્રિકા, તથા વામહસ્તકમાં દક્ષણાવર્ત શંખ, તથા દક્ષણ હસ્તમા પદ્મ, એપ્રમાણે અંગનો આકાર છે, તથા વક્ષસ્થળઉપર કૌસ્તુભ, તથા તેહેની બાજુયે વૈજ-યંતીમાળાની રેષાંકિત સુંદર લક્ષણો તથા શ્રીવત્સલાંછન એ-પ્રમાણે અંગનો આકાર છે, તથા શ્રોત્રમાં મકરાકાર કુંડલો, તથા મસ્તકનાવિશે કિરિટછે, તથા સુહાસ્યવદન છતાં આક-ર્ણ નેત્ર, એપ્રમાણે અંગનાન અલંકારાદિક સર્વ પ્રકારે છે,

એવી સાક્ષાત્ જે શ્રીવિષ્ણુમૂર્ત્તી એટલે જે શ્રીવિઠ્ઠલમૂર્ત્તી, એ નામેકરી વિખ્યાત, તથા ભક્તોયે, તે મૂર્ત્તીની તરફ જોઇ, ધ્યાન, ભજન, પૂજન, નમન, આલિંગન, કર્યું છતાં, તેઓને સાક્ષાત્કાર થઇ તારક જ્ઞાન સેહેજ મળેછે, તથા સર્વ સંકટ દુરથઇ સમાધાન થાયછે, તથા જેને સંશય મનમાં ઊઠે, તેહેનું છેદન શ્રીવિઠ્ઠલ એ નામે અથવા શ્રીપાંડુરંગ એનામે વિખ્યાત જે શ્રીહરી તે તાત્કાળ કરેછે અને ભક્તોને સમાધાન આપેછે, તે શ્રીવિઠ્ઠલઉપર, તમે કુતર્ક કરોછો, તસ્માત્ તમે શિશુપા-લના શિષ્ય, કિંવા હિરણ્યકશિપુના સાહાકારી, ઇત્યાદિ છોકે શું ? અરે શતમૂર્ખો ! પ્રલ્હાદનારદપરાશરપુંડલીકવ્યા-સાંબરીષશુકશૌનકભીષ્મદાલભ્યાન ॥ રૂકમાંગદાર્જુનવસિષ્ઠ વિભીષણાદીન ॥ પુણ્યાનિમાનપરમભાગવતાન્નમામિ ॥ આ પુરાણોક્ત શ્લોકછે, તસ્માત વિચાર કરો કે, એ ચતુર્દ-શ આદે લઇ ઘણા ભાગવતો તેમાંજ પ્રલ્હાદ, નારદ, પરાશર, એ થયા પછી. પુંડલીક, એ નામછે, એઉપરથી તમે લક્ષ આપી જુવો કે, પ્રલ્હાદસારૂ નારસિંહ અવતાર થયો, તથા નારદ તો પ્રખ્યાત બ્રહ્મચારીજ છે; તથા પરાશર એ વ્યાસનો પિતા, એટલે વસિષ્ઠનો પૌત્ર છે, અને પુંડલીક કોણ એનો વિચાર કરો તથા તેહેનાવાસ્તે ભગવાને કીયો અવતાર ધારણ કર્યો, એનો વિચાર કરો, એટલે તમારા સમજવામાં આવશે. કે હું ભક્તોનો ઉધ્ધાર કરીશ, એવો પુંડલીકને વર આપી તારવાસારૂ આવ્યો જે શ્રીહરી, તેહેને વિઠ્ઠલ એ નામ પદ્મ-પુરાણ ઇત્યાદિ ગ્રંથોમાં છે, વાસ્તેજ કુતર્કો છોડી, મોટા જો-રથી લલકારો કે, પુંડલીક વરદા હરીવિઠ્ઠલ, પુંડલીક વરદા

હરીવિઠ્ઠલ, પુંડલીક વરદા હરીવિઠ્ઠલ, જય પાંડુરંગ, જય પાંડુરંગ, જય પાંડુરંગ.

૨૧ આ જગતમાં અંકની આકૃતીઓ, તથા સ્વર વર્ણની આકૃતીઓ કાઢવાની લિપીઓ છે, તેમાં અત્યુત્તમ, એવી જે લિપી છે, તે લિપીને, દેવનગરી અથવા બાલબોધ લિપી કેહેછે, જુવો. હરએક ખંડમાએલું બાલક રોવાલાગ્યું એટલે તેહેના રૂદનમાં બાર સ્વર નિકળેછે, પછી, તેહેનેજ દંતાદિક અવયવ તયાર થયા એટલે તેજ બાર સ્વર ઉપર, બીજા વર્ણો નિકળેછે. એપ્રમાણે માણસના મોઢાથી એટલુંજ નિકળસે એવો દેવનો નિયમ જાણી લઇ, પછી લિપી તયાર કરી, તેથીજ દેવનગરી લિપી કેહેવાયછે; એ બાલબોધ લિપીમાં એટલે દેવનગરી લિપીમાં જેવી પૂર્ણતા છે, એટલે વેદ લખતાં આવડેછે, તેવી પૂર્ણતા; કોઇપણ મ્લેચ્છાદિકોની અન્ય લિપીમાં નથી, કેમકે, ધ્વની જેવી વર્ણોની નિશાનીઓ, અન્ય લિપીઓમાં નથી, જુવો કે, અથર્વણ વેદમાં ગણપતી અથર્વશીર્ષમાં, બાલબોધ લિપીની નિશાનીછે, તે એવીકે, " અર્દ્ધેંદુલસિતંતારેણરુદ્ધં " એ વેદોક્ત પ્રમાણઉપરથી સિધ્ધ છેકે, વેદ લખવાની જે મુખ્ય લિપી, તે એ બાલબોધ લિપી પ્રથમ થઇછે, એવું, વેદોક્ત પ્રમાણ ઉપરથી થયું, હવે વેદને બીજો ગ્રંથ આદ્ય નથી, તસ્માત વેદ અનાદી છે, તે વેદમાં, એક, બે, એવી નવસુધી, એકએક, અંક ઉપર સંખ્યાછતાં, આગળ શૂંન્ય અથવા એ નવ અંકમાએલો, મૂળનો હરએક અંક નાખી, સંખ્યા ચલાવવાની રીતછે, તે વેદ જે અનાદિ તેમાં છે, તેથી તે રીત અનાદી છે, એવા-

સ્તે, સર્વ જગતમાં, વેદઉપરથીજ, મૂળની રીતીઓ માલમ થઇઓ, એવું સમઝવું.

૨૨ વંશાવળી, ઉદર સંબંધે કલ્પી, અમકાથી તમકો થયો, એપ્રમાણે ગપાઠા કલ્પેછે, પરંતુ વાજબી વિચાર કરશે, તે સમઝશેકે, ભુગોલરચ્યા, પછી, પેહેલાના મનુષ્યોનાં, અથવા પશુપક્ષ્યાદિક ચરપ્રાણિઓનાં, નરમાદિરૂપી જોડેલાં એકએક થયાં, કિંવા ઘણા ઘણા થયાં, એનો શોધ, સંવત મિતીવાર લગાડવાની હામ બાંધવી તદંન પોલુંપાંડિત્ય છે, વાસ્તે, જેહેને સમઝણનું સમાધાન જોઇયે, તેણે, ખોટું અથવા સાચું, એવિશે શાસ્ત્રપ્રમાણ રાખી ચાલવું, અને શાસ્ત્ર બાબદ સમઝવું કે, અનંત ગોલરૂપી સૃષ્ટી ઇશ્વરે રચી, તેહેના કર્તૃત્વનો અંતપાર નથી, એને પ્રમાણ શાસ્ત્રજ છે, જુવો, ભગવતગીતા અધ્યો ૧૬ સોલમાનો, શ્લોક ૨૪ ચોવીસમો, એટલે સોળમાં અધ્યાયનાં અંતનો " તસ્માચ્છાસ્ત્રંપ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ॥ જ્ઞાત્વાશાસ્ત્રવિધાનોક્તંકર્મકર્તુમિહાર્હસિ ॥ " એપ્રમાણે, શાસ્ત્રજ સમાધાનનું મુખ્ય કારણ છે, તથા જગડંબરરૂપી માયામાંથી, એટલે ઇશ્વરના કલ્પીત સૃષ્ટીના ભ્રમમાંથી છુટવાસારૂ, બિજા અનેક રસ્તા શોધવા, એ અમસ્તાછે, એવાસ્તે, તે સર્વ છોડી, ભગવતગીતા અધ્યો ૭ સાતમો, શ્લોક ૧૪ ચૌદમો છે. " દૈવીહ્યેષાગુણમયી મમમાયાદુરત્યયા ॥ મામેવયેપ્રપદ્યંતેમાયામેતાંતરંતિતે ॥ " એટલે ઇશ્વર સુચવેછે કે, એ મારીમાયા તરી જવા બાબત, મારોજ આશ્રય કરવો જોઇયે, તસ્માત મારો આશ્રય લીધો તો માયાજ નથી, પછી તરવું શું! તથા મારો આશ્રય ન લીધો તો, સર્વજ માંયા છે, પછી તરીને જવું ક્યાંહાં, એ-

નો વિચાર તોશાનો ! સર્વજ્ઞ અજ્ઞાન, તે ઠેકાંણે તરવાની વાર્તા તે શું ? અસ્તુ. ઓ લોકો, શાસ્ત્ર છોડીને શાવાસ્તે અભિમાનમાં મરોછો, સાવધ થાઓ.

રાજનીતિ

પ્રકરણ ૧૫ મું.

૧ કોઈપણ રાજાયે રાજ્ય કારભાર ચલાવવાના કામમાં, અવિચારી એવા જે અનેક મતોના મતાભિમાની તથા દ્વેષ કરનારા તેઓને લેવા નહીં, કેમકે, તે મનુષ્યો મતાભિમાનેકરી મનુષ્યમાત્રોમાં વૈર ઉત્પન્ન કરેછે, એસારૂ કોઈપણ રાજા હોય તેણે મનુષ્યમાત્રોમાંથી વૈર દુર થાય એવી તજવીજથી રાજ્યકારભાર ચલાવવો; તથા રાજ્યકારભાર ચલાવનારા કામદારો વંશપરંપરા નેમવા નહીં, પણ જે મનુષ્યોએ એકાએક પ્રવાસ કર્યોછે, તથા જેઓને ગરીબ, તથા શ્રીમંત તથા નીચ, વગેરે સર્વ મનુષ્યોના કર્મોની ખબર છે. તથા સુખદુઃખોની ખબરછે અને જેઓએ પરોપકાર કરવાના કામમાં શ્રમ લેવા જોઇયે તેવા લીધાછે, તથા જેઓમાં પરાક્રમ, તથા ધૈર્ય, તથા ચાતૂર્ય, તથા વિદ્યાછતાં દયા છે, તથા જેઓને સર્વ મતોની માલમછે, તથા જે દ્રવ્ય લોભી નથી. તથા જેઓ ન્યાયના કામમાં, પક્ષપાત રાખનારા નથી, એવા એવા લક્ષણોના કામદાર રાજ્યકારભાર ચલાવનારા નેમવા તથા એવા લક્ષણોના મનુષ્યો કોઈપણ જાતના એટલે જમાતના હોય તોપણ તેઓને રાજાયે પક્ષપાત નરાખતાં કામદાર નેમવા, અને જગતમાં શાંતી રેહે એવા કાયદા એટલે નિયમો કરતાજવા, તથા રાજાયેપણ એવું સમજવું કે, હુંપણ એક કામદાર છું; એથી મારેપણ, સર્વ પ્રજામાએલા મનુષ્યો કરતાં ઉત્તમ રીતીયે, સર્વ કારભારમાં વગરભૂલે વરતવું જોઇયે, તથા

પક્ષપાત તદ્દન છોડવો જોઇયે, તથા ધર્મની વાતો સાંભળી મનોમય રાખવી જોઇયે, પણ મુખથી ઉચ્ચાર કરવો તદ્દન ઉપયોગી નથી એવું પક્કું સમઝી વરતવું જોઇયે, એ રાજનીતીછે.

૨ રાજાયે સર્વ મનુષ્યોને મજુરી, તથા અન્ન વસ્ત્ર મળે એસારૂ દેશોદેશ જગતને સુખોપયોગી એવા નવા નવા કારખાનાઓ કાઢવા તથા જુના કારખાનાઓ સુધારવા તથા મંડલીઓ નેમી તે કારખાનાઓનો બંદોબસ્ત રાખતા જવો, તથા હરએક મજુરને કિંવા કામકરનારને દરરોજ કિવા દરમહીને મહીને ઠરાવેલો મજુરીનો પઇસો આપ્યા કરવો, તથા મજુરનો પૈશો વધારે દીવસ રાખવો નહીં, કેમકે, તૃષા લાગ્યાપછી જેવું આપણને થાયછે, તેથી મજુરનો પઇસો ઘણા રોજ રાખ્યો તો મજુરોને અધિક દુઃખ થાયછે, એસારૂ મજુરોનો તથા કામદારોનો પઇસો, ઉપર લખેલી મુદતે આપવો. તથા કોઇપણ મજુરની મજુરીનો પઇસો અપહાર કરે નહીં એવો પક્કો બંદોબસ્ત રાખવો, એપ્રમાણે કે, રોગથી આપણા શરીરનો નાશ થાયનહીં તેવાસ્તે જેમ આપણે શરીરના જતનની ચોકસી કરીયે છૈયે, તેથી મજુરના પૈસા કોઈ પુખાવે નહીં તેવાસ્તે વધારે ચોકશી રાખવી

૩ વૃદ્ધ મનુષ્યે, નાહાની છોકરી સાથે લગ્ન કર્યું છતાં તે છોકરી પાછી લઇ; તેહેનું લગ્ન, તેહેની વયના, તથા ગુણના નિયમેકરી, જે તેહેના શરીરધર્મપ્રમાણે, તથા ચારવર્ણ પ્રમાણે પુરૂષ હોય. તેહેની સાથે કરી આપવું, અને જે વૃદ્ધે એવું કામ કર્યું હોય, તેહેને તેહેની તકશીર પ્રમાણે શાસન કરવું. તથા હરએક જમાતનો એટલે જાતનો

પુરૂષ છે, અને હરએક જાતની વિધવા સ્ત્રી તે સાથે લાગુ થઈ છે એવું જાણવામા આવ્યું, તો તે સ્ત્રીનો, અને તે પુરૂષનો વિવાહ કરવો, પણ વર્ણ વ્યવસ્થા કરવી, અને તે ઉભયતાંએ, વિવાહિત સ્ત્રીપુરૂષોના નિયમ પ્રમાણે વરતવું, તથા પરસ્પર ઉપર પ્રીતિ રાખી સંતતી થશે તે સંતતીનું રક્ષણ વગર ધાસ્તીથી કરવું.

૪ દેવળમાં, કિંવા તીર્થ ક્ષેત્રોમાં, પુજારા, કિંવા કારભારીઓ વગેરે વતનદારો કરી રાખવા નહીં, કેમકે, તેવું કરવામા, દ્રવ્યલોભેકરી ભક્તિનો નાશ થાયછે, એપ્રમાણેજ વેદોક્ત ક્રિયા કર્મો ચલાવનારો, વંશપરંપરાનો ન જોઈયે કેમકે, વંશપરંપરા હોયતો. તે મૂર્ખ હોય, અથવા ખરાબ હોય. તથાપિ તેહેનાંજ હાથથી કર્મો કરી લેવાં પડેછે, એથી વેદોક્ત ક્રિયાકર્મો સારી રીતે ચાલતાં નથી, તથા સર્વ વૈદિક બ્રાહ્મણોને, દાન. એ જે ધર્મનો અંશ, તે પુગતો નથી, એ સારૂ તેવું ન જોઇયે.

૫ ચોઘડો કિંવા નગારૂં, કિંવા પરસ્પરનો શબ્દ, એક બિજાને સંભળાય નહીં એવાં એવાં વાઘો, દેવળની આગળ, કિવા ગાંમવચ્ચે, રાત્રે, કિંવા દિવસે, કોઇયે પણ વગાડવાં નહીં; કેમકે, તેવી સંધી સાધી, હરએક ઠેકાણે, દગાખોર લોકો દગો કરેછે, કેમકે, તે વખત, જે માણસની ઉપર દગાખોર લોકો પડેછે, તેણે જોપણ, પોતાની મદત સારૂ કોઈ પણ આવે એવી હાંકો મારીઓ તોય, તે વ્યર્થ જાયછે, કેમકે, વાઘનાં ઝપાટામા તે બિચારાની પોકાર કોઇના પણ સાંભળવામાં આવતી નથી, એ વાસ્તે તેવું નથવા સારૂ, ચો-

ઘડાયાં તથા નગારાં, તથા ઢોલ, તથા ઝાલરો, તથા તાસાં, વગેરે રણવાદ્યો, ગાંમમાં કોઇને વગાડવા દેવાં નહીં પણ મંગળ વાદ્યો વગાડ્યાં હોય તો ચિંતા નથી.

૬ હરએક રમત રમતી વખતે, જોકોઇ માણસ, હણો હણો, મારો મારો, એવો શબ્દોચ્ચાર કરશે, કિંવા ભુમો પાડે, કિંવા મસ્કરીથી સ્ત્રિયોના, અથવા પુરૂષોના, સુખદુઃખના કહણવા પ્રમાણે સ્વર કાઢશે, કિંવા વિનાકારણ ધાંટો તાણી ગોંગાટ કરશે તો તેઓને પકડી શીક્ષા આપવી, અને તેવું કોઇપણ કરે નહીં એવો બંદોબસ્ત રાખવો, કેમકે, હણો મારો, એ ઘાતકી શબ્દનો ઉચ્ચાર કરવો એ ત્રાસદાયક છે, તથા શત્રૂ જો હણો મારો એવા શબ્દનો ઉચ્ચાર કરતા હોય તો તે રમતના શબ્દો એવો લોકોને ભ્રમ પડી, કોઇપણ ચોકશી કરતા નથી; એથી અનર્થ થાયછે. તથા સંકટની વખતે કોઇપણ મદતે આવે એની નિશાની ભુમો પાડવી એ છે, તે જો રમતમાં થવામાંડેતો, સંકટના વખતે કોઇ ભુમો પાડેતો એ રમતની ભુમો એવું સમઝી, તેહેની મદતને કોઇ જતું નથી, એસાર તેવું થાય નહીં તેમાટે રમતમાં કિંવા મશકરીથી ભુમો પાડે, તેને શાસનકરી, ફરી તેવું થાય નહીં એવો બંદોબસ્ત રાખવો તથા સ્ત્રીપુરૂષના સુખદુઃખના કહણવા પ્રમાણે કોઇ સ્વર કાઢે તો તે સ્વરસાંભળી નીતિમાન મનુષ્યો ને ઘણોજ ત્રાસ થાયછે; તથા નાહાના છોકરાં, તથા સ્ત્રીયોવ ગેરે મનુષ્યો બેઅદબ અથવા અટકચાળા થાયછે; અને મોટા મનુષ્યની મર્યાદા તોડેછે, એસાર, તે સ્વર કાઢનારો દુષ્ટછે એવું સમઝી, તેહેને શાસન કરવું, અને ફરી તે તેવું નકરે એવો બંદોબસ્ત રાખવો, અને અમસ્તોજ વગર કારણે ભુમો

પાડનારૂં મનુષ્ય એપણ લોકોના કલેજામાં ધક્કો બેસશે એવો વિનાકારણ આરડી કર્કશ બોલેછે, તેવા મનુષ્યનેપણ શાસન કરવું. કારણ, તે મનુષ્ય ભીતિદાયક છે, એવું સમઝી એપ્રમાણે બંદોબસ્ત રાખવો.

૭ શ્રીમંત લોકોના, અથવા ગરીબના ઇત્યાદિ છોકરાં, ગાયોને કિંવા ગાયના વાછડાઓને, કિંવા બકરા બકરીઓને, કિંવા કુતરાના ગલૂડિયાને, અથવા હરએક ઘરના, અથવા બિજાના, તથા વગર ધણિયાતાં પ્રાણિઓને ત્રાસ આપેછે, વાસ્તે તેવા કર્મના છોકરાંઓને, શરીરદંડ સરકારથી કરવો પછી તે છોકરાં નીચી, અથવા ઊંચી પદવીના માણસોના હોય, તોય શીકર નથી, કેમકે, તેવાઓને શીક્ષા જોઇએજ જોઇયે.

૮ હરેક તરસ્યા પ્રાણીને પાણી પીવાવાસ્તે, હરએક ઠેકાણે, જે કોઇ અડચણ કરશે તેહેને અવશ્ય શાસન કરવું.

૯ ધર્મશાલા અથવા વેદોક્ત ધર્મના દેવળો, એમાં વેદોક્ત ધર્મપ્રમાણે વરતનારા સાધુસંતોને અથવા દેવળો વિનાની ધર્મશાળોમા થાકી આવેલા હરએક મુશાફરોને, ઉતરવાસાર બનાવેલી જગોમાં ઉતરવા બાબત જે કોઇ, વિનાકારણ અડચણ કરશે, તેહેને શીક્ષા આપવીજ આપવી.

૧૦ જે કોઇ મારામારી જોતાં ઉભા રેહેશે, પણ સામર્થ્યછતાં મારામારી છોડાવશે નહીં; તેવાં માણસોને શાસન કરવું, તથા સંકટની વખતે પડોશીયે હાકમારીછતાં, અથવા પડોશી ઉપર સંકટ પડ્યું છે એવું જાણવામાં છતાં, સામર્થ્યછતાં જેકોઇ તેહેને છોડાવવા બાબત મદત કરશે નહીં તેવાઓને રાજાયે અવશ્ય શાસન કરવું.

૧૧ પ્રત્યેક માણસ પાસેથી રાજાયે દરવર્ષે, છંનુ ચણોઠી ભાર, રૂપાનો એકરૂપૈયો કર લેવો, અથવા તેહેના જેટલું લેવું, એપ્રમાણે પોતે રાજા, તથા કારભારી વગેરે સર્વ મનુષ્યો પાસેથી કરલઈ. તે સર્વ મનુષ્યોના માલ મિલકતનું તથા વ્યાપારનું તથા પ્રાણનું, તથા ખેતરનું, ઇત્યાદિકનું સંરક્ષણ કરવું; અને જમીન ઉપરના કર, તથા બિન્ન સર્વ કર, તદ્દન કાઢી નાખવા; તથા સમુદ્ર માએલા ચોરોના બંદોબસ્ત સારૂ. સમુદ્રમાંથી થનારા વ્યાપાર ઉપર બુદોજ કર રાખવો.

૧૨ કરજ લેવા દેવાની બાબત રાજાયે ફરિયાદ સાંભળવી નહીં; પરસ્પરની સાખથી પરસ્પરે લેણ દેણ કરવું, પણ પરસ્પરના હાથનો દસ્તાવેજ પરસ્પરે લેવો દેવો, અને ચારજણાયેમળી, જે વ્યવહારમાં દાંડાઇ કરે, તેહેના સાથે વ્યાપાર કરવો નહીં એવો, ન્યાય કરવો, અને પત રાખી વરતે તેહેનીસાથે દેણલેણનો વ્યવહાર કરવો.

૧૩ હરકોઇ મનુષ્ય, કોઇપણ મનુષ્યને ઘાર મારશે, તો રાજાયે, તે ઘાતકીને, (મારનારાને) ખુલ્લી જગો ઉપર. સર્વલોકના જોવામાં તે આવે એવા બંદીખાનામાં રાખી તેને એકલું પાંણીપીવા આપવું; તથા અલ્પસ્વલ્પ વસ્ત્ર આપવું, એવિના અન્ન કપડું વગેરે તેહેને કાંઇજ આપવું નહીં, એપ્રમાણે તે ખુનીને મૃત્યુની શીક્ષા આપવી, અને મુવા પછી તેહેનું પ્રેત, પશુપક્ષી વગેરે ચાવી ખાય, એવા કકડા કરી જંગલમા નાખવા.

૧૪ ધાડ પાડનારા, કિંવા માર્ગ મારનારા જે લુટારૂ દુષ્ટ, તેઓના પગમાં બેડીયો નાંખી, દેશનિકાલની શીક્ષા

આપવી, અને તે ઠેકાંણે તેઓને સ્ત્રિયોનું દર્શન થાય નહીં વાસ્તે તે ઠેકાંણું સ્ત્રી વિનાનું જોઇયે. અને એવા તે શાસન પામેલા મનુષ્યો પાસેથી અનેક ધંધા કરાવી. તેઓના પેટને અન્ન, તથા શરીરને વસ્ત્ર આપી, બેડીઓનાંખી, મરવા સુધી તે ઠેકાંણે તેઓને રાખવા; તથા એપ્રમાણેજ, એકર્મ કરવાવાલી સ્ત્રિયોને પણ. પુરૂષની સંગતરૂપી ભેટ થાવી ન જોઇયે, એવી જગોયે, બેડીયો નાખી, અન્નવસ્ત્ર આપી રાખવીઓ, અને કામકાજ કરાવવાં.

૧૫ ઉઠાઇ ગિરા, કિંવા હલકી ચોરી કરવામાં, જે પાંચ વખત સપડાઇ, ફટકા, તથા હેડબેડીની શીક્ષા પામેલો, તેહેને છઠ્ઠી વખત પણ, તેવાજ અપરાધમાં સપડાય તો, ધાડ પાડવાવાળાને તથા મારગ પાડુને. દેશનિકાલની જે શીક્ષા તેજ તેહેને આપવી.

૧૬ કપટથી. જો કોઇ કોઇના પાસેથી દ્રવ્ય લઈ, ફરી તેહેનું તેહેને પાછું આપે નહીં, તો રાજાયે પાછું અપાવવું, અને વ્યાપાર સારૂ અથવા ઘર સંબંધી અન્નવસ્ત્ર સારૂ, કોઇયે કોઇ પાસેથી, અલ્પ દ્રવ્ય લીધું તો, તેઓયે પરસ્પર દેવું લેવું. પણ રાજાયે મદત કરી, ઘરબાર વગેરે વેચાવી અપાવવું નહીં, તથા લેવું નહીં.

૧૭ જે પ્રવાશીની ચોકશી, વાંસેથી, પોહોચવા ન પોહોચવાની કરનારો. વારસદાર કોઈ નથી, અથવા હોયતો પુરો વાકેફગાર નથી, તે પ્રવાસીની, રાજાયે ખબરદારી રાખવી, કમકે, રાજા, એ મુખ્યત્વેકરી, મનુષ્યના પ્રાણના, તથા સુખનાં સંરક્ષણાર્થજ છે, પણ હમણાના રાજલોકો એવો બંદોબસ્ત રાખતા નથી; એજ રાજલોકોયે મનુષ્ય મા-

રનારાઓને ઉત્તેજન આપવા જેવું છે, કેમકે, મનુષ્યના પ્રાણની ચોકશી જેહેનાં રાજ્યમાં નથી, અને બિજો સર્વ સુધારો છે, તો તેવા રાજાને રાજા કેહેવો કેશું ? નહીં ! રાજા કેહેવા કરતાં, ચોર, તથા મનુષ્યનો ઘાતકરનાર કેહેવો ઠીકછે. તથા તેવા રાજાના મોટી મોટી જવાઇઓ ખાનારા લોકો, એવિચાર કરતા નથી, તેથી તે શત મૂર્ખા છે વાસ્તે એવું ન જોઇયે, પ્રજાનાં પ્રાણનું રક્ષણ કરવું.

૧૮ જુવો રાજાયે પ્રત્યેક મનુષ્યનો જન્મદિવસ. તથા તેહેનું નામ. તથા જન્મ જે ઠેકાંણે થયો છે ત્યાંહાંનું નામ, તેહેનાં કુળનું નામ. તથા તેહેની જાતનું નામ, અને તેહેનો ધંધો, તથા હોદ્દો વગેરેના નાંમો. તથા નામ ઠાંમ ખાતાં, ગાંમોગાંમ, ચોપડી ઉપર નોંધીમુકવાં, અને પ્રત્યેક મનુષ્ય કયા કારણ સારૂ, તથા કયે ગામ, તથા કેવા હેતુ સારૂ. ક્યારે ગયો, એ વિગત લખેજાવી, અને તે મરે ત્યાંહાં સુધી. તેહેનાં આયુષ્યની ગણત્રિનો તથા જાવા આવવાનો. વિગતવાર હિસાબ રાખવો; તથાઃ તે કયે ગામ, તથા ક્યારે, તથા કયાકારણથી મુવો, એ તેહેના જન્મ પાંમેલા ઠેકાણાની હિસાબ ચોપડી ઉપર, તેહેના ખાતામાં લખવું, તથા મનુષ્ય મનુષ્યના હાથે, અથવા જલચર, ભૂચર, ઇત્યાદિ પ્રાણિઓના હાથથી, અથવા માદક પદાર્થ ભક્ષણ કરવાથી રોગગ્રસ્ત થઈ. અથવા એકાદા દેશ ઉપર દુષ્કાળ પડવાથી અન્ન પાણી ન મળી, અથવા નદીઓના પૂલ અને રસ્તાઓ તથા રેહેવાની જગો બરાબર ન હોવાથી, તથા રોગિઓને ઔષધો દેનારા ન હોવાના કારણોથી તથા મૂર્ખપણાથી ત્રાસથી આત્મહત્યા કરી લઈ, અથવા ઢોંગી લોકોના ફસાવ્યાથી,

એટલે માદક પદાર્થો યુક્તિથી ખાવા આપી, ઢોંગીલોક, મનુષ્યને પ્રથમ બેશુદ્ધ કરે છે, અને એહેને લૂત વળગ્યું છે એવું ઢોંગકરી, રૂપૈયા મેળવી, પછી પાણી, જાણે મંત્રીનેજ પીવા આપેછે, એવો તેમાં માદક પદાર્થોનો ઉતારો આપે છે અથવા બભૂત લગાડી, એકબેપોરમા ગુણ થશે એવું કેહેછે. અને તે માદક પદાર્થના જેહેર થકે મુક્ત થયાં પછી. કુટુંબી અજ્ઞાન મનુષ્યોને લાગેછે કે, આ મંત્રીમાંણસે અમારૂં મનુષ્ય સારૂં કર્યું, પણ, તે સર્વ, તે મંત્રી કેવરાવી લેનારા ઢોંગી મનુષ્યનું કપટ હોયછે; વાસ્તે તેવા ઢોંગી માણસના ફસાવ્યાં ઉપરથી, અથવા પૂર્ણ આસ્તિક જે વેદોક્ત ધર્મ, તે વિરૂદ્ધ મત મચાવ્યાં ઉપરથી તથા માદક પદાર્થો સેવન કરવા નહીં, એવી નીતી છતાં, તે નીતી વિરૂદ્ધ વરતવાંથી. એટલે માદક પદાર્થો ખાઈ તેહેની મસ્તીમાં મારા માર કરી, તથા માંસભક્ષણ કરવું નહીં એવી નીતી છતાં તે નીતી તોડી કોઇ વરતવા લાગે એટલે તેહેની તથા નીતિ માનતી મારામારી થાયછે તેવાં કારણો ઉપરથી ઇત્યાદિ ઉપર લખેલાં સર્વ કારણોથી મનુષ્યોના પ્રાણનો નાશ થાય નહીં એવા બંદોબસ્ત રાજાયે રાખવા, એજ જગતને રાજા હોવાનું પેહેલું મુખ્ય કારણ છે, એ કાંમ રાજા કેહેવરાવતો છતાં જે ચલાવતો નથી તે રાજા નથી પણ રાક્ષસ છે અને તેહેના મંત્રીઓ પણ રાક્ષસ છે, એમાંહે, ઉપર દર્શાવેલાં કારણોથી મનુષ્યોના પ્રાણનો નાશ થાય નહીં એવો રાજાયે બંદોબસ્ત રાખવો, એજ રાજાનુ કાંમ છે; એપ્રમાણે પ્રજા વરતાવનારાનેજ પ્રાણ રક્ષણ કરનારો રાજા એવું કેહેછે અને એજનું નાંમ પ્રાણ રક્ષણ.

૧૯ ખેતીની વગેરે જમીન ઉપર, અથવા ખાવાના ખુરાકી સામાનઉપર કિંવા લાંકડાં ઉપર કિંવા ઘાસ ઉપર કિંવા પાનડાંઉપર કિંવા પીવાના પાણીઉપર, વગેરેઉપર રાજાનો કર મૂળેજ નન્દેઇયે, કેમકે, તે પદાર્થો ઈશ્વરની બક્ષશીસના છે; પણ મનુષ્ય માત્રોના પ્રાણ રક્ષણાર્થ પ્રત્યેક મનુષ્યપાસેથી, દરવર્ષ એક રૂપિયો કર રાજાયે લેવો: તથા જન્મ થયાથી અગ્યાર વર્ષો પૂર્ણ થાતાસુંધી પ્રત્યેક છોકરાનો ચારઆના કર, તેહેના પોષણ કરનારાપાસેથી રાજાયે લેવો, તથા બારમાં વર્ષના પ્રારંભથી તે ઓગણીસ વર્ષ પૂર્ણ થાતાંસુંધી, પ્રત્યેક માણસની પાસેથી, દર વર્ષે અર્ધોરૂપીયો કર લેવો. પછી વીસમાં વર્ષના પ્રારંભથી તે મરવાસુંધી પ્રત્યેક વર્ષે, દરેક માણસપાસેથી એક રૂપિયો કર રાજાયે લેવો; અને રાજાયે, અન્ય બંદોબસ્ત વાસ્તે પાણીમાએલા તથા જમીન ઉપરના અનેક વેપાર ધંધા ઉપર કર બેસાડી, ખરચનો અજમાસ પુરો કરવો, એ રાજનીતી છે.

૨૦ હિંદુસ્થાન દેશમાએલું રાજકીય લેખન, કિંવા વ્યાવહારિક લખાણ, બાલબોધ જે દેવનગરી પૂર્ણ લિપી તેમાં જોઇયે, અથવા બાલબોધ લિપીનાન આધારથી જે મોડીલિપી તેમાં જોઇયે, અને યુધિષ્ઠિર, શાલિવાહન, વિક્રમ, એઓના શક, તથા ચૈત્ર, વૈશાખ, વગેરે મહીના તથા પ્રતીપદા, દ્વિતીયા, ઇત્યાદિ તિથીઓ. તથા રવીવારાદિક વાસર, તથા પ્રભવ ઇત્યાદિ સંવત્સરો, એપ્રમાણે પુસ્તકોમા લખાવતા જવું. અન્ય દેશમાએલી અપૂર્ણલિપીઓનો અભ્યાસ કરવાનું, તથા મ્લેચ્છોની વાતો શીખવાના બાલકોને શ્રમ આપવા નહીં, તથા અન્ય દેશીય વેદોક્તધર્મવિરૂદ્ધ મતવાદી મનુષ્યોના શક

તથા મહિના, એનો કાગળપત્રોમાં, મુખ્યત્વેકરી ઉપયોગ કરવો નહીં; એપ્રમાણે, જેકોઇ હિંદુસ્થાન દેશમાં રાજાઓ હોય, તેઓયે વરતવું.

૨૧ જો કોઇ વેદોક્તધર્મની નિંદા કરશે, અથવા વેદોક્તધર્મના લોકોને વેદોક્તધર્મ છોડવાવિશે ઉપદેશ કરશે, તો તેહેને, બીજાના માણસોં ચોરી લઇજનારને, તથા વેચનારને તથા લેનારને, જે શીક્ષા, તે શીક્ષા કરવી; અને ફરી, એવું નથાય એવો બંદોબસ્ત રાખવો.

૨૨ જે કાળમાં, નીતિમાન, તથા દયાળુ, અને અલ્પ સંતોષી, એવી સ્ત્રિયોહશે, તે કાળમાં માત્ર, એકપતી મુવોછતાં બીજો પતી, એપ્રમાણે, સર્વ આયુષ્યના વખતમાં વિવાહ કરવાની છુટ આપવી; અને જે વખતમાં એકપતી પ્રિય નથી, તેથી તેહેને જેહેર નાખી, વગેરે પ્રકારે મારી, બીજો પતી કરવો એવી સ્ત્રિયોની ચાલ જોવામાં આવે, તેકાળમાં વિધ્વયોની થયાપછી, એટલે પતીનો રતિભોગસંગ થયાંપછી પતી ગત થયોછતાં, બીજો પતી કરવો નહીં, એવો નિયમ ચલાવવો, અને જો વિદ્ધયોની થયાંપછી, પતી ગત થયોછતાં બીજો પતી કરવો નહીં, એવો નિયમ ચાલશે, તેકાળે, કોઇપણ સ્ત્રી જારકર્મ કરશે, એવું જોયામાં આવશે, તો તેણીયે વેશ્યાનીપેઠે ગ્રહસ્થથકી દુર બાહેર રેહેવું, અને સંતતીનું રક્ષણ કરવું, એવો નેમ તેવખતમાં ચલાવવો, અને તેવા કાળમાં સ્વયંવરમધ્યે સ્વપર ઇચ્છાથી પતી વરવો, એવો નિયમ ચલાવવો, એપ્રમાણે વિવાહનો નિયમ કાળપરત્વે ચલાવવો, કે જેણે કરી મનુષ્યોના પ્રાણનું રક્ષણ થાય, અને સુખપણ

પુજે નહીં, તથા ધર્મપણ પુજે નહીં, એવી રીતીયે વિવાહવિશે-
ની તનબીજ, કાળપરત્વે, રાજાયે ચલાવવી.

૨૩ ન્યાયાધીશે, અન્યાયી બ્રાહ્મણ, અને અન્યાયી
મહાર, એ બેહુને, સરખા માને ઊભા કરી, અથવા બેસાડી,
ન્યાય કરવો, પણ મહાર દરવાજા બાહેર અને બ્રાહ્મણ અં-
દર, એવો પક્ષપાત કરવો નહીં. પછી તે ન્યાયાધીશ, બ્રાહ્મણ
ક્ષત્રિયાદિક કોઇપણ હોય, અથવા મહાર માંગ હોય, સર્વ
ન્યાયાધીશે એ નિયમથી વરતવું, અને પક્ષપાત મુકી ન્યાય
કરવો, તોજ પ્રજા બંધનમાં રેહેશે, નહીં તો પ્રજા સ્વતંત્રતા
જોશે.

૨૪ રાજાને પેટે ઉત્પન્ન થયો તેજ રાજાછે એવું નથી;
જે નાહાના હોદ્દાથી મોટા હોદ્દાસુધી, કામોકરી યોગ્યતાયે
ચઢ્યો તેજ રાજા જોઇયે, પછી તે પ્રજામાએલો ગમે તે
મનુષ્ય હોયના.

૨૫ યુદ્ધ કરનારી સેના, અથવા લેખનકામ વગેરે
અનેક કામો કરનારી સેના, ઇત્યાદિ સૈન્ય રાજાયે રાખવું
તેમાએલા મનુષ્યો, ફલાણાજ વર્ણના અથવા અમકાજ વ-
રણમાંથી ફલાણાજ જમાતના એટલે જાતના જોઇએ એવું
નથી, મનુષ્યમાત્રને, તેઓના અક્કલની, તથા બળની તથા
શૌર્યની પરિક્ષા લઇ રાખવા, તેમાં વર્ણભેદ, કિવા વર્ણભેદમા-
એલા જાતીભેદ, ઇત્યાદિ અટકાવ નજોઇયે.તોજ સર્વ જાતની
પ્રજાને અમારૂં રાજ્ય અમારૂં રાજ્ય, એવો અભિમાન રેહેછે,
અને શત્રુનું કાંઇ ચાલતું નથી, તથા મનુષ્યમાત્રના અન્યાય
દૃષ્ટોત્પત્તીમાં આવેછે, એથી નીતીથી શાસન થાયછે.

૨૬ રાજકીય નિયમ માએલા ચાકર માણસો, એટલે

શિપાઈથી તે રાજા સુધી, તથા દાશીથી તે રાણી સુધી, તથા
હલેસ મારનારા ખલાસીથી તે તંડેલ સુધી, તથા ઘોડાના
ખાસદારથી તે કચરો ઝાડનારા ભંગી સુધી, ઇત્યાદિ રાજ-
કીય નિયમ માએલા ચાકર મનુષ્યોમાંથી, એને લેખન
વાચન જ્ઞાન નથી એવું તો કોઇજ ન જોઇયે.

૨૭ જે, જે દેશમાં રાજકીય નિયમ ચલાવનારા કા-
મદાર નેમવા તે તે દેશનો રિવાજ તથા ભાષા જાણનારા
છતાં, નીતિમાન જોઇયે.

૨૮ રાજા મરણ પામે, કિંવા વૃદ્ધ વગેરે કારણોથી ઠરાવ
પ્રમાણે પેનસન લઇ બેઠો, તો તેહેના હાથ નીચેના જે મુખ્ય
દસકામદાર. તેમાંથી એક રાજા નેમવો, તે નેમવાનો અધિ-
કાર. પ્રજા માએલા લોકોનો, એ પ્રકારનો જોઇયે, કે એક
જાહેર નામું છાપી, રાજ્યમાએલી સર્વ પ્રજાને વિનંતી લખ-
વીકે સાંપ્રતનો રાજા પેનસન લઇ બેસનાર છે, અથવા મરણ
પામ્યો, અથવા મરવા જેવો થયોછે, એમાટે, રાજાની હાથ
નીચેના મુખ્ય દસ કામદારછે, એ રાજ્યાભિષેકને યોગ્ય
છે, એમાટે, એ દસ આસામીઓનાં નામો લખેલાં
છે, એમાંથી જે મનુષ્યોના મનમાં દશ આસામીમાંથી,
ફલાણો ગાદી ઊપર બેસાડવો એવી ઇચ્છા હોય, તેણે
તેહેનાં નામો નીચે પોતાની સહી કરવી, એપ્રમાણે પ્રત્યેક
ગામડામાં, તથા શેહેરોમાં, ઇત્યાદિ સર્વ ઠેકાણે, આ જાહેર
નામું પોહોતાના પછી. પંદર દિવસની અંદર, પ્રત્યેક ઠેકાણે
સભા, પ્રજામાએલા લોકોએ કરવીઓ, અને એ દસ આ-
સામીઓનાં નામ નીચે પોત પોતાની ઇચ્છા પ્રમાણે સહીઓ
કરી, એક માસની અંદર, સહીયો લીધેલો અસ્સલ પત્ર,

ફલાણા શેહેરમાં પોચતે કરવા, એપ્રમાણે સર્વ રાજ્ય મા-
એલા, સર્વ લોકોના કાગળો આવ્યા પછી, જેહેના નામ
ઉપર વધારે મનુષ્યોની સહીઓ થઇઓ હોય, તેહેને રા-
જ્યાભિષેક થઈ, તેહેની પેહેલી નગ્યો, યોગ્યતા પ્રમાણે, તે
નવા બેઠેલા રાજાયે, બાકીના નવ આસામી કામદાર એ-
ઓના સંમતથી, યોગ્યહોય તેહેને આપવી, હવે રાજાના
હાથ નીચેના મુખ્ય દસ કામદાર એના કે ન્યાયાધીશ પેહે-
લો, તથા કરનો પૈસો પ્રજા પાસેથી લઈ પ્રજાને તેઓની
માલકત વેચી આપનારો તથા રાજકીય મનુષ્યોના પગાર
આપનારો તથા દ્રવ્યસંગ્રહ કરનારો એવો બીજો, તથા સે-
નાપતી યોધ્ધો ત્રીજો, તથા સમુદ્રમાએલો રક્ષણ કરનારો
ચોથો, તથા પ્રજાના નિર્વાહની સામગ્રી પૂર્ણ જોઈયે વાસ્તે
વ્યાપારને ઉત્તેજન આપનારો પાંચમો, તથા પ્રજાનો ધર્મ
રક્ષણ કરનારો છઠ્ઠો તથા પ્રજાની નજરે નઆવનારા ઈ-
ત્યાદિ કપટો ઉઘાડાં કરી બતાવનારો સાતમો, તથા અન્ય
રાજાઓ સાથે સંબંધ રાખનારો આઠમો, તથા વિદ્યા વૃદ્ધી
કરનારો નવમો, તથા પ્રજાના શરીર રક્ષણોના સાધનો
કરનારો દસમો, એપ્રમાણે દસ કામદાર, એઓ એ, રાજાના
અનુમત્તેકરી, પોતપોતાના કામો ચલાવવા, એવી રીતે રા-
જ્ય વ્યવસ્થા રાખવી.

૨૯ જો કોઇ કેહેશે કે, અમકાએ, ચેટકવિદ્યા.
એટલે જાદુ કરી, ફલાણાને, કિંવા મુને ઇજા આપી તો તે
કેહેનારાને, રાજાએ બાંધી ફટકા મારવા, અને તે, ફરી તેવું
ન બોલે, તે બાબત બંદોબસ્ત રાખવો, કેમકે, જાદુ કિંવા
ચેટક મુળેજ નથી, તથા કોઈ, જાદુ કિંવા ચેટક મુને આ-

વડેછે એવું કેહેશે તો તેહેને પણ, રાજાએ બાંધી ફટકા
મારવા, અને ફરી તે તેવું બોલે નહીં એવો બંદોબસ્ત
રાખવો.

૩૦ રાજાયે એક એક ન્યાય ખાતું જુદું જુદું નેમવું,
અને ફલાણી રીતે ફલાણાને ત્રાસ થસે એવી યોજના કરી,
ક્ષુલ્લક બાબતથી, કોઇને કોઇ ઈજા આપશે, તેઓનો એક
દિવસની અંદર ન્યાયકરી, અન્યાયી સ્ત્રી, પુરૂષો, છોકરાં,
વગેરે સર્વને, ફટકા દંડ વગેરે શીક્ષા કરવી, તથા કોઇને
કોઈ ત્રાસ આપે નહીં, એવો રાજાએ બંદોબસ્ત રાખવો.

૩૧ જે પોતીકા છોકરીઓને, તથા છોકરાઓને, એ-
ટલે કન્યા પુત્રને, લેખનવાચન જ્ઞાન, નીતિમાન પાસેથી,
કિંવા પોતે આપશે નહીં, કિંવા લેખનવાચન જ્ઞાન આપના-
રા વેદોક્ત ધર્મ યુક્ત, નીતિમાનને, પ્રતિબંધ કરશે, તો તેવા
કર્મના કરનારાને, રાજાયે બંધાવી, ફટકા મરાવવા, અને
ફરી તે તેવું કરે નહીં, એવો બંદોબસ્ત રાખવો.

૩૨ જો કોઇ કોઈના પાસેથી, વેદોક્તધર્મ મુકાવી,
નિર્ધર્મ કરશે, તો ઉભયતાને, રાજાયે બાંધી ફટકા મારવા,
અને કરનારાને દેશપાર કરવો, તથા ફરી તેવું કોઇ કરે નહીં
એવો બંદોબસ્ત રાખવો.

બાપ દિકરાનો સંવાદ.

પ્રકરણ ૧૬ મું.

૧ **દીકરે બાપને પ્રશ્નકર્યું તે** } બાપા મુને જન્મ્યાને કેટલો વખત થયો એ કૃપાકરીને કહો.

૨ **બાપે દીકરા ને કહ્યું તે** } દીકરા. તું જન્મ્યો તેહેને પાંચ વર્ષ બે માસ અને ત્રણ દિવસ થયા.

૩ **દી૰** બાપા વર્ષો તથા માસ તથા દિવસ એટલે શું? એ મને કહો એટલે મુને જન્મ થયે કેટલો વખત થયો તે જાણવામાં આવશે.

૪ **બા૰** દીકરા જે ઠેકાણે ભૂમીના ભાગ સામે પ્રાતઃકાળે એટલે સવારમાં સૂર્ય દેખાયછે તેજ ઠેકાણે બિને દિવસે પ્રાતઃકાળે સૂર્ય દેખાણો એટલે તેટલા વખતને એક દિવસ કહિયે અને એવા ત્રિસ દિવસ થયા એટલે તેહેને એક મહિનો કહિયે અને એવા બાર મહિના થયા એટલે તેહેને એક વર્ષ કહિયે એપ્રમાણે કાળનો વિચાર કર એટલે તુને ખબર પડશે.

૫ **દી૰** બાપા હવે મુને મહિના તથા વર્ષ શું એ ખબર પડી અને જેમ પ્રાતઃકાળથી બિજા દિવસના પ્રાતઃકાળસુધી એક દિવસ ગણવો તેમજ સાયંકાળથી બિજા દિવસના સાયંકાળસુધી અથવા હરએક વખતથી બિજા દિવસના તેજ વખતસુધી એક દિવસ ગણીયે તોય ચાલશે એપણ મારા જાણવામાં આવ્યું.

૬ **બા૰** દીકરા તેં વખતનો વિચાર સારી રીતે કર્યો એ જોઈ મુને ઘણો સંતોષ થયો એજ રીતે હરએક વિચાર કરવો.

૭ **દી૰** બાપા મારા શરીરની આજુબાજુયે તથા ઉપર નીચે એક પોલી જગોછે તેમાં મારા મસ્તક ઉપરના પોલાણભાગમાં ઘણો ઊંચો, છેક ઉપર, સામળો તથા નિળો તથા કાળો રંગ, સર્વ પોલાણમાં દેખાયછે તથા તેમાં ઘણા ચકચકાટ ભરેલા હીરા ચમકયા જેવા હું રોજ રાતે અગાશી ઉપર તમારીપાસે બેસુંછું ત્યારે જોઉંછું તથા તેમાં એક મોટો ચંદની જેવડો ગોળો જોઉંછું અને તેહેનો સારીપઠે પ્રકાશ જારે મારા મોઉપર પડેછે ત્યારે મુને ઘણું સુખ થાયછે તેથી હું તેનીતરફ જોતો છતાં પછવાડે ચાલુંછું ત્યારે તે મારીસાથે ચાલેછે એવું મુને લાગેછે તથા એક ચંદનીજેવડો દિવસે જોઉંછું તેવખત તેહેના આજવાળાથી મારી આંખો છેક વીંચાયછે તથા તે દિવસે દેખાનારો મોટો અજવાળાનો ગોળો તથા એક રાતે ક્યારે ક્યારે અજવાળું આપનારો ગોળો તથા સર્વ ચમકનારા હીરા જેવા નાહાના નાહાના, એ સર્વ એક પોલાણમાં દેખાતાછતાં હમેશા એકજ દિશાયે મુને દેખાતા નથી એનું કારણ શું? એવું આપણા ઘરમાએલા પાણી ભરા શ્યામભટને મેં પુછ્યું પણ તે પેહેલાંથી મારીઉપર ઘુશ્શે થયો અને પછી મને કહ્યું કે તું જે ભૂમીઉપર બેઠેલો છે તે ભૂમીનો ગોળો ઉત્તર દક્ષણ, દીર્ઘ વર્તુળાકાર, પોલાણ ઉપર સુતોછે, અને એ સર્વ ચમકનારા ગોળાઓ પોલાણમાંથી જમીનના ગોળાની કેડની ફરતી પ્રદક્ષણા કરેછે એવું દેખાયછે એવું તેણે મુને કહ્યું તે મુને સાચું લાગ્યું નહીં પણ તે

ઘણો રીસાઇ બોલ્યો એથી તે કિંચિત્ ભ્રમિષ્ટ છે એવું મુને લાગ્યું, મને તેહેનું બોલવું સાચું ભાસતું નથી એમાટે બાપા મુને કૃપાકરી કહો કે મારા માથાઉપરના પોલાણમાં કાળો નિળો રંગ દેખાયછે તે શું ? તથા તેમાં ચકચકાટ ભરેલા ગોળાઓ હીરા જેવા નાહાના નાહાના દેખાયછે તે શું ? તથા તે એકજ દીશાએ હમેશા દેખાતા નથી એનું કારણ શું ? તથા હું જે ભૂમીઉપર બેઠેલોછું તે કેવીછે ? ઇત્યાદિ સર્વ મુને કૃપાકરી કહો એટલે હું ઘણો સુખી થઇશ ?

૮ બા. દીકરા તુને જે ચમકતા હીરાની પેઠે પોલાણના પેટમાં નાહાના નાહાના તારાઓ તથા ગ્રહ દેખાય છે તે તારી આંખો થકે ઘણા અંતર ઉપર છે તેથી નાહાના નાહાના દેખાય છે પણ તે ગ્રહત એટલે મોટા મોટા છે તથા કુક્કુટ અંડ જેવા એટલે કુકડાના ઇંડાના આકાર જેવા ગોલછે તથા તૂં જે ભૂગોલ ઉપર બેઠેલો છે તેનાં કરતાં પણ તે નાહાના તથા મોટા છે તથા તું જે ભુગોલ ઉપર બેઠેલો છે તેહેની સર્વ બાજુયે જેવી પોલાણ ફેલાએલી છે તેવીજ તે સર્વ ગોલને ફરતી પોલાણ ફેલાએલી છે, તથા તું જે ભૂગોલઉપર બેઠેલોછે તે ભૂગોલ, સૂર્ય ગોલથી દિવસે જેવો પ્રકાશિત થયેલો જોઇએ તેવાજ કેટલાક ચમકનારા ગોલોમાં, ભૂગોલ જેવા પરપ્રકાશી ગોલો છે તથા કેટલાક સૂર્યગોલ જેવા સ્વપ્રકાશી ગોલો છે, એટલે તેઓનાજ અંગમાએલા ઇશ્વરના પ્રકાશેકરી તે પ્રકાશિત, નજરે આવનારા છે, તથા તું જે ભુગોલ ઉપર બેઠેલો છે તે પરપ્રકાશી ભુગોલથી જેવો સ્વપ્રકાશી સૂર્યગોલ મોટો છતાં દુર અંતર ઉપર છે તેમજ તે સર્વગોલો પરસ્પરથી નાહાના મોટા છતાં પરસ્પર થકે છેટે છેટે લંબાઇ ઉપર છે તથા જેટલા સ્વપ્રકાશી સૂર્યગોલ જેવા ગોલો, તે દરએક ગોલને સ્વર્ગ કહીયે; તથા સુર એવુંપણ કહીયે, તથા તું જે ભુગોલ ઉપર બેસેલો છે તે ભુગોલ જેવા, એટલે બિજા સ્વપ્રકાશી ગોલોના યોગથી નજરે આવનારા ગોલો જે, તે પરપ્રકાશી સર્વગોલોને મૃત્યુ લોક કહીયે, તથા અસુર એવું પણ કહીયે, તથા જેમ તું, એ પરપ્રકાશી ભુગોલ ઉપર બેશી, તે સર્વ ગોલોને, નાહાંના નાહાંના હીરા જેવા ચમકે છે એવું જુવેછે, તેમજ તે પ્રત્યેક ગોલો ઉપર બેસનારા, તું જે ભુગોલ ઉપર બેઠેલો છે, તે ભૂગોલને ઝીણા હીરાની પેઠે, સૂર્યના તેજથી ચમકનારો ગોલ છે એવું જુવેછે; અને જેમ તુંને લાગેછે કે, હું જે ભુગોલ ઉપર બેઠેલો છું, તે ભુગોલ સર્વકરતાં ઘણો મોટોછે, તથા તેહેના ફરતા સર્વગોલો ફરેછે તેમજ પ્રત્યેક ગોલ ઉપરના બેસનારાઓને લાગે છે કે, આ મારો ગોલ સર્વ ગોલો કરતાં મોટો છે, તથા તેહેના ફરતા સર્વ ગોલો ફરે છે, તેમાં તું જે ભુગોલ, ઉપર બેસેલોછે તે ભુગોલ બારીક હીરાકણી જેવડો છે, તથા તે અમારા ગોલની ફરતો ફરેછે, એવું સર્વ ગોલોઉપરના બેસનારાઓને દેખાય છે, એનું કારણ એવું છેકે, પ્રત્યેક ગોલ, ગાડીના પઇડાંની પેઠે, એકજ પોલાણમાં પોતાના અંગ ફરતા પોતે ફરેછે, પણ તેઓનું ફરવું, તેઉપર બેસનારાઓના અનુભવમાં આવતું નથી; પણ અમારા ગોલોના ફરતા બિજા ગોલો ફરેછે એવું લાગેછે, તે શીરીતે કહીશ તો, જેમ એકાદી ખાડીમાંથી જાહાજમાં બેસીને જનારાને દેખાય છે કે, કિનારા ઉપરના, ઝાડો, તથા ભેખડો, ચાલેછે, પણવિચાર કરી જોઇયેતો

જાહાજ ચાલેછે, ઝાડો તથા ચોખડો સ્થીર છે, તેજપ્રમાણે જે ભુગોલઉપર તું બેસેલો છે, તે ભુગોલ, પૂર્વદિશાયે હડશેલી દિધેલો, પઇડાંની પેઠે, પોલાણમા ફરેછે, તેથી તે ઉપર બેસનારો તુંછું, તે તુને, વાહાણમાં બેસનારાઓને વૃક્ષોચાલે છે એવું અમસ્તુંજ દેખાયછે, તેમજ સૂર્યગોલાદિક સર્વ ગોલો, ભુગોલની ફરતા ફરેછે એવું તુંને અમસ્તુંજ લાગેછે, પણ વિચાર કરી જોઈશતો, ભુગોલાદિક સર્વ ગોલ, પોતપોતાના ફરતા, પઇડાંની પેઠે, એક પોલાણમાં, સર્વજ ફરેછે, તથા પઇડાં જેવીજ ગતીએ આગળ સરકતા જાય છે, એવું તૂં સમઝીશ; હવે, જે દીવસે, તબકડી જેવડો પ્રકાશમાન ગોલ તુને દેખાયછે, તે ગોલ; તું જે ભુગોલ ઉપર બેસેલો છે તે કરતાં પણ મોટોછે, પણ જેમ સમળી ઉચી ઉડે, એટલે ચાર કાગડા જેટલી મોટી છતાં, ભ્રમર જેવડી નાહાની દેખાય છે, તેમજ સૂર્યગોલ, ભુગોલ કરતાં પણ મોટો છતાં, દૂર ઘણો છે એથી તુને તબકડી જેટલો નાહાનો દેખાયછે, એજપ્રમાણે સર્વગોલો, નાહાના દેખાવાનું કારણ સમઝવું: અને કોઈગોલને સૂર્યનામ, તથા કોઇને ચંદ્ર તથા કોઇને બૃહસ્પતી તથા કોઈને ધ્રુવ તથા કોઈને અગસ્તી, તથા કોઈને વસિષ્ઠ, તથા કોઈને શુક્ર, તથા કોઈને સપ્ત ૠષી, તથા તું જે ગોલઉપર બેસેલો છે તેહેને ભુગોલનામ, ઈત્યાદિ નામો આપેલાં છે, પણ તે નામો, મનુષ્યોના તથા ૠષીઓના હોવાથી, તે ગોલ એટલે ૠષી, અથવા મનુષ્યોછે, ઇત્યાદિ સમઝીશ નહીં, કેમકે, નામો એ, વસ્તુ ખબર પડવા સારૂ, શબ્દોથી નિશાનિઓ કરીઓછે, એવું સમઝ, તથા એ પ્રત્યેક ગોલને બ્રહ્માંડ

એવું કહેલું છે એનું કારણ એવું કે, તું બેસેલો છે તે ભૂગોલ મુદ્દાં પ્રત્યેક ગોલનો, કુક્કુટ ઇંડાનાં આકાર જેવો, પણ બ્રહત, એટલે મોટો આકાર છે, તેથીજ પ્રત્યેક ગોલને બ્રહ્માંડ એવી સંજ્ઞા કરી છે, એવા અનંત બ્રહ્માંડો છે, એવું કેહેવાનું કારણ એજકે, તુંને દેખાતા નથી એવા, આ પોલાણમા અનંત અંતર ઉપર, દુર, એવા અનેક ગોલોછે; તથા પ્રત્યક્ષ ચમકતા દેખાય છે એપણ અનંત ગોલોછે, એવી સમઝણથી, એ સર્વ ગોલોને અનંત બ્રહ્માંડો કેહેછે, તથા ભૂમંડલ તથા ચંદ્રમંડલ તથા સૂર્યમંડલ, એવાં અનેક મંડલો છે એવું કેહેછે એનું કારણ એજકે મંડલ એટલે વર્તુલ છે; એ સારૂ ભૂમંડલ વગેરે સર્વ મંડલો એટલે વર્તુલ ગોલોછે, તથા ધ્રુવલોક, તથા ચંદ્રલોક તથા સૂર્યલોક, ઇત્યાદિ સર્વ ગોલોને લોક એવું કેહેવાનું કારણ એજકે, ભુમીના ગોલ ઉપર જેવી જીવસૃષ્ટી છે તેવીજ ચંદ્રલોક, તથા સૂર્યલોક, ઈત્યાદિ લોકો ઉપર જીવસૃષ્ટી છે, તેથીજ ભૂલોક કેહેવાની પેઠે, તેઓને લોક એવું કહેલું છે, તથા પોલાણમાં કાળો, અને નીલો, અને હરો, રંગ દેખાય છે, એનું કારણ એટલુંજ છેકે, પોલાણનું, મનુષ્યની આંખોમાં પ્રતિબિંબ થતું નથી કારણ, પોલાણને આકૃતી નથી, તેથી ત્રિકોણ થવાનો નથી, તેથી દૃશ્ય નથી, અને જે ઠેકાણે પોલાણમાં, એટલે આકાશમાં, કાળો રંગ દેખાય છે, તે ઠેકાણે સૂર્ય વગેરેનો પ્રકાશ મૂળોજ નથી; એથી પ્રકાશના વિરૂદ્ધ અંધાર છે, એવું આંખોના ઠેકાંણે જ્ઞાન થાયછે, પણ અંધકાર કાંઇ પદાર્થ નથી, દીકરા તુંજ જો વારૂ! જે ઠેકાંણે તુંને અંધાર દેખાય છે, તેજ ઠેકાંણે આપણા ઘરની

બલાડીને અન્નવાળું મળેછે, એપ્રમાણેજ દિકરા તું સમઝકે, પોલાણમાં અંધારા જેવું કાળું નીલું દેખાય છે, તેજ ઠેકાણે જુદીજ જાતનો પ્રકાશ છે, તે પ્રકાશ આપણી આંખો દેખી સક્તી નથી, તેથીજ કાળો રંગ અમસ્તોજ અંધારા જેવો લાગેછે, પણ તે મૂળોજ અંધકાર કિંવા રંગ નથી એવું સમજ, તથા એ સર્વ વાતોનો વિચાર કર કેમકે પોલાણ સર્વ એક છે, તથા તેહેનો, જે સેહેજજ પ્રકાશેછે, તે જોવાને તારી આંખો યોગ્ય નથી, એથી સર્વ પોલાણ તુંને અંધકાર જેવી દેખાયછે, તેજ અંધાર શ્યામ, તથા કાળા, તથા નીલા રંગ જેવું ભાસેછે, પણ અંધાર જો કાંઇજ નથી, તો રંગ પણ નથી, કેમકે, જે ઠેકાણે આપણને અંધાર દેખાયછે, તેજ ઠેકાણે બલાડાને પ્રકાશ દેખાયછે, એ ઉપરથી અંધાર કાંઇજ નથી, તેથીજ કાળો તથા નીલો રંગ, જે પોલાણમાં, અંધારા જેવો દેખાયછે તે મૂળોજ કાંઇ નથી, એવું દીકરા તું સમઝ, તથા એ સર્વ સૃષ્ટી કહી એવીછે; એવું પક્કાઇથી મનમાં લાવ.

૯ **દી૰** બાપા હવે હું સમઝ્યો કે આપણે જે ભૂમીના ગોલઉપર બેઠાછૈયે તે ગોલ, પોલાણઉપર પૂર્વ દિશાયે ધકેલી દીધેલા પઇડાંનીપેઠે પોતપોતાના અંગને ફરતો ફરેછે અને આગળ લોટતો જાયછે, એથી આપણે જે તે ગોલઉપર બેસનારા, તે આપણને બીજા ગોલો, આપણે રહીયે છૈયે એ ભૂગોલની ફરતા ફરેછે એવું લાગેછે, પણ તે સર્વ જ્ઞાન ખોટુંછે તથા આપણે જે ભુગોલઉપર રહિયેછૈયે તેજ ભુગોલ ફરેછે એજ ખરું જ્ઞાન છે, એવું, તમે મુને કૃપાકરી કેહેવાઉપરથી જે વિચાર કર્યો, ત્યારે મુને સમઝાયું તથા શ્યામભઠ પાણી

ભરો, ભુગોલ ફરતા સૂર્ય વગેરે ફરેછે એવું દેખાયછે એવું બોલ્યો, તે તેવું દેખાણું તોયપણ, વિચારથી ખોટું એવું સમઝાયું કેમકે સર્વ ગોલો, આ ભુગોલ ફરતા ફરશે તો, તેઓને પ્રદક્ષણા મોટી પડશે, તથા જેટલા વખતમાં ભુગોલ, પોતાને ફરતો ફરેછે, તેટલા વખતમાં સર્વ ગોલોને, ભુગોલને ફરતાં પ્રદક્ષિણા કરવી, અશક્ય, એઉપરથી, શ્યામભઠનું, ભુગોલબાબતનું જ્ઞાન ખોટું છે. એપ્રમાણે સર્વ ચમકનારા, એક એક ગોલછે, તેપણ આપણે રહીયેછૈયે એ ભુગોલપ્રમાણે પરપ્રકાશી, અથવા સૂર્ય ગોલનીપેઠે સ્વપ્રકાશી છતાં, તે સ્વપ્રકાશી, અથવા પરપ્રકાશી, સર્વ ગોલો, પોતપોતાની ફરતા ગાડીના પઇડાંનીપેઠે ફરેછે, એપણ મુને સમઝાયું તથા સર્વ ગોલોઉપર મનુષ્યો વગેરેની વસ્તીછે એપણ મુને સમઝાણ, તથા આપણે જેમ, આપણા રેહેવાના ભુગોલને, મોટો વિસ્તીર્ણ ગોલછે એવું અનુભવિયે છૈયે, તેપ્રમાણેજ, પ્રત્યેક ચમકનારા, સ્વપ્રકાશી અથવા પરપ્રકાશી ગોલોઉપરના બેસનારા, પોતપોતાના રેહેવાના ગોલને મોટો, તથા વિસ્તીર્ણ ગોલછે એવું સમઝેછે, તથા જેમ સર્વ ગોલો, આપણને આ ભુગોલઉપરથી નાહાના દેખાયછે, તથા ફરેછે એવું દેખાયછે, તેપ્રમાણેજ, તે પ્રત્યેક ગોલઉપરના રેહેનારાઓને, હું હાલ રહુંછું એ ભુગોલપણ, બારીક હીરાકણી જેવો ચમકે છે એવો દેખાઇ, ફરેછે એવું દેખાય છે, એપણ મુને સમઝાણું, તથા પોલાણમાં (એટલે આકાશમાં) કાળો, તથા નીલો તથા લીલો,, રંગ દેખાય છે, એ અંધાર દેખાયછે; કેમકે, તે ઠેકાણે પ્રકાશછે તે મને દેખાતો નથી, એહેને દૃષ્ટાંત, જેમ બલાડાને અંધારૂં દેખાતું નથી

પણ આપણે ને ઠેકાંણે અંધાર જોઇયે છૈયે તેન ઠેકાણે બલાડાને અજવાળું દેખાયછે, તેથી તેશિકાર કરેછે એ દૃષ્ટાંત ઉપરથી, અંધકાર પદાર્થ કાંઈજ નથી, અમસ્તો ભાસછે, તસ્માત્ મારીઆંખોજ, અંધાર કિંવા પોલાણમાં કાળો, તથા નિળો, તથા શામળો રંગ દેખાવાને કારણછે; એપણ મુને સમઝાણું તથા કાલે આપણે ઘેર, ગોપાલ છોકરો આવ્યો હતો, તે બોલ્યો કે, વેદપ્રતિપાદ્ય ધર્મના લોકોને, પૃથ્વી ગોલાકાર છે. એવું જ્ઞાન નોતું, પણ તે નાસ્તીક હતો, તેથી ખોટું બોલ્યો, કેમકે શ્રીમત્ ભાગવતમાં, તૃતિય સ્કંધમાંએલો, અધ્યો ૨૩ શ્લોક ૪૩ સમો, પૃથ્વી ગોલાકાર છે, એબાબત પ્રમાણ શ્લોક "પ્રેક્ષયિત્વાભુવોગોલંપત્ન્યૈ યાવાન્સ્વસંસ્થયા" એવું પ્રમાણ છે, તથા જ્યોતીષશાસ્ત્રમાંએલા, સિદ્ધાંતશિરોમણી ગ્રંથમાં પૃથ્વી ગોલાકાર છે, એ બાબત પ્રમાણ "શ્લોક, ભુમેઃપિંડઃશશાંકજ્ઞકવિરવિકુજેજ્યાર્કનક્ષત્રકક્ષા" એવું એપણ પ્રમાણછે; ઇત્યાદિ ઘણેક ઠેકાણે છે, તથા અનંત બ્રહ્માંડો, તથા ભુમંડલ, તથા સૂર્યમંડલ, ઇત્યાદિ વેદપ્રતિપાદ્યધર્મમાં. પુરાતની શબ્દો છે, તે શબ્દોના અર્થ ઉપરથી, મુને સ્પષ્ટ સમઝાણું કે, ભુમંડલ એનો અર્થ ભુમી મંડલાકાર, એટલે ગોલાકાર, એવો થાયછે, એઉપરથી સર્વ મંડલો ગોલાકાર છે, એવું વેદપ્રતિપાદ્યધર્મના લોકોને, પેહેલાથીજ જ્ઞાન છે, તેથીજ "ભુવોગોલં" તથા ભુમેઃ, પિંડઃ, તથા ભુમંડલ, ઇત્યાદિ કહેલુંછે, તથા ભુલોક, તેમજ ચંદ્રલોક, તથા સૂર્યલોક, ઇત્યાદિ લોક; એટલે જીવોના રેહેવાના ઠેકાણા, એવુંપણ પેહેલાના લોકોને જ્ઞાન હતું, એઉપરથી, વેદપ્રતિપાદ્યધર્મના લોકો, પેહેલાંથીજ પૂર્ણ જ્ઞાનીછે, તથા તે

પ્રત્યેક ગોલને બ્રહ્માંડ કેહેછે, એવા અનંત બ્રહ્માંડો છે એવું બોલેછે; એઉપરથી, ગોપાલ બોલ્યો, તે તેહેનું બોલવું ખોટું એપણ મુને સમઝાયું અને વળી, મારા મનમાં એક વિચાર આવ્યો, તે એવોકે, જે મારા માથાઉપરની પોલાણમાં કાળું, તથા નીલું દેખાયછે, તે દેખાવું વ્યર્થછે, કેમકે, તે ઠેકાણે, અંધારામાએલો પ્રકાશ, બલાડાને દેખાયછે, એ દૃષ્ટાંતથી, ત્યાંહાં તેવોજ પ્રકાશ છે, તે જોવાને મારી આંખો શક્તીવાન નથી, તેથી કાળું, તથા નીલું, ઊંચી પોલાણમાં દેખાયછે, પણ, તે ત્યાંહાંનો પ્રકાશ અનુભવમાં આવશે તો, કાળું તથા શામળું તથા નીલું દેખાવાનું નહીં; અને જેમ પ્રકાશના અનુભવેકરી પોલાણમાં કાળુ દેખાવાનું નહીં, તેમજ સર્વ પોલાણમાં, જે પોતેજ પ્રકાશમય છે, તે નિરાકાર અનુભવમાં આવશે તો, ભુગોલાદિક ગોલો, કિંવા મારૂં અહંપણું તેપણ રેહેવાનુ નહીં; એ વિચાર, મુને આપની કૃપાથી બાપા પ્રાપ્ત થયોછે

૧૦ બા૦ દીકરા તારો વિચાર જોઇ મને ઘણો સંતોષ થયો, કેમકે, તું નાહાનો, છ વર્ષનો છે, પણ તારી બુદ્ધિ પ્રૌઢ છે, કારણ, મેં તુને, પોલાણમાં (એટલે આકાશમાં) સ્વપ્રકાશ નિરાકાર ભરેલો છે, તે અનુભવમાં આવતો નથી, તેથી શામળો, તથા નીળો, તથા કાળો રંગ દેખાયછે એવું કહ્યું, એઉપરથી, તેં સ્વતંત્ર તર્ક કર્યો કે, સ્વપ્રકાશ નિરાકાર જે સર્વ પોલાણમા ભરેલોછે, તે અનુભવમા આવવાથી, જેમ શામળો, તથા નિળો રંગ દેખાવાનો નહીં, તેવોજ, હુંપણું ધરનારા જ્ઞાનસોત અનત ગોલોનો આકાર પણ અનુભવમાં આવવાનો નથી, એવા તર્કથી તું બોલ્યો, એ તારો સશાસ્ત્ર

તર્ક જોઈ મુને સમઝાંણકે, તું સુપુત્રછે, દીકરા, એપ્રમાણેજ સર્વ વિચાર કરીશ તો, તારી યોગ્યતા વધશે, અને તું મહાપરાક્રમી થઈશ.

૧૧ દી૦ બાપા આપણે રહિયેછૈયે એ ભુગોલ, તથા ચંદ્રગોલ, તથા સૂર્યગોલ, તથા અનંત ગ્રહતારાગણોનાગોલ, આપણને કાંચના યંત્રની સાહ્યતાથી, આંખેકરી દેખાયછે તે, તથા દેખાતા નથી તે, ઇત્યાદિ સર્વ અનંત ગોલો, એજ અનંત બ્રહ્માંડો, એનો કર્ત્તા કોણ ? તથા તે સર્વ બ્રહ્માંડો ઉપરના શ્વાસવાન જીવો એટલે પ્રાણિમાત્ર સર્વ જીવો, મારા સરીખા મનુષ્યો, અથવા પશુપક્ષી, અથવા કીટકાદિકો જેવા બીજા, એઓનો કર્ત્તા કોણ ? ઇત્યાદિ સર્વ બ્રહ્માંડો સહિત સર્વનો કર્ત્તા કોણ ? તથા તે ક્યાંહાં રેહેછે ? તથા તે સર્વનો કર્ત્તા એકજ છે, કે જુદો જુદો છે ? એ સર્વ કૃપાકરી મુને કેહેશો તો હું ઘણોજ સુખી થઈશ.

૧૨ બા૦ દીકરા એ સર્વ બ્રહ્માંડોનો, એટલે સર્વગોલોનો તથા સર્વગોલો ઉપરના રેહેનારા પ્રાણિમાત્રોનો, એટલે સર્વ શ્વાસવાન જીવોનો, કર્ત્તા સમષ્ટિ રૂપ એક ઈશ્વર છે, અને પ્રત્યેક ગોલના શરીરમાએલી હું હું એવી જે કલ્પના તે કલ્પનાને જાણનારો, જે હુંપણા પેહેલાનો ભાવ, તેજ વ્યષ્ટિરૂપ ઈશ્વર છે; તેમજ દીકરા તારા શરીર માએલી હું હું એવી કલ્પનાને જાણનારો, જે તારા હુંપણા પેહેલાનો સ્વરૂપભાવ, તેજ વ્યષ્ટિરૂપઈશ્વર છે, એપ્રમાણેજ સર્વ મનુષ્યો, તથા પશુ પક્ષ્યાદિક અનંત જીવોનો, તથા અનંતગોલોનો, જે હુંપણા પેહેલાનો, અંતર માએલો જુદો જુદો ભાવ, તે ભાવનો જે સાક્ષી, (એટલે જાણનારો) તેજ વ્યષ્ટિરૂપ

ઈશ્વરછે, તે પ્રત્યેક શરીરમાએલું હુંપણું, જે જુદું જુદું, તે જુદાજુદા હુંપણાને જાણનારો, એટલે સાક્ષાછે; તેજ વ્યષ્ટિરૂપ ઈશ્વર છે, તથા તે પ્રત્યેકના હુંપણામાં, જુદાજુદા પણાએ કરી રેહેછે, તેણેજ, પ્રત્યેક શરીર કલ્પ્યાં પેહેલાં, પ્રત્યેક હુંપણું કલ્પ્યું, તાર પછી પ્રત્યેક હુંપણા ઉપર, સમષ્ટિરૂપ ઈશ્વરે ઉત્પન્ન કરેલા તથા તે સમષ્ટિરૂપ ઈશ્વરના એક આકર્ષણ માએલા, એવા પંચભૂતાત્મક પદાર્થોનો, પોતપોતાનાં જુદાપણાયેકરી, ગોલોનો, તથા તે ઉપર રેહેનારા પ્રાણિમાત્રોનો, એપ્રમાણે પ્રત્યેક હુંપણું ધરનારે, પોતપોતાઉપર, એકએક શરીર કલ્પ્યું છે, એવી એ સર્વ સૃષ્ટિ રચના ઈશ્વરે કરી, તથા વ્યષ્ટિરૂપ ઈશ્વર, સર્વ સૃષ્ટિ રચનાનું પાલન, અંતઃકરણરૂપ જ્ઞાને કરી, એટલે ઇંદ્રિયોના માએલા જ્ઞાનેકરી કરેછે, તથા તેણે રક્ષણ ન કર્યું, તો શોહેજજ સંહાર થાયછે, એવો એ ઈશ્વર, સર્વના હુંપણાની અંદર સાક્ષિરૂપેકરી અલિપ્ત રેહેછે, એનો ઠીક વિચાર કર, અને એક આકર્ષણમા અનંત બ્રહ્માંડગોલ, તથા સર્વ પરમાણું ધરનારો, તે સમષ્ટિરૂપ ઇશ્વર એક છે, તે પંચભૂતાત્મક સર્વ પદાર્થોનો મૂળકર્ત્તા તથા ઉપાદાન કારણ છે, એવું સમજ, અને પ્રત્યેકના અહંપણાનો જાણનારો, પ્રત્યેક શરીરમાં તથા ભુગોલાદિક ગોલોમાં, જુદોજુદો, તે વ્યષ્ટિરૂપ ઈશ્વર સમજ.

૧૩ દી. બાપા હવે મને ઈશ્વરનું જ્ઞાન સારી રીતે થયું, કારણ, જો સર્વના હુંપણાનો સાક્ષી, સર્વ શરીરમાં એકજ હોત, તથા તેનું રૂપ તેજ આપણું રૂપ એવું હોત, તો પરસ્પરો-

ના મનમાએલું એક બીજાના જાણવામાં આવત, તથા એક પાતકી થવાથી સર્વ પાતકી થાત તથા એક પુંણ્યવાન થવાથી સર્વ પુંણ્યવાન થાત, તથા એક બદ્ધ થવાથી સર્વ બદ્ધ થાત તથા એક મુક્ત થવાથી સર્વ મુક્ત થાત, પણ તેવું તો થાતું નથી, એ ઉપરથી સિદ્ધાંત, જે આપે કહ્યો, તેજ સાચો છે; કે પ્રત્યેકના અંતરમાંએલા હું-પણાનો જે જાણનારો એટલે સાક્ષી, તેજ વ્યષ્ટિરૂપ ઈશ્વર છે, તે પ્રત્યેકનું હુંપણું ઉઠવા પેહેલાનો, પ્રત્યેકનો જુદો જુદો સ્વરૂપ ભાવન છે, એમુને પક્કું સમજાયું અને એવું પણ સમઝાયુંકે, જેવા એક સૂર્યના અનેક પ્રતિબિંબો થયા, તથાપિ પ્રતિબિંબોની જાત એક છે, તેમજ પ્રત્યેકના હું-પણાને જાણનારો, જે વ્યષ્ટિરૂપ ઈશ્વર, તે જોપણ પ્રત્યેકના હુંપણા જેટલોજ, હુંપણાને જાણનારો, સર્વનો સ્વરૂપ ભાવ, વ્યષ્ટિરૂપ ઈશ્વર જુદોજુદો હોય, તથાપિ, સૂર્યના જુદાજુદા સર્વ પ્રતિબિંબોની એક જાત છતાં, પ્રત્યેક પ્રતિબિંબોના ચંચલ નિશ્ચલપણાની ઉપાધી, એકની બિજાને નથી, એ દૃષ્ટાંત માએલો એક દેશ જે, તેપ્રમાણેજ વ્યષ્ટિરૂપ ઈશ્વર ભાવ, એતો પ્રત્યેકના હુંપણાને જાણનારો, જુદોજુદો છે, તોપણ સર્વના વ્યષ્ટિરૂપ ઈશ્વર સ્વસ્વરૂપ ભાવનાની એક જાતછે, તથા એકના બદ્ધ મુક્તપણાની ઉપાધી બિજાને નથી, એવું મુને સ્પષ્ટ, તથા વગર સંશયથી સમઝાણું, તથા અનંત સૃષ્ટીનાગોલો, જે પંચભૂતાત્મકપરમાણુંના થયા, તે સર્વ પરમાણુંને એકશક્તીયેકરી ધરનારો સમ-ષ્ટિરૂપ ઈશ્વર એકછે, તેજ તે પંચભૂતાત્મક સર્વ પરમાણુનો કર્ત્તાછે એપણ મુને સમઝાણું, તથા સમષ્ટિરૂપ ઇશ્વરના

પ્રતિબિંબો વ્યષ્ટિરૂપ જીવ નથી, પણ તે ઈશ્વરની સજાત-નાછે, એટલે એક જાતનાછે, એપણ મુને સમઝાણું, એ-હેને બાપા આપની કૃપાજ કારણ છે.

૧૪ બા૦ દીકરા તું ધન્ય છે ! તારી આઠવર્ષની વય છતાં, તુને સમષ્ટિ, તથા વ્યષ્ટિ, એ બે પ્રકારે, ઈશ્વરનું સા-રી રીતે જ્ઞાન થયું, એ જોઈ મારાથી તારૂં ચુંબન લીધા વિ-નાં રેહેવાતું નથી એથી તારૂં ચુંબન લિધું દિકરા શાબાસ ! શાબાસ ! જે તેં ઈશ્વરના નિશ્ચયવિશે, પ્રતિબિંબ ન્યાય લી-ધો, તે વેદાંત શાસ્ત્રના નિશ્ચય બાબદ, જે ન્યાયશાસ્ત્રછે, તેમાએલો તે ન્યાયછે, તે તુંને સ્ફુર્યો, તસ્માત તારા ઉપર પરમેશ્વરનો પ્રકાશ છે, એમાં કાંઇ સંશય નથી.

૧૫ દી૦ બાપા હમણાંજ આપ બોલ્યા કે, તારીઉપર પર-મેશ્વરનો પ્રકાશ છે, તે પરમેશ્વર કોણ છે, તથા તે કેવો છે ? એ મને કૃપાકરી કહો ? એટલે હું ઘણોજ સુખીયો થઈશ; કેમકે, સમષ્ટિરૂપ તથા વ્યષ્ટિરૂપ ઈશ્વર શું ? એ મને આપના કેહેવાં ઉપરથી સમઝાયું પણ પરમેશ્વર કહી આપ બોલ્યા તે શું ? એ મુને ખબર નથી. એસારૂ બાપા મને પરમેશ્વર કોણ એ કૃપાકરી કહો ?

૧૬ બા૦ દીકરા તુને પરમેશ્વર કોણ, તથા કેવો છે, એ સમઝી લેવાની ઇચ્છા થઇ, અને તેં પ્રશ્ન કર્યો, એ જોઇ મને ઘણો આનંદ થયો, તથા તું પરમેશ્વરનો વિચાર કરવાવાસ્તે અધિકારી છે, એવું મુને સમઝાણું, એવાસ્તે હવે પરમેશ્વર કોણ, તથા કેવો, એ કહું છું, તું ચિત્ત દેઇ સાં-ભળ, અરે દીકરા, તું પોતાના શરીરપિંજરાની માએલી પો-લાણમાએલા, શુદ્ધ પ્રાણવાલુને, વ્યષ્ટિ સ્વરૂપી ઈશ્વર-

રૂપેકરી, એટલે આત્મરૂપે, અથવા જીવરૂપે, અથવા અંતઃકરણરૂપ આકાશરૂપે, ચલિત કરી, હોઠ, તથા જીભ, ન હલાવતાં, હું છું, હું છું, એવી મનોમય કલ્પના કરીશ તે કલ્પના, એટલે માયા, તેહેને ઉત્પન્ન કરનારો તથા જાણનારો, જે તારો સ્વરૂપભાવ, તેજ આત્મા તથા તેજ વ્યષ્ટિરૂપ ઈશ્વર એ વ્યષ્ટિરૂપી ઈશ્વર રૂપના પેહેલાનો જે તારો સ્વરૂપ ભાવ, કે જેમાં હું, અથવા તું એવું કલ્પવું પણ નથી, તથા તે કલ્પવાને જાણનારૂં જ્ઞાન, તથા જાણવુંપણ નથી, એવું જે અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું તારૂં સ્વરૂપ, તેજ એક તથા અદ્વૈત, તથા તેજ નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપછે, હવે તે સ્વરૂપને અજ્ઞાન ખબરજ નથી, તેથી તે સેહેજ જ્ઞાનસ્વરૂપજછે, તથા તેહેને દુઃખ શું એ ખબરજ નથી તેથી તે સુખમયછે એવું કેહેછે, તથા તે પરમેશ્વરરૂપનું અસ્તિત્વપણું, તે પરમેશ્વર રૂપને સર્વકાળછે, તેથી તેહેને સત એવું કેહેછે, તથા તે સતરૂપ પરમેશ્વર સર્વ ઠેકાણે ભરેલોછે, એવું કેહેછે, એનું કારણ, અનંત બ્રહ્માંડોના ગોલો, જે પોલાણ ઉપર ભાસેછે, તે પોલાણની અંદર સ્વપ્રકાશ, એક તથા નિરાકાર ભરેલો છે, તેજ અનંત તથા અપાર પરમેશ્વર છે, તે પરમેશ્વરના સ્વરૂપનાવિશે અનંત બ્રહ્માંડ ગોલોને આધાર જે એક પોલાણ, તેહેનાજ અસ્તિત્વ ભાવનો અભાવછે, પછી અનંત ગોલો, તથા અનંત પરમાણું, તથા પ્રકાશ, તથા ઉષ્ણતા, તથા વિજળી, તથા સૂક્ષ્મ વાયુ, એનો અસ્તિત્વ ભાવ કયાંહાંથી હશે ! જેવો પાણીનો અભાવ થયો, એટલે પાણી ઉપરની છોળોનો એટલે લેહેરોનો અભાવ સેહેજજ થયો, તેમજ આપણી આજુબાજુની સર્વ પોલાણનો, એટલે આકાશના

અસ્તિત્વ ભાવનો અભાવ, સ્વપ્રકાશ પરમેશ્વર સ્વરૂપના એક અસ્તિત્વમાં બિજું અસ્તિત્વ રેહેવાનુંજ નહીં એ ન્યાયે કરી, સર્વ પોલાણનો અભાવ થયો, એટલે તે પોલાણના અસ્તિત્વ ભાવના, અભાવની સાથે, પરમાણું સહિત સર્વ ગોલોના અસ્તિત્વ ભાવના આકારનો અભાવ થયો, એથી પરમેશ્વર નિરાકાર છે, તથા પરમેશ્વર સર્વત્ર ભરેલો છે એવું કેહેછે, એ પ્રકારનું એવું જે એક તથા નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપ, તેજ સર્વનું એકરૂપ, તે એવું કે, હું હું એવી કલ્પના, સર્વના શરીર પિંજરાની અંદર છે, તે કલ્પનાને જાણનારો, જે જુદો જુદો સર્વનો સ્વરૂપભાવ; તે સાક્ષિત્વ ભાવનારૂપ વ્યષ્ટિરૂપી ઈશ્વરના પેહેલાનું, જે સર્વનું એકરૂપ તેજ પરમેશ્વરરૂપ અથવા તેજ પરમાત્મા રૂપછે, જો કે દીકરા, તું પોતાના અંતરમાં, હું હું એવી કલ્પના, જે જ્ઞાનેકરી કરીશ, તે કલ્પના કરવાના જ્ઞાન પેહેલાનો તું જે છે, તે તું શરીર પિંજરૂં નથી, તથા તે તું શરીર પિંજરા માએલો પ્રાણવાયુ પણ નથી, અથવા પ્રાણવાયુ હલાવી, હું હું એવી કલ્પના ઉઠાવનારો તું અંતઃકરણ પંચકરૂપ, અથવા આત્મરૂપ, અથવા વ્યષ્ટિરૂપી ઈશ્વરરૂપ તું નથી, તારૂં જે હું હું એવી કલ્પના ઉઠાવનારા જ્ઞાનના પેહેલાનું રૂપ, તેજ પરમેશ્વરનું નિરાકાર રૂપછે, તે એકજ રૂપ સર્વનું છે, તથા તે સર્વના અહંપણામાએલા જ્ઞાનના પેહેલાનું સર્વનું એક સ્વરૂપ છે, તેજ નિરાકાર તથા એક છે, અને તેજ પરમેશ્વરનું સ્વરૂપ અભેદ છે, દીકરા એનો વિચાર કર, એટલે તુને ખબર પડશે.

૧૭ દી॰ બાપા મને પરમેશ્વરનો વિચાર, આપના

કેહેવાઙપરથી અચ્છીતરે જાણવામાં આવ્યો, તે એવોકે, મારા શરીરની અંદર જે પોલાણ છે, તેજ શરીરની બાહેર અનંત ગોલોના અંતર બાહ્ય પોલાણ છે, તે પોલાણમાં એક તથા સ્વપ્રકાશ, જે ભરેલો છે, તેજ નિરાકાર પરમેશ્વર છે, તે પરમેશ્વરનું રૂપ, અનંત પોલાણની અંદર નિરાકાર સ્વપ્રકાશ છે, તે રૂપ એક છે, તથા તે પરમેશ્વર સ્વરૂપ, ઇંદ્રિયોના, તથા મનના, જાણવામાં ન આવે એવુંછે, એવું જે ઇંદ્રિયોને તથા મનને, ન જાણવામાં આવનારૂં પરમેશ્વર રૂપ, તે પરમાણું જેવડા ઝીણા જીવથી, તે ભૂચર હાથી. તથા જલચર મત્સ્યાદિક મોટા જીવસુધી, પ્રત્યેકના શરીરમાં હું હું એવી ભાવના ધરનારૂં જે જ્ઞાન, તે જ્ઞાનના પેહેલાનું જે સર્વનું હુંપણું ધરનારા જ્ઞાનાતીત, તથા ભેદાતીત, તથા સુખ દુઃખાતીત સેહેજ જ્ઞાનરૂપ છે, તેજ નિરાકાર પરમેશ્વરનું સ્વરૂપછે, તે પરમેશ્વરના સ્વરૂપની, અને મારા શરીરમાએલી હું બ્રહ્મછું એ ભાવના ધરનારા જ્ઞાનની પણ પેહેલાની જે સ્થિતિ, તે સ્થિતિમાં ભેદ કાંઇજ નથી, એજ પરમેશ્વરની અનન્ય પ્રીતિ એટલે અનન્ય ભક્તિ અથવા પ્રીતિ છે, તે મુને, તમારા થકે પરમેશ્વરનો વિચાર સાંભલ્યો તેથી પ્રાપ્ત થઇ, હવે બાપા પરમેશ્વર સ્વરૂપના વિશે જગત કિવા હુંપણું ધરનારૂં જ્ઞાન, એ મૂળેજ નથી, તથા એ બેઙનું સાક્ષિત્વ પણ નથી, એવું નિરાકાર પરમેશ્વર સ્વરૂપ છે, તેજ મારૂં, તથા સર્વ જીવોનું હું પણું ધરનારા જ્ઞાનપેહેલાનું સર્વનું એક સ્વરૂપ છે, એનો અનુભવ એવો મુને આવ્યો કે, મારા શરીરમાએલી પોલાણમાં હું હું એવી જે સ્ફુરતી. હોઠ તથા જીભ નહલાવતાં, સૂક્ષ્મ પ્રાણવાયુ. અંતઃકરણ રૂપ આકાશે કરી, એટલે જ્ઞાનેકરી

હલાવીયે એટલે થાયછે, તે સ્ફુરતીનું કારણ, તે સૂક્ષ્મ પ્રાણ વાયુને શરીરની પોલાણમાં અંતઃકરણ રૂપ આકાશેકરી ચલિત કરવો એનછે, તસ્માત્ હું હું એવી કલ્પના કરનારૂં જે, તેજ અંતઃકરણ પંચકરૂપ અકાશ જ્ઞાન છે, તેહેનું પોલાણ જેવું સ્વરૂપછે, તે સ્વરૂપથીજ પોતે પોતાને, અનંત તથા અપાર પોલાણરૂપ હું છું એવું જોવાલાગીયે, એટલે પોલાણનું રૂપજ હું છું એવી ભાવનાયેકરી, સૂક્ષ્મ પ્રાણવાયુનો અસ્તિત્વભાવ નહીંસો થઇ, હું અનંત અપાર પોલાણછું, એ લક્ષની, એટલે ભાવનાની સ્થિતિ, જે ગ્રહણ કરી હતી, તે નહીંશી થઇ, અનંત અપાર નિરાકાર સ્વપ્રકાશજ, હું હું એવું નભાવતાં હું છું એવો અનુભવ મુને આવ્યો, તથા એ અનુભવ ઙપરથી, જે નિરાકાર પરમેશ્વરનો વિચાર કરનારો, તે નિરાકાર પરમેશ્વરથી અન્ય એટલે જુદો રેહેનાર નથી, અનન્ય રેહેશે, એજ અનન્ય ભક્તીનો સિધ્ધાંત, મને આપે પરમેશ્વરનો વિચાર કહ્યો, તે વિચારના યોગથી જાણવામાં આવ્યો, તથા પરમેશ્વર બાબત કાંઇ પુછવું રહ્યું નથી, એને મુખ્ય કારણ બાપા આપની કૃપા, તથા તે કૃપાના જ્ઞાન બોધક શબ્દો છે, એવિના બિજું કાંઇ નથી.

૧૮ **બા.** દીકરા, તેં પરમેશ્વરનો વિચાર અતિ ઉત્તમ કર્યો એ જોઈ મુને ઘણો આનંદ થયો, કેમકે, પરમેશ્વર એક છે, તથા અનંત ગોલોનું સ્થળ જે એક, પોલાણ, તે પોલાણ સોત અનંત ગોલોનો, તથા પ્રકાશ, તથા જાણતા, તથા વિજળી વગેરેનો અસ્તિત્વ ભાવ, તથા સર્વ જીવોના હુંપણાનો અસ્તિત્વ ભાવ, તથા હુંપણાના સાક્ષિત્વનો અસ્તિત્વ ભાવ નહીંસો કરનારો, જે અસ્તરહિત અના-

દિ હૃદય છે, તેન પરમેશ્વર સ્વપ્રકાશછે, તથા સર્વ જીવોનું હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું સર્વનું નિરાકાર સ્વરૂપ જે એકછે, તે સ્વરૂપન તે નિરાકાર, અનંત પોલાણની અંદર ભરેલો, એક ઘન નિરાકાર પરમેશ્વર છે, તે પરમેશ્વરનું સ્વરૂપ, તેન તારૂં હુંપાણું ઉઠાવનારા જ્ઞાન પેહેલાનું સ્વરૂપ છે, તે તારા સ્વરૂપની સ્થિતિ તારા જાણવામાં આવી, એ તારા ભાષણ ઉપરથી, તથા વિચાર શક્તી ઉપરથી મુને સમઝાણું અને દીકરા, નિરાકાર સ્વરૂપ, હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું સર્વનું એકછે, તેન હું હું નકેહેતાં હું છું, એવું તેં પોતપોતાને જાણ્યું, એન તુને આત્મજ્ઞાન થયું, તથા એવું આત્મજ્ઞાન જેઓને થયું હોય, તેઓનેન જીવનમુક્ત કહીયે, તથા અનન્ય ભક્તપણ તેઓનેન કહીયે, તથા જે એવા જ્ઞાનીયો હોયછે તેઓને હું શરીરછું એવું લાગતું નથી, તેઓને એવું લાગેછે કે, ઇંદ્રિયોનામાએથી, પંચ વિષયરૂપ જગતને જે જ્ઞાન જાણેછે, તે જ્ઞાનના પેહેલાના જે પોલાણની અવકાશમાએલો અનાદી નિરાકાર સ્વપ્રકાશ જ્ઞાન ઘન તે હું છું, તે મુને જન્મન નથી પછી મરણ ક્યાંહાંથી હશે, તથા મરણન નથી તો મરવાપછી પુનરજન્મ ક્યાંહાંથી હશે, એવું તેઓને જણાયછે, તેથી તે જીવન્મુક્ત આત્મજ્ઞાની પુરષો, સર્વકાળ સુખીયા રેહેછે, તેમન દીકરા તુને પરમેશ્વરના વિચારથી આત્મજ્ઞાન થયું છે, હવે દીકરા તું સુખી રહીશ, તથા વ્યવહારમાં ચતુર થઇશ, તથા તારી મોટી કીર્ત્તી થશે, દીકરા તુને જોઇ હું ઘણો સુખી છું.

૧૯ દી૦ બાપા તમે એક દીવસે બોલ્યા હતા કે જેહેને આત્મજ્ઞાન થયું તેહેને મરવાપછી ફરી જન્મ લેવો પડ-

તો નથી, તથા તેહેને સ્વર્ગ નરકના સુખ દુઃખો ભોગવવાં પડતાં નથી, અને જેહેને આત્મજ્ઞાન નથી તેહેને ફરી જન્મ લેવો પડેછે, તથા સુખદુઃખો ભોગવવાં પડેછે, એતો મારા અનુભવમાં આવ્યું. પણ ગઇ સાંજે પદાર્થવિજ્ઞાન, તથા રસાયન શાસ્ત્ર, તથા ખગોલ ભૂગોલ શીખેલો, મારો સોબતી ઓમાંથી, ગોપાલ છોકરો મુને મલ્યો, તેપાસે મેં પરમેશ્વર નિરાકાર એક છે, એ બાબત ભાષણ કર્યું પણ ગોપાળ તે માને નહીં, અને તે બોલવા લાગ્યો કે, પરમેશ્વર મૂળેન નથી તથા ઇશ્વરપણ નથી, એ સર્વ ગોલો, તથા તે ગોલો ઉપરના રેહેનારા જીવો, પોતપોતાની મેળે થયેલાછે, તથા આ સર્વ સૃષ્ટિ પરમાણુરૂપ છે, પણ પરમાણું પરસ્પર એકને બિજા, આકર્ષણ શક્તીના યોગથી વળગેલા છે, એથી સર્વગોલો તથા સર્વ શરીરો દેખાયછે, અને મરવા પછી, શરીરના જુદા જુદા પરમાણું થઇ ઉડી જાયછે, તેપ્રમાણે શરીરના પરમાણુનો વિયોગ થયો એટલે તેમાં જે જ્ઞાન હોયછે તે જ્ઞાન વિજળી છે એવું ગોપાળો કેહેછે, તથા તે વિજળી, મરવાપછી મોટી વિજળીને મળી જાયછે, તેથી પ્રાણી મુવા એટલે તેઓનું કાંઇજ રેહેતું નથી, તેથી પાતક તથા પુંણ્ય એ કાંઇજ નથી, તથા મરવાંપછી સ્વર્ગ અથવા નરક કોઇને ભોગવવો પડતો નથી, તથા પુનર્જન્મ પણ નથી, કારણ પ્રાણી મુવો એટલે તેહેનું કાંઇજ રેહેતું નથી, વાસ્તે પરમેશ્વરનો તથા ઇશ્વરનો વિચાર કરવામાં કાંઇ ફલનથી, એવું ગોપાળ બોલ્યો. પણ મને ગોપાળનું બોલવું સાચું લાગતું નથી, કારણ ગોપાળ છોકરો નાસ્તિક છે એ મને ખબર છે, તથા મને ઇશ્વર તથા પરમેશ્વર એનો વિચાર ખબર છે, પણ મરવા

પછી ફરી જન્મ શીરીતે આવેછે, એ બાપા મને કૃપાકરી કહો, એટલે મારી સોબતના ગોપાળ જેવા નાસ્તિક છોકરાઓને હું પરમેશ્વરના અનન્ય ભક્ત કરીશ, તથા પાતકી થવાદેઇશ નહીં, અને એવું કરવાથી તેઓથકે મને દુઃખ થવાનું નથી; અને હું સુખીયો થઇશ, એસારૂ. બાપા, મરવાપછી પુનર્જન્મ શી રીતે આવેછે એ મને કહો ?

વિચાર ૧.

૨૦ **બા૦** દીકરા પેહેલાં તુને નાસ્તિકમત ખંડણ કરવા શીખવું છું, એટલે મરવાં પછી પુનર્જન્મ શીરીતે આવેછે એ સેહેજ જાણવામાં આવશે, અરે દીકરા, શરીરમાં જે જ્ઞાનછે, તે જ્ઞાન વિજળી નથી, કારણ પચ્ચીશજણ એક બિજાના હાથ પકડી ઉભા રહ્યા, અને એક બાજુના છેલ્લા માણસે, રીણ વિજળી, જે તારમાં હોય, તે તારને પકડી, અને બિજી બાજુના છેલ્લા મનુષ્યે, ધન વિજળી, જે તારમાં હોય, તે તારને પકડી, એટલે પચ્ચીશ મનુષ્યોને એકદમ ધક્કા લાગવામાંડે છે, અને પચ્ચીશ અસામીનાં શરીરોને ધક્કા લાગેલા, શરીર માએલા જ્ઞાનને ખબર પડેછે, પણ પચ્ચીસજણાના જ્ઞાનનો નાશ, કિંવા વધારો, તે વિજળીના ધક્કાથી થાતો નથી, અને પચ્ચીસજણાનું જ્ઞાન એકરૂપ થાતું નથી, એઉપરથી મનુષ્યના શરીર માએલું જ્ઞાન તો વિજળીથી જુદુંછે એવું સમજવું દીકરા, જો વીજળીન જ્ઞાન હતે તો, પચ્ચીસજણાના શરીરોને, એક યંત્ર માએલા વિજળીના ધક્કા લાગેછે, તે વખત પચ્ચીશ જણાઓનું જ્ઞાન એકજ થયું હતે, પણ તેવું થતું નથી, તથા શરીરમાએલું

જ્ઞાન, વિજળીના આંચકાથી હાલતું નથી, એઉપરથી ખુલ્લો અનુભવ આવેછે કે, વીજળીનેજ શરીર માએલું જ્ઞાન કેહેવું એ મિથ્યાછે, એવા વિચારથી ગોપાળ છોકરો, વીજળીનેજ જ્ઞાન બોલ્યો, તેહેનું બોલવું ખોટું એવું તારા અનુભવમાં આવશે; તથા વિજળીથી જ્ઞાન જુદુંછે એપણ દીકરા તારા જાણવામાં આવશે, અને દીકરા, આજ ગ્રંથમાએલા નાસ્તિકોને જીતવાના વાદ, બાવીસમાં પ્રકરણમાં છે, તે જો, એટલે સ્પષ્ટ ખબર પડશે, તથા તું જેહેને કહીશ તેના પણ જાણવામાં આવશે.

વિચાર ૨.

૨૧ **દીકરા**, બિજીવાત એવી છેકે, મરવા પછી શરીરનું પૃથક્કરણ થઇ પરમાણું થાય છે, તથા ઉડીજાય છે, તે સર્વ પરમાણુંમાં વિજળી છે, એ ઉપરથી તું એવું સમઝકે, જેટલા પદાર્થોમાં વિજળી તથા ઉષ્ણતા છે, તેટલાજ પદાર્થોનો દેહ થયો હતો, તેથીજ તેહેનું પૃથક્કરણ થયું, તથા પરમાણું થઇ ઉડી ગયા, તે પરમાણુંઓમાં શરીર છતાં અથવા નષ્ટતાં વિજળીછે, પણ વિજળીનો આંચકો પરમાણુંઓને બેસેછે, તથાપિ વિજળીના આંચકાથી શરીરમાએલું જ્ઞાન નષ્ટ થતું નથી, તથા સર્વનું એક થતું નથી, તસ્માત્ જ્ઞાન કાંઇ વિજળી નથી, એજ સિદ્ધાંત ઉપરથી સિદ્ધ થાયછે કે, જોપણ મરવાં પછી શરીરનાં પરમાણું થયા તોય, તેઓનામાં, તેઓના સમાગમે, જેમ વિજળી જુદા જુદા પરમાણુંમા રેહેછે; તેવું જ્ઞાન જુદાજુદા પરમાણુંમાં રેહેતું નથી એ જીવતા પણામા, શરીરના કેટલાક ભાગોના

પરમાણું થઈ જાયછે, તે દૃષ્ટાંતથી સમજવું, તથા પરમાણુઓની સાથે જ્ઞાન ઉડીજાયછે એવું નથી, કારણ આકર્ષણ શક્તિયુક્ત જ્ઞાન તો વિજળી નથી, તથા પરમાણુંથી પરછે, તે જ્ઞાન વિજળીના તથા પરમાણુંની સાથે પૃથક્કરણમાં, શીરીતે સપડાશે, પૃથક્કરણમાં જ્ઞાન સપડાતુંજ નથી! અને દીકરા એઉપરથી જોપણ શરીરના મરવાં પછી પરમાણું થયા તોય જ્ઞાનના પરમાણુ થાતા નથી, કારણ પરમાણું તથા વિજળી, એ બેઉ, એક બિજાને છોડી રેહેતા નથી, પણ જાણપણામાં એટલે જ્ઞાનમાં, વિજળીના આંચકાનો પ્રવેશપણ નથી, એથી દીકરા તું સમઝકે, પૃથક્કરણ થનારો પદાર્થ, કિંવા તે પૃથક્કરણ થનારા પદાર્થોની સાથે ગમનાગમન કરનારા પદાર્થ, તે કાંઇ જ્ઞાન નથી, એ વિચારઉપરથી દીકરા, શરીર મરણ પાંમ્યું, અને તેહેનું પૃથક્કરણ થયું, તોય જ્ઞાનનું પૃથક્કરણ થતું નથી અને જ્ઞાન મરવાં પછી પણ કાયમ રેહેછે એ તને સમઝાશે, અને આજ ગ્રંથમાએલા, નાસ્તિકોને જીતવાના વાદ્ય એવું પ્રકરણ છે, તે પ્રકરણનો પેહેલા અંકમાં જો, એટલે સ્પષ્ટ જાણવામાં આવશે કે, જાણીવ શું? તથા તેહેની સ્થિતિ કેવી.

વિચાર ૩.

૨૨ દીકરા ત્રિજીવાત એવી છેકે, મરવાપછી જે જ્ઞાન રેહેછે તે જ્ઞાનમાં, જન્મારાસુધી શ્રવણ મનન કરેલા વિચારો તથા શરીરનો અભિમાન રેહેછે, તે શીરીતે રેહેછે એવું કહીશ તો, જેમ, વડના બીજમાં અનુભ્હુત વટવૃક્ષનો આકાર રેહેછે,

તેમજ મરવા પછી અથવા જીવતાપણામાં, જ્ઞાનમાં, જગતનો તથા શરીરનો આકાર, વિસ્મૃતીના પડદાનીઓથે રેહેછે, એનો અનુભવ જીવતાપણામાં સર્વને દરરોજ આવતો છતાં પણ દીકરા તે વાતનો વિચાર કોઇ કરતા નથી, તેજ વિચાર દીકરા તુને હું કહુંછું, તું તેપ્રમાણે વિચાર કર, એટલે મરવાંપછી સ્વર્ગ, તથા નરક શીરીતે ભોગવવા પડેછે એ સર્વ તારા જાણવામાં આવશે, અને પુનર્જન્મ શીરીતે લેવો પડેછે એપણ તુને સમઝાશે, જો દીકરા, તું રોજ ઉઘેછે, તેવખત જગતની, તથા તારા શરીરની તુને સ્મૃતી રેહેતી નથી, પણ જેમ બીજમાં વૃક્ષનો આકાર રેહેછે; તેમજ તું જ્ઞાનરૂપ છે, તે તારા જ્ઞાનરૂપમાએલા વિસ્મૃતીના પેટમાં, તારા શરીરનો, તથા આ સર્વ વિષયરૂપે જાણવામાં આવેલા જગતનો, અનુભ્હુત આકાર રેહેછે એનાથીજ, જેવો પાણી, તથા હવા, તથા મૃત્તિકા, એઓના સંયોગથી બીજમાએલો અનુભ્હુત વૃક્ષનો આકાર દૃષ્ટોત્પત્તીમાં આવેછે; તેમજ તારા શરીરને એક પ્રહર ગાઢનિદ્રા લાગેલી હોયછે, તે નિદ્રા પછી, તથા જાગૃત થવાના પેહેલા, તું જે જ્ઞાનરૂપછે, તે તું, અન્ન પાણીમાંથી સૂક્ષ્મ પદાર્થો નિકળી શરીરનું પોષણ થવા માંડેછે, તે સૂક્ષ્મ પદાર્થોમાં પેશીસ અથવા તે બાફરૂપ સૂક્ષ્મ પદાર્થોનું આકર્ષણ કરીશ તેવખત જે તારા જ્ઞાનરૂપની વિસ્મૃતીમાં, જગતનો તથા શરીરનો અનુભ્હુત આકાર, બીજમાં વૃક્ષનો તેહેનીપેઠે હોયછે, તે સિદ્ધ પ્રકટ થઇ જ્ઞાનને દેખાયછે, તેહેનેજ સ્વપ્ન કેહેછે, એપ્રમાણેજ, મરવાપછી શરીરનું જુલવું થાય તોપણ જ્ઞાનમાં જે અનુભ્હૂત જગતનો આકાર તથા સારાં, તથા નર-

સાં સર્વ કર્મો બીજમાં વૃક્ષ એ ન્યાયથી વિસ્મૃતીના આવરણમાં રેહેલાં હોયછે, તેહેના સૂક્ષ્મ પદાર્થોના આકર્ષણેકરી જે આકાર પ્રગટ થઇ ભોગ થાયછે, તે ભોગનેજ સ્વર્ગ, નરક, પિશાચ, ઇત્યાદિ ભોગ કહીયે, અને જેમ સૂક્ષ્મ પરમાણુંરૂપ સૃષ્ટીમાંથી, એટલે સ્વપ્નમાંથી, સ્થૂલપરમાણુંરૂપ થયેલા શરીરમાં, તથા સૃષ્ટિમાં જાગૃત થાયછે, તેમજ તે સૂક્ષ્મ પદાર્થરૂપી, બીજમાંથી વૃક્ષ એ ન્યાયેકરી, જેહેની તેહેની જુદી જુદી થએલી, સ્વર્ગ, નરક, તથા પિશાચ સૃષ્ટી, તે સૃષ્ટીમાંથી ભોગ ભોગવી, ફરી જન્મ લેવાસારૂ તેમાં પેશી, યોનિદ્વારે ફરી જન્મ પામેછે, એ ફરી જન્મ લેવામાં પેહેલાં મનુષ્યનું શરીર હોયતો તેહેને ફરી મનુષ્યનોજ જન્મ આવેછે એવું કાંઇ નથી, પણ જો મરવાંપછી મનુષ્યના દેહમાએલા જ્ઞાનમાં, અંતકાળે (એટલે શરીરના અત્યંત વિસ્મૃતી વખતે) વિસ્મૃતીમાં, કલ્પના બીજ, પશુના શરીરનું અત્યંત પ્રેમથી રહ્યું તો, તેહેને પુનર્જન્મ પશુનો આવેછે, તેજ પ્રમાણે પશ્ચાદિક જીવોના શરીરમાએલા જ્ઞાનને, જો મનુષ્યોના શરીરનું અથવા તેહેની તેહેનીજ જાતના જીવોના શરીરનું, અથવા જુદી જાતના જીવોના શરીરનું, મરવા વખતે (એટલે શરીરના અત્યંત વિસ્મૃતીના વખતે,) કલ્પના બીજ રહ્યું તો, પુનર્જન્મ તદનુસાર આવેછે, એપ્રમાણેજ મનુષ્યના શરીરમાએલા જ્ઞાનને મનુષ્યના, અથવા ભિન્ન પશુ વગેરે જીવોના શરીરનો પુનર્જન્મ દેહ પ્રાપ્ત થાયછે, એ પુનર્જન્મદેહ વિપરીત આવવાનું કારણ એટલુંજ છે કે, ભયથી, અથવા દ્વેષથી, અથવા પ્રેમથી, જેહેનાં તેહેના જ્ઞાનને સર્વ પદાર્થોનું ચિંતન સર્વકાળ લાગેલુંજ છે, પણ

તેમાં અંતકાળે (એટલે શરીરની અત્યંત વિસ્મૃતી વખતે) સર્વથી વધારે ચિંતન જે વસ્તુનું લાગશે તત્સંબંધે પુનર્જન્મ આવશે, તથા આખો જન્મારો જે વસ્તુની સર્વ વસ્તુથી અતિશે પ્રીતિ અથવા ચિંતન હોયછે તેજ વસ્તુનું અંતકાળે ચિંતન થાયછે, એહેને દૃષ્ટાંત; જેમ સર્વ વસ્તુઉપર પ્રીતિ કરનારો ગ્રહસ્થ; ઘેરને આગલાગે ત્યારે, ઘણી પ્રીતીની વસ્તુસ્મરી, પ્રથમ તેહેનેજ કાહાડવા વાસ્તે દોડેછે, તેમજ અંતકાળે એટલે (શરીરનો ત્યાગ થવાવખતે) જ્ઞાનને અતિશય ચિંતન જે વસ્તુનું આખો જન્મારો હોયછે, તદનુસાર સ્મરણ થાયછેજ થાયછે; તથા તેજ સ્મરણ, વિસ્મૃતીમાં ઢાંકેલું, મુખ્ય બીજ થઇ, જ્ઞાનમાં રેહેછે, અને તેવોજ પુનર્જન્મદેહ આવેછે એઉપર દીકરા તું શંકા લેઇશ કે, જડવસ્તુનું ચિંતન અંતકાળે થાયતો પુનર્જન્મ કેનો આવશે, તો દીકરા, તે ચિંતન કરેલાં જડવસ્તુનો કરનાર, અથવા ભોગવનાર, અથવા બોન્જો વેહેનાર, અથવા ચિંતા કરનાર, એવા પ્રકારનો પુનર્જન્મ દેહ પ્રાપ્ત થશે; સારાંશ દીકરા એજ છેકે, નિદ્રા લાગે તથાપિ જેમ જ્ઞાનબીજમાં, વિસ્મૃતીથી આચ્છાદિત સ્વશરીર સહીત જગત વૃક્ષનો અનુદ્ભુત આકાર રેહેછે, તેથી જાગૃત થવાના પેહેલાં તે આકાર, શરીર રચના થનારા સૂક્ષ્મ પદાર્થોના આકર્ષણના સંયોગે કરી પ્રકટ થાયછે, તેજ સ્વપ્નું છે; વાસ્તે જો જ્ઞાનમાં, જગત વૃક્ષનું બીજ ન રેહેતે તો, ગાઢ નિદ્રામાંથી જાગૃત થવાના પેહેલાં, સ્વપ્નરૂપ જગત રચના થઇજ ન હતે, એ સારૂ, એજ દૃષ્ટાંતે કરી દીકરા તું એવું સમજ કે, જોપણ શરીરની વિસ્મૃતી નિદ્રાપ્રમાણે થઈ, અથવા જાગૃતી જેવી સ્મૃતી રહી પ્રાણી

મરણ પામેતો, મરવું એ શરીરની અત્યંત વિસ્મૃતી છે, તે વિસ્મૃતીમાં આચ્છાદન થએલા, તે જ્ઞાનમાં અનુભૂત જ-ગતનો આકાર છે, તથા હરએક વસ્તુની અતિશે પ્રીતિછે એથી તદનુસાર તેવો તે જન્મ લેશે, પણ જો નિરાકારની ધારણા હોયતો મુક્ત થશે; હવે જ્ઞાનના પરમાણું થતા નથી કારણ જ્ઞાન કાંઇ વિનળી નથી, કિંવા જે પદાર્થમાં વિનળી રેહેછે તે પદાર્થો જ્ઞાન નથી, એ તુને, વિનળીનો આંચકો જ્ઞાનમાં પેસતો નથી, તસ્માત્ વિનળી કરતાં જ્ઞાન સૂક્ષ્મ છે, એ પેહેલાંથીજ કહ્યું અને જ્ઞાનમાં વિનળીનો કિંવા ઉષ્ણ-તાનો પ્રવેશ નથી; એવી તે વિનળી કિંવા ઉષ્ણતા ઉભયતાં, તે જ્ઞાનનું પૃથક્કરણ કરી શકતા નથી એપણ નાસ્તિકોને જીતવાના વાદ પ્રકરણમાં સ્પષ્ટ કહેલું છે, હવે કોઇ કેહેશેકે, ચુનો, તથા હળદરનો ભૂકો, તથા પાણી, એકઠાં કરવાંથી રાતોરંગ થાયછે, તેમજ જાણીવ, એપણ, પરમાણુંઓનું સંયોગ ફલછે; તો તેહેનું ખંડન એવું છેકે જોપણ હલદર, તથા ચુનો. અને પાણી. એ જડપદાર્થોના સંયોગથી રાતો રંગ થયો, તોય તે લાલ રંગ કાંઇ જ્ઞાન નથી; તે તો જડછે, તેપ્રમાણે; જડપરમાણુંના સંયોગથી જાણીવ હતે તો તે જડવ-સ્તુજ હોવી, પણ જાણીવ જડપદાર્થ નથી, એ ઉપરથી જા-ણીવને; ચુનાનો, તથા હલદર પાણીનો, લાલ રંગ વિશે દાખલો આપ્યો, તે ખોટો થયો. તથા જાણીવ રૂપી જ્ઞાન પરમાણુનું સંયોગી ફલ નથી એવું ઠર્યું. તથા જ્ઞાનમાં કરે-લાં કર્મોનું અનુભૂત બીજ મિનચૂક સર્વ રેહેછે, તથા તે શરીરે રેહેછે, અને, તેહેનો ભોગ કેવો ભોગવવો પડેછે, અને પુનર્જન્મ શરીરે આવેછે, એપણ તુંને કહ્યું, એ સર્વ

વાતોનો દીકરા તું વિચાર કર, એટલે પુનર્જન્મ કેમ આવેછે, તથા સ્વર્ગ નરક ભોગ શીરીતે ભોગવવા પડેછે, એ સર્વ જાણવામાં આવશે, તથા તારા સોબતના બાલકોને પણ તારા થકે જાણવામાં આવશે, અને તે બાલકો પાપી થવા-ના નથી, તથા ઇશ્વરનું અને પરમેશ્વરનું સ્મરણ કરી વારં-વાર જન્મમરણ તથા સ્વર્ગ નરક, એ થકે છુટશે, વાસ્તે દીકરા એ સર્વ વાતોનો વિચાર કર, એટલે તું જે શંકા લઇ પ્રશ્ન કર્યો હતો, તે શંકાનું સમાધાન થશે.

૨૩ **દી૰** બાપા મારો સર્વ સંશય ગયો, અને શરીર પિંજરાની માએલું હું હું એવી સ્ફુરતીના જ્ઞાનથી પેહેલાનું સ-ર્વનું એક નિરાકાર પરમેશ્વર રૂપછે, તેજ મારૂ હુંપણું ધર-નારા જ્ઞાન પેહેલાનું સ્વરૂપ છે, એવું જેહેને જ્ઞાન નથી, તે-હેનેજ મરવાં પછી પુનર્જન્મ લેવો પડેછે, તથા સ્વર્ગ નરક ઇત્યાદિ ભોગ ભોગવવા પડેછે, એ સર્વ મુને સમઝાણું, ત-થા મરવા પછી શરીરમાએલા જ્ઞાનમાં, વિસ્મૃતીના પડદાની-એાયે, શરીર સોત સારાં તથા નરસાં સર્વ કર્મો, બીજમાં વૃક્ષ તેહેની પેઠે રેહેછે, એ ઉંઘમાંથી જાગૃત થવાં પેહેલાં સ્વપ્નસૃષ્ટી પ્રગટ થાયછે, તે સૃષ્ટી, નિદ્રામાએલા જ્ઞાનમાં, વિસ્મૃતીથી આચ્છાદેલી. જેમ બીજમાં વૃક્ષ હોયછે તેહેની પેઠે અનુભૂત હોયછે, એ અનુભવના દ્રષ્ટાંતથી, જાણવામાં આવ્યું, તથા મરવા પછી સર્વ શરીરના પરમાણું થઇ ઉડી જાયછે, પણ જાણીવરૂપી જ્ઞાનના પરમાણું થાતા નથી, તે-થી તેમાં જગદાકાર, વિસ્મૃતીથી આચ્છાદેલો રેહેછે, તે બીજમાં વૃક્ષ તેવો રેહેછે, એ, વિનળીનો આંચકો, તથા વિનળી, જાણીવરૂપ જ્ઞાનમાં પેસતી નથી, તથા જેમાં વિજ-

ળી નથી, તથા પેસતી નથી, તેહેનાં પરમાણું થતા નથી, એ અનુભવ ઉપરથી સમઝાણું, તથા ચુનો, હલદર, પાણી, એઓના સંયોગથી, રાતો રંગ થાયછે, તે રાતો રંગ જડછે, તેવી રીતે જાણીવજો પરમાણુનું સંયોગ ફલ હતે તો તે જાણીવ જડ હતે, પણ જાણીવ જડ નથી, એઉપરથી તો, પરમાણુનું સંયોગ ફલ જાણીવ નથી, એપણ મુને સમઝાણું, હવે, હું ગોપાળ છોકરો જે તેહેનું, તથા બિજા મારી સોબત માએલા છોકરાઓનું નાસ્તિક મત ખંડણ કરી, તેઓને ઈશ્વરનું જ્ઞાન કરી આપીશ, તથા તેઓને પરમેશ્વરના અનન્ય ભક્ત કરીશ, અને મુને, તથા તેઓને સુખ થશે એવું કરીશ.

૨૪ **બા૦** દીકરા તારા મનમાં પરમેશ્વરનો વિચાર દૃઢ થયો, તથા નાસ્તિકમત શીરીતે ખંડણ કરવું એ તુને સમઝાણું, એથી મુને અતિ અલ્હાદ થયોછે, એવોજ સર્વ વાતનો વિચાર કરીશ તો, તું મોટો નામાંકિત, તથા વિદ્વાન, તથા ધર્મશીલ થઈશ.

૨૫ **દી૦** બાપા, હમણાંજ તમે બોલ્યા કે, તું ધર્મશીલ થઈશ, પણ મુને ધર્મનું નામપણ ખબર નથી, વાસ્તે, મનુષ્યમાત્રોને જે ધર્મ ઈશ્વરે લગાડી આપ્યો છે, તે ધર્મનું નામશું? એ મને કહો.

૨૬ **બા૦** દીકરા, મનુષ્ય માત્રોને, ઈશ્વરે જે ધર્મ લગાડી આપ્યોછે. તે ધર્મને વેદપ્રતિપાદ્ય ધર્મ, અથવા વેદોક્ત ધર્મ, અથવા વૈદિક ધર્મ, એવું કેહેછે.

૨૭ **દી૦** બાપા, ધર્મને વેદપ્રતિપાદ્ય ધર્મ, અથવા, વેદોક્ત ધર્મ, અથવા વૈદિક ધર્મ કેહેવાનું કારણ શું?

૨૮ **બા૦** દીકરા વેદમધ્યે જે પ્રતિપાદન કર્યું છે,

એટલે કહ્યું છે, તે પ્રમાણે, વૃત્તીમાં ભાવના રાખી, મનસહીત ઇંદ્રિયોએ કરી, સારાંકર્મો કરવાં, તથા એક નિરાકાર પરમેશ્વરની આત્મજ્ઞાનેકરી અનન્ય ભક્તી કરવી, એજ સર્વ મનુષ્યોનો મુખ્ય ધર્મ છે, તથા તેહેનું જ્ઞાન વેદથકે સર્વને થયું તેથીજ ધર્મને વેદપ્રતિપાદ્ય ધર્મ, અથવા વેદોક્ત ધર્મ, અથવા વૈદિક ધર્મ એવું કહીયે.

૨૯ **દી૦** બાપા વેદ કેટલાછે, અને તેઓના નામો શીરીતે છે?

૩૦ **બા૦** દીકરા, વેદ નામેકરી અનંત છે, તથાપિ અર્થેકરી વેદ એક છે, પણ આપણે જે ભૂગોલઉપર, એટલે બ્રહ્માંડઉપર બેઠાછેયે તે ઉપર ચાર નામે કરી વેદ છે, તથા તે વેદના ચાર નામો એજ કે, એક નામ ઋગ્વેદ, બિજું નામ યજુર્વેદ, ત્રિજું નામ સામવેદ, ચોથું નામ અથર્વણ વેદ, એ અર્થરૂપેકરી વેદ જે એક, તેહેનાજ સૂત્ર વિભાગે કરી ચાર નામો છે, એ ચાર નામે જે વેદ, તે વેદમાં કહ્યાપ્રમાણે બુદ્ધિમાં નિશ્ચય ધરી વરતવું, એવાસ્તેજ ધર્મને વેદપ્રતિપાદ્ય ધર્મ, અથવા વેદોક્તધર્મ, અથવા વૈદિક ધર્મ કહીયે.

૩૧ **દી૦** બાપા, ચાર નામોથી વેદ કોણે કર્યા, કિંવા તે આપોઆપ ઉત્પન્ન થયા એ મુને કહો?

૩૨ **બા૦** દીકરા, ઈશ્વરે જે વિષ્ણુ, તથા બ્રહ્મદેવ અવતાર ધારણ કરી, શ્વાસોશ્વાસ થકે, વસિષ્ઠ વામદેવાદિક ઇચ્છામાત્રે જન્મેલા, અયોનિસંભવ ઋષીઓનીસાથે સંવાદ કર્યો, તે જે સંવાદ, તેજ વેદ છે, તેહેની સૂત્રવિભાગેકરી, શબ્દરચના; ચાર પ્રકારની કરી, તથા એક એક પ્રકારમાં શાખાભેદ દેખાડ્યા છે, એ વેદની રચના બ્રહ્મદેવ, તથા વસિષ્ઠ,

તથા યાજ્ઞવલ્કયાદિક ઋષી; એઓએ કરી, તથા તે ઋષીઓ, વ્યષ્ટિરૂપી ઈશ્વરના, અયોનિસંભવ અવતારો છે, તેઓથકે વેદાધ્યયન સર્વ લોકોયે કર્યું.

૩૩ **દી૦** બાપા, વેદ પ્રગટ કરવાવાળા બ્રહ્મદેવાદિક ઋષીઓ છે, તથા તેઓથકે સર્વ બ્રાહ્મણોયે વેદનું અધ્યયન કર્યું એવું છે, પછી વેદ અનાદિ છે, એવુ બ્રાહ્મણો શાસાર બોલેછે, એ મુને કહો ?

૩૪ **બા૦** દીકરા, બ્રાહ્મણો વેદને અનાદિ કેહેછે એ બે કારણો ઉપરથી ઠીકજ છે, જો, એક કારણ એનકે, વેદની રચના કલાણા ગ્રંથઉપરથી કરીછે, એવું નથી, તસ્માત્ વેદને બિજો ગ્રંથ આદિ નથી. વાસ્તે વેદ અનાદિ છે, તથા બિજું કારણ, એન કે, વેદ એટલે એકલા શબ્દને કેહેવો નહીં, તે શબ્દમાં જે વિચાર, તથા આચાર, તથા નિરાકાર પરમેશ્વરનું જ્ઞાન કર્યુંછે, તે અર્થનેજ વેદ કહીયે, તે વેદનો અર્થ તો બ્રહ્મદેવનાપણ પેહેલાનોજ છે, એવાં કારણથી, વેદવક્તાઓ બ્રહ્મદેવાદિક જે, તેઓના પણ પેહેલાનો અર્થરૂપ વેદછે, એ કારણ ઉપરથી વેદ અનાદિ કેહેવું ઠીકજ છે, એવાં એ અનેક કારણો ઉપરથી વેદ અનાદી છે એવું બ્રાહ્મણો કેહેછે, એ તેઓનું બોલવું વેદપ્રતિપાદ્ય છે, એટલે સાચું છે.

૩૫ **દી૦** બાપા, આ સર્વ મનુષ્યોની ઉત્પત્તિ એક સરખી થાયછે, તથા મરણ પણ એક સરખુંજ થાયછે એવું છતાં, જાતનો ભેદ માનવાનું કારણ શું, એ મુને કહો ?

૩૬ **બા૦** દીકરા, સર્વ મનુષ્યોની, તરવાના ઉપાય સારૂ જાત એકછે, એથી જાતિભેદ, એ પરમાર્થ દૃષ્ટિએ કોઇ

માનતું નથી, પણ પ્રત્યેક મનુષ્યનાં ગુણ ઉપરથી, તથા કર્મ ઉપરથી, વર્ણ ભેદમાત્ર, વેદમાએલા ઠરાવ પ્રમાણે માનેછે, તથા વર્ણ ભેદના પેટમાએલા વ્યવહાર કરનારા જમાવના ભેદને, જાતી ભેદ એવી વ્યાવહારીક સંજ્ઞા છે.

૩૭ **દી૦** બાપા સર્વ મનુષ્યોની જાત એકછે એવું પરમાર્થ દૃષ્ટિયે સર્વલોક માનેછે, તથા જાતીભેદ, એ વર્ણ ભેદનાં પેટમાએલા જમાવનો ભેદછે, એ પરમેશ્વરના જનનમાં કોઈપણ માનતું નથી, ફક્ત ધંધા રોજગારના જમાવમાં જાતી ભેદ માનેલો છે, તે જમાવનો ભેદછે, પણ પ્રત્યેકના ગુણો ઉપરથી, તથા કર્મો ઉપરથી, વર્ણભેદ માત્ર માનેછે, એવું તમારા કેહેવાંથી, જાતી ભેદ, એ પરમેશ્વર જનનમાં મુખ્ય નથી એવું હું સમઝ્યો, પણ પ્રત્યેકના ગુણઉપરથી, તથા કર્મઉપરથી, વર્ણ ભેદ માનેછે, અને તે વર્ણનાં પેટમાં જમાવના ભેદ કલ્પે છે, તેનેજ જાતીભેદ એ સંજ્ઞા છે, એ સ્પષ્ટ સમઝાયું પણ તે વર્ણ કેટલા છે, તથા તે પ્રત્યેક વર્ણના ગુણ તથા કર્મો કેવાં એ મારા સમઝવામાં આવ્યું નથી, એ માટે કૃપા કરી કહો ?

૩૮ **બા૦** દીકરા ગુણની, તથા કર્મોની ઓલખાણ થવાસારૂ, વર્ગ બાંધેલા છે, તે વર્ગોનેજ વર્ણ કેહેછે, તે મુખ્ય વર્ણ ચારછે, તેઓનાં નામો એવાં છે કે, પેહેલો બ્રાહ્મણ વર્ણ, બિજો ક્ષત્રિય વર્ણ, ત્રિજો વૈશ્યવર્ણ, ચોથો શૂદ્રવર્ણ, એ ચાર વર્ણો; તેમાંથી મુખ્ય ત્રણ વર્ણ કલ્પેલા છે, તથા એક અજ્ઞાની મનુષ્યોનો શૂદ્રવર્ણ; એવા ચાર વર્ણ સમઝવા, અને એ ચાર વર્ણોમાંજ અઢાર વર્ણોના, એટલે જમાવના અનેક ભેદ છે, એ વર્ણ કલ્પવાનું કારણ,

પ્રત્યેક મનુષ્યોના ગુણોની,તથા કર્મોની ઓલખાણ, પરસ્પરોને થાય એજ છે, પણ પરમેશ્વરના જ્ઞાનવિના, કોઇ પણ વર્ણમાએલા મનુષ્યો તરવાના નથી, તથા હરએક વર્ણમાએલા મનુષ્યો; કે જેઓને પરમેશ્વરનું જ્ઞાન તથા ભક્તી છે, તે, સર્વ વર્ણમાએલા સર્વ મનુષ્યોથી શ્રેષ્ઠ છે તથા ભિન્ન સર્વ વર્ણના સર્વ મનુષ્યો, પોતપોતાના વર્ણ ભેદની વ્યવસ્થામાં, ગુણકર્મોઉપરથી શ્રેષ્ઠ કનિષ્ઠ છે, એવું, શ્રીમત ભાગવતમા પ્રમાણ છે, શ્લોકાર્ધ, " વિમાદ્વિષટ્ગુણયુતાદરવિંદનાભ ॥ પાદારવિંદવિમુખાચ્છ્વપચંવરિષ્ઠં ॥ " અસ્તુ. એવું છે.

૩૯ **દી૦** બાપા બ્રાહ્મણ કેહેને કેહેવો એ મને કહો?

૪૦ **બા૦** દીકરા, જે મનુષ્યને, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાંથીજ, હું સેહેજ નિરાકાર પરબ્રહ્મછું, એવું અનુભવેલું બ્રહ્મજ્ઞાન છતાં, બિજાને નીતિ તથા પરમેશ્વરની ભક્તી શીરીતે કરવી, તે બાબત, વેદવાક્યોના આધારથી, ઉપદેશ કરવાનું સામર્થ્ય છે, અને પોતે નીતિ ન્યાયેકરી વરતે છે, તથા ઇંદ્રિયો, અને મન, એ જેણે જીતેલું છે, તથા જે બાલ્યાવસ્થાકારે વેદાધ્યયન, તથા સ્નાનસંધ્યાદિક કર્મોયેકરી શુદ્ધ થયો, તથા અંતર્યામમાં અહંભાવ સ્ફુરેછે, તે અહંકાર, તથા તેહેનું ધરનારૂં જ્ઞાન, એ બેઉ, સ્નાનસંધ્યાના, તથા વેદાર્થના વિચાર દૃષ્ટિયેકરી, મિથ્યા છે એવું સમઝી, જે અંતરનાવિશે શુદ્ધ થયો, તથા જેહેને પ્રાણિમાત્રોની, એટલે સર્વ શ્વાસવાન જીવોની દયા આવેછે, એથી તે પોતે હિંસા કરતો નથી, તથા બિજાપાસેથી હિંસા, એટલે પ્રાણિઓને મારવા, કિંવા પીડા દેવી, એવું કરાવતો નથી, તથા જેના, કામક્રોધાદિક છ વૈરી, તે છ મિત્ર થયા છે, તથા નિંદા કિંવા સ્તુતી કરવા-

થી જેહેની શાંતી ઢળતી નથી, તથા જેહેના સર્વ કર્મો, સ્વસ્વરૂપ નિરાકાર પરબ્રહ્મજ આપણે છૈયે એવા અખંડ અનુભવથી બ્રહ્મર્પણ સેહેજ થાયછે, એવો જે સર્વને વેદપ્રતિપાદ્ય ધર્મપ્રમાણે સુમાર્ગ દેખાડનારો, તથા સ્વકલ્પિત મત નચલાવનારો દેહધારી મનુષ્ય, તેજ બ્રાહ્મણ એવું સમઝવું, તથા તેહેનાજ અંગે શુદ્ધ સત્વગુણ છે, એવું સમઝવું, તથા એવી પદ્ધતના જે આ જગતમાં મનુષ્યો હોય, તે સર્વનો એકજ વર્ગ એટલે વર્ણ સમઝવો, તથા તે વરગને એટલે વર્ણને બ્રાહ્મણ વર્ણ કેહેવો, એ વર્ણ દુર્મિળ, એટલે મળવો ઘણો કઠણ છે, કારણ હું બ્રાહ્મણ એવું પોપટનીપેઠે બોલવું શેહેલું છે, પણ બ્રાહ્મણત્વ અંગે આવવું, એ શુદ્ધ સત્વગુણ અંગે હોવાવિના, તથા ઉપર કહેલાં શુદ્ધ કર્મો, અંગે અંતરબાહ્ય હોવાવિના, અથવા તે સારાં કર્મોના બિજો, તથા સાધનો હોવાવિના બ્રાહ્મણત્વ અંગનાવિશે આવતુંજ નથી, એવા બ્રાહ્મણ આ જગતમાં છે, તથા નવા ઉત્પન્ન થાયછે, એથી વેદપ્રતિપાદ્ય ધર્મ સર્વના જાણવામાં આવેછે, એવા ગુણોનું તથા કર્મોનું મનુષ્ય, હરએક વર્ણમાએલા મનુષ્યનાપેટે ક્વચિતજ ઉત્પન્ન થાયછે, એથી ક્વચિત ઉત્પન્ન થયો છતાં, તેહેને બ્રાહ્મણવર્ણમાં, પૂર્વના જ્ઞાતા મેળવતા હતા, પણ હાલમાં તે ચાલ બંધ થઇ, એનું કારણ, હાલમાં વર્ણવ્યવસ્થા કરવા યોગ્ય જે સાધુ બ્રાહ્મણો છે, તેઓનું આ જગત અપમાન કરેછે, તથા સાંભળતું નથી, પણ દીકરા, તુને બ્રાહ્મણ વર્ણ કહ્યો તેવો તું સમઝ. તથા એવા સુપાત્ર બ્રાહ્મણના પેટે ચારપુત્ર જન્મ્યાં છતાં તે સર્વજ બ્રાહ્મણો છે એવું નથી, જેહેનાં અંગે શુદ્ધ સત્વગુણ છતાં, વેદનું અધ્યયન, તથા

સ્નાન સંધ્યા વગેરે કર્મોકરી, જે અંતર બાહ્ય શુચિભૂત, તથા જે અદાંભિક, તે છોકરો માત્ર બ્રાહ્મણ વર્ણમાં ગણવો, તથા એવા ગુણ કર્મોના જે છોકરા ન હોય, અને તે જો-પણ બ્રાહ્મણના પેટે જન્મ્યા હોય તથાપિ, તેઓના તે ગુણ-કર્મ પ્રમાણે, ક્ષત્રિય, કિંવા વૈશ્ય, કિંવા શૂદ્ર, ઇત્યાદિ વ-ર્ગમાં, એટલે વર્ણમાં તેઓને ગણવા, તથા મેળવવા, અને એવા પ્રકારની વર્ણ વ્યવસ્થા, સર્વકાળ ન રાખીતો, વર્ણ સંકર થઇ, વેદપ્રતિપાદ્ય ધર્મની માહિતી કોઇને નરહી, અ-નેક મતો, મનઃકલ્પિત નિકળોછે, તથા દ્વેષ ઉત્પન્ન થઇ, પ્રજાનો પ્રાણનાશ થાયછે, એમાટે, કહેલાપ્રમાણે વર્ણવ્ય-વસ્થા, સાર્વભૌમ રાજાયે, બ્રાહ્મણો પાસેથી હંમેશાં, કરાવ-વી, એપ્રમાણે દીકરા, બ્રાહ્મણવર્ણ તુને કહ્યો તેવો સમઝ.

૪૧ દી૦ બાપા, બ્રાહ્મણના પેટે ઉત્પન્ન થયેલાના ગુણોનો, તથા કર્મોનો વિચાર નકરતાં, સાર્વભૌમ રાજાયે, તથા બ્રાહ્મણોયે, તે છોકરાને બ્રાહ્મણ માનવામાં કાંઇ નુક-સાન છેકે શું? એ મને કહો.

૪૨ બા૦ દીકરા, બ્રાહ્મણના પેટે ઉત્પન્ન થએલાના ગુણ કર્મોનો વિચાર ન કરતાં, સાર્વભૌમ રાજાએ, કિંવા બ્રાહ્મણોયે, તે છોકરાઓને બ્રાહ્મણત્વનું માન આપ્યું હોય, તો, દુષ્ટને ગુરૂ માનવામા જે નુકસાન છે, અને ગુરૂને દુષ્ટ માનવામાં જે નુકસાન છે, તેવું નુકસાન છે. કારણ, એક વખત બ્રાહ્મણના પેટે જન્મેલા છોકરાના ગુણ કર્મોનો વિચાર નકરતાં તેઓને બ્રાહ્મણપણાનું માન આપ્યું, અને તેઓના અંગે ગુણ કર્મ પ્રમાણે બ્રાહ્મણપણું ન હોય, એટલે તે છોકરો કિંવા તે છોકરાઓ, બ્રાહ્મણત્વ અંગે આવવાના જે

ગુણ, તથા કર્મો, તે મેળવવા સારૂ જે વેદાધ્યયનાદિક સા-ધનો કરવાના, તે કરતા નથી, કેમકે, તેઓને સાધનવિના, શ્રમ નકરતાં. વિનાકારણ બ્રાહ્મણપણાનું માન મલ્યું, એ-થી તે સ્વતાં અજ્ઞાની રહી ઇશ્વરભક્તિને મુકાયછે, તથા તે-ઓને બ્રાહ્મણપણું આવ્યું નછતાં, લૌકિક રીતીયે, એ બ્રા-હ્મણ એવું લોકો સમઝી, તેને માને છે, અને સાચા બ્રાહ્મ-ણોના વચનઉપર વિશ્વાસ રાખવા; તેની પેઠેજ, તે ગુણ કર્મ વગરના મનુષ્ય ઉપર, એ બ્રાહ્મણ, એવો વિશ્વાસ રાખવા-થી તેહેના નરસા ઉપદેશ ઉપરથી લોકો ફસાયછે, પછી રીતથી, સાચા બ્રાહ્મણોની નિંદા કરી, વેદપ્રતિપાદ્ય ધર્મ બાહ્ય એવો મત કાઢી, મ્લેચ્છ થાયછે. એટલો ગુણ કર્મોનો વિચાર ન કરતાં, બ્રાહ્મણના પેટે જન્મ પામવાથીજ તેહેને બ્રાહ્મણ માનવામાં, નુકસાન છે. એનો અનુભવ, હાલના સમયમાં તુને ઘણો આવશે.

૪૩ દી૦ બાપા ક્ષત્રિય વર્ણ કેવો ઓળખવો, તથા ક્ષત્રિયોનો ગુણ કિયો? તથા કર્મ શું? એ મુને કહો.

૪૪ બા૦ દીકરા. જે મનુષ્યનો વેદપ્રતિપાદ્ય ધર્મઉ-પર પૂર્ણ વિશ્વાસ, તથા વેદપ્રતિપાદ્ય ધર્મના ઉપદેશ કરનારા, જે શુદ્ધ સત્વગુણી બ્રાહ્મણો તેઓના વચન ઉપર પૂર્ણ વિ-શ્વાસ, તથા નિરાકાર પરમેશ્વરની, અને પોતીકા હુંપણા ધ-રનારા જ્ઞાન પેહેલાના સ્વરૂપની ઐક્યતા છે, એવો અનુભવ છતાં સર્વ વ્યવહારનું પૂર્ણ જ્ઞાન જે માણસને છે, તેહેને ક્ષ-ત્રિય વર્ગમાં, એટલે ક્ષત્રિય વર્ણમાં મેળવવો, તથા એ લ-ક્ષણોનો જે ક્ષત્રિય મનુષ્ય, તેહેના અંગે, એક સ્વાભાવિક

ગુણ હોયછે, તે કીયોકહીશ તો, શૌર્ય, એટલે તે ક્ષત્રિય મનુષ્ય, પોતાનેવા ક્ષત્રિય મનુષ્યોનો સમુદાય જમાવી, સર્વ જગતને નીતિયેકરી વરતાવેછે, અને જો કોઇ મનુષ્ય અનીતિથી વરતે, તો તેહેને તેજ વખત શાસન કરેછે, અને અનીતિ માન મનુષ્યોનો સમુદાય લેગો થઇ, નીતિયે વરતનારી પ્રજાને પીડા થાય નહીં, એવો બંદોબસ્ત રાખે છે, અને તેવા બંદોબસ્તમાંથી ચુકી, અનીતિમાનનો સમુદાય ભેળો થઈ, પ્રજાને પીડા આપવી એ ઉદ્દેશથી આવતાંવેતજ, તે વખતજ, સર્વ ક્ષત્રિયોનો સમુદાય લઇ તે અનીતિવાળાનું કીંચિત્ ભય ન રાખતાં, તથા પોતાના મરણનું ભય કિંચિત્ ન રાખતાં, શસ્ત્રાસ્ત્રે કરી, તેઓસાથેયુદ્ધ કરી, તે અનીતિમાન લોકોને જીતી, તેઓને નીતિયેવરતવેછે, તથા મહાક્રૂર, જે દંતી, તથા નખી, શ્વાપદો, તથા સર્પ વગેરે જેહેરી જીવો, એ સર્વથકે પ્રજાને, લગારપણ પીડા થવા દેતો નથી, તથા પોતે અહિંસાધર્મ પાળે છે, તથા નીતિમાન મનુષ્યોને દયાવંત દેખાયછે, અને અનીતિમાન મનુષ્યોને ક્રૂર દેખાયછે, એવું જે મનુષ્ય તું જોઇશ, તેજ ક્ષત્રિય વર્ગમાં, એટલે ક્ષત્રિયવર્ણમાં ગણતો જા, એવા પ્રકારનું મનુષ્ય, હરેક વર્ણના પેટે જન્મ્યું છતાં, પેહેલાના ક્ષત્રિય સાર્વ ભૌમ રાજા, શુદ્ધ સત્વગુણી બ્રાહ્મણોના અનુમતથી, હમેશાં ક્ષત્રિય વર્ણમાં, તે મનુષ્યોને મેળવતા હતા, પણ, હાલમાં વર્ણવ્યવસ્થા કરવા યોગ્ય, જે સાધુ બ્રાહ્મણોછે, તેઓનું, આ જગત અપમાન કરેછે, તથા સાંભળતા નથી, પણ દીકરા, તુંને ક્ષત્રિય વર્ગ એટલે વર્ણ કહ્યો, તેઓ તું સમઝ, તથા એવા ઉત્તમ ક્ષત્રિયના પેટે ચાર દીકરા થયા છતાં, તે સર્વજ ક્ષત્રિય

છે એવું નથી, જેહેનાં અંગે સત્વગુણ છતાં; રજોગુણ તથા તમોગુણ જેણે જીતી સ્વાધીન રાખ્યાછે, તથા કામક્રોધ વગેરે ષડ્વૈરી જીતી, તેજ મિત્ર કરી, જેણે સ્વાધીન રાખ્યાછે, તથા અનીતીમાન મનુષ્ય જે શત્રુ, તે જેથી ડરે છે, અને વેદ વચને કરી, તથા બ્રાહ્મણ વચને કરી, જે વેદાંત વિચારથી, તથા યોગાભ્યાસે કરી, અંતર બાહ્ય શુદ્ધ, તથા સર્વ વિદ્યામાં પ્રવિણ છતાં જે અદાંલિક હશે, અથવા ઈત્યાદિ સાધનોના અભ્યાસમાં જે યોગ્ય હોય, તે છોકરાનેજ ક્ષત્રિય વર્ગમાં, એટલે વર્ણમાં ગણવો, અને એવા ગુણ કર્મોના જે છોકરા ન હોય, અને તે જોપણ ક્ષત્રિયોના પેટે જન્મ્યાં હોય, તથાપિ, તેઓના તેઓના ગુણકર્મોપ્રમાણે, બ્રાહ્મણ, કિંવા વૈશ્ય, કિંવા શુદ્ર, ઈત્યાદિ વર્ગોમાં, એટલે વર્ણોમાં તેઓને ગણવા, તથા મેળવવા, એવા પ્રકારની વર્ણવ્યવસ્થા સર્વકાળ ન રાખીતો વર્ણસંકર થઈ, રાજા તથા પ્રજા અનીતિમાન થાયછે, અને દ્વેષ ઉત્પન્ન થઈ, પ્રજા સંકટમાં પડી પ્રાણ ખોયછે, એસારૂ, કહેલાપ્રમાણે, સાર્વભૌમ રાજાયે, બ્રાહ્મણ તથા ક્ષત્રિય, એ કામઉપર જેમી, વર્ણ વ્યવસ્થા હમેશા કરાવવી, દીકરા ક્ષત્રિય વર્ણ તુને કહ્યો તેવો તું સમઝ.

૪૫ દી૰ બાપા, ક્ષત્રિયના પેટે ઉત્પન્ન થયેલાઓના ગુણકર્મનો વિચાર ન કરતાં, સાર્વભૌમ ક્ષત્રિય રાજાયે, તથા બ્રાહ્મણોયે, તે છોકરાઓને ક્ષત્રિય માનવામાં કાંઇ નુકસાન છેકે શું? એ મુને કહો.

૪૬ બા૰ દીકરા, ક્ષત્રિયોનાં પેટે જન્મેલાના ગુણનો, તથા કર્મોનો વિચાર ન કરતાં, સાર્વભૌમ ક્ષત્રિય રાજાયે, તથા બ્રાહ્મણોએ, તે છોકરાઓને ક્ષત્રિયપણાનું માન

આપ્યું છતાં, બીકણને સૂરા માનવાથી માનનારા રાજાના રાજ્યનોનાશ, તથા સૂરાને બીકણ માનવાંથી માનનારા મનુષ્યનો પ્રાણનો નાશ, એ બે નુકસાન જેટલું નુકસાનછે, કારણ. એકવખત, ક્ષત્રિયોના પેટે જન્મેલા છોકરાઓના ગુણકર્મોનો વિચાર ન કરતાં, તેઓને ક્ષત્રિયત્વનું માન આપ્યું, અને તેઓના અંગે ગુણકર્મ પ્રમાણે ક્ષત્રીયપણું ન હોય, એટલે તે છોકરો, કિંવા તે છોકરાઓ, ક્ષત્રિયત્વ અંગે આવવાના જે, શૌર્યાદિક ગુણો, તથા યુધ્ધાદિક કર્મો, એના પ્રાપ્તીની, જે સદ્‌ગુરૂ સેવા, તથા હઠયોગાદિક, તથા અરણ્યવાસ તથા પ્રવાસ, તથા એકલાં ફરવું, ઈત્યાદિ સાધનો, તે કરતા નથી, તથા સર્વ વિદ્યાનો અભ્યાસ કરતા નથી, કારણ, તેઓને સાધન વિના, તથા શ્રમ ન કરતાં, વિનાકારણ ક્ષત્રિયત્વનું માન મલ્યું, એથી તે સ્વતાં અજ્ઞાની રહી, અનીતિયેકરી વરતવા લાગેછે, અને તેઓને પ્રજાના સુખદુઃખના વિચારની ખબર પડતી નથી, એથી તે પ્રજાને પીડા કરેછે, અને તે યુધ્ધ પ્રસંગમાં, અક્કલ, તથા શૌર્ય ન હોવાંથી માર્યા જાયછે, અથવા રાજ્યને મુકી પરસ્વાધીન થાયછે, એથી ક્ષત્રિયોનાં નામને કલંક લાગેછે, તથા સર્વજ મ્લેચ્છ થાયછે, અને ઈશ્વરની ભક્તીથી પોતે મુકાયછે એટલુંજ નથી પણ, સર્વ પ્રજાને અધર્મ પ્રવૃત્તિનું કારણ થાયછે, વાસ્તે, ક્ષત્રિયોના પેટે જન્મેલા છોકરાઓના ગુણકર્મોનો વિચાર કરી. તેઓને તેઓના ગુણકર્મ વિભાગ પ્રમાણે બ્રાહ્મણ, તથા ક્ષત્રીય તથા વૈશ્ય, તથા શૂદ્ર, ઈત્યાદિ વર્ગમાં, એટલે વર્ણમાં ગણવા, તથા મેળવવા, દીકરા; એવી વર્ણ વ્યવસ્થા કરનારી મંડળી હાલમાં ક્યાંહાંજ નથી,

તેથી હાલમાં, વર્ણસંકર થયુંછે, એટલે ચારે વર્ણોના મનુષ્યો છતાં, ગુણકર્મ ઉપરથી વર્ણ વીણીકાઢેનો, કહીંપણ દેખાતો નથી એનેજ વર્ણસંકર કહીયે, પણ દીકરા. તુંને જેવો ક્ષત્રિય વર્ણના ગુણકર્મોનો વિચાર કહેલોછે, તેપ્રમાણે મનુષ્ય દેહધારી હોનારામાં આ ફલાણો ક્ષત્રિય, એવી તું ઓળખ રાખ, એપ્રકારની વર્ણ વ્યવસ્થા, પૂર્વવત સ્થાપિત થયાશીવાય, જગતમાં શાંતી આવવાની નથી, તથા નાસ્તીક મતો નાશ પામવાના નથી; એ દીકરા તું સમઝ.

૪૭ દી૰ બાપા વૈશ્યવર્ણ શીરીતે ઓળખવો, તથા વૈશ્ય વર્ણનો ગુણ કીયો, તથા કર્મ શું ? એ મુને કહો.

૪૮ બા૰ દીકરા. જે મનુષ્યનો, વેદપ્રતિપાદ્ય ધર્મ ઉપર પૂર્ણ વિશ્વાસ, તથા વેદપ્રતિપાદ્ય ધર્મનો ઉપદેશ કરનારા, જે બ્રાહ્મણો, તેઓના વચન ઉપર પૂર્ણ વિશ્વાસ છતાં, વ્યવહાર ધંધા અતિશય કરવા, તથા ઘણી સંપત્તી મેળવવી, એવી જેહેની ઈચ્છા હોય, તેહેનેજ વૈશ્ય કહીયે, એ વ્યવસાયની ઈચ્છાથી, તે વૈશ્યવર્ણનું મનુષ્ય, જમીનમાં અનેક બીજો, તથા કંદો, તથા વેલ વાવી, પ્રાણ રક્ષણ કરવાના, તથા અનેક સુખોપયોગી, પદાર્થો નિર્માણ કરેછે, અને કાર્પાસ વસ્ત્રો. તથા ઉર્ણા વસ્ત્રો, તથા રેશમી વસ્ત્રો અને સણ ઈત્યાદિ દોરોના વસ્ત્રો, વગેરે અનેક પ્રકારનાં વસ્ત્રો, તથા ઘણી તરેહના કાગળો, વગેરે સર્વ નિર્માણ કરેછે તથા અનેક ધાતૂ તથા અનેક પ્રકારના સુંદર પાષાણ તથા સમુદ્રમાંથી મોતી, ઈત્યાદિ શોધી કાઢેછે, તથા કૃતીયે કરેછે, અને, તે વસ્તુઓના, અનેક અલંકાર, તથા વાસણો,

તથા શસ્ત્રો, તથા યંત્રો, તથા ખેલ, તથા વહનો, તથા આસનો, તથા મંદિરો તૈયાર કરેછે, તથા કરી આપે છે, અને ઘણાપ્રકારનાં સુંદર કાષ્ટો, તથા પાષાણ તથા મૃત્તિકા તૈયાર કરી, સુંદર મેડીઓ, તથા અગ્યાર માળાનાં ગોપુરો, ઇત્યાદિ તૈયાર કરેછે, તેને કરી આપેછે; તેમજ કાચપાત્રો, તથા મૃત્તિકા પાત્રો, તથા પાષાણ પાત્રો તથા કાષ્ટપાત્રો, તથા ધાતૂપાત્રો, તથા દંતપાત્રો, તથા શૃંગપાત્રો, વગેરે સર્વ તૈયાર કરેછે, તથા કરી આપેછે, તથા અનેક પ્રકારના પશુપક્ષીઓનું સંરક્ષણ કરેછે, પણ સ્વતાં તે પશુપક્ષીઓને પીડા કરતો નથી, તથા મારતો નથી, એટલે, હિંસા કરતો નથી, અને હિંસા કરાવતો નથી, તથા હિંસા કરવા જેવી જેઓની ધારણા છે, તેઓને પશુપક્ષી આપતો નથી, તથા હિંસા કરવાને જો પશુપક્ષી લઇ, કોઇ મનુષ્ય જાયછે, એવું તેના જોયા જાણવામાં આવે, તો તે મનુષ્ય પાસેથી, તે પશુપક્ષી મુકાવી, લઇ રાજાના અંમલદારોને સ્વાધીન કરેછે, પછી જો ગુન્હો સાબીત થયો, કે એ મનુષ્ય; પશુ પક્ષિ મારવા વાસ્તે લઈ જતો હતો તો તે માણસને, રાજાના તરફથી શાસન થાયછે, અને, જો તે મનુષ્ય હિંસા કરવા સારૂ, પશુ પક્ષિ લઇ જાતો નછતાં, અમસ્તો અંદેશો આવ્યો એવું ઠર્યું તો જેહેનું પશુપક્ષિ તેહેને તરત પાછું મળેછે, એપ્રકારની, પશુપક્ષિ વગેરે જીવોની, દયા જેહેને છતાં પશુપક્ષિ વગેરેનો ક્રયવિક્રય, વ્યવહાર રીતીયે, ખેતીના કામસારૂ, તથા અનેક ધંધાના ઉપયોગાર્થ કરેછે, તથા અનેક, ક્લાયુક્ત નૌકા તૈયાર કરી, જલમાર્ગે, આ દ્વિપનો માલ તે દ્વિપમાં, એપ્રમાણે દ્વિપ દ્વિપાંતરનેવિશે, માલનો ક્રય

વિક્રય કરેછે, તથા જમીનઉપર અનેક યંત્રાદિકોના સાહ્યતાથી તથા પશુઓ ઉપર લાદી, અનેક દેશોમાં માલ ફેરવી, ક્રયવિક્રય કરેછે, એટલા પ્રકારને વિષે, જે મનુષ્યોની હોંષ, દીકરા તું જોઇશ, તે સર્વને, વૈશ્યવર્ગમાં, એટલે વૈશ્ય વર્ણમાં ગણવા તથા મેળવવા, તથા એ વૈશ્યવર્ણના ગુણકર્મ પ્રમાણે, વૈશ્ય વર્ણ ગણ્યો હોય તો, જગતમાં સ્થિરતા આવે છે, તથા એ વૈશ્યવર્ણના પેટે જન્મેલા મનુષ્યોનાં, ગુણકર્મોનો વિચાર કરી જોયું છતાં, તેમાંથી બ્રાહ્મણ વર્ગમાં ગણવા જેવો, ઘણું કરી નહીં મળી આવે, પણ કદાક મળી આવે તો તેહેને સાર્વભૌમ ક્ષત્રિય રાજાયે બ્રાહ્મણની સાહ્યતાથી બ્રાહ્મણ વર્ગમાં ગણવો, તથા મેળવવો, તથા એ વૈશ્યવર્ગમાના મનુષ્યોના પેટે જન્મ પામેલામાં, ગુણ કર્મપ્રમાણે, ક્ષત્રિય વર્ણમાં મેળવવાયોગ્ય, એવા ઘણા નિર્માણ થાયછે તથા તે સર્વના ગુણ કર્મોનો વિચાર, સાર્વભૌમ રાજાયે, તથા બ્રાહ્મણોયે કરી, તેઓને ક્ષત્રિય વર્ગમાં, એટલે વર્ણમાં ગણવા તથા મેળવવા, અને ગુણ કર્મ પ્રમાણે વૈશ્ય વર્ગમાં ગણવાને યોગ્ય, એવા વૈશ્યોના પેટે જન્મેલા હોય, તેઓને, સાર્વભૌમ રાજાયે, બ્રાહ્મણોની સાહ્યતાથી, વૈશ્ય વર્ગમાં, એટલે વૈશ્યવર્ણમાં ગણવા, તથા મેળવવા અને જે વૈશ્યવર્ણનાં પેટે, ગુણકર્મો પ્રમાણે, શૂદ્ર વર્ણમાં, એટલે શૂદ્રવર્ગમાં ગણવા જેવા જન્મ્યાં હોય, તે સર્વને સાર્વભૌમરાજાયે, બ્રાહ્મણોના અનુમતથી, શૂદ્રવર્ણમાં ગણવા, તથા મેળાવવા, એવી વૈશ્ય વર્ણની એટલે વૈશ્ય વર્ગની વ્યવસ્થા, તુને કહી, એપ્રમાણેજ, પ્રથમના જ્ઞાતા વર્ણવ્યવસ્થા, હમેશા કરતાહતા, તે ચાલ હાલમાં બંધ થઇ, એનું કારણ હાલમાં વર્ણવ્યવસ્થા સ્થાપન કરવા યોગ્ય,

જે સાધુ બ્રાહ્મણો છે, તેઓનું, આ જગત અપમાન કરેછે, તથા સાંભળતું નથી. એથીજ હાલમાં વર્ણસંકર થયું છે, તે વર્ણસંકર, એટલે જે મનુષ્યોને હાલમાં બ્રાહ્મણ વર્ણના કેહેછે, તેઓમાં, ગુણ કર્મ વિભાગે કરી, શોધવા માંડીયે તો ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શૂદ્ર, એ વર્ગમાં એટલે વર્ણોમાં મેળવવા જેવા મનુષ્યો ઘણાં છે, તે, તેતેવર્ગોમાં ન મેળવતાં, તથા શુદ્ધ સત્વગુણી વેદશાસ્ત્રસંપન્ન, તથા આચાર તથા વિચાર, યુક્ત જે ગુણકર્મ પ્રમાણે બ્રાહ્મણ. તેઓનેજ બ્રાહ્મણ ન માનતાં, ગુણ કર્મોના વિચાર વગરના જે બ્રાહ્મણ માનવા, એજ બ્રાહ્મણ વર્ણનું એટલે બ્રાહ્મણ વર્ગનું વર્ણસંકરપણું સમજવું. એજ રીતે ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શુદ્ર, એ ત્રણે વર્ણોનું વર્ણસંકરપણું થયુંછે એવાસ્તે, સાર્વભૌમ ક્ષત્રિય રાજાએ બ્રાહ્મણના અનુમતથી, મંડળીઓ નેમી, હમેશા, ગુણકર્મો પ્રમાણે વર્ણવ્યવસ્થા કરવાની ચાલ રાખવી, તોજ જગતમાં શાંતી રેહેશે, દીકરા, તુને વૈશ્ય વર્ણ જેવો કહ્યો તેવો તું સમજ. એ વૈશ્ય વર્ગનો મુખ્ય રજોગુણછે તે રજોગુણનો અંકિત સત્વગુણ છે.

૪૯ દી૦ બાપા, વૈશ્યવર્ણના ગુણકર્મોનો વિચાર નકરતાં, વૈશ્યવર્ણ માએલા મનુષ્યોનાપેટે ઉત્પન્ન થએલા સર્વ મનુષ્યોને વૈશ્ય માનવામાં કાંઇ નુકસાન છે કે શું? તે મુને કહો.

૫૦ બા૦ દીકરા. વૈશ્યવર્ણના ગુણકર્મોનો વિચાર નકરતાં, સાર્વભૌમ રાજાયે, તથા બ્રાહ્મણોયે, વૈશ્યોનાપેટે ઉત્પન્ન થએલા સર્વને વૈશ્ય માનવામાં ઘણુંજ નુકસાન છે, તે એવું કે, વૈશ્યોના પેટે ઉત્પન્ન થએલાઓમાં, જે ગુણ-

કર્મોપ્રમાણે ક્ષત્રીય, તથા વૈશ્ય, અથવા ક્વચિત બ્રાહ્મણ, તથા ઘણા શૂદ્રો હોયછે, તે સર્વના ગુણ, તથા કર્મો ઓળખી, જો તેઓને જુદા જુદા ન કહ્યા, અને તે સર્વોને વૈશ્યજ માન્યા, તો તેઓના પરસ્પર સહવાસથી, અનેક મતો ઉત્પન્ન થઇ, સાચા બ્રાહ્મણ વર્ણની, તથા તેઓએ કરેલા વેદપ્રતિપાદ્ય ધર્મના ઉપદેશની, નિંદા થઇ, જુદા જુદા મતો નિકળેછે, અને વર્ણ વિભાગપ્રમાણે જે આચાર, તથા વિચાર, પાળવાનો તે કોઇ પાળતાં નથી, અને અવિચાર તથા અનાચાર પ્રગટ થઇ, સર્વ ભ્રષ્ટ મ્લેચ્છ થાયછે, અને કલહ, દ્વેષ, તથા મારા માર, ઘણીઓ થાયછે, અને કોઇને નિરાકાર પરમેશ્વરની ઐક્યભક્તી થાતી નથી, કારણ, નિરાકાર પરમેશ્વરની ઐક્યભક્તી પ્રગટ થવાના, ક્ષમા, દયા, શાંતી, તથા સગુણ અવતાર મૂર્ત્તિનું ધ્યાન, તથા સત્પુરૂષોનો સમાગમ, તથા વેદાંત શાસ્ત્રનો વિચાર, ઇત્યાદિ સાધનો મુખ્ય છે, તે કોઇથી બનતા નથી, એ સાંપ્રતકાળે દીકરા તુને અનુભવ આવ્યોજ છે, તથા પ્રપંચ, અને પરમાર્થ, એ બેજીનો નાશ થયોછે, એજ મુખ્ય નુકસાન છે, વાસ્તે, વૈશ્યનાપેટે ઉત્પન્ન થએલાઓના ગુણનો, તથા કર્મોનો વિચાર કરી, જે જે મનુષ્યનાવિભાગે વર્ગ એટલે વર્ણ આવશે, તે તેહેને તે વર્ણમાં, સાર્વભૌમ રાજાયે, તથા બ્રાહ્મણોયે મેળવવો, એટલે ભગવંતનો વર્ણવ્યવસ્થા બાબતનો નિયમ, આપણને ખુલાસેથી નજરે આવશે, તથા દ્વેષ નહીંસો થશે અને સર્વ પ્રજા સુખી થશે.

૫૧ દી૦ બાપા, શૂદ્ર વર્ણ કેવો ઓળખવો, તથા શૂદ્રવર્ણનો ગુણ કયો? તથા કર્મો કયાં? એ મને કહો.

૫૨ **બા૦** દીકરા, જે મનુષ્યને પ્રપંચ, અથવા પરમાર્થ, શીરીતે કરવો, એ શીખ્યું છતાં પણ, જ્ઞાન થાતું નથી, તથા સ્વતંત્ર પણાયે ખેતીનું કામ, અથવા સુથાર, લુવાર, ઇત્યાદિ કામો કરી પેટભરવાનું જ્ઞાન, જેહેને શીખ્યું છતાં પણ થાતું નથી, એવું, જે જડમૂઢ મનુષ્ય, તેહેનેજ શૂદ્રવર્ણમાં, એટલે શૂદ્રવર્ગમાં ગણવું તથા મેળવવું, કારણ તે માણસ, જોપણ બ્રાહ્મણ, અથવા ક્ષત્રિય, અથવા વૈશ્ય, અથવા શૂદ્ર, એ ચારે વર્ણોનાં મનુષ્યોને પેટે ઉત્પન્ન થએલુંછે, તોય તેહેની બુદ્ધિની ધારણા જડ, તથા તેહેના અંગનાવિશે તમોગુણ ઘણો છે, એથી તેહેને સ્વતંત્રપણાયે, સંસાર, કિંવા પરમાર્થ કરવાનું જ્ઞાન, તેહેને હૈયે બેસતું નથી, તથા તેહેને કહેલી વાતોની સ્મૃતી રેહેતી નથી, એથી તેહેને, પેટ, શીરીતે ભરવું, એપણ સમજાતું નથી, એ કારણ ઉપરથીજ, ગુણકર્મોપ્રમાણે જે બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય હોયછે, તેઓને, તે અજ્ઞાની મનુષ્યની દયા આવી, તે તેહેની યોગ્યતાપ્રમાણે, તેહેને સેવા કરવાનું કેહેછે, અને તેહેનું લગ્ન કાર્ય કરેછે, તથા તેહેને અન્નવસ્ત્ર આપેછે, તેથીજ તે મનુષ્ય સુખી રેહેછે, અને સેવા કર્મ કરેછે, એવા એ તમો ગુણના યોગથી, સેવા કર્મનામાત્ર ઉપયોગી જે મનુષ્ય, તે સર્વ શૂદ્ર વર્ણમાં, એટલે શૂદ્રવર્ગમાં ગણવા, તથા મેળવવા, અને એ શૂદ્રવર્ણના મનુષ્યોના પેટમાં જન્મ પામશે, તે છોકરાઓમાં, જેના જેના ગુણકર્મો, તેવા તેવા, તે તેહેના ગુણકર્મ પ્રમાણે બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શૂદ્ર, એ ચારે વર્ગમાં, એટલે ચારે વર્ણમાં, તે તેઓને ગણવા, તથા મેળવવા, એ વર્ણવ્યવસ્થાનું કામ, સાર્વભૌમ ક્ષત્રિય

રાજાયે, ગુણકર્મોપ્રમાણે જે બ્રાહ્મણો હોય, તે બ્રાહ્મણો પાસેથી હમેશાં કરાવવું; દીકરા, હાલમાં તે વર્ણવ્યવસ્થા કરવાની ચાલ બંધ થવાનું કારણ, જે હાલમાં વર્ણવ્યવસ્થા કરવા યોગ્ય બ્રાહ્મણવર્ણમાં સાંધુછે, તેઓનું, આ જગત અપમાન કરેછે, તથા સાંભળતું નથી, એનછે, પણ એવું ન જોઈયે. દીકરા, મે તુંને શૂદ્રવર્ણ કહ્યો તેવો તું સમઝ.

૫૩ **દી૦** બાપા, શૂદ્રવર્ણના ગુણકર્મનો વિચાર ન કરતાં શૂદ્રનાં પેટે જન્મ પાંમશે, તે સર્વને શૂદ્ર માનવામાં કાંઇ નુકસાન છે કે શું? એ મુને કહો.

૫૪ **બા૦** દીકરા, શૂદ્રોના પેટ જન્મ્યા, એટલાજ કારણથી તે સર્વને શૂદ્ર માનવામાં ઘણું નુકસાન છે, તે કીયું કહીશતો; શૂદ્રોના પેટ ઉત્પન્ન થએલા છોકરાઓમાં, ગુણકર્મોપ્રમાણે ક્વચિત પણ, બ્રાહ્મણવર્ણમાં મેળવવા યોગ્ય નથી હોતો, તથા કદાક હોય તો, તેહેને બ્રાહ્મણ વર્ણમાં ન મેળવતાં શૂદ્ર માન્યો, એટલે તેહેનું અપમાન થાયછે, એથી. તે વેદબાહ્ય, એવા મનઃકલ્પિત સ્વતંત્ર મત ખડાકરી લોકોને મ્લેચ્છ કરેછે, અને એથીજ જગતમાં મોટામોટા પ્રાણઘાતક અનર્થો થાયછે, એ એક નુકસાનછે, તથા શૂદ્રોના પેટમા જન્મ પામેલાઓમાં ગુણકર્મોપ્રમાણે, ક્ષત્રિયવર્ણમાં મેળવવા, લાયેક જે હોયછે, તેઓને ક્ષત્રિય વર્ણમાં ન મેળવતાં, શૂદ્રમાનીયે તો, તેઓનું અપમાન થાયછે, એથી, તે પોતાનું ક્ષત્રિયપણાનું માન મેળવવા સારૂ યુદ્ધને આરંભી, જે તેઓને ક્ષત્રિય માનતા નથી, તેઓના પ્રાણનો નાશ કરેછે, અને પોતાનો પણ નાશ કરી લેછે, એ બિજું નુકસાન છે, તથા શૂદ્રોનાં પેટે જન્મ પામેલાઓમાં,

ગુણ કર્મ પ્રમાણે, જે વૈશ્ય વર્ણમાં મેળવવાને યોગ્ય હોયછે, તેઓને વૈશ્યવર્ણમાં ન મેળવતાં શૂદ્ર માને એટલે તેઓનું અપમાન થાયછે, એથી તે નાસ્તીક થઈ, વેદપ્રતિપાદ્ય ધર્મ રક્ષણ થવાને, મદત, નકરતાં, વેદ પ્રતિપાદ્ય ધર્મનો લોપ થવાસારૂ પ્રયત્ન કરેછે, એ ત્રિજામાં ઘણું નુકસાન છે, તથા શુદ્રોના પેટે જન્મ પામેલાઓમા, ગુણકર્મો પ્રમાણે જે શુદ્રવર્ણમાં મેળવવા લાએક હોયછે, તેઓના ગુણકર્મોનો વિચાર કરી, જો તેઓને શૂદ્ર ઠરાવ્યા નથી, તો તેઓને, આપણો કિયો વર્ણ તથા આપણું કર્મ શું, એ તેઓને નસમઝાઇ તે ચોરીઓ કરવા તથા ધાડા પાડવા લાગેછે, અને ચંડાળ બની જાયછે, એ મોટુંજ નુકસાનછે, વાસ્તે શૂદ્રવર્ણનાપેટે જન્મેલાઓના ગુણકર્મોનો વિચાર કરી, જે જેઓના ગુણકર્મ પ્રમાણે વર્ણ ઠરશે, તે તેહેને, ગુણકર્મોપ્રમાણે,બ્રાહ્મણ, અથવા ક્ષત્રિય અથવા વૈશ્ય, અથવા શુદ્ર એ ચારે વર્ણમાં ગણી, સર્વ આચાર વિચારમાં મેળવીલેવા, એ પ્રમાણે, ચારે વર્ણોનાપેટે જન્મેલાઓના ગુણકર્મોનો વિચાર સાર્વભૌમ ક્ષત્રિય રાજાયે, તથા શુદ્ધ સત્વગુણી બ્રાહ્મણોયે, ઐકયથઇ, સમદૃષ્ટિથી કરી, વર્ણવ્યવસ્થા, સકલ દ્વીપોમાં, તથા સકલ ખંડોમાં; સર્વ કાળ રાખવી, તોજ જગતમાં શાંતી રેહેશે. અને તે વર્ણવ્યવસ્થાયેકરી, વેદપ્રતિપાદ્ય ધર્મ સર્વને સરખો સમજાઇ, જગતમાં શત્રુપણું મુળેજ રેહેશે નહીં, અને નિરાકાર પરમેશ્વરની ઐકયભક્તી, વેદાંત શાસ્ત્ર પ્રમાણે સર્વ કરશે, તથા સાકાર અવતાર મૂર્ત્તિની ઉપાસના, અંતઃકરણની શુદ્ધીસારૂ, તથા સત્વગુણની વૃદ્ધીસારૂ સર્વ કરશે, તથા નીતીના માર્ગેકરી સર્વ કર્મો ચાલશે, અને નાસ્તીક, તથા વેદબાહ્ય મતો મુ-

દ્દલ રેહેશે નહીં, દીકરા, તુને બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શુદ્ર, એ ચારે વર્ણોની વ્યવસ્થા જેવી કહી, તેવી તું સમઝ.

૫૫ દી૦ બાપા, હવે મુને સમઝાયું કે, બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શુદ્ર, એ ચાર વર્ણ, એટલે ચાર વર્ગ છે, એ ચાર વર્ગ; પ્રત્યેકના ગુણકર્મો ઉપરથી ઠરેલા છે, તથા સર્વ મનુષ્યોના હૃદયસ્થ સાક્ષી, જે વ્યષ્ટિરૂપી ઇશ્વર, પ્રત્યેકના શરીરમાં જુદો જુદો છે, તેહેની સત્તાયેકરી ગુણકર્મો થાયછે, તે ગુણકર્મોની ઓલખાણ, પરસ્પર સર્વ મનુષ્યોને થાય, એસારૂજ, ચાર વર્ણોના નામો કલ્પેલાં છે.

૫૬ દી૦ બાપા, હવે મુને સમઝાણું, કે ઈશ્વર સત્તાયે કરી, સર્વ મનુષ્યો ઉત્પન્ન થયાછે, તથા તે સર્વ મનુષ્યો પોતપોતાના ગુણ કર્મોપ્રમાણે બ્રાહ્મણ કિંવા ક્ષત્રિય, કિંવા વૈશ્ય, કિંવા શુદ્ર એ ચાર વર્ણોના છેજ. પણ પ્રત્યેક મનુષ્યના ગુણ કર્મોની પરિક્ષા નકરતાં, જે મનુષ્ય, જે વર્ણના મનુષ્યના પેટમાં જન્મપામેછે, તે મનુષ્યને બાપના વર્ણમાં, એટલે કુટુંબના વર્ણમાં ગણવાની ચાલ પડેલીછે, એથી વર્ણ સંકરપણું થયુંછે, હવે વર્ણસંકર કેહેને કહીયે, એવું કોઈ કેહેશે, તો ઈશ્વર સત્તાયે કરી, ગુણ કર્મો ઉપરથી, બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શુદ્ર. એ ચાર વર્ણ કલ્પેલા છે, તથા આગળ એવાજ કલ્પવા, એવો ઈશ્વરનો વેદપ્રતિપાદ્ય નિયમ છે, તેહેને પ્રમાણ, ભગવતગીતા અધ્યો ૪ ચોથો, શ્લોક ૧૩ તેરમો " चातुर्वर्ण्यमयासृष्टं गुणकर्म विभागशः ॥ " તે નિયમ સર્વલોકોયે છોડી દીધો, અને

જે જે વર્ણના પેટમાં જન્મ્યા હોય તેહેને બાપના વર્ણમાં ગણેછે, પછી તે ગુણકર્મો પ્રમાણે તે વર્ણનો હોય, કિંવા અન્યવર્ણનો હોય; એવી એ ચાલથી. ગુણકર્મોપ્રમાણે બ્રાહ્મણ, કિંવા ક્ષત્રિય, કિંવા વૈશ્ય, કિંવા શૂદ્ર, એ ચારે વર્ણનો, સ્પષ્ટ બોધ થતો નથી, અને પ્રત્યેક વર્ણના નામનાં વર્ણમાં, ગુણકર્મોપ્રમાણે ચારેવર્ણ શેળભેળ થએલા દેખાય છે એવો શેળભેળ થએલા જમાવને વર્ણસંકર કહીયે એ મુને સ્પષ્ટ સમઝાણું, અને એવું વર્ણસંકરપણું થવાથીજ, અનાદિ જે વેદપ્રતિપાદ્ય ધર્મ, તદ્ બાહ્ય, હાલમાં અનેક નાસ્તિક મતો ઉદ્ભવપામ્યા છે, એપણ મુને સ્પષ્ટ સમઝાણું, અને જે, જે વર્ણના મનુષ્યના પેટે જન્મશે તેહેને તેહેના બાપના વર્ણમાં, ગુણકર્મોનો વિચારકરી, જો તે ગુણકર્મો પ્રમાણે બાપના વર્ણનો ઠરે, તો માત્ર, તેહેને બાપના વર્ણમાં ગણવો, નહીંતો ચારવર્ણોમાંથી ગુણકર્મોપ્રમાણે જે વર્ણનો તે ઠરે, તે તેહેને, તે વર્ણમાં ગણવો, એપ્રમાણે ચારેવર્ણોનાં માણસોના પેટમાં જન્મેલાઓના ગુણકર્મોનો વિચાર કરી, જે જે વર્ણના ગુણકર્મો પ્રમાણે ઠરે, તેહેને તે વર્ણમાં, એટલે વર્ગમાં ગણવો, તથા મેળવવો, એપણ મને સમઝાણું, તથા મારા ધ્યાનમાં આવ્યું તથા હું ઘણો સુખી થયો.

૫૭ **બા૦** દીકરા, તુને ગુણકર્મોપ્રમાણે વર્ણવ્યવસ્થા સમઝાણી, એ જોઇ મને સંતોષ લાગેછે, અને એવું લાગેછેકે, તું ધંન્ય છે.

૫૮ **દી૦** બાપા એક મુને શંકા ઉત્પન્ન થઇ, તે એવી કે, સર્વ વર્ણોના પેટમાં ઉત્પન્ન થએલા છોકરાઓના ગુણકર્મોપ્રમાણે, તેઓને બ્રાહ્મણ, અથવા ક્ષત્રેય અથવા વૈશ્ય,

અથવા શૂદ્ર, એ ચારવર્ણોમાં ગણવા, એ સાચું, પણ ગુણકર્મોની પરિક્ષા, કેટલા વર્ષની ઉમર થાય ત્યાંહાં સુધી કરવી કારણ, છોકરાના અંગે, માબાપોના સમાગમથી, જે વર્ણોના માબાપો, તથા ગણગોત્રી હોય છે, તે વર્ણોના ગુણકર્મો શેહેજ આવેછે, અને તેઓને અન્યવર્ણોના આચાર, તથા વિચાર, ખબર નથી પડતા, એથી એવું દેખાય છે કે, મૌંજીબંધન એટલે જનોઇ વગેરે ક્રિયાઓ થયાવિના બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, અને વૈશ્ય ઠરવાજ નથી, તથા જેહેનું મૌંજી બંધન થયું નહીં, તે શૂદ્ર ઠરેછે, અને મોટી ઉમરમાં તો મૌંજી બંધન થાતું નથી, ત્યારે. ચારવર્ણોના પેટમા જન્મેલાઓના ગુણકર્મોની પરિક્ષા કરી વર્ણવ્યવસ્થા શીરીતે કરવી? એ મુને કોહો.

૫૯ **બા૦** દીકરા ચારે વર્ણોના પેટે, છોકરા કિંવા છોકરીઓ ઉત્પન્ન થાશે, તે સર્વની ચારવર્ષની વય થાતા સુધી માતા પિતાયે સ્વભાષા શીખવવી. પછી પાંચમાવર્ષે, તેઓને વિદ્યાભ્યાસ કરવાસારૂ નિશાળમાં મોકલવા, તેહેમાં છોકરા હોય તેઓને વિદ્વાન તથા નીતિમાન ગુરૂની નિશાળામાં, મોકલવા. તથા દીકરીઓ હોય તેઓને, વિદ્વાન્ અને નીતિમાન જે સ્ત્રીગુરૂ હોય, તેહેની નિશાળમાં મોકલવીઓ, પછી તેઓયે, લેખન, વાચન, તથા ખગોલ તથા ભૂગોલ, તથા નીતિ, તથા ગણિત, એ વિષયો તે સર્વ છોકરાઓને શીખવવા, તથા તે સર્વ તે છોકરાઓના માબાપની સ્વદેશ ભાષામાં શીખવવા, પારકા દેશની ભાષામાં શીખવવા નહીં, તથા પારકી દેશભાષા પણ બાળપણામાં શીખવવી નહીં, તરૂણ અવસ્થામાં શીખવવી હોય તો ચિંતા

નહીં, હવે છોકરીનો વિચાર કેહેવાનો રાખ્યુંછું, કારણ દીકરા, તારી માતા, તારી બેહેનને જે વિચાર કેહેછે, તેઉપરથી, દીકરીનો વિચાર તારા ધ્યાનમાં આવશે, તેવાસ્તે, આજ ગ્રંથમાએલું મા દીકરીનો સંવાદ પ્રકરણ જો; હાલમાં છોકરાઓના ગુણકર્મોની પરિક્ષા કરી, તે સર્વવર્ણમાએલા છોકરાઓને, જેજે વર્ણોના, જેજે છોકરાઓના ગુણકર્મો હશે, તે તે વર્ણમાં, તે તે છોકરાઓને શીરીતે ગણવા, તથા મેળવવા એજ વિચાર કહ્યુંછું, એટલે સર્વ વર્ણવ્યવસ્થા તારા ધ્યાનમાં આવશે, દીકરા, પાંચ વર્ષથી તે આઠવર્ષનું વય થતા સુધી, જે છોકરાઓને, લેખન, તથા વાચન, તથા ખગોલ, અને ભૂગોલ, તથા ગણીત, એ વિષયો ઉત્તમ પ્રકારે આવડશે, તથા નીતી ઉત્તમ પ્રકારે જે શીખશે, તથા સમઝશે, તથા તે નીતિમાર્ગે કરી ચાલશે એવા આઠમાં વર્ષની વયમાં, જે છોકરાઓ તૈયાર થશે. તે છોકરાઓ, ઉત્તમ પ્રકારના બુધ્ધિમાન સમઝી, જો તેઓમાં, શમ, દમ, તપ, તથા આસ્તિક બુધ્ધિની ધારણા, ઇત્યાદિ કર્મોની, તથા વેદશાસ્ત્રનું અધ્યયન કરવાની ધારણા દેખાય. તો તે છોકરાઓ, ગુણકર્મ પ્રમાણે બ્રાહ્મણ સમઝી, તેઓનું આઠમે વર્ષે મૌંજીબંધન કરી, વેદશાસ્ત્રસંપન્ન, તથા નીતિમાન, તથા દયાવંત, તથા બ્રહ્મનિષ્ઠ, જે ગુરૂહોય તે ગુરૂપાસે, વેદશાસ્ત્રનું અધ્યયન કરવાને મોકલવા, તથા જે છોકરાઓ, અગ્યાર વર્ષની વયસુધી, તેજ ઉપર કહેલા સર્વ વિષય શીખશે, તથા નીતિ શીખી નીતિયે વરતશે, તે છોકરા મધ્યમ બુધ્ધિના સમઝી, જો તેઓમાં શૌર્યાદિક ગુણો હોય, તો તેઓનું, તેઓના અગ્યારમે વર્ષ મૌંજીબંધન કરી, તેઓનેપણ, વેદ-

શાસ્ત્રમાં સંપન્ન, તથા નીતિમાન, તથા દયાળુ, તથા બ્રહ્મનિષ્ઠ, જે ગુરૂ, તે ગુરૂપાસે મોકલવા, તથા તેઓને ગુરૂએ, તેઓના ત્રણ કર્મો કરવા જેટલું વેદશાસ્ત્રનું અધ્યયન કરાવવું; અને તેઓને યુધ્ધાદિક શીખવવું, તથા જે છોકરા, વયના બારમાં વર્ષસુધી, ઉપર કહેલા સર્વ વિષયો શીખશે, તથા નીતિ શીખી નીતિયે ચાલશે, તે છોકરાઓ, કનિષ્ઠ બુધ્ધીના સમઝી, જો તેઓના અંગે, ખેતી કરવાની, તથા વ્યાપાર કરવાની, અથવા યુધ્ધ વગેરે વિદ્યાઓ શીખવાની યોગ્યતા હોય તો તેઓનું બારમે વર્ષ મૌંજીબંધન કરી, તે છોકરાઓને વેદશાસ્ત્રસંપન્ન, તથા નીતિવાળો, તથા દયાળુ તથા બ્રહ્મનિષ્ઠ, જે ગુરૂ, તે ગુરૂપાસે મોકલવા, પણ કદાક પુત્ર મૂર્ખછે, કિંવા વિપત્તિકાળ છે, તો સોળમાં વર્ષસુધી મૌંજીબંધન થએલો બ્રાહ્મણ ઠરેછે, તથા બાવીસમાં વર્ષસુધી ક્ષત્રીય તથા ચોવીસમાં વર્ષસુધી વૈશ્ય ઠરેછે, હવે જે છોકરાઓ ચોવીસ વર્ષની વયના અંતસુધી, સર્વ વિષયો પૂર્ણ શીખી તૈયાર થાતા નથી, તથા નીતિપણ જેઓના ધ્યાનમાં બેસતી નથી, તે છોકરા અજ્ઞાની છે એવું સમઝી, તેઓનું મૌંજીબંધન નકરતાં વેદશાસ્ત્રસંપન્ન, તથા નીતિમાન, અને દયાળુ, તથા બ્રહ્મનિષ્ઠ જે ગુરૂ તે ગુરૂપાસે તેઓને મોકલવા, પછી તે ગુરૂએ, સર્વને વેદપ્રતિપાદ્યધર્મ શીખવવો, પણ જે મૌંજીબંધન વિના એટલે જનોઇવિના અજ્ઞાન બુધ્ધિનું મનુષ્ય આવ્યું, તેને સંસ્કૃત ભાષા શીખવાને, તે બુધ્ધિમંદ સમઝી, તેહેને સંસ્કૃત ભાષા નશિખ્યવતાં તેહેની સ્વદેશ ભાષાયેજ તેહેને વેદપ્રતિપાદ્ય ધર્મ શિખ્યવવો, તથા સર્વ ધંધા શીરીતે કરવા એ શીખ્યવવું, તથા જેહેનું મૌંજીબંધન, આઠમાં, તથા અગ્યા-

રમાં તથા બારમા, વર્ષના વયમા થયું, અથવા સોળ બાવીસ, ચોવીસ વર્ષના વયસુધી થયું હોય, તેપાસેથી, વેદાદિક સંસ્કૃત ભાષાના અધ્યયનો કરાવવાં, અને સ્વદેશ ભાષાયેકરી, તથા સંસ્કૃત ભાષાયેકરી, તેઓને વેદપ્રતિપાદ્યધર્મ શિખવવો અને સર્વ કલાકૌશલ્ય વગેરે, તથા યુદ્ધાદિક, તથા યંત્રાદિક સર્વ ધંધા શીરીતે કરવા એ સર્વને શિખવવું, પછી મૌંજબંધન થયેલામાંથી, પણ આઠમાં વર્ષ કિંવા અગ્યારમાં, તથા બારમાં કિંવા સોળમાં વર્ષ, મૌંજબંધન થયેલામાંથી, જેહેના અંગે, બ્રાહ્મણવર્ણ ઓળખવાના ગુણકર્મો, તને ઉપર કહેલા છે, તે કર્મોપ્રમાણે, જેહેની હોંશ, અતિશે હોય, તે બ્રાહ્મણ વર્ણમાં ગણવા, તથા મેળવવા, તથા ક્ષત્રીય વર્ણ, કિંવા વૈશ્ય વર્ણ ઓળખવાના ગુણકર્મો, ઉપર કહેલાંછે તે તરફ; આઠમે, કિંવા અગ્યારમે, કિંવા બારમે કિંવા બાવીસમે વર્ષે મૌંજ બંધન થએલાઓમાંથી, જેહેનો અતિશય પ્રેમહોય, તેહેને ક્ષત્રીય, અથવા વૈશ્ય એવર્ણમાં ગણવો, તથા મેળવવો, અને વૈશ્ય વર્ણ ઓળખવાના ગુણકર્મો કહેલાંછે, તે તરફ- જ જેહેનો અતિશે પ્રેમ હોય, તેહેને તેવીસમાં વર્ષનાશરૂથી ચોવીસમાં વર્ષના અંત સુધી, જેહેને ખેતીકરવા વગેરેનું જ્ઞાન હોય, તેહેને વૈશ્યવર્ણમાં ગણવો તથા મેળવવો, અને જે મૌંજ બંધન વિનાનો રહ્યો, તેહેને શૂદ્રવર્ણમાં ગણવો તથા મેળવવો, અને તે શૂદ્રોમાં ગણેલા, તથા મેળવેલા મનુષ્યનો અતિશે પ્રેમ, બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય એ ત્રણ વર્ણના ગુણકર્મોમાંથી, જે જે વર્ણના ગુણકર્મોની તરફ ઘણો હોય, તે તે વર્ણની સેવાકરી, પ્રપંચ, તથા પરમાર્થ કરવા બાબત, ગુરૂએ તેહેને આજ્ઞા આપવી, એપ્રમાણે

ગુણકર્મોની પરિક્ષા, સાર્વભૌમ રાજાયે કરાવવી, તથા વર્ણ વ્યવસ્થા રાખવી, અને મૌંજબંધન તો, પિતાના વર્ણપ્રમાણે પુત્રનું ઘણું કરી જોઇયે, અને પછી ગુરૂપાસે મોકલવો, તે પછી, વિદ્યાભ્યાસ થયા પછી, ફરી ગુણકર્મોઉપરથી વર્ણવ્યવસ્થા કરવી, દીકરા, હવે વર્ણવ્યવસ્થા શી રીતે કરવી એ બાબતના સંશય છોડી દે, અને, મે કહેલી રીતીપ્રમાણે વર્ણવ્યવસ્થા છે, એવું સમઝ, એટલે તું સુખીયો થઇશ, કેમકે, મનુષ્ય સૃષ્ટીનો વર્ણસંકર થયો હશે તો, (" અમૃતેજા રજ:કુંડો,) અથવા સુત, માગધ, ઉગ્ર, ગોલક, મ્લેચ્છ, ઇત્યાદી વિચાર છોડી, જેમ પ્રારંભના, વર્ણસંકર થએલા પ્રજાના, ગુણકર્મો ઉપરથી ચાર વર્ણ કર્યા તેમજ હાલમાં વર્ણસંકર પણું થયુંછે, એવું સમઝી, પ્રારંભનો વર્ણવ્યવસ્થા પ્રમાણે વર્ણવ્યવસ્થા કરવાનો માર્ગ કહ્યો, તે પ્રમાણે વરતવું, જો ભાગવત, એકાદશસ્કંધ, અધ્યો ૧૭ સત્તરમો શ્લોક, ૯. ૧૦. ૧૧. ૧૨. ૧૩. ઇત્યાદિકોમાં, પૂર્વે વર્ણ વ્યવસ્થા શી રીતે કરીછે, તેપ્રમાણે હાલમાં કરવી, તથા પુરૂષસૂક્તમાં, વ્યાપકદેવના સત્વ, રજ, તમ, એ ત્રણે ગુણોજ, મૂખ, તથા હાથ, તથા પગ, અને સાથલો, કલ્પી, વર્ણવ્યવસ્થા કલ્પેલી છે.

૬૦ દી૦ બાપા, હવે વર્ણવ્યવસ્થા, ગુણકર્મોની ઓલખાણથી શીરીતે થાશે, એબાબત મુને સંશય કાંઈજ રહ્યો નથી.

૬૧ બા૦ દીકરા, તારી સંશયવિનાની આનંદયુક્ત મુખથી જોઈ, હું ઘણો સુખી થયો.

૬૨ દી૦ બાપા, વળી હું એક પુછુંછું કે, ચારે વર્ણના પેટે ઉત્પન્ન થએલાઓના ગુણકર્મો ઉપરથી વર્ણ વ્યવસ્થા

કરવી એ સાચું, પણ જે માંબાપોના સમાગમથી, છોકરાએ માંસભક્ષણ કહ્યું હોય તો, તે બ્રાહ્મણવર્ણમાં મેળવવાને અયોગ્ય છે, ત્યારે એનો વિચાર કેવીરીતે કરવો તે મુને કહો, કારણ, હાલમા ઘણાક લોક માંસભક્ષક થયા છે.

૬૩ બા૦ દીકરા, માંસભક્ષણ કરવું, એ વ્યાઘ્રાદિક ક્રૂર શ્વાપદો એઓનો સ્વાભાવિક ધર્મ, તથા સર્પાદિક કીટકોનો સ્વાભાવિક ધર્મ, તથા મગરાદિક જલચરોનો સ્વાભાવિક ધર્મ, તથા ગૃધ્રાદિક પક્ષિઓનો સ્વાભાવિક ધર્મ, ઈત્યાદિ જીવોનો જેવો માંસભક્ષણ કરવું એ સ્વાભાવિક ધર્મ છે, તેવી રીતે મનુષ્યનો માંસભક્ષણ કરવું એ ધર્મ ન નથી, વાસ્તે, સાર્વભૌમ રાજાયે, માંસભક્ષણ તો મનુષ્યમાત્રોને કરવા દેવું નહીં. મનુષ્યોયે, ચોખા, ઘઉ, ઈત્યાદિ ધાન્યો તથા ચણા, તુરો, વગેરે કઠોર, તથા મગફળી, બદામ, વગેરે બીજો, તથા આંબા, નારીયળ, કેળા ખજુર, ઈત્યાદિક ફળો, તથા કાંકડીઓ, દુધીઆ, શીંગો, વગેરે શાક, તથા તાંદુળ જે, ચંદનબટવો, લુણી, વગેરે ભાજીઓ, તથા સકરીયાં, પઠેટા, સુરણ, કણકા, કારંદા, આળવીના કાંદા, વગેરે કંદો, તથા શેરડીમાંથી કાઢેલા પદાર્થો, ગોળ, સાકર, પાતળો ગોળ, ઈત્યાદિ, તથા ગાય, ભેંસો, વગેરે જનાવરો પાસેથી લીધેલું, દુધ, તેનું દહીં, તથા માખણ, ઘી, માવો, ઈત્યાદિ સ્નિગ્ધ પદાર્થો, તથા તલ, અળશી, કરડઈ, વગેરેનાં સ્નિગ્ધ તેલો, ઈત્યાદિ ધાન્યો, તથા કઠોરો વગેરે કહેલા પદાર્થો, એજ મનુષ્યોના ભક્ષણીય પદાર્થો છે, એનું મનુષ્યમાત્રોયે ભક્ષણ કરવું, માંસ, એ મનુષ્યનો ભક્ષણીય પદાર્થ નથી; કારણ માંસ એ પદાર્થ અમેધ્ય છે; એટલે અપવિત્ર છે, એવું વેદમાં

કહેલું છે, વાસ્તે મનુષ્યોયે માંસભક્ષણ કરવું નહીં, એવો નિયમ જગતમાં રાખવો, એટલે વર્ણવ્યવસ્થા કરવાને કાંઇજ આડચણ પડતી નથી, અને એવું કરવાથી, વેદપ્રતિપાદ્ય ધર્મ બાધ કોઈજ વરતતા નથી; દીકરા, આ કહેલી રીત, તું સમઝ, એટલે તારી સંશય નિવૃત્તિ થશે.

૬૪ દી૦ બાપા, તમે કહ્યું કે, મનુષ્યમાત્રોયે માંસભક્ષણ જ કરવું નહીં. એ સાંભળી હું ઘણોજ સુખી થયો, કારણ, માંસભક્ષણ કરનારા, જે વ્યાઘ્રાદિક પશુઓછે, તેઓ પાસેથી, મનુષ્યોને કાંઇજ ફાયદો નથી, કારણ, માંસભક્ષક પશુ તે ક્રૂરછે, અને માંસભક્ષણ નકરનારાં પશુ, ગાય, બળદીઆ, ભેંસો, પાડાઓ, તથા ઘોડીઓ. અને ઘોડાઓ, તથા ઊટણી તથા ઊંટ, તથા હાથણીઓ, તથા હાથી, તથા બકરીઓ, તથા બકરા તથા ગાડરો, ગાડરાં, તથા હરણીઓ, તથા હરણ, તથા રોઝડીઓ, તથા રોઝ, તથા સાબરી, તથા સાબર, તથા ગવ્હા, ગવ્હી, ઈત્યાદિ પશુ માંસભક્ષણ કરતા નથી, એથી એપણ પશુજ છતાં, સ્વભાવે કરી નમ્રહોયછે, અને મનુષ્યોના ઘણાંજ ઉપયોગી પડેછે, કિંબહુના મનુષ્યોના વ્યાપાર, એ પશુઓ વિના ચાલતાજ નથી, તસ્માત્ માંસભક્ષણ નકરનારા પશુ, તથા માંસભક્ષણ કરનારા પશુ, એ બેઉના સ્વભાવમાં, તથા ઉપયોગમાં, જેવો ઘણો તફાવતછે, તેવોજ મનુષ્યે માંસભક્ષણ કર્યું છતાં, તેઓનાં માનવી સ્વભાવમાં ફેર પડશેજ પડશે, તે એવો કે, ક્રૂરત્વ, તથા ઘાતકીપણું તથા કપટ પ્રગટ, થઈ, અખંડ રહેશે, અને તેહેનો ઈશ્વર ભક્તીની તરફ પ્રેમ રહેવાનો નહીં, અને તેહેના અંગે ક્ષમા, દયા, શાંતી, નિષ્કપટપણું,

નિર્મચ્છરતા, ઇત્યાદિ, ઉત્તમ સ્વભાવ, શીખવ્યા તોયપણ પૂર્ણપણાયે આવવાનાજ નથી, વાસ્તે, માંસભક્ષણ કોઈયે કરવું નહીં, તથા ઉત્તમ સ્વભાવ અભ્યાસે ગ્રહણ કરવા, એ વેદપ્રતિપાદ્ય ધર્મમાં જે નિયમ કહ્યોછે, તે સાચો તથા યથાર્થ છે, તથા તે બાપા, તમોએ કૃપાળુપણાયે, મુને કહ્યો, તેથીજ મારા જાણવામાં આવ્યો, અને, એવો નિયમ હોવાથી વેદપ્રતિપાદ્ય ધર્મ સમઝવામાં, તથા વર્ણવ્યવસ્થા ગુણકર્મોપ્રમાણે કરવામાં, કાંઈજ હરકત પડતી નથી, એપણ હું સમઝો, અને અત્યંત સુખી થયો.

૬૫ **બા૦** દીકરા માંસભક્ષણ કોઈજ મનુષ્યે, કરવું નહીં એવીતારી ખાત્રી થઇ, તારી મુખમુદ્રા હર્ષયુક્ત થએલી હું જોઉંછું, એથી હું ઘણોજ આનંદ યુક્ત થયો, વાસ્તે, દીકરા સર્વ વિચાર એવાજ કર એટલે તું ધંન્ય કેહેવાઇશ.

૬૬ **દી૦** બાપા, મુને એક પુછવાનું છે, તે એજકે, ગઇ કાલે, હું અને ગોપાલ છોકરો સાથે મળી, કોઈજ મનુષ્યે માંસભક્ષણ કરવું નહીં, એવું બોલતા જતા હતા ત્યાંહાં ગોપાળ છોકરો બોલવા લાગ્યો કે, મનુષ્યોના મોમાં, ચાર સૂળાદાંત ઉત્પન્ન થયાછે, એ દાંત, માંસભક્ષણ કરવાના ઉપયોગી છે, જો મનુષ્યે માંસભક્ષણ કરવું નહીં એવું હતે તો, એ સૂળાદાંત શાસારૂ ઉત્પન્ન થયા છે, એ દોંગાઇથી બોલનારા ગોપાળ છોકરાને હું જાણું છું, કે ગોપાળ છોકરો નાસ્તિક છે, તથા તેનું બોલવું ખોટું છે, અને તેહેને એક બે ઉત્તરો આપી, મે તેહેનાં બોલવાનું ખંડણ કરી, તેહેને વાદવિવાદમાં નિરૂત્તર

કર્યો, પણ મુને, એક આ દાંતોની વાતઉપર ઉત્તર આપવાને એવો જોઇયે, કે તે ઉત્તર અનુભવિક, તથા સર્વ માન્ય હોય, વાસ્તે, બાપા એ ઉપર શું ઉત્તર આપવો એ મુને કહો!

૬૭ **બા૦** દીકરા સૂળાદાંત ચારે ન હોય તો જે ખરાબ છે, તે માંસભક્ષણ કરી સકેછે, પણ સૃષ્ટીનાં આરંભે, શસ્ત્રપાત્ર વિરહીત મનુષ્યોને, અર્ધા કાચાં, પાકેલાં જાંમફલ, તથા શેરડી, તથા ગુંદર, તથા રતાળુ, તથા કરંદા, તથા નારીએળ, તથા ફોફળો, વગેરે પદાર્થો મનુષ્યોથી, સૂળાદાંત ન હોય તો ખવાયજ નહીં, વાસ્તે સૂળાદાંત, માંસભક્ષણાર્થ છે, એવું સમઝવું નહીં, શેરડી, તથા જાંમફળ, તથા ગુંદર, તથા કાચા કરંદા, વગેરે સુખાકારી પદાર્થો, પ્રથમના મનુષ્યોને, ખેતી ન હોવાથી અવશ્ય ખાવા પડે; તથા તેહેનું ખાવું; પેહેલાના શસ્ત્રપાત્ર રહીત માણસોથી, એ ચારે સૂળાદાંત વિના થાતુંજ નથી, તેથી સૂળાદાંત ઉત્પન્ન થયાછે, એવો, એનો ઉત્તર, દીકરા તું આપતો જા.

૬૮ **દી૦** બાપા તમે કહ્યું તેવો મને અનુભવ આવ્યોજ, કારણ, તે ગોમ્યો બુઢો, સર્વ દાંત પડી ગએલો છતાં, નરસી બુદ્ધિનું મનુષ્ય, તેહેને ગઇ કાલે માંસખાતાં મેં જોયો, એ ઉપરથી મુને સમઝાણું કે, સૂળાદાંત, ગોપાલ છોકરો બોલ્યો, તે નરસાં કામવાસ્તે અવશ્ય છે એવું નથી, પણ બાપા, એ પ્રત્યક્ષ અનુભવ, કે, હમણા મારા હાથમાં શેરડી છે તે સૂળાદાંત ન લગાડતાં હું ખાવા ચાહું છું, પણ સૂળાદાંત લગાડ્યા વિનાં શેરડી ખાવાનો ઉપાય ચાલતોજ નથી, તેથી હું સૂળાદાંતેકરી, શેરડીની છાલ કાઢી, શેરડી ખાવા

બેઠલોછું, તથા નરાનવાર થઇ, મેં, મા પાસેથી, ગુંદર માંગી લીધો, તે ગુંદર, સૂળાદાંત વિના મારાથી ખવાયો નહીં, પછી, મેં સૂળાદાંતોના યોગેથી તે ખાધો, તથા અડદનો આટો, પાપડસાર પલાળેલો, તો રોજ, હું સવારમાં સ્નાન સંધ્યા થયાં પછી, શીરામણમાં, લઉંછું, તે મારીમા મને પીરશે છે, તે પણ સૂળાદાંત વિના ખવાતોજ નથી. એવો મુને અનુભવછે, તથા અરધ કાચાં જામફલની પેહેલી છાલજ સૂળાદાંતોથી કાઢવી પડેછે, તથા કરંદા, અને સક્કરીયાં, સૂળાદાંત વિના ખવાતાં નથી, વાસ્તે, બાપા સૃષ્ટીના આરંભે, તથા હમણાં પણ, શસ્ત્રપાત્ર રહીત છતાં, તમોએ કહેલા પદાર્થોને ખાવા સારૂ, મનુષ્યમાત્રોને સૂળાદાંતોની અવશ્યકતા, તથા ઉપયોગ છે, તેમજ સૃષ્ટીના આરંભે, શસ્ત્રરહીત મનુષ્યને, નખો કાઢવા વાસ્તે સુળા દાંતનો ઉપયોગ છે, વાસ્તે ગોપાળ નાસ્તીક છોકરો બોલ્યો, તેનું બોલવું ખોટું છે, એવું હું સમઝી રહ્યો, અને ઘણોજ સુખી થયો.

૬૯ **બા૦** દીકરા તુને સૂળા દાંતો વિશે તો શું ? પણ હરેક વિચાર કરવા બાબતની રીત દેખાડી, એટલે તારા ધ્યાનમાં સર્વ વિચારો આવેછે, તસ્માત્ તું સુબુદ્ધિમાન છે એમાં સંશય નથી.

૭૦ **દી૦** બાપા, વળી એક પુછવાનું છે, તે એવું કે, ગઈ કાલે, બીજા કેટલાએક છોકરાઓનો, અને મારો, વાદવિવાદ થયો, તેમાં મનુષ્યે માંસભક્ષણ કરવું નહીં, એવું ઠરવા પછી. ફરી ગોપાળ છોકરો બોલવા લાગ્યો કે, મનુષ્યે માંસ ખાવું નહીં એ સાચું છે, પણ એવું થવાથી પૃથ્વી ઉપર જનાવરોની અતિશય વૃદ્ધિ થઈ, મનુષ્યોને જ-

મીન ઉપર રેહેવા, જગ્યો મળશે નહીં, અને ખેતીનું કામ ચાલશે નહીં, તેમજ સમુદ્રમાં માછલા વગેરે જલચરોનો અતિશય, વધારો થઈ જલમાર્ગ બંધ થશે, અને વ્યાપાર ડુબશે, એ બે અડચણો તો, લોકો, માંસ ભક્ષણ કરેછે તેથી દુર થઈયો છે, એવું એ ગોપાળના બોલવાનું, એક બે ઉત્તરોએકરી મે ખંડણ કર્યું, પણ એ વિષય ઉપર, સર્વ લોકોને રૂચે, એવો ઉત્તર શું છે, એ બાપા મને કૃપા કરી કહો.

૭૧ **બા૦** દીકરા, બકરાં, તથા ઢોરાં, તથા ઘોડાં અને ભેંસો, વગેરે જનાવરોની ઉત્પત્તિ કરવી, એ મનુષ્યોના સ્વાધીન છે, એથી પૃથ્વી ઉપર ગરદી થાય, એટલા જનાવરોની ઉત્પત્તિ મનુષ્યો કરવાનાજ નથી, તથા મચ્છાદીક જલચરો, એક બિજાને એક બીજા, સમુદ્રમાં, અથવા પાણીમાં ખાયછે, એથી તેઓની વૃદ્ધિ, જલમાર્ગ બંધ થવા જેટલી થવાનીજ નહીં, વાસ્તે, જમીન ઉપર જનાવરોની ગરદી થશે એ કલ્પના ખોટી છે, એપ્રમાણે દીકરા ઉત્તર આપવો, એટલે સર્વને માન્ય થશે.

૭૨ **દી૦** બાપા, તમે કહી તે વાત સાચીછે, કારણ બકરાં, ઘોડાં, ઢોરાં, ડોબાં, વગેરે પશુઓની ઉત્પત્તિ, મનુષ્યો, તે તે જાતના નરમાંદાઓના સંયોગથી કરેછે, વાસ્તે, પૃથ્વી-ઉપર, ઉપયોગ વગર, ભીડ થવાજેવી, પશુઓની વૃદ્ધિ થાવીજ નથી, તથા સમુદ્રમાં, જલજંતુઓને જલજંતુ ખાયછે, એથી જલમાર્ગબંધ પડવા જેવી, જલચરોની વૃદ્ધિ થાવીજ નથી, એવાત સાંભળી, મારૂં સમાધાન થયું.

૭૩ **બા૦** દીકરા તારૂં સમાધાન થયું એથી મુને આનંદ થયો.

૭૪ **દી૦** બાપા મુને એક પુછવાનું છે, તે એવું કે, પશુ વગેરેને, અથવા હરેક પ્રાણિઓને, એટલે શ્વાસવાન જીવોને, મારવા નહીં, કારણ, પ્રાણીને માર્યું છતાં, તે પ્રાણીને દુઃખ થાયછે, અને પ્રાણીને દુઃખ આપવા એમાં જે દોષછે, તે દોષને હિંસા કર્મનો દોષ સમજવો. એવું શાસ્ત્રમાં છે, તથા, તે બીજમાં જેવો અનુદ્ભુત વૃક્ષ રેહેછે, તેવોજ દોષ કરનારાના જ્ઞાનમાં, હિંસા કર્મનો દોષ રેહેછે, તેજ દોષ, શરીર પડવાં પછી, જ્ઞાનમાંથી પ્રગટ થાયછે, એટલે, જેવો બીજમાંથી વૃક્ષ નિકળે છે, તેમજ સૂક્ષ્મરૂપી દોષ, એતો જ્ઞાનમાંથી નિકળેછે, અને કર્યાં કર્મોના ભોગ ભોગવવા પડેછે, એ સાચું છે. પણ વ્યાઘ્રાદિકોને મારીયે નહીં તો, મનુષ્યોનો સર્વપ્રકારે નાશ થશે, એથી વ્યાઘ્રાદિક ક્રૂરોને મારવાજ જોઇયે, એવું સમઝી, વ્યાઘ્રાદિક ક્રૂરપ્રાણીઓને લોક મારેછે, એ મારવામાં હિંસા કર્મનો દોષછે કિંવા નહીં તથા તે દોષ બાબત, મરવા પછી ભોગ ભોગવવો પડશે કે નહીં, એ કૃપાકરી કેહેવું ?

૭૫ **બા૦** દીકરા, વ્યાઘ્રાદિક ક્રૂરપ્રાણીઓને મનુષ્યો મારેછે, એ મારવા થકે મનુષ્યોને હિંસાકર્મ કરવાનો દોષ લાગતો નથી; કારણ, વ્યાઘ્રાદિક ક્રૂરપ્રાણીયો, મનુષ્યોનો નાશ કરેછે, તથા માણસોને મારી ખાયછે, એથી મનુષ્યો, હાથોમાં શસ્ત્રો લઇ, તેહને મારવા સારૂ જાયછે, ત્યારે તે વ્યાઘ્રાદિક, તેઓઉપર હુમલો કરી આવનારા પ્રાણીયો, મનુષ્યોના હાથથી મરેછે, એમાં વ્યાઘ્રાદિક ક્રૂરપ્રાણીયો, પોતાની આત્મ-

હત્યા પોતેજ કરી લેછે, એવો ન્યાય થાયછે; જેમ કોઇ, શસ્ત્રઉપર ભુસકો મારી, પ્રાણ આપેછે, તેમ વ્યાઘ્રાદિક પ્રાણીઓનું, માણસોનાં હાથ માએલા શસ્ત્રે કરી મરણ, ન્યાયે થાયછે, એથી મનુષ્યોને, વ્યાઘ્રાદિક ક્રૂરપ્રાણીઓને માર્યાં છતાં, હિંસાકર્મનો દોષ લાગતો નથી, એથીજ મરવા પછી હિંસા દોષ ભોગવવો પણ પડતો નથી, એજપ્રમાણે, કોઇ મનુષ્યો આપણો પ્રાણ લેવાવાસ્તે આવ્યાવિના નિરપરાધે, હરેક મનુષ્યનો પ્રાણ લીધો છતાં, રાજા; તે ખુની મનુષ્યનો પ્રાણ લે છે, એમાં, રાજાને મનુષ્ય હત્યાનો દોષ લાગતો નથી, કારણ, રાજા, એટલે સર્વ પ્રજાયે, ઠરાવેલા નિયમ પ્રમાણે, પ્રત્યેક મનુષ્ય ચાલે છે કે નથી, એ જોઇ, સર્વ પ્રજાયે, ઠરાવેલા નિયમ પ્રમાણે ન વરતનારાને, સર્વ પ્રજાયે, ઠરાવેલા નિયમ પ્રમાણે શાસન કરવા વાસ્તે, સર્વ પ્રજાયે નેમેલો જે એક ચાકર, તેજ રાજા છે, એથી જેહેનું ખુન થયું, તે મનુષ્યનો પણ રાજા ચાકરછે, તસ્માત્ ખુન કરનારાને તે મારે છે, તે વિનાકારણ મારતો નથી, એથી રાજાને મનુષ્ય હત્યાનો દોષ લાગતો નથી, પણ ખુન કરનારાને, આત્મહત્યાનો, તથા મનુષ્ય હત્યાનો, એવા બેદોષ લાગેછે, જુવો ખુન કરનારા મનુષ્યે, એવો વિચાર કરવો કે, જે મનુષ્યને હું મારવા વાસ્તે જાઉંછું, તેના હાથમાએલું શસ્ત્ર એજ રાજા છે, વાસ્તે રાજા રૂપી શસ્ત્ર ઉપર, આપણે જવું નહીં, જઇશું તો આપણે મરીશું, અને આપણી હત્યા આપણે કરવાની પેઠે થશે, એવો એ વિચાર કરવો, તેનકરતાં ખુન કર્યું, અને ખુન કરવાના અપરાધથી રાજાયે તેને માર્યો, એમાં રાજાની તરફ મનુષ્ય મારવાનો હિંસાદોષ નથી,

ખુનકરનારેજ. પોતાની આત્મહત્યા પોતેકરી એવું થયું, તથા જે મનુષ્યને માર્યું, તે મનુષ્યહત્યા કરવાનો પણ દોષ તેઉપરજ લાગુ થયો એપ્રમાણે, દીકરા જે કોઇ, વ્યાઘ્ર, તથા માણસ, વગેરે પ્રાણી બિજાનો પ્રાણ લેવાથી સપડાઇ માર્યા જાયછે, તેઓ ઉપર, પોતે પોતાની આત્મહત્યા કરવાનો દોષ લાગુછે, પણ વ્યાઘ્રવગેરેને મારનારા મનુષ્યે. તથા ખુની માણસને મારનારા રાજાયે, એ બેહુએ, હિંસાકરી એવુ નથી, તથાપિ એ બેહુએ ઈશ્વરની એવી સ્તુતી અંતરમાં તથા બાહેર કરવીકે, તે અપરાધી પ્રાણીયે, પોતપોતાને શાસન કરી લીધું, મારો કાંઇ ઈલાજ નથી, વાસ્તે મારાહૃદયસ્થ ઈશ્વર, હું તારા સ્વરૂપને વિશે અનન્ય શરણ છું.

૭૬ દી. બાપા તમે કહેલી વાત મારા લક્ષમાં આવી, તથા તે બરાબર છે, કારણ. ખુની મનુષ્ય, કિંવા વ્યાઘ્ર, વગેરે ક્રૂર જે ખુની જીવ, તેઓને મરવાની શીક્ષા થાયછે, તે શીક્ષા, તેઓનાં કર્મ ઉપરથી તેઓને થાયછે, એથી, તેઓને મરવાની શીક્ષા આપનારાઓને. હિંસાનો દોષ લાગતો નથી, તથાપિ શીક્ષા કરનારે, હૃદયસ્થ ઈશ્વરની, અહંકાર છોડી અનન્ય સ્થિતિ ધારણ કરવી. અને તારપછી પ્રાર્થના કરવીકે, હે ઈશ્વર, મારા સર્વ અન્યાય તારી ભક્તિયે કરી દૂરથાય, અને મુને નિરાકાર સ્વરૂપનું ભૂલવું નથાય, એવો હેહૃદયસ્થ ઇશ્વર, તારો પ્રસાદ હોજો, એપ્રમાણે, બાપાતમારા કેહેવાંથી હું સમઝ્યો, અને સંશય વિનાનો થઈ, મુને સુખ થયું.

૭૭ બા૦ દીકરા તારા સર્વ સંશયો જાય અને તું સુખીયો થાય એવો જે મારો મનોગતવિચાર, તે. હેમુપુત્ર, તુંને વાતો કેહેવાંથી પૂર્ણ થાય છે, એ જોઈ હું ઘણો સુખમાં

છું, વાસ્તે, જેમ વ્યાઘ્ર વગેરે ખુની પ્રાણિઓને મારવાથી, મારનારાને હિંસા દોષ ભોગવવો પડતો નથી, તથાપિ તે બાબત ઈશ્વરની સ્તુતી કરવી, એ વિચાર તારા જાણવામાં આવ્યો, તેમજ બિજા ઘણા વિચારો છે, તે તુને અબર પડે, એવું હું ઈચ્છુંછું.

૭૮ દી૦ બાપા, વળી એકવાત મુને પુછવાની છે, તે એવીકે, ગઈકાલે, હું અને ગોપાલ, છોકરો, એવા બેહુજણ, બોલતા બેઠાહતા. એટલામાં ગોપાલ છોકરે, સૂક્ષ્મ પદાર્થ, જે કાચના યંત્રોવિના દૃષ્ટિ ગોચર થાતા નથી, તે જોવા સારૂ સૂક્ષ્મદર્શક કરીને, કાચનું યંત્ર લાવ્યો, તે રાખી, હું, તથા ગોપાલ, એવા બેહુજણ, આપણે સ્વચ્છ પાણી પીયેછૈયે, એ પાણીમાં શું છે ? તેથી જોવા લાગ્યા. તો તે પાણીમાં, હજારો જીવ દેખાવા લાગ્યા. તેથી અમોએ તે પાણી, જાડાં કપડાંથી ગાળી, ફરી સૂક્ષ્મ દર્શક યંત્રેકરી, તે પાણીમાં જોવા લાગ્યા, તોપણ, તે પાણીમાં જીવ હતા, પછે અમે સ્વસ્થ બેઠાપણ ગોપાલ છોકરો બોલવાલાગ્યો કે, માંસ ખાવું નહીં, એવું તારૂં બોલવું છે, તે સશાસ્ત્ર, તથા સાચું છે. પણ પાણી પીવામાં, તારા, તથા સર્વના પેટમાં, સહસ્રાવધી જીવ જઈ મરેછે, એહેનો રસ્તો શું ? એહેનો ઉત્તર આપ, કારણ. પાણીમાં સૂક્ષ્મ જીવછે એ અનુભવ થયો, ત્યારે મેં તેહેને. એક બે ઉત્તરો આપ્યા પણ તે ઉત્તરો સર્વને માન્ય થાય એવાનોતા, વાસ્તે એ પ્રશ્ન ઉપર, સર્વને માન્ય થાય, એવો ઉત્તર શું છે, તે બાપા મુને કેહેવું ?

૭૯ બા૦ દીકરા, મનુષ્ય માત્રને અન્નોદક ગ્રહણ કરવું જ જોઈયે, કેમકે, તે સ્વાભાવિક પ્રકૃતિ ધર્મછે; તથાપિ તે

સ્વાભાવિક પ્રકૃતી ધર્મ થકે દોષ ઉત્પન્ન થાયછે, તે દોષને પંચસુના દોષ એવું સમઝવું તથા તે દોષ દૂર થવા સારૂ. વૈશ્વદેવ કરવાની ક્રિયા નેમેલીછે તે બાહ્ય ક્રિયા કેવળ સ્મરણાર્થછે, પણ મુખ્ય તે ક્રિયાનો અર્થ એવો છેકે, ખાંડવું તથા દળવું, એ ક્રિયાઓમાં અનેક સૂક્ષ્મ જીવ મરેછે, તે એક દોષ; તથા ઝાડવું અને લીપવું, એ ક્રિયામાં સૂક્ષ્મ જીવમરેછે તે બિન્દે દોષ, તથા લાકડા ફોડવાં, અને બાળવાં એ ક્રિયાઓમાં સૂક્ષ્મ જીવ મરેછે, તે ત્રિન્દે દોષ, તથા પાણી તપવવું અને સ્નાન કરવું, તથા અન્ન રાંધવું, ઈત્યાદિ ક્રિયાઓ કરવામાં સૂક્ષ્મ જીવ મરેછે, તે ચોથો દોષ, તથા અન્ન ખાવું અને પાણી પીવું, એ ક્રિયામાં જે સૂક્ષ્મ જીવ પેટમાં જઈ મરેછે, તે પાંચમો દોષ, એવા એ પાંચ પ્રકારના, સ્વાભાવિક પ્રકૃતિ ધર્મે કરી જે દોષ થાય છે એ દોષને હિંસાદોષ કહીયે નહીં; કારણ, તે ઈશ્વર નિયમના જુલમેકરી થાયછે, તથા તે ટાળવા બાબત, આપણે સમર્થ નથી. તેથી તે દોષ આપણને નથી. તો પણ, તેહેને પંચસુના દોષ કહીયે, એ પાંચ પ્રકારના દોષોનો પરિહાર થવાસારૂ, નિરાકાર પરમેશ્વર; જે અનંત પોલાણની કલ્પના જેવડો, અનંત, તથા સ્વપ્રકાશ; પોલાણમાં ભરાભર, તથા અચળછે, તેહેના સ્વરૂપને વિશે અનન્ય શરણ જવું; તે શીરીતે કહીશ તો, અનંત જે પોલાણ તે પોલાણની, તથા તદાધાર ભૂગોલ વગેરે અનેક ગોલોની અસ્તિત્વ કલ્પના નકરતાં, કલ્પના કરનારૂં, જે ઇંદ્રિયોના પિંજરા માએલું જ્ઞાન, તે સૂક્ષ્મ પંચપ્રાણ વાયૂને ચલિત કરી, અહંસ્ફુરણ કરેછે. તે અહંસ્ફુરણ, તથા તે જ્ઞાન મિથ્યાછે એવું સમઝવું, કારણ, એક છે તે ઠેકાણે બિજું રેહેતું

નથી; એજ ન્યાયેકરી, નિરાકાર પરમેશ્વરનું, સ્વપ્રકાશ સ્વરૂપ સર્વ ઠેકાણે એકછે, તેહેમાં અહંબ્રહ્મ એવી ભાવના, તથા ઈદંભાવના, એટલે શરીર સોત સર્વ વિશ્વની કલ્પના, તથા તેહેનું ધરનારૂં જ્ઞાન, એવા એ ત્રણેનું પણ અસ્તિત્વ; નિરાકારનેવિશે મૂળેજ નથી, એવું લક્ષમાં લાવી નિરાકાર પરમેશ્વરના સ્વરૂપથી હું અન્ય નથી, એવું સમઝી અનન્ય રેહેવું. એહેનેજ અનન્ય શરણ એવું કહીયે; એવો જે નિરાકાર પરમેશ્વર સ્વરૂપને વિશે અનન્યશરણ થયો, તેહેનાજ અહંકારનો વૈશ્વદેવ પૂર્ણ થયો, તથા તેહેનાજ પંચસુના દોષ, વગેરે સર્વ દોષ દૂરથયા; દીકરા, એ પ્રમાણે સ્વાભાવિક ધર્મકરી જે વાતો થાયછે તેહેનું નિવારણ થાયછે, વાસ્તે તું સર્વને એજ ઉત્તર આપતો જા, કે પાણી પીવામાં, જે સૂક્ષ્મપ્રાણી, પેટમાં જઈ મરેછે, તે થકે હિંસા કરવાનો એટલે જીવ મારી માંસ ભક્ષણ કરવાનો દોષ લાગતો નથી કારણ, મનુષ્યે પાણી પીવું એ ઈશ્વર નિયમિતછે, તથા પાણીમાં સૂક્ષ્મ જીવ હોવા એપણ ઈશ્વર નિયમિતછે, એથી જે વાત ઈશ્વર નિયમિત છે તે બાબત મનુષ્યને દોષ નથી, તસ્માત્ પાણી પીવામાં જે જીવ પેટમાં જઈ મરેછે તેહેમાં મનુષ્યે હિંસા કરી એવું થતું નથી તથા માંસભક્ષણ કર્યું એવુંપણ નથી, કારણ આપણો હાથ પકડી, બીજાનો પ્રાણઘાત, જુલમથી કોઇ કરે તો તેહેનો દોષ આપણને નથી, તેવીજ, તે ઈશ્વરની કૃતીછે, તેથી સર્વ મનુષ્યોનેવિશે સ્વાભાવિકછે, એ પાણી પીવામાં સૂક્ષ્મ જીવ પેટમાં જાવાની સ્વાભાવિક સ્થિતિમાં, અને પશ્ચાદિકોનું હનન કરી માંસ ખાવામાં મહદંતર છે, કારણ, પશુ વગેરેનું હનનકરી માંસ ખાવું એ ઈશ્વરના નિયમનો, પા-

ણી પીવાપ્રમાણે જુલમ નથી. જો ઈશ્વરનિયમનો જુલમ હતે તો, સર્વજ મનુષ્યો સ્વાભાવિક રીતીયેકરી માંસ ખાવાનું કામ કરતે, પણ તેવો ઈશ્વરનો નિયમ નથી, તેથીજ કોટ્યાનકોટી મનુષ્યો, માંસભક્ષણ કરતા નથી, તથા પશુ વગેરે પ્રાણિઓને દુઃખ દેતા નથી, અને પાણી પીવામાં કોઈનાજ પેટમાં, સૂક્ષ્મ જીવ ગયાવિના રેહેતા નથી, કારણ, પાણી પીવું એ મનુષ્યને ઈશ્વર નિયમિત હોવાંથી સ્વાભાવિક છે. તથાપિ તેમાં પંચસુના દોષ ઠરાવી, તે પંચસુના દોષના નિવારણ સારૂ, વિશ્વમાં એક નિરાકાર દેવછે, તેહેને વૈશ્વદેવના કર્મના નિમિત્તથી સ્મરવું, એવો નિયમ કર્યો છે, વાસ્તે, જે ઋષીઓએ વેદપ્રતિપાદ્ય ધર્મમાં, પંચસુના દોષ પરિહારાર્થ ઈશ્વર સ્મરણ કહેવું, તે ઋષીઓ, યજ્ઞના નિમિત્તથી, અથવા ખામોખા હિંસાકરી, અથવા બળી આપી, માંસ ખાવાનું કેહેશે કે શું ? કદીજ કેહેવાના નથી, વાસ્તે વેદપ્રતિપાદ્ય ધર્મપ્રમાણે માંસ ખાવું નહીં એવું સિદ્ધછે, તથા પાણી પીવાંથી પેટમાં જીવ જઇ મરેછે એ સ્વાભાવિક જે ઈશ્વરની પ્રકૃતી તે પ્રકૃતીનો ધર્મછે, એથી, પાણી પીવામાં જે સૂક્ષ્મ જીવ પેટમાં જાયછે અને મરેછે, તેમા હિંસાનો, કિંવા માંસ ખાવાનો દોષ નથી, એપ્રમાણે દીકરા તું ઉત્તર આપ, એટલે તે સર્વને માન્ય થશે.

૮૰ દી૰ બાપા, પાણી પીવામાં સૂક્ષ્મ જીવ પેટમાં જઈ મરેછે તેમાં હિંસાનો તથા માંસભક્ષણનો દોષ થાયછે એવો મુને સંશય આવ્યો હતો, તે મારો સર્વ સંશય ગયો અને સ્વાભાવિક સૂક્ષ્મ જીવોનો, જે મનુષ્યોના સેહેજ વ્યવહારમાં નાશ થાય છે તે નાશ, તથા બરફ ઉપરના પાણીની ઉષ્ણતાથી બાફ થઇ જાયછે તેથી તે પાણી માંહેલા

સૂક્ષ્મ જીવોનો નાશ થાયછે તે નાશ, એ બેઉની સ્થિતિ એક સરખીજછે, એવું મુને સમઝાણું તથા બરફ ઉપરના પાણી માંહેલા જીવો, સૂર્યની ઉષ્ણતાથી મુવાંછતાં તે બાબત હિંસા, કરવાનો દોષ સૂર્ય ગોલને લાગવોજ નથી; કારણ, તે સૃષ્ટિનિયમ માંહેલો સ્વાભાવિક ધર્મ જેપ્રમાણેછે, તેજપ્રમાણે મનુષ્યો પાણી પીયેછે, તથા વ્યવહાર ધંધા કરેછે, તેહેમાં જે સૂક્ષ્મ જીવ મરેછે, તે બાબત મનુષ્યોને હિંસાકર્મ કરવાનો દોષ લાગતો નથી, કેમકે તે સૃષ્ટી નિયમ માંહેલો સ્વાભાવિક ધર્મછે તથા તે ઈશ્વરી નિયમનો જુલમછે, તેહેનો દોષ મનુષ્યોને નથી એવું પણ મુને સમઝાણું તથા એ ઉત્તર સર્વમાન્ય છે, એવું તમે કહ્યું. તે મારા અનુભવમાં આવ્યું, અને એ વાતનો વેદપ્રતિપાદ્ય ધર્મમાં વિચાર કરી ઠરાવ પણ કર્યોછે કે, એવા જે વ્યવહાર ક્રિયામાં સૂક્ષ્મ જીવો મરેછે, તેહેમાં હિંસા કર્મનો કિંવા માંસભક્ષણનો દોષ થતો નથી, તથાપિ પાંચ પ્રકારે કરી સૂક્ષ્મ જીવો મરેછે, તે દોષને પંચસુનાદોષ એવું નામ આપી, પંચસુના દોષ પરિહારાર્થ નિરાકાર પરમેશ્વરનું નિત્ય સ્મરણ થાય, તેવાસ્તે, જમવાનાં પેહેલાં વૈશ્વદેવ ક્રિયા કહેલી છે, તે ક્રિયાનો અર્થ, અગ્નિરૂપકે કરી વર્ણન કર્યો છે. તે અર્થ, નિરાકાર પરમેશ્વરની અનન્ય ભક્તિ બાબત છે, વાસ્તે, નાહાનું સું અગ્નિકુંડ સિદ્ધ કરી, ઘૃતયુક્ત ઓદનની એટલે ભાતની, આહુતીઓ દેવાવખત (નમમ) એટલે આ અન્ન મારૂં નથી ઈશ્વરનું છે. તથા મેધ્ય, એટલે પવિત્રછે, એવું કહી, આહુતીઓ આપવીઓ કેમકે, પંચસુના દોષ પરિહારાર્થ પરમેશ્વરનું સ્મરણકરી, અહંકાર વિનાના થવુંજ જોઈયે, વાસ્તે, વૈશ્વદેવ ક્રિયા, પરમેશ્વર

સ્મારક છે, તે અવશ્ય કરવી એવું તમોયે સશાસ્ત્ર કહ્યું, તે મુને પ્રિયછે, તથા તે સર્વ લોકોયે કરવું, કારણ, પંચસુના દોષ સર્વથકી થાયછે, વાસ્તે તે પંચસુના દોષોનાં પરિહારાર્થ સર્વ લોકોએ નિરાકાર પરમેશ્વરનું સ્મરણ નિત્ય કરવું, એ પ્રમાણે બાપા, તમારા કેહેવાંથી મારા જાણવામા આવ્યું. અને પાણી પિવામાં જે જીવ પેટમાં જાયછે, તે ઈશ્વર નિર્મિત સ્વાભાવિક ધર્મછે, એથી તેમાં હિંસાકર્મનો, કિંવા માંસભક્ષણ કરવાનો દોષ, મનુષ્યની તરફ લાગુ થાતો નથી, એ મારા અનુભવમાં આવ્યું, એથી હું સુખી થયો.

૮૧ **બા૦** દીકરા. સૂક્ષ્મપ્રાણિઓનો વિચાર તુંને સમઝાયો, એ જોઇ મુને ઘણો આનંદ થયોછે, અને તું એવાજ સર્વ વિચાર કરી શાહાણો થા એવું હું ઈચ્છુંછું.

૮૨ **દી૦** બાપા, વળી એક મારૂં પ્રશ્ન છે, તે એવું કે ગઈકાલે, હું અને ગોપાળ છોકરો, વાતો કરતા બેઠા હતા ત્યાંહાં, એટલામાં, તે ઠેકાણે બે શાસ્ત્રીઓનો વાદ ચાલતો હતો, તેમાં એક શાસ્ત્રીનું મત એવું હતું કે યજ્ઞમાં, પશ્વાદિકોનું હનન કરી, તેઓના શરીર માએલી, માંસરૂપ વપારૂપી ભાગની, આહુતીઓ, દેવતાઓનાં નામથી, અગ્નિમાં નાખવીઓ, તથા બિજા શાસ્ત્રીનું મત એવું હતું કે, યજ્ઞમાં પશ્વાદિકોનું હનન કરવું એવી વેદાજ્ઞા નથી, તથા પશુ હનનમાં દોષછે એવો, જગતને બોધ કરવાના ઉદ્દેશથી, દેવતોદ્દેશે, પશ્વાદિકોનું આલભન કરવું, એટલે યજ્ઞમાં પશુ વગેરેના અંગને સ્પર્શ કરી, તે પશુને, વસુપ્રમાણે જીવતા છોડવા, એજ આલભનનો અર્થ છે, તથા એવીજ વેદની આજ્ઞાછે, એપ્રમાણે તે બેહુ શાસ્ત્રીઓનો, અતિશય વાદવિ-

વાદ થયો, પણ તેઓયે, પરસ્પરના મતો માન્ય કર્યા નહીં, એ જોઇ, મુને મોટો સંશય પ્રાપ્ત થયો, તે એવો કે, બેહુપણ શાસ્ત્રીઓનો વેદપ્રતિપાદ્ય ધર્મ છતાં, પરસ્પરોના, યજ્ઞની બાબતમાં, ભિન્ન ભિન્ન મતો હોવાંથી, હું જેવી રીતે સંશયમાં પડ્યો, તેમજ સર્વ લોકો સંશયમાં પડશે, અને એવુંજ કરવું એવો નિશ્ચય કોઇનેજ થશે નહીં, વાસ્તે, બાપા, યજ્ઞમાં શું કરવું ? તથા યજ્ઞ એ કિંનિમિત્ત છે ? એ મુને સ્પષ્ટ કેહેવું, તોજ હું સુખી થઇશ.

૮૩ **બા૦** દીકરા, યજ્ઞ એ કિંનિમિત્તછે, તથા યજ્ઞમાં શું કરવું એવું તે સંશય યુક્ત થઇ પ્રશ્ન કર્યું તેહેનો ઉત્તર સાંભળ; યજ્ઞ એ કોઈયે હિંસા કરવી નહીં, તથા માંસભક્ષણ કરવું નહીં એ બાબતછે, તથા યજ્ઞમાં પશ્વાદિકોનું, ચારવર્ણોના સમક્ષ આલભન કરવું, એટલે પશ્વાદિકોના અંગને સ્પર્શ કરવો, એજ આલભનનો મુખ્ય અર્થછે, એપ્રમાણે ઋગવેદમધ્યે, આશ્વલાયન શાખાના, બિજા પંચિકાના સાતમાં ખંડમાં " શ્રુતી " પુરુષંવૈદેવાઃ પશુમાલભંત " ॥ એવા પ્રારંભે છે, તથા એહેનેજ બિજું પ્રમાણ ॥ " તથાપશોરાલભનંનહિંસા॥ એ શ્રીમતભાગવત માએલા, એકાદશ સ્કંધનું પ્રમાણ છે, જુવો, એકાદશસ્કંધ, અધ્યો ૫ પાંચમો, શ્લોક ૧૩ તેરમો, એનો સ્પષ્ટ બોધ એવો છે કે પશુના શરીર ભાગની દેવતા જીવાત્મા છે, વાસ્તે પશુના શરીર ઉપર હાથનો સ્પર્શ કરી બોલવું કે, મારૂં આમા કાંઈજ નથી, વાસ્તે જો હું એ ભાગને ખાઇશ તો એ પશુના શરીર માએલા આત્માનો ચોરઠરીશ. અને જો એ ભાગોને કાપૂં, તો તે ઠેકાણે જે જીવાત્મારૂપી દેવછે, તે મુને, મારૂં શરીર પડવાં પછી, હિંસા કર્મનો દોષ

ભોગવવા વાસ્તે, મુને મારા હિંસા કર્મજપરથી, નરકમાં નાખાવશે, કારણ, મારૂં તે ભાગોમાં કાંઇજ નથી, તસ્માત્ હું અર્પણ કરૂંછું એવું પણ કલ્પવું વ્યર્થછે, તથા હિંસાકરવી અને માંસ ખાવું, એ ચોરટું લક્ષણ છે, તથા માંસ એ અમેધ્ય એટલે અપવિત્ર છે, વાસ્તે, તેહેનો પુરોડાશ ખાવો નહીં; તસ્માત તેહેનો હોમ પણ કરવો નહીં, અસ્તુ. એપ્રમાણે પશુના સર્વ શરીરમાં, આત્મસ્વરૂપી સૂક્ષ્મ જાણીવરૂપી દેવ છે, તે દેવનું વેદોક્ત નામ લઈ, પશુના શરીરનું આલભન કરવું, એટલે પશુના શરીરને સ્પર્શ કરવો, એપ્રમાણે પ્રાણિમાત્રોના દેહનેઠેકાણે, એટલે સર્વ શ્વાસવાન જીવોના શરીરને ઠેકાણે વ્યાપક ઇશ્વર છે એવી ભાવના કરવી, એથી સર્વ જીવના શરીરો દેવતામય છે એવી ભાવના દૃઢ થશે તથા સર્વ શરીરો દેવતામય છે એવી ભાવના કરવી એન સકલ વિશ્વમાં વ્યાપક, યજ્ઞરૂપી જે વિષ્ણુ છે તેહેની ભક્તિનો ભાવ પ્રગટ કરવા બાબત, યજ્ઞ રૂપી ક્રિયા માર્ગ નિર્માણ કર્યો છે એ યજ્ઞ માર્ગ, સર્વ વર્ણોનો ગુરૂ જે બ્રાહ્મણ, તેણે, સર્વ વર્ણોના મનુષ્યોની સમક્ષ આચરણ કરી દેખાડ્યો; તથા તે ક્રિયામાં ઘૃતયુક્ત ઓદનની આહુતીઓ અગ્નિમાં નાખી. તથા તેપશુનું પાલન પોષણ કર્યું, એટલે સર્વ વર્ણોના લોકોને, હિંસાકર્મમાં, તથા માંસ ભક્ષણમાં નરક દાયક મહાદોષછે એવું જ્ઞાન થાયછે, એથી હિંસાકોઈ કરતા નથી, તથા માંસભક્ષણ પણ કોઇ કરતાં નથી, એવા યજ્ઞ કરવાથી સર્વ લોક સ્વચ્છ થાયછે, અને વિશ્વમાં એક વ્યાપક વિષ્ણુ છે એવું જોવા લાગેછે, એથી સર્વનો તરવાનો ઉપાયજ યજ્ઞ છે, વાસ્તે, દીકરા, તે યજ્ઞમાં હિંસાકરવી, તથા સ્વર્ગેચ્છા

રાખવી, એ મહાન પાતકજન્ય કર્મછે, તથા તે પાતકજન્ય કર્મકરવાના જે ક્રમ, આ જગતમાં ચલાવેછે, તે ઉત્તરોત્તર માંસ લોજી થાયછે, તથા તે રૌરવ નરક ભોગવેછે, અને તે માંસ ખાવાની ઇચ્છાથી વ્યાઘ્રાદિકોના જન્મ પામેછે, અને માંસ માંસ, એવી પુકાર કરતા ફરેછે, એવી તેઓની દુર્દશાછે; એવાસ્તે સશાસ્ત્ર, તથા સયુક્તિક, જે યજ્ઞનો વિચાર કહ્યો તેવો તું સમઝ; એટલે તારો સંશય જશે, અને દીકરા તું સુખીયો થઇશ, અને આજ ગ્રંથમાએલા, વેદમાએલા સૃષ્ટીના નિયમ, એવું છઠું પ્રકરણ છે, તેહેનો નવમો, તથા દસમો, એ, બે અંક જો.

૮૪ દી૦ બાપા, આજ મુને જે સુખ થયું, તે હુંકહી બતાવવાને અશક્તછું, કારણ, આજસુધી મને, યજ્ઞ કિંનિમિત્ત કરવો, તથા તે શીરીતે કરવો એ ખબરજ નોતી, અને તે સમઝણ કરી લેવાની ઇચ્છાતો હતી, તે આજ મારી ઇચ્છા પૂર્ણ થઈ, અને હવે મુને સમંઝાયું કે, યજ્ઞ એ અહિંસાધર્મ સ્થાપકછે, તથા માંસભક્ષણ કરવું એ સદોષ તથા ચૌર્યકર્મછે, એમાટે, માંસભક્ષણ કોઈએજ કરવું નહીં, એવું, સર્વ મનુષ્યોના અનુભવમાં લાવી આપનારો યજ્ઞમાર્ગછે, તથા સકલ વિશ્વમાં, યજ્ઞ સ્વરૂપ વિષ્ણુ વ્યાપકછે, એવી ભાવના દૃઢ થાય, એતદર્થે, યજ્ઞ એ નિર્માણ કરયોછે, પણ યજ્ઞનો અર્થ, શ્રીમતભગવતગીતાના, અઢારમાં અધ્યાયના, બત્રિસમાં શ્લોકમાં, અધર્મને ધર્મ માનનારા, તથા શાસ્ત્રનો વિપરીત અર્થ કરનારા, જે તામસીબુદ્ધિના પ્રાણી કહ્યાછે, તે યજ્ઞનો અર્થ વિપરીત કરેછે અને હિંસાકર્મો કરે

છે, અને ભગવત ગીતાનો અધ્યાય સત્તરમો, શ્લોક ૧૦ દશ-
મો, એમાં નિષેધ કરેલો, જે અમેધ્ય પદાર્થ, એટલે માંસ, તે
ખાયછે, પણ તે મહા પાપીઓછે, એવીજ રીતે, શ્રીમત્ભાગ
વતના, એકાદશ સ્કંધ માએલા, પાંચમાં અધ્યાયના, તેરમાં,
તથા ચૌદમાં, તથા પંદરમાં શ્લોકમાં, ચમસે, જનક રાજાપાસે
કથન કર્યુંછે તેવુંજ બાપા તમોએપણ મને કહ્યું, તે ઉપરથી
મારા અનુભવમાં આવ્યું, તથા યજ્ઞમાં પશુનું આલભન કરવું,
એટલે યજ્ઞમાં, પશુના જે જે અંગોના જે જે જીવાત્મારૂપી દે-
વતાઓ, તે તે દેવતાઓનાં નામ લઈ, અંગને સ્પર્શ કરવો,
એવું શ્રીમત્ભાગવતના, એકાદશ સ્કંધમાએલા, પાંચમાં અ-
ધ્યાયનાં, તેરમાં શ્લોકમાં, ચમસે, જનક રાજાને કહ્યું છે,
તેમજ બાપા તમોયેપણ મને કહ્યું, તે ઉપરથી મારા અનુભ-
વમાં આવ્યું, અને બાપા, જો કોઈ એવું કેહેશેકે શ્રીમત્
ભાગવતના, એકાદશ સ્કંધ માયેલા, પાંચમાં અધ્યાયના
તેરમાં શ્લોક માએલા, આલભનનો અર્થ વિપરીત કરશું તો
વિપરીત અર્થ થતો નથી, તથા, તે તેરમાં શ્લોકની આગળી,
ચૌદમો, તથા પંદરમો, એવા બે શ્લોક, તે આલભનનો
અર્થ સ્પર્શજ છે, એવો કાયમ કરનારા છે, તથા વેદ મધ્યે,
તથા ભાષ્યમાં પણ, આલભન, એટલે સ્પર્શકરવો એવું છે,
અને બાપા તમે તે સર્વ મારા અનુભવમાં લાવી આપ્યું, એથી
હું ઘણો સુખી થયો, અને બે શાસ્ત્રીઓનો ... સાંભળી,
જે મુને સંશય આવ્યો હતો, તે મારો ગયો.

૮૫ બા૦ દીકરા, તેં યજ્ઞ પ્રકરણનો વિચાર, " શાસ્ત્ર
દૃષ્ટયા તુ રોવસ્થં " ॥ એ પ્રકારે કર્યો, એ જોઈ મુને સંતોષ

થાય છે. તથા તારી બુદ્ધિ અતિ વિશાલ છે એવું હું
સમઝયો.

૮૬ દી૦ બાપા, મુને એક પ્રશ્ન કરવાનો છે, તે એવો
કે ગઈ કાલે, હું, અને ગોપાલ છોકરો, એવા બોલતાં બો-
લતાં એક શાસ્ત્રીને ઘેર ગયા, તો તે ઠેકાણે, એક સ્ત્રી, પાટલા
ઉપર બેઠી હતી, અને તેહેની આજુબાજુયે, સર્વ વર્ણ
માએલા, એક એક, બે બે, મનુષ્યો બેસેલાં હતાં તથા તે-
હેની સામે એક કેશ વધારેલો, જટાળો શાસ્ત્રી બેઠેલો હતો,
તથા તે ઠેકાણે, ઘણા મદ્યના, એટલે દારૂના શીસા, તથા,
વાસણો ભરી મુકેલાં હતાં, તથા માંસ પણ પકાવી મુકેલું
હતું, મત્સ્ય પણ પકાવીને મુકેલા હતા, પછી તે ભેગાથએ-
લા લોકોયે, મદ્યની પુજાકરી, અને તે સ્ત્રિની પણ પુજાકરી
પછી તે લોકોયે, ડાબા હાથની મધ્યમા તથા અનામિકા,
એ બે આંગળીઓ હેઠે દાબી, અંગુષ્ટ તથા તર્જની, તથા
કનિષ્ઠિકા એ ત્રણ આંગળાં ઉભાં રાખી, તે ઉપર એક
એક મદ્યનું ભરેલું પાત્ર મુકી, " સ્થુલદેહં પરિ શોધ યામિ "
ઇત્યાદિ શબ્દો બોલી, સ્વાહા શબ્દો બોલી, ગટ ગટ, તેઓ-
યે પોતપોતાનાં ગળામાં મદ્ય રેડયું; એ પ્રમાણે, તેઓયે
પ્રથમ મદ્ય પીવાની ક્વાયત કરી, અને તેજ પ્રમાણે દાંતો
યે કરી માંસ તોડી, એક નાકસોરીથી શ્વાસ લઈ, બિજી
નાકસોરીયે શ્વાસ છોડ્યો અને માંસ ખાધું તથા બિજા
સર્વ પદાર્થો, એક બિજાયે એક બિજાના ઉચ્છિષ્ટ થએલા
ખાધા, તથા તે સર્વ લોકોયે અતિશય મદ્ય પાન કર્યું,
અને તેથી જે દુર્ગંધી છુટતી હતી, તે હું છેટે બેઠોછતાં પણ
તેનો મુને ત્રાસ આવતો હતો એપ્રમાણે તે સર્વ લોકો છા-

કઠા થયા, આખર કેટલાકોને વમન એટલે ઓકારી થઇ, તેઓ બેભાન થઇ જમીન ઉપર અલોટવા તથા બકવાકરવા લાગ્યા, તથા કેટલાક બદકર્મ કરવામાં પ્રવૃત્ત થયા, એટલું જોઇ, તેમાંથી એક જણાને, મે થોડોક સાવધ જોઈ, હું પુછવા લાગ્યો કે, આ શું છે? ત્યારે તેણે મુને કહ્યુંકે આવું કરવામાં સ્વર્ગ મળે છે તથા કરનારાને દેવી પ્રસન્ન થાયછે તેથી અમો એવું કરીયે છૈયે, અને આ મદ્યમાંસ ભક્ષણ કરવા વિના મનુષ્યનાં જન્મે આવવું તથા જીવવું વ્યર્થ છે, એ પ્રમાણે તે મનુષ્ય બોલતાંવેતજ તે અઘોર કર્મ જોઈ મારા શરીરના રૂવાડાં ઉભાં થયાં અને તરતજ, હું અને ગોપાલ છોકરો. એવા બેઉજણ ત્યાંહાંથી નિકળી, એક ઠેકાણે, સુજ્ઞ ગ્રહસ્થો બેઠા હતા તે ઠેકાણે જઈ બેઠા, અને તે સુજ્ઞ ગ્રહસ્થોને, નજરે જોએલી વાતો કહીઓ, અને પુછયું કે, આ આચરણને શું કહીયે? તથા આ આચરણ સશાસ્ત્ર છે કિંવા અશાસ્ત્ર છે? તે ઉપર તે ગ્રહસ્થોએ અમોને કહ્યું કે, તે મતને તે લોકો નામથી માત્ર વામી મત કેહેછે; પણ છોકરાઓ, વામા એટલે પાર્વતી ઇત્યાદિ શક્તીઓ, તેઓનું ભજન; વિષ્ણુની ભક્તિ પ્રમાણે ઉત્તમ છે, તથા તમે જે મદ્યમાંસ ભક્ષણનું વામી આચરણ જોયું તે સર્વ અશાસ્ત્ર તથા સ્વકલ્પિત, દુષ્ટોએ ઠરાવેલું મત છે, વાસ્તે ઓ બાળકો! તેવા દુષ્ટોને ઘેર, તમે કદાપિ પણ જશો નહીં, એ ઉપરથી બાપા મુને અતિશય સંશય પ્રાપ્ત થયો, એ માટે, આમત ઉત્તમ છતાં, એમા વિપરીત આચરણ કોણે કાઢયું તથા, એ એલોકોયે કેમ સ્વિકાર્યું એ બાપા મુને કૃપાકરી કહો!

૮૭ બા૦ દીકરા, તું. વામા, જે શક્તી, તેહેના ભજન બાબત સારી રીતે સમઝ્યો, પણ દુષ્ટલોકોના આચરણ વાસ્તે, સંશય યુક્ત થતો છતાં, પ્રશ્ન કર્યો વાસ્તે તે દુષ્ટોના મતોનું સ્પષ્ટી કરણ તુને કહું છું, તેપ્રમાણે તું વિચાર કર અને તે દુષ્ટોના વિપરીત વામી મતોમાએલા લોકોનો. લગારપણ ભય ન રાખતાં, તે લોકોથી તું દૂર રેહેતો જા, અરે દીકરા! આ જગત માએલા લોકો, સ્વભાવેકરી કામનિક છે, તથા ગાડરાના ટોળાંમાએલું, આગળનું ગાડરૂં જે તરફ જાયછે, તે તરફ તેહેની પાછળના સર્વ ગાડરાં જાયછે, તેજપ્રમાણે, આ જગતમાએલા લોકોની રીતછે, તથા વિચાર કરનારા થોડા લોકોછે; ઘણું કરી નરસું આચરણ કરવાની તરફ જેટલું લોકોનું મન દોડેછે, તેટલું સારૂં આચરણ કરવાની તરફ તથા સત્સંગતની તરફ, લોકોનું મન વળતું નથી, દીકરા, જો, સ્વાભાવિક સર્વ મનુષ્યોની વૃત્તિ, વિષય ભોગની ઇચ્છાની તરફ છેજ, અને તેવામાં ઢોંગી લોકો, મંત્ર યંત્રોના ગપાટા મારેછે, તથા અંગમાં દેવ ધુણાવી બોલેછે એવા ખોટા ઢોંગો મચાવેછે, અને કેહેછે કે, આ ફલાણા મંત્રની સિદ્ધિ થવા સારૂ, મદ્યમાંસ ભક્ષવું, તથા બદકર્મ કરવું, એ એક સાધન છે, એવી રીતે કહી, લોકોને ઠગવાજીની યુક્તીથી, નાદે લગાડે છે, તેથી લોક નાદે લાગેછે, અને ઢોંગી કેહેછે તેવું કરેછે, પછી આગળ તેઓને, તે મદ્યપાનનો, તથા માંસભક્ષણનો, તથા બદકર્મનો અભ્યાસ દૃઢ થયો, એટલે તે માર્ગ છોડવો એવું લાગતું નથી, અને મદ્યપાનની લેહેરમાં, તેઓને સાધુની નિંદા કરવી સારી લાગેછે, અને આપણને સોબતીઓ મળે, એવું તેઓના મનમાં આવી, તે કેટલાક

લોકોને, પોતાના નરસાં કર્મોને નાદે લગાડેછે, એપ્રમાણે ઘણું કરી જગત મદ્યપાની, તથા માંસ ભોજી, તથા બદકર્મી થયું છે. તથા તેણે પોતાની મંડળીને વામી મંડળી એવું નામ આપ્યું છે, પણ તે સાચા વામી નથી, તે વિપરીતવામીયોછે, એવા તે વિપરીતવામીઓના મતના આચરણનો પ્રકાર એવોછે કે, સ્ત્રીયો જેટલીયોછે તેટલી શક્તીઓ, તથા પુરૂષો જેટલાછે તેટલા શિવ. તથાપિ એકબીજામાં મચ્છર છેજ; હવે જેટલાં આ જગતનાવિશે દુષ્કર્મો છે, તેટલાંકર્મો કરવાં તે, તે વિપરીતવામી લોકોને, સારા પ્રિયકર માર્ગની પેઠે લાગેછે, અને જેટલાં સશાસ્ત્ર, વેદ વિહિત, સારાં કર્મો છે, તેટલાં સર્વ નિષેધ કર્મો છે તથા નરસાં છે એવું તે વિપરિત વામીલોકોનું મત છે, તથા આ સર્વ જગતમાં, અમે મંત્રી એવું કહી, છાંછું કરનારા જેજે લોક, તે સર્વ વિપરીત વામી હોયછે, તથા તેઓના મંત્રેકરી એક કેશપણ તુટવાનો નથી, તથાપિ તે ભોળાલોકોને હાથ ચાલાકીથી, માદક પદાર્થ ખાવા આપી ફસાવેછે, તથા એ વિપરીતવામીલોકોની પાસે, પેહેલાંથી, ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ટ, સર્વ વર્ણોની સ્ત્રીયો જઇ બગડે છે, તથા જારિણીઓ થાય છે, અને તે સ્ત્રિયો, વિપરીત વામી લોકોની ચેલકીઓ થાયછે, અને યથેચ્છ વરતે છે, તથા તે સ્ત્રિયો, બીજા પુરૂષોને, વિષય લાલચથી વશકરી બગાડે છે, અને તેઓને વિપરીતવામી લોકોના શિષ્યો બનાવેછે, તથા તે વિપરીતવામી લોકોના માર્ગમાં સ્ત્રીયો જે કેહેશે, તે ઇશ્વર વાક્ય પ્રમાણે, તે વિપરીત વામી લોકો પ્રમાણ માનેછે, અને સ્ત્રીયોનો તો પ્રકૃતીનો સેહેજ સ્વભાવજ એવો છે કે, તેઓને કોઈ એ કાંઇ વાત

પુછી છતાં, જેવી વાત હોય તેવી, કેહેવાનીજ નથી, પણ સો વખત પુછવા પછી, તે સાચીવાતમાંથી કાંઇએક ભાગ ઉલટો કહી, નાક, મો, તથા આંખો મરડી ચાલતીઓ થશે, એવો સ્ત્રીયોનો સેહેજનો જાતિસ્વભાવ છે, વાસ્તે દીકરા એવી દુષ્ટસ્ત્રીયોપાસેથી ઉપદેશ લેવાનો જે માર્ગ, તે માર્ગને વિપરીતવામમાર્ગ કેહેછે, તથા તે માર્ગમાં જેટલા પુરૂષો હોય તેટલા સ્ત્રૈણછે એવું તું સમઝ, તથા તે વિપરીતવામમાર્ગમાં મદ્યમાંસ ભક્ષણ કરવું પ્રારંભે છે, તથા બદકર્મ કરવું એપણ તેવુંજ છે, તથા અનેક મંત્ર, યંત્ર, જાદુ, ટોના, તથા છોકરાં આપવાના ટુંચકા કરવા, એવું તે વિપરીતવામીઓને ઇષ્ટછે, પણ થતું કાંઇજ નથી, સર્વ ખોટાઈ, તથા હાથચાલાકી કરેછે, તથા વિપરીત વામમાર્ગીલોક, અનેક કામનાઓ અખંડ રાખેછે, પણ તે ઇચ્છાઓમાંથી કાંઇજ પ્રાપ્ત ન થાતાં, તેઓના શરીર પડવા પછી, તેઓને યમ યાતના, તથા નરકવાસ ભોગવવાં પડેછે, અને મદ્યમાંસ ભક્ષણના, તથા સ્ત્રીસંગની ઇચ્છાથી, તેઓને બકરાના. તથા સર્પ, વૃશ્ચિકોના જન્મે જવું પડેછે, તથા અનેક યાતનાઓ ભોગવવી પડેછે, એવો તે વિપરીતવામીલોકોના મતનો પરીણામ છે, તથા તે વિપરીતવામીલોકો, જેજે કાંઈ ગ્રંથો દેખાડે છે, તેતે ગ્રંથોમાં, મનથી કલ્પેલા, નરસા વિચારો, પોતાની પદરના, બગડેલા, વિપરીતવામી શાસ્ત્રીઓએ લખી; જે સાધુ ઉપર લોકો વિશ્વાસ રાખેછે, તે સાધુઓ આ ગ્રંથોના કર્ત્તા એવું ખોટું સ્વકપોલ લખેલું છે, અસ્તુ, તે સાધુઓના તો, પરમાર્થ બાબત જે ગ્રંથો છે, તે ગ્રંથોમાં વૈરાગ્ય, તથા ભક્તિ, તથા જ્ઞાન, કહેલુંછે, તથા તે ગ્રંથોમાં

મદ્યમાંસ સેવન જે કરશે, તથા સ્ત્રી લંપટતા જે કોઇ ધરશે તે શુધ્ધ નથી, તથા તે અજ્ઞાની રેહેશે, એથી તરવાનો નથી એવું લખેલું છે, તથા તેપ્રમાણે વિચાર કર્યો છતાં અનુભવ પણ છે, વાસ્તે, તે સાધુયે વ્યભિચાર કરવા વાસ્તે, તથા મદ્યમાંસ સેવન કરવાને કહેલું પણ નથી; તથા લખેલું પણ નથી, એવું છતાં, જે લોક ગ્રંથકાઢી દેખાડે છે, તે લખાડીના ગ્રંથો, સાધુની નિંદા કરવા સારૂ, દુષ્ટ લોકોએરચી,તેઓમાં સાધુઓનાં નામો લખેલાં છે, વાસ્તે દીકરા, તે લોકોનો માર્ગ કહ્યો તેવો તું વિચારકરી સમઝ, અને તે લોકોથી કદી પણ ડરીશ નહીં. તથા તે લોકોમાં, કોઈ વખત પણ જઇશ નહીં, તે વિપરીતવામીલોકો ઘાતકી છે, તથા તેઓનો અશાસ્ત્ર, તથા અવિહિત, તથા ખોટો માર્ગ છે, એ તારા પ્રશ્નવાસ્તે મેં તુને કહ્યો; જો દીકરા, હાલમાં જે લોક, સાધુ કેહેવરાવી લેછે. તથા ભજન પૂજનોના ખંડો મચાવેછે, તથા ગુરૂસંપ્રદાયી છૈયે એવું પોતપોતાને માનેછે, તથા બિજા લોકોને ઠગતા ફરેછે, તથા પંદર, અને સોળ અક્ષરનો મંત્ર, એતો જીવ, તથા ધન, તથા રાજ્ય જાય તથાપિ આપવાના નથી, પણ જે વિપરીતવામમાર્ગી થશે તેહેનેજ આપીશું, એવું કેહેછે, તે સર્વ લોક, વિપરીતવામી હોયછે પણ મેં, તુને તે મંત્ર,"શ્રીંક્લીંહ્રીં હસક્હલ્હ્રીં સક્લ્હ્રીં" એ ખુલ્લો કહ્યો તેવો છે, આ મંત્રમાં મુખ્ય જે અર્થ છે, તે એકતરફ રાખી, કામ, લક્ષ્મી, ઇંદ્ર, શિવ, શક્તી, એ દેવતાઓનું ભજન કરવું, એવો વિપરીતવામીઓ અર્થ સમઝે છે, પણ સાચો અર્થ, આજ ગ્રંથમાએલા, મંત્રશાસ્ત્ર પ્રકરણમાં જોવો, તથા તે વિપરીતવામીલોકોનો આચરણ પ્રકાર એ-

વો છે કે, શ્રી ચક્ર, તાંબાનુ કરી, તેમાં સર્વ દેવતા બેઠેલા છે એવું માની, તથા તેઓના આગળ આપણે બેઠેલા છૈયે એવું માની, વ્યભિચાર, તથા મદ્યમાંસ ભક્ષણ કરવું, તથા હિંસા કરવી, અને નાંચવું, તથા અંગમાં દેવતાઓના વારાં આવ્યાં, એવા ઢોંગ કરવા, એજ વિપરીતવામી લોકોનો ભજન પ્રકાર છે, પણ તે સર્વ ભ્રમછે, કારણ, લક્ષ્મી, તથા શિવશક્તી, એઓનું ભજન; જો બ્રહ્મચર્ય, તથા અહિંસા એ વ્રતો પાળશે તોજ થશે, તથા માદક પદાર્થો જે સેવન કરશેજ નહીં, તથા માંસભક્ષણ કરવાનોજ નહીં, તથા કોઈ પણ મોક્ષવિના એટલે (અજ્ઞાન તથા કામના, એઓનો નાશ થાય એ કામનાવિના, બિજી કામના જે રાખવાનોજ નહીં તથા જે અલ્પ, અને સાત્વીક, કંદમૂલો અથવા ધાન્યો એનો આહાર કરશે, તથા કામક્રોધ, જે મનમાંથી તદન દૂર કરશે, તથા જે, શમદમાદિ સાધનો કરશે, એટલે મન સ્થિર કરશે તથા ઇંદ્રિયો. તથા પ્રાણનું જે દમન કરશે, તેહેનુંજ નામ શમ દમ છે, તે જે કરશે, તથા દેવીની મૂર્તિનું અથવા ઈષ્ટમુર્તીનું અથવા નીલ,પીત, શ્વેત,આરક્ત ઇત્યાદિ પ્રકાશમય ગોલબિંદુનું મનોમય, પર્વત શિખર કલ્પિ, તે ઉપર જે લક્ષ આપી ધ્યાન કરવું, અને મનસ્થીર રાખવું, એહેનુંજ નામ શમ, એવાં શમ દમ સાધનો જે કરશે તથા બ્રહ્મચર્ય બુધ્ધિ જેહેનીછે તેણે માત્ર, સ્ત્રીના રૂપ જોવું, પણ,દ્વિભુજ, ચતુરભુજ, અષ્ટભુજ, અષ્ટાદશભુજ, એમાણે દેવીનુ સુંદર મૂર્ત્તીનું મનોમય ધ્યાન કર્યું હોયતો ચિંતા નથી, પણ જેહેને બ્રહ્મચર્ય, શેહેજે શેહેજ નથી, તેણે દેવીનું ધ્યાન કરવું નહીં, એપ્રમાણે, દીકરા, જે શમદમ સાધન કરી, અંતઃકરણની શુધ્ધિ કરશે, તથા જે, આગળ

મારે જરૂર મરવું છે, વાસ્તે મારે શીરીતે, તથા શું કરવું, તથા મરવાં પછી મારી શીગતી થશે, એ ચિંતા સર્વકાળ વિચાર યુક્ત થઈ જે કરશે, અને જે અનિંદક થયો છતાં, વેદાંત શ્રવણે કરી, મનનશીલ થઇ, સ્વસ્વરૂપ નિરાકાર સ્થિતિ ધારણ કરશે, એવા ઉત્તમ લક્ષણોના મનુષ્યને, કૃપાળુપણા એ કરી, જગદંબા સાક્ષાત્કાર આપશે, તથા શ્રીરામ, કૃષ્ણાદિકોના સાક્ષાત્કાર તેહેનેજ થશે, તથા તેજ નિઃસંશય થશે, તથા તેહેનેજ નિર્વિકલ્પ સમાધીનો અનુભવ પ્રાપ્ત થશે, દીકરા, એપ્રકારનું ઉપાસના પ્રકરણ જે છે, તે પ્રકરણનો નાશ કરવા સારૂ, જેમ દુર્યોધનનો નાશ કરવા સારૂ, શકુની મૈત્રી દેખાડતો, અને દુર્યોધનનો સમૂળ નાશ થવા જેવી ક્રિયાઓ કરતો, તેવી દુષ્ટ લોકોયે, એ શુદ્ધક્રિયા વિરૂદ્ધ, મદ્યમાંસ ભક્ષણ કરવાની, તથા બદકર્મ કરવાની, તથા અનેક કામનાઓ ધરવાની, તથા કપટી વિદ્યાની, વગેરે નરસા કર્મોની ક્રિયા ચલાવેલી છે એનો પરિણામ નરસો છે, તે લોકોને સમઝાતો નથી, તે શીરીતે કહીશ, તો જેમ દગલબાજનું મિઠું બોલવું, તથા સાથે ચાલવું, મૂર્ખોને પેહેલાથી સુખદાયક લાગેછે, પણ છેવટે ગળાને ફાંસી બેસે છે, તેજ પ્રમાણે, છોકરાં થાવાં, એ કોઇના આપવાંથી થતાંજ નથી તથાપિ છોકરાં આપવાના ઢોંગો કરનારા, તે પૂરા દગાબાજ છે, તથા માદળીઆમાં, તથા પેટીઓમાં, ભુજપત્રો વગેરે ઉપર, વાંકી ચુંકી લીટીયો તાંણી, તથા મંત્રીને, તેહેના પાસે રાખવાંથી, વશીકરણ વગેરે અનેક સિદ્ધિઓ છે, એવું મિથ્યા કહી, લોકોને ફસાવનારા, તે ફાંસીયાછે, તથા અંગમાં દેવ ધુણે છે એવા ઢોંગો મચાવનારા, તથા મંત્રોના અક્ષરો

પડપડવાથી સિદ્ધિ થાયછે એવું માનનારા, તથા સર્વપ્રકારે કરી, રજોગુણ, તથા તમોગુણ એઓની વૃદ્ધિ કરી, જે જ્ઞાનદાયક, તથા સુખદાયક તથા સર્વ સિદ્ધિદાયક સત્વગુણ, તેહેનો નાશ કરનારા જે પુરૂષ અથવા સ્ત્રિયો તે સર્વ ફાંસોયા, તથા દુષ્ટોછે તેઓનો સમાગમ, તથા ભાષણ ફાંસીયાઓનાં બોલવાં પ્રમાણે, છેવટે ફાંસરૂપ છે, વાસ્તે એવા એ જે દુષ્ટલોકો, તે સર્વ વિપરીતવાદી તથા મદ્યપી છે, તેઓની સંગત દીકરા તું તદન કરીશ નહીં તથા તેઓની હરેક ક્રિયામાં કપટ છે એવો નિશ્ચય તું રાખ, અને તું તેઓના સારાં નરસાં, હરેક ભાષણોઉપર કદીજ વિશ્વાસ રાખીશ નહીં, એ પ્રમાણે દીકરા તુને મેં, વિપરીતવાદી દુષ્ટલોકોનો વિચાર કહ્યો તેવો સમઝ, અને નિઃસંશય થા.

૮૮ દી૦ બાપા. હવે મુને, વિપરીતવાદી લોકોના મત બાબત, સંશય કાંઇજ રહ્યો નથી, બાપા વિપરીતવાદી લોકોનું મત, વારંવાર જન્મ મરણના બંધનમાં, તથા નરક બંધનમાં પાડનારૂં છે, સારાંશ તે અવિચારી લોકોનો પ્રવૃત્તિ માર્ગ છે, તથા તેઓનું સર્વ કર્મ અવિચારી, તથા અયુક્ત, તથા શકછે, અને, તે મતમાં જશે તેહેને અક્ષય સુખદાયક જે વૃત્તિવિનાનું સુખ થાવાનો નિવૃત્તિમાર્ગ, તે મળવાનો નથી; તથા તે વિપરીતવાદી મતમાં પેસનારો પુરૂષ અથવા તે વિપરીતવાદી મતમાં પેસનારી સ્ત્રી, એઓને, સત્સમાગમ તથા સત્શાસ્ત્રશ્રવણ, સારૂં લાગવાનુંજ નહીં, તથા વિપરીતવાદી મતમાં પેસનારાં મનુષ્યો, હંમેશા અભિમાન ગ્રસ્ત રેહેશે તથા ડાબા હાથે કરી, પુજા અર્ચા, ખાવું પીવું કરશે તથા તે ગંગાજી વગેરે તીર્થોને સ્પર્શ કરવાના નથી,

તથા વેદમંત્રોનો ઉચ્ચાર કરવાના નથી, તથા જેમ ચોરટો ફાશીયો, લોકોને ઠગવાસારૂ ગામમાં આવે એટલે સાધુનો વેષ લેછે, તેમ વિપરીતવામમાર્ગી મનુષ્યો, લોકોને ફસાવવા વાસ્તે સભામાં વૈષ્ણવોના જેવાં ભાષણો બોલશે પણ અંતરમાએલું કપટ છોડવાના નથી, અને બાહેર, અમો કેવળ શિવભક્ત છૈયે એવા ઢોંગ મચાવશે પણ મનમાએલું કપટ છોડવાના નથી, તથા તેઓનાં ઘરમાં જોવા લાગીયે તો,કલાલ, તથા કસાઇ, તથા જારિણી સ્ત્રીયો અને સ્વૈણ પુરૂષો, એઓનો માત્ર આદર સત્કાર થશે, પણ ભગવત્ પ્રિયોને માન મળવાનું નહીં, એથી તરવાના ઉપાયની વાત તો કયાંહાંથી હોય! એ સર્વ બાપા તમારા કેહેવાંથી મુને સમઝાણું વાસ્તે, બાપા હું તો, એવા પ્રવૃત્તિ માર્ગી લોકો માએલા વિપરીત વામમાર્ગીઓનો સમાગમ, કરવાનોજ નથી, તથા નિવૃત્તિ માર્ગકરી હું પોતે ચાલીશ, તથા સાધુ સમાગમકરીશ અને વ્યવહાર ધંધા કરીશ, તેમાં કોઇને ઇજા આપવાનો નહીં; અને હું હિંસા કદીજ કરવાનો નહીં, તથા હું માંસ ભક્ષણ કરવાનોજ નહીં તથા હું મદ્યાદિક માદક પદાર્થ કદી સેવન કરવાનો નથી, તથા કપટ કોઇ પણ કામમા હું કરવાનો નથી, તથા હંમેશા અંતર બાહ્ય સ્વચ્છ રહીશ, તથા શરીરનો નાશ થાવાનોજ છે એવું હું સર્વકાળ સ્મરણ રાખીશ, તથા શરીર હું છું એવી અહંતા હું ધરવાનો નથી, તથા શરીર પિંજરામાએલા પ્રાણ વાયુને, અંતઃકરણમાં ચલિતકરી, હોઠ તથા શુલ્ભ ન હલાવતાં, જે હું પણું સ્ફુરેછે, તે હું પણાના પેહેલાનું, જે સેહેજ મારૂં અસ્તિત્વ છે તે અસ્તિત્વનો પ્રકાશ, અનંત પોલાણનો અભાવ કરનારો, જે અનંત પોલાણ જેટલો

છતાં, અધિક, તથા સઘન, તથા સ્વપ્રકાશ, ચૈતન્ય અન્ય, સાક્ષિત્વાતીત, જ્ઞાન સ્વરૂપ નિરાકાર છે તેજ હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો, મારો સ્વરૂપ ભાવ છે, તે હું ધરી, મનેકરી સગુણ અવતાર મૂર્તાનું ધ્યાન કરીશ, તથા સર્વ ઇંદ્રીયોએ કરી, શુદ્ધ સાત્વિક ઇશ્વર પ્રિત્યર્થે ક્રિયાઓ તથા વ્યવહાર ધંધા કરીશ. અને સત્સમાગમતો કદીજ છોડવાનો નથી. તથા ઢોંગી લોકોની હાથ ચાલાકીઓ હું કદી પણ માનનાર નથી, તથા કામનાથી સર્વ દુઃખો છે એવું સમઝી ભગવંત વિના બિજી કામનાઓ હું રાખવાનોજ નથી, તથાપિ વ્યવહાર ધંધા સાચાપણાથી નિર્વાહ સારૂ કરીશ, હવે બાપા, આપના કેહેવા ઉપરથી મુને, સાચા વામમાર્ગીઓ વિના, મતવાદી વિપરીત વામમાર્ગીઓ, વગેરે લોકો બાબત સંશય કાંઇજ રહ્યો નથી, અને હું સુખીયો થયો.

૯૯ બા૦ દીકરા તું ધન્ય છે, તને વેદ પ્રતિપાદ્ય ધર્મ બાલ્ય, જે વિપરીતવામી, તથા કૌલ, એટલે વિપરીતવામી મતમાએલો મત ભેદ, ઇત્યાદિ જે ભ્રષ્ટ મતો ઉઠેલાંછે, એથી લક્ષાવધિ લોક તે મતોમાં પેશી. વેદ વિધિ બાહ્ય ક્રિયાઓ કરવા લાગ્યા છે, તેઓનાનિષિદ્ધ કર્મને જોઇ, તુને કંટાળો આવ્યો, તથા તેઓના મતોમાં નિવૃત્તિ માર્ગ મુળેજ નથી એવું તુને સમઝાણું એ જોઇ હું અત્યુલ્લાસિત થયો, તથા તું સુપુત્ર છે એવું હું સમઝયો, હવે દીકરા, તું એવાજ સર્વ વિચારો કરતોજા, એટલે ડાહ્યો થઇશ.

૯૦ દી૦ બાપા, ગઇ કાલે, હું પંચાયતનની પૂજા કરવા બેઠો હતો, તે વખત ગોપાલ છોકરો મુને કેહેવા લા-

ચ્યો કે, ઓ મિત્ર, તું શું કરવા બેઠો છે તે ઉપર તેહેને મે ઉત્તર આપ્યો કે હું પંચાયતનની પૂજા કરવા બેઠો છું. ફરી ગોપાળ છોકરો બોલ્યો કે હે મિત્ર, પંચાયતન એટલે શું? તે ઉપર મેં કહ્યું કે, પંચ, એટલે પાંચ તથા આયતનો, એટલે દેવના ભજનના સ્થાનો, એહેનેજ પંચાયતન કહીયે. ફરી ગોપાળ છોકરે મુને પુછયું, કે તે દેવના ભજનના પંચ આયતનો, એટલે પાંચ સ્થાનો, તે ભજનના પાંચસ્થાનો તે ક્યાં, તથા તેનાં નામો કિયાં એ મુને કેહે, તે ઉપર, મેં ગોપાલ છોકરાને કહ્યું કે, પંચાયતનો, એટલે દેવના ભજનના પાંચસ્થાનકો, તેજ કહું છું. સાંભળ, પેહેલું સ્થાન આપણું જે અંતઃકરણ, તેજ ઈશ્વરના ભજનનું એક સ્થાન છે, તે અંતઃકરણ, શરીરમાં વ્યાપક છે, એથી તેહેને વિષ્ણુ એવું નામ છે, તથા બિજું સ્થાન, ઇંદ્રિયગણોનો પતી એટલે માલક, જે ઇંદ્રિયગણોની અંદર જ્ઞાન રૂપ આત્મા છે, તેજ બિજું ઈશ્વરના ભજનનું સ્થાનક છે, તથા તે જ્ઞાનરૂપ આત્માજ ઇંદ્રિયગણોનો પતી છે, તેથીજ તેહેને ગણપતી એવું નામછે, તથા ત્રિજું સ્થાન, શરીરના તથા મન બુદ્ધિ વગેરેના અંદર જે સકલ વૃત્તિને જાણનારો, સર્વ સાક્ષી, જ્ઞાન સ્વરૂપછે, તેજ સર્વ સાક્ષી સ્વરૂપ; ઈશ્વરના ભજનનું ત્રિજું સ્થાન છે, તથા તે સાક્ષિત્વ ભાવ, સત્ય નિરાકાર પરમેશ્વરની, અને મિથ્યા અહંવૃત્તિની, મધ્ય સીમા છે. તેથીજ તેહેને શિવ એવું નામ છે, તથા ચોથું ભજનનું સ્થાન, શરીરમાએલા શુદ્ધ પ્રાણ વાયુને ચલિતકરી, હુંછું હુંછું, એવી જે સ્ફુરદ્રૂપ વૃત્તિછે, તેજ ઈશ્વરના ભજનનું ચોથું આયતન, એટલે સ્થાનછે, તથા તે, પ્રત્યેક અહંવૃત્તિ થકે, પ્રત્યેક શરીર, જન્મ પામેછે,

વાસ્તે, અહંસ્ફુર્તી, એજ સર્વ જગતની માતા, એટલે અંબાછે, તસ્માત્ તેહેને, જગદંબા એવું નામછે તથા પાંચમું સ્થાન, રજ, તથા સત્વ, તથા તમ, એ ત્રણે ગુણોને, એટલે તેણે સ્વભાવોને પ્રસવનારો, જે શરીરમાં જીવભાવછે. તેજ ઈશ્વરના ભજનનું પાંચમું આયતન, એટલે સ્થાનછે, તથા તે જીવ ભાવ, રજ, સત્વ, તમ, એ તેણે ગુણોને પ્રસવેછે, તેથી તેહેને સવિતા એવું કહીયે, એપ્રમાણે ગોપાલ છોકરાને, મે, પંચાયતનો, એટલે ઈશ્વરના ભજનના પાંચસ્થાનો કહ્યાં, તદનંતર ગોપાળ છોકરો બોલ્યોકે, એ પાંચે સ્થાનો, ઘણાં ઉત્તમછે, પણ એ પાંચના વિશે, જે દેવનું ભજન કરવાનું તે દેવ કેવોછે, તથા તેહેની પૂજા શીરીતે થાયછે, એમુને કેહે, તે ઉપર મે, ગોપાળ છોકરાને ઉત્તર આપ્યો કે, એ પાંચે સ્થાનાતીત દેવ એક છે, અને તે નિરાકાર છે, પણ જેવું શરીરનું લાલન કરવાંથી મનનું લાલન થાયછે, તેમજ, તુને કહેલા, વૃત્તિરૂપ પાંચ સ્થાનને વિષે ભજન કરવાંથી, નિરાકાર પરમેશ્વરનું ભજન થાય છે, નહીંતો, નિરાકાર પરમેશ્વરના સ્વરૂપના વિશે, ભજ્ય, ભજક, ભજન, એ ત્રણ પ્રકારની ત્રિપુટી મુળેજ નથી, નિરાકાર પરમેશ્વર એક, તથા અખંડ, તથા સ્વપ્રકાશ તથા અચંચલ, તથા હુંપણ ધરનારા જ્ઞાન પેહેલાનો, તથા સાક્ષીપણાના પેહેલાનો, સર્વનો સ્વસ્વરૂપનો અસ્તિત્વ ભાવ જે, તેજ નિરાકાર પરમેશ્વર દેવ છે, તથા તે નિરાકાર પરમેશ્વર દેવ, સર્વ ઠેકાણે ભરેલો છે, એથી શરીર માએલી, તથા શરીર બાહેરની પોલાણ, તથા તે પોલાણ ઉપર દેખાનારા અનંત ગોલોરૂપી જગતો, એ મૂળેજ નથી, કેમકે, નિરાકાર પરમેશ્વર સર્વત્ર એક ભરેલો છે, તેહેના

સર્વ ઠેકાણે અચંચલ સ્વપ્રકાશઅસ્તિત્વમાં, અનંત બ્રહ્મિનગો એટલે પોલાણ, તે પોલાણના અસ્તિત્વનો ભાવ, તથા તદાધાર સંપુર્ણ ગોલોનો અસ્તિત્વ ભાવ, એકમાં બિજું રેહેતું નથી. એ ન્યાયેકરી રેહેતોજ નથી, કારણ, જગતનું અસ્તિત્વ તો, નિરાકાર પરમેશ્વર સર્વત્ર એક એવું સ્વરૂપ દૃષ્ટિના અસ્તિત્વમાં. રેહેવું હોયજ નહીં, એ પ્રમાણે ગોપાળ છોકરાને દેવ કેવો, તથા દેવની પૂજા શીરીતે થાયછે, એ બાબત વિચાર કહ્યો. પછી ફરી ગોપાલ છોકરો બોલ્યોકે, તેં, જે દેવ બાબત, તથા પંચાયતન વિશે, તથા પૂજા બાબત પ્રકાર કહ્યો, તે હું સમઝ્યો, પણ તારી આગળ, શાળિગ્રામ, તથા બાણ, તથા સૂર્યકાંત, તથા સુવર્ણમુખી, તથા આરક્ત વર્ણી નર્મદામાએલી શિળા, એ પાંચરંગના પાંચ પદાર્થો, ચંદન પુલો, તુળશી વગેરે ચઢાવી માંડેલા છે, એનું કારણ શું? તથા પુષ્પો, તથા ધૂપ, તથા દીપ, તથા તુળશી, તથા બિલ્વપત્ર, તથા દુર્વા, તથા ચંદન, વગેરે પદાર્થોનું તુને કારણ શું એમુને કેહે? એ ગોપાળના પ્રશ્ન ઉપર, બાપા મુને એક એવો ઉત્તર માલમ પડવો જોઈયે કે, તે ઉત્તરથી, મારું, તથા સર્વ લોકોનું, સમાધાન થાય, એ વાસ્તે, બાપા, શાળિગ્રામ ઈત્યાદિક શિળા, પંચાયતન પૂજા સારૂ સંગ્રહ કરવાનું કારણ શું? એ મુને કહો.

૯૧ બા૦ દીકરા, પંચાયતનો, એટલે દેવના ભજનના પાંચસ્થાનો, તે તુને કહેલાંજ છે, હવે શાળિગ્રામ ઈત્યાદિક શિળા, પૂજામાં રાખવાનું મુખ્ય કારણ એવું છે કે આપણું મન સ્થિર થયાવિના, જે અંતઃકરણ વગેરે પંચઆયતનો, એટલે નિરાકાર પરમેશ્વરના ભજનના પાંચસ્થાનકો છે, તે-

પાંચ સ્થાનમાં, નિરાકારનું ઐક્યજ્ઞાન ઠસતું નથી, વાસ્તે પેહેલાંથી મનની સ્થિરતા કરવીજ જોઈયે, એ કારણ વાસ્તે, શાળિગ્રામાદિક, પાંચ શિળાઓલઈ તેઓના રંગો પ્રમાણે, મનમાં બિંદુ ધારણા કરવી, તે એવી કે, આપણી ભ્રુકુટિના વચ્ચો વચ્ચ, ગોલ, પાંચરંગના, પાંચબિંદુ. તેનરવી કલ્પવાં. તે કલ્પવાનું સાધન, શાળિગ્રામ ઈત્યાદિક પાંચશીળાઓછે, તે એવા અર્થ સારૂ છે કે, મધ્યભાગે કૃષ્ણ વર્ણ શાળિગ્રામ શિળા. અને ફરતીઓ ચારરંગોની ચાર શિળાઓ, તે એવીઓકે, આરક્ત વર્ણશિળા નર્મદામાએલી, તથા ગૌરવર્ણશિલા નર્મદામાએલી, તથા સ્ફાટક વર્ણ સૂર્યકાંત શિળા, તથા પીત ઈત્યાદિ મિશ્રવર્ણ સુવર્ણ મુખી ધાતૂની શિળા, એપ્રમાણે મધ્યભાગનાવિશે એક શાળિગ્રામ શિળા, સંપુષ્ટમાં માંડી, તે ફરતીઓ ચક્રાકાર ચાર માંડવીઓ, અને તે ઉપર ચંદન, તથા તુળશી, તથા પુષ્પો, ઈત્યાદિ ચઢાવી તેઓની આકૃતીની, તથા રંગની પેઠે, મનોમય, ભ્રુકુટીના મધ્યે, ધ્યાન કરવું, હવે તું કહીશ કે, પથરાના ધ્યાનમાં ફલ શું છે, તો છોકરારે! ધ્યાનમાં પથરો આવતોનથી, તે શિળાઓના જેવું ધ્યાન કરવાંથી, મનોમય, પ્રકાશમાન, પાંચબિંદુ; અંતરના વિશે, શરીર માએલા વિદ્યુન્નતાદિક, સૂક્ષ્મ પ્રકાશ રૂપેકરી હૃદયપામી, મન સ્થિર થાયછે, તેમાં મુખ્યપણાયેકરી, મધ્યભાગનાવિશે શાળિગ્રામશિળા મુકવાનું કારણ એટલુંજ કે, તેહેના જેવું, મનોમય ધ્યાનના યોગથી, નીલવર્ણ બિંદુનો, ભ્રૂમધ્ય ભાગે ઉદય થઈ, મન સ્થિર થાયછે, તથા મનને સુખદાયક નીલ બિંદુછે, તથા તે નીલબિંદુ ઉપરથી, મન ચલિત ન થાય, તે સારૂ તેહેના

ફરતા, શ્વેતવર્ણ, તથા ગૌરવર્ણ, તથા રક્તવર્ણ, તથા પીતવર્ણ, ઇત્યાદિ ચાર બિંદુ. બિજા રંગોના ઉદય પામેલા હોયછે, એવા કદાક નીલબિંદુ ઉપરથી મન, ચલિત થયું ન તો, વિષયાકાર ન થાતાં, તે આસપાસના ચાર બિંદુ ઉપર અટકી રેહેછે અને ફરી નિલબિંદુ ઉપર આવેછે, એ અભ્યાસેકરી, મન, એટલે પ્રાણવાયુસોત સર્વ શરીરને આકર્ષણ પ્રેરણ કરનારી શક્તી, તથા પ્રાણવાયુ, એ બેઉ સ્થિર થઇ, શબ્દજ્ઞાન સ્વરૂપ જીવાત્મા, પોતપોતાને, નિરાકારપણામા હું મિથ્યા એવું અનુભવવા લાગેછે, એવો એ શાળિગ્રામાદિક શિળા પુજવાનો પ્રકારછે, તથા તે પાંચ રંગોના પાંચ બિંદુમાં, સાકાર અવતાર મૂર્તિઓના ધ્યાનો કર્યાં છતાં, દઢ ધ્યાનેકરી, ભવિષ્યાદિક જાણવામાં આવેછે, પણ તે ભવિષ્ય વગેરે ઉપર જીવાત્માએકરી લંપટ ન થાતાં, તેજસ્વી મનોમય બિંદુને જાણનારા, મનોમય બિંદુથી હું જુદોછુ, એવું પોતેપોતાને ચિંતનકરી જોવા લાગવું, એટલે જીવાત્મા, હું ગુણાતીત નિરાકાર સ્વસ્વરૂપનાવિશે રમમાણ થાયછે, વાસ્તે દીકરા, મારા કહ્યાપ્રમાણે, શાળિગ્રામ વગેરે શિળા રાખવાનો પ્રકાર છે, તે માનસીક વિચાર દઢ થવા સારૂ, બાહ્ય ક્રિયાની યોજના કરીછે, તે સર્વ સારીછે, એપ્રમાણે વિચારકર, એટલે તારા ધ્યાનમાં સર્વ આવશે.

૯૨ **દી૰** બાપા, શાળિગ્રામાદિક ચાર શિળાઓ, તથા પાંચમી ધાતૂની સુવર્ણમુખી શિળા, એ પાંચ રાખવાનું કારણ હું સમજ્યો, અને મુને ઘણો આનંદ થયો, તથા જેમ શાળિગ્રામ વગેરે શીળાઓ, ચક્રાકારે માંડીઓ હોયછે તેપ્રમાણે આંખો માચી, મનોમય કલ્પના કરી તો, નીલ, પીત, શ્વેત,

આરક્ત, ગૌર, એવા પ્રકારના પાંચબિંદુ, મનોમય મનને દેખાયછે, એથી મન સ્થિર થઇ સ્મૃતિ વધવા લાગેછે, એ મારા અનુભવમાં આવ્યું, તથા એપ્રમાણેજ મહાદેવના દેવળ માએલી, અર્ધ ચંદ્રાકાર શાળુંકા એટલે જલધારી તથા મધ્ય ભાગે બિંદુ રૂપી લિંગ, એટલે ચિન્હ હોય છે, તેવી રીતે, મનોમય ચિંતન કરવાથી મન સ્થિર થાય છે, તથા તે પ્રમાણેજ, રામકૃષ્ણાદિકોની મૂર્ત્તિયો જેવી મનોમય કલ્પના કરી છતાં મનસ્થિર થાયછે, તથા સાક્ષાત્કાર થાયછે, વાસ્તે મનસ્થિર કરવા સારૂ, મૂર્ત્તિઓના, મનોમય કલ્પના રૂપી ધ્યાનો, તથા નીલ પીતાદિક બિંદુઓનું, શાળિગ્રામ વગેરે તરફ, તથા સૂર્ય વગેરે તરફ જોઈ તેવી રીતે, ઇત્યાદિ ધ્યાનો કરવાં, એ સારૂં છે, એવું મારા અનુભવમાં આવ્યું, પણ એ ધ્યાનયોગને શું કહીયે, એ મુને કૃપા કરી કહો?

૯૩ **બા૰** દીકરા, મનોમય વર્તુલ પ્રકાશમય બિંદુ કલ્પિ મન સ્થિર કરવાના યોગને શિવયોગ કહીયે, તથા તેજ કલ્પેલા પ્રકાશમય બિંદુને હસ્તપાદાદિક અવયવ કલ્પિ મન સ્થિર કરવાના યોગને વિષ્ણુયોગ કહીયે, તથા તે મનોમય કલ્પેલા બિંદુનો, કિંવા તે બિંદુઓને કલ્પેલા અવયવ સહીત મતીનો, અંતરમાં જે જાણનારો છે, તેણે પોતપોતાને, અનંત અપાર પોલાણની અંદર સ્વપ્રકાશ અચંચલ નિરાકાર, પોતે અહં કલ્પના ધરનારૂં જે જ્ઞાન, તે જ્ઞાન તથા વિષય સાક્ષિત્વ નછતાં સેહેજે સેહેજ શાંત છૈયે, તથા તે આપણે શરીર પિંજરાના બાહેરની, તથા માએલી, એક જે અનંત અપાર પોલાણ, તે પોલાણનો ભાવ છોડી, સ્વપ્રકાશ અદ્વૈત નિરાકાર આપણે છૈયે, એવા અંતર દૃષ્ટિથી

જોવાના યોગને દીકરા જ્ઞાનયોગ કહીયે, એ બંણે યોગ, નિરાકાર પરમેશ્વરની ઐકય પ્રાપ્તીની પ્રીતિ ધરી જ્ઞાનીઓ કરે છે, એથી તે નિરાકાર પરમેશ્વરની પ્રીતિના ભક્તો સમઝવા, તથા એજ નિરાકારનું સાચું ભજન છે, એ નિરાકાર દેવનું ભજન, અંતઃકરણ વગેરે પાંચ આયતનો, એટલે પાંચ સ્થાનકો, જે પેહેલાં તુંને કહ્યાં તેહેમાં કરવું, તોજ નિરાકારનું સ્વરૂપ, અને આપણી અહંવૃત્તિ ધરનારા જ્ઞાન પેહેલાનું આપણું સ્વરૂપ એકછે એવી પ્રતીતી આવશે, અને એવું ન કરતાં, અમસ્તી મોઢે કરી નિરાકાર નિરાકાર એવી બડબડ ઘણી કરી, તથા સ્તુતીપણ કરી, અને વૃત્તિએકરી નિરાકારની તરફ લક્ષ આપ્યું નહીં, તો તે તરવાનો નથી, તથા જેણે શિવયોગ, જે ઉપર કહેલો તે કર્યો નથી, તથા વિષ્ણુયોગ કહ્યો તે કર્યો નથી, તો તે પ્રાણીને જ્ઞાનયોગ, જે ઉપર કહેલો તે થાતો નથી, કારણ તેહેનું મન સ્થિર નથી, હવે જેહેને જ્ઞાનયોગ થાતો નથી, તેહેની વૃત્તિનો ડોલ, નિરાકાર સ્વસ્વરૂપની તરફ વળતો નથી, તથા નિરાકારની તરફ જેહેની વૃત્તિનો ડોલ નથી, તે નિરાકાર પરમેશ્વરનો ભક્ત નથી, એ સારૂ નિરાકારની ભક્તિ જેહેને કરવી હોય તેણે એ સાધનો નિંદવાં નહીં, કારણ મન મોઢું દુર્નિવાર છે, એનું પ્રથમ, શિવયોગ, તથા વિષ્ણુયોગ, એ યોગ રૂપી સાધનોના દ્વારે દમન કરવું, એટલે પછી જ્ઞાનયોગ કરવાને અડચણ પડતી નથી, દીકરા, આ મન દમન કરવાની રીત, અજ્ઞાની જે મદ્ય માંસ ભક્ષક, રજો ગુણી, તમો ગુણી, દૈત્ય, તથા રાક્ષસ, એટલે યવન, તથા મ્લેચ્છ, તેઓને સારી લાગતી નથી, પણ તેઓ, પોતાના નરસાંકામો તદન છોડી,

પછી પશ્ચાત્તાપ પામશે. તો તેઓને પણ, આ મન દમન કરવાની રીત સારી લાગશે તથા જે સાત્વિક જ્ઞાનિઓ. તેઓને તો મન દમન કરવાની રીત ઘણી વાહલી લાગેછે, વાસ્તે તું વિચાર કરી, જે કરવું તે કરતોજા, તું અજ્ઞાનીઓની સોબતમા લાગીશ નહીં. કારણ, તે તરવા ન શીખતાં તરવાની આશાથી. પાણીમાં કુદકો મારી મરનારાની પેઠેછે, તેઓ સાધનોના દ્વેષ કરી, સિધ્ધ વસ્તુને પામશું એવું કેહેછે, તે તેઓનું બોલવું પરિણામે નરકદાયક છે, વાસ્તે દીકરા, મારા કેહેવાપ્રમાણે વિચાર કરી. તું સાવધ રેહે.

૯૪ દી॰ બાપા. મુને શિવયોગ તથા વિષ્ણુયોગ, તથા જ્ઞાનયોગ શું છે એ હવે સમઝાયું તથા આપણે, જે જે મૂર્તિઓની તરફ. કિંવા શાળિગ્રામ વગેરે શિળાઓની તરફ જોઇ મનોમય તેવું ધ્યાન કરીયે છૈયે. તે આપણા મનમાએલું ધ્યાન, પથરાનું છે એવું નથી. તે ધ્યાનમાએલી આકૃતીઓ તો આપણા શરીર માએલા, જે વિજળી વગેરે સૂક્ષ્મ પદાર્થો, આંખોની અંદર છે. તે પદાર્થોની વૃત્તિયેકરી કલ્પી કરેલી, મનોમય દેખાનારી આકૃતીઓ છે, વાસ્તે રામકૃષ્ણાદિક અવતારી પુરૂષો; કે જેઓના શરીરો અયોનિ સંભવ છે, તથા તે શરીરો સર્વસાક્ષી જે ઇશ્વર, તેણે જગતના ઉદ્ધાર સારૂ ઇચ્છામાત્રે ધારણ કર્યાં, તથા અવતાર કૃત્યો પુરાં કરી. ઇચ્છામાત્રેકરી લીન કર્યાં. તે ઇશ્વરનાં અવતાર શરીરો. લોકોના ધ્યાનમાં આવે તે સારૂ, ચતુર, તથા મુધરેલા લોકોએ, પાષાણ, તથા કાષ્ટ, તથા મૃત્તિકા, તથા રંગ, વગેરેની પ્રતિમાઓ કરી રાખેલીઓછે, તે પ્રતિમાઓની તરફ જોઇ, તેપ્રમાણે મનોમય પ્રકાશમાન, ઈશ્વરની અવતા-

૨ મૂર્ત્ત મનમાં લાવી, ધ્યાન, તથા પ્રાર્થના લોકો કરેછે. અને તે મનોમય ધ્યાનનાં યોગેકરી, લોકોને સગુણ સાક્ષાત્કાર થાયછે, અને સારા વિચારો મુઝવા લાગેછે, તથા તે અવતારી પુરૂષોના ચરિત્રો સાંભળી લોકો સુખીયા થાયછે, તથા તે અવતારી પુરૂષોયે કરેલા ઉપદેશોનાં પુસ્તકો લોકો વાંચેછે અને તેપ્રમાણે ચાલે છે, એ ઘણી ઉત્તમ રીતીછે, એ રીતની, જે નિંદા કરેછે, તે અલ્પ બુદ્ધિ તથા અવિવેકી છે, તેઓના સ્વભાવમાં સાચા સાધૂઓના સમાગમવિના આસ્તિક વિચારો, આવવાના નથી અને તે બુદ્ધિમાન, તથા વિવેકી થવાના નથી, વાસ્તે સર્વ લોકોયે સાચા સાધૂનો સમાગમ તથા તેઓના વિચાર પ્રમાણે વિચાર કરવા જાવો, એજ ઉત્તમ છે એપ્રમાણે બાપા તમારા કેહેવાથી મુને સમઝાણું, તથા મનોમય જે જે ધ્યાનો આપણે કરીયે છૈયે, તેતે સાકાર ધ્યાનો આપણે છૈયે એવું નથી, જે જેહેને જાણે છે, તે તેથી જુદી જગાયે હોયછે, એ ન્યાયેકરી તે મનોમય પદાર્થ રૂપી ધ્યાનમૂર્ત્તિને, કિંવા પ્રકાશમય મનમાં કલ્પેલા બિંદુને, અંતરમાં જાણનારા જે, તે આપણે, તે મનોમય ધ્યાન મૂર્ત્તિથી, તથા બિંદુથી, જુદા છતાં, જુદી જગોયે છૈયે; તથા તે આપણે શરીરપિંજરો નથી, તથા તે આપણે શરીર પિંજરામાએલા પંચપ્રાણ વાયુ નથી, તથા તે આપણે મનોમય કલ્પનાઓ પણ નથી તથા તે આપણે શરીર માએલા પંચપ્રાણ વાયુની અંદર બાહેર છૈયેજ; તથા જેમ શરીરની બાહેર તથા અંદર એક પોલાણ, એટલે ખુલ્લિ જગો; જે સંપૂર્ણ જીવોને ફરવા સારૂ અવકાશની પેઠે છે, તથા પરમાણું રૂપ પૃથ્વી, એટલે જડવાતાવરણ સમઝવું, તેહેને રેહેવા

સારૂ, તથા હાલવા વાસ્તે, અવકાશ એવી છે, તે પોલાણ રૂપ જગ્યો; સર્વ ગોલોને એકછે, તે પોલાણની અંદર, પોલાણપણું નછતાં, જે અચંચલ, શાંત તથા નિરાકારછે. તેહેનું તેજ અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું પોતાનું સ્વરૂપછે તથા હું હું એવી પ્રાણવાયુ ચલિતકરી કલ્પના નકરતાં તથા બિજું એકછે, અને તેહેનો સાક્ષી હું છું એવો ભાવ ન ધરતાં, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું જે નિરાકાર એક, તે આપણું સ્વરૂપ સેહેજે સેહેજ નિરાકારજ છે, તથા તે આપણા નિરાકાર સ્વસ્વરૂપનાવિશે, પોલાણના કલ્પિત અસ્તિત્વાધારથી ભાસનારા, અનંત ભુગોલ વગેરે ગોલરૂપી જગદસ્તિત્વ મૂળેજ નથી, એ પ્રકારનો શુદ્ધભાવ ધરી, પછી વૃત્તીયેકરી વ્યાવહારિક વરતવું, એ યોગને જ્ઞાનયોગ કહીયે, એ જ્ઞાનયોગ, બાપા તમારા કેહેવાંથી મારા જાણ્યામાં આવ્યો, તથા એ જ્ઞાનયોગ, વૃત્તિમાં ઠશે તે વાસ્તે, સાધનરૂપી શિવયોગ, તથા વિષ્ણુયોગ તમે કહેલો તેપણ મુને સમઝાણો, અને આ જે જ્ઞાનયોગ કહ્યો, એજ મુખ્ય વેદપ્રતિપાદ્ય ધર્મમાએલો નિરાકાર પરમેશ્વરની ભક્તિનો સિદ્ધાંત છે, હવે શિવયોગ, એટલે મનોમય પદાર્થોનાં બિંદુ, ભ્રુકુટીનીમધ્યે પ્રકાશમાન કલ્પી, મન સ્થિર કરી, જ્ઞાનયોગ જે મુખ્ય, તેહેને અનુભવવો; આ શિવયોગરૂપી, વેદપ્રતિપાદ્ય ધર્મમાએલો સાધન માર્ગ મારા જાણવામાં આવ્યો, તથા વિષ્ણુયોગ, એટલે મનોમય પદાર્થોની અવતાર મૂર્ત્તિઓ, ભ્રુકુટીના મધ્યભાગે પ્રકાશમાન કલ્પિ મનસ્થિર કરી, જ્ઞાનયોગ જે મુખ્ય તેહેને અનુભવવો, એ વિષ્ણુયોગ રૂપી વેદપ્રતિપાદ્ય ધર્મ માએલો સાધનમાર્ગ મુને સમઝાણો, એથી હું સંશય વિ-

નાનો, તથા પૂર્ણ સુખીયો થયોછું અને મારી વૃત્તિ નિર્મળ થઈ એવું મારા અનુભવમાં આવ્યું. અને બાપા તમારી કૃપા મારીઉપર છે, એથી મુને એવું ઉત્તમ જ્ઞાન થયું છે.

૯૫ બા૦ દીકરા, તારી સંતોષ મુદ્રા જોવી, એન મારા શિવયોગ, તથા વિષ્ણુયોગ તથા જ્ઞાનયોગ કેહેવાનું સાર્થક છે, તે મારૂં થયું, એથી મુને આનંદ થયો છે, અને તું એવાજ સર્વ વિચારો કરતો જઇશ એવું હું ઇચ્છુંછું.

૯૬ દી૦ બાપા મુને એક પ્રશ્ન કરવાનો છે તે એવો કે, ગઈ કાલે, હું અને ગોપાલ છોકરો ભેગા થઇ બોલતા બોલતા, શ્રીલક્ષ્મીનારાયણના તથા શ્રીરામના, તથા શ્રીકૃષ્ણના, તથા શ્રી જગદંબાના, તથા શ્રી ગજાનનના, તથા શ્રી શંકરના. એટલાં મંદિરોમાંથી ફરતા ફરતા શ્રીદત્તાત્રેયના મંદીરમાં જઇ સ્વસ્થ બેઠા, એટલામાં ગોપાલછોકરો બોલવા લાગ્યો કે, આપણા વેદપ્રતિપાદ્ય ધર્મના લોકોમાં પાષાણાદિક મૂર્ત્તિઓ, કારીગરોના હાથથી કરાવી, તેઓના મંદિરો બાંધવાની ચાલ કોઇ અણસમઝુ માણસોયે ચાલુ કરી હોય, કેમકે, એ મૂર્ત્તિઓ નિર્જીવ છે એવું સર્વલોકો જાણતાછતાં, તે મૂર્ત્તિઓની પૂજા, તથા અરચા, સર્વ લોકો કરે છે, તથા તે મૂર્ત્તિઓની આગળ પુરાણો વાંચેછે, અને કથા કીર્તનો કરેછે, તથા વેદ શાસ્ત્રોના અધ્યયનો કરતા બેસેછે, તથા તે મૂર્ત્તિઓની પાસે, રાજવિલાસી સર્વ કારખાનાઓ રાખેછે, એમાં લોકદૃષ્ટયા ફાયદો કાંઇજ દેખાતો નથી; પણ આ રીત, પ્રથમથી જેણે ચાલુ કરી, તેહેની સમઝણ કેવી હતી, એહેનો ખુલાસો જણાતો નથી, પણ સમઝણ વિનાના લોકોયે, એરીત ચાલુ કરી હોય એવું મુને જણાયછે, એવી

રીતે ગોપાલ છોકરો બોલ્યો, તેનું, મેં, ઘણાં પ્રકારે ખંડન કરી સમાધાન કર્યું, પણ તે બરાબર સમઝ્યો નહીં, વાસ્તે બાપા, પાષાણાદિક મૂર્ત્તિઓનાં મંદીરો બાંધવાની ચાલ પડવાનું કારણ શું? તથા તેમાં ફાયદો શું? એ બાબત મારૂં, તથા સર્વ લોકોનું સમાધાન થાય, એવો મુને ઉત્તર માલમ પડવો જોઇયે, એ માટે બાપા, મુર્ત્તિઓ કરી, તેઓના મંદીરો શા શાર બાંધવા, એ મુને કહો?

૯૭ બા૦ દીકરા, વેદ પ્રતિપાદ્ય ધર્મ, જેણે આ સૃષ્ટિના પ્રારંભે સર્વ લોકોને કહ્યો, તે પુરૂષ કેવળ ઈશ્વરના અવતારો છે, તથા તેઓની અયોનિ સંભવ ઉત્પત્તિ થઇછે, તથા તે ઇચ્છામાત્રેકરી લીન થયાછે, અને જે પ્રાણિઓ, મનોમય, તે અવતારી પુરૂષોનું ધ્યાન કરે છે, તેઓને તે અવતારી પુરૂષોનો સાક્ષાત્કાર થાયછે તથા તે અવતારી પુરૂષો, સંકટનીવખતે નિજભક્તોનું સંરક્ષણ કરેછે, એ ફાયદો કાંઇ જેવો તેવો નથી; દીકરા, એ મોટો ફાયદો છે. એવો તે અવતારી પુરૂષોનો, આજ સુધી મહિમા ચાલ્યો આવ્યોછે, તથા આગળ પણ એવોજ ચાલસે, એમાં કાંઈજ અંતર પડવાનો નથી, એવું હું પણ જાણું છું, અને દીકરા તારે પણ જાણવું અને એજ પ્રમાણે જે વખત, તે અવતારી પુરૂષો આ જગતનાં વિશે પ્રગટ થયા, તે સમયે, સર્વ લોકોમાં તેઓનો મોટો ચમત્કાર જોવામા આવ્યો, તેથી તે વખતના ડાહ્યા, તથા સુધરેલા લોકોયે, તેઓની ઉપદેશ કરવાની જગો પ્રમાણે જગાઓ તૈયાર કરી, જેવી રીતે તેઉપદેશ કરવાવખતે મુખ્ય સ્થાને બેસતા હતા, કિંવા ઉભા રેહેતા હતા, તેવું

સ્થાન તૈયાર કરી, તેઓના સ્મરણ સારૂં, તેઓના પુતળાં, એટલે તેઓની પ્રતિમાઓ કરી રાખેલીઓ છે, તથા તે અવતારી પુરૂષોયે, જે જે કામો આ જગતમા કર્યાં, તે તે કામોના ઇતિહાસ, એટલે સર્વ પુરાણો, તે વખતના વિદ્વાન પુરૂષોયે, સંસ્કૃત ભાષામાં કરીરાખેલાંછે, તથા તે અવતારી પુરૂષોયે જે ઉપદેશ કર્યો, તે ઉપદેશોનાં પુસ્તકો, તે વખતના પંડિતોયે, સંસ્કૃત ભાષામાં કરી મુકેલાંછે તે જોઈ, તે પ્રમાણે જે ચાલેછે, તેજ વેદપ્રતિપાદ્ય ધર્મનાં મનુષ્યો સમઝવાં, વાસ્તે દીકરા, જાંહાં સુધી આ જગતમાં વેદ છે, ત્યાંહાં સુધી વેદ પ્રતિપાદ્ય ધર્મ છેજ છે એવું સમઝવું. તથા તે વેદનો દ્યોતક મુખ્ય લક્ષ્મી નારાયણ અવતારછે. વાસ્તે તેહેના સ્મરણાર્થ તેહેની પ્રતિમા, તથા તેહેના ઉપદેશ કરવાની સભાની પ્રતિમા કરીરાખવાની, જે પરંપરા ચાલેલીછે, તેજ આ મંદીરો, તથા મૂર્ત્તિઓ છે. એવું દીકરા તું સમઝ, તથા દીકરા, તૂંજ જોકે, લક્ષ્મીનારાયણના મંદીરમાં તું ગયો, ત્યારે પ્રથમ તું સભા મંડપમાં ઉભો રહ્યો, તેજ દીકરા લક્ષ્મીનારાયણના સભાની જગોની પ્રતિમા છે, એવું તું સમઝ, તથા આગળ, લક્ષ્મીનારાયણની ચતુર્ભુજની ઉભી રહેલી પ્રતિમા, એટલે મૂર્ત્તિ અવલોકન કરી, તેજ દીકરા લક્ષ્મીનારાયણ ઉભા રહી સભામંડપમાએલા, એટલે સભામાએલા લોકોને ઉપદેશ કરતા હતા તે ઉપદેશ કરવાના વખતની પ્રતિમા છે એવું તું સમઝ અને સભામંડપની નિશાની ઉપરથી, તથા લક્ષ્મીનારાયણની પ્રતિમા અધ્યક્ષ સ્થાને ઉભી હોયછે એ નિશાનીથી, તું એવું સમઝકે, સાક્ષાત લક્ષ્મીનારાયણ, સભા કરી સર્વ લોકોની સામે, પોતે અધ્યક્ષ સ્થાને ઉભા રહી, ઉપદેશ કરતા હતા, હવે તેઓના ઉપદેશની રીત એરીત શું સુધેરેલા, તથા બુદ્ધિ વાળાની પેઠેછે, કિંવા જંગલીછે, એનો વિચાર, જે કોઈ કરશે તે સેહેજ સમઝશે કે, સભા મંડપ એજ સભાના જગોની પ્રતિમા છે, તથા અધ્યક્ષ સ્થાન, તથા અધ્યક્ષ સ્થાનના વિશે લક્ષ્મીનારાયણની પ્રતિમાછે, તેજ લક્ષ્મીનારાયણના ઉપદેશ કરવાની જગોની, તથા ઉપદેશ વખતની લક્ષ્મીનારાયણની પ્રતિમા છે, તસ્માત્ સભાકરવી એ રીત કાંઈ જંગલી નથી, સભા કરવી એ તો પુર્ણજ્ઞાનીઓની રીતછે, તથા તે વખતના ઉપદેશ સાંભળનારા મનુષ્યો જંગલી હશે એવું કહીયે તો તેઓની ભાષા, તથા લીપી સંસ્કૃતછે, એ તેઓના ગ્રંથોથી અનુભવમાં આવેછે, તથા તે સંસ્કૃત ભાષા જેવી ભાષા, તથા લીપી, આ જગતમાં ઉત્તમ, તથા સુધેરેલી, બિજી મળવી નથીજ નથી, એવું પ્રત્યેક ભાષાના વિદ્વાન લોક કબુલ કરશેજ કરશે, તથા તેઓને સર્વ વિદ્યાઓ આવડતી હતી એથી તેઓના ગ્રંથમાં સર્વ વિદ્યાઓ પૂર્ણ છે, વાસ્તે દીકરા, પ્રાચીન કાળથી આજસુધી, લક્ષ્મીનારાયણ અવતારની પ્રતિમા, તેઓના સ્મરણાર્થ ચાલી આવેલીછે, તથા તે સભા કરતો હતો, એ સ્મરણ સાર સભામંડપની પ્રતિમા છે, તથા વેદ ઇત્યાદિક ગ્રંથો છે, એ વિના લક્ષ્મીનારાયણ અવતાર ખચીત થયો હતો, એહેને બિજું પ્રમાણ ન જોઈયે તથા એ પ્રમાણથી બીજાં પ્રમાણો ગૌણછે. એજ પ્રમાણે શ્રીરામ, તથા શ્રીકૃષ્ણ, તથા શ્રીજગદંબિકા, તથા શ્રીગજાનન, તથા શ્રીશંકર, તથા શ્રીદત્તાત્રેય, ઈત્યાદિકોનાં મંદિરોનો વિચાર તારે કરવો, તથા સર્વ લોકોયેપણ એવિચાર મનમાં આણવો, એટલે તેઓને પ્રતિમા કરીરાખનારા પુરા શાહાણાજ હતા

એવું સમઝશે. તથા તેઓની પ્રતિમાં કરી રાખવાની રીતની નિંદા કરનારા અમો, તદ્દનજ અજ્ઞાની છૈયે, એવું તેઓને સમઝશે, અને તે નિંદા કરવી મુકી દેશે, તથા જે નિંદાકરી મતો મચાવનારા, તથા પ્રતિમાઓ ફોડી નાખનારા, તેઓને પ્રતિમાનો મર્મ સમઝાણો નથી, તસ્માત્ તે અજ્ઞાનીયો હતા, એવું સર્વ લોક સમઝી, પ્રતિમા ભંગ કરનારા જે તેઓના ગ્રંથોને માન ન આપતાં, વેદ પ્રતિપાદ્ય ધર્મને તથા વેદ પ્રતિપાદ્ય ધર્મની રીતીને, નિંદક, પણ નિંદા કરવાનું છોડી, માન આપશે, વાસ્તે દીકરા જેવો મે તુને વિચાર દેખાડ્યો, તેવોજ વિચાર, તારે કરવો એટલે તુને સુખ થાશે, તથા તું જેહેને એવો વિચાર કહીશ, તે પણ સુખી થાશે.

૯૮ દી૰ બાપા, તમે જે રામકૃષ્ણાદિ: અવતારોની મૂર્ત્તિઓ બાબત, તથા તેઓના મંદિરો વિશે વાત કહી, તે સાંભળી, હું અત્યાનંદ પામ્યો, કારણ, અવતારોની પ્રતિમાઓ. તથા તેઓના મંદિરો, એતો કેવળ બુદ્ધિવાળા લોકોયે, તેઓના સ્મરણ સારૂ કર્યાં છે, અને તે અવતારી પુરૂષોની, સર્વ સભાની જે પ્રતિમાઓ, તેજ દેવળો, એટલે મંદિરો છે, કારણ સભામંડપ એ સભાના જનોની પ્રતિમા, તથા અધ્યક્ષ સ્થાને ઉભા રહી, અથવા બેશી અવતારી પુરૂષો ઉપદેશ કરતા હતા. તેપ્રમાણે સિંહાસન ઉપર અવતારી પુરૂષોની પ્રતિમાછે, એપ્રમાણે વેદોક્ત ધર્મના વિચાર છતાં, તે વિચાર મનમાં ન લાવતાં, દ્વિપ દ્વિપાંતરનાં વિશે, જે જે પ્રતિમાઓ હતી, તેતે, અજ્ઞાની, જે મતવાદી, તેઓએ ફોડી, પ્રજાને વ્યર્થ પીડાકરી, તથા હાલસુધી પણ કરે જાયછે, અરેરે! જે જે પ્રતિમા દ્વેષી થયા, તેઓને જો આ વિચાર સમજાત

તો તે અવતારી પુરૂષોની પ્રતિમાનો દ્વેષ ન કરત, તથા પોતપોતાના ગનવાનું, મનકલ્પિત મત મચાવી, તે મનકલ્પિત મતને, એ ઈશ્વર તરફથી આવેલું છે એવું ન કેહેત, તથા તે અવતારી પુરૂષોની પ્રતિમાઓછે એવું સમઝી, તથા તેઓની આગળ તેઓની સભાની પ્રતિમા સભા મંડપ છે એવુંપણ સમઝી, તે અવતારી પુરૂષે જે ઉપદેશ કર્યો, તેજ વેદાંત શાસ્ત્ર, તેશાસ્ત્રપ્રમાણે ચાલતે, તથા કર્મકાંડ જે ઇંદ્રિયદમન સારૂ છે, તથા ઉપાસના કાંડ જે અંતઃકરણ પંચકના શમનાર્થ છે, તે પ્રમાણે તે વર્ત્તતે, તથા કૃતકૃત્ય થતે, પણ તે મતવાદીઓને, તથા અવતારી પુરૂષોની પ્રતિમા ભંગ કરનારાઓને તથા અવતારી પુરૂષોના ઉપદેશના શાસ્ત્રો ફાડી નાખનારાઓને, તથા અહિંસકને હિંસક બનાવનારાઓને, કોઈ જ્ઞાતા સત્પુરૂષ, તે ભાષાનો, તે દેશમાં ગુરૂ નોતો, એથી, એ અનેક મતો, વેદપ્રતિપાદ્ય ધર્મના મર્મ ન સમઝી મચ્યાં, અરેરે! હવે મારી તદ્દન ખાત્રી થઈ, કે, દેવળો, એ અવતારી પુરૂષોના સભાઓની પ્રતિમાજ છે, તથા પ્રતિમા મૂર્ત્તિ એ તો અવતારી પુરૂષોના પુતળાં, તેઓના સ્મરણાર્થ, શાહાણા, તથા ઉત્તમ લોકોયે કરેલાંછે. તથા વેદ, અને શાસ્ત્રો, અને પુરાણો, એમા અવતારી પુરૂષો જે, તેઓયે કરેલા ઉપદેશો; વિદ્વાન લોકોયે લખી મુકેલાછે, તથા તેઓના ઇતીહાસપણ લખેલાછે, તથા અલંકાર યુક્ત ભાષણોથી નીતિમાર્ગ કહેલોછે, વાસ્તે આ અનાદિ વેદપ્રતિપાદ્યધર્મ સર્વ મનુષ્યમાત્રોનો છે, વાસ્તે જે કોઇ ડાહ્યા હોય, તેઓયે મદ્યમાંસ ખાવું તદ્દન છોડી, તથા હિંસા કપટ કરવું છોડી, વેદપ્રતિપાદ્ય ધર્મની ક્રિયાઓ કરવી, એટલે તે વેદપ્રતિપા-

ઘ ધર્મના થયા, એ વિના વેદપ્રતિપાદ્ય ધર્મમાં આવનારાને, બીજો વિધિ ન જોઇયે, તથા વેદપ્રતિપાદ્ય ધર્મમાં, એક ઠેકાણે બેસી નમવાની જરૂર નથી, ફક્ત નરસી ચાલો; કે જે, માદક પદાર્થો, તથા માંસ, ઇત્યાદિ ભક્ષણ કરવાની હોય, તે છોડી દેવી, અને પોતપોતાના વર્ગમા, વેદપ્રતિપાદ્ય ધર્મપ્રમાણે ચાલવું, એ સર્વ લોકોને હવેથી સારૂં છે, એવું મુને સમઝાણું, અને બાપા, પ્રતિમાના વિચારેકરી. હું તદન સંશય નિર્મુક્ત થયો છું, તથા ઘણોજ સુખી થયોછું.

૯૯ બા૦ દીકરા, તું સુખી થા. એવી જે મારી ઇચ્છા છે, તે તુને સુખીયો જોઇ પૂર્ણ થાયછે. વાસ્તે જેવો પ્રતિમાનો વિચાર કર્યો, તેવાજ સર્વ વિચારો કરતો જા, એટલે તું મોટો નામાંકિત, પ્રવીણ, તથા પ્રતાપી, અને ધર્મશીલ, એવો થઇશ, એમાં સંશય જરા નથી.

૧૦૦ દી૦ બાપા, કોઇ મનુષ્ય, અવતારી પુરૂષોના શરીરના આકારની પેઠે, મનોમય ધ્યાન કરતો છતાં, એટલે વિષ્ણુયોગ કરતો છતાં, તેહેનું શરીર પાત થાય તો તેહેને ગતી કેવી પ્રાપ્ત થાયછે ! કિંવા નીલું, અથવા પીત, અથવા આરક્ત, ઇત્યાદિ મનોમય તેજસ્વી બિંદુનું ધ્યાન કરતો છતાં, એટલે શિવયોગ કરતો છતાં, તેહેનો દેહપાત થાય, તો તેહેને ગતી કઇ પ્રાપ્ત થાયછે અથવા વિષયાદિકોનું ધ્યાન કરતો છતાં જે મરેછે, તેહેની ગતી શું થાયછે, એપ્રમાણે એ ત્રણનો, જે ગતી થાતી હોય, તે મુને કૃપાકરી કહો, એટલે, મુને મરવા પછી જે થશે, તે આજેજ ખબર પડે, એ ઉપરથી હું જન્મારા મુધી સાવધ રહી જે મરવાં પછી ગતી જોઇયે, તેવા ધ્યાનનો અભ્યાસ, જીવતાપણામાંજ દૃઢ

રાખું, એટલે મરવાં પછી મુને મારૂં ઇષ્ટફળ મળશે, વાસ્તે, જે મેં પુછ્યું, તે કૃપાકરી મુને કોહો.

૧૦૧ બા૦ દીકરા જે પ્રાણિઓ, મનોમય રામકૃષ્ણાદિક અવતારી પુરૂષોના, પ્રકાશમય શરીરના આકારનું ધ્યાન કરતા છતાં મરણ પામેછે, તે પ્રાણિઓ, મરવા પછી, તેતે અવતારી પુરૂષોના લોકના વિશે, પ્રકાશમય શરીર ધારણ કરી, ત્યાંહાંનું સુખ ભોગવતા રેહેછે, કારણ, જે જે અવતારી પુરૂષ, આ જગતમાં, જગદોદ્ધાર સારૂ પ્રગટ થયા, તે તે અવતારી પુરૂષોના સાકાર ભક્તોને, હમેશા રેહેવાની જગો, અનંત અપાર એવી એક પોલાણના, એટલે અવકાશના પેટમાં, ઇશ્વરે, કરી રાખેલીયોછે, તે એવીયો છે કે, પ્રત્યેક અવતારી પુરૂષ, અવતાર ધારણ કરેલા આકારેકરી રેહેવાનો, સ્વપ્રકાશિત, શીતળ, તથા શાંત, એવો એક એક ગોલછે, તથા તે ગોલઉપરના અવતારી પુરૂષ, પોતાની સ્ત્રીની સાથે મુખ્ય છે, એવો ઇશ્વરે ખેલ કર્યો છે તથા તે અવતારી પુરૂષોનું ધ્યાન કરી મરનારા, પુરૂષો, કિંવા સ્ત્રિયો ત્યાંહાં શરીર ધારણ કરી સુખમાં રેહેછે, તેજ તે અવતારી પુરૂષોની પ્રજાછે, અને તે અવતારી પુરૂષો સુદ્ધાં સર્વજ્ઞ, તે ગોલો ઉપરના રેહેનારા, પોતપોતાનાં સ્વપ્રકાશિત ધારણ કરેલાં શરીરમાં, એવી ભાવના કરેછે કે, આપણ, અનંત અપાર જે એક પોલાણ, તે પોલાણની અંદર એક જે અનંત અપાર, તથા ઉત્પત્તિ, સ્થિતિ, લય, વગર તથા હસ્તપાદાદિક અવયવ, તથા આકાર વગર, તથા અહંભાવના તથા અહંભાવના ધરનારૂં જ્ઞાન, એ વગર, તથા જગત થયું, તથા થાવાનું, તથા થાય છે, એ જાણવાની ભાવના વગર

ને એક, ભેદાભેદભાવ રહીત, નિરાકાર તથા જ્ઞાનઘન, તથા અચંચલ અને શાંતછે, તેજ એક નિરાકાર પરમેશ્વર છે, તથા તેહેનું જે નિરાકારરૂપ, તેજ આપણું સર્વનું હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાનું એક સ્વરૂપ છે, એવી ભાવનાયેકરી, સમાધી સુખમાં નિમગ્ન રહી, તે સ્વપ્રકાશી ગોલોનો લય થાવા વખત, તે પોતાનું સ્વપ્રકાશી શરીરજ લીન કરી, નહીંસૂંજ કરી નાખેછે, અને વારંવાર જન્મમરણના ફેરામાં, તથા અહં અહં એ કલ્પનામાં, તે અવતાજ નથી, તથા તે અવતારી પુરૂષોના ગોલો ઉપર, તે અવતારી પુરૂષોના ધ્યાનેકરી ગયો છતાં, ત્યાંહાંપણ જે નિરાકાર પોતપોતાના સ્વસ્વરૂપ સ્થિતિની શાંતી રાખતો નથી, તે ફરી, આ ભુગોલ ઉપર, અથવા પોલાણના પેટમાં અનંત ભૂગોલ છે, તે માએલા હરેક ભુગોલ ઉપર, તે શરીર ધારણ કરી સારી રીતે વરતવા લાગેછે, અને તે ફરી અવતારી પુરૂષોની ભક્તી કરેછે, એથી તેહેને અવતારી પુરૂષ સાક્ષાત્કાર આપી, ઉપદેશ કરેછે કે, નિરાકાર અનંત અમાર, એવો તું પ્રાણવાયુની અંદર અચંચલ, પ્રાણ વાયુથી પર. તથા નિશ્ચલ તથા શાંત, એવો તું અહંભાવ ધરનારા, જ્ઞાનાતીત છે, વાસ્તે પોતપોતાને વિચાર દૃષ્ટિયે જો, એટલે કલ્પના ઉઠવાનું મૂળ, જે અહંભાવ ધરનારૂં જ્ઞાન, તેજ નહીંસું થઇ, તું નિરાકાર રૂપેકરી સેહેજ સુખીયોછે તેવોજ રહીશ, એપ્રમાણે ઉપદેશ થવા પછી, તે પ્રાણી સુખીયો થઇ, જીવન્મુક્ત એવો, શરીર પડવાં સુધી વરતે છે, તથા શરીર પડવાં પછી, તેહેનું અહંપણું, કિંવા અહંપણું ધરનારૂં જ્ઞાન, એ કાંઇજ રેહેતું નથી, એથી તેહેને, સ્વપ્રકાશી

ગોલોઉપર જાવું, કિંવા વારંવાર જન્મ પામી મરવું, એકાંઇજ રેહેતું નથી, તથા તે નિરાકાર સ્વસ્વરૂપ જ્ઞાનેકરી નિરાકારજ છે તેવોજ રેહેછે, તથા તેહેનેજ કલ્પનાની પેલીતરફનું સ્વસ્વરૂપનું જ્ઞાન થયું એથી તેજ પૂર્ણ થઈરહ્યો એપ્રમાણે રામ, કૃષ્ણ, ઈત્યાદિક અવતારી પુરૂષોના શરીરના આકારનું મનોમય ધ્યાન કરી મરનારાની ગતીનો, આદ્યોપાંત પ્રકાર કહ્યો, એજ પ્રમાણે, તથા એજ ગતી જે શિવયોગ કરેછે, એટલે નીલ, પીત, ઇત્યાદિ બિંદુઓના, સૂર્યાદિક જેવા તથા અગ્ની સરખા, તથા શાળિગ્રામ શિલાદિકો જેવા ધ્યાનો કરી મરેછે, તેહેની થાયછે, એ પ્રમાણે શિવયોગ, તથા વિષ્ણુયોગ, એ બેહુ યોગોની ગતી એકસરખીજ છે; જો કે શિવયોગી, એટલે બિંદુનું ધ્યાન કરી મરનારો જે, તે હરેક અવતારી પુરૂષોના, સાકાર ભક્તો સારૂ, કરી મુકેલા સ્વપ્રકાશી ગોલો ઉપર જાયછે, અને વિષ્ણુયોગીપ્રમાણે ગતી પામેછે; હવે જે પંચવિષયના ભોગોની ઇચ્છારાખી, હરેક વિષયનું ધ્યાન ધરી મરેછે, તે વિષયયોગી છે, તે મરવાં પછી મનુષ્યની યોનીમા, અથવા અનેક પશ્વાદિક જીવોની યોનીમાં જન્મપામી, જે જે વિષયોનું ધ્યાન કરી મરેછે, તે તે વિષયોનો ભોગવવા વાળો, અથવા તે વિષયોને ઉત્પન્ન કરનારો, અથવા તે વિષયોનો ભાર વેહેનારો, અથવા તે વિષયોની ચિંતા કરનારો, અથવા તે વિષય, જે જીવોમાં છે, તે જીવો પ્રમાણે, તદ્રૂપતા ધારણ કરતા, એવા એવા પ્રકારના વારંવાર જન્મ લેવા, અને મરવું, અને ફરીજન્મેઆવી ફરી મરવું, એવા અનેક દુઃખોના ફેરામાં, વિષયનું ધ્યાન ધરી મરનારો પડેછે, વાસ્તે દુઃખમાં ન પડવું, તે સારૂ શિવયોગ, કિંવા વિ-

ષ્ણુયોગ, એનો અભ્યાસ, મનુષ્ય શરીર ધારણ કરનારે અવશ્ય રાખવો; અને જ્ઞાનયોગ, એટલે વિષ્ણુયોગનું, કિંવા શિવયોગનું, ધ્યાન કરનારાને જે સ્ફુરેછે, તે જ્ઞાનયોગ એટલે હું, હુંપણું ધરનારા જ્ઞાન પહેલાથીજ, સેહેજ નિરાકાર છું, એવી ભાવના, એજ જ્ઞાનયોગ, એ સ્ફુરદ્રૂપ થઇ જે મરેછે, તેહેને સ્વપ્રકાશી ગોલો ઉપર જાવું, અથવા ફરી જન્મ લેવો એ નથી, કારણ તે સ્વદેહાતીત, તથા અહંપણાતીત, તથા અહંપણું ધરનારા જ્ઞાનાતીત, પોતપોતાને, જીવતાંજ, નિરાકાર છૈયે એવું અનુભવે છે, એથી તેહેનું શરીર પડવા પછી, તેહેને જન્મજ નથી, તથા તે, એકદેશી નથી, કારણ કે, નિરાકાર પરમેશ્વર, અનન્યા, તથા સર્વ ઠેકાણે છે, તેહેના સ્વરૂપના વિશે, તે જ્ઞાનયોગી અનન્ય છે, એટલે નિરાકારથી હું અન્ય જુદોછું, એવી ભાવનાયેકરી તેહેનું જીવવું, કિંવા મરવું, મૂળોજ નથી, તેથીજ તેહેને નિરાકાર રૂપનું અસ્તિત્વ, મરવાં પેહેલાંજ પ્રાપ્ત થયુંછે, તેજ મરવા પછી તેહેનું અસ્તિત્વ રેહેછે, વાસ્તે જ્ઞાનયોગીના ગતીનો પ્રકાર ઘણોજ ઉત્તમછે, તથા જ્ઞાનયોગની પ્રાપ્તીને સાધન, શિવયોગ, તથા વિષ્ણુયોગછે એમાટે દીકરા શિવયોગીની ઉત્તમ ગતી, તથા વિષ્ણુયોગીની ઉત્તમ ગતી, અને વિષયયોગીની નરસી ગતી, તથા જ્ઞાન યોગીની અત્યુત્તમ ગતી, એ ગતીઓ, મેં તુને કહી તેવી તું સમઝ, અને જે તુંને ઇષ્ટ તેજ કર.

૧૦૨ **દી૦** બાપા, તમારા કેહેવાંથી, મરવાં પછી શિવ યોગીની ઉત્તમ ગતી, તથા વિષ્ણુયોગીની ઉત્તમગતી, અને વિષયયોગીની નરસી ગતી, એટલે નીચ ગતી, તથા જ્ઞાનયોગીની અત્યુત્તમ ગતી, એ ગતીઓ મુને સારી રીતે સમઝાંણીઓ,

વાસ્તે હું વિષયયોગઉપર પ્રીતિ કદીજ રાખવાનો નથી. અને શિવયોગ, તથા વિષ્ણુયોગ, એઓના સાધનદ્વારા જ્ઞાનયોગ કરીશ, અને હું નિરાકાર પરમેશ્વરનો અનન્ય ભક્ત થઈ, જીવતાપણામાંજ નિરાકાર, પોતપોતાના સ્વરૂપની ધારણા રાખીશ એટલે મારૂં શરીર પડવાપછી, મારૂં મુને નિરાકાર સ્વરૂપનું અસ્તિત્વ રેહેશે, એથી મુને વારંવાર જન્મ મરણના ફેરા ભોગવવા પડશે નહીં, વાસ્તે મુને જ્ઞાનયોગ, જે અત્યુત્તમ ગતિદાયક, તેજ ઇષ્ટ છે, તથા તે જ્ઞાનયોગની પ્રાપ્તીનાં સાધનો, શિવયોગ, તથા વિષ્ણુયોગ, તે પણ મુને ઇષ્ટછે, તથા તે સર્વ હું કરીશ, અને એ, મરવા પછી થનારી ગતીનું જ્ઞાન, બાપા તમારી કૃપાના શબ્દો શ્રવણ કરવાથી મુને થયું, હવે હું તમારો બદલો આપનારો શીરીતે થઉં? પણ તમારો હું આજ્ઞાધારક થઇ રહીશ, એહેમાં મારી સાર્થકતા છે, એ વિના બિજું શ્રેષ્ટ કાંઇજ નથી.

૧૦૩ **બા૦** દીકરા, તું સર્વ વિદ્યાઓની સમઝણ મારી પાસેથી કરી લે, એટલે હું પિતૃ ધર્મથી છુટો થઇશ, અને તું પ્રેમળપણાંથી મારી સાથે સર્વ વ્યવહારમાં વર્તતો જા, એથી તું પુત્ર ધર્મથી છુટો છે.

૧૦૪ **દી૦** બાપા, અવતારી પુરૂષોની પ્રતીમાઓ ઉપર, ફુલો, તથા તુળશી, તથા બિલ્વપત્ર, તથા દુર્વા તથા મોતી, અને હીરા, વગેરે ચઢાવેછે, એથકે વિશેષ ફાયદો કિયોછે, એ મુને કહો.

૧૦૫ **બા૦** દીકરા જો કે, ફુલો, તથા મોતી, તથા હીરા ઇત્યાદિ પદાર્થો, અવતારી પુરૂષોની પ્રતિમાઓ ઉપર ચઢાવવાની ચાલ પાડી છે, તે ચાલ થકે કેવડો મોટો ફાયદો

છે, જુવો જુવો! કોઇ એક બ્રાહ્મણ પ્રતિમા પુજક છે, તે તથા એક બે પ્રતિમા દ્વેષી મનુષ્યો બિજા, એવા મળી, એક સુંદર બાગમાં ચાલતા છતાં, પુલો, તથા તુળશી, તથા દુર્વા, અને બિલ્વપત્ર, વગેરે પદાર્થો ત્રણેની નજરે પડશે, ત્યારે બ્રાહ્મણના મનમાં એવું આવશે કે, તુળશી શ્રી વિષ્ણુ ઉપર ચઢાવવા યોગ્ય એવી ખીલેલીઓ છે, તથા બિલ્વપત્રો શ્રીશંકરને ચઢાવવા યોગ્ય છે, તથા દૂર્વા શ્રી ગન્દનન ઉપર ચઢાવવા જેવીઓ છે, અને આ બકુલના વૃક્ષના સુંદર પુલો લઈ, જો હાર કર્યો, તો શ્રીરામના ગળામાં સારો શોભશે, તથા આ ઉદક યુક્ત રમણીય જગો, હૃદયસ્થ ઇશ્વરનું, અવતાર રૂપેકરી ધ્યાન કરવાને અત્યુત્તમછે, એપ્રમાણે તે બ્રાહ્મણનાં મનમાં, બાગ જોવાથી, સુવિચાર, તથા ઇશ્વરભક્તી પ્રગટ થશે, એ ફળ. બ્રાહ્મણને, ફક્ત બાગ જોવાથી પ્રાપ્ત થશે, અને જે પ્રતિમા દ્વેષીઓ બાગમાં ફરતા જશે, તેઓનાંમનમાં એવીઓ વિષયવાસનાઓ ઉત્પન્ન થશે કે, આ બાગ; નાચ, તમાસો કરવા લાયક છે, એ નરસા વિચારોથી, તે પ્રતિમા દ્વેષી મનુષ્યો, તે બાગમાં બેશી, મદ્યપ્રાશનાદિક નીચકર્મો આચરણ કરી, જગન્નિયંતાને ભૂલી જાશે, અને અવતારી પુરૂષોની પ્રતિમા ઉપર, પુલો વગેરે ચઢાવનારા, તેજ બાગમાં ગયા છતાં, પુલો, તથા તુળશી, તથા દુર્વા, તથા બિલ્વપત્ર, તથા પાણી, વગેરે પદાર્થો જોતાંવેતન, અવતારી પુરૂષોનું, તથા અવતારી પુરૂષોયેકરેલા ઉપદેશ પ્રમાણે નિરાકાર પરમાત્માનું તેઓને સ્મરણ થવા લાગશે. અને, આ મનુષ્ય શરીરમાં, નિરાકાર પરમાત્માનું સ્મરણ જે અહંવૃત્તિ ધરનારા જ્ઞાન પેહેલા-

નું, સ્વકીય અસ્તિત્વ ભાવનાની ઐકયતાથી કરેછે, તેજ તરેછે, વાસ્તે, તે તારક સ્મરણ, અવતારી પુરૂષોની પ્રતિમાં ઉપર, પુલો, તથા તુળશી, વગેરે જે ચઢાવેછે, તેહેને, બાગ જોતાંવેતન થાયછે, એ અવતારી પુરૂષોની પ્રતિમાં ઉપર પુલો ચઢાવનારાઓને વિશેષ ફાયદોછે, તે ફાયદો, દ્વેષ્ટાઓને નથી, એ વાતનો વિચાર કર એટલે એવાત તારા અનુભવમાં આવ્યાવિના રેહેશેજ નહીં, અને જે કોઇ, આ વાતનો વિચાર કરશે, તેહેનાપણ ધ્યાનમાં આવ્યાવિના રેહેશે નહીં, વાસ્તે દીકરા, આ વાતનો વિચાર કરવો, અને પ્રતિમાનો દ્વેષ ન કરતાં, પ્રતિમાઉપર પુષ્પાદિક પદાર્થો ચઢાવેછે, તેમાર્ગ બાળકોને પણ, પરમેશ્વર સ્મારક છે, તથા અતિ ઉત્તમછે, એવું સમઝી, કોઇયે નિંદવો નહીં; અને જે અજ્ઞાનપણાથી નિંદા કરશે, તે મનુષ્ય, આ કહેલી વાતનો વિચાર જો કરશે, તો તેપણ નિંદા કરવી તદ્દન છોડી દેશે.

૧૦૬ દી૰ બાપા, હવે મારી પુરી ખાત્રી થઈ, તથા અનુભવપણ રોજનોછે, કે તુળશી, તથા પુલો, તથા બિલ્વપત્ર તથા દુર્વા, ઇત્યાદિ પદાર્થો જોતાંવેતન, મુને, અવતારી પુરૂષોની પ્રતિમાઓ ઉપર ચઢાવવાના નિમિત્તથી, અવતારી પુરૂષોનું ખામોખા સ્મરણ થાયછે, તથા તે અવતારી પુરૂષોની કીર્ત્તીનું, તથા તેઓયે કરેલા ઉપદેશોનું પણ ખામોખા સ્મરણ થાયછે, વાસ્તે અવતારી પુરૂષોની પ્રતિમા ઉપર, પુષ્પાદિક ચઢાવવાની રીત, મોટી, પરમાત્માના સ્વરૂપની સ્મારક છે, તથા વિષય વાસનાઓની વૃદ્ધિ, તથા સ્મૃતી થવા ન દેતાં, બાગમાં પુલો વગેરે પદાર્થો જોવાંથી, ઇશ્વરની સ્મૃતી

થાય છે, એ સાચું છે વાસ્તે, એ જે પુરૂષોયે ચાલ ચલાવી, તે અતિશે દુર દ્રષ્ટા પુરૂષ હતા, એમાં કાંઈજ સંશય નથી, તથા એ ચાલ નિંદનારા, તે સર્વ અવિચારી છે, વાસ્તે તેઓએ, આ વાતનો વિચાર કરવો, અને નિંદા કરવાનું મુકીદેઈ, અવતારી પુરૂષોની પ્રતિમા ઉપર, પુષ્પાદિક ચઢાવવાની રીત પ્રમાણે ચાલવાનો ઘણો શોખ રાખવો, એટલે પુષ્પાદિક પદાર્થો જોતાંવેતજ, તેઓને અવતારી પુરૂષોનું સ્મરણ થશે, જુવો, એ પુષ્પાદિક ચઢાવવાની ચાલ, સ્ત્રિયોને, તથા બાળકોને પણ ઈશ્વરની ભક્તિનું સ્મરણ આપેછે, તસ્માત્ એ ચાલ, જેવી આપાળ વૃક્ષને ઈશ્વર સ્મારક છે, તેવી સુલભ, બિજી ચાલ, આ જગતનાવિશે કોઈજ નથી, તસ્માત્ એ ચાલ ચલાવનારા, તથા એ ચાલ, બેઉ વંદ્ય છે, એ બાપા તમારી કૃપાથી મુને સમઝાણું, અને હું ઘણોજ સુખી થયો.

૧૦૭ બા૦ દીકરા, પુષ્પાદિક પદાર્થો, અવતારી પુરૂષોની પ્રતિમા ઉપર ચઢાવવાનો મર્મ એવો છે કે, સર્વ મનુષ્યોને, સર્વ વસ્તુ જોવાંથી, ઈશ્વર સ્મરણ થાય, તે મર્મ તું યથાર્થ સમઝ્યો, એથી મુને સંતોષ થયો.

૧૦૮ દી૦ બાપા, ગઈ કાલે, હું, નદીઉપર સ્નાન કરવા ગયો હતો, તે વખત, જે મે જોયું, તથા તે પ્રમાણે મેં પણ થોડું થોડું આચરણ કર્યું, તે જોઈ, મારી સાથે ગોપાલ છોકરો હતો, તે બોલવા લાગ્યો કે, તું સૂર્યને નમસ્કાર કરે છે એમાં શું છે ? તથા હર ગંગા ભાગીરથી કહે છે તેમાં શું છે ? તથા આ લોક, મૃત્તિકાનાં લિંગો કરી પુજા કરે છે, એમાં શું છે ? તથા આ લોક, ધ્યાન કરતા બેઠાછે તેમાં શુંછે ? તથા આ મનુષ્યો, ગોમુખીમાં હાથ ઘાલી મંત્રો ગોખતા બેઠાછે

એમાં શું છે ? તથા આ સંધ્યા કરવા બેઠાછે તેમાં શું છે ? તથા આ લોક, દેવળની ફરતી પ્રદક્ષણા કરતા ફરેછે, એમાં શુંછે ? તથા આ લોક, તાણી તાણીનેં વેદ બોલતા બેઠાછે તેમાં શું છે ? તથા આ સર્વ વર્ણના લોકો એકઠા થઈ, શ્રીમત ભાગવત સાંભળવા બેઠાછે, એમાં શું છે ? તથા આ લોક, તંબુરા, તથા ઝાંજો વગાડી, જય જય રામકૃષ્ણ હરી બોલેછે, તથા ગાય છે, તથા કેટલાક તેઓનું સાંભળેછે, અને નાચે છે, તેમા શું છે ? ઇત્યાદિ ઘણીક વાતો ગોપાલ છોકરો બોલ્યો, તેહેની સર્વ વાતોના મેં ઉત્તરો આપી, તેહેનું સમાધાન કર્યું, પણ તે વ્યર્થ વારંવાર શંકા કાઢવા લાગ્યો, તે વખત તેહેને મે હળવે રહી. કહ્યુંકે, અરે ગોપાલ તુંને, રીશ, આવવા દેઇશ નહીં, પણ તું એમાં શુંછે તથા તેમાં શું છે એવું બોલે છે, એવું જે તારૂં બોલવું એમાપણ શુંછે, તથા તું અમસ્તોસ્નાન કરીને જાયછે તેમાપણ શુંછે એવું જો તુને કોઇયે પુછ્યું, તો તારામનમાએલા વિચાર પ્રમાણે તૂં ઉત્તર આપીશના ! તેન પ્રમાણે, આ સર્વ વાતોના સર્વના હું ઉત્તરો આપુંછું કે, તેં, જેવાતો બાબત એમાં શું છે, એવું કહી પ્રશ્ન કર્યા, તેઓના ઉત્તરો એજ કે, એમાં ઘાતપાતાદિક નરસાં કર્મો કાંઈજ ન છતાં, હરેક રીતીયેકરી ઇશ્વરનું સ્મરણ છે, તથા તેમાં શું છે, એવા જેજે વાતોબાબત, તેં પ્રશ્ન કર્યા, તેમાં પણ ઘાતપાત વગેરે નરસાં કર્મો ન છતાં, હરેક રીતે, ઇશ્વરનું સ્મરણ તથા ચિંતન છે, એજ એમાં શું છે, તથા તેમાં શું છે, એ બેઉનો મુખ્ય ઉત્તર છે, એવું મેં ગોપાળાને કહેતાંવેતજ, ગોપાળાને પશ્ચાત્તાપ થયો, અને તે સદ્ગદીત થઇ કહેવા લાગ્યો કે, અરેરે ! હું આજસુધી, આ સર્વ વ્યર્થ સમઝતો

હતો, પણ જો, આ સર્વ કર્મોમાં, ઈશ્વરનું સ્મરણ, કાયા વાચા મન ઘસીને, એટલે મેહેનત લઈને આ સર્વ લોકો કરે છે, તો તે સર્વ તેઓનું કરવું સારૂં, તથા યથાર્થ છે, અને એમાં શું છે, તથા તેમાં શું છે એપ્રમાણે હું બોલ્યો, તે મારૂં બોલવું નરસું છે, એ પ્રમાણે ગોપાળો કબુલ થઈ, પછી હું, અને ગોપાળો, પાછા આવ્યા, વાસ્તે બાપા મેં ગોપાળને ઉત્તર આપ્યો, તે ઉત્તર બરાબર છે, કે તેમાં કાંઇ ન્યુનાધિક છે, એ મુને સમઝાણું જોઈયે, વાસ્તે બાપા, કૃપા કરી કહો.

૧૦૯ બા૦ દીકરા, જે તેં ગોપાળને ઉત્તર આપ્યો, તે ઉત્તર સાચોછે, કારણ, સ્નાનસંધ્યાદિક સર્વકર્મોમાં, ઈશ્વરના સ્મરણ વિના બિજું કાંઈજ નથી, હવે કોઈ કેહેશે કે, સ્મરણ કરવું, એતો મનનો ધર્મ છે, પછી આચમન કરવા, તથા નમસ્કાર કરવા, તથા નાચવું, અને રામકૃષ્ણાદિકોનાં નામો લેવા, એમાં શું છે, તથા તેમાં શુંછે, તો તે બોલવું બરાબર નથી, કેમકે, ચોખાનો દાણો સળી ઉપર પાકેછે, પણ તે કુંમળોછતાંજ, તેહેની છાલ કાઢીનાખીયે તો, તે પાકવાનો નહીં, તથા મીઠાસમાં આવવાનો નહીં, તથા નિર્બીજ થશે, તેમજ ઈશ્વરના સ્મરણની તરફ મન લગાડવા વાસ્તે, ઇંદ્રિયો, તથા પ્રાણ, અનકુળ નહોય તો, ઈશ્વરનીતરફ મન લાગવાનું નહીં, અને તે મનમાં કેવાકેવા વિચારો પેશી, ઈશ્વરભક્તીનું, એટલે ઈશ્વર પ્રીતીનું બીજ, મનમાં ઉત્પન્ન થવાનું નહીં, વાસ્તે, સ્નાન સંધ્યાવગેરે ક્રિયાઓ, એ ઇંદ્રિયો દમન સારૂ લગાડીયો છે, તે ક્રિયાઓ કરવાની તરફ, ઇંદ્રિયો, સ્વાભાવિકપણાયેકરી ગુંથાઇ રહીઓ, એટલે મન પણ, તે ક્રિયાઓના, તથા તે શબ્દોના

અર્થ પ્રમાણે ઈશ્વરની તરફ રજુ થઈ રેહેછે, વાસ્તે તે સ્નાનસંધ્યા વગેરે ક્રિયાઓ કરનારાને, આમાં કાંઈ નથી, તેમાં કાંઇ નથી, એવું ત્રાસદાયક કોઇયે પણ બોલવું નહીં, એવું ભગવત ગીતા અધ્યો ૩ ત્રિજો, શ્લોક ૨૬ છવીસમો. "ન બુદ્ધિભેદંજનયેદજ્ઞાનાંકર્મસંગિનાં ॥ જોષયેત્સર્વકર્માણિવિદ્વાન્યુક્તઃસમાચરન્ ॥ " એવું છે, એનું કારણ, તેઓની તે ક્રિયાઓ કરવાંથીજ, તેઓનાં મનમાં ઈશ્વરનું સ્મરણ રેહેછે અને તેઓના ઈશ્વર સ્મારક સ્નાન સંધ્યાદિક ક્રિયાઓની નિંદા કરવાંથી તેઓના મનમાએલા, ઈશ્વર સ્મરણમાં, તે નિંદારૂપી બોલવું, વિઘ્નરૂપી થઈ પડેછે, વાસ્તે, ઈશ્વર સ્મરણમાં કોઇહોય તેહેને વિઘ્ન કરવું, એ મોટો અપરાધછે, વાસ્તે એમાં શું છે, તેમાં શું છે, એ બોલવું સર્વ લોકોયે છોડી દેવું, અને તે સ્નાન સંધ્યા ઈત્યાદિ કર્મોના મર્મોની તરફ દૂર દૃષ્ટીયે અવલોકન કરી, પોતાને ખબર હોય તો, તેતે ક્રિયાઓનું મર્મ, એટલે તે સ્નાન સંધ્યા વગેરે ક્રિયાઓ કરવામાં, જે વેદોક્ત, અથવા શાસ્ત્રોક્ત, અથવા પુરાણોક્ત, અથવા સ્વદેશ ભાષાના શબ્દોછે, તેતે શબ્દોનો અર્થ કરી, તેમાં ઈશ્વરનું, જેવી રીતે પ્રતિપાદન કરેલું છે, તેપ્રમાણે પ્રતિપાદન કરવું, એજ બુદ્ધિમાનને યુક્તછે, તેજ તેઓયે કરવું, એપ્રમાણે, સર્વજ સ્નાનસંધ્યાદિક નિત્ય નૈમિત્તિક કર્મોનો વિચાર, ઇંદ્રિયોના દમન સારૂં, તથા મનના નિયમ સારૂં છે, તે સમઝવો, એટલે ઈશ્વર ભક્તી અધિકાધિક વૃદ્ધિગત થાતી જાયછે, વાસ્તે, દીકરા તું સુબુદ્ધિવાન છે, તો હું એજ કહું છું કે, તું પોતેબરાબર ક્રિયાઓકરી શુદ્ધથા, અને ઈશ્વરનું મનથી સ્મરણ કરતો જા, અને લોકોને વેદ

પ્રતિપાદ્ય ધર્મપ્રાપ્ય થવા દઇશ નહીં, કારણ સર્વ કર્મોના હેતુ ગુપ્ત હોયછે. તે અલ્પબુદ્ધિ જેઓની, તેઓની સમઝણમાં આવવાના નથી. પણ પ્રૌઢને ખબર પડેછે.

૧૧૦ દી૰ બાપા, મુને અત્યાનંદ થયો, કારણ, તમે જેવો સ્નાનસંધ્યાદિક કર્મોનો મર્મ કહ્યો. તેમજ પેહેલાંથી મારા પણ ધ્યાનમાં આવ્યો હતો, અને તેહેને તમારા કેહેવાંથી પુષ્ટિકરણ આવ્યું, અને કર્મો બાબત હું સંશય નિર્મુક્ત થયો છતાં સુખી થયો.

૧૧૧ બા૰ દીકરા, તેં કર્મોનો વિચાર સારો કર્યો, અને સ્નાનસંધ્યા તથા ભજન પૂજન, ઇત્યાદિ નિત્ય નૈમિત્તિક કર્મો,એ ઇંદ્રિય નિયમાર્થ છે. તે વિના ઈશ્વરનું સ્મરણ થવાનું નહીં. એવું તું સમઝ્યો, એથી મારા ઉપદેશની સાર્થકતા થઇ, એથી મુને આનંદ થયો.

૧૧૨ દી૰ બાપા વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો, ભુગોલ, તથા ભુગોલ જન્ય કાષ્ટ, તથા પાષાણ, તથા મૃત્તિકાદિકોની પ્રતિમાઓ, તથા લિંગો, એટલે બિંદુ ધારણાના ચિન્હો, વગેરે મનમા કલ્પી, તથા કૃતીથી કરી, તેમાં દેવ ભરેલો છે એવું "સભૂમિવિશ્વતો વૃત્વા" એ પુરૂષ સુક્તની, ઋચાપ્રમાણે માને છે, તથા પાણીનાં, જે સમુદ્રાદિક નદીઓ વગેરે સમુદાય. તે સર્વ તીર્થોછે, એ ભાવનાથી પાણીમાં દેવ ભરેલો છે, એવું વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો માનેછે, તથા અગ્નિહોત્રાદિક હોમ કરવાનાં કુંડો બનાવી, સંપૂર્ણ અગ્નિમાં ઇશ્વર ભરેલોછે, એવું માને છે, તથા શરીરમાએલા પંચપ્રાણ વાયુમાં, તથા શરીરની બાહેરના જડ વાતાવરણમાં એટલે પરમાણું રૂપી પૃથ્વી, આપ, તેજમાં, તથા

તેહેની માએલા પરમાણું રૂપી સૂક્ષ્મ વાયુમાં ઇશ્વર ભરેલોછે એવું માનેછે, તથા દશ દિશાઓ એટલે આકાશ, અને આકાશ એટલે સર્વ પોલાણ, તે પોલાણમાં ઇશ્વર ભરેલોછે એવું માને છે, તથા ચંદ્રમંડલ એટલે ચંદ્રગોલ, તથા સૂર્યમંડલ એટલે સૂર્યગોલ, તથા ભુમંડલ એટલે ભુમીનો ગોલ તથા અનેક ગ્રહતારા મંડલો એટલે અનેક ગ્રહ તથા તારા ગણાઓના ગોલ, એપ્રમાણે અનંત બ્રહ્માંડો એટલે મોટા, મોટા, તથા ઇંડાના આકાર જેવા સ્વપ્રકાશી, તથા પરપ્રકાશી અનંતગોલો, એજ, અનંત બ્રહ્માંડોએ શબ્દનો અર્થ છે, તથા એ સર્વ ગોલોઉપરની સ્થિરસૃષ્ટી, એટલે વૃક્ષાદિક, તથા ચરસૃષ્ટી, એટલે મનુષ્યાદિક જલચર, ભૂચર ગગનચર, ઇત્યાદિ શ્વાસવાન જીવ એટલે પ્રાણિમાત્ર, ઇત્યાદિ આ સંપૂર્ણ ગોલો સહીત સર્વ સૃષ્ટીમાં એક વ્યાપક દેવ ભરેલો છે, એવું માને છે, તથા એ વ્યાપકદેવથી જુદો, જે એક નિરાકાર દેવછે, તેહેને આ સૃષ્ટીનું કાળાપણું એટલે અંજન સ્પર્શેલું નથી, તેથી તે નિરંજન છે, એવું માને છે, તથા તેહેના નિરાકાર સ્વરૂપને, પોલાણ સોત સકલ વિશ્વનો લેપ વળગ્યો નથી, તસ્માત તે અલિપ્ત છે એવું માને છે, તથા તેહેનું સ્વરૂપ. પરમાણુંથી તે ગોલસુધી, કોઇન આકાર જેવું આકાર રૂપ નથી. તેથી તે નિરાકાર છે એવું માને છે, તથા તે સતછે. એટલે સર્વકાળ અસ્તિત્વે કરીછે એવું માને છે, તથા પોલાણના અસ્તિત્વાધારેકરી ભાસનારા પરમાણુંઓનું જે અસ્તિત્વ. તથા પરમાણું જન્ય પદાર્થોનું અસ્તિત્વ, તે સર્વ નિરાકાર સ્વરૂપના, સત, એટલે સાચા અસ્તિત્વમાં, અસત, એટલે મિથ્યા ભાસછે,

તથા કલ્પના જે કરેછે તેણેજ કલ્પ્યું છે, તે જો કલ્પનારો, પોતે પોતાને, શરીર પ્રાણની અંદર અનુભવી જોવા લાગશે, તો તેહેના અહંવૃત્તિ ધરનારા જ્ઞાનના અસ્તિત્વની સાથે, તેહેની કલ્પનાએ કરી કલ્પેલા સંપૂર્ણ પોલાણસોત જગતના અસ્તિત્વનો મુદ્દોપણ રેહેનાર નથી તથાપિ સત એટલે નિરાકાર પરમેશ્વરના સાચા અસ્તિત્વપણાયે કરી જેમ અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો છે, તેવુંજ અહંપણું ધરનારૂં જ્ઞાન ગયાં પછી, પોતેપોતાથી નિરાકાર રેહેશે એવું માને છે, એપ્રમાણે વેદપ્રતિપાદ્ય ધર્મના લોકોનો સિદ્ધાંત વેદપ્રતિપાદ્યછે, તે સિદ્ધાંત સાચો છતાં સર્વ મનુષ્યોને સમઝાતો નથી એનું કારણ શું? તે બાપા મુને કૃપાકરી કોહો.

૧૧૩ બા૦ દીકરા, પૃથ્વી, તથા આપ, તથા તેજ, તથા વાયુ, તથા આકાશ, એટલે પોલાણ, એ પાંચ મહાભૂતો છે, એ પંચ ભૂતોની, પંચ ભૂતાત્મક ભૂગોલ વગેરે અનંત બ્રહ્માંડ ગોલ રૂપ સૃષ્ટી છે, તથા તે સર્વ ગોલો ઉપરની જીવ સૃષ્ટી પણ પંચભૂતાત્મક છે, તે સર્વ સૃષ્ટી પંચવિષય રૂપે કરી, શરીરસ્થ જે આપણે, એટલે અંતઃકરણપંચક રૂપ આકાશ છૈયે, તે આપણા અંતઃકરણપંચક રૂપને, પ્રાણપંચકના આધારે કરી, જ્ઞાનેંદ્રિયપંચકના રાહે, વિષયપંચક રૂપે કરી સર્વ સૃષ્ટિ ખબર પડે છે, તથા પંચવિષયરૂપી સર્વ સૃષ્ટીનો નિજધ્યાસ, શરીરસ્થ આપણે, એટલે અંતઃકરણપંચક રૂપ આકાશ છૈયે, તે આપણને સર્વ વખત લાગેલોછે એ પ્રમાણે સર્વ પ્રાણિમાત્રોને, વિષયપંચકરૂપ સર્વ સૃષ્ટીનો સર્વકાળ નિજધ્યાસ લાગેલોછે, એથી પંચવિષયરૂપી પંચભૂતાત્મક સૃષ્ટીથકે જે પરછે, તથા તે સ્વપ્રકાશ નિરાકાર પરમાત્મા પર-

બ્રહ્મ અવિનાશ સર્વત્ર ભરેલો દેવછે, તેહેનું ઐક્ય ભાવનાયે કરી પ્રાણિમાત્રોને સ્મરણ થાતું નથી, તથા તેહેના ઐક્ય ભાવનાના સ્મરણવિના તો કોઈજ પ્રાણી તરતો નથી, એવું બ્રહ્મવેત્તા જ્ઞાની પુરષો જે, તેઓએ જાણી, સંપૂર્ણ સૃષ્ટીનું પંચ વિષય રૂપે કરી પ્રાણિમાત્રોને સ્મરણ થાતું છતાં પણ, નિરાકાર દેવ જે સર્વ ઠેકાણે ભરેલો છે તેહેનું સ્મરણ થાય, એવાં કારણ સારૂ, પંચવિષય રૂપ સૃષ્ટીમાં, નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ જોતા જાવું, તેથી આ ઉપાસનામાર્ગ, સર્વ જનોને લગાડી આપ્યો છે, કે ભૂમીરૂપ ગોલાકૃતિચિન્હ એટલે લિંગ, તેનો આકાર કરી, તેહેમાં દેવની ભાવના કરવી, એટલે સંપૂર્ણ પૃથ્વીમાં દેવની ભાવના સ્થિર થશે, તથા પાણીમાં પણ દેવ ભરેલોછે એવી ભાવના, તીર્થાદિકોની ભાવનાયેકરી દઢ થાશે, તથા અગ્નીમાં તથા વાયુમાં, તથા આકાશ એટલે પોલાણમાં, એજ પ્રમાણે નિરાકાર પરમેશ્વર ભરેલો છે, તેહેની ભાવના કરવી, આ ઉપાસનામાર્ગ લગાડી આપ્યો છે, તથા પંચભૂતાત્મક, સર્વસૂર્યગોલ તથા ભૂગોલાદિક અનંત બ્રહ્માંડ ગોલોમાં, તથા તે ગોલો ઉપરની જીવ સૃષ્ટીમાં, દેવની અસ્તિત્વ ભાવના કરવી,તથા પોતાના સ્વશરીરમાં, તથા મનોમય કલ્પેલી મૂર્તિમાં પણ નિરાકાર દેવ ભરેલોછે એવી દેવની અસ્તિત્વ ભાવના કરવી એજ ઉપાસના માર્ગ, એ માર્ગ, સર્વ વિષયોનું અખંડ સ્મરણ થાતું છતાં પરમેશ્વરનું સ્મરણ થવાનો છે, એ માર્ગને ઉપાસના માર્ગ, એટલે ઉપાસના કાંડ કેહેછે, એ માર્ગ વેદ પ્રતિપાદ્ય છે, તથા હંમેશા દેવનું સ્મરણ આપવા વિશે અતિશય સમર્થ છે. એ મનુષ્યબુદ્ધિને પ્રિયલાગશેજ લાગશે, પણ જનાવરો જે પશુ વગેરે તેઓના જાણ-

વામાં આવવો કઠણ છે, કારણ તેઓના અંગનાવિશે, જે વિચારશક્તિ ઓછીકરનારો તમોગુણ તે ઘણો હોય છે, તેથી તેઓને ખબર પડતી નથી, તે પ્રમાણેજ જે જીવપ્રાણી, મનુષ્ય શરીરના આકારે જન્મ્યા છે, પણ વિચારશક્તીની વૃદ્ધિન થવા દેનારો જે તમોગુણ, તે જે મનુષ્યોનાં શરીરમાં ઘણો છે તેઓને આ ઉપાસના કાંડનો એટલે સર્વકાળ ઈશ્વરનું સ્મરણ કરવાનો જે માર્ગ, તે સારો લાગતો નથી, વાસ્તે, તમોગુણ, એ ઉપાસના કાંડનો એટલે સર્વ ઠેકાણે સર્વ વસ્તુમાં દેવના સ્મરણનો અસ્તિત્વ ભાવ, ન થવા દેવાને કારણજ છે, એવું દીકરા તું સમઝ, એટલે સર્વ તારા ધ્યાનમાં આવશે અને તું સુખી થઈશ, તથા સર્વ વિષયોમાં દેવનું સ્મરણ કરવું એજ ઉપાસના કાંડછે, તથા એ અતિ ઉત્તમ પરમેશ્વર સ્મારક છે, એવું તુને સમઝાશે.

૧૧૪ **દી૦** બાપા તમારા કેહેવાનો મેં વિચાર કર્યો, તે ઉપરથી મુને સમઝાણું કે, તમોગુણ જે મનુષ્યોમાં, આળસ તથા નિદ્રા તથા અવિચાર વૃદ્ધિ કરેછે, તેજ તમોગુણ એટલે પ્રકૃતીનો તામસી સ્વભાવ છે, તેજ સર્વ વિષયોમાં, એટલે સંપૂર્ણ જગતરૂપ ભાવનામાં દેવનું સ્મરણ ન થવા દેનારો છે, પણ તે તમોગુણ મનુષ્યોમાંથી જાય, એટલે ઓછો થાય, અને મનુષ્યોને આત્મજ્ઞાનની પ્રાપ્તીનું સાધન, જે ઉપાસના માર્ગ, એટલે પદાર્થમાત્રોમાં નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ જોવાનો માર્ગ તે પ્રિય લાગે, એ બાબત વેદ પ્રતિપાદ્ય ધર્મમાં કોઇ સાધન છે કે શું? જો હોય તો તે કૃપાકરી મુને કહો, તે સાંભળવા વાસ્તે હું ઘણો અતુરછું.

૧૧૫ **બા૦** દીકરા, તેં પ્રશ્ન કર્યો, કે તમોગુણ એટલે આળસ તથા અવિચાર એઓની વૃદ્ધિ કરનારો પ્રકૃતીનો તામસી સ્વભાવછે, તે તમોગુણ મનુષ્યોમાંથી જવાનો એટલે કમી થવાનો, અને તમોગુણ ગયાથી મનુષ્યને સર્વ વસ્તૂમાં નિરાકારનું અસ્તિત્વ કલ્પવું પ્રિય થાયછે, એવો જે, આ, સર્વ વસ્તુમાં નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ કલ્પવાનો, આત્મ જ્ઞાનની પ્રાપ્તીનો સાધન માર્ગ, જે માર્ગને ઉપાસનામાર્ગ કેહેછે, એ ઉપાસના માર્ગ; તમોગુણનો નાશ થઇ પ્રિયથવાનું, વેદપ્રતિપાદ્ય ધર્મમાં કાંઇ સાધન હોય તો મુને કેહેવું, એવો, તેં પ્રશ્ન કર્યો, એથી હું અત્યાનંદિત થયો છતાં, તમોગુણ જઇ, ઉપાસનામાર્ગ પ્રિયકર થવાનું સાધન, વેદપ્રતિપાદ્ય ધર્મમાં કર્મકાંડછે, તે કર્મકાંડમાએલો કર્મ માર્ગછે તે કહું છું, એ કર્મમાર્ગ આચરણ કરવાંથી તમોગુણનો નાશ થાયછે, તથા ઉપાસના માર્ગ, જે આત્મજ્ઞાનને સાધની ભૂત તે પ્રિય થઇ પડેછે, તે કર્મમાર્ગ એવો કે, તિર્થયાત્રાયે જઈ તે ઠેકાણે ઉપવાસ વગેરે વિધિ કરવો એ સુકર્મ, તથા ક્ષેત્ર માએલી પાંડુરંગ, ઇત્યાદિ સ્થાપિત અચલ પ્રતિમાઓ, તથા સ્વગ્રહ માએલી પૂજાની ચંચલ પ્રતિમાઓ એઓની પૂજાકરવી એ સુકર્મ, તથા એકાદશી, તથા રામનવમી, તથા વિજયાદશમી, ઇત્યાદિ જયંતીઓ પાળણકરી નિષ્કામ ભાવનાથી ઉપોષણ કરવાં એ સુકર્મ, તથા દરરોજ સ્નાનસંધ્યા, તથા ભજન કીર્તન વગેરે કરવું એ સુકર્મ, તથા નિષ્કામ બુદ્ધિયે પરોપકાર કરવો એ સુકર્મ, તથા અનાથ વૃધ્ધ પુરૂષ તથા વૃદ્ધ સ્ત્રિયો તથા આંધળાં, તથા પાંગળાં, તથા રોગી, તથા અનાથબાળકો, ઇત્યાદિકોનું

સ્વશરીરવત્ યથાશક્ત્યા પોષણ કરવું એ સુકર્મ, તથા મુસાફર લોકોના માલનું, તથા જીવનું રક્ષણ થાવા સારૂ, ધર્મશાળા, તથા કુવા, તથા તલાવો બાંધી, તે પ્રવાશી લોકોને કોઇપણ કપટથી ઉપદ્રવ કરે નહીં; એવો બંદોબસ્ત રાખવો એ સુકર્મ, તથા જે, લોકોને સુનીતિ શિખવનારા, તથા પોતે સારી નિતીયે વર્ત્તનારા, તેઓના રેહેવાનો, તથા ખાવા પીવાનો વગેરે ખરચ, પોતાની શક્તીપ્રમાણે ચલાવવો એ સુકર્મ, તથા જે ભગવત્પરાયણ સાધૂ સંતો હોય છે, તથા તે લોકોને ઈશ્વરની પ્રાપ્તીનો માર્ગ પ્રદર્શીત કરી, અદાંભિક સ્થિતિયે, પોતપોતાના અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપના છંદમાં વરતેછે, એટલે સ્વચ્છંદ વર્ત્તે છે, તેઓની સર્વ પ્રકારે સેવા કરવી એ સુકર્મ, તથા અર્થ નસમઝી, અથવા સમઝી, વેદ પાઠ કરનારા જે બ્રાંહ્મણ, તે કેવળ વેદોના ચાલતા બોલતા પુસ્તકો છે, તથા કાગળ ઉપર લખવાંથી વેદની ખબર પડતી નથી, વાસ્તે વેદ પઢણ અવશ્ય જોઈયે એવું સમઝી, વેદ પાઠકરનારા જે, તેઓનાં શરીરનું દ્રવ્યદાન દ્વારા તથા અન્નદાનદ્વારા, યથાશક્ત્યા સંરક્ષણ કરવું એ સુકર્મ, તથા એજ પ્રમાણે શાસ્ત્રી, તથા પુરાણીક, તથા જ્યોતિષી, તથા કીર્તન કરનારા હરીદાસ, વગેરેનું સંરક્ષણ કરવું એ સુકર્મ, તથા સર્વ વર્ણોની દીકરીઓને, તથા દીકરાઓને તેઓની તેઓની સ્વદેશ ભાષામાં, તથા સ્વદેશી લીપીમાં, લેખનવાચન શીખવવું, તથા તેઓને કિંચિત્ સંસ્કૃત શીખવવું, તથા તેઓને સર્વ કલાકૌશલ્ય શીખવવું, તથા નીતિ શીખવવી, ઇત્યાદિ શીખવવું એ સુકર્મ, તથા મનુષ્યમાત્રોનું તથા પશુ પક્ષ્યાદિક જલચર વગેરે સર્વ પ્રાણિ માત્રોનું દુઃખ દુરકરી, તે સર્વ પ્રાણિ માત્રોને દયાળુ પણાથી સુખ આપવું એ સુકર્મ, તથા માંસ ભક્ષણ કરવું એ નરસુંકર્મ છે, તથા એ નિર્દય થવાનું પ્રત્યક્ષ સાધન છે, તથા મદ્યાદિક માદક પદાર્થો ભક્ષણ કરવાં એ નરસું કર્મ છે, તથા એ અવિચારી થવાનું પ્રત્યક્ષ સાધન છે, એવાસ્તે માદક પદાર્થો તથા માંસભક્ષણ કરનારો નિર્દય, તથા અવિચારી થાયછે, અને નિર્દય તથા અવિચારી, એ કદીન તરવાના નથી, એવું જાણી, મદ્યાદિક માદક પદાર્થો, તથા માંસ, એ પદાર્થોનું પોતે ભક્ષણ કોઇ કાળે ન કરવું, તથા બિજાને પણ મદ્યાદિક માદક પદાર્થો સેવન કરવા નહીં, તથા માંસભક્ષણ કરવું નહીં, એવો ઉપદેશ કરવો એ સુકર્મ ઇત્યાદિ એ સર્વ ઉત્તમ કર્મ માર્ગ છે, એ કર્મકાંડમાએલો ઉત્તમ કર્મમાર્ગ; જે નિષ્કામ બુદ્ધિયે આચરણ કરેછે, તેહેનાં મનમાં, ઉત્તમપ્રકારના, અતિશય વિવેકો સુઝેછે, અને સંપૂર્ણ વસ્તુમાં એક નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ છે, એવી ઉપાસનાકાંડની, એટલે ઉપાસના માર્ગની જે રીતી, તે તેહેને ખબર પડેછે, કારણ એ સર્વ સારી રીતે વરતવાંથી, મનમાએલી વિષય વાસના જાયછે, અને ક્રોધ, તથા મત્સર, તથા કામ, એ તામસી પ્રકૃતીના સ્વભાવો છે, તે ઉપર કહ્યાંપ્રમાણે આચરણ કરનારો, જે કર્મમાર્ગી, તેહેના શરીરમાંથી જાયછે, અને એક નિરાકાર પરમાત્મા સર્વ વસ્તુમાં ભરેલોછે, એવો જે ઉપાસનાકાંડનો સિધ્ધાંત, તે તેહેને પ્રિય થાયછે, એવાસ્તે, નિષ્કામ બુદ્ધિયે વેદપ્રતિપાદ્ય ધર્મમાં કહેલો પરોપકારી જે કર્મકાંડ માએલો કર્મમાર્ગ, જે તુંને કહ્યો, તેપ્રમાણે આચર-

ણ કરવું, એથી તમોગુણ, એટલે આલસ્ય તથા અવિચાર રૂપી પ્રકૃતીનો તામસી સ્વભાવ તે નાશ થઇ, સર્વ વસ્તુમાં નિરાકારનું અસ્તિત્વ જોવું, એ જે સુવિચારી ઉપાસનાકાંડ માએલો ઉપાસના માર્ગ, તે તેમનુષ્યને પ્રિયલાગેછે, એ વાસ્તે, ઉપર કહ્યાપ્રમાણે, સર્વલોકોયે કર્મકાંડ પ્રમાણે કર્મમાર્ગનું આચરણ કરવું, એથી તમોગુણનો નાશ થાશે, અને ઉપાસના કાંડનો માર્ગ, એટલે સર્વ વસ્તુમાં નિરાકારનું અસ્તિત્વ જોવાનો માર્ગ, તે પ્રિય, તથા આચરણીય એવો થશે, વાસ્તે દીકરા, કર્મમાર્ગ, જે સાધન રૂપી કહ્યો, તેવો તું સમઝ, અને તેપ્રમાણે આચરણ કર, એટલે તું સુખી થઈશ તથા જે આચરણ કરશે તેપણ સુખી થશે.

૧૧૬ દી૦ બાપા, તમેં જે જે સુકર્મો કહ્યાં, તે તે સર્વ ઉત્તમ છે, તથા તે મનુષ્યે આચરણ કર્યાં હોય તો, તેહેની પ્રકૃતીમાએલા, આલસ્ય તથા અવિચાર રૂપી તામસી સ્વભાવ નહીંસો થશેજ થશે, અને તેહેને, સર્વ પદાર્થમાં નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ કલ્પવું એવો જે આત્મજ્ઞાનની પ્રાપ્તીનો સાધન માર્ગ, જે માર્ગને ઉપાસના માર્ગ કહે છે, તે ઉપાસના માર્ગ પ્રિય લાગશેજ લાગશે, એમાં કાંઇ સંશય નથી એવી મારી ખાત્રી થઇ, કારણ, તિર્થ યાત્રા એ જાવું એ સુકર્મ છે, તથા એ આલસ્ય દુર કરનારૂં છે, તથા પ્રતિમાઓની પુજા કરવી એ સુકર્મ છે, એતો પાષાણ, તથા મૃત્તિકા, તથા ઉદક, ઇત્યાદિ સર્વ વસ્તુમાં નિરાકાર દેવનું અસ્તિત્વ જોવાનું સાધન છે, તથા ઉપવાસ વગેરે વ્રતો, તથા જયંતીઓ કરવીઓ, એ સુકર્મતો, શરીર શોધવાનું મુખ્ય સાધન છે, તથા સર્વ પ્રાણિમાત્રો ઉપર દયા કરવી એ ઉત્તમ કર્મ તો,

આત્મવત્ સર્વ ભૂતોને સુખદાયક છે, તથા વેદાધ્યયનાદિક કરનારા, તથા બિજાને શીખવનારા, એઓના સંરક્ષણ સાર દાન કરવું એ ઉત્તમ કર્મ છે, તથા એ વેદપ્રતિપાદ્ય ધર્મ સર્વને સમઝવાનું મૂળ કારણ છે તથા સ્નાન કરવું એ સુકર્મ છે, તથા એ સુકર્મ, આલસ્ય તથા રોગ દુરકરી સ્વચ્છ કરનારૂં છે, તથા સંધ્યાદિક કરવું,એ સુકર્મમાં મનને નેમ રેહેછે, એથી તે મનને સ્થૈર્યત્વ પ્રાપ્ત થાયછે, એપ્રમાણે, તમે, એ, તથા બિજાં, જે જે સુકર્મો કહ્યાં, તેતે અતિ ઉત્તમ આચરણીય છતાં, આદી અંતે સુખદાયકછે, તથા તે ઉત્તમકર્મો, સર્વ વસ્તુમાં નિરાકાર પરમેશ્વરનું અસ્તિત્વ પ્રદર્શક છે, એ સુકર્મો જે આચરણ કરશે, તે સત્વગુણી થઈ, આત્મજ્ઞાનની પ્રાપ્તીનો સાધન માર્ગ, જે ઉપાસનાકાંડ માંએલો ઉપાસનામાર્ગ, એટલે સર્વ વસ્તુમાં નિરાકારનું અસ્તિત્વ કલ્પવાનો છે, તે ઉપાસનાકાંડમાએલા ઉપાસનામાર્ગનું અવલંબન કરશેજ કરશે, એમાં કાંઇ સંશય નથી, તથા એપ્રમાણે જે હાલમાં, આ જગતમાં શુદ્ધકર્મો આચરણ કરેછે, તે અસ્તિક બુદ્ધિના હોયછે, એવો અનુભવપણ છે, વાસ્તે બાપા, તમે અનુભવીક, તથા સપ્રમાણ, એવો જે વેદપ્રતિપાદ્યધર્મ માએલો કર્મમાર્ગ કહ્યો, તે જાણી હું નિઃસંશય તથા સુખી થયો, અને તમે કહેલાં ઉત્તમકર્મો મુનેપણ આચરણ કરવાં જોઈયે એવું મુને માન્ય થયું, અને હું સારા માર્ગે લાગ્યોછું.

૧૧૭ બા૦ દીકરા તું ધન્ય છે, કારણ, કર્મમાર્ગ મોટો ગહન છે, એટલે અતિશય દુર્બોધછે, કારણ, કોઇ વખત સુકર્મ કરવામાં નરસુંકર્મ ઉત્પન્ન થાયછે, અથવા એકાદી

વખત સુકર્મ વગેરે કાંઇજ ન કરીયે તેમાં ઉત્તમ કર્મનું ફળ આવેછે, વાસ્તે એ વિચાર બુદ્ધિમાં રાખી, કહેલાં ઉત્તમ-કર્મો કરતોજા, અને કર્યાં કર્મનો અભિમાન નરાખતાં, ઇંદ્રિયોનીમાએલી પોલાણમાં, મનેકરી પ્રાણને હલાવી, હું હું એવી સ્પુરતી થાયછે, તે સ્પુરતી ધરનારા જ્ઞાન પેહેલાજ, સ્વપ્રકાશ નિરાકાર સ્વસ્વરૂપ અસ્તિત્વેકરી હું સર્વ ઠેકાણે ભરેલો છું તે મારા નિરાકારસ્વરૂપના વિશે અનંત ભુગોલ વગેરે વિશ્વગોલ ભાસવાનું કારણ જે એકપોલાણ તેહેનુંજ અસ્તિત્વ નથી, એથી તેહેના આધારે અનંત વિ-શ્વગોલરૂપી જગતનું પણ અસ્તિત્વ નથી, એવો, મારો હું નિરાકારરૂપેકરી સેહેજે સેહેજ છું, તે મારા ઠેકાણે, હું હું એ-વી કલ્પના કરવી એજ મિથ્યા છે, તથા તે કલ્પના ધરતા-રૂ જ્ઞાનપણ મિથ્યાછે એવી ભાવના ધરવી, એટલે કર્મોના ગુણ દોષોમાં તું લિપ્ત થવાનો નથી.

૧૧૮ **દી**૰ બાપા સુકર્મ કરવામાં એકાદી વખત નર-સુંકર્મ ઉત્પન્ન થાય છે, તથા સુકર્મ વગેરે કાંઇજ ન કરવામાં એકાદી વખત ઉત્તમ કર્મનું ફળ આવેછે, એવી અતિશે દુ-ર્બોધ કર્મની ગતી છે, તેહેનો વિચાર દૃઢરાખી સુકર્મો જે વેદ વિહિત, તેજ નિષ્કામ બુદ્ધિયે પરમેશ્વરની પ્રાપ્તીસારૂ કરવાં, તથા કર્તૃત્વાભિમાન ધરવો નહીં. એટલે અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, પોતપોતિકા સ્વરૂપના નિરાકાર અસ્તિત્વમાં, મુળેજ અહંપણું ધરનારા જ્ઞાનસોત અહંપણું નહીં, એવું જોવું એટલે કર્મ થકે થએલા ગુણ દોષોમાં લિપ્ત થઇશ નહીં, એવું બાપા તમે કહ્યું, તે મારા માનવામાં આવ્યું, પણ સુકર્મ-માં એકાદીવખત નરસુંકર્મ શીરીતે ઉત્પન્ન થાય છે, તથા

કોઇ વખત સુકર્મ વગેરે કાંઇજ ન કરવામા સુકર્મનું ફળ શી-રીતે આવેછે, એ બાબત એકાદું ઉદાહરણ મારા જાણવામાં આવે, એટલે હું તે પ્રમાણે વિચાર કરી ચાલીશ, વાસ્તે મુને તેવિશે એકાદું ઉદાહરણ કેહેજો?

૧૧૯ **બા**૰ દીકરા, સુકર્મ કરવામાં એકાદી વખત નરસુંકર્મ ઉત્પન્ન થાયછે તેહેનો દૃષ્ટાંત એવો કે ખોટું બોલ-વું નહીં એ સુકર્મછે, તથા માણસ, તથા ગાય, ઇત્યાદિ પશુ પક્ષીઓનું સંરક્ષણ કરવું એપણ સુકર્મ છે, અને તેવામાં નિરપરાધી મનુષ્ય, તથા ગાય, વગેરે પશુ પક્ષી, એવા પ્રાણિ-ઓને કોઇ મારવા લઇ જાતો છતાં, તે પ્રાણી, પોતાનો બ-ચાવ કરવા સારૂ, નાશીને સંતાઇ બેઠો, પણ તે જગો આપ-ણને ખબર છે, અને તેવામાં તે હિંસા કરનારો મનુષ્ય આ-પણને પુછવા લાગ્યો કે ફલાણા રંગનો ફલાણો પ્રાણી, આ-માર્ગે નાશી ગયો, તે તમે જોયોહોય તો તે ક્યાંહાં છે એ કહો, અને તે પ્રાણી ફલાણે ઠેકાણે છે એ આપણને ખબર પણ છે, એવું છતાં પણ, આપણે તે સંતાએલા પ્રાણીને બતાવવો નહીં, અને તે હિંસકને ખોટું કેહેવું કે, તે પ્રાણી, તે ઓલીત-રફના રસ્તે, જંગલમાં નાશી ગયો, એવું ખોટું બોલી, તે હિંસ-ક મનુષ્યને ફસાવી, તે સંતાયેલા પ્રાણીની મદત કરી, તેહેનું સંરક્ષણ કરવું, એવું કરવામાં ખોટું બોલવું એ નરસુંકર્મ કર્યુંછતાં, નિર્દોષી જે પ્રાણી તે પ્રાણીના જીવનું સંરક્ષણ કરવું એ સુકર્મ થયું, એથી તે સુકર્મનું ફલ પ્રાપ્ત થાયછે, અને ખોટું બોલવું એ નરસુંકર્મ કર્યું છતાં, નિર્દોષી પ્રાણીના સ-ક્ષણ સારૂ ખોટું બોલ્યો, એથી ખોટું બોલ્યો એ નરસા કર્મ-નું નરસું ફલ તેહેને ભોગવવું પડતું નથી, કરણ, એકલામો-

થી સાચું બોલવું; એ ન્યાયપણાની કિંમત કરતાં નિરપરાધી જીવનું હિંસકના હાથથી સંરક્ષણ કરવું એ ન્યાયપણાની કિંમત તથા વજન વધારે છે; વાસ્તે હિંસકના હાથથી, નિરપરાધી પ્રાણીના જીવનું, ખોટું અથવા સાચું બોલી સંરક્ષણ કરવું એજ ઉત્તમ છે, એને દૃષ્ટાંત, જેમ જેહેર ભક્ષણ કરવું એ નરસું તથા પ્રાણ નાશક કર્મ છતાં, રોગી સારો કરવો હોય તો, અનુપાન ફેરવી, જેહેર ખાવા આપવાંથી રોગી સારો થાયછે, તસ્માત્ રોગી સારો કરવાસારૂ, અનુપાન ફેરવી, જે જેહેર ખાવા આપી, રોગીઓને સારો કરેછે, તે વૈદ્યોને; વિષ ખાવા આપી પ્રાણ લેનારા જે મનુષ્યો, તે મનુષ્યોના ઘાતકી કર્મપ્રમાણે દોષ લાગતો નથી, પણ વિષખાવા આપી રોગીસારો કરવાનું પુંણ્ય વૈદ્યને લાગેછે, તેપ્રમાણેજ ખોટું બોલવું એ વિષ ખાવા આપવા જેવું પાપદાયક નરસું કર્મ છતાં, જેમ અનુપાન ફેરવી રોગીને વિષખાવા આપી રોગી સારો કરવામાં પુંણ્યજ થાયછે, તેમજ નિરપરાધી પ્રાણીના જીવનું ખોટું બોલી સંરક્ષણ કરવામાં પુંણ્યજ છે, વાસ્તે સાચું બોલવું. એ જોપણ સુકર્મ છે, તથાપિ તે સાચું બોલવાંથી, જો નિરપરાધી પ્રાણીના જીવનો નાશ થયો, તો તે સાચું બોલનારાને નિરપરાધી પ્રાણીના જીવનો નાશ કરવાનો, જે નરસા કર્મરૂપી દોષ, તે ભોગવવો પડશે, કારણ, એકલા સાચું બોલવાના ન્યાયીપણા કરતાં, ખોટું બોલી કિંવા સાચું બોલી, નિરપરાધી પ્રાણીના જીવનું સંરક્ષણ કરવું એ અધિક કિંમતનું ન્યાયીપણું છે, તથા જેહેનો પરિણામ સાચો તે કર્મ કિંવા બોલવું સાચું એવો ન્યાયછે વાસ્તે, એવા પ્રકારનું જે સુકર્મ, તે કરવામાં સાચું બોલવું

એ સુકર્મ છતાં, એકાદી વખત તેજ નરસુંકર્મ એવું થાયછે, તેવું નથાય તે સારૂ તુંને આ ઉદાહરણ, તથા આ વિચાર કહ્યો, એ વિચારપ્રમાણે વિચાર કરી, પરિણામસુધી, જે સુકર્મો ઉત્તમફલદાયક થશે, તેજ કરતો જા. અને દીકરા, સુકર્મ વગેરે કાંઈજ ન કરવામાં કોઈ વખત સુકર્મનું ફલ પ્રાપ્ત થાયછે, તે કેવું, એનો દૃષ્ટાંત એવો કે, થંડું કિંવા ઉન્હુંપાણી લઈ નિત્યસ્નાન કરવું એ સુકર્મ છે, તથા એકાદશીના દિવસે ફળનો આહાર કરી રેહેવું, તથા રાત્રે જાગવું એપણ સુકર્મ છે, પણ જો આપણી પ્રકૃતી બગડવાંથી, સ્નાન, તથા ફલાહાર, અને જાગ્રણ, વગેરે આપણે કાંઇજ ન કર્યું તો તે કાંઇજ ન કરવામાં સુકર્મનું ફલ આવ્યું, કારણ જો પ્રકૃતી બગડવાંથી સ્નાન, તથા ફલાહાર. તથા જાગ્રણ, વગેરે ઉત્તમકર્મો કરશે, તો તેહેની પ્રકૃતી વધારે બગડી, જે ઈશ્વર પ્રાપ્તી સારૂ ધારણ કરેલું માનવી શરીર, તેજ મરી જાશે, અને ઈશ્વરભક્તિ કરવી ડુબી જશે, વાસ્તે માંદા મનુષ્યે, સ્નાન તથા ફલાહાર તથા જાગ્રણ, વગેરે જે સુકર્મો કરવાં, તે અકર્મો થાયછે, તથા તે માંદા મનુષ્યે, તે નકર્યાં હોય તો, ઈશ્વર ભક્તિ સારૂ શરીરનું સંરક્ષણ કરવું, એ જે સુકર્મ તે સુકર્મનું ફળ મળેછે, વાસ્તે આ કાંઈજ ન કરવાનો નિયમ સર્વકાળ સર્વ લોકોના વાસ્તે નથી, પણ આ વિચાર પ્રમાણે જે સુકર્મનો શેવટ, જે વખતે જે મનુષ્યને નરસો થશે, તેવખત તે માણસે તે ન કર્યાં છતાં, તે નરસા પરિણામનાવિશે જવાનો નથી, વાસ્તે, કોઇવખત ઉત્તમ કર્મ વગેરે કાંઈજ નકરવામાં, નરસા પરિણામ થકે મનુષ્ય છુટે છે, એથી નરસા પરિણામથી છુટવું, એજ સુકર્મનું ફળ

છે, તે ફળ, માંદા મનુષ્યના દાખલાપ્રમાણે જે હોય, તેહેને સુકર્મ વગેરે કાંઈજ ન કરવાથી તે સુકર્મનું ફળ પ્રાપ્ત થશે, એવો વિચારછે, એ વિચાર દૃઢકરી, જે કોઇ સુકર્મો કરેછે, કિંવા કાંઇજ કરતા નથી, તેજ વિચારી, તથા ન્યાયી, તથા યથાર્થ કર્મો કર્ત્તાછે, એમાં કાંઇ સંશય નથી, વાસ્તે દીકરા, સુકર્મ કરવામાં જો નરસા કર્મનું ફળ થાશે, તોતે કરવું નહીં એઞપર ઉદાહરણ; અને જે કરવામાં નરસો પરિણામ ન થાતાં સુકર્મનું ફળ મળશે તે બાબતનું ઉદાહરણ; તથા કાંઈજ નકરવામાં ઉત્તમ સુકર્મનું ફળ પ્રાપ્ત થાયછે તેનું ઉદાહરણ; એવાં ત્રણે ઉદાહરણો, તારી સમઝણ સારૂં કહ્યાં, એઞપર લક્ષ આપી, તું સુકર્મો તેજ કરતો જા, અને પોતાની વૃત્તી એવી રાખ, કે હું શરીરપિંજરો નથી, તથા હું તે શરીર પિંજરામાએલા પંચપ્રાણ રૂપ વાયુપણ નથી, તથા અંતઃકરણ, તથા મન, તથા બુદ્ધિ તથા ચિત્ત, તથા અહંકાર એ પાંચ વિભાગો, એક સૂક્ષ્મ આકાશ રૂપના છે, એ પાંચ ભાગોનેજ અંતઃકરણ પંચક કહીયે, એજ અંતઃકરણ પંચક આપણી સ્વશક્તીયે કરી, પાંચ પ્રાણોના આધારથી, પંચ જ્ઞાનેંદ્રિયોની રાહે પંચવિષયો ભોગવી, પંચ કર્મેંદ્રિયોની રાહે ક્રિયાઓ કરેછે, એ અંતઃકરણ પંચક રૂપજ કર્ત્તા ભોક્તા આકાશભુત છે, તેપણ હું નથી, તથા તેજ અંતઃકરણ પંચકરૂપ આકાશભુત, આપણી આકર્ષણ શક્તીયે, શરીર પિંજરામાએલા પંચપ્રાણરૂપ વાયુનું આકર્ષણકરી મનોમય હું હું એવી કલ્પના કરેછે, તે કલ્પના પણ હું નથી, તે કલ્પના ધરનારા જ્ઞાન પેહેલાનું નિરાકાર સ્વરૂપ હું છું, એટલે અનંત અપાર, જે સર્વ ગોલોના ઉપર નીચે એક પોલાણ

ફેલાયલી છે, તે પોલાણની અંદર જે નિરાકાર ન હલનારૂં સ્વપ્રકાશ એક અસ્તિત્વ છે, તેજ અસ્તિત્વ મારૂં સ્વસ્વરૂપછે, તેહેને અહંતા ખબરજ નથી, તથા જન્મમરણ પણ ખબર નથી, એથી તે મારા નિરાકાર તથા શરીરાતીત સ્વસ્વરૂપને, કર્મ, અકર્મનો, દોષ કિંવા પુણ્ય એ બેઞ પણ નથી, એવો દૃઢ વિચાર રાખી વરતવું. એટલે દીકરા જે ભુલથી અવિચાર થવાનો તે પણ થવાનો નથી, વાસ્તે, સશાસ્ત્ર કહેલા ઉદાહરણો, તથા વિચારો, કોઇ વખત ભુલીશ નહીં, એટલે તું બુદ્ધિવંતોમાં ગણાઇશ.

૧૨૦ **દી૦** બાપા, તમે જે કર્મનો વિચાર તથા ઉદાહરણો કહ્યાં, તે મુને માન્ય થયાં, કારણ જે સુકર્મો, છે તે કરવાંજ કરવાં, પણ જો તે સુકર્મનો પરિણામ કોઇ વખત નરસો થશે, તો તે વખત તે ન કરવાં એ ઠીક છે, કારણ દહી ભાત ખાવો એ સારૂં છે, પણ નવન્વર જેહેને થયો હોય, તે વખત તેણે દહીભાત ખાવો એ ખરાબ છે, તેમજ સર્વ કર્મોના વિચાર છે, એમાં કાંઇ સંશય નથી; એવું મારા અનુભવમાં આવ્યું, તથા શ્રીકૃષ્ણજીયે અર્જુનને, શ્રીમત ભગવતગીતાના ચોથા અધ્યાયમાં, સોળમાં, તથા સત્તરમાં તથા અઢારમાં, એ ત્રણ શ્લોકમાં એજ કર્મનો વિચાર કહેલો, શ્રીવ્યાસ ઋષીયે સ્પષ્ટ લખેલોછે, તથા તેવોજ વેદમાં ઉપનિષદો મધ્યે વિચાર કથન કરેલોછે, વાસ્તે તમે કહેલાં કર્મોનો વિચાર સાંભળી હું ઘણો સંતોષ યુક્ત થયો, અને મોટા મોટા મારા સંશયોની નિવૃત્તિ હુંજ કરીશ એવું હવે મુને લાગે છે, એ બાપા તમારો ઉપકાર છે.

૧૨૧ બા૦ દીકરા, તુને કર્મોની ને દુર્બોધ ગતી તે સમઝવામાં આવી એથી મારા કેહેવાનું સાર્થક થયું, અને હું અત્યાનંદિત થયો છતાં, તું જે જે પ્રશ્ન કરીશ તે તે કેહેવા બાબત અત્યુત્કંઠિત થયો છું

૧૨૨ દી૦ બાપા, મારા મનમાં, વેદ પ્રતિપાદ્ય ધર્મના લોકોમાં, જે જે દિવસો આનંદના માની, સર્વ લોકો તે તે દિવશે ઉત્છાહ કરેછે, તે ઉત્છાહના મર્મો શું, એ મુને પુછવાનું છે જો તમારી આજ્ઞા થશે, તો હું પ્રત્યેક ઉત્છાહ બાબત જુદા જુદા પ્રશ્નો કરીશ.

૧૨૩ બા૦ દીકરા, તું પ્રત્યેક ઉત્છાહ બાબત પ્રશ્ન કર, એટલે હું તુને તે ઉત્છાહોના મર્મો કહીશ, અને એ તારા પુછવાંથી મુને આનંદ પણ છે, કેમકે તું સમઝુથા એવી મારી ઇચ્છા છે.

૧૨૪ દી૦ બાપા, હું એન પેહેલાંથી પુછું છું કે, વેદ પ્રતિપાદ્ય ધર્મના સર્વ લોકો, ચૈત્ર શુદ્ધ પ્રતિપદાના દિવશે, ઘરો બારો તથા આંગણા એટલે ચૌક, તથા રસ્તાઓ, તથા ગલ્લીઓ, વગેરે સર્વ જગાઓમાં ઝાડુ આપી સ્વચ્છ કરેછે, અને છાંણથી લીપી, તે જગોઉપર સુંદર રાંગોળીયો એટલે છડાસાથિયા કરી, એક ઉંચી લાકડી ઉપર, લીલા, અથવા પીળા, કિંવા રાતા, વગેરે અનેક રંગોના, રેશમી જરીદાર નિશાનો ઘેરે ઘેર ઉભાં કરેછે, અને તે પ્રત્યેક નિશાનો ઉપર હરેક ધાતૂનો કળશીયો મુકેછે, અને સર્વ લોકો તે દિવશે ચંદન, તથા ગુલાબ, ઇત્યાદિ સુગંધ, અંગે લગાડી, સ્નાન કરેછે, અને ઉત્તમ વસ્ત્રો, તથા અલંકાર ભૂષણો, અંગ ઉપર પેહેરી તે નિશાનની પાશે બેશી ઇશ્વરનું સ્મરણ કરેછે,

પછી એક બે કડવા લીંબડાના પાનડા, સાકરની સાથે ખાયછે, પછી મંદીરમાં જઇ, એકબીજાને મળી ઇશ્વરનું સ્મરણ કરે છે, અને પાછા ઘેર આવી, સારાં ફળો કંદ મૂળો, તથા ધાન્યો, એહેના પકવાન્નો સિદ્ધ કરી પ્રસાદ લેછે, અને પંચાંગ શ્રવણ પ્રથમ કરી, પછી કથા કીર્ત્તનો, તથા પુરાણો શ્રવણકરી, તે દિવસ આનંદમાં કાઢે છે, એવું એ ઉત્તમ પરબ્ય છે, પણ એ પરબ્ય શાવાસ્તે છે એ મુને સમઝાતું નથી, વાસ્તે એ પરબ્યનું નામ શું, તથા એ પરબ્ય શાસારૂ છે, તથા એ પરબ્ય કરવામાં લાભ શું છે, એ મુને કૃપા કરી કહો.

૧૨૫ બા૦ દીકરા, ચૈત્ર શુદ્ધ પ્રતિપદાના પરબ્ય વિશે એવું છે કે, જ્યોતિષ માનથી, સાઠ સંવત્સરો, એટલે વર્ષોનાં નામો સાઠ છે, તે પ્રત્યેક સંવત્સરોના, એટલે વર્ષના, જુદા જુદા નામછે, તે નામ પ્રમાણે એક સંવત્સર એટલે એક વર્ષ પુરૂં થઇ, ચૈત્ર શુદ્ધ પ્રતિપદાથી નવું વર્ષ શરૂ થયું. એવું વેદ પ્રતિપાદ્ય ધર્મના લોકોમાં, મનુ કહીને જે વેદ પ્રતિપાદ્ય ધર્મનો રાજા થયો, તેહેના વખતથી, ચૈત્ર શુદ્ધ પ્રતિપદાથકે નવું વર્ષ એટલે નવો સંવત્સર માનવાનો ક્રમ ચાલેલોછેતેથી તે દિવસે સર્વ લોકો ભેળા થઇ, આ વર્ષમાં ગૃહણો કેટલાં છે, તથા ગ્રહ વગેરે થકે જગતનું આકર્ષણ શીરીતે થાશે, તથા જગત કેવી સ્થિતિમાં રેહેશે, તથા હવાઓ કેવીઓ થશે, તથા વૃષ્ટી કેટલી પડશે તથા ક્યાકયા દેશોમાં વરસાત ઓછો અધકો થશે, વગેરે જ્યોતિષ શાસ્ત્રના નિયમથી, જે ઠર્યું હોય તે સંપૂર્ણ શ્રવણ કરી, તે પ્રમાણે વ્યવહારનાં કામ કાજો કરવાં, એ વાસ્તે આ પરબ્ય છે, હવે કોઇ કેહેશે કે, ગ્રહોના યોગથી પૃથ્વીના ગોલ ઉપર ફેરફાર થાયછે, એ

શાઉપરથી; તો જુવો, ભૂગોલના જે ભાગની સાંમે ચંદ્ર આવ્યો, તે ભાગની તરફના સમુદ્રને તથા બીજો જે અર્ધો ભાગ ચંદ્રની તરફથી ઉલટો, તે ભાગની તરફના સમુદ્રને એવી ભૂગોલની બેબાજુના સમુદ્રને, એકજ વખતે બે તરફ, ભરતી આવવી, વગેરે હવામાં કેટલો ફેરફાર થાયછે, પછી તે ફેરફાર, પૃથ્વી ચંદ્રને અથવા ચંદ્ર પૃથ્વીને આકર્ષણ કરેછે તેથી થાયછે, એ જેમ સમજવું, તેમજ સૂક્ષ્મ માને કરી, અનેક ગ્રહ તારાગણાઓના ગોલોથકે, ભૂગોલ ઉપરના જગતમાં ફેરફાર થાયછે એવું સમઝવું, એજ પ્રમાણે મનુષ્યોની શરીરાકૃતી ઉપર, ગ્રહોનાં નિયમના ચિન્હો પ્રત્યક્ષ દેખાય છે, તથા સામુદ્રિક શાસ્ત્રના પ્રમાણ ઉપરથી અનુમાન થાય છે કે, મનુષ્યના શરીરનો અને ભૂગોલ, તથા ચંદ્ર ગોલ, તથા સૂર્ય ગોલ, તથા અનેક ગ્રહતારાગણોના ગોલોના, વગેરે સર્વ ગોલોનો સંબંધ, મનુષ્યના શરીરોને છે, વાસ્તે, તે સર્વ વિચારોના, તથા ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, ખબર પડવાનું જે શાસ્ત્ર, તેહેનુંજ નામ જ્યોતિષ શાસ્ત્ર છે, તે જ્યોતિષ શાસ્ત્ર શ્રવણ કરવાનો જે દિવસ, ચૈત્ર શુદ્ધ પડવાનો ઠરાવેલો છે, તેજ સંવત્સર પ્રતિપદાનું પરબ છે. હવે કોઈ કેહેશે કે, તેજ દિવસ કેમ જોઈયે, બિજો એકાદો દિવસ કેમ ઠરાવ્યો નહીં! તોતે શંકા કરનારે એવું સમઝવું કે, નાક્ષત્ર, ચાંદ્ર, સૌર, બાર્હસ્પત્ય, સાવન, એ પાંચ પ્રકારનાં માનથી, વર્ષપ્રતિપદા, જુદાજુદા દિવસે થાયછે. હવે તેમાંપણ બિજો દિવસ ઠરાવીયે, તો તેપણ દીવસ ઉપર તેજ શંકા છે, કે એવિના અન્ય દિવસ કેમ ઠરાવ્યો નહીં, વાસ્તે અશોકવનિકા ન્યાયેકરી, શંકા સર્વજ દિવસો ઉપરછે એવું સમઝવું, અને જેદિવસ

ઠરાવ્યો છે, તે ચૈત્રશુદ્ધ પ્રતિપદાનો દિવસ છે, તે દિવસે પંચાંગ શ્રવણ કરવું, એ પંચાંગ શ્રવણથી, આખા વર્ષની સ્થિતિ સમઝાયછે, એ મોટોજ ફાયદો આ પરબમાં છે, તથા એ દિવસને સંવત્સર પ્રતિપદાનું પરબ કહીયે. એટલે નવા વર્ષનો પેહેલો દિવસ એવું કહીયે, તથા તે દિવસે જાંહાં ત્યાંહાં સ્વચ્છતા કરી, ઘેરોઘેર નિશાનો ઉભાં કરવાનું કારણ એજ કે, અમો સર્વ વર્ષ સુધી, આજના આનંદ પ્રમાણે કાલક્રમણ કરીશું, તેથી ઘેરોઘેર જાંહાં ત્યાંહાં નિશાનો ઉભાં કરે છે. અને કડવા લિંબડાના પાંનડાં સાકરની સાથે ખાવાનું કારણ, તથા સંકેત એજ કે, આપણે સર્વલોક, કડવા લિંબડાની પેઠે, ખરાબ દુઃખો આવ્યાં હોયતો, સાકરની પેઠે જે મીઠી ઈશ્વરની ભક્તી, તે ભક્તિના છંદમાં તે દુઃખોને ડરવાના નહીં, દૃષ્ટાંત, જેવાં કડવા લિંબડાના પાંનડાં, કડવાં છતાં, સાકરની સાથે ખાવામાં ડર્યા નહીં, તેપ્રમાણેજ ઈશ્વરની ભક્તીમાં રહી દુઃખોને ડરશું નહીં, એવો સાકરની સાથે લિંબડાના પાંનડાં ખાવાનો સંકેત છે, વાસ્તે દીકરા, તારે એવું સમઝવું કે, આ પરબ અત્યુત્તમછે, એ પરબનું નામ સંવત્સર પ્રતિપદા એવું છે, અથવા ગુડી પડવો એવું પણ સર્વ લોકો બોલેછે, આ પરબની સર્વ ક્રિયાઓ આનંદદાયક છે, એનો દીકરા તુંને અનુભવ છેજ છે.

૧૨૬ દી૦ બાપા, હવે એ ચૈત્રશુદ્ધ પડવાના પરબ વિશે હું સમઝ્યો, કે આ નવા વર્ષનો પેહેલો દિવસ, એક ગણિતના માનથી ગણ્યો છે, એ દીવસ, જેમ નિશાનો ઉભાં કરી આનંદમાં, તથા પવિત્રપણામાં કાઢ્યો તે પ્રમાણે

વર્ષના સર્વ દીવસ આનંદમાં કાઢીશું, તે ઈશ્વરના નિયમેકરી અમારા દિવસ આનંદમાં જાય, એવી પ્રાર્થના કરવાનો એ ચૈત્રશુદ્ધ પ્રતિપદાનો દિવસ નેમેલોછે, એ દિવસે, સંવત્સરનું નામ બદલાયછે. એટલે રાક્ષસ સંવત્સર એવું નામ હોયનો, નળી સંવત્સર એવું બિજું નામ શરૂ થાયછે, તે, તે વર્ષનું નામ છે. જેપ્રમાણે જેવાં બાર મહીનાના બારનામો છે. તથા તેજ વારંવાર આવેછે, તેજપ્રમાણે સાઠવર્ષોનાં સાઠ નામોછે. તેજ વારંવાર આવેછે, તે ઉપરથી, સંવત્સર એટલે વર્ષ એવું સમઝવું, તથા જે સંવત્સરનું, નામ તેજ તે વર્ષનું નામછે એવું સમઝવું. તથા તે વર્ષના નામપ્રમાણેજ તે વર્ષનાવિશે ફેરફાર થાયછે, એવું તમારા કેહેવાંથી મુને સમઝાયું તથા. તે દિવસે જ્યોતિષશાસ્ત્ર શ્રવણ કરવું, અને સંપૂર્ણ વર્ષના નિયમો સમઝી લેવા, એજ મુખ્ય કર્મછે, તથા એ કર્મમાં મોટો ફાયદો છે, તથા આ પરબમાં જે જે રીતીઓ છે તેને સર્વ રીતીઓ શાંતિદાયક, તથા રાજકીય નિયમો જેવી ઠોઢછે, તથા સ્વચ્છ અને કલ્યાણ કરનારી, મંગલીક એવીઓ છે, તે મુને તો શું! પણ સર્વ લોકોને પસંદ પડે એવીઓ છે. તથા આ પરબનો મુખ્ય નિયમ તે એવોછે કે, વર્ષમુંથી ગ્રહોના ફેરફાર શીરીતે થશે, તથા જગતની સ્થિતિ કેવી થશે વગેરે જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે, પેહેલાંથીજ સમઝી લેવાં અને એ નિયમ પૂર્ણ સુધેરેલા ઈશ્વરી ભક્તો જે તેઓનો છે, એમા કાંઇ સંશય નથી, વાસ્તે, આ સંવત્સર પ્રતિપદાનું પરબ, તથા તેમાએલા નિયમો, ઘણાં ઉત્તમ છે, તે પાળવાજ પાળવા, એવું બાપા તમારી કૃપાથી હું સમઝ્યો, અને ઘણોજ સુખી થયો.

૧૨૭ બા૦ દીકરા, તું સંવત્સર પ્રતિપદાનો. એટલે નવા વર્ષનાં પેહેલા દિવસનું પરબ, જે ચૈત્રશુદ્ધ પ્રતિપદાના દિવસનું છે. તેનું સર્વવૃત્તાંત સમઝ્યો એથી મુને આનંદ થયો. અને તારા પ્રશ્નોના ઉત્તરો દેવાવિશેની ઉત્કંઠા અતિશય વધીછે.

૧૨૮ દી૦ બાપા, ચૈત્રશુદ્ધ નવમીનાં દિવસે, વેદપ્રતિપાદ્ય ધર્મના સર્વલોકો. દિવસે બરાબર માધ્યાન્હકાળે, શ્રીરામચંદ્રજીનો જન્મ, ત્રેતાયુગમાં થયો, તે કથા ગાયછે. તથા શ્રવણ કરેછે. અને સુગંધી ફુલો તથા હારો. તથા તોરા, તથા ગજરા. દીયે લીયે છે, અને અબીર. અરગજા. તથા ચંદનનો અત્તર, તથા ગુલાબી અત્તર. અને ગુલાબનું પાણી, ઇત્યાદિક સુગંધ દ્રવ્યો, પરસ્પરોના અંગ ઉપરના વસ્ત્રોને, તથા હાથ પગોને લગાડેછે અને શ્રીરામનો જન્મ એવી રીતે થયો એવું સ્મરણ કરેછે; તથા તે શ્રીરામની શ્યામસુંદર કમલનયન આજાનું બાહુ, એવી છબી જોઇ, તેપ્રમાણે મનોમય ધ્યાન કરેછે, અને શ્રીરામના ગુણ સંભારી સુખ પામેછે, તથા તે દિવસે, કોઇ અન્ન રાંધતા નથી, ફક્ત મેવો, મિઠાઇ, તથા દુધ, દહીં, ભક્ષણ કરી, સર્વલોકો સુખમા, તથા ઈશ્વરનો જે શ્રીરામ અવતાર. તે શ્રીરામનાં સ્મરણમાં, તથા આત્મજ્ઞાનનાં વિચારમાં. તે દિવસ પુરો કરેછે, આ પરબમા સર્વ સત્ક્રિયાઓજ છે, પણ એ દિવસે લોકો ધાન્યનો પાક્કરી ખાતા નથી એનું કારણ શું? તથા આ શ્રીરામના જન્મનો દિવસ દરવર્ષ ચૈત્રશુદ્ધ નવમીયે પાળવો એહેનું કારણ શું? એ કૃપાકરી મુને કેહેવું.

૧૨૯ બા૦ દીકરા, ચૈત્રશુદ્ધ નવમીના દિવસે શ્રી-

રામનવમીનો ઉત્સાહ કરવાનું કારણ શું છે, તે સાંભળો, તથા તે દિવસે ધાન્યનો પાક, ન કરતાં, મેવો, મિઠાઈ, તથા દુધ, દહિં ખાઈ, સર્વ લોકો તે દિવસ આનંદમાં કાઢેછે તેનું પણ કારણ સાંભળો. દીકરા, પૃથ્વીઉપરના ઘણાક લોકો, જે જે વખતે વેદપ્રતિપાદ્ય ધર્મ છોડી દે છે, અને મનકલ્પિત યથેચ્છ મતો મચાવી તેપ્રમાણે તે ચાલેછે. અને મ્લેચ્છ તથા રાક્ષસ. તથા દૈત્ય બની, જે વેદપ્રતિપાદ્ય ધર્મપ્રમાણે ચાલનારા, થોડા ઘણા રહેલા લોકો, તેઓને તે અતિશય ઉપદ્રવ કરેછે એટલુંજ કેવળ નહીં! પણ તેઓને મારી નાએછે, અથવા ખાયછે, તે વખતે, જેણે સંપૂર્ણ બ્રહ્માંડ ગોલોને આકર્ષણ કરી, ઉત્પત્તિ, તથા સ્થિતિ, તથા લય, એ કાળ, પોતાને સ્વાધીન રાખ્યા છે, તે ઈશ્વર, આ જગતના વિરો અવતાર ધારણ કરી, મ્લેચ્છો, તથા દૈત્યો, તથા રાક્ષસો, વગેરે ઉન્મત્ત પ્રાણિઓના શરીરનો લયકરી, વેદપ્રતિપાદ્ય ધર્મની સ્થાપના કરેછે, અને વેદપ્રતિપાદ્ય ધર્મપ્રમાણે સર્વ પ્રજા સુમાર્ગે વરતનારી કરેછે, એથી સર્વ પ્રજાને ઈશ્વરનો અવતાર ઘણોજ પ્રિય થાયછે, અને તે ઈશ્વરનો અવતાર હમેશાં આંખેકરી જોવો. તથા કાનેકરી તેહેના ગુણ સાંભળવા. તથા મને કરી તેહેનું સ્મરણ કરવું, તથા હાથેથી તેહેની સેવા કરવી, તથા પગથી ચાલતા જઇ તેહેનું દર્શન લેવું, તથા શરીરે કરી તેહેનું આલિંગન લેવુ, તથા તેહેની સેવા સારૂ શરીર શુદ્ધ રાખવું, તથા તેહેના સારૂ પ્રેમમાં ડોલવુ, તથા તેહેના પ્રેમમાં રહેવા સારૂ શરીરનું સંરક્ષણ થવું જોઇયે, તેવાસ્તે અનેક વ્યવહાર ધંધાકરી, ખાવું, પીવું, તથા ઓઢવું, પેહેરવું, લેવું, દેવું, વગેરે સર્વકામો તે ઈશ્વરના અવતારની તરફ લક્ષ આપી સર્વ લોકો કરવા લાગેછે, એવી તે ઈશ્વરના અવતારની પ્રીતિ, સર્વને લાગે છે, એથી આપ આપણી પ્રીતિયે કરી, તે અવતારી પુરૂષ ગુમ થવા પેહેલાંજ, સર્વલોકો, તેહેની છબી ઉતારી લેછે, અને તેહેના સ્મરણાર્થ તેહેની પ્રતિમાઓ કરી ગામોગામ રાખે છે; અને, તે જેવી રીતે ઉપદેશસારૂ, સભાઓ કરતો હતો, તેપ્રમાણે તેહેની પ્રતિમાની આગળ, તેહેના સભાની પ્રતિમાં એવા નામથી સભા મંડપ કરી રાખે છે, તથા તે ઉપદેશ કરવાવખત મુખ્ય સ્થાને બેસે છે, કિંવા ઉભા રેહે છે, તેપ્રમાણેજ મુખ્ય સ્થાન કરી, તે ઉપર તેહેની પ્રતિમાં રાખે છે. અને તે ઈશ્વરના અવતાર પાસે જઇ, જેમ લોકો, પૂજા, તથા અર્ચા, તથા ભેટો, અર્પણ કરે છે, તથા સ્તુતી કરે છે, તથા તેહેના ઉપદેશને માન આપી તે ઉપદેશ પ્રમાણે વરતે છે, તેમજપ્રમાણે તેહેની પ્રતિમાની આગળ. અત્યંત પ્રીતિના યોગથી. લોકો ક્રિયાઓ કરેછે, તે તે લોકોની સ્મારક ક્રિયા ઈશ્વરને ખબર પડેછે, એથી સર્વ શક્તીવાન જે ઈશ્વર તે તેઓને, તે અવતારના સ્વરૂપેકરી પ્રગટ થઇ, વેદ પ્રતિપાદ્ય ધર્મનું સાચાપણું તેઓને જણાવે છે, તથા સર્વ લોક તેહેની પ્રતિમાને સમઝે છે કે, એ તે અવતારની પ્રતિમા છે અને એવું જાણે છે, તથાપિ તેઓનો વિચાર એવો હોય છે કે, પ્રતિમાની તરફ જોવાંથી જેહેનું અમોને સ્મરણ થાયછે, તથા જેહેનું મનોમય ધ્યાન થાયછે, તે પ્રતિમા નથી, તે ઈશ્વરનો અવતાર છે, તથા તે જેવો જગતમાં પ્રગટ દેખાય છે તેમજ ગુમ રૂપે કરી હોય છે, તે સંકટની વખતે અમોને શાંતી આપેછે, તથા નિરાકાર સ્વસ્વરૂપના જ્ઞાનનું વેદાંત શાસ્ત્ર અમોને તેણે આપ્યું, અને પાતક એટલે

પાડનારૂં જે અજ્ઞાન, તે થકે તારનારૂં એટલે તારક આત્મ જ્ઞાન છે. તે તારક આત્મજ્ઞાન અમોને આપી, તેણે અમોને તાર્યા, તેહેનું સ્મરણ, અમારા જાણપણાનો અંત થાય ત્યાં-હાં સુધી અમોને થયાવિના રેહેવાનુંજ નથી, એવા, તેહેના પ્રેમેકરી, તે ઇશ્વરી અવતારના સર્વ કૃત્યનું સ્મરણ કરે છે, એ પ્રમાણે વેદ પ્રતિપાદ્ય ધર્મ માએલા લોકોની રીતી છે, તે રીતી પ્રમાણેજ દીકરા. ઇશ્વરનો અવતાર શ્રીરામચંદ્ર, એ ત્રેતા-યુગમાં, અયોધ્યાનો જે દશરથ રાજા, તેહેની જે પટરાણી કૌ-સલ્યા, તેહેની દૃષ્ટી આગળ થયો, તે એવો થયો કે. દશરથ રાજાની રાણી કૌસલ્યા. એ ચૈત્ર શુધ્ધ નવમીના દીવસે મા-ધ્યાન્હ કાળે, ઘણીક સ્ત્રિયોની સાથે બેઠી છતાં, તેહેના આગ-ળના આકારામાં, એટલે પોલાણમાં, એકાએક આઠ વર્ષની વયનો. શ્યામ સુંદર, તથા કમલ નયન, અને આજાનુ બાહુ, (એટલે કુણીથી નેટલી મધ્યમાની ટોંચ સુધી લંબાઇ. તેટલી-જ જેહેના દંડની લંબાઇ, તેજ આજાનુ બાહુ) તેવો શ્રીરામ આજાનુ બાહુ. તથા સુહાસ્ય વદન, તથા ગળામાં મોતિઓ ની જડીત રત્નમાલા, અને બકુળના ફુલનો,તુળશીના મંજરી યુક્ત, એવો એક હાર. તે જાનુના નીચેના ભાગ સુધી ઢળતો હતો, તથા રત્નજડીત. તથા તેહેને સુમક, એવા નાહાના ના-હાના કલશો સોળ તથા મધ્ય ભાગે મોટો કલશ એક, એ-વા પ્રકારનો મસ્તકના વિશ સુંદર પ્રકાશમાન મુકુટ, અને તે મુકુટમાં કમળના સુશોભિત સુગંધ શીતલ ગોઠવેલાં ફુલો, તથા શુભ્ર ચમર પ્રમાણે ડાબી બાજુ ઉપર મુકુટમાં મોતી ઓનો તોરો લટકાવેલો, તેહેના ડાબા ખંભા ઉપર કાંઇક ભાગ ઢળતા આવેલા, તથા કાંઇક ઉર્ધ્વ ગએલા,તથા કાંઇક

ધનુષ્યના આકારે નમેલા, એની રીતનો તોરો, તથા મચ્છની આકૃતી પ્રમાણે રત્ને જડેલાં કુંડલો. તે બેઉ સ્કંધ ઉપર બેસારેલા. તથા કર્ણ વેધ સ્થળને તેહેની પુચ્છાકૃતી સ્પર્શેલી, તથા મુકુટને જડેલા, એવા પ્રકારના કુંડલો, તથા કપાળના વિશે શુભ્ર ચંદનનું ઉભું ટીળું, અને મધ્યભાગે કેશરનો વર્તુ-લ ચાંડલો, તે ચાંડલાના મધ્ય ભાગે કસ્તુરીનો વરતુલ બિંદુ, તથા ભ્રૂમધ્યના વિશે, કેશરના વરતુલ બિંદુમા નાહાનીશી કસ્તુરીની ટપકી, એ પ્રકારનું કપાળે ટીળું. તથા પગમાં તોડા, અને હાથના પોંચામાં વિરકંકણો, અને દંડમાં હીરાયે જડેલા અંગદો, તથા કેડમાં શુભ્ર વસ્ત્ર, જેહેના ચારે છેડા જરીના, એવા પ્રકારના વસ્ત્રનો કછોટોવાળેલો, અને શુભ્ર, તથા થોડા પનાનું વસ્ત્ર, જેહેની પોળાઇના બે છેડા જરીના, તથા લંબાઇ-ની બે બાજુ જરીદાર એવું ઝીણું એકવડું વસ્ત્ર, તેહેના છેડા દંડ ઉપરથી જમીન સુધી છુટેલા, તથા હાથમાં દિવ્ય તેજ-સ્વી ધનુષ્ય, તથા એક બાણ. તે ધનુષ્ય બાણ, તથા વસ્ત્રા-લંકાર; ઈશ્વરજ થએલો, અને હોઠ આરક્ત, તથા કિંચિત હાસ્ય મુખ, એવો શ્રીરામ, આકર્ણ પ્રફુલ્લીત નેત્રેકરી, કૌ-શલ્યાની તરફ જોતો કૌશલ્યાની આગળ ઉભો રહ્યો. તેહેની તરફ કૌશલ્યાયે જોયું, તેથી તેહેને, તેહેના સ્વદેહની અત્યા-નંદિત મુદ્રા અનાવર થઇ, તેહેનું મન શ્રીરામે પોતાની તરફ વેધી લીધું, તેવખત વસિષ્ઠાદિક ઋષીઓએ પણ, શ્રીરામની તરફ અવલોકન કર્યું, એટલામાં કૌશલ્યા બોલવા લાગી કે, હે શ્રીરામ, તુને મારો પુત્ર એવું સર્વ લોકો કેહે, તથા તુને હું સ્તન પાન આપીશ, તે તારે સેવન કરવું, એવી ઇચ્છા મારી છે, એ વાક્ય, ઇશ્વરનો અવતાર શ્રીરામચંદ્ર જે તેણે શ્રવણ

કરી, હાસ્ય મુખ કર્યું, અને સર્વ અલંકાર ભૂષણો ગુપ્ત કર્યાં, તથા અષ્ટ વર્ષની મુદ્રા છોડી, હમણાંજ શ્રીરામ જન્મ્યા છે, પણ નાળ છેદન, તથા રક્તાદિક, તે કાંઇજ ન છતાં એકદમ સ્વચ્છ બાલ્ય રૂપી, એવી સુકુમાર શ્યામ સુંદર, કમલનયન, સુશોભિત બાલ્યમુદ્રા ધારણ કરી, હાસ્ય વદને, કૌશલ્યાનું સ્તનપાન કરવા લાગ્યો એવા પ્રકારનો ઇશ્વરે શ્રીરામ અવતાર ધારણ કર્યો, તે ચૈત્ર શુધ્ધ નવમીના દિવસે માધ્યાન્હ કાળે ધારણ કર્યો, એથી તે દિવસે, સર્વ પૃથ્વી ઉપર સુચિન્હો થયાં, તથા અયોધ્યામાં ઘણો આનંદ થયો, અને સર્વ લોક બોલવા લાગ્યા કે, જે બાબત વાલ્મીક વગેરેએ ભવિષ્ય કથન કર્યું હતું, તે કૌશલ્યાને શ્રીરામ પુત્ર થયો, આપણે તેહને જોવા જઇયે, જલદી ચાલો એપ્રમાણે એક બિજાને કહી, સ્ત્રિયોએ, તથા પુરૂષોએ, છોકરાં તથા ઘરબાર પડતા મુકી, શ્રીરામને જોવા સારૂ આવ્યા, અને તે દિવસે તેઓને ઘણો આનંદ થયો, એથી બિજો ઉદ્યોગ કરવા ફાવ્યું નહીં, તથા ધાન્યો રાંધવાવિશે કોઇને સ્મરણ રહ્યું નહીં; અને પરસ્પરોમાં મેવા મિઠાઇ દેવા લેવા લાગ્યા, તથા ખાવા લાગ્યા એથી તે દિવસ મોટો, આનંદનો ગયો, તથા ઇશ્વરે એવો શ્રીરામ અવતાર ધારણ કરી, સર્વના ભ્રમ દુર કરી, ધર્મની સંસ્થાપના કરી, એથી ચૈત્ર શુધ્ધ નવમીનો દિવસ આવ્યો, એટલે આજન શ્રીરામ અવતાર થયો, અને તેણે ધર્મ સંસ્થાપના કરી, એવું લોકોને સ્મરણ થાય છે. કારણ તેઓને ઇતિહાસની ખબર છે એથી કોઇપણ તેદિવસે અન્નનું ભોજન નકરતાં, ઘણી ખુશીના લિધે, મેવો મિઠાઇ તથા દુધ દહીં ખાઇ, તે દિવસ સત્‌ક્રિયાઓ કરવામાં સર્વ લોકો કાઢે છે, એ શ્રીરામ અવ-

તાર થવાનું સ્મરણ. તેઓને ચૈત્ર શુદ્ધ નવમીયે થાયછે, કારણ ચૈત્ર શુધ્ધ નવમીયે શ્રીરામ અવતાર થયોછે, એ તેઓયે શ્રવણ કર્યું છે, તથા તેદિવસે તે શ્રીરામ અવતારના ઉત્તમ જે ગુણ કર્મો, તે શ્રવણ કરવા બેસવાથી, ક્ષુધા, તૃષા, એ પીડા કરતીઓ નથી. એથી તે દિવસ સેહેજન ઉપવાસ જેવો થાય છે, એવો એ ચૈત્ર શુધ્ધ નવમીનો શ્રીરામ જયંતીનો ઉત્સાહ છે, તથા તે દિવસે, ધાન્યોનો પાક નકરવાનું કારણ એજ છે કે, લોકોનો, તે ચૈત્રશુધ્ધ નવમીનો દિવસ, શ્રીરામના ગુણ-કર્મો, તથા તેણે કરેલો ઉપદેશ, એનું શ્રવણ કરવામાં જાયછે, એથી ધાન્યોનો પાક કરવાનું કોઇથી બનતું નથી, એથી મેવો મિઠાઇ. તથા દુધ દહીં ખાઇનેજ, તે સુદિન પાર થાયછે, એપ્રમાણે દીકરા, ચૈત્રશુધ્ધ નવમીના ઉત્સાહનો મર્મછે; તથા એજ પ્રમાણે ચૈત્રશુધ્ધ તૃતીયાના દિવસે, મત્સ્યઅવતાર જયંતીનો ઉત્સાહછે, તથા એજપ્રમાણે ચૈત્રશુધ્ધ પૌર્ણિમાના દિવસે હનુમાન જયંતીનો ઉત્સાહ છે, તથા એજપ્રમાણે વૈશાખ શુધ્ધ તૃતીયાના દિવસે પરશુરામ જયંતીનો ઉત્સાહ છે, તથા એજ પ્રમાણે વૈશાખશુધ્ધ ચતુર્દશીના દિવસે નરસિંહ જયંતીનો ઉત્સાહ છે, તથા એજપ્રમાણે વૈશાખ શુધ્ધ પૌર્ણિમાના દિવસ કુર્મ જયંતીનો ઉત્સાહ છે, તથા એજપ્રમાણે શ્રાવણ શુધ્ધ પંચમીએ, મ્લેચ્છ નાશક કલ્કી નારાયણનો અવતાર, એજ કલયુગમાં પ્રગટ થશે તથા પાછલા કલ્પમા પ્રગટ થયેલો છે તેહેની જયંતી, તથા ઉત્સાહ છે, તથા એજપ્રમાણે શ્રાવણ વદ આઠમે શ્રીકૃષ્ણ અવતારની જયંતીનો ઉત્સાહછે, તથા એજપ્રમાણે ભાદ્રપદ શુધ્ધતૃતિયાએ વરાહ જયંતીનો ઉત્સાહછે, તથા એજપ્રમાણે ભાદ્રપદશુધ્ધ

ચતુર્થીના દિવસે ગજાનનની પૂજાનો મુખ્ય દિવસછે, અને એજપ્રમાણે ભાદ્રપદશુદ્ધ દ્વાદશીના દિવસે વામન જયંતીનો ઉત્સાહછે, તથા એજપ્રમાણે આશ્વિનશુદ્ધ દશમીયે બૌદ્ધ જયંતીનો ઉત્સાહછે, તથા જગદંબાનો પણ ઉત્સાહછે, તથા એજપ્રમાણે માર્ગશીર્ષ શુદ્ધ ચતુર્દશીયે દત્ત જયંતીનો ઉત્સાહછે, ઇત્યાદિ સર્વ જયંતીઓ જે જે દિવસે આવેછે, તેતે દિવસે વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો, મેવો મિઠાઈ, તથા દુધ દહીં ખાઇને રેહેછે અને ધાન્યોનો પાક કરતા નથી, એનું કારણ એજ કે, તેહેનો, તે દિવસ, તે અવતારે કરેલા ઉપદેશો, તથા કીર્ત્તી શ્રવણ કરવામાં જાયછે, એથી તે લોક, મેવો મિઠાઇ, તથા દહીં દુધ ખાઈ રેહેછે, તથા તે દિવસ, ઇશ્વરે ધારણ કરેલા અવતારનું સ્મરણ કરવાનો, તેઓને મુખ્ય એવો થયો છે, કારણ. તે તે દિવસે, જગતનાં સર્વ સંકટો દૂર કરવા સારૂ, જેહેની આકર્ષણ શક્તીમાં ભુગોલ વગેરે અનંત બ્રહ્માંડગોલોછે, તે ઇશ્વરે અવતાર લીધાછે, અને જે જે દિવસે તેણે અવતાર ધારણ કર્યા, તે તે દિવસે ભૂગોલ ઉપરના સર્વલોકો એકદમ આશ્ચર્ય પામ્યાં, અને સર્વના ખાવા પીવાના નાદ, તે દિવસે બાકી રહ્યા નોતા, તથા જ્યાંહાં ત્યાંહાં આકારારૂપ પોલાણમાં આનંદદાયક પ્રકાશ, જે સૂર્ય વગેરેના પ્રકાશથી ભિન્ન એવો ફેલાણો હતો. એવો જે સર્વના આનંદનો દિવસ તે આવ્યો, એટલે લોકોને આશ્ચર્ય પ્રાપ્ત થઈ. તે. તેતે ઇશ્વરના અવતારની કથાઓ ગાવા લાગેછે, હવે જેમ રામનવમીની, એટલે ચૈત્રશુદ્ધ નવમીની સ્થિતિ કહી, તેજ પ્રમાણે ઇશ્વરના સર્વ અવતારોની સ્થિતી, દિકરા તું સમજ, અને સુખી થા, તથા વેદોક્ત ધર્મમાં

વ્યવહાર મુખ્ય નથી, મુખ્ય પરમાર્થ છે, એથી સર્વ વ્યવહાર, તથા સર્વ દિવસ ધર્મની તરફજ યોજેલા છે.

૧૩૦ દી૰ બાપા, જે મુને આજપુધી સંશય હતો, તે સર્વ ગયો, અને મુને સમજાણું કે, ચૈત્રશુદ્ધ નવમીના દિવસે, ઇશ્વરે શ્રીરામઅવતાર લીધો, તેવખત સર્વ લોકોને સુખ થયું, એથી તેઓને ધાન્યોના પાકકરી ખાવું પીવું સુઝ્યું નહીં, તેથી તેઓએ. મેવો મિઠાઇ, તથા દુધ દહીં ખાઈ, તે દિવસ આનંદમાં કાઢ્યો, તેજપ્રમાણે, વર્ષના તે દિવસે લોકોયે. તે દિવસ શ્રીરામઅવતાર થયો ત્યારે કેવો આનંદમાં ગયો, એસ્મરણ સારૂ ચલાવ્યો છે, તથા એજ રીતે ઇશ્વરના સર્વ અવતારોના દિવસ, તેઓના સ્મરણ સારૂ, તથા પોતાના તરવાના ઉપાય સારૂ. તથા તે અવતારોએ કરેલા ઉપદેશો સાંભળવા સારૂ નેમો મુકયા છે, એ બરાબર છે, અને એથી મનુષ્યોને ઇશ્વરની શક્તીનું સ્મરણ થાય છે, તથા પાતક એટલે અજ્ઞાન જે, તન્નિમિત્ત કર્મોની ભીતી ઉત્પન્ન થાયછે, અને ઇશ્વર પ્રિત્યર્થ, સારી ક્રિયાઓ કરવીઓ એવું મનમાં આવે છે, વાસ્તે, ઇશ્વરે જે જે દિવસે અવતાર લીધા છે, તે તે દિવસે ધાન્યાદિકોના પાક ન કરતાં, મેવો મિઠાઇ, તથા દુધ દહીં ખાઈ, ઇશ્વરના અવતાર કૃત્યનુ સ્મરણ કરી આશ્ચર્ય પામી, ઇશ્વરની ભક્તિ ધારણ કરવી, એ વેદ પ્રતિપાદ્ય ધર્મમાં અત્યુત્તમ માર્ગ છે, એપ્રમાણે, તેનો મુને મર્મ તમારા કેહેવાંથી સમજાણો, અને હું અત્યંત સુખી થયો.

૧૩૧ બા૰ દીકરા, ઇશ્વરના અવતાર, જે જે દિવસે થયા, તે તે વાર્ષીક દિવસના ઉત્સાહની ક્રિયામાં રેહેવાંથી, અન્નવગેરેનું પાકકરી ભોજન કરવું, અને સુરત થવું, એ બં-

ધથઈ જાયછે. અને ફક્ત, ફળો ખાવાં, એટલે ફલનોઆહાર કરવો, ઈત્યદિપ્રકારે કરી. લોક, મેવા મિઠાઈ, તથા દુધ દહીં, તે દિવસે ખાઈ, તેદિવસ ઈશ્વરના સ્મરણની તરફ લગાડેછે, અને ખાવાપીવાની તરફ લગાડતા નથી એ જે ઉત્તમ કર્મ, તેનો મર્મ તુંને સમઝાયો એથી હું ઘણોજ સુખી થયો.

૧૩૨ દી૦ બાપા, પ્રત્યેક પંદરવાડીયામાં ચતુર્થી, તથા એકાદશી, તથા પ્રદોષ, તથા શિવરાત્રી, વગેરે દિવસે, ધાન્યાદિકોના પાક નકરતાં કંદમુળો, તથા ફળો, તથા દુધ તથા દહીં, વગેરે પદાર્થોનો આહાર; વેદ પ્રતિપાદ્ય ધર્મના લોકો કરેછે, તેહેનો મર્મ શુ તે મુને કોહો.

૧૩૩ બા૦ દીકરા, આ મનુષ્ય દેહમાં, જે કોઇ જન્મ પાંમ્યો છે, તેણે પોતાના શરીર પિંજરામાએલા પ્રાણ વાયુમાં જે જ્ઞાન રૂપ ઈશ્વર છે, તેહેના સ્વરૂપના વિશે લક્ષ લગાડવો. એટલે તે લક્ષ લગાડનારાને. મરવાં પછી ફરી જન્મ લેવો પડશે નહીં તથા દુઃખ ભોગવવો પડશે નહીં. પણ તે ઈશ્વરની તરફ કોઈ લક્ષ લગાડતું નથી, અને પંચવિષય, એટલે સર્વજગત જે પંચ જ્ઞાનેંદ્રિયોએકરી ખબર પડેછે, તેજ પંચવિષયો છે, તેજગતની તરફ સર્વ વખત સર્વ લોકો લક્ષ લગાડે છે, એથી તેઓને મરવાં પછી, મનુષ્ય, અથવા પશ્વાદિક, હરેક યોનીમાં ફરી જન્મ, તથા જન્મ્યાં પછી અનેક દુઃખ ભોગ ભોગવી ફરી મરવું એ પ્રમાણે જન્મ મરણના ફેરા હંમેશાં ખાવા પડેછે, તથા મરવાં પછી સારાં તથા નરસાં, કરેલા કર્મોની કર્મ ભોગ સૃષ્ટી, આપણા જ્ઞાનમાંથી ઉત્પન્ન થઇ, સ્વપ્ન સૃષ્ટી જેમ આપણામાંથીજ થએલી, આપણી આપણને સુખ દુઃખ દાયક થાય છે, તેવી મરવાં પછી, ભોગસૃષ્ટી પણ, આપણા અહંપણામાંથી ઉત્પન્ન થઈ, આપણી આપણને સુખ દુઃખદાયક થાય છે, તે નથાય, તથા વારંવાર જન્મમરણ ભોગ નથાય, એહેતુ વાસ્તે, શરીર પિંજરાની માએલા પ્રાણવાયુની અંદર જ્ઞાન સ્વરૂપ જે ઈશ્વર છે, તે ઈશ્વરની તરફ લક્ષ લગાડવોજ જોઇયે, તથા જાંહાં સુધી પંચવિષય રૂપ જગતની લાલચ છુટી નથી, અને વિચારેકરી ઈશ્વરનું જ્ઞાન થયું નથી, ત્યાંહાં સુધી. તેપ્રાણ વાયુની માએલા જ્ઞાન સ્વરૂપી, ઈશ્વરની તરફ લક્ષ લાગતુંજ નથી, વાસ્તે પંચવિષયની લાલચ છોડી દેવાનો, અને શરીર પિંજરાની માએલા પ્રાણવાયુની અંદર, જે જ્ઞાન સ્વરૂપી ઈશ્વર છે, તેહેનો વિચાર કરવાના દિવસ, વેદપ્રતિપાદ્ય ધર્મમાં નેમેલા છે, તેજ ચતુર્થી, એકાદશી, પ્રદોષ, શિવરાત્ર, વગેરે ઘણાં છે, વાસ્તે વેદપ્રતિપાદ્ય ધર્મ માએલા લોકો, તે તે દિવસે પંચવિષયોના આહારોની લાલચ નરાખતાં, ઈશ્વરનો વિચાર કરેછે, અને ધાન્ય વગેરેનો પાક નકરતાં, ફળનો આહાર કરી, શરીર હળવું કરેછે, તથા ઈશ્વરનો વિચાર કરેછે, એ ઘણું ઉત્તમછે કારણ વેદપ્રતિપાદ્ય ધર્મનો મુખ્ય મર્મ એવોછે કે, સર્વ વિષયોની વાસના છોડી, ઈશ્વરનો વિચાર, મનુષ્ય શરીર ધારણ કરનારે હંમેશા કરવો, તે હમેશા ઈશ્વરનો વિચાર કરવાનો માર્ગ જાણવા અર્થે, પેહેલા અભ્યાસ સારૂ, ચતુર્થ્યાદિક દિવસ નેમેલાછે, એવું દીકરા તું સમઝ, અને સર્વ સંશય રહીત થયો છતાં સુખી રેહે.

૧૩૪ દી૦ બાપા, હવે ચતુર્થ્યાદિક વ્રતો કિમર્થ છે એ મુને સમઝાંણું, કારણ ઈશ્વરનો વિચાર કરવો હોયતો,

જે વખત વિચાર કરવા બેસવાનું, તેવખત આલસ્ય, તથા નિદ્રા, તથા વિષય વાસના, એઓનો પેહેલાંથી ત્યાગ કરવોજ જોઇયે, તોજ ઇશ્વરનો વિચાર કરવાની સુજ પડસે એનો અનુભવ મુને રોજનો છે, તથા ઘણો આહાર કર્યો છતાં, આલસ્ય તથા નિદ્રા, તથા વિષયવાસના, એઓનો ત્યાગ થાતોજ નથી, એપણ અનુભવ મુને તથા સર્વલોકોને છે, વાસ્તે, ચતુર્થ્યાદિક દિવસ, ઇશ્વરનો વિચાર કરવા સારૂ, વેદપ્રતિપાદ્યધર્મમાં નેમેલા છે, તથા તે તે દિવસે, ઇશ્વરનો વિચાર નથવા દેવાના કારણો, આલસ્ય, તથા નિદ્રા, તથા વિષયવાસના, એ દૂર થાય તે સારૂ અતિશય આહાર બંધકરી અલ્પ સ્વલ્પ ફળનો આહાર કરવાનો નિયમ કર્યોછે, એવું સયુક્તિક તમે કહ્યું, તે હું સમજ્યો, તથા સર્વ દિવસે ઇશ્વરનો વિચાર કરી, ઇશ્વરની તરફ લક્ષલાગે, એ હેતુ વાસ્તે પ્રથમ અભ્યાસ સારૂ, ચતુર્થ્યાદિ દિવસ નેમેલાછે, એવું તમે જે સયુક્તિક મુને કહ્યું. તેપણ હું સમજ્યો, અને ઘણોજ સુખી થયો, તથા એપ્રમાણેજ સર્વ અપવાસોના વિચારો છે એપણ મારા લક્ષમાં આવ્યું.

૧૩૫ બા૦ દીકરા, ચતુર્થી, તથા એકાદશી, ઇત્યાદિ ઉપવાસોનો મર્મ, તારા જાણવામાં આવ્યો એ જોઇ મુને ઘણો આનંદ થયો.

૧૩૬ દી૦ બાપા, ગઇ કાલે હું, અને ગોપાલ છોકરો નિશાળમાંથી આવતા હતા, તેવખત ગોપાલ છોકરો બોલવા લાગ્યો કે, શરીર સ્વચ્છ કરવા વખત, કાનઉપર યજ્ઞોપવીત રાખવું, એ ઘેલી ચાલછે, તથા એ ચાલ પાડનારા અજ્ઞાની હોય, એવું મુને લાગેછે, કારણ કાનઉપર જનોઇ

રાખવાના બદલે, બંભા ઉપર કાં મુકતા નથી, એવાં બોલવાંઉપરથી, ગોપાળને ઘણી વાતો મે કહીયો, પણ તે સમજ્યો નહીં, વાસ્તે, શરીર શુદ્ધકરવાની વખત, કાનઉપર જનોઇ રાખવી, અને બંભાઉપર કાં નરાખવી. એ મુને કહો.

૧૩૭ બા૦ દીકરા, જનોઇ, એ બ્રહ્મચારી. એટલે સ્ત્રિની સાથે રત નથયોછતાં, બ્રહ્મસ્વરૂપનો વિચાર કરનારો; તથા ગૃહસ્થ. એટલે બ્રહ્મવિચાર જાણતોછતાં ઘરબાંધી, સ્ત્રિની સાથે રહી, પરોપકારાર્થ કષ્ટ કરનારો, તથા વાનપ્રસ્થ, એટલે બ્રહ્મવિચાર જાણતોછતાં, યોગાભ્યાસે કરી, મન બ્રહ્મ સ્વરૂપના વિશે લગાડી, સુખ ભોગવવા વાસ્તે, સર્વ સંગતમાં છતાં, વનમાં રેહેનારા પ્રમાણે, જગતના વ્યવહાર છોડી રેહેનારો, એત્રણે આશ્રમોનાં મનુષ્યોની, યજ્ઞોપવિત (એટલે જનોઇ) એ સ્મૃત્યર્થ નિશાની છે, તે નિશાની, સંન્યાસ કહીને જે ચોથો આશ્રમ તેહેને નથી, કારણ, હું કોણછું એ મુને ખબર પડતી નથી એવી જે અજ્ઞાન રૂપી ગાંઠ, તે જેણે છોડી, અને શરીર પિંજરાની માએલી પોલાણમાં, પ્રાણ વાયુને, આકાશ રૂપ વૃત્તીયેકરી ચલિતકરી, હું હું એવી વૃત્તિમાં મનોમય ભાવના હોઠ તથા જીભ, નહલાવતાં થાય છે, તે ભાવના થયાં પેહેલાંજ, જે હુંપણું ધરનારા જ્ઞાનાતીત, અનંત પોલાણની અંદર, અચંચલ સ્વપ્રકાશ નિરાકાર રૂપ જે, તેહેનું જે સ્વરૂપ, તેજ મારૂં નિજરૂપ એવું જેહેના અનુભવમાં આવ્યું તેહેની, હું કોણ છું એ મુને ખબર પડતી નથી, એવી જે અજ્ઞાનરૂપ ગ્રંથી, એટલે ગાંઠ. તે છુટી, તથા તેજ સંન્યાસી, એટલે, રજ, સત્વ, તમ. એત્રણે ગુણરૂપી અહંકારની ગાંઠનો ત્યાગી થયો, વાસ્તે તેણે જનોઈની ગાંઠ છોડી નાખવી, એટલે

જનોઈનો ત્યાગ કરવો, અને જેવી, શિખા વારંવાર ઊગેછે, તેવી અનેક જે વિષય વાસનાઓ સર્વને ઉઠેછે, તે વાસનાઓ જેણે, પોતાનું નિરાકાર સ્વરૂપ અનુભવ્યું તેણેજ છોડીઓ, તથા તેજ સંન્યાસી થયો, અને તેણે તે વાસના છોડવાની નિશાની, એકવખત શિખા કાઢીનાખવા પછી, કેશ, ન છેદવા, એછે, તથા નગ્ન રેહેવાની નિશાની એવી છે કે, જગત એક તથા હું એક, એવી જેભાવના, તે ભાવનાનાંજ પેટમાં લજ્જાછે,તે લજ્જા તેહેને સ્મરતી નથી,કારણ તેહેની વૃત્તિ એવી થઇ કે, અનંત ગોલોના ઊપર નીચે, એક જે પોલાણ છે, એવું આપણે કલ્પેલું છે, તે પોલાણના આધારથીજ જગત એક, તથા હું એક, એવી ભાવના થાય છે. પણ હું તો, શરીર પિંજરાની અંદર જે એક પોલાણ છે, તે પોલાણની માંહે, જે પ્રાણ વાયુ છે, તે પ્રાણ વાયુને ચલિત કરી, હું હું એવી કલ્પના કરવાના જ્ઞાન પેહેલા, હું સેહેજ સ્વપ્રકાશ ભરેલો જેવોનો તેવોજ નિરાકાર છું, તે મારા સ્વરૂપના વિશે અનંત પોલાણજ નથી; પછી પોલાણના આધારેકરીજ ભાસનારૂં અનંત ગોલરૂપી જગત એક, તથા હું એક, એ કયાંહાં હશે, તે નથીજ નથી, પોતે હું જેવોનો તેવોજ અચંચલ નિરાકાર છું, વાસ્તે કેહેને લજ્જાવું; એ સેહેજ સ્થિતિ માએલી સંન્યાસીની નિશાની, નગ્ન રેહેવું એજ છે, એપ્રમાણે દીકરા, સંન્યાસ આશ્રમનો વિચાર તુંને કહ્યો, હવે આ સંન્યાસ સ્થિતી, અમોને દૃઢથવી જોઇયે, તેહેની યાદગારી સારૂ યજ્ઞોપવિત શીરીતે છે, કે એકજ હું બ્રહ્મ, એવી જે સ્ફુરતી, તે મૂળ સ્ફુરતીનો ધાગો, તેજ રજ, તથા સત્વ, તથા તમ, એ ત્રણ ગુણ, એ ત્રણ ગુણોના આકારે કરી ત્રિગુણ રૂપી થયો, અને ફરી તેહેનેજ

જાગૃત, સ્વપ્ન, તથા સુષુપ્તી, એ ત્રણ અવસ્થાઓનો વળ પ્રાપ્ત થયો, અને તેજ ફરી, એક એક અવસ્થામાં ત્રણ ગુણ, એવો વળ દીધો, અને શેવટે, હું એક બ્રહ્મ, એવા મૂળના ધાગાને ભૂલી જઇ, હું કોણ છું એ મુને કાંઈજ સમઝાતું નથી એવી અજ્ઞાન રૂપ ગાંઠમાં ગુપ્ત રેહેલો છે, વાસ્તે હું બ્રહ્મ રૂપ છું, એવી ભાવનાનો દોરો અનુભવમાં આવશે, ત્યાંહાં સુધી, આ યજ્ઞોપવીતની નિશાની સ્મરણ સારૂ સારી રીતે જતન કરવી, તથા તેને સંભાળવી, એ બ્રહ્મચારી, તથા ગૃહસ્થ, તથા વાનપ્રસ્થ, એત્રણ આશ્રમોને નિયમ લગાડેલો છે, તથા મળ મૂત્રનો, તથા મળ મૂત્ર ધોએલાં પાણીનો, જનોઇને સ્પર્શ ન થવા સારૂ, જમણાકાન ઊપર જનોઈ મુકવાંની ચાલ લગાડી આપેલી છે. હવે જેમ કલમ મુકવાં પ્રમાણે જમણાકાન ઊપર યજ્ઞોપવિત રાખવા શેહેલું છે તે અન્ય ઠેકાણે રાખવા સુલભ નથી, તેથી જમણા કાન ઊપર યજ્ઞોપવિત મુકવાની ચાલ સ્થાપિત કરી છે, એ સયુક્તિક ચાલ, કોઈ બુદ્ધિવાળાયે ચલાવી છે, અને બીજું તું એવું સમઝકે, જોપણ ખંભા ઊપર મુકવાની ચાલ, અથવા માથાઊપર મુકવાની ચાલ નવી ચલાવી, તથાપિ ગોપાલ જેવા મૂર્ખ છોકરાઓ પ્રશ્ન કરશેજ કે, જનોઇ માથાઊપર કેમ જોઈયે, અમારામતથી ખંભાઊપર જોઈયે, તથા ખંભાઊપર મુકી છતાં કેહેશે કે, ખંભાઊપર કેમ જોઇયે, બીંતીઊપર શા સારૂ ન જોઇયે, એ પ્રમાણે દીકરા, શરીર શુદ્ધ કરવા વખત, કહીં પણ જનોઇ મુકી છતાં, મૂર્ખ લોકોતો પ્રશ્ન કર્યાવિના રેહેનારજ નથી, અને અશોક્વનિકા ન્યાય જેવું થશે; વાસ્તે તેઓના પ્રશ્ન વ્યર્થ છે એવું સમઝી, મળ મુત્રનો સ્પર્શ, તથા મળ મુત્ર ધોએલા પાંણીનો

સ્પર્શી, જનોઇને તદન થવો ન જોઈયે, તેવાસ્તે, જમણા કાન ઉપર જનોઇ રાખવાની ચાલ, સયુક્તિક, તથા અત્યુત્તમ સમઝી, તે ચાલ પ્રમાણે દીકરા તું વરતનો જા.

૧૩૮ **દી**૦ બાપા, હવે મુને જનોઈનો અર્થ સમઝાણો, અને જનોઈને, મલ મૂત્રનો સ્પર્શ ન થવા સારૂ. મલમૂત્રોત્સર્ગ ના વખત, જમણા કાનઉપર જનોઈ લટકાવવાની ચાલ, શાહાણાયે રાખી છે, તે ઘણી ઉત્તમછે એવુંપણ મુને સમઝાણું, અને જે ગોપાળ જેવા ઘેલા છોકરા છે, તે કેહેછે કે, જનોઈ, શૌચવિધીના વખત, કાનઉપર શાસારૂ મુકવી, ખંભા ઉપર શાસારૂ ન મુકવી, તેવા પ્રશ્ન કરનારા મૂર્ખાને ઉત્તર એજકે, તમારા મતપ્રમાણે જનોઈ ખંભાઉપર રાખી છતાં, બિજો મૂર્ખ કેહેશે કે ખંભાઉપર કેમ મુકવી જમીનઉપર મુકવી એ ઠીક છે, એપ્રમાણે, કહીં મુકી તોય, અજ્ઞાનીઓનાં પ્રશ્ન છેજ, વાસ્તે તે સર્વ પ્રશ્ન વ્યર્થ છે, કારણ કહીં પણ શૌચવિધીના વખતે જનોઇ સંકેલી સ્વચ્છ મુકવીજ જોઈયે, તથા કહીંપણ મુકી તોય અજ્ઞાનીઓના પ્રશ્નો અહીં કેમ મુકવી એવા અણસમઝણપણાએ છેજ છે એવું સમઝી. ઘણી સયુક્તિક જે જમણા કાનઉપર જનોઈ મુકવાની રીત છે, તે સારી છે, એવું અજ્ઞાનીઓને ઉત્તર દેવા બાબત, આપે જે કહ્યું, તે મુને સમઝાણું, તથા હું સંશય રહિત થયો.

૧૩૯ **બા**૦ દીકરા, જનોઈના વિચાર બાબત તું સંશય વિનાનો થયો એ જોઇ મુને અત્યાનંદ થયો છે.

૧૪૦ **દી**૦ બાપા. હું એક પ્રશ્ન કરૂં છું તે એવો કે, મા, કિંવા બાપ. અથવા ભાઈ. કિંવા ભાઇની સ્ત્રી. વગેરે મુવાંછતાં. દસ દિવસ સુધી સૂતક પાળે છે, તથા જેણે સૂતક પાળ્યું હે

તેહેને સ્પર્શ કર્યો છતાં, સ્પર્શ કરનારાને સ્નાન કરી શુધ્ધ થવું પડેછે, એનું કારણ શું? તથા એવું કરવામાં ફાયદો શું? એ મુને કેહેવું.

૧૪૧ **બા**૦ દીકરા, સૂતક, એ કેવળ ગોત્રના મનુષ્ય સારૂ પાળવું એવું નથી, આપણો વ્યવહાર શિખવનારો ગુરૂ, કે જે ઉપર આપણી પ્રીતિ ઘણી છે, તે વાસ્તે પણ, સૂતક પાળવું, તથા આપણો મિત્ર, કે જે ઉપર આપણી પ્રીતિ ઘણી છે તેહેનું પણ સૂતક પાળવું, પણ સંન્યાસીનું સૂતક પાળવું નહીં, તથા સંન્યાસીના પ્રેતને સ્પર્શ કરિયે, અને સ્નાન ન કરીયે, તોય, ચિંતા નથી, કારણ તે નારાયણ સ્વરૂપના વિશે લીન થયો, એથી આભડછેઠ નથી, વગેરે કારણ ઉપરથી સિદ્ધ થયું કે, સૂતક પાળવાને કારણ, શરીર માએલા જીવની નરશી ક્રિયાઓથી, જીવાત્માએકરી, પોતપોતાની પ્રીતિ, શરીર ઉપર હોય, અને ઈશ્વરની તરફ ન હોય, એજ છે, હવે સૂતક, પ્રીતિના યોગથી પાળનારે દિવસ પૂર્ણ થાય ત્યાંહાં સુધી, એવો વિચાર કરવો કે, જે ઉપર આપણે પ્રીતિ કરીયે છૈયે તે શરીર નાશ પામશે, તથા આપણું પણ શરીર નાશ પામશે વાસ્તે અન્ય શરીર ઉપર. કિંવા સ્વશરીર ઉપર પ્રીતિ રાખવી વ્યર્થ છે, કારણ સર્વ શરીરો મરવાના! તે ઉપર પ્રીતિ રાખવી કાંઈ ઉપયોગી નથી, વાસ્તે જે જન્મજ પાંમ્યો નથી તે મરવાનો પણ નથી, એવો એક. જન્મ મરણ વિનાનો, અજન્મા નિરાકાર પરમેશ્વર છે. તથા તે અનંત પોલાણની અંદર સ્વપ્રકાશ ભરેલો છે, તેહેનું જે સ્વરૂપ. તેજ મારા શરીર માએલું હું હું એવું સ્ફુરણ ધરનારા જ્ઞાન પેહેલાનું મારૂં સ્વરૂપ છે, તથા તે મારા શરીર માએલું, હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાના સ્વસ્વરૂપ

ઉપર પ્રીતિ રાખવી એજ ઉત્તમ છે, એવો સૂતક રાખનારે વિચાર કરવો, અને તેણે ઈશ્વરની તરફ લક્ષલગાડી બેસવું, અને એવું ન કરતાં, જો જગતના રીત રવઈયા તરફ લક્ષ લગાડી, તે લોકોને સ્પર્શ કરશે, તો તેણે ફરી સ્નાન કરી, ઈશ્વરના વિચારમાં બેસવું, તથા તેહેને, જો કોઇ જઇ, સ્પર્શ કરે, તો તેણે પણ સ્નાન કરી, ઇશ્વરનું સ્મરણ કરવું, એ સ્નાનનો નિયમ કરવાનું કારણ એટલુંજ કે, સૂતક ધરનારે ઈશ્વરનો વિચાર કરી, ઇશ્વર ઉપર પરમ પ્રીતિ, સૂતકના સર્વ દિવસમાં રાખવી, અન્ય ખટપટમાં પડવું નહીં, તથા તેહેને કોઇયે ઉપાધી કરવી નહીં, એમર્મ, સ્પર્શ કરનારાને સ્નાન કર્યા વિના શુદ્ધી નથી એમા સુચવ્યો છે, એપ્રમાણે સૂતક પાળવાનો મર્મ મે કહ્યો, તેવો મનમાં રાખી, તું તે પ્રમાણેજ આચરણ કરતોજા, એમાં, ઈશ્વરની ભક્તી, એ ફાયદો છે.

૧૪૨ દી૰ બાપા, તમારા કેહેવાંથી, સૂતક પાળવાનો મર્મ, એવો હું સમજ્યો કે, જે ઉપર આપણી પ્રીતિ છે, તેજો સંન્યાસી એટલે મુક્ત ન હોય, તો તેહેના તથા આપણા તરવા સારૂ, ઈશ્વરની ભક્તિ, નિરાંતે બેસી કરવા વાસ્તે, તેહેનું સૂતક પાળવું, તે પ્રમાણે, માતાપિતાદિકો ઉપર આપણા પ્રીતિ છેજ છે, તસ્માત્ સંન્યાસી, મુક્ત, એવા તે નહોય, તો તેઓનું સૂતક પાળવું, તથા બેટલા સૂતકના દિવસ પાળવાના, તેટલા સર્વ દિવસોમાં, સ્વશરીરઉપર, કિંવા અન્ય શરીર ઉપર, પ્રીતિ રાખવી નહીં, કારણ સર્વ શરીરો નાશવંત છે, વાસ્તે પોતપોતાના શરીરાતીત, અહંસ્ફુરણ ધરનારા જ્ઞાન પેહેલાંના નિરાકાર સ્વસ્વરૂપ ઉપરજ પ્રીતિ રાખવી, એ સૂતકના

નિમિત્તથી અત્યુત્તમ બોધ, તમારી કૃપાથી આજ મુને સમઝાણો, એથી હું અત્યંત સુખી થયો.

૧૪૩ બા૰ દીકરા, સૂતક પાળવાનો મર્મ તું સમજ્યો, એથી મુને સંતોષ થયો.

૧૪૪ દી૰ બાપા, વેદ પ્રતિપાદ્યધર્મના લોક, પ્રાયશ્ચિત્ત કરવા વખતે, શરીરની શુદ્ધિના સમયે, ગાયનું મૂત્ર, તથા છાંણ ખાવા આપે છે, એનો અર્થ શું છે એ મુને કેહેવો?

૧૪૫ બા૰ દીકરા, પ્રાયશ્ચિત્ત, એટલે જેહેને પશ્ચાત્તાપ થયો, એટલે જેને નરસાં કર્મો કર્યાં હોય, તે કરવાના પશ્ચાત, એટલે પછી, તે નરસાં કર્મનો સંતાપ ઉત્પન્ન થાય છે, તેહેને પશ્ચાત્ તાપ કેહેછે, એવો પશ્ચાત્તાપ જેહેને થયો, તેહેની નિશાની એનકે, તે પુરૂષ, કિંવા તે સ્ત્રી, એ બેઉ, પોતે કરેલાં જે નરસાંકર્મો, તે પોતાના સર્વ કર્મો, લોકો દેખતાં કબુલ કરેછે, અને તેવાંનરસાં કર્મો કરવાનો અભિમાન મુકી દેછે અને જ્ઞાનીને શરણ આવેછે, તેવખત લોકો વિચાર કરેછે કે, જો એઓનો અભિમાન નાશ થયો હોયજ તો, એઓની પરિક્ષા લેવી, તે વખત, તેઓને, સર્વ લોક સ્નાનકરી આવો એવું કેહેછે, અને તેઓએ તેવું કર્યું, એટલે લોકો સમઝે છે કે, એઓને પશ્ચાત્ તાપ થઈ એ નમ્ર થયાછે, પછી ફરી લોકો કેહેછે કે, જો તમે પશ્ચાત્તાપ પામ્યાંછો, તો તમે, બાળકોની પેઠે, સર્વ લોકોની આગળ આ લોટો, અને તેઓએ તેજ કર્યું, એટલે સમઝે છે કે, હવે તેઓ ઉપર દયા કરવીજ જોઇયે, પછી ફરી લોકો કેહેછે કે, જો તમે પશ્ચાત્તાપ પામ્યાંછો, તો તમે શુદ્ધછો, પણ જે તમે પાપો કર્યાંછે, તેહેની શીક્ષા આપણને એવી કરી લેવી

કે, ગાયનું થોડુંએક છાણ, તથા ગોમૂત્ર એ ખાઓ, તથા પીઓ, અને ઈશ્વરની એવી પ્રાર્થના કરો કે, હે ઈશ્વર. આમારાથી જે પાપ થયું તેહેની શીક્ષા, ગાયનું છાણ, તથા મૂત્ર કૃમી ખાયછે તેપ્રમાણે અમોયે ખાધું એ અમોને શીક્ષા થઈ, હવે પછી, અમો, અનીતિયે કરી, કદી વરતશું નહીં, તથા નરસાં કર્મો કરીશું નહીં, એપ્રમાણે તેઓએ કહ્યા પછી, સર્વ લોકોએ, આ મનુષ્યો ઈશ્વરની તરફ લક્ષ લગાડવા યોગ્ય થયાં એવું સમઝી, તેઓને આપણી બરાબરીનું માન આપવું, એવો એ પ્રાયશ્ચિત્ત વિધી છે, એટલે વેદપ્રતિપાદ્ય ધર્મના કાયદા વિરૂદ્ધ ચાલનારાઓને વેદપ્રતિપાદ્યધર્મના કાયદાપ્રમાણે દંડ કરવાનો પ્રકાર છે, તેહેમાં જેવું જેહેનું નરસુંકર્મ, તેવો તેહેને દંડ છે, તે દંડનેજ પ્રાયશ્ચિત્ત કહીયે, એમાં સર્વપ્રકારના શાસનો રાજકીય નિયમપ્રમાણે સમઝવાં, તથા સારાંકર્મો કરનારાઓને વેદપ્રતિપાદ્યધર્મના કાયદાપ્રમાણે બક્ષિસો એવાં છે કે, સારાંકર્મો કરનારા જે, તેઓનું સન્માન કરવું, તથા તેઓને દ્રવ્ય આપવું, એવાં ઘણાં બક્ષિસો પણ છે.

૧૪૬ દી૰ બાપા, હવે મુને સમઝાણું, કે, વેદપ્રતિપાદ્ય ધર્મના કાયદાવિરૂદ્ધ વરતનારાને જો પશ્ચાત્તાપ થશે, અને તે શરણ આવશે, તો વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો, તેહેને પ્રાયશ્ચિત્ત લેવાનું કેહેછે, તેહેમાં ગાયનું છાંણ તથા મૂત્ર પણ તે ખાયછે, તથા પીયેછે અને સર્વ લોકોને શરણ આવેછે, એથી તે નિરભિમાની થયો એવું લોકો જાણેછે, અને ઈશ્વરની ભક્તિ તેણે લીધી, તથા તે નીતિયે વરતવા લાગ્યો, પછી તેહેને પોતાની સાથે લેછે, એ અતિ ઉત્તમ છે

કારણ, જેવો રાજાના કાયદાવિરૂદ્ધ વરતનારાને રાજાના કાયદાપ્રમાણે દંડ થાયછે, તેવોજ વેદપ્રતિપાદ્ય ધર્મના કાયદા વિરૂદ્ધ વરતનારાને. વેદ પ્રતિપાદ્ય ધર્મના કાયદા પ્રમાણે દંડ છે, તે દંડનેજ પ્રાયશ્ચિત્ત કેહેછે, એ હું સમઝ્યો, તથા વેદપ્રતિપાદ્યધર્મના કાયદા પ્રમાણે જે પ્રાયશ્ચિત્ત, તે લેવા બાબત વેદ પ્રતિપાદ્ય ધર્મમાં જુલમ નથી; જેહેની તેહેની પ્રાયશ્ચિત્ત લેવાની ખુશી હોય તો લેવું, તેહેમાં ગાયનું છાંણ, તથા મૂત્ર, ખાવું પીવું, વગેરે શીક્ષાના અંગોછે, એવું તમારા કેહેવાંથી હું સમઝ્યો, અને સુખીયો થયો,

૧૪૭ બા૰ દીકરા, પ્રાયશ્ચિત્તનો વિચાર તુંને સારી પેઠે સમઝાયો, એ જોઈ હું સંતોષી થયો.

૧૪૮ દી૰ બાપા, વેદપ્રતિપાદ્ય ધર્મના લોક, એક બ્રહ્માંડગોલની ઓથે બિજો બ્રહ્માંડગોલ આવ્યો, અથવા પરપ્રકાશી બ્રહ્માંડગોલ, જે સ્વપ્રકાશી બ્રહ્માંડગોલના પ્રકાશથી દેખાયછે, તે બેઉના મધ્યભાગે પરપ્રકાશી બ્રહ્માંડગોલ આવ્યો, એપ્રમાણે આકાશમાં (એટલે જે પોલાણમાં ભૂગોલાદિક અનંત ગોલો દેખાય છે તે પોલાણમાં વાત બની, એટલે તેવોને ગ્રહણ કેહેછે, અને એવા એ, સૂર્ય, તથા ચંદ્ર એ ગ્રહણના આદ્યે, તથા અંતે, લોકો સ્નાનો કરેછે, તથા તે દિવસ; ઈશ્વરના ભજનવિના અન્ય કાર્યની તરફ લગાડતા નથી, તથા ઉપવાસ પણ કરેછે, એ એટલું કરવાનું કારણ શું? તથા એમાં ફાયદો શું? એકૃપાકરી મુને કેહેવું.

૧૪૯ બા૰ દીકરા, સ્વપ્રકાશી બ્રહ્માંડગોલની ઓથે બિજો પરપ્રકાશી બ્રહ્માંડગોલ આવેછે, અને પરપ્રકાશી બ્રહ્માંડગોલઉપર, સ્વપ્રકાશી બ્રહ્માંડગોલનો પ્રકાશ, થોડીક-

વાર સુંઘી, પરપ્રકાશી. બ્રહ્માંડગોલ પોહોંચવા દેતો નથી, એવાને ગ્રહણ કેહેછે, એ ખેલ; ભૂગોલાદિક અનંત બ્રહ્માંડગોલો, જેહેના એક આકર્ષણશક્તીયેકરી ધેરેલાછે તે ઈશ્વરનો છે, તે ઈશ્વરના ખેલને, સર્વ લોકોયે જોઇ, આશ્ચર્ય કરવું કે, જેવું આપણું સ્વશરીર, આપણે જે શરીર માએલા સૂક્ષ્મપ્રાણ વાયુની અંદર; એ સ્થૂલ શરીર બાહેરની પોલાણ જેવા છૈયે, તે આપણી આકર્ષણ શક્તીમાં શરીર છે, તેવું તથા તેથી વિશેષ રીતીયે, ભૂગોલાદિક અનંત બ્રહ્માંડગોલો, જે એકની આકર્ષણ શક્તીમાં છે, તે ઈશ્વર, અનંત અપાર પોલાણની અંદર જે સૂક્ષ્મ વાયુ છે, તે વાયુની અંદર બાહેર પોલાણ જેવો છે, તેહેની એક આકર્ષણશક્તી, અનંત બ્રહ્માંડગોલોમાં છે, અને, જેમ આપણે શરીરનું આકર્ષણ પ્રેરણ કરનારા શરીરનીમાએલા સૂક્ષ્મપ્રાણ વાયુમાં છતાં, કોઇને દેખાતા નથી તોય સર્વ લોકોની વાતો સાંભળીયે છૈયે, તથાપિ સર્વ લોકોને દેહ દેખાયછે, પણ સાંભળીનારા આપણે, જે શરીરની અંદર પોલાણ જેવા છૈયે, તે આપણે કોઇને દેખાતા નથી, તેપ્રમાણેજ, આપણે જે જે કાંઈ કરીયે છૈયે, તેતે સર્વ, અનંત બ્રહ્માંડ ગોલોને એક આકર્ષણ શક્તીયે કરી ધરનારો, જે અનંત પોલાણની માએલા સૂક્ષ્મ વાયુની અંદર પોલાણ જેવો ઈશ્વરછે, તેહેને ખબર પડેછે, પણ તે આપણને દેખાતો નથી, આપણને, તેણે આકર્ષણ કરી ધેરેલા બ્રહ્માંડગોલો માત્ર દેખાયછે. તથા જેવો શરીર માએલો આત્મા દેખાતો નથી, પણ શરીરનું હાલવું ચાલવું થાયછે, એથી તે શરીર ધરનારા શરીર મધેછે, તથા આપણું સાંભળનારો છે, તેપ્રમાણેજ અનંત બ્રહ્માંડગોલોમાં જે

એક ઈશ્વર છે, તે દેખાતો નથી, પણ અનંત બ્રહ્માંડ ગોલોનો ચાલવા હાલવાનો વ્યાપાર થાયછે એ ઉપરથી, એ સર્વ ગોલોને સ્વશક્તીયે આકર્ષણકરી ધરનારો છે, તથા તે આપણું સાંભળનારો છે, તથા જેમ આપણે શરીરની અંદર અનેક કલ્પનાના આકારો કલ્પીયે છૈયે, તથા જાણીયે છય, અને તે સર્વ કલ્પીત આકારો આપણા સ્વસ્વરૂપના વિશે લીનકરી, આપણેજ શરીરની અંદર પોલાણની પેઠે હોઇયે છૈયે, તે પ્રમાણેજ અનંત બ્રહ્માંડ ગોલોને એક આકર્ષણમાં રાખનારો, પોતાનાવિશે, કલ્પનાઓના આકારો પ્રગટ કરી, ફરી આપણા સ્વરૂપનાવિશે લીનકરી આપણેજ રેહેછે, તેજ અર્થોની સંભવ રામ કૃષ્ણાદિક અવતારો છે, એવું જાણવું, એપ્રમાણે સર્વ મનુષ્યોયે, ગ્રહણો જોઇ વિચાર કરવો કે, અનંત ગોલોને આકર્ષણમાં ધરી ફેરવનારી જેહેની શક્તી, તે અતિ શક્તિમાન એક ઈશ્વર છે, તે ઈશ્વરના આકર્ષણમાં, ગોલોના આકર્ષણની સાથે, મેં ધરેલા પરમાણુંરૂપ શરીરનું પણ આકર્ષણ થયું છે, એથી, શરીરને મારૂં શરીર એવું જે હું કલ્પું છું, એ કલ્પવું એવું છે કે, સાર્વભૌમ રાજા કલ્પે છે કે, સર્વ ભૂમંડલ ઉપરની જમીન તથા ખેતરો મારાં છે, તે રાજાનું મારાં સર્વ ખેતરો એવું કલ્પવું કાયમ રહી, પ્રત્યેક મનુષ્ય કેહેછે કે આ એટલું ખેતર મારૂં, તથા બિજો કેહેછે કે તેટલું ખેતર મારૂં, એ દાખલાની પેઠેજ, અનંત બ્રહ્માંડગોલ, જે એક ઈશ્વરના આકર્ષણમાં છે, તેહેનું સર્વ શરીરો ઉપર આત્માપણું છતાં, તેહેના સર્વત્ર આકર્ષણ ઉપર, તથા વેગઉપર, આપણું શરીર, એવું આપણે કલ્પી-

યે છૈયે, તથા વ્યવહાર કરીયે છૈયે, તથા આપણે જે શરીર માએલા સૂક્ષ્મ પ્રાણવાયુમાં પોલાણ જેવા છતાં, એકશરીરમાં વ્યવહાર કરીયે છૈયે. તે આપણા સ્વરૂપની સ્થિતિ, અને આપણા શરીરસોત અનંત બ્રહ્માંડગોલોને એક આકર્ષણ શક્તીયેકરી ધરનારો, જે અનંત પોલાણની માએલા સૂક્ષ્મ પ્રાણવાયુમાં પોલાણ જેવો છે, તેહેની સ્વરૂપ સ્થિતિ, એ બેહુ સ્વરૂપ સ્થિતિ સજાતીય છે, એટલે એક જાતની છે, પણ અનંત ગોલો. જે એક પોલાણના આધારે કરી દેખાયછે, તે પોલાણ. નિરાકાર જે સર્વ ઠેકાણે ભરેલો છે, તેહેના સ્વરૂપનાવિશે મૂળેજ નથી, એથી તદાધાર અનંતગોલોને એક આકર્ષણમાં ધરનારો પોલાણ જેવો ઇશ્વર, તથા શરીરને ધરનારા આપણ પોલાણ જેવા જીવ, બેહુ; નિરાકાર સર્વત્ર ભરેલો છે, તેહેનાં એક અસ્તિત્વમાં નથીજ. તથા પોલાણ, તથા તદાધારે દેખાનારા ગોલો, તથા આપણે, એ મિથ્યા છૈયે કારણ એકઠેકાણે બે રેહેતા નથી, એ ન્યાયેકરી, નિરાકારનું અચલ અસ્તિત્વ સર્વ ઠેકાણે એક છે, તેજ ઠેકાણે અનંત ગોલોનું, તથા આપણે જે શરીરનું આકર્ષણ કરનારા પોલાણ જેવા તે આપણું, તથા અનંત ગોલોને આકર્ષણ કરનારા જે પોલાણ જેવો એક તેહેનું, વગેરે એ અસ્તિત્વો શીરીતે રેહેશે, એપ્રમાણે અનંત પોલાણના અભાવેકરી, અનંત જગતનો અભાવ દેખાય છે, વાસ્તે, આપણે શરીર પિંજરાની માએલા પ્રાણ વાયુની અંદર જે સાક્ષી છૈયે, તે આપણા સાક્ષિસ્વરૂપના હોવાં પેહેલાંજ, પ્રાણને હલાવી હું હું એવું સ્ફુરણ નકરતાં, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના, આપણે સેહેજ અચલ નિરાકાર અસ્તિત્વેકરી

છૈયે, એવો વિચાર આપણો આપણે કરવો, એવિચાર, નિરાકાર પરમેશ્વરના સ્વરૂપના વિશે, અને આપણું હુંપણું ધરનારા જ્ઞાન પેહેલાના સ્વસ્વરૂપના વિશે, અનન્ય એટલે અભેદ જોવાનો છે, એ વિચાર, ગ્રહણની ક્રિયાની તરફ જોઇ મનુષ્યમાત્રોએ કરવો, એ હેતુ વાસ્તે જ્ઞાની પુરૂષોએ, ગ્રહણના પેહેલાં ત્રણચાર પોહોર ઉપવાસ કરવાની ચાલ, ચલાવીછે, કારણ, ઉપવાસ કરવાંથી આલસ્ય, તથા નિદ્રા, અને વ્યાપાર, નથીજ, તથા શરીર હલકું રહી વિચાર સારો થશે, તથા સ્નાન કરવાની ચાલ ચાલુ કરીછે એથી સર્વજન લોક સ્નાનના નિમિત્તથી બાહેર પડશે, અને લક્ષલગાડી, નિરાલસ્ય થતા છતાં વિચાર કરશે, અને વિચારથી ઇશ્વરની ભક્તિ વધશે, તથા જગતમાં શાંતી આવશે, એવો ગ્રહણની ક્રિયામાં મોટો ફાયદો છે, એનો દિકરા તું વિચાર કરીશ તો તુને સેહેજ સમઝાશે.

૧૫૦ દી૦ બાપા સોળ સંસ્કારો કયા ? તથા તેહેનાં લક્ષણો શું ? અને તે કરવામાં ફલ શું ?

૧૫૧ બા૦ દીકરા, જે પ્રાણી જન્મમાંમેછે, તેહેને વ્યવહાર ધંધામા, સર્વકાળ સંસ્કારો કરવાનો હેતૂ રેહેવાંથી ઇશ્વરનું સ્મરણ થાય છે, તથા ઇંદ્રિયોનું દમન થાય છે, તથા મન સ્થિર થાયછે એજ સંસ્કાર કરવાનું ફલ છે, હવે સોળ સંસ્કારો તે એજ કે, ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, વિષ્ણુબલી, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, ચાર વેદોના વ્રતો, વિવાહ, અંતેષ્ટી, એજ સોળસંસ્કારો છે, હવે એ સોળ સંસ્કારોના લક્ષણો એવાં કે, ગર્ભાધાન. એટલે સ્ત્રીપુરૂષના સંયોગ પેહેલાં ઇશ્વર પ્રિત્યર્થ વિધી કરવો, તથા

પુંસવન, એટલે ત્રણ મહિનાની ગરોદર સ્ત્રી બાબત હોમહવન વગેરે કરવો તે, તથા, સીમંતોન્નયન, એટલે ગરોદર સ્ત્રિના આઠમાં મહિનામાં હોમહવન વિધિ કરવો તે, તથા વિષ્ણુ બલી, એટલે ગરોદર સ્ત્રિના નવમાં મહિનામાં વિષ્ણુ પ્રીત્યર્થ ચરૂનું બલીદાન કરવું તે, તથા જાતકર્મ, એટલે પુત્ર કિંવા કન્યા ઉત્પન્ન થયાં પછી નાલ છેદન કરવાં પેહેલાં વિધીછે તે કરવો તે, તથા નામકરણ, એટલે પુત્રના કિંવા કન્યાના ઉત્પત્તિના બારમે દિવસે વિધિકરવો તથા બાળકનું નામ પાડવું એન નામકરણ છે, તથા નિષ્ક્રમણ, એટલે નાહાનાં બાળકને સૂર્ય દર્શન કરાવવાનો વિધિછે તે કરવો એન નિષ્ક્રમણ વિધિછે, તથા અન્નપ્રાશન, એટલે નાહાના બાળકને પાંચમાં કિંવા છઠ્ઠે મહીને, કિંવા એકવર્ષ પછી અન્ન ખવરાવવું, એ વિધિને અન્નપ્રાશન વિધિ કહીયે, તથા ચૌલ, એટલે બાળકના ત્રિજા વર્ષે તેહેના મસ્તક ઉપરના બાળ મોવાળાકાઢી શિખા રાખવી એન ચૌલ કર્મ છે તે, તથા ઉપનયન એટલે મૌંજીબંધન કરવું તથા બ્રહ્મચર્ય આશ્રમ ધારણ કરવો એન ઉપનયન છે, તથા બ્રહ્મચર્યાશ્રમમાં, ચોરેવેદોના ચાર વ્રતો છે, એ આચરણ કરવાં, એન ચાર સંસ્કારો છે, તથા વિવાહ, એટલે સ્ત્રીનો અંગિકાર કરવો એન લગ્ન, તથા એન વિવાહછે, એ ગ્રહસ્થાશ્રમ સંપાદન કરવો; તથા અંત્યેષ્ટી, એટલે બ્રહ્મચારી, અથવા ગ્રહસ્થ અથવા વાનપ્રસ્થ, અથવા સંન્યાસી, એ ચારે આશ્રમોમાંથી, જે આશ્રમમાં હોય, તે આશ્રમમાં, મરવા પછી, તે આશ્રમપ્રમાણે સંસ્કાર કરવો એન અંતેષ્ટી છે, ઇત્યાદિ સોળ, તથા અનેક સંસ્કારો, ઈશ્વર સ્મારક છે.

૧૫૨ **દી૦** બાપા, સોળ સંસ્કારો કયા, તથા તેના લક્ષણો કેવાં, તથા તે આચરણ કરવામાં ફલશું, એ સર્વ આપના કેહેવાંથી મુને સમઝાણું, અને હું અત્યંત સુખી થયો, તથા એન પ્રમાણે બિજા અનેક સંસ્કારોનું ફલ છે એપણ મારા જાણવામાં આવ્યું.

૧૫૩ **બા૦** દીકરા, તુંને સંસ્કાર કરવાનો હેતુ સમઝાણો, એ જોઇ હું અત્યંત સુખી થયો.

૧૫૪ **દી૦** બાપા, ઋગવેદની, આશ્વલાયન શાખાના બિજા પંચિકાના, આઠમાં ખંડમાં, સર્વ ચર પ્રાણી રૂપી જે પશુ, તે પશુનો વિચાર કરી, તેહેનો હોમ એટલે યજ્ઞ કરવો નહીં, તથા તેઓને ખાવાનહીં; એવું સ્પષ્ટ કહ્યું છે, પણ વેદમાં, વળી ઘણી શ્રુતીઓછે, તેહેમાં ફલાણા રાજાયે પશુ મારી યજ્ઞ કર્યા, તથા માંસ ભક્ષણ કર્યું. એવું લખેલું છે, એ ઉપરથી, યાજ્ઞિક કેહેછે કે, અમો શું કરીયે, જો એકવાકયતા અમોને સમઝાય, તો અમો પશુ હનન કરીશું નહીં, વારતે, બાપા એહેની એકવાકયતા શીરીતે ?

૧૫૫ **બા૦** દીકરા, વેદનાં ચાર વિભાગોમાં પશુ હનનકરી યજ્ઞ કર્યા તેહેનો પ્રયોગ શુક્ત લેખ છે, તેહેને પૂર્વ પક્ષ કહીયે કારણ, ઋગવેદની, આશ્વલાયન શાખાના બિજા પંચિકાના, આઠમાં ખંડમાં, તે વાંધાઓનું એટલે પૂર્વ પક્ષનું ખંડન કર્યું છે; જુવો, બિજા પંચિકાના આઠમાં ખંડમાં " પુરૂષં વૈદેવાઃપશુમાલભંત તસ્માદાલબ્ધાન્મેધઉદક્રામત્ " એપ્રમાણે સર્વ પશુઓને, પૂર્વપક્ષ માયેલી શ્રુતી ઉપરથી રાજાઓ એ ગ્રહણ કરી યજ્ઞ હોમ કર્યા, તથા માંસ ખાધું, પણ જારે મેધ ઉદ ક્રામત, એટલે તે પશુઓને, મેધ વિરહીત પણાથી

જાણ્યું, ત્યારે નિશ્ચય કર્યો કે, એમાં મેધ નથી, "તસ્માદેતે ષાંનાશ્નીયાત્" એ કારણ સારૂ, હવેથી એઓનો હોમ કરવો નહીં, તથા એને ખાવાં નહીં. હવે એ યજ્ઞ પ્રકરણની એકવાકયતા એવી થઇ કે, અનેક શ્રુતીમાં લખવાં પ્રમાણે પશુઓને મારી ભક્ષણ કર્યાં, પછી વિચાર જાણવામાં આવ્યો કે, "તસ્માદાલબ્ધાન્નમેધ્યઉદક્રામત્" એટલે અમોયે જે પશુઓના હોમ કર્યા તેમાં મેધ નથી, તસ્માત એમાં મેધ નથી વાસ્તે હાલમાં તે સર્વ વિચારોનો નિર્ણય સહ વેદ આપણે જાણીયે છૈયે, એથી પશુ હનન કરવું નહીં એ આપણે ગળે વળગ્યું, સારાંશ અનેક રાજાઓયે યજ્ઞ કર્યા એવું લખ્યું, તેજ દેવોનાં પ્રીત્યર્થ સર્વ પશુઓ લીધા એટલે "પુરૂષં વૈદેવાઃપશુમાલભંત" એવું સમજવું અને તે કરવાંથીજ પશુના શરીરમાં મેધનથી એટલે "મેધ્યઉદક્રામત્" એ પરિણામ જાણવામાં આવ્યો તે લખ્યો, અને સિધ્ધાંત કર્યો કે "તસ્માદેતેષાંનાશ્નીયાત" એટલે એઓને ખાવા નહીં. એમાદે એવી એકવાકયતા સમજવી, અને "તસ્માદેતેષાંનાશ્નીયાત્ એ સિધ્ધાંતેકરી, યજ્ઞકરનારાઓએ વરતતા જવું, એટલે પશુહનનકરી યજ્ઞ હોમ કરવો નહીં, તથા તેઓને ખાવા નહીં, અને બિજા પંચિકાના નવમાં ખંડ પ્રમાણે, દેવ શાળાના ચોખાનો, ભાત કરી હોમ કરવો.

૧૫૬ **દી૦** બાપા, યજ્ઞ પ્રકરણ હું સમઝ્યો, કે અનેક શ્રુતીઓમાં જે યજ્ઞના પ્રયોગ, રાજાઓએ યજ્ઞ કર્યા તે વખતના લખેલા, તેજ "પુરૂષંવૈદેવાઃપશુમાલભંત "સમઝવા, અને "તસ્માદાલબ્ધાન્" એટલે તેઓએ કરેલાં કર્મો સમજવાં, અને મેધ, પશુના શરીરમાંથી ગયો એવું સમજવું, એજ

"મેધ્યઉદક્રામત્" સમજવો, અને તેઓને ખાવું નહીં, એ "તસ્માદેતેષાંનાશ્નીયાત્" એવો સિધ્ધાંત કરેલો, હુકમ સમઝવો, અને બિજા પંચિકાના નવમાં ખંડમાં, દેવભાત, એજ કોઇ પશુ છે, એ દેવભાતનો યજ્ઞ કરવો, એટલે હોમ કરવો, અને પુરોડાશ ખાવો, એવી એજ આજ્ઞા સમઝ્યો, એવી હું યજ્ઞની એકવાકયતા સમઝ્યો સુખી થયો.

૧૫૭ **બા૦** દીકરા, શાબાસ, તુંને યજ્ઞ પ્રકરણની એકવાકયતા સમઝાણી, એ જોઇ મુને સંતોષ થયો.

૧૫૮ **દી૦** બાપા, સમુદ્રના પેટમાં વડવાનલ અગ્નિ છે એવું લખેલું છે, તેહનો સાચે સાચો અભિપ્રાય શું ? તથા સૃષ્ટીનો મહાપ્રલય શું, તથા સૃષ્ટીનો મહાપ્રલય થયાં પછી જીવોની ગતી શું ?

૧૫૯ **બા૦** દીકરા, જે અનુભ્હૂત ઉષ્ણતાથી સમુદ્રનું પાણી પાતળું પ્રવાહી અવસ્થામાં રેહેછે, તે પાણી માએલા અનુભ્હૂત ઉષ્ણતાનેજ વડવાનલ એવી સંજ્ઞા છે, તથા વૈશ્વાનરકરીને, સાધારણ સર્વ અગ્નિનું નામ છે, તથા આરણ્યમાં, જે દાહા લાગેછે, તે અગ્નીને દાવાનલ એવી સંજ્ઞાછે; હવે મહાપ્રલય એવો કે, દીકરા, મુખ્ય, તેજતત્વ જે અગ્નિ, તે સૂર્ય જેવા સ્વપ્રકાશી ગોલોમાં ઘણો હોયછે, અને પ્રલયની વખતે, તેજતત્વના સ્વરૂપતાનું પરમાણું રૂપતા; ભૂમી, તથા ઉદક, એ બેજ ભૂતોને આવેછે, તેથીજ તેજતત્વ કારણ, તથા ઉદક, ભૂમી, તત્કાર્ય, એ મૃત્તિકા કારણ, તથા ઘટકાર્ય, એ ન્યાયથી, તથા, જે જે પદાર્થોની અંતેની સ્થિતિ, તેજ તે પદાર્થોની આદ્યસ્થિતિ, એ ન્યાયેકરી સમઝવું, અને જેવખત આકર્ષણ શક્તી, તેજતત્વને આકર્ષણ કરેછે, ત્યા-

રે તેજતત્વના કણમાંથેલા સર્વ ધર્મ નાશ પાંમી, તેજ તત્વને, સૂક્ષ્મપ્રાણવાયુની જાતનું વાયુરૂપતા આવેછે, એથી તે વાયુજ, તેજતત્વનું ઉપાદાન કારણ છે, તથા તેહેનું કાર્ય તેજછે, એ, જે જેહેની અંતેની સ્થિતિ તેજ તેહેની આદ્ય સ્થિતિ એ ન્યાયેકરી સમઝવું, અને સૂક્ષ્મપ્રાણવાયુની જાતનું વાયુતત્વના કણોને જારે આકર્ષણશક્તિ આકર્ષણ કરેછે, ત્યારે, તેઓને આકર્ષણ શક્તીની સ્વરૂપતા આવેછે એ ઉપરથી આકર્ષણ શક્તી, એ ઉપાદાનકારણનો કાર્ય ભાગજ, સૂક્ષ્મવાયુતત્વ છે, એ, જે જેહેની અંતેની સ્થિતિ તેજ તેહેની આદ્ય સ્થિતિ એ ન્યાયથી સમજવુ. અને ઈશ્વર તત્વના અંગની જ્ઞાનશક્તી, એ જારે આપણને વિચાર દૃષ્ટીયે જુવેછે કે, નિરાકારના અંગનાવિશે જે જ્ઞાનછે, તે જ્ઞાનને જગતની ખબર નથી, કારણ, જગતના સ્થાને, નિરાકારે ન હોવું તોજ તેણે જગતને જાણવું, એ, દ્રષ્ટા દૃશ્યસ્થાને, નથી હોતો, એ ન્યાયેકરી સિદ્ધ છે, એથી નિરાકારવિનાનું અંન્ય, ખાલી સ્થાનકજ જગત રેહે એવું નથી, એથી જગત નથીજ, એથી નિરાકારને જગતની ખબર નથી; હવે આપણને જગત જણાય છે, તસ્માત્ આપણે નિરાકારથી વિજાતીય છૈયે તેથી જણાયછે, તથા નિરાકારના, એક સર્વ ઠેકાણે ભરેલા અસ્તિત્વમાં, બિજું વિજાતીય અસ્તિત્વ તો નથીજ, કારણ કે, એકઠેકાણે બે અસ્તિત્વો રેહેતા નથી, એવા ન્યાયથી, આપણે જે વિજાતીય, જગતના સાક્ષી, તે આપણું અસ્તિત્વ મિથ્યાછે, તસ્માત આપણે નિરાકારના અસ્તિત્વમાં મિથ્યા છૈયે એટલે આપણે મુળજ નથી, એ ન્યાયથી, ઈશ્વરતત્વના જ્ઞાન શક્તીએ, એવિચાર કર્યો, એટલે તે જ્ઞાન

શક્તીજ, આપણી અંગની આકર્ષણશક્તીસોત નહીંશી થાય છે, એથી તેજતત્વજ નથી તો પ્રકાશ કેહેવો વ્યર્થ, એ ન્યાયથી, સમષ્ટિરૂપી ઈશ્વરતત્વ નહીંસું થાયછે, તેથીજ જગત્સાક્ષિણી જ્ઞાનશક્તી, તથા તેહેના અંગની આકર્ષણ શક્તી નહીંશીથઇ, એવું સમઝવું, તથા ન્યાયયુક્ત બુદ્ધિયેકરી, નિરાકાર પરમેશ્વર વિના, બિજું સમષ્ટિ રૂપી ઈશ્વરતત્વ અંતે નથીજ, એ ઉપરથી પેહેલાંપણ નથીજ એવું સમઝવું. અને આ જે સમષ્ટિરૂપી ઈશ્વરનો પ્રલય થાયછે, તથાપિ વ્યષ્ટિરૂપી જીવતત્વો, તેહેની સજાતીય છતાં, સ્વગત ભેદ નથી, તેથી તેણે પોતે, સમષ્ટિરૂપી ઈશ્વરના પ્રલયની પેઠે, પોતપોતાના સ્વાત્મજ્ઞાનેકરી પ્રલયકરી લેવો, પણ તે લેતાનથી, એથી સમષ્ટિરૂપી ઈશ્વરનો પ્રલય થયો તોયપણ, જીવતત્વો વ્યષ્ટિરૂપી રેહેછે, વાસ્તે સમષ્ટિરૂપી ઈશ્વરતત્વ, સૃષ્ટિસહીત છે, ત્યાંહાંસુધીજ જીવાત્માએ, નિરાકાર, જે સાક્ષિત્વાતીત, તે સ્વસ્વરૂપ પરમાત્માના વિચારેકરી, આત્મતત્વનો, એટલે જગત્સાક્ષી, એવા પોતપોતાના જીવાત્માતત્વનાજ્ઞાનેકરી પ્રલય કરવો, કેમકે, સમષ્ટિરૂપી ઈશ્વરના પ્રલયથી જીવતત્વો મુક્ત થાતા નથી, એનું કારણ, તે જીવતત્વો, પોતપોતાના અજ્ઞાન કારણરૂપેકરી રેહેછે, પણ તેઓના સ્થૂલશરીરો માત્ર ઈશ્વરના પ્રલયમાં જાયછે, પણ જીવતત્વો રેહેછે, તે પેહેલાં પ્રકરણના એક્સોત્રેપન, ચોપન, પંચ્ચાવન, છપન્ન, એ અંકોમાં લખ્યાપ્રમાણે સમઝવું, અસ્તુ. દીકરા, એવો એ વડવાનલ અગ્નીનો, તથા પ્રલયનો, તથા જીવોના મોક્ષનો, ઈત્યાદિ વિચાર છે.

૧૬૦ **દી૦** બાપા હવે વડવાનલ અગ્ની વિશે તથા મોક્ષબાબત, તથા પ્રલય વિશે, તથા સૃષ્ટી બાબત, હું નિઃસંશય થયો.

૧૬૧ **બા૦** દીકરા, તું કહેલા પ્રલયાદિક વિચાર સમજ્યો, તેથી નિઃસંશય થયો, એવીજ રીતે સર્વ જીવાત્માઓ વિચાર કરશે, તો સંશય વિનાના થશે, એ તારા ઉપરથી ન્યાય યુક્ત છે,

૧૬૨ **દી૦** બાપા, ગણપતી મૂષક ઉપરથી પડ્યો, તેહેને ચંદ્ર હસ્યો, એ શું?

૧૬૩ **બા૦** દીકરા, ઇંદ્રિય ગણોનો પતી, જે આત્મા, તે મૂષક સ્થાનાપન્ન અહંકાર ઉપરથી પડ્યો, તેહેને મનસ્થાનાપન્ન ચંદ્રહસ્યો, એવો કાવ્યાલંકાર છે, એ કાવ્યાલંકાર જોઇ અર્થ સમઝવો, એ ચતુરાઈ આવવાના સાધનો, ગ્રંથ રૂપી, ખામોખા કરેલાં છે. કે ચતુરાઇ આવે. એવીજ રીતે, ભવસાગરનું વિચારથી મથન કરી, મોક્ષ લક્ષ્મી કાઢી, એ કાવ્યાલંકાર યુક્ત ચાતૂર્યાર્થ કથા છે, ઈત્યાદિ ચતુરોના અલંકારી ગ્રંથો જોઈ ચતુર થવું, પણ મૂર્ખ થઇ નિંદાકરે છે તે વ્યર્થ, તથા છેકજ મૂર્ખ.

માં દિકરીનો સંવાદ.

પ્રકરણ ૧૭ મું.

૧ **દીકરી** માં, મુને પાંચમુ વર્ષ બેહું એવું તારા મોયે મેં કેહે છે સાંભલ્યું, હવે મારા મનમાં તુંને કેટલાક પ્રશ્નો કરવા એવું લાગેછે, જો તું આજ્ઞા આપીશ, તો હું પ્રશ્ન કરીશ!

૨ **મા** દીકરી, તું જે પ્રશ્ન કરીશ, તેહેના હું કેહેછે. ઉત્તરો આપીશ.

૩ **દી૦** મા, બાયડીયે કપાળમાં કંકુ લગાડવું એ મુખના શોભાનો અલંકારતો છેજ, પણ, એ કંકુ લગાડવામાં બિજું કાંઇ હોય તો મુને કેહે!

૪ **મા૦** દીકરી, કપાળના મધ્યભાગે, કંકુનો કિંવા સિંદૂરનો, વર્તુલ, આરક્ત વર્ણ, બિંદુ લગાડવો, એહેનેજ કંકુમ કેહેછે, એ કંકુ લગાડવાનો મુખ્ય સંકેત એવો છે કે, આપણા લલાટની માએલા ભાગમાં, કંકુના લગાડેલા બિંદુની સામે, મનથી, એક વર્તુલ આરક્તવર્ણ બિંદુ કલ્પવો, અને આંખો મીચી, આપણું મન, પંચવિષય ભોગવવાની તરફથી કાઢવું, અને તે કંકુની નિશાનીના અનુમાને, લલાટની અંદર ભાગમા, જે આરક્ત વર્ણ વર્તુલ બિંદુ કલ્પેલો હોય, તે ઉપરજ મનનું લક્ષ લગાડવું, અને એકાગ્ર ચિત વૃત્તિયે, તે બિંદુનું અથવા તે બિંદુમાં દેવીનું, સ્ત્રીના આકારનું ધ્યાન કરવું, એવું કરવાથકે ઘણો અભ્યાસ થયો તો, ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, ખબર પડે છે, અથવા અલ્પ જોપણ અભ્યાસ કર્યો, તોય આગળ થનારી વાતો સ્વપ્નમાં માલમ પડે છે, અને તે-

હેનો અનુભવ આવે છે, તથા આંખો તેજસ્વી થાય છે, તથા નાસાગ્ર દૃષ્ટી સેહેજ રેહેછે, એથી બિજી વસ્તુઓ જોવી, એ મનને ભાવતું નથી, તથા હંમેશા આંખો, અને મુખ-મુદ્રા, મર્યાદા છોડી ચંચલ થાતા નથી તથા મુખ તેજસ્વી જોયામાં આવેછે, તથા અક્કલ, અને ચતુરાઈની વૃદ્ધિ થાયછે, અને શરીરાતીત, પોતપોતાના પ્રાણવાયુની માએલા, આત્મસ્વરૂપની ધારણા ઉત્પન્ન થઈ, શરીર વગેરે સર્વ સંસાર મૃગજલવત્ ભાસ છે, એવું જણાયછે, અને મરણાનો ભય રેહેતો નથી, અને હું શરીરપિંજરો છું એવું લાગતું નથી, તથા હું શરીરની અંદર બાહેર જે પોલાણ, તે પોલાણની અંદર નિરાકાર સ્વસ્વરૂપઅસ્તિત્વથી છું એવી ખબર પડેછે, અને વૃત્તિને ઇચ્છા રેહેતી નથી, એવો એ કંકુ લગાડવાનો, તથા પુરૂષે તિલક કરવા, વગેરે નિયમ, ધ્યાન અગોચરી મુદ્રા સૂચક છે, એટલે ઇંદ્રિયાતીત વૃત્તિયે રેહેવાનો છે, તેજ મુખના શોભાને સેહેજ કારણ થયો છે, પણ કંકુમ લગાડવાનો મુખ્ય સંકેત, ધ્યાન કરવાના ઠેકાણાની નિશાની, તથા ધ્યાન બિંદુનો રંગ ખબર પડે, એજ છે.

૫ દી૦ મા, તેં જે કુંકુમ લગાડવાનો સંકેત કહ્યો, એમાં, અગોચરી મુદ્રા, એટલે ઇંદ્રિયોને ન માલમ પડનારી મુદ્રા છતાં, બિન્દોપણ મોટોજ પરમાર્થનો ગુણછે, એવું મુને સમઝાયું, અને હવેથી હું કહ્યાપ્રમાણેજ કરીશ, પણ સર્વ બાયડીઓને, આ કંકુમ લગાડવાનો સંકેત ખબર નથી એ કેમ ?

૬ મા૦ દીકરી, જે કંકુમ લગાડવાના સંપ્રદાયનો અગોચરી મુદ્રાનો સંકેત, અનસૂયાદિક પતિવ્રતા સ્ત્રિયોનો, મેં તુને કહ્યો,

એનું જ્ઞાન સાંપ્રતકાળની સાધારણ સ્ત્રિયોને ન હોવાનું કારણ, તેઓને સત્ સ્ત્રિયોનો સમાગમ નથી એજ છે.

૭ દી૦ મા, ભ્રુમધ્યના ઠેકાણે અર્ધચંદ્રાકૃતિ કૃષ્ણવર્ણ છુંદડાં પાડેછે એટલે તરાનવું પાડેછે અને તેહેના વચોવચ કૃષ્ણવર્ણ ઝીણું વર્તુલ ટપકું પડાવે છે; એમાં કાંઇ પરમાર્થનો સંકેત છે, કિંવા મુખ શોભીતું જણાય એટલુંજ છે ?

૮ મા૦ દીકરી ભ્રુમધ્યના વિશે, અર્ધચંદ્રમાના આકારનું, કાળાવર્ણનું તરાનવું પડાવેછે, કે જેહેના બે તરફના ઉર્ધ્વ મુખો હોય છે, અને મધ્યભાગે, કૃષ્ણવર્ણ, મસુરની દાળના ચોથા ભાગ જેવડું, ઝિણું ટપકું પડાવેછે, એ તરાનવું પાડવાનો સંકેત એવો છેકે, આંખો વીંચી, તેજકુટીના વચમાં પાડેલી નિશાની પ્રમાણે ધ્યાન કર્યું હોય તો, ચાંચરી મુદ્રા ઉત્પન્ન થઇ, અર્ધોન્મીલિત દૃષ્ટી સેહેજ થાયછે, અને આપણાં મોમાં જે પોલાણ એટલે પવન ફરવાની ખાલી જગો, એટલે આકાશ છે, તેજ સર્વ શરીર માએલું, તથા બાહેરનું આકાશ છે, તેહેનું અવકાશપણું ગાળી, તેજ ઠેકાણે નિરાકાર પરબ્રહ્મ છે એવી ખબર પડવા લાગે છે, અને તેજ નિરાકાર એક પરબ્રહ્મ તત્વ, કે જેમાં હુંપણાસોત સકલ વિશ્વ નથી એવું અનુભવસિદ્ધ જ્ઞાન થાયછે, અને આપણે હું પણું ધરનારા જ્ઞાન સહીત ન છતાં, તેજ નિરાકાર તત્વ છૈયે એવી, આપણી સ્વરૂપ સ્થિતિ આપણને જ્ઞાનેકરી માલમ પડી, શાંતી સુખ થાયછે, એજ ભ્રુમધ્યના વિશે ત્રાનવું પાડવામાં, ચાંચરી મુદ્રાનો સંકેત છે, એ મુદ્રામાં આત્મપ્રાપ્તીનો તથા શાંતીનો લાભ, જ્ઞાન હોવાંથી થાયછે, તથા

એ મુદ્રા હંમેશા સ્ત્રિયોયે કરવી તેથી ત્રાનવું પાડવાની નિશાની ધ્યાનમાં ચિંતન શીરીતે કરવું એ બાબત છે, તથા મુખની શોભા તે થકે સેહેન છે.

૯ **દી૦** મા૦ ભ્રુમધ્યના વિશે ત્રાનવું પાડવામાં ચાંચરી મુદ્રાનો સંકેત, તે કહ્યો, તે અનુભવસિદ્ધ છે, પણ સર્વ બાયડીઓને આ વાતની ખબર નથી એનું કારણ શું?

૧૦ **મા૦** દીકરી, ભ્રુમધ્યના વિશે ત્રાનવું પાડવાનો સંકેત વિશ્વ વ્યાપક ઇશ્વરે, પાર્વતીનો અવતાર ધારણકરી દેખાડ્યો તેમાં ચાંચરી મુદ્રા કહી એનું જ્ઞાન સાંપ્રત કાળની સ્ત્રિયોને ન હોવાનું કારણ, તેઓને સત્ સ્ત્રિયોનો સમાગમ નથી એજ છે.

૧૧ **દી૦** મા, જમણા ગાલઉપર, ઝીણો, શ્યામવર્ણો બિંદુ પડાવે છે, તથા હનોટીના મધ્યભાગે કૃષ્ણવર્ણનો બિંદુ, પડાવે છે એમાં કાંઇ પરમાર્થનો સંકેત છે, કિંવા વદન શોભાયમાન દેખાય એટલુંજ છે?

૧૨ **મા૦** દીકરી, ગાલઉપર, તથા હનોટી ઉપર, ઝિણો કૃષ્ણવર્ણનો બિંદુ પડાવેછે, તેનો સંકેત એવો છે કે, ગાલઉપર તથા હનોટી ઉપર, બિંદુ પડાવેલો હોયછે, તે ઠેકાણે આંખો વીચી, મનનું લક્ષ રાખવું એટલે ભૂચરી મુદ્રા પ્રગટ થઈ, શરીર માએલા પ્રાણવાયુ સ્થિર થાયછે, અને તે પ્રાણવાયુ માએલું આકાશ, એટલે અંતઃકરણ, એ દશેંદ્રિયોનો, તથા પંચવિષયનો ભાવ છોડી શરીરની અંદર બાહેર જે એક પોલાણ તે પોલાણ માએલા ભરેલા, નિરાકાર શાંત તથા અવિનાશ સ્વરૂપના વિશે આપણે મૂળજ નથી; નિરાકાર તત્વ તેજ આપણે છૈયે એવું અનુભવેછે, એથી મરવા

પછી ફરી જન્મ આવતો નથી, અને અક્ષય સુખમળેછે; એ, ગાલઉપર તથા હનોટી ઉપર ત્રાનવું પાડવાની નિશાનીનો મર્મ છે, તથા તે થકે મુખની શોભા સેહેન છે.

૧૩ **દી૦** મા, જમણા ગાલઉપર, તથા હનોટી ઉપર, ત્રાનવું પાડવામાં, ભૂચરી મુદ્રાનો સંકેત, તેં કહ્યો, તે અનુભવ સિદ્ધ છે, પણ સર્વ સ્ત્રિયોને એની ખબર નથી, તેહેનું કારણ શું?

૧૪ **મા૦** દીકરી, જમણાં ગાલઉપર તથા હનોટી ઉપર, ત્રાનવાં પાડવાનો સંકેત, વિશ્વવ્યાપક ઇશ્વરે, લક્ષ્મીનો અવતાર ધારણ કરી દેખાડ્યો; તેમાં ભુચરી મુદ્રાકહી, એનું જ્ઞાન, સાંપ્રતકાળની સાધારણ સ્ત્રિયોને ન હોવાનું કારણ, તેઓને સત્સ્ત્રિયોનો સમાગમ નથી એજ છે.

૧૫ **દી૦** મા, સ્ત્રિયોયે સ્વતંત્રપણાયે રેહેવું કે પરતંત્ર રેહેવું?

૧૬ **મા૦** દીકરી, સ્ત્રિયોએ સ્વતંત્ર રેહેવું નહીં, સ્ત્રિયોયે પરતંત્ર રેહેવું, કેમકે, બાયડીયો સ્વતંત્ર રેહેવા લાગીઓ તો, ઘણા પુરૂષોનો પ્રાણનાશ થાયછે, તથા દ્રવ્યનો નાશ થાયછે, અને સ્વતંત્ર રેહેનારી સ્ત્રિયોના પણ પ્રાણનો નાશ થાયછે, અને અનેક અનર્થો ઉત્પન્ન થાયછે, તથા જગતમાં અનીતિનો ફૈલાવો ઘણો થાયછે, તથા નવી, સૃષ્ટીની ઉત્પત્તી, સારી રીતે ચાલતી નથી, ઇત્યાદિ અનર્થો, સ્ત્રિયો સ્વતંત્ર રેહેવાંથી થાયછે, એ અનુભવ પ્રાચીન કાળમાં સર્વને આવ્યો, તેથીજ સ્ત્રિયોયે પરતંત્ર રેહેવું, એવો એ, માહાન માહાન ઋષિઓએ નિયમ કર્યો છે, તે યથાયોગ્ય છે, એવું

હે દીકરી સમઝ; અને સ્ત્રિયોએ સ્વતંત્ર રેહેવું નહીં, પરતંત્ર રેહેવું એ ધ્યાનમાં રાખ.

૧૭ દી૦ મા, સ્ત્રિયોએ પરતંત્ર રેહેવું, એ ઘણું ઉત્તમ તથા જગત સુધારણાનું ખરૂં મૂળછે, એવું તારા બોલવાનો વિચાર કરવાંથી, મારા ધ્યાનમાં આવ્યું, પણ સ્ત્રિયોએ પરતંત્ર રેહેવું એટલે બિજાને સ્વાધીન રેહેવું, એનો વિચારયુક્ત પ્રકાર, મા, તું મને કૃપાકરી કેહે; કે જે પરતંત્ર રેહેવામાં, સ્ત્રિયોને ઈ-જ્જા ન જોઈયે, તથા તેઓનો પરમેશ્વર પ્રાપ્તીનો અર્થ તેઓને મળવો જોઈયે, અને પુરૂષોને પણ તેઓ થકે ત્રાસ થાય નહીં એવો જે સ્ત્રિયો એ પરતંત્ર રેહેવાનો પ્રકાર તે મુને કેહે?

૧૮ મા૦ દીકરી, સ્ત્રિયો એ, રૂતુ પ્રાપ્ત થવા પેહેલાં, માતાપિતા, તથા સાસુ સસરાના સ્વાધીન રેહેવું, અને રૂતુ પ્રાપ્ત થયાં પછી, તેઓની આજ્ઞાથી, પતિના સ્વાધીન રેહેવું, અને વૃદ્ધ પણામાં, પતીના અથવા પુત્રના સ્વાધીન રેહેવું, તથા માતા પિતા, સાસુ સસરા, પતી, અથવા પુત્ર, ઈત્યાદિ-કોનો અભાવ થાય તો, રાજાના હુકમ પ્રમાણે ચાલવું, એ-ટલે રાજા, જેમા આપે તે ઠેકાણે રેહેવું.

૧૯ દી૦ મા, સ્ત્રિયોએ ભ્રતાર પોતાની ઇચ્છાથી કર-વો કિંવા પરેચ્છાયે કરવો?

૨૦ મા૦ દીકરી, સ્ત્રિયોયે ભ્રતાર, સ્વઇચ્છાથી તથા પરઇચ્છાથી, એવીરીતે બેજી ઈચ્છાના સંયોગથી કરવો.

૨૧ દી૦ મા, તારા બોલવાનો સાચે સાચો અર્થ મારા સમઝવામાં આવતો નથી, કેમકે, સ્ત્રિયોયે ભ્રતારને સ્વઈચ્છા-યે, તથા પરઈચ્છાયે, એવી બેજી ઈચ્છાના સંયોગથી કરવો, એવું તું કેહેછે, એનો અભિપ્રાય શું તે મુને કેહે?

૨૨ મા૦ દીકરી, સ્વઈચ્છાથી, તથા પરઇચ્છાથી, એવી બે ઇચ્છાના સંયોગે કરી ભરતાર પરણવો, એનો અભિપ્રાય જાણવામાં આવે તે સારૂ. તુને એક વાત કહું છું તે સાંભળ, દીકરી, ત્રેતાયુગમાં સીતાનો સ્વયંવર થયો, તે વખત સાક્ષાત ઈશ્વરનો અવતાર, એવી જે ત્રૈલોક્ય સુંદરી સીતા, તે સીતા, પોતાને પ્રાપ્ત થાય, એવી ઇચ્છાથી, સર્વ ભૂમંડલ ઉપરના રાજા, તથા રાજાના કુમારો; જનક રાજાના તેડાવ્યાથી, સી-તાના સ્વયંવર સારૂ. મિથિલા નગરીના વિશે આવ્યા; તેમાંજ ઈશ્વરનો અવતાર, શ્યામસુંદર, કમલનયન, દાશરથી શ્રીરામચંદ્ર. એ પણ, દ્વાદશ વર્ષની વયમાં સકુમાર દેખાતો છતાં, મા-રીચ સુબાહુ રાક્ષસોને જીતી, અહલ્યાનો ઉદ્ધાર કરી, વિ-જય પામેલોછતાં, સીતાના સ્વયંવરાર્થ, વિશ્વામિત્ર ઋષી સ-માગમે, લક્ષ્મણ બંધુસહીત, મિથિલા નગરીના વિશે, જનક રાજાની સભામાં આવ્યા; પછી, સીતાયે સર્વ સભા અવલોકન કરી, તેમાંજ શ્રીરામને અવલોકન કરી, સીતા પોતાની માતા-પાસે, તથા સખીઓ પાસે, તથા જનક જે પિતા, તે પાસે બોલી કે તે ઋષીની મંડળીમાં, કિરીટ કુંડલો મકરાકાર, આ-જાનુ, બાહૂ ધનુર્ધર, મહાપરાક્રમી શ્યામ સુંદર, કમલનયન સુકુમાર, સુહાસ્યવદન દાશરથી શ્રીરામચંદ્ર તેજ મારો ભરતાર છે, એત્રિનાં બિજા પુરૂષો, હે બાપ જનક, તારી સમાન છે; એપ્રમાણે સીતાયે, પોતાની સ્વઇચ્છાથી પતી શ્રીરામ કર્યો, પણ પરઇચ્છાથી શ્રીરામ પતી થવો જોઈયે, કારણ દેખ-વામાં નાહાનું, પણ પર્વતપ્રાય જેહેનું વજન, એવું ભાર્ગવી ધનુષ્ય, સીતાયે, પોતાના આઠમાં વર્ષ ડાબા હાથે ઉઠાવી, લાકડીનો ઘોડો કરી, છોકરીઓ રમતી હતીઓ, તેની સાથે

ધનુષ્યનો ઘોડોકરી, ફરતી હતી, એ ચરિત્ર, જે પરશુરામ અવતારનું તે ધનુષ્ય, તેણે, તથા જનકરાજાયે જોઇ, નિશ્ચય કર્યો કે, એ સીતા તો સાક્ષાત ઈશ્વરનો અવતાર છે, તેવિના એ ધનુષ્ય કોઇથી ઉપડવાનુંજ નથી, તસ્માત એના બલ સમાન એહેને ભરતાર જોઈયે, એવો પરશુરામે, તથા જનક રાજાયે નિશ્ચય કરી, તે ધનુષ્ય, ભૂમીમાં પેશી જાય નહીં, એવી તજવીજથી રાખ્યું, અને નિયમ કર્યોકે, આ ધનુષ્યની પ્રત્યંચા ચઢાવી, હાથમાં લઇ બાણ લગાડશે, તેજ સીતા સમાન બલાઢ્ય, એ કારણ ઉપરથી તેજ સીતાનો ભ્રતાર થશે, એ પ્રતિજ્ઞા, રાવણાદિકોના પ્રાણ ઉપર ગુજરી હતી, તેથીજ સીતાના બળની આગળ, લંકામાં, રાવણાદિક રાક્ષસોનો બલાત્કાર, સીતા ઉપર ચાલ્યો નહીં, અસ્તુ. આખર શ્રીરામે, તે ભાર્ગવીય ધનુષ્ય, જે રાવણ વગેરેથી ઉપડયુંનોતું, તે ઉઠાવી, તેની પ્રત્યંચા ચઢાવી, સીતાની તરફ અવલોકનકરી તે ધનુષ્ય, પ્રત્યંચા ધરી, આકર્ણ તાંણનો છતાં, કડકડાટ, વિજળી જેવો થઇ, તેના ત્રણ કકડા થયા; ત્યારે જયજયકાર શબ્દ થઇ, પરઇચ્છાથી સીતાનો પતી શ્રીરામચંદ્રજછે એવો નિશ્ચય થયો, એપ્રમાણે પ્રથમ સીતાયે, શ્રીરામનું સૌંદર્ય જોઇ, શ્રીરામને સ્વઇચ્છાથી વર્યો પણ શ્રીરામનું બલ, તથા ગુણ, તથા ઐશ્વર્ય, જનક વગેરે એ, ધનુષ્યની પ્રતિજ્ઞામાં જોઇ, પછી સીતાનું શ્રીરામસાથે ઐકય કર્યું, એટલે લગ્નકર્યું, સારાંશ, સ્વઈચ્છાયે, સ્ત્રિને, જોપણ પુરૂષનું સૌંદર્ય જોઈ, તે પતી કરવો, એવું માન્ય થાય, તથાપિ તેહેના વયની, તથા બલની, તથા ગુણની, તથા ચાલ ચલગતની પરિક્ષા તેહેને નથી હોતી, એ સારૂ વયની તથા ગુણની; તથા

વરતવાની પરિક્ષા, માતા પિતરોયે, અથવા તેહેના પોષણ કરનારાએ, અથવા રાજાએ કરી, તેહેની ઈચ્છા હોય તો, તે ભ્રતાર તેહેને કરી આપવો; એપ્રમાણે સ્વઇચ્છાથી, તથા પરેચ્છાથી, એવો બેહુ ઈચ્છાના સંયોગથી, ભ્રતારકરી આપવો, એવો આ, મેં કહેલી વાતનો અભિપ્રાય, સીતાસ્વયંવરના દૃષ્ટાંતેકરી, દીકરી તું ધ્યાનમાં રાખ, અને સંશય નિર્મુક્ત થા.

૨૩ **દી૦** મા, મારી એક શંકાછે તે એવી કે, ઉત્પન્ન થયેલા પુરૂષોને કુટુંબનો વર્ણ, મૌંજીબંધન સુધી છે પણ મૌંજીબંધન પછી કુટુંબનો વર્ણ નથી, જેહેના તેહેના ગુણકર્મ ઉપરથી, જે જેહેનો વર્ણ ઠરે, તેહેમાં તેઓને ભેલવવા એવું શાસ્ત્રછે, તેપ્રમાણેજ સ્ત્રિયોનાંપણ ગુણકર્મો જોઈ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એવર્ણોની સાથે તેહેનો વિવાહ, સ્વઇચ્છાના, તથા પરઇચ્છાના, એવી બે ઈચ્છાના સંયોગથી કરવો, કિંવા શીરીતે કરવો, એ મને કેહે ?

૨૪ **મા૦** દીકરી, સ્ત્રિયોનાં પણ ગુણ કર્મો જોઇ, સ્વઇચ્છાના, તથા પરઇચ્છાના, એવા બે ઈચ્છાના સંયોગથી તેહેનો વિવાહ, તે ગુણ કર્મ ઉપરથી બ્રાંહ્મણી ઠરે તો બ્રાહ્મણ સાથે કરવો, અથવા ક્ષત્રિય, વૈશ્ય, કે શૂદ્રી ઠરે, તો ક્ષત્રિયાદિકોની સાથે કરવો, એ મર્મ જાણીનેજ શુક્રાચાર્ય બ્રાહ્મણ જે, તેહેની કંન્યા દેવયાની છતાં, તે ગુણ કર્મ ઉપરથી ક્ષત્રિય ઠરી, તેથી યયાતિ રાજા જે ક્ષત્રીય તેહેને તે આપી, એ પ્રમાણેજ રેણુકા, તથા રેણુકાની બેહેનો, એઓનો વિવાહ તેહેનાં ગુણ કર્મો પ્રમાણે, જે જેઓનો વર્ણ ઠર્યો, તે સાથે થયોછે, એ મર્મ, હે સુજ્ઞ દીકરી તું ધ્યાનમાં લાવી શંકા રહીત થા.

૨૫ દી૦ મા, સ્ત્રિયોનો પણ, ગુણ કર્મ વિભાગે કરી જે વર્ણ હોય, તે વર્ણના પુરૂષ સાથે, સ્વપર ઇચ્છાના સંયોગથી, વિવાહ કરવો એટલે લગ્ન કરવું. એવું, તારા, આ કેહેવાંઉપરથી, તથા રેણુકા, અને રેણુકાની બેહેનો, તથા દેવયાની, વગેરે સ્ત્રિયોના ઉદાહરણ ઉપરથી મારા જાણવામાં આવ્યું, તેથી મારી સંકા ગઇ.

૨૬ દી૦ મા, હાલમાં તો, કંન્યા પુત્ર ઉત્પન્ન થાય છે, તેઓને, માબાપના કુટુંબનો વર્ણ લગાડે છે, અને લગ્ન વગેરે કાર્યો કરે છે, પણ ગુણ કર્મ વિભાગે કરી, જે જેહેનો વર્ણ હોય, તેહેને તે વર્ણમાં મેળવી, લગ્ન વગેરે કાર્યો કરતા નથી, એ વરતવું અશાસ્ત્ર છે, આ અશાસ્ત્ર વરતવાનું નરસું ફળ જગતમાં પ્રગટ થાશે કે શું, તે મુને કેહે?

૨૭ મા૦ દીકરી, હાલની જાતના લોકો, પોતપોતાના કંન્યા પુત્રના ગુણ કર્મ વિભાગોથી વર્ણ વ્યવસ્થા ન કરતાં, દીકરી, દીકરાના મોહોથી, કુટુંબનોજ વર્ણ, ઉત્પન્ન થએલા દીકરા દીકરીને લગાડી લગ્નવગેરે કાર્યો કરે છે, એ અશાસ્ત્ર વરતવાંથી, આ જગતમાં મોટામોટા અનર્થો ઉત્પન્ન થએલાછે, એટલે વેદોક્ત ધર્મ બાહ્ય અનેક પાખંડમતો ઉત્પન્ન થયેલાં છે, અને ઘણાક લોકો, વેદોક્ત ધર્મ છોડી મ્લેચ્છ થયા, એ અશાસ્ત્ર વરતવાનું પ્રત્યક્ષ નરસું ફલ પ્રાપ્ત થયું છે, એહેને મુખ્ય કારણ, સર્વ ભૂગોલ ઉપરના મનુષ્યોના ગુણકર્મો ઉપરથી, ચાર વર્ણ વિણી કાઢવાની પદ્ધતિ લોકોયે મૂકી દીધી એજ છે, જો ગુણ કર્મ વિભાગ જોઇ, ફરી ઇશ્વરનો નિયમ ચલાવી, સર્વ ભૂગોલ ઉપરના મનુષ્યોના ચારવર્ણ કરો, તો સર્વ મતો ભાંગી પડશે, અને વેદોક્ત ધર્મ સર્વના જાણવામા

આવી, સર્વ લોકોનું તારણ થશે, એ મર્મ દીકરી તું ધ્યાનમાં રાખ, અને સંશય છોડ?

૨૮ દી૦ મા, લગ્ન કરવામાં, પુરૂષના તથા સ્ત્રિના વયનું કેટલું અંતર જોઇ યે?

૨૯ મા૦ દીકરી, બાર વર્ષની દીકરી હોય તો તેહેને વિસ વર્ષથી તે, ત્રિસ વર્ષ સુધી ભરતાર જોઇયે, એથી અધીક વયનો કિંવા ઓછી વયનો, બાર વર્ષની કંન્યા હોય, તો તેહેને ન જોઇયે.

૩૦ દી૦ મા, બાર વર્ષની કંન્યાને, વિસ વર્ષથી તે, ત્રિસ વર્ષના વય સુધીનો ભરતાર જોઇયે, એથી વધારે વયનો ન જોઇયે, એ માનથી, છે વર્ષની દીકરીને, બાર વર્ષનો પતી, અને આઠ વર્ષની કંન્યાને, વિસ વર્ષનો ભરતાર, એ પ્રમાણે હોવાંથી ચિંતા નથી એવું ઠેરછે, પણ જો, ત્રીસ વર્ષથી વધારે વયનો પુરૂષ છે, અને તેહેનો વિવાહ મુળેજ થયો નથી, પણ પત્ની ગત થઇ, અથવા કુષ્ટાદિક રોગ ગ્રસ્ત થઈ હોય, તો તે, ત્રિસ વર્ષની વયથી વધારે વય થએલા પુરૂષના લગ્નની વ્યવસ્થા શી કરવી, તે મુને કેહે?

૩૧ મા૦ દીકરી, ત્રિસ વર્ષથી વધારે વયનો પુરૂષ છતાં, તેહેને બિજીવાર વિવાહ કરવાની, અથવા પેહેલાંથીજ પરણવાની ઇચ્છા થઇ, તો, તેણે ગત ભર્તૃકા જે ઋતુ પ્રાપ્ત થએલી, બાર વર્ષના વયથી અધિક વયની સ્ત્રી હોય, તેહેની સાથે વિવાહ કરવો.

૩૨ દી૦ મા, ત્રિસવર્ષની વયથી અધિક વયનો પુરૂષ હોય, તેણે ગત ભર્તૃકા, જે ઋતુ પ્રાપ્ત થયેલી, બારવર્ષના વયથી અધિક વયની સ્ત્રી હોય, તેહેની સાથે વિવાહ કરવો,

અને વિસવર્ષથી તે, ત્રિસવર્ષની વયસુધી, બારવર્ષની કંન્યા સાથે વિવાહ કરવો, એહાપરથી એવો ન્યાય ઠર્ત્યોકે, બારવર્ષની વયસુધી દીકરીનો પ્રથમ વિવાહ કરવો, અને પતી ગત થયો તો, બાર વર્ષની વયસુધી, રૂતુ પ્રાપ્ત ન થયો હોય, તથાપિ, વિસવર્ષના વયથી, ત્રિસવર્ષના વયસુધી જે પુરૂષ હોય, તે સાથે વિવાહ કરવો, અને તે પુનર્વિવાહ સમઝવો નહીં અને બારમાં વર્ષસુધી, રૂતુ પ્રાપ્ત થયો હોયતો, વિસવર્ષના વયથી તે, ત્રિસવર્ષના વયસુધી જે પુરૂષ હોય, તેહેની સાથેજ, તેહેનો પુનર્વિવાહ કરવો, અને બારવર્ષની વયથી અધિક છતાં, એટલે આસરે સોળવર્ષના વયની સ્ત્રી; પછી તે રૂતુવતી હોય અથવા નહોય, તેહેનો પ્રથમવિવાહ, કિંવા પુનર્વિવાહ, નિદાન, ચોવિસ વર્ષથી તે, ચાળીસ વર્ષના પુરૂષની સાથે, એ માનથી કરવો, અને પચાસ વરસથી અધિક વયના પુરૂષ સાથે, ત્રિસ વર્ષની વયસુધી જે સ્ત્રી હોય, તેહેનો પુનર્વિવાહ કરવો નહીં, પણ ત્રિસ વર્ષના વયથી વધારે વયની ગત ભર્તૃકા સ્ત્રી,અને પચાસ વર્ષથી વધારે વયનો પુરૂષ હોય, અને તે બેહુની વિવાહ કરી લેવાની ઇચ્છા હોય તો, તેહેને અટકાવ ન જોઇયે, એવો તારા સંપુર્ણ બોલવાનો અભિપ્રાય મારા ધ્યાનમાં આવ્યો, અને બાર વર્ષની વય સુધી રૂતુ પ્રાપ્ત થયો અથવા ન થયો તોય પ્રથમ વિવાહનો અધિકાર છે, તથા બાર વર્ષની અંદર બાહેર, રૂતુ પ્રાપ્ત થયેલી ગત ભર્તૃકાનો માત્ર પુનર્વિવાહ સમઝવો, પણ બાર વર્ષથી વધારે વય, પેહેલું લગન કરવામાં થવા દેવું નહીં, અને તેર વર્ષના વય થકે, સોળ વર્ષના વય સુધી, રૂતુ પ્રાપ્ત થએલી ગત ભર્તૃકા હોય તો, તેહેને ચોવિસ વર્ષના વયથી તે, ચાળીસ

વર્ષના વય સુધી પુરૂષ, પ્રીતિથી વરે તો ચિંતા નથી, તથા સત્તર વર્ષના વયથી તે, ત્રિસ વર્ષના વય સુધી, જે ગત ભર્તૃકા હોય, તેહેને પાંત્રિસ વર્ષના વયથી તે પચાસ વર્ષના વય સુધી પુરૂષે પ્રીતિથી વરવી, ઇત્યાદિ, સર્વજ તારા બોલવાનો અભિપ્રાય મારા જાણવામાં અવ્યો.

૩૩ **મા૦** દીકરી, તું બોલી, તે પ્રમાણેજ મારા બોલવાનો અભિપ્રાય છે, તે તારા જાણવામાં આવ્યો, એમાં મુને સંતોષ છે.

૩૪ **દી૦** મા, માતા પિતરોને, બાર વર્ષની વયથી અધિક વય સુધી, અવિવાહિત કંન્યા રાખવાનો અધિકાર નથી, અને બારવર્ષની વયની કંન્યા, વિસવર્ષથી તે, ત્રિસ વર્ષસુધી જેહેનું વય હોય, તે પુરૂષને આપવી, અને ત્રિસવર્ષથી વધારે જેહેનું વય હોય, તેહેને બારવર્ષના વયથી વધારે, એટલે સોળવર્ષના ઉમરની રૂતુ પ્રાપ્ત થએલી અથવા રૂતુ પ્રાપ્ત ન થએલી વિધવા હોય તેહેની સાથે વિવાહ કરવો, પણ તેહેની રીત, ઉપર વિસ્તારથી કહીછે તેપ્રમાણે કરવું, એવું કરવામાં કેટલું સૌખ્ય તથા ફાયદો છે તેહેનો મુને વિસ્તાર કેહે ?

૩૫ **મા૦** દીકરી, બારવર્ષથી વધારે વયસુધી માતા પિતાદિકોયે અવિવાહિત દીકરી રાખવી નહીં, અને બારવર્ષની કંન્યાને વિસવર્ષથી ત્રિસવર્ષની ઉમર સુધી જે પુરૂષ હશે તેહેને આપવી. એ નિયમથી તરૂણ પુરૂષોના લગ્નો થવાને અડચણ કાંઇન પડવાની નહીં, તથા ત્રિસવર્ષથી વધારે વયના પુરૂષોયે વિધવાની સાથે લગ્ન કરવું, એ નિયમથી જેઓની સ્ત્રિયો મરેછે તેઓને સંકટ પડતું નથી, તથા હરેક સ્ત્રી, પતીવિના સ્વતંત્ર રહી સક્તી નથી, એથી સ્ત્રિયોનાં સ્વતં-

ન રેહેવાં થકે, જે અસુધારો તથા અનર્થો થાયછે તે મેં, પ્રથમ કહ્યા, તે સર્વ અનર્થો દૂર થાયછે, એજ ફાયદો છે, અને એવો નિયમ ન હોયતો, વૃદ્ધ પુરૂષો; કંન્યાના મા બાપને, દ્રવ્યની લાલચ દેખાડી, નાહાની, નાહાની કંન્યા સાથે લગ્નકરી, તે કંન્યાઓને દુઃખ આપેછે, કેમકે, જેમ બારવર્ષના છોકરાને પચાસ વર્ષની વૃદ્ધ સ્ત્રી પરણાવી આપી તો પ્રીય નથી, તેમજ બારવર્ષની કંન્યાને ચાળીશ અગર પચાસ વર્ષનો વૃદ્ધ પુરૂષ, નરસા લોકો ભરતાર કરી આપેછે, પણ તેહેને તેહેની પ્રીતિ નથી હતી, એથી તેહેના પાતિવ્રત્યનો, કાયિક ભંગ ન થાય તોય, માનસીક થાયજ થાય, એથી તે સ્ત્રી ઝુરેછે, અને વૃદ્ધોયે સર્વ કંન્યાઓ દ્રવ્યઆપી લિધીઓ, એટલે તરૂણના લગ્નો થાતાં નથી, અને વૃદ્ધ મરીગયો, એટલે ફરી તે સ્ત્રીને તરૂણ પણાથી, તથા પુનર્વિવાહ કરવા દેતા નથી એથી ઝુરવું પડેછે, અને તે યોગેકરી તેનાથી અનેક અનર્થો થાયછે, ઇત્યાદિ જે અનર્થો, તે સર્વ અનર્થો, ઉપર કહેલી રીતીપ્રમાણે વરતવાંથી દુરથાયછે, અને સ્ત્રી પુરૂષોને સર્વકાળ સૌખ્ય થાયછે, એવો એ લગ્નના નિયમપ્રમાણે વરતવાંથી ફાયદો તથા સુખછે.

૩૬ **દી૦** મા, પુરૂષ કિંવા સ્ત્રી, પવિત્ર પ્રકૃતીથી ઈચ્છા વિનાના છે, એથી જો તેઓને ઈશ્વરના ભજન સારૂ, પ્રથમ વિવાહ, અથવા પુનર્વિવાહ કરવાની ઈચ્છા ન હોય, તો તે વિશેનો નિયમ શી રીતે તે મુને કેહે?

૩૭ **મા૦** દીકરી, જેઓને પ્રથમ વિવાહ, કિંવા પુનર્વિવાહ કરવાની ઈચ્છા નથી, તેઓ ઉપર લગ્ન કરવા બાબત જુલમ કરવો નહીં, પણ જો તે લગ્ન નકરતાં, અનીતિ-

થી વરતશે, તો તે ઉપર તેવું ન કરવા બાબત, રાજાનું શાસન જોઈયે.

૩૮ **દી૦** મા, હાલમાં, ગુણકર્મ વિભાગપ્રમાણે વર્ણ વ્યવસ્થા ચાલતી નથી, કુટુંબનોજ વર્ણ, સંતતીને લગાડે છે, એમાટે, ગુણકર્મ વિભાગ જોઇ, વર્ણવ્યવસ્થા કરવાનો સંપ્રદાય, સર્વસૃષ્ટીમાં ચાલવા લાગે, ત્યાંહાંસુધી, કર્મો શીરીતે ચલાવવાં એ મુને કેહે?

૩૯ **મા૦** દીકરી, વેદશાસ્ત્રસંપન્ન, અને નીતિમાન, તથા સાત્વિક, એવો જે કુટુંબના બ્રાહ્મણ વર્ણમાએલો, ગુણકર્મેકરી બ્રાહ્મણ, તેહેના હાથેથી, આપણા સકલ વેદોક્તકર્મો, તથા સંસ્કારો કરી લેવા, અને આપણે નિર્મત્સર થયાં છતાં, એટલે બ્રાહ્મણ અથવા બિજા વર્ણનો હું ફલાણો, એવું કેહેવરાવનારો, ગુણકર્મપ્રમાણે તે વર્ણનો હોય, અથવા ન હોય, તેહેની નિંદા સ્તુતી પોતે નકરતાં, પોતપોતાના ગુણકર્મો ઓળખીને વરતવું, પણ જ્યાંહાંસુધી કોઇ પરાક્રમી રાજા, તથા પરાક્રમી બ્રાહ્મણ, એ બેઉ, સર્વ પ્રજામાં ગુણકર્મ ઉપરથી વર્ણ વ્યવસ્થા સ્થાપન કરનારા થયા નથી, ત્યાંહાં સુધી, પોતપોતાની જમાતની એટલે જાતની, જે વેદોક્ત નિયમ માએલી શુધ્ધ ક્રિયાઓ, તેજ કરવીઓ, બિજી નરસી ઓ, હિંસાદિક ક્રિયાઓ, મૂળેજ કરવી નહીં.

૪૦ **દી૦** મા, ભરતારના સ્વાધીન સ્ત્રીયે રેહેવું, પણ ભરતાર જો વ્યભિચારી થઇ, સ્ત્રિને પીડા કરવા લાગ્યો, અથવા માદક પદાર્થ ખાઈ, સ્ત્રિને પીડા કરવા લાગ્યો, અથવા વેદોક્તધર્મ છોડી ભ્રષ્ટ કર્મો કરવા લાગ્યો, અથવા બાયડી-

નો ત્યાગ કરી વૈરાગ્યશીલ થયો, ઇત્યાદિ પ્રકાર થયાતો, પછી સ્ત્રિયે શું કરવું ? તથા કેહેના હુકમમાં રેહેવું ?

૪૧ **મા૦** દીકરી, ભરતાર, જો માદક પદાર્થ સેવનકરી, અથવા વ્યભિચાર કર્મમાં પેશી, સ્ત્રિને પીડા કરવા લાગ્યો, અથવા વેદોક્ત ધર્મ છોડી, ભ્રષ્ટ થયો, અથવા વૈરાગ્યશીલ થઇ સ્ત્રિનો ત્યાગ કરીને ગયો, અથવા, મહા વ્યાધિગ્રસ્ત થયો, વગેરે પ્રકાર ભરતારના થયાતો, સ્ત્રિયે, માં બાપના સ્વાધીન રેહેવું, અથવા ઇચ્છા હોયતો રાજાની અજ્ઞાથી પુનર્વિવાહ કરવો, અથવા પાસે દ્રવ્ય છે, અથવા મેહેનતકરી પેટજેટલું મળે, અને ઇચ્છા ન હોય, તો પુનર્વિવાહ નકરતાં, ઈશ્વર ભજનમાં વખત ખર્ચ કરવો, પણ વ્યભિચારકર્મમાં પેસવું નહીં; હવે માદક પદાર્થ સેવન કરી, અથવા વ્યભિચાર કર્મમાં પેશી, જે સ્ત્રીને પીડા કરશે, તેહેને રાજાયે શાસન કરી, તાકીદ આપી છતાં પણ, ઠેકાણે ન આવે, અને ગામમાં રહી સ્ત્રીને પીડા કરે તો, તેહેને તેહેની સ્ત્રી જે દેશમાં પ્રથમ હશે, તે દેશમાંથી, હાંકી મુકવો, પરંતુ ઇનસાફ કર્યાવિના, તથા તેહેને તાકીદ આપવા વિના, અને તે તાકીદ કરવાંથી પણ માનતો નથી, એવું સર્વ સંમતથી, તથા સર્વ ન્યાય સભાઓના ઈનસાફથી થયાવિના, તેવું કરવાનો, રાજાને પણ અધિકાર નથી.

૪૨ **દી૦** મા, સ્ત્રિયોને, લેખન, વાચન, ગણીત, વગેરે શીખવવું કે ન શિખવવું !

૪૩ **મા૦** દીકરી, લેખન, વાચન, ગણીત, વગેરે વિદ્યાઓ, સ્ત્રિયોને શીખવીઓજ જોઇયે, કેમકે, ન શિખવીએ તો, સ્ત્રિયોને, પ્રપંચ પરમાર્થનું, યથાસ્થિત જ્ઞાન થાતું નથી,

તથા પૂર્વેથી રાજકંન્યાઓ, તથા બિન્ન લોકોની કંન્યાઓ લેખન, વાચન, ગણીત, નીતિ, વગેરે પ્રપંચ પરમાર્થની ઉપયોગી વિદ્યાઓનો અભ્યાસ કરતી હતીઓ, તથા તેઓને શિક્ષણ આપનારી નીતિમાન સ્ત્રિયો હતીઓ, એવું પુરાણમાં, એટલે પુરાતની ઇતિહાસોમાં, ઘણા ઠેકાણે લખેલું છે, એટલે વિરાટરાજાની કંન્યા, તથા રૂક્મીણી, તથા ચંદ્રહાસની સ્ત્રી, વિષયા; લેખનાદિક અભ્યાસ કરતી હતીઓ, ઇત્યાદિ પુરાતની વહિવાટની વાતો છે.

૪૪ **દી૦** મા, સ્ત્રિયેાયે તુળશીના વૃક્ષ સંન્નિધ બેસી કિયા કિયા નિયમ કરવા, તથા તુળશીનાજ વૃક્ષપાસે બેસીને નિયમ કરવા એનું કારણ શું ?

૪૫ **મા૦** દીકરી, તુળશીનાપાસે બેસી, શિવનું, અથવા જગદંબાનું, અથવા સૂર્યબિંબના મધ્યભાગે ચતુર્ભૂજ નારાયણનું, અથવા શ્રીકૃષ્ણ, અથવા શ્રીરામ, અથવા શ્રીગજાનન, અથવા શ્રીદત્તાત્રેય, એ અવતારી મૂર્ત્તિનું, ધ્યાન તથા માનસ પૂજા કરવી, અને પોતે પોતાને, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા, આપણે શરીરબાહેરના, તથા માએલા પોલાણમા, નિરાકાર પરબ્રહ્મના અસ્તિત્વથી, ઐકય છૈયે, એવું અનુભવવું, અને તુળશીનાજ વૃક્ષપાસે બેસવાનું કારણ એજ કે, તે વૃક્ષ ઘણું ગુણકારી, તથા શરીર નિરોગી રાખનારૂં છે, તથા હમેશા પ્રફુલ્લીત રેહેનારૂ છે, તથા તે વૃક્ષ, સ્વચ્છ જગોમાં જેવું રેહેછે, તેવું ગલીચીમાં રેહેતું નથી, એસારૂ આપણા ઘરનીપાસે, તે તુળશીનું વૃક્ષ વાવવું, એટલે તેહેના લીધે, તેટલી જગો સ્વચ્છ રેહેછે, અને સ્વચ્છ જગોઉપર, ધ્યાન ભજન કરવું ઠીકછે, હવે જો કોઇ, એવિના અન્ય

વૃક્ષનો નિયમ ઠરાવશે, તો એથી સ્વચ્છ, તથા નાહનું છતાં, બારેમાસ સુશોભીત રહે, એવું બિજું સારૂં વૃક્ષ નથી, તથા અન્ય વૃક્ષનીચે બેશીયે તોય, અશોક વૃક્ષનાનીચે સીતા કાં બેસી, પીપળા નીચે કાં બેઠી નહીં, અને પીપળાનીચે બેઠી લખ્યું તો, આંબા નીચે કાં બેઠી નહીં, ઇત્યાદિ ચાહેત્યાંહાં બેસે તોય મૂર્ખાની શંકાઓ છેન, તસ્માત લોકો શંકા કાઢશે, એ લોકોનો સ્વભાવછે, પણ કેથેપણ બેસવુંન જોઇયે, વાસ્તે અશોકવૃક્ષનીનીચે સીતા બેઠી, એ લખેલું ઉત્તમન છે, એપ્રમાણેન તુળશીના વૃક્ષપાસે બેશી, સ્ત્રિયોયે નિયમ ચલાવવો, એ ઉત્તમ છે, તથા અન્ય વૃક્ષ નીચે બેશીયેતો, તુળશીપાસે બેસવા કરતાં, સુખ ઓછું છતાં, મૂર્ખોની ત્યાંહાંપણ શંકા છેન, એ અશોક વનિકા ન્યાયનીપેઠે સમઝી, કહેલા નિયમો, તુળશી નીચે, અથવા તેહેનીપાસે બેશી, ગૃહસ્થસ્ત્રીયોયે, તથા પુરૂષોયે, કહેલા નિયમો કરવા, એ ઉત્તમ છે.

૪૬ **દી૦** મા, જ્યેષ્ટ શુદ્ધ પૌર્ણિમાના દિવસે, વટવૃક્ષ નીચે બેશી, ઈશ્વરપ્રીત્યર્થ સ્ત્રિયોયે શું કરવું?

૪૭ **મા૦** દીકરી, જ્યેષ્ટશુદ્ધ પૌર્ણિમાના દિવસે, વટવૃક્ષનીચે બેશી વટવૃક્ષની વૃદ્ધિ થાયછે, તેપ્રમાણે આ સૃષ્ટિની વૃદ્ધિ જે ઇશ્વરે કરી, તેનું સ્મરણ કરી, હે ઇશ્વર તું ધન્ય છે, તારૂં કૃત્ય અચિંત્ય તથા અતર્ક્ય છે; તું જગતના ઉદ્ધારસારૂ અનંત અવતાર ધારણ કરેછે, એથી તારૂં ભજન કરવું, એજ અમોને ઘટારત છે, એવું નમ્ર થઇ ચિંતન કરવું, અને ઇશ્વરનું જેઓને પૂર્ણ જ્ઞાન છે, એવા જે બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ, તેઓની યથાશક્તી દ્રવ્યદ્વારા, અથવા અન્નદાનદ્વારા

સેવા કરવી, અને તેઓના ઈશ્વર ભજનેકરી પવિત્ર થયેલા આત્માનો અશિર્વાદ લેવો.

૪૮ **દી૦** મા, ભાદ્રપદશુદ્ધ ત્રિજે, હરિતાલિકા કહી, સ્ત્રિયોનો ઉપવાસ કરવાનો દિવસછે, તેહેનો મર્મ શું?

૪૯ **મા૦** દીકરી, ઈશ્વરે પાર્વતીનો અવતાર ધારણ કરી સ્ત્રિયોને, ઇશ્વરભજનનો પ્રકાર, ભાદ્રપદશુદ્ધ તૃતીયાના દિવસે દેખાડ્યો, તે આનંદનો દિવસ સ્ત્રિયોયે સ્મરણકરી, તેદિવસે અહોરાત્ર ઇશ્વરના ગુણાનુવાદ શ્રવણ કરવા, અને નિદ્રા આલસ્ય, એઓની બાધા ન થાય તેવાસ્તે ઉપવાસ કરવો, એટલે ફલાહાર કરવું.

૫૦ **દી૦** મા, ચૈત્ર મહિનામાં, તથા શ્રાવણમહિનામાં તથા બારેમહિનામાં, તથા સોમવારે અમાવાસ્યા આવે એટલે તે દિવસે, તથા કપિલાષષ્ઠી, ઇત્યાદિ દિવસે, સ્ત્રિયોયે વ્રતો કરવાં, તથા ઉપવાસ કરવા, તથા પૂજાઆરચા, તથા સ્નાનદાન કરવાં, એવું કહેલુંછે, એ સર્વનો મુખ્ય અભિપ્રાય શું?

૫૧ **મા૦** દીકરી, જેટલાં સ્ત્રિયોને વ્રતો, તથા તદંગ સ્નાનદાન કરવાને કહેલાંછે તેટલાં સર્વજ ઇંદ્રિયોના દમન કરવા અર્થે તથા ઇશ્વરના સ્મરણના અર્થે છે, તે કરવાંથી ઇશ્વરનું, તે કરવાના નિયમોથી એટલે નિમિત્તથી સ્મરણ થાયછે, તથા ભક્તિ થાયછે, વાસ્તે, તે સર્વ કર્મોનો પરિણામ ઈશ્વર સ્મારક છે એવું સમઝી, તે સર્વ આસ્તિક બુદ્ધિયે કરવાં.

૫૨ **મા૦** દીકરી, તું સાંભલ, અલી; પુત્ર કિંવા કંન્યા જન્મેછે, તે ઇશ્વરના નિયમ પ્રમાણે જન્મેછે, તેઓના નાક,

કાન, વિંધેલા, અથવા છુંદડાં પાડેલાં વગેરે અલંકાર ભૂષણ તથા વસ્ત્રપ્રાવર્ણ, તથા કુંકુમ, ચંદન, ઈત્યાદિ કાંઈજ નથી હતા, એ સર્વ નિયમ, સુખભોગવવાંના અર્થે તથા ઈશ્વરના ભજનના અર્થે, ઈશ્વરે, મનુષ્યે જન્મ થયાં પછી, આચરવાં એવા લગાડી આપ્યા છે, અને કહ્યું છે કે, શરીર વિંધવા ટોંચવા કરતાં, મૃત્યુનેમેલોછે, તે કઠણ છે એવાસ્તે, વિંધિ, ટોંચી, કિંવા ન ટોંચી, ન વીંધી, હું જે ઈશ્વર, તે મારૂં સ્મરણ કરો; એટલે તમોને કઠણ જે મૃત્યુ, તે સ્વલ્પ લાગશે, તથા નિયમના બાહેર ન ગએલાને નિયમના વિચારે કરી, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના નિરાકાર સ્વસ્વરૂપનું ઐકયત્વ જાણવામાં આવશે, અને તરવું થશે.

૫૩ દી૰ મા, લગ્નવિશે ઘણીપ્રકારના નિયમો શાસ્ત્રમાં છે, એનું કારણ મુને કેહે?

૫૪ મા૰ દીકરી, સ્ત્રી પુરૂષનો વિષય, એ મોટો દુર્ધરછે, એવાસ્તે, પતીનો, રતીસંગ થયાં પછી, જો સ્ત્રિને પેહેલો પતી પ્રિય ન લાગે તો, દુષ્ટ સ્ત્રી હોય, તે દુષ્ટપણાયે, પતીના પ્રાણનો નાશ કરશે, અને એવી વાતો ઘણીઓ થવા માંડીયો, એથી એવો નિયમ કર્યો કે, પેહેલાં તો, પતી પ્રિયજ વરવો પણ સંગ થયાં પછી, પ્રિય અપ્રિયપણું થાયછે, એથી પતી પાસે રતિ ભોગ સંગ થયાં પછી, એટલે વિદ્ધયોની થયાં પછી, જો પતી ગત થયો, તો અન્યપતી કરવો નહીં; દીકરી એપ્રમાણે નિયમ ઠર્યો, ત્યાંહાંથી, હરેકપ્રકારની સ્ત્રિયો, પતીના પ્રાણની સંભાળ રાખવા લાગીઓ એવા એવા કારણોના લીધે, લગ્નબાબત અનેક નિયમોછે, તથા તે કાલપરત્વેકરી સર્વ સાચાછે, અને તેપ્રમાણે વરતવું એ ઠીક છે.

૫૫ દી૰ મા, વિવાહબાબત હું સંશય નિર્મુક્ત થઈ, અને અનેક નિયમ હોવાના કારણો મારા જાણવામાં આવ્યાં.

૫૬ દી૰ મા, નિરાકાર પરમેશ્વરનું જ્ઞાન તથા ભક્તિ, મ્લેચ્છ વગેરે, નીચ આચરણ કરનારાના કુળમાં જન્મ પામેલાને શીખવવામાં પ્રત્યવાય દેખાતો નથી, પણ કેટલાક લોક, એવું કેમ કેહેછે કે, મ્લેચ્છ વગેરે દુરાચારીઓને આત્મજ્ઞાન કેહેછે તે ભ્રષ્ટ થયો; મારા મનમાં આવેછે કે, સર્વ મનુષ્યોને તારક જ્ઞાન આપવું, પણ, માં, એબાબત શાસ્ત્રમાં શીરીતેછે તે મુને કેહે, એટલે ઘેલી સમજણથી બોલનારાઓને તેવું કેહેવામાં આવે.

૫૭ મા૰ દીકરી, દુરાચારીઓને ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, એઓનું જ્ઞાન અવશ્ય કેહેવું, અને જે કેહેછે તે ભ્રષ્ટ નથી, પણ શ્રેષ્ઠછે, કેમકે, ભગવતગીતા અધ્યો ૯ નવમો, શ્લોક ૩૦ ત્રિસમો, " अपिचेत्सुदुराचारोभजतेमामनन्यभाक् ॥ साधुरेवसमंतव्यःसम्यग्व्यवसितोहिसः ॥ " અર્થ૰ દુરાચારી હતો, પણ તે દુરાચરણ છોડી મારી અનન્ય ભક્તિ કરવા લાગ્યો, તો તેહેને દુરાચારી કેહેવો નહીં, તેહેને સાધુ કેહેવો, હવે એ ઉપર ન્યાય એવો થાયછે કે, જો દુરાચારીયે અનન્યભક્તિ શીરીતે કરવી, એ સાધુના મુખથી દુરાચારીને શ્રવણ થયું નથી, તો જ્ઞાનજ થવાનું નહીં, પછી તે શ્રીકૃષ્ણનું બોલવું વ્યર્થ થશે, એ સારૂ, દુરાચારી, મારૂં અનન્ય ભજન કરશે, તો તે સાધુ, એઉપરથી, શ્રીકૃષ્ણનાં મનમાં, દુરાચારીઓયે, અનન્ય ભજન કરવું એવું થયું, તેથીજ શ્રીકૃષ્ણના મનોદય પ્રમાણે, જે દુરાચારીઓને અનન્ય ભજનની રીતી શીખવેછે, તે શ્રીકૃષ્ણનો મનોદય પૂર્ણકર્ત્તા શ્રેષ્ઠ સમજવા; દીકરી, એ

ન્યાય જાણશે, તે નિરાકાર વિશે, અથવા સ.કાર વિશે અનન્ય ભજન શીરીતે કરવું; એવું દુરાચારીઓને શિખવનારા ને, તેઓને ભ્રષ્ટ કેહેવું છોડી શ્રેષ્ઠ કેહેશે, એમાં સંશય નથી.

૫૮ **દી૦** મા, ઉપદેશ ભરતાર પાસેથી લેવો, પણ અન્ય સાધુ પાસેથી લેવો તે શીરીતે લેવો ?

૫૯ **મા૦** દીકરી, ઉપદેશ કાનની રાહેન સાંભળવાનો, તે દૂર બેશી સાંભળે, તોય કાનની રાહેન સંભળાયછે, તથા કાનથી મોં લગાડી કેહે, તોય કાનની રાહેન સંભળાયછે, એ સારૂ સાધુના મુખેકરી, દૂર બેશી, એકાગ્રચિત્ત કરી, ઉપદેશ શ્રવણ કરવો, એ બરાબર છે, પણ ઢોંગી સ્ત્રિપુરૂષો; દુશાલાનો ઘુંગટ લઇ, ખોળામાં બેશી, ઉપદેશ દેછે લેછે, તે મનુષ્યો ઢોંગી, તથા ચોરજારછે, તે પરિણામે મર્યાદા મુકીદેછે, એવાસ્તે, દુરબેશી, સાધુના મુખથી ઉપદેશ સાંભળવો એ નીતિછે, તથા આંખો ઉપર અંગોઠો દાબી, એકાએક અંગોઠો કાઢી, આંખો ઉઘાડીયે, એટલે કાળા નિળા રંગ ચમકવા જેવા દેખાયછે, તે આંખોનો ધર્મછે, " નથી શ્યામ ધોળું ન પીળુંજ કાંઇ " પણ ઢોંગીલોકો, તેજ કાળું નિળું ચમકનારૂં બ્રહ્મછે, એવું બોલી લોકોને ફસાવેછે. અને લોકોનો માલ, ઢોંગેકરી હરણ કરેછે, અને વર્ષોવર્ષ ગુરૂદક્ષણાનો, તથા મહાપૂજાનો, એટલો ખરચ કરે, તોજ તે શિષ્ય પ્રીતિનો, એવી પરંપરા ચલાવેછે, તે ઢોંગીઓછે, એવા ઢોંગીઓને, જયત્પાળ રાજા, સખ્ત મજુરીના સાથે કેદની શીક્ષા આપતો હતો, તથા ઢોંગ મુકાવતો હતો, સારાંશ, એવા ઢોંગીલોકો, સારાંસારાં કવતો પાઠેકરી તે બોલી બતાવેછે તેણેકરી લોકોને એવું લાગેછે કે, આ મોટો જ્ઞાની-

છે, પણ દીકરી તે જ્ઞાનીજ હોયછે એવું નથી, દીકરી, જે શિષ્યના સર્વ સંશયો નાશ પમાડી, પોતા જેહેવું તેહેને જ્ઞાન આપેછે, તેજ જ્ઞાની, તથા તેજ સદ્‌ગુરૂછે, એવાસ્તે, તેહેની સેવા શિષ્યે, યથાશક્તિ કરવી, પણ શિષ્યે સેવા કરવી, એવી ઇચ્છા ગુરૂને ન જોઈયે.

૬૦ **દી૦** મા, સ્ત્રીની નરસી ચાલ જોયામાં આવી, તો તેહેનો ભરતારે ત્યાગ શીરીતે કરવો ?

૬૧ **મા૦** દીકરી, ભરતારની નજરે આવેકે, સ્ત્રિયે જારકર્મ કર્યું, તો ક્ષમા કરવા તે યોગ્ય હોય, તો ભરતારે તે ઉપર ક્ષમા કરવી, અને ક્ષમા કરવાને યોગ્ય ન હોય, તો તેહેનો ત્યાગ માત્ર કરવો, પણ તે ઉઘાડીરીતે કસબ કરવા લાગી, એટલે તેહેને, તું ખરચી શી લઇશ એવું કોઇયે પુછયું, તોય જેહેની આબરૂની ફરીયાદ, રાજા કબુલ કરતો નથી, તેહેનો ચારવર્ણોના લોકોયે વર્ણાશ્રમ ધર્મમાંથી ત્યાગ કર્યો, એવું સમજવું, અને તેહેનો ઘટસ્ફોટ, ભરતાર પાસેથી કરાવવો, એ કારણ ન છતાં ઘટસ્ફોટ કરે, તો તે કરનારો દોષી ઠરાવવો, અને અજાણપણે વાંત બની, એકારણ સારૂ, તે પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થાય, તથા તે પેલીતો શુદ્ધ છેજ. હવે જેહેનો, આ નિયમમાં લખ્યાપ્રમાણે ઘટસ્ફોટ થયો, તેહેને વેશ્યાઓએ પોતાના વર્ગમાં લીધી હોય, તો તેણીયે વેશ્યાપ્રમાણે વેદોક્ત ધર્મમાં વરતવું, તથા પુરૂષોના ઘટસ્ફોટની એવીજ ન્યાયપદ્ધત જોઈયે.

૬૨ **દી૦ મા૦** ચંદ્ર, બૃહસ્પતી, પૃથ્વી, વગેરે પરપ્રકાશી ગોલોને, ગ્રહ એવી સંજ્ઞાછે, પણ સ્વપ્રકાશી ગોલ જે સૂર્ય, તેહેને ગ્રહ એવી સંજ્ઞા હોવાનું કારણ શું વારૂં ?

૬૩ મા૦ દીકરી, જે ગોલોના અંગની છાયા ફેલાયછે, એવા જે પરપ્રકાશી ગોલો, તે છાયા ગ્રહ સમઝવા; અને સ્વપ્રકાશી ગોલો, જે સૂર્ય જેવા, કે જેહેના અંગના વિશે છાયા ઉત્પન્ન થાતી નથી તેથી સ્વર્ગસ્થ ; તે છાયા વિનાના ગ્રહસમઝવા, સારાંશ, ગ્રંથકર્ત્તાઓના મતલબ સમઝવા, એજ દીકરી જ્ઞાન પ્રાપ્તીનું મુખ્ય લક્ષણ છે.

૬૪ દી૦ મા, આપણા દેશમાએલી કેટલીક બાયડીઓ, પરસ્પરમાં, મત્સરથી તંટા બખેડા કરેછે, એનું કારણ શું?

૬૫ મા૦ દીકરી, તુંને શું કહું, આ દેશમાં, જે હરિદ્રા કંકુમો, લેવા દેવાની, તથા અનેક તરેહના સુગંધાદિક ઉપચાર, એકબિજીને એકબીજીએ કરવાની, વગેરે ચાલ પડેલી છે, તે ઘણી ઉત્તમ; જે નિર્મત્સર સ્ત્રિયો, તેઓની તે ચાલછે, તથા તેવી ચાલથી. સ્ત્રિયોમાં તંટો બખેડો કદીન ન હોય એવું છે, પણ દીકરી શું કરીયે! એ હરિદ્રા કુંકુમ લેવા દેવાની ચાલ, સર્વ પૃથ્વીમાં ઉત્તમછે, તેહેનો વિચાર કરવાનું જ્ઞાન સ્ત્રિયોમાં નથી, એનું કારણ, લેખન વાચન જ્ઞાન રહિત સ્ત્રિયો થઈયો એજછે, અસ્તુ, એવું તેઓને જ્ઞાન ન હોવાંથી, સ્ત્રિયો એકઠેકાણે દસપાંચ ભેળી થઈ બેસેછે, અને એક બિજીના મેણા ફટાણાનું બોલવું શરૂકરી, મૂર્ખપણાની તકરારો, એકબિજીઉપરકરી તંટા બખેડા કરેછે, અસ્તુ. દીકરી તું સારાં પુસ્તકો વાંચવા શીખેલીછે, એસારૂ તુને તંટા કરવાનો કંટાળો આવેછે એ ઉત્તમછે એવીઓજ સર્વસ્ત્રિયો, જો લેખન વાચન, તથા નીતિઓ શીખશે, તો નિર્મત્સર થશે, અને તંટાબખેડા કરશે નહીં.

વિચારદર્શન.

પ્રકરણ ૧૮ મું.

૧ હમણા જે હિંદુસ્થાન દેશમાં મુસલમાનો છે તેહેના પૂર્વજો આસરે પાંચસો વર્ષ પેહેલા હિંદુ હતા એટલે વેદોક્તધર્મમાએલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ણના હતા, તેઓને અફગાન, તથા ઈરાન, તથા અર્બસ્થાન, તથા મસકત, વગેરે ઠેકાણાના મુસલમાન લોકોયે જુલમથી મુસલમાન કર્યા, એ પ્રકરણ, જે હાલમાં હિંદુસ્થાન દેશમાં મુસલમાનો છે તેઓએ સમઝવું, અને ખુશી હોયતો ફરી વેદોક્તધર્મનું ગ્રહણકરી, મનુષ્યમાત્રના ગુણકર્મ વિભાગ જોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર પ્રકારના વર્ગ એટલે વર્ણ બાંધવાની ચાલ હમેશા ચાલુ રાખવી, કુટુંબઉપર વર્ણ વ્યવસ્થા નથી, જે છોકરો તથા છોકરી જન્મ પામશે તેહેના ગુણકર્મપ્રમાણે ચાર વર્ણમાં તેઓને દાખલ કરવા એહેનેજ વર્ણવ્યવસ્થા કેહેછે, એથી હમેશા ઐક્ય રેહેછે, અને એ ચાલ છોડી એટલે મતો જોરાવર થાયછે, એ તમોને સુચવ્યું છે, કેમકે, તમો મારા પ્રિયકર છો.

૨ હાલમાં જે હિંદુસ્થાન દેશમાં રોમન કયાથોલીક ખ્રિસ્તીઓછે, કે જેઓને ક્રિસ્તાન એવું કેહેછે, તેહેના પૂર્વજો, આજમાસે બસો વર્ષ પેહેલા હિંદુ હતા, એટલે વેદોક્તધર્મમાએલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ણોના હતા, તેઓને પોર્ટુગાલ, તથા ફ્રાન્સ, તથા યુરોપખંડમાએલા અન્યલોકો, એઓએ જુલમથી રોમન કયાથોલીક પંથના

ખ્રિસ્તીલોક કહ્યા, તેઓનેજ કિરસ્તાન એવી સંજ્ઞા છે, એ પ્રકરણ, જે હાલમાં હિંદુસ્થાન દેશમાં કિરસ્તાનો છે તેઓએ સમઝવું, અને ખુશી હોયતો ફરી વેદોક્તધર્મનું ગ્રહણકરી, મનુષ્યમાત્રના ગુણકર્મવિભાગ જોઇ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર પ્રકારના વર્ગ એટલે વર્ણ બાંધવાની ચાલ હમેશા ચાલુ રાખવી, કુટુંબઉપર વર્ણવ્યવસ્થા નથી, જે છોકરા તથા છોકરી જન્મે, તે તેહેના ગુણકર્મપ્રમાણે ચાર વર્ગમાં તેઓને મેળવવા એહેનેજ વર્ણવ્યવસ્થા કેહેછે, એથકે સર્વકાળ ઐકય રેહેછે, અને એ ચાલ મુકીદીધીતો મતો જોરાવર થાયછે, એ તમોને સુચવ્યું છે, કેમકે તમો મારા વાહાલા છો.

૩ હાલમાં જે હિંદુસ્થાન દેશમાં પ્રોટેસ્ટેંટ પંથના ખ્રિસ્તીઓછે, કે જેઓને નેટીવ પ્રોટેસ્ટેંટ ખ્રિસ્તી કેહેછે, તેઓનાપણ પૂર્વજો હિંદુસ્થાન દેશમાએલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર, એ હતા, તથા છે, તેઓને એકસો વર્ષનીઅંદર, અમેરિકા, તથા ઇંગલંડ, તથા આયરલંડ, તથા સ્કાટલંડ, વગેરે ઠેકાણાના લોકોયે, કોઇના ત્રણ પેઢીના પૂર્વજોને, તથા પ્રત્યક્ષ હાલમાં કેટલાકને દ્રવ્યની લાલચે, તથા ભૂલથાપો આપી ખ્રિસ્તીઓ કહ્યાછે, એ પ્રકરણ હાલમાં જે હિંદુસ્થાન દેશીય પ્રોટેસ્ટેંટ પંથના ખ્રિસ્તીયો છે તેઓએ સમઝવું, અને ખુશી હોયતો, ફરી વેદોક્તધર્મનું ગ્રહણકરી, મનુષ્યમાત્રોનાં ગુણકર્મવિભાગ જોઇ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર પ્રકારના વર્ગો એટલે વર્ણ બાંધવાની ચાલ હમેશા ચાલુ રાખવી, કુટુંબઉપર વર્ણવ્યવસ્થા નથી, જે છોકરા તથા છોકરીઓ જન્મ પામશે તેઓના ગુણકર્મોપ્રમાણે ચાર વર્ગમાં તેઓને

મેળવવા એહેનેજ વર્ણવ્યવસ્થા કેહેછે, એથી હમેશા ઐકય રેહેછે, અને એ ચાલ છોડી એટલે મતો જોરાવર થાયછે, એ તમોને કેહેવાનું કારણ એજ કે, તમો મારા પ્રિયકર છો.

૪ હાલમાં જે હિંદુસ્થાન દેશમાં, ધેડ, માતંગ, તથા રામોશી, તથા ભિલ્લ, તથા કોળી, તથા કાઠક, તથા ખેરડ, તથા વડારી, તથા કેકાડી તથા ફાસાપારધી, તથા ડોંબારી, તથા માંગગારોડી, તથા બજાણીયા, તથા કુંભાર, તથા બેલદાર, તથા ઘિસાડી, તથા કાતકરી, તથા ઠાકુર, તથા વારલી, તથા દુબળા, તથા મેણા, તથા ડોંમ, તથા ગોંડ, તથા વાઘરી, તથા ભોઇ, તથા ચમાર, તથા ઘાંચા, તથા ધોબી, તથા જનગર, તથા સાંથલીક, અને એ ઉપર લખેલા પ્રકારના પૂર્વ, પશ્ચિમ, દક્ષણ, ઉત્તર, હિંદુસ્થાનમાએલા સર્વ લોક, ઇત્યાદિ લોક સર્વ હિંદુ છે, એટલે વેદપ્રતિપાદ્ય ધર્મના સર્વ લોક છે, પણ તેઓની તરફ, વેદોક્તધર્મની ક્રિયાઓ કરવાનો સંપ્રદાય, જેવો જોઇયે તેવો રહ્યો નથી. એસારૂ, એઉપર લખેલા સર્વ લોકોએ એવું સમજવું કે અમારા પૂર્વજો પ્રાચીનકાળે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર, એ ચાર વર્ણના હતા, પણ વ્યાવહારીક કામકાજના, તથા રાજ્યકાંતીના સપાટામાં સપડાણાથી, વેદોક્તધર્મની ક્રિયાઓ જેવી કરવી જોઇયે તેવી કરવીઓ ભૂલીગયા, અને ભ્રષ્ટ ક્રિયાઓ અથવા જે વેદોક્ત ધર્મવિરૂધ ક્રિયાઓ, તે કરવાલાગ્યા, પણ અમો સર્વલોક વેદોક્તધર્મના છૈયે એવું ઉપર લખેલા સર્વ લોકોયે સમઝવું, અને ખુશી હોયતો મનુષ્યમાત્રના ગુણકર્મવિભાગો જોઇ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર પ્રકારના વર્ગ એટલે

વર્ણ બાંધવાની ચાલ હમેશા ચાલુ રાખવી, કુટુંબઉપર વર્ણ-વ્યવસ્થા નથી, જે છોકરા તથા છોકરીઓ પેદા થાશે, તેઓના ગુણકર્મોપ્રમાણે ચાર વર્ગમાં તેઓને મેળવવા, એહેનેજ વર્ણવ્યવસ્થા કેહેછે, એથી હમેશા ઐક્ય રેહેછે, અને એ ચાલ છોડી એટલે ફુટ પડેછે તથા મતો જોરાવર થાયછે, અને વેદોક્તધર્મ જાણવામાં નઆવે એવું થાયછે, અને કોઈજ તરણોપાયનો માર્ગ ગ્રહણ કરતું નથી, એવા સર્વ મનુષ્યો થાયછે, વાસ્તે ઉપર લખેલી રીતીને અનુસરીને ચાલશો તો તમારો તરણોપાય તમારા જાણવામાં આવશે, અને તમે સુખી રેહેશો.

૫ હાલમાં જે હિંદુસ્થાનમાં જૈનમતના લોક, તથા બૌદ્ધધમતના લોક, તથા લિંગાયત મતના લોક, તથા માનભાવ મતના લોક, તથા ગુસાંઇ મતના લોક, તથા ગોરખનાથ વગેરે કાનફટા નાથપંથીમતોના લોક, તથા દાદુપંથી મતના લોક, તથા સૂતરા નાનકશાઇ લોક, તથા કબીરપંથી મતના લોક, તથા વેરાગી અને વેરાગણીઓપાસેથી પેદા થએલા એવા સંયોગી લોક, તથા ગુર્ખામતના નેપાળમાએલા લોક, તથા નાનકના આધારેકરી ગોવિંદ સિંગ ક્ષત્રિય થકે પ્રસાર થએલા શીકમતના લોક, ઇત્યાદિ મતોના ઓલોકો તમારા પૂર્વજો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ણના વેદોક્તધર્મમાએલા લોક હતા, તેઓને વેદોક્તધર્મનું બરાબર મર્મ નસમજાણાથી, એ જેઓએ, વેદોક્તધર્મ રક્ષણ કરવાસારૂ મતો ઉત્પન્ન કર્યા, તે મતોમાં તેઓયે પ્રવેશ કર્યો, પણ વેદોક્તધર્મપ્રમાણે જે ક્રિયામાર્ગ કરવાનો તેનો ત્યાગ કર્યો, એવું તમારે સમઝવું, અને ખુશીહોયતો ફરી વેદોક્તધર્મનું ગ્રહ-

ણકરી મનુષ્યમાત્રોના ગુણકર્મ વિભાગ જોઈ, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય, શૂદ્ર, એ ચાર પ્રકારના વર્ગ એટલે વર્ણ બાંધવાની ચાલ હંમેશાં ચાલુ રાખવી, કુટુંબ ઉપર વર્ણવ્યવસ્થા નથી જે છોકરા તથા છોકરી જન્મે, તેઓના ગુણકર્મપ્રમાણે ચારવર્ગમાં તેઓને મેળવવા, એહેનેજ વર્ણવ્યવસ્થા કેહેછે, એથી હમેશા ઐક્ય રેહેછે, અને એ ચાલ છોડી એટલે મતો જોરાવર થાયછે, અને વેદોક્તધર્મની ક્રિયાઓ તથા અભિમાન છોડી કેટલીક પેઢીઓ મતાભિમાનમાં ગુજરે એટલે પછી અમારા પૂર્વજ વેદોક્તધર્મના હતા એ સ્મૃતીપણ સંતતીના લોકમાં, વેદોક્તધર્મનો આચાર નહોવાંથી રેહેતી નથી, એનો તમો ઉપર લખેલા મતના લોકો વિચાર કરો, એટલે તમારા ધ્યાનમાં આવશે, અને તમોને વેદોક્ત ધર્મની ખબર પડશે, અને તમો તેપ્રમાણે વરતશો, અને તમોને તરણોપાય સમઝશે, એ સૂચવવાનું કારણ એજકે તમે મારા પ્રિયકર છો.

૬ હાલમાં જે એશિયા, તથા યુરોપ, તથા અફ્રિકા, તથા અમેરિકા, એ ચાર ખંડોમાં બુદ્ધિભ્રષ્ટ લોક, તથા યાહુદી એટલે ઈસ્રાયેલ લોક, તથા ખ્રિસ્તીલોક, તથા મહંમદી એટલે મુસલમાન લોક એ ચારમતોના લોકછે, તેઓના પૂર્વજ, પાંત્રિસસોવર્ષ પેહેલાં, એટલે ૩૫૦૦, સાડાત્રણહજાર વર્ષો પેહેલા, વેદોક્તધર્મમાએલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચારવર્ણના હતા, પણ તેઓયે વેદોક્ત ધર્મ છોડી દીધો. હવે તેઓને વેદોક્ત ધર્મ છોડવાનું કાંઇ કારણ નોતું, કેમકે મનુષ્યમાત્રોયે વિદ્યાભ્યાસ કરવો, પછી જેહેના તેહેના ગુણની તથા કર્મની પરીક્ષાકરી, જે ચાર વર્ણની ઓળખાણ પડવાના ગુણકર્મોછે તેપ્રમાણે જે મનુષ્ય, જે વર્ણના

ગુણકર્મ ઉપરથી કરે, તેહેને તે વર્ગમાં, એટલે બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ વર્ણમાં મેળવવો, એવી એ વેદોક્તધર્મ માએલી વર્ણવ્યવસ્થાની ચાલ હતી, તે ચાલ શાસનકર્ત્તા કોઇ ન હોવાંથી લોકોયે છોડી દીધી, એથી વેદોક્તધર્મમાં બખેડો ઉત્પન્ન થયો. અને આ મતો ઉત્પન્ન થયાં, તેહેમાં પ્રથમ બુદ્ધિષ્ટ, એટલે મનુષ્યની બુદ્ધિને જે ઇષ્ટ એટલે સારૂં લાગ્યું તેજ સાચું, એવો એકમત ઉત્પન્ન થયો, અને તેહેનો ફેલાવો ચારે ખંડમાં થયો અને કાંઇ કાંઇ વેદોક્તધર્મની ક્રિયાઓ, તથા કેટલીએક બુદ્ધિને ઇષ્ટ લાગે તેવી ક્રિયાઓ, ચારે ખંડોમાએલા લોક કરવા લાગ્યા, એથી ઋગવેદની આઠ શાખા તથા યજુર્વેદની છાશી શાખા, તથા સામવેદની એકસહસ્ત્ર શાખા, તથા અથરવણ વેદની નવ શાખા, એવી સર્વશાખાઓના અધ્યયનો લોકોયે છોડી દીધાં, અને તાંત્રિક પુસ્તકો ઉપરથી, એટલે શાસ્ત્રની પદ્ધત લગાડી આપેલાં પુસ્તકો ઉપરથી જોઈ જોઈ, માર્ગભુલી ગએલા મનુષ્યના ચાલવાંપ્રમાણે, તથા તેના મન માએલા રસ્તા બાબત સંશયોની પેઠે, લોક વેદોક્તધર્મની ક્રિયાકરી, અમો વેદોક્ત ધર્મના લોક છૈયે, એટલો અભિમાનમાત્ર રાખવા લાગ્યા. અને તેમાંજ તે વખતના સર્વ લોકમાં પ્રસિદ્ધ નામાંકિત એવા એવા મનુષ્યોયે, બુદ્ધિને જે સારૂં લાગે તેજ સાચું, એવા મતના ગ્રંથો કર્યા, અને ચારે ખંડ માએલા લોકો તરફથી, તાંત્રિક પુસ્તકો ઉપરથી, જે વેદોક્ત ક્રિયાઓ ચાલતી હતીઓ, તે ક્રિયાઓ પણ તેઓએ બંધ કરીઓ, અને પોતાના મનકલ્પિત ક્રિયાઓ ચાલુ કરીયો, એથી પ્રથમ વેદાધ્યયન ખુટ્યું, તથા તેવાંશે તાંત્રિક શાસ્ત્રોના પુસ્તકો

ખુટ્યાં, પછી પુરાણો રહ્યાં, તેહેનો બરાબર અર્થ કોઇ સમજે નહીં. એથી તેઓના દેશભાષાઓમાં, ચારે ખંડ માએલા લોકોયે, સ્વમતીપ્રમાણે ભાષાંતરો કર્યાં, અને પુરાણોનો પણ ઘણું કરી ત્યાગ કર્યો, પણ ચારે ખંડમાં અવતારી પુરૂષોની સ્મરણાર્થ, જે તેઓની મૂર્ત્તિઓ હતીઓ, તેઓની પૂજા માત્ર રાખી હતી, એપ્રમાણે, એવા ચારે ખંડમાએલા લોક, પેહેલાંથી, વેદ, તથા શાસ્ત્રો, તથા પુરાણો, એ જે, મુળે વેદોક્ત ધર્મના ચક્ષુ, તેવિનાના થયા, તથા સર્વ ભુગોલ ઉપરના મનુષ્યોની, વ્યાવહારિક ભાષાઓ ઘણી હતીઓ, પણ ધર્મની ભાષા, જે એક સર્વની સંસ્કૃત હતી, તથા હિંદુસ્થાનમાં છે, તે સંસ્કૃતભાષા, લોકોયે તદ્દન છોડી દીધી, અને દેશભાષામાંથી, જે ગ્રંથો, સ્વમતીયે, તથા કાંઇક પુરાણોના આધારથી, તથા બુદ્ધિના ઇષ્ટાર્થ પ્રમાણે થએલા હતા, તેપ્રમાણે લોક વરતવા લાગ્યા, અને જેવી અવતારોની પ્રતિમાઓ પૂજતા હતા, તેજપ્રમાણે, સ્ત્રી પુરૂષો મરણ પામેલા, સ્વપ્નામાં આવ્યા, એઉપરથી તે પિશાચ થયા, એવી કલ્પના કરી, મરણ પામેલા, મા બાપોના, તથા શત્રુ મિત્રના નામથી, પથરા માંડવા લાગ્યા, તથા મૂર્ત્તિઓ પણ કરી પૂજવા લાગ્યા, એપ્રમાણે બુદ્ધિષ્ટ મતનો ફેલાવો થયો, પછી મિસ્ત્ર દેશમાં, ફારો, એ નામનો બુદ્ધિષ્ટ મતનો રાજા હતો, તેણે પોતાની રઇયતમાંથી, ઇસ્રાયલ જમાતના એટલે ઇસ્રાએલ જાતના લોકો ઉપર જુલમ કર્યો, એથી તે ઇસ્રાયલ લોકોયે "મોશા" એ નામના મનુષ્યને, પોતાનો મુખ્ય સરદાર કર્યો, કેમકે, મુસો, તે વખતના ઇસ્રાયલ લોકોમાં શાહણો હતો, તથા તેહેને બુદ્ધિષ્ટ લોકોયે કરેલાં પુસ્તકો, તથા વે-

દોક્ત ધર્મની નિંદા કરેલા બુદ્ધિષ્ટ લોકોના ગ્રંથો, તે જાણતો હતો, તેના વિચારોના આધારથી, મુસાયે એક ગ્રંથકરી, ઈસ્રાયલ લોકોને, ત્રણહજાર વર્ષના સુમારમાં, નવા નિયમ કરી આપ્યા, તેજ મુસાયેકરી આપેલા નિયમઉપર વિશ્વાસ રાખનારા જે લોકો. તેજ યાહુદી મતના લોક છે, અને મુસાયે, તથા તે યાહુદી મત માએલા લોકોએ જે મૂર્તિઓ ફોડીઓ તે વેદોક્ત ધર્મ માએલા લોકોની તથા બુદ્ધિષ્ટ લોકોની મૂર્ત્તિહતીઓ, એવું મુસાના લખવા ઉપરથી, તથા મૂર્ત્તિઓ ફોડીયો તેહેની નિશાની ઉપરથી સિદ્ધજછે એઉપરથી યાહુદી મત પેહેલાનો બુદ્ધિષ્ટ મત હતો, એ ન્યાય સિદ્ધ છે, તથા બુદ્ધિષ્ટ મતના પેહેલાંથી વેદોક્ત ધર્મ છે, એતો બુદ્ધિષ્ટ મતોના લેખઉપરથી સિદ્ધજ છે, અસ્તુ હવે તે યાહુદીલોકોના મતમાં "યેસુ" એનામનો મનુષ્ય થયો, તેહેને આઢારસો અઠ્ઠાવન વર્શો થયાં, તે યેસુને ચાર ભાઈ હતા, તથા બેહેનો હતીઓ. અને તે યેસુનો બાપ ઈસ્રાયલ મતનો એટલે યાહુદી મતનો મનુષ્ય હતો, તથા તે યેસુનો બાપ સુતાર પણાનો ધંધો કરતો હતો પછી તે યેસુ. ત્રિસવર્ષનો થયાં પછી, તેણે મુસાના નિયમમાં, કાંઈક ફેરફાર કરવાનો ઉપદેશ, યાહુદી મતના લોકોને, ડરતો ડરતો, ચોરાઇથી કર્યો, તે વખત, જે મુસાના નિયમથી કંટાળેલા હતા, તેઓયે યેસુનું બોલવું માન્ય કર્યું, પણ, જે યાહુદી મતના લોકોને, યેસુનું બોલવું માન્ય થયું નહીં, તે લોકોનો અને યેસુનો દ્વેષ પડ્યો, પછી તે યેસુ, પોતાની ઉમરના, એટલે વયના, તેત્રિસમાંવર્ષે, યાહુદી લોકોના કાયદાવિરુદ્ધ ચાલવાના ગુન્હામાં સપડાઇ, રાજદંડથી થાંભલા ઉપર ટંગાઇ, તથા

શરીરમાં ખિલા ઠોકાઇ માર્યો ગયો, પછી તેહેના જે શિષ્ય તથા મિત્ર હતા. તેઓયે ધનના લોભે, તેહેના મતની તરફદારીકરી, તેપ્રમાણે વરતવા લાગ્યા, પછી તેહેના મતપ્રમાણે ચાલનારાઓના વંશસ્થોયે, મુસાના ગ્રંથનો આધાર પકડી, તેમાં થોડો થોડો ફેરફારકરી, નવા નિયમ યેસુયે કરી આપેલા એવું તે ગ્રંથને નામ આપી, તેપ્રમાણે ચાલવા લાગ્યા, તથા તેઓએ, તે પોતીકા મતને ખ્રિસ્તીમત એવું નામ આપ્યું, એવા તે ખ્રિસ્તીમતના ઉત્પત્તીને ૧૮૫૮ અઢારસો અઠ્ઠાવન વર્શો થયાં. અને તેહેનો ફેલાવો થયો, આગળ. તે યેસુના મરવા પછી, છસોવર્ષે, એટલે આસરે બારસો પંચોત્તેર વર્ષના પાછલા વર્ષના પ્રારંભે, આર્બસ્થાન દેશમાં, "મહંમદ" એ નામનો પ્રખ્યાત મનુષ્ય. આરબ જાતનો. તથા યાહુદી મતના લોકોમાં થયો. તેણે લોકોને એવો ઉપદેશ કર્યો કે, યેસુખ્રિસ્તના તથા મુસાના નિયમોમાં, કાંઇ કાંઇ નિયમો ફેરવી, નવા નિયમો આપવાનો અધિકાર મુને છે, તથા યેસુખ્રિસ્તેપણ મારાવાસ્તે ભવિષ્ય કથન કરેલું છે, પ્રમાણ, " કુરાન માએલું વાકય કુરાનનો અઠ્ઠાવીસમો જોજ્વ એટલે અધ્યો. તેમાએલો સુરતસેફ, એટલે તે અધ્યાયમાએલું સફસુરા "વઈન્કૌલાઇસેબ્નેમર્યમાયોબનીઈસ્રાઇલા " ઇત્યાદિ, એવું એ કુરાનમાએલું, મહંમદનું પ્રમાણ, ખ્રિસ્તીલોક, તથા યાહુદી મતનાલોકો, કેહેછેકે, તે સ્વકલ્પિત છે, એવું કહી કબુલ કરતા નથી, અસ્તુ. એપ્રમાણે ખ્રિસ્તીમતના આધારે તથા યાહુદી મતના આધારે મહંમદથકે મુસલમાનોનો મત ઉત્પન્ન થયો, તેહેને બારસો પંચોત્તેર વર્શો થયાં અને રાજ્યના લોભથી તેનોપણ ફેલાવો ઘણો થયો, એપ્રમાણે વિચાર કરી જોતાં,

યાહુદી તથા ખ્રિસ્તી તથા મહંમદી એટલે મુસલમાની એ ત્રણે મતો, એકબિજાના આધારથી, તથા દ્વેષથી છે, અસ્તુ. હવે વેદોક્ત ધર્મ જે અનાદિ સિદ્ધ, કે જે ધર્મનું મૂળ વેદ છે, તથા તે વેદની ભાષા સંસ્કૃત છે, અને તે સંસ્કૃત ભાષાતો, ચારે ખંડો માએલા લોકોના દેશભાષા માએલી ભાષા નથી, કેવળ, ચારે ખંડો માએલા, અનેક વ્યાવહારીક ભાષા બોલનારા, સર્વ લોકોની જે ધર્મની ભાષા, તેજ વેદરૂપી સંસ્કૃત ભાષા છે, એપ્રમાણે ચારે ખંડોમાં, હાલમુંધી જે દેશભાષાઓ છે, તેમાં સંસ્કૃત ભાષા માએલા ઘણાં શબ્દો છે, એનું મુખ્ય કારણ એજકે, તેઓનો પ્રથમ વેદોક્ત ધર્મ હતો, એથી તેઓની પ્રાકૃત ભાષામાં ઘણા સંસ્કૃત શબ્દો ભળેલાછે, કે જે શબ્દોનો અર્થ, સંસ્કૃત ભાષાના વ્યાકરણથીજ માત્ર થાયછે એવા છે, અસ્તુ. એપ્રમાણે પ્રથમ સાડાત્રણહજારવર્ષો પેહેલાં, ચારે ખંડમાં વેદોક્ત ધર્મમાત્ર હતો, અને અનેક મતો નોતાં. પણ આગળ, મનુષ્ય માત્રના ગુણકર્મ ઉપરથી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ણ (એટલે ચાર વર્ગ) બાંધવાની જે રીત હતી, તે રીત લોકોયે છોડી દીધી; અને બાપનો જે વર્ણ, તેજ છોકરાનો વર્ણ. એપ્રમાણે ચાલ પડી, એકારણથી વેદોક્ત ધર્મમાં અનેક બખેડા ઉત્પન્ન થઇ, જેહેની બુદ્ધિને જે ઇષ્ટ લાગવા માંડ્યું તેજ તે કરવા લાગ્યો, એવા અનેક, બુદ્ધિષ્ટમતો ઉત્પન્ન થઇ છેવટે બુદ્ધિષ્ટ મતોમાંથી, એક મતનો, સાડાત્રણ હજાર વર્ષ ઉપર મોટોજ વિસ્તાર થયો, તે બુદ્ધિષ્ટ મતમાંથીજ યાહુદી મત ઉત્પન્ન થયો, તેહેને ત્રણહજાર વર્ષો થવા આવ્યાં, તેપણ મુસાની બુદ્ધિના ઇષ્ટતાપ્રમાણે; તેથી બુદ્ધિષ્ટજ મત છે, તેવાજ ખ્રિસ્તી, તથા મહંમદી, એપણ મતો સમજવા, અસ્તુ. યાહુદી મતમાંથીજ ખ્રિસ્તી મત ઉત્પન્ન થયો, તેહેને અઢારસો અઠ્ઠાવન વર્ષો થયાં, તથા ખ્રિસ્તી મતમાંથીજ મહંમદી (એટલે મુસલમાન લોકોનો મત) ઉત્પન્ન થયો, તેહેને બારસો પંચોત્તેર વર્ષો થયાં, એપ્રમાણે ચારે મતોના, ચારે ખંડોમાએલા, ઓલોકો, વિચારકરી ધ્યાનમાં લેઓ, અને ખુશી હોયતો, સાડાત્રણ હજાર વર્ષ પેહેલાનો, જે તમારા પૂર્વજોનો, એટલે તેજ સર્વનો તમારો વેદોક્ત ધર્મછે, તેહેનું ફરી ગ્રહણ કરો. અને છોકરાઓનો તથા છોકરીઓનો વિદ્યાભ્યાસ, તથા શાસ્ત્રના અભ્યાસ થયાં પછી, તે છોકરાઓના, તથા છોકરીઓના ગુણકર્મો જોઇ, જે ચારવર્ણોની ઓળખાણ સારૂ ઠેરવેલા ગુણકર્મો હોય, તેપ્રમાણે, જેહેનો જે વર્ણ ઠરે, તેહેને તે વર્ણમાં એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ગમાંથી, જેહેનો જે વર્ગ ઠરે, તેહેમાં તેહેને મેળવવો, અને એ ચાલ નિરંતર ચાલુ રાખવી, કેમકે, વેદોક્ત ધર્મમાં કુટુંબઉપર વર્ણવ્યવસ્થા મોંજબંધન સુંધી છે, પછી ગુણકર્મ ઉપરથી છે એ વાસ્તે જે છોકરા તથા છોકરીઓ જન્મે, તેના તેના ગુણકર્મપ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, એ ચાર વર્ગમાં, (એટલે ચાર વર્ણમાં) તેઓને મેળવવા, એહેનેજ વર્ણ વ્યવસ્થા કેહેછે, એવું કરવાથી સર્વ વખત ઐકય રેહેછે અને એ ચાલ છોડી એટલે મતો જોરાવર થાયછે, એ કેહેવાનું કારણ તમો મારા વાહાલા છો તેથી તમોને સૂચના દિધી છે.

૭ હે ભૂમંડલ ઉપરના સ્ત્રીયો પુરૂષો સુધ્ધાં સર્વ મનુષ્યો, તમારો સર્વનો વેદોક્ત ધર્મછે, તે તમારો ધર્મ તમારા જાણવા-

માં આવે તેથીજ આ વેદોક્ત ધર્મપ્રકાશ ગ્રંથ કર્યો છે, એ સર્વ ગ્રંથ જુવો, અથવા એનાં ભાષાંતરો કરો, અને તે જુવો, અને વિચારકરી તેપ્રમાણે વરતતા જાઓ, તમારી ઉપર ઈશ્વર કૃપા કરે, તમે મારા પ્રિયકર છો.

૮ વિદ્યાઓનો લોપ થવાને કારણ નરસા સ્વભાવના લોકો, એને દૃષ્ટાંત જુવો, મુસલમાનનું રાજ્ય હિંદુસ્થાનમાં થયું હતું, તેવખત મુસલમાનોના કાજી, મુલ્લા, તથા મુજાવરો, વગેરે મનુષ્યોના યોગથી, હિંદુસ્થાન દેશમાંએલી સંસ્કૃત ભાષાનો ઘણો લોપ થયો, તથા હાલમાંજ જુવો કે, આ અંગ્રેજોના પાદ્રીઓના યોગથી સંસ્કૃત ભાષાનો ઘણાક લોકોમાં લોપ થયો, સારાંશ સર્વ ભૂગોલ ઉપર જે અમૂલિક સંસ્કૃત ભાષા, કે જેહેના જેવી બિજી ભાષાજ નથી, એવી તે સંસ્કૃત ભાષા, અનેક વિદ્વાન ઋષીઓના યોગથી ઉદય પામેલી અને વિચાર કરીયેતો એનો અંતપણ લાગવો સુલભ નથી, તથા વેદ, શાસ્ત્ર, પુરાણ, વગેરે ગ્રંથોજ, ઈશ્વરની પ્રેરણાથી પૃથ્વીમાં ઉત્પન્ન થયા, તથા અનેક વિચારો જેહેમાંથી મળી આવેછે, અને એવા ગ્રંથો ફરી થવા એવું સામર્થ્ય મનુષ્યોમાં નથી, એવું છતાં, તેહેનો જગતમાંથી લોપ થવાસારૂ પાદ્રીઓ, તથા કાજીઓ, તથા મુલ્લાઓ, વગેરે લોકોયે મેહેનત કરીછે, તથા કરેછે, તસ્માત્ એઓને વિચાર શૂન્ય કેહેવાને કાંઇજ ચિંતા નથી, તથા એઓની પેઠેજ જે જે નાહાના મોટા પદવીના મનુષ્યો હશે, તેઓને પણ વિચાર શૂન્ય એજ કિતાબ છે, પછી તે રાજાહો અથવા પ્રજામાંએલા કોઇપણ હોય નહીં; પણ જે સંસ્કૃત ભાષાનો તથા તેમાંએલી વિદ્યાઓનો લોપ થવાની ધારણા રાખી મેહેનતો કરેછે તેઓને ધિક્કાર હજો.

જુવો કે સંસ્કૃત ભાષામાં રામાયણ છે, તેથી ખબર પડી કે, ચંદ્રવિદ્યા લંકામાં હતી, પ્રમાણ વાલ્મીક રામાયણ ઉત્તરકાંડ બિભીષણને શ્રીરામચંદ્રે આજ્ઞા આપી તે શ્લોક " तत्रत्यंवस भद्रंतेलंकायांनात्रसंशयः ॥ हेमप्राकारपरिखायंत्रशस्त्रसमावृता" અસ્તુ. એપ્રમાણે વિચાર છે, પણ ઇંગ્લીશલોકોપણ મદ્ય માંસ ખાવાના કેફમાં, તથા કલાકૌશલ્યના ખુમારીમાં ભૂલી, સંસ્કૃત ગ્રંથોનો લોપ થવાના, રાજ્યસત્તાથી સાધનો કરેછે, પણ એવું કરવાથી અપકીર્ત્તીને પાત્ર થશે, કેમકે, રાજ્યપદવી, એ વિદ્યાની આગળ ક્ષુલ્લક છે, તથા નાશવંત છે, તથા શતવર્ષ પેહેલા સૃષ્ટીમાંએલા રાજા, તથા પ્રજા, ઇત્યાદિ મનુષ્ય માત્ર, વરસાતમાંએલું ઘાંસ ઉનહાળામાં તેપ્રમાણે, આજ ભૂગોલઉપર હાર થયા, તથા તમારી અમારી તેજ ગતી, તસ્માત્ સાવધ, હું તમુને શીક્ષણપર કહુંછું, તમોને અમારૂં બોલવું ન ગમે તો અમો બોલશું નહીં.

૯ ગુપ્ત જાર કર્મથી અન્ય વર્ણના મનુષ્ય પાસેથી, અન્ય વર્ણની સ્ત્રિનાપેટમા સંતાન થાયછે, અને સ્ત્રિના કપટથી તે ખુલ્લું થાતુંનથી, તસ્માત્ ગુણકર્મઉપરથી વર્ણ વ્યવસ્થા જોઇયે એ મુખ્ય છે, તથાપિ, વર્ણવ્યવસ્થા કરવાનો અધિકાર શંકરાચાર્યની યોગ્યતાનો હોય તેહેનેજ જોઇયે, બિજાઓને ન જોઇયે.

મ્લેચ્છમતો.

પ્રકરણ ૧૯ મું.

૧ યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાન એટલે મહંમદી, એ ત્રણે મતોનો એક પાયો છે, એ ત્રણે મતો જેથકે ઉત્પન્ન થયાં, તે મનુષ્યો એવું કેહેછે કે, મનુષ્ય વગર કોઇપણ પશ્વાદિક પ્રાણિઓને આત્મા નથી તથા મનુષ્યોને પેહેલાંપાછલો જન્મ નોતો, તથા મરવાપછી ફરીજન્મ નથી. તથા સૃષ્ટીનો પ્રલય થયાંપછી, મરણ પામેલા મનુષ્યોના આત્માનો ન્યાય થશે ત્યાંહાંસુધી થવાનો નથી. એપ્રમાણે ત્રણે મતોના બોલેછે તથા એ તેઓનું બોલવુ વેદોક્ત ધર્મ ઉપરથી જોતાં વિરૂદ્ધછે એવું સિદ્ધ થાયછે. તથા એ ત્રણે મતો, થોડીજ વખતમાં ઉત્પન્ન થયેલાંછે, એટલે યાહુદીનો મત, મુસાનામક ઇશ્રાયેલ મનુષ્ય થકે ઉત્પન્ન થયો તેહેને ત્રણહજાર વર્ષો થયાં, તથા તે યાહુદી મત ઉપરથી, યાહુદી મત માએલો યેસુ નામના ઇસ્રાયેલ મનુષ્ય પાસેથી, ખ્રિસ્તીમત ઉત્પન્ન થયો તેહેને આઢારસો અઠ્ઠાવન વર્ષો થયાં, તથા ખ્રિસ્તી મત ઉપરથી, તથા ખ્રિસ્તી મત માએલા આધાર ઉપરથી, મહંમદ એ નામનો, આરબસ્થાન માએલો, આરબ જાતનો, તથા યાહુદી ઇસ્રાયેલ મતના મનુષ્ય થકે, મુસલમાનોનો મત ઉત્પન્ન થયો, તેહેને બારસો પંચોત્તે ૧૨૭૫ વર્ષો થયાં, એપ્રમાણે ત્રણે મતો જે ઉત્પન્ન થયાં, તે વેદપ્રતિપાદ્ય જે અનાદિ અનંત યુગો ચાલતો આવેલો ધર્મ, તે ધર્મથી વિરૂદ્ધ છે, એથી એવો પ્રશ્ન ઊદ્ભવેછેકે, તે મતોના

કર્ત્તાઓ બોલ્યાછે કે, મનુષ્યવિના પ્રાણિમાત્રોને આત્મા નથી, એ વેદોક્તધર્મવિરૂદ્ધ તે બોલ્યા, એ બોલવાનું કારણ શું? તથા મનુષ્યને પાછળ જન્મનોતો તથા મરવા પછી આગળ જન્મ નથી, એ વેદોક્ત ધર્મવિરૂદ્ધ તે બોલ્યા, એ બોલવાનું કારણ શું? તથા મનુષ્યના જીવાત્માનો ન્યાય, સૃષ્ટીનો પ્રલય થયાં પછી થશે, વચમાં થવાનો નથી, એપણ વેદોક્ત ધર્મવિરૂદ્ધ તે બોલ્યા, એ બોલવાનું કારણ શું? ઇત્યાદિ પ્રશ્ન જે, તે પ્રશ્નોનો ઉત્તર એવોછે કે, યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મહંમદી, એટલે મુસલમાની, એ ત્રણે મતોના કર્ત્તા જે તેઓને વેદોક્ત ધર્મ વિશેનું જ્ઞાન નોતું, તેથી તેઓએ વેદોક્ત ધર્મથી ઉલટા એવા મતો મચાવ્યા, તથા તેઓને માંસ ખાવું સારૂં લાગતું હતું, તથા તે ખાતા હતા, એથી મનુષ્યવિના સર્વ પ્રાણીઓને આત્મા નથી, તથા મરવા પછી તેઓનું જીવતત્વ રેહેતું નથી, એપ્રમાણે તેણે મત કાઢ્યો, અને પ્રાણિમાત્રોને મારી, તેઓનું માંસખાવા લાગ્યા, પણ એ તેઓનો મત વેદોક્ત ધર્મની સાથે છેકજ વિરૂદ્ધ, તથા નિર્દય છે, એવું સમજવું, હવે મનુષ્ય ઉત્પન્ન થયું, તેહેના જીવાત્માને પાછળ જન્મ નોતો, એવું તે કેહેછે, એનું કારણ એજકે, સ્ત્રી પુરૂષોના સંયોગ થકે મનુષ્ય દેહની ઉત્પત્તિ સ્વાભાવીક થાયછે, તથા તેહેની ઉત્પત્તિને જીવતત્વનો આધાર નથી, એવો તેઓનો મનોમય ગુપ્ત હેતુ હતો, તેજપ્રમાણે મનુષ્ય મરવા પછી તેને ફરીજન્મ આવતો નથી એવું તે કેહેછે, એનું તેઓનાં મનમાએલું કારણ એજકે, મનુષ્ય દેહમાં સ્વાભાવિક સંયોગ થકે જ્ઞાન,

એટલે જાણીવ હોયછે, તે મનુષ્ય મરીગયાં પછી રેહેતી નથી એવો તેઓનો મનોમય ગુપ્ત મત હતો, તથા મરવા પછી ફરી જન્મ આવેછે એવું કબુલ કરીયે તો, પાછળ જન્મ હતો એ ન્યાયેકરી સિધ્ધ થાયછે, પણ તેઓનાં મનમાંતો, પાછળ જન્મ હતો એ કબુલ કરવાનુંજ નથી તેથીજ આગળ જન્મ નથી એવું તે બોલ્યા, કેમકે, મરવા પછી જે પુનર્જન્મ દેહ આવેછે, તે પુનર્જન્મ દેહને, પાછલા જન્મનો મરણ પામેલો દેહ, તેજ પાછલો જન્મછે, એવું સિધ્ધ થાયછે, એપ્રમાણે ન્યાયપણ થાયછે કેમકે મરવા પછી ફરી જન્મ આવેછે એવું કબુલ કર્યુંતો, પાછળ જન્મ હતો એ ન્યાયેકરી સિધ્ધ થાયછે, તથા પાછળ જન્મ હતો એ કબુલ કર્યુંતો, આગળ જન્મછે એપણ ન્યાયથી સિધ્ધ થાયછે; તેથી, યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મહંમદી, એટલે મુસલમાન, એ ત્રંણે મતવાદીઓ, પાછળ જન્મ નોતો, તથા આગળ જન્મ નથી એવું બોલ્યા, તથા મરતાં વેતજ, જીવાત્માના કર્મોનું ફળ જીવાત્માને ઇનસાફ થઇ તરત પ્રાપ્ત થતું નથી એવું તે બોલ્યા, સારાંશ, એ બોલવાનો તેઓના મનમાએવું ગુપ્ત કારણ એજ કે, મનુષ્ય મરવા પછી તેહેનું જીવતત્વ વગેરે કાંઇજ રેહેતું નથી, એવો તેઓનો મનોમય ગુપ્ત નાસ્તિકમત હોય, તેથી મરતાંવેત, તરતજ તેહેનો કર્મભોગ તેહેને ભોગવવો પડેછે એ તેઓયે કબુલ કર્યું નથી, હવે સર્વ સૃષ્ટીનો પ્રલય થયાં પછી, સર્વ જીવાત્માનો ઇનસાફ, આકાશમાં, ઇશ્વર પાસે બેસી, અમે કરી શું, એવું તે મતવાદીઓ બોલ્યા, એનું કારણ એજકે, તે મતવાદીઓને રાજ્ય મેળવી, વિષયસુખ ભોગવવું એવી ઇચ્છા હતી, પણ ઘણાં મનુષ્ય, પોતાના કરી

લીધાં શિવાય રાજ્ય મળવાનું નહીં, એવું તેઓના મનમાં આવ્યું, તેથી તેઓયે કાયદા કર્યા, પણ તે કાયદા કોઇ માણસ માનવાના નહીં, એ વાસ્તે, તેઓયે લોકોને એવો ભય બતાવ્યો કે, જે અમારા કાયદા પ્રમાણે વરતશે નહીં, તેઓને સૃષ્ટીનો પ્રલય થયા પછી ન્યાયઠરાવી શીક્ષા થશે એપ્રમાણે તે મતવાદીઓ બોલ્યા, અને, એવું તે જો ન બોલતે, તો તેઓના કાયદાપ્રમાણે કોઇજ ચાલતે નહીં, તથા તે મતવાદીઓને રાજ્ય પણ મળ્યું ન હતે, પણ સૃષ્ટીનો પ્રલય થયાં પછી ન્યાય ઠરશે, અને અમારા કાયદા પ્રમાણે જે ચાલ્યો નહીં હોય, તેહેને શાસન થશે, એ પ્રકારની મનુષ્યોને તેઓયે દેહશત બતાવી તેઓયે પોતાનો કાયદો ચાલુ કર્યો, અને રાજ્યો મેળવ્યાં કિંવા રાજ્યો ન મળતાં મુવા, એ સારૂ, સૃષ્ટીનો પ્રલય થયાં પછી, જે અમારા કાયદા પ્રમાણે વરતશે નહીં, તેહેનો ન્યાય ઠરી, તેહેને શાસન થશે, એ તેઓએ એટલા વાસ્તેજ કહ્યું હોય કે, હરેક વાતે આપણા કાયદા ચાલે, અને લોકોયે આપણને ગુરૂ કેહેવા. એટલે થયું, પણ તેઓના અંતર માએલો મુખ્ય અભિપ્રાય એવો હોયકે, મરવા પછી કાંઇજ રેહેતું નથી એથી તરત, કિંવા સૃષ્ટીના પ્રલયની વખતે, ન્યાય કાંઇજ નથી, પણ એવો નાસ્તિક મત ખુલ્લિ રીતે બોલે, તો લોક તેઓને માનવાના નહીં; સબબ તેઓયે તેવું લખ્યું કે, સૃષ્ટીનો પ્રલય થયા પછી, ઇશ્વરની પાસે અમો ન્યાય કરી શું, સારાંશ, યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મહંમદી, એટલે મુસલમાની, એ ત્રંણે મતો વેદોક્ત ધર્મના આસ્તિક વિચારોથી વિરૂધ્ધ છે, એવું સમઝવું

૨ વેદપ્રતિપાદ્યધર્મપ્રમાણે વિચાર કરી જોઇયેતો યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાની, એટલે મહંમદી, ઇત્યાદિ મતો નાસ્તિક ઠરેછે, તેહેનો પ્રકાર એવો કે, વેદપ્રતિપાદ્યધર્મમાં આત્મજ્ઞાન વગરના મનુષ્યના જીવાત્માને મરવાં પછી આગળ જન્મ આવેછે, એજપરથી પાછળપણ જન્મ હતો, એવું અસ્તિત્વ માનેલું છે, તેપ્રમાણે યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાન માનતા નથી, તેથી વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો, તેવા નમાનનારાઓને નાસ્તિક છે એવું કેહેછે, તથા વેદપ્રતિપાદ્ય ધર્મમાં એવું છેકે, આત્મજ્ઞાન વગરના મનુષ્યના જીવાત્મામાથી મરતાંવેત બીજમાંથી વૃક્ષ નિકળે છે, તેવું જન્મમુંઘી, કરેલા કર્મોના ભોગસૃષ્ટીનું રૂપ, સ્વપ્નસૃષ્ટીપ્રમાણે, પ્રત્યેકનું જુદુંજુદુ નિકળેછે, અને જેહેનું તેહેને, તેમા કર્મોપ્રમાણે વગર ભૂલે સુખ દુઃખ ભોગવવા પડેછે, એવું અસ્તિત્વ માનેલું છે, તેપ્રમાણે યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાન, માનતા નથી, તેથી વેદપ્રતિપાદ્ય ધર્મના લોક, તેવા નમાનનારાઓને નાસ્તિક કેહેછે, તથા વેદપ્રતિપાદ્ય ધર્મમાં એવું છેકે, આત્મજ્ઞાન વિના મનુષ્યના જીવાત્માને, નરસી બુદ્ધિથી, મરવાપછી, પશુ પક્ષી, વગેરેનો જન્મ લેવો પડેછે, તથા પશુપક્ષ્યાદિકોના જીવાત્માને મનુષ્યનો પણ જન્મ આવેછે, એજપરથી મનુષ્યોના જીવાત્માપ્રમાણેજ, નાહાના મોટા પશુ પક્ષ્યાદિકોના, તથા કીમી કીટકાદિકોનો જીવાત્મા છે, એવું માનેલું છે, તેપ્રમાણે યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાનો, માનતા નથી, તેથી વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો, તેવા નમાનનારાઓને નાસ્તીક કેહેછે, તથા વેદપ્રતિપાદ્ય ધર્મમાં માનેલું છેકે, સ્વપ્રકાશી સૂર્ય જેવા ગોલો તેજ સ્વર્ગ, તથા પરપ્રકાશી ભૂમીજેવા ગોલો તેજ

મૃત્યુલોક, ઇત્યાદિ સ્વર્ગલોકોમાં, તથા મૃત્યુલોકોમાં, આત્મજ્ઞાનવગર મનુષ્યોનો જીવાત્મા સારા તથા નરસાં કર્મોના ભોગ ભોગવવાસારૂ જવા આવવાના તથા વારંવાર જન્મમરણના ફેરા ખાયછે, એ યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાનો માનતા નથી, તેથી વેદપ્રતિપાદ્યધર્મના લોકો, તેવા ન માનનારાઓને નાસ્તિક કેહેછે, અને વેદપ્રતિપાદ્યધર્મમાં એવું છેકે, સૂર્ય ગોલ તથા ભુગોલ વગેરે અનંતબ્રહ્માંડગોલ તથા આનંત પરમાણું, એક આકર્ષણશક્તીયે ધરેલા છે તે જે તત્વની આકર્ષણશક્તી તેજ જ્ઞાનતત્વ સમષ્ટીરૂપ, વ્યાપક એકછે, તેહેનેજ એક ઇશ્વર કહીયે, તે ઇશ્વરની સજાતી જીવાત્મા એટલે દરએક શરીરના જીવ, વ્યષ્ટિરૂપેકરી જુદાજુદા છે, તેજ જીવાત્માની ભક્તી એટલે પ્રીતી સમષ્ટીરૂપ એક ઇશ્વર ઉપર લાગી તો, તે ઇશ્વરઇચ્છા માત્રેકરી અવતાર શરીરો ધારણ કરેછે, અને જીવાત્માઓને જ્ઞાન આપેછે, તથા સંકટથકે છોડાવેછે અને ફરી ધારણ કરેલા અવતાર શરીર ગુપ્ત કરી ઇશ્વરતત્વથી હોયછે, અથવા અન્ય સ્વપ્રકાશી ગોલોઉપર અવતાર શરીરેકરી હોયછે તથા તેણે ધારણ કરેલા અવતાર શરીરનેવું મનોમય જે ધ્યાન કરેછે, તેઓને ઇશ્વરજ અવતારદેહ ધારણ કરી, અવતાર શરીરેકરી દર્શન આપેછે, એવાસ્તે તે ઇશ્વરના ધારણ કરેલા અવતાર શરીરનેવું ધ્યાન કરતાં આવડે, વાસ્તે ઇશ્વરે ધારણ કરેલા રામ, કૃષ્ણ, ઇત્યાદિ અવતારોના દેહના જેવીઓ પ્રતિમા, તેઓના સ્મરણાર્થ કરી રાખવીઓ તેપ્રમાણે રાખીઓછે, તે સ્મારક પ્રતિમાઓની તરફ જોઇ, આ લોક ઇશ્વરની અવતાર શરીરેકરી ભેટ થાય, અથવા દૃષ્ટાંત થાય, તેવાસ્તે ઇશ્વરના ધ્યાનો પૂજનો, ભજનો, કરેછે, એકરવાને, યાહુદી, તથા

ખ્રિસ્તી, તથા મુસલમાનો, માનતા નથી તેથી વેદપ્રતિપાદ્ય ધર્મના લોકો તે નમાનનારાઓને નાસ્તિક કેહેછે, અને વેદપ્રતિપાદ્યધર્મમાં એવું છેકે, આપણા શરીરસોત સર્વ પદાર્થો એક સમષ્ટીરૂપ વ્યાપક ઈશ્વરતત્વના આકર્ષણ શક્તીયે ધરેલા છે, એથી ઈશ્વરની આકર્ષણ શક્તી સર્વ પદાર્થોમાં છે, એથી પદાર્થોમાત્ર જોતાંવેત પદાર્થોને ધરનારા ઈશ્વરતત્વનું સ્મરણ કરવું, એ સ્મરણ કરવાની રીતને એટલે અગ્નિ, પાણી, ઇત્યાદિ પદાર્થોમાં ઈશ્વરની ભાવના કરવાની રીતને યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાનો, માનતા નથી, એથી વેદપ્રતિપાદ્ય ધર્મના લોક તેનમાનનારાઓને નાસ્તિક કેહેછે, તથા વેદપ્રતિપાદ્યધર્મમાં એવું છેકે નિરાકાર પરમેશ્વર તત્વનું એક અસ્તિત્વ સર્વ ઠેકાંણે ભરેલું છે, એથી સ્થૂલદેહમાએલી અહંતા ધરનારા જ્ઞાનમુધ્ધાં સ્થૂલ શરીર તથા શરીરમાએલી, તથા શરીર બાહેરની જે વિસ્તીર્ણ પોલાણ તથા પોલાણના આધારથી ભાસનારૂં સર્વ જગત વગેરેને રેહેવાવાસ્તે ખાલી જગોજ નથી, એવાસ્તે "બ્રહ્મૈવસત્યંજગત્મિથ્યા" એટલે સર્વ જગત મિથ્યાછે, અને એક નિરાકાર પરમેશ્વર તત્વજ શરીરનાઅંદર તથા બાહેરની પોલાણમાં ભરેલું છે, તેજ સત્ય છે, તથા તેજ પરમેશ્વરનું સ્વરૂપછે, તથા તેજ શરીરમાએલું અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાનું પોતાનું નિજસ્વરૂપ નિરાકાર છે, એવો અહંપણું ધરનારા જ્ઞાનથી, જેનો પૂર્ણ નિશ્ચય થયો તથા સર્વ પ્રીતિ એટલે ભક્તી તે નિશ્ચય ઉપરજ જેહેની લાગુથઇ, તેહેનુંજ શરીરમાએલું અહંપણું ધરનારૂં જ્ઞાન અહંપણાસોત નહીંસું થાયછે, એથી તેહેને વારંવાર જન્મમરણ તથા સ્વર્ગનરક વગેરે કાંઇજ ભોગવવા રેહેતાં નથી, તે નિરાકાર પરમેશ્વર સ્વરૂપજ છે, તેવોજ રેહેછે, તથા તે સ્વરૂપથી તે અક્ષય છે, તથા તે સ્વરૂપથી તેહેને જગતનો ભાસ ભાસતો નથી, તથા હું તું પણાની કલ્પના તેહેને ખપરજ નથી, એવો વેદાંત શાસ્ત્રનો સિધ્ધાંત છે, તથા એજ વેદપ્રતિપાદ્ય ધર્મમાં મુખ્ય તારણ છે, તે તારણ યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાનો માનતાનથી તેથીજ વેદપ્રતિપાદ્યધર્મના લોકો તે નમાનનારાઓને નાસ્તિક કેહેછે; તથા જગતની ઉત્પત્તિ થઇ, તેહેને પ્રમાણ વેદ શ્રુતી એવી છેકે, "तस्माद्वात्मनःआकाशःसंभुतःआकाशाद्वायुःवायोरग्निःअग्नेरापःअद्भ्यःपृथ्वीपृथिव्याओषधयःओषधिभ्योन्नंअन्नात्पुरुषः" એ શ્રુતી પ્રમાણે તથા બિજા ઠેકાંણે વેદમધ્યે શ્રુતીછે તેપ્રમાણે તથા ઉપર લખેલા કમથી જગતની ઉત્પત્તિ થઇ. એવું વેદોક્તધર્મનું અસ્તિકપણું છે, તેપ્રમાણે યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાન, વગેરે મતવાદીઓ માનતા નથી, એથી વેદપ્રતિપાદ્યધર્મના લોકો, તે નમાનનારાઓને નાસ્તિક કેહેછે, એપ્રમાણે પૂર્ણ આસ્તિકનું ઘેર જે વેદપ્રતિપાદ્યધર્મ તે ધર્મના આસ્તિક વિચારપ્રમાણે યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાન, વગેરે મતો. કેવળ નાસ્તીક છે એવું ઠેરેછે, તે વિસ્તારસહીત પ્રકાર કહ્યાપ્રમાણે સમજવો.

૩ જન્મથી બેહેરો, તથા મુંગો છે, પણ આંખે દેખતોછે, તો તેહેને અવતારી મૂર્તિઓની પૂજાવિના બિજો તારક માર્ગજ નથી, એવાસ્તે મૂર્ત્તિપૂજા, એ વિલક્ષણ ચમત્કાર આપનારી છે, કે છોકરા જે સ્તનપાન કરનારા હોયછે, તેપણ મૂર્ત્તીને દેવબાપા, એનાથી નમેછે, સારાંશ, પ્રેમળ ભક્તીવાસ્તે અવતાર મૂર્ત્તીની પૂજા સર્વને જોઇયે, કેમકે ચાહે તેતરફ મોઢુ

મંત્રશાસ્ત્ર.

પ્રકરણ ૨૦ મું.

૧ મંત્ર, એટલે ઇશ્વરના તથા પરમેશ્વરના સ્વરૂપના વિશે લક્ષ શીરીતે લગાડવું એ બોધના શબ્દો છે તેહેનો બોધ મનુષ્ય માત્રોને થવા સારૂ, તે મંત્રો અહીં પેહેલાંથી લખી, તે પ્રત્યેક મંત્રનો અર્થ સર્વની સમઝણમાં આવે એવો લખેલોછે.

૨ મંત્ર ॥ " ૐ નમોભગવતેવાસુદેવાય "

દ્વાદશાક્ષરી મંત્ર.

૩ મંત્ર ॥ " તત્સવિતુર્વરેણ્યંભર્ગોદેવસ્યધીમહિધિયો-યોનઃપ્રચોદયાત્॥ " નિરાકાર પરબ્રહ્મ બાબત ગાયત્રિમંત્ર મૌંજીબંધનમા ઉપદેશ કરેછે, તે.

૪ મંત્ર ॥ " શ્રીંક્લ્એઈલ-હ્રીંહસકહલ-હ્રીંસકલ-હ્રીં॥ " એ મંત્રને ષોડશાક્ષરી મંત્ર અથવા ષોડશી કેહેછે, એનું જ પેહેલું અક્ષર મુકી દઇએ, એટલે પંચદશીનો મંત્ર એવું સમજવું, એ મંત્ર સમષ્ટીરૂપ ઇશ્વરની શક્તીનું એટલે સામર્થ્યનું વર્ણન કરેછે;

૫ મંત્ર " ૐ નમઃશિવાય ॥ " ષડાક્ષરી મંત્ર શિવનો.

૬ મંત્ર " ૐ -હ્રીં ૐ પરબ્રહ્મણેનમઃ ॥ " એ શિવશક્તિયુક્ત સર્વજ્ઞ છે એવું જોઇ, નિરાકારના વિશે અભેદ થવાનો મંત્ર છે.

કરી તથા આંખો ફેરવી, પ્રાર્થના, પ્રેયર, બંદગી, કરી તોય, પંચજ્ઞાનેંદ્રિયો ઉપર, પાંચ વિષયોની મૂર્ત્તીઓ છેજ, એવાસ્તે, મ્લેચ્છલોકો, અવતારી પ્રતિમાનો એટલે મૂર્ત્તિઓનો દ્વેષ કરોછો, એ તમારૂં અજ્ઞાન છે, તથા પેગંબરોનુંપણ અજ્ઞાનછે, એવાસ્તે તે છોડો અને સાધનરૂપ મૂર્ત્તિપૂજા કરો, અને વેદોક્તધર્મના નિરાકાર જ્ઞાની થઇ તરો, હું, ડર રાખીશ અને તમારા મતોનું ખંડન નહીં કરૂં તો, તમે અજ્ઞાની રેહેશો, તેથી તમારો ભય નરાખતાં બેધડક મારો ઉપદેશ ક્રમ હું ચલાવું છું.

૭ મંત્ર ॥ " કલેશનાશનશૂલપાણી ॥ એ મંત્ર આપણા સંકટો, તથા દુઃખો, તથા રોગ, ઇત્યાદિ આપણને પીડા કરે નહીં; તે સારૂ શંકરનું સ્મરણ કરવાનું સુચવેછે, તથા એહેનાન અક્ષરો કલેશ નાશન ચક્રપાણી એવા કહ્યા એટલે વિષ્ણુનું સ્મરણ સુચવેછે, તથા કલેશ નાશન કોદંડ પાણી એવા કહ્યા એટલે શ્રી રામનું સ્મરણ સુચવેછે, તથા કલેશનાશન પર્વત પાણી એવા કહ્યા એટલે હનુમાનનું સ્મરણ સુચવેછે, તથા કલેશનાશન ખડ્ગ પાણી એવા કહ્યા એટલે કલ્કિ નારાયણનું સ્મરણ સુચવેછે; એપ્રમાણે સર્વ અવતારોનું સ્મરણ સુચવેછે.

૮ અસ્તુ. એઉપર છ મંત્રો મુખ્ય લખેલા છે એપ્રમાણેજ સર્વ મંત્રશાસ્ત્ર માએલા મંત્રો સમઝવા, તથા એ ઉપરના મંત્રોનો અર્થ, નીચે લખેલાછે તેવા સમઝવા, અને તેપ્રમાણે સર્વ મનુષ્યમાત્રોએ વરતતા જાવું.

૯ હવે પેહેલો મંત્ર જે, ઉઁનમોભગવતેવાસુદેવાય " એ બાર અક્ષરનો મંત્ર છે, એહેનેજ દ્વાદશાક્ષરી મંત્ર કેહેછે, એ દ્વાદશાક્ષરી મંત્રનો અર્થ એવો છેકે " ભગવતે વાસુદેવાય, એટલે જેહેનું સર્વ ઠેકાણે રેહેવુંછે એટલે નિવાસછે " તથા જેહેના અસ્તિત્વ વગર પંચ ભૂતાત્મક સૃષ્ટી રેહેવાને ખાલી જગોજ નથી તેથી પંચભૂતાત્મક સૃષ્ટી તથા પરમાણુ વગેરે વંધ્યા સુતની પેઠે મિથ્યા; તથા નિરાકાર સત્યછે તથાતે નિરાકારનોજ સર્વ ઠેકાણે નિવાસછે, એવો જે એક નિરાકાર ભગવાન વાસુદેવ, તે વાસુદેવના અર્થે ઉઁ નમઃ, એટલે અહંપણું ધરનારા જ્ઞાનેકરી હું નમ્ર છું એટલે ચારે દેહનો અભિમાન છોડી નિરાકારવિના મારૂં સ્વકીય અહંપણું ધરનારૂં

જ્ઞાનરૂપ દેહ પ્રાણની અંદરછે તે મિથ્યાછે એવી ભાવના ધરી અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો જે મારા નિરાકારપણાયેકરી હોવાનો ભાવ, તેજ નિરાકાર પરમેશ્વર પરમાત્મા વાસુદેવછે એવું સમઝી, તેહેના સ્વરૂપના વિશે અનન્ય શરણ છું, એજ એ દ્વાદશાક્ષરી મંત્રનો અર્થ છે, એવાસ્તે, વાચીક, તથા ઉપાંશુ, તથા માનસીક, તથા ધ્યાન, તથા અનન્ય, એવા પાંચ પ્રકારનો એ મંત્રનો જપ, આજ ગ્રંથના અગ્યારમા પ્રકરણમાએલા ચોથા અંકમા લખવા પ્રમાણે કરવો તથા એ અર્થ પ્રમાણે મનની સ્થિરતા રેહેવા સારૂ શ્યામસુંદર કમલનયન શ્રીકૃષ્ણ અવતારનું, અથવા શ્રીરામ અવતારનું, અથવા શ્રીવિઠ્ઠલ અવતારનું, અથવા શ્રીવિષ્ણુ અવતારનું અથવા શ્રીવટપત્રશાઈ અંગુષ્ટ માત્ર બાળ સ્વરૂપી મુકુંદ અવતારનું અથવા શેષશાયી નારાયણ અવતારનું અથવા મત્સ, કુર્મ, વરાહ, નારસિંહ, વામન, પરશુરામ, તથા ઉપર દર્શવેલા રામ, તથા કૃષ્ણ, અવતારોનું તથા બૌદ્ધ, કલ્કિ, એ અવતારોનું અથવા દતાત્રેયનું, અથવા હનુમાનનું ઇત્યાદિ અવતારોનું ધ્યાન તથા માનસ પૂજા, મનોમય કલ્પનાની અભ્યાસે કરી કરવી, એટલે તેહેના મનને સત્વગુણ એટલે ઉત્તમ સ્વભાવ મળશે અને તેઆ મંત્રના અર્થનો સાક્ષાત્કાર અનુભવશે એમાં સંશય નથી, પણ કર્યા વિના કાંઇ થાતું નથી; એ સારૂ થોડો વખત, એ કામની તરફ નેમી અભ્યાસ કરેજ્જવો.

૧૦ હવે બિજ્જો મંત્ર જે " તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહી ધિયોયોનઃ પ્રચોદયાત " એવોછે. એ ચોવીસ અક્ષરોના મંત્રોનાં પદો, દસછે, તેએવાકે ॥ તત્ ॥ સવિતુઃ ॥ વરેણ્યં ॥ ભર્ગઃ ॥ દેવસ્ય ॥ ધીમહી ॥ ધિયઃ ॥ યઃ ॥ નઃ ॥

પ્રચોદયાત્ ॥ હવે એ મંત્રના પદો ઉપરથી અન્વયયુક્ત એવો અર્થ છેકે, ॥ તત્ ॥ એટલે તે નિરાકાર, ॥ ભર્ગઃ ॥ એટલે પોલાણ સોત જગતની જે કાળપ, તે કાળપ વગર, નિરાકાર એવા જ્ઞાનના પ્રકાશેકરી પ્રકાશવાન, ॥ વરેણ્યં ॥ કેને શ્રેષ્ઠ, વર્ણનિય ઉત્તમછે, ॥ સવિતુઃ ॥ તેહેના જ્ઞાનસ્વરૂપ પ્રકાશની ઉત્પત્તિ અહંપણું ધરનારા જ્ઞાનરૂપી વૃત્તિમાં થઈછતાં વૃત્તિન નહીંસી થાયછે, ॥ દેવસ્ય ॥ એવા તે નિરાકાર દેવને, ॥ ધીમહી ॥ એટલે હું પોતાની અહંપણું ધરનારી જ્ઞાનરૂપી વૃત્તિમાં ધ્યાન કરૂંછું, ॥ ધિયઃ ॥ એ સાર મારી અહંપણું ધરનારી જ્ઞાનરૂપી વૃત્તિને ॥ યઃ ॥ તે નિરાકાર જ્ઞાનરૂપી એકજ દેવ સર્વ ઠેકાણે નિરાકાર ન હાલનારા અસ્તિત્વેકરી ભરેલો છે તે ॥ નઃ ॥ આપણા સત્યજ્ઞાન અનંત સ્વરૂપેકરી ॥ પ્રચોદયાત ॥ મારૂં અહંપણું ધરનારૂં જ્ઞાન તથા તે જ્ઞાનની વૃત્તિ, આપણા નિરાકાર અસ્તિત્વના જ્ઞાનેકરી એવી કરોકે, હું નથી, પણ નિરાકાર દેવજ સર્વત્ર એક ભરેલો છે, તેહેનેજ ધ્યાનમાં આણવો, એટલે તરવાનું થશે, એવી ભાવનાને લગાડી, અહંપણું ધરનારી મારી જ્ઞાનવૃત્તિ નહીંશી કરી, નિરાકાર સ્વરૂપના વિશે, અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો જે મારો અનન્ય ભાવ એટલે ઐક્યભાવ છે, તે મારો મુને આપે, એવો એ, મૌંજી બંધનમાં, જે ગાયત્રી મંત્રનો (એટલે બ્રહ્મવિદ્યાનો) ઉપદેશ કરેછે તે ઉપદેશનો અર્થછે, એ ઉપદેશના અર્થપ્રમાણે દૃઢતા થવી જોઈયે, એ સાર વેદોક્ત સર્વ કર્મો કર્મકાંડપ્રમાણે કરવાને કહેલાં છે, તથા સૂર્યમંડલ મનોમય ચિંતન કરી અથવા અગ્નિની જ્વાળાનું મનોમય ચિંતન કરી, તે જ્વાળામાં,

અથવા સૂર્યમંડલમાં, અવતારોનાં ધ્યાનો, વેદોક્ત ઉપાસના કાંડપ્રમાણે કરવાને કહેલાં છે, તથા ઉપનિષદ ભાગ પ્રમાણે વેદાંતનું શ્રવણ, મનન, નિજધ્યાસ, તથા યોગાભ્યાસ, ઇત્યાદિ વેદોક્ત, જ્ઞાનકાંડપ્રમાણે આચરણ કરવાને કહેલું છે, ઇત્યાદિ ત્રિકાંડમાં કહેલું છે તેપ્રમાણે આચરણ કરવું, કેમકે, કોઈપણ વાત આચરણ કર્યા વિના થાતી નથી, એ સાર આચરણ; કહેલી રીતી પ્રમાણે કરવું, એટલે પ્રાપ્તીનો વિભાગ મળેછે.

૧૧ હવે ત્રિજો મંત્રજે, " શ્રીં ક્લ્એઈલ-હ્રીં હસ કહલ -હ્રીં સકલ -હ્રીં " એવો સોળ અક્ષરનો છે, એ સોળ અક્ષરોની સંજ્ઞાયે કરી એવું સમજવું કે મારા સ્વશરીરના પરમાણુંઓને ॥ શ્રીં ॥ એટલે સમષ્ટીરૂપ ઈશ્વરની શક્તીયે ધરેલા છે, એ સાર શરીર મારૂં નથી ઈશ્વરનું છે, અને ॥ ક ॥ એટલે કામ, જે જન્મ મરણમા નાખવાને મુખ્ય થઈ શરીરમાંછે તે પણ આકાશ ભૂતનો, પંચી કરણ પ્રમાણે ભાગછે, એ સાર, તે પણ હું નથી, તથા ॥ એ ॥ એટલે સર્વ સ્થૂલ શરીર શોધી જોતાં હું નથી, તથા ॥ ઈ ॥ એટલે હું નિરાકાર બ્રહ્મછું એવી ભાવના, જે જ્ઞાનની, તેજ મહાકારણ દેહ, તેપણ શોધી જોયો, પણ તેહેને જાણનારૂં મારૂં જ્ઞાનરૂપ જુદું છે, એ, સાર, અર્ધ માત્રા રૂપી મહાકારણ દેહ પણ હું નથી; હવે ॥ લ ॥ એટલે, જે પૃથ્વીઉપર શરીર રહેલુંછે તે પૃથ્વી પણ હું નથી હું પૃથ્વીનો સાક્ષી જુદો છું, હવે ॥ હ્રીં ॥ એટલે પંચ ભૂતાત્મક સર્વ સૃષ્ટી, એનો વિચાર કરી જોયો તોં, સર્વ પદાર્થોને ધરનારી ઈશ્વરની

સમષ્ટીરૂપ એક શક્તી છે, તસ્માત્ તે ઈશ્વર, અને તેહેની શક્તી, બેહુ એક રૂપેકરી, એટલે પદાર્થો અને પદાર્થો માએલા ધર્મ, તે પ્રમાણે એક છતાં, નિરાકારના વિશે મિથ્યા છે, તથા નિરાકારજ એક સત્ય છે, હવે ॥ હસકહલ -હીં ॥ એટલે સર્વજ્ઞ, સૂર્યગોલ, તથા ચંદ્રગોલ, તથા ભુગોલ, ઈત્યાદિ અનંત ગોલ મળી, અનંત ગોલરૂપી, પરમાણુંજન્ય, જે જગતનું, મારા શરીર સોત અંગ છે, તેજ મારા સર્વશક્તીમાન સમષ્ટી રૂપી ઈશ્વરની અવતાર મૂર્તિછે, પણ નિરાકારના વિશે એ નથી; હવે ॥ સકલ-હીં ॥ એટલે મુને સમષ્ટીરૂપી ઈશ્વરજ સર્વ છે એવો દૃઢ ભાવ થયો, એથી મુને કાંઇજ કરવું બાકી રહ્યું નથી, એ સર્વ વ્યવહાર રૂપી જગતનો ખેલ, જે જ્ઞાનકરી થાયછે, તે સમષ્ટી તથા વ્યષ્ટીરૂપી જ્ઞાનજ મારા શરીર માએલા જ્ઞાનસ્વરૂપ ઉપર કૃપા કરે, કેમકે સર્વ સમષ્ટી તથા વ્યષ્ટીરૂપી જ્ઞાનની જાત એકછે, અને કર્ત્તા કરાવતા સમષ્ટી તથા વ્યષ્ટિ છે; અને હું નિરાકાર, તેથકે અતીતછું, તથા પરમાણુંને તો જાતજ નથી, એથી જગતમાં ભેદ દેખાતો નથી, સર્વ અભેદ છે, જુવો કે, મારા શરીરનાં પરમાણું, અને કુતરા, બલાડાં, ઈત્યાદિના શરીરના પરમાણું, તથા ભુગોલ, તથા સૂર્યગોલ, ઈત્યાદિ સર્વ ગોલોના પરમાણું, વગેરે પોલાણ માએલા સર્વ પરમાણુંને, જાતનો, કિંવા હું. મારૂં, ઈત્યાદિ ભેદ નથી, તથા પરમાણુંઓને આકર્ષણ કરી, શરીર ધારણ કરનારા કીડીનાં, તથા મનુષ્યોના, તથા કૃમી, વગેરેના શરીર માએલા જુદા જુદા જ્ઞાનની જાતો, અને સમષ્ટીરૂપી સકલ પરમાણુંઓને એક શક્તી એ ધરનારા જ્ઞાનની જાત એક છે, તસ્માત તેમા પણ ભેદ

નથી તથા નિરાકાર પરમેશ્વરના અસ્તિત્વમાં પરમાણું, કિંવા સમષ્ટી વ્યષ્ટિરૂપી જ્ઞાનો, એમાંથી કોયો પણ ભેદ રેહેવાને જગો નથી, તસ્માત સર્વ નિરાકાર એક અભેદ છે, એથી એવા વિચારમાં ભેદ મૂળેજ નથી, તથા મારા અહંપણું ધરનારા જ્ઞાનને પ્રસ્તુતજ અસ્તિત્વ નથી પછી મુક્ત બધ્ધપણું કયાંહાંથી હશે, જુવો કે! હુંજ નથી, પછી વિધિ નિષેધ કયાંહાંથી હોવાનો, તથા કેને બાધા શેની કરે, એકજ સર્વત્ર જ્ઞાન શક્તીયે આનંદમય નિરાકાર મારૂં સ્વરૂપ મારા મિથ્યારૂપી અહંપણું ધરનારા જ્ઞાનના અસ્તિ નાસ્તિનો વિચાર છતાં, તે પેહેલાનું મારૂં નિરાકાર સ્વરૂપછે, હવે ॥ -હીં ॥ એટલે તે સ્વરૂપજ મારૂં જ્ઞાનયુક્ત અભેદ નિરાકાર છે, એવાસ્તે, મારા એ સ્થુલાદિક ચારે દેહ માએલો, સાક્ષી જ્ઞાનનો, અહંકાર રૂપી ભેદ તથા મદ, નિરાકારના વિશે નહીંસોજ કરવો જોઈયે, તેહું કરીશ, એવો એ મંત્રનો અર્થછે, પણ એવો અભેદ અર્થ નસમઝી, લોકો, ગર્વ અભિમાન રૂપી મદ, આત્માએકરી પીવો છોડી, મદ્યપીયેછે, અને ઢોંગો કરેછે, તથા રાન્ય આપવું તથા માંથું આપવું પણ ષોડશાક્ષરીમંત્ર કેહેવો નહીં એવું કેહેછે, પણ દારૂપીને, દારૂ પીનારા ચેલા બનાવીને, તેઓને, એકશેર દારૂવાસ્તે માત્ર, એમંત્રના અક્ષરો કેહેછે, અને અર્થ તો મંત્ર કેહેનારાને, તથા મંત્ર લેનારાને, એવા બેજ્ઞને પણ માલમ નથી હતો, એથી અહંકાર નો મદ ઝરવવો, તે અર્થ છોડી, મદ્યની બાટલીયો ઝરવેછે, એવા લોક જે, ગુરૂશિષ્ય પણાની, દારૂ પી ઢોંગોકરનારા, તે શતમૂર્ખછે, અને તે પોતે નરકમાં જાયછે એટલુંજ નથી, પણ પોતાની સાથે ઘણાક લોકોને નરકમાં નાખેછે, એવાસ્તે, તે

ઓના નાદે કોઈ પણ લાગશો નહીં; સર્વ અભેદ જોવું, એટલે આચાર વિચાર છોડી, મદ્ય માંસ ખાઈ ભ્રષ્ટથવું એવું સમઝવું નહીં કેમકે, એવું જે સમઝેછે તે છેકજ મૂર્ખછે; જુવોકે પૃથ્વી ઉપરના સર્વ શરીરો, પરમાણું રૂપેકરી અભેદ કલ્યાં, તેથી શું ? ભૂગોલના તથા તે ઉપરના સર્વ શરીરોના પરમાંણું થઈ ઉડી ગયા ! એવું નથી ! એવું નથી ! જુવોકે મનુષ્યો તથા કુતરાં વગેરેને પરમાણુંરૂપી અભેદ કલ્યાં, તથાપિ ભેદરૂપી વ્યાપાર ચાલે લોજછે, તેમજ, ષોડશી મંત્રના વિચારે કરી, સર્વ અભેદ ભાવ કલ્યો, તથાપિ, વ્યવહારના વેદોક્ત આચારમાં ફેર કરવો નહીં; તથા મદ્યમાંસાદિક સેવનકરી ભ્રષ્ટ થવું નહીં; તોજ તે ષોડશીના અર્થનો જાણનારો, તથા ઈશ્વરના કૃપાનું જ્ઞાન પામેલો પ્રાણી, એવા અર્થે કરી ગણવામાં આવશે, નહીંતો ભ્રષ્ટાકારથઈ, અનર્થ થશે, એવાસ્તે, સાવધ રહોરે, ઓભાઇઓ સાવધ રહો; શીખામણનો કંટાળો લાવશો નહીં.

૧૨ હવે ચોથો મંત્ર જે, " ઉઁ નમઃ શિવાય " એવો છ અક્ષરનો છે, તેહેનો અર્થ એવોકે, ॥ ઉઁ, ॥ એટલે ચારે શરીરોનો અભિમાન ધરનારૂં જે જ્ઞાન, તે જ્ઞાનેકરી, ॥ શિવાય ॥ એટલે નિરાકાર જે એક, મંગલરૂપી શિવછે, તે શિવના સ્વરૂપના વિશે, ॥ નમઃ ॥ એટલે અહંપણું ધરનારૂં મારૂં જ્ઞાન રૂપ મિથ્યા છે એવું સમઝી, હું અભિમાન છોડી નમ્ર છું, તે શિવ મારૂં તારણ કરે.

૧૩ હવે પાંચમો મંત્ર જે " ઉઁ હ્રીં ઉઁ " પર બ્રહ્મણેનમઃ " એવોછે, એનો અર્થ એવોકે, ॥ ઉઁ ॥ એટલે ચારે શરીરોનો અભિમાન ધરનારૂં, જે મારૂં જ્ઞાન સ્વરૂપ છે,

॥ઉઁ ॥ એટલે તેમજ સમષ્ટીરૂપી ઈશ્વરનું જ્ઞાનસ્વરૂપછે, એવાસ્તે ॥ હ્રીં ॥ પરબ્રહ્મણે નમઃ ॥ એટલે નિરાકાર પરમેશ્વરનું, જે જ્ઞાનશક્તીયે યુક્ત સ્વરૂપછે, તેહેનાવિશે ચાર શરીરોનો અહંકાર છોડી, અહંપણું ધરનારા જ્ઞાનેકરી, હું પોતાને મિથ્યા સમઝી નમ્ર છું, મુને નિરાકારના અસ્તિત્વથીજ, સર્વ કાળનું, ઐક્ય ભાવનાનું, સચ્ચિદાનંદ લક્ષણનું જન્મ મરણ વગરનું પદ હોજો.

૧૪ હવે છઠ્ઠો મંત્રજે, " કલેશનાશન શુલપાણી " એવો છે, તેનો અર્થ એવોકે, જેહેના હાથમાં શુલ છે, એવો જે શ્રીશંકર, મહારૂદ્ર, તે કલેશ એટલે દુઃખો દૂર કરનારોછે, તેહેનું હું સ્મરણ કરૂંછું, એથી મારી ઉપર દુઃખો પડેતોય તેમુને કલેશ થવા દેનારો નથી, એવો મુને વિશ્વાસછે, એપ્રમાણેજ એમંત્રની સાથે સર્વ મંત્રલખેલાછે, તેઓનો પણ અર્થ સમઝવો;

૧૫ જુવોકે, મંત્રોનો વિચાર એવો છેકે, શ્રીં, એવા બીજમાંથી સકાર, તથા રેફ, તથા ઈકાર, જુદા કરીયે; એટલે ઉઁ, એ અવ્યક્ત રેહેછે, તસ્માત્, ઉઁ, એમાં, સ, ર, ઈ, મળવાંથી શ્રીં, એબીજ થયું, તથા હ્રીં, એ બિજના ઉચ્ચારે કરી, હરિહિ ઉઁ, એટલો ઉચ્ચાર અવ્યક્ત થાયછે, કેમકે, હ, ર, ઇ, એ અક્ષરો કાઢીને જોઈયેતો ઉઁ, એ બીજ અવ્યક્ત, હ્રીં, એમાંથી, રેહેછે, એસારૂ હ્રીં, બીજમાંથી, હ, ર, ઇ, તથા એ અક્ષરો ઉચ્ચારવાનું ગુરૂત્વ, એટલે કેહેવાનું ગુરૂત્વ મળી હરિહિ થાયછે તથા ઉઁ, એ સેહેજજ અવ્યક્ત રહ્યો,તેનો ઉચ્ચાર કરવો, એપ્રમાણેજ હ્રીં, એ બીજનો અર્થ હરિહિ ઉઁ એના અર્થ જેટલો કરવો, એપ્રમાણે મંત્રોના

ઉચ્ચારનો વિચારછે, તથા તેઓનો અર્થ છે, પણ ઈશ્વરકૃપા હોયતો સર્વ કાંઇંછે નહીંતો વ્યર્થ.

૧૬ હવે " પીત્વાપીત્વા પુનઃપીત્વા ॥ યાવત્પતતિભૂતલે ॥ ઉત્થાયચપુનઃપીત્વાપુનર્જન્મનવિદ્યતે " એ શ્લોકનો અર્થ એવો છેકે, સ્થૂલદેહરૂપી પિંજરો હું છું એવી જે અંતઃકરણરૂપ વૃત્તીની ભાવના, તે ભાવના, જ્ઞાનમાં લીનકરવી, એટલે પીવી; તથા લિંગદેહ એટલે વાસનાત્મક મનોમય કલ્પનાનું શરીર, તેહેનીપણ અહંભાવનાવૃત્તીને તેપણ આપઆપણા જ્ઞાનમાં લીન કરવી, એટલે પીવી, તથા હું શરીરમાછું એવું ભુને લાગેછે, પણ હું કેવો છું એની ભુને ખબર પડતી નથી એવી જે વૃત્તિની ભાવના એ ભાવનાને કારણદેહરૂપી વૃત્તિની ભાવના સમઝી પોતેપોતાના ન જાણવાપણાની ભાવના, જ્ઞાનમાં લીન કરવી, એટલે પીવી, તથા હું શરીરમાએલી પોલાણમાં, અચલ તત્વ નિરાકાર ભરેલો છું. એવી જે મહાકારણ દેહરૂપી વૃત્તિની ભાવના, તે આપણી આપણે જ્ઞાન રૂપમાં લીન કરવી, એટલે પીવી, અને અહંપણું ધરનારૂં જ્ઞાન; નિરાકારના અસ્તિત્વમાં મિથ્યાછે એવું જોવું, અને " ઉત્થાયચપુનઃપીત્વા " એટલે અહંભાવના વારંવાર ઉઠે તો એવાજ જ્ઞાનરૂપ સ્વસ્વરૂપમાં લીન કરવીઓ એટલે પીવીઓ, એટલે અહંવૃત્તિ ધરનારૂં જ્ઞાનજ રેહેવાનું નથી, એથી પુનર્જન્મ મરણ વગેરેની બાધા નહીંશી થશે, એ પીત્વાપીત્વા, એ શ્લોકનો અર્થછે, પણ મૂર્ખલોકો અર્થ કેવોજ સમજેછે, એટલે પીત્વાપીત્વા, એટલે દારૂ પીવો દારૂ પીવો એવું બેવકુફો સમઝેછે, પણ ઓ મૂર્ખલોકો, દારૂ પીવાથી ફરી જન્મ આવે નહીં એવુંતો થવુંજ નથી, એવાસ્તે, આ શ્લોકમાં કહ્યું છેકે, " પીત્વાપીત્વાપુનઃપીત્વા, ઉત્થાયચપુનઃપીત્વા " એટલે પુનર્જન્મ આવવાનોજ નથી, તસ્માત્ શું ઉઠેલુંછતાં પીવું, કે જેથી પુનર્જન્મ આવતો નથી એનો વિચાર કરી જોઇયેતો, અજ્ઞાન પીધાથી પુનર્જન્મ નથી, જુવો અહંપણું ધરનારા જ્ઞાનમાંથી, જે અજ્ઞાન વૃત્તિઓ, ઉઠેછે, તે વૃત્તીઓ અહંપણું ધરનારા જ્ઞાનેકરી પીધી હોય એટલે લીન કરીહોય તથા અહંપણું ધરનારૂં જ્ઞાન, તેપણ મહા અજ્ઞાનસોત પીધુંછતાં એટલે લીન કર્યુંછતાં પછી પુનર્જન્મ નથી, એ સશાસ્ત્ર છે, એવાસ્તે, પોતપોતાની અજ્ઞાન વૃત્તિઓ પીઓ, એટલે તમોને પુનર્જન્મ આવવાનો નથી, કેમકે જે પીવાંથી ફરી જન્મ આવતો નથી, તે તો અજ્ઞાન છે, તેહેને પીવું. એટલે લીન કરવું તોજ પુનર્જન્મ નથી, એ અર્થ પુનર્જન્મ નવિદ્યતે, એ, શ્લોકના, છેલ્લા પદ ઉપરથી, પીત્વા, એ પદનો અર્થ સિદ્ધ છે, એવાસ્તે સાવધ રહો.

૧૭ રામનામનું સ્મરણ કરવું, એટલે " રમંતેયોગિનોઽસ્મિન્નઇતિરામઃ " એટલે અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાના નિરાકાર સ્વકીય સ્વરૂપનાવિશે વિચારેકરી તથા પોતાને પોતે ચિંતવું એહેને ધારણા કેહેછે એ ધારણાયે, યોગી રમમાણ થાયછે, અને જન્મમરણના ભયથકે તરી જાયછે એસારૂ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માને રામ એ સંજ્ઞાછે, તે રામનો નામોચ્ચાર કરવો, તથા રામ અવતારનું શ્યામસુંદર સાવયવ ધ્યાન કરવું, તથા રામ અવતાર ધારણ કરનારા ઈશ્વરરૂપી સમષ્ટી જ્ઞાનના પેહેલાનું જે તેહેનું નિરાકાર રામરૂપ, તેજ અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા હું હું કેહેવું તથા કેહેનારૂં નછતાં સેહેજ છું એવું ધારણાયેકરી એટલે બિજાને ચિંતવું એનું

નામ ધ્યાન તથા આપણને આપણે નિરાકારપણાયે ચિંતવું એહેનું નામ ધારણા એવી ધારણાયેકરી અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો રામ તથા હું એકછું એવું સ્મરવું એજ રામનું અનન્ય સ્મરણ સમજવું એ સ્મરણજ તારકજ્ઞાનછે, એવાસ્તે, આતો, રામનામ મંત્ર, સુલભ અક્ષરોનો તથા મીઠોછે, એ મનુષ્યમાત્રોયે, શરીરેકરી શુચી અશુચી, વગેરે હરેક વખતમાં કદીજ વીસરવો નહીં, તથા રામનામનો ઉચ્ચાર કરવો, તથા સાકાર રામ અવતારનું ધ્યાન કરવું તથા નિરાકારનાવિશે પોતાનું ઐકય જોવું, એટલે વેદશાસ્ત્ર ઇત્યાદિકનું સર્વફળ સિદ્ધ થયું.

સત્યનોવાદ.

પ્રકરણ ૨૧ મું.

૧ હિંદુસ્થાનની સર્વ પ્રજા મનુષ્યમાત્રોના ગુણકર્મ ઉપરથી, બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શુદ્ર, એ ચાર વર્ણ (એટલે વર્ગ) હમેશાં ચૂંટી કાઢવાની જે વેદોક્ત ધર્મની રીત, તે જ્યાંહાં સુધી ધરશે નહીં; ત્યાંહાં સુધી સ્વતંત્ર સુખપદ પામનાર નથી; તેપ્રમાણેજ વેદોક્ત ધર્મની યથાર્થ સ્થાપનાતો ઇશ્વર અવતાર લઇ, ભુભાર જે જમીન ઉપર અધર્મી લોકોનો થયો છે, તે નહીંસો કરશે ત્યારેજ થશે, તે વિના થવાની નથી.

૨ નિદ્રારૂપ વિસ્મૃતીમાંથી, આપણાજ આત્માથકે, બીજમાંથી વૃક્ષ, તેવા સ્વપ્નભોગ ઉદ્ભૂત થાયછે, તેમજ મરણરૂપી અત્યંત વિસ્મૃતીમાંથી, કર્ત્યા કર્મપ્રમાણે, યમયાતનાદિક ભોગ, આપણાંજ આત્મામાંથી ઉદ્ભૂત થાયછે, એવાસ્તે, સાવધ, સાવધ, સાવધ, નાસ્તિક થશો તોયપણ ફસાશોરે ફસાશો, સાવધ, આત્મ સ્વરૂપના વિચારમા તથા સગુણ ભક્તીમાં, તથા સર્વ કર્મોમાં સાવધ રહોરે સાવધ સાવધ.

૩ કશ્યપઋષી, એ મનુષ્ય છતાં, તેહેની બાયડીઓ નાગણ, તથા પક્ષી જાતની વગેરે હતીઓ, તેઓથકે કશ્યપને, સર્પ, તથા પક્ષી, વગેરે પુત્રો થયા, એ કશ્યપઋષી, એ મનુષ્ય છતાં કેમ સંભવશે, તે ઉપર ચતુર ઉત્તર આપેછે કે, જો કશ્યપઋષી, એ મન થકેજ ઉત્પન્ન થએલો માનસ સૃષ્ટીનો મનુષ્ય છે, મૈથુની સૃષ્ટીનો નથી, એ પુરાણ

પ્રસિદ્ધ છે, તો માનસ સૃષ્ટીના મનુષ્યનું શરીર, મનેકરી જેવું જોઇયે તેવું થશે મનમાં આવ્યું કે પક્ષી થવું તો તેવો થશે તથા સર્પ થવું તો તેવોપણ થશે, કેમકે, જો કશ્યપઋષીનો મનુષ્યરૂપી દેહ માનસીક હોય તો તે મનથીજ પક્ષી તથા સર્પ ઇત્યાદિ આકારનો થશે, એસાજ માનસ સૃષ્ટીના શરીરને મૈથુની સૃષ્ટીમાએલા શરીરના નિયમો કોઇજ રીતથી અટકાવ કરેછે એવું નથી એસાજ સર્પ, પક્ષી, ઇત્યાદિક કશ્યપને કેમ થયા, એ બોલવું ન્યાયેકરી વ્યર્થ થયું.

૪ કોઇ કોઇ હિંદુ, તથા મુસલમાનો વાતો કરતા બેસેછે તેવખત બોલેછેકે, તમે કહોછો રામ, અને અમે કહીયે છૈયે રહીમ, પણ રામ રહીમ એકજ છે, પણ ઓ લોકો, રામ તથા રહીમ એનો એક અર્થ નથી; રામ એટલે જે નિરાકાર સ્વરૂપનાવિશે યોગીઓ રમમાણ થાયછે તે નિરાકારને રામ એવી યોગી જનોની સંજ્ઞાર્થ નિશાની છે, તથા તેજ ઇશ્વરનો અવતાર જે રાવણ વધાર્થ પ્રગટ થયો તેહેને રામ એવી સંજ્ઞા આપીછે, એવી રામ એ નામની સમઝણ છે, તથા રહીમ એ આરબી શબ્દનો અર્થ, મેહેરબાની કરનારો એવોછે, વાસ્તે મૂર્ખાઇથી બોલવું નહીં; વિચાર કરવો એટલે વાજબી જાણવામાં આવેછે.

૫ કોઇ કોઇ હિંદુ તથા મુસલમાનો વાતો કરતા બેસેછે તેવખત બોલેછે કે, ઇશ્વરે હિંદુ તથા મુસલમાન બેજ, જગતમાં પ્રથમ સાથે ઉત્પન્ન કર્યા, પણ એ તેઓનું તદ્દન મૂર્ખાઇનું બોલવું છે, કેમકે હિંદુલોકોનો વેદપ્રતિપાદ્યધર્મ છે, તેતો અનાદી છે એટલે લાખો વર્ષો થયાં ચાલતો આવ્યો છે, અને તેને આદિ ઇશ્વરછે, અને મુસલમાની મતતો જે

મહંમદથકે ઉત્પન્ન થયો તેહેને તો અસરે બારસો પંચોત્તેર વર્ષો થયાં, તથા જે મુસલમાનોનો મત ખ્રિસ્તીમત ઉત્પન્ન થયાંપછી વાંસેથી છસો વર્ષ ઉત્પન્નથયો તથા યેસુખ્રિસ્તે મારાવાસ્તે ભવિષ્ય કહેલુંછે એવું કુરાનના અઠ્ઠાવીસમાં જોજન માએલા સફસુરામાં મહંમદ બોલ્યો, એવાસ્તે, મુસલમાની મતની ઉત્પત્તિને આસરે બારસો પંચોત્તેર વર્ષો થયાં છતાં, તે મુસલમાની મતની સાથે, અનાદી જે વેદોક્તધર્મ, તેહેની બરાબરી કેમ કરોછો, અરે વિચારકરી બોલો એટલે ઠીક દેખાય.

૬. વેદોક્તધર્મ એજ કોઇએક મીઠાપાણીનું મોટું સર્વ કાળપ્રવાહીજતાં ભરેલું સરોવરછે, તેહેમાં જુદિજુદિ, તથા યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાની, ઇત્યાદિ સર્વ મતો, ચારતોળા મીઠાની એક મુઠી મિઠું ભરીનાખવા જેવાંછે, એમાં કાંઇ સંશય નથી; પણ હાલમાં જે વેદોક્તધર્મના લોકો કેહેવાયછે તેમાંથી થોડાકજ વેદોક્તધર્મને યથાર્થ જાણેછે, પછી બિજા મતવાદીઓની કથા શી.

૭. કોઇકોઇ મતવાદીઓ કેહેછેકે, વેદોક્તધર્મમાં સર્વનું તારણથશે એવું ક્યાંહાંછે, તથા વેદોક્તધર્મમાં ખ્રિસ્તી લોકોને, તથા મુસલમાનોને લેશો કે શું ? તે બાબત વેદોક્તધર્મનો ખરો જ્ઞાતા બોલ્યોકે, હા, લેશું ? એ ભાષણ સાંભળી ખ્રિસ્તી તથા મુસલમાનો કેહેછે એહેને વેદોક્તધર્મનો નિયમ દેખાડો, તો તેણે નિયમ સાંભળવો કે, શ્રીમતભગવત ગીતાના નવમાં અધ્યાયના ત્રિસમાં શ્લોકમાં કહ્યુંછેકે, શ્લોક " अपिचेत्सुदुराचारोभजतेमामनन्यभाक् ॥ साधुरेवसमंतव्यः सम्यग्व्यवसितोहिसः ॥ " એનો અર્થ એવોછેકે, દુરાચરણ કરનારા કુળમાં જો પણ જન્મ્યો હોય તથાપિ જે નિરાકા-

૨ પરમેશ્વરની ભક્તી, એટલે હું ને અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાનો નિરાકાર, તે મારી ભક્તી એટલે પ્રીતિ રાખી, ને સેવા કરેછે, એટલે મેં આપેલી ને વેદરૂપી આજ્ઞા, તે વેદની આજ્ઞા પ્રમાણે ને ચાલેછે તે સાધુ સમજવો, અને સાધુને ને ગતી તેજ તેહેને ગતી મળેછે, એ વ્યાસોક્તીછે, એસારૂ વેદોક્તધર્મમાં સર્વનું તારણછે પણ કોઈ જોતું નથી, અને તેપ્રમાણે ચાલતાનથી, એમનુષ્યોની મોટીજ ચુકછે, અરેરે! ઓ લોકો, ગુણકર્મ ઉપરથી વર્ણ વ્યવસ્થા કરીતો, અંગરેજ, તથા ફ્રેંચ, તથા રશીયન, તથા પોર્ટુગીઝ, તથા આરબ, તથા મોંગલ, તથા ચીની, ઈત્યાદિ સર્વ મનુષ્યોમાં બ્રાહ્મણ, તથા ક્ષત્રિય, તથા વૈશ્ય, તથા શૂદ્ર, એવર્ણો બંધાશે, પણ પેહેલાંથી માંસ ભક્ષણ કુળમાંથી બંધ કરવું જોઈયે, હવે માંસ ખાવાનું બંધ કરવું એ અડચણછે એવું તમોને લાગશે, તો એ તમારી ખુશીથી જીભને જીતવાની વાતછે, તે કરશો, અને માંસ ભક્ષણ છોડશો, તો વેદોક્તધર્મપ્રમાણે વર્ણવ્યવસ્થાને પાત્ર થશો, જુવોકે માંસભક્ષણ કરવું એતો, જમીનમાંથી ધાન્ય ઉત્પન્ન નકરનારા અનુત્પાદ એટલે આળસુ લોકોનો દુષ્ટ માર્ગછે, તે ડાહ્યા ઉત્પાદક એટલે ઉદ્યોગી કેવરાવનારા છોડતા નથી, એ શરમની વાતછે, અસ્તુ. માંસભક્ષણ કરવું નહીં એચાલ સંતતીની ઉત્પત્તીમાં હંમેશા ચાલુ રેહેશે તો, વેદોક્ત ધર્મ તમોને સુલભ થશે, પણ તમારી ખુશી, પણ વેદોક્તધર્મમાં સર્વમનુષ્યોને તારક માર્ગછે અને અડચણ નથી; એવું સમજી. ખુશી હોય તેવું કરો; કેમકે સંતતીમાં, વેદોક્તધર્મનો પ્રભવ થવા, એહેને કારણ વેદોક્તધર્મના આચાર ગ્રહણ કરવા એજછે, કેમકે "આચારપ્રભવોધર્મોધર્મસ્યપ્રભુરચ્યુતઃ" એવુંછે.

૮. વેદોક્તધર્મના પોતાને, કેવરાવનારા લોકો માંસ ખાવા લાગ્યા, એ તેઓનો ધર્મ નથી, એ અધર્મછે એવું સમઝવું, તથા વેદોક્તધર્મની આજ્ઞાવિના, એ લોકો માંસ ખાયછે, એ તેઓનું ખોટું કર્મછે, એમાટે ચારે વર્ણોને એટલે સર્વ મનુષ્યોને, માંસ કોઈજ જીવનું ખાવાનો હુકમ નથી એવું છતાં ખાયછે તેઓને ધિક્કારછે.

૯. જો પણ મનુષ્ય માત્રોએ વેદની આજ્ઞાનો ભય રાખી માંસ ખાધું નહીં; તથાપિ તેઓને, નીતી શિખવી નથી તો. તેઓ બિજાં અનેક દુષ્કર્મો કરશે, તેવાસ્તે નીતી અવશ્ય શિખવવીજ જોઈયે.

૧૦. સોનું જેહેની પાસે ઘણું હોય તેહેને માતબર કેહેવો વ્યર્થછે કેમકે તે મનુષ્ય પોતાની પાસેનું સોનું કોઈને આપનાર નથી એથી સોનું રૂપું સંગ્રહકરી લોભધરનારા મનુષ્ય કરતાં સોનાની ખાણને માતબર કેહેવી ઠીકછે.

૧૧. વેદ ઈત્યાદિ ગ્રંથો જે પાંચહજાર વર્ષો પેહેલાં લાખો વર્ષોનાછે, તે ગ્રંથોમાં લોહચુંબકના દાખલાઓછે, એઉપરથી વિજળીનું તથા લોહચુંબકનું જ્ઞાન પ્રાચીન કાળના લોકોને હતું, તથા વિમાનની વિદ્યા એવી હતીકે વિમાનમાં બેશી તે વિમાન આકાશમાં ઉડાવી યુધ્ધો કરતાહતા, એઉપરથી જોતાં, વિમાનવિદ્યાનોસુધારો પ્રાચીન લોકોમા હતો, તસ્માત્ તે વિમાનવિદ્યાની આણી તરફની વિદ્યાઓ એટલે વાયુ ઉપરના સૂક્ષ્મ થરોના વર્ણનો, તથા ઉષ્ણતાના પ્રમાંણો, એ-

જાણવા શિવાય વિમાનોનો સુધારો કેમ થયોહશે એ ધ્યાનમાં લઈ બોલો, તથા હીરા, તથા મોતી, તથા માણેક, તથા પાના, ઇત્યાદિ પદાર્થોના તથા ધાતૂના તથા પારા વગેરે પદાર્થોનાં નામો લખેલાંછે, તથા તેઓની સમૃધ્ધિ પ્રાચીન કાળે હતી એવું લખેલુંછે એઉપરથી એ સર્વ પદાર્થો કાઢવાના જે સાધનો તે પૃથ્વી માએલા મનુષ્યોને ખબર નહતેતો એવા પદાર્થોની પ્રાચીનકાળે સમૃધ્ધિ ક્યાંહાંથી હોતે, પણ પ્રાચીન કાળમાંતો સર્વ ધાતૂ તથા અમુલ રત્નો એ પદાર્થો સમૃધ્ધિથી હતા એઉપરથી જોતાં રસાયનશાસ્ત્ર, તથા પદાર્થવિજ્ઞાન તથા યંત્રો, ઇત્યાદિ સાધનો પ્રાચીન વખતમાં ઉત્તમ રીતના હતાં તથા ભારતમાં પાંડવોને મયાસુરે મયસભા કરી આપી હતી તેહેનું વર્ણન કર્યુછે, તેહેમાં કાચનું કામ ઘણુંજ હતું, તથા સૂક્ષ્મદર્શક, તથા દૂરદર્શક દુર્બીનો, તથા ઘડીયાળો તથા કૃતીના પક્ષીઓ તથા મનુષ્યો વગેરે બોલકા દેખાય એવા કરેલા હતા, એપ્રમાણે સર્વ પૃથ્વીમાએલા અનેક ચમત્કારો તે મયસભામાં હતા તથા તે લાખો માણસો એક વખત બેસી સકે એવી સભા આઠ માણસો ફેરવીને ગમે તે તરફ લઈજતા હતા, એઉપરથી સિધ્ધ થાયછે કે, હાલમાં ઇંગ્લીશ. તથા ફ્રેંચ, તથા ચિનાઇ, ઇત્યાદિ લોક અનેક કલા કૌશલ્યતા કરેછે, તથા યંત્રો કરેછે, તે કરતાં ક્રોડગણી વધારે પાંડવોની મયસભામાં કલાકૌશલ્યતા હતી. એથી જો ગણીતવિદ્યા, તથા પદાર્થ ધર્મ તથા પદાર્થ સંયોગ ધર્મ, તેવખતના લોકોને (એટલે હાલના મનુષ્યોના પ્રાચીન પૂર્વજોને) ખબર નહતે તો, તેને કલાકૌશલ્યતા તથા અનેક મહાભારત કાર્યો કેવી રીતે કર્યાં હશે વારૂ! અસ્તુ. એથી સમઝવું કે મનુષ્યબુધ્ધિયેકરી તથા

ઇંદ્રિયોએકરી જે જે થવાને યોગ્યછે તે તે પ્રાચીન કાળના લોકો સાંપ્રત કાળના લોકોકરતાં સારીરીતે કરતાહતા, જુવો કે રાવણની લંકામાં તોપો ઘણીઓ હતીઓ, તથા તેહેને ઉલ્હાટયંત્રો એવું કેહેતાહતા, એઉપરથી દારૂ ગોળા પ્રાચીન કાળે હતી તથા અગ્નીરથ એટલે બાફના સાહ્યથી ચકો ફેરવી ગાડીઓ ચલાવતા હતા, એઉપરથી અગ્નિની ગાડીઓ વગેરે પ્રાચીન વખતમાં હતીઓ તથા રાજાલોકો, જે શ્રીરામચંદ્ર ઇત્યાદિક, તે શિક્કા, તથા મોરછાપો આપતાહતા, એઉપરથી જોતાં પ્રાચીનકાળમાં છાપખાના પણ હતાં, તેમજ નૌકાગમન શાસ્ત્ર તથા દ્વીપદ્વીપાંતરમાએલા શોધ, તથા દ્વીપ દ્વીપાંતરના પદાર્થો હતા, એઉપરથી પ્રાચીનકાળમાં સર્વ કાંઇ હતું, તથા યુધ્ધમાં કવાયત આપવી એ વિચારતો પ્રાચીન કાળમાં પાંચહજાર વર્ષો પેહેલા ઘણોજ હતો, તથા અનેક પ્રકારના સૈન્યના ચક્રવ્યુહ ક્રૌંચવ્યુહ, શકટવ્યુહ ઇત્યાદિ વ્યુહ, કરી યુધ્ધો કરતા હતા, તેમાં જે અસ્ત્રવિદ્યા કરીને હતી તે હાલમાં નથી, પણ અસ્ત્રવિદ્યા એટલે સર્વજ હવા અગ્નિમય, અથવા વિદ્યુલ્લતામય, અથવા જલમય, અથવા અંધાર મય, અથવા વિષમય, અથવા સર્પ વ્યાઘ્ર વગેરે ક્રૂરપ્રાણીમય, અથવા રોગમય, અથવા ધુમ્રમય, અથવા કર્કશ વિકાળ શબ્દમય, વગેરે પ્રકારની હવા કરી, તેહેમાં શત્રુઓને ફેંકી તેઓના પ્રાણ લેતાહતા, તેજ પ્રમાણે શત્રુઓપણ તે અસ્ત્રોના નિવારણની ક્રિયાઓકરી, ફરી તેઓઉપર અસ્ત્રો ફેંકતાહતા, પણ એ અસ્ત્રવિદ્યાઓ, નરસી બુધ્ધિના મનુષ્યોને શીખવીઓ હોય તો સેહેજજ અનર્થો થશે, અને સૃષ્ટીનો લય થવા માંડશે, તેથી ગુપ્ત રાખતાહતા, એ અસ્ત્રવિદ્યા ગુપ્ત રા-

ખવાવિશે તેઓનું જ્ઞાન બરાબર હતું, જુવો હાલમાંપણ નરસી બુદ્ધીવાળાપાસે, રાજા, હથ્યાર રેહેવા દેતો નથી તેપ્રમાણે અસ્ત્રવિદ્યા ઘણીજ ગુપ્ત જોઇયે, અસ્તુ. તથા બિજી વિદ્યાઓ શીખવવાના જે તેવખતના પ્રાકૃત ભાષાના દેશભાષાઓમાંથી પુસ્તકો હતાં તે તથા સંસ્કૃત હતાં તે, રાષ્ટ્ર પ્રલયો થયા તેથી ડુબીગયાં, અને સંસ્કૃત ભાષાના વેદાદિક પુસ્તકોમાંથી માત્ર તેવખતના કલાકૌશલ્યતા વગેરે પદાર્થોના દૃષ્ટાંતો માત્ર રહ્યાં, તથા ઇતિહાસોમાં વાતો રહીઓ, એઉપરથી પૂર્વે એટલે પ્રાચીનકાળમાં પણ રાજ્યલોભ અતિશે હતો, તથા નીતીપણ ઘણી હતી, તથા કલાકૌશલ્યતા ઘણી હતી, એપ્રમાણે હાલના અક્કલવાનો એ સમજવું, અને આપણેપણ તેઓનાપ્રમાણેજ અનેક શોધ કરી વ્યાવહારીક વિદ્યાનો સુધારો કરવો, એ મનુષ્યની બુદ્ધિનું કામજ છે, તે નક્કિ તોમાત્ર આશ્ચર્યછે, અસ્તુ. હવે ન્યાયશાસ્ત્રમાં છેકે પૃથ્વી પરમાણુંરૂપેકરી નિત્યછે, તથા કાર્યરૂપેકરી એટલે ગોલરૂપેકરી અનિત્યછે, એન્યાયશાસ્ત્રની ફકીકાઓ જુવો, એટલે ખાત્રી થશે, અને એઉપરથી વિચાર પણ કરશો, તથા પેહેલાના પદાર્થવિજ્ઞાન આગળ હાલનું પદાર્થવિજ્ઞાન ઓછું છે એનું તમારા જાણવામાં આવશે, અને તે સુધારવાનો માર્ગ તમે પકડશો, હવે પૂર્વના રસાયન શાસ્ત્રની માહીતગારી ન્યાયશાસ્ત્રની ફકીકાઓમાં જુવો, એટલે તમોને વિદ્યાઓનું મૂળ ખબર પડશે કે સુવર્ણાદિક ધાતુમાએલું તેજ તથા વિદ્યુન્નતારૂપ તેજ, તથા ક્ષારો વગેરેના સંયોગથી પ્રગટ થયેલું તેજ, તથા પ્રાણિઓના પેટ માએલું તેજ, અને તેજ, તથા અગ્નિ, તથા ઉષ્ણતા, તથા પ્રકાશ, એના ભેદ વગેરે શું છે, એ સર્વ તમારા જાણવા-

માં આવશે, અને હાલના જે રસાયન શાસ્ત્ર, તેમાએલી ચુકો નિકળીનઇ સુધારણા વધારે થશે, વાસ્તે મારૂં લોકોને કેહેવું એજ છેકે, જોપણ હાલમાં ફ્રેંચ, તથા ઇંગ્લીશ, તથા ચીની, વગેરે લોકો કલાકૌશલ્યતામાં તથા ગણીતમાં વિદ્વાન થયા, તોય તેઓને સંસ્કૃત ઉપરથી ભાષાંતરો કરી લીધેલા જે ગ્રંથો. રોમન લોક, તથા ગ્રીક લોક, વગેરેના, તે આધાર હતા, તે ગ્રંથો ઉપરથી તર્ક ચલાવી કેટલાક મનુષ્યોયે નવા પુસ્તકો બનાવ્યા, તથા તેવી કૃતી કરવાને શીખવવા લાગ્યા, અને લોકોપણ શિખવા લાગ્યા, તથા ઉપયોગમાં લાવવા લાગ્યા, એ તેઓનો સારો ગુણ છે, તેથી કલાકૌશલ્યતા પ્રગટ થવા માંડીછે, તેમજ વેદોક્તધર્મપ્રમાણે ચાર વર્ણ બાંધવાનું કામ ચલાવે, અને યોગાદિક રામકૃષ્ણની સાકાર ઉપાસના ચલાવવા લાગશે, તો જે ગુપ્ત વિદ્યાઓછે તેપણ જાણવામાં આવશે, અને પુનર્જન્મનોપણ પ્રકાર અનુભવમાં આવવા લાગશે, તથા પાપનો પણ દંડ જાણવામાં આવશે, તથા પશ્વાદિકોને મારવામાં જે હિંસા દોષછે તેની ખબર પડશે અને નિરાકાર પરમાત્માઉપર અનન્ય ભક્તી રાખી તરવું એવો મનનો માર્ગ વળશે, અસ્તુ.

૧૨ જો મનુષ્ય એ, પશુ પક્ષી વગેરે પ્રાણિ માત્રનો રાજાછે તોતેણે પશુ પક્ષ્યાદિક પ્રાણિમાત્રોનું રક્ષણ કરવું, ભક્ષણ કરવું નહીં, કેમકે રક્ષણ કરવું એ રાજાનું કામછે, તથા તેઓને મારી તેઓનું ભક્ષણ કરવું એ રાક્ષસનું કામછે એવો ન્યાય થાયછે, અને જો પશુ પક્ષી વગેરેનું મનુષ્ય એ માંસભક્ષણ કરશે અથવા તેહેને મારશે, તો પશુપક્ષી વગેરે પ્રાણીઓ એમાણસને રાક્ષસ કેહેશે રાજા કેહેવાના નથી;

એવો ન્યાય થાયછે; એનો વિચાર કરી, હે મનુષ્યો, તમો જો પશુ પક્ષી વગેરેના રાજાછો તો તેઓનું રક્ષણ કરો એ રાજાનું કામછે, વાસ્તે હિંસાકરી રાક્ષસની પેઠે તેઓનું માંસભક્ષણ કરશો નહીં; એટલે માંસ ખાશો નહીં.

૧૩ કેટલાક ગપાટા મારનારા લોક અનેક પ્રકારની કલ્પીત વાતો કેહેછે, તે ઉપર ભોળા લોકો વિચાર ન કરતાં વિશ્વાસ રાખેછે. એથી જ્ઞાનિઓને ધર્મોપદેશ કરવામા શ્રમ પડેછે, અને શ્રમ કર્યો તથાપિ સર્વજ્ઞ લોકોમાંથી બેવકુફી જાયછે એવું થાતું નથી, વાસ્તે ફલાણે ફલાણો ચમત્કાર કર્યો, તથા ફલાણો ફલાણે ચમત્કાર કર્યો એવી વાતો કોઈયે કેહેવી નહીં, તથા કોઈયે કહી તો તેમાનવી નહીં; તોજ શાસ્ત્ર ઉપદેશ કરનારા ઉપર વિશ્વાસ રેહેશે, અને તરવું થશે, નહીંતો આપણા મનમાં શાસ્ત્ર કેહેનારા પાસે કરામત નથી એવો વિનાકારણ ભ્રમ પેસશે અને તેઉપરનો વિશ્વાસ નહીંસોથશે. અને જેઓયે કરામતો કરીયો એવી લોકો ગપ્પો મોરછે તેઓએ તો કરામતો કરીઓ નથી હતી, પણ હાલના સાધુ લોકો ઉપર લોકોનો વિશ્વાસ બેસે નહીં તે વાસ્તે, કિંવા પૂર્ણ વિચાર નહોવાંથી, કિંવા ભક્તી કરવાની પ્રીતિ થાય તે વાસ્તે મરીગએલા એટલે હાલમાં નજરે ન આવનારા સાધુઓએ કરામતો કરીઓ, તેવીઓ જો તમો કરામતો કરશો તોજ તમારો ઉપદેશ સાચો નહીંતો ખોટો, એવું તૂત, ખડું કરેલું હોયછે, અને અવિશ્વાસ ઉત્પન્ન થવાનું કારણ ગપ્પો ઉઠાવેલીઓ હોયછે, તથા તેવા મતલબના ગ્રંથપણ ઉભાકરેલા હોયછે, તેઉપર એ સાચુંજછે એવો વિશ્વાસ રાખેછે તેઓને ઉપદેશક ગુરૂ ઉપર પૂર્ણ વિશ્વાસ નથી

હતો, કેમકે મરીગયેલા સાધુયે કરામતો કરીઓ એ ખોટી દંતકથાના બોલવાં ઉપર તથા લખવા ઉપર વિશ્વાસ રાખવો એજ પોતાનો જે સત્પુરૂષ ગુરૂછે તેહેના ઉપર અવિશ્વાસ થવાનું તથા સત્પુરૂષ ઉપર અવિશ્વાસ થવાનું મૂળકારણછે, જુવોકે રામદાસસ્વામીયે, દાસબોધના, દશમાં દશકના, સાતમાં સમાસના, પ્રારંભેજ લખેલુંછેકે, સાધુઓએ કોઈને ચમત્કાર દેખાડયા નથી; પણ લોકોની ભાવનાનું ફળ, સ્વપ્નની પેઠે જેહેનું તેહેને દેખાયછે તેહેનેજ ચમત્કાર એવું અજ્ઞાની લોકો માનેછે વાસ્તે આપણે ભક્તી કરીયે છૈયે તે આપણી ભક્તીઉપર અવિશ્વાસ થવાનું કારણ, આલોક છોડી ગએલા સાધુઓએ કરામતો કરીઓ હતીઓ એવી રચેલી વાતો ઉપર વિશ્વાસ રાખવો એજનછે, વાસ્તે પાછળના થઈગએલા સાધુઓએ કરામતો કરીઓ હતીઓ એ વાત તદ્દન ખોટીછે એવાસ્તે તે માનવી નહીં, પણ તે સાધુનાં નામો પવિત્રછે, તથા તે સાધુ નિરાકાર પરમેશ્વર સ્વરૂપ થઈગયા, એવું શ્રવણ કરી મનમાં લાવવું; અને ઈશ્વર જે, તે માત્ર સર્વ કરામતો કરશે એવો વિશ્વાસ રાખવો.

૧૪ શંકરાચાર્ય કાચનો, રસ પીગયા એવું બોલેછે પણ તે વાત ખોટી છે, કેમકે શંકરાચાર્ય અજ્ઞાની નોતા કે તે લોકોને કાચનો રસ પીને ભૂલવે! પણ શંકરાચાર્ય વેદોક્ત ધર્મમાં પ્રવીણ છતાં પૂર્ણ સાધૂ હતા, તથા તેઓએ ધર્મ સંસ્થાપના કરી, એવા શ્રેષ્ઠ પરમહંસ શંકરાચાર્ય હતા, તથા ઋષભ દેવ ઝાડે ફર્યા તેહેની છત્રિસ કોશ જુશબો ચાલી તે જયન જતીના નાકમાં પેઠી એવીવાત કેહેછે, તે ખોટી છે, પણ ભાગવતમાં ઋષભદેવ મોટો સત્પુરૂષ હતો એવું વર્ણન

કર્યુંછે, અને લોક કેહેછે તે તેઓનું અજ્ઞાન છે, તથા મુકુંદ-
રાજાએ જયત્પાલરાજાને, ઘોડા સોત સાત દિવસ સુંધી
પથરા જેવો મંત્રેકરી અચેતન કર્યો તથા દળવાની ઘંટીઓ
મનુષ્યવિના દળવા લાગીઓ એવી મુકુંદરાજાયે કરામત કરી
એ વાતો ખોટીઓછે, પણ મુકુંદરાજ સાધુ હતો, તેના કરેલા
ગ્રંથોછે, તેમાં કરામતોની મૂર્ખાઇ મૂળેજ નથી, તથા ગોપી-
ચંદરાજાયે જાલંધર નાથને કુવામા નાખ્યો, અને તેઉપર
ઘોડાની લાદ ભરી અને તેહેનો ચેલો કાનીફા આવ્યો, અને
બારવર્ષ તેહેને કાઢ્યો, પછી ત્રણ પુતળાં, ગોપીચંદ્ર એનામના
ધાતૂના, જાલંધર નાથના શાપથી ભસ્મથયા, અને ગોપીચં-
દ્ર અમરથયો વગેરે એ સર્વ વાતો ખોટીઓછે, તથા નાટક
કરનારા લોકોયે રચેલીઓછે, કેમકે સ્થૂલદેહ અમર થતોજ
નથી; પછી ગોપી ચંદ્રનો દેહ અમર થયો એવું કેમ સંભવશે!
એ વિચાર કરવો ઠીકછે. તથા ગોરખનાથ પથરા ઉપર મૂ-
તર્યો, અને પથરો સોનાનો કર્યો, તથા સ્ત્રિરાજ્યમાં મૈનીનાથ
પુત્ર, જે મછીંદર નાથને થએલો, તેહેને પછાડી, તેહેનું ચાં-
મડું સુકવવા નાખ્યું, અને મછીંદરનાથ એવું કર્મ જોઇ રોવા
લાગ્યો, એથી ગોરખનાથે, તે મઇનીનાથ પુત્ર જેવા બસો
પુત્ર મંત્રથી ઉત્પન્ન કરી, તેમાંથી એક મઇનીનાથ ઓળખી
લેવો એવું બોલ્યો, એ સર્વ વાતો ખોટીઓછે, કેમકે એ કા-
હાણી કેહેનારા પ્રથમ કેહેછે કે, રાવણ હજીસુધી બળેછે;
તથા હનુમાન તે ઉપર લાકડાં છ મહીને નાખેછે, તેના ભુભુ:
કારથી એટલે અરડવાંથી સ્ત્રિયોને ગર્ભ રેહેછે; તથા સ્ત્રિયો
જીવેછે તેથી સ્ત્રિરાજ્યમાં પુરૂષ નથી, અને મછીંદરનાથ સિ-
દ્ધ હતો તેથી ત્યાંહાં ગયો એવી વાત કેહેછે, પણ તે રામા-

યણ ઉપરથી ખોટી ઠરેછે, કેમકે, રાવણની, રાવણ મરવાં
પછી ઉત્તરક્રિયા બિભીષણે કરી, એવો રામાયણમાં લેખછે,
અસ્તુ. નાટક કરનારા લોકો કેવીજ વાતો ખડી કરેછે,
તેમાં અજ્ઞાનીઓનાં મનનું રંજન થાયછે, તેમાં હાંશલ કાં-
ઇંજ નથી; પણ ગોરખ મછીંદર તથા કાનીફા જાલંધર એ
સાધુ થઈ ગયા, તેઓના કોકકોક કવિત્વછે, તથા વિદ્યારણ્યે
સોનાનો વરસાત પાડ્યો એવાત ખોટી છે, પણ વિદ્યારણ્ય,
જ્ઞાની હતા, તેઓએ વેદનાં ભાષ્યો કર્યાં, એજ સુવર્ણનો
એટલે વેદના ઉત્તમ વર્ણોચ્ચારનો અર્થરૂપ વરસાત પાડ્યો,
એટલે ભાષ્યો કર્યાં, તથા કાલીદાસ, તથા, ભોજરાજા,
અને ભાનુમતી, એઓએ કરામતો કરવાની ગપાટાની વા-
તો, તથા બત્રિસ પુતળીઓએ વિક્રમની વાતો કહીઓ,
તે ગપાટાની વાતો, તથા વેતાળપચ્ચીશી, તથા લટકચા-
ળીશી, તથા સુડા બોતેરી, તથા પંચોપાખ્યાન, વગેરે સર્વવા-
તો ખોટીઓ છે; પ્રત્યક્ષ થયેલીઓ નથી, પણ કાલીદાસ ક-
વી હતો, તેણે રઘુવંશ, તથા કુમાર, તથા માઘદત્ત, એ કા-
વ્યો સંસ્કૃત શીખવવા સારૂ રચેલાં છે, તથા વિક્રમ તથા
ભોજરાજા, એ રાજાઓ પરાક્રમી થયા હતા, તથા જગંન્ના-
થરાવ પંડીતના ગંગાલહરીના શ્લોક સાંભળી ભાગીરથી નદી
એટલે ગંગા પ્રત્યક્ષ તાત્કાળ વધી, અને તેહેને હાથ ઉપર
લઈ ગઇ એવાત ખોટી છે, પણ જગંન્નાથરાવ પંડીત કવી
હતા, તથા ચાંગદેવના કરામતોની વગેરે વાતો ખોટીઓછે,
પણ ચાંગદેવ, જ્ઞાનેશ્વરનો શિષ્ય સાધુ થયો, તથા જ્ઞાનેશ્વરે
પાડાના મોયે, મનુષ્ય જેવો વેદઘોષ કરાવ્યો, તથા ભીંત ચ-
લાવી, તથા મરી ગએલા પિતૃઓ જમવા લાવ્યા, વગેરે એ

વાતો ખોટીઓ છે, પણ જ્ઞાનેશ્વર કરામતોના ઢોંગોકરે એવો ઢોંગી નોતો; જ્ઞાનેશ્વર એ મોટો તત્વજ્ઞાની, તથા બ્રહ્મનિષ્ઠ, તથા મહાજ્ઞાની, અને મહાઅનુભવી, તથા ચતુર, તથા કવી, તથા ભક્ત, તથા સંત, તથા યોગી, તથા ઉપદેષ્ટા, તથા સર્વ-ગુણસંપન્ન એવો હતો, એ જ્ઞાનેશ્વરી, તથા અમૃતાનુભવ. એ ગ્રંથો ઉપરથી જુવો, એમાં સંશય નથી; તથા કબીર કમાલ-નું માથું કાપી લઇ ગયો, અને કમાલના ધડે શુળી ઉપરથી સાધુઓને નમસ્કાર કર્યો, અને કબીરે ફરી કમાલને જીવતો કર્યો, એવાત ખોટીછે, પણ કબીર રામભક્ત, તથા આત્મ જ્ઞાની, રામાનંદનો શિષ્ય થયો તથા કમાલપણ તેવોજ હતો, તે કબીરના નામ ઉપર, ઘણાક ઢોંગી કબીર થયા, તથા ખોટાં મતો મચાવી બેઠાછે, તથા તુળશીદાસે મરીગએલું મનુષ્ય જી-વતું કર્યું એ વાત ખોટીછે, પણ તુળશીદાસ મહા પંડીત તથા કવી છતાં સાધુ થયો, તેણે મુસલમાનોના દંગામાં, ઉત્તર હિં-દુસ્થાન દેશમાં ધર્મોપદેશકરી લોકોને તાર્યા, તથા વેદોક્ત ધ-ર્મનું રક્ષણ કર્યું, તથા ગુરૂનાનકે અનેક કરામતો કરીઓ એવું બોલેછે તે સર્વ વાતો ખોટીઓ છે, પણ નાનક સાધુ થયો, તથા તેણે મુસલમાનોના દંગામાં વેદોક્તધર્મના રક્ષણસારૂ વે-દાંતશાસ્ત્ર ઉપર ગ્રંથકરી લોકોને સુમાર્ગ દેખાડ્યો, તથા ગો-વિંદ સિંગે, મુસલમાનોને માર મારી, શીક એટલે ચેલા કર્યા, પણ હાલના કેટલાક શિક લોકો ઉલટું સમજેછે, એ તે-ઓની મૂર્ખાઇછે, તથા એકનાથમહારાજે. અને નામદેવે, કરામતો કરીઓ એવી વાતો કેહેછે, એ વાતો ખોટીઓ છે, કેમકે અકબર બાદશાહે જીવ મારી, નામદેવની આગળ નાખ્યો તે નામદેવે જીવતો કર્યો એવું કેહેછે પણ અકબર બા-

દશાહ તો નામદેવની વખતમાં નોતો તથા નામદેવે પોતાને મેળે આંવઢીયા નાગનાથનું દેવળ ફેરવ્યું એવું કહીયે તથા મા-નિયે તો તે જોતીલિંગનું પુરાણમા વર્ણનપ્રમાણે દેવળતો તે છે તેવુંજ છે તથા એકનાથે એકાદશસ્કંધના એકત્રિસમાં અધ્યાયના ટીકાની શેવટની ઓવીઓમાં પોતેપોતાવાસ્તે લ-ખેલુંછે, એહપરથી તેણે કરામતો કરીઓ નથી એવું સિધ્ધ થાયછે, અસ્તુ. તેઓના પવિત્ર નામો શ્રવણ કરવાં, કેમકે, એકનાથ તથા નામદેવ મોટાજ વેદોક્તધર્મોપદેશક સાધુઓ થયા, તે કરામતના ઢોંગોમાં પડનારા નોતા, કેમકે કરામતનું ભાષણ અજ્ઞાની લોકોને મોટું લાગેછે, પણ સાધુત્વને તે કલંક છે, તથા તુકારામની ચોપડીઓ પાણીમાં તરીઓ વગેરે તુકારામે કરામતો કરીઓ એવું કેહેછે, તે ખોટુંછે, પણ તુ-કારામ મોટો સત્વધીર તથા મોટો વૈરાગ્યશીલ સાધુ થયો હતો, તેહેનું વચન છેકે, " નવસેકન્યાપુત્રહોતી ॥ તરિકાંકર-ણેલાગેપતી ॥ તુકાહ્મણેભોગસરે ॥ ગુણાયેતીલઅંગારે " એ-ટલે માનતા કરવાથી દીકરા થાતા હોય તો પતી શાવાસ્તે જોઇયે તેમજ આપણો ભોગ પુરો થશે તેવખત મંત્રેલી બ-ભુતથી ગુણ આવ્યો એમ લાગેછે, ઇત્યાદિ એવું તુકારામ શાશાર બોલ્યા, તથા જ્ઞાનેશ્વરને બારણે સોનાનો પીપળો હતે તો તેહેનું પાનડુપણ રેહેતે નહીં એસમઝો, ઘેલા કેમ થાઓ-છો, તથા રામદાસસ્વામી, તથા નરશીમેહેતા, વગેરે સાધુઓએ કરામતો કરીઓ એવું કેહેછે તેખોટુંછે, પણ રામદાસ બાણી-દાર સાધુછતાં રાજકીય પુરૂષ તથા શિવાજીરાજાનો ગુરૂ હતો, અને તેણે દાસબોધના દશમાં દશકના સાતમાં સમાસમાં લ-ખેલું છેકે, સાધુલોકોયે ચમત્કાર કર્યા નથી, તેઓએ ઉપદેશ

કરી લોકોને સારે માર્ગે લગાડ્યા, હવે એજ રામદાસની તથા તુકારામની ભેટથઇ હતી, એઉપરથી જો તુકારામે કરામત કરીહતે તો રામદાસ જે તેણે પોતાના દાસબોધ ગ્રંથમાં એવું કેમલખ્યું એનો વિચાર કરો, કેમકે, ભક્તિવિજય લખનારો મહીપતીબાવો, એતો તુકારામ તથા રામદાસ પછી સવાશો વર્ષ થયો, તેણે તુકારામની કરામતો લખીઓ, તથા તેણે જે સંતવિજયમા રામદાસની કરામતો લખીઓ, તે વાંચી જોવાંથી, લાલચે ભક્તી લાગેછે, એ એક ફાયદોછે, તે સાચું, પણ રામદાસે, તુકારામને જોયો છતાં, દાસબોધના દશમાં દશકના સાતમા સમાસમાં, કોઈએન કરામતો કરીઓ નથી; એવું લખેલુંછે, તસ્માત્ રામદાસનું લખવું સાચું સમજવું જોઇયે, તથા તુકારામનું બોલવું; જે પીડાનીઉમર ટુંકીથવા આવે તેવખત મંત્રેલીબભુત ગુણકરે, એ તુકારામનું બોલવું પણ સાચું સમઝવું જોઈયે; સારાંશ વિચાર કરો, અમસ્તો બકવા કરવામાં ફળ નથી; નુકસાનછે, અસ્તુ. એજ પ્રમાણે નરશી મેહેતોપણ ભક્ત હતો, તથા વલ્લભમતના આચાર્યે, તથા વિઠ્ઠલદાસ મહારાજે, કરામતો દેખાડીઓ તથા તેના પૂર્વજો અગ્નીમાથી જનમ પામ્યા એવું બોલેછે, તે સર્વ વાતો ખોટીઓછે, પણ વલ્લભ મતના આચાર્યો, વગેરે જે પુરૂષો થયા, તે મધ્વમતી તૈલંગ બ્રાહ્મણ હતા; તેઓએ મુસલમાનોના દંગામાં, ઘણીક પ્રજાને શ્રીકૃષ્ણની ભક્તિએ લગાડી તાસ્યા, એ તેઓનો ઉપકાર માત્ર માનવો જોઈયે, હવે માનભાવ, તથા લિંગડા, તથા જયન, તથા બૌદ્ધ, ઇત્યાદિ મતોના અનેક લોકો, જે પોતપોતાના મતોના મુખ્યોયે કરામતો કરીઓ એવું કેહેછે, તે સર્વ વાતો ખોટીઓછે, પણ તેઓના

મુખ્ય પુરૂષો, સર્વ પ્રકારે સર્વ વાનો વિશે વેદોક્તધર્મ વિરૂદ્ધ નોતા, તથાપિ તેવું તે મતોના લોકો સમજતા નથી, અને પોતાને વેદોક્તધર્મના લોકોથી પૃથક સમજેછે, અને વેદોક્ત ધર્મનો દ્વેષ કરેછે, એ તેઓની ચુકછે, એપ્રમાણેજ રામાનુજ, તથા મધ્વ તથા બેરાગી, એટલે (વેરાગી) તથા ગુસાંઇ, તથા કાનફટા વગેરે, પોતપોતાના મતો માએલા મુખ્યોયે કરામતો કરીઓ એવું કહેછે પણ તે સર્વ વાતો ખોટીઓછે, તથાપિ તે મતોના મુખ્યોનો ઉદ્દેશ, વેદોક્તધર્મનું રક્ષણ કરવું એજ છે; તે તેમતોમા હમણા છે, તેઓ સમજતા નથી એ તેઓની ચુકછે તથા મુસાયે, તથા યેસૂયે, અને મહંમદે, તથા એ ત્રણે મતોના બિજા મુખ્યોએ તથા તેઓના ચેલા વગેરે ઓએ ચમત્કાર કર્યા એવું યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મુસલમાનો, વગેરે, બોલેછે તે સર્વ ખોટું છે, પણ એ મનુષ્યો આર્યસ્થાન, તથા મિસ્રદેશ, તથા યેરૂશાલેમ, ઇત્યાદિ દેશ માએલા, તથા નગરો માએલા, તે વખતના તે દેશમાએલી દુષ્ટપ્રજાને, પોતાની ખુશી પ્રમાણે, હરેક યુક્તીકરી, કાંઇએક પ્રકારના નિયમો કરી આપનારા થયા, પણ તેઓને વેદોક્ત ધર્મમાએલા સત્પુરૂષોનો સમાગમ ન હોવાંથી તેઓમાં તમોગુણ, તથા ક્રૂરપણું, તથા દ્વેષ, તથા હિંસાકર્મ, એહેનો વધારો થયો, અને ઉન્મત્તપણું પ્રગટ થયું, એથી વેદોક્ત ધર્મના આસ્તિક ભાવના વિરૂદ્ધ, તેઓએ, તથા તેઓના ચેલાઓ એ રીત ચલાવી, એ તદ્દન નરવું થયું; અરેરે! અસ્તુ. પણ તે, તે વખતના તે દેશ માએલા સર્વ દુષ્ટલોકોકરતાં તેમાએલા ડાહ્યા, તથા પરાક્રમી તથા લડવૈયા હતા, એપ્રમાણે જે

જે મનુષ્યો, સાધુ સંત, અથવા બિજા કોઇ જગતમાં ઉત્પન્ન થયા, તેઓએ જગતમાં ઉપદેશ કર્યા, તેહેમાં કોઇયે વેદોક્ત-ધર્મપ્રમાણે ઉપદેશ કર્યા, તથા કોઇયે વેદોક્તધર્મમાએેની કાંઇ કાંઇ વાતો ગ્રહણકરી, કેટલીક વાતોનો ત્યાગ કરવો, એવા મતવાદોના ઉપદેશ કર્યા આગળ તે મતમા પેસેલા પેઢીમાએેલા લોકોને વેદોક્તધર્મનું છેકજ ભૂલવું થઇ, તે મતોન મુખ્ય તથા અનાદી, એવા અભિમાનથી, તથા વેદોક્તધર્મની ક્રીયાઓ છુટવાથી ભાસવા લાગ્યા, અસ્તુ. એપ્રમાણે કોઇ ઉપદેશના જોરથી રાજ્યો મેળવી મતો વધાર્યા અથવા કોઇ રાજ્ય પદને પ્રાપ્ત ન થતાં મુવા, અથવા માર્યા ગયા, પણ એવા ઉભયમાંથી, એટલે સર્વમાંથી જેઓને આત્મજ્ઞાન હતું તે તરી ગયા, અને જેઓને આત્મજ્ઞાન નોતું તે પોતપોતાના ઉત્તમ, તથા મધ્યમ, તથા અધમ એવા કર્માપ્રમાણે ગતી પામ્યાં, તથા જેણે જીવતાજ સાકાર રામ કૃષ્ણ ઇત્યાદિકોની સાકાર ધ્યાન ભક્તી, અથવા અપવાસ વગેરે ઇશ્વર પ્રાપ્તીસારૂ યોગસાધનો વગેરે કર્યાં, અથવા નિરાકારની અનન્ય ભાવનાયે ધારણા ધરી, તે તેહેને સ્વમરૂપે કરી, અથવા પ્રત્યક્ષ તેઓનાજ નેત્રમાએેલા દૃષ્ટિના અર્ધોન્મીલિત મુદ્રાનીરાહેકરી, અથવા તૂર્યા, તથા ઉન્મની (એટલે તૂર્યાનીજ પરિપકવ દશા,) એવા તે અવસ્થાપેકરી, જેહેના તેહેને સાક્ષાત્કાર થયા અથવા ભવિષ્યની વાતોપણ ખબર પડીઓ, પણ એકની બિજાને ભક્તીની યુક્તી ખબર પડીનહીં, અને લોકો જે ચમત્કારની તથા કરામતોની વાતો કેહેછે, તેમાંથી કાંઇજ થયેલું નથી; વાસ્તે એવી ભવાઇ, તથા તમાસાની વાતોઉપર કોઇયેપણ વિશ્વાસ રાખવો નહીં; પણ જે

વેદોક્તધર્મપ્રમાણે આચરણ તથા ઉપદેશ કરનારા સાધુ થયા, તે સાધુની વાતો શ્રવણ કરી, તે આચરણ કરતા હતા; તેવા પવિત્ર માર્ગે ચાલવું તથા એજ કરામતની વાતો સાંભળવાનો સાર છે, તથા વેદોક્તધર્મના સાધનો સારાં લાગે, એટલે તેઓના આચરણ કરવાની પ્રીતિ લાગે, તેવાસ્તે ફળો દેખાડેછે, તેહેની લાલચ; જેમ બાળકોને કડવું ઓષડ પીવાસારૂ મેવા મિઠાઇની લાલચ, તેપ્રમાણે, પણ મેવો મિઠાઇ કુપથ્યછે, તેથી દેખાડે તોય આપતા નથી, તે પ્રમાણેજ ઇશ્વરની સિદ્ધિઓ જીવને કુપથ્યરૂપી અભિમાનનો ધનુર્વાત વધારનારી છે, તે ઇશ્વર આપતો નથી, તે પોતાના ભક્તોને દેખાડેછે, પણ આ મરમ સરવેને સમઝાતો નથી એ વાસ્તે, સાધુઓએ કરામાતો કરીયો નથી, પણ અજ્ઞાની લોકોએ સાધુ, ભક્ત, સંત, પુણ્યશીલ, એવું થાવું, અને તરી જાવું, તેવાસ્તે સાધુના નામે, કરામાતો ગ્રંથ લખનારા લખેછે, પણ જ્ઞાનીએ, મનોમય સર્વ સમઝવું કે, આ સર્વ ગોટોછે, આ લોકોને તરવાના નાદે લગાડવા વાસ્તેછે, કેમકે, તમાસો કરવાવાળા લોકો, જેવખત ભવાઇ કરવાને ઉભા રેહેછે, તેવખત શરૂવાતમાં બોલેછેકે, ફલાણાં નગરનો ફલાણો રાજા હતો, એટલે પાશે ઉભો હોયછે, તે બોલેછેકે, હા હાભાઇ, જેમ તેં જોયોજ હશે ! પછી ફરી કેહેછેકે, તેહેની રાણી ચૌદવર્ષની ચંપાવતી હતી ! ત્યારેપાશેનો કેહેછેકે, હા હારે હજી હા ! એપ્રમાણે ભવાઇનો પ્રારંભ કરી, સર્વ રાત ગમાવેછે, પણ વિચાર કરી જોઇયે તો ફલાણું નગર શું ! અને ફલાણો રાજા કોણ ! કાંઇજ નથી ? એવું છતાં, શેંકડો મનુષ્યો, ભવાઇ સાંભળી, તે બનાવેલી વાતો સાચી માનેછે,

એવા લોકછે. તેપ્રમાણેજ હરદાસ લોકો, દ્રવ્યની લાલચથી લોકોનું મન રીઝવવા સારૂ ગોરખ મછિંદર તથા ગોપીચંદ વગેરેના, તમાસા કરવા વાળો, તમાસો કરવા સારૂ, તથા નાટક કરવા સારૂ, તથા લળીતો કરવા વાસ્તે, તથા અજ્ઞાનીઓનું મન રંજન કરવા સારૂ, એ વાતો, મિથ્યા એવું જાણી, અથવા અજ્ઞાનપણે રચેલીઓ, એવીઓ તે ખોટીજ વાતોની કથાઓ ગાઇ, લોકોનાં મનો રીઝવી, પઇસા મેળવેછે, એ તેઓનો પેટનો ધંધોછે, તથા મુસલમાની રાજ્યમાં, હિંદુ ઉપર જુલમ થયો, તેવખત આદેશના હિંદુઓ વટલાઇ મુસલમાન થયા, તે મુસલમાનોના ભયથી, કથા કિર્ત્તનો બંધ થતા હતા, તે વખત કથાવાળા હરીદાસ લોકો, પોતાનું કામ સાધવા સારૂ, અકબર બાદશાહાની, તથા બિરબલ બ્રાહ્મણ વગેરેની વાતો કથામાં કહી, મુસલમાનોનાં મનો સંતોષયુક્ત કરી, પોતાનું કથાનું કામ સાધવા લાગ્યા, પછી આગળ શસ્ત્ર ધારી હિંદુઓએ. મુસલમાનોને રાજ્ય ઉપરથી નસાડ્યા, પણ તે રાજ્યમાએલી, તે વખતની કથા કરવાવાળાઓની વાતો કેહેવાની ચાલ, હાલ સુધી કથા કરવાવાળા ચલાવેછે, એ આશ્ચર્યની વાતછે; તથા મ્લેચ્છોના મતો માએલા સન, હિંદુરાજાઓ, પોતીકા રાજકીય વ્યાવહારીક કાગળ પત્રોમાં એટલે દફતરોમાં ઘાલેછે, તે મૂર્ખછે, તેઓનું હાલમાં બોલવું નજોઇયે, અસ્તુ. હમણાંજ જુવોકે, કથા કરવાવાળા, કથાની ચોપડીઓજ પાઠ કરેછે, એ તેઓનો પેટ ભરવાનો ધંધોજ ઠર્યોછે, ખરતુ. તે કેવા પણ હોય, પણ જે ઇશ્વર પરાયણ થઈ કથા કીર્ત્તનોકરેછે, તે અતિઉત્તમ ભાગવત ભક્ત છે, અને જે દ્રવ્યનો લોભ મનમાં રાખી, કીમત

ઠરાવી કથાઓ કરેછે, તે તેઓનું કરવું ઇશ્વરના કીર્ત્તન ભક્તીમાં મોટું વિઘ્નછે, તથાપિ સ્વસંતોષથી કીર્ત્તન કરનારાની લોક સેવાકરશે તે વાતની ચિંતા નથી, એવું આજ્ઞાપ્રકરણ માએલા, અગ્યારમી અજ્ઞાના ન્યાયમાં લખ્યા પ્રમાણે સમજવું એવાસ્તે, ઓ સર્વલોકો, કરામાતો કોઇયે કરી નછતાં, અમસ્તી વાતો સાંભળી, તથા કહી, મન રીઝેછે, પણ તે વાતો ઉપર વિશ્વાસ રાખશો નહીં; કેમકે, સાંપ્રતના ઉપદેશ કરનારા ઉપરનો વિશ્વાસ ઉઠવાનું તે મૂળછે, તથા આપણે નિયમ ધર્મ પાળીયે છૈયે, તેઉપરની શ્રધ્ધા, તેવી વાતોથી, પરિણામે અજ્ઞાની રહ્યાતો નહીંશી થાયછે, અને તેથકે પરિણામે નાસ્તિક ભાવ ઉત્પન્ન થાયછે, એવાસ્તે, કરામતોની વાતો સત્યમાનશો નહીં; કેમકે, તેથી આપણે ભક્તી કરીયે છૈયે તે ભક્તી ઉપરનો, અને સાંપ્રતના વેદોક્તધર્મના ઉપદેશકો ઉપરનો, વિશ્વાસ ઉઠી જાયછે, વાસ્તે ગપાટાથી દૂર રહો તથા સાવધ રહો, તોજ સુખ પામશો.

૧૫ યજ્ઞાર્થ જે મેધ યાગ કહેલોછે, તેમાં પશુ એવી સંજ્ઞા સાળના દાણાનેછે, પ્રમાણ, ઋગવેદ, આશ્વલાયન શાખાના, બીજા પંચિકાનો, નવમો ખંડ " સવાએષપશુરેવાલભ્યતે યત્પુરોડાશસ્તસ્ય યાનિકિંશારૂણિતાનિરોમાણિ યેતુષાસાત્વગ્યે ફલીકરાણાસ્તદસૃગ્યત્પિષ્ટંકિંકનસાસ્તન્માંસં યત્કિંચિન્નકસાંસ્તદસ્થિ સર્વેષાંવા એષપશૂનાંમેધેનયજન્તે યઃપુરોડાશેનયજન્તે તસ્માદાહુઃપુરોડાશસ્ત્વંલોકયંધિતિ" હવેએના વિચાર એવોકે અન્ય પશુ સંજ્ઞાયેકરી મનુષ્ય ઇત્યાદિ પ્રાણિમાત્રછે, પણ તેઓના શરીર ભાગ અમેધ્ય એટલે અપવિત્રછે, એવાસ્તે યજ્ઞના નિમિત્તે કરી, તેઉપર વાદ લખી, મુખ્ય પુરોડાશ ગ્રહણ કરવાને

મેધ્ય જોઈયે, તે સાળમાં મલ્યો તેથી ઉપરની શ્રુતીમાંછેકે, ખાતકણ ઉપરના કુશલા તેન રોમછે, તથા તૂષ એટલે ફોતરાં તેન ચર્મછે. એ પ્રમાણે જે મેધ્ય એટલે પવિત્ર પશુ, તેનો જાતમાએલો દાણોછે, એ સારૂ તેહેનો જાતકરી તેહેનો યજ્ઞ કરવો અને યજ્ઞ શેષભાગ ખાવો, તથા મનુષ્યાદિક ચરપ્રાણી એપણ પશુજ સાચા, પણ તે અમેધ્યછે, એસારૂ યજ્ઞના સબબથી તેઓને છોડીમુકવા. તથા તે છોડેલા પ્રાણીરૂપ પશુને જોઇ, સર્વ લોકોયે સમઝવુંકે, એ પશુ દેહનાભાગ અમેધ્ય એટલે અપવિત્રછે, હોમ કરવાને કિંવા ખાવાને યોગ્ય નથી; એસારૂ માંસ ખાવું નહીં, એને બિજું પ્રમાણ, ઋગવેદ મધ્યે, આશ્વલાયન શાખાના, બિજા મંથિકાના આઠમાંખંડમાં, મેધ્ય અમેધ્ય વિચાર કરી, શાલ્યોદનનો યજ્ઞ કરી તેનો પુરોડાશ (એટલે શેષપ્રસાદ) લેવો, વાસ્તે ઓ મારા ભાઇઓ; હિંસા કરશો નહીં.

૧૬ બ્રહ્મજ્ઞાની પુરૂષને ગમાર મૂર્ખ મનુષ્ય કેહેછે કે, અરે બ્રહ્મજ્ઞાની, નિરાકાર પરબ્રહ્મ સર્વ ઠેકાણે એક ભરેલોછે એથી અનેક પોલાણસહીત પરમાણુંજન્ય ગોલાદિક અનેક ગોલોના અસ્તિત્વને રેહેવાને ખાલી જગોજ રહી નથી, અને એવા ન્યાયેકરી નિરાકાર પરબ્રહ્મ તત્વનું એકજ સર્વત્ર અસ્તિત્વછે, જગત મૂળેજ નથી; એવું ન્યાયેકરી થાયછે. એપ્રમાણે અરે બ્રહ્મજ્ઞાની તું કેહેછે, અને વળી બિજુંપણ કેહેછે કે. તેજ નિરાકાર પરબ્રહ્મતત્વ હું અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા સેહેજ સ્થિતીએ એક છું, અને કેહેછે કે સ્વસ્વરૂપ નિરાકાર ધારણાથી જે નિશ્ચય ધરી લીન થાયછે તેહેનું અહંપણું ધરનારૂં જ્ઞાન મિથ્યા થઇ નાશ પામેછે, કેમકે તે અહંપણું ધરનારૂં જ્ઞાન આદી મિથ્યાછે તસ્માત્ અંતેપણ મિથ્યા એ ન્યાય થાયછે, અને હું અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાનો સેહેજ નિરાકાર છું એવું તું બોલેછે તેતારા જ્ઞાનને મેં સાંભળ્યું પણ તું જો સર્વ ઠેકાણે નિરાકાર ભરેલું એક તત્વ, સર્વ ઠેકાણે ભરેલો છે તો સર્વ જગતના મન માએલું કેહે, અથવા તુને બાળીયે તોય ખબર પડવી ન જોઇયે, તથા તુને ક્ષુધા, તૃષા, તથા નિદ્રા તથા સીત, તથા ઉષ્ણ લાગવું ન જોઇયે, તથા તારો સ્વાસ રોધીયે, અથવા અનેક યાતનાઓ આપીયે, તોય તુને દુઃખ થાવું નજોઇયે, તથા તુને સર્વ જગતના મન માએલી ખબર પડવી જોઇયે, પણ એ માએલું તારામાં કાંઇજ નથી; એનો ઉત્તર આપ ? તેઉપર બ્રહ્મજ્ઞાની સત્પુરૂષ ઉત્તર આપેછે કે, અરે ગમારમનુષ્ય, તું સાંભળ, અરે નિરાકાર સર્વ ઠેકાણે ભરેલો જે રૂપેકરી હું એક તત્વ છું તે મારા નિરાકાર રૂપેકરી મુને જુદ એ મારા શરીરમાએલા મનનું સાક્ષીપણું એટલે જાણવાપણું નથી, પછી સર્વ લોકોના મનનું જાણવાપણું કયાંહાંથી હશે ? અરે ગમાર, નિરાકાર સર્વત્ર એક ભરેલો છે એ બોલવાને શીખ્યો, તેપ્રમાણેજ નિરાકારને મનનું કિંવા ભૂખનું તથા તરશનું અથવા શ્વાસ રોધવા, તથા બાળવું, તથા સીતોષ્ણ વગેરે અનેક પીડાઓનું, અથવા જાગૃત સ્વપ્ન સુષુપ્તી તૂર્યા એ ચાર અવસ્થા ઇત્યાદિકનું નિરાકારને જાણવાપણું મૂળેજ નથી; એ બોલવા કેમ શીખ્યો નથી; તું જો સત્ય નિરાકારને જગતનું કિંવા મનનું જાણવાપણું (એટલે સાક્ષિત્વ) મૂળેજ નથી; એવું જ્ઞાનીનું બોલવું બોલવા શીખ્યો હોત તો અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાનો હું નિરાકાર છું એવા મારા બોલવાં ઉપરથી

મુને તું નિરાકાર એક સર્વત્ર ભરેલો છે તો સર્વના મન માએલું કેહે વગેરે એવું મૂર્ખપણાનું બોલવું નબોલત, એ સાંભળી ગાંમડીયો જે મૂર્ખ હતો તે શાહાગો થયો, અને સાધુની નિંદા કરવી મુકી દીધી.

૧૭ શ્રીમત ભગવતગીતાના બિજા અધ્યાયના અડતિસમાં શ્લોકાર્ધમાં છેકે, " સુખદુઃખેસમેકૃત્વાલાભાલાૌનાજયાજયૌ " એનો અર્થ તથા એઉપર ન્યાય એવો છે કે, શ્રીકૃષ્ણની સંગત અર્જુનને હતી. એથી અર્જુનને શ્રીકૃષ્ણ પાસેથી એવું જ્ઞાન થયું કે, જે જ્ઞાન જાગૃત અવસ્થામાએલા સુખ દુઃખને, તથા લાભ હાનીને, તથા જય પરાજયને જાણવારૂં હોય છે, તેજ જ્ઞાન સ્વપ્નમાં ગયાં પછી, તેજ જ્ઞાનને જાગૃતીના સુખદુઃખનું ભાંન રેહેતું તથી એસારૂ જેમ અંગને મેલ વળગેલો હોયછે. તેમ જે જાગૃતમાએલા દાઝેલાનું દુઃખ તથા ચંદન ચોપડવાનું સુખ, જ્ઞાનને સ્પર્શેલું હતે તો, સ્વપ્ન માં તેજ જ્ઞાનછે, ત્યારે તેહેને જાગૃતપણામાએલા સુખ દુઃખની ખબર પડવી જોઇયે, પણ તેવું થાતું નથી; એઉપરથી અર્જુન એ શરીર માએલા હે જીવાત્મા, તારા જ્ઞાનસ્વરૂપને સુખદુઃખનો સ્પર્શ નથી એવો ન્યાય થયો; એ સારૂ અર્જુન એશરીરમાએલા જીવાત્મારે, તેજ જ્ઞાન રૂપ તું છે, તેજ જ્ઞાન રૂપેકરી તું પોતે પોતાને નિશ્ચયથી સર્વ કર્મોમાં સ્મરતો જા, એટલે તું જે જ્ઞાનરૂપ, તે તુને અર્જુન એ શરીર ઉપર જે સુખદુઃખ છે તે સમાનજ થયું એવું લાગશે, અને તે સુખદુઃખ વગેરે સર્વ સમાન કર્યા એવું થશે, અને તુને પાડનારૂં જે પાતક એટલે અજ્ઞાન, તથા તેજ ફેરામાં પાડેછે તેથી અજ્ઞાન તેજ પાતક, એવું તે પાતક, બાધ કરશે નહીં;

એ શુદ્ધ વેદાંત માએલા ઉપનિષદ ભાગના અન્વયથી જે શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ કર્યો, તે ઉપદેશરૂપ અર્થને ન્યાસજીયે. સંસ્કૃત શબ્દ રૂપી ચાથરાં એટલે વસ્ત્રો, તે વસ્ત્રોની ગાંઠ મારી લોકોને શ્રીમતભગવતગીતા રૂપ ગાંસડી આપી, તે ગાંસડીમાં શ્રીકૃષ્ણે અર્જુનને જ્ઞાન કર્યું તે જ્ઞાનરૂપી અર્થ છે, વાસ્તે ગીતા ગ્રંથી છોડી અર્થ આપનારો શ્રીકૃષ્ણજીના જ્ઞાનપ્રમાણે પોહોચેલો જોઇયે; નહીંતો અર્થનો અનર્થ કહી લોકોને ભ્રમમાં નાખે છે, કેમકે, શ્રીકૃષ્ણે અર્જુનની સાથે વાતોરૂપ સંવાદ; જે યુદ્ધના પ્રારંભે અથવા અન્યકાળે કર્યો, તેહેનું શ્લોક રચનાએ ગ્રથન વ્યાસજીયે કર્યું તેહેનેજ શ્રીમતભગવતગીતા કેહેછે, એને પ્રમાણ શ્લોક ગીતાસ્તુતીનો, " પાર્થાયપ્રતિબોધિતાંભગવતા નારાયણેનસ્વયં વ્યાસેનગ્રથિતાં પુરાણમુનિનામધ્યેમહાભારતે ॥" એટલે વ્યાસજીયે શ્રીમતભગવતગીતાના ગ્રંથની રચના ભારતમાં કરીછે, વાસ્તે, ઉપર કહ્યાપ્રમાણે સુખદુઃખે સમેકૃત્વા એ ગીતોક્તીનો અર્થ સમઝી તેપ્રમાણે સુખદુઃખ સમાન કરવાં.

૧૮ સર્વ હિંદુસ્થાન દેશમાં વેદોક્ત ધર્મના લોકોના ઉપદેશક અવતારોની, એટલે રામકૃષ્ણ ઇત્યાદિક એવા અવતારી પુરૂષોની જેહેની તેહેની, એવીઓ, તે તેઓના સ્મરણ સારૂ, મૂર્ત્તિઓની, એટલે પ્રતિમાઓની જાતો આસરે વિસછે, પણ દેવળો માત્ર અનેક છે એવું સમઝવું, અને બડબડ કરવી છોડી આસ્તિક ભાવ ગ્રહણ કરવો.

૧૯ " ॥ કાશ્યાંતુમરણાન્મુક્તિઃ ॥ " એવું વચનછે,પણ કાશીમાં રહી પાતકકર્મ કર્યું તો મુક્તી નથી; કેમકે કાશી એ પુણ્યક્ષેત્રછે, તેમાં પાતકકર્મ કર્યું તો તે વજ્રલેપ થઇ મુક્તી

થવાની નહીં; એહેને પ્રમાણ " અન્યક્ષેત્રેકૃતંપાપં પુણ્યક્ષેત્રે વિનશ્યતિ ॥ પુંણ્યક્ષેત્રેકૃતંપાપં વજ્રલેપોભવિષ્યતિ ॥" એટલે અન્ય ગામના વિશે કદાક અજાણપણે પાતકકર્મ થયું તો કાશીક્ષેત્ર જે સત્પુરૂષોના રેહેવાનું ઠેકાણું તેથી પુણ્યક્ષેત્ર કહીયે, તે ક્ષેત્રમાં રહી; સત્સમાગમથી ઇશ્વરનું ભજન કર્યું તો પાતક દૂર થાશે, અને તે ઠેકાણે એવો તે પાતક દૂરથએલો મરણ પામે તો તે પુંણ્યવાનજ હોય એથી મુક્તથશે, પણ તે ક્ષેત્રમાં રહી જોપાતક કર્મો કરશે, અને મરશે તો વજ્રલેપ પાતકી એટલે છુટકો થવાનોજ નહીં એવા દઢ બંધનમાં પડશે, એહેનું કારણ, સત્પુરૂષોની પાસે રહી જેહેની સારી બુધ્ધિ થાતીનથી તેહેનેગતી પછી શાથીથવાની, તેથી વજ્રલેપ પાપી એવોન્યાય થાયછે, એવાસ્તે એજ વચનનો અંતરદૃષ્ટીયે બિજો એવો અર્થ સમઝવો કે શ્રીમત ભગવતગીતાના તેરમાં અધ્યાયના પ્રારંભના પાંચ શ્લોકમાં, ક્ષેત્ર એટલે શરીરજ એવું કહેલુંછે, એસારૂ પશ્વાદિક શરીરોજ અન્યક્ષેત્રો, તેહેના જન્મ લીધેલા જે પાતકો, (એટલે પાડનારૂં અજ્ઞાન) તે મનુષ્ય દેહરૂપ પુંણ્યક્ષેત્ર કાશીમાં રહી, વિશ્વમાં જે એક ઇશ્વર તેજ વિશ્વેશ્વર, તેની ભજન ભક્તિયે પાતકો દુરકરી મરણ પામે, તો, મુક્ત થશે, એટલે પુનર્જન્મના ફેરામાં પડવાનો નહીં; અને મનુષ્ય દેહ રૂપીજ પુંણ્યક્ષેત્રરૂપી કાશી, તેકાશીમાં આવી પાપકર્મો કરશે તો છુટકો થવાને જગો જે મનુષ્યદેહ રૂપી ક્ષેત્ર, તેજ બગડયું, એથી મુક્ત ન થાતાં, જન્મ મરણના ફેરા, પશ્વાદિકોની યોનિરૂપેકરી ભોગવતો રેહેશે, એ ન્યાયયુક્ત લખવાનું મનનકરી સરળ માર્ગ ગ્રહણ કરો, અને બા-

ળકપણું છોડો, એ વિષ્ણુભાવા બ્રહ્મચારી જે હું, તે મારૂં તમો સર્વ લોકોને સૂચવવું છે.

૨૦ હાલમાં જે વેદોક્ત ધર્મના લોકોમાં વેદોક્ત ધર્મની ક્રિયાઓ ચાલેલીઓછે, તે ગ્લાની પામેલા મનુષ્યની ક્રિયાઓ કરવાપ્રમાણે છે, તથા માંદગીથી ગ્લાની થએલા મનુષ્યના ક્રિયાકર્મો કરવામાં, અને તેજ મનુષ્ય ધષ્ટપુષ્ટ હોયછે તેવખતની તેહેનીજ ક્રિયાઓમાં જેવું અંતર છે, તેવુંજ પેહેલાના કૃતત્રેતાદિ યુગોમાં વેદોક્ત ધર્મની ક્રિયાઓ ચાલતી હતીઓ તેહેમાં અને આ કલિયુગમાં વેદોક્ત ધર્મની ગ્લાની થઇ છે; એટલે વેદોક્તધર્મપ્રમાણે ચાલનારાઓને પીડા થઇ ગ્લાની આવીછે, એથી તેઓની ક્રિયાઓ ચાલેછે તે ક્રિયાઓમાં મહદંતરછે, એવું પ્રવિણ લોકોયે, ઉપરના દાખલાઉપરથી સમજવું, તથા ઇશ્વર ઉપર લક્ષ રાખી નિરભિમાન રેહેવું, અને સ્મરવુંકે શ્રીમતભગવત ગીતાઅધ્યાય ૪ થાના શ્લોક સાતમો તથા આઠમો. " યદાયદાહિધર્મસ્યગ્લાનિર્ભવતિભારત ॥ અભ્યુત્થાનમધર્મસ્યતદાત્માનંસૃજામ્યહં ॥૭ ॥ પરિત્રાણાયસાધૂનાંવિનાશાયચદુષ્કૃતાં ॥ ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિયુગેયુગે ॥ ૮ ॥ એશ્લોકોનો અર્થ એવોછેકે, વેદોક્તધર્મની ગ્લાની થઇ છતાં, એટલે વેદોક્તધર્મ પ્રમાણે ધર્મશીલ જે સાધૂ સંત બ્રાહ્મણ ક્ષત્રિયાદિક તેઓને પીડા થઇ છતાં હું પ્રત્યેકયુગમા અવતાર ધારણ કરી, જે સાધૂઓને, તથા ગાયોને, એટલે ગાયોસુધ્ધાં સર્વ પશુ પક્ષ્યાદિક જીવોને, ઇત્યાદિ અનાથને જે પીડા કરેછે તે તેવા દુષ્ટ મનુષ્યોને શાસન કરી ધર્મસંસ્થાપના કરૂંછું, એટલે વેદોક્તધર્મ પ્રમાણે ચાલનારા મનુષ્યોનું એટલે બ્રાહ્મણ ક્ષત્રિયાદિક વગેરે જે કોઈ સાધૂ તે સાધૂઓનું ર-

ક્ષણ કરેછું, તથા ગાયો તથા અન્ય પશુ પક્ષ્યાદિક જીવોનું રક્ષણ કરેછું. એ ભગવત વાક્ય ઉપર લક્ષ આપી, વેદોક્તધર્મ પ્રમાણે વરતો, કેમકે, તમારા સારૂ ઈશ્વર હમણા કલ્કી અવતાર ધારણ કરનારછે; અને તેહેના આગળ દુષ્ટોનું ચાલવાનું નથી; એ સાચે સાચુંછે.

૨૧ જેઓને વેદોક્તધર્મના પુસ્તકો અને અતિશય આસ્તિકપણાનો ભાવ, એ જોવાનો અભ્યાસ નથી; તે મદાંધ હોયછે, એટલે દુષ્ટ ગર્વિષ્ટ હોયછે, તેઓને નાશવંત જે શરીર તે શરીરનોમદ હોયછે, તથા દ્રવ્યમદ, તથા બળનોમદ, તથા જમીન ઉપરના સત્તાનો એટલે હુકમતનો મદ, તથા કલાકૌશલ્યતાનો મદ, તથા સ્ત્રી, પુત્ર, ગ્રહ.વિત્ત, એઓનો મદ, તથા લોકોમાં પ્રતિષ્ટા વધેલી તેહેના યોગનો મદ; તથા ભાષાઓ ઘણી અભ્યાસથી શીખેલાનો મદ, તથા સ્વતંત્રતાનો મદ, તથા મતમચાવ્યાંનો મદ, તથા કાગડાએ ચુનાંનો રંગ અંગેલગાડી હું હંસ એવો ઢોંગ કર્યો, તથાપિ લોકો ઓળખેછે કે આ કાગડોછે હંસ નથી; તેપ્રમાણેજ પરમહંસ એટલે પૂર્ણજ્ઞાની એવા સંન્યાસી જે તેઓને દેહસ્થિતિ નથી; એથી સેહેજજ તેઓને વિધિ નિષેધ નથી; પણ તેવા વિષયભોગ ઈચ્છામા આલોટનારા પોતાને પરમહંસપદ કાગડાએ રંગ લગાડી વેષલીધેલા હંસ નામનીપેઠે લેવા ચાહેછે અને વિધિનિષેધ અમોને નથી એવું કેહેછે તેવા જમાવ કરવાની યુક્તીનો મદ, તથા સાધૂની છળના કરવાનો મદ, તથા વેદોક્તધર્મપ્રમાણે વરતનારા ઉપર સત્તા મળી તેનો મદ, ઈત્યાદિ અનેક મદ, તથા માદકપદાર્થોના મદ, એ સર્વ મદ; જે, વિચારકરી તેમદોના ત્યાગ કરશે, અને પોતીકા સુખ દુઃખ

પ્રમાણે સર્વ પ્રાણિમાત્રોને થાતું હશે એવો વિચાર કરી જે પરોપકારનેઅર્થે, અને ઈશ્વર પ્રાપ્ત્યર્થ, સર્વ કાંમો નમ્ર થઈ વેદોક્તધર્મ પ્રમાણે તથા નીતી ન્યાયથી કરશે, તેજ સત્સમાગમી થઈ આત્મજ્ઞાને કરી તરશે, અથવા તરવાના માર્ગે લાગી અન્યજન્મ મનુષ્યનો લઈ પૂર્ણ જ્ઞાની થઈ તરશે એવાસ્તે, મદ, ગર્વ, અભિમાન, અક્કડબાજપણું, દંભ, કપટ, દુષ્ટપણું, વિશ્વાસઘાત, તથા મનુષ્ય પશુપક્ષ્યાદિકની હિંસા ચોરી, માદક પદાર્થો સેવન, સાધૂનો દ્રોહ, પરધન પરદારા હરણ, મતમચાવ્યાનો અભિમાન, અનૃત, દ્વેષ, મત્સર, ક્રોધ, લોભ, મોહ, કામ, એઓનો ઘાતકી કામમાં ઉપયોગ કરવો, તથા શઠ, નષ્ટ. ખલ, દુર્જન, તથા ગંઠી છોડાપણું, રસ્તા પાડવા, ધાડનાખવી, યાતના કરવી, પશુહરણ, ક્ષેત્રવૃત્તિહરણ દેવાલયો તથા ધર્મસ્થાનો એનો ભંગ, તથા વેદોક્તધર્મ ડુબાવવાની ઈચ્છા, ઇત્યાદિ દુષ્ટકર્મો છોડશો, તોજ તમે મનુષ્ય, નહીં તો મનુષ્યના આકારે જન્મ પાંમ્યાંછો, પણ શ્વાન શૂકર પશુ પ્રમાણે તમે પશૂ કિંમ્વહુના તેથી નીચ.

૨૨ જીવરૂપી આત્માએ પોતાના સ્વભાવે કરી જો હાલનો મનુષ્ય દેહરૂપ જન્મ લીધોછે, અને તેજ આત્મા હાલનું શરીર મરીગયું પછી ગીતાનો અધ્યાય પંધરમો શ્લોક સાતમાં તથા તેરમાં પ્રમાણે, જીવાત્મા આકર્ષણશક્તીરૂપ તત્વછે, એથી રેહેછે, એવું આસ્તિકપણું છે, તો હાલના શરીરરૂપ જન્મ લેવાપ્રમાણે પુનર્જન્મ શરીરપણ, આત્મા પોતાના સ્વભાવેકરી ધારણ કરશે એવો ન્યાય થાયછે, એ ન્યાયઉપર વાદ વિવાદ કરો, એટલે પુનર્જન્મ બાબત નિશ્ચય જાણવામાં આવશે,

તેથી એ ન્યાય, તથા બિજા ન્યાય, એજ ગ્રંથમાં લખેલાછે; તે જુવો.

૨૩ વેદોક્તધર્મના આધારે કરી સર્વ મતોનું ખંડણથાયછે, પણ તે મતોમાં ભળેલા લોકો, એટલે તે મતોના જમાવના લોકો જે તેઓને ફરી વેદોક્તધર્મમાં લાવવાસારૂ યુક્તી ચલાવવી જોઇયે, અથવા ચાલીપણ જોઇયે.

૨૪ જેમ ઇંદ્રિયો મનને જોરાવરીથી વિષયો ઉપર હડશેલેછે, તેમજ મનપણ ઇંદ્રિયોને વિષયો ઉપર જોરથી ધકેલેછે, એસારૂ ઇંદ્રિયોના દમન અર્થે કર્મકાંડછે; તથા મન શમનાર્થ સાકાર મૂર્ત્તિનું ધ્યાન વગેરે ઉપાસના કાંડછે, તથા જ્ઞાનકાંડ એ તો નિરાકારનો હૃદયકરી અજ્ઞાન અવિદ્યાનો નાશ કરી નિરાકારજ કરીનાખેછે, એવું છે, એવો વેદના ત્રિકાંડોનો મર્મ છે.

૨૫ શુક્યોગિંદ્રના, દસહજાર વર્ષો નિર્વિકલ્પ સમાધીમાં રેહેવાની રીતપ્રમાણે, સમાધીયેકરી શરીરની તાટસ્થતામા જેહેનો જેટલો વખત જશે, તેટલા વખતમાં, તેહેના કેશ કિંવા નખો, કિંવા એપ્રમાણેજ અન્ય શરીરના ભાગો ઇત્યાદિ વૃદ્ધિંગત થવાના નથી.

૨૬ ગણેશચોથે ચંદ્રમા જુવો નહીં, એ અર્થ વેદાંત શાસ્ત્રપર છે; એટલે ઇંદ્રિય ગણોનો પતી (એટલે ધણી) જે આત્મા, તેહેની જે શિવસ્વરૂપનાવિશે એટલે સ્વસ્વરૂપનાવિશે રમવાની તૂર્યાનામની ચતુર્થ અવસ્થાછે, તેજ વરદ ચતુર્થી સમજવી; એવી તે અવસ્થામાં જાતાં છતાં, મનથકે પુરૂષ સૂક્ષ્મમાં કથ્યાપ્રમાણે થએલા મનનાસંકલ્પો જે ચંદ્રરૂપી છે, તેહેની તરફ જે જોશે, તે જન્મમરણના આપજાળમાં પડશે,

એસારૂ ત્રણ અવસ્થારૂપી સર્વકાળમાં મનના સંકલ્પરૂપી ચંદ્રમાની તરફ જોવું હોયતો જુવો, કેમકે એ વ્યવહારજછે, પણ જીવાત્માની ચોથી જે વરદ અવસ્થા (એટલે ચતુર્થી અવસ્થા) તેહેની પ્રાપ્તીના વખતમાં આત્મા જે ગણપતી તેહેની તરફજ સર્વોયે લક્ષ આપવું, મનનાં સંકલ્પરૂપી ચંદ્રની તરફ જોવું નહીં, એવા આત્મજ્ઞાનના સ્મરણસારૂ ભાદ્રપદ શુદ્ધ ચતુર્થીએ બાહ્ય ક્રિયાઓ સ્મારકછે તથા અવતારની પૂજા છે, એવાસ્તે ઓ સમજુલોકો, વેદમાએલા વેદાંતશાસ્ત્રનો વેદોક્તધર્મના ગ્રંથોને આધારછે, તેથીજ એ વેદોક્તધર્મના સર્વ ગ્રંથો માએલી કલ્પનાઓની એકવાકયતા કરવી એનો સેહેજ છે, જુવોકે ઉન્મતપણાથી બડબડ કરનારાના શબ્દોનોપણ વેદાંતપર અર્થ થાયછે એસારૂ વેદાંતનો આધાર પકડો, અને સંશયનું જાળું બાળી તરો.

૨૭ જન્માંધને સ્વપ્નમાંપણ દેખવાપણું નથી; મધ્યેજ આંધળો થયો હોય તેહેને છે, એ ન્યાય પોતાના કર્મો પોતાના જાણીવમાં એટલે જ્ઞાનરૂપી વૃત્તીમાં રેહેછે, તથા મરવાપછી તેઓનો આકાર સ્વપ્નપ્રમાણે ભોગસૃષ્ટીરૂપ ઉદ્ભૂત થઇ વગર ભૂલે ભોગભોગવવા પડેછે, એમાપ્ત છે.

૨૮ ચુનોજેપણ માખણજેવો સ્પર્શથી અનુભવમાં આવેછે તોપણ ચુનામાં માખણના ગુણો નથી; એદૃષ્ટાંતપ્રમાણેજ મ્લેચ્છમતવાદીઓએ એટલે નિંદક ઉપદેશકોયે જોપણ શાંતીની મુદ્રા દેખાડી તોપણ શાંતીના ગુણો મ્લેચ્છ મતવાદીઓમાં એટલે નિંદક ઉપદેશકોના અંતરમાં) નથી, જુવો સર્પ જોપણ શરીરથી મૃદુ તથા થંડોછે, તથાપિ તેહેના મુખમાં કાળકુટ એટલે વિષછે, તેપ્રમાણેજ મ્લેચ્છમતવાદીઓના

ઉપદેશકો ઊપર ઊપરથી પ્રીતીના વેષો દેખાડે છે, પણ તેઓના અંતઃકરણમાં વેદોક્તધર્મબાહ્ય ક્રિયાઓ સ્થાપન કરવાનો, તથા શુદ્ધ આચાર અને વિચાર ડુબાવવાનો મુખ્ય હેતુ છે, એથી સાવધ રેહેવું, કેમકે માંખણના નામથી ચુનો ખાધો કિંવા થંડ્ણીને સર્પને આલિંગન આપ્યું, તો નિશ્ચયે મરણ આવશે, તેપ્રમાણેજ મ્લેચ્છમતોના ઉપદેશકોની વાતોનો અંગિકાર કર્યો, અથવા તેઓનો સમાગમ ખાવા પીવામુધી કર્યો, તો નિશ્ચયેથી મરવાપછી નરકમાં પતન થશે, એ વિચાર ધ્યાનમાં રાખી સાવધ રેહેવું.

૨૯ કોઇ બોલ્યો કે હુંબરાનું ફુલ સોનાનું હોયછે, તેહેને ચતુરે ઉત્તર આપ્યો કે, હોયછે, પણ તે વંધ્યાસુતને માત્ર દેખાયછે, બિજાની નજરે આવતું નથી; સારાંશ પ્રશ્નમાએલું સાચાપણું જોવું, એજ ઉત્તર આપવો ચતુરાઇનું સમઝવું, એ પ્રમાણે નાદે લગાડી ફસાવનારાના બોલવાનો પેહેલાંથી વિચાર કરવો, એટલે તે લુચ્ચો કિંવા સાચો એ સમજવામાં આવેછે.

૩૦ અરે ઝીણી સોયના નાંકામાં દોરો પરોનારાને કુવાડાના તથા કોદાળીના અથવા પાવડા વગેરે સ્થૂલ નાકામાં, હાથો પરોવવો શું કઠણ! તેપ્રમાણેજ આત્મવિદ્યાએકરી મારી સૂક્ષ્મ બુદ્ધિ થઇ છે, તે મુને અન્ય વિદ્યાઓ ખબર પડવી શું અશક્ય! વિચાર કરો.

૩૧ રામદાસ તથા તુકારામ ઇત્યાદિ સાધુઓને, મુસલમાન વગેરે પ્રજા ઘણી મળતી હતી, તેથી તે પ્રજા માએલા સર્વ લોકોએ પોતાના મતનો અભિમાન છોડ્યો? અને તે તર્યા? એવું થયું કે શું? નહીં નહીં; જેઓએ સાધુનો

સમાગમ તથા સાધુના ભાષણ માએલા અર્થની તરફ લક્ષ આપી સાધુના જ્ઞાનનો સમાગમ કર્યો, તે લોક તર્યા, એમાટે, એવોજ સાધુસમાગમનો અર્થ સમજવો વિપરીત બોલવું નહીં.

૩૨ ગાયના સરખા પશુઓના દેહમાં ઉત્તમ તથા સ્વચ્છ દેહ નથીજ નથી, એ સારૂ, ઘેરેઘેર વિસ પચ્ચીસ ગાયો રાખી, ગાયોનાં છાંણથી તથા ગોમુત્રથી ગ્રહ સ્વચ્છ કરવું; તથા ખેતરોને ખાતર તથા બાળવાને છાણાં કરવાં, તથા તેહેના પુત્રપાસેથી એટલે બળદ પાસેથી અનેક કાર્યો કરાવવાં, અને દુધેકરી કુટુંબનું પોષણ કરવું, એવો એ ગાયોના રક્ષણમાં અતિ ઉત્તમ, તથા મોટો ફાયદો છે તે ધ્યાનમાં રાખી, હવેથી દુષ્ટોએ ગાયોનો છળ કરવો નહીં; અને જો દુષ્ટ લોકો ગાયને પીડા દેશે તો સારાલોકોયે તેઓને શિક્ષા કરવી, શિક્ષા કરવી, શિક્ષા કરવી, અને બળદીયા, તથા ગાયો, સસ્તા ભાવે મળે એવું કરવું; એટલે જે કોઈ ગાયને ઇજા આપશે તેહેના કાંડાં કાપી નાખવા, એવી શિક્ષાના કાયદાથી, દુધ, દહી, ઘી, સસ્તા થશે, તથા ખેતી કરનારા લોકો સુખી થશે, તથા પોતાથી મરેલું પણ ખાવા આપવું નહીં, એટલે અશોક વન વિધ્વંસ ન્યાય થવાનો નહીં; એ વાતઉપર ઉત્તમલોકોએ પૂર્ણ લક્ષ આપવું તથા ગાયને પીડાકરે તેઓના કાંડાં કાપીનાખવાં અવશ્ય, એમાં ફાયદો છે.

નાસ્તિકોને જીતવાના વાદ.

પ્રકરણ ૨૨ મું.

૧ અરે નાસ્તિક, ભૂગોલ ઇત્યાદિ અનંત ગોલોની આકૃતી તથા પરિમેયતા, એનો જ્ઞાનતત્વના આકર્ષણ શક્તીયે, પરમાણુંઓનું આકર્ષણ કરીને બાંધી, તેવી, તેજ જ્ઞાનતત્વના આકર્ષણ શક્તાયે, કઇ વસ્તુ લઈ, એકએક પરમાણની આકૃતી તથા પરિમેયતા બાંધી, એવું તુંજાને અને એનો સૂક્ષ્મ વિચાર કર, અને એવું સમજ કે, સર્વ પરમાણુંમાં એકજાતની ગુરૂત્વાકર્ષણ શક્તી છે, તેહેનો પરમાણુઓના આદ્યંતે નાશ નથી; તસ્માત્ સર્વપરમાણુઓની જાતજ આકર્ષણશક્તી જેતત્વની તેતત્વ છે, તથા આકર્ષણશક્તી જેતત્વનીછે તેતત્વજ સર્વપરમાણુંરૂપ થએલું છે, એકારણસાર ત્રેસઠ જાતનાતત્વોછે, તથા તે અવિનાશી છે, તથા તેઓને એકજાતિત્વ નથી, એબોલવું, જે. અર્વાચિન પુસ્તકોમાં છે, તે પુસ્તકો તદન ખોટાંછે, અને વેદોક્તધર્મના પદાર્થવિજ્ઞાન પુસ્તકોમાંતો જ્ઞાનશક્તી, તથા આકર્ષણશક્તી, જે તત્વના અંગવિશે છે, તેતત્વજ પંચભૂતાત્મક થયું, તેથી પંચભૂતોની જાતજ તે મૂળનું એક આકર્ષણશક્તીયુક્તજ્ઞાનતત્વછે, એવું ઘણેક ઠેકાણે વેદોક્ત ધર્મના પુસ્તકોમાં કહેલું છે, તસ્માત્ તેજ પુસ્તકો સાચાં, તથા પૂર્ણ છે, એ ન્યાયથી તથા વાદવિવાદથી તું સમઝ, અને એવું જાણ કે, નિર્વાતસ્થળમાં આકર્ષણ શક્તીછે, તથા અગ્નિમયસ્થળમાં આકર્ષણશક્તીછે, તથા ઉદકમયસ્થળમાં આકર્ષણશક્તીછે તથા ભૂમીના એટલે પરમાણુંના અંગમાં તથા તેઓના સચ્છિદ્રતામાં પણ આકર્ષણશક્તી છે, તસ્માત્ આકર્ષણશક્તીયુક્તતત્વજ પરમાણું રૂપની આકૃતી તથા પરિમેયતા એ રૂપથી શોભાયમાન છે તથા સૂર્યગોલ અને ભુગોલ વગેરે અનેક ગોલોની આકૃતી, તથા પ્રાણિઓની શરીરાકૃતી તથા તેઓની પરિમેયતા ઇત્યાદિ રૂપેકરી, આકર્ષણ શક્તીયુક્ત જ્ઞાનવાન ઇશ્વરતત્વજ શોભિવંતછે તથા તે આકર્ષણ શક્તીયુક્ત જ્ઞાનવાન ઇશ્વરતત્વ પરમાણુંમાં પણ છે, તથા પરમાણુંઓથી તે છેદાતું નથી, તસ્માત્॥ નૈનંછિંદંતિશસ્ત્રાણિ ॥ તથા અગ્નિમયસ્થળમાં છે પણ તેનું દહન થાતું નથી, તસ્માત્ ॥ નૈનંદહતિપાવકઃ ॥ તથા જળમયસ્થળમાંછે પણ તે કોતું નથી તસ્માત્ ॥ નચૈનંકલેદયંત્યાપો॥ તથા વાતાકર્ષણેકરી કાચપાત્રમાએલોવાયુ સોસાણો અને નિર્વાત સ્થળ કહ્યું, તથાપિ તેનિર્વાતસ્થળમાંપણ હોયછે, પણ વાયુથી સોસાતું નથી તસ્માત્॥ નશોષયતિમારૂતઃ ॥ ઇત્યાદી ભગવતગીતાનો અધ્યો બિજો શ્લોક તેવીસ તથા ચોવીસ પ્રમાણે આકર્ષણ શક્તીયુક્ત જ્ઞાનતત્વ અચ્છેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અશોષ્યછે, તથા તેનો અનુભવ આ જગતમાં પ્રત્યક્ષ છે, તથા ભગવતગીતા અધ્યાય ૧૫ પંદરમા શ્લોક તેરમાં પ્રમાણે, પંચભૂતોને આકર્ષણકરનારૂં તેજ ઇશ્વર તત્વછે, તથા જીવાત્માઓ, એ તેહેના સ્વગત ભેદ નથી; પણ ભિન્નછતાં તત્સજાતિય તથા આકર્ષણશક્તીયુક્તજ્ઞાનતત્વરૂપી છે, તથા જીવાત્માઓ, એ ઇશ્વરનાઆકર્ષણેકરીધરેલાપરમાણુંઓને, કિંચિત્ પોતાના આકર્ષણમાં, શરીરનાંઆકારમાં ધરેછે, તસ્માત્ તે જીવોને; જેમ રાજા, તથા ખેતી કરનારા, એ બેજણને; ભૂમીના, સમષ્ટિ, વ્યષ્ટિ, અભિમાનેકરી; રાજાના ખેડુતલોક અંશ, તેવું અંશ-

પણું, ઈશ્વરના ઠેકાણે જીવોને આવ્યું; એવું ભગવતગીતા અધ્યાય ૧૫ પંદરમાંના સાતમાં શ્લોકમાં છે, તથા તે જીવાત્માઓ આકર્ષણશક્તિયુક્તજ્ઞાનતત્વરૂપ છે, એઓ પરમાણુંને આકર્ષણકરી મનોમય મનોરાન્યસૃષ્ટી રચેછે એ ઉપરથી પ્રત્યક્ષ અનુભવછે, વથા તે જીવાત્માઓ આકર્ષણ શક્તિયુક્તજ્ઞાનતત્વછે, તેથી ઈશ્વરપ્રમાણે અચ્છેદ્યાદિ ધર્મથી યુક્ત છે, તથા ઈશ્વર જેવા પરમાણુંઓનું ઉપાદાન કારણ તથા પરમાણું તત્કાર્ય છે, તેપ્રમાણેજ તે ઈશ્વરની જાતના જીવાત્માઓ છે, તેથી તે પરમાણુંઓનું સંયોગી ફળ નથી; તથા જે કર્ત્તા, તે પરમાણુંઓનું સંયોગી ફળ નથી; તે કર્ત્તા, પરમાણુઓના વિયોગેકરી તેઓનો નાશ થતો નથી; તથા સર્વ તત્વોની એકજાતછતાં પેહેલાં તેઓએ શરીર ન છતાં શરીર ધર્યાં તે ફલાણીજ જાતનાં ધારણ કર્યું એવું નથી; તેથીજ પુનર્જન્મશરીર ફરી અનેકજાતના ધારણ કરશે એમાં સંશય નથી, અસ્તુ. ઇત્યાદિ ન્યાયને, ઓ નાસ્તિકો, વાદવિવાદ કરી સમજો, અને નિશ્ચય ખબર પડવાં પછી તરવાના ઉપાય સારૂ, ઈશ્વરતત્વ થકે, તથા જીવતત્વથી જુદીજાતનું અચલ નિરાકાર તત્વ છે, તે નિરાકારના સર્વ ઠેકાણે ભરેલા અસ્તિત્વમા અમારા ભિન્ન જાતના જીવરૂપી અસ્તિત્વો રેહેવાને, નિરાકાર વિના ખાલી જગોજ નથી; તસ્માત્ અમે નથીજ, તથાપિ અમે છૈયે એવું લાગેછે, તેથી અમો કઇ વસ્તુ છૈયે, એવું નિરાકારનીધારણામાં જુવો, એટલે ઓનાસ્તિકો, જીવતત્વથી તમોનેતમો મિથ્યા જોશો, એટલે નહીંસાનથશો, અને નિરાકારના અસ્તિત્વે કરી નિરૂપાધીછો તેવાજ રેહેશો, પણ આ લખેલો નિયમ સમજશો

તોજ નાસ્તિકપણું નસાડી આ આસ્તિક જ્ઞાન સમજશો, અને સમજશો તોજસુખપામશો હું બ્રહ્મચારી બાવાછું, હું તમોને વાદથી જરજરકરી, બોધકરી, તમારા જ્ઞાનેકરી તમોને તારનારો છું.

૨ અરે નાસ્તિક, કાગળના આધારેકરી વર્ણ લખેલા ભાસેછે, પણ કાગળછે ત્યાંહાં શાઇનો વર્ણરૂપકીચડ નથી, તથા શાઇનો વર્ણરૂપીકીચડછે ત્યાંહાં કાગળ નથી, પણ કાગળના આધારવિના શાઇએલખેલાઅક્ષરો નથી ઇત્યાદિ એ દૃષ્ટાંત પ્રમાણેજ કાગળ સ્થાનાપન્ન પોલાણપણું છે, ત્યાંહાં વર્ણસ્થાનાપન્ન પરમાણું નથી, અને વર્ણસ્થાનાપન્ન પરમાંણુંછે ત્યાંહાં કાગળસ્થાનાપન્ન પોલાંણ નથી; પણ કાગળસ્થાનાપન્ન પોલાણના આધારવિના, વર્ણસ્થાનાપન્ન પરમાંણુંને અસ્તિત્વ નથી. જુવોકે કાગળનો નાશ થયો તો તેઉપર લખેલા અક્ષરોનો નાશ થયો, તે પ્રમાણેજ પરમાણુંના આકારની જગોછોડી જે જગો રહી, તે જગો, નિરાકૃતી નિરાકારછે, તથા પરમાણુંનીઆકૃતીરૂપ જગોનીવિરૂદ્ધ નિરાકૃતીછે, એટલે પરમાણુંને, પરિમેયતાછે તથા પરમાણુંથી વિરૂદ્ધ નિરાકાર, એ અપરિમેયછે, વગેરે પ્રકાર સમજવા, અને જે નિરાકારતત્વરૂપીપરમાત્મા, પરમાણુંનીપરિમેયતાબાહેર સર્વ ભરેલોછે, તેથી તેમાં પોલાણ પણું નથીજ નથી, તથા કાગળસ્થાનાપન્ન પોલાંણ પણંજ નથી તો વર્ણસ્થાનાપન્ન પરમાણું તે પણ નથી; અને પરમાણું નથી તો, અરે નાસ્તિક તારૂં શરીર જે પરમાણુંનુંછે તે પણ નથી, તથા તું શરીરને જાણનારો કોઇછે એવું કહીયે તો, તે, તું પણ નથીજ, કેમકહીને પુછીસ તો, જાણવાના

પદાર્થના ઠેકાણે જાણનારો નથી હતો, એ ન્યાયેકરી, નિરાકાર નથી એવિતો નિરાકારવિનાની બીજી ખાલી જગોજ નથી, કે ભિન્ન જગોઉપર જગત હોય ! પછી નિરાકારે તેહેને જાણવું ! તેથીજ સર્વ જગોયે ભરેલા નિરાકારમાં ભિન્ન જગોજ રહી નથી તેથી નિરાકાર પરમાત્માના ઠેકાણે જગતનું અસ્તિત્વ કિંવા સાક્ષિત્વ નથી, અને એનાસ્તિક, તું પોતાના જ્ઞાનેકરી જગતને જાણે છે તસ્માત્ તું નિરાકાર નથી, હવે કેમકહીશતો, તું નિરાકાર હોત તો, જગતને જાણવાનું નિરાકારનુંલક્ષણ તારામાં હોત, પણ તે નિરાકારનુંલક્ષણ તારામાં નથી. તસ્માત તું નિરાકાર નથી; તું કોઇપણ નિરાકારથી ભિન્ન છે, હવે તું સત્યછે એવું કહીયે તો, એકઠેકાણે બે અસ્તિત્વો રેહેતાં નથી એવા ન્યાયેકરી સર્વ ઠેકાણે ભરેલા એક નિરાકાર અસ્તિત્વમાં તારૂં ભિન્ન અસ્તિત્વ; કેમ રેહેશે, તસ્માત્ જગતને જાણનારા રૂપેકરી તારૂં અસ્તિત્વ મિથ્યા છે, હવે તું કહીશકે મારૂં નિરાકારથકે જુદું જે મિથ્યા અસ્તિત્વ, તે મિથ્યા રૂપેકરી છેના ? તો વંધ્યાસુતના અસ્તિત્વ પણાનો અર્થ દીકરોનથીજ એવોથાયછે, તેવોજ મિથ્યા તું છે, એ શબ્દનો અર્થ તું નથી, એજ સમજવો, અને અરે નાસ્તિક તું મિથ્યા છતાં એટલે તું મુળેજ ન છતાં અહંબ્રહ્માસ્મિ, ઇત્યાદિ જે ચારેશરીરનો અભિમાન ધરેછે તેજ તારૂં વિપરીતઅજ્ઞાન છે એટલે હું અહંપણું ધરનારો મિથ્યા છું એવું નસમજવું એ જે મૂળનું મહતઅજ્ઞાન, તેઅજ્ઞાનનો વિપરીતઅજ્ઞાનભાવ, તેજ અહંદેહ કિંવા અહંબ્રહ્મ ઇત્યાદિ અભિમાન સમજવો અને તે અજ્ઞાનનો નાશ, નિરાકારના અસ્તિત્વમા હું નથીજ એવા જ્ઞાનેકરી કરી, પછીની

જે સ્થિતિ, તેજ સ્થિતિમાં રેહેવું. જો કે, હું બ્રહ્મચારીબાવા છું, અરે નાસ્તિક સાવધ થા.

૩ અરે નાસ્તિક, તું કહીશકે, જે તત્વની આકર્ષણ શક્તી તથા જ્ઞાનશક્તી છે, તેજ નિરાકાર એક તત્વ છે એવું અમે કહ્યું, અને તે આકર્ષણશક્તિયુક્ત જ્ઞાનતત્વેકરી પરમાણુંઓની અક્ષયતા કહી તો કીયો બાધ આવશે, તો, અરે નાસ્તિક સાંભળ કહુંછું, અરે તારા જ્ઞાનમાએલીવાત ભિન્નના જ્ઞાનને ખબર પડતી નથી; એ ઉપરથી પરસ્પરોનું આકર્ષણ શક્તિયુક્ત જ્ઞાનતત્વ ભિન્ન ભિન્ન એટલે જુદું-જુદું છે એવું અનુભવસિદ્ધથયું તથા એવાં જ્ઞાનયુક્ત અને આકર્ષણ શક્તિયુક્ત જીવતત્વો, એકજાતનાંછતાં જુદાજુદા છે, તથા સમષ્ટીરૂપી આકર્ષણ શક્તિયુક્ત જ્ઞાનતત્વરૂપી ઇશ્વરની સજાતીય છતાં તેથી જુદાં છે, તથા એ સર્વને જુદા જુદાપણું છતાં એઓમાં જગતનું સાક્ષિત્વ છે, તેથી એઓને નિરાકારપણું નથી કેમકે પરમાણુ જે તેનાં લક્ષણ વિરૂદ્ધ નિરાકારનું લક્ષણછે; એટલે નિરાકારના અંગે અચળપણું, તથા એકયપણું, તથા અપરિમેયત્વ, તથા ભેદાભેદાતીતપણું, તથા ગુરૂત્વ વિરહિતપણું તથા વિભાજ્યત્વ વિરહિતપણું, ઇત્યાદી નિરાકારના લક્ષણોછે, તે લક્ષણો, આકર્ષણ શક્તી જેતત્વની છે તે તત્વનાં અંગે નથી; એટલે એકયપણું નથી; તથા અપરિમેયત્વનથી; ઇત્યાદિ સમજાણા, તેથી આકર્ષણશક્તી જેતત્વની હશે તેતત્વ મુખ્યકરેહેવું તથા તેહેનેજ નિરાકાર કેહેવું એ સદોષછે, કેમકે, એને અનેક બાધ આવ્યા, એમાટે, અરે નાસ્તિક, તારાતર્ક ચાલવાના નથી; જો હું બ્રહ્મચારી બાવા છું.

૪ અરે નાસ્તિક તું કહીશકે, અડંપણું ધરનારા જ્ઞાન-સહિત સર્વ જગત મિથ્યા છે સાચું; પણ તે સર્વ મિથ્યા જગતને સત્ય નિરાકારનો આધાર તો છેના ? પણ અરે નાસ્તિક, મિથ્યા એ શબ્દાર્થના વિજ્ઞાનની તરફ જોઈશ, તો એવું વાચારંભણ કરવાને શરમાઈશ, કેમકે, વંધ્યાસુત મિથ્યાસાચો, પણ તેહેને આધારતો વંધ્યા સાચીના ? એ બોલવું કેટલું મૂર્ખપણાનું છે ? તેમજ અરેનાસ્તિક તેપણ બોલવું છે.

૫ કેટલાક નાસ્તિકો કેહેછે કે, વીર્ય પતન થએલું જેવું લુઈ નાખીયે તેવું મરણ છે તે વીર્યમાં જીવ ક્યાંહાં હોયછે ? તથા મરવાપછી અથવા વીર્ય લુઈ નાખ્યાંપછી ક્યાંહાં જાયછે ? તથા ક્યાંહાંથી આવેછે, એ અમસ્તી વાતો છે, તેઉપર આસ્તિક કેહેછે કે અરે નાસ્તિક, પ્રારંભના (એટલે પેહેલાના મનુષ્યરૂપી પુરૂષ તથા સ્ત્રી, એ કેમ થયાં ? તથા અન્યપ્રાણિઓના જોડલાં કેમ થયાં ? તથા જુવાર, બાજરી; ભાત, કેમ થયાં, એટલે એઓના બીજો શિરીતે થયાં, એનો વિચાર કર. એટલે માતાના પેટમાં વૃદ્ધી થાવી, તથા બાપના પેટમાએલા રેતને આકર્ષણ કરવું, એમાં કામોત્પત્તિની વખતે, જન્મ પામનારાનો વાસનાત્મક લિંગદેહ, વીર્યને ખેંચી, પિતારૂપી પુરૂષના સંકલ્પ, મૈથુનનાં અંતે નહીંસા કરી, માતાના ગર્ભકમળમાં પેશી જન્મ લેછે, તથા કેળાના અંગુઠા જેટલા કોંટામા સૂક્ષ્મ કેળાં, તથા પાનડાં છે તેમજ રેતની અંદર, જન્મે આવનારાના સૂક્ષ્મરૂપી લિંગદેહ તથા અહંપણું ધરનારૂં જ્ઞાન છે, તેથીજ તેજ્ઞાન ઉદય પામેછે, એ, બીજમાં અનુભૂત વૃક્ષ છે તેથી ઉત્પન્ન થાયછે એ દૃષ્ટાંતથી સમઝ, એઉપર નાસ્તિક કેહેછે કે સાચું રે સાચું! બીજમાં હોય તોજ

વિસ્તાર પામે, તસ્માત્ વીર્યમાં જ્ઞાનરૂપી જાણવાપણું એતો બીજમાં વૃક્ષ એ ન્યાયેકરી જોઈયે એ આસ્તિકપણું યથાર્થ તથા સાચુંછે તથા સપ્રમાણ છે.

૬ કેટલાક નાસ્તિકો કેહેછેકે, માથામા મેંદુ એટલે મગજછે તેથી જ્ઞાનછે, જો મેંદૂ એટલે મગજ બગડ્યો તો જ્ઞાન ગયું પછી પુનર્જન્મ શેનો, વ્યર્થ બોલવુંછે ! તેઉપર આસ્તિક બોલેછેકે, અરે નાસ્તિક, મેંદૂ બગડવાંથી વિચાર માત્ર બગડ્યો, કેમકે વિચાર કરવાનું દ્વાર જે મેંદૂ તે બગડ્યો, પણ જ્ઞાન તથા તેહેની વિચાર કરવાની શક્તિ તે જીવનાં અંગે કાયમછે; તથા મેંદૂ થકે એટલે મગજ થકે જીવરૂપી જ્ઞાન પૃથકછે, એવું એ જ્ઞાન; જે જેહેને જાણેછે તે તેથી જુદો, એ સિદ્ધાંતનાં હિસાબે કરી, જે કોઈ અંતર બાહ્ય વિચાર કરી હિસાબ જોશે તેહેને ખબર પડશે, એવાસ્તે હિસાબે બોલવું, તથા સિદ્ધાંતે ચાલવું, તે ઉપર નાસ્તિક, હિસાબે કેહેછેકે, આસ્તિક સાચું ઠરેછે, વાસ્તે હું હાર્યો.

૭ નાસ્તિકને સદુપદેશ, અરે નાસ્તિક, આકર્ષણ શક્તિ તથા વિચાર શક્તિ તથા કલ્પના શક્તિ, એ શક્તિઓ, જે જ્ઞાન કહીને સર્વ તત્વોનું મૂળ તત્વછે તેહેનીઓછે, એવું સમષ્ટીના આકર્ષણ શક્તિનો, તથા પદાર્થ નિર્માણ કરવાના કલ્પના શક્તિનો, તથા નિયમ કરવાના વિચાર શક્તિનો તું વિચાર કર, એટલે તુંને ખબર પડશે, તથા તું પોતે પોતાને શરીરની અંદર વ્યષ્ટિરૂપ જેછે, તે તું વિચાર શક્તિ, તથા કલ્પના શક્તિ, તથા આકર્ષણ શક્તિ, એઓનો જનીતાછે એવું જોઈશ ; અરે ભાઈ, શરીરપિંજરા માએલી પોલાણમા પેહેલું

તત્વ તુંછે એવું સમઝ. એટલે તારામા સર્વ કલ્પનાઓછે, તે તું, શરીર મરવાં પછી રેહેછે એ તારા જાણવામાં આવશે, અ. ને જો તુંને તું નિરાકારપણાએ જોઇશ તો, ફરી જન્મ મરણ. રૂપી ફેરામાંથી છુટીશ (એટલે મુક્તથઇશ) અને એ માર્ગપ. ણ તુંને પ્રિય લાગશે, એઉપર નાસ્તિક કેહેછે, હે ગુરૂમહારા. જ, હવે મારૂં મત ખંડન થઇ, મુંને આત્મજ્ઞાનનો ખરો માર્ગ પ્રિય થયો, એ સત્સમાગમનું ફલછે, આહારે દેવાદિદેવ ! હે ઇશ્વર ! તું ધન્યછે ? જો કે હું તારો નાહાનોસો સેવક્છું મારી ઉપર કૃપાકર, એ પ્રાર્થના નાસ્તિકે નાસ્તિકપણું છોડીદઇ ક. રી, અસ્તુ.

૮ હિંદુસ્થાન દેશમાં, જે વેદ લખવાને યોગ્ય એવી દેવનગરી પૂર્ણ લીપી (એટલે બાળબોધ લીપી, એ અથર્વ. ણ વેદના, ગણપતી અથર્વશિર્ષ ઉપરથી સિધ્ધછે, તથા તે પ્રમાણેજ વેદોક્તધર્મની જે ભાષા સંસ્કૃત, કે તેનાજ આધારથી સર્વ ખંડ માએલા સર્વ દેશ ભાષાના લોક, પૂર્વે ધર્મ સમઝતા હતા, એથીજ લ્યાટીન. ગ્રીક, ફારસી, ઇંગ્લીશ, ઇત્યાદિ, જે વેદોક્તધર્મ છોડી મ્લેચ્છ થયેલા મ્લેચ્છ લોકોની દેશ ભાષા. ઓછે તેહેમાં હાલ સુધી કેટલાક સંસ્કૃત શબ્દોછે, જુવોકે પ્રથમ કશ્યપાદિક માનસ પુત્ર, બ્રહ્મદેવથી થયા, તેથીજ મા. નવ, અથવા મનુષ્ય, એવું વેદોક્તધર્મમા કેહેછે, એ સંસ્કૃત શબ્દનો અપભ્રંશ, મેન, એવો ઇંગ્લીશ લોકોની દેશભાષા. માં છે, તથા મરદુમ, એવું ફારસી ભાષામાંછે, તથા માણસ એવું ગુજરાતી ભાષામાંછે, તથા પષ્ટ, સપ્ત. અષ્ટ, નવ, એ સંસ્કૃત ભાષામાં; સાત, આઠ, નવ, એ આંકડાઓનાં ના. મોછે, તેહેનોજ કિંચિત્ અપભ્રંશ, ઇંગ્લીશ લોકોના ઉચ્ચાર.

માંછે, એટલે સંસ્કૃતમાં ષષ્ટ તેહેને ઇંગ્લિશ સીક્સ કેહેછે તથા સંસ્કૃતમા સપ્ત, એને ઇંગ્લીશ સેવન કેહેછે, તથા સંસ્કૃત અષ્ટ તેહેને ઇંગ્લીશ એટ કેહેછે, તથા સંસ્કૃત નવ, તેહેને ઇંગ્લીશ નઇન કેહેછે, એજપ્રમાણે લ્યાટીન તથા ફા. રસી ભાષામાં સંસ્કૃત ભાષા પ્રમાણેજ અંકોનાં નામો ગણેછે, તથા ઝાડના ડાળને શાખા, એવી સંસ્કૃત શબ્દનીપ્રૌઢીછે, તે પ્રમાણેજ ફારસી ભાષામાં પણ વૃક્ષની ડાળીને શાખા કે. હેછે, તથા એકાદશ, દ્વાદશ, એ સંસ્કૃત ભાષાના ઉચ્ચાર પ્ર. માણેજ, અંકોનો ઉચ્ચાર ફારસી ભાષામાં કરેછે, એ પ્રમાણે એ સર્વ ભાષાનાં લોકોનો પૂર્વે, એટલે પ્રાચીન કાળમાં, વે. દોક્તધર્મ હતો એથી હલ્લારો શબ્દ, સંસ્કૃત ભાષાના, સર્વ દે. શની દેશ ભાષાઓમાછે, કે જેહેનો અર્થ સંસ્કૃતવ્યાકરણથીજ થશે, પણ દુરભિમાની મ્લેચ્છ લોકો અલ્પવિચારનાછે, એ. થી એવા સત્ય વિચારની ખુબીઓ શિખવીઓતોય સમઝતા નથી; એથી તે નસમજનારાઓને શતમૂર્ખ કેહેવાને કાંઇ પ્રીકરનથી; વાસ્તે બળધીયાને ચાબકો મારી શીખવ્યા પ્ર. માણે મ્લેચ્છોને શીખવ્યાવિના તેશીખવાના નથી; તથા વે. દોક્તધર્મનો સ્વીકાર કરવાનાનથી; એવા લખવાની તરફ જો. ઇ પણ તેઓએ વેદોક્તધર્મ લેવો, અને બૌધ્ધ તથા યાહુદી, તથા ખ્રિસ્તી, તથા મહંમદી એટલે મુસલમાની, ઇત્યાદી જે વેદોક્તધર્મના આસ્તિક વિચારનો ત્યાગકરનારા નાસ્તિકમતો તે છોડવા, અને પૂર્ણ આસ્તિક વિચારથી ભરેલો જે વેદોક્ત. ધર્મ, તેસ્વિકાર કરી તરવું, કેમકે, આતો સર્વ મતોના લોકો, દેવ શું ? તથા તેહેની ભક્તીશું ! તથા તરવાનું શું, એ સમ. ઝવાનું તેવું સમઝતાનથી, અને જે મતોના પંથોને તે માનેછે,

તે તરણોપાયના પંથ (એટલે માર્ગ) નથી, પણ ભૂલા પ-
ડેલા, અને વારંવાર જન્મમરણના ફેરામાંપડવાસારૂ જવાના તે
પંથછે એવું તેઓએ સમઝી, વેદોક્તધર્મ સ્વીકારવો, હું તો
દયાળુપણાંથી શીખવુંછું.

૯ જુવો, જુવો, ચારહજાર નવસો સાઠવર્ષો યુધિષ્ઠિર-
ના શક્ને, એટલે યુધિષ્ઠિરના સંનને થયાં, તથા તે યુધિ-
ષ્ઠિર રાજાની વંશપરંપરા, તથા યુધિષ્ઠિરનાં પેહેલો પાંચસો
વર્ષનો વેદોક્તધર્મનો ભીષ્મ, તેહેના પૂર્વે વેદોક્તધર્મના
રક્ષણસારૂ શ્રીરામ અવતાર થયોહતો, તે દસહજાર
વર્ષો રાજ્ય કરી ગુપ્ત થયો, એવી કથાઓ, તથા ઇ-
તિહાસ, ચોખ્ખ તથા સુરેખ અદ્યાપિ છે અને તે યુધિ-
ષ્ઠિરરાજા એટલે ધર્મરાજા, તથા તેહેનાં પેહેલાંનો ભીષ્મ,
તથા તેહેના પેહેલા શ્રી રામચંદ્ર, એ વેદને માનતાહતા, એવો
સ્પષ્ટ લેખ છે, તસ્માત ધર્મરાજાના પેહેલાનો, એટલે ચાર
હજાર નવસો સાઠ વર્ષોના પેહેલાનો, તથા રામઅવતારના
પેહેલાનો, એટલે લાખો વર્ષના પેહેલાનો વેદછે, એટલે
વેદોક્ત ધર્મ છે, એ સેહેજજ સિદ્ધ થયું, એવું છતાં, જે યા-
હુદીઓની ભાષા જંગલી, તથા મતની સ્થિતિ જંગલી, તે
જંગલીઓની જે ભિલ્લ કોળીઓ જેવી દંતકથાઓની કાહા-
ણીઓ, તે કાહાણીઓનેજ ઇતિહાસ માની જે વિશ્વાસ રા-
ખેછે, તે ઇંગ્લીશ વગેરે લોકો મૂર્ખ છે, એમાં કાંઇ સંશય
નથી; અસ્તુ. અરે ઇંગ્લીશ વગેરે લોકો વાનવી વિચાર ક-
રો, અરે નૌકા ગમન વિદ્યાના બળથી, તથા તમારા જમાત-
ના લોકોના ઐક્યરૂપી જમાવના બળથી, તથા યુદ્ધ કરવા-
ની યુક્તીના તથા કલાકૌશલ્યના બળથી, તથા વ્યાવહારીક

પરાકાષ્ટાના પ્રયત્ને કરી અથવા તમારા દેશમાં હરેક પ્રકારની
પદાર્થ સમૃદ્ધિ નોતી તે સમૃદ્ધિ પોતાને મળે એવી ઇચ્છાથી,
એવી અનેક ઇચ્છાથી તમે ઘણાજ પ્રયત્ન કર્યા, તે પ્રયત્ને
કરી, તથા હિંદુસ્થાન દેશમાંએલા લોકોમાં, ધર્મ સંબંધી
અનેક પ્રખેડા થયા, તથા વેદોક્તધર્મમાં અનેક મતો ઉત્પન્ન
થયાં, અને હિંદુસ્થાન દેશમાંએલા લોકો તે અનેકમતોના
ખટપટથી પરસ્પરના શત્રુ થયા, અને રાજ્યનીતી, તથા
ધર્મનીતી, ઘણાક મનુષ્યોમાંથી ઊઠીગઈ, તથા પરસ્પર દે-
શભાઇઓ પણાથી, તથા વેદોક્ત ધર્મ બાંધવપણાથી, એક
બિજાને કોઇ સાચ્યકરે એવું રહ્યું નહીં; એથી જે એકનો ના-
શ તથા ખેદ, તે બિજાનો લાભ તથા હર્ષ, એવી સ્થિતી
હિંદુસ્થાનમાં થઇ, તે તમોએ જોઇ, પોતીકા પ્રયત્નેકરી,
તે ઉપર જય મેળવી, સત્તાધીશ થયા, એવા કારણથી તથા
વૈરાગ્યની રિતીનો તમે ત્યાગ કર્યો એ કારણથી, ઇત્યાદિ
અનેક કારણોના યોગથી તમોને એવું લાગેછે, કે, જો હિંદુ-
સ્થાનનાં લોકોનો વેદોક્ત ધર્મ, એ ઉત્તમ હતેજ તો, આ
લોકોની આવી સ્થિતી કાં થઇ હતે ! તસ્માત એઓનો
ધર્મજ નરસો હશે ! પણ ભાઈઓ, એવું તમારૂં સમજવું
બરાબર નથી; અરે વેદોક્ત ધર્મ અતિઉત્તમોત્તમ એવોછે,
તથા તેજ એક ધર્મ છે, તથા તેમાંજ તરવાના ઉપાયનો સા-
ચો માર્ગછે, તેજ વેદોક્ત ધર્મનો માર્ગ, જેવો હું હિંદુસ્થાનનાં
લોકોને કહુંછું, તેવોજ તમોનેપણ કહુંછું, એ સારૂ પૃથ્વી
ઉપરના મનુષ્યમાત્રો ઉપર મારી એક સરખીજ કૃપાની દૃષ્ટી-
છે, પણ જે મનુષ્યો વેદોક્ત ધર્મપ્રમાણે આચરણ કરશે તેજ
નિરાકાર પરમેશ્વરની ઐકયતા પામશે, અને જે વેદોક્ત ધર્મ

પ્રમાણે આચરણ કરશે નહીં તે સર્વ મનુષ્યોની અધોગતી થશે એટલે " પુનરપિજનનં પુનરપિમરણં પુનરપિજનની જઠરેશયનં ॥ " એવી ગતી પશ્ચાદિકના જીવાત્માઓની જેવી થાયછે તેવી થશે, એ સારૂ, કેવાન ઈતિહાસો, તથા કેવાન તરકો કાઢી, વ્યર્થકાળ, અભિમાનમાં ગમાવો છે એ ઠીક નથી, કેમકે, વેદોક્તધર્મનાં આદ્યનો, ઈશ્વરની ભક્તી જ્ઞાનના વિચારરૂપી શબ્દ, અને શબ્દરૂપી જે અર્થાન્વયેકરી પદો, તે પદોમાએલો જે અર્થ તેવો પદરૂપ અર્થ એટલે પદાર્થ, વેદોક્ત ધર્મનાં આદ્યનો, ઈશ્વરની ભક્તી જ્ઞાન બાબત તથા નિરાકાર બાબત નોતો, તથા નથી; એ સારૂ મારા સરીખાનો સમાગમ એટલે સત્સમાગમ કરશો તોજ સાચું જે નિરાકાર તત્વનું ભજન, તે વેદોક્ત ધર્મપ્રમાણે તમારા જાણવામાં આવી તમારૂં તરવું થશે, તથા તારણ થવાના ઉપદેશનો ક્રમ વેદોક્ત ધર્મપ્રમાણે જગતમાં ચાલવા લાગશે, અસ્તુ. મારે ઉપદેશ કરવાનો હેતુ ઈશ્વર પૂર્ણ કરો.

૧૦ સંસ્કૃતભાષા, તથા વેદ, એહેની ક્યારે ઉત્પત્તિ થઇ તથા એ કઇજગે ઉત્પન્ન થયાં, તથા કોણે ઉત્પન્ન કર્યાં, તથા વેદ એટલે શું, એબાબત વિચાર સાંભળો, ઓ ભાઇઓ, વેદ એટલે જ્ઞાન, એ ઈશ્વરના અંગની કળાછે, તે ઈશ્વરેજ, ક્રોડો વર્ષો પેહેલાં, વિષ્ણુનો અવતાર ધારણ કરી, પોતાના જ્ઞાનનો (એટલે વેદનો) બોધ સંસ્કૃત ભાષા નિર્માણ કરી, બ્રહ્મદેવ ઇત્યાદિક જે માનસપુત્ર, તેઓને પ્રથમ કર્યો, તે બોધ એવોકે, હે બ્રહ્મદેવ, શુદ્ધ નિરાકાર પરમાત્માજ, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા હુંછું, એવું સોહં, એ શબ્દે કરી કહી, પછી ઉપદેશ કર્યો કે, હે બ્રહ્મદેવ, તત, ત્વં, એટલે

તેજ નિરાકાર પરમાત્મા, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાનો તું છે, એ જ્ઞાનકાંડના ઉપદેશને વેદ એ સંજ્ઞાછે, અસ્તુ. પછી આગળ ત્રેતાયુગમાં, વૈવસ્વતમનુ કરીને જે રાજા થયો તેહેના વખત, ફરી તેજ જ્ઞાનનો દૃઢ નિશ્ચય સર્વને થાય, અને શંકા રેહેનહીં, તેસારૂ ઇશ્વરે, વિષ્ણુઅવતાર શરીર ફરી ધારણ કરી, મુખ્ય સામવેદ, તથા યજુરવેદ, તથા ઋગવેદ, તથા અથર્વણવેદ, એપ્રમાણે ચાર વિભાગેકરી, તથા એકએક વિભાગના પેટમાં જે શાખાઓ છે, તે શાખા પ્રકારેકરી, તે મૂળના જ્ઞાનનો, એટલે વેદનો, સોહં, તત, ત્વં, એ શબ્દાર્થ પ્રમાણે, અથવા અર્થ કેહેવાસારૂ શબ્દ રચ્યા, તેપ્રમાણે સર્વને બોધ થાય તેથી કર્મ, તથા ઉપાસના, એ બે કાંડો (એટલે પ્રકરણો) સાધનરૂપી કહી, સર્વને જ્ઞાન લેવા અધિકારી કર્યા, અને ઘણે પ્રકારે આત્મજ્ઞાન કહ્યું, તે જ્ઞાનની એટલે વેદની રચના, બ્રહ્મદેવાદિક ઋષીઓએ, વિષ્ણુની આજ્ઞા પ્રમાણે સંસ્કૃતભાષામાં કરી, ઉપદેશનો ક્રમ સૃષ્ટીમાં ચલાવ્યો, એ ક્રમ, નૈમિષારણ્ય, તથા તપોવન, તથા બદરીકાશ્રમ, તથા પુષ્કર તીર્થ, એટલા ઠેકાણે પ્રથમ શુરૂ થયો, તે દ્વાપારયુગના અંતસુધી ચાલુજ હતો અને તેસર્વ દ્વીપોમાં, તથા ખંડોમા એકસરીખો હતો, પછી કલિયુગમાં ઘણાક દ્વીપોમાંથી તથા ખંડોમાંથી જ્ઞાનમાર્ગનો નાશ થઇ, જે ઠેકાણાથી પ્રારંભ થયો, તે દેશમાં માત્ર રહ્યોછે, તથા તેને જાણનારાની સંખ્યા, અને તેપ્રમાણે વરતનારાઓની સંખ્યા, હાલમાં થોડી રહેલી છે, કેમકે, વેદોક્તધર્મમાં આસ્તિક વિચારો, જે ઈશ્વરી બુદ્ધિના છે, તે માનવી બુદ્ધિ શુદ્ધ થયાવિના ગ્રહણ કરતી નથી; કેમકે, કર્મ, તથા ઉપાસના કર્યા શિવાય, આસ્તિક વિચાર,

માનવી બુદ્ધિથી ગ્રહણ થતાનથી, અને કર્મ, તથા ઉપાસના એ સાધનોતો વિષય ભોગવાની લાલચથી, તથા વિષયોના સમાગમથી, પ્રિય લાગતા નથી, એનું મુખ્ય કારણ સત્સમાગમ નથી, તથા સ્ત્રી વગેરેનો સમાગમ વિરોધ, તેતો અપૂર્ણકામીછે, એવાસ્તે સર્વ લોકો, સત્સમાગમ કરો, અને કર્મ, તથા ઉપાસના, એ વેદમાએલા સાધન માર્ગ ધારણ કરો અને અહંપણું ધરનારા જ્ઞાનપેહેલા આપણે સેહેજ નિરાકાર છૈયે તથા જન્મ મરણની ઉપાધી વગરના છૈયે, એવું અનુભવમાં લાવી તરો, અને વેદ શું ? તથા સંસ્કૃતભાષા કેણે કયા હેકાંણે તથા ક્યારે ઉત્પન્ન કરી, એવા તે સંશયરૂપી સમુદ્રમાંથી પાર ઉતરો, હું વિષ્ણુબ્રહ્મચારીબાવા રૂપેકરી તમોને કહુંછું કે વિચાર કરો.

૧૧ ઓ નાસ્તિકો, શ્રીકૃષ્ણે બાલ્યપણામાં સ્ત્રીસંગ કર્યો હતેજ તો, કામદેવ શ્રીકૃષ્ણની પરિક્ષા લેવા શાસારૂ આવત, અને હે શ્રીકૃષ્ણ તેં મને જીત્યો, એવી વસ્ત્રહરણપછી, કામદેવ એ શ્રીકૃષ્ણની સ્તુતી શાસારૂ કરતે, અરે એનો વિચાર કરો અને નાસ્તિકમત છોડો, તેવીજ બિજીવાત નાસ્તિકો સાંભળો, જુવો, ઇંદ્રજીતે માઈક સીતા કરી, તેહેનો વધ કર્યો તેથી સત્ય સીતા મરણ પામી નથી, એ દાખલાપ્રમાણેજ, માઇક અનેક શ્રીકૃષ્ણરૂપો ગોપીની ભાવના જેવા પ્રગટ થઇ ગોપીઓના મનોરથ પૂર્ણ થયા, તેહેનો, સત્ય શ્રીકૃષ્ણને, અપવાદ લાગતો નથી; તેવીજ ત્રિજીવાત નાસ્તિકો સાંભળો, જુવોકે વિષ્ણુએ, માંઇક જલંધર દૈત્યરૂપ ઉત્પન્ન કરી, વૃંદાનું સત્વ તેપાસેથી જોવરાવ્યું, તેહેનું કલંક વિષ્ણુ અવતારને નથી; કેમકે એમાં વૃંદાનો ગર્વ ગયો, જુવો તેથી

વૃંદાને વિષ્ણુભક્તી પણ ઉત્પન્ન થઈ; તેણે વરદાન માગ્યું કે, મારાથી તારી પુજા જોઇયે એવી મારીઉપર તારી પ્રીતિ થાઓ તે વૃંદાને વિષ્ણુએ આપ્યું, વાસ્તે હવેથી નાસ્તિકો બડબડ કરશો નહીં હવે નાસ્તિકો તમે કહોછો કે, બ્રહ્મચારીબાવા તમે અંગરેજી લીપી શીખો, પણ અરે નાસ્તિકો તમે અવિચારીછો, અરે જે હું બાળબોધ (એટલે દેવનગરી) લીપી શીખેલો છું, તે વેદ લખવાની લીપીછે, એવું " અર્ધેંદુલસિતં તારેણરુદ્ધં " એ વેદવાક્યઉપરથી સિદ્ધછે, એવી તે બાળબોધ લીપીની યોગ્યતા આગળ, અંગરેજી, તથા ફારસી, તથા આરબી, વગેરે લીપીઓ કેવીઓછે, તો બાળબોધ લીપીજ કોઇ સૂર્ય છે, અને અંગરેજી વગેરે લીપીઓ તેની આગળ ખદ્યોત એટલે આગીયાકીડા જેવીઓ છે, એ વાસ્તે સૂર્ય જેવી બાલબોધ લીપીની આગળ, આગીયાકીડા સરખીઓ જે અંગરેજી વગેરે લીપીઓ, તે શીખવાની મુને અથવા શાહાણાને દરકાર શી.

૧૨ બીજમાં અનુભ્હૂત વૃક્ષનો આકાર હોયછે તેજ મૃત્તિકા, તથા ઉદક, તથા ઉષ્ણતા. તથા વાયુ, તથા પોલાણ, એઓના સંયોગથી ઉત્પન્ન થાયછે, તેમજ રેતમાં સાવયવ શરીરનો, તથા શરીરસ્થ અહંપણું ધરનારા જ્ઞાનનો ભાગ, જે પુનર્જન્મ અથવા પ્રથમ જન્મ લેનારા જીવનો હોયછે, તેજ માતાના ગર્ભ કમલમાં ઉભ્હૂત થાયછે અને બાહેર નિકળી આવ્યા પછી તેહેની અધિક વૃદ્ધિ થાયછે, હવે કોઇ કેહેશે કે બીજમાં અનુભ્હૂત વૃક્ષાકાર હોયછે એવું શા ઉપરથી સિદ્ધ થાયછે, તથા એને અનુભવશું ? તો તેણે કોહળાના બીજનો વિચાર કરી જુવો કે કોહળાના બીજ-

ની બે પાંખડીઓ જે જડેલીઓ હોયછે, તે બે અનુભૂત પાંનડાંછે; એવું કોહળાના બીજ ઊગવા નાખીયે એટલે પેહેલાં બે પાંનડાં ઊપરથી અનુભવમાં આવેછે, એવાસ્તે રેતમાં જન્મ લેનારા જીવના જ્ઞાનાદિક સર્વ ભાગો અનુભૂત હોયછે તેજ ઉદ્ભૂત થાયછે એવું જાણવું અને નાસ્તિકપણું છોડવું.

૧૩ નિર્વાત સ્થળમાંથી, અથવા અગ્નિમય, પ્રકાશમય, વિજળીમય સ્થળમાંથી, અથવા ઉદકમય સ્થળમાંથી, ગુરૂત્વાકર્ષણ શક્તી નહીંસી થાતી નથી, અથવા ગુરૂત્વાકર્ષણ શક્તી બળતી ઉડતી નથી; એ ઊપરથી એવું સિદ્ધ થાયછે કે, ગુરૂત્વાકર્ષણ શક્તી જે તત્વની છે, તે તત્વનાં પરમાણું થાતા નથી, તથા પરમાણુંની ઉત્પત્તિને, અને સ્થિતિને, તથા લયને મુખ્ય કારણ, જે તત્વની ગુરૂત્વાકર્ષણ શક્તી તે તત્વજ કારણ છે, તથા તેજ તત્વ, જ્ઞાનરૂપી સમષ્ટીરૂપ શબલ બ્રહ્મ એટલે મિથ્યાબ્રહ્મરૂપી ઈશ્વર છે, એવું ભગવતગીતાના પંદરમાં અધ્યાયના તેરમાં શ્લોકમાં " ગામાવિશ્યચભૂતાનિ ધારયામિ ॥ " એ સાર્ધ ચરણેકરી સુચવેલું છે, તથા એજ ઈશ્વર તત્વનાવિશે, વ્યષ્ટિરૂપી પ્રત્યેક શરીરમાએલા જીવાત્માઓ, સજાતીયપણાંથી અંશ છે, પણ ઝાડની ડાળીઓ ઝાડનો સ્વગત ભેદ, તેવા સ્વગત ભેદરૂપેકરી, ઈશ્વર તત્વના જીવાત્મા અંશ નથી; પણ સજાતીયેકરી માત્ર અંશ માનવા. જુવોકે, સર્વ જમીનનો સમષ્ટિરૂપી અભિમાન ધારક રાજાના, થોડીશી જમીનનો વ્યષ્ટિરૂપી અભિમાન ધારક જે ખેતર વાવનારા ખેડુતો તે અંશ છે, તેમજ પ્રત્યેક શરીર ધારક જીવાત્મા, સમષ્ટિરૂપી ગુરૂત્વાકર્ષણશક્તિયુક્ત ઈશ્વરના

સજાતીયપણાયેકરી અંશ છે, એથી તેહેના આકર્ષણ માએલા પરમાણુંના, સાવયવ મનુષ્યાદિક પશુવગેરે શરીરનુંરૂપઆકર્ષણ કરેછે, તસ્માત ઈશ્વરનાં આકર્ષણમાં હોનારા પરમાણુંઓને ધરેછે તેથીમાત્ર તેહેના અંશ જીવછે એ ભાષછે એટલે વાતછે અસ્તુ. એવા તે જીવાત્માના અંગે જ્ઞાન શક્તી, તથા આકર્ષણશક્તીછે, તસ્માત્ શરીર બળી ભસ્મ થાય તથાપિ જીવાત્માનું આકર્ષણશક્તિ યુક્ત તત્વરૂપ ભસ્મથાતું નથી, તથા નહીંસું થતું નથી, એ નિર્વાત સ્થળમાંથી, અથવા અગ્નિમયસ્થળમાંથી આકર્ષણશક્તી નહીંશીથાતી નથી; તથા ભસ્મ થાતી નથી; એ અનુભવ ઊપરથી સિદ્ધછે, હવે જીવાત્મતત્વરૂપી શરીરસ્થ આપણે જે, તે આપણે પોતાના જ્ઞાનેકરી શરીરનું, તથા ઇંદ્રિયોનું, તથા પ્રાણોનું, આકર્ષણ કરીયે છૈયે એવું એ મનોમય બોલવા વખત, પ્રાણ તથા મેંદૂ ઇત્યાદિકોને ખેંચવા પડેછે, એ ઊપરથી અનુભવ સિદ્ધછે કે, જીવનાં અંગની ગુરૂત્વાકર્ષણ શક્તીછે, તથા જે તત્વના અંગની ગુરૂત્વાકર્ષણ શક્તી છે તે તત્વ બળતું નથી, એપણ, અગ્નિમયસ્થળમાંથી, તથા નિર્વાત સ્થળમાંથી, આકર્ષણ શક્તી જાતી નથી; તથા મરતી નથી; એ અનુભવેકરી સિદ્ધછે, એમાટે શરીરના મરવાંથી, તથા બળીને ખાખ વગેરે શરીરનાં પરમાણુંઓનો વિયોગ થવાંથી, જીવાત્માનો નાશ થતો નથી, એ અનુભવ સિદ્ધ થયું, તસ્માત શરીરના પરમાણુંઓનો વિયોગ થવાથી જીવતત્વનો જે ગુરૂત્વાકર્ષણ શક્તિયેકરી, જ્ઞાનયુક્ત ભાગ, તે નાશ પામતો નથી; એ અનુભવથી, પરમાણુનું સંયોગી ફળ, જીવતત્વરૂપી જાણીવ નથી; એન્યાયેકરી સિદ્ધથયું, તથા એ અપ્રમાણ-

વાત નથી, જુવોકે શ્રીમતભગવત ગીતાના પંદરમા, અધ્યાયનાં સાતમા શ્લોકમાં, જીવતત્વનાં અંગની જ્ઞાનશક્તી તથા ગુરૂત્વાકર્ષણશક્તીછે તેથી તે જીવ, મરવા વખતે પંચપ્રાણનું આકર્ષણકરી, ફરી જન્મલેવા જાયછે, એવું સૂચવ્યુછે, જુવો ભગવત ગીતાના અધ્યો પંદરમો, શ્લોક સત્તરમો, "મમૈવાંશોજીવલોકેજીવભૂતઃસનાતનઃ ॥ મનઃષષ્ઠાનીંદ્રિયાણિ-પ્રકૃતિસ્થાનિકર્ષતિ ॥ ૭ ॥ શરીરંયદવાપ્નોતિ યદિ ॥" એપ્રકારે કરી જીવતત્વના અંગે ગુરૂત્વાકર્ષણશક્તીછે, તે જીવતત્વ, શરીરના નાશથી નાશ પાંમતુંન નથી; એઅનુભવસિદ્ધ કરી આપ્યું, અને શરીરરૂપી પરમાણુંઓનો વિયોગ થવાંથી ગુરૂત્વાકર્ષણ શક્તિયુક્ત જીવતત્વ નાશ પાંમતું નથી, તેથીજ તે ગુરૂત્વાકર્ષણશક્તિયુક્ત જીવતત્વ; શરીરરૂપી પરમાણુંઓનું સંયોગી ફળ નથી, એન્યાય સિદ્ધ થયું, એ ઉપર અરે નાસ્તિકો તમારૂં વાદકરવાનું સામર્થ્ય તદન ડુબ્યું, અને હું બ્રહ્મચારી બાવા તમોને જીતવામાં યશસ્વી તથા પરાક્રમી ગણાયો, અને તમારો તથા તમારા ગુરૂનો ગુરૂ થઇ બેઠો, હવે નાસ્તિક બચારાની મારી આગળ વાદમાં ઉભું રેહેવાની શક્તી તો મારા કેશ બરાબર તળવાની નથી; હવે અરે નાસ્તિક ચુપ, ચુપ ચુપ, અરે તારામોએ, તું મગગળ એટલે મુંગો બેસ કેમકે મારો વેદોક્તધર્મ બલાઢ્ય તથા જ્ઞાનવાનછે, તથા હું બ્રહ્મચારી બાવાતો બાણીનો ફક્કડ કૌપીનવંત એટલે લંગોટબંધ છું, તથા કયારે કયારે નગ્ન અવધૂત એવો, અને કયારે મનને જેવું લાગે તેવો રેહેનારો સંતછું અરે નાસ્તિકો તમારી તાકત શું ? કે મારી આગળ ટીકશો, મારૂં જ્ઞાન જુવો, મારી લખવાની ખુબી જુવો, મારૂં વાદકરવાનું સામર્થ્ય જુવો, અને મારી

આગળ નાકો ઘસો, અને હાથ જોડો, અને દાંતે તરણા લેઓ અને ઉચ્ચાર કરો કે, અમો ભૂલ્યા, હે ગુરૂ અમો ભૂલ્યા એવું કહો, એટલે તમારો અભિમાન જશે.

૧૪ વાદકરનારો શાસ્ત્રી કેહેછે કે સોનાથી અલંકાર થાયછે તે ગળાઇ પાછા સોનામાં લીન થાયછે, તથા ફરી સોનાના અલંકાર સોનામાંથી કાઢેછે, તેપ્રમાણે એટલે સોનાના દૃષ્ટાંત પ્રમાણે, નિરાકાર પરબ્રહ્મ એ જગતનું કારણ છે, અને જગત એ તેહેનું અલંકારપ્રમાણે કાર્યછે, એ વાદીશાસ્ત્રીનું ખંડન એવું કે, તું બોલે છે તેવું હતેજ તો, મહાપ્રલયેકરી સર્વ મુક્ત થાવા જોઇયે, પછી જ્ઞાન શિવાય મોક્ષ નથી "જ્ઞાનાદેવતુકૈવલ્યં" એ વેદના સિદ્ધાંતની ગરજ રેહેવાનીજ નથી, તથા સોનાના અલંકાર કરવા તેમજ જો નિરાકાર પરબ્રહ્મ એ હું બ્રહ્મ છું એવો અભિમાન ધરી જગતરૂપ થાતેજ તો, અલંકાર ગાળી સોનાનો ગોળો કર્યો તેવીરીતે જગતનો આકાર ગળાઇ નિરાકાર થયું હતે; તથા ફરી નિરાકાર પરબ્રહ્મજ પેહેલાંપ્રમાણે ફરી આકારરૂપી જગત્કાર્યરૂપ થયું હતે, પણ તેવું થતું નથી; એટલે "યદ્ગત્વાનનિવર્ત્તંતે" એવાસ્તે હવે મતવાદી શાસ્ત્રીનો તથા વેદાંત ઉપર સંસ્કૃત ભાષામાં અર્વાચીન ગ્રંથ કરનારા મૂર્ખાનો મત ખંડન કરેછું અરે જ્ઞાનહીન એવા પાઠ્યાશાસ્ત્રી અરે ઉદરનિમિત્તે એવા વેષધારી તથા સંન્યાસી, અરે બેવકુફ તથા ફુંદાળા પેટના અભિમાનધારક દ્રવ્યમદી દુષ્ટ ગ્રહસ્થ, અરે અપૂર્ણજ્ઞાની એવા કથાઓ કરનારા તથા પુરાણીક, અરે બોધુપણું છોડી ધુતારપણાથી ગુરૂપની પૈસા ઉઠાવનારા, અરે ઇત્યાદી મૂર્ખલોકો,

તમારી સમઝણ પ્રમાણે નિરાકાર પરબ્રહ્મ પરમાત્માન જો પોતાના જ્ઞાનેકરી સર્વ જીવરૂપ તથા પંચભુતાત્મક જગતરૂપ થાયછે જાયછે એ સાચું માનીયે તો તે મુક્ત થઇ નિરાકાર પરબ્રહ્મરૂપેકરી રહ્યો તોય ફરી પેહેલાં થવાના સ્વભાવપ્રમાણે ફરી જીવરૂપ થશે, એવું તમે આપેલા સોનાના અલંકાર થવાના ઉદાહરણ ઉપરથી ન્યાયસિદ્ધ થાયછે, પણ તે તમારી સમઝણ ખોટીછે, તથા પ્રામાદિક અપ્રમાણછે, કેમકે, તમારૂં સાચું માનીયેતો ભગવતગીતાના પંદરમાં અધ્યાયના છઠા શ્લોકમાં "નતદ્ભાસયતેસૂર્યો નશશાંકોનપાવકઃ ॥ યદ્ગત્વાનનિવર્ત્તંતેતદ્ધામપરમંમમ" એવું વાકયછે તે ખોટું માનવું પડેછે, કારણ, જે ભગવતગીતા અધ્યાય ૧૫ પંદરમો શ્લોક બારમો, એમાં કહ્યાંપ્રમાણે, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વગેરે ઉપરથી, આવેલા મારા પ્રકાશથી પણ જે ભાસતું નથી, તે હું જે સમષ્ટિરૂપ ઈશ્વર શબલબ્રહ્મ (એટલે મિથ્યાબ્રહ્મ) છું, તે મારા મિથ્યાપણાયેકરી રેહેવાનું ધામ, એટલે જે સર્વ ઠેકાણે ભરેલું નિરાકાર સ્થળ તેવું મારૂં તે સ્થળ, (એટલે ધામ) નભાસનારૂં એટલે નિરાભાસ છે, તે નિરાકાર નિરાભાસ સ્વરૂપનાવિશે (એટલે મારા ધામનાવિશે) અહંપણું ધરનારૂં પોતપોતાનું જ્ઞાનરૂપ મિથ્યા સમજી જે ગયો, એટલે અહંપણું ધરનારા જ્ઞાનેકરી જે મિથ્યા હતો, એટલે જે વંધ્યાસુતવત હતો, તે મરણ પામ્યો, તથા ગયો, પણ બિજો એટલે અન્ય, અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાના નિરાકાર સ્વરૂપેકરી નઆવ્યો હતો, નગયો, એવો જે અહંપણું ધરનારા મિથ્યારૂપેકરી હતો તે જે નિરાકાર સ્થળઉપર, એટલે મારા અહંપણું ધરનારા જ્ઞાનપેહેલાના નિરાકાર મમ પરમઉત્કૃષ્ટ, સ્વરૂપ રૂપના જ્ઞાનના

વિશ્રાંત સ્થાને (એટલે ધામનાવિશે પોતપોતાને મિથ્યા સમઝી, મિથ્યા હતો તેથી નહીંસો, થયો, એવો જે જીવાત્મા, એવી રીતીએ ગયો, તે " ननिवर्त्तंते " એટલે ફરી જન્મ લેતોનથી; હવે એ જીવાત્મારૂપી પ્રત્યેક જીવ, નિરાકાર પરમેશ્વર થયો હતે તો, તે ગયો તોય, ફરી પૂર્વ સ્વભાવના આવવાપ્રમાણે ફરી જીવપની જન્મ પામતે, પણ ગયાપછી આવતો નથી; એવું તો, ભગવતગીતા અધ્યો પંદરમો શ્લોક છઠો, એ માએલું " यद्गत्वाननिवर्तंते " એવું પ્રમાણ છે તથા અનુભવપણ ગીતાપ્રમાણે છે, કેમ હવે તમારો મત ખંડન કર્યોના ? એસાર નિરાકારજ સર્વ જગતસૃષ્ટી, તથા અનેક જીવરૂપેકરી થયોછે એવું મસ્તીનું ભાષણ જે કોઇ હવેથી કહ્યું તો તેહેના મોંઉપર, થુ, થુ, થુ, કેમકે તે અન્યાઇ છે, તથા વેદાંત શાસ્ત્રને નજાણનારો મનુષ્યરૂપીઓ ગધેડો છે.

૧૫ આપણા શરીરના પરમાણું ઉપર ત્રણ આકર્ષણો છે, તે એમકે, એક આપણે જે શરીરસ્થ જીવતત્વ છેયે તે આપણઆકર્ષણ સ્વશરીરપરમાણુઉપર છે તે એક, તથા ભૂગોલરૂપીશરીરસ્થજીવાત્માનું આકર્ષણ, આપણા શરીર પરમાણું ઉપર છે, એ બિજું આકર્ષણ, તથા સમષ્ટિરૂપી ઇશ્વરે અનંતગોલરૂપી પરમાણુઓનું આકર્ષણ કર્યું છે તેહેની સાથે આપણા શરીરરૂપી પરમાણુઓનું પણ આકર્ષણ સમષ્ટીરૂપી ઈશ્વરે કર્યું છે તે ત્રિજું આકર્ષણ. એપ્રમાણે આપણા શરીરના પરમાણુઓ ઉપર ત્રણ આકર્ષણો એપ્રમાણે અનંત આકર્ષણો છે એવું સમજવું, તથા પરમાણુનું ઉપાદાન કારણ આકર્ષણશક્તી જે તત્વની તે તત્વછે, એટલે મૃત્તિકા ઘડાને તેપ્રમાણે આકર્ષણ શક્તી જે તત્વની તે તત્વ પરમાણુંઓને

ઉપાદાન કારણછે એવું સમજવું, તથા આકર્ષણ શક્તી જે તત્વની તે જ્ઞાનયુક્ત તત્વ છે, તથા તે પોતપોતાના વિચારેકરી પોતેમિથ્યા થાયછે, વાસ્તે સૃષ્ટી મિથ્યા છે.

૧૬ ઘોડાનું પુછડું પેહેલાં ઉત્પન્ન થયું, કે બગાઇઓ, મચ્છર, પેહેલાં ઉત્પન્ન થયાં, એટલીજ વાતનો વિચાર કરો છતાં, આ સૃષ્ટીની યોજના કરનારો પૂરો ઉસ્તાદ છે, તથા એવો બિજો પક્કો ઉસ્તાદ કોઇ નથી એવું દેખાયછે, અને આપણું લક્ષ તેહેની તરફ લાગે, અને તેહેની આપણી ઉપર કૃપા થાય એવું લાગે છે, તથા આપણા જન્મમરણનો મર્મ તેહેને પક્કો ખબર છે, વાસ્તે તેહેનો ડરરાખી નિતીયે કરી વરતીએ તો ઉત્તમગતી મળશે; એવો વિશ્વાસ આવેછે કેમકે એટલો જ્ઞાની સમર્થ ઇશ્વર, તે દયાળુ છેજ, તથા આપણે તેહેને ભજ્યે, એ આપણને ઉચિતજ છે.

૧૭ નાસ્તિક કેહેછે કે, ચુનો, તથા હળદર, અને પાણી, એકઠા મેળવીએ, એટલે જેવો રાતો રંગ થાયછે એ સંયોગી ફળ છે, તેમજ પરમાણુંનો સંયોગથઇ શરીર થાયછે; તેસંયોગનું ફળ, જ્ઞાનીવરૂપી જ્ઞાનછે, અને મરવા પછી શરીરનાં પરમાણું ઓનો વિયોગ થાયછે, અને સંયોગી ફળ જે જ્ઞાનીવરૂપી જ્ઞાન, તે રેહેતુંજ નથી; પછી પાપ કોણે ભોગવવું, તથા પુંણ્ય કોણે ભોગવવું એથી પાપપુણ્યની વાતો અમસ્તીઓછે, કેમકે, ચુનો તથા હળદર અને પાણી, એ ત્રણેનો સંયોગ થવાથી લાલરંગ થાયછે, એ સંયોગ ફળ છે, તેમજ પરમાણુંના સંયોગેકરી શરીર થયું, એથી સંયોગફળ જ્ઞાનીવરૂપી જ્ઞાનછે, અને મરવાં પછી પરમાણુંનો વિયોગ થાયછે, એથી પાપપુંણ્ય ભોગવનારો કોઇજ રેહેતો નથી એ નાસ્તિકના બોલવાનું આસ્તિક ખંડ-

ન કરેછે કે અરે નાસ્તિક, ચુનો જડ, તથા હળદર જડ, અને પાણી પણ જડ, એથીજ તે ત્રણેનું સંયોગ ફળ, જે લાલરંગ થાયછે, તે પણ જડજ છે, એ ઉપરથી, જડવસ્તુઓનું સંયોગી ફળ જડજ ઉત્પન્ન થાયછે, એવો સિદ્ધાંત, તારાજ બોલવાનો થયો, એ સિદ્ધાંત પ્રમાણેજ જો જોઇયે તો, જડપરમાણુંઓનું સંયોગી ફળ જડ શરીર માત્ર થયું, તથા તેહેનો રંગ કાળો ગોરો ઇત્યાદિ, ચુના હળદરના, પાણીની સાથે મળવા પ્રમાણે થયો, એ સારૂ એવા દૃષ્ટાંતેકરી પરમાણુંઓનું સંયોગી ફળ જાણીવ એવું સિદ્ધ થાતું નથી; એ સારૂ, જડ પરમાણુંઓનું સંયોગી ફળ જાણીવરૂપી જ્ઞાન કેહેવાને તુને લજ્યા કેમ આવી નહીં, એઉપર નાસ્તિક બોલેછે કે હું ભૂલ્યો હું ચૂક્યો, કેમકે જડપરમાણુંઓનું સંયોગીફળ, રાતા રંગપ્રમાણે જડજ થાવું જોઇયે, પણ અહીંતો જાણીવરૂપી જ્ઞાનછે, અને તે અનેક જ્ઞાનની વાતો, પોતપોતાના વિસ્મૃતીના પડદામાં, બીજમાં વૃક્ષ, તેવીરીતે ઢાંકી રાખનારૂં શબલ ચૈતન્ય (એટલે મિથ્યા ચૈતન્ય) છે, તેહેને જડપરમાણુંઓનું સંયોગી ફળ કેહેવું બોઠુંછે, કેમકે, જડપદાર્થોનું સંયોગી ફળ જડવસ્તુજ થશે, પણ જાણીવરૂપી જ્ઞાન થશે નહીં; એ સારૂ જાણીવરૂપી જ્ઞાનને, જડપરમાણુંઓનું સંયોગીફળ એવું મેં કહ્યું હતું, તે મિથ્યા ઠર્યું, અને ચુનો, તથા હળદર, તથા પાણી, એઓનું સંયોગીફળ રાતોરંગ, તે દાખલો કાચોછે એવું સિદ્ધ થયું.

૧૮ એક આગળ્યંભ એવકુફ નાસ્તિક મનુષ્ય કેહેછેકે, રોટલો તથા ભાત, તથા દાળ તથા ઘી, તથા શાક તથા છાશ, એ એટલા જો મળશે નહીં તો મનુષ્યને જ્ઞાન તથા ભક્તી

એમાંથી કાંઇન થવાના નહીં; તેઉપર એક સાધૂ કેહેછેકે, અરે અગડબંબમાણસ. તું વિચાર કર કે, સૃષ્ટીના પ્રારંભનાં મનુષ્યો ને, તેહેની પાસે મનુષ્યકૃતીના કરેલા તવા, તથા દળવાની ઘંટીઓતોતાં, અને અગ્નિપણ નોતો, પછી રોટલા શેના થશે ! તથા ખાંડણીઓ, અને સાંબેલ, તથા સુપડા, અને સ્વયંપાકના વાસણો નોતાં, પછી દાળ, ભાત, શાકો, શેની થશે ! તથા છાશ કરવાની ગોળી, તથા રવઇઓ, વગેરે દુધમાંથી ઘી, કાઢવાંની યુક્તી સિધ્ધનોતી. પછી ઘી, તથા છાશ, ક્યાંહાંથી હશે ! તથા ખેતી કરવાનો સામાનજ નથી, પછી ધાંન્ય ક્યાંહાંથી મળવાનું, વાસ્તે, અરે અડાણી, તેવખતના મનુષ્યો, કંદમૂળ વગેરે ખાઇનેજ જીવ્યા, એસાર મુખ્યત્વે કરી માણસને કંદમૂળફળ ખાવા, અને ઝરાઓનું પાણી પીવું, એજ આહાર છે, એવું, અરે અગડબંબ, સૃષ્ટીના પ્રારંભના, શાસ્ત્રપાત્ર વિરહીત મનુષ્યોનાં ગુનરાન ઉપરથી ધ્યાનમાં લે, અને અરે એવકુફ, ફરી એવાં લુલાં અને રડવાના ભાષણો બોલી એં એં કરીશ નહીં.

૧૯ બ્રહ્મદેવ સરસ્વતી પાસે રત થયો, એટલે વાચાની, જે અંતરમાંથી સ્ફુરવનારી જ્ઞાનશક્તી તેહેનેજ સરસ્વતી એવું નામ છે, એ સાર, વાંણીની જે ચાલક જ્ઞાનશક્તી, તે જ્ઞાન શક્તીમા રત થઇ; એટલે નિમગ્ન થઈ, બ્રહ્મદેવે પ્રારંભે વેદની રચનાકરી, એવો બ્રહ્મદેવ સરસ્વતી પાસે રત થયો એ બોલવાનો અર્થછે, વાસ્તે, સરસ્વતી એટલે વાણીની જ્ઞાનશક્તી, તે તો બ્રહ્મદેવનાં પેટમાંછે, એસાર ગ્રંથકર્ત્તાઓના શબ્દોનો અર્થ નસમજ, અમસ્તીજ બડબડ કરવી નહીં.

૨૦ નાસ્તિક કેહેછેકે, નિરાકાર સર્વ ઠેકાણે ભરેલોછે

એ કેમ ઓળખવો ? કે જે ઓળખવાંથી પરમાણુંઓનું પણ અસ્તિત્વ સત્ય નથી એવું જણારો, તેઉપર, હું બ્રહ્મચારી બાવા કહુંછુંકે, શરીર માએવું અહંપણું ધરનારા જ્ઞાન પેહેલાના સ્વસ્વરૂપ નિરાકાર અસ્તિત્વે કરી રેહે, એટલે નિરાકાર સર્વ ઠેકાણે ભરેલોછે, એ ઓળખાણ તને પડી અને પરમાણુ પણ મિથ્યા થયા.

૨૧ એક છોટો નાસ્તિક કેહેછેકે, અમારો દેહ મરણપાંમે પછી સુખ કિંવા દુઃખ એ સર્વ નશે, પછી ઈશ્વર ભક્તીની ગડબડ શા સારૂ જોઇયે ? કેમકે, મરવું એમોટી નિદ્રાછે, તે ઉપર હું બ્રહ્મચારી બાવા કહુંછુંકે, અરે નાસ્તિક, હમણાં તુને નિદ્રા લાગેછે, તે નિદ્રારૂપી શરીરની વિસ્મૃતીરૂપ અવસ્થામાથી જેવું સ્વપ્ન જેહેનું તેહેનામાંથી ઉઠેછે, અને સુખ દુઃખભોગ થાયછે, તેમજ મરણરૂપી અત્યંત વિસ્મૃતીમાંથી, સારાંનરસાં કર્મપ્રમાણે, ભોગસૃષ્ટીનું રૂપ, જેઓનું તેઓમાંથી જુદું જુદું નિકળી સુખ દુઃખના ભોગ આપેછે, એવાસ્તે તેહેનેજ આધિદૈવિક તાપકેહેછે, તે તુંને ભોગવવો પડશે, એસાર ઈશ્વરભક્તી ધરવી. જુવોકે, પ્રાણીને ત્રિવિધ તાપછે, તે એવાકે, અધ્યાત્મિકતાપ, એટલે શરીર ઉપર ફોડા ઉઠેછે, તથા રોગ થાયછે, ઇત્યાદિ, જેને થાયછે, તેન અધ્યાત્મિક તાપછે. તથા આધિભૌતિક તાપ, એટલે મનુષ્યો, અથવા અન્ય જીવ, અથવા પંચ મહાભૂતો વગેરે પાશેથી પીડા થાયછે, તેન આધિભૌતિક તાપછે, તથા આધિદૈવિકતાપ, એટલે જાગવા-સ્વપ્નાંમાઆવેલી સર્વની સૃષ્ટી એકછે, તે એકજ સૃષ્ટીપ્રમાણે, પ્રત્યેકના જીવાત્મામાંથી, બીજમાથી વૃક્ષ નિકળેછે તેવી, પ્રત્યેકની જુદી જુદી સ્વપ્ન સૃષ્ટી નિકળે છે, અને જેહેનો તેહેને, તેહેના

તેહેના સુખદુઃખભોગ સ્વપ્નમાં થાયછે, તે આધિદૈવિક તાપછે, તથા મરવા પછી, સ્વપ્નનીસૃષ્ટી પ્રમાણેજ, જે પ્રત્યેકના જીવાત્માથી, જુદી જુદી, પ્રત્યેકની ભોગ સૃષ્ટી, પ્રત્યેકના સારાં નરસાં કર્મપ્રમાણે, પ્રત્યેકની આગળ, વગર ભુલે, ઉભી રેહેછે, તે,બીજમાંથી વૃક્ષ તેમ, જીવતત્વના વિસ્મૃતીરૂપી પડદામાંથી સ્મૃતીરૂપી ઉભી રેહેછે, તે મરવા પછી, પ્રત્યેકના જુદાજુદા ભોગસૃષ્ટી માએલા ભોગને, આધિદૈવિક તાપ, એવી સંજ્ઞા છે, એ આધિદૈવિક તાપ ભોગવી, પુનરજન્મ લેવો પડશે, એવાસ્તે, કોઇપણ પ્રાણી, શરીરેકરી મરવાંથી છુટતો નથી; કેમકે, જીવ તત્વ, એ બે તત્વની ગુરૂત્વાકર્ષણશક્તી, તથા જ્ઞાનશક્તી, તે જાતનુ છે, એવાસ્તે, જે આત્મજ્ઞાનેકરી જીવતો રહી, શરીરે મરશે, તેજ મુક્ત થશે, એ ઉપર વિચારકરી છોટો નાસ્તિક કેહેછે, અરે એ સાચું છે, પણ મે વિચાર કર્યો નોતો, તેથી-નાસ્તિક હતો, પણ હવે હાર્યો.

પ્રાર્થના.

પ્રકરણ ૨૩ મું.

મારા જીવાત્માએ ઈશ્વરની પ્રાર્થના

૧. હે ઈશ્વર, તારા અંગનાં વિશે, તારા રૂપેકરી ઐક્ય, એવી જ્ઞાનશક્તી, તથા આકર્ષણ શક્તી છે,તે આકર્ષણ શક્તીથી પરમાણું ઉત્પન્ન થયા, તથા જ્ઞાનશક્તી થકે તે પરમાણુંની યથાયોગ્ય સૃષ્ટિ રચના થઇ, તે તારા સૃષ્ટિરચનામાં જે શરીરમાં હું છું તે શરીર થયું, અને તેહેને મારૂં શરીર એવું હું અજ્ઞાનેકરી કેહેતો હતો પણ હવે મુને સમઝાણું કે શરીરનાં પરમાણું, તારી આકર્ષણશક્તીયેકરી ધર્યા છે, તસ્માત શરીરનાં પરમાણું તારા છે, એઉપરથી શરીર તારૂં છે, પણ તે શરીર મારૂં છે એવું હું અજ્ઞાનેકરી કેહેતો હતો, તે કેહેવું, બાપની સંપત્તીને મારી સંપત્તી છે એવું પુત્ર કેહેછે તેપ્રમાણે છે, તસ્માત તું મારો બાપછે, એવાસ્તે મારાપર ક્ષમાકર, કેમકે, બાપની સંપત્તિને દીકરાએ મારી સંપત્તી એવું કહ્યું તોય, બાપ સમઝે છે કે એ અજ્ઞાન છે, પણ જો પુત્રે તે સંપત્તી નરસાં કામે ખરચ કરી તો બાપને ક્રોધ આવશે, તેપ્રમાણે જોતાં, શરીરના પરમાણું માત્ર, એતો તારી સંપત્તી છે, તે નરસાં કામની તરફ મેં ખરચકરી તો તુને ક્રોધ આવવો જોઇયે; પણ હે ઈશ્વર, બાપ, તું દયાળુછે, તેથી તેં અમોને વેદરૂપી નિયમ કરી આપ્યો છે, એસારૂ તે નિયમપ્રમાણે તારા પરમાણુંનું શરીર ધારણકરી મારે સારીરીતે વરતવું જોઇયે, પ-

ણ અજ્ઞાનથી સારી વર્તણુકકરી નહીં એથી અનેક જન્મ લઇ અનેક યાતનાઓ મેં મારા નરસાંકર્મોથી મેજ ભોગવીઓ અને હવેતારા ઉપકાર મુને સ્મરવા લાગ્યા, એસારૂ ઓ બાપ ઇશ્વર, હે દયાળુ, આ શરીરરૂપી પરમાણું તારા આકર્ષણમાંછે તેથી તારાજછે, તે મેં તુંને અર્પણ કર્યાં એવું કહીયે તો મૂળજ તે મારા નથી; એવું છતાં શરીરરૂપી પરમાણુંઓને મારામારાકહી અનેક નરસાં કર્મો કરી હું પોતાનાજ કર્મોથી તેહેમાં બધ્ધ થયો હતો, પણ તેં પોતાની પૂર્ણ કૃપાયેકરી મારા સ્વરૂપનું જ્ઞાન મુને આપી, તારા પરમાણુંઓના મેં લીધેલા શરીરેકરી સુખ દુઃખ ભોગ મુંને રેહેવા દીધો નહીં તેમજ સર્વ ભક્તોને સુખ દુઃખના ભોગ રેહેવાદઇશ નહીં, એ તારીપાશે મારી પ્રાર્થનાછે, એસારૂ. હે બાપ, કૃપાળુ દયાળુ ઇશ્વર, મુજ દીન ઉપર દયા કરવી અને મારો છુટકો કર્યો તેવોજ સર્વનો છુટકો સ્વસ્વરૂપનું જ્ઞાન આપી કરવો, એ માગવુંછે, તથાસ્તુ.

૨ હે ઇશ્વર માં બાપ, જો જો, હું તુંને આપું એવું મારી પાશે કાંઇજ નથી; કારણ પત્ર, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, દક્ષણા, વસ્ત્ર, અલંકાર, શેવટે તારાજ પરમાંણુનું મેં ધારણ કરેલું શરીર, ઇત્યાદી તુંને અર્પણ કરીયે તો તે સર્વ પરમાંણું રૂપીછે, તેઓને તારી આકર્ષણશક્તીયે મૂળજ આકર્ષણ કરી ધરેલાછે તસ્માત્ સર્વ સૃષ્ટીમાં એક પરમાણું પણ મારો નથી; તારા આકર્ષણમાં સર્વત્ર પરમાંણુંછે તસ્માત્ પરમાણું જન્ય તે સર્વ તારૂંછે, એમાટે, હું અર્પણ શેનું કરૂં! કેમકે જે અર્પણ કરવા જઇયે, તે સર્વ પરમાણું જન્યછે તથા પરમાણુમાંત્ર, તારા આકર્ષણમાછે તસ્માત પરમાણુરૂપી ફલ તાંબૂલ વગેરેસર્વ તારૂંછે, એવો હે ઇશ્વર રાજા, તૂં સર્વોપરી સમર્થ ગુરૂ, તે તુંને

હવે મારૂં હુંપણું તથા પ્રેમ અર્પણ થાઓ અને તારો પ્રેમ તથા મોટાપણું મારા મનમાં, તારી કૃપાયેકરી સર્વકાળ એસે, અને મારા સ્વસ્વરૂપનું તારકજ્ઞાન, તારી કૃપાયે કરી મુંનેછે તેનું સર્વને થાઓ, તથાસ્તુ.

૩ હે ઇશ્વર તુને માં, બાપ, ભાઇ, પુત્ર, કલત્ર, ઇત્યાદિ કાંઇજ નથી; પણ તારા અંગની આકર્ષણ શક્તાયકે થએલા પરમાણુંઓનું મેં શરીર ધારણ કર્યું વાસ્તે તુંજ મારી માં, તુંજ મારો બાપ, તથા તુંજ મારૂં સર્વછે, તે તું પોતાના અંગની જ્ઞાનશક્તીની યોજનાથી તથા તારા અંગના આકર્ષણ શક્તીના બલેકરી, ભૂગોલ, સૂર્યગોલ, ઇત્યાદિ અનંત બ્રહ્માંડગોલોના ઇચ્છામાત્રેકરી ફેરફાર કરનારો છે, તે તારૂંતો પંચભૂતાત્મક સકલ પરમાણુજન્ય અનંત ગોલરૂપી, એક અવતાર શરીર છે, તે તારા શરીરમાં મારૂં શરીરપણ આવ્યું, જો તારા અંગના એક આકર્ષણ શક્તી થકે થએલું પરમાણુજન્ય સર્વ જગત, તે સર્વ તારા એક આકર્ષણમાં છે તેથી તે સર્વ તારૂં અવતાર શરીરજ છે, તે, તેં, તારી ઉપર, પ્રેમ રાખવાવાળા સારૂ, મત્સ, કચ્છ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બૌધ્ધ કલ્કી, તથા શ્રીવિઠ્ઠલ, તથા શંકર, તથા ગજાનન, તથા દત્તાત્રેય, ઇત્યાદિ અનંતરૂપો ધારણ કર્યાં, અને સર્વનું તારણ કર્યું, તે તારૂં ગૌરવ મનમાં લાવ્યાથી ઘણો ઉલ્લહાસ થાયછે, જોકે, સ્તંભમાંથી ત્રાડદઇ ગર્જનાની સાથે બાહેર આવ્યો, તથા શંખ, ચક્ર, ગદા, પદ્મ, ધનુષ્યબાણ, કિરિટકુંડલો એ સહ, શામ સુંદર, અષ્ટવર્ષનો એકદમ ઉભો રહી, ભક્તોને માતાપિતા કેહેંવાલાગ્યા તે તારા દયાળુપણાની, અને યશની, તથા સ્વરૂપની યાદ, તથા પ્રીતિ, તેજ મારૂં જીવનછે,

અને તારા કરેલા મહાવાકયના ઉપદેશનું નિરાકાર સ્વસ્વરૂપનું સ્મરણ તેજ મારૂં તારણછે, અને એ તારણ તું સર્વને આપ, એજ મારૂં પ્રીતિનું માગવું છે, તથાસ્તુ.

૪ હે ઈશ્વર, તું મુને આરંણ્યમાં, શંકરપર્વતીનારૂપેકરી, અનેક વખત દર્શન આપી, આજ્ઞાઆપી કે, મારા વેદોક્ત નિયમમાં જે તારક વાતો છે, તે લોકોના મનમાં બેસારી આપ, કેમકે તે વાતોનો લોપ થયોછે તે, તેં કહેલી વાતો, મેં જગતમાં પ્રગટ કરીયો, અને આ વેદોક્તધર્મપ્રકાશ ગ્રંથમાં લખી સર્વ લોકોને આપિયો, એ વાતો સાંભળી, સર્વના અંતઃકરણમાં જ્ઞાન ઉદ્ભૂત થાય એબાબત તારી કૃપારૂપી દષ્ટી સર્વની તરફ થાય, તથાસ્તુ.

૫ હે ઈશ્વર બાપ, તું દત્તાત્રેય અવતારરૂપે દર્શન આપી બોલ્યો કે, તું જગતમાં તારક ઉપદેશ કર, પણ તેવખત હું બોલ્યોકે, મુને સંસ્કૃતભાષા આવડતી નથી; પછી તું હાસ્ય વદન કરી બોલ્યો કે, જા વિષ્ણુ તું સેહેજ ભાષણ બોલીશ, તેજ વેદગર્ભનો પરમ સિદ્ધાંત થશે, તેપ્રમાણે આ જગતમાં હું બોલુંછું, અને સર્વ પોલાણમાં તારા જ્ઞાનરૂપી કાનછે, તેથી તું સાંભળે છે, એસારૂ તે બોલવામાં ભુલચુક, અથવા યથાર્થ જે કાંઇ, તેં બોલાવ્યું, તે હું બોલ્યો, એવાસ્તે સર્વજ બોલવાનો અભિમાન મુને નજોઈયે તથાસ્તુ.

૬ હે ઈશ્વર, તેં, શામસુંદર કમલનયન શ્રીરામઅવતાર રૂપેકરી મુને અનેક વખત સીતા સહવર્ત્તમાન આવી દર્શન આપ્યું, અને યોગની તેમજ જ્ઞાનની સર્વ નિશાનીઓ મારા અનુભવમાં લાવી આપી મુને કૃતકૃત્ય કર્યો, અને કહ્યું કે, તું મારો પ્રિય ભક્ત, બહુ ભાગ્યનો, મુને મારા ભાગ્યથી

મળેલો છે, એવા તે તારા સુહાસ્યવદન બાલ્યમુખમાએલા ભાષણોનો, તથા તારા હાસ્યવદન મુદ્રાનો જે દર્શનાનંદ, તેજ મારા મુખ્ય પ્રાણનું જીવન, તથા ઉલ્લાસનું કારણ, તથા મનનું મંડન થયુંછે, તે મુનેછે તેવુંજ સર્વ ભક્તોને થાઓ, તથાસ્તુ.

૭ હે ઈશ્વર તેં મુને પંચવટીમાં, જગદંબા મહાલક્ષ્મીના, તથા મહાકાલીના, તથા મહાસરસ્વતીના, એટલા અવતારરૂપે આવી દર્શન આપ્યું, અને મહાલક્ષ્મીનારૂપે કરી મુને પેટ લગાડ્યો, અને મારૂં મુખ કુરવાળી એટલે મુખઉપર લાડથી હાથ ફેરવી, તું સર્વ પૃથ્વીનું સાર્વભૌમ રાજ્યલે, એવું ભાષણ કર્યું, તેવખત હું બોલ્યો કે, માં મુને પૃથ્વીનું રાજ્ય નજોઈયે, મુને નિરાકાર સ્વસ્વરૂપ પદનું યોગરાજ્ય આપ, કેમકે, આ સર્વ સમૃધ્ધીસહીત પૃથ્વી, અને મારૂં શરીર એ સર્વજ, મૃગજળના પરપોટાનીપેઠે છે, તે મુને નજજોઈયે તેવખત તેં હાસ્યવદન કરી, ભાષણ કર્યું કે, તેં ઘણાજન્મના વિશે, યુગયુગ પ્રત્યે, મારી કૃપાથી, આ પૃથ્વીનું સાર્વભૌમ રાજ્યપદ ભોગવ્યું છે, તથા સ્વર્ગાદિક ઉત્તમ લોકના ભોગભોગવ્યાછે, તેથી તુને તેઓનો કંટાળો આવ્યો, અને સર્વ પૃથ્વીને સ્વશરીરસહીત મૃગજળનો પરપોટો ઠરાવ્યો, તસ્માત હવે તુને આપીયે તે શું ? એવું કહી પછી અતિકૌતુકથી, હાસ્યવદન કરી, તેં મુને મારા પ્રાણસહીત નિર્વિકલ્પ સમાધી ઉત્થાન આપી, નિરાકાર સ્વસ્વરૂપના યોગનો રાજા કર્યો, અને આશીર્વાદ આપ્યો કે, તું ધન્ય થયો, હવે શરીરતો શું ? પણ શરીરને મારૂં શરીર એવું કલ્પનારૂં જે જ્ઞાન, તેપણ તું નથી,

તું મારો આત્મા નિરાકાર તેછે, તારા દેહચતુષ્ટયેકરી, યથેચ્છ સેહેન ક્રિયાઓ તેજ મારી ભક્તીછે, તથા તારૂં જે વિસ્મરણ તેજ મારૂં સ્મરણ છે, એ બોલવા ઉપરથી હું બોલ્યો, હે જગદંબ, હે જગદંબ, હે જગદંબ, કૃપાળુ માં હું તારી દયા વરણ વાને એક મોએ, અને એક મનથી કેમ પુરો પડીશ, હેમાં, હું તારૂં દીન છોકરૂં છું, હે માં હું તારા સ્તનનું અને પલ્લો નીચે ઢંકાયલો ધાવણો છું, માં એવું કહી, તારી આગળ બેઠો, તેવખત મુને ગોદમાં લઇ, જમણો હાથ મારા મોઢાં તરફ કરી અહા આહારે ઉદય ઉદય ઉદય દીવા ઉતારો એવું બોલી, મારા મુખનું ચુંબન લઇ, અંતરધાન કર્યું, તેકૃપા, હે ઈશ્વર શીરીતે વર્ણવું, ઓ મારા માંબાપ, તે કૃપા શું નહીં કરે એવું છે! તેથી તારી કૃપાયેકરી જેવો હું સુખીયો, તેવા સર્વ ભક્તોને સુખીયા કર, તથાસ્તુ.

સુભાષિત.

પ્રકરણ ૨૪ મું.

આઉત્તમવચનો જ્યહાથી પાઠે કરવાસારૂછે તથા વિચાર યુક્ત પઠનથી અર્થ મનમા લાવવો.

૧ તત્રનાવસરઃ કાર્યોરાગાદીનામનાગપિ ॥ આસુપ્રેરામૃતેઃ કાલંનયેદ્વેદાંતચિંતયા ॥ ૧ ॥

આવાક્યપંચદશી માએલું વિદ્યારંણ્યકૃત.

૨ સદાસંતોપિગંતવ્યાયદ્યપ્યુપદિશંતિન ॥ યાહિસ્વૈરકથાસ્તેષામુપદેશાજ્ઞવંતિતાઃ ॥૧ ॥ અંતરેકોળહિર્નાના અંતર્બોધોબહિર્જડઃ ॥ અંતસ્ત્યાગીબહિઃસંગી લોકેવિહરરાઘવ ॥ ૨ ॥ સર્વાએવકલાનંતોરનભ્યાસેનનશ્યતિ ॥ ઇયંજ્ઞાનકલારામ સકૃન્જાતાપિવર્ધતે ॥ યાવન્નાનુગ્રહઃસાક્ષાન્જાયતેપારમેશ્વરઃ ॥ તાવન્નસદ્ગુરૂઃકશ્ચિત્સચ્છાસ્ત્રમપિનોલલેત્ ॥ ૪ ॥

આ વાક્યો રામની સાથે વસિષ્ઠનો સંવાદ થયો તે યોગ વાસિષ્ઠ માએલાં.

૩ ક્ષણંબ્રહ્માહમસ્મીતિયઃકુર્યાદાત્મચિંતનં ॥ તન્મહા પાતકહંતિતમઃસૂર્યોદયોયથા ॥ ૧ ॥

આ વાક્ય શ્રીમતભાગવત માએલું.

૪ ચતુર્વિધાભજંતેમાંજનાઃસુકૃતિનોર્જુન ॥ આર્ત્તોજિજ્ઞાસુરર્થાર્થીજ્ઞાનીચભરતર્ષભ ॥ ૧ ॥ તેષાંજ્ઞાનીનિત્યયુક્તએકભક્તિર્વિશિષ્યતે ॥ પ્રિયોહિજ્ઞાનિનોત્યર્થમહંસચમમપ્રિયઃ ॥ ૨ ॥ ઉદારાઃસર્વએવૈતેજ્ઞાનીત્વાત્મૈવમેમતં ॥ આસ્થિતઃ સહિયુક્તા

ત્માત્માનમેવાનુત્તમાંગતિં ॥ ૩ ॥ બહૂનાંજન્મનામંતે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ॥ વાસુદેવઃસર્વમિતિસમહાત્માસુદુર્લભઃ ॥ ૪ ॥ યોમા મેવમસંમૂઢોજ્જનાતિપુરૂષોત્તમં ॥ સસર્વવિદ્ભજતિમાંસર્વભાવે નભારત ॥ ૫ ॥

આ વાક્યો શ્રીમતભગવતગિતા માએલાં.

૫ વૃક્ષાગ્રચ્યુતપાદોયઃસતદૈવપતત્યધઃ ॥ તદ્વજ્ઞાનવતો મુક્તિર્જાયતેનિશ્ચિતાપિતુ ॥ ૧ ॥ મોક્ષસ્યનહિવાસોસ્તિનગ્રામાંતરમેવવા ॥ અજ્ઞાનત્હૃદયગ્રંથિનાશોમોક્ષઇતિસ્મૃતઃ ॥૨ ॥ તીર્થે ચાંડાલગેહેવાયદિવાનષ્ટચેતના ॥ પરિત્યજન્દેહમેવંજ્ઞાનાદેવ વિમુચ્યતે ॥ ૩ ॥

આ વાક્યો શિવગિતાના તેરમા અધ્યાય માએલાં છે.

૬ ક્દાચિદેકાંતમુપસ્થિતંપ્રભુંરામંરમાલાલિતપાદપંકજં॥ સૌમિત્રિરાસાદિતશુધ્ધભાવનઃપ્રણમ્યભક્ત્યાવિનયાન્વિતોબ્રવીત્ ॥ ૧ ॥ ત્વંશુદ્ધબોધોસિહિસર્વદેહિનામાત્માસ્યધીશોસિનિરાકૃતિઃસ્વય ॥ પ્રતીયસેજ્ઞાનદશાંમહામતે પાદાબ્જભૃંગાહિતસંગસંગિનાં ॥ ૨॥ ઇત્યંયદીક્ષેતહિલોકસંસ્થિતોજગન્મૃષૈવેતિવિભાવયન્મુનિઃ ॥ નિરાકૃતત્વાત્શ્રુતિયુક્તિમાનતો યર્થેદુભેદોદશિદિગ્ભ્રમાદયઃ ॥૩॥ યાવન્નપશ્યેદખિલંમદાત્મકંતાવન્મદારાધનતત્પરો ભવેત્ ॥ શ્રધ્ધાલુરત્યૂર્જિતભક્તિલક્ષણોયસ્તસ્યદશ્યોહમહર્નિશંત્હદિ ॥૪॥ યઃસેવતેમામગુણંગુણાત્પરંત્હદાકદાવાયદિવાગુણાત્મકંસોયંસ્વપાદાંચિતરેણુભિસ્પૃશન્પુનાતિલોકત્રિતયંયથારવિઃ ॥૫॥ હત્વાયુધ્ધેદશાસ્યંત્રિભુવનવિષમંવામહસ્તેનચાપં ભૂમૌવિષ્ટભ્યતિષ્ઠન્નિતરકરધૃતંત્રામયન્બાણમેકં ॥ આરક્તોપાંતનેત્રઃશરદલિતવપુઃકોટિસૂર્યપ્રકાશો વીરશ્રીર્ભુરાંગસ્ત્રિદશપતિનુતઃપાતુમાં વીરરામઃ ॥ ૬ ॥

આવાક્યો રામગિતા માએલાં તથા ધ્યાન ભાવ રામાયણ માયલુંછે.

૭ બ્રહ્માનંદંપરમસુખદંકેવલંજ્ઞાનમૂર્ત્તિંદ્વંદ્વાતીતંગગનસદૃશંતત્વમસ્યાદિલક્ષ્યં ॥એકંનિત્યંવિમલમચલંસર્વધીસાક્ષિભૂતં ॥ ભાવાતીતંત્રિગુણરહિતંસદ્ગુરુંતન્નમામિ ॥ ૧ ॥

આવાક્ય ગુરૂગીતામાએલું.

હકીકત.

પ્રકરણ ૨૫ મું.

મારો જન્મ શાલિવાહન શકના સત્તરશે સત્તતાલીશના વર્ષ એટલે સંવત ૧૮૮૧ ના અધીક શ્રાવણ શુધ્ધ પંચમી એ સૂર્યોદય વખતે થયો, તથા મારી, જન્મભૂમી મુંબઇ ઇલાખામાં જે થાણાજીલ્લોછે, તે થાણાજીલ્લા માએલા, રાજપુરી તાલુકામધ્યે, નિજામપૂર પેટામાં, શિરવલી એ નામનું ગ્રામ, દેવઘાટની તળાટીમાં, મોટા આરંણ્યમા શય્યાદ્રી પર્વતના નીચે બે નદીઓના મધ્યભાગે છે, તેજમારી જન્મભૂમીછે, તથા મારી ઉત્પત્તિ બ્રાહ્મણવર્ણમાં, ચિત્તપાવન બ્રાહ્મણનું કુળછે તેમાં થઈ, તે એવી કે, મારા પ્રપિતા મહનું નામ રામચંદ્રપંત ગોખલે, તથા પિતામહનુંનામ માહાદાજીપંત ગોખલે, તથા બાપનું નામ ભિકાજીપંત ગોખલે, તથા માતાનુંનામ ઉમા બાઈ ગોખલી, અને મારૂં નામ વિષ્ણુપંત ગોખલે, એવું છે, તથા મારા માંના પેટે અગ્યાર બાળકો થયાં, તેમાં છ પુત્ર, તથા પાંચ કંન્યાંઓ, તેમાં હું દસમો થયો, અને મેં લગ્ન કરૂં નહીં એ કારણથી, તથા મારૂં વરતવું જોઇ, મુને બ્રહ્મચારીબાવા કેહેછે. હવે મુને વેદાધ્યયન, કિંવા શાસ્ત્રાધ્યયન, કિંવા લેખન વાચન જ્ઞાન, શું તે મારૂં મૌંજીબંધન સાતમા વર્ષે થયાંપછી એકવર્ષ સુધી થયું, તે પછી મારૂં અક્ષર સેહેજ રિતીએ, તથા અલ્પઅભ્યાસેકરી સારૂં થયું તેથી નવમા વર્ષે હું, અંગરેજ સરકારના જમીન વસુલાતી તરફના તાલુકા કચેરીમાં ઉમેદવારી કરવા લાગ્યો, પછી ડોઢવર્ષ ઉમેદવારી થયાં પછી, ગરીબાઇથી, તથા મારો બાપ મારી ઉમરના પાંચમાં વર્ષે મરણ પાંમ્યો તેથી મારી માએ મુને ઘરની ખેતીની જમીનનું ઉત્પન્ન કરવાના કામમાં, તથા ઘરના ઢોરાંચારવાં એ કામમાં, અને લાંકડાં ફોડવાનું તથા બાગશાયીનું, વગેરે કામમાં નાખ્યો તે કામ મોટી મેહેનતથી; બેવર્ષ સુધી કરવાં પછી, હું બારમાં વર્ષે, મારા જન્મ ભૂમીનાં ગાંમથી, બાર કોશ ઉપર રાયગડ તાલુકામાં, માહાડ નામે શેહેરછે, તે માહાડમાં, મધ બજારમાં, નેસ્તીપણાનાં દુકાનઉપર, સ્વસંતોષથી ચાકરીયે રહ્યો; અને મોટી મેહેનતથી તથા ત્રાગડી તથા કાંટો તરાજવું લઇ, જણસ વેચવાનું તથા માપથી જણસ વેચવાનું તથા કાપડ વેચવાનું, તથા ગુડદો વેચવાનું સરાફીનું તથા અલ્પસ્વલ્પ હુંડીનું જમે ખરચનું, તથા સાવકારી લખવાનું, હિસાબી વ્યાજ વટાવ વગેરે કામ, બેવર્ષ સુધી કર્યું, પછી મારી ઈચ્છા, અંગરેજ સરકારની ચાકરી કરવાની થઈ, પણ જેહેની દુકાન ઉપર ચાકરીયે હતો તે રજા આપે નહીં; તથાપિ હું તેહેનાં હુકમથી, તેણે જેટલા દીવસ વધારે રેહેવાની મુદત કરી, તેટલા દીવસ રહી, પછી રજા લઇ, અઉદમેવર્ષે, સ્વસંતોષથી, જાહાજમાં બેશી. દરીયાની રાહે, રત્નાગીરીએ ગયો, આગળ અંગરેજ સરકારના કષ્ટમખાતામાં, રત્નાગિરી તાલુકામા, સંગમેશ્વર બંદરઉપર, ઉમેદવારીએ રહ્યો, પછી એક કારકુનના બદલીએ, બેમહિના સરકારની ચાકરીકરી, પછી થાણાંજીલ્લામાં નિકળી આવ્યો, અને થાણાંજીલ્લામાં, પરિક્ષાસારૂ, અંગરેજ સરકારની, કમેટી બેશી પરિક્ષા થઈઓ તેમાં હું પરિક્ષા આપી સરકારનોકરી મળવા લાયેક

ઠર્યો, પછી તરતજ મુને પંદરથી સોળવર્ષની વયમાં, સરકાર નોકરી, થાણાજીલ્લા માએલા સાષ્ટી તાલુકામા કષ્ટમ ખાતા-માં મળી, પછી નિમકના બંદોબસ્તની તથા જલમાર્ગના જકાત, વગેરેનાં કામો, મુખ્યત્યારીથી, વગેરે, સાષ્ટી, વસઈ, કલ્યાંણી, ભીંમડી, ઉરણ, તથા કષ્ટમ કલેક્ટર કચેરી, વગેરે ઠેકાણે સાતવર્ષસુધી મેહેનત લઇ, હુશિયારીથી તથા આબરૂથી. સરકારની નોકરીકરી, પણ મુને નાહાનપણાથી વેદોક્ત ધર્મનો વિચાર કરવાની ટેવ હતી, તેથી હું વેદોક્ત ધર્મનાં પુસ્તકો વાંચતો હતો, તથા સાંભળતો હતો, તેથી મારીબુદ્ધિ પાપથી ભય પામનારી થએલીજ હતી, પછી મારા વયના વિસમાંવર્ષે, મુને ઈશ્વર તરફથી, સાક્ષાત્કાર દ્વારા, સૂચના થઇ, પછી હું મારા વયના બાવીસવર્ષો આઠમહીના તેવીસ દિવસ થયાં પછી. કૌપીન ધારણકરી, એકાંત નિવાસમાં, વિચાર કરવા સારૂ, સપ્તશૃંગીના પાહાડઉપર, તથા આજુ બાજુના જંગલમાં વગેરે આરંણ્યમા ગયો, તે ઠેકાણે, નિર્મનુષ્ય સ્થળમા એટલે મનુષ્ય વિનાની જગોમાં વિગેરે, કેટલાક વર્ષ મહીનાં દિવસસુધી ભક્તી કરી નિવાસકર્યો, તેવામાં મુને, આત્મપ્રાપ્તીની અત્યુત્કંઠતાથી તથા વિચારથી, ઈશ્વરનો સાક્ષાત્કાર થઇ, આત્મજ્ઞાનની પ્રાપ્તી થઇ. જુવો કે, મુને ઈશ્વરવિના સદ્‌ગુરૂ કોઈ મળ્યો નહીં, કારણ જુવો કે, પૂર્વે મેં વ્યવહારમાં છતાં, તથા વ્યવહાર છોડવાં પછી પણ, જ્ઞાનની વાતો કોઈ પાશે પુછવા ગયો એટલે તે કેહેવાલાગે કે, અમારી પુજા કરશો, તથા અમારા મંત્રનો ઉપદેશ લેશો, તો પછી અમે જ્ઞાન કહીશું, તેપ્રમાણે મેં ઘણાકોની પરિક્ષા જોવાસારૂ મંત્રોપદેશ લીધા અને

પછી તેઓને જ્ઞાનની વાતો પુછીઓ, પણ જ્ઞાનની વાતો તેઓને પુછવા પછી, તેઓને જ્ઞાન નથી એવું હું સમઝ્યો; તથાતે સર્વ અજ્ઞાની તથા ઢોંગીઓછે એવુંહું ખુલ્લું સમઝતોગયો કેમકે, કોઇ દારૂપાન, કોઇ કિમિયાના ફંદમાં કોઇ જાદુના નાદમાં, કોઇ વિષયનાં છંદમાં, કોઇ દ્રવ્યલોભી ધુતારા, કોઇ મતવાદી, વગેરે ઘણાકોનો તપાસ મેં કર્યો, શેવટે તે સર્વને પ્રશ્ન કર્યા, તો તેઓનું બોલવું મૂર્ખપણાનું, તથા સંશયયુક્ત, તથા શંકાનું સમાધાન કરાય નહીં; તેથી પોતેજ અજ્ઞાની એવું ઠરેછે, પણ પોતાને ખાલી મોટાપણું મળવાના ઇરાદે. પુછવાવાળા બીજાઓને નાસ્તિક કેહેનારા, એવા સર્વ લોકોને અનુભવ્યા, પછી તે ઢોંગી લોક લુચ્ચા, એવું જાણીને વિચારકર્યોકે, અરેરે ! આ ગુરૂ કહી લેનારા ઢોંગીઓને ધિક્કારહજો, એ ઢોંગી લોકોને આપણે હવેથી સમઝી રેહેવું, અને પ્રાણાવસાન સુધી, એક ઈશ્વરની આરાધના પ્રેમળ પણાથી, ગ્રંથ વાંચ્યાથી, શીરીતે કરવી, એ જાણીયેજ છૈયે, તેપ્રમાણે એકાગ્રચિત્તેકરી ભક્તી કરવી, એવો નિશ્ચય કર્યો, પછી સપ્તશૃંગીના આરંણ્યમાં ગયો, અને ઈશ્વરઉપર ભરોસો રાખી, આરંણ્ય સંબંધી કંદ મૂળ ફળ ભક્ષણકરી, ઝરાનું જળપાંન કરી, ગુહામાં વગેરે ઠેકાંણે, નિર્મનુષ્યસ્થળે, નગ્ન અવધૂત રહ્યો, અને વેદાંત વિચાર, તથા ધ્યાન ધારણા અતિશયે, કરી, તેથી ઈશ્વરે દયાળુપણે મુને અનુભવીક આત્મજ્ઞાની કરી ઉપદેશ કરવાની આજ્ઞા કરી, તેથી હું ઉપદેશ કરતો ફરૂંછું. હું અનેક મતવાદીઓનાં જમાવમાં રહેલોછું, તથા અનેક લોકોને પારખી પારખી છોડેલાછે, તથા જગત માએલાં અનેક કપટો, તથા અનેક સાચાપણાના કૃત્યો વગેરે સર્વ જોએ-

લાંછે, તથા લાખો મનુષ્યોની સાથે અનેક પ્રકારના વાદવિવાદ ધર્મની બાબત ઉપર કરી તેઓના મતો ખંડન કરેલાંછે, તથા મુને હજારો મનુષ્યોની સભામાં, વગેરે જેને જે વખત જેને જોઇયે તેજ સૂઝેછે, એજ મુખ્ય મારામા ગુણછે, તે શ્રીદત્તાત્રયનો મુને વરછે, તથા મુને પ્રશ્નની સાથે તાત્કાળ અને અતિજલદીથી ઉત્તર આપી સમાધાન કરતાં આવડેછે, તથા કેવા પણ કોઇ કાં સંશય કાઢેનહીં, તોપણ હું તેઓના સંશયોનું છેદન કરૂંછું અનેસમાધાન આપુંછું, અને મુને શ્રીદત્તાત્રેયનું વરદાનછે, એથી મુને બોલવામાં, કોઇ જીતશે એવું નથીજનથી; એઅનુભવ ઘણાક લોકોયે જોયો, તેવો વળી જુવો, તથા મુને માહા પ્રસંગ પડે તોય નિર્ભયપણું દેખાયછે, તથા મારૂં બોલવું પોતીકા અનુભવનું તથા યુક્તિનું, તથા શાસ્ત્ર પ્રમાણથીસિદ્ધ એવું હોયછે, એથી કોઇનો ઇલાજ ચાલતો નથી; તથા ચાલવાનો નથી, તથા મેં કોઇના ઘેર ઘરગુતી નોકરી કરી નથી; એથી મુને ખુષામતકરવાની ટેવજ નથી, તેથી જે ખુષામતો કરી લેનારા તથા કરનારા એવા અજ્ઞાની છતાં, જે આઢયતા બતાવે છે, તેપણ અંતરમાંથી જોપણ મુને જબ્બર સમઝેછે, તથાપિ મારી, બાહ્યાત્કારે, પાછલ નિંદા કરેછે, તથા સાચા જે નિઃપક્ષપાતીછતાં જ્ઞાનેચ્છુ છે, તે મારી યથાશક્તી સ્તુતી કરેછે, અને હુંતો સર્વને, એટલે નિંદવાવાળાને તથા વંદવાવાળાને, આત્મજ્ઞાનની પ્રાપ્તી થાય; એવો સમાન ઉપદેશ કરૂંછું, હવે તમો સૂઝે તેવું બોલો, આ મારી હકીકત છે.

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

SHML
G4849

G-4849

NOT TO BE ISSUED

7 BL
1108
.V4V3

G. 4849